जैन साईट

JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.

Inspired by : MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.


યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# જૈન પરંપરાનો ઇતિહાસ



ત્રિપુટી મહારાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાળા અં૦ ૫૬



# જૈન પરંપરાનો ઇતિહાસ

## [ભાગ ત્રીજો]


મુનિશ્રી દર્શન / જ્ઞાન / ન્યાય (સ્વ૦) વિજય

(ત્રિપુટી મહારાજ)



जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

20-06
आ.श्री. कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा



: પ્રકાશક :

શ્રી ચંદુલાલ લખુભાઈ પરીખ

મંત્રી : શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાળા

નાગજી ભૂધરની પોળ, માંડવીની પોળ, અમદાવાદ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્તિસ્થાન :
(૧) ચંદુલાલ લખુભાઈ પરીખ
મંત્રી : શ્રી. ચારિત્ર
સ્મારક ગ્રંથમાળા,
નાગજી ભૂધરની પોળ,
માંડવીની પોળ : અમદાવાદ.
(૨) સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના, રતનપોળ
અમદાવાદ.

કિંમત : [illegible] રૂપિયા

વિ૦ સં૦ ૨૦૨૦ ઈ૦ સં૦ ૧૯૬૪
વીર સં૦ ૨૪૯૦ ક્ર૦ ચા૦ ૪૬

મુદ્રક :
જયંતિ દલાલ
વસંત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા
ચેલાભાઈની વાડી, અમદાવાદ

JAINSITE.com
जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ जयन्तु वीतरागाः ॥

# પ્રસ્તાવના

આજનો યુગ જેમ વૈજ્ઞાનિક છે તેમ ઐતિહાસિક યુગ છે. આજે જેમ દરેક વસ્તુનું પરીક્ષણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ કરવામાં આવે છે તેજ રીતે આજનો યુગ ઐતિહાસિક દૃષ્ટિપ્રધાન હોઈ પ્રાચીન ધર્મો, સંસ્કૃતિ, સંસ્કૃતિનાં વિવિધ સાધનો, જેવાં કે—આચાર, વિચાર, વ્યવહાર, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, શિલ્પ, કળા આદિનું પણ ઐતિહાસિક દૃષ્ટિએ અન્વેષણ માગે છે. અને એનાં કારણોને પણ જાણવા ઇચ્છે છે. આથી આજનો બુદ્ધિમાન વર્ગ પણ પ્રજાની જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે તે દિશામાં પ્રયત્ન કરી રહ્યો છે.

આજ દૃષ્ટિને લક્ષમાં રાખીને શ્રીમાન્ ત્રિપુટી મહારાજ મુનિપ્રવર શ્રી દર્શનવિજયજી, મુનિવર શ્રી જ્ઞાનવિજયજી, મુનિવર્ય શ્રી ન્યાયવિજયજીના સમુચ્ચય પ્રયત્નથી "જૈન પરંપરાનો ઇતિહાસ"ના આઠ ભાગો તૈયાર થાય તેટલો મોટો સંગ્રહ જૈન સાહિત્ય આદિનું અવલોકન કરીને તૈયાર કર્યો છે. જેના ફળરૂપે આપણને શ્રીમાન્ ત્રિપુટી મહારાજ તરફથી આ પહેલાં જેનું મોટું કદ માની શકાય તેવા "જૈન પરંપરાનો ઇતિહાસ" ગ્રંથના બે ભાગો મળી ચૂકયા છે. આજે એ જ ગ્રંથનો ત્રીજો ભાગ તેઓશ્રી તરફથી આપણને પ્રદાન થાય છે એ બદલ આપણે સૌ તેમના ઋણી છીએ. પ્રસ્તુત સંગ્રહમાં જે વિવિધ વિષયોનો સંગ્રહ તેઓશ્રીએ કર્યો છે, એ કરવા માટે એમણે કેટકેટલા ગ્રંથો ઊથલાવ્યા છે, કેટ-કેટલી માહિતી મેળવવા માટે પ્રયત્ન કર્યો છે અને કેટલો મહાન્ શ્રમ વેઠ્યો છે તેની આપણે કલ્પના કરી શકીએ છીએ. આપણને એમ લાગે છે કે આટલી વિપુલ ઐતિહાસિક વિવિધ સામગ્રી આપીને તેમણે ખરેખર મહાન્ પુણ્ય અને યશ ઉપાર્જિત કર્યો છે.

પ્રસ્તુત વિભાગોમાં સમાતી ઐતિહાસિક સામગ્રી તેમણે પોતાની દૃષ્ટિએ ગુંથી છે. એમાં ઐતિહાસિક દૃષ્ટિએ અને આજે ઉપલબ્ધ અને નવીન નવીન પ્રાપ્ત થતી સાધન સામગ્રી દ્વારા સંશોધનને

JAINSITE.com जनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવકાશ જરૂર છે. તે છતાં તેઓશ્રીએ જે વિવિધતાભરી સામગ્રીનો સંચય કર્યો છે અને જે અનેકવિધ માહિતીઓ પુરી પાડી છે તે બદલ આજનો વિદ્વદ્વર્ગ તેમનો ઋણી જ રહેશે. અને તે સામે તેમણે સેવેલા વર્ષોના શ્રમનું મૂલ્યાંકન પણ જરૂર કરશે જ કરશે.

પ્રસ્તુત ' જૈન પરંપરાનો ઇતિહાસ "ના મુદ્રિત થઈને પ્રસિદ્ધ પામેલા ત્રણ ભાગોમાં શું શું સામગ્રી આવી છે તે તેનો વિષયાનુક્રમ અને પરિશિષ્ટો જ બોલે છે. તે છતાં અહીં એ સૂચવવું આવશ્યક છે કે–પ્રસ્તુત ગ્રંથ એ મુખ્યત્વે જૈન ઇતિહાસ હોવા છતાં તેમાં જે વિવિધ અને વિશિષ્ટ સામગ્રી આપી છે તેથી એ, એક વ્યાપક દૃષ્ટિનો ઐતિહાસિક ગ્રંથ બની ગયો છે.

પ્રસ્તુત વિભાગોમાં રાજાઓ, અમાત્યો શ્રેષ્ઠીઓ, શ્રેષ્ઠિનીઓ, અનેક ગચ્છ–શાખા–કુળો, શ્વેતાંબર–દિગંબર, આચાર્યો જૈનાગમ-વાચનાઓ, ગ્રંથકારો, ગ્રંથરચના, જ્ઞાનભંડારો અને તેનું લેખન, ધર્મકાર્યો, સંઘવર્ણનો, ગ્રંથપુષ્પિકાઓ, ગ્રંથપ્રશસ્તિઓ, શિલાલેખો ફરમાનો, અનેક ગચ્છોની પટ્ટાવલીઓ, અનેક દેશો, નગરો, નગરીઓ તીર્થો, પર્વતો, ગુફાઓ, સ્તૂપો, મંદિરો, મંદિરોના જીર્ણોદ્ધારો, સાંસ્કૃતિક વીગતો અનેક વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રસંગે પ્રસંગે બૌદ્ધ, વૈદિક આદિ સંપ્રદાયોને લગતી વીગતોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રીતે આ ઇતિહાસ ગ્રંથે આપણને ઘણી ઘણી સામગ્રી પૂરી પાડી છે. જે દરેક ભાગોની વિષયાનુક્રમણિકા જોવાથી સમજી શકાય તેમ છે.

પ્રસ્તુત ત્રીજા વિભાગની પ્રસ્તાવના શ્રી દર્શનવિજયજી–જ્ઞાનવિજયજી મહારાજ લખી શકત તો કેટલીક મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ કરી શકયા હોત. જેમાંથી આપણને કેટલીક વીગત જાણવા મળી શકત, પરંતુ તેઓ ઉભય અતિવ્યાધિગ્રસ્ત હોવાથી તેમની ભાવના અનુસાર આ પ્રસ્તાવના મેં લખી છે. તેમણે મને આ અધિકાર આપ્યો, તે બદલ તેઓશ્રીનો આભાર.

સં. ૨૦૨૦ પોષ વદિ ૧૦ ગુરૂવાર

લિ.
મુનિ પુણ્યવિજય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સિંહાવલોકન

શ્રી જૈન પરંપરાનો ઈતિહાસ ભા. ૩ આપની સમક્ષ મૂકતાં અમને અત્યંત હર્ષ થાય છે.

આ ગ્રંથને તૈયાર કરવા માટે **પૂજ્ય દર્શન વિજયજી મહારાજ (ત્રિપુટી)** ની રાત દિવસની પ્રશંસનીય મહેનત છે. તેઓશ્રી આ ગ્રંથને તૈયાર કરવા માટે હંમેશા વારંવાર વાંચન–મનન અવગાહન–નીતિક્ષન વિગેરે કરતા રહ્યા છે. વળી તેઓશ્રી રાત્રે પણ પેન્સીલ અને કાગળ સાથે જ રાખતા. અને જે નોંધ કરવા લાયક હકીકત યાદ આવે તે અંધારામાં પણ નોંધી લેતા. અને દિવસે તેનું સંશોધન–અવલોકન કરી લખતા. આ પ્રમાણે તેઓશ્રીએ રાત દિવસ પરિશ્રય આ ગ્રંથને તૈયાર કરવામાં કરેલ છે.

આ ગ્રંથને વિશે ભટ્ટારકો, આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસો, અન્ય મુનિવરો, જૈન મંદિરો, જૈન તીર્થો, ગ્રંથો, પ્રશસ્તિઓ, પટ્ટાવલીઓ, અન્ય ગચ્છો, મતો, મતાન્તરો, શાખા, પ્રશાખાઓ, તે તે સમયની મહત્વની ઘટનાઓ ઇત્યાદિ વિશે ઘણું એકત્રિત કરી આપેલ છે.

વિશેષમાં દરેક સમયના રાજાઓ તેની પરંપરા, રાજાવલિઓ તે તે વખતે વિદ્યમાન પ્રભાવક ભટ્ટારકો, આચાર્યો અને તેમનાં ધર્મકાર્યો વિગેરે આ ગ્રંથમાં એક નવી વસ્તુ આપી છે. જે આપ આ ગ્રંથ વાંચી જાણી શકશો.

તેઓશ્રીને હાલમાં શરીરે લકવા થયેલ છે. છતાં આ ગ્રંથ પાછળ તેઓશ્રીઓનું ચિત્ત રહેલું છે. ગુરુદેવો અને શાસનદેવની કૃપાથી તેઓશ્રીને સારૂ થઈ જશે. જેથી હવે પછી અનેક માહિતીઓથી ભરપૂર ચોથો ભાગ તૈયાર કરી આપે. એવી આશા અસ્થાને નથી.

વળી **પૂજ્ય જ્ઞાનવિજયજી મહારાજ (ત્રિપુટી)** પણ આ ગ્રંથને તૈયાર કરવામાં, લખવામાં, સંશોધન કરવામાં, સુધારવા વધારવા વિગેરેમાં અનેક પ્રકારની મહેનત કરી આપતા. તથા આ ગ્રંથ પ્રકાશિત કરવામાં તેઓશ્રીના ઉપદેશથી મદદ મળેલી છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વ૦ પૂજ્ય ન્યાયવિજયજી મ૦** પણ આ ગ્રંથને તૈયાર કરવામાં કંઈક અંશે એ જ રીતે મદદ કર્તા બન્યા છે. તેઓશ્રી સ્વર્ગસ્થ થયા. એટલે પૂજ્ય ત્રિપુટી મહારાજે આ ગ્રંથને સંપૂર્ણ તૈયાર કર્યો. તેથી તેઓશ્રીના આપણે અત્યંત ઋણી છીએ.

એક વખત એક ભાઈએ પૂજ્ય દર્શનવિજયજી મહારાજ સા૦ ને પ્રશ્ન કર્યો કે–**આ બધું આપશ્રીએ લખ્યું. પણ કોઈ ગ્રંથભંડાર તો આપની પાસે નથી?** ત્યારે પૂજ્ય મહારાજશ્રીએ જણાવ્યું કે–મેં શ્રી સૂરિસમ્રાટ જ્ઞાન મંદિર, શ્રી વિજયદાનસૂરિ જ્ઞાનમંદિર, લાલભાઈ દલપતભાઈ ઇન્સ્ટિટ્યૂટ શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા, શ્રી ચારિત્ર વિજય જ્ઞાનમંદિર, શ્રી નીતિસૂરિ લાયબ્રેરી, આગમ પ્રભાકર પૂજ્ય પુણ્યવિજય મ૦ ના હસ્તલિખિત અને છાપેલ ગ્રંથો પુસ્તકો વિગેરેની જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે તે તે ગ્રંથ મંગાવી વાંચી લખ્યું છે અને તે તે ગ્રંથોનો આધાર આ પુસ્તકમાં યથાસ્થાને આપેલ છે. આ પ્રમાણે મહારાજસાહેબના ઉત્તરથી પુછનાર ભાઈને સંતોષ થયો.

પૂ૦ જ્ઞાનવિજયજી મ૦ ના સદુપદેશથી શ્રીમાન્ શેઠ શ્રી મનુભાઈને લાગ્યું કે–આ બધું સાહિત્ય જૈન જનતા તથા લોકોની સામે આવે તો ઘણું જાણવા મળે. અને જૈનોની ભૂતકાળની પરિસ્થિતિનો ખ્યાલ આવે. વળી આવું સાહિત્ય બીજા કોઈ સાધુ મહારાજ લખી શકે તેમ નથી. આવી ભાવનાથી આ ગ્રંથ પ્રકાશિત કરવામાં તેઓએ ઉદાર સહાયતા આપવાની ભાવના દર્શાવી. અને ભા. ૨ તથા ભા. ૩ એમ બન્ને ગ્રંથોને પ્રકાશિત કરવામાં જોઈએ તેટલી આર્થિક મદદ આપી.

તેઓશ્રી સાહિત્ય, સંશોધનને હંસદ્રષ્ટિએ ખ્યાલમાં રાખી, ઇતિહાસને મેળવવામાં હંમેશાં તૈયાર રહ્યા છે. તેઓ સાહિત્ય અને ઇતિહાસના અત્યંત પ્રેમી છે. તેમની ઉદારતા, શાસનસેવા, દાન વિગેરે ગુણો પ્રશંસનીય છે. તેઓ જેમ વ્યાપારમાં કુનેહ ધરાવે છે. તેમ તેઓશ્રી ધર્મમાં અને સાહિત્યમાં પણ અત્યંત ઉત્સાહ ધરાવે છે. તેઓશ્રીની ઉદારતાના કારણે જ ઇતિહાસ ભા. ૨ અને ભા. ૩ ના પ્રકાશનનો સંપૂર્ણ યશ તેઓશ્રીના ફાળે જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભા. ૩ ની પ્રસ્તાવના **આગમપ્રભાકર પૂ૦ પુણ્યવિજયજી મહારાજે** અમારી વિનંતિ ને સ્વીકારી પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી લખી આપી આ ગ્રંથનું ગૌરવ વધાર્યું છે. વળી **તેઓશ્રીની** આ ગ્રંથલેખનમાં વારંવાર સલાહ સૂચના મળતી રહી છે. એટલે તેઓશ્રીની વિદ્વત્તાનો લાભ અમને આ ગ્રંથમાં મળ્યો છે. તે બદલ અમે તેઓશ્રીના અત્યંત ઋણી છીએ.

આ પુસ્તકનું પ્રુફરીડીંગ વિગેરે કાર્ય **પંડિત રસિકલાલ શાન્તિલાલે** કરેલ છે. તેમજ અનેકવાર પ્રેસમાં જઈ આવી આ ગ્રંથ પ્રકાશનમાં અનુકુળતા કરી આપી છે, તે બદલ તેમના આભારી છીએ.

**પંડિત અંબાલાલ પ્રેમચંદે** આ ગ્રંથની પ્રેસ કોપી કરી આપી છે. તથા **શ્રી જયંતિલાલ દલાલે** શ્રી વસંત પ્રીન્ટીંગ પ્રેસમાં આ ગ્રંથ છાપી આપેલ છે. તેની પણ અમે અહીં સહર્ષ નોંધ લઈએ છીએ.

આ પુસ્તક છપાવવામાં **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તથા શાહ** ઠાકોરભાઈ જેસિંગભાઈએ અગાઉથી ગ્રાહક થઈ અમને ઉત્સાહિત કર્યા છે. તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

એકંદર આ ગ્રંથ પ્રકાશિત કરવામાં જેમના તરફથી અમને તન-મન અને ધનથી સહાયતા મળી છે. તે બધાનો અમે આભાર માની વિરમીએ છીએ.

લિ.

વીર સં. ૨૪૯૦<br>
વિ. સં. ૨૦૨૦<br>
મહા સુદ ૫

ચારિત્ર સ્મારક ગ્રંથ માળા વતી<br>
**ચંદુલાલ લખુભાઈ પરીખ**<br>
માંડવીની પોળ, નાગજી ભૂધરની પોળ<br>
અમદાવાદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચિત્ર પરિચય

પૂ૦ પા૦ ગચ્છાધિરાજ શ્રી મૂલચંદજી (અપર નામ મુક્તિવિજયજી) ગણિવરના ફોટાનો પરિચય.

આ ફોટો ઉજમફઈની ધર્મશાળામાં વ્યાખ્યાનપાટની બાજુમાં દીવાલ ઉપર નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈએ ચિતરાવેલ છે.

પૂ૦ મહારાજ સાહેબ પોતાના ફોટા લેવા દેતા ન હતા. એટલે નગરશેઠે તે વખતના બધા આચાર્ય મહારાજોના ફોટા મળતા હતા. પણ પૂ૦ મૂલચંદજી મ૦નો ફોટો ન મળવાથી તેમના જેવો ફોટો ચિત્રકાર પાસે ચિતરાવ્યો.

ત્યારબાદ પૂ૦ હંસવિજયજી મ૦ સાહેબે ઘણા ટાઈમ સુધી તે ખરાબ ન થાય કે ચૂનો ઉખડી ન જાય માટે કાચની ફ્રેમ લગડાવી તે ફોટાનું રક્ષણ કરાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પૂજ્યપાદ ગચ્છાધિરાજ મૂળચંદજી મહારાજ
### અપર નામ-મુક્તિવિજયજીગણિવર



જન્મ : વિ. સં. ૧૮૮૬, **શિયાલકોટ**
ગણિપદ : વિ. સં. ૧૯૨૩, **અમદાવાદ**

સંવેગીદીક્ષા : વિ. સં. ૧૯૧૨, **અમદાવાદ**
સ્વર્ગગમન : વિ. સં. ૧૯૪૫, **ભાવનગર**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


ગચ્છાધિરાજના પટ્ટધર બાલ બ્રહ્મચારી આ૦ વિજય
શ્રી કમલસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ગુજરાતી)



જન્મ : સં. ૧૯૧૩ ચૈત્ર સુદ ૨ (સિદ્ધગિરિ)
દીક્ષા : સં. ૧૯૩૬ વૈશાખ વદ ૮ (રાજનગર)
આચાર્યપદ : સં. ૧૯૭૩ મહા સુદ ૬ (રાજનગર)
સ્વર્ગવાસ : સં. ૧૯૭૪ આસો સુદ ૧૦ (બારડોલી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાલીતાણા શ્રીયશોવિજયજી જૈન ગુરુકુલ સંસ્થાપક
પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્ ચારિત્રવિજયજી મહારાજ (કચ્છી)



| | | |
|---|---|---|
| જન્મ : સં. ૧૯૪૦ | દીક્ષા : સં. ૧૯૬૦ | સ્વ૦ સં. ૧૯૭૪ |
| આસો વદિ ૧૪ | માગસર સુદિ ૧૦ | આસો વદિ ૧૪ |
| **પત્રી** (કચ્છ) | **જામનગર** (સૌરાષ્ટ્ર) | **અંગિયા** (કચ્છ) |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વંદે વીરમ્ શ્રી ચારિત્રમ્

# જૈન પરંપરાનો ઇતિહાસ

## [ ભાગ ૩ જો ]

## વિષય–અનુક્રમણિકા

*

### પ્રક૦ ૪૪


| ઘટના | પાનું |
|---|---|
| તપસ્વી હીરલા આ૦ જગચ્ચંદ્રસૂરિ | ૧ |
| પૂર્ણદેવ પોરવાડ | ૧ |
| જીનદેવ દીક્ષા | ૩ |
| આયંબીલ તપ પ્રારંભ | ૩ |
| પં૦ દેવભદ્રગણિ | ૩ |
| ક્રિયોદ્ધાર | ૩ |
| તપાગચ્છ | ૪ |
| વિવિધ તપાબિરુદો | ૫ |
| આ૦ મહેન્દ્રસૂરિ | ૫ |
| કેશરીયાજી તીર્થ | ૫ |
| તીર્થયાત્રા પ્રતિજ્ઞા | ૫ |
| સૂત્ર લેખન | ૫ |
| સ્વર્ગ | ૬ |
| પટ્ટધરો | ૬ |
| વડી પોષાળ, લઘુ પોષાળ | ૬ |
| ચૈત્રવાલ ગચ્છ | ૬ |
| શાર્દૂલ શાખા લેખ | ૭ |
| વૃદ્ધ તપા વડી પોષાળ | ૮ |
| (૪૫) આ૦ વિજયચંદ્ર | ૮ |
| સં૦ ૧૨૯૬માં આચાર્યપદ | ૧૦ |
| ૧૩૦૨ વીરધવલ દીક્ષા | ૧૧ |
| ૧૩૦૬ મહુવા ભંડાર | ૧૧ |
| (૧૧) નવી પ્રરૂપણા | ૧૨ |
| ૧૩૧૯માં ગચ્છભેદ | ૧૩ |
| (૪૬) આ૦ ક્ષેમકીર્તિ | ૧૩ |
| પોરવાડ પરિવાર | ૧૩ |
| કલ્પભાષ્ય ટીકા (સં૦ ૧૩૩૨) | ૧૩ |
| (૪૭) આ૦ હેમકળશ | ૧૩ |
| (૪૯) આ૦ રત્નાકર | ૧૪ |
| અલફખાન સમરાશાહ | ૧૪ |
| તીર્થોદ્ધાર (૧૫ મો) | ૧૪ |
| ક્રિયોદ્ધાર | ૧૫ |
| રત્નાકર પચ્ચીશી | ૧૫ |
| રત્નાકરગચ્છ | ૧૫ |
| (૫૦) આ૦ રત્નપ્રભ | ૧૫ |
| (૫૩) આ૦ જ્ઞાનચંદ્ર–સિંહદત્ત | ૧૫ |
| (૫૪) આ૦ અભયદેવ. | ૧૫ |
| શા૦ શાણરાજ (૨૭) | ૧૫ |
| (૫૫) આ૦ હેમચંદ | ૧૫ |
| ચૈત્ય પરિવાડી | ૧૫ |
| (૫૬) આ૦ જયતિલક | ૧૬ |
| (૫૭) આ૦ રત્નસિંહસૂરિ | ૧૬ |


JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| પ્રતિષ્ઠાઓ | ૧૭ |
| અહમદશાહપૂજા | ૧૭ |
| અમારિ | ૧૭ |
| હુંબડ પ્રતિષ્ઠા | ૧૭ |
| ધનરાજ સૂબો | ૧૮ |
| સં૦ શાણુરાજ | ૧૮ |
| કેલ્હણ | ૧૮ |
| સાધ્વીસંઘ | ૧૮ |
| **સાધુ સાધ્વી ચરણ પ્રતિષ્ઠા** | ૧૮ |
| અમ૦ સંઘ ધર્મશાળા | ૧૮ |
| ઉ૦ ઉદયધર્મગણિ. | ૧૮ |
| શતાર્થી | ૧૯ |
| વાક્ય પ્રકાશ મૌક્તિક | ૧૯ |
| ૩૨ કમળબદ્ધ સ્તોત્ર | ૧૯ |
| શીલદૂત | ૧૯ |
| કુમારપાલ મહાકાવ્ય | ૧૯ |
| કુમારપાલ પ્રબોધ | ૨૦ |
| **(૫૮) ભ૦ ધર્મરત્ન** | ૨૦ |
| મીરપુર તીર્થ | ૨૦ |
| શત્રુંજયતીર્થ | ૨૦ |
| બહાદુરશાહ કર્માશાહ | ૨૦ |
| ભવિષ્યવાણી | ૨૧ |
| **(૫૯) આ૦ વિદ્યામંડન** | ૨૨ |
| મોટો ઉદ્ધાર | ૨૩ |
| (૧૬–૭) ઉદ્ધારો | ૨૩ |
| ૮૪ ગચ્છતીર્થ | ૨૫ |
| **(૫૭) આ૦ ઉદયવલ્લભ** | ૨૫ |
| પરિવાર | ૨૫ |
| મીરપુર તીર્થ | ૨૫ |
| **(૫૮) ભ૦ જ્ઞાનસાગર** | ૨૫ |
| લોંકામત | ૨૬ |
| (૫૯) ઉદયસાગર | ૨૬ |
| (૬૦) ભ૦ લબ્ધિસાગર | ૨૬ |
| ગ્રંથભંડાર | ૨૬ |
| **(૬૧) ધનરત્ન** | ૨૭ |
| ચતુર્વિંશતિપદ | ૨૭ |
| ઉ૦ કનકસુંદરગણિ | ૨૭ |
| સગાળશા રાસ–૧૬૬૩ | ૨૭ |
| ફતેહસુંદર, હિતસુંદર | ૨૭ |
| ૬૩ ભ૦ દેવરત્ન | ૨૭ |
| કવિ નયસુંદર | ૨૭ |
| શત્રુંજય રાસ (૧૬૩૮) | ૨૭ |
| સાધ્વી હેમશ્રી | ૨૭ |
| ભ૦ જિનકીર્તિ | ૨૭ |
| **(૬૪) ભ૦ જયરત્ન** | ૨૭ |
| ટબ્બો, પ્રશસ્તિ | ૨૮ |
| પં૦ કનકસુંદર | ૨૮ |
| **(૬૬) ભ૦ રત્નકીર્તિ** | ૨૮ |
| પં૦ પદ્મસુંદર | ૨૮ |
| **(૬૭) ભ૦ ગુણસુંદર (1734)** | ૨૮ |
| **(૭૦) પં૦ પુણ્યસાગર** | ૨૮ |
| લઘુ પોષાળ શાખા | ૨૮ |
| રાજાવલી | ૨૯ |
| (૪૧) જૈત્રસિંહ | ૨૯ |
| તપાગચ્છ | ૩૦ |
| કુંભાજીનું ફરમાન | ૩૦ |
| (૯) શેઠ હેમચંદો, હેમરાજો | ૩૦ |
| (૪૨) રાણો તેજસિંહ | ૩૩ |
| આ૦ અમિતગતિ | ૩૩ |
| **રાણી જયતલ્લદેવી** | ૩૩ |
| જૈન દેરાસર પ્રતિષ્ઠા | ૩૩ |
| (૪૩) રાણો સમરસિંહ | ૩૩ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| (૫૨) રાણા મોકલજી | ૩૪ |
| **જૈન કીર્તિસ્તંભ** | ૩૪ |
| (૫૨) રાણા સંગ | ૩૪ |
| **(૫૩) રાણા કુંભોજી** | ૩૪ |
| (૫૪) રાણા રાયમલજી | ૩૪ |
| દેલવાડા | ૩૫ |
| **(૫૬) રાણા રત્નસિંહ** | ૩૫ |
| **શત્રુંજય ઉદ્ધાર** | ૩૫ |
| (૫૮) રાણા ઉદયસિંહ | ૩૫ |
| ઉદયપુર ( સં૦ ૧૬૨૫ ) | ૩૫ |
| **(૫૯) રાણા પ્રતાપસિંહ** | ૩૫ |
| ઐતિહાસિક પત્ર | ૩૫ |
| મુસંદુ – માલસમુદ્ર | ૩૫ |
| **વીર ભામાશાહ** | ૩૬ |
| ધૂલેવા પ્રતિષ્ઠા | ૩૬ |
| **(૬૦) રાણા અમરસિંહ** | ૩૭ |
| અહિંસા પટ્ટો | ૩૭ |
| **(૬૨) રાણા જગતસિંહ** | ૩૭ |
| મહેસુલ માફ | ૩૭ |
| અમારિ | ૩૭ |
| **(૬૩) રાણા રાજસિંહ** | ૩૮ |
| શેઠ તેજરાજ સિસોદિયા | ૩૮ |
| દયાલગઢ | ૩૮ |
| સતીનો પ્રભાવ | ૩૮ |
| ( છાણી ) | ૩૯ |
| ( બીજા આચાર્યો ) | ૩૯ |
| **વંશાવલી** | ૪૦ |
| **નગરસ્થાપના** | ૪૨ |
| આહડ | ૪૨ |
| વિજાપુર | ૪૨ |
| **રાણા ભીમસિંહ** | ૪૨ |
| કવિ દીપવિજય | ૪૨ |
| **દિલ્હીના બાદશાહો** | ૪૩ |
| સાલવારીની પરાધીનતા | ૪૩ |
| **(૧) મહુમ્મદ ગિઝની** | ૪૩ |
| (૨) મસાઉદ | ૪૩ |
| **મહારાજા સુહિલધ્વજ** | ૪૩ |
| (૫) શાહબુદ્દીનઘોરી | ૪૩ |
| ગુજરાતમાં હાર | ૪૪ |
| **માનવતા** | ૪૪ |
| ફરી યુદ્ધ | ૪૪ |
| (૬) કુતબુદ્દીન | ૪૫ |
| **(૭) અલ્તમશ** | ૪૫ |
| મંદિરો ભાંગ્યાં | ૪૫ |
| ભારતમાં મોગલો | ૪૫ |
| સંઘવી પૂનડ | ૪૫ |
| વસ્તુપાલની યુક્તિ | ૪૫ |
| **દિલ્હી પાટણ મૈત્રી** | ૪૫ |
| (૮) રજિયા બેગમ | ૪૬ |
| (૧૧) નાસીરુદ્દીન | ૪૬ |
| એક પત્નીવ્રત | ૪૬ |
| (૧૨) ગ્યાસુદ્દીન | ૪૬ |
| દારૂનિષેધ | ૪૬ |
| (૧૪) જલાલુદ્દીન | ૪૬ |
| **મોગલોનું ધર્માન્તર** | ૪૭ |
| (૧૫) અલ્લાઉદ્દીન | ૪૭ |
| **જૈનાચાર્યોને ફરમાન** | ૪૭ |
| ગુજરાત વિજય | ૪૭ |
| (૧૬) મુબારક | ૪૭ |
| ગુજરાતી વઝીર | ૪૭ |
| **(૧૭) મલેક ખુશરૂ** | ૪૭ |
| (૧૯) તુઘલખવંશ | ૪૮ |
| (૨૦) મહમ્મદ તુઘલખ | ૪૮ |
| સ્વભાવ | ૪૮ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| ગાંડો સુલતાન | ૪૮ | અકબરની માનવતા | ૬૦ |
| **આ૦ જિનપ્રભ** | ૪૮ | ઢીલીહાલ અને માંસ | ૬૦ |
| (૨૧) ફિરોજ | ૪૯ | (૮) **બા૦ અકબર** | ૬૦ |
| જોનપુર | ૪૯ | પ્રશંસા શ્લોક | ૬૧ |
| જોષીમંડલ | ૪૯ | જન્મનામ | ૬૧ |
| યંત્રરાજ | ૪૯ | **પૂર્વભવ** | ૬૧ |
| **માનવતા** | ૪૯ | અંગ્રેજી લેખ | ૬૨ |
| કોટિધ્વજ જગતસિંહ | ૪૯ | પુરું નામ | ૬૩ |
| (૨૬) મહમ્મુદ તઘલુખ | ૫૧ | સ્વભાવ | ૬૩ |
| જોનપુર રાજ્ય | ૫૧ | ( નશો ) | ૬૪ |
| (૨૭) તૈમુર લંગ | ૫૧ | ( રૂક્મીણી વેલી ) | ૬૪ |
| દિલ્હીને આફત | ૫૧ | ( માધવાનલ કામકુંડલા ) | ૬૪ |
| (૩૨) બહલોલ લોદી | ૫૧ | ( મારૂ ઢોલા ચોપાઈ ) | ૬૪ |
| (૩૩) સીકંદર લોદી | ૫૧ | ( સદેવંત સાવલિંગ વાર્તા ) | ૬૪ |
| આ૦ જિનહંસસૂરિને ઉપસર્ગ | ૫૧ | મીના બજાર | ૬૫ |
| | | સાલવારી | ૬૫ |
| (૩૪) ઇબ્રાહીમ લોદી | ૫૧ | આગરા ( ૧૬૧૨–૧૯ ) | ૬૫ |
| પાણીપત | ૫૧ | નવો મત ( ૧૬૩૬ ) | ૬૫ |
| **મોગલવંશ રાજકાળ** | ૫૨ | ૧૬૩૬ના નવા મતો | ૬૫ |
| (૧) તૈમુર | ૫૨ | ધર્માચાર્યોનો પરિચય | ૬૫ |
| (૪) અબુ સૈયદ | ૫૨ | ગુજરાત વિજય | ૬૫ |
| **આ૦ હેમવિમલસૂરિ** | ૫૩ | ઋષિ મેઘજીની દીક્ષા | ૬૬ |
| (૬) બા૦ બાબર | ૫૨ | નવા સુબા | ૬૭ |
| મહો૦ સહજકુશળ ગણિ | ૫૨ | સૌરાષ્ટ્રના ૯ ભાગ | ૬૭ |
| જજિયાકર માફ | ૫૨ | **આ૦ હીરવિજયસૂરિ** | ૬૭ |
| (૭) બા૦ હુમાયુ | ૫૨ | સં૦૧૬૩૯ જે૦વ૦ ૧૩ વગેરે | ૬૮ |
| સાહસી ભેરોદાનજી | ૫૩ | **૧૩ શુભ કાર્યો** | ૬૮ |
| **બા૦ વિક્રમાદિત્ય હેમુ** | ૫૬ | (૧૧) અહિંસા ફરમાન | ૬૮ |
| ( શર્કીવંશ ) | ૫૬ | ૩,૪,૧૧ ,, ,, | |
| ( જોનપુર ઇતિહાસ ) | ૫૭ | ( ઇસ્લામી મહિના ) | ૭૧ |
| હીંદુ બાદશાહ | ૫૯ | પારસી મહિના | ૭૧ |
| યુદ્ધ | ૫૯,૬૦ | જ્ઞાની સભ્યો | ૭૧ |


जैन साइट JAINSITE जैन ज्ञान भंडार

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| **જગદ્‌ગુરુ પદવીદાન** | ૭૧ |
| ૯ વિદ્વાનોની વિચારધારા | ૭૨ |
| (૧) શેખ અબુલ ફઝલ | ૭૨ |
| (૫) તાનસેન | ૮૧ |
| દારૂ વેશ્યા પ્રતિબંધ | ૮૨ |
| (૧૭મી સદીની, ૨૧મી સદીની અહિંસા ) | ૮૨ |
| **પ્રતિબંધો** | ૮૩ |
| જિનાલય ખર્ચ | ૮૩ |
| સાથીદારો | ૮૩ |
| રાજ્ય વિસ્તાર | ૮૩ |
| ચમત્કાર | ૮૩ |
| અભિવાદન | ૮૪ |
| ઇલાહી સંવત | ૮૪ |
| વિવિધ સંવતો | ૮૪ |
| પરિવાર | ૮૫ |
| વારસદારો | ૮૫ |
| મરણ | ૮૫ |
| ૧ થી ૮ ફરમાનો, પત્રો ૧૧૧,૧૨૯ | |
| (૯) બા૦ જહાંગીર | ૮૫ |
| **ભવિષ્યવાણી** | ૮૬ |
| સ્વભાવ | ૮૭ |
| વિવિધ પ્રસંગો | ૮૭ |
| (૧) ભવિષ્યવાણી (ખોટી) | ૮૭ |
| રાજમંત્રીવંશનાશ | ૮૭ |
| (૨) ખુશફહમની કસોટી | ૮૭ |
| (૩) પ્રતિમા લેખંશંકા | ૯૦ |
| (૪) ભ૦ વિજયદેવસૂરિની આકરી પરીક્ષા | ૯૧ |
| **પ્રશંસ્ય પ્રસંગો** | ૯૨ |
| ધર્માચાર્ય પરિચય | ૯૨ |
| વિષકન્યા શાન્તિ | ૯૩ |
| (૯) ધર્મસ્થાન રક્ષાઆદિ ફરમાન | ૯૩ |
| **મહો૦ વિવેકહર્ષ** | ૯૩ |
| અહિંસાનું ફરમાન | ૯૩ |
| યતિ વિહાર | ૯૩ |
| **મહો૦ ભાનુચંદ્ર** | ૯૩ |
| સ્વાગત | ૯૪ |
| કસોટી ૧૬૭૧ | ૯૫ |
| (૧૧) અહિંસા ફરમાન | ૯૫ |
| ૧૬૭૬ ચૈ૦ સુ૦ ૧૫ | ૯૫ |
| ગુરુ સદ્‌ભાવ. | ૯૫ |
| વધારામાં | ૯૫ |
| (ફ૦ ૧૨) ગુરુ સમાધિને | ૯૬ |
| **ભ૦ વિજયદેવ—** | |
| ભક્તિ પંચ | ૯૬ |
| અમદાવાદમાં | ૯૬ |
| (૧) મામા શાન્તિદાસ | ૯૭ |
| (૨) મુમતાઝ બાનુ | ૯૭ |
| (૩) **ભારત બ્રીટન મૈત્રી** | ૯૭ |
| (૪) શાહીબાગ | ૯૮ |
| (૫) જિન પ્રતિમા પ્રશ્ની | ૯૮ |
| ૧૬૫૬ જિનપ્રસાદ | ૯૮ |
| આઠ સુબા | ૯૮ |
| ( ૯ થી ૧૩ ) ફરમાનો ૧૩૪ થી | ૧૪૫ |
| **(૧૦) બા૦ શાહજહાં** પરિચય | ૯૯ |
| ૧૩ સુબા | ૯૯ |
| સને ૧૬૯૯માં જિનાલય ભંગ | ૧૦૦ |
| વિરોધ અરજી | ૧૦૦ |
| (૧૬) નવું જિનાલયનું ફરમાન | ૧૦૦ |
| **ચિંતામણિજી** | ૧૦૧ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાહજાદા શેઠ સંબંધ ૧૦૧
તીર્થ રખોપું ૧૦૧
**શત્રુંજય ઈનામ** (કિલ્લો) ૧૦૨
તાજમહાલ ૧૦૨
ભારતનાં બે કલાધામો. ૧૦૨
**ગુજરાતનાં સ્ત્રી રત્નો** ૧૦૩
નં. ૧૪થી ૨૦ ફરમાન
૧૪૭થી ૧૬૧
(**૧૧) બા૦ ઔરંગઝેબ** ૧૦૩
શેઠ શાન્તિદાસ ૧૦૩
(ફ. ૧૮) **પં૦ પ્રતાપકુશલ** ૧૦૩
દયાલશાહનો કિલ્લો ૧૦૪
(૧૯) પં૦ લાલવિજય ૧૦૪
(૨૦) ધર્મસ્થાનો પરત ૧૦૫
(૨૧) સન્યાસી હુકમ રદ. ૧૦૫
શેઠ માણેકચંદ **ટંકશાળ** ૧૦૫
બાદશાહોની ટુંકી નામાવલી ૧૦૬
**(૧૨) બા૦ આલમગીર**
**( પહેલો )** ૧૦૬
૨૨ કુલ્પાક તીર્થોદ્ધાર ભેટ ૧૦૬
ફ૦ ૨૩ **હીરવિહાર—**
**જમીન ભેટ** ૧૦૬
ફ૦ નં૦ ૨૨, ૨૩ ૧૬૨
**૧૪ બા૦ ફરૂખશેઅર** ૧૦૭
(ફ૦૨૪) જૈનાચાર્યોને ફરમાન ૧૦૭
ફ૦ નં૦ ૨૪, ૨૫. ૧૬૩
(૧૭) બા૦ **મહમ્મુદશાહ** ૧૦૮
જગતશેઠ પદવી ૧૦૮
નવાબ સરફ ૧૦૮
બા૦ નાદીર ૧૦૮
નિઝામ રાજ્ય ૧૦૮
ફ૦ નં૦ ૨૬ જગતશેઠ ૧૬૯
ફ૦નં૦ ૨૭ નગરશેઠ સનંદ ૧૭૦
**૧૮ મો બા૦ અહમદ** ૧૦૯
નવાબ સીરાજ ૧૦૯
ફ૦ ૨૮ થી ૩૦ જગતશેઠો ૧૭૭
**૧૯ મો બા૦ આલમ** ૧૦૯
(ફ૦ ૩૧) ફરમાફ ૧૮૧
૨૦ મો શાહજહાં ૧૧૦
મીરઝાફર, કાસીમ ૧૧૦
૨૧ મો **આલમ (ત્રીજો)** ૧૧૦
(ફ૦ ૩૨) જગતશેઠ ૧૮૨
(ફ૦ ૩૩) તીર્થપ્રતિષ્ઠા ૧૮૨
સં૦ ૧૮૨૫ મ. શુ. ૫ ૧૧૦
(ફ૦ ૩૪) શાન્તિનો ૧૧૧
ઢંઢેરો સં૦ ૧૮૩૬ ૧૮૨
૨૨ મો બા૦ અકબર ૧૧૧
ફ૦ ૧ થી ૩૪
દિલ્હીના બાદશાહોનાં ફરમાનો
૧૧૧ થી ૧૮૬
બ્રીટીશ રાજ્ય ૧૮૭
ઈસ્ટ ઇન્ડિયા કુંપની ૧૮૭
**(૧) વોરન હેસ્ટીંગ** ૧૮૭
અન્યાય, ૧૮૭
હરખચંદને શેઠ (દીવાન) ૧૮૮
(૨) કર્ણુવાલીસ ૧૮૮
લોર્ડ ડલહૌસી ૧૮૮
તાર ટપાલ શિક્ષણ ૧૮૮
સેકેન્ડો ભેળસેળ ૧૮૯
લોર્ડ કેનીંગ ૧૮૯
બ્રીટીશ સત્તા ૧૮૯
દિલ્હી દરબાર (૧૮૭૭) ૧૮૯
ભારતમાં જ્યોર્જ ૧૯૦
વિશ્વયુદ્ધ (૧૯૧૪) ૧૯૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| હાર્ડિંગ ચેમ્ફર્ડ | ૧૯૦ |
| સમ્મેતશિખર વેચાણ | ૧૯૦ |
| **સ્વતંત્ર ભારત** | |
| ( તા. ૧૫–૮–૧૯૪૭ ) | ૧૯૦ |
| લોકશાહી રાજ્ય | ૧૯૦ |
| ગુજરાત સૌ૦ રાજ્યવંશો | ૧૯૧ |
| ગુજરાતના સુબા | ૧૯૧ |
| (૧) અલફખાન | ૧૯૧ |
| શત્રુંજયનો ૧૫ મો ઉદ્ધાર | ૧૯૧ |
| (સં૦ ૧૩૭૧ મ૦ સુ૦ ૭) | ૧૯૨ |
| (૫) હીસામુદ્દીન | ૧૯૨ |
| (૧) ગોડી પાર્શ્વનાથ | ૧૯૨ |
| (૨) ગુર્જર સુંદરી | ૧૯૨ |
| (૩) અડાલજ વાવ | ૧૯૨ |
| ( શિલાલેખ ) | ૧૯૩ |
| (૪) અંમારશા પીર | ૧૯૩ |
| (૯) સુબો જાફરખાન | ૧૯૩ |
| ગુજરાતના બાદશાહો | ૧૯૪ |
| (૧) બા૦ મુજફ્ફર | ૧૯૪ |
| (૨) બા૦ અહમદ | ૧૯૫ |
| સ્વભાવ | ૧૯૫ |
| અમદાવાદ | ૧૯૫ |
| આશાવલ કર્ણાવતી | ૧૯૫ |
| ભીલનો ટેકરો | ૧૯૫ |
| પં૦ વિનયસાગર પ્રતિ૦ | ૧૯૫ |
| (પાટણ સ્થાપના) | ૧૯૫ |
| અમદાવાદનો પાયો | ૧૯૬ |
| સાલના વિવિધ મતો | ૧૯૬ |
| (સરખેજનો રોજો) | ૧૯૬ |
| (ભદ્રનો કિલ્લો) | ૧૯૭ |
| કલ્પિત દંત કથાઓ | ૧૯૮ |
| ૧૧૧ પોળો, પાડા | ૧૯૮ |
| ના૦ ભૂ૦ પોળ | ૨૦૨ |
| (શિલાલેખ) | ૨૦૨ |
| ગ્રંથ ભંડારો | ૨૦૩ |
| જિનાલયો | ૨૦૪ |
| શહેરયાત્રા | ૨૦૪ |
| ટંકશાળ | ૨૦૫ |
| જૈન વસવાટો | ૨૦૬ |
| આ૦ ક૦ (૧૯૩૬) | ૨૦૬ |
| લોકોપયોગી સંસ્થા | ૨૦૭ |
| ધનિકોને વસાવ્યા | ૨૦૭ |
| સલાહકારો | ૨૦૮ |
| જૈનાચાર્યો | ૨૦૮ |
| ધન્ના પોરવાડ | ૨૦૮ |
| (૩) બા૦ મહમ્મદ | ૨૦૮ |
| (૪) કુતબુદ્દીન | ૨૦૯ |
| (કાંકરિયુ) | ૨૦૯ |
| (૫) દાઉદશાહ | ૨૦૯ |
| (૬) મહમ્મદ બેગડો | ૨૦૯ |
| રાજ ખટપટ | ૨૦૯ |
| દ્વારિકા ઉપર ચડાઈ | ૨૧૦ |
| **શાહજાદો અહમદ** | ૨૧૦ |
| હીંદુતીર્થ ભંગ | ૨૧૦ |
| રાણપુર વિજય (૧૫૩૧) | ૨૧૦ |
| મહેમદાવાદ | ૨૧૦ |
| અમદાવાદ કોટ (સને ૧૪૬૮) | ૨૧૦ |
| **દુકાળો – દાનવીરો** | ૨૧૧ |
| **શાહ બિરૂદ** | ૨૧૧ |
| મંત્રી ગદરાજ | ૨૧૧ |
| આબુ પ્રતિષ્ઠા | ૨૧૧ |
| ગોપી બ્રાહ્મણ | ૨૧૨ |
| **સારંગ દેવો** | ૨૧૨ |
| (૭) બા૦ મુજફ્ફર | ૨૧૨ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| સત્તાનો કેફ | ૨૧૨ |
| ભ૦ હેમવિમલસૂરિને ઉપસર્ગો | ૨૧૨ |
| (૯) બા૦ અહમદ | ૨૧૩ |
| **રા' માંડલિકની કબર** | ૨૧૩ |
| (૧૦) **બા૦ બહાદૂરશાહ** | ૨૧૪ |
| ગાદી સં૦ ૧૫૮૩ | ૨૧૪ |
| શત્રુંજયનો ૧૬ મો ઉદ્ધાર | ૨૧૫ |
| વફાદાર ગુજરાતી સેના | ૨૧૫ |
| **જૈનાચાર્યો** | ૨૧૫ |
| ફીરંગીનો દગો | ૨૧૫ |
| દીવ દમણ સ્વતંત્ર | ૨૧૬ |
| (૧૧) બા૦ મહમ્મદ | ૨૧૬ |
| મંત્રી ગલરાજ | ૨૧૬ |
| ત્રણ દીક્ષાઓ | ૨૧૭ |
| સુબો ચીકથી શેરશાહ | ૨૧૭ |
| હિંદુ તહેવારો બંધ | ૨૧૭ |
| છેલ્લો બા૦ મુજફ્ફર | ૨૧૭ |
| (૧૪) **સમ્રાટ અકબર** | ૨૧૮ |
| ૯ સુબાઓ | ૨૧૮ |
| (૧) મીરઝા અજિજ | ૨૧૯ |
| **આ૦ હીરસૂરિને વંદન** | ૨૨૦ |
| સુબો ખુરમ | ૨૨૦ |
| ૧૬૪૭નું શત્રુંજય રક્ષા ઇનામનાં ત્રીજું ચોથું ફરમાનો | (૧૧૭) |
| હીરસૂરિને ત્રાસ | (૧૧૭) |
| (૮) **સુબો મુરાદબક્ષ** | ૨૨૨ |
| જ૦ગુ૦ હીરસૂરિનું સન્માન | ૨૨૨ |
| **(૧૫) બા૦ જહાંગીર** | ૨૨૨ |
| (૧૬) બા૦ શાહજહાં | ૨૨૩ |
| ૧૪ થી ૧૭ ફરમાનો | ૨૨૪ |
| **રૂખોપા કરાર ઇનામ** | ૨૨૪ |
| ઇનામ | ૨૨૬ |
| (૧૧) **બા૦ ઓરંગઝેબ** | ૨૨૭ |
| સુબો મહમ્મદ આઝમ | ૨૨૭ |
| **ભ૦ વિજય રત્નસૂરિ** | ૨૨૭ |
| **અમદાવાદમાં પાખીબંધ** | ૨૨૮ |
| અનોપ ભંડારી | ૨૨૮ |
| રાજા અભયસિંહ રાઠોડ | ૨૨૮ |
| **રત્નસિંહ ભંડારી** જિનાલય | ૨૨૮ |
| **છીપાવસહી** | ૨૨૯ |
| ગુજરાતના છેલ્લા રાજવંશો | ૨૨૯ |
| **સૌરાષ્ટ્ર શાસન** | ૨૨૯ |
| **ગોહેલ રાજવંશ** | ૨૩૦ |
| **શાહપુર**, સેજકપુર | ૨૩૦ |
| લાઠી માંડવી, **શાહપુર** | ૨૩૧ |
| (૬) રાણાજી | ૨૩૩ |
| ઘોઘા **પીરમ** | ૨૩૩ |
| ઉમરાળા, પચ્છેગામ | ૨૩૪ |
| શિહોર, ભાવનગર, **તળાજા** | ૨૩૪ |
| **ગોહેલવંશ – પાલીતાણા** | ૨૩૫ |
| (૪) શાહજી – માંડવી | ૨૩૫ |
| રાજ્ય વિસ્તાર | ૨૩૫ |
| ગારિયાધાર, ત્રાપજ | ૨૩૫ |
| શિહોર બાબત | ૨૩૫ |
| ખુમાણ યુદ્ધ | ૨૩૬ |
| **નગરશેઠની મદદ** | ૨૩૬ |
| ગારિયાધાર વિજય | ૨૩૬ |
| મુસલમાનોની રંજાડ | ૨૩૬ |
| **શેઠ ઠાકોર મૈત્રી** | ૨૩૬ |
| (૧૫) **ઠા૦ કાંધાજી (બીજો)** | ૨૩૬ |
| **રખોપું** | ૨૩૭ |
| સમજૂતિ | ૨૩૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સીક્કોનો ઇતિહાસ ૨૩૯
(૧૬) ઠા૦ શવોજી ૨૪૧
શેઠ શાન્તિદાસને શત્રુંજય
પાલીતાણા ઇનામ (૨૨૬) ૨૪૧
(૧૯) ઠા૦ પૃથ્વીરાજ ૨૪૨
કા૦ રાજસ્થાન કોર્ટ ૨૪૪
(૨૨) ઠા૦ ઉનડજી ૨૪૪
નાણાં ભીડ, ઇજારો ૨૪૪
સાલવારી – હક્કો ૨૪૫
( મંદિર પ્રતિબંધ ) ૨૪૫
નવી ટૂંકો ૨૪૫
મોદીની ટૂંક ૨૪૬
(૨૩) ઠા૦ કાંધાજી (ચોથા) ૨૪૬
**રખોપું – ગીરિ** ૨૪૭
પ્રજામાં ત્રાસ ૨૪૭
જૈનોની અરજી ૨૪૭
રખોપામાં ગરબડ ૨૪૭
નવો કરાર–૧૮૨૧ ૨૪૮
તીર્થ, કોટનો જીર્ણોદ્ધાર ૨૪૮
**ઈજારો બંધ** ૨૪૮
**(૨૫) ઠા૦ પ્રતાપસિંહ** ૨૪૮
(૨૬) સુરસિંહજી ૨૪૮
કલેશ મુંડકાવેરો ૨૪૮
ઠાકોરોની મનોભાવના ૨૪૯
સતાવણી ૨૪૯
એજન્સીનો અમલદાર ૨૪૯
નવી રંજાડો ૨૪૯
કીટીંજ ૨૪૯
સતાવણી ૨૫૦
બનાવટીવહી ૨૫૦
દા૦ ગો૦ ક૦ બાંધીનું કમીશન ૨૫૦
એક તરફી કીટીંજ ૨૫૦
એજન્સીનું ઠાણું ૨૫૧
સંઘ લુંટાવ્યો ૨૫૧
**વળતર દેવાનું** ૨૫૧
સતાવણી ૨૫૨
જે. બી. પીલે – કાંઠી દખલ ૨૫૨
દારૂ તોપ વિનાશ ૨૫૩
સુંદરજી મોતીચંદ ઝવેરી ૨૫૩
**વીરચંદ ભગત** (અમદાવાદ) ૨૫૩
એજન્સી ઠાણું ૨૫૩
**શિલાલેખો** ૨૫૩
(૬) જે. બી. પીલે ૨૫૩
કેન્ડીનો ન્યાય–ઈ. ૧૮૭૭ ૨૫૪
કિટીંજ = કેદી ૨૫૪
**રાણીનો ઢંઢેરો** ૨૫૫
**સર ટોમની માન્યતા** ૨૫૬
સતાવણી ૨૫૬
યાત્રિક ગણના ૨૫૬
**આ૦ ક૦ પેઢીનો ઇતિહાસ** ૨૫૬
અણુતરી ત્રાસ ૨૬૦
બનાવટી પ્રચારકો ૨૬૦
**બનાવટી સંઘ** ૨૬૦
સતામણી ૨૬૦
પૂનામાં મૃત્યુ (સં૦ ૧૮૮૫) ૨૬૦
(૨૭) ઠા૦ માનસિંહજી ૨૬૦
જૈનો ઠાકોર ઐક્ય ૨૬૦
કા૦ લો૦ ડીરેકટરીમાં ૨૬૧
રાજ્ય પરિચય ૨૬૧
**શત્રુંજય વર્ણન** ૨૬૧


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુંજય જૈનો પ્રેમ ૨૬૨
નજરાણું ૨૬૩
રખોપાકર (સને ૧૮૮૬) ૨૬૪
વિવિધ સતામણી ૨૬૫
મુનિ દીપવિજય ૨૬૭
પં૦ સોહનને ત્રાસ ૨૬૭
૧૮ ઠા૦ બહાદૂરસિંહ ૨૬૮
ટયુડર ઓવન મેજર સ્ટ્રેંગ ૨૬૮
ગુરૂદેવનું ગુરૂકુળ ૨૬૮
શત્રુંજયનું કાયમી સમાધાન
(કે૦ સી૦)તા. ૨૬-૫-૧૯૨૮ ૨૭૧
રખોપા કર માફ ૨૭૮
(૨૮) ઠા. શિવકુમાર ૨૭૮
(આધારો) ૨૭૮


## પ્રકરણ ૪૫


આ૦ દેવેન્દ્રસૂરિ ૨૭૯
પૂર્વજો, સ્વભાવ ૨૮૦
આ૦ મહેન્દ્રસૂરિ ૨૮૦
રાજા – રાણી ૨૮૦
અમારિ યાગ ૨૮૦
પાલનપુરમાં વીર–ભીમ દીક્ષા ૨૮૦
ગ્રંથ ભંડારો ૨૮૧
આ૦ વિજયચંદ્ર ૨૮૧
યુગોત્તમ ૨૮૧
લઘુ પોષાળ ૨૮૧
મંત્રી વસ્તુપાલ ૨૮૨
કેશર વૃષ્ટિ ૨૮૨
સ્વર્ગ ૨૮૨
સં૦ ભીમનો તપ ૨૮૨
ગ્રંથો ૨૮૩
રચના સાલ ૨૮૩
વૃન્દારૂ પ્રશસ્તિ ૨૮૩
પ્રભાવક મુનિવરો ૨૮૪
રૂદ્રપલ્લી પટ્ટાવલી ૨૮૮
નાગોરી તપા ૨૮૬
ગ્રંથ ભંડારો ૨૮૬
મહુવા, ટીંબા ૨૮૬
(બીજા આચાર્યો) ૨૮૭
મહુવા ગ્રંથભંડાર ૨૮૭
ટીમાણો ૨૮૮
પાટણ–૧૬ પ્રશસ્તિઓ ૨૮૮
વીજાપુર ૨૯૨
મણિભદ્રવીર ૨૯૫
ખડાયતા મહુડી ૨૯૬
ખડાયતા જૈનો ૨૯૬
સ્થાપના તીર્થો ૨૯૭
ખડાયતા લેખો ૨૯૮
(૧) ખંભાત ભંડાર ૩૦૦
૭ ગ્રંથ પ્રશસ્તિઓ ૩૦૧
(૨) ખંભાત ભંડાર ડાબડા ૩૦૨
દયાવટ હિયાણા ૩૦૨
પેથડના ગ્રંથ ભંડારો ૩૦૨
માંડવગઢમાં ગ્રંથલેખન ૩૦૨
પં૦ હીરાનંદ ગણિ ૩૦૩
વિદ્યા વિલાસપવાડો ૩૦૩
રાજા, મંત્રીઓ, શેઠો ૩૦૪
ભીમદેવ સોલંકી ૩૦૪
વીરધવલ વાઘેલો ૩૦૪
સં૦ પુનડ નાગોરી ૩૦૪
મંત્રી વસ્તુપાલ ૩૦૫


જૈન साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ગ્રંથો, મનોરથો | ૩૦૬ |
| વિદ્વાન મુનિવરો | ૩૦૮ |
| **પં૦ સોમેશ્વર** | ૩૦૮ |
| પુરોહિત વંશ | ૩૦૮ |
| હરિહર, મદન, સુભટ | ૩૧૦ |
| અરિસિંહ ( સુકૃત ) | ૩૧૧ |
| કવિ પાલ્હણ | ૩૧૧ |
| **દાનવીર જગડુશાહ** | ૩૧૧ |
| પનરિયો દુકાળ | ૩૧૧ |
| **સં૦ દેદાશાહ વંશ** | ૩૧૨ |
| કુંકુમરોલ પોષાળ | ૩૧૩ |
| દેદાશાહ જ્ઞાતિ વિચાર | ૩૧૩ |
| **મંત્રી પેથડકુમાર** | ૩૧૪ |
| ધર્મનાં સ્થાનો | ૩૧૪ |
| **ચમત્કાર** | ૩૧૫ |
| ઇન્દ્રમાળા | ૩૧૬ |
| સાધુ ગુણધર | ૩૧૬ |
| ( આ૦ રત્નાકર ) | ૩૧૬ |
| (૧) શ્રીમાળી કે પોરવાડ | ૩૧૭ |
| (પેથડશાહો) | ૩૧૭ |
| **મંત્રી ઝાંઝણ** | ૩૧૮ |
| **પાંચ જાવડ શાહો** | ૩૧૯ |
| (૨) જાવડ (ગિરનાર) | ૩૧૯ |
| (૩) લઘુ શાલિભદ્ર જાવડ | ૩૧૯ |
| આનંદ સુંદર ગ્રંથ | ૩૨૨ |
| **(૫) જાવડજી** | ૩૨૨ |
| ૧૦૪ ચોવીશવટ | ૩૨૨ |
| **આઠ સારંગદેવો** | ૩૨૨ |
| મંત્રી **આભૂ** શ્રીમાળી વંશ | ૩૨૩ |
| ( ચંડાઉલી–ચંદ્રાવતી ) | ૩૨૩ |
| બાદશાહના મંત્રીઓ | ૩૨૪ |
| (૨) મંત્રી ઝાંઝણ, લોકોપકાર | ૩૨૪ |
| **મહાકવિ મંડન ગ્રંથો** | ૩૨૪ |
| સં૦ સંગ્રામ | ૩૨૪ |
| મહાકવિ **ધનદ** | ૩૨૫ |
| **આભૂ પલ્લીવાલ વંશ** | ૩૨૫ |
| **સોની પ્રથિમસિંહ** | ૩૨૬ |
| **આલ્હાશાહો** | ૩૨૭ |
| ચૌદ ભીમાશાહો | ૩૨૭ |
| સં૦ ભીમજી (સં૦ ૧૩૨૭) | ૩૨૭ |
| **સત્યની કસોટી** | ૩૨૭ |
| બાર (૧૨) વર્ષ અન્નત્યાગ | ૩૨૯ |
| લહાણી, ઉપાશ્રયફળ | ૩૩૦ |
| ૬ થી ૧૪ ભીમાશાહો | ૩૩૧ |
| (૧) **સોની સાંગણ વંશ** | ૩૩૨ |
| સ્તંભન પાર્શ્વનાથ ધ્યાન | ૩૩૨ |
| (૬) નરદેવ સત્રાગાર | ૩૩૨ |
| જીરાવલા તીર્થ | ૩૩૩ |
| (૬) **ધનદેવ આનપ્રેમ** | ૩૩૩ |
| (૭) **સોની સંગ્રામસિંહ** | ૩૩૩ |
| ધનપાલની નામમાલા | ૩૩૪ |
| પૈઠણમાં–૧૫૨૦માં | ૩૩૪ |
| બુદ્ધિસાગર પરિચય | ૩૩૪ |
| નગદળ મલીક | ૩૩૬ |
| પ્રતિમાલેખ ૧૫૧૮ | ૩૩૬ |
| ( મક્ષીજી, સાલગિરિ ) | ૩૩૬ |
| **ભ૦ સોમસુંદરસૂરિ** | ૩૩૭ |
| ૬૩૦૦૦નો ગ્રંથભંડાર | ૩૩૭ |
| સોની જૈનો | ૩૩૭ |
| વાંઝિયો આંબો | ૩૩૮ |
| મંદિરો જીર્ણોદ્ધાર | ૩૩૯ |
| **સોની આભૂ** ઓસવાલનો વંશ | ૩૩૯ |
| (૭) વછિયો શાહ | ૩૪૦ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૮) કુંવરજી સોની ૩૪૦
(૮) સોની તેજપાલ ૩૪૦
૧૬૫૦માં નંદિવર્ધન જિન-પ્રાસાદ ૩૪૧
સંઘ ભક્તિ ૩૪૧
સં૦ તેજલદેવી ૩૪૨
(૫) શા૦ દેધર શ્રીમાળીનો વંશ ૩૪૨
(૨) ઠા૦ આલ્હણશી ૩૪૨
(૮) સાધુ ચઉથો ૩૪૩
જિનાગમો લેખન ૩૪૩
સં૦ મેઘજી ગ્રંથ ૩૪૩
સં૦ જેઠાજી (જેઠા શાહો) ૩૪૪
(૧) સં૦ કુંવરજી ૩૪૪
જિન પ્રાસાદ ૩૪૫
"કલ્પ કિરણાવલિ" ૩૪૫
સં૦ મેઘો ૩૪૫
(ગ્રંથ પ્રશસ્તિ) ૩૪૪
સોનપાલ ૩૪૫
ગ્રંથ ભંડાર, જિનાલયો ૩૪૫
(૨) પારેખ આલ્હણશી વંશ ૩૪૬
વજિયા રાજિયા, પારેખ ૩૪૬
બાદશાહી માન ૩૪૭
(દીવ ઘોઘલા) ૩૪૭
(૭) જિનાલયો ૩૪૭
પ્રતિષ્ઠા તીર્થો ૩૪૮
ગંધાર ૩૪૯
દુકાળમાં મદદ ૩૪૯
ભ૦ વિજયાનંદ ગચ્છ ૩૪૯
વ્રતપ્રાયશ્ચિત ૩૫૧
પરવાળાની માળા ૩૫૧
દેલ્હણ લેખ ૩૫૧
આબૂ પોરવાડ વંશ ૩૫૨
ચંડસિંહ પોરવાડ ૩૫૩
પેથડ ૩૫૩
વિજાપુર, આબૂ ૩૫૩
મંડલિક વ્યવહારી ૩૫૪
વ્ય૦ પરબત પોરવાડ ૩૫૫
ધર્મકાર્યો ૩૫૫
વ્ય૦ કાનજી ૩૫૫
૧૬૨૦ પોઈયા (પ્રતિષ્ઠા) ૩૫૫
ભ૦ વિજ દાનસૂરિ ૩૫૬
આબૂ પોરવાડ (માલાસણ) ૩૫૬
શેઠ અલ્લકનો વંશ ૩૫૬
વડગચ્છી પટ્ટાવલી ૩૫૬
આ૦ આમ્રદેવ ૩૫૭
અલ્લક, સિદ્ધ, ઉદ્યોતન ૩૫૮
પૂર્ણદેવ પોરવાડ વંશ ૩૫૯
(પૂર્વ ઈતિહાસ) ૩૫૦
ભ૦ જગચ્ચંદ્રસૂરિ ૩૫૯
ભ૦ દેવેન્દ્રસૂરિ ૩૬૦
આ૦ ક્ષેમસિંહસૂરિ ૩૫૯
ધીણાક મોઢા ૩૬૦
(ધીણાક) ૩૬૦
(પ્રકાશન અંગે) ૩૬૦
ગુણપાલ ૩૬૧
શેઠ પૂનાનો વંશ ૩૬૧
સં૦ હરપતિ ૩૬૨
સૂરિપદ, મહત્તરા પદ ૩૬૨
સં૦ શાણરાજ ૩૬૨
ધીયા વિહાર ૩૬૨
સૂરિ-સાધ્વી ચરણપાદુકા ૩૬૩
આજડ પોરવાડનો વંશ ૩૬૩


જૈન સાઈટ JAINSITE જૈનં જયતિ શાસનમ્

| | |
|---|---|
| **પોસીના રાજવિહાર** | ૩૬૩ |
| ગોપાલ | ૩૬૪ |
| ૧૪૭૭ વિઘ્નાપહાર પાર્શ્વનાથ | ૩૬૪ |
| રાજવિહાર દાન | ૩૬૪ |
| ભ૦ સોમસુંદર | ૩૬૪ |
| **પં૦ ચારિત્ર રત્નગણિ** | ૩૬૪ |
| **સં૦ અર્જુન** | ૩૬૫ |
| પ્રતિષ્ઠાઓ | ૩૬૫ |
| **તડમલ પોરવાડનો વંશ** | ૩૬૫ |
| મંડણ | ૩૬૫ |
| પોસીનામાં પ્રતિષ્ઠા | ૩૬૫ |
| **દંડનાયક કાલુશાહ** | ૩૬૫ |
| હમીર હઠ | ૩૬૭ |
| **શેઠ અભયસિંહ વંશ** | ૩૬૭ |
| **મંત્રી ધનરાજ** | ૩૬૭ |
| આબૂ ચિત્તોડ સંઘ | ૩૬૮ |
| ધનરાજ પ્રબોધમાળા | ૩૬૮ |
| મંત્રી સિંહ | ૩૬૮ |
| વૈદ્ય નિબંધ | ૩૬૮ |
| **વીશલશાહ વંશ** | ૩૬૮ |
| દેદા ચયો | ૩૬૮ |
| આંબાક દીક્ષા | ૩૬૮ |
| **(બે) સં૦ ગુણરાજ (૩૭૦)** | ૩૬૯ |
| **૧૪૮૫ ચિત્તોડસ્તંભ** | ૩૭૦ |
| મહાવીર મંદિર દેરી | ૩૭૦ |
| **સરહડિયા પોરવાડ વંશ** | ૩૭૦ |
| સં૦ ધરણાશાહ | ૩૭૧ |
| **ત્રૈલોક્ય દીપક પ્રાસાદ (૧૪૯૬)** | ૩૭૨ |
| શાલિગ સહસા | ૩૭૪ |
| અચલગઢ મંદિર | ૩૭૪ |
| **આશાધર વંશાવળી** | ૩૭૫ |
| **(૧) મંત્રી યશોવીર જિન પ્રાસાદ** | ૩૭૬ |
| પ્રબુદ્ધ રૌહિણેય નાટક | ૩૭૬ |
| **(૨) મંત્રી યશોવીર** | ૩૭૭ |
| (બાલકવિ જગદેવ) | ૩૭૭ |
| દેરાંની ૧૩ ભૂલો | ૩૭૭ |
| **(૩) મંત્રી યશોવીર** | ૩૭૯ |
| મં૦ દેવપાલ–ધનપાલ | ૩૭૯ |
| **નડપતિ જયચર્ચા** | ૩૭૯ |
| મંત્રી આબડ, મં૦ આલ્હાદન | ૩૮૦ |
| **દં૦ઠ૦ આભૂ જિનદાસ** | ૩૮૦ |
| સંઘ પૂજા | ૩૮૦ |
| **સોનેરીશાહી જિનાગમો** | ૩૮૦ |
| **શુદ્ધ સામાયિક** | ૩૮૧ |
| **(૧) દુઃસાધ્ય ધર્કટ શ્રીમાળી વંશ** | ૩૮૧ |
| મં૦ ઉદયસિંહ | |
| **મં૦ યશોવીર** | ૩૮૧ |
| બુદ્ધિબળ, **માનવતા** | ૩૮૨ |
| **(૨) કર્મસિંહ દુઃસાધ્યવંશ** | ૩૮૪ |
| જગતસિંહની જ્ઞાતિ | ૩૮૫ |
| **સાધુ જગતસિંહ** | ૩૮૫ |
| સાધર્મિક ભક્તિ | ૩૮૫ |
| દોલતાબાદમાં | ૩૮૫ |
| નિત્ય ઉત્સવ | ૩૮૫ |
| પ્રતિજ્ઞા પાલન | ૩૮૫ |
| ચાર સંઘ ભક્તિ | ૩૮૬ |
| **મહણસિંહ** | ૩૮૬ |
| સર્વ દર્શનનું જ્ઞાન | ૩૮૬ |
| **ભ૦ દેવસુંદર, સોમસુંદર** | ૩૮૬ |
| મોટી સંઘ પૂજા | ૩૮૬ |
| **પં૦ દેવવિમલ ગણિ** | ૩૮૬ |


જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮૪ + ૫૬ હજાર ૩૮૬
**પારો સત્યવાદી** ૩૮૬
આ૦ ફીરોજશાહની પરીક્ષા ૩૮૭
કોટિધ્વજ ૩૮૭
પ્રબંધકોશ (સં૦ ૧૪૦૫) ૩૮૭
**સાધુ પદમ-રાજૂદેવી** ૩૮૩
૨૪ જિનપ્રાસાદો ( કાવી ) ૩૮૭
ગ્રંથ ભંડારો ૩૮૮
**જેલ્હાનો વંશ** ૩૮૮
દેશલ ઓસવાળ, ૩૮૮
લાલિગ, વીજડ ૩૮૮
સંઘો, આબૂજીર્ણોદ્ધાર ૩૮૮
**ભેરૂસિંહ** રામસિંહ લોઢા ૩૮૯
**લોઢાવંશ** ૩૯૩
પ્રતિષ્ઠા, સંઘો ૩૯૩
ગ્રંથ ભંડાર ૩૯૩
**કુરપાલ, સોનપાલ** ૩૯૩
શિખરજી જીર્ણો૦ (૧૬૧૮)
પોષાળ ૩૯૩
આ૦ જહાંગીરની શંકા ૩૯૩
પરિવાર ૩૯૪
( પાળીયાનો લેખ ) ૩૯૪
સૂરદાસ ( ૧૬૭૧ ) ૩૯૫
લોઢા કુટુંબ ૩૯૫
મંદિર લેખ ૩૯૫
**મદનશ્રીમાળી વંશ** ૩૯૫
દેવરાજ ૩૯૫
ગ્રંથ ભંડાર ૩૯૫
**સદારંગ વચ્છરક** ૩૯૬
અમરદત્ત ૩૯૬
**ઠ૦ ફેરૂ** ( ગોત્ર ) ૩૯૭
વત્થુસાર, રયણપરિકખા ૩૯૮
ગણિતસાર, જ્યોતિષગ્રંથ, ૩૯૮
સા૦ રણજીતરામનો લેખ ૩૯૯
**ભવિષ્યવાણી** ૩૯૯
શાસનદેવી પદ્માવતી, મણિભદ્ર ૩૯૯
સફળ કામના ૪૦૦


## પ્રકરણ ૪૬


**(૪૬) આ૦ વિદ્યાનંદસૂરિ ૪૦૧**
વંશ, દીક્ષા ૪૦૧
( આ૦ સૌભાગ્યહર્ષ ) ૪૦૨
આચાર્ય ઉપાધ્યાય, પંન્યાસ ૪૦૩
**કેશર વૃષ્ટિ** ૪૦૩
પ્રશંસા ૪૦૩
ગુરૂદેવ સ્વર્ગ (સં૦ ૧૩૨૭) ૪૦૩
આ૦ વિદ્યાનંદ સ્વર્ગ (૧૩૨૭) ૪૦૪
સં૦ ભીમનો અન્નત્યાગ ૪૦૪
નવા આચાર્યો ૪૦૪
**૪૬ આ૦ ધર્મઘોષસૂરિ ૪૦૫**
પ્રતિષ્ઠા યાત્રા ૪૦૫
( સારંગદેવ ) ૪૦૫
ગુરુ પ્રવેશ ઉત્સવ ૪૦૫
ચમત્કાર ૪૦૫
તીર્થ ઉદ્ધાર ૪૦૬
સમુદ્રનાં રત્નો ૪૦૬
કપર્દી યક્ષ ૪૦૬
ગચ્છ રક્ષા ૪૦૬
ઝેર ઉતાર, સાદો આહાર ૪૦૫
કાવ્યકળા ૪૦૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| પટ્ટધર | ૪૦૭ | **રાજાવલી** | ૪૧૦ |
| મંત્ર પોથી | ૪૦૮ | ગિઝનીખાન, સં૦ રત્ના | ૪૧૦ |
| **ગ્રન્થો** | ૪૦૮ | પાટનગર | ૪૧૧ |
| (યુગપ્રધાન યંત્ર) | ૪૦૮ | મંત્રીઓ | ૪૧૨ |
| સ્વર્ગ (સં૦ ૧૩૫૭) | ૪૦૯ | **દાનવીરો, રાજવીરો** | ૪૧૩ |
| વિશેષ ઘટના | ૪૦૯ | ગ્રંથ ભંડાર | ૪૧૨ |
| માંડવગઢ | ૪૦૯ | **આ૦ ધર્મઘોષસૂરિવરો** | ૪૧૨ |
| (પત્તન) | ૪૦૯ | | |


## પ્રકરણ ૪૭


| | | | |
|---|---|---|---|
| **(૪૭) આ૦ સોમપ્રભસૂરિ** | ૪૧૪ | **પ્રભાવકો** | ૪૨૨ |
| પરિચય, સભાવિજય | ૪૧૪ | સામાનિક દેવલોક (૧૩૭૩) | ૪૨૨ |
| વિહારની મર્યાદા | ૪૧૪ | **પ્રભાવકો,** યુ૦પ્ર૦ શીલમિત્ર | ૪૨૨ |
| (મહો૦ વિદ્યાસાગર) | ૪૧૪ | સં૦ ૧૩૩૪ના બનાવો | ૪૨૨ |
| (આ૦ જિનમાણિક્ય) | ૪૧૪ | વિ૦ સં૦ ૧૩૭૧ની ઘટના | ૪૨૩ |
| ૮૪ જિન પ્રાસાદો | ૪૧૫ | **પ્રભાવકો** | ૪૨૩ |
| (વરંગલ) | ૪૧૬ | આ૦ જિનચંદ્ર, ધર્મપ્રભ | ૪૨૪ |
| ૧૩૭૧માં તીર્થોદ્ધાર | ૪૧૭ | આ૦ નરચંદ, હેમચંદ્ર | ૪૨૪ |
| ભીલડીમાં **દીવ્યજ્ઞાન,** (૧૩૭૧) | ૪૧૭ | **સમયસારંગ** | ૪૨૪ |
| | | સજ્જનસિંહ, અમારિ | ૪૨૪ |
| રાધનપુર | ૪૧૭ | **કોચર શાહ, અમારિ** | ૪૨૪ |
| ભીલડી ભંગ | ૪૧૮ | સમરારાસ | ૪૨૪ |
| પર્વ વ્યવસ્થા (૧૪) | ૪૧૮ | **કવિ દેપાલ** | ૩૨૫ |
| વિશેષ નોંધ | ૪૧૮ | **ઠ૦ ફેરૂ** | ૪૨૫ |
| દીવ્ય ઘટના | ૪૨૦ | **ગ્રંથકારો** | ૪૨૫ |
| **મૈત્રી ગ્રંથો** | ૪૨૦ | પુંડરિક ચરિત્ર | ૩૨૫ |
| **ચાર પટ્ટધરો** | ૪૨૧ | **નગર સ્થાપના** | ૪૨૫ |


## પ્રકરણ ૪૮


| | | | |
|---|---|---|---|
| **આ૦ સોમતિલકસૂરિ** | ૪૨૬ | જંઘરાલ | ૪૨૭ |
| વિશેષણો – પરિચય | ૪૨૬ | સાહિત્ય | ૪૨૭ |
| (યુગપ્રધાન યંત્ર પડાવશ્યક) | ૪૨૬ | (સત્તરિસય પ્રશસ્તિ) | ૪૨૭ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ પટ્ટધરો ૪૨૭
(૧) આ૦ ચંદ્રશેખર ૪૨૭
(૨) આ૦ જયાચંદ ૪૨૮
દીક્ષા—શાસનદેવી પ્રયાસ ૪૨૮
(૩) આ૦ દેવસુંદર ૪૨૯
પ્રભાવકો ૪૨૯
આ૦ જિનપ્રભ ૪૨૯
તપગચ્છ પ્રભાવ ૪૩૦
આ૦ કક્ક, કૃષ્ણર્ષિ, જયસિંહ ૪૩૦
સાધુ જગતસિંહ ૪૩૦
સાચા બોલા ૪૩૦
૪ દુકાળ ૪૩૦


## પ્રકરણ ૪૯


ભ૦ દેવસુંદરસૂરિ ૪૩૧
યોગિ કણયરિયા સં૦ ૧૪૮૨ ૪૩૧
યોગી ઉદયીયા પ્રશંસા ૪૩૧
ધર્મકાર્યો, ગ્રંથો ૪૩૨
ગુણ, પરિચય ૪૩૨
પાંચ પટ્ટધરો ૪૩૨
(૧) આ૦ જ્ઞાનસાગર ૪૩૨
ચોથા સ્વર્ગમાં ૪૩૩
આ૦ કુલમંડન ૪૩૪
મુગ્ધાવબોધ મૌક્તિકગ્રંથો ૪૩૪
(૩) આ૦ ગુણરત્ન ૪૩૫
ગુણ પરિચય ૪૩૬
ક્રિયારત્ન સમુચ્ચય ૪૩૬
સં૦ ગોવિંદનો પરિવાર ૪૩૬
દેવ પ્રસન્ન ૪૩૬
(૪) આ૦ સોમસુંદર ૪૩૬
(૫) આ૦ સાધુરત્ન ૪૩૬
કોચર શાહ ૪૩૬
ગુણ પ્રશંસા, ઇતિહાસ ૪૩૬
આદર્શ ગચ્છ ૪૩૭
શુદ્ધ, મર્યાદા, સ્વર્ગ ૪૩૯
ગ્રંથ ભંડારો ૪૪૦
પ્રથમસિંહ ૪૪૧
૧૬ ગ્રંથ પ્રશસ્તિઓ ૪૪૨
(૮) આ૦ સોમતિલકસૂરિ ભંડાર ૪૪૨
જ્ઞાનપ્રેમી શ્રાવિકાઓ ૪૪૨
ગુણઋદ્ધિ મહત્તરા ૪૪૩


## પ્રકરણ ૫૦


(૫૦) ભ૦ સોમસુંદરસૂરિ સ્તુતિ ૪૪૪
પરિચય, ગુણો ૪૪૪
પ્રથમ પટ્ટધર ૪૪૫
તીર્થો ૪૪૫
સં૦ ગોવિંદ ૪૪૫
પં૦ નંદિરત્ન ૪૪૫
તારંગા તીર્થ ૪૪૫
૧૮૦૦ સાધુ ૪૪૫
આંબાકની દીક્ષા ૪૪૫
પદવી પ્રદાન ૪૪૬
વિજયસ્તંભ—૧૪૮૫ ૪૪૬
રાણકપુર તીર્થ—૧૪૯૬ ૪૪૭
રાજ—સ્તંભો ૪૪૭
ત્રણ તીર્થો ૪૪૭
આચાર્યનું કુટુંબ ૪૪૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ધર્મકાર્યો** ૪૪૭
ગ્રંથો ૪૪૭
૯ અહમ્મય નિર્ઝર્થ ૪૪૮
ગ્રંથ ભંડારો ૪૪૮
સચિત્ર ૪૪૮
શા૦ મેઘજી ૪૪૮
સુલતાનપુર ઉપાશ્રય ૪૪૮
મહીકાંઠામાં અમારિ ૪૪૯
ગ્રંથ ભંડારો ૪૪૯
મારો ( ગુંડો ) ૪૪૯
વડનગર ૪૪૯
હસ્રાદા ૪૫૦
**મોટા પોસીના** ૪૫૦
ભારજા ૪૫૦
નીતોડા ૪૫૦
**માણ્બા યક્ષ** ૪૫૦
અજારી ( જાવર ) ૪૫૦
ધરણશીલવ્રત ૪૫૧
નાડોલ, શિરોહી, શ્રીમાલનગર ૪૫૧
સ્વર્ગ ૪૫૧
**વિવિધ નંદીઓ** ૪૫૧
**જ્યોતિર્ધરો** ૪૫૩
(૧) આ૦ મુનિસુંદર ૪૫૩
**(૨) આ૦ જયચંદ્ર** ૪૫૩
પં૦ સંવેગદેવ ૪૫૪
**આ૦ ઉદયનંદી** ૪૫૪
પંચપાઠી ૪૫૪
**પં૦ જિનહર્ષ** ૪૫૫
આઠ ભાષામાં ગુરૂ નામ ગુપ્ત ૪૫૫
ગિરનારમાં પ્રતિષ્ઠા ૪૫૫
પં૦ સાધુવિજય ૪૫૬
**પં૦ હંસસોમ** ૪૫૬
પૂર્વ દેશ ચૈત્ય પરિપાટી ૪૫૬
**પં૦ શુભવર્ધન** ૪૫૬
( દશ શ્રાવક ચરિત્ર ) ૪૫૬
**(૩) આ૦ ભુવનસુરિ** ૪૫૭
ગુર્વાવલી ૪૫૭
**(૪) આ૦ જિનકીર્તિ** ૪૫૭
ગિરનારમાં મંદિર ૪૫૮
**(૫) આ૦ જિનસુંદર** ૪૫૮
મહો૦ મહીકલશ ૪૫૯
પં૦ લબ્ધિકીર્તિ ૪૫૯
( ગુ૦ સ્તવન ) ૪૫૯
( વડનગર ) ૪૫૯
**મહો૦ ચરિત્રરત્ન ગ૦** ૪૫૯
પં૦ ચારિત્રસુંદર ૪૫૯
૭ ભાષામાં પાંચ જિનસ્તવન ૪૫૯
**મહો૦ હેમહંસ** ૪૬૦
મહો૦ જિનમાણિક્ય ૪૬૧
**લઘુ સોમપ્રભ** ૪૬૧
ગ્રંથ ભંડારો ૪૬૨
ઉ૦ અનંતહંસ ૪૬૨
રોહા – ભીલડી ૪૬૨
દશ દૃષ્ટાન્ત ચરિત્ર ૪૬૨
**પં૦ સોમધર્મગણિ** ૪૬૨
પં૦ સોમચારિત્ર ૪૬૩
ગુરુગુણ રત્નાકર ૪૬૩
આગમધર અભયનંદી ૪૬૩
**પં૦ ભાવસુંદર** ૪૬૩
પાનવિહાર ૪૬૩
**મહો૦ જિનમંડન** ૪૬૩
કુમારપાલ પ્રબંધ ૪૬૩
**ધર્મ પરીક્ષા** ૪૬૩
પં૦ નંદિરત્ન, નાનારત્ન ૪૬૩


JAINSITE.com
जैन साईट
जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ઉ૦ રત્નમંડન ૪૬૩
(૨) પં૦ હંસરત્ન ૫૬૪
બે ગુરૂ ૪૬૪
ખરસદ માળવા ૪૬૪
પં૦ હંસરત્ન ૪૬૪
ઉજમણું ૪૬૪
**ભોજપ્રબંધ** (૧૫૧૭) ૪૬૪
ઉપદેશ તરંગિણી ૪૬૪
પં૦ ધનકળશ ૪૬૫
પં૦ રત્નહંસના શિષ્યો ૪૬૫
પં૦ જિનસૂરિ ૪૬૫
**પ્રિયંકર ચરિત્ર** ૪૬૫
ઉ૦ સાધુરાજ ૪૬૫
પં૦ આનંદરત્ન ૪૬૫
**"ભરટક દ્વાત્રિંશિકા"** ૪૬૫
**પં૦ શાન્તિચંદ્ર** ૪૬૫
દાબડા ૪૬૫
**પ્રભાવકો** ૪૬૫
કૃષ્ણર્ષિ જયસિંહ ૪૬૬
કુમારપાલ મહાકાવ્ય ૪૬૬
**કૃષ્ણતપા** પુણ્યપ્રભ ૪૬૬
(કૃષ્ણર્ષિ કામળી) ૪૬૬
નગર સ્થાપના ૪૬૬
**અમદાવાદ** ૪૬૭
કુંભલમેરૂ ૪૬૮
**ઘાણેરાવ** – રાણકપુર ૪૬૮
સિદ્ધપુર ૪૬૯
અજમેર ૪૬૯
જેસલમેર ૪૬૯
(બિકાનેર,જાંગલૂ) ૪૬૯
(કાંચી તોસલી) ૪૬૯
**ડુંગરપુર રાજવંશ** ૪૭૦
રાવલ ગોપીનાથ ૪૭૦
મંત્રી ભાલ્હા – સાલ્હા ૪૭૦
**ગંભીરા પાર્શ્વનાથ**(૧૫૨૫) ૪૭૦
**કીર્તિસ્તંભ** (૧૫૮૫) ૪૭૧
ઋષભ પ્રાસાદ (૧૫૨૯) ૪૭૧
ધીયા વિહાર ૪૭૧
વાંસવાડા (૧૪૩૧) ૪૭૧
સહસ્રમલ્લ રાવળ ૪૭૧
સં૦ ભીમસિંહનો **ધૂલેવાસંઘ** ૪૭૧
**સિરણગામ–શિરોહી** ૪૭૨
ધરમસી પોરવાડ ૪૭૨
હડાલીયો અન્નદાતા ૪૭૨
લાડવામાં રૂપીયા ૪૭૨
**ગ્રંથભંડાર** ૪૭૨
**બે લાખા** દુકાળમાં ૪૭૨
શ્રી દેઉનાં ધર્મકાર્યો ૪૭૩
**સં૦ ગોવિંદ** ૪૭૪
પ્રતિમા પ્રવેશ ૪૭૪
ગ્રંથો, લેખન ૪૭૫
સંઘ રક્ષા ચોકી ૪૭૫
તારંગાતીર્થ (૧૪૭૯) ૪૭૫
૧૮૦૦ મુનિઓ ૪૭૬
ગ્રંથદાત્રિઓ ૪૭૬
**ગુંદીકર શાખા** ૪૭૬
સં૦ નાથદેવ ૪૭૮
રાણકપુર તીર્થ ૪૭૮
**શાન્તિનાં ધામો** ૪૭૮
ત્રૈલોક્ય દીપક સ્થાપત્ય ૪૭૯
**રાણકપુર પ્રતિષ્ઠા** (સં૦ ૧૪૯૬) ૪૮૦
છેલ્લો જીર્ણોદ્ધાર (૨૦૦૯ ફા૦ સુ૦ ૫) ૪૮૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| ૭૫ હજાર માનવ | ૪૮૧ | **મોટા પોસીના તીર્થ** | ૪૮૪ |
| વાસક્ષેપ લાભ | ૪૮૧ | ચાર જિન પ્રાસાદ | ૪૮૪ |
| કોતરણી | ૪૮૧ | **ભ૦ સોમસુંદરસૂરિ** | ૪૮૫ |
| (૧) ત્રૈલોક્યદીપક | ૪૮૧ | રાજા સાયર | ૪૮૫ |
| (૨) સ્થૂલભદ્ર સ્થાપત્ય | ૪૮૧ | આજોડ | ૪૮૬ |
| (૩) નેમિનાથ | ૪૮૨ | મંત્રી ગોપાળ | ૪૮૭ |
| (૪) ચક્રેશ્વરી | ૪૮૨ | જીર્ણોદ્ધાર | ૪૮૭ |
| (૫) સૂર્યમંદિર | ૪૮૨ | અંબિકા, સરસ્વતી | ૪૮૯ |
| **રાણાના સ્તૂપો** | ૪૮૨ | કેશરીયાજી | ૪૮૯ |
| પંચ તીર્થીયાત્રા | ૪૮૨ | મણિભદ્રવીર | ૪૮૯ |
| **કવિ મેઘજી (૧૪૯૯)** | ૪૮૨ | વિશેષ વર્ણન | ૪૯૦ |
| ચાર કાર્ય પ્રારંભ | ૪૮૩ | રોહિડા યાત્રા સંઘ | ૪૯૦ |
| સાદડી | ૪૮૩ | ( ઝાદાપલ્લી ) | ૪૯૧ |
| **સ્થાપત્ય** | ૪૮૩ | નાંહિયા સંઘ | ૪૯૧ |
| મહોત્સવ દાન | ૪૮૩ | **નાના પોસીના** | ૪૯૧ |
| **જાકોડા તીર્થ (૧૫૦૪)** | ૪૮૩ | **મગસીજી** | ૪૯૧ |
| | | **ચિત્તોડના કીર્તિસ્તંભ** | ૪૯૨ |


## પ્રકરણ ૫૧


| | | | |
|---|---|---|---|
| **ભ૦ મુનિસુંદરસૂરિ** | ૪૯૪ | પદવી પ્રદાન | ૪૯૭ |
| સ્તુતિ | ૪૯૪ | ગ્રંથો | ૪૯૭ |
| ટૂંકો પરિચય | ૪૯૪ | **ત્રણ વિજ્ઞપ્તિ** | ૪૯૭ |
| ( કૂર્ચાલિકાળી, સરસ્વતી ) | ૪૯૫ | મુનિ પરિવાર | ૪૯૮ |
| બાલદીક્ષા | ૪૯૫ | **(૯) પટ્ટાવલીઓ** | ૪૯૮ |
| **યુગ પ્રધાન** | ૪૯૫ | (૧) આ૦ વિશાલરાજ | ૪૯૭ |
| ૨૪ સૂરિમંત્ર આરાધના | ૪૯૫ | (૫૩) પં૦ વિવેકસમુદ્ર | ૪૯૭ |
| પદ્માવતી પ્રસન્ન | ૪૯૫ | (૫૪) પં૦ અમરચંદ્ર | ૪૯૮ |
| ઉપદ્રવ શમન | ૪૯૬ | (૫૫) પં૦ ધીરસુંદર | ૪૯૯ |
| આચાર્યપદ મહોત્સવ | ૪૯૬ | (૫૪) સંયમમૂર્તિ | ૪૯૯ |
| **કંકોતરી** | ૪૯૬ | (૫૩) પં૦ સુધાભૂષણ | ૪૯૯ |
| આચાર્યપદ | ૪૯૬ | રૂપસેન પં૦ જિનસુર | ૪૯૯ |
| યાત્રાસંઘ | ૪૯૭ | **વિશાલ સૌભાગ્ય** | ૫૦૦ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાગ્ભટ્ટાલંકારસ્તૃત્તિ(૧૫૧૨) ૫૦૦
વીતરાગપંજીકા ૫૦૦
**(૨) મહો૦ લક્ષ્મીભદ્ર** ૫૦૦
**(૫૫) ઉ૦ શુભવિમલ** ૫૦૦
(૫૭) પં૦ કમલવિજય ૫૦૧
(૫૮) પં૦ શ્રી વિનય ૫૦૧
(૬૨) ઉ૦ શાન્તિવિજય ૫૦૧
તર્ક ભાષા સૂત્ર (૧૭૫૬) ૫૦૧
(૫૮) ઉ૦ વિદ્યાવિજય ૫૦૨
**આશુકવિ પં૦ હેમવિજય** ૫૦૨
૧૭ ગ્રંથો ૫૦૩
સ્તોત્ર ચમત્કાર ૫૦૪
ઉપા૦ ગુણવિજય ૫૦૫
**(૧૧–ગુણુ...ગણિવરો)** ૫૦૬
(૩) આણંદ માણેક્ય ૫૦૭
(૪) પં૦ દેવશીલગ ૫૦૮
વેતાલપચ્ચીશી (૧૬૧૯) ૫૦૮
**ચાર મહોપાધ્યાયો** ૫૦૮
(૪) ઉ૦જ્ઞાનકીર્તિ (હર્ષ)
ઉત્તા૦ ટીકા (૧૫૨૦) ૫૦૯
(૫) પં૦ હર્ષભૂષણ ૫૧૯
પર્યુષણાપર્વ
વાક્યપ્રકાશટીકા ૫૦૯
(૬) ઉ શિવસમુદ્ર ૫૧૦
(૭) પં૦ સંઘવિમલગણિ ૫૧૦
(આઠ સંઘ...ગણિવરો) ૫૧૦
**(૮) પં૦ શુભશીલગણિ** ૫૧૧
બાદશાહી માન ૫૧૨
(૯) પં૦ ચંદ્રરત્નગણિ ૫૧૩
**પ્રભાવક મુનિવરો** ૫૧૩
**રૂદ્રપલ્લી બે પટ્ટા૦** ૫૧૩
ભ૦ જ્ઞાનસાગર, દેવચંદ ૫૧૩
દિલ્લી, આગરા ગાદી ૫૧૪
**નગર સ્થાપના** ૫૧૫
**શિરોહી–વર્ણન** ૫૧૫
**આ૦ મુનિસુંદર જાપ** ૫૧૫
જિનાલયો, પ્રભાવના ૫૧૬
પદવીઓ, ગ્રંથો ૫૧૭
મંત્રી તેજપાલ ૫૧૭
**જગદ્ગુરુ પ્રતિમા** ૫૧૮
**સં૦ મેહાજલી પોરવાડ** ૫૧૯
**અર્ધો શત્રુંજય** (૧૬૪૪) ૫૧૯
**ભ૦ વિજયાનંદસૂરિ** ૫૨૦
૨૦ હજારનો યાત્રા સંઘ ૫૨૦
**સા૦ સહજશ્રી ક્રિયોદ્ધાર** ૫૨૧
પાલનપુરા–તપા ૫૨૧
પં૦ નીત્ય વિજય ૫૨૨


## પ્રકરણ ૫૨


(૫૨) આ૦ રત્નશેખરસૂરિજી ૫૨૩
ટૂંકો પરિચય ૫૨૩
પદવી પ્રદાન ૫૨૪
ત્રણ પ્રતિષ્ઠાઓ ૫૨૪
ગ્રન્થો ૫૨૫
(પં૦ ભોજસાગરગણિ) ૫૨૫
શિષ્ય પરંપરાઓ ૫૨૫
૧ પં૦ સર્વાંગદેવ
(૫૪) આ૦ ઉદયનંદી ૫૨૫
આઠ ભાષામાં ૫૨૫
સમ્યક્ત્વ રાસ ૫૨૬
(પં૦ સંઘ...ગણિવરો) ૫૨૬


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. આ૦ સમયરત્ન ૫૨૬
(૫૮) પં૦ લાવણ્ય સમય ૫૨૭
ગ્રંથો ૫૨૭
પ્રભાવકો ૫૨૮
આ૦ જયચંદ ૫૩૦
આ૦ મલયચંદ ૫૩૦
સરધનામાં ૫૩૦
આ૦ રત્નાકર ૫૩૦
બગદાદમાં જૈનો ૫૩૦
અબુલ અલામુ અરરી ૫૩૧
જૈન ચિત્રો ૫૩૨
**રાઠોડવંશ જોધપુર** ૫૩૨
જયચંદ રાઠોડ ૫૩૨
અશ્વત્થા–ચંડ ૫૩૩
( જોધાનું જોધપુર ) ૫૩૪
મીરાંબાઈ ૫૩૪
વીકાજી બીકાનેર ૫૩૪
માલદેવ જોધાબાઈ ૫૩૫
રાવ ગજસિંહ ૫૩૬
ભ૦ વિજયદેવ ૫૩૬
અજિતસિંહ ૫૩૭
અભયસિંહ ૫૩૭
રત્નભંડારી ૫૩૭
**કિસનગઢ રાજાવલી** ૫૩૮
રાઠોડ – ગોત્રો ૫૩૮
રાઠોડ શાખાઓ ૫૩૮
ગોત્રાચ્ચાર ૫૩૮
મુણોત ૫૩૯
ચવાલસ ૫૩૯
અંબાજી ૫૩૯
હથુંડી ૫૩૯

**પ્રકરણ ૫૩**

**(૫૩) ભ૦ લક્ષ્મીસાગરસૂરિ (સ્વ૦ ૧૫૪૭)** **૫૪૦**
ટૂંકો પરિચય ૫૪૦
પહેલો પ્રતિમાલેખ ૫૪૧
**ગચ્છમેળ** ૫૪૧
પદવી પ્રદાન ૫૪૧
ધર્મધ્યાન ૫૪૨
ધર્મકાર્યો – પ્રતિષ્ઠાઓ ૫૪૨
(૧) માતર (૨) ગોઠીપુર ૫૪૩
(૩) બામણવાડ (૪) ગંભીરા ૫૪૫
ગ્રંથ ભંડારો (અમદાવાદ) ૫૪૫
**સં૦ મેઘો** ૫૪૬
શ્રમણ પરંપરાઓ ૫૪૬
(૧) ઉ૦ જયવીર ૫૪૭
**(૨) મહો૦ ચંદ્રરત્ન** ૫૪૭
**ઉ૦ અભય ભૂષણ** ૫૪૭
ઉ૦ અભય શતાર્થી ૫૪૭
**પં૦ શ્રી રત્ન-ઉ૦ રાજરત્ન** ૫૪૭
પં૦ દેવરત્ન, ગજસિંહ રાસ ૫૪૭
( આ૦ દેવરત્ન ) ૫૪૮
જ્ઞાનહર્ષ ૫૪૮
**સાધ્વીસંઘ** ( સાધ્વીઓ ) ૫૪૮
**દુકાળો** ૫૪૮
ખેમો દેદરાણી ૫૪૯
નોંધ ૫૫૦
ત્યારે અને આજે ૫૫૦
રામપવિત મોઢ ૫૫૨
નાગરાજ ૫૫૨


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| દાનવીરો | ૫૫૨ | આજ્ઞાધર્મ, ક્ષેત્રાદેશ | ૫૬૩ |
| **પ્રભાવકો** | ૫૫૨ | એક પ્રતિક્રમણ | ૫૬૩ |
| સં૦ મેઘજી, જીવણ | ૫૫૨ | **મુણિભદ્રવીર(સં૦ ૧૫૪૭)** | ૫૬૩ |
| મં૦ ઉજમ, કાજા | ૫૫૩ | ભૂતિ, ખરલૂટ | ૫૬૪ |
| સુંદરજી, ગદા | ૫૫૩ | **(૫૫) આ૦ સુધાનંદન** | ૫૬૩ |
| શ્રીરંગ, સાસુ | ૫૫૩ | શલ્પમંજરી | ૫૬૪ |
| **રત્નશાહો** | ૫૫૪ | ઇડર ચૈત્યપરિપાટી | ૫૬૪ |
| કેલ્હણ | ૫૫૫ | **(૫૬) આ૦ સુમતિસુંદર** | ૫૬૪ |
| **ભાલ્હા-સાલ્હા** | ૫૫૫ | આબુ જિનપ્રાસાદ | ૫૬૪ |
| ડુંગર ભીલ | ૫૫૬ | **(૫૭) આ૦ જિનસોમ** | ૫૬૪ |
| સાલ્હાશાહો | ૫૫૬ | **(૫૭) આ૦ કમલકલશ** | ૫૬૪ |
| સં૦ સંગ્રામસિંહો | ૫૫૬ | સહસ્રાવધાની | ૫૬૪ |
| **મંત્રી ચાંદાશાહ** | ૫૫૭ | વરસાદનો તુકસો | |
| મંત્રી માંડણસોની | ૫૫૭ | **(૫૮) આ૦ જયકલ્યાણ** | ૫૬૫ |
| **લઘુ શાલિભદ્ર** | ૫૫૭ | અચળગઢ પ્રતિષ્ઠા | ૫૬૫ |
| સં૦ જીવણ, મેઘજી | ૫૫૭ | **(૫૯) આ૦ નર્બુદ** (સં૦ ૧૬૬૫) | ૫૬૫ |
| ગોપાળ | ૫૫૮ | કોકશાસ્ત્ર ચોપાઈ | ૫૬૫ |
| પૂંજરાજ—તુલાદાન | ૫૫૮ | **કુતુબપુરા શાખા** | ૫૬૬ |
| નરેન્દ્ર | ૫૫૮ | **(૫૪) સોમદેવ** | ૫૬૬ |
| વ્યાકરણ, ટીકા, નાટક | ૫૫૮ | **(૫૫) આ૦ રત્નમંડન** | ૫૬૬ |
| શેઠ શૂરવીર | ૫૫૮ | ગચ્છમેળ | ૫૬૬ |
| ધનકુબેર — વેલ્લાક | ૫૫૯ | બીજી પરંપરા | ૫૬૬ |
| સં૦ ખીમજી, સહસા પાટણ | ૫૫૯ | આચરંગ અવચૂરિ | ૫૬૬ |
| **કમલકલશા ગચ્છ** | ૫૬૦ | **(૫૬) આ૦ સોમજય** | ૫૬૭ |
| **(૫૪) આ૦ સોમદેવ** | ૫૬૧ | અમીઝરા | ૫૬૬ |
| (૫૬) પં૦ કમલરત્ન | ૫૬૧ | પાંચ ઉપાધ્યાયો | ૫૬૮ |
| ત્રિભુવનદીપક પ્રબંધ | ૫૬૧ | પાંચ શિષ્યો | ૫૬૮ |
| પરંપરા | ૫૬૧ | પં૦ લાવણ્ય સમય | ૫૬૮ |
| પં૦ સત્યશેખર | ૫૬૨ | પં૦ ગુણવિજય | ૫૬૮ |
| ( નારચંદ્ર ) | ૫૬૨ | મહો૦ સોમચારિત્ર | ૫૬૯ |
| **ગચ્છમેળ** | ૫૬૨ | ગુરુ ગુણ કાવ્ય | ૫૬૯ |
| સોજિત્રા, આબુ | ૫૬૩ | | |


JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૫૭) આ૦ જિનસોમ** ૫૭૦
મહો૦ જિનમંડન ૫૭૦
ઋષભવીર દ્વિસંધાન ૫૭૦
**(૫૭) આ૦ ઇન્દ્રનંદિ** ૫૭૦
ગચ્છભેદ ૫૭૦
ચાર શાખાઓ ૫૭૧
**તપા–પાલનપુરા** ૫૫૧
**(૫૮) આ૦ ધર્મહંસ** ૫૭૧
સં૦ મેઘજી ૫૭૧
**(૫૯) આ૦ ઇન્દ્રહંસ** ૫૭૧
ઉપદેશ કલ્પવલ્લી ૫૭૨
નિગમમત વર્ણન ૫૭૨
નિગમમત વર્ણન ૫૭૪
**(૫૯) આ૦ હંસસંયમ** ૫૭૫
સ્તોત્રો ૫૭૫
ભુકુટિયા (ભૂકુટિયા) ૫૭૬
**૩૬ ઉપનિષદો** ૫૭૬
**(૫૯) પં૦ સિદ્ધાન્તસાગર** ૫૭૭
દર્શન રત્નાકર ૫૭૭
**મણિભદ્ર ઇન્દ્ર** ૫૭૮
લઘુ પ્રશસ્તિ ૫૭૮
(પ્રકાશક) ૫૭૮
**પાંચ રાજગૃહી** ૫૭૯
નગર સ્થાપના ૫૭૯
બ્રાહ્મણી અસર ૫૭૯
બ્રાહ્મણ આચાર્યો ૫૮૦
નિગમ મતનો ઉદ્દેશ ૫૮૧
પ્રકાશકને સૂચના ૫૮૧
**નવ વિવિધ મતો** ૫૮૧
**(૧) લોંકામત** ૫૮૧
વિધિ લોપ ૫૮૧
ચાર ફેરફારો ૫૮૩
શે૦ ન૦ ગી૦ શેઠનો અભિપ્રાય ૫૮૩
**લોંકામત પરંપરા** ૫૯૧
ત્રણ ગાદીઓ ૫૯૨
(૧) વડોદરા ૫૯૨
શ્રીવંત પરિવાર ૫૯૨
**ભ૦ વિજયાનંદ** ૫૯૩
વિવિધ ઢું૦ પંથો ૫૯૪
(૨) બાલાપુર ૫૯૪
ધર્મદાસજી (૧૭૦૯) ૫૯૬
અઢારિયા ૫૯૭
**(૩) યતિપરંપરાઓ** ૫૯૭
(૧) રાજકાલંકાર ૫૯૭
(૨) પૂ૦ મેઘરાજજી ૫૯૭
મેઘ વિનોદ – મેઘ માલા ૫૯૭
મુક્તિ વિલાસ રાસ ૫૯૮
ઉત્તરાધ શાખા, માણેક ૫૯૮
માણેક ઋષિ ૫૯૮
**મુનિ ઉદ્યોતવિજય** ૫૯૮
લોંકાના વિવિધ ગચ્છો ૫૯૮
**(૧) ઢુંઢિયા છ કોટી** (૧૬૯૨) ૫૯૮
**(૧૨મા) ઋષિ લવજી** ૫૯૮
પઠન પાઠન ૫૯૮
**લેખિત કરાર** ૫૯૮
પુનઃ દીક્ષા, નવોપંથ ૫૯૮
કેદ મુક્તિ ૫૯૯
**યતિ ધર્મદાસ** ૫૯૯
સૂરતમાં દયા ૬૦૦
(અજમેરમાં દયા) ૬૦૦
મતભેદ ૬૦૧
મુલ્તાનમાં ઝેરે ૬૦૧


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) પંજાબી પક્ષ (સં૦ ૧૭૩૧) ૬૦૩
(૪) અજીવપંથ ૬૦૪
(૫) તેરાપંથ (સં૦ ૧૮૭૦) ૬૦૪
એક પરંપરા
(૬) નાંઢા પક્ષ ૬૦૫
પૂ૦ વજપાલ ૬૦૫
આજની માનશા ૬૦૬
જિનાલય ૬૦૮
(૭) વીરધર્મ ૬૦૯
(૮) બીજામતો ૬૦૯
છઠ્ઠો ઋષિ વિજય ૬૦૯
પ્રરૂપણા, મૂળનામો ૬૦૯
(૧૦) ગુણસાગર ઢાલસાગરરાસ ૬૦૯
ઋષિ હેમસાગર ૬૦૯
ચર્ચા શતક પ્રશસ્તિ (૧૭૦૦) ૬૧૦
(૧૧) ભ૦ કલ્યાણચર્ચા (૧૬૭૩) ૬૧૦
માલપુરા રામયશોસાયનરાસ ૬૧૦
(મા૦ મ૦ શાહની ભુલો) ૬૧૧
લોંકા ચોપાઈ ૬૧૧
ભ૦ જ્ઞાન, ભ૦ વિનય, ૬૧૧
દયાલશાહ કિલ્લો ૬૧૧
કોટા ગાદી ૬૧૫
ભ૦ મહાનંદ, મહાવીર તીર્થ ૬૧૫
પટ્ટાવલી, ગાદી ૬૨૦
**ત્રીજો કડુવા મત** ૬૨૦
ગચ્છ સંઘર્ષ ૬૩૩
(૯) કલ્યાણ (મુક્તિ-અરિ) ૬૩૬
ભણશાળી ૬૩૮
બે પટ્ટાવલી ૬૪૧
**ચોથો નાગોરી લોંકાગચ્છ** ૬૪૧
(૬૦, ૬૧) રૂપચંદ, લેપાગર) ૬૪૩
સાદડીના લોંકા ૬૪૫
(૬૯) આ૦ સદારંગસૂરિ ૬૪૮
સંઘર્ષ, ગચ્છભેદ ૬૫૦
(૭૪) ઋ૦ રઘુનાથ ૬૫૨
પટ્ટાવલી (૧૯૮૯) ૬૫૨
પાંચમો પાયચંદ રાજચંદ ૬૫૨
છઠ્ઠો બ્રહ્મર્ષિ ૬૫૨
પર્વતિથિ વિચાર ૬૫૬
(નાગિલ સુમતિ) ૬૫૬
દિગંબર પંથો ૬૫૭
પરદેશી ન્યાય ૬૫૮
ધાર્મિક આંધીયો. ૬૫૯
સ્થાપના તીર્થો ૬૬૨
ગુપ્તજ્ઞાન જૈનવંશજો ૬૬૪
કર્નલ ઓલકાટ ૬૬૪
દિ૦ શાસન સેવા ૬૬૫
ચાર પ્રભાવકો ૬૬૬
આ૦ માનતુંગ ૬૬૬
વિવિધપંથ ૬૬૯
(૧૩ + ૭ = ૨૦) ૬૬૯
(૧,૨) કડુઆ, પં૦ બનારસી ૬૭૦
નિશ્ચયનયની પ્રધાનતા ૬૭૦
ગૂમાપંથ, સામૈયા પંથ ૬૭૧
પંડિત સુધાકર પાર્ટી ૬૭૧


**પ્રકરણ ૫૪**


**૫૪ આ૦ સુમતિ સાધુસૂરિ (૧૫૮૧)** ૬૭૨
ત્રણ સુમતિસાધુઓ ૬૭૨
જિનપ્રતિષ્ઠાઓ ૬૭૩


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



સ્વ૦ શેઠાણી શ્રી વિજકોરબાઈ

સ્વ૦ સં. ૧૯૯૦ના બીજા વૈશાખ સુદિ ૩, તા. ૧૬-૫-૩૪

જેમના પુણ્યસ્મરણાર્થે તેમના પુત્રરત્ન **શ્રી મનુભાઈ જેસિંગભાઈએ**
આ ગ્રંથ છપાવવામાં સહાય કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**સ્વ૦ શેઠ શ્રી જેસિંગભાઈ કાલિદાસ શેરદલાલ**

જન્મ : સં. ૧૯૨૯ ચૈત્ર વદિ ૮ — તા. ૨૦-૪-૧૮૭૩

સ્વ૦ સં. ૨૦૧૦ આસો વદિ ૩ — તા. ૧૪-૧૦-૫૪

જેમના પુણ્યસ્મરણાર્થે તેમના પુત્રરત્ન શ્રી ચનુભાઈ જેસિંગભાઈએ
આ ગ્રંથ છપાવવામાં સહાય કરી છે.

(૨૦૨૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) ભ૦ સુમતિસાધુ ૬૭૩
પટ્ટધર ૬૭૪
જિનપ્રતિષ્ઠા, જિનવાણી ૬૭૫
શેઠ ક૦ લા૦ જિનાલય ૬૭૪


## પ્રકરણ ૫૫


**ભ૦ હેમવિમલસૂરિ (સં૦ ૧૫૮૩)** ૬૭૯
ટૂંકો પરિચય ૬૭૯
પ્રભાવક ૬૮૦
યતિઓને સુધારવું ૬૮૧
સાધુવૃત્તિ ૬૮૧
ઉપસર્ગ પ્રવાહ ૬૮૧
પ્રતિષ્ઠા, દીક્ષા, ઉપદેશ ૬૮૨
સં૦ ૧૫૮૨ ક્રિયોદ્ધાર ૬૮૩
(પં૦ સત્યવિજયગણિ) ૬૮૩
ગચ્છનાયક ૬૮૪
આઠ શાખા પરંપરા ૬૮૪
ગ્રંથો ૬૮૫
કથિવા કપડાં ૬૮૫
જીર્ણોદ્ધારો ૬૮૫
**તપાહર્ષકુલ સોમ પટ્ટાવલી** ૬૮૬
**(૫૬) ભ૦ સૌભાગ્ય સાગર** ૬૮૬
(ચૈત્રવાલ સોમશાખા) ૬૮૭
**૫૭ ભ૦ સોમવિમલ** ૬૮૮
સં૦ ૧૬૧૨ સોમશાખા પટ્ટાવલી ૬૮૯
(૫૮) આનંદસોમ, હેમસોમ ૬૯૦
**પં૦ શ્રી વિમલ** ૬૯૦
સં૦ ૧૬૫૨ સોમશાખા પટ્ટાવલી ૬૯૦ ૬૯૨
(૬૧) **આ૦ ઉદયવિમલ** ૬૯૨
વૈતાલ પચ્ચીસી ૬૯૨
(હેમાનંદ) ૬૯૨
૬૨ **આ૦ શાન્તિસોમ** ૬૯૨
સં૦ ૧૬૭૩ આગલોડ મણિભદ્ર ૬૯૨
સંઘર્ષ ૬૯૨
(૬૫) આ૦ આનંદસોમ ૬૯૨
**વીજાપુરનાં મંદિરો** ૬૯૩
(૬૭) ભ૦ કેશરસોમ, માંધાતા ૬૯૪
મગશી સ્તવન ૬૯૪
**ખુબચંદ દોશી** ૬૯૪
પોષી, ગામ જમણ ૬૯૪
કુતરાને લાડવા ૬૯૪
**બહાદુર જૈનો** ૬૯૫
**પરંપરા** ૬૯૫
(૫૪) મહો૦ વિદ્યાસાગરગણિ ૬૯૬
(૫૫) પં૦ જીવર્ષિગણિ ૬૯૭
**૫૬ મહો૦ ધર્મસાગર ગણિ** ૬૯૮
ન્યાય, જિનાગમ ૬૯૮
ઉપાધ્યાયો ૬૯૯
એકત્રુટી ૬૯૯
શ્રી જિનવિજય પ્રકાશ ૭૦૦
બહુમાન ૭૦૧
પ્રતિબોધ ૭૦૩
**મારવાડ** ૭૦૪
**ખમત ખામણા** ૭૦૬
ચર્ચાગ્રંથ ૭૦૮
શાન્તિના ઉપાયો ૭૧૨
**ઐતિહાસિક નોંધ** ૭૧૩


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| પ્રવચન પરીક્ષા | ૭૧૭ | **શુદ્ધ સંયમી સાધુઓ** | ૭૫૬ |
| **૫૨ નો પટ્ટક** | ૭૧૮ | શત્રુંજય પ્રતિષ્ઠા, કિલ્લો | ૭૫૭ |
| ક્લેશ શાન્તિ | ૭૨૫ | વિશેષ વંશાવલી | ૭૫૮ |
| આચાર્યો, વિવિધ કારણો | ૭૨૮ | મહો૦ ધર્મની પંદર પટ્ટાવલીઓ | ૭૫૮ |
| વિચિત્ર થોઈ | ૭૩૦ | (૫૭) ઉ૦ શ્રુતસાગર | |
| (૧૧) **વિસંવાદિ સાહિત્ય** | ૭૩૦ | **(શ્રુત કેવલી બિરુદ ધારક)** | ૭૫૮ |
| મુનિસંમેલન, હિતોપદેશ | ૭૩૩ | કલ્પ કૌમુદી | ૭૫૯ |
| સોનેરી તકનો લાભ | ૭૩૬ | પાટણ મુહૂર્ત, કુંડલી | ૭૫૯ |
| **શાસ્ત્રાર્થ** (પત્રો) | ૭૩૭ | **શત્રુંજય જિનેન્દ્ર ટૂંક પ્રતિષ્ઠા** | ૭૬૧ |
| **ગોઝારો ૧૭ નો આંક** | ૭૩૮ | માલપુરાની યતિસમાધિ | ૭૬૧ |
| **મહો૦ પ્રશંસા** | ૭૩૯ | (૬૨) જયપુર–વેદ–મુહત્તાનું જિનાલય | ૭૬૨ |
| પ્રતિષ્ઠા | ૭૪૦ | **ગૌતમસ્વામી** સ્તોત્ર | ૭૬૩ |
| ૧૪ ગ્રંથો | ૭૪૧ | **પં૦ ભોજસાગરગણિ** | ૭૬૪ |
| કલ્પ કિરણાવલિ (પ્રશસ્તિ) | ૭૪૨ | દ્રવ્યાનુયોગ તર્કણા | ૭૬૪ |
| પ્રવચન પરીક્ષા (પ્રશસ્તિ) | ૭૫૩ | પં૦ ખૂબસાગર | ૭૬૫ |
| (૧૫) મહો૦ પટ્ટાવલી | ૭૪૪ | **પં૦ અજિતસાગર** | ૭૬૬ |
| (૫૦) મહો૦ કુશલસાગર (ઉપદેશસાર) | ૭૪૫ | શત્રુંજય તીર્થ પરિપાટી | ૭૬૬ |
| અપભ્રંશ | ૭૪૫ | **માનસાગરી** | ૭૬૭ |
| સુરતમાં શાસ્ત્રાર્થ | ૭૪૬ | કલ્યાણ ઋષિ | ૭૬૭ |
| **(૬૧) પં૦ ન્યાયસાગર** | ૭૪૭ | લાલચંદ, માનસાગરી | ૭૬૮ |
| કેશરીયાજી | ૭૪૮ | માનસાગરી | ૭૬૯ |
| **છત્રીશ રાગ–રાગીણી સ્તવન** | ૭૪૯ | પુષ્પિકા, દુબાઈ ગામ | ૭૬૯ |
| ૫૭ મહો૦ લબ્ધિસાગર | ૭૫૦ | વિષ્ણુવસ્તુતિ માવની | ૭૬૯ |
| **ગૌતમ સ્તોત્ર** | ૭૫૦ | ઇસ્લામ સ્તુતિ | ૭૬૯ |
| **ઉ૦ નેમિસાગર** ઉ૦ મુક્તિસાગર | ૭૫૦ | સંશોધન માટે | ૭૬૯ |
| શેઠ શાન્તિદાસ ઝવેરી | ૭૫૨ | **મહો૦ હાનર્ષિગણિની નવ પટ્ટાવલીઓ** | ૭૭૦ |
| માંડવગઢમાં | ૭૫૪ | (૫૫) સુલતાનને ઉપદેશ | ૭૭૦ |
| **મહાતપા, વાદિજીપક,** | ૭૫૫ | | |
| બા૦ જહાંગીરનો પત્ર | ૭૫૫ | | |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| (૫૭) મહો૦ હાનર્ષિનાં નામો | ૭૭૦ |
| ગુરુ નામ મિશ્ર સ્તુતિ | ૭૭૦ |
| હસ્તાક્ષર | ૭૭૦ |
| **જજિયા કર માફ** | ૭૭૦ |
| વિવિધશાખા | ૭૭૦ |
| (૬૨) **પં૦ પ્રતાપકુશલ** | ૭૭૧ |
| વચનસિદ્ધિ, નિર્લોભ | ૭૭૧ |
| ગ્રામ દાન | ૭૭૧ |
| જિનપ્રાસાદ માટે માનકુશા | ૭૭૧ |
| ભટ્ટારક | ૭૭૧ |
| (૧) નામમાલા રસશૃંગાર | ૭૭૧ |
| પિંગલ, પારસાત નામમાલા. | ૭૭૨ |
| **(૬૪) ભ૦ કુંઅરકુશલ** | ૭૭૨ |
| પિંગલ | ૭૭૨ |
| **કુશલ શાખા** | ૭૭૨ |
| તપાકુશલ શાખા | ૭૭૩ |
| **શ્રીપૂજ ટૂંક** | ૭૭૩ |
| ગૌતમસ્વામી સજ્ઝાય | ૭૭૩ |
| **શત્રુંજય વર્ણન** | ૭૭૩ |
| (૫૮) **મહો૦ સકલચંદ્ર ગ૦** | ૭૭૪ |
| **પરિચય** | ૭૭૪ |
| ગચ્છમેળ (સં૦ ૧૬૨૧) | ૭૭૪ |
| **મહોપાધ્યાય** | ૭૭૫ |
| ગ્રંથો, શિષ્યો | ૭૭૫ |
| **(૫૯) મહો૦શાન્તિચંદ્ર** | ૭૭૫ |
| **વરાણદેવ, મહોપાધ્યાય,** | ૭૭૬ |
| **પંન્યાસ, દીક્ષા** | ૭૭૬ |
| **ગ્રંથો, કૃપારસકોશ** | ૭૭૬ |
| ભવિષ્યવાણી | ૭૭૭ |
| **મોટા ગીતાર્થો** | ૭૭૭ |
| **અજિતશાન્તિ** | ૭૭૭ |
| **(૬૦) પં૦ રત્નચંદ્ર ગણિ** | ૭૭૮ |
| કુમતાહિવિષજાંગુલિ | ૭૭૮ |
| તપારત્ન હિતોપદેશ | ૭૭૮ |
| **હીર વિહાર** | ૭૭૮ |
| **હૈદ્રાબાદ, હીરવિહાર** | ૭૭૮ |
| **સૂરતમંડન પાર્શ્વનાથ** | ૭૭૯ |
| (૬૦) અમરચંદ | ૭૭૯ |
| **યુગ પ્રધાન સંખ્યા.** | ૭૭૯ |
| **ઉપા સુરચંદ** | ૭૭૯ |
| (ત્રણ સુરચંદો) | ૭૭૯ |
| **( કુરાને શરીફની** બોધકથા) | ૭૮૦ |
| **૬૦ મહો૦ ભાનુચંદ્ર** | ૭૮૦ |
| માતા પુત્રો **દીક્ષા** | ૭૮૦ |
| **પંન્યાસ વિશ્વાસ** | ૭૮૦ |
| **છ દર્શન પાઠ** | ૭૮૧ |
| શાહજાદાઓને **શાસ્ત્ર પાઠન** | ૭૮૧ |
| સૂર્યસહસ્ત્ર નામ | ૭૮૧ |
| માનવરક્ષા | ૭૮૧ |
| **સૌરાષ્ટ્ર ભેટ** | ૭૮૧ |
| વિષકન્યા રક્ષા. | ૭૮૧ |
| **શાન્તિસ્નાત્ર વિધિ** | ૭૮૧ |
| લાહોરમાં **ચૈત્ય ઉપાશ્રય** | ૭૮૨ |
| **ખુશફહમ** | ૭૮૨ |
| **સવાઈ હીર** | ૭૮૨ |
| ઉપાધ્યાય ફરમાન | ૭૮૨ |
| **હૈદ્રાબાદ હીરવિહાર** | ૭૮૨ |
| પં૦ ભાવચંદ્ર **સિદ્ધિચંદ્ર** | ૭૮૨ |
| શાહજાદા જેવા ખુશફહમ | ૭૮૩ |
| **ચિંતામણી જિનાલય** | ૭૮૩ |
| **રોશન મહોલ્લો** | ૭૮૩ |
| શત્રુંજય ગ્વાલિયર બુરહાન- | |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરમાં જિનાલયો ૭૮૩
ખુરમની ગડબડ ૭૮૪
**જૈનતીર્થ રક્ષા** ૭૮૪
**જગદ્ગુરુને જૈનતીર્થ ભેટ** ૭૮૪
**જજિયો માફ** ૭૮૪
અમારિશાસન ૭૮૪
**સમાધિ સ્તૂપ(સં૦૧૬૫૩)** ૭૮૩
**બા૦ જહાંગીર(સં૦૧૬૬૨)**૭૮૪
**શાહી દરબારમાં** ૭૮૪
( સં૦ ૧૭૩૯ થી ૧૬૬૨ ) ૫૮૪
ગુજરાતમાં (સં૦ ૧૬૬૮થી) ૭૮૪
**શાસ્ત્રાર્થ** ૭૮૪
**બાદશાહી આમંત્રણ** ૭૮૫
ઉ૦ વિવેકહર્ષ. ૭૮૫
**ફલોધિતીર્થ** ૭૮૫
**શાહી સત્કાર** ૭૮૫
(સં૦ ૧૬૩૯ થી ૬૨) ૭૮૫
આફતો શાન્તિ ૭૮૫
**માલપુરા, પ્રતિષ્ઠાઓ** ૭૮૫
**અગ્યાર દીક્ષાઓ** ૭૮૫
ઉપા૦ સિદ્ધિચન્દ્ર (સં૦ ૧૬૭૩
પો૦ સુ૦ ૧૩ શિરોહી) ૭૮૬
મારવાડ (સં૦ ૧૬૭૩) ૭૮૭
આગરા બુરાનપુર
(૧૬૭૪–૭૫) ૭૮૭
અહિંસા, કરમાફ ધર્મસ્થાન
**રક્ષા ફરમાન** ૭૮૭
**વધુમાં તપસીલ** ૭૮૮
સં૦ ૧૭૨૨ સુધી ૭૮૯
**મોટા જ્ઞાનીઓ** ૭૮૯
**પરિવાર (૮૦)** ૭૮૯
**ગ્રંથો** ૭૮૯
વિદ્યમાનતા. ૭૮૯
**શિષ્યો** ૭૯૦
**મુનિ સમ્મેલન** (સં. ૧૬૮૧)૭૯૦
**(૩) પં૦ દેવચંદ્ર** ૭૯૧
**પં૦ ભાવચંદ્ર** ૭૯૧
દેલાઉલમંડન ૫૧૨, ૭૯૧
**પ્રાગ્ચંદજી ગુ૦ પટ્ટાવલી** ૭૯૧
**મહાયોગી ચીદાનંદ** ૭૯૨
**૬૧ મહો૦ સિદ્ધિચન્દ્ર
ગણિ** ૭૯૩
શતાવધાન ૭૯૭
ખુશફહમ ૭૯૩
**કંઈ આપવીતી** ૭૯૩
**પં૦ ભાવચંદ્ર, સિદ્ધિચંદ્ર** ૭૯૩
**શાહજાદા પુત્ર જેવો
રૂપાળો** ૭૯૭
**આફત શાન્તિ** ૭૯૫
(કામ ઉતાર શીલ) ૭૯૬
**માલપુરામાં જિનપ્રસાદ** ૭૯૬
માલપુરાનાં **સમાધિસ્થાનો** ૭૯૭
**બુરહાનપુરમાં પરોપકારો** ૭૯૭
**મહોપાધ્યાય પદ**
સં૦ ૧૬૭૩ પો૦ સુ૦ ૧૩
શિરોહી ૭૯૭
મારવાડ, બુરહાનપુર, આગરા ૭૯૭
**બીજાપુર સંઘપુર** ૭૯૮
બુરાનપુર આગરા
૧૬૭૪–૭૫ ૭૯૭
**ગ્રંથો** ૭૯૮
**કાવ્યોની રસ પ્રસાદી** ૭૯૮
નેમિનાથ, ચાર મહીમા ૭૯૮
**પં૦ દેવચંદ, વિવેકચંદ્ર** ૭૯૯


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| તપ, અનશન | ૮૦૦ | જીર્ણોદ્ધાર, શિલાલેખ | ૮૦૫ |
| **ભ૦ વિજયસિંહચરણ પાદુકા** | ૮૦૦ | તીર્થ ધર્મશાળા | ૮૦૫ |
| **મહો૦ સકલચંદ્ર ગણિ** | ૮૦૦ | ભ૦ વિજયદેવસૂરિ | ૮૦૬ |
| **(૫૮) મહો૦ ઉદ્યોતવિજય** | ૮૦૧ | પં૦ મેઘર્ષિગણિ | ૮૦૬ |
| **(૫) મહો૦ હાનર્ષિગણિનો વાચક વંશ** | ૮૦૧ | ૬૨ પં૦ ભક્તિગણિ | ૮૦૬ |
| ૫૭ મહો૦ હાનર્ષિ ગણિ | ૮૦૧ | ભ૦ વિજયદેવસૂરિ સજ્ઝાય | ૮૦૬ |
| ૫૮ મહો૦ ઉદ્યોતવિજય ગણિ | ૮૦૧ | પં૦ લાભકલશ | ૮૦૬ |
| આ૦ વિજયસેનસૂરિ | ૮૦૧ | વિજયસિંહસૂરિ સજ્ઝાય | ૮૦૬ |
| ભ૦ હીરવિજયસૂરિ | ૮૦૨ | ૬૨ પં૦ ભક્તિકુશલ | ૮૦૬ |
| ૫૯ પં૦ ગુણવિજયગણિ | ૮૦૨ | કલ્પ કિરણાવલી પટ્ટાવલી | ૮૦૬ |
| ૬૦ પં૦ સંઘવિજયગણિ | ૮૦૨ | પ્રભાસપાટણ | ૮૦૬ |
| સપ્ત જિનતીર્થ | ૮૦૩ | **(૭) મહો૦ હાનર્ષિગણિ શ્રમણ વંશ** | ૮૦૬ |
| મગશી તીર્થ | ૮૦૩ | ૫૯ પં૦ જીવર્ષિગણિ | ૮૦૬ |
| કલ્પ પ્રદીપિકા ગ્રં૦ ૩૩૦૦ | ૮૦૩ | પં૦ ધર્મકુશલ | ૮૦૬ |
| સિંહાસન બત્રીશી | ૮૦૩ | દીક્ષા. | ૮૦૭ |
| ઉરમાનપુરા | ૮૦૩ | ૬૧ પં૦ કેસરકુશલગણિ | ૮૦૭ |
| **(૬) મહો૦ હાનર્ષિગણિ પરંપરા** | ૮૦૩ | **બાદશાહ આલમ** | ૮૦૭ |
| ૫૯ પં૦ કલ્યાણકળશ | ૮૦૩ | ભ૦ વિજયરત્નસૂરિ | ૮૦૭ |
| પં૦ કાનર્ષિ | ૮૦૩ | કુલ્પાકતીર્થ | ૮૦૨ |
| **પં૦ કલ્યાણકુશળ ગણિ** | ૮૦૪ | જીર્ણોદ્ધાર પ્રતિષ્ઠા | ૮૦૭ |
| **મહાવીર સ્તોત્ર** | ૮૦૪ | હૈદ્રાબાદ | ૮૦૭ |
| ૬૦ પં૦ દયાકુશલગણિ | ૮૦૪ | **હીર વિહાર** | ૮૦૭ |
| ફતેહપુર (સં૦ ૧૬૪૯) | ૮૦૪ | ફારસી પત્રો, ફરમાનો | ૮૦૭ |
| લાભોદય રાસ, તીર્થમાલા | ૮૦૪ | **૮ મહો૦ હાનર્ષિગણિ શ્રમણ વંશ** | ૮૦૭ |
| ભ૦ વિજયસિંહસૂરિ | ૮૦૪ | ૬૧ પં૦ જિનકુશલ | ૮૦૮ |
| **આ૦ જહાંગીર મુલાકાત** | ૮૦૪ | **પુણ્યપ્રકાશ કાવ્ય** | ૮૦૮ |
| **બાદશાહનાં ધર્મબાણ** | ૮૦૫ | પાર્શ્વતીર્થમાલા | ૮૦૮ |
| **ભટ્ટારક ભક્તિપત્ર** | ૮૦૫ | ૬૧ પં૦ જિનકુશલગણિ | ૮૦૮ |
| અજારાતીર્થ | ૮૦૫ | અવચૂરિ | ૮૦૮ |
| | | હીરવિજયસૂરિ ગચ્છ | ૮૦૮ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯ મહો૦ હાનર્ષિગણિ શ્રમણ વંશ ૮૦૮
૫૮ મહો૦ ઉદ્યોતવિજય ૮૦૮
૫૯ પં૦ બુદ્ધિકુશલ ૮૦૮
૬૦ પં૦ વિચારકુશલ (સં૦ ૧૬૪૮) ૮૦૮
(૧) પં૦ નયકુશલગણિ ૮૦૮
(૨) પં૦ જયકુશલગણિ ૮૦૮
(૩) પં૦ કીર્તિકુશલગણિ ૮૦૮
સીવેરા તીર્થ શિલાલેખ ૮૦૮
જીર્ણોદ્ધાર, જિનપ્રાસાદ ૮૦૮
નોંધ. (૧) તપાગચ્છકુશલ શાખા ૮૦૮
૧ પં૦ શ્રીપતિ ગણિવરની શ્રમણ પટ્ટાવલી ૮૦૮
૫૮ પં૦ સિદ્ધવિમલગણિવર ૮૦૯
ગચ્છનાયકની આજ્ઞાપાલન ૮૦૯
સાગર બાવની (૧૬૭૪) ૮૧૦
પ્રતિષ્ઠા, ગ્રંથો ૮૧૧
૫૯ પં૦ દેવવિમલ ગણિવર ૮૧૧
સં૦ દાદા સોહિલ ૮૧૧
અપ્રમાણિક ગ્રંથો ૮૧૧
ગચ્છભેદ ૮૧૧
સજોડે બ્રહ્મચારી સાધુ ૮૧૨
જગદ્ગુરુ ચરિત્ર ૮૧૨
મહાકાવ્ય ૮૧૨
હીરવિજયસૂરિ સલોકો ૮૧૨
૬૦ પં૦ માણેક વિમલગણિ ૮૧૨
૬૧ મુનિ ચંદ્રવિમલજી ૮૧૩
(૨) પં૦ શ્રીપતિ ગણિવરની પટ્ટાવલી ૮૧૩
૫૮ મહો૦ વિવેકહર્ષ ગણિવર ૮૧૩
૬૩૬૦૦૦ ગ્રંથ ૮૧૩
આઠ અવધાન ૮૧૩
અમારિ પ્રવર્તાવી ૮૧૩
કચ્છમાં અમારિ ઢંઢેરો ૮૧૪
જયવાદ પત્રો ૮૧૪
ભૂજનો રાજવિહાર ૮૧૪
રાજા પંચાણ ૮૧૪
હીરસૂરિરાસ ૮૧૫
બાદશાહી દરબારમાં ૮૧૫
સચિત્ર વિજ્ઞપ્તિ પત્ર ૮૧૬
ચિત્રકાર શાલિવાહન ૮૧૬
ચોરાશીના મંદિરમાં ૮૧૭
(વિજયસેનસૂરિનો ક્ષેત્રાદેશ પટ્ટક) ૮૧૬
વિહાર ખોલ્યો ૮૧૮
પ્રતિષ્ઠાઓ ૮૧૯
શાન્તિદાસ ઝવેરીની મનોભાવના ૮૧૯
મુનિ સંમેલન (સં૦ ૧૬૮૧ પ્ર૦ ચૈ૦ સુ૦ ૯) ૮૧૯
સર્વજ્ઞશતક અપ્રમાણિક ૮૧૯
પ્રતિમા લેખો ૮૨૦
ચિંતામણી પાર્શ્વનાથ પ્રતિષ્ઠા પ્રશસ્તિ ૮૨૧
ગ્રંથો, ૮૨૧
૫૮ પં૦ પરમાનંદ ગણિ ૮૨૧
૫૯ મુનિ ખેમાનંદ ૮૨૨
પં૦ મહાનંદ ગણિ ૮૨૨
(૧) પાલનપુરા શીલશાખા ૮૨૨
(૧) પાલનપુરાશીલચારિત્ર-શાખા પટ્ટાવલી ૮૨૨


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) પાલ૦ શીલ ચારિત્ર શાખા પ૦ ૮૨૩
(૩) પાલ૦ શીલ ચારિત્ર શાખા પ૦ ૮૨૩
(૪) પાલ૦ શીલ ચારિત્ર શાખા ૮૨૦
(૧) પં૦ હર્ષકુલગણિની પરંપરા ૮૨૪
હર્ષકુલ શાખા ૮૨૪
**શતાર્થી**
કાવ્યપ્રકાશ ૮૨૫
(૧) પં૦ સંઘ હર્ષગણિની પરંપરા ૮૨૫
(૫૭) પં૦ ધર્મસિંહગણિ ૮૨૫
**(૩) પં૦ વાનરઋષિની વિમલ પરંપરાઓ** ૮૨૬
૫૭ પં૦ વિદ્યાવિમલ ૮૨૭
૫૮ મહો૦ સહજસાગર ૮૨૮
ભ૦ રાજસાગરસૂરિ ૮૨૯
પં૦ રવિસાગર ૮૨૯
પં૦ કૃપાસાગર ૮૨૯
પં૦ તિલકસાગર ૮૨૯
(૫૬) પં૦ વિજયવિમલ ૮૩૦
(૫૭) પં૦ વિવેકવિમલ ૮૩૦
(૫૭) પં૦ આનંદવિમલ ૮૩૦
પં૦ પ્રમોદમંડનની પરંપરા ૮૩૦
પં૦ સહજવિમલ ૮૩૧
રાસકારો ૮૩૧
પ્રભાવક જૈનો ૮૩૩
**રાજા ભાણ, રાજા નારાયણ** ૮૩૩
ત્રણ પ્રકારનાં તીર્થો ૮૩૩
**(૧) વરકાણાતીર્થ** ૮૩૪
(જીરાવલા ગચ્છની પટ્ટાવલીઓ) ૮૩૪
**(૨) નાકોડા તીર્થ** ૮૩૪
કોડાગામ. કાલિદ્રહ ૮૩૬
**નાકોડામાં ત્રણ જિનાલયો** ૮૩૬
**મેવાનગર** ૮૩૮
મણિભદ્રવીર સ્તુતિ ૮૩૮
મણિભદ્રવીર ઉત્પત્તિ ૮૪૦
અધિષ્ઠાયક તરીકે ૮૪૧
આ૦ શાન્તિસોમ ૮૪૨
લાડોલ ૮૪૩
આ૦ હેમવિમલસૂરિ અને મણિભદ્રવીર ૮૪૪
વિજયદાનસૂરિ ને મણિભદ્ર ૮૪૫
આયંબીલ તપ ૮૪૬
પં૦ અમૃતવિજયજી ઓલીયા અને મણિભદ્રવીર ૮૪૬
સરસ્વતીની દેરી ૮૪૮
મુનિ નેમિસાગર ૮૪૮
અમૃતવિજયજીનો ચમત્કાર ૮૪૮
**(૫) ભ૦ ભુવનતિલકસૂરિ** ૮૪૯
શાસન પ્રભાવના ૮૪૯
**મણિભદ્ર સાધ્યદેવ** ૮૫૦
(પુત્ર પુત્રીઓનું દાન) ૮૫૦
(૬૬) ભ૦ રત્નકીર્તિસૂરિ ૮૫૧
(૬૭) ભ૦ ગુણસાગરસૂરિ ૮૫૨
**મણિભદ્રવીરનાં તીર્થો**
ઉજ્જૈન, મગરવાડા, આગલોડ ૮૫૨
કંબોઈ, ૮૫૩
બીજાં પ્રભાવક સ્થાનો ૮૫૩


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| **સ્વરૂપ વર્ણન** | ૮૫૪ | **મણિભદ્ર છંદ** | ૮૫૭ |
| ગોરડિયો વીર | ૮૫૫ | **ઘંટાકર્ણ યક્ષ** | ૮૫૮ |
| **વીરની આરાધના** | ૮૫૫ | ઘંટિક યક્ષ | ૮૫૮ |
| નગરશેઠના વંશજો | ૮૫૫ | શ્રી હેમનામવાલા સૂરિવરો મુનિવરો | ૮૬૧ |
| મણિભદ્રનાં છંદો, સ્તોત્રો | ૮૫૬ | | |
| પં૦ ઉદયવિજયગણિ | ૮૫૭ | | |


## પ્રકરણ ૫૬


| | | | |
|---|---|---|---|
| **આ૦ આનંદવિમલસૂરિ** | ૮૬૪ | આરાધના | ૮૬૯ |
| સ્તુતિશ્લોકો | ૮૬૪ | ત્રણ શિષ્ય પરંપરાઓ | ૮૭૦ |
| **ક્રિયોદ્ધાર** (સં૦ ૧૫૮૨) | ૮૬૬ | બન્ને તીર્થોદ્ધારો | ૮૭૦ |
| ઋષિમતી મુનિઓ | ૮૬૭ | પીરની દરગાહ | ૮૭૧ |
| બીજા ગચ્છનાયક ઉ૦ સૌભાગ્ય હર્ષ | ૮૬૭ | અંગારશા પીર | ૮૭૨ |
| નવા જૈનો | ૮૬૮ | બીજા દેવો | ૮૭૨ |
| | | અંતિમ મંગલ | ૮૭૩ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



અ. સૌ. શારદાબેન મનુભાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



શેઠ શ્રી મનુભાઈ જેસિંગભાઈ ક્લોથ મરચન્ટ

જેઓએ આ ગ્રંથ છપાવવામાં ઉદાર સખાવત કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

—॥ वन्दे वीरं श्रीचारित्रम् ॥—

# જૈન પરંપરાનો ઇતિહાસ

[ ભાગ ત્રીજો ]

## પ્રકરણ સુમાલીસમું

*

## તપસ્વી હીરલા આ૦ જગચ્ચંદ્રસૂરિ

तत्पादपद्मभृङ्गा निःसङ्गाश्चतुरङ्गसंवेगाः ।
संजनितशुद्धबोधा जयन्ति जगच्चन्द्रसूरिवराः ॥ ६ ॥

(—આ૦ દેવેન્દ્રસૂરિકૃત ધર્મરત્નપ્રકરણટીકા)

तत्राद्यः सच्चरित्रानुमतिकृतमतिः श्रीजगच्चन्द्रसूरिः,
श्रीमद्देवेन्द्रसूरिः सरलतरलसच्चित्तवृत्तिर्द्वितीयः ॥ १० ॥

(—આ૦ ક્ષેમકીર્તિસૂરિરચિત બૃહત્કલ્પભાષ્યસુખબોધિકા, ગ્રં૦ ૪૨૬૦૦, સં૦ ૧૩૩૨)

करालकालकलिकालपातालतलावमज्जद्-
विशुद्धधर्मधुरोद्धरणश्रीमज्जगच्चन्द्रसूरिः ॥ ३ ॥
क्रमात् प्राप्ततपाचार्येत्याख्या भिक्षुनायकाः ।
समभूवन् कुले चान्द्रे श्रीजगच्चन्द्रसूरयः ॥ ४ ॥

(—આ૦ દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ કર્મગ્રંથટીકા-પ્રશસ્તિ)

अज्ञानध्वान्तसूर्यः सरभसविलसदंगरंग-
क्षोणीक्रोधादियोधप्रतिहतिसुभगो ज्ञाननिःशेषशास्त्रः ।
निर्वेदाम्भोधिमग्नो भविककुवलयोद्बोधने ज्ञानचन्द्रः
कालेनाचार्यवर्यः समजनि **जगच्चन्द्र** इत्याख्यया हि ॥ ३ ॥

(—આ૦ આમ્રદેવસૂરિકૃત આખ્યાનમણિકોશવૃત્તિ પ્રશસ્તિ, નં૦ ૯૦ મી)

मणिरत्नगुरोः शिष्याः श्रीजगच्चन्द्रसूरयः ।
सिद्धान्तवाचनोद्भूतवैराग्यरसवार्द्धयः ॥ २६ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

चारित्रमुपसंपद्य यावज्जीवमभिग्रहात् ।
आचामाम्लतपस्तेनुस्तपागच्छस्ततोऽभवत् ॥ २८ ॥

( —આ૦ ગુણરત્નસૂરિકૃત ક્રિયારત્નસમુચ્ચય-પ્રશસ્તિ )

एवं रामगुणः स लक्ष्मणनतः शुद्धक्रियां स्वप्रियां
प्रौढोद्यत्कलिनाऽरिणाऽवनभुवः किञ्चित् प्रमादाद् हृताम् ।
तीर्त्वा मोहमहाम्बुधिं रिपुमिमं जित्वाऽधिलङ्कं श्रय-
न्नानिन्ये स्वगणालये किल जगच्चन्द्रो गणेन्द्रस्तदा ॥ ९० ॥

( —આ૦ મુનિસુંદરસૂરિરચિત ગુર્વાવલી )

श्रीमज्जगच्चन्द्र इदंपदश्रीललामलीलायितमाततान ।
येनोज्झि शैथिल्यपथस्तटाको घनाविलो मानसवासिनेव ॥१०८॥

( —પં૦ દેવવિમલ કૃત-શ્રીમહાવીરપટ્ટપરંપરા, પટ્ટાવલી, પૃ૦ ૧૩૦ )

बभूवुः क्रमतस्तत्र श्रीजगच्चन्द्रसूरयः ।
यैस्तपाबिरुदं लेभेबाणसिद्ध्येकवत्सरे ॥ ९ ॥ (१२८५)

( —પં૦ હેમવિજયગણિ કૃત, શત્રુંજય નંદિવર્ધન જિનપ્રાસાદ પ્રશસ્તિ )

सोमप्रभस्तत्र गुरुः शतार्थी सतां मणिः श्रीमणिरत्नसूरिः ।
पट्टे मणिः श्रीमणिरत्नसूरेर्जज्ञे जगच्चन्द्रगुरुर्गरीयान् ॥ १२ ॥
निर्ग्रन्थः श्रीसुधर्माऽभिधगणधरतः कोटिकः सुस्थिताऽऽर्या-
च्चन्द्रः श्रीचन्द्रसूरेस्तदनु च वनवासीति सामन्तभद्रात् ।
सूरेः श्रीसर्वदेवाद् वटगण इति यः श्रीजगच्चन्द्रसूरे-
र्विश्वे ख्यातस्तपाऽऽख्यो जगति विजयतामेष गच्छो गरीयान् ॥२१॥

બાર વરસ આંબીલ કરી આવ્યા આહડમાંહે,
**તપા બિરુદ** ત્યાં ધરિઓ રાણાએ ધરી ઉત્સાહ;
વાદ ચોરાસી જિતીયા કિરીઆ કિયો ઉદ્ધાર,
બિરુદ ધરાવ્યું હીરલા ધન ધન એ ગણધાર. ૫૫.

( મહો૦ વિનયવિજય ગણિવર કૃત ગણધર પટ્ટાવલી )

મહાવીરકે પાટપરંપર હુએ શ્રીયુગપ્રધાન,
વચનસિદ્ધ ઔર ઉગ્રવિહારી જગચ્ચંદ્ર ગુરુ જાણ

( —મુનિ દર્શનવિજયકૃત જગદ્ગુરુપૂજા, ઢાળ ૧. સં૦ ૧૯૯૬ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ જગચ્ચંદ્રસૂરિ**

આ૦ સોમપ્રભસૂરિ તથા આ૦ મણિરત્નસૂરિની પાટે **આ૦ જગચ્ચંદ્રસૂરિ** થયા. શેઠ **પૂર્ણદેવ** પોરવાડને ૧ સલક્ષણ, ૨ વરદેવ અને ૩ **જિનદેવ** એમ ત્રણ પુત્રો હતા.

**જિનદેવ** બચપણથી શાંત, **ધર્મપ્રેમી** અને **વૈરાગી** હતો. તેણે મોક્ષની અભિલાષાથી આ૦ મણિરત્નસૂરિ પાસે દીક્ષા સ્વીકારી. ગુરૂએ તેનું નામ રાખ્યું મુનિ જગચ્ચંદ્રજી

આ૦ **મણિરત્નસૂરિ** લગભગ સં૦ ૧૨૭૪ માં સ્વર્ગે ગયા. પં૦ જગચ્ચંદ્રગણિએ ત્યારથી આયંબિલ તપ શરૂ કર્યો અને આ૦ **સોમપ્રભસૂરિની** સેવામાં રહી, જ્ઞાન સંપાદન કર્યું. આ૦ સોમપ્રભસૂરિએ તેમને ગચ્છનાયકનું પદ આપ્યું. અને તેમનું નામ રાખ્યું આ૦ **જગચ્ચંદ્રસૂરિ,** આ૦ સોમપ્રભસૂરિ સં૦ ૧૨૮૪માં સ્વર્ગે ગયા.

આ૦ **જગચ્ચંદ્રસૂરિ** ત્યાગી, વૈરાગી, સંવેગી સૌમ્યમૂર્તિ હતા. આગમોના જ્ઞાતા હતા. આગમોના અર્થોના વિચારક હતા. **ભાવ આચાર્યપદને** યોગ્ય હતા. આ સમયે પાંચમા આરાની અસરથી મોક્ષનો માર્ગ શિથિલતાવાળો બની ગયો હતો. આચાર્યશ્રીને સતત ભાવના હતી કે શિથિલતા ટાળી મોક્ષમાર્ગને શુદ્ધ બનાવવો જોઈએ. તે આ માટે યોગ્ય સહયોગીને શોધતા હતા. તેમણે આ૦ સોમપ્રભસૂરિના સ્વર્ગવાસ પછી મેવાડમાં વિહાર કર્યો. ત્યારે પં૦ **દેવભદ્રગણિ** તથા **પં૦ દેવેન્દ્રગણિ** વગેરે તેમની સાથે હતા.

પં૦ **દેવભદ્રગણિ**—સંવેગી, શુદ્ધ આચારવાળા, આગમાનુસાર ચારિત્રને ધારણ કરનારા અને સંઘમાં વિશુદ્ધ ગુણવાળા તરીકે વિખ્યાત હતા. તેઓ આગમના જ્ઞાતા, આગમના અર્થોના વિચારક, શુદ્ધ સામાચારી પાલનારા હતા. આ૦ જગચ્ચંદ્રસૂરિ અને પં. દેવભદ્ર બંને મળ્યા. બંનેનો ચારિત્રરંગ એક હોવાથી બંનેને આનંદ થયો. બંનેએ સાથે સાથે વિહાર કરીને **ક્રિયોદ્ધાર** કરવાનો નિર્ણય કર્યો.

તપસ્વી આ૦ **જગચ્ચંદ્રે** આગમજ્ઞ પં૦ (ઉ.) દેવભદ્રની "ઉપસંપદા" સ્વીકારીને બંનેએ મળીને **ક્રિયોદ્ધાર** કર્યો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આ૦ જગચ્ચંદ્ર **આચાર્ય** બન્યા. પં૦ દેવભદ્ર પંન્યાસ જ રહ્યા. પં૦ દેવેન્દ્રગણિ પણ ક્રિયોદ્ધારમાં સાથે હતા. તે ત્રણ જણે મેવાડમાં વિહાર કર્યો.

આ૦ જગચ્ચંદ્રસૂરિને આયંબિલનું તપ કરતાં કરતાં બાર વર્ષ વીતી ગયાં. તેઓ આહડ નગરમાં નદીકિનારે જઈ હંમેશાં આતાપના લઈ ધ્યાન કરતા હતા. તપસ્યા અને ધ્યાનના પ્રભાવે તેમનાં રૂપ–તેજ અને પ્રભાવ વધ્યા હતા.

મેવાડના નરકેશરી રાણા **જૈત્રસિંહે** (સં૦ ૧૨૭૦ થી ૧૩૦૯) સં૦ ૧૨૮૫ માં આ૦ જગચ્ચંદ્રસૂરિના ત્યાગ અને તપની પ્રશંસા સાંભળી, રાણો આચાર્યશ્રીના દર્શન માટે નદીકિનારે આવ્યો. રાણો આચાર્યશ્રીનું તપસ્યાના તેજથી ચમકતું શરીર તથા ભવ્ય મુખારવિંદ જોઈ આનંદમાં આવી ગયો. અને બોલી ઊઠયો: ‘ગુરુદેવ મહાતપસ્વી છે.’ એ સમયથી એટલે સં૦ ૧૨૮૫ થી આ૦ જગચ્ચંદ્રસૂરિની શિષ્ય પરંપરા ‘તપાગચ્છ’ તરીકે પ્રસિદ્ધિ પામી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

द्वादशवर्षाण्यङ्केऽप्यममोऽसौ श्लाघ्यधीर्भगवान् ॥ ९५ ॥
तदादिबाण-द्विप-भानुवर्षे (१२८५) श्रीविक्रमात् प्राप तदीयगच्छः ।
बृहद्गणाह्वोऽपि तपेति नाम श्रीवस्तुपालादिभिरर्च्यमानः ॥ ९६ ॥

( —गुर्वावली )

जिनके चरणमें शीष् झुकावे, मेदपाटका राण ।
‘तपातपा’ कहके बुलावे, जैत्रसिंह बलवान् ॥ २ ॥

( જગદ્‌ગુરુપૂજા, પૃ૦ ૧, સં૦ ૧૯૯૬ )

વૃદ્ધ તપાગચ્છના ૬૪ મા આ૦ જયરત્નસૂરિ તેમના વિશે લખે છે કે–

**आचार्यदेवभद्र**सूरिर्येन तपाविरुदं कृतम् । तथाहि–
जिणदत्ताओ खरयरा, पुण्णिमा मुणिचंदसूरिणो जाया ।
पल्लवियाषाढायरिएण तवोमयं देवभद्दाओ ॥ १ ॥
इति वचनात् ।

( —આ૦ જયરત્નસૂરિકૃત દસવેયાલિયસુત્ત–ટબાની પ્રશસ્તિ, ગ્રં૦ ૨૨૦૦, સં૦ ૧૬૬૬ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ જગચ્ચંદ્રસૂરિના શ્રમણગણમાં સૌ તપસ્યાપ્રેમી હતા. આ તપસ્વી સંઘને ત્યાગ અને તપસ્યા પ્રત્યે અત્યંત આગ્રહ હતો.

તપસ્વી આ૦ જગચ્ચંદ્રસૂરિ, પં૦ દેવભદ્ર ગણિ, પં૦ દેવકુશલ ગણિ અને પં૦ દેવેન્દ્રગણિની નિશ્રામાં વિવિધ સ્વગચ્છ અને પરગચ્છના ઘણા ઘણા સુવિહિત મુનિવરોએ પણ **ક્રિયોદ્ધાર** કર્યો હતો. આ ગચ્છો કૃષ્ણર્ષિતપા, ખરાતપા, નાગોરીતપા વગેરે નામથી પ્રસિદ્ધિ પામ્યા હતા.

(પ્ર૦ ૩૨ પૃ૦ ૫૨૧ | પ્ર૦ ૪૨ પૃ. ૭૦૮ | પ્ર૦ ૪૨ પૃ. ૭૧૦)

આ૦ દેવેન્દ્રસૂરિના શાંત રસથી ભરેલા મીઠા ઉપદેશથી અંચલગચ્છના (૪૪) આ૦ મહેંદ્રસૂરિ (સં૦ ૧૨૬૩ થી ૧૩૦૯) એ સં૦ ૧૩૦૭માં થરાદમાં સુવિહિત માર્ગની શ્રદ્ધા મેળવી હતી.

(ગુજ૦ગદ્ય પટ્ટાવલી) (પ્રક૦ ૪૦ પૃ૦ ૫૨૨)

આ૦ જગચ્ચંદ્રસૂરિ જ્ઞાની હતા, તપસ્વી હતા, હીરાની જેમ શોભતા હતા, અભેદ્ય જ્ઞાની હતા. તેમણે ચિત્તોડની રાજસભામાં સાત દિગંબર વાદીઓને હરાવ્યા, આથી રાણા **જૈત્રસિંહે** તેમને **હીરાનું** માનવંતુ બિરુદ આપ્યું. તે સમયથી તેઓ **"હીરલા આ૦ જગચ્ચંદ્રસૂરિ"** એવા નામે વિખ્યાત થયા. સંભવ છે કે—તેમના કરકમલથી કેશરિયાતીર્થની સ્થાપના થઈ હોય.

ગુજરાતના મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ તેઓશ્રીના ખાસ ઉપાસક હતા. આચાર્યશ્રી મહામાત્ય વસ્તુપાલના શત્રુંજયતીર્થના '૭' રી પાળતા યાત્રાસંઘમાં સાથે પધાર્યા હતા. ત્યાં પ્રતિષ્ઠાઓમાં પણ હાજર હતા. ગિરનાર તીર્થ, અને આબૂતીર્થની પ્રતિષ્ઠાઓમાં પણ હાજર હતા.

**ગ્રંથલેખન:**—આચાર્યશ્રીના ઉપદેશથી **વીરા દિશાપાલે** સં૦ ૧૨૯૫ના ચૈત્ર સુદિ ૨ ને મંગળવારે પાટણમાં ભીમદેવના રાજ્યમાં 'नायाधम्मकहाओ" વગેરે ૭ અંગો ટીકા સહિત લખાવ્યાં, અને આ૦ દેવેન્દ્રસૂરિએ સં. ૧૨૯૭ માં જંઘરાલ ગામમાં સંઘ સામે જ્ઞાતાધર્મકથાનું વ્યાખ્યાન કર્યું. (જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પ્ર૦

जैनम् जयति शासनम् JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૬ મી ) એટલે સ્પષ્ટ છે કે, આ૦ જગચ્ચંદ્રસૂરિ સં૦ ૧૨૯૫-૯૬ માં સ્વર્ગે ગયા. તેમણે પોતાની માટે ૧. આ૦ દેવેન્દ્રસૂરિને સ્થાપન કર્યા હતા. પરંતુ તેમના સ્વર્ગગમન પછી આ૦ વિજયચંદ્રસૂરિ પણ તેમની પાટે બેઠા, આથી એ બે આચાર્યોની બે શ્રમણ પરંપરા ચાલી, તે પરંપરા આ પ્રમાણે છે.—

(૧) **વૃદ્ધ પોષાળ**—વડી પોષાળ.

(૨) લઘુ પોષાળ (લહુડીપોષાળ-લોઢીપોષાળ)

આ બંને પરંપરા નીચે પ્રમાણે છે.....

**વૃદ્ધપોષાળ** (વડી પોષાળ)

તે આ૦ વિજયચંદ્રસૂરિની પરંપરા છે, તેનું બીજું નામ **ચૈત્રગચ્છ** પણ મળે છે.

**ચૈત્રવાલગચ્છ—**

ચૈત્રવાલગચ્છની ઘણી શાખાઓ થઈ હતી.—

(૧) આ૦ ભુવનચંદ્રસૂરિના પં૦ દેવભદ્રગણિ આ૦ જગચ્ચંદ્રસૂરિ સાથે મળી ગયા. એટલે આ પરંપરા વૃદ્ધતપાગચ્છમાં ભળી ગઈ, જે ૧૬ મી સદી સુધી ચાલી હતી.

(૨) ચૈત્રવાલગચ્છની પરંપરા ૧૬ મી સદી પછી વૃદ્ધ તપાગચ્છમાં મળી ગઈ.

(૩) વૃદ્ધતપાગચ્છની પરંપરા ૧૮ મી સદી પછી લઘુ તપાગચ્છમાં મળી ગઈ.

(૪) ધારણપદ્રીય (ધનારી) ની શાખા **તપા કમલકલશા** ગચ્છમાં મળી ગઈ.

(૫) જંબાહરી શાખામાં ચાંદસમીય-જેની ગાદી ચાણસ્મા અને હારીજમાં હતી અને જેમાં સં. ૧૫૧૨ માં[1] ભ૦ **મલયચંદ્ર** અને સં૦ ૧૫૧૮ માં ભ૦ લક્ષ્મીસાગર થયા, તે શાખા પણ વૃદ્ધતપાગચ્છમાં મળી ગઈ.

---

૧. સરધનામાં ભ૦ શાંતિનાથની ધાતુમૂર્તિ છે, જેની ઉપર સં૦ ૧૫૦૮ નો આ૦ મલયચંદ્રસૂરિનો લેખ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬) ચૈત્રગચ્છના ભ૦ નયકીર્તિસૂરિના શિષ્ય આ૦ વિનયકીર્તિ સં૦ ૧૬૦૪ના વૈશાખ વદિ ૨ ને મંગળવારે ચિત્તોડમાં હતા. (શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨ જો, પ્રશસ્તિ નં૦ ૩૭૬)

(૭) આ૦ વિનયચંદ્રસૂરિ, ઉ૦ અમરચંદ્ર ગણિ, ભ૦ અમરચંદજી, સં૦ ૧૬૨૪માં વાલી પરગણામાં હતા. (શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્રશસ્તિ નં૦ ૪૫૮).

ઉપર્યુક્ત નં૦ ૪ માં જણાવેલ ચૈત્રવાલગચ્છની ધારણપદ્રીય (ધનારી)ની શાખાની પરંપરા આ પ્રમાણે મળે છે.—

(૧) ભ૦ હરિચંદ્રસૂરિ, સં૦ ૧૩૦૦ના માહ વદિ ૨.

(૨) ભ૦ લક્ષ્મીદેવસૂરિ, સં૦ ૧૫૧૧ ના માહ સુદિ ૫; સં૦ ૧૫૧૩ ના પોષ વદિ ૫ ને રવિવાર; સં૦ ૧૫૨૪ ના ચૈત્ર વદિ ૫.

(૩) ભ૦ જ્ઞાનદેવસૂરિ, સં૦ ૧૫૨૮ નો પોષ વદિ ૩ ને સોમવાર.

(૪) ભ૦ રત્નદેવસૂરિ પટ્ટે ભ૦ અમરદેવસૂરિ, સં૦ ૧૫૩૮ ના ચૈત્ર સુદિ ૫ ને બુધવાર.

(૫) ભ૦ આ૦ વિજયદેવસૂરિ, સં૦ ૧૫૮૨ ના વૈશાખ વદિ ૧૦ ને શુક્રવાર.

(–ત્રિસ્તુતિક તપા આ૦ વિજયયતીન્દ્રસૂરિ સંગ્રહીત જૈન પ્રતિમા લેખ સંગ્રહ, લેખ નં૦ ૩, ૧૭, ૩૭, ૬૭, ૭૦, ૧૦૬, ૧૫૫, ૨૧૩, ૨૬૭.)

ચૈત્રવાલગચ્છની આ ધારણપ્રદ્રીય શાખા તપાગચ્છની કમળકલશા શાખામાં મળી ગઈ.

પાલીના શિલાલેખો આ પ્રકારે મળે છે—

(૧) સં૦ ૧૬૮૬ ના વૈશાખ સુદિ ૮ ને શનિવારે રાજા ગજસિંહના રાજ્યમાં તથા પાલીના જસવંત સોનગિરા ચૌહાણના પુત્ર જગન્નાથના રાજ્યમાં પાલીના શ્રી શ્રીમાળીઈશ્વર, અટોલ વગેરેએ પાલીના નવલખાના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેમાં તપાગચ્છના આ૦ વિજયદેવસૂરિ તથા આ૦ વિજયસિંહ-સૂરિના હાથે ભ૦ શ્રીપાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

(૨) સં૦ ૧૬૮૬ ના વૈશાખ સુદિ ૮ ને શનિવારે પાલીના ગજસિંહ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા જગન્નાથ ચૌહાણના રાજ્યમાં શ્રી શ્રીમાલી ચંડાલેચા ગોત્રના ઈશ્વર, અટોલ વગેરેએ ભ૦ શાંતિનાથની પ્રતિમા ભરાવી અને તેની ચૈત્રગચ્છની શાર્દૂલ શાખાના રાજગચ્છના ભ૦ ચંદ્રસૂરિ પટ્ટે ભ૦ રત્નચંદ્રસૂરિએ ઉ૦ તિલકચંદ તથા મુનિ રૂપચંદના હાથે ભ૦ શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેઓએ નવલખા જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો, તેમાં મૂલનાયક ભ૦ શ્રીપાર્શ્વનાથને બિરાજમાન કર્યા અને બીજી ૨૪ જિન-પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી, સોનાનો કળશ ચડાવ્યો, જેમાં રૂા. ૫૦૦૦) પાંચ હજાર ખરચી ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું, ગુજરાતમાં બીજી પણ પ્રતિષ્ઠાઓ કરાવી હતી. પ્રભુ શ્રીપાર્શ્વનાથ, ગુરુદેવો, ગોત્રદેવી તથા અંબિકાદેવીની કૃપાથી સર્વકુટુંબ વૃદ્ધિ પામે એમ જણાવ્યું છે.

(—શ્રી જિનવિજય સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા૦ ૨ જો, લેખાંક :—૩૯૫)

આ લેખોમાં ચૈત્રવાલગચ્છની શાર્દૂલશાખા અને રાજગચ્છનો ઉલ્લેખ છે તથા પાલીના નવલખાના મંદિરનો ઇતિહાસ છે; આ ઐતિહાસિક વિગત છે.

## ૧. વૃદ્ધતપા—વડી પોષાળની પટ્ટાવલી

### ૪૪. મહાતપસ્વી હીરલા આ૦ **જગચ્ચંદ્રસૂરિ**

### ૪૫. આ૦ વિજયચંદ્રસૂરિ

ज्योत्स्नामञ्जुलया यया धवलितं विश्वम्भरामण्डलं
या निःशेषविशेषविज्ञजनताचेतश्चमत्कारिणी ।
तस्यां **श्रीविजयेन्द्रसूरि**सुगुरोः निष्कृत्रिमाया गुण-
श्रेणेः स्याद् यदि वास्तवस्तवकृतौ विज्ञः स वाचांपतिः ॥१५॥

( —આ૦ શ્રીક્ષેમકીર્તિસૂરિ રચિત બૃહત્કલ્પભાષ્યની સુખબોધિકા ટીકા, ગ્રં૦ ૪૨૬૦૦૦, સં૦ ૧૩૩૨ )

મહામાત્ય વસ્તુપાલ—તેજપાલનો રોકડિયો મુનિમ **વિજયચંદ્ર** નામે હતો. તે માણસાનો વતની હતો. વીશા ઓસવાલજ્ઞાતિના આંબા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોત્રનો હતો. તેણે ચોપડામાં રકમોની ગરબડ કરી. વસ્તુપાલે તેની ભૂલો થવાથી તેને કેદમાં પૂર્યો.

મહામાત્ય **વસ્તુપાલ** આ૦ જગચ્ચંદ્રસૂરિ અને પં૦ દેવભદ્ર ગણિનો ભક્ત હતો. પં. **દેવભદ્રે** મંત્રી વસ્તુપાલને સમજાવી તેને છોડી દેવા કહ્યું. મહામાત્યે પંન્યાસજીને જણાવ્યું કે, "આ રોકડિયો અભિમાની છે, નાલાયક છે, તેને દીક્ષા આપો. તેનું કલ્યાણ થાય, એ સારી વાત છે. પણ તેને કોઈ મોટી પદવી આપશો નહીં." પંન્યાસજીએ હિતભાવનાથી મુનિમને દીક્ષા આપી અને આ૦ જગચ્ચંદ્રસૂરિનો શિષ્ય બનાવ્યો. અને તેમને સમજાવી તેમના હાથેજ સં૦ ૧૨૮૮ માં ધાવલ ગામમાં તેને ગણિપદ આપતાં ઉપાધ્યાય આચાર્ય વગેરે પદવીઓ અપાવવાનું નક્કી કર્યું.[1] આ૦ જગચ્ચંસૂરિએ સં૦ ૧૨૯૫ પં૦ વિજયચંદ્ર અને પં૦ દેવભદ્ર ગણિ એ બંનેને ઉપાધ્યાય પદવી આપી.[2]

---

૧. 'વીરવંશાવલી'માં ઉલ્લેખ છે કે, ગુરુદેવે સં૦ ૧૨૮૮ માં ધાવલમાં ઉ૦ વિજયચંદ્રને આચાર્યપદ આપ્યું પણ તે ઉપાધ્યાયપદ આપ્યું હોવાનું સંભવે છે; કેમકે તેમને આચાર્યપદ તો દેવેન્દ્રસૂરિએ આપ્યાનો ઉલ્લેખ મળે છે.

૨. (૧) એક ઉલ્લેખ મળે છે કે, પં૦ દેવભદ્ર ગણિ, પં૦ મલયકીર્તિ ગણિ, પં૦ અજિતપ્રભગણિ વગેરે સં૦ ૧૨૯૨ માં વીજાપુરમાં ચોમાસુ રહ્યા હતા.

(૨) બીજો એક ગ્રંથપ્રશસ્તિલેખ મળે છે કે, પં૦ અજિતપ્રભ ગણિવરે સં૦ ૧૨૯૫ માં વીજાપુરમાં धर्मरत्नश्रावकाचार રચ્યો હતો.

(૩) ત્રીજા ઉલ્લેખ મુજબ તપાગચ્છના પં૦ દેવભદ્ર ગણિ, પં૦ મલયકીર્તિ, પં૦ કુલચંદ્ર, પં૦ દેવકુમાર અને મુનિ નેમિકુમાર વગેરે સં૦ ૧૨૯૫ માં વીજાપુરમાં તપગચ્છની પોષાળમાં ચોમાસુ રહ્યા હતા.

त्रिषष्टिशलाकापुरुषचरित्र, तृतीयपर्व, सं० १२९५, मङ्गलं महाश्रीः ॥ ठ ॥ ठ ॥     ખંભાત, શાંતિનાથ ભંડાર, પ્રતિ નં૦......

सं० १२९५ वर्षे आश्विन वदि २ रवौ अद्येह श्री वीजापुरपत्तने समस्तराजावलीपूर्वकं तपाकीय श्री पौषधशालायां चारित्रगुणनिधान समस्तसिद्धान्त कलोन्मानेन पारगेन तपादेवभद्रगणि-मलयकीर्ति-पं० कुलचन्द्र-पं० देवकुमारमुनि-नेमिकुमार मुनि प्रभृतिसमस्तसाधून् ॥

(–જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પ્રશસ્તિઃ ૧૭૭)

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

**ઉ૦ વિજયચંદ્રગણિઃ**–આ૦ જગચ્ચંદ્રસૂરિ અને આ૦ દેવેન્દ્રસૂરિની આજ્ઞામાં હતા. પણ ઉ૦ દેવભદ્ર ગણિને બહુ માનતા હતા.

વસ્તુતઃ આ૦ જગચ્ચંદ્રસૂરિએ પં૦ વિજયચંદ્રને તથા પં૦ દેવભદ્ર ગણિને **ઉપાધ્યાયપદવી** આપી હતી પણ તે બેમાંથી કોઈને આચાર્યપદવી આપી નહોતી. તેમનો સં૦ ૧૨૯૫ ના ચૈત્ર મહિના પછી સ્વર્ગવાસ થયો.

એક ઉલ્લેખ એવો મળે છે કે, ઉ૦ દેવભદ્રગણિએ ઉ૦ વિજયચંદ્રને પૂનમિયા પણ ચૌદશ માનનારા **આ૦ દેવેન્દ્રસૂરિ** પાસે સં૦ ૧૨૯૬ માં આચાર્યપદવી અપાવી. (–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૬)

આ ઉલ્લેખ પ્રાચીન પાનાઓમાં મળે છે, તેથી અમે ચતુર્દશીપક્ષના આ૦ દેવેન્દ્રસૂરિના હાથે વિજયચંદ્ર ગણિને આચાર્યપદવી બતાવી છે.

પરંતુ આ૦ મુનિસુંદરસૂરિ લખે છે કે, આ૦ જગચ્ચંદ્રસૂરિએ ઉ૦ દેવભદ્ર ગણિના આગ્રહથી અને શિષ્ય ઉપર વાત્સલ્ય હોવાથી ઉ૦ વિજયચંદ્ર ગણિને આચાર્યપદ આપ્યું હતું. (ગુર્વાવલી: શ્લોક ૧૨૪)

પરંતુ અમને લાગે છે કે આ૦ જગચ્ચંદ્રસૂરિએ પં૦ વિજયચંદ્ર ગણિને ઉપાધ્યાયપદ આપ્યું હતું અને અવસરે આચાર્યપદ આપવાનો નિર્ણય કરી રાખ્યો હશે.

આથી સંભવ છે કે, તેમના સ્વર્ગવાસ પછી તેમના પટ્ટધર આ૦ દેવેન્દ્રસૂરિ અથવા ચતુર્દશીપક્ષના આ૦ દેવેન્દ્રસૂરિએ ઉ૦ વિજયચંદ્ર ગણિને આચાર્યપદ આપ્યું હોય.

સંભવ છે કે ત્યારથી તપા વૃદ્ધપોષાળ અને ચતુર્દશી પક્ષ **સંગોત્રી** બન્યો હોય.

બીજો એક ઉલ્લેખ એવો મળે છે કે, આ૦ વિજયદેવેન્દ્રસૂરિ, આ૦ વિજયચંદ્રસૂરિ, ઉ૦ દેવભદ્રગણિ વગેરે સં૦ ૧૨૯૬ માં વીજાપુરમાં ચોમાસુ રહ્યા હતા.

(મો. દ. દેસાઈનો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ફ૦ ૫૬૦).

આ ઉપરથી કલ્પી શકાય છે કે, ઉ૦ વિજયચંદ્ર સં૦ ૧૨૯૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માં આચાર્ય બન્યા હતા; પરંતુ **નોંધપાત્ર** બીના એ છે કે, ઉ૦ દેવભદ્રગણિ તો (૧) આ૦ જગચ્ચંદ્રસૂરિ, (૨) આ૦ દેવેન્દ્રસૂરિ અને (૩) આ૦ વિજયચંદ્ર એ સૌના ઉપાધ્યાય હતા, અને આ૦ વિજયચંદ્રસૂરિ બીજા આચાર્ય પાસે આચાર્ય થયા, છતાં આ૦દેવેન્દ્રસૂરિ વગેરે સૌ સાથે જ રહેતા હતા.[1] આ બધાએ સાથે રહીને વરહુડિયા **વીરધવલ** અને **ભીમદેવને** દીક્ષા આપી હતી.

એવો પણ ઉલ્લેખ મળે છે કે, પૂજ્ય આ૦ દેવેન્દ્રસૂરિ આ૦ વિજયચંદ્રસૂરિ અને ઉ૦ દેવેન્દ્રગણિ વગેરે સં૦ ૧૩૦૧ ના ફાગણ વદિ ૧૩ ને શનિવારે પાલનપુરમાં હતા. ત્યારે વરહુડિયા સા૦ આસદેવે વીજાપુરમાં उपासकदशासूत्रवृत्ति, ગ્રં ૧૧૨૮ લખાવી.

આ જગચ્ચંદ્રસૂરિ સં૦ ૧૨૯૫ માં સ્વર્ગે ગયા. તે પછી આ૦ દેવેન્દ્રસૂરિ **ગચ્છના નાયક** બન્યા.

આ દેવેન્દ્રસૂરિ, આ૦ વિજયચંદ્રસૂરિ, ઉ૦ દેવભદ્રગણિ એ સૌ સં૦ ૧૩૦૨ માં વીજાપુરમાં હતા. ત્યારે તેમણે શેઠ જિનચંદ્ર વરહુડિયા પલ્લીવાલના પુત્રો **વીરધવલ** અને ભીમદેવને દીક્ષા આપી હતી.

વળી ગ્રંથપ્રશસ્તિનો ઉલ્લેખ મળે છે કે આ૦ દેવેન્દ્રસૂરિ, આ૦ વિજયચંદ્રસૂરિ સં૦ ૧૩૦૬ માં મહુવા પધાર્યા ત્યારે ત્યાંના સંઘે તેઓના ઉપદેશથી **સરસ્વતીગ્રંથભંડાર** બનાવ્યો.

આ બધા ઉલ્લેખોથી તારવી શકાય છે કે, આ૦ દેવેન્દ્રસૂરિ, આ૦ વિજયચંદ્રસૂરિ એ સૌ સં૦ ૧૩૦૬ સુધી સાથે હતા. દેવેંદ્રસૂરિ ગચ્છના નાયક હતા. તે પછી આ૦ દેવેંદ્રસૂરિ સં૦ ૧૩૦૭ માં થરાદ પધાર્યા પછી વિહાર કરી માળવા પધાર્યા. અને લગભગ ૧૨ વર્ષ સુધી ત્યાં વિચર્યા.

ઉ૦ દેવભદ્રગણિ વૃદ્ધ હતા, તે પણ કાળધર્મ પામી સ્વર્ગે ગયા.

આ૦ વિજયચંદ્રસૂરિ ૧૨ વર્ષ સુધી ખંભાતમાં રહ્યા અસલમાં તે મહામાત્ય વસ્તુપાલના મુનિમ હતા તેથી તેમને શરૂઆતથી

---

૧. આ. જયરત્નસૂરિ ઉ૦ દેવભદ્ર ગણિને આચાર્ય તરીકે લખે છે. (—જુઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૪, તથા વૃદ્ધતપગચ્છ પટ્ટાવલિ ભા૦ નં. ૬૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખંભાતના અમલદારો અને ધનાઢ્યો સાથે ગાઢ પરિચય હતો. અને ત્યાંના ચૈત્યવાસીઓ સાથે પણ મીઠો સંબંધ હતો, આથી તે ૧૨ વર્ષ સુધી ખંભાતમાં ચૈત્યવાસીઓની "ચૈત્યદ્રવ્ય આદિ" રકમથી બનેલી મોટી પોષાળમાં રહ્યા હતા અને મુનિપણામાં પણ શિથિલાચારી બની ગયા હતા.

આ૦ જગચ્ચંદ્રસૂરીશ્વર તથા ઉ૦ દેવભદ્રગણિ સ્વર્ગવાસી બન્યા હતા અને આ૦ દેવેન્દ્રસૂરિ દૂર હતા. આથી આ૦ વિજયચંદ્રસૂરિએ કેટલીક નવી નવી પ્રરૂપણા ચલાવી. તે પ્રરૂપણાઓ આ પ્રકારે હતી.

૧. ગીતાર્થો વસ્રોની જુદી જુદી પોટલી રાખી શકે, કેમકે તેઓ પણ પોતપોતાના પરિવારના ચિંતક છે.
૨. હમેશાં છ વિગઈ લઈ શકાય.
૩. કપડાં ધોવાની છૂટ
૪. ગોચરીમાં ફળ અને લીલું શાક લેવાય.
૫. સાધુ–સાધ્વી નીવીના પચ્ચક્ખાણમાં નીવિયાતું લઈ શકે.
૬. સાધ્વીએ લાવેલાં આહારપાણી સાધુને કલ્પે, કેમકે તે પણ પંચ મહાવ્રતધારી છે અને ૪૨ દોષ રહિત ગોચરી લાવે છે.
૭. હમેશાં બે પચ્ચક્ખાણ લેવાં.
૮. ગૃહસ્થોને પોતાની તરફ વાળવા માટે સાથે પ્રતિક્રમણ કરાવવાની આજ્ઞા આપી; કેમકે પ્રતિક્રમણની રુચિવાળા શ્રાવકો બીજા ગચ્છમાં જાય નહીં, એ માટે આ જરૂરી છે.
૯. અતિથિ સંવિભાગવાળાને ત્યાં ગીતાર્થે વહોરવા જવું.
૧૦. લેપ સંનિધિનો અભાવ.
૧૧. તરતમાં ઉકળેલું ગરમ પાણી વહોરવું; કેમકે આંચ ન લાગતી હોય તો ચૂલા ઉપરનું પાણી પણ લઈ શકાય.

ખંભાતના અમલદારો અને જૈનો ૧૨ વર્ષના ગાળામાં તેમના ભક્તો બની ગયા હતા. આચાર્યશ્રીએ પોતાના શિષ્યને સ્વતંત્ર રીતે આચાર્યપદ આપી પોતાની પાટે સ્થાપ્યા હતા. સ્પષ્ટ હતું કે તેમને મોટાઈનો ગર્વ આવ્યો હતો.

જૈન સાઈટ JAINSITE જૈન જાતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ દેવેન્દ્રસૂરિ માળવાથી વિહાર કરી ગુજરાતમાં આવ્યા. અને ખંભાત પધાર્યા ત્યારે આ૦ વિજયચંદ્રસૂરિએ ગર્વમાં આવીને તેમનાં વિનય, સત્કાર, સન્માન કર્યાં નહીં, તેમણે પોતાનો શિથિલાચાર છોડયો નહીં અને સં૦ ૧૩૧૯માં ખંભાતમાં પોતાનો જુદો ગચ્છ ચલાવ્યો, જેનો શ્રમણ સંઘ **તપાગચ્છ વડી પોષાળ** તરીકે જાહેર થયો.

તેમની પાટે ૧. આ૦ વજ્રસેનસૂરિ, ૨ આ૦ પદ્મચંદ્રસૂરિ, ૩ આ૦ **ક્ષેમકીર્તિસૂરિ** એમ ત્રણ આચાર્યો થયા.

૪૬. આ૦ **ક્ષેમકીર્તિસૂરિ**

પ્રશસ્તિ ઉલ્લેખ મળે છે કે, શેઠ પૂર્ણદેવ પોરવાડના વંશમાં અનુક્રમે ૧ પૂર્ણદેવ, ૨ વરદેવ, ૩ સાઢલ, અને ૪ ધીણાક થયા, ધીણાકના બીજા ભાઇ **ક્ષેમસિંહે** અને ચોથા ભાઈ **દેવસિંહે** આ જગચ્ચંદ્રસૂરિ પાસે દીક્ષા અંગીકાર કરી.

મુનિ ક્ષેમસિંહ અંગે વિશેષ વિગત મળતી નથી. પરંતુ તે ઉલ્લેખ ઉપરથી કલ્પના થઈ શકે છે કે, શ્રી દેવસિંહે પ્રથમ દીક્ષા લીધી અને ક્રમશઃ આ૦ જગચ્ચંદ્રસૂરિના શિષ્ય આ૦ દેવેન્દ્રસૂરિ બન્યા.

જૈન સાઈટ JAINSITE .com શૈલી જ્ઞાન શાસનમ્

શ્રી ક્ષેમસિંહે પાછળથી દીક્ષા લીધી અને તે આ૦ જગચ્ચંદ્રસૂરિના પ્રશિષ્ય, એટલે તેમના શિષ્ય આ૦ વિજયચંદ્રસૂરિના શિષ્ય આ૦ ક્ષેમકીર્તિસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

વાસ્તવમાં આ બંને ભાઈઓ ત્યાગી, સંવેગી, વિદ્વાન અને સમર્થ ગ્રંથકારો થયા છે, આથી આ કલ્પના યુક્તિ સંગત લાગે છે.

આ૦ ક્ષેમકીર્તિસૂરિએ જિંદગીભર છ વિગઈનો સર્વથા ત્યાગ કર્યો હતો. તેમણે સં૦ ૧૩૩૨ના જેઠ સુદિ ૧૦ને રવિવારે હસ્ત નક્ષત્રમાં बृहत्कल्पभाष्यनी મોટી ટીકા સુખાવબોધિકા, ગ્રં૦ ૪૨૬૦૦૦ રચી અને મુનિ નયપ્રભ વગેરેએ તેનો પહેલો આદર્શ લખ્યો.

## ૪૭. આ. હેમકલશસૂરિ

તે ઉપાધ્યાય હતા. ત્યારે પણ મોટા વ્યાખ્યાતા હતા. (ગુર્વાવલી :–શ્લોક૦ ૧૧૫ ) આ દેવેન્દ્રસૂરિએ આ૦ **શાંતિસૂરિના** धर्मरत्नप्रकरणની ટીકા રચી હતી, જેને મહોપાધ્યાય **હેમકળશ ગણિ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા **પં૦ ધર્મકીર્તિ** ગણિએ શોધી હતી. અને **પં૦ વિદ્યાનંદે** તેનો પ્રથમ આદર્શ લખ્યો હતો. આ ટીકા સં૦ ૧૩૦૪ થી સં૦ ૧૩૨૩ ના ગાળામાં બની હોવાનું સંભવે છે.

૪૮. **આ૦ યશોભદ્રસૂરિ**:—તેઓ ઇડર પાસેના રાયખડની વડાવલીમાં આવેલા ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં આચાર્ય બન્યા હતા.

૪૯. **આ૦ રત્નાકરસૂરિ** તેમનું બીજું નામ આ૦ રત્નસિંહ પણ મળે છે, તેમના ઉપદેશથી શેઠ જયંત શ્રીમાલના પુત્ર **લાડણે** સં૦ ૧૩૪૭ના અષાડ વદિ ૯ ને ગુરુવારે આશાપલ્લીમાં શ્રી વિદ્યાસિંહની પત્ની વેજલદેવીના પુત્ર મન્મથસિંહે રચેલા सूक्तरत्नाकर महाकाव्य धर्माधिकार, શ્લો૦ ૪૩૪૦ ની ચાર પ્રતિઓ લખાવી તથા **સાંડેરકના** ભ૦ મહાવીરના જિનપ્રાસાદના વહીવટદાર શેઠ **મોખ** પોરવાડના પુત્ર વણુધનના પુત્ર **પેથડે** સં૦ ૧૩૫૩ માં ભગવતીસૂત્ર ટીકા સહિત લખાવ્યું હતું, જેને (૪૮) આ૦ **સોમતિલકસૂરિ** તથા તેમના શિષ્ય **હર્ષકીર્તિ**-ગણિએ સં૦ ૧૩૫૩ માં વીજાપુરમાં વ્યાખ્યાનમાં વાંચ્યું હતું.

આ સમયે દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીના સૂબા **અલફખાને** "સં૦ ૧૩૫૧ માં ગુજરાતમાં મુસલમાની રાજ્યની સ્થાપના કરી. અને સં૦ ૧૩૬૯ માં હિંદુ તીર્થોનો વિનાશ કર્યો, શત્રુંજય મહાતીર્થનો ભંગ કર્યો, મંદિરો તોડ્યાં અને પ્રતિમાઓને ખંડિત કરી." આથી પાટણના શાહ સોદાગર **સમરાશાહ** ઓસવાળે સુબા અલફખાનને જ પ્રસન્ન કરી, તેની સમ્મતિથી શત્રુંજયતીર્થનો પંદરમો મોટો ઉદ્ધાર કરાવ્યો. અને ઉપકેશગચ્છના આ૦ **સિદ્ધસેનસૂરિના** હાથે સં૦ ૧૩૭૧ ના માહ સુદિ ૭ ના રોજ શત્રુંજયતીર્થ ઉપર નવા જિનપ્રાસાદમાં ભ૦ ઋષભદેવની નવી પ્રતિમાની નવી પ્રતિષ્ઠા કરાવી, અષ્ટાપદાવતાર જિનપ્રાસાદ તથા દેશલવસહી બંધાવ્યાં. આ પ્રતિષ્ઠા—ઉત્સવમાં ત્યાં ઘણા જૈનાચાર્યો ઉપસ્થિત હતા. (પ્રક૦ ૩૫, પૃ. ૧૯૫)

તપગચ્છના આ૦ રત્નાકરસૂરિ પણ ત્યારે ત્યાં હાજર હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ધવલક નગરના વીશા પોરવાડની યુક્તિથી પ્રતિબોધ પામી શત્રુંજય ઉપર આ પ્રતિષ્ઠા–ઉત્સવમાં શિથિલાચાર છોડીને **ક્રિયોદ્ધાર** કર્યો અને આત્મનિંદાગર્ભિત રત્નાકરપચીશી નામે પચીશ શ્લોકનું સ્તોત્ર સંસ્કૃતમાં રચ્યું. તે વિ૦ સં૦ ૧૩૮૪ માં સ્વર્ગે ગયા. આ૦ રત્નાકરસૂરિથી સં૦ ૧૩૮૪ માં વૃદ્ધ તપાગચ્છમાં **રત્નાકરગચ્છ** નીકળ્યો.

૫૦. **આ૦ રત્નપ્રભસૂરિ**—આ૦ રત્નતિલક, આ૦ સોમતિલક, આ૦ દેવચંદ્ર અને આ૦ જિનપ્રભસૂરિના ભક્ત સૌમ્યમૂર્તિ ગૂર્જર-વંશના શેઠ શોભનદેવના પુત્ર શેઠ **મહાવિદેહે** સં૦ ૧૩૭૯ ના આ૦ સુ૦ ૧૪ ને બુધવારે આ૦ ભાવદેવસૂરિ રચિત પાર્શ્વનાથચરિત્ર લખાવી, પં૦ જ્ઞાનકીર્તિ ગણિને આપ્યું.

(—જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પ્ર૦ નં૦ ૧૭)

૫૧. **આ૦ મુનિશેખરસૂરિ**

૫૨. **આ૦ ધર્મદેવસૂરિ**

૫૩. **આ૦ જ્ઞાનચંદ્રસૂરિ**—આ૦ સિંહદત્તસૂરિ.

૫૪. **આ૦ અભયદેવસૂરિ**

તેમનું બીજું નામ આ૦ અભયસિંહ પણ મળે છે. તે આ૦ જ્ઞાનચંદ્રસૂરિ કે આ૦ ધર્મદેવની પાટે આવ્યા હતા. તે અંગવિજ્જા-પઇન્નયના અભ્યાસી હતા. તે મોટા તપસ્વી હતા, તેમણે હમેશાં માટે છ વિગઈના આહારનો ત્યાગ કર્યો હતો, છ માસી તપ કર્યું હતું અને ઘણા છઠ–અઠ્ઠમ વગેરેનાં તપ કર્યાં હતાં.

તેમના ઉપદેશથી ખંભાતના **શા. શાણરાજે** ગિરનાર તીર્થમાં વિમલનાથ ભગવાનનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો.

૫૫. **આ૦ હેમચંદ્રસૂરિ**—તેઓ અનેક ગુણોના ભંડાર હતા.

તેમના શિષ્ય આ૦ જિનતિલકસૂરિએ જૂની ગુજરાતી ભાષામાં ચૈત્યપરિવાડી (કડી–૩૭) બનાવી હતી.

(—જૂઓ અમારો 'જૈન તીર્થોનો ઇતિહાસ, પરિશિષ્ટ બીજું'.)

JAINSITE .com जैन साईट जयतु शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫૬. આ૦ જયતિલકસૂરિ**

તે આ૦ **ચારિત્રપ્રભસૂરિના** શિષ્ય હતા—તે આ૦ ધર્મ-સૂરિની પાટે થયા. તેમને **કપર્દીયક્ષ** પ્રસન્ન હતો. તેમણે 'છ'રી પાળતા ૧૨૫ જેટલા તીર્થયાત્રાસંઘ કઢાવ્યા હતા અને ૨૧ વાર શત્રુંજયતીર્થની યાત્રા કરી હતી, તેમણે સં૦ ૧૪૫૬ માં ખંભાતની વડી પોષાળમાં अनुयोगद्वारसुत्तचूणिगનો **ઉદ્ધાર** કરાવ્યો, कुमारपालप-डिबोहोની પ્રતિ તાડપત્ર પર લખાવી.

તેમની પાટે આ૦ જિનતિલક, આ૦ ધર્મશેખર, આ૦ માણેક-શેખર, આ૦ રત્નસાગર, **આ૦ રત્નસિંહ**, આ૦ **ઉદયવલ્લભ**, આ૦ સંઘતિલક, પં૦ દયાસિંહ ગણિ વગેરે થયા, તેમના સમુદાયમાં પં૦ શિવસુંદર, **પં૦ ઉદયધર્મ** અને પં૦ **ચારિત્રસુંદર** પ્રસિદ્ધિ પામ્યા.

આ૦ જયતિલકસૂરિના શિષ્ય **પં૦ દયાસિંહ ગણિ** સં૦ ૧૪૫૨ માં આચાર્ય બન્યા હતા, તેમણે સં૦ ૧૫૨૯ માં क्षेत्रसमास—बालावबोध રચ્યો. તેમજ मलयासुंदरीचरित्र, सुलसाचरित्र, सुपार्श्वनाथ-चरित्र, हरिविक्रमचरित्र મ૦ ऋषभदेवस्तवन અને वीतरागस्तवन વગેરે ગ્રંથો રચ્યા.

આ જયતિલકની પાટે (૫૭) આ જિનતિલક, આ૦ રત્નસિંહ તથા આ૦ ઉદયવલ્લભ થયા.

**૫૭. આ૦ રત્નસિંહસૂરિ** (સં૦ ૧૪૫૨ થી ૧૫૩૦)

> तत्पट्टे सूरयः शश्वद् **रत्नसिंहा** दिदीपिरे ।
> सद्भ्यः स्वेष्टप्रदानेन यैर्लब्ध्या गौतमायितम् ॥
> जायंते स्माऽहम्मदावादाधिपः शाहि**रहिम्मदः** ।
> तं प्रबोध्य महीपीठे चक्रिरे शासनोन्नतिम् ॥

તેમનાં બીજાં નામ આ૦ જિનરત્ન, આ૦ વિજયરત્ન, અને આ૦ વિનયરત્ન પણ મળે છે.

તેમને સં૦ માં ખંભાતમાં આ૦ જયતિલકસૂરિએ આચાર્ય બનાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ રત્નસિંહસૂરિનો સં૦ ૧૫૦૭ના મહા સુદિ ૭ ને ગુરુવારે જૂનાગઢમાં **પટ્ટાભિષેક** થયો. તેમના સં૦ ૧૪૫૨ થી ૧૫૨૨ સુધીના **પ્રતિમાલેખો** મળે છે. આ૦ રત્નસિંહસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૯૧ ના વૈશાખ સુદિ ૩ ના રોજ **જીરાવલા** પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં ઘણી દેરીઓ બની હતી. સં. ૧૫૧૬ ના અષાડ સુદિ ૩ ને રવિવારે ગિરિપુર (ડુંગરનગર) ના **હુંબડ ઠ૦ પૂનાની** પરંપરાના **શિવાએ** ચતુર્વિંશતિજિન પટ્ટ બનાવી તેની વૃદ્ધ તપા આ૦ રત્નસિંહસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૦)

જયપુરના ઘાટમાં **શેઠ ગુલાબચંદજી** મૂથાના ભ૦ પદ્મપ્રભુના જિનપ્રાસાદમાં આ પટ્ટ વિદ્યમાન છે.

ખંભાતના સં૦ **હરપતિના** પૌત્ર સં૦ **શાણરાજે** સં. ૧૫૦૯ના મહા સુદિ ૫ ના રોજ ખંભાતમાં આ૦ રત્નસિંહસૂરિના હાથે ભ૦ વિમલનાથ જિનપ્રાસાદની તથા બીજી ઘણી જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. (પ્રક૦ ૪૫ શેઠ પૂનાનો વંશ)

JAINSITE
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

અહમ્મદાવાદના બાદશાહ **અહમ્મદશાહે** (વિ. સં. ૧૪૬૭ થી ૧૪૯૯ માં આ૦ રત્નસિંહસૂરિના ચરણોની પૂજા કરી હતી.

જૂનાગઢના રા' મહીપાલે (મેપાએ) આ૦ રત્નસિંહના ઉપદેશથી ગિરનાર તીર્થમાં ભ૦ **નેમિનાથ** જિનપ્રાસાદને સોનાનાં પતરાંથી મઢાવ્યો હતો. (—જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭૫-૭૬)

જૂનાગઢના રા' મહિપાલ તથા તેના પુત્ર રા' **માંડલિકે** સં૦ ૧૫૦૭ ના મહા સુદિ ૭ ને ગુરુવારે પોતાના રાજ્યમાં **અમારિ** પ્રવર્તાવી હતી, કે આજથી મારા રાજ્યમાં કોઈએ દરેક મહિનાની ૫, ૮, ૧૧, ૧૪ અને અમાવાસ્યાના રોજ કોઈ પણ જીવને મારવો નહીં, હિંસા-શિકાર કરવો નહીં.

(આ૦ વિ૦ વલ્લભસૂરિ સ્મારકગ્રંથ હિન્દી વિભાગ,
પૃ. ૧૩૫) (—જૂઓ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭૬)

સં૦ ૧૫૨૨ ના મહા સુદિ ૯ ને શનિવારે વીજાપુરના હુંબડ જ્ઞાતિના સવાલજ ગોત્રના દોશી ધર્માની પત્ની કર્પૂરાદેવીના પુત્રો

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

૧ દોશી **રાખાક**ની પત્ની જીવની અને ૨ દો૦ સાલીંગની પત્ની લક્ષ્મી વગેરેએ ભ૦ સુમતિનાથની પંચતીર્થી પ્રતિમા ભરાવી અને તેની વૃદ્ધ તપાગચ્છના આ૦ જિનરત્નસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી, આ પ્રતિમા આજે પ્રાંતીજના ભ૦ ધર્મનાથજિનપ્રાસાદમાં વિદ્યમાન છે.

(જૂઓ—વીજાપુર વૃત્તાંત)

**ગ્રંથો:**— આ૦ રત્નસિંહસૂરિએ સં૦ ૧૪૭૧ માં રત્નચૂડરાસ રચ્યો અને આ૦ રત્નાકરે સં૦ ૧૫૦૮ માં અમદાવાદમાં વસન્તવિલાસની ગુજરાતીમાં રચના કરી. તેમજ **આદિનાથજન્માભિષેક** બનાવ્યો.

મહમ્મદ ખીલજીનો માનીતો અને રણથંભોરનો સૂબો મહામાત્ય **ધનરાજ** પોરવાડ તેમનો સમકીતિ શ્રાવક હતો.

(—જૂઓ, પ્રક૦ ૪૫ અભયસિંહનો વંશ)

ખંભાતના શ્રાવક હરપતિ વગેરે તેમના શ્રાવકો હતા.

(જૂઓ, પ્રક૦ ૪૫)

**સાધ્વીસંઘ**

આ૦ રત્નસિંહસૂરિના સમયે તપગચ્છની વૃદ્ધશાખામાં સાધ્વી **રત્નચૂલા મહત્તરા** અને સાધ્વી **વિવેકશ્રી પ્રવર્તિની** વિખ્યાત હતાં.

ખંભાતના સં૦ હરપતિના પૌત્ર સં૦ **શાણરાજે** સં૦ ૧૫૫૨ માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો તેની સાથે ૭ મંદિરો હતાં, તેણે ત્યાં આ૦ રત્નસિંહસૂરિ અને સાધ્વી રત્નચૂલા મહત્તરાની **ચરણપાદુકાઓની** પ્રતિષ્ઠા કરાવી.

પોરવાડ ઠકુર પુત્ર **કેલ્હે** ગિરનાર પર ત્રણ દેરીનો ઉદ્ધાર કરાવ્યો, અમદાવાદમાં ધર્મશાળા બનાવી, પાંચ દેરાસર કરાવ્યાં, પંન્યાસપદ અપાવ્યાં, મુનિઓને વસ્ત્રો વહોરાવ્યાં, સાધર્મિકવાત્સલ્ય કર્યાં, સિદ્ધાંતો લખાવ્યાં, જેમાં સં૦ ૧૫૧૯ માં પાક્ષિકસૂત્રવૃત્તિ લખાવી.

બૃહત્તપાગચ્છના આ૦ સૂરસુંદરસૂરિના શિષ્ય **સમયમાણિક્યે** તેને વાંચીને સુધારી હતી.

(—ભાંડારકર ઇન્સ્ટીટ્યૂટ, પૂના; જૈન પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૧, પ્ર૦ નં. ૧૧૫૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૯) ઉ૦ **ઉદયધર્મગણિઃ**–તે (૫૭) ભ૦ **ઉદયવલ્લભસૂરિના** શિષ્ય (૫૮) પં. મતિસાગર ગ૦ ના દીક્ષા શિષ્ય હતા. ભ૦ રત્નસિંહસૂરિના **હસ્ત દીક્ષિત** શિષ્ય હતા. ઉપાધ્યાય હતા. મોટા વિદ્વાન્ હતા. સમર્થ ગ્રંથકાર હતા.

પં૦ **ઉદયધર્મગણિએ** સં૦ ૧૭૦૫ (૧૫૦૭) માં ઉપદેશમાલાની ૫૧ મી ગાથાનું "શતાર્થી વિવરણ" બનાવ્યું.

(પ્રક૦ ૪૩ પૃ૦ ૭૪૯ ટીપ્પણી કલમ ૧૬ મી)

પં૦ ઉદયધર્મ ગણિએ સં૦ ૧૫૦૭ માં સિદ્ધપુરમાં "વાક્ય પ્રકાશ મૌક્તિક" બનાવ્યો. પં૦ હર્ષભૂષણે તેની ટીકા કરી.

ઉ૦ **ઉદયધર્મ ગણિવરે** સં૦ 　　 માં ભ૦ મહાવીર સ્વામીના ૩૨ કમળબંધવાળા સ્તોત્ર શ્લો. ૧૮ ની રચના કરી તેની પ્રશસ્તિ આ પ્રમાણે છેઃ–

श्रीरत्नसिंहसूरीन्द्रपादपद्ममधुव्रतः
चकारोदयधर्मोऽयं स्तवं कमलबन्धगम् ॥ १७ ॥
श्री सिद्धार्थनरेशनन्दन ! जिन ! श्रीवीर ! नीरुक्तनो !
स्तुत्वा त्वां नयनाग्नि (३२) संम्मितदलाम्भोजन्मबन्धस्तवात् ।
नेहे चक्रिपदं न वासवपदं नाऽस्तापदं संपदं
किन्तु त्वत्पदपङ्कयोनियमले भृङ्गायतां मे मनः ॥ १८ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

(૫૯) પં૦ ઉદયધર્મ ગણિવરના શિષ્ય (૬૦) પં૦ મંગલધર્મ ગ૦ જેનું બીજું નામ **પં૦ મંગળકળશ** ગ૦ પણ હતું. જે સં૦ ૧૫૮૫ સુધી વિદ્યમાન હતા. તેમણે સં૦ ૧૫૨૫ માં "મંગળ કળશરાસ" બનાવ્યો.

(૫૯) પં૦ ઉદયધર્મ ગણિવરના શિષ્ય (૬૦) પં૦ ધર્મનિધાન ગણિએ પ્રાકૃતમાં "ચઉવીસ જિણ થૂઇ" ગા. ૨૮ બનાવી. જેને રાજેન્દ્રસાગર ગણિએ સં૦ ૧૮૬૦ માં લખી હતી.

(૫૭) ભ૦ વિજયરત્નસૂરિ શિષ્ય અને (૫૮) ઉ૦ જયમૂર્તિના વિદ્યાશિષ્ય (૫૯) પં૦ **ચારિત્રસુંદરગણિએ** સં૦ ૧૪૮૪ માં ખંભાતમાં શીલદૂતકાવ્ય શ્લોક ૧૩૧, કુમારપાલ ચરિત્ર મહાકાવ્ય ગ્રં૦

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૨૦૩૨, મહીપાલ ચરિત્ર, આચારોપદેશ વગેરે ગ્રંથો બનાવ્યા.

તેમના શિષ્ય (૬૦) પં૦ વિશાલ સુંદર ગણિ સં. ૧૫૮૬ માં થયા. (શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨ પ્ર૦ નં. ૩૨૨)

પં૦ ચારિત્રસિંહ ગણિનાં શિષ્ય **પં૦ શાન્તિસાગરગણિએ** સં૦ ૧૫૬૫ માં "પ્રબોધચંદ્રોદય નાટક" લખ્યું.

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨ જો. પ્ર૦ નં૦ ૨૫૫)

(૫૭) ભ૦ રત્નસિંહસૂરિના ગચ્છમાં પં૦ **મુનિરત્ન** મોટા વિદ્વાન્ હતા.

ભ૦ રત્નસિંહસૂરિના શિષ્ય પં૦ **દયાવર્ધનગણિવરના** ઉપદેશથી **સંઘે** સં૦ ૧૪૯૪ માં "કુમારપાલ પ્રબોધ પ્રબંધ" લખાવ્યો. ભ૦ રત્નસિંહસૂરિના શિષ્ય **પં૦ માણેકસુંદરગણિએ** સં૦ ૧૫૦૧ માં દેલવાડામાં "ભવ ભાવના બાલબોધ" બનાવ્યો, સં૦ ૧૫૦૯ માં "રત્નચૂડ રાસ" લખ્યો.

(૫૭) ભ૦ વિજયરત્નસિંહસૂરિની પરંપરા નીચે પ્રમાણે છે

(૫૮) **ભ૦ ધર્મરત્નસૂરિ** ( સં૦ ) તેમના ઉપદેશથી સોની સમરાના પુત્રોએ મીરપુરના જગન્નાથના જિન પ્રસાદમાં સં૦ ૧૫૫૦ માં બે ગોખ બનાવ્યા (–હમીરગઢ લેખ સંગ્રહ) ( જૈન પરં. ઇતિહાસ પ્રક૦ ૩૭ પૃ૦ ૩૦૦)

## શત્રુંજય તીર્થ:—

મહમ્મદ બેગડાના પુત્ર અહમદ સિકંદરે સં૦ ૧૫૨૫–૨૭ માં સોમનાથ, ગિરનાર, દ્વારકા અને શત્રુંજય વગેરે તીર્થોનો નાશ કર્યો, મંદિરો ભાગ્યાં, પ્રતિમાઓ ખંડિત કરી. આ હકીકત સાંભળીને ચિત્તોડના દોશી તોલાશાહને ઘણું દુઃખ થયું. તેમની ઇચ્છા હતી કે આ તીર્થો ફરી સ્થપાય તેમ કરવું જોઇએ. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૨૦૨ )

આ૦ **ધર્મરત્નસૂરિ** પોતાના શ્રમણપરિવાર સાથે રણથંભોરના સૂબા મંત્રી ધનરાજ પોરવાડના 'છ'રી પાળતા યાત્રાસંઘ સાથે મારવાડ, મેવાડનાં જૈન તીર્થોની યાત્રા કરવા પધાર્યા. ત્યારે તે ચિત્તોડ પણ પધાર્યા. **સાંગા** રાણાએ તેમનું મોટું સન્માન કર્યું. ત્યાં તીર્થોનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિનાશ થવાથી દુ:ખ પામતા દો૦ તોલાશાહને શાંત પાડી, ઉત્સાહિત કરવા તેમણે ભવિષ્યવાણી કરીકે, "મહાનુભાવ! તારો પુત્ર કર્માશાહ શત્રુંજયતીર્થનો મોટો ઉદ્ધાર કરાવશે." આચાર્યશ્રીએ ત્યાંથી વિહાર કર્યો અને કાર્યસિદ્ધિ માટે ઉ૦ **વિનયમંડનને** ચિત્તોડમાં રાખ્યા.

આ સમયે ગુજરાતમાં અમદાવાદની ગાદીએ **મહમ્મુદ બેગડા** (સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦)ના મરણ પછી એક પછી એક વિ. સં૦ ૧૫૬૭ માં મુજફ્ફરશાહ, સં૦ ૧૫૮૨ માં ૧ અહમ્મદશાહ, ૨, સિકંદરશાહ. તથા ૩ લઘુ મહમ્મદશાહ બાદશાહ થયા.

(–પ્રક૦ ૪૪, ગૂજરાતના બાદશાહો)

બાદશાહ મુજફ્ફરનો શાહજાદો **બહાદૂરશાહ** નામે હતો. તે પોતાના પિતાથી રિસાઈ ને ઈ.સં૦ ૧૫૩૫ માં ચિત્તોડ ચાલ્યો ગયો. ને ત્યાં દોશી તોલાશાહનો અતિથિ બની રહ્યો. આ સમયે શાહજાદા બહાદૂરશાહ અને દો૦ તોલાશાહના પુત્ર દોશી કર્માશાહ વચ્ચે **ગાઢ મૈત્રી** થઈ હતી. શાહજાદાએ ગૂજરાત જતાં પહેલાં દો૦ કર્માશાહ પાસેથી વાટ ખરચી માટે રકમ માગી. કર્માશાહે તેને વિના શરતે એક લાખ રૂપિયા આપ્યા.　　　(–પ્રક૦ ૪૫, પૃ૦ ૨૦૩)

जैनसाईट JAINSITE.com

**બહાદૂરશાહ** લઘુ મહમ્મદના મરણ બાદ સં૦ ૧૫૮૩ ના **મહા-માહ** શુદિ ૧૪ ના રોજ ગૂજરાતનો બાદશાહ બન્યો. (સં૦ ૧૫૮૨ થી ૧૫૯૩, સને ૧૫૨૬ થી ૧૫૩૭)

આ તરફ દો૦ **તોલાશાહ** "પોતાના પુત્રના હાથે શત્રુંજય-તીર્થનો ઉદ્ધાર થશે એવી ભાવના ભાવતા મરણ પામ્યા,

દો૦ કર્માશાહે આચાર્યશ્રીની **ભવિષ્યવાણી** પ્રમાણે પિતાની આજ્ઞા મુજબ શત્રુંજયતીર્થનો મોટો ઉદ્ધાર કરવાનો નિર્ણય કર્યો.

**ઉપા૦ વિનયમંડન** તેમને નિરંતર એ જ ઉપદેશ આપતા હતા. તપગચ્છના આ૦ વિજયદાનસૂરિ પણ જ્યારે ચિત્તોડ પધાર્યા ત્યારે દો૦ કર્માશાહને તીર્થનો જલદી ઉદ્ધાર કરવા માટે ઉપદેશ આપીને વધુ ઉત્સાહિત કરી ગયા હતા.

(–શત્રુંજય–નંદિવર્ધન જિન પ્રાસાદ પ્રશસ્તિ)

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

બહાદૂરશાહ અમદાવાદનો બાદશાહ બન્યો એવી ખબર મળતાં દો૦ કર્માશાહ અમદાવાદ આવ્યો. તે બાદશાહને મળ્યો અને શત્રુંજયનો ઉદ્ધાર કરી ત્યાં પોતાના ભગવાનની પ્રતિમા બેસાડવા તેની પરવાનગી—**ફરમાન** મેળવ્યું. ત્યાંથી તે ખંભાત ગયો. અને મહો૦ વિનયમંડનને ત્યાંથી પાલીતાણા જવા માટે વિનતિ કરી. પોતે પણ ચિત્તોડથી છ'રી પાળતો યાત્રાસંઘ લઈ પાલીતાણા ગયો. ત્યાં જઈ તેણે લલિતાસરોવરના કિનારે પડાવ નાખ્યો એ સમયે પાલીતાણાનો જાગીરદાર **મઝદખાં** હતો, "શત્રુંજયતીર્થ ફરી બને" તેમાં એની નારાજી હતી પરંતુ બાદશાહનું ફરમાન હોવાથી તે નિરુપાય હતો. તેને **નરસિંહ** અને **રવિરાજ** નામે બે **મંત્રીઓ** હતા. દો૦ કર્માશાહે તે બંનેને ધન—માનથી સંતુષ્ટ કરી પોતાના કામમાં મદદગાર બનાવ્યા.

આ૦ ધર્મરત્નસૂરિના શિષ્ય મહો૦ વિનયમંડનગણિ, તેમના શિષ્ય **પં૦ સૌભાગ્યમંડને** સં૦ ૧૬૦૧માં **સાધ્વી જયશ્રીને** ભણવા માટે "यशोभद्रप्रबंध" લખ્યો.

**૫૯. આ૦ વિદ્યામંડનસૂરિ**—તે આ૦ ધર્મરત્નસૂરિની પાટે આચાર્ય બન્યા. તે ચિત્તોડથી ખંભાત આવ્યા અને ત્યાંથી પાલીતાણા પધાર્યા.

ઉપા૦ વિનયમંડન તથા પં૦ વિવેકધીરગણિની દેખરેખ નીચે મહામાત્ય **બાહડે** બનાવેલા **મૂળતીર્થપ્રાસાદનો જીર્ણોદ્ધાર** શરૂ થયો. જિનપ્રાસાદ નવા જેવો સંપૂર્ણ બન્યો. તથા મહામાત્ય વસ્તુપાલે ભંડારમાં જે મમ્માણી પાષાણ મૂકી રાખ્યો હતો તેને બહાર કઢાવી ઉ૦ વિનયમંડન અને પં૦ વિવેકધીરગણિની દેખરેખ નીચે ભ૦ આદીશ્વરની મોટી **પ્રતિમા** તૈયાર કરાવી. સં. કર્માશાહે **આ૦ વિદ્યામંડનસૂરિ** વગેરે આચાર્યોના વરદ હસ્તે તે પ્રતિમાની અંજનશલાકા કરાવી સંઘ જમણ કર્યું.

દો૦ કર્માશાહે આ ઉદ્ધારમાં (૧) ભ૦ આદિનાથ અને (૨) ગણધર પુંડરિક સ્વામી એ બન્નેનાં બિંબો નવાં કરાવ્યાં હતાં.

સં૦ કર્માશાહે સં૦ ૧૫૮૭, શાકે ૧૪૪૩ ના વૈશાખ વદિ ૬ ને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રવિવારે **ધનલગ્નમાં** શુદ્ધ નવાંશમાં શત્રુંજય તીર્થમાં જીર્ણોદ્ધાર કરેલા પ્રાચીન જિનપ્રાસાદમાં આ૦ ધર્મરત્નસૂરિના પટ્ટધર **આ૦ વિદ્યામંડનસૂરિ** વગેરેના હાથે ભ૦ આદીશ્વરની નવી જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આ રીતે મંત્રી કર્માશાહે શત્રુંજય મહાતીર્થનો સોળમો (સાતમો) મોટો ઉદ્ધાર કરાવ્યો.

ચિત્તોડના સંઘવી કર્માશાહ દોશીએ વિ૦ સં૦ ૧૫૮૭ના વૈ૦ વ૦ ૫ ની રાત્રે છેલ્લા પ્રહરે વૈ૦ વ૦ ૬ ના પરોઢિયે શ્રી શત્રુંજય-તીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો હતો. દો૦ કર્માશાહે મુખ્ય જિન-પ્રાસાદને સુધરાવ્યો હતો તથા ભ. ઋષભદેવ અને ગ૦ પુંડરિક સ્વામી વગેરેની નવી પ્રતિમાઓ બનાવી બેસાડી હતી.

શ્રી શત્રુંજય તીર્થના આજ સુધી જે મોટા મોટા ઉદ્ધારો થયા હતા. તેની સોળ (૧૬) અને સાત (૭) એમ બે સંખ્યા મળે છે. તે આ પ્રમાણે.

(૧) ભરતચક્રવર્તીનો.
(૨) તેની જ પરંપરાના રાજા દંડવીર્યનો.
(૩) ઇશાનેન્દ્રનો.
(૪) માહેન્દ્ર (ચોથા સ્વર્ગના ઇંદ્ર)નો.
(૫) બ્રહ્મેન્દ્ર (પાંચમા સ્વર્ગના ઇન્દ્ર)નો
(૬) ચમરેન્દ્ર (ભવનપતિના સ્વર્ગના ઈંદ્ર)નો.
(૭) સગર ચક્રવર્તિનો.
(૮) વ્યંતરેન્દ્રનો.
(૯) ચંદ્રયશા રાજાનો
(૧૦) ભ૦ શાન્તિનાથના પુત્ર ચક્રાયુધનો.
(૧૧) રામચંદ્રજીનો.
(૧૨) પાંડવોનો.
(૧૩) વિ૦ સં૦ ૧૦૮ માં **જાવડશાનો.** પ્રતિ૦–યુ૦ પ્ર૦ આ૦ વજ્રસ્વામી.
(૧૪) વિ૦ સં૦ ૧૨૧૧ માં ગુજરાતના મંત્રી બાહડનો પ્રતિ૦ ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ.
(૧૫) વિ૦ સ૦ ૧૩૭૧ મહા૦ સુ. ૭ ગુરુને રોજ પાટણના સં૦ **સમરશાહ** ઓસવાલનો પ્રતિ૦ આ૦ કક્કસૂરિ.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૬) વિ૦ સં૦ ૧૫૮૭ વૈ. વ. ૬ ને રોજ ધનલગ્નમાં, શુદ્ધનવાંશમાં ચિત્તોડના દોશી કર્માશાહનો, પ્રતિ૦ તપાગચ્છના આ૦ વિદ્યામંડનસૂરિ, આ૦ હેમસોમસૂરિ તથા આ૦ સોમજયસૂરિ, આ૦ વિ૦ દાનસૂરિ ( પ્રક૦ ૩૫ પૃ૦ ૨૦૩ )

(ચંદ્રકુલના રાજગચ્છના આ૦ **ધનેશ્વરસૂરિએ** સં૦ ૪૭૭ માં વલભીરાજ્યના ૧૮ મા શિલાદિત્ય રાજાની વિનંતિથી વલભિમાં બનાવેલ "શ્લોકબદ્ધ શ્રી શત્રુંજય માહાત્મ્ય" સર્ગ. ૧૫, સર્ગ. ૧ + ૧૧ થી ૧૫, ૧૫ + ૨૮૭, ૨૮૯, ૧૫ + ૩૪૯ )

તપાગચ્છ રત્નશાખાના ભ૦ દાનરત્નસૂરિના આજ્ઞાધારી ઉ૦ માનરત્ન ગણિના શિષ્ય પં૦ **હંસરત્ને** સં૦ ૧૭૮૨ વૈ. સુ. ૩ ને રોજ ભ૦ પાર્શ્વનાથની કૃપાથી **રાજદ્રંગમાં** ગદ્ય સંસ્કૃતમાં "શત્રુંજય માહાત્મ્ય" અધિકાર ૧૫, ગ્રં૦ ૮૫૫૦ બનાવ્યું.

(વૃદ્ધ તપા ભ૦ ધનરત્નસૂરિના ઉપા૦ ભાનુમેરુ ગણિના શિષ્ય પં૦ **નયસુંદરગણિએ** સં૦ માં બનાવેલ શત્રુંજય ઉદ્ધાર રાસ )

(લોકપ્રિય કવિ પં૦ વીરવિજયજી મ. ની ૯૯ પ્રકારી પૂજા )

**સાત (૭) મોટા ઉદ્ધારો :—**

(૧) ભરત ચક્રવર્તિનો.
(૨) સગર ચક્રવર્તિનો.
(૩) પાંડવરાજ યુધિષ્ઠિરનો.
(૪) સં૦ ૧૦૮ માં જાવડશાહનો.
(૫) સં૦ ૧૨૧૧ માં મંત્રી બાહડદેવનો.
(૬) સં૦ ૧૩૭૧ માં સં. સમરાશાહનો.
(૭) સં૦ ૧૫૮૭ માં દોશી કર્માશાહનો.

((૧) શત્રુંજય ઉપરની દો૦ કર્માશાહના ઉદ્ધારની પં૦ લાવણ્ય સમય ગણિ કૃત પ્રશસ્તિ. (પ્રક૦ ૩૫ પૃ૦ ૨૦૪)

(૨) મૂળનાયકની જિન પ્રતિમાનો પ્રતિમા લેખ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) કવિ લાવણ્યસમયકૃત શત્રુંજયઉદ્ધાર સ્તવન આદિનાથ ભાસ કડી–૨૧ તેમાં વૈ. વ. ૫ ની પ્રતિષ્ઠા બતાવી છે.

(૪) કવિ દેપાળ કૃત જાવડભાવડરાસ પ્રાચીનસ્તવનમાળા સંગ્રહ (તેમાં કવિએ જણાવ્યું છે કે પોરવાડ જાવડે ચોથો ઉદ્ધાર કરાવ્યો.)

આ તીર્થપ્રતિષ્ઠાના ઉત્સવમાં આ૦ સોમજયસૂરિ વગેરે ૧૦ આચાર્યો અહીં હાજર હતા. તેઓએ સર્વાનુમતે ઠરાવ કર્યો કે આ શત્રુંજયતીર્થ મહાતીર્થ છે અને ૮૪ ગચ્છોનું **શ્વેતાંબર જૈન તીર્થ** છે (જૂની૦ ગુજ૦ ગદ્યપટ્ટાવલી) (પ્રક૦ ૩૫, પૃ૦ ૨૦૪, ૨૦૫)

૫૭. **આ૦ ઉદયવલ્લભસૂરિ**–તેમનું બીજું નામ **આ૦ ઉદયસાગર** પણ મળે છે. તે પ્રભાવશાળી હતા. તેમના શિષ્યો **વિદ્વાન્** હતા. તેમના શ્રમણીસંઘમાં સાધ્વીજી **રત્નચૂલા** મહત્તરા અને સાધ્વી **વિવેકશ્રી** પ્રવર્તિની વગેરે વિદુષી તેમજ વ્યાખ્યાત્રી હતાં.

**પરિવાર**–એ સમયે તપાગચ્છની વડી પોષાળ શાખામાં મંત્રી ધનરાજ, મંત્રી સંગ્રામ, મંત્રી માંડણ સોની અને કેલ્હા પોરવાડ વગેરે શ્રાવકો મહાવિવેકી અને ધનાઢ્ય હતા.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આચાર્યશ્રીના ઉપદેશથી સં૦ ૧૫૫૬માં હમીરગઢના જીરાવલા પાર્શ્વનાથના જિનાલયમાં સં૦ રત્નપાલની પત્નીએ દેરીઓ કરાવી.

૫૮. **આ૦ જ્ઞાનસાગરસૂરિ**–તેમના સં. ૧૫૨૫ થી સં૦ ૧૫૩૧ સુધીના પ્રતિમાલેખે મળે છે. તેમણે સં૦ ૧૫૧૭માં વિમલનાથચરિત્ર રચ્યું.

આ૦ જ્ઞાનકલશના ઉ૦ ચરણકીર્તિના શિષ્ય પં૦ વિજયસમુદ્ર ગણિને શેઠ કેશવ પોરવાડની પત્ની **દેમતી**, તેના પુત્ર પોરવાડ મંત્રી ગુણરાજની પત્ની રૂપિણી, તેના પુત્ર પાસા વગેરે સાથે સં૦ ૧૫૧૪ ના મહા સુદિ ૨ ને સોમવારે કલ્પસૂત્ર વહોરાવ્યું.

(—શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં. ૭૫)

નાથા શ્રીમાલીની પત્ની લાખુએ સં૦ ૧૫૧૫ ના અષાડ સુદિ ૫ ને ગુરુવારે માંડવગઢમાં પૃથ્વીચન્દ્રચરિત્ર પ્રાકૃતનું ટિપ્પન સાથે લખાવી ભ૦ જ્ઞાનસાગરસૂરિને વાંચવા આપ્યું.

## લોંકામત

તેમના **લહિયા લોંકાએ** સં૦ ૧૫૨૮ માં તીર્થ, પ્રતિમા પૂજા, પૌષધ, પચ્ચક્ખાણુ વગેરે અનેક વિધિમાર્ગનો લોપ કરી **લોંકામત** ચલાવ્યો. એ સમયથી જૈન સંઘની શુદ્ધિ અને સંગઠનની વ્યવસ્થા તૂટી ગઈ.[1] (—જૈન સત્યપ્રકાશ, ક્રં૦ ૧૪૭)

૫૯. **ભ૦ ઉદયસાગર**—તેઓ **જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિના** સમયના ભટ્ટારક હતા. તેમની પાટે ૧ આ૦ લબ્ધિસાગર અને ૨ આ૦ શીલસાગર થયા.

૬૦. **ભ૦ લબ્ધિસાગર**—તેમણે સં૦ ૧૫૫૭ માં શ્રીપાલકથા અને ધ્વજભુજંગમરાસ રચ્યો, તેમના શિષ્ય આ૦ **સૌભાગ્યસાગરે**–આ૦ સૌભાગ્યરત્ને ચંપકમાલારાસ રચ્યો.

આ૦ લબ્ધિસાગરના ઉપદેશથી અને પં૦ ગુણસાગર તેમજ પં૦ ચારિત્રવલ્લભની પ્રેરણાથી શા૦ દેવધર શ્રીમાળીના વંશમાં થયેલા સાધુ **ચોથાએ** સં૦ ૧૫૬૮ માં અમદાવાદમાં **ગ્રંથભંડાર** સ્થાપન કર્યો, અને ૪૫ આગમો લખાવ્યાં. એજ વંશના શા૦ **મેઘાની** પુત્રી લાડકીના પુત્ર સોનપાલે કાર્તિક સુદિ ૫ના દિવસે જૈન ગ્રંથભંડાર સ્થાપન કર્યો, જેમાં સુવર્ણાક્ષરી પ્રતિઓ પણ લખાવી હતી.

(જૈ૦ સ૦ પ્ર૦ ક્રં૦ ૧૧૫, ૧૩૦, ૧૩૧.)

આ આચાર્યના ઘણા પ્રતિમા લેખો મળે છે. આ૦ લબ્ધિસાગરસૂરિ શિષ્ય **મહો૦ ચારિત્રસાગર ગણિ** સં૦ ૧૫૪૩ ના ચૈત્ર સુદિ ૧૦ ને ગુરુવારે પાટણમાં હતા. પં. ચારિત્રસિંહ શિષ્ય પં. શાંતિમંદિર સં. ૧૫૬૫ પો૦ વ૦ ૦)), બીજા શિષ્ય પં૦ વિશાલસુંદર સં૦ ૧૫૮૬.

આ૦ લબ્ધિસાગરસૂરિ શિષ્ય મહો૦ મેરુસુંદરગણિ શિષ્ય પં૦ લક્ષ્મીસુંદર સં૦ ૧૫૯૭ના મહા વદિ ૮ બુધવારે ઈડર દુર્ગમાં હતા.

મહો૦ પદ્મચંદ્રગણિ શિષ્ય પં૦ ભાવચંદ્રગણિએ સં૦ ૧૬૦૩ના પોષ

---

૧. લોંકાગચ્છ માટે જૂઓ પ્રક૦ ૫૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુદિ ૧૪ ને મંગળવારે ઘોઘપુર (ઘોઘા કે ઘોઘલા) માં माघकाव्य सटीक લખ્યું. (–શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨ પ્ર૦ ૩૬૯ )

૬૧. **ભ૦ ધનરત્ન**–તેમના શિષ્ય આ૦ સૌભાગ્યસાગર–આ૦ સૌભાગ્યરત્નસૂરિએ चंपकमालारास રચ્યો. આ સૌભાગ્યરત્નનો સં૦ ૧૫૮૪ ના ચૈત્ર વદિ ૬ ને ગુરુવારનો चतुर्विंशतिपट्टलेख મળે છે. તેમની પરંપરામાં પં૦ ઉદયધર્મ, પં૦ જયદેવ, પં૦ લાવણ્યદેવ વગેરે થયા. તેમના પ્રશિષ્ય પં૦ નયસિંહે चोवीशी-स्तवन રચ્યાં.

આ૦ કલ્યાણરત્નસૂરિના શિષ્ય મહો૦ જયમંદિરગણિ ( જયદેવગણિ ) ના શિષ્ય મહો૦ વિદ્યારત્નગણિ સં૦ ૧૬૦૪ મહા વદિ ૫ ના રોજ વિદ્યમાન હતા.

તેમના શિષ્ય ઉ૦ કનકસુંદરગણિ જે ભ૦ દેવરત્નના ભ૦ જયરત્નના ઉપાધ્યાય હતા. તેમણે સં૦ ૧૬૬૩ માં સગાલશા રાસ, સં૦ ૧૬૬૬ માં દસવેયાલિયસુત્તનો ટબો ગ્રં–૭૦૦ બનાવ્યો.

વીજાપુર સંઘે સં૦ ૧૮૮૬ ના વૈશાખ સુદિ ૭ ના રોજ ગુરુવારે તપાગચ્છની વૃદ્ધશાખાના પં૦ ફત્તેહસુંદરગણિ અને પં૦ શ્રી હિતસુંદરગણિની ચરણપાદુકા બનાવી. જે વીજાપુરમાં પદ્માવતીના દેરાસરમાં વિદ્યમાન છે.

૬૨, **ભ૦ અમરરત્ન**–આ૦ અમરરત્નનું બીજું નામ આ૦ સુરરત્ન, આ૦ તેજરત્ન પણ મળે છે.

૬૩. **ભ૦ દેવરત્ન** આ ધનરત્ન અથવા આ૦ ધનરાજના શિષ્ય **પં૦ ભાનુમેરુએ** चंदनमाला-सज्झाय ( કડી–૧૭ ) બનાવી.

પં૦ ભાનુરત્નને **૧ માણેકરત્ન** અને ૨ **નયસુંદર** એમ બે શિષ્યો હતા. **કવિ નયસુંદરે** સં૦ ૧૬૩૭ માં रुपचंदरास સં૦ ૧૬૩૮ ના આસો સુદિ ૧૩ ને મંગળવારે અમદાવાદમાં शत्रुंजयउद्धाररास, आत्मप्रबोध-सज्झाय (ઢાળઃ ૮ ) વગેરે રાસાઓ અને ઢાળો બનાવી. પં૦ નયસુંદરની શિષ્યા **સાધ્વી હેમશ્રીએ** સં૦ ૧૬૪૪ માં कनकावतीआख्यान રચ્યું. સં૦ ૧૬૦૮ માં વૃદ્ધ તપાગચ્છમાં ભ૦ **જિનકીર્તિસૂરિ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ સૌભાગ્યસુંદરગણિ, તેમના શિષ્ય ઓધો વગેરે હતા.

૬૪. **ભ૦ જયરત્નસૂરિ**—તેમણે સં૦ ૧૬૬૬ માં દસવેયાલિય-સુત્ત-ટબો, ગ્રં૦ ૨૨૦૦ રચ્યો. તેમાં તેમણે વૃદ્ધતપાગચ્છની પરંપરાની પ્રશસ્તિ આપી છે, ભ૦ જયરત્નસૂરિના મહો૦ વિદ્યારત્ન ગણિ, તેમના શિષ્ય કનકસુંદરે નાયાધમ્મકહા–ટબો રચ્યો. તેમાં તેમણે વૃદ્ધ તપાગચ્છની પરંપરા–પ્રશસ્તિ આપી છે.

(—ચિંતામણિજી ભંડાર, આગરા, પોથી નં૦ અ–૭ પૃ૦ ૪૦૮)

૬૫. **ભ૦ કીર્તિસૂરિ**—સ્વ૦ સં૦ ૧૭૨૦.

૬૬. **ભ૦ રત્નકીર્તિ**—સ્વ૦ સં૦ ૧૭૩૪ ના પોષ વદિ ૨. તેમને ઉ૦ **સુમતિરત્ન** વગેરે ચાર શિષ્યો હતા. તેમના શિષ્ય **ઉપા૦ રાજસુંદર**ના શિષ્ય પં૦ **પદ્મસુંદરે** ભગવતીસુત્ત–ટબો રચ્યો.

૬૭. **ભ૦ ગુણસુંદર**—અમદાવાદના સંઘે સં૦ ૧૭૩૪ માં આ૦ રત્નકીર્તિના ચોથા શિષ્ય પં૦ ગંગવિજયને ભ૦ રત્નકીર્તિના પટ્ટધર બનાવી **આ૦ ગુણસુંદર** નામ આપ્યું.

(—ગુર્વાવલી, વડીપોષાલ પટ્ટાવલી, પટ્ટાવલી-સમુચ્ચય, ભા૦ ૨, પુર૦ પૃ૦ ૨૪૦–૪૧)

૭૦. ભ૦ આ સમયે સં૦ ૧૮૭૭ ના વૈશાખ વદિ ૩ ના રોજ પુણ્યસાગર શિષ્ય પં૦ બુદ્ધિસાગરગણિ વિદ્યમાન હતા. (–સોહમકુલ પટ્ટાવલી)

## તપાગચ્છ લઘુપોષાળની પટ્ટાવલી

(૪૦) આ૦ **જગચ્ચંદ્રસૂરિના** મુખ્ય પટ્ટધર આ૦ **દેવેન્દ્રસૂરિ** ખંભાતમાં નાની પોષાળમાં રહ્યા હતા. તેમની શ્રમણપરંપરા સં૦ ૧૩૧૯ માં ખંભાતથી **તપાગચ્છ લઘુ પોષાળ** એવા નામથી વિખ્યાત થઈ. તેમની આ શ્રમણ પરંપરા આજ સુધી અવિચ્છિન્ન રૂપે ચાલુ–વિદ્યમાન છે. બીજા નાના–મોટા ગચ્છો અને વૃદ્ધતપાગચ્છ પણ તેમાં ભળી ગયા છે. તે પરંપરાના પટ્ટધર, આચાર્ય અને મુનિવરોની બીજી ઐતિહાસિક વિગત હવે પછીના તે તે પટ્ટધરોના

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૫ વગેરે પ્રકરણમાં વિસ્તારથી આપેલ છે. તે તેમાંથી વાંચી લેવી.

## રાજાવલી પ્રારંભ

વિક્રમની બીજી સહસ્રાબ્દી પછીના ઘણા જૈનાચાર્યો, જૈનધર્મ-પ્રેમી રાજાઓ; અને મંત્રીઓ સાથે જુદા જુદા દેશના ઘણા રાજાઓનાં નામો સંકળાયેલાં છે, અધુરા લેખકો ઘણીવાર તે તે રાજાઓની હયાતી કે કાલસામ્ય વગેરે બાબતોમાં કલ્પિત વિસંવાદ ઉઠાવે છે, આથી સામાન્ય વાચકો શંકામાં પડી જતાં મૂંઝાય છે, તેથી અહીં પહેલાં તે તે રાજાઓ અને રાજવંશોની બાબતમાં સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. માટે અમે અહીં ઘણા રાજવંશોની **તાલિકા** આપી છે. લેખકો અને વિચારકો આમાંથી ઘણો ખુલાસો મેળવી શકશે. અને ઇતિહાસને ન્યાય આપી શકશે. અહીં અમે **ટૂંકી રાજાવલી** આપીએ છીએ.

जैन साईट JAINSITE

## શિશોદિયા વંશ

(અનુસંધાન : પ્રકરણ : ૨૩, પૃષ્ઠ : ૩૮૬ થી ૩૮૯)

શિશોદિયા રાજાવલી : ૧૧ **રાજા ખુમાણ** પહેલો (ભા૦ ૧, પૃ૦ ૨૬, પૃ૦ ૪૧૩) (પ્ર૦ ૩૪, પૃ૦ ૫૮૯), ૧૩ **રાજા ભર્તૃભટ્ટ** (ભા૦ ૧, પ્ર૦ ૩૧, પૃ૦ ૪૭૧), ૧૭ **રાણા ખુમાણ ત્રીજો** (ભા૦ ૧, પ્ર૦ ૩૨, પૃ૦ ૫૪૧), ૧૯ **રાણો અલ્લટ** (ભા૦ ૧, પ્ર૦ ૩૪, પૃ૦ ૫૬૭–૫૮૯) રાજા ભુવનપાલ (ભા૦ ૧, પ્ર૦ ૩૪, પૃ૦ ૫૯૧), ૩૫ રાણો **રણસિંહ,** પૌત્ર રાણો ધીરસિંહ (ભા૦ ૨, પ્ર૦ ૪૧ પૃ૦ ૬૪૨)નો પરિચય પહેલાં આવી ગયો છે.

વિક્રમની બારમી સદીથી **શિશોદિયા રાજવંશ** નીચે પ્રમાણે મળે છે.

શિશોદિયાવંશમાં ચિત્તોડની ગાદીએ અનુક્રમે ૩૫ રાણો રણસિંહ, ૩૬ ક્ષેમસિંહ, ૩૭ સામંતસિંહ, ૩૮ કુમારસિંહ, ૩૯ મદનસિંહ, ૪૦ પદ્મસિંહ થયા હતા.

**૪૧. રાણો જૈત્રસિંહ:**– રાણો જૈત્રસિંહ રાજા થયો, આ રાણાનાં જયતલ, જયમલ, જયસિંહ, અને જૈત્રસિંહ, નામો મળે છે. તેને

**જગતસિંહ** નામે મહામાત્ય હતો. રાણા **જૈત્રસિંહ**નો સમય વિ૦ સં૦ ૧૨૭૦ થી ૧૩૦૯ છે. જૈત્રસિંહે ૭ લડાઈઓમાં વિજય મેળવ્યો હતો. (સુખ સંપતરાય ભંડારી કૃત 'ભારતીય રાજ્યોંકા ઇતિહાસ')

દિલ્હીના બાદશાહે મેવાડમાં નાગદ્રહના રસ્તે થઈ ગુજરાત ઉપર હલ્લો કરવાની ગોઠવણ કરી હતી. એ સમયે રાણા જૈત્રસિંહે તેની સામે લડીને એ સૈન્યને પાછું હઠાવ્યું હતું. તેણે આ૦ **જગચ્ચંદ્રસૂરિ**ને સં૦ ૧૨૮૫ ના વૈશાખ સુદિ ૩ ના દિવસે આહડનગરમાં '**તપા**'નું માનવંતુ **બિરુદ** આપ્યું, એ સમયથી તે આચાર્યનો સમુદાય '**તપાગચ્છ**' નામથી પ્રસિદ્ધ પામ્યો, રાણો જૈત્રસિંહ અને તેની **રાણી** પરમ જૈન બન્યાં હતાં. તે પછી તેની ત્રણ પેઢીઓ સુધી રાણા અને રાણીઓએ જૈનધર્મનું પાલન કર્યું.

રાણાએ "મેવાડમાં જ્યાં જ્યાં કિલ્લો બને ત્યાં ત્યાં પહેલાં ભ૦ ઋષભદેવનું મંદિર બનાવવું અને તપાગચ્છના આચાર્યોને માનવા, પૂજવા; રાજ્યના રસાલાથી તેમનો રાજધાનીમાં પ્રવેશ કરાવવો એવી **મર્યાદા** બાંધી હતી," જે આજ દિન સુધી ચાલુ હતી. યુવરાજ **કુંભાજી**નું એક **ફરમાન** મળે છે, તેમાં આ અંગે સ્પષ્ટતા મળે છે, તે ફરમાન આ પ્રમાણે છે.—

स्वस्ति श्री एकलिंगजी परसादातु महाराजाधिराज महाराणाजी श्री **कुंभाजी** आदेसातु मेदपाटरा उमराव थावोदार कामदार समस्त महाजन पंचकास्य अप्रं आपणे अठे श्रीपूज तपागच्छका तो देवेन्द्रसूरिजीका पंथका तथा पुनम्यागच्छका (पूर्णतल) हेमाचारजजी को परमोद है। धरमज्ञान बताश्रो सो अठे अणांको पंथको होवेगा जाणीने मानागा पूजागा। परथम (प्रथम) तो आगेसु ही आपणे गढ कोटमें नींव दे जद पहीला श्रीरिषभदेवजीरा देवराकी नींव देवाडे है, पूजा करे हे, अपे अजुही मानेगा, सिसोदा पगका होवेगा ने सुरेपान (सुरापान) पीवेगा नहि और धरम मुरजादमें जीव राखणो, या मुरजादा लोपगा जणीने महासत्ता (महासतियों) की आण है और फेल करेगा जणीने तलाक है, सं० १४७१ काती सु० ५॥

(—અયોધ્યાપ્રસાદ ગોયલીય કૃત રાજપૂતાને કે જૈન વીર, પૃ૦ ૩૪૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શેઠ હેમચંદ-હેમરાજ–**

આ નામના ઘણા જૈન શ્રેષ્ઠીઓ થયા. તેમાંના કેટલાકની વિગત આ પ્રમાણે મળે છે.—

**૧. શેઠ હેમરાજ :–** (જુઓ પ્રક૦ ૩૮ પૃ૦ ૩૫૫.)

**૨. શેઠ હેમચંદ :–** તેણે શિશોદિયા રાણા જૈત્રસિંહ (સં૦ ૧૨૭૦ થી ૧૩૦૯)ના રાજ્યમાં મહામાત્ય **જગત્‌સિંહના** સમયે આહડમાં "સમસ્ત જૈન સિદ્ધાંત" લખાવ્યાં. આમાંના ઘણા આગમો ખંભાતમાં શાંતિનાથના ભંડારમાં મોજુદ છે. તે આ૦ દેવેન્દ્રસૂરિનો શ્રાવક હતો. તે ચિત્તોડનો વતની હતો (પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૯)

**૩. મહામાત્ય હેમરાજ :–** તે સંઘપતિ **રત્નાશાહની** પત્ની સં૦ રત્નાબાઈનો પુત્ર હતો, બુદ્ધિશાળી હતો, પ્રાકૃત–સંસ્કૃત ભાષાનો જાણકાર હતો. રાજવ્યવહારમાં નિપુણ હતો, ધર્મપ્રેમી જૈન હતો, સંઘવી હતો જૈનદર્શનના વિવિધ વિષયનો અભ્યાસી હતો. આ૦ **સોમતિલકસૂરિ** (સં૦ ૧૩૭૩ થી ૧૪૨૪)એ સં૦ ૧૩૮૭ માં સં૦ હેમરાજની વિનતિથી "સત્તરિસયઠાણ" ગા૦ ૩૫૯નો ટબ્બો રચ્યો હતો. (–પ્રક૦ ૪૮, ગ્રંથે.)

તે **આ૦ દેવસુંદરસૂરિનો** શ્રાવક હતો. તે ઘરવ્યવહારથી અલિપ્ત રહેતો હતો. અને જૈન ધર્મના પ્રચાર માટે સર્વ પ્રકારે **આગેવાની ભર્યો** ભાગ લેતો હતો. આ૦ **મુનિસુંદરસૂરિ** સં૦ ૧૪૬૬માં એના વિશે આ પ્રકારે જણાવે છે.—

सर्वपदस्थाः प्रायो यतयः श्राद्धाश्च मन्त्रि**हेमाद्याः** ।
धर्मकथा लब्धिभृतः करन्ति जिनधर्मसाम्राज्यम् ॥ ४४१ ॥

एषां शुद्धवचःप्रबुद्धहृदया मन्त्रीश **हेमादयो**
निःसङ्गाः स्वजनादिपूज्झितगृहारम्भाऽनवद्यक्रियाः ।
तैस्तैः स्वैश्चरितैरुदारललितैर्धर्मोपदेशामृतैः
प्रौढिं संगमयन्त्यहो ? तदभयाऽऽनन्दादिवच्छासनम् ॥ ४७६ ॥

(गुर्वावली)

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**૪. શેઠ હેમચંદ જૈન :**– પિપ્પલકગચ્છના આ૦ **ધર્મપ્રભસૂરિના** સમયે **સારંગદેવ** રાજા હતો. અને ગુંદીનો સૂબો **ઠાકુર સાધુ** હતો. એ સૂબાનો શેઠ **હેમચંદ જૈન મંત્રી** હતો. શેઠ હેમચંદે સં૦ ૧૪૪૭માં આ૦ ધર્મપ્રભસૂરિના હાથે શ્રી ચંદ્રપ્રભ ભ૦ના જિનાલયની પ્રતિષ્ઠા કરાવી, અને આચાર્યશ્રીને ચોમાસુ રાખી, તેમની પાસે કલ્પસૂત્ર સાંભળ્યું. તથા શ્રી ચંદ્રપ્રભ ભ૦ના જિનપ્રાસાદમાં મહાવીરસ્વામીનો **જન્માભિષેક** મહોત્સવ કર્યો. (પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૩)

**૫. હેમૂ વિક્રમાદિત્ય :**– તે શરૂઆતમાં જોનપુરના નવાબની સેનાનો **મોદી** હતો. તે ધીમે ધીમે આગળ વધીને છેવટે દિલ્હીની ગાદીએ બેઠો અને **બાદશાહ** બન્યો. તે ભારતનો છેલ્લો સાર્વભૌમ હિંદુ બાદશાહ હતો. (વિશેષ માટે જૂઓ, પ્રક૦ ૪૪, દિલ્હીનો મોગલવંશ રાજકાળ ૭–૮ )

**૬. દોશી હેમજી :**– આ૦ સોમજયસૂરિએ દો૦ હેમજી વગેરેના આગ્રહથી આ૦ જિનકીર્તિસૂરિની પરંપરાના પં૦ મહીસમુદ્ર ગણિ વગેરેને ઉપાધ્યાય બનાવ્યા હતા. ( પ્રક૦ ૫૦, આ૦ જિનકીર્તિસૂરિ )

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

**૭. સં૦ હેમરાજ :**– તેમણે સં૦ ૧૬૫૭ના મહા માસમાં "મારવાડથી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ" કાઢ્યો હતો; જેમાં ૧૨૦૦ ગાડી, ૫૦૦ હાથી, ૫૦૦ ઊંટ, ૫૦૦ ઘોડા, ૭૦૦ પગપાળા સુભટો વગેરે સાથે હતા. તેણે શંખેશ્વરમાં **ભ૦ વિજયસેનસૂરિ** અને નવા આ૦ **વિજયદેવસૂરિને** વંદન કર્યું હતું. ( પ્રક૦ ૫૯ )

**૮. નગરશેઠ હેમાભાઈ :**– તે અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વંશના નગરશેઠ વખતચંદના પુત્ર હતા. ( વિશેષ માટે જૂઓ પ્રક૦ ૫૮; નગરશેઠ વંશ )

**૯, હેમરાજ :**– તેણે કચ્છમાં જૈનોમાં એક નવો મત ચલાવ્યો હતો.

**૧૦. શેઠ હેમરાજ :**– તે કચ્છના **અંગિયા** ગામનો **નગરશેઠ** હતો. અને ત્યાંના બાર ગામના ગાદીધર **પીર બાવાનો** માનીતો **કામદાર** હતો. તે તપગચ્છનો આગેવાન જૈન હતો. તેણે ગુરુદેવ

**શ્રી ચારિત્રવિજયજી** (જૈન ગુરૂકુળના પ્રતિષ્ઠાપક) **મ૦**ના ઉપદેશથી સં૦ ૧૯૭૪માં સજોડે અંગિયામાં શીલવ્રત અંગીકાર કર્યું હતું. ગુરુમહારાજના ઉપદેશથી અને તેમની પ્રેરણાથી અંગિયાના ગાદીપતિ પીરબાવાએ તેમજ તેની જમાતે-પરિવારે માંસ-મદિરાનો સર્વથા ત્યાગ કર્યો હતો. શેઠ હેમરાજને ૧ મોનજી, ૨ ટોકરશી, નામે પુત્રો થયા, તેમને બીજો પૌત્ર-પરિવાર વિદ્યમાન છે. (પ્રક૦ ૭૫)

**૪૨. રાણો તેજસિંહજી :-** તેને **જયતલ્લદેવી** નામે રાણી હતી, અને **સમરસિંહ** નામે યુવરાજ હતો. રાણા સમરસિંહે આ૦ જગચ્ચંદ્રસૂરિના પટ્ટધર આ૦ **દેવેંદ્રસૂરિ** તથા આ૦ જગચ્ચંદ્રસૂરિના ઉપાધ્યાય દેવભદ્રગણિના શિષ્ય પં૦ **અજિતપ્રભ ગણિ**-અમિતસૂરિના ઉપદેશથી રાજ્યમાં અમારિ પળાવી હતી.[1]

રાણા કુંભાજીના ફરમાનથી સ્પષ્ટ જાણી શકાય છે કે, આ૦ દેવેંદ્રસૂરિનો મેવાડના રાણાઓ ઉપર મોટો પ્રભાવ હતો, રાણી જયતલ્લદેવી અને મેવાડના નરકેશરી રાણા **સમરસિંહે** આ૦ દેવેંદ્રસૂરિના ઉપદેશથી ચિત્તોડના કિલ્લામાં "શામળીયા પાર્શ્વનાથનું જૈનમંદિર" બંધાવ્યું હતું.[2]

जैन साईट
JAINSITE
जैनम् जयति शासनम्

**૪૩. રાણો સમરસિંહ :-** સં૦ ૧૩૫૬. તે જૈનધર્મી રાજા હતો અને તેની રાણી પણ જૈનધર્મ પાળતી હતી.

૪૪. રાણો ભુવનસિંહ, ૪૫. જયસિંહ, ૪૬. લક્ષ્મીસિંહ:- મૃત્યુ સં૦ ૧૩૬૦, ૪૭. અજયસિંહ, ૪૮. ભ્રાતા અરિસિંહ-મૃત્યુ સં૦ ૧૩૬૦, ૪૯. **રાણો હમીરસિંહ**, ૫૦. ખેતસિંહ, ૫૧. રાણો લાખાજી (લક્ષરાજ)

---

૧. અમિતસૂરિ-તે ઉપા૦ દેવભદ્રગણિના શિષ્ય પં૦ અજિતપ્રભગણિ છે. તેઓ સં૦ ૧૨૯૨ માં વીજાપુરમાં ચોમાસુ હતા.

(—જૂઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૯)

૨. રા૦ બા૦ ગૌરીશંકર ઓઝા લખે છે કે, तेजसिंह की रानी जयतल्लदेवीने, जो समरसिंह की माता थी, चित्तोड पर श्याम पार्श्वनाथजी का मंदिर बनवाया। —राजपूतानेका इतिहास पृ० ४७२

૫૨. **રાણો મોકલસિંહ** :—રાજગચ્છના **આ૦ પ્રદ્યુમ્નસિંહસૂરિ** તથા તર્કપંચાનન **આ૦ અભયદેવસૂરિએ** ચિત્તોડની રાજસભામાં દિગંબરવાદીને હરાવ્યો હતો, રાણા અલ્લટરાજે તેના સ્મારક તરીકે ચિત્તોડના કિલ્લામાં જૈન કીર્તિસ્તંભ બંધાવ્યો હતો, રાણા **મોકલસિંહે** સં૦ ૧૪૮૫માં અમદાવાદના અહમ્મદશાહ સુલતાનના માનીતા **સંઘપતિ ગુણરાજ** પાસે તે કીર્તિસ્તંભનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો અને તેની જ પાસે "ભ૦ મહાવીર સ્વામીનું દેરાસર" બંધાવ્યું હતું. આ કીર્તિસ્તંભ તથા જિનાલય આજે પણ ત્યાં વિદ્યમાન છે.

(રોયલ એશિઆટિક સોસાયટી જર્નલ પુ૦ ૩૩મું ઇ. સ. ૧૯૦૮ પ્રક૦ ૩૪ પૃ૦ ૫૮૯, ૬૦૪, પ્ર૦ ૩૫, પૃ૦ ૧૭ તથા પ્ર૦ ૪૫ :— સં૦ વિશલશાહનો વંશ, પ્રક૦ ૫૦, આ૦ સોમસુંદરસૂરિ.)

૫૨. **રાણો સંગ** :— આ રાણો અને ચિત્તોડના દોશી તોલાશાહ બંને મિત્રો હતા. વૃદ્ધતપાગચ્છના (૫૮) ભ૦ **ધર્મરત્નસૂરિ** અને રણથંભોરના મંત્રી ધનરાજ વગેરે છ'રી પાળતા યાત્રાસંઘ સાથે આબૂ વગેરેની યાત્રા કરી ચિત્તોડ પધાર્યા. ત્યારે રાણા સંગે આ સંઘનું મોટું સ્વાગત અને સન્માન કર્યું હતું. (પ્રક૦ ૪૪ પૃ૦ ૨૦,)
(પ્રક૦ ૪૫ અભયસિંહ પોરવાડનો વંશ)

૫૩. **રાણો કુંભોજી** :— તેણે રાણકપુર વસાવ્યું, અને સં૦ ૧૪૯૬માં રાણકપુરમાં સંઘપતિ ધરણાશાહ પોરવાડે બંધાવેલા ત્રૈલોક્ય જિનપ્રાસાદમાં પાષાણના બે સ્થંભો ઊભા કરાવ્યા, જે આજે એવા સ્વરૂપમાં વિદ્યમાન છે.

રાણો કુંભોજી આ૦ **સોમસુંદરસૂરિ,** આ૦ કમલકલશસૂરિ, આ૦ સોમજયસૂરિ વગેરેનો ભક્ત હતો. રાણા મોકલજી તથા રાણા કુંભાજીનું સં૦ ૧૪૭૧નું **ફરમાન** શિશોદિયા વંશના જૈનધર્મના પ્રેમનું પ્રતીક છે. (પ્ર૦ ૪૪ પૃ૦ ૩૦) રાણો કુંભોજી સં૦ ૧૫૦૩ માં મરણ પામ્યો.

૫૪. **રાણો રાયમલજી** :— તે રાણા કુંભાજીનો પૌત્ર હતો. તેણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"દેવકુલપાટણ"ને વિકસાવ્યું હતું. દેવકુલપાટણમાં આજે મોટા **૪ જિનપ્રાસાદો છે.**

રાણો રાયમલજી સં૦ ૧૫૭૫માં મરણ પામ્યો.

૫૫. **રાણો સંગ્રામસિંહ**

૫૬. **રાણો રત્નસિંહ** :– આ રાણાના સમયમાં ચિત્તોડમાં કો૦ તોલાશાહ, **સં૦ કર્માશાહ** વગેરે થયા હતા. સં૦ **કર્માશાહે** સં૦ ૧૫૮૭ના વૈશાખ વદિ ૬ના રોજ શત્રુંજયતીર્થનો ૧૬મો જીર્ણોદ્ધાર કરાવ્યો. (પ્રક૦ ૪૪ પૃ૦ ૨૦–૨૨, પ્રક૦ ૩૫ પૃ૦ ૨૦૨)

૫૭. **રાણો વિક્રમજિત**

૫૮. **રાણો ઉદયસિંહ** :– તેણે આશરે સં૦ ૧૬૨૫માં **ઉદયપુર** વસાવી ત્યાં **રાજગાદી** સ્થાપી હતી.

**૫૯. રાણો પ્રતાપસિંહ** :– તે હિંદુપત (વટ) રાખનાર ટેકીલો રાજપૂત કેસરી રાણો હતો. તે જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિ તથા તેમના શિષ્યોને બહુ માનતો હતો, તેણે સં૦ ૧૬૪૩–૪૪માં ચામુંડેરીથી આચાર્યશ્રીને ચિત્તોડ અને ઉદયપુર પધારવા મેવાતના **મસુંદ** ગામે નિમંત્રણ પત્ર લખી મોકલ્યો હતો. તે પત્ર આ પ્રમાણે છે–

જૈન સાઈટ JAINSITE .com જયતુ જ્યોતિ શાસનમ્

स्वस्ति श्री मसुदे[1] महाशुभस्थाने सरव औपमालाएक भट्टारक महाराजश्री हीरविजेसूरिजी चरणकमलायणे स्वस्तश्री **बजेकटक चांवडेरा** (चामुडेरी) डेरा सुथाने महाराजाधिराज श्रीराणा **प्रतापसिंघजी** ली० पगे लागणो बचसी. अठारा समाचार भला है, आपरा सदा भला छाईजे, आप **बडा है, पूजणीक** है, सदा करपा राखे, जीसु ससह (श्रेष्ठ) रखावेगा, अप्रं आपरो **पत्र** अणादनाम्हें आया नहीं सो करपा कर लगावेगा । श्री बडा हजुररी वगत पदारवो हुवो जीमें अठासुं पाछा पदारता पातसा अकब्रजीने जेनाबादम्हें ग्रानरा (ज्ञानरा) प्रतिबोद दीदो, जीरो चमत्कार मोटो बताया जीवह(हिं)सा छरकली (चिडीया) तथा नामपंषेरु (पक्षी) वे तीसो माफ कराई, जीरो मोटो उपगार कीदो सो श्रीजैनरा ध्रममें आप असाहीज अ(उ)दोतकारी अबार कीसे (समय) देखता आप जु, फेर वे न्हीं आवी

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

पूरब हींदसस्थान अत्रवेद गुजरात मुदा चारु (४) दसा म्हे धरमरो बडो अ(उ)दोतकार देखाणो, जठा पछे आपरो पदारणो हुवो न्ही सो कारण कही वेगा पधारसी आगेसु पटाप्रवाना कारणरा दस्तुर माफक आप्रे हे जी माफक तोल मुरजाद सामो आवो सा बतरेगा श्रीबडा हजुररी वषत आप्री मुरजाद सामो आवारी कसर पडी सुणी सो काम कारण लेखे भूल रही वेगा, जींरो अदेसो न्ही जाणेगा, आगेसु श्रीहेमाआचारजीने श्री राजम्हे मान्या हे, जींरो पटो कर देवाणो जि माफक अरो पगरा भटारष-गादीप्र आवेगा तो पटा माफक मान्या जावेगा श्रीहेमाचारजी पेलां श्रीवड-गच्छरा भटारषजीने बडा कारणसुं श्रीराजम्हे मान्या जि माफक आपने आपरा पगरा गादी प्रपाट हवी तपगच्छराने मान्या जावेगारी "सुवाये देसम्हे आप्रे गच्छरो देवरो तथा उपासरो वेगा, जींरो मुरजाद श्रीराजसु वा दुजा गच्छरा भटारष आवेगा सो राषेगा," श्रीसमरणध्यान देवजात्रा जठे आद करावसी भूलसी नहीं ने वेगा पधारसी, प्रवानगी पंचोली गोरो समत १६३५ रा वर्ष आसोज सु० ५ गुरुवार।

( રાજપૂતાનેકે જૈનવીર, પૃ૦ ૩૪૧–૩૪૨ )

( શ્રી તપાગચ્છ શ્રમણવૃક્ષ વંશ પૃ૦ ૬૧ )

**શેઠ ભામાશાહ :–**

જેણે રાણા પ્રતાપસિંહને આફતના સમયે મોટી મદદ કરી હતી. રાણાએ તેને રાજ્યનો ઉપકારક માની "પોતાની ગાદીના રાણાઓને રાજ્યાભિષેક સમયે **તિલક** કરવાનો હક ભામાશાહના વંશજોને આપ્યો હતો." ઉદેપુરની ગાદીએ આવનારા રાણાઓએ આ મર્યાદા બરાબર પાલન કરી છે. તે સં૦ માં મરણ પામ્યો.

શેઠ **ભામાશાહે** સં૦ ૧૬૪૩ના મહા સુદિ ૧૩ના રોજ **કેશરિયાજી** (ધૂળેવા)નો જીર્ણોદ્ધાર કરાવી, દંડ કળશ પ્રતિષ્ઠા કરાવી.

સં૦ ૧૬૪૫(૧૬૫૨) થી સં૦ ૧૬૫૩ના મહા સુદિ ૧૫ સુધી ભારતમાં જૈનતીર્થોની યાત્રા કરી ૬૯ લાખ રૂપિયા ખરચ્યા. સર્વ

૧. મુસુંદુ ગામ મેવાતમાં હતું તેનું સંસ્કૃત નામ માલસમુદ્ર હશે. જૈન સા૦ સં૦ ખંડ ૧ અં૦ ૪ પૃ૦ ૧૫૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થસ્થાનોમાં લહાણી કરી. તપાગચ્છની પોષાળના ભટ્ટારક શ્રી વિજયદાનસૂરિના પહેલા પટ્ટધર **શ્રી વિજય રાજેંદ્રસૂરિને** સોનેરી શાહીથી લખાવેલાં આગમસૂત્રો વહોરાવ્યાં. (પ્રક૦ ૫૭, તપારત્નપટ્ટાવલિ)
(અમારો જૈન તીર્થોનો ઇતિહાસ, પૃ૦ ૩૭૭)

૬૦. **રાણો અમરસિંહ** :– મૃત્યુ સં૦ ૧૭૭૭. તપાગચ્છના વિજયદેવસૂરિ સંઘના (૬૩) ભ૦ **શ્રી વિજયરત્નસૂરિના** ઉપદેશથી રાણા અમરસિંહે સં૦ ૧૭૭૭ ના મહા સુદિ ૬ના રોજ પજુસણ માટે અહિંસાનો **અમરપટો** લખાવ્યો, હિંસાના અત્યાચારો બંધ કરાવ્યા. (પ્રક૦ ૫૭ પ્ર૦ ૫૮)

૬૧. **રાણો કર્ણસિંહ** :– તે ભ૦ વિજયદેવસૂરિનો ભક્ત હતો.

૬૨. **રાણો જગતસિંહ** :–

उदयपुरके महाराणा जगतसिंहजीने आचार्य विजयदेवसूरि तथा आ० विजयसिंहसूरिके उपदेशसे प्रतिवर्ष पोष सुदि १० को वरकाणा (गोडवाड) तीर्थ पर होनेवाले मेलेमें आगंतुक यात्रियों परसे टेक्ष लेना रोक दिया था, और सदैवके लीए इस आज्ञाको एक शिला पर खोदवा कर मंदिरके दरवाजेके आगे लगवा दिया था, जो कि अभी तक मौजूद है। राणा जगतसिंहके प्रधान झाला कल्याणसिंहके निमंत्रण पर उक्त आचार्यने उदयपुरमें चातुर्मास किया। चातुर्मास समाप्त होनेके वक्त एक रात दल-बादल महलमें विश्राम किया, तब महाराणा जगतसिंहजी नमस्कार करनेको गये और आचार्यके उपदेशसे निम्न लिखित चार बातें स्वीकार करी कि—

(क) उदयपुरके पीछोला सरोवर और उदयसागरमें मछलियोंको कोई न पकडे।
(ख) राज्याभिषेकवाले दिन जीवहिंसा बन्द।
(ग) जन्ममास और भाद्रमासमें जीवहिंसा बन्द।
(घ) मचींददुर्ग पर राणा कुम्भा द्वारा बनवाये गये जैन चैत्यालयका पुनरुद्धार।

(—અયોધ્યાપ્રસાદ ગોયલીય, રાજપૂતાનેકે જૈન વીર પૃ૦ ૩૪૬)
(તપગચ્છ શ્રમણવૃક્ષ પૃ૦ ૬૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૬૩. રાણો રાજસિંહ–શેઠ તેજરાજ –

**સંઘવી તેજરાજ** વીશા ઓસવાલ **સીસોદિયા** ગોત્રનો સરૂપર્યા વંશનો જૈન હતો. તે વંશમાં અનુક્રમે ૧ તેજરાજ, ૨ ગજરાજ, ૩ રાજૂરાજ, ૪ **દયાળશાહ** અને ૫ શામળદાસ થયા. **સં૦ દયાળશાહને** (૧) ઉદાજી, (૨) દુદાજી અને (૩) દેવાજી વગેરે બીજા ત્રણ ભાઈઓ હતા. સં૦ દયાળશાહ રાણા રાજસિંહનો દીવાન હતો.

**દયાલગઢ**–કાંકરોલી ગામ અને રાજસાગર તળાવની વચ્ચે એક પહાડી ઉપર **સં૦ દયાળશાહે** એક કરોડ રૂપિયા ખરચી "બાવન દેરીઓ વાળો નવ માળનો એક મોટો **જિનપ્રાસાદ**" બંધાવ્યો, તેમાં જિન પ્રતિષ્ઠા કરવાની બાકી હતી, જે દૂરથી એક વિશાળ કિલ્લા જેવો દેખાવ આપતો હતો, બાદશાહ **ઔરંગઝેબ** (વિ૦ સં૦ ૧૭૧૫ થી ૧૭૬૩) ધર્માંધતાથી કે "આ રાણો આ કિલ્લાના બળે સ્વતંત્ર થતાં અમારી આજ્ઞામાં રહેશે નહીં" એ ડરથી આ જિન-પ્રાસાદને તોડી નાખવા સં૦ ૧૭૩૦માં કિલ્લા ઉપર ચડી આવ્યો.

દિવાન **દયાળશાહ** રાણા તરફથી બાદશાહ સામે લડયો અને તેણે બાદશાહને "જિનાલય તો માત્ર બે માળનું છે, કેવળ શિખર જ ઊંચું છે" વગેરે સમજાવી આ જિનપ્રાસાદની રક્ષા કરી હતી, આમ છતાં **રાજસિંહ રાણો** તેમાં જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાની રજા આપતો નહોતો. એવામાં એક નોંધપાત્ર પ્રસંગ બન્યો.

રાજસાગર તળાવની પાળ બંધાતી ન હતી. પાળ તૈયાર થાય, પાણીનો ધસારો આવે ને પાળ તૂટી જાય. દીવાન દયાળશાહની પત્ની **પાટપદે** ધર્માત્મા અને સતી હતી. તેણે રાણાના કહેવાથી એ પાળનો પાયો નાખ્યો અને જોતજોતામાં પાળ બંધાઈ ગઈ, જે ચોમાસાના પાણી વખતે પણ તૂટી નહોતી.

રાણાએ તેના બદલામાં દિવાનની પત્ની પાટમદેની વિનતિથી ફરીવાર ચતુર્મુખ જિનપ્રાસાદ તૈયાર કરી, તેમાં પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાની રજા આપી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીવાન **દયાળશાહે** મહારાણા **રાજસિંહના** રાજ્યમાં વિ૦ સં૦ ૧૭૩૨ના વૈશાખ સુદિ ૭ ને ગુરુવારના રોજ વિજયગચ્છના ભ૦ **વિનયસાગરસૂરિના** હાથે આ જિનપ્રાસાદની તથા ઘણી જિન-પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. મૂળનાયકની પ્રતિમાની ગાદી ઉપર ઉપરના આશયનો પ્રતિમા લેખ છે.[1]

પરિણામે ભવ્ય કારીગરીવાળો **ચૌમુખ જિનપ્રાસાદ** તૈયાર થયો. અને કિલ્લાની નીચે તળેટીમાં મોટી ધર્મશાળા બની.

આ સ્થાન **જૈનયાત્રાસ્થળ** જેવું ગણાય છે. સૌ જૈન યાત્રિકો મેવાડની યાત્રા કરે ત્યારે દયાળશાહના કિલ્લાની પણ યાત્રા કરે છે.

(જૈન સત્ય પ્રકાશ, ક્ર૦ ૧૦, પૃ૦ ૩૧૮-૩૧૯)
(ઉદેપુરનાં જૈનમંદિરો)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. વડોદરા પાસેના **છાણી** ગામના જૈન મંદિરમાં "ભ૦ આદીશ્વરની મોટી જિનપ્રતિમા" છે, તેની સં. ૧૭૩૨ ના વૈશાખ સુદિ ૭ ને ગુરુવારના રોજ પુષ્ય નક્ષત્રમાં અમૃતસિદ્ધિ યોગમાં રાજસાગરના કાંઠે અંજનશલાકા થઈ હતી.

(—શ્રી. જિનવિજયજીનો, પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક: ૫૪૦).

દયાળશાહે આ પ્રતિષ્ઠા કરાવી ત્યારે ત્યાં સાંડેરક ગચ્છના ભ૦ દેવસુંદરસૂરિ પણ હાજર હતા.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## સંઘવી તેજરાજની વંશાવળી

જ્ઞાતિ-વીશા ઓશવાલ, ગોત્ર-શિશોદિયા, વંશ-સરૂપર્યા, ધર્મ-જૈન

૧. સં૦ તેજરાજ
(પત્ની નાયકદે)

૨. સં૦ ગજરાજ
(પત્ની ગૌરીદે)

૩. સં૦ રાજાજી
(પત્ની રત્નદેવી)

- ૪. સં. ઉદાજી (૧)
  (પત્ની માલવદે)
- ૪. સં. ડુદાજી (૨)
  (પત્ની ૧. દાડિમદે
  ૨. જગરૂપદે)
- ૪. સં. દેદાજી (૩)
  (પત્ની ૧. સિહરદે
  ૨. કરમારદે)
- ૪. **સં. દયાળજી** (૪)
  (પત્નીઃ ૧. સૂર્યદે
  ૨. પાટમદે)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | | |
|---|---|---|---|---|
| ૫. સુંદરદાસ | ૫. સં. સિંહજી | ૫. સં. બાપૂજી | ૫. સુરતાનજી | ૫. સાંવલદાસ |
| (પત્ની | (પત્ની ૧. સાહિબદે | (પત્ની ૧. પાટમદે | (પત્ની સુણારમદે | (પત્ની મૂગાદે) |
| ૧. સૌભાગ્યદે | ૨. સુહાગદે) | ૨. બહુરંગદે | સં. ૧૭૩૨) | |
| ૨. અમૃતદે | \| | સં. ૧૭૩૨) | | |
| સં. ૧૭૩૨) | સાહિબદેનો પુત્ર | | | |
| | ૬ ઋષભદાસ | | | |
| | સં. ૧૭૩૨ | | | |

(છાણી ગામના જિનાલયમાં વિરાજમાન ભ૦ આદીશ્વરની મોટી જિનપ્રતિમાના **પ્રતિમાલેખના** આધારે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નગરસ્થાપના :–**

**આહડનગર :–** ઉદયપુરથી લગભગ એક માઈલ દૂર અને ઉદયપુર સ્ટેશન જતાં વચ્ચે **આહડ** નામે શહેર આવેલું છે. જે ઇતિહાસ પ્રસિદ્ધ મેવાડનું જુનું પાટનગર છે, અહીં રાણા અલ્લટરાજે સાંડેરકગચ્છના આ૦ યશોભદ્રસૂરિના હાથે ભ૦ પાર્શ્વનાથનું જિનાલય બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

અહીં ચાર –૪ જિનાલયો વિદ્યમાન છે. અહિનાં બાવન જિનાલય મંદિરો આપ મેળે બતાવી આપે છે કે–તે મંદિરો ઘણાં પ્રાચીન છે. મહારાણા ઉદયસિંહજીએ વિ૦ સં૦ ૧૬૨૫ લગભગમાં ઉદયપુર વસાવી, ત્યાં પોતાની રાજધાની સ્થાપન કરી હતી. તે પછી આહડ શહેરની જાહોજલાલી ઓસરી હોય લાગે છે.

(શાસન દીપક પૂ૦ મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજી મ૦નો લેખ "ઉદયપુરનાં જૈનમંદિરો." જૈન સત્યપ્રકાશ પુ૦ ૧ અંક ૧૦ પૃ૦ ૩૧૮–૩૧૯)

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આહડના **શેઠ હેમચંદે** રાણા જૈત્રસિંહના મહામાત્ય જગતસિંહના સમયે સમસ્ત જૈનસિદ્ધાન્ત લખાવ્યાં હતાં. આમાંનાં ઘણાં આગમો અત્યારે ખંભાતના શાન્તિનાથ જૈન ગ્રંથભંડારમાં વિદ્યમાન છે.

(પ્રક૦ ૪૪ પૃ૦ ૩૧)

**વિજાપુર :–** વિજયચંદ પરમારના નામ ઉપર સં૦ ૧૨૫૬માં વિજાપુર વસ્યું હતું. આ ગામ નાણાબેડા પાસે છે.

(જૂઓ પ્ર૦ ૪૫, ચંદ્રસિંહવંશ)

ગુજરાતના વીજાપુરનો પરિચય (જૂઓ પ્રક૦ ૪૫)

**રાણો ભીમસિંહ :–**

મેવાડના રાણા ભીમસિંહે પં૦ દીપવિજયને કવિનું બિરુદ આપ્યું હતું. (પ્રક૦ ૫૮ વિજયાનંદસૂરિ પરંપરા)

## દિલ્હીના બાદશાહો

**સૂચના :–** દિલ્હીની ગાદીએ થયેલા ઘણા બાદશાહો જૈનાચાર્યોના ત્યાગ અને તપથી પ્રભાવિત હતા, તેથી અમો જરૂરી નોંધ સાથે તેઓની અહીં **ટૂંકી તાલિકા** આપીએ છીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભારત સ્વતંત્ર થયો છે. પણ દેશનેતાઓમાં અંગ્રેજી સંસ્કૃતિની અસર છે. આથી અંગ્રેજી ભાષા અને ઇસ્વીસનની મમતા ઘટી નથી." "વિદ્યાર્થીઓના પાઠ્ય–ઇતિહાસમાં ઇસ્વીસનના પાઠ શિખવાડાય છે" આવા ભારતીઓની સગવડતા માટે અમે અહીં બાદશાહોની નામાવલીમાં ઇસ્વીસન બતાવ્યો છે. ઇસ્વીસનમાં ૫૬ કે ૫૭ ઉમેરવાથી વિક્રમ સંવત્ આવે છે. **જૈનપ્રબંધકારોએ** ગૂજરાતના **બાદશાહો** માટે વિશેષ ઘટનાઓમાં "વિક્રમ સંવત્" બતાવ્યો છે.

**મહમ્મદ કાસીમ** :– તેણે સં૦ ૭૧૧ માં સિંધ ઉપર સવારી કરી હતી.

૧. **મહમદ ગિઝની** :– (ઇ૦ સ૦ ૧૦૦૧ થી ૧૦૩૦)

તેણે હિંદુસ્તાન ઉપર ૧૧ સવારી કરી હતી. તેણે સં૦ ૧૦૭૧માં ભિન્નમાલ અને **સાચોર** ભાંગ્યાં. છેલ્લી સવારીમાં ઇ. સ. ૧૦૨૪ (વિ૦ સં૦ ૧૦૮૦)માં "સોમનાથનું મંદિર તથા ત્યાંનું શિવલિંગ" તોડયાં. તે "મધુપ્રમેહની વ્યાધિ"થી ૬૩ વર્ષની ઉંમરે તા૦ ૩૦–૪–૧૦૩૦માં મરણ પામ્યો.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

૨. **મસાઉદ** :– (ઇ૦ સ૦ ૧૦૩૦ થી ૧૦૪૦)

ડૉ૦ **કનિંગહામ** લખે છે કે, શ્રાવસ્તીમાં મહારાજા **મયૂરધ્વજનો જૈન રાજવંશ** હતો. તેના વંશમાં પાંચમો મહારાજા **સુહિલધ્વજ** થયો. તે ઇ. સ. ૧૦૦૦ (વિ૦ સં૦ ૧૦૫૭ થી ૧૦૮૭)માં વિદ્યમાન હતો, તે મહમ્મદ ગિઝનીનો સમકાલીન હતો. તેણે મહમ્મદ ગિઝનીના સિપાહસાલાર, સૈયદસાલાર **મસાઉદગાજીને** અગણિત સેના સાથે **કટીલી** નદીના કાંઠે હરાવ્યો.

(આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈંડિયા. વૉ૦ ૧૧મું તથા ઇતિ૦ પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૯)

૩. **મૌદુદ** :– (ઇ૦ સ૦ ૧૦૪૧ થી ૧૦૪૯)

૪. સુલતાન **બહેરામ** :– (ઇ૦ સ૦ ૧૧૪૯ થી ૧૧૫૨)

૫. **શાહબુદ્દીન ઘોરી** – (ઇ૦ સ૦ ૧૧૫૭ થી ૧૨૭૬)

તેણે ભારત ઉપર ત્રણ વાર સવારી કરી હતી. વિ૦ સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨૩૪ (હી૦ સં૦ ૫૭૪, સને ૧૧૭૮)માં શાહબુદ્દીન મહમ્મદ ઘોરીએ ગિઝનીથી મુલતાનના રસ્તે થઈ સીધો ગૂજરાત ઉપર હલ્લો કર્યો હતો. આબૂની ખીણમાં કાયંદ્રા પાસે ગિઝનીની સેના અને ગૂજરાતની સેના સામ સામે થયાં. મહામાત્ય **વસ્તુપાલની** બુદ્ધિ, **ધારાવર્ષદેવ,** પરમાર રાજા કેલ્હણદેવ વગેરેની બહાદુરીથી અને કુદરતની અનુકૂળતાથી ઘોરી હારીને ચાલ્યો ગયો. (પ્રક૦ ૩૫ પૃ૦ ૧૩૭)

**માનવતા :–** આ વખતે ઘોરીની માનવતાનો સુંદર પરિચય મળે છે. વિ૦ સં૦ ૧૨૩૪ લગભગમાં ગીઝનીમાં એક ધનાઢ્ય વેપારી રહેતો હતો. એની પાસે એટલી બધી મિલ્કત હતી કે યુદ્ધનું બધું જ નુકસાન તેની એકલાની પાસેથી વસૂલ થઈ શકે. આથી શાહબુદ્દીનના કેટલાએક દરબારીઓએ બાદશાહને કહ્યું કે, " આ વેપારીને લૂંટી લો, જેથી યુદ્ધનું બધું નુકસાન ભરપાઈ થઈ શકે." પરંતુ શાહબુદ્દીને એમ કરવાની ના પાડી અને જવાબ આપ્યો કે, " જો હું પરદેશી વેપારીઓને આ રીતે લૂંટી લઉં તો, મારા રાજ્યમાં વેપાર કરવાને કોણ આવશે ? " આ ઉત્તર સાંભળી દરબારીઓ મૌન બની ગયા.

( –જામે ઉલહિકાયત; પ્રો૦ જે૦ સાંડેસરાનું વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો " પૃ૦ ૧૧૦, ૧૧૧)

તે પછી દિલ્હીના છઠ્ઠા બાદશાહ **કુતબુદ્દીન ઐબક** સં૦ ૧૨૫૪ ( હી. સં૦ ૫૯૩, સને ૧૧૯૭)માં ગૂજરાત ઉપર ચડી આવ્યો. તેણે આબૂના ઘાટમાં પરમાર ધારાવર્ષદેવ તથા ગૂજરાતની સેનાને જીતી લીધી. તે પાટણ આવ્યો. અને ત્યાં તેણે પોતાની સત્તા જમાવી. આ યુદ્ધમાં સેનાપતિ **જીવન** માર્યો ગયો હતો. પણ કુતબુદ્દીન ઐબક શાહબુદ્દીન ગિઝનીના હુકમથી પાછો દિલ્હી ચાલ્યો ગયો.

( –તજઉલમ આસીર, તબકાત ઈ નાસીરી, પૃ૦ ૫૨૦–૫૨૧, ઇતિ૦ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૪૦ )

ઘોરીએ સં૦ '૧૨૪૯ ( સને ૧૧૯૩)માં પૃથ્વીરાજ ચૌહાણને મારી દિલ્હી અને ચિત્તોડ જીતી લીધાં. તે ઐબકને દિલ્હીમાં રાખી ગિઝની પાછો ચાલ્યો ગયો. ( પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭૩ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. **કુતબુદ્દીન ઐબક** :– (ઈ૦ સ૦ ૧૨૦૬ થી ૧૨૧૦)

તેણે સને ૧૨૧૪માં કનોજ અને કાશી જીતીને લૂંટયાં. ત્યાંનાં હિંદુ મંદિરોને તોડયાં, પ્રતિમાઓ ખંડિત કરી. ભારતનો આ "પહેલો મુસલમાન સુલતાન" હતો. આ જ સમયે **બખ્ત્યાર ખિલજીએ** સને ૧૨૦૨માં લખનૌમાં સ્વતંત્ર ગાદી સ્થાપન કરી.

કુતબુદ્દીન ઐબક **ગુલામવંશનો** હતો. તે સને ૧૨૫૪ માં ચંદ્રાવતી નગરીને ભાંગી, પાલનપુર તોડીને ગૂજરાત પાટણ આવ્યો. પણ ગિઝનીથી ઘોરીનો દિલ્હી પાછા જવાનો હુકમ આવતાં કુતબુદ્દીન ઐબક પાટણ છોડી પાછો દિલ્હી ચાલ્યો ગયો.

૭. **શમસુદ્દીન અલ્તમશ** :– (ઈ૦ સ૦ ૧૨૧૦ થી ૧૨૩૫)

તે ભણેલો, રૂપાળો અને પરાક્રમી હતો. બા. ઐબકનો જમાઈ હતો. અને બદાઉન પ્રાંતનો **સૂબો** હતો. તેણે સને ૧૨૨૬માં માંડવગઢ, ગ્વાલિયર અને ઉજ્જૈન જીતી લીધાં. ત્યાંનાં હિંદુ મંદિરોનો નાશ કર્યો. તેણે સને ૧૨૨૯માં દિલ્હીમાં પોતાની **ગાદી** સ્થાપન કરી. તે બગદાદના ખલિફા પાસેથી વકીલો મારફત બાદશાહી પોશાક મેળવી ભારતનો **સ્વતંત્ર સુલતાન** બન્યો.

**મોગલોએ** આ સુલતાનના સમયે ભારતમાં પ્રવેશ કર્યો હતો. આ અલ્તમશને **પ્રેમકળા** નામે બેગમ હતી, તે તેને ઘણી વહાલી હતી. આ બેગમ નાગોરના **પૂનડ શ્રેષ્ઠીને "ધર્મબંધુ"** માનતી હતી. આ પૂનડ ધનાઢ્ય જૈન હતો. તે જૈનોમાં સંઘપતિ તરીકે પણ ખ્યાતિ પામ્યો હતો. તે સં૦ ૧૨૭૩ થી ૧૨૮૬માં બાદશાહના ફરમાનથી છ'રી પાળતો યાત્રાસંઘ લઈને શત્રુંજયતીર્થમાં ગયો હતો. આ સમયે ગૂજરાતના રાજાઓને દિલ્હીનો બાદશાહ તેમના પ્રદેશ ઉપર ચડી આવશે " એવો ભય હતો."

**દિલ્હી–પાટણ મૈત્રી** :—

મહામાત્ય વસ્તુપાલે એનો ઉપાય વિચારી રાખ્યો. તે બાદશાહની માતા સાથે દિલ્હી ગયો અને બાદશાહ સાથે **મૈત્રી** કરી, તેની પાસેથી એવું અભય વચન લઈ આવ્યો કે, "હવે અમે ગૂજરાત

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

ઉપર ચડાઈ કરીશું નહીં." એટલે મહામાત્યે આ પ્રકારે દિલ્હીનું અભય વચન મેળવી ગૂજરાતને **ભયરહિત** બનાવ્યું.

બાદશાહ સને ૧૨૩૫-૩૬ માં મરણ પામ્યો. તેની બીજી બેગમ **રુકનુદ્દીન** નાલાયક હતી, તેથી દરબારીઓએ તેની માનીતી રૂપાળી દીકરી શાહજાદી **રજિયાને** ગાદી આપી. રજિયા બેગમ વ્યવહારકુશળ હતી. તે પુરુષના વેશમાં રહેતી હતી.

૮. **સુલતાના રજિયાનુદ્દીન**—( ઈ૦ સ૦ ૧૨૩૬ થી ૧૨૩૯ )

તે બાદશાહ અલ્તમશની **પુત્રી** હતી. બહાદુર હોવાથી દરબારીઓએ તેને ગાદીએ બેસાડી હતી. તે પ્રથમ હબસીના પ્રેમમાં પડી અને પછી સરદાર આલ્તુનિયાને પરણી બેઠી. તુર્કોને "સ્ત્રી રાજ્ય કરે" તે પસંદ નહોતું. તેથી તુર્કોએ રજિયા બેગમ તથા સરદાર અલ્તુનિયાને મારી નાખ્યાં.

૯. **મોઇઝુદ્દીન બહેરામ**:– ( ઈ૦ સ૦ ૧૨૩૯ થી ૧૨૪૧ )

તે રજિયા બેગમનો ભાઈ હતો. તેણે મોગલોને લાહોરથી ભગાડ્યા હતા. આભૂશ્રીમાલીનો વંશજ (૪) સરણપાલ તેનો મંત્રી હતો. ( પ્રક૦ ૪૫ )

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૧૦. **અલ્લાઉદ્દીન મસાઉદ**:– ( ઈ૦ સ૦ ૧૨૪૨ થી ૧૨૪૬ )

તે વિષયી હતો તેથી કાકા નાસીરૂદ્દીને તેને ગાદીભ્રષ્ટ કર્યો.

૧૧. **નાસીરૂદ્દીન મહમ્મદ**:– ( ઈ૦ સ૦ ૧૨૪૬ થી ૧૨૬૬ )

તે શમશુદ્દીન અલ્તમશનો **પુત્ર** હતો. તે સાદો અને જાતમહેનતુ હતો. **એકપત્નીવ્રતવાળો** હતો.

૧૨. **ગયાસુદ્દીન બલ્બ**:– ( ઈ૦ સ૦ ૧૨૬૬ થી ૧૨૮૩ )

તે ડાહ્યો અને **ન્યાયી** હતો. તેણે રાજ્યભરમાં **દારૂ પીવાનો નિષેધ કર્યો** હતો.

૧૩. **કૈકુબાદ**—( ઈ૦સ૦ ૧૨૮૩ થી ૧૨૮૮ )

૧૪. **જલાલુદ્દીન ખિલજી**:– ( ઈ૦ સ૦ ૧૨૮૯ થી ૧૨૯૫ )

તે સાત્ત્વિક વૃત્તિનો દયાળુ, માયાળુ, સમજુ, ધીર, ચતુર અને પરાક્રમી હતો. "તેણે મોગલોને કન્યા આપી," પોતાના ધર્મ તરફ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખેંચીને **મુસલમાનધર્મી** બનાવ્યા. તે વિદ્વાનો, કવિઓ અને ગવૈયાનો પ્રેમી હતો.

**૧૫. અલ્લાઉદ્દીન ખિલજી** :- (ઈ૦ સ૦ ૧૨૯૮ થી ૧૩૧૬—૨૧)

તે **વિલાસી,** ક્રોધી, નિર્દય, નિષ્ઠુર, **જુલ્મી,** દૃઢ નિશ્ચયી અને **પરાક્રમી** હતો. તે દુષ્ટ અમલદારોને દંડ દેતો. તેણે એકજ દિવસમાં "ત્રીશ–ચાલીશ હજાર નવા મુસલમાન બનેલા **મોગલોને કાપી નાખ્યા,"** આથી તે **ખૂની** કહેવાયો છે. તેણે **પદ્મિની** રાણીને મેળવવા માટે ચિત્તોડ પર હલ્લો કરી સને ૧૩૦૪માં **રાણા** ભીમસિંહને માર્યો. અલ્લાઉદ્દીન ખિલજીએ યોગના ચમત્કારોથી ખુશ થઈ રૂણાગામમાં **સિંહડરાણા** મારફત વડગચ્છના આ૦ **વજ્રસેનસૂરિ** (સં૦ ૧૩૫૪)ને હાર તથા ઘણાં ફરમાનો મોકલી આપ્યાં. (પ્રક૦ ૪૧ પૃ૦ ૫૯૨) આબૂ સોનગરા શ્રીમાલીનો વંશજ નેણો તેનો મોટો પ્રધાન હતો. અલાવદીને તેના પૌત્ર પદ્મને માંડવગઢનો અને મલેક-કાફૂરને માળવાનો સુબો નીમ્યો. (પ્રક૦ ૪૫.) તેણે સને ૧૨૯૭ (સં૦ ૧૩૫૪)માં ભાઈ **અલફખાન** અને વજીર **નુસરતખાનને** મોકલીને ગૂજરાત જીતી લીધું. રાણી કમલાને પોતાની **બીબી** બનાવી. તેણે "પાટણ, ખંભાત, સોમનાથ તોડ્યાં અને લૂંટ્યાં." રણથંભોર, દેવગઢ, કર્ણાટક જીતી લીધાં. તેને ગુજરાતથી આવેલ **મલેક ખુશરૂ** કાફર ઉપર બહુ વિશ્વાસ હતો, તેથી તે તેના હાથે સને ૧૩૧૬માં વિષપ્રયોગથી માર્યો ગયો.

**૧૬. મુબારક ખિલજી** :- (ઈ૦ સ૦ ૧૩૧૬ થી ૧૩૨૦)

તે વ્યસની હતો. દેવલદેવીને પરણ્યો હતો અને કસબણોનો ભડવો બની ભટકતો હતો. તેણે ગૂજરાતનો પરિયાચ ઢેડ, જે મુસલમાન બન્યો હતો અને જેણે **મલેક ખુશરૂ** નામ ધારણ કર્યું હતું તેને પોતાનો વઝીર બનાવ્યો હતો. એ વઝીરે **ગૂજરાતને બધી રીતે** સુખી બનાવ્યો હતો.

**૧૭. નાસિરૂદ્દીન** :- (ઈ૦ સ૦ ૧૩૨૦ થી ૧૩૨૧)

મલેક ખુશરૂ પોતાનું નાસિરૂદ્દીન નામ રાખી બાદશાહ બન્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે ખિલજી વંશનો મૂળમાંથી નાશ કર્યો અને તે સૂબેદાર ગ્યાસુદ્દીનના હાથે માર્યો ગયો.

૧૮.

૧૯. **ગ્યાસુદ્દીન તુઘલખ** :– (ઇ૦ સ૦ ૧૩૨૧ થી ૧૩૨૬)

તે પંજાબનો સૂબેદાર હતો. તેનું નામ **ગાજબેગ** હતું. તે ખુશરૂને મારીને બાદશાહ બન્યો. તેણે રાજ્યવ્યવસ્થા કરી કિલ્લો સુધાર્યો.

૨૦. **મહમ્મદ તુઘલખ** :– (ઇ૦ સ૦ ૧૩૨૬ થી ૧૩૫૧)

તેનું મૂળ નામ **ઉલુઘબેગ હતું.** તે **કવિ,** લેખક, વક્તા, ગણિત-પ્રેમી, ન્યાયશાસ્ત્રનો અભ્યાસી અને **ધર્મનિષ્ઠ** હતો. **શરાબ પીતો નહોતો.** અપરાધી પ્રત્યે ક્રૂર હતો. તે મનમોજી અને ઉતાવળિયો હતો. તેણે સોનાના બદલે **તાંબાનું નાણું** ચલાવ્યું. પરિણામે તીજોરીનું તળિયું દેખાયું. તેણે **દેવગઢને** "પાટનગર" બનાવવા મહેનત કરી તેથી દિલ્હી ઊજડ થયું. સૈનિકો દેવગઢ જતાં ખુવાર થયા. આવા નિર્ણયથી ઘણું નુકસાન થયું. આ કારણે લેખકો તેને **ગાંડો સુલતાન** કહે છે. સને ૧૩૪૦માં દિલ્હી નગર ૧૦ માઇલ લાંબુ હતું.

તેણે પોતાના રાજ્યમાં **શિકારની મનાઈ** કરી હતી. તે પોતાના મુસ્લિમ ધર્મમાં દૃઢ અને સ્થિર હતો. વિદ્વાનો અને કવિઓને સન્માન આપતો. તે ૨૭ વર્ષનું રાજ્ય ભોગવી ઠઠ્ઠામાં મરણ પામ્યો.

આ સમયે **આ૦ જિનપ્રભસૂરિ** (સં૦ ૧૩૪૧ થી ) થયા હતા. બાદશાહ તેમનો ભક્ત બન્યો હતો. તેમના ઉપદેશથી બાદશાહે જ્યાં ત્યાં ગોઠવાયેલી જિનપ્રતિમાઓ તેમને પાછી આપી હતી. બાદશાહે **કલ્યાણી** નગરના ભ૦ મહાવીરની પ્રતિમાની પૂજા માટે **બે ગામ** આપ્યાં હતાં.

(–જૂઓ, પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૪ થી ૪૬૮)

બાદશાહ મહમ્મુદે વડગચ્છના મોટા કવિ આ૦ **ગુણભદ્રસૂરિના** એક શ્લોકથી ખુશ થઈ તેમના ચરણમાં ૧૦૦૦ સોનામહોરની થેલી ધરી દીધી હતી. આચાર્યશ્રીએ તે ધન લીધું નહીં પણ ઉપદેશ આપી વિશેષ ધર્મપ્રેમી બનાવ્યો. (પ્રક૦ ૪૧, પૃ૦ ૫૭૭) બાદશાહ આ૦ **મદનસૂરિ** અને આ૦ **મહેન્દ્રસૂરિ** (સં૦ ૧૪૩૫)ને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ બહુ માનતો હતો. (પ્રક૦ ૪૧ પૃ૦ ૫૮૨)

૨૧. **ફિરોજશાહ તુઘલખ** :–(ઇ૦ સ૦ ૧૩૫૨ થી ૧૩૮૮)

તે મહમ્મુદનો પિતરાઈ ભાઈ હતો, **ફિરોજશાહે** સને ૧૩૫૧માં બનારસની ઉત્તરે ગોમતી નદીના કાંઠે શકનગઢ નામે ગામ વસાવ્યું, જેનું બીજું નામ **જોનપુર** છે. (પ્રક૦ ૪૪ મોગલ વંશ ૬+૮) તેણે વઝીર મકબુલની પ્રેરણાથી જનહિતનાં ઘણાં કાર્યો કર્યાં.

તે **ભટ્ટી રાજપૂત** કન્યાનો પુત્ર હતો. વિદ્વાન, પ્રજાપ્રેમી, દયાળુ અને **સ્વાશ્રયી** હતો. તે દાગીના પણ પહેરતો નહીં. તે **ચુસ્ત મુસલમાન** હતો છતાં કોઈ હિંદુ પ્રત્યે તેણે જુલમ ગુજાર્યો નથી. આમ છતાં તે બ્રાહ્મણો પ્રત્યે બહુ કડક રીતે વર્તતો હતો. તેણે એક "આખ્યાનકાર બ્રાહ્મણને તેના ગ્રંથ સાથે લાકડાની ચિતા ઉપર બેસાડી બાળી નાખ્યો હતો." તે ૯૦ વર્ષની ઉંમરે સને ૧૩૮૮માં મરણ પામ્યો.

તે ભરૂચના મોટા જ્યોતિષી આ૦ **મદનસૂરિને** બહુ માનતો હતો, ફિરોજશાહના **રાજજ્યોતિષી મંડલની** વિનતિથી આ૦ **મહેંદ્રસૂરિએ** સં૦ ૧૪૩૫માં 'યંત્રરાજ' બનાવ્યો. (પ્રક૦ ૪૧ પૃ૦ ૫૮૨) બાદશાહે **શેઠ મહણસિંહને** ત્યાં રહેલા મલધારગચ્છના આ૦ **રાજશેખર** (સં૦ ૧૪૦૫)નો ખૂબ સત્કાર કર્યો હતો. (પ્રક૦ ૩૮ પૃ૦ ૩૩૭) બાદશાહ ફિરોજશાહ વડગચ્છના આ૦ ગુણભદ્રના પટ્ટધર **આ૦ મુનિભદ્ર** (સં૦ ૧૪૧૦)ને બહુ માનતો હતો. બાદશાહ ફિરોજશાહે સં૦ ૧૪૦૭માં વડગચ્છના આ૦ **રત્નશેખરનો** ઉપદેશ સાંભળી તેમનો મોટો સત્કાર કર્યો. (પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૩)

**માનવતા** :– આ૦ **સોમતિલકસૂરિ** (સ્વ૦ સં૦ ૧૪૨૪)નો ભક્ત દુઃસાધ્યવંશનો **જગતસિંહ** ઓશવાલ કરોડપતિ હતો. તે દેવગિરિ (દોલતાબાદ)માં રહેતો હતો. તેને **મહણસિંહ** નામે પુત્ર હતો, જે છ દર્શનનો જ્ઞાતા અને **મોટો સત્યવાદી** હતો. તે દિલ્હીમાં જઈને વસ્યો. એ સમયે કોઈ ચાડિયાએ દિલ્હીના બાદશાહ ફિરોજશાહના કાન ભંભેર્યા કે, "શેઠ મહણસિંહ પચાસ લાખનો આસામી છે, તેને શિક્ષા કરી તિજોરી તર કરો."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદશાહે મહણસિંહને રાજસભામાં બોલાવી, તેના ધનનો આંકડો માગ્યો. **મહણસિંહે** બીજે દિવસે આવીને રાજસભામાં જણાવ્યું કે, "જહાંપનાહ ! મારી પાસે ૮૪ લાખનું જૂનું નાણું છે." સૌ કોઈને એમ લાગ્યું કે આ શેઠ આટલો મોટો ધનવાન છે તો જરૂર દંડાશે. બાદશાહે જોયું કે, **શેઠ સાચા બોલા છે,** તેણે ધન ચાલ્યું જશે એવો ડર રાખ્યા વિના જ પોતાની મૂડી જાહેર કરી છે. તેથી તે ખરેખર **ધન્યવાદને પાત્ર** છે. મારા રાજ્યમાં આવા સાચાબોલા શેઠ રહે છે એ મારે માટે **ગૌરવની વાત** છે. બાદશાહ એટલો બધો ખુશ થયો કે, તેણે રાજ્યભંડારમાંથી ૧૬ લાખનું નાણું મંગાવી મહણસિંહને આપ્યું. બાદશાહે જણાવ્યું કે, આ તારી સચ્ચાઈનું ઇનામ છે. હું મારા રાજ્યના સત્યવાદી પુરુષને ક્રોડપતિ તરીકે જોવા ઇચ્છું છું. કે મારા રાજ્યમાં આવા સત્યવાદીઓ ક્રોડપતિઓ પણ છે.

બાદશાહે તેને પોતાની હવેલી ઉપર **કોટિધ્વજ** ફરકાવવા હુકમ કર્યો. એટલું જ નહીં પણ બાદશાહે પોતે તેના ઘરે જઈ પોતાના હાથે તેની હવેલી ઉપર કોટિધ્વજ ફરકાવ્યો, એ સમયે મહણસિંહના **ધર્મગુરુ** તથા પરિવારના માણસો ત્યાં આવ્યા હતા. બાદશાહે એ ધર્મગુરુઓનું બહુમાન કર્યું, પરિવારનો સત્કાર કર્યો અને શેઠ મહણસિંહને કોટિધ્વજની પદવી આપી.

(પ્રક૦ ૪૫, દુઃસાધ્ય વંશ બીજો)

૨૨. ગ્યાસુદ્દીન તુઘલખ :– ( )
તે ફિરોજશાહનો પૌત્ર હતો.

૨૩. અબૂલકર :– (
તે ફિરોજશાહનો બીજો પુત્ર હતો.

૨૪. મહમ્મદ તુઘલખ :– (ઇ૦ સ૦ ૧૩૮૦ થી ૧૩૯૪)
તે ફિરોજશાહ તુઘલખનો ત્રીજો પુત્ર હતો.

૨૫. હુમાયુન સિકંદર :– (ઇ૦ સ૦ ૧૩૯૪ થી ૧૩૯૪)
તે મહમ્મદ તુઘલખનો પુત્ર હતો, તેનું એકાએક મરણ થયું.

૨૬. મહમ્મદ તુઘલખ :– (ઇ૦ સ૦ ૧૩૯૪ થી ૧૩૯૮)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેનું મૂળ નામ **જોના** હતું. તેણે સને ૧૩૯૪ માં **શઠનગઢને જોનપુર** નામ આપ્યું અને ત્યાં ખાજા જહાનને મોકલ્યો. ખાજા-જહાને ત્યાં જોનપુરનું સ્વતંત્ર "શર્કી રાજ્ય" સ્થાપન કર્યું આ સમયે ઘણા દેશો સ્વતંત્ર થયા. તે ગૂજરાતથી પાછો આવ્યો અને સને ૧૪૧૧માં મરણ પામ્યો.

૨૭. **તૈમૂરલંગ** (સૈયદ વંશ) :– (ઇ૦ સ૦ ૧૩૯૮ થી ૧૪૦૫)

તે ૩૫ જેટલાં યુદ્ધમાં લડ્યો. પગે લંગડો હતો. સને ૧૩૯૮ના માર્ચ મહિનામાં સમરકંદથી ભારત ઉપર ચડી આવ્યો. તે તા. ૧૭–૧૨–૧૩૯૮ના દિવસે મહમ્મદ તુઘલખને જીતી લઈ દિલ્હીનો **બાદશાહ બન્યો** અને તા. ૧–૧–૧૩૯૯ના દિવસે પાછો ચાલ્યો ગયો. સને ૧૪૦૫માં તેને તાવ આવવાથી તે મરણ પામ્યો. તે પછી બે મહિના સુધી દિલ્હીનો અકસ્માત્ વિવિધ રીતે **વિનાશ** થતો રહ્યો.

૨૮. દોલતખાન :– (ઇ૦ સ૦ ૧૪૦૫ થી ૧૪૧૬)

૨૯. ખીજરખાન :– (ઇ૦ સ૦ ૧૪૧૬ થી ૧૪૨૭)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૩૦. મુબારક :– (ઇ૦ સ૦ ૧૪૨૭ થી ૧૪૩૫)

તે તેના પ્રધાનના હાથે માર્યો ગયો.

૩૧. મહમ્મદ :– (ઇ૦ સ૦ ૧૪૩૫ થી ૧૪૪૫)

તે વિષયી હતો આથી બહલોલ લોદી દિલ્હી દબાવી બેઠો.

૩૨. **બહલોલ લોદી** :– (ઇ૦ સ૦ ૧૪૫૦ થી ૧૪૮૮)

તેણે સોનીની રૂપાળી **કન્યાને** બેગમ બનાવી.

૩૩. સિકંદરલોદી :– (ઇ૦ સ૦ ૧૪૮૮ થી ૧૫૦૭)

તેણે ૩ વર્ષ સુધી ખરતરગચ્છના (૫૪) **આ૦ જિનહંસસૂરિ** (૧૫૫૬ થી ૧૫૮૨) વગેરેને ધોલપુરની કેદમાં પૂર્યા હતા.

(પ્રક૦ ૪૦ પૃ૦ ૪૭૯)

૩૪. ઇબ્રાહીમ લોદી :– (ઇ૦ સ૦ ૧૫૦૭ થી તા. ૨૧–૪–૧૫૨૬)

તે તા. ૨૧–૪–૧૫૨૬ના દિવસે પાણીપતના મેદાનમાં યુદ્ધ કરતાં **બાબરના** હાથે માર્યો ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મોગલ વંશ—રાજ્યકાળ

૧. અમીર **તૈમૂર** કેરાન.

૨. મીરણુ શાહ.

૩. સુલતાન મહમ્મદ

૪. સુલતાન **અબુસૈયદ**:— આ૦ હેમવિમલસૂરિ ( સં૦ ૧૫૪૮ થી ૧૫૮૩ )એ તેમને ઉપદેશ આપ્યો હતો. ( પ્રક૦ ૫૫ )

૫. ઉમરશેખ.

૬. બાદશાહ બાબર :—

તે તૈમૂર લંગનો પાંચમી પેઢીએ વંશજ હતો. તેનો સને ૧૪૮૨માં જન્મ થયો. તેણે સને ૧૫૨૬માં મોગલ–રાજ્યની સ્થાપના કરી અને દુનિયામાં અપયશ મેળવી ૪૮ વર્ષની ઉંમરે સને ૧૫૩૦માં મરણ પામ્યો.

તપાગચ્છના (૫૫) આ૦ હેમવિમલસૂરિની શિષ્યપરંપરાના મહો૦ સહજકુશલગણિના ઉપદેશથી બાદશાહ બાબરે જજિયાવેરો માફ કર્યો હતો. જેમકે—

"જાકો મહિમા જગતમેં, કો કરી સકે સરાહિ;
તજિયો જેજિયા તો વચન, સાહિ બબ્બર સાહિ—૨૯."

(—ભ૦ કુંઅરકુશળકૃત લખપતમંજરી, પ્રશસ્તિ)
(પ્રક૦ ૫૫ મહો૦ હાનર્ષિગણિનો વાચકવંશ)

૭. બાદશાહ **હુમાયુ** :—

તે બાદશાહ બાબરનો પુત્ર હતો. દિલ્હીની ગાદીએ બેઠા પછી તેના રાજકાળમાં ભારતમાં જૂદાં જૂદાં સ્થળોએ બળવા જાગ્યા. પરિણામે તે દિલ્હીની ગાદીએ શાંતિથી બેસી શક્યો નહીં. તે ભારતના બાદશાહોમાં એક **કમનસીબ** બાદશાહ મનાય છે. તૈમૂરલંગની છઠ્ઠી પેઢીનો વંશજ હતો.

**શેરશાહે** સને ૧૫૩૯માં કનોજની લડાઈમાં બાદશાહ હુમાયુને હરાવ્યો, ભગાડ્યો અને શેરશાહ દિલ્હીની ગાદીનો માલિક બની બેઠો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

બાદશાહ હુમાયુ સને ૧૫૫૫માં ફરી ચડી આવ્યો અને તે દિલ્હી તેમજ આગરાનો કબજો લઈ બાદશાહ બન્યો. બાદશાહ હુમાયુ તા. ૨૪–૧–૧૫૫૬માં મરણ પામ્યો. ત્યારે તેનો શાહજાદો નામે **અકબર** પંજાબ તરફ હતો. તે હુમાયુની પછી દિલ્હીનો બાદશાહ મનાયો અને તરાદી બેગખાન દિલ્હીનો હાકેમ બની બાદશાહ અકબર વતી દિલ્હીનું રાજ્ય ચલાવવા લાગ્યો.

બા૦ **હુમાયુ** :– તે વિ. સં૦ ૧૫૯૨માં ગુજરાતમાં આવ્યો. હતો. દીવના ફીરંગીઓએ ગુજરાતના **બા૦ બહાદૂરને** સં૦ ૧૫૯૩માં દરિયામાં દગાથી માર્યો.

કવિ **ઋષભદાસે** “ ભરત બાહુબલિરાસ ”માં **ખંભાતનાં** ઘણાં નામો બતાવ્યાં છે. અને ખંભાતની પ્રખ્યાત વસ્તુઓની પ્રશંસા કરી છે. તથા બાહુબલીરાસમાં “ બા૦ હુમાયુના ગુજરાત ઉપરના હુમલાની ઘટના ” વર્ણવી છે. તેના આધારે ગુજરાતના વિખ્યાત સાક્ષર રત્ન **બલવંતરાય** કલ્યાણરાય ઠાકોર “ હુમાયુની ગુજરાત પરની ચઢાઈનો નવો ઇતિહાસ ” આ પ્રમાણે આપે છે.

કવિ ઋષભદાસના “ હીરવિજયસૂરિરાસ ”માંથી મળતી એક બીજી “ ઐતિહાસીક વિગત ” અહીં જ આપું છું.

**સાહસી ભૈરવ દાનજી** :– હુમાયુ પાતશાહની ગુજરાત સોરઠની ચડાઈને લગતી એ હકીકત **હૃદયદ્રાવક** છે એ ચડાઈ દરમિયાન ( મારવાડ, ગુજરાત, સોરઠના ) લાખો **બાન** બાંધીને ગુલામગિરીમાં જ્યાં વેચી શકાય ત્યાં વેચી નાખવાને માટે ઉત્તર દિશામાં તગડ્યાં અને તેમાંથી “ નવ લાખ ” (ઘણી મોટી સંખ્યાના બાન) એક જણને આપ્યાં. જાઓ, આટલાં “ ખુરાસાન ”માં વેચીને જે ઉપજે તે નાણું લઈ આવો. હુમાયુના દરબારમાં **ભૈરવશા (ભેરોદાનજી)** નામે **શ્રાવક** હશે. **આ૦ હીરવિજયના** અનેકાનેક ધનાઢ્ય શિષ્યોમાંનો એક તે “ પરધાન ” જેવા કોઈ અધિકાર ઉપર પણ હશે, એમ જણાય છે. કદાચ ( મોગલ સલ્તનતના જાણીતા બંધારણ પ્રમાણે ) **અલવરનો** તે વખતનો માંડવિયો શેઠ જ એ ભૈરવશા હશે. આ બાનોને કુદરતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતેજ એવી તો બેકાળજીએ રાખવામાં આવતાં કે તેમાંથી રોજ સંખ્યાબંધ મરી પણ જતાં "અલવરમાં એક સ્હવારે હુમાયુએ કૈં નિમિત્તે ભૈરવશાને પોતાની **મ્હોર છાપ** સોંપી. તુરત એ ઉદાર અને છાતીના મજબૂત શ્રાવકે તેનો લાભ લઈને પાતશાહી ફરમાન લખી, ઉપર મ્હોર છાપ વગેરે તમામ યથાયોગ્ય સંપૂર્ણતા ઉપજાવીને તે ફરમાન પેલા **ખોજા મકીમ**ના હાથમાં ધરી દીધું."

તે ફરમાન દેખાડયું ત્યાંહિરે, **ખોજ મકીમ** બેઠા છે જ્યાંહિ રે....૮
કરી તસલીમ ને ઊભો થાય રે, મસ્તક મૂકી હાથેં સાય રે....
ઊભો રહીને વાંચે ત્યાંહિ રે, નામ હુમાયુંનું લિખિયું માંહિ રે....૯
મકીમ ? કહ્યા તુમ મેરા કીજે રે, નવ લખ બાંદ ભૈરવકું દીજે રે....
અજર મત કરે તુગ ઇસ ઠોરો રે, દીઠો ઉપરિ અજમુખી મોહોરો રે....૧૦
મકીમ મુકે ભૈરવને આલે રે, તિહાં વાણીયો જીવ ચલાવે રે....
કાઢયાં બાંદ તિહાં સૌ રાતિ રે, જાઓ જાતાં ન રહિસ્યો વાટિ રે....૧૧
ઘોટિક પંચસે ઘરથી આણ્યા રે, આલ્યા તેહને કરમી જાણ્યા રે....
મુકી નારીઓ બંધન કાપી રે, વસ્ત્ર બાંધી મોહોરો તે આપી રે....૧૨
( વિજયહીરસૂરિરાસ આ૦ ૫ પૃ૦ ૨૨૭ થી ૨૮૦ )

બસ, હુમાયુ સુધીના મુસ્લિમ સમયની એક સિહા રેખા જોઈ લીધી. હવે હુમાયુ પછીના મુઘલ સમયની **ઉજ્જ્વલ બાજુ** જોઈએ. અને તેમ કરવા માટે આપણે મૂલ વિષયને પાછા વળગીએ. **ઋષભ** ગૃહસ્થ રહીને પણ કવિ થવા પામ્યા. તેનું બીજું કારણ સમજવા પ્રયત્ન કરીએ. હિંદના ઇતિહાસમાં અને આખી દુનિયાના રાજાઓના વર્ગમાં અકબરનું સ્થાન કેટલું તો ઉંચું છે. તેની નિર્મલ બુદ્ધિના ઇતિહાસકોએ પણ હજી યથાયોગ્ય તુલના કરી નથી. સદ્ગત **વિન્સસેન્ટ સ્મિથ, મોરલાન્ડ** આદિ આ ઝમાનાના ઇતિહાસકોની શોધકવૃત્તિએ હવે અકબરના સમયની એટલી તો વિગતો નવેસરથી ભેગી કરી ગોઠવીને નવા પ્રકાશમાં આણી છે કે આપણે હવે એ મહાનુભાવનો દુનિયાના મોટામાં મોટા રાજાને ટક્કર મારે એવો પ્રભાવ જોઈ શકીએ એમ છે. અહીં આ વિષય ઉપર લંબાણ છેક–

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપ્રસ્તુત અને પૂરતા લંબાણ વિના આવો વિષય ઠીક મંડાય પણ નહિં એટલે એટલું જ કહીશ કે

" शिवाजी न होत तो सुनत होत सबकी "

એ ઉક્તિ કવિપણાની અતિશયોક્તિ માગે છે.

**અકબર ન હોત તો સુનત હોત સબકી**–એ જ હિંદના ઇતિહાસમાં સુદ્રઢતર **સત્ય** છે. સાડા ત્રણ સૈકાના ત્રાસથી અને કેરથી છેક ખળભળી ઉઠેલા અને મરવા પડેલા **ઉત્તર હિંદને** અકબરની ઉદાર રાજનીતિએ ધારણ આપી. નવું લોહી અને નવું વીર્ય ઉપજાવવા જેટલો સમય આપ્યો અને સમાજ પોતાની સંસ્કૃતિને પાછી ખીલવી શકે. એવાં બીજ પણ છુટે હાથે એણે વેર્યાં.

અકબર જન્મથી જ સાચી **ધાર્મિક વૃત્તિ** લઈને જન્મ્યો હતો. ધર્મજિજ્ઞાસા એના ચિત્તંત્રની ઉંડામાં ઉંડી **પ્યાસ** હતી. સંજોગોએ એને રાજા અને રાજાધિરાજ એ ઝમાનાનો મોટામાં મોટો સમ્રાટ્ બનાવ્યો. તો આ ધર્મપિપાસા છીપાવવાને કોઈ એકેન્દ્રિય સાધુ કરે એવા પ્રયત્નો કોઈ મહારાજા પોતાની બધી સત્તા વગ અને લક્ષ્મી વાપરીને કરી શકે તે પ્રકારે આ **રાજર્ષિએ** પોતાની વય અને સત્તાના મધ્યાન્હમાં વર્ષો લગી કર્યા. મુસ્લિમસંઘની ઘોર ઝનૂનને પણ આ નીડર મર્દે લેખવી જ નહીં.

**રાજા એટલે લોકપાલ,** કાલ કારણ બની નવો પ્રજાને સુખદ બલપ્રદ કાળ ઉપજાવવા મથે, તે " રાજા પદને સાર્થક બનાવનાર " **રાજા** એ હિંદુ સંસ્કૃતિની નમૂનેદાર રાજા માટેની ભાવનાને એણે સાચા ઉમળકાથી વધાવી લીધી અને હિંદુ મુસ્લિમના ઉંડા વિરોધોને કાળે કરીને શમાવી શકે, એવી રાજનીતિ જ એણે ઉદાર અદ્વિતીય દક્ષતાથી સર્જી. આ પ્રયસો દરમિયાન એક વખત એના જોવામાં એક **મોટો વરઘોડો** આવ્યો. એની વિલક્ષણતા ઉપરથી અકબરે પૂછપરછ કરી, અને એને કહેવામાં આવ્યું કે " એ વરઘોડો આગ્રાના **જૈન સંઘે** ચંપા નામે શ્રાવિકાને માન આપવાને કહાડયો હતો, કેમકે ચંપાએ **છમાસી ઉપવાસનું વિરલ પુણ્ય તપ** કર્યું હતું.

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

"લાગટ છ માસ લગી માણુસ અન્ન વગર રહી શકે" એ અકબરને સંભવિત લાગ્યું નહીં. તેણે એ બાઈને ઘટતા માન સાથે પણ પૂરા બંદોબસ્તથી એક માસ રાખી અને "તે વચન પ્રમાણે જ વર્તે છે." એમ તેની ખાતરી થતાં, તથા આ પ્રસંગ દરમિયાન જિન ધર્મના સિદ્ધાન્તો મન્તવ્યો રીતરીવાજો આદિ વિશે પણ તેના સાંભળવામાં આવતાં, અકબર જેવી વૃત્તિવાળા માણુસને તો એક નવા સ્વતંત્ર અને વિશાલોદાર જ્ઞાન સ્થાન અને અનુભવ સંચયની ભાળ મળી. **જૈન ધર્મના** તે સમયે ઉત્તમોત્તમ ગુરુ કોણ હતા તે શોધી કહાડતાં અકબરને વાર લગી નહીં, અને આ પ્રમાણે અકબરનો **હીરવિજયસૂરિ** અને તેજસ્વી જિનભક્તો સાથેનો સમાગમ આરંભાયો.

(આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક ૮ મું. સંઘવી ઋષભદાસકવિકૃત કુમારપાલરાજાનો રાસ. રા. રા. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર કૃત પ્રવેશક પા. ૧૦ થી ૧૪)

**બાદશાહ વિક્રમાદિત્ય હેમૂ :–**

દિલ્હીનો ૨૪મો બાદશાહ મહમ્મદ તઘલખ (ઇ૦ સ૦ ૧૩૯૪ થી ૧૩૯૮) હતો ત્યારે ખ્વાજાજહાંને જોનપુરમાં **શર્કી વંશના** રાજ્યની સ્થાપના કરી[1] (સને ૧૩૯૪ થી ૧૪૯૩ સુધી)

---

૧. **જોનપુરનો શર્કી રાજવંશ :–** (ઇ૦ સ૦ ૧૩૯૪ થી ૧૪૯૩)

બનારસની ઉત્તરમાં આશરે ૩૫ માઈલ દૂર **ગોમતી નદીના** કિનારે **જોનપુર** નામે શહેર વિદ્યમાન છે.

દિલ્હીના બાદશાહ **ફિરોજશાહ** તઘલખે સને ૧૩૫૧માં રાઠનગઢના સ્થાને એક નવું શહેર વસાવ્યું. તેનું બાલપણનું નામ **જોન** હતું આથી પ્રાચીન નામ રાઠનગઢને **જોનપુર** નામ આપ્યું અને તેણે જ ખ્વાજા જહાનને સને ૧૩૯૪માં "મલેક ઉસશરકી"નો ખિતાબ આપી જોનપુરમાં સૂબેદાર તરીકે નીમ્યો. ખ્વાજા જહાન પોતાનું **મુબારક શર્કી નામ** રાખી જોનપુરનો સ્વતંત્ર બાદશાહ બની બેઠો. તેનાથી શર્કી વંશ ચાલ્યો; તે આ પ્રમાણે—

પહેલો બાદશાહ મુબારક શર્કી–તે સને ૧૪૦૧માં મરણ પામ્યો.

તે પછી ઇબ્રાહીમ શર્કી :– મૃત્યુ સને ૧૪૪૦

બા૦ મહમ્મુદ શર્કી:– મૃત્યુ સને ૧૪૫૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હેમૂ મોગલ વંશનો કે મુસલમાન નહોતો પણ મોગલ યુગનો હિંદુ બાદશાહ હતો. અસલમાં તે જોનપુરનો વતની જૈન વેપારી હતો. કોઈ કોઈ લેખક તેને રેવાડીનો અથવા બંગાલનો વતની માને છે.**

---

બા૦ અહમ્મદશાહ શર્કી.

બા૦ મહમ્મદશાહ શર્કી.

બા૦ **હુસેનશાહ શર્કી** :– તે સને ૧૪૭૭માં સિકંદર લોદીના હાથે માર્યો ગયો.

એ રીતે શર્કીરાજવંશ સને ૧૪૯૩માં સમાપ્ત થયો.

(–જૂઓ વિક્રમાદિત્ય હેમૂ માટે 'સૂરીશ્વર અને સમ્રાટ,' પૃ૦ ૪૭, ૪૮, ૩૨૫ થી ૩૮૭)

**જોનપુર** :– આ શહેર કાશીથી ૩૪ માઈલ દૂર છે. શહેરનું પુરાણું નામ **જૈનપુરી** હતું. અહીં એકવાર જૈન ધર્મનું પૂરેપૂરું જોર હતું. ત્યારે ગોમતી નદીના કિનારે અનેક જૈન મંદિરો હતાં. અહીં ખોદકામ કરતાં અનેક જૈન મૂર્તિઓ નીકળે છે. આમાંની ઘણીખરી મૂર્તિઓ **કાશી**ના જૈન મંદિરમાં વિદ્યમાન છે.

અહીં એક વિશાળ **મસ્જિદ** છે, જે ૧૦૮ દેરીઓવાળું વિશાળ જૈન મંદિર હતું. સંભવતઃ બાદશાહ ઔરંગઝેબ (સં૦ ૧૭૧૫ થી ૧૭૬૩)ના સમયે તેના સૂબાના હાથે એ ગગનચુંબી જૈન મંદિરને મસ્જિદ બનાવવામાં આવી. મોગલ જમાનામાં તેઓએ આ મંદિરના સ્વરૂપનો નાશ કરી તેમાં ફેરફાર કરીને મસ્જિદના રૂપમાં ફેરવી નાખ્યું. બહારના ભાગમાં ઘણે ઠેકાણે વધુ પડતા સુધારા વધારા પણ કર્યા હતા પરંતુ અંદરના ભાગમાં જિનમંદિરનો ઘાટ સાફ સાફ દેખાય છે. અંદર એક મોટું ભોંયરું છે, જેમાં અનેક ખંડિત–અખંડિત **જૈન મૂર્તિઓ** છે. મંદિરનો ઘાટ અને શિલ્પકામ હેરત પમાડે એવું છે. લગભગ ત્રણ માળનું જિનમંદિર હશે. એવી કલ્પના થાય છે. અમે એક–બે મુસલમાનોને પૂછ્યું કે, 'આ સ્થાને પહેલાં શું હતું?' તેમણે કહ્યું: 'યહ એક બડા જૈનિયોંકા મંદિર થા. બાદશાહને ઉસે તુડવા કર મસ્જિદ બનવા દી હૈ.' અમે એક–બે બ્રાહ્મણ પંડિતોને પૂછ્યું કે, 'અહીં પહેલાં શું હતું?' તેમણે કહ્યું: 'આ શહેરનું નામ પહેલાં જૈનપુરી હતું, તેમાંથી જૈનાબાદ, જેનાબાદ અને આખરે **જોનપુર** થયું છે.'

આ પ્રાંતમાં આવું વિશાળ મંદિર આ એક જ હતું. આગરાથી લઈને ઠેઠ કલકત્તા સુધીમાં આવું બીજું વિશાળ મંદિર અમારા જોવામાં આવ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે જોનપુરમાં શર્કીવંશનું રાજ્ય ( સને ૧૩૯૪ થી ૧૪૯૩) હતું.

**પરિચય :**— પ્રો૦ **આઝાદ** હેમૂનો પરિચય આપતાં જણાવે છે કે, તે ગલીકૂચીમાં રહેતો હતો. પણ ભાગ્ય ચમકતાં ફોજના બજારમાં આવ્યો અને લશ્કરી **મોદી** બન્યો. તે વ્યવસ્થાશક્તિવાળો અને યુક્તિથી કામ લેનાર સાહસી **યુદ્ધવીર** હતો. તે સૌની સાથે હળી-મળીને રહેતો હતો, તેથી તે લોકપ્રિય બન્યો. ધીમે ધીમે તે પહેલાં **ચોધરી,** પછી **કોટવાલ** અને પછી તે **ફોજદાર** બન્યો. તે ઇમાન-દાર હતો. પોતાના માલિક અને સૌના ભલામાં તે રાજી હતો. છેવટે તે બાદશાહ **મહમ્મુદ આદિલશાહનો** પ્રેમપાત્ર ( મહેતો ) બન્યો. તે અમીરો અને ઉમરાવોનાં કામ કરાવી દેતો, આથી બાદ-શાહનો પ્યારો અને સૌથી **વડો દીવાન** બન્યો. તેની ભાવના હતી

---

નથી. અહીં હજારો જૈનોની વસ્તી હતી; આજે અહીં એક પણ જૈનનું ઘર નથી.

આજથી ૩૦૦ વર્ષ પહેલાંના વિદ્વાન્ જૈન સાધુ યાત્રી પોતાની ' તીર્થ-માળા 'માં જોનપુર માટે આ પ્રમાણે લખે છે:—

" અનુક્રમે જઉણપુરી આવીયા, જિનપૂજા ભાવના ભાવીયઈ;
દોઈ દેહરે પ્રતિમા વિખ્યાત, પૂજી ભાવઈ એક સો સાત."

(—તીર્થમાળા, પૃ૦ ૩૧ )

આ જઉણપુર એ જ આજનું જોનપુર છે. અંધકારના સમયમાં અહીં બે જિનમંદિરો હતાં અને તેમાં ૧૦૭ જિનમૂર્તિઓ વિદ્યમાન હતી.

(—જૂઓ અમારો ' જૈનતીર્થનો ઇતિહાસ, પૃ૦ ૫૬૦, ૬૧ )

મહો૦ નયવિજય ગણિ તથા **મહો૦ યશોવિજય** ગણિવર વિ૦ સં૦ ૧૭૦૫માં જોનપુરમાં પધાર્યા હતા.

બાદશાહ ઔરંગઝેબના જોનપુરના સૂબાએ જૈન ઉપાશ્રયને પોતાના તાબામાં લઈ ખાલસા કરી તેની મસ્જિદ બનાવી હતી. પરંતુ પં૦ ભીમવિજય ગણિવરે સં૦ ૧૭૩૬માં અજમેરમાં બા૦ ઔરંગઝેબ પાસેથી ફરમાન મેળવી તે ઉપાશ્રયને પાછો મેળવી જૈન સંઘને સુપરત કર્યો હતો.

(જૂઓ મોગલ બાદશાહના ફરમાનો, નોંધ ૨૦ મી)

દિગંબર જૈનોના તેરાપંથના પ્રતિષ્ઠાપક કવિવર **બનારસીદાસ** જૈન અસલમાં આ જોનપુરના જ શ્વેતાંબરીય ખરતરગચ્છના **શ્રાવક** હતા. તેણે સં૦ ૧૬૮૦માં આગરામાં તેરાપંથ ચલાવ્યો. (પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે, 'મહમ્મદ આદિલને દિલ્હીનો બાદશાહ બનાવવો;' પણ મહમ્મદ આદિલ પઠાણો સાથેના યુદ્ધમાં માર્યો ગયો. આથી હેમૂ પોતે જ રાજા બની બેઠો.

તે **વાણિયો હતો.** છતાં પરાક્રમી, સાહસી અને ધીર હતો. માલિક પ્રત્યે **નિમકહલાલ** હતો. લોકોને ખુશ રાખતો. તે જાણતો હતો કે, "દિલ્હીનો બાદશાહ અકબર છે" છતાં તેને "પોતાને "દિલ્હીનો બાદશાહ બને" એવી મરજી થઈ; તે ચુનારા અને બંગાળના વિદ્રોહને શાંત કરી, દિલ્હી, આગરા તરફ ચાલ્યો. તે આગરાને કબજે કરી, **દિલ્હી** ઉપર ચડી આવ્યો.

પ્રસિદ્ધ ઇતિહાસકાર **બદાઉની** લખે છે કે, "આ સાલ, દિલ્હી, આગરાના પ્રદેશમાં ભયંકર દુકાળ હતો. અનાજનો સર્વથા અભાવ હતો. મનુષ્યો ઝાડનાં પાંદડાં અને છાલ ખાતા હતા. પોતાનાં પશુઓને મારીને ખાતા હતા. માણસોને મારી નાખી, તેનાં નાક, કાન કાપી ખાઈ જતા હતા."

એવા સમયમાં હેમૂ સાહસથી આગળ વધ્યો. તેણે દિલ્હીના હાકેમ તરાદી બેગખાન (તાર્દીબેગખાન)ને હરાવી, પંજાબ તરફ નસાડી મૂક્યો અને **હેમૂ વિક્રમાદિત્ય દિલ્હીની ગાદીએ બેઠો અને બાદશાહ** બન્યો.

એ સમયે બા૦ અકબર બહેરામખાનની દોરવણી મુજબ કાબૂલ જીતવાનો વિચાર માંડી વાળી, દિલ્હી, આગરા લેવા આ તરફ આવી રહ્યો હતો ત્યાં તરાદી બેગખાન તેને રસ્તામાં મળ્યો.

બહેરામખાને તરાદી બેગખાન પાસેથી "હેમૂ દિલ્હી જીતી બાદશાહ બની બેઠો છે" એ વાત જાણી લીધી. એ વાત સૌની જાણમાં ન આવે એટલા માટે તરાદી બેગાખાનને કાવતરું કરી મારી નખાવ્યો.

**યુદ્ધ :–** અકબર સને ૧૫૫૬માં પાણીપતના કુરુક્ષેત્રમાં આવ્યો. હેમૂ પણ ત્યાં તેની સામે થયો. મોગલસેના અને હેમૂ વચ્ચે યુદ્ધ ચાલ્યું. બહેરામખાને એક તીર મારી હેમૂને હાથીથી નીચે પાડ્યો.

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

હેમૂ ઘવાયો, હાર્યો અને અકબરનો જય થયો. અકબરના સ્વભાવ પ્રમાણે તે આવા વીરોને મારી નાખવા કરતાં પોતાના મિત્ર બનાવી લેવાનું પસંદ કરતો હતો. જો અકબર મોટી ઉંમરનો હોત તો તે હેમૂને જરૂર બચાવી લેત અને પોતાનો સાથીદાર બનાવી રાખત.

પ્રસિદ્ધ ઇતિહાસકાર **બદાઉની** તથા **અબુલફજલ** લખે છે કે, અકબરે આવા બહાદુર માનવી ઉપર પોતાની તરવાર ચલાવવાની ના પાડી, આથી બહેરામખાને પોતાની તરવાર વડે હેમૂ વિક્રમાદિત્યનું માથું ઉડાવી દીધું. (-દરબારે અકબરી; સૂરીશ્વર અને સમ્રાટ્, પૃ૦ ૪૭, ૪૮, ૩૨૫ થી ૩૨૭)

ઇતિહાસની સૌને યાદ અપાવે એવી ઘટના છે કે, "વિક્રમની બીજી સહસ્રાબ્દીમાં કેવળ મુસલમાન બાદશાહો જ થયા હતા પરંતુ તેઓની હરોળમાં તેઓની વચ્ચે દિલ્હીનો બાદશાહ બનનાર "આ એક જ **હિંદુ વાણિયો** હતો." જે છ મહિના સુધી દિલ્હીનો બાદશાહ રહ્યો હતો."

ઇતિહાસના વિદ્વાનો આ ઘટનાને "ઢીલી દાળે. માંસને દબાવ્યું" આવા શબ્દોમાં ઘટાવે છે-ગોઠવે છે-આ ઘટનાને કદાચ સારા શબ્દોમાં કહીએ તો તે "ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન બન્યો હતો." એવી ઉપમા આપીએ તો તે સર્વથા તર્કસંગત છે.

આ રીતે અકબર સં૦ ૧૬૧૩ના ફાગણ વદિ ૨ ના રોજ વિક્રમાદિત્ય હેમૂને મારીને દિલ્હીનો બાદશાહ બન્યો હતો.

(-જૈન સત્ય પ્રકાશ, ક્૦ ૧૩૪, દીલ્હીપતિના રાજવંશો)

## ૮. બા૦ અકબર :-

**રાજકાળ :-** હીઃ સન ૯૬૩ રવિઉસ્સાની મહિનાની તા. ૨ થી ૧૦૧૪, ૧૫ જમાદિઉસ્સાની મહિનાની તા. ૧૧મી સુધી, વિ૦ સં૦ ૧૬૧૨ના ફા૦ સુ૦ ૪ (વિ૦ સં૦ ૧૬૧૩ ફા૦ વદિ ૨)થી વિ૦ સં૦ ૧૬૬૨ના કા૦ સુ૦ ૧૪ને મંગળવાર સુધી, તા. ૧૪-૨-૧૫૫૬ થી તા. ૧૫-૧૦-૧૬૦૫ સુધી.

अः सर्वनाथः क इतीव चात्मा,

वरः प्रधानः स इवास्ति तेषु ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तादृक् प्रभुत्वादिभिरित्युदर्थां
विज्ञो जगादाऽकबरेति संज्ञाम् ॥ ४४ ॥
श्रीयुक्तहीरविजयाभिधसूरिराजां
तेषां विशेषसुकृताय सहायभाजाम् ।
जन्तुष्वमारिमदिशद् अदयं दयार्द्र-
स्तत्पुण्यमानमधिगच्छति सर्ववेदी ॥ १२३ ॥
कन्ये ! कासि कृपा, कुतोऽसि विधुरा राजा कुमारो गत-
स्तत् किं हिंसकमानवैरहरहर्गाढं प्रमुष्टाऽस्म्यहम् ।
स्थानाय स्पृहयामि तद् भज शुभे ! भूभामिनीभोगिनं
संप्रत्येकनृपं चिरादकबरं येनासि न व्याकुला ॥ ११३ ॥
यज्जीजिआकर निवारणमेष चक्रे,
या चैत्यमुक्तिरपि दुर्दमुद्गलेभ्यः ।
यो बन्दिबन्धनमपाकुरुते कृपाङ्गो
यत् सत्करोत्यवमराजगणो यतीन्द्रान् ॥ १२६ ॥

(–મહો૦ શાન્તિચંદ્રગણિકૃપારસકોશ, કુલ શ્લોકો : ૧૨૮)

બાદશાહ હુમાયુ દિલ્હી છોડી પંજાબમાં નાસી ગયો હતો ત્યારે તેની બેગમ **હમીદા** મરિયમ મકાની અમરકોટમાં હિંદુ રાજાના રાજમહેલમાં અતિથિ તરીકે રહી હતી, ત્યાં તેણે તા. ૨૩–૧૧–૧૫૪૨ ને ગુરુવારના રોજ એક બાળકને જન્મ આપ્યો, જેનું જન્મ નામ હતું **બદરૂદ્દીન મહમ્મદ અકબર.**

**પૂર્વભવ :**– અકબરના પૂર્વભવનો ઇતિહાસ આ પ્રકારે મળે છેઃ– પ્રયાગમાં **મુકુંદ** નામે બ્રહ્મચારી રહેતો હતો. તેને ૧૪ શિષ્યો હતા. તેમાંના બ્ર૦ મુકુન્દે કોઈ દિવસે બાદશાહની સુખ–સાહ્યબી જોઈ “બીજા ભવમાં હું આવો બાદશાહ બનું તો સારું” એ રીતે બાદશાહ બનવાનો સંકલ્પ–નિયાણું કર્યું. તેણે સં૦ ૧૫૯૮ ના ફાગણ વદિ ૧૨ ના દિવસે સવારે પહેલા કે બીજા પહોરના સમયે એક જૂના પીપળાને સળગાવી તેમાં પોતાના શરીરને હોમી દીધું, તે ત્યાંથી

JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મરીને બાદશાહ હુમાયુની બેગમ હમીદાબાનુની કુક્ષીએ ગર્ભમાં આવ્યો. **હમીદા બેગમે** વિ૦ સં૦ ૧૫૯૯ના કાર્તિક વદિ ૬ ના રોજ બીજો ગઢમાં (બાધો ગઢમાં) અકબરને **જન્મ** આપ્યો.

બ્રહ્મચારી મુકુંદને જે ૧૪ ચેલાઓ હતા તે પૈકીનો એક મોટો ચેલો મરીને સં૦ ૧૫૬૨માં અહીં ભારતમાં જન્મી ચૂકયો હતો જે અહીં **નરહરિ** નામે પ્રસિદ્ધ હતો. બીજા ચેલાઓ પણ મરીને અહીં જન્મ્યા હતા, જે શેખ અબુલફજલ, અને રાજા માનસિંહ વગેરે બન્યા હતા. બાદશાહ અકબરને પોતાના પૂર્વભવનો સંકેત થયો, આથી તેણે પ્રયાગમાં બ્ર૦ મુકુંદના હોમ સ્થાને માણસો મોકલી, તપાસ કરાવી, તો તેને ત્યાંથી એક તામ્રપત્ર મળ્યું, તેમાં નીચે પ્રમાણે શ્લોક હતોઃ—

वसु-निधि-शरचन्द्रे तीर्थराजप्रयागे
तपसि बहुलपक्षे द्वादशीपूर्वयामे ।
शिखिनि तनु जुहोम्यखण्डभूम्याधिपत्ये
सकलदुरितहारी ब्रह्मचारी मुकुन्दः ॥

(–નરહરિ મહામાત્ર કૃત છપ્પય, કવિ દયાલજીકૃત કવિત્ત, સને ૧૯૪૬ ડિસેંબરથી સને ૧૯૪૯ એપ્રિલ વગેરે મહિનાઓના ‘ વિશાલ–ભારત માસિક અંકો; પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨, પુરવણી પૃ૦ ૨૫૦ )

સમ્રાટ અકબરના પૂર્વભવ માટે અંગ્રેજીમાં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે—

ORIENTAL BYOGRAPHICAL DICTIONARY.

MUKUNDS BRAHMACHARI.

A famous brahmana ascetic. The Hindus insist the emperor Akbar was a Hindu in former generation. The proximity of the time in which this famous emperor lived has forced them however, to account for this in the following manner.

There was a holy Brahmana of the above name,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

who wished very much to become emperor of India, and the only practicable way for him was to die first, and be born again. For this purpose he made desperate tappasia, wishing to remember everything he know in the present generation. This could not be fully granted but he was indulged with writing on brass plate a few things which he wished more particularly to remember. Then he was directed to bury plate, and promissed that he should remember the plate in the next generation. Mukunda Went to Allahbad, buried the plate, and then buried himself. Nine months afterwards he was born in the character of Akbar, who as soon as he ascended the throne went to Allahbad, and easily found the spot, where the brass plate was buried.

Mill's British Indian Vol. II. P. 152.

The translation of the inscription on the brass plate is as follows:-

In the Samvat year 1598, on the 12th day of Second fortnight of the month of Magh II, Mukunda Brahmachari whose food was nothing but milk. Sacrificed myself at Prag (Allahbad) the place of worship, with the design that I should become ruler of the whole world.

The above date correspond with the 27th January A. D. 1542, and Akbar was born on Sunday, the 15th October, the same year being three or four days less than nine months after the above circumstances.

An Oriental Biographical Dictionary by Thomas William Beale.

London 1894.

બાદશાહનું પૂરું નામ **જલાલુદ્દીન મહમ્મદ અકબર હતું.**

**સ્વભાવ :–** વિદ્વાનો માને છે કે, બાદશાહ અકબર, અકળ સ્વભાવનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો તે દારૂડિયો,[1] વિલાસી,[2] દાર્શનિક બુદ્ધિવાળો, સર્વ ધર્મમાં સમભાવવાળો, સત્યનો પક્ષપાતી, મનુષ્યનો પરીક્ષક, અભણ, ચંચળ સ્વભાવનો, પુરુષાર્થી વ્યવહારદક્ષ, લડવૈયો, પરાક્રમી, મુત્સદ્દી અને રાજકુશળ હતો. વીરતાનો પ્રેમી અને પૂજાપ્રેમી હતો.

---

૧. બાદશાહ અકબર મોટો દારૂપ્રેમી અને વિલાસી હતો એ અંગે કેટલીક ઘટનાઓ નીચે પ્રમાણે પ્રસિદ્ધ છેઃ—

(૧) બાદશાહ અકબરે **જૈનાચાર્ય શ્રીહીરવિજયસૂરિને** વિનંતિપૂર્વક ફરમાન લખી મોકલ્યું, જેમાં તેણે તેમને ગૂજરાતથી ફતેપુરસિક્રી આવવા જણાવ્યું. તેમના પરિવારના મહો૦ **વિમલહર્ષગણિ** વગેરે મુનિવર તથા આગરા અને ફતેપુરસિક્રીના આગેવાન જૈનોને સાંગાનેર તેમની સામા મોકલીને આચાર્યશ્રીને ભક્તિપૂર્વક જલદી ફતેપુર લઈ આવવા વ્યવસ્થા ગોઠવી. આચાર્યશ્રી સં૦ ૧૬૩૯ જેઠ વદ ૧૩ શુક્રવારને રોજ ફતેપુરસિક્રી આવ્યા. અને બાદશાહની મુલાકાત માટે બાદશાહી મહેલમાં પધાર્યા. બાદશાહને બરાબર તે જ સમયે દારૂ પીવાની મરજી થઈ. આથી તે દારૂ પીને જનાનખાનામાં ચાલ્યો ગયો. અને જ્યારે તેનો નશો ઊતર્યો ત્યારે બપોરે તેણે આચાર્યશ્રીને બાદશાહી મહેલમાં બોલાવી, માન-સન્માનપૂર્વક તેમનો ઉપદેશ સાંભળ્યો.

૨. (૧) બિકાનેરના રાજા રાયસિંહનો નાનો ભાઈ **પૃથ્વીસિંહ કવિ** હતો. તે બાદશાહની "વિલાસપ્રિયતા" જાણતો હતો. તેણે એ વિલાસી બાદશાહને ખુશ કરવા ડીંગલભાષામાં શૃંગારરસવાળી कृष्णरुक्मिणीवेली રચીને બાદશાહને આપી. બાદશાહ તેને સાંભળી ઘણો ખુશી થયો અને તેની ઉપર વધુ પ્રસન્ન થયો.

(૨) જેસલમેરના રાજા **માલદેવ** રાવળ (સં૦ ૧૬૦૭ થી ૧૬૧૮) હતો, તેનો પાટવી કુંવર **હરરાજજી** રાવળ (સં૦ ૧૬૧૮ થી ૧૬૩૪) હતો એ સમયે ખરતરગચ્છના ભ૦ **જિનચંદ્રસૂરિ** (સં૦ ૧૬૧૨ થી ૧૬૭૦)ના શિષ્ય ઉપા૦ **આગમધર્મ** (સં૦ ૧૬૭૫ થી ૧૬૮૮)ના શિષ્ય ઉ૦ **કુશળલાભ** ગણિ હતા. હરરાજજી રાવળે યતિવર ઉપા૦ કુશળલાભ પાસે સં૦ ૧૬૧૬ના ફાગણ સુદિ ૨ ને રવિવારે જેસલમેરમાં माधवानलकामकुंडला रास-चोपाई, ગ્રં૦ ૫૫૦ અને સં૦ ૧૬૧૭ના વૈશાખ સુદિ ૩ ને ગુરુવારે જેસલમેરમાં રાજસ્થાની ભાષામાં मारूढोलाचोपाई-चंपू, ગાથા: ૨૩૮ તૈયાર કરાવીને બાદશાહની સભામાં લાવી મૂક્યાં, તેમાં મર્યાદિત તથા રોચક શૃંગાર હતો. પરંતુ અંતે "શીલપાલનનું માહાત્મ્ય" બતાવ્યું હતું. એ સાંભળીને તો બાદશાહ વધુ ખુશ થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બાદશાહ અકબર** તા. ૨૩-૧૧-૧૫૪૨ને ગુરુવારના રોજ બાધોગઢમાં જન્મ્યો. તા. ૧૪-૨-૧૫૫૬માં ગુરુદાસપુર જિલ્લાના કલનોર ગામમાં દિલ્હીના બાદશાહ તરીકે નિમાયો-અભિષેક કરાયો, અને બહાદુર વિક્રમાદિત્ય હેમૂને મારી દિલ્હી, આગરા જીતી લઈ વિ૦ સં૦ ૧૬૧૨ના મહા વદિ ૪ (હી૦ સં૦ ૯૩૨ રઉસ્સાની મહિનાની તા. ૨ ઇ૦ સ૦ તા. ૧૪-૨-૧૫૫૬)ના રોજ દિલ્હીની ગાદીએ બેસી ભારતનો **બાદશાહ** બન્યો. તે જલાલુદ્દીન મહમ્મદ અકબર તરીકે પ્રસિદ્ધિ પામ્યો. પણ બાદશાહ અકબર એવું તેનું ટૂંકું નામ ભારતના ઇતિહાસમાં સોનાના અક્ષરે કોતરાયેલું છે.

**નવોમત :-**

બાદશાહ અકબરે વિ૦ સં૦ ૧૬૧૨ કે સં૦ ૧૬૧૯માં **આગરા** વસાવ્યું હતું એટલે કે તેને બાદશાહી વસવાટને યોગ્ય બનાવ્યું હતું.

તેણે ભારતના હિંદુ-મુસલમાન સૌને એકરૂપ બનાવી ભારતની એકતા સાધવા માટે વિચાર કર્યો અને વિ૦ સં૦ ૧૬૩૬ (સને ૧૫૭૯)માં દીન-ઇ-ઈલાહી (ઈશ્વરનો ધર્મ) નામનો સર્વગ્રાહ્ય બને તેવો મત સ્થાપ્યો.

જૈનમ્ જયતિ શાસનમ્

બાદશાહ અકબર જૂદા જૂદા ધર્માચાર્યોની મુલાકાત લઈ તેમના ધર્મતત્ત્વને સાંભળતો હતો અને તેમાંથી હિતતત્ત્વને અંગીકાર કરતો હતો. એ ધર્મોનાં સારભૂત તત્ત્વોને પોતાના નવા ધર્મમાં દાખલ કરી લોકોપયોગી બનાવવા યોગ્ય નિયમો ગોઠવતો.

આ સમયે ગૂજરાતનો બાદશાહ **મુજફ્ફર ત્રીજો** (સને ૧૫૬૧ થી ૧૫૭૨) હતો. બાદશાહ અકબર સને ૧૫૭૨માં મોટી સેના લઈ ગૂજરાત ઉપર ચડી આવ્યો. અમદાવાદને જીતી લઈ બા૦ મુજ-

(૩) પછી તો પૃથ્વીસિંહે સદેવંતસાવલિંગાની વારતા રચી તૈયાર કરાવી હતી. તેમાં અમર્યાદિત અને ઉઘાડો શૃંગારરસ હતો. બાદશાહ તેને સાંભળી અત્યંત પ્રસન્ન થયો.

બાદશાહ સ્ત્રીઓનો મીનાબજાર ભરાવતો હતો, તેમાં તે ગુપ્તવેશે જોવા જતો હતો. બાદશાહ અકબર આવો વિલાસી હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફરને હરાવી પોતાની સાથે લઈ સને ૧૫૭૩ના જૂન મહિનામાં તે ફતેપુર સિક્રી પહોંચી ગયો. તેણે અમદાવાદમાં પોતાના દૂધભાઈ મીરઝા અજીજ કોકાને ગૂજરાતનો સૂબો બનાવ્યો.

બાદશાહ અકબર ફતેપુર સિક્રી પહોંચ્યો તે પછી બે મહિનામાં એટલે ઑગસ્ટ માસમાં મહમ્મદ હુસેન અને ઇખ્તીયાર મુલ્કે ગૂજરાતમાં બળવો જગાવ્યો. અકબરને તેના ખબર મળ્યા. આથી બાદશાહ રાજા બીરબલ વગેરે સાથે મોટી સેનાને લઈ કોઈને ખબર ન પડે તેમ એકાએક ફતેપુર સિક્રીથી નીકળી ફરીવાર ગુજરાત ઉપર ચડી આવ્યો. તેણે "માત્ર ૯ દિવસમાં ૬૦૦ માઈલની મુસાફરી કરી," પોતાની સેનાનો મજબૂત વ્યૂહ રચી અમદાવાદ આવ્યો. તા. ૨–૯–૧૫૭૩ના દિવસે મોટું યુદ્ધ થયું. અકબરે શત્રુઓને હરાવી અમદાવાદને કબજે કર્યું અને તે અમદાવાદની ગાદીએ બેઠો. તેણે પોતાનો પ્રભાવ જમાવવા ૨૦૦૦ બળવાખોરોના માથાનો મોટો બૂરજ બનાવ્યો. આ રીતે તે ફરી ગૂજરાતનો બાદશાહ બન્યો અને તે અમદાવાદમાં આરામથી ઘણા દિવસો સુધી રોકાયો.

( —ગુજરાતનું પાટનગર અમદાવાદ, પૃ૦ ૬૯—૭૦ )

આગરાના શેઠ રામશાહનો પુત્ર **થાનમલ જૈન** આ લશ્કરમાં અકબર સાથે અમદાવાદ આવ્યો હતો.

**દીક્ષા ઉત્સવઃ**— આ સમયે તપગચ્છના નાયક **આ૦ હીરવિજયસૂરિ** અમદાવાદમાં વિરાજમાન હતા. સં૦ ૧૬૨૮માં લોંકાગચ્છની અમદાવાદની ગાદીમાં શ્રીપૂજ કુંઅરજીસ્વામીના શિષ્ય **મેઘજીસ્વામી** શ્રીપૂજ તરીકે વિરાજમાન હતા. શ્રીપૂજ મેઘજી વગેરે લોંકાગચ્છના ૧૮ યતિઓએ આ૦ હીરવિજયસૂરિ પાસે તપાગચ્છની સંવેગી દીક્ષા અંગીકાર કરવાનો નિર્ણય કર્યો. આગરાના શેઠ થાનમલજીએ આ દીક્ષા-ઉત્સવમાં બાદશાહી લશ્કરી વાજાં લાવી ઉત્સવની શોભામાં વધારો કર્યો હતો. આચાર્યશ્રીએ તે દીક્ષા આપી. **મુનિ ઉદ્યોતવિજયજી** વગેરે નામો રાખ્યાં અને પોતાના પરિવારના ગીતાર્થો વગેરેના શિષ્ય–પ્રશિષ્યો બનાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદશાહ અકબર **સાહિબખાનને** ગૂજરાતનો સૂબો બનાવી, ફતેપુર સિક્રી ચાલી ગયો. બા. અકબરે ગૂજરાતમાં એક પછી એક ૯ સુબા મોકલ્યા હતા.

ગૂજરાતનો જૂનો બાદશાહ મુજફ્ફરશાહ મરણ પામ્યો ત્યાર પછી અકબરે પોતાના સાવકા ભાઈ—દૂધભાઈ—મીરઝા **અજીજ કોકાને** ગૂજરાતનો સૂબો બનાવી મોકલ્યો હતો અને મોલવી **અબુલફ્ઝલને** અહીં રાખી, સૌરાષ્ટ્રની જમીન તથા મહેસૂલની વ્યવસ્થા બંધાવી હતી. અબુલફ્જલે **સૌરાષ્ટ્ર**માં સાત વર્ષ ગાળી, સૌરાષ્ટ્રના મહેસૂલ માટે ૯ ભાગ પાડ્યા હતા. તે ભાગ આ પ્રમાણે હતા: ૧. ઝાલાવાડ, ૨. સોરઠ ૩. **શત્રુંજયવિભાગ**, ૪. વાળાક, ૫–૬–૭. વાઘેલાનો વિભાગ, ૮. કાઠી, ૯. નાનો **કચ્છ** વગેરે.

**આમંત્રણ** :– બાદશાહ અકબરે ફતેપુર સિક્રીમાં શેઠ થાનમલની માતા ચંપાબાઈના મુખેથી આ૦ હીરવિજયસૂરિની પ્રશંસા સાંભળી તેમને ફતેપુર સિક્રી લાવવા માટે **મોદી** અને **કમાલ** નામના બે મેવાડાઓને મોકલી ગૂજરાતથી ફતેપુર સિક્રી બોલાવ્યા.

આ૦ હીરવિજયસૂરિ પોતાના ૬૭ મુનિવરોની સાથે ગૂજરાતથી નીકળી મારવાડ, મેવાડ થઈ સં૦ ૧૬૩૯ના જેઠ વદિ ૧૩ના રોજ ફતેપુર સિક્રી આવ્યા. તેમણે આ પ્રદેશમાં લગભગ ચાર વર્ષો સુધી વિચરી બાદશાહ અકબર, તેનો પરિવાર અને રાજદરબારીઓને ધર્મોપદેશ આપ્યો. પછી તેઓ ગૂજરાત પધાર્યા ત્યારે તેમણે અહીંના લોકો, બાદશાહ, શાહી પરિવાર, અમીરો, રાજા વગેરેને ધર્મોપદેશ દેવા માટે **મહો૦ શાંતિચંદ્ર ગણિવર, મહો૦ ભાનુચંદ્ર ગણિ** વગેરે વિદ્વાન્ ધર્મોપદેશક મુનિવરોને બાદશાહની પાસે રાખ્યા હતા અને ગૂજરાતમાં ગયા બાદ ત્યાંથી પોતાના પટ્ટધર **આ૦ વિજયસેનસૂરિ** તથા મહો૦ **સિદ્ધિચંદ્ર** ગણિ વગેરેને ગૂજરાતથી બાદશાહ પાસે મોકલ્યા હતા. મહો૦ **ભાનુચંદ્ર ગણિ** અને મહો૦ સિદ્ધિચંદ્ર ગણિ બાદશાહના દરબારમાં લગભગ ૨૩ વર્ષ સુધી રહ્યા હતા. બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિ અને તેમના શિષ્યો–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશિષ્યો વગેરેના ઉપદેશથી ઘણાં લોકહિતનાં અને આત્મવિકાસનાં શુભ કામો કર્યાં હતાં. તેની ટૂંકી યાદી નીચે પ્રમાણે છેઃ—

## બાદશાહ અકબરનાં શુભ કાર્યો

(૧) મારવા માટે બાંધી રાખેલાં પશુ–પંખીઓને છોડી મૂકયાં અને કેદીઓને પણ છૂટા કર્યા.

(૨) ડાબર તળાવનો શિકાર બંધ કરાવ્યો અને માછલાં પકડવાની જાળો બંધ કરાવી.

(૩) બાદશાહ અકબર હમેશાં સવારમાં ૫૦૦ ચકલાંની જીભોનો કલેવો કરતો હતો. તેણે તે ખાવાનો ત્યાગ કર્યો.

(૪) બાદશાહ અકબર જૈનધર્મનો પ્રેમી બન્યો. **આ૦ હીરવિજયસૂરિનો** ભક્ત બન્યો અને હિંદુધર્મ પ્રત્યે ખેંચાયો.

(૫) બાદશાહે આ૦ હીરવિજયસૂરિને મોટો **ગ્રંથભંડાર** ભેટ કર્યો.

ખાને આઝમ મીરઝા અજીજ કોકા દિલ્હીના બા૦ અકબર વતી ગુજરાતનો (સં૦ ૧૬૪૪ થી ૧૬૪૯ સુધી) ૭મો સુબો બની આવ્યો હતો. ત્યારે તેનો **પુત્ર ખુરમ** સોરઠનો કમીશ્નર હતો. તેણે કોઈની ચડવણીથી કે ધર્મના ઝનૂનથી શત્રુંજય તીર્થના મોટા જિન પ્રાસાદનો નાશ કરવા માટે પહાડ ઉપરનાં ઝાડ કપાવી, એ ઝાડનાં લાકડાં મંદિરની ચારે બાજુ ગોઠવ્યાં. તેનો ઇરાદો હતો કે મંદિરને બાળી રાખ બનાવવું, ત્યારે આ૦ વિજયહીરસૂરિ વતી આ૦ વિજયસેનસૂરિએ આ ઘટના લાહોરમાં ઉ૦ ભાનુચંદ્ર ગણિને લખી જણાવી અને શેઠ હરખચંદ પરમાનંદે અરજી મોકલી બા૦ અકબરને આ ઘટના જણાવી ન્યાય માગ્યો. બા.અકબરે ઉ૦ ભાનુચંદ્રના કહેવાથી ચૈત્રાદિ સં૦ ૧૬૪૭ના આ૦ વ૦ ०)) ને રોજ શાહજાદા જહાંગીર પાસે ફરમાન લખી સુબા મીરઝા કોકા ઉપર મોકલ્યું. "તેમાં કોઈ સુબો આવી ભૂલ ન કરે તે માટે તાબડતોબ મનાઈ હુકમ કર્યો." આ રીતે ખુરમને તે ભૂલ કરતાં રોકયો અને "કોઈ અમલદાર ફરી ફરી આવી ભૂલ ન કરી બેસે" એટલા ખાતર જૈનોની માગણીથી **બા૦ અકબરે આ૦ વિજયહીરસૂરિને** સં૦ ૧૬૪૯ વૈ. સુ. ૧૦ને

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

રાજ **શત્રુંજય** વગેરે તીર્થો ઇનામમાં આપવાનું **ફરમાન** લખી મોકલ્યું. સાથોસાથ **આ૦ વિજયસેનસૂરિને** લાહોર પધારવા વિનંતિ પણ કરી હતી. (મોગલ બાદશાહ ફરમાન નં૦ ૩, ૪)

(૬) બાદશાહે નિર્વંશીયાનું ધન લેવાનું બંધ કર્યું.

(૭) બાદશાહે ભારતમાં બહુ નિંદા પામેલો **જજિયાવેરો** માફ કર્યો.

(૮) બાદશાહ દયાળુ સ્વભાવનો બન્યો.

(અ) બાદશાહ અકબરે સને ૧૫૭૨માં અમદાવાદ જીતી લીધું અને પછી બળવો ઊઠવાથી ફરી ચડાઈ કરીને તા. ૨-૯-૧૫૭૩માં અમદાવાદને ફરી વાર જીતી લઈ તે અમદાવાદની ગાદીએ બેઠો. તેણે મહમ્મદહુસેન તેમજ ઇખ્તિહાર મુલ્કે વગેરે બળવાખોરોમાંના ૨૦૦૦ માણસોનાં માથાં એકઠાં કરી મોટો બૂરજ બનાવ્યો હતો. (પ્રક૦ ૪૪, પૃ૦ ૬૬)

(આ) બાદશાહ અકબર ખ્વાજા મુઇનુદ્દીનની **હજ** (યાત્રા) કરવા માટે અવાર નવાર પગપાળા **અજમેર** જતો હતો. તે અને તેના સાથીદારો આ રસ્તે જતાં-આવતાં ભૂલા ન પડે એટલા માટે તેણે "આગરાથી અજમેર સુધીના ૨૨૮ માઇલના રસ્તામાં ૧૧૪ હજીરા મિનારા ઊભા કરાવ્યા હતા" અને તેને શોભાવવા માટે હજારો હરણનાં શિંગડાં તેની ઉપર લગાવ્યાં હતાં.

કવિ **ઋષભદાસ** લખે છે કે :—

"દેખે હજીરે હમારે તુમ્હ, એકસો ચૌદ કિયે વે હમ;
એકેક પે સિંગ પાંચસે પંચ, પાતગ કરતે નહીં ખલ પંચ."
(—હીરવિજયસૂરિરાસ)

(ઇ) અકબર બાદશાહને **ચિત્તોડનો કિલ્લો** જીતતાં ઘણું કષ્ટ પડયું હતું. પણ જ્યારે એ જિતાયો ત્યારે બાદશાહે ગુસ્સામાં આવી ઘણો જનસંહાર કરાવ્યો. સૌ પ્રત્યે ક્રૂરતાભર્યું વર્તન ચલાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬) બાદશાહ અકબરે પંજાબમાં હતો ત્યારે એક દિવસે ત્યાં **રાવી નદીના** કિનારે મોટા જંગલમાં ચારે બાજુએ સૈનિકોનો ઘેરો ગોઠવી, પશુઓને બહાર જવાના રસ્તા રોકાવી, સ્વચ્છંદપણે પ્રાણીઓનો મોટો સંહાર કર્યો–કરાવ્યો હતો.

બાદશાહ અકબરે પોતાના આ અત્યાચારોને યાદ કરી, મનમાં દુઃખ પામી પસ્તાવો કર્યો અને આ૦ હીરવિજયસૂરિ પાસે તે ક્રૂર કામોનું પ્રાયશ્ચિત્ત માગ્યું અને સાથોસાથ પ્રતિજ્ઞા કરી કે "હું હવે પછી આવી ક્રૂરતા કરીશ નહીં."

(૯) અકબરે આચાર્યશ્રીને **શત્રુંજયતીર્થ** ભેટ તરીકે આપ્યું અને શત્રુંજય પહાડ ઉપર જૈનોને નવાં જિનાલયો બાંધવાની રજા આપી. શત્રુંજયતીર્થના યાત્રાળુઓના બધી જાતના **કરો માફ** કર્યા, તથા ભારતના સર્વ જૈન તીર્થો, જિનાલયો અને ઉપાશ્રયોને પૂરું રક્ષણ આપ્યું.

JAINSITE .com जैनम् जयति शासनम्

(૧૦) **આગરા**, ફતેપુર સિક્રી, લાહોર, બુરહાનપુર અને **માલપુર** વગેરે સ્થળોમાં નવાં **જિનાલયો** અને નવા **ઉપાશ્રયો** બનાવવાની રજા આપી.

(૧૧) પોતાની આજ્ઞામાં રહેતાં સર્વ રાજ્યોમાં દર સાલના લગભગ ૬ મહિના જેટલા દિવસોમાં શિકાર બંધ કરાવ્યો અને માંસ-ભોજન ઉપર પ્રતિબંધ મૂક્યો.

**અહિંસા ફરમાન :–** બાદશાહે આ અહિંસા પળાવવા માટે પોતાનાં સર્વ રાજ્યોમાં પોતાની મહોર લગાવી **ફરમાનો** લખી મોકલ્યાં હતાં. તે ફરમાનોમાં ગુજરાતી શ્રાવણ વદિ ૧૦ થી ભાદ્રપદ શુદિ ૬ સુધીના ૧૨ દિવસો, બાર સૌર મહિનાઓના પહેલા ૧૨ દિવસો, સાલભરના ૪૮ રવિવારો, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના દિવસો, ઇસ્લામી ૭મા **રજબ** મહિનાના દરેક ચાર સોમવારો, સૌર મહિનાના સર્વ તહેવારો, ઇરાની ફરવરદીન મહિનાના સર્વ ૩૦ દિવસો, બાદશાહના જન્મ મહિનાના બધા દિવસો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શાઆબાન** મહિના (ઇસ્લામી આઠમો મહિનો)ના ૩૦ દિવસો, સોફિયાન મહિનાના ૩૦ દિવસો, મિહિર મહિનાના ૩૦ દિવસો, નવરોજનો ૧ દિવસ, રોજા ઇદ કે બકરી ઇદનો ૧ દિવસ, એમ વર્ષભરમાં લગભગ છ મહિનાની અહિંસા પળાવી હતી.[1]

(૧૨) **જ્ઞાની સભ્યો** :– બાદશાહ અકબરે પોતાની દીન–ઇ–ઇલાહી ધર્મસભાના **જ્ઞાની સભ્યોમાં** ૧૪૦ જ્ઞાની પુરુષોનાં નામ લખાવ્યાં હતાં. તેમાં પહેલા વર્ગમાં ૧૬મા જ્ઞાની **આ૦ હીરવિજયસૂરિ;** પાંચમા વર્ગના ૧૩૯મા **આ૦ વિજયસેનસૂરિ,** અને પાંચમા વર્ગના ૧૪૦મા **મહો૦ ભાનુચંદ્ર ગણિને** જ્ઞાની પુરુષ તરીકે લખાવ્યાં હતાં. (આઈન–ઇ૦ અકબરી ભાગ ૨ જો)

(૧૩) **જગદ્ગુરુ પદવી** :– બાદશાહ અકબરે વિ૦ સં૦ ૧૬૪૦માં ફતેપુરસિક્રિમાં બાદશાહી દરબારમાં આ૦ હીરવિજયસૂરિને 'જગદ્ગુરુ' તરીકે ઓળખાવ્યા. તથા સં૦ ૧૬૪૯માં લાહોરમાં આ૦ વિજયસેનસૂરિને "સવાઈહીર," પં૦ ભાનુચંદ્રને "મહોપાધ્યાય" અને પં૦ નંદિવિજય અને પં૦ સિદ્ધિચંદ્રગણિને "ખુશફહમ"ના ખિતાબો આપ્યા હતા.

जैन साईट JAINSITE .com जयतु शासनम्

બાદશાહ અકબરે જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ વગેરેને મળ્યા પછી ઉપર્યુક્ત શુભ કાર્યો કર્યાં. છતાં **નોંધપાત્ર** તો એ બીના છે કે, બાદશાહે માંસાહાર કરવાનું બંધ કર્યું અને હમેશાં **સૂર્યપૂજા** કરવાનો ક્રમ ગોઠવ્યો.

---

૧. અ. ઇસ્લામ મહિનાનાં નામ આ પ્રમાણે છે :—

(૧) **મહોરમ,** (૨) સફર, (૩) રવિઉલ અવ્વલ, (૪) રવિઉલ આખર, (૫) જમાદિઉલ અવ્વલ, (૬) જમાદિઉલ આખર, (૭) **રજબ,** (૮) શાઅબાન, (૯) **રમજાન,** (૧૦) શવ્વાલ, (૧૧) જિલકાદ અને (૧૨ જિલહજ :–

આ, ઇરાની (પારસી) મહિનાનાં નામો આ પ્રકારે છે.

(૧) **ફરવર દીન,** (૨) અરદીબેહસ્ત, (૩) ખોરદાદ, (૪) તીર, (૫) અમરદાદ, (૬) શહેરેવર, (૭) **મેહેર** (મિહિર), (૮) આવાં, (૯) આદર, (૧૦) દહે, (૧૧) બેહમન, (૧૨) અસ્પંદારમદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઘટનાઓનું વિસ્તૃત વર્ણન નીચે જણાવેલા ગ્રંથો અને વિદ્વાનોની નોંધમાંથી નીચે પ્રમાણે મળે છે:-

**સૂરીશ્વર અને સમ્રાટ્‌ના પરિચય બાબતમાં વિદ્વાનોની વિચારધારા:—**

**શેખ અબુલફ્રઝલ :-** જે બાદશાહ અકબરનો અંગત મિત્ર હતો. અને બાદશાહી દીન-ઇ-ઇલાહી ધર્મસભાનો વડો હતો તેમજ મુખ્ય સંચાલક હતો તેણે आइन इ अकबरीमां બાદશાહ અકબરનું સંપૂર્ણ જીવન આપ્યું છે.

શેખ અબુલફ્રઝલ માંસત્યાગ માટે લખે છે કે:-

Page 167

"Now, it is his intention to quit it by degrees, conforming, however, a little to the spirit of the age. His Majesty abstained from meat for some time on Fridays, and then on Sundays: now on the first day of every solar month, on Sundays, on solar and lunar eclipses, on days between two fasts, on the Mondays of the months of Rajab, on the feastday of the every solar month, during the whole month of Farwardin and during the month in which His Majesty was born, viz., the month of Aban.

(The Ain-i-Akbari translated by H. Blochmann M.A. Vol. I. P. 61-62).

A ૧૬૭ :- બાદશાહ જીવનની લાગણીઓનું કોઈ કોઈ અંશે પાલન કરતો હતો. તે ધીમે ધીમે માંસાહાર છોડવા ઇચ્છતો હતો. તેણે ઘણા શુક્રવારો અને ઘણા રવિવારોએ માંસાહાર છોડ્યો. હવે તે દરેક સૌર માસને પહેલે દિવસે, રવિવાર, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના દિવસોમાં બે ઉપવાસના વચલા દિવસે, રજબ મહિનાના દરેક સોમવારે, સૌર માસના દરેક તહેવારે, ફરવર મહિનામાં અને પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જન્મમહિનાના દરેક દિવસોમાં એટલે આબાન મહિનામાં માંસાહાર કરતો નથી.

( આઈન-ઇ-અકબરી ભા૦ ૧, જેરિટે કરેલો અંગ્રેજી અનુવાદ ) શેખ અબુલફજલ લખે છે કે :—

Page 174

" His Majesty cares very little for meat, and often expresses himself to that effect. It is indeed from ignorance and cruelty that, although various Kinds of food are obtainable, men are bent upon injuring living creatures, and landing a ready hand in killing and eating them; none seems to have an eye for the beauty inherent in the prevention of cruelty, but makes himself a tomb for animals. If His Majesty had not the burden of the world on his shoulders, he would at once totally abstain from meat.

( Ain-i-Akbari by H. Blochmann Vol. I. P. 61 ).

**૧૭૪ :**- બાદશાહ માનતો હતો કે, મનુષ્ય જીવતા પ્રાણીઓને દુઃખ દે છે, મારે છે, અને તેનું માંસ ખાવા તૈયાર થાય છે તેનું કારણ માત્ર, મનુષ્યની અજ્ઞાનતા છે અને નિર્દયતા છે.

મનુષ્ય આંતરિક સૌંદર્યને જોઈ શકતો નથી તેથી તે પોતાની નિર્દયતાને રોકી શકતો નથી. મનુષ્ય સાધારણ રીતે પોતાના શરીરને પશુઓનું **કબ્રસ્તાન** બનાવે છે. જો બાદશાહની ઉપર રાજ્યનો બોજો ન હોત તો માંસાહારથી સર્વથા દૂર જ રહેત. ( આઈન-ઇ-અકબરી ) શેખ અબુલફજલ જ્ઞાની સભ્યો માટે લખે છે કે :-

**૧૭૭ :**- અકબરની દીન-ઇ-ઇલાહી ધર્મસભાના સભાસદો પાંચ વિભાગમાં વહેંચાયેલા હતા, જેની સંખ્યા ૧૪૦ હતી. તેના પહેલા વિભાગમાં ૧૨ મુસલમાનો તથા ૯ હિંદુઓ એમ ૨૧ સભાસદોનાં નામો હતાં. પહેલા વિભાગમાં નં૦ ૧૬મા સભાસદ આ૦ હીરવિજય-સૂરિ છે અને પાંચમા વિભાગમાં નં૦ ૧૩૯મા સભાસદ આ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયસેનસૂરિ તેમજ નં૦ ૧૪૦મા સભાસદ મહો૦ ભાનુચંદ્ર ગણિ છે.

( આઈન–ઇ–અકબરી ભા૦ ૨, આઈન ૩૦ મી, જેરિટે કરેલો અંગ્રેજી અનુવાદ )

(૨) પ્રસિદ્ધ ઇતિહાસકાર અલબદાઉની સને ૧૫૮૩ ( હીજરી સન–૯૯૧ )માં જન્મ્યો હતો. અને જે હી. સં૦ ૧૦૪૦ સુધી વિદ્યમાન હતો. તેણે પોતાના ઇતિહાસમાં અકબર વિશે સુંદર વર્ણન કર્યું છે.

તે લખે છે કે :—

સૂર્યસહસ્રનામ

Page 149

" A second order was given that the syn should be worshipped four times a day, in the morning and evening, and at noon and midnight His Majesty had also one thousand and one Sanskrit names for the sun collected, and read them daily, devoutly turning towards the sun."

( Al. Badaoni, translated by W. H. Lowe M.A. Vol. II p. 332 )

ઇબદાઉની લખે છે કે :—

Pagess 168–169

" At this time Hos Majesty promulgated some of his new-faugled decrees The Killing of animals on the first day of the week was strictly prohibited ( P. 322 ) because this day is sacred to the Sun, also during the first eighteen days of the month of Farwardin; the whole of the month of Abam ( the month in which His Majesty was born ); and on several other days, to please the Hindus. This order was extended over the whole realm and punishment was inflicted on every one, who acted against the Cokmand, Many a fa, ily was ruined, and his property was confiscated. During

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

the time of those fasts the Emperor abstained altogether from meat as a religious penance, gradually extending the several fasts during a year over six months and even more, with a view to eventually discontinuing the use of meat altogether."

(Al. Badaoni, translated by W. H. Lowe,
M.A. Vol II. p, 331.

ઇતિહાસ લેખક બદાઉની લખે છે કે :—જૈન અસર

Page 171-172

"And Sumanas and Brahmans (why as far as the matter of private interviews is concerned (p. 257) gained the advantage over every one in attaining the honour of interviews with His Majesty, and in associating with him, and were in every way superior in reputation to all learned and trained man for their treaties in morals, and on physical and religious sciences, and in religious ecstacies, and stages of spiritual progress and human perfections brought forward proofs, based on reason and traditional testimony, for the truth of their own and the fallacy of our religion, and inculcated their doctrine with such firmness and assurance, that they affirmed mere imagination as though they were self evident facts, the truth of which the doubts of the sceptic could no more shake.

(Al. Badaoni translated by W. H. Lowe.
M.A. Vol. II, p 264)

(૨) પ્રસિદ્ધ ઇતિહાસકાર **અલબદાઉની** લખે છે કે :—

A **૧૪૯** :– (સૂર્યોપાસના) બીજો એવો હુકમ કરવામાં આવ્યો હતો કે, સૂર્યની સવારે, સાંજે, મધ્યાહ્ને, અને મધ્યરાત્રિએ એમ ૪ વાર પૂજા કરવી જોઈએ. બાદશાહ સૂર્યનાં ૧૦૦૦૧ નામ જાણતો હતો અને સૂર્ય સામે ઊભો રહી ભક્તિથી આ નામો બોલતો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**B ૧૬૮, ૧૬૯ :**–( માંસત્યાગ ) બાદશાહે આ વખતે કેટલાએક નવા પણ પોતાને પ્રિય લાગતા સિદ્ધાંતોનો પ્રચાર કર્યો હતો. તેણે સૌથી પહેલાં સૂર્યપૂજાના દિવસે દરેક રવિવારે પ્રાણીવધ ન કરવાની કડક આજ્ઞા આપી હતી. ફરવરદીન મહિનાના શરૂના ૧૮ દિવસો, આખો આબાન મહિનો (પોતાનો જન્મ માસ) તથા બીજા ઘણા દિવસો માટે પ્રાણીવધ ન કરવાનો હુકમ આપ્યો હતો. આ હુકમ હિંદુઓને પ્રસન્ન કરવા માટે કર્યો હતો.[1]

આ હુકમનો ભંગ કરનારનો દંડ કરવામાં આવતો હતો. આ હુકમનો ભંગ કરવાથી ઘણા કુટુંબો બરબાદ થયાં છે અને તેઓની મિલકત જપ્ત થઈ છે.

બાદશાહે આ ઉપવાસોના દિવસોમાં ધાર્મિક ક્રિયાની જેમ માંસાહારનો સર્વથા ત્યાગ કર્યો હતો. તે વર્ષભરમાં છ મહિના અને તેથી વધુ દિવસો સુધી ઉપવાસનો અભ્યાસ કરતો ગયો. તેની ઇચ્છા હતી કે, તે અંતે માંસાહાર સર્વથા છોડી શકે.

પ્રસિદ્ધ ઇતિહાસકાર અલબદાઉની લખે છે કે:—

**C ૧૭૧, ૧૭૨ :**– સમ્રાટ્ વિશેષરૂપથી **સેવડા** (શ્રમણો) અને બ્રાહ્મણોને એકાંતમાં મળતો હતો. તેઓ નૈતિક, શારીરિક, ધાર્મિક તથા આધ્યાત્મિક શાસ્ત્રોમાં, ધર્મોન્નતિની પ્રગતિમાં માનવજીવનની સંપૂર્ણતાને પહોંચવામાં બીજા સર્વ સંપ્રદાયો, વિદ્વાનો અને પંડિતોના મુકાબલામાં સર્વ રીતે ઊંચા હતા.

તેઓ પોતાની સચ્ચાઈ તથા મુસલમાની ધર્મનાં દૂષણો બતાવવાં હોય ત્યારે બુદ્ધિપૂર્વક પરંપરાથી ચાલ્યાં આવતાં પ્રમાણો રજૂ કરતા હતા. તેઓ પોતાના મતનું સમર્થન એવી દૃઢતા અને યુક્તિથી કરતા હતા કે તેઓ તેમની ધારણા પ્રમાણે તેમનો મત સ્વતઃ સિદ્ધ થઈ જતો. તેઓની સચ્ચાઈમાં **નાસ્તિક** પણ શંકા ઉઠાવી શકતો નહીં.

---

૧. સુપ્રસિદ્ધ ઇતિહાસકાર વિંસેન્ટ સ્મિથ, આ 'હિંદુ' શબ્દ જૈનો માટે છે એમ પોતાના 'અકબર' પુસ્તકના પૃ૦ ૩૩૫માં સ્પષ્ટ જણાવે છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અકબર કલમ (ત્રીજી) :–**

**નોંધ :**– પ્રસિદ્ધ ઇતિહાસકાર ડૉ૦ વિન્સેંટ સ્મિથે વિવિધ પ્રમાણો એકઠાં કરીને ઇતિહાસ ગ્રંથો રચ્યા છે. તે પોતાના 'હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ'માં લખે છે.

(૧) **ગેટી** ઇતિહાસ લેખકને માટે નીચે મુજબ **આદર્શ** રજૂ કરે છેઃ—

"ખોટામાંથી ખરું, અનિશ્ચિતમાંથી નિશ્ચિત, તથા ન સ્વીકારી શકાય એવી બાબતોમાંથી શંકાસ્પદ બાબતો તારવી કાઢવાની ઇતિહાસકારની ફરજ છે.

બીજી બધી બાબતો કરતાં દરેક અન્વેષકે પોતાને ન્યાયાધીશની મદદ માટે બોલાવેલા નિષ્પક્ષ પંચની જગામાં બેઠેલો સમજવાની જરૂર છે.

મુકરદમાની રજૂઆત કેટલે અંશે પૂર્ણ છે તથા આપેલી સાહેદીથી કેટલે અંશે સ્પષ્ટ પુરવાર થાય છે તે જ માત્ર તેને વિચારવાનું છે. પછી તે પોતાનો નિર્ણય બાંધે છે અને પોતાનો મત આપે છે. તે મત પંચના, સરપંચના મતને મળતો થતો હોય કે નહીં તે તેને જોવાનું ન હોય." (હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ ગુજરાતી અનુવાદ, પૂર્વાર્ધ પાનું, ૫)

**(૨) આધારો :–**

સંસ્કૃત તથા પ્રાકૃત સાહિત્યમાંથી મારી જાણમાં આવેલા એવા ફકરાઓનો મારા પુસ્તકમાં ઉપયોગ કરવામાં આવેલો છે. છતાં કેટલાએક મારી નજર બહાર રહી પણ ગયા હશે.

**જૈનપુસ્તકો :–**

જૈન સંપ્રદાયનાં પવિત્ર પુસ્તકોની આપણને ઘણી અપૂર્ણ માહિતી છે. તેમાં પણ સંખ્યાબંધ ઐતિહાસિક નિવેદનો તથા ઘણા ઉપયોગી ઉલ્લેખો આવેલા છે. (હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ ગુજરાતી અનુવાદ, પૂર્વાર્ધ પાનું : ૧૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) ડૉ૦ વિન્સેન્ટ સ્મિથ લખે છે કે :–

Page 170

"He cared little for flesh food, and gave up the use of it almost entirely in the later years of his life, when he came under Jain influence"

"But the Jain holy man undoubtedly gave Akbar prolonged instruction for years, which largely influenced his actions: and they secured his assent to their doctrines so far that he was reputed to have been converted to Jainism."

(Jain Teachers of Akbar by Vincent A. Smith.)

Page 175

"Men are so accustomed to eating meat that, were it not for the pain, they would undoubtedly fall on to themselves".

"From my earliest years, whenever I ordered animal food to be cooked for me, I found it rather tasteless and cared little for it. I took this feeling to indicate the necessity for protecting animals, and I refrained from animal food".

"Man should annually refrain from eating meat on the anniversary of the month of may accession as a thanks-giving to the almighty, in order that the year may pass in prosperity".

"Butchers, fisherman and the like who have no other occupation but taking life should have a separate quarter and their association with others should be prohibited by fine"

(Akbar The Great Mogal, pp. 335-336)

Page 179

"To sum up. Akbar never came under Buddhist influence in any degree whatsoever. No Buddhists took

JAINSITE જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

part in the debates on religion held at Fatehpur-Sikri, and Abu-l Fazal never met any learned Buddhist. Consequantly his knowledge of Buddhism was extremely slight. Certain persons who took part in the debates and have been supposed erroneously to have been Buddhists were really Jains from Gujarat."

( Jain Teachers of Akbar by V. A Smith. )

(૩) સુપ્રસિદ્ધ ઇતિહાસકાર **ડૉ૦ વિન્સેન્ટ સ્મિથ** લખે છે કે :–

A **૧૭૦ क :**– બાદશાહની રુચિ માંસાહાર પ્રત્યે બિલકુલ નહોતી. તેણે પોતાની પાછલી જિંદગીમાં જ્યારથી "જૈનોના પરિચય"માં આવ્યો ત્યારથી માંસાહાર સર્વથા છોડી દીધો.

A **૧૭૦ ख :– જૈન સાધુઓએ** વર્ષો સુધી બાદશાહ અકબરને ઉપદેશ આપ્યો હતો. આ ઉપદેશનો બાદશાહના કાર્યો ઉપર ઊંડો પ્રભાવ પડ્યો હતો. જૈન સાધુઓએ પોતાનો સિદ્ધાંત બાદશાહને એવી રીતે મનાવ્યો હતો કે લોકો બાદશાહને **જૈન** સમજવા લાગ્યા હતા.[1]

ડૉ૦ વિન્સેન્ટ સ્મિથ માંસત્યાગ માટે લખે છે કે :–

**૧૭૫** અકબરના વિચારો એવા હતા કે, મનુષ્યને માંસાહાર માટે એવી ખરાબ આદત પડી છે કે, જો તેને પોતાને મારવાથી દુઃખ થતું ન હોત તો પોતાના શરીરને પણ ખાઈ જાય.

બાદશાહને બચપણથી જ માંસાહાર ગમતો નહોતો. તે ક્યારેક હુકમ આપી માંસ તૈયાર કરાવતો પણ તેને ખાવાની બહુ પરવા રાખતો નહોતો. (બાદશાહ કહેતો કે) મારા આ સ્વભાવથી મારું ધ્યાન પશુરક્ષા તરફ ગયું છે અને તેથી જ મેં પાછળથી તો માંસ સર્વથા છોડી દીધું છે.

મારા રાજ્યાભિષેકની પહેલી તારીખે દરસાલ કોઈ પણ મનુષ્યે

૧. ગોવાના પાદરી પીનહરેનો તા. ૩–૯–૧૫૯૫નો લાહોરનો પત્ર, તેમાં લખે છે કે, અકબર જૈન સિદ્ધાંતોનો અનુયાયી છે.

( મોગલ બાદશાહોના ફરમાનો નં૦ ૮મુ )

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ઈશ્વરનો ઉપકાર માનવા ખાતર માંસ ખાવું ન જોઈએ, કે જેથી (આમ કરવાથી) મારું આખું વર્ષ આનંદથી વીતે.

ડૉ૦ વિન્સેન્ટ સ્મિથ શ્રમણ પરિચય બાબત લખે છે કે :-

C ૧૭૯ :- બૌદ્ધો અકબરને મળ્યા જ નથી. તેમ જ તેમનો પ્રભાવ બાદશાહની ઉપર પડ્યો જ નહીં. બૌદ્ધોએ ફતેહપુર સિક્રીની ધર્મસભામાં કદી પણ ભાગ લીધો જ નથી. બૌદ્ધોએ અબુલફજલ સાથે કદાપિ મુલાકાત લીધી નથી. આથી અકબર બૌદ્ધધર્મ સંબંધી કંઈ જાણતો નહોતો.

કોઈ કોઈ લેખક અકબરની ધર્મસભામાં ભાગ લેનારા બે-ચાર શ્રમણો અંગે તે બૌદ્ધ સાધુ હોવાની કલ્પના કરે છે. આ કલ્પના તે કોરી ભ્રમણા જ છે.

(૪) ખરતરગચ્છના પ્રસિદ્ધ જૈનાચાર્ય ભ૦ જિનચંદ્રસૂરિ (સં૦ ૧૬૧૨ થી ૧૬૭૦) બિકાનેરના મંત્રી **કર્મચંદ્ર બચ્છાવતના** પ્રયત્નથી લાહોરમાં અકબર બાદશાહના દરબારમાં પધાર્યા હતા. ત્યારે બાદશાહે તેમને અઠવાડિયાનું અહિંસાનું ફરમાન આપ્યું હતું. તે ગૂમ થવાથી તેની ફરી માગણી થતાં બાદશાહે વિ૦ સં૦ લગભગમાં ફરીવાર અહિંસાનું ફરમાન આપ્યું હતું. તેમણે ફરમાનની માગણીમાં આ૦ હીરવિજયસૂરિ માટે જે માનભર્યા શબ્દો વાપર્યા હતા તેનો ઉલ્લેખ બાદશાહે પોતાના ફરમાનમાં આ પ્રમાણે દાખલ કર્યો છે :-

'उन्होंने (आ० जिनचंद्रसूरिने) प्रार्थना की कि, इससे पहले ईश्वरभक्त हीरविजयसूरि तपस्याने सेवामें उपस्थित होनेका गौरव प्राप्त किया था, और हरसाल बारह दिन मांगे थे, जिनमें बादशाही मुल्कोंमें कोई जीव मारा न जावे और कोई आदमी किसी पक्षी, मछली और उन जैसे जीवोंको कष्ट न दे। उनकी प्रार्थना स्वीकार हो गई थी, अब मैं भी आशा करता हूं कि एक सप्ताहका और वैसा ही हुक्म हम शुभ चिंतकके वास्ते हो जाय।'

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પૃ૦ ૨૭૮ થી ૨૮૩ જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ પૂજાપરિચય, પૃ૦ ૧૩. મોગલ બાદશાહોનાં ફરમાન નં૦ ૫–૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) ભારતનો પ્રસિદ્ધ ગવૈયો **તાનસેન** વૃંદાવની સારંગના ધ્રુપદમાં શ્રીજગદ્‌ગુરુને આ પ્રકારે યાદ કરે છે:–

" तुम रब तुम साहेब, तुम ही करतार,
घट घट पूरन, जल थल भरभार;
तुम ही रहीम, तुम ही करीम,
गावत गुनी गंध्रव, सुरनर सुरतार ॥
तुम ही पूरन ब्रह्म; तुम ही अचल,
तुम ही **जगद्‌गुरु**, तुम ही सरदार;
कहे मीयां **तानसेन**, तुम ही आप,
तुम ही करत, सब जगके भवपार ॥ "

(–" તાનસેનની રચનાઓ પર નવીન ઐતિહાસિક પ્રકાશ, " લે૦ ચંદ્રશેખર પંથ, તા. ૮–૩–૧૯૫૬ ગુરુવારનું હિંદી 'હિંદુસ્તાન')

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૬) ગોવાના ઈસાઈ પાદરી ફાધર રીડોલ્ફો, એકવેનીયા, મોન્સારાટ એનસવ અને પીનહેરો (Pinheiro) વગેરે અકબરના દરબારમાં આવી ગયા હતા. તે પૈકીનો પીનહેરોએ તા. ૩–૯–૧૫૯૫ના રોજ લાહોરથી એક પત્ર લખ્યો હતો તેમાં જણાવે છે કે:– He follows the sect the Jains (Vertie)

અર્થાત્:– અકબર જૈન સિદ્ધાંતોનો અનુયાયી છે. જૈનો માને છે કે........વગેરે વગેરે. (–ડૉ૦ વિન્સેન્ટ સ્મિથનું અકબર, પૃ૦ ૨૮૨ સૂરીશ્વર ઔર સમ્રાટ્, પૃ૦ ૧૭૧)

(જૂઓ ફરમાન નં૦ ૮)

આ૦ વિજયસેનસૂરિ આ જ અરસામાં (વિ૦ સં૦ ૧૬૪૯)માં બાદશાહ પાસે લાહોર પધાર્યા હતા, અને મહો૦ ભાનુચંદ્ર ગણિ તથા મહો૦ સિદ્ધિચંદ્ર ગણિ વગેરે મુનિવરો પહેલેથી જ લાહોરમાં વિદ્યમાન હતા. બાદશાહ અકબર આ બધા મુનિવરોથી પ્રભાવિત હતો. તેઓનું માન–સન્માન કરતો હતો.

(૭) **શ્રીજેરેટ** લખે છે કે, અકબરે કરેલો અહિંસાનો સ્વીકાર અને તે સંબંધી ફરમાનો એ આ૦ હીરવિજયસૂરિ તથા તેમના

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

શિષ્યો આદિ શ્વેતાંબર **જૈનો**ના પ્રયાસને આભારી છે.

(૮) **બંકિમચંદ્ર** લાહિડી ‘सम्राट् अकबर’ નામક બંગાલી ગ્રંથમાં લખે છે કે :—

“सम्राट् रविवारे चंद्र ओ सूर्यग्रहण दिने एवं आर ओ अन्यान्य समये कोन मांसाहार करि तेना, रविवार ओ आर ओ कतिपय दिने पशुहत्या करिते सर्वसाधारणको निषेध करिया छिलेन।”

(સૂરીશ્વર ઔર સમ્રાટ્ પૃ૦ ૧૯૫)

(૯) શ્રીયુત **રામસ્વામી** આયંગર એમ૦ એ૦ એલ૦ ટી૦ લખે છે કે :—

“श्री विजयसेनसूरिजीको अकबरने लाहोरमें आमंत्रण दिया। उन्होंने लाहोरमें ३६३ विद्वान ब्राह्मणोंको वादमें परास्त किये। अकबर इससे बहुत संतुष्ट हुआ और उन्हें सवाई (सवाईहीर) की पदवी प्रदान की। उन्होंने भानुचंद्रजीको वहीं **उपाध्यायपद** दिया। इस विधिके करनेमें ६००) रूपये व्यतीत (खर्च) हुए। यह सब खर्च **अबुलफजलने** दिया था।

(—અકબર ઔર જૈનધર્મ. પૃ૦ ૧૦, જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ પૂજાપરિચય, પૃ૦ ૧૨)

બાદશાહ અકબરે માંસાહાર અને પ્રાણિવધ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. તે માટે જૂદી જૂદી આજ્ઞાઓ આપી હતી. તેમજ શરાબ અને વેશ્યાગમન ઉપર પણ પ્રતિબંધ મૂક્યો હતો. તે વેશ્યાવાસ—વેશ્યા બજારને **શેતાનનગર** કહી બોલાવતો હતો. બાદશાહે તેની ચારે બાજુએ કડક પોલિસચોકી ગોઠવી હતી.[1]

---

૧. વિક્રમની સત્તરમી શતાબ્દીમાં મુસલમાન બાદશાહો રાજ્યમાં શરાબ, વેશ્યા વગેરેના વિરોધને જગતનાં શાંતિપોષક તત્ત્વ લેખતા હતા. આજે એક-વીશમી શતાબ્દીમાં વિશ્વસંહારક અણુબોમ્બના પ્રયોગોનો વિરોધ શાંતિભંગ કરનાર તત્ત્વ લેખાય છે. આ માટે ઇંગ્લેંડની અદાલતે ૮૯ વર્ષની ઉંમરના વિશ્વ-વિખ્યાત તત્ત્વવેત્તા બર્ટ્રાંડ અર્લ રસેલને ૭ દિવસની જેલની સજા ફટકારી હતી.

(ભાવનગરનું ‘જૈન’ સાપ્તાહિક, વર્ષ : ૬૦, અંક : ૩૬, તા. ૨૩—૯—૧૯૬૧—સં૦ ૨૦૧૭નો ભાદરવા સુદિ ૧૪ શનિવારનો અંક; પૃ૦ ૫૨૩ ‘સામયિક સ્ફુરણ’ વીર સં૦ ૨૪૮૭)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાહિત્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદશાહે પ્રજાહિત માટે ઉપર દર્શાવેલા પ્રતિબંધો ઉપરાંત બાલવિવાહ, પુનર્વિવાહ, કમેળવિવાહ અને **સતીદાહ** વગેરેનો પણ નિષેધ કર્યો હતો.

તે પ્રજાના હિત અને સુખ માટે દરેક જાતના જરૂરી ઉપાયો લેતો હતો. તે પોતાની આજ્ઞામાં આવેલા રાજા, નવાબ, જમીનદાર, ખેડૂત અને પ્રજાની સાથે મીઠો વર્તાવ રાખતો હતો. તેની આજ્ઞામાં આવેલા સૌ કોઈ તેની આજ્ઞા બહાર જવાનું પસંદ કરતા નહોતા. તે હિંદુ, બ્રાહ્મણ, જૈન, બૌદ્ધ, મુસલમાન, પારસી વગેરે સૌને કોઈ જાતનો ભેદભાવ રાખ્યા વગર એક સરખા માનતો હતો. તેણે પોતાના તહેવારોમાં પારસીઓના તહેવારોને પણ દાખલ કર્યા હતા. નવરોજના દિવસોમાં સ્ત્રીઓનો બજાર–મેળો ભરતો હતો. જે **પારસી તહેવાર** હતો.

તેણે આગરાના રોશનમહોલ્લામાં ચિંતામણિ પાર્શ્વનાથનું જિનાલય બનાવવાની આજ્ઞા આપી હતી, અને તેના ખરચ માટેની રકમની પણ પાકી વ્યવસ્થા કરી હતી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સાથીદારો :—**

તેના પક્ષમાં રાજા ભગવાનદાસ, રાજા માનસિંહ, ટોડરમલ બ્રહ્મભટ્ટ, રાજા **બિરબલ** વગેરે હિંદુઓ અને મુસલમાનો મોટા મોટા યુદ્ધવીરો હતા, જે તે સમયના મહાપુરુષો હતા.

બાદશાહ અંકબરની ભાવના હતી કે, "હું ભારતનો મોટો બાદશાહ બનું." પરિણામે સૌ રાજાઓ તેની આજ્ઞામાં આવ્યા હતા. **માત્ર રાણો પ્રતાપ,** તેની આજ્ઞામાં આવ્યો નહોતો. વિ.સં૦ ૧૬૫૨ (સને ૧૬૯૫) સુધીમાં ભારતના બહુ મોટા પ્રદેશનો રાજા બની ગયો હતો. બાદશાહના ઘણા મોટા **સાથીદારો** સને ૧૬૦૨ સુધીમાં મરી પરવાર્યા હતા. એ બાબતનું બાદશાહને ભારે દુઃખ હતું. પણ તેનો પોતાના શાહજાદાઓનો ઠંડો વિરોધ બહુ સાલતો હતો.

જનતા બાદશાહ અકબરને દેવાંશી પુરુષ માનતી હતી. બાદશાહ અંગે **ચમત્કારની** વિવિધ વાતો પણ ચાલતી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અકબર બાદશાહના રાજ્યમાં **અભિવાદન** માટે જુહાર, પ્રણામ, જયશ્રીકૃષ્ણ, જયજિનેંદ્ર, સલામ આલેકમ, વાલેકમ સલામ વગેરે શબ્દો વપરાતા હતા.

બાદશાહની દીન–ઈ–ઈલાહી ધર્મસભાના સભ્યો આપસ આપસમાં "અલ્લાહો અકબર" અને "જલજલ લુહૂ" શબ્દો વાપરતા હતા.

## સંવત

બાદશાહ અકબરે પોતાના રાજ્યમાં **ઈલાહી સંવત** ચલાવ્યો હતો. તેનાં ફરમાનોમાં ઈલાહી સંવત તથા **જુલસી સંવત**નો ઉલ્લેખ મળે છે.[1]

---

૧. ગૂર્જરેશ્વર કુમારપાલે સં૦ ૧૧૯૯ અથવા સં૦ ૧૨૧૬માં '**સિદ્ધ-હેમકુમાર સંવત્**' ચલાવ્યો હતો. (—પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨૧)

બીજાપુરના બાદશાહ શિયા સંપ્રદાયના યુસુફ આદિલશાહે વિ૦ સં૦ ૧૩૧૩ થી '**આદિલશાહી સન**' ચલાવ્યો હતો.

કોચીનની ઉત્તરમાં બિપીન ટાપુ નીકળ્યો, તેની યાદગીરીમાં સં૦ ૧૩૯૭ થી '**પુડુવેપ્પુ**' (નવો વસવાટ) સંવત નીકળ્યો હતો.

ઉત્કલના રાજા કપિલેશ્વરદેવે વિ૦ સં૦ ૧૪૯૧ (સને ૧૪૩૫)માં '**કપિલસંવત્**' ચલાવ્યો હતો.

મોગલ સમ્રાટ્ બાદશાહ અકબર વિ૦ સં૦ ૧૬૧૨ના મહા વદિ ૪, તા. ૧૪–૨–૧૫૫૬ શુક્રવાર, તા. બીજી રવિ ઉસ્સાની હી૦ સં૦ ૯૬૨માં ગાદીએ બેઠો. પણ ગાદીનશીનની તારીખથી ૨૫ મો દિવસ એટલે વિ૦ સં૦ ૧૬૧૨ના ફાગણ વદિ અમાવાસ્યા તા. ૧૧–૩–૧૫૫૬, તા. ૨૮ રબી ઉસ્માની વિ૦ સં૦ ૯૯૨ થી '**ઈ–ઈલાહી**' સંવતનો પ્રારંભ ગોઠવ્યો છે. બાદશાહ અકબરે દીન–ઈ–ઈલાહી ધર્મ ચલાવ્યા પછી એટલે પોતાના ગાદીનશીન થયાના દિવસો ગણીને રાજ્યવર્ષ ૨૯ માં આ સંવતને વ્યવસ્થિતરૂપ આપ્યું છે, જે **સૌર વર્ષ છે.** તેમાં ઈરાની નામોવાળા ૧૨ મહિના અને ૧ થી ૩૨ સુધીની તારીખો રાખેલી છે, જેનો પ્રારંભ **સાયનમેષથી** છે. મોગલ બાદશાહોનાં ફરમાનો ઘણી જિન પ્રતિમાઓના પરિકર અને ગાદી નીચે પણ હીજરી સંવત નોંધાયેલો મળે છે. (જૂઓ જૈન સત્યપ્રકાશ, ક્રમાંક: ૧૦૦, ૧૦૧, ૧૦૨, પૃ૦ ૨૭૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પરિવાર :—**

બાદશાહ અકબરને (૧) રાજા ભગવાનદાસની બહેન, (૨) રાજા માનસિંહની ફોઈ, (૩) મેડતાના રાજા મલ્લદેવની પુત્રી જોધબાઈ, (૪) બિકાનેરની રાજકન્યા એમ ચાર હિંદુ **રાણીઓ** હતી અને સાત મુસલમાની **બેગમો** હતી. આ રીતે કુલ ૧૦ થી ૧૧ બેગમો હતી. મિ૦ ઈ૦ બી૦ હેવલ લખે છે કે—બાદશાહ અકબરને ઘણી બેગમો હતી.

બાદશાહ અકબરને (૧) જહાંગીર—શેખુજીસલીમ, (૨) મુરાદ—પહાડી અને (૩) દાનીઆર. એમ ત્રણ **શાહજાદા** હતા. શાહજાદા જહાંગીરનો હીન્દુ બેગમથી થયેલો પુત્ર **ખુશરૂ** નામે **પૌત્ર** હતો.

બાદશાહ અકબરને પોતાના એક પણ પુત્રને દિલ્હીની ગાદી આપવાની ઇચ્છા નહોતી. કેમકે જહાંગીરે તેની સામે બળવો જગાડ્યો હતો. મુરાદ—પહાડી ભારે શરાબખોર હતો અને દાનીઆર શરાબી તેમજ વ્યભિચારી હતો. આથી તેને પૌત્ર **ખુશરૂને** દિલ્હીની ગાદી આપવાની ઇચ્છા હતી.

બાદશાહ અકબર બિમાર પડ્યો એવામાં તેની માતા મરી ગઈ, આથી તેને વધુ આઘાત લાગ્યો. છેવટે તેણે પોતાના રાજ્યના ઉચ્ચ અધિકારી મુસલમાનોની સલાહથી **જહાંગીરને જ** સૌની વચ્ચે પોતાનો વારસદાર જાહેર કરી, તેને પોતાનો **મુકુટ** અને પોતાની **તરવાર** આપ્યાં.

બાદશાહ અકબર ૫૦ વર્ષ સુધી રાજ્ય ભોગવી સં૦ ૧૬૬૨ના કાર્તિક શુદિ ૧૪ને મંગળવાર, જમાઉસ્સાની તા. ૧૩ ઈ૦ સ૦ તા. ૧૫-૧૦-૧૬૦૫ની રાતે ૧૪ ઘડી ગયા બાદ **આગરામાં મરણ પામ્યો.**

૯. **બાદશાહ જહાંગીરઃ**—રાજ્યકાળ—હીજરી સન—૧૦૧૫ થી ૧૦૩૭ના સફર મહિનાની તા. ૨૮ (વિ૦ સં૦ ૧૬૬૩ થી ૧૬૮૪ કાર્તિક વદિ૦)); સને ૧૬૦૬ થી તા. ૨૮-૧૦-૧૬૨૭)

તે અકબર બાદશાહની હિંદુ બેગમ **જોધબાઈનો** પુત્ર હતો. બાદશાહ અકબરને ૧ જહાંગીર, ૨ મુરાદ અને ૩ દાનીઆર એમ ત્રણ પુત્રો હતા તે પૈકી આ સૌથી મોટો હતો. તેનાં નુરૂદ્દીન મહમ્મદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જહાંગીર શેખુજી, શેખ સલીમ અને **સલીમ** એવાં નામો પણ મળે છે. આ બધાયે **શાહજાદાઓ** "અકબરના મરણ પછી પોતાને દિલ્હીની ગાદી મળે" એવા પ્રયત્નમાં હતા. આ કારણે એ સૌએ અકબરની સામે ઠંડો **વિરોધ** જાહેર કર્યો હતો. બાદશાહ અકબર આ વાત જાણતો હતો. પણ તે પુત્રવાત્સલ્યના કારણે લાચાર હતો.

શાહજાદા **જહાંગીરે** તો ખુલ્લંખુલ્લા બળવો કરીને અલ્હાબાદને પોતાના કબજે લીધું હતું અને આગરાનો કબજો મેળવવાના એના પ્રયાસ ચાલુ હતા.

તેણે પોતાના નામના **સિક્કા** પણ પડાવી લીધા. જહાંગીરને એવો ભય હતો. કે, "પિતાજી મને દિલ્હીનું રાજ્ય નહીં જ આપે." જો કે ત્રણ શાહજાદાઓમાં તે જ **સચ્ચરિત્ર** હતો. તેને "હિંદુ બેગમ" હતી તેનાથી તેને **ખુશરૂ** નામે પુત્ર થયો હતો. ખુશરૂ અજીજકોકાનો **જમાઈ** હતો. અજીજકોકા અને રાજા માનસિંહ "અકબરના મરણ પછી ખુશરૂને દિલ્હીની ગાદી મળે" એવી તરફેણ કરતા હતા. પરંતુ જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિના શ્રમણપરિવારના **મહો૦ શાંતિચંદ્રગણિએ** બાદશાહ અકબરને સ્પષ્ટ જણાવી દીધું હતું કે—

> शेखूजी-पहाडी-दानीआरा भवन्त्यमी ।
> आयुष्मन्तः शाहिजादाः मूर्तिभेदा इवेशितुः ॥ ११९ ॥
> त्रिष्वपि प्रकृतिबन्धुरबन्धु-
> **ज्यग्रजो**ऽस्य नृपतेः पदयोग्यः ।
> चन्द्रदीपदिनपत्रिकमध्ये
> भानुरेव भुवनेऽधिकतेजाः ॥ १२० ॥

( –કૃપારસકોશ )

બાદશાહ અકબર "જહાંગીરને દિલ્હીનું રાજ્ય દેવાને ઇચ્છતો જ નહોતો;" પરંતુ ઉચ્ચ અધિકારી **મુસલમાનોની** સલાહથી તેણે શાહજાદા **જહાંગીરને** જ છેલ્લે દિવસે પોતાની ગાદીના વારસદાર તરીકે જાહેર કર્યો, ત્યારે **જહાંગીર** એ ટોળીમાં બાદશાહ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજુરીઆઓની છેલ્લી ચળવળ જાણવા માટે ત્યાં આવીને ગુપચૂપ બેસી ગયો હતો. તે પિતાના દિલની વિશાળતા અને તેના પ્રત્યેના વાત્સલ્યથી એકદમ ઊઠીને પિતાના ચરણમાં માથુ મૂકી ઝૂકી પડચો. બાદશાહ અકબરે તેને સૌની હાજરીમાં ત્યાં તે જ અવસરે પોતાનો **રાજપોશાક, મુકુટ** અને **તરવાર** આપ્યાં.

બાદશાહ અકબર તા. ૧૫–૧૦–૧૬૦૫, સં૦ ૧૬૬૨ના કાર્તિક સુદિ ૧૪ ને મંગળવારની રાતે ૧૪ ઘડી ગયા બાદ આગરામાં મરણ પામ્યો, ત્યારથી **જહાંગીર** દિલ્હીનો **બાદબાહ** બન્યો.

**સ્વભાવ :—**

બાદશાહ જહાંગીર ઉતાવળિયા સ્વભાવનો, દયાળુ, કૃતજ્ઞ, લોકપ્રેમી અને **ન્યાયી** રાજવી હતો. પણ તે પોતાના હુકમનો અમલ કરાવવા સખ્તાઈથી કામ લેતો હતો. આ વિશે તેના વિવિધ જીવન પ્રસંગો જાણવા મળે છે. તેમાંના કેટલાક નીચે પ્રમાણે છે:–

**ભવિષ્યવાણી :—**

૧. જહાંગીર દિલ્હીનો બાદશાહ બન્યો પરંતુ તેના ભાઈઓ અને તેનો પુત્ર **ખુશરૂ** વગેરે તેનો વિરોધ કરવા લાગ્યા.

ખરતરગચ્છના ભટ્ટારક **આ૦ જિનચંદ્રસૂરિ** ( સં૦ ૧૬૧૨ થી ૧૬૭૦ )ના શિષ્ય ઉ૦ **માનસિંહગણિ** જે ભ૦ જિનસિંહસૂરિ ( સં૦ ૧૬૪૯ થી ૧૬૭૪ )ના નામથી પ્રસિદ્ધ થયા, તેમણે **ભવિષ્યવાણી** ભાખી કે–

"બાદશાહ અકબરના મરણ બાદ શાહજાદો ખુશરૂ બાદશાહ બનશે."

(૧) બિકાનેરના રાજા રાયકલ્યાણ ( સં૦ ૧૫૩૫ થી ૧૫૯૮ ), તેનો પુત્ર રાજા રાયસિંહ ( સં૦ ૧૫૯૮ થી ૧૬૧૮ ) થયો હતો, તેનો મોટો પુત્ર દલપત ( સં૦ ૧૬૬૧ થી ૧૬૬૮ ), અને બીજો પુત્ર રાજા સુરસિંહ ( સં૦ ૧૬૫૧ થી ૧૬૭૦ ), વગેરે તથા બિકાનેરનો મંત્રી કર્મચંદ્ર બછાવત તે સૌએ "ઉપા૦ માનસિંહગણિની ભવિષ્યવાણી સાચી માનીને" બાદશાહ જહાંગીરના વિરોધમાં **બળવો** જગાવ્યો પરંતુ બા૦ જહાંગીરે સં૦ ૧૬૬૪માં પંજાબના જંડિયાલામાં ખુશરૂને

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પકડી કેદ કર્યો. અને પોતે સં૦ ૧૬૬૫ના બીજા ભાદરવા વદિ ૯–૧૦ ના રોજ આગરા આવી ગયો.

બાદશાહને આગરામાં આવ્યા બાદ ઉપા૦ માનસિંહ (ભ૦ જિનસિંહસૂરિ)ની "ભવિષ્યવાણીના સમાચાર" મળ્યા અને બિકાનેરના રાજા તથા મંત્રીઓના બળવાની મૂળ વાત જાણી ત્યારે બાદશાહ જહાંગીરે ગુસ્સે થઈને "ભ૦ જિનસિંહના શિષ્યપરિવારને આગરા પ્રદેશમાં વિહાર કરવાની મનાઈવાળો કડક હુકમ" બહાર પાડ્યો અને પછી બિકાનેરના રાજવંશ અને મંત્રીવંશનો પ્રશ્ન હાથમાં લીધો. રાજા રાયસિંહ, રાજપુત્ર દલપતસિંહને એક પછી એક તેના વારસદારોના હાથે મરાવી નાખ્યા, અને પછી બિકાનેરના નવા રાજાના હાથે જ મંત્રી કર્મચંદ્ર બછાવતના કુટુંબપરિવારનો નાશ કરાવ્યો.

(–જૂઓ દેવીપ્રસાદ મુંશીએ કરેલો "તુઝૂ કે જહાંગીર" એટલે 'જહાંગીરનામા'નો હિંદી અનુવાદ–સારાંશ, સં૦ ૧૯૬૨માં કલકત્તામાં પ્રકાશિત આવૃત્તિ, પૃ૦ ૧૫, ૫૨, ૬૬, ૭૦, ૯૭, ૧૦૯, ૧૫૨, ૧૮૧, ૨૦૯ વગેરે)

**ભ૦ જિનચંદ્રસૂરિ** પોતાના પરિવારના યતિઓ તથા મુનિઓનો વિહાર આગરા પ્રદેશમાં બંધ હતો તેને ખુલ્લો કરાવવા સં૦ ૧૬૬૯–૭૦માં આગરા પધાર્યા. તે, **મહો૦ વિવેકહર્ષ** ગણિવર તથા પં૦ **પરમાનંદગણિ** વગેરેને સાથે લઈ બાદશાહ જહાંગીરને મળ્યા. તેઓએ "બાદશાહને સમજાવી, શાંત પાડી, ખરતરગચ્છના યતિઓના આગરા–પ્રદેશમાં વિહાર માટે જે મનાઈ હૂકમ હતો તે પાછો ખેંચાવી લીધો." (પ્ર૦ ૫૫ મહો૦ વિવેકહર્ષ ગણિ–પ્ર૦ ૪૦, પૃ૦ ૪૮૩)

બાદશાહ **જહાંગીરે** પોતે "આ૦ જિનસિંહસૂરિ સં૦ ૧૬૭૪ના પોષ વદિ ૧૩ ના રોજ મેડતામાં કાળધર્મ પામ્યા છે" એમ જાણ્યું ત્યારે 'જહાંગીરનામા'માં (પોતાની જીવનઘટનાઓની નોંધપોથીમાં) તે આચાર્ય માટે કડવા શબ્દોમાં લખાણ કર્યું હતું.

**મંત્રી કર્મચંદ્ર** બછાવત બિકાનેરથી આગરા આવીને બાદશાહના જનાનખાનાનો ખાનગી **મંત્રી** બન્યો હતો.

JAINSITE.com જૈન સાઈટ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આગરાની નવરોજ બજાર**– મીના બજાર તેની દેખરેખમાં ભરાતી હતી. બાદશાહ અકબર તેમાં ગુપ્તવેશે જતો હતો. પરંતુ બાદશાહ અને બિકાનેરના રાજા રાયસિંહના ભાઈ **પૃથ્વીસિંહની** પત્ની વચ્ચે અનિચ્છનીય પ્રસંગ બન્યો, આથી રાજા પૃથ્વીરાજ અને બીજા હિંદુ રાજાઓ "મંત્રી કર્મચંદ્ર બછાવતના પરિવારના વિનાશ" અંગે મૌન રહ્યા.

રાજા પૃથ્વીરાજ હિંદી ભાષાનો મોટો કવિ હતો. તેણે બનાવેલ કવિત્ત "રાજયરસનામૃત ચોથી ધારા"માં છપાયાં છે."

તેણે બાદશાહ અકબરની વિલાસપ્રિયતાને પોષી ખુશી કરવા ડિંગલ ભાષામાં શૃંગારરસવાળી કૃષ્ણરુક્મિણી વેલી રચી હતી.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૬૪)

મેવાડનો **રાણો પ્રતાપ** પૃથ્વીસિંહની કવિતાથી જ હિન્દુધર્મનો અજોડ અભિમાની બન્યો હતો.

(૨) **ખુશફહમની કસોટી**— બીજો પ્રસંગ એવો છે કે, બાદશાહ જહાંગીરે જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિના પરિવારના મહો૦ **ભાનુચંદ્રગણિ** અને ખુશફહમ ઉ૦ **સિદ્ધિચંદ્રગણિને** આમંત્રણ આપી અમદાવાદથી આગરા બોલાવ્યા. તે સં૦ ૧૬૬૯માં આગરા આવ્યા હતા ત્યારે બાદશાહે તેઓનું મોટું સ્વાગત કર્યું હતું.

આમાં ઉપા૦ સિદ્ધિચંદ્રજી નાના હતા, ૨૫ વર્ષના ઊછરતા યુવાન હતા. બહુ **રૂપાળા** અને આકર્ષક ચહેરાવાળા હતા. મીઠાબોલા અને નવ રસોનું છટાદાર વર્ણન કરી શકતા હતા. એવા આ મુનિવરને જોઈ કદાચ બાદશાહની કોઈ **શાહજાદી** તેમના ઉપર આસક્ત થઈ તેની સાથે નેકા પઢવા ચાહતી હોય કે ગમે તે કારણ હોય, પણ બાદશાહ **જહાંગીર** અને બેગમ **નૂરજહાંએ** તેમની પાસેથી "નવ રસોનું અનુભવસિદ્ધ વર્ણન સાંભળી" સં૦ ૧૬૭૦માં તેમની આકરી **કસોટી** કરી હતી. (પ્રક૦ ૫૫–ઉ૦ સિદ્ધિચંદ્ર)

તેઓએ ઉપા૦ સિદ્ધિચંદ્રજીને જણાવ્યું કે, "તમે સાધુપણું છોડી આ રાજ્યમાં રહો, તમને પાંચ હજાર ઘોડેસવારોનું ઊપરીપણું આપીશું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને એક ખૂબસુરત કન્યા પરણાવી દઈશું.'

પં૦ સિદ્ધિચંદ્રજીએ તેમને આકરો જવાબ આપ્યો કે, “ મને કોઈ દુનિયાભરનું રાજ્ય આપે તો તે ન જોઈએ. મને જગદ્‌ગુરુએ જે સાધુવેશ આપ્યો છે તેમાં જ **સાચી બાદશાહત** સમાયેલી છે.”

આવો જવાબ સાંભળી બાદશાહે જીદમાં આવીને હૂકમ કર્યો કે, “ તમે મારી વાતનો સ્વીકાર કરો અથવા મારું રાજ્ય છોડી બહાર ચાલ્યા જાઓ.”

પં૦ સિદ્ધિચંદ્રજી આ હુકમ સાંભળી ત્યાંથી નીકળી સં૦ ૧૬૭૨માં **માલપુરા** ચાલ્યા ગયા અને ત્યાં ચોમાસુ રહ્યા પરંતુ જ્યારે બાદશાહ જહાંગીરને જણાયું કે, “ મેં પં૦ સિદ્ધિચંદ્રને ગુરુથી જૂદા પાડી મહો૦ ભાનુચંદજી અને પં૦ સિદ્ધિચંદ્રજી બંનેને દુઃખી કર્યા છે,” તો તેમને પાછા અહીં બોલાવી લેવા જોઈએ. બાદશાહે પં૦ સિદ્ધિચંદ્રને માલપુરાથી આગરા પાછા બોલાવ્યા. તેમને જોઈ બાદશાહ જહાંગીર અને બેગમ નૂરજહાં ઘણાં ખુશ થયાં અને પહેલાંની જેમ તેમની પાસે ઉપદેશ સાંભળવા લાગ્યા. પં૦ સિદ્ધિચંદ્રે પોતાની વાસવદત્તા—વૃત્તિમાં આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. આ ઘટના પછી બાદશાહ જહાંગીરે “ જૈન યતિઓને આગરા પ્રદેશની બહાર જવા જે જે હુકમો કરેલા તે હુકમો પાછા ખેંચી લીધા.

**જિનપ્રતિમાલેખ :—**

(૩) ત્રીજો પ્રસંગ આ પ્રકારે હતો :—

અંચલગચ્છના ભટ્ટા૦ **કલ્યાણસાગરસૂરિની** અધ્યક્ષતામાં સં૦ ૧૬૭૧ના વૈ. શુ. ૩ ને રોજ આગરામાં જિનપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. તેમાં તેમણે ૪૫૦ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રતિમાઓની ગાદીમાં “ બાદશાહ જહાંગીરનું નામ ” કોતરાવ્યું હતું. બાદશાહ જહાંગીર પ્રતિમાઓની નીચે પોતાનું નામ દાખલ થયેલું જાણીને ગુસ્સે થયો. તે પોતે જોવા આવ્યો પરંતુ તે સ્થળે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમામાં નાગફણાની ઉપર ઊંચે પોતાનું નામ જોઈ તે શાંત થઈ ગયો અને આચાર્યશ્રીની પ્રભાવક મુદ્રા જોઈ ખુશી થયો. છેવટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ઉત્સવ ઉજવવાની સમ્મતિ આપી તે ચાલ્યો ગયો.
(–પ્રક૦ ૪૦ પૃ૦ ૫૩૫)

**ભ૦ વિજયદેવસૂરિની પરીક્ષા :—**

(૪) **ચોથો પ્રસંગ** એવો મળે છે કે, બાદશાહ જહાંગીર સં૦ ૧૬૭૦માં અજમેર ગયો. ત્યાંથી સં૦ ૧૬૭૩ના કાર્તિક શુદિ ૩ ના રોજ નીકળી **માળવા** તરફ ગયો. (–તૂજુકે જહાંગીર, પૃ૦ ૧૭૩, પૃ૦ ૨૩૫)

તે સં૦ ૧૬૭૪માં માંડવગઢ જઈ રહ્યો. પં૦ **સિદ્ધિચંદ્રગણિ** સિરોહીમાં **ઉપાધ્યાય** બની, ત્યાં પહોંચી ગયા અને તેમણે બાદશાહ જહાંગીરને ભંભેર્યો કે, "આ૦ વિજયસેનસૂરિની ગાદીએ **આ૦ વિજયદેવસૂરિ** ગચ્છનાયક બન્યા છે. પણ તેમને પોતાના સ્થાનની જવાબદારીનું ભાન નથી." આથી બીજા મુનિવરોએ તેમની આજ્ઞા તજી નવા ગચ્છનાયક બનાવ્યા છે વગેરે વગેરે."

બા૦ જહાંગીરે આ સાંભળી **આ૦ વિજયદેવસૂરિને** ગૂજરાતથી **માંડવગઢ** બોલાવ્યા. ઝીણવટથી તેમની જીવનચર્યાની તપાસ કરી પણ તેમના ત્યાગ, તપ અને વિદ્વત્તા વગેરેનો અનુભવ કરી, સંતોષ પામી, આ૦ વિજયદેવસૂરિને સં૦ ૧૬૭૩ના માંડવગઢના ચોમાસામાં" મોટા ત્યાગી અને તપસ્વી તરીકે ઓળખાવવા '**જહાંગીરી મહાતપા**'નું બિરુદ આપ્યું અને તેમની સાથે ગયેલા **મહો૦ નેમસાગર ગણિને** 'વાદિજીપક'ની પદવી આપી.

આગરાના **શા૦ ચંદ્રપાલ** સંઘવીને તેમની સાથે મોકલી તેઓને "બાદશાહી વાજાં સાથે બહુમાનથી" જૈન ઉપાશ્રયે પધરાવ્યા. સં૦ ૧૬૭૩માં આ રીતે તેમનું બહુમાન કર્યું. બાદશાહ જહાંગીરે સં૦ ૧૬૭૪–૭૫માં (હીજરી સન ૧૦૨૭માં) આગરાથી આ૦ વિજયદેવસૂરિને સુખશાતાના સમાચારનો પત્ર લખી પં૦ દયાકુશલ મારફત તેમની ઉપર મોકલ્યો.        (મો૦ બા૦ ફરમાન નં૦ ૧૩)

આથી સ્પષ્ટ છે કે, "બાદશાહ જહાંગીર જૈનશ્રમણોની નાની-મોટી બાબતોમાં વિશેષ રસ અને પ્રેમ ધરાવતો હતો. આ તો બાદશાહ જહાંગીરના **જહાંગીરી હુકમની** વાતો છે.

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

બાદશાહ જહાંગીરે સં૦ ૧૬૭૬માં મહો૦ ભાનુચંદ્રને **અમારિનું ફરમાન** આપ્યું હતું. તેમાં પણ તેણે સોરઠ સરકારને આ૦ વિજયસેનસૂરિ અને આ૦ વિજયદેવસૂરિની સંભાળ રાખવાની ભલામણ કરી હતી.

બાદશાહ જહાંગીરના કેટલાક **પ્રશસ્ય પ્રસંગો** પણ મળે છે. કેટલાક આ પ્રકારે જાણવામાં આવ્યા છે :—

બાદશાહ જહાંગીરની બેગમ નૂરજહાં હતી. તે રૂપાળી, ચકોર અને બુદ્ધિશાળી હતી. રાજ્ય સંચાલનમાં દક્ષ હતી. તેણે બાદશાહ જહાંગીરનો સ્વભાવ વિચિત્ર હોવાથી રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. તે જહાંગીરના નામથી રાજ્ય ચલાવતી. આથી જૈન શિલાલેખોમાં "બાદશાહ જહાંગીર અને બેગમનું રાજ્ય" બતાવ્યું છે. 'નૂરદ્ધિજહાંગીરરાજ્યે' (એટલે નૂરજહાં અને જહાંગીર એમ બે જહાંના રાજ્યમાં એવા શબ્દો વપરાયા છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

તે પ્રજાવત્સલ હતી. તેણે સાચો ઇન્સાફ કરવા માટે ઊંચા પ્રકારની વ્યવસ્થા ગોઠવી હતી. આથી જહાંગીરનો **ઇન્સાફ** ઇતિહાસમાં ખૂબ વખણાયો છે.

જહાંગીરના જીવનમાં રહેલા સદ્ગુણો તેણે આપેલા ફરમાનોથી સમજી શકાય છે.

બાદશાહ જહાંગીર પોતાના વિરોધીઓના બળવાને શમાવી સં૦ ૧૬૬૫માં આગરા આવ્યો અને તે સારા મુહૂર્તમાં શહેરમાં પ્રવેશ કરવા ખાતર ઘણા સમય સુધી શહેર બહારના બગીચામાં મુકામ નાખીને રહ્યો હતો. તેને પોતાના પિતાની જેમ "રખડપટ્ટી" પસંદ નહોતી, એટલે તેણે હવે શાંતિમય જીવન ગાળવા, અને પિતાની જેમ વિદ્વાનો અને ધર્મી પુરુષોના સહવાસમાં વધુ રહેવાનો નિરધાર કર્યો.

તે આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ, મહો૦ શાંતિચંદ્ર ગણિ, મહો૦ ભાનુચંદ્ર ગણિ, ખુશફહમ પં૦ સિદ્ધિચંદ્રગણિ, મહો૦ વિવેકહર્ષગણિ, પં૦ પરમાનંદગણિ વગેરેના વધુ પરિચયમાં આવ્યો હતો. આ વિદ્વાન મુનિવરો પ્રત્યે તેને અત્યંત સદ્ભાવ હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે તથા શાહજાદા ખુશરૂએ મહો૦ ભાનુચંદ્ર ગણિ પાસેથી **ધર્મજ્ઞાન** મેળવ્યું હતું.

**વિષકન્યા :—**

બાદશાહ જહાંગીર સં૦ ૧૬૪૮–૪૯માં પિતાની સાથે લાહોરમાં હતો ત્યારે તેની બેગમે ત્યાં મૂળ કે અશ્લેષા નક્ષત્રમાં **વિષકન્યાને** જન્મ આપ્યો હતો. સૌને વહેમ પડયો કે, "આ કન્યાથી બાદશાહનો પરિવાર અણધારી આફતમાં સપડાશે," માટે આ કન્યાને મારી નાખવી જોઈએ.

મહો૦ ભાનુચંદ્રજીએ આ વાત સાંભળી, શેઠ **થાનમલજી** અને શા. માનમલ ચોરડિયા તરફથી લાહોરના જૈન ઉપાશ્રયમાં **શાંતિસ્નાત્ર પાઠનો** મોટો વિધિ કરાવ્યો. બાદશાહ અકબર, શાહ-જાદો જહાંગીર વગેરે તથા રાજ્યના મોટા અમલદારો આ ઉત્સવમાં આવ્યા હતા. સૌએ "સોનાના પાત્રમાંથી શાંતિસ્નાત્રનું પાણી લઈ પોતાની આંખે લગાડયું અને જનાનખાનામાં પણ મોકલાવ્યું."

સૌને આ વિધિ જોયા બાદ ખાતરી થઈ કે, "બાદશાહના પરિવાર પર આવી પડનારી આફત જરૂર થઈ ગઈ." આ રીતે સૌ ખુશ થયા અને શાહજાદી બચી ગઈ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મહો૦ ભાનુચંદ્રગણિ મોગલ દરબારમાં ૨૩ વર્ષ સુધી રહ્યા હતા. બાદશાહ અકબરના મરણ પછી તે સં૦ ૧૬૬૨માં આગરાથી વિહાર કરી ગૂજરાત તરફ પધાર્યા હતા. બા૦ જહાંગીરે શા૦ હરખચંદ પરમાનંદની માંગણીથી સં૦ ૧૬૬૨–૬૩માં આ૦ વિજયસેનસૂરિને જૈન ધર્મસ્થાનોની રક્ષાકરની માફી માટે તથા અહિંસા માટે ફરમાન લખી મોકલાવ્યું હતું.

(જૂઓ "મોગલ બાદશાહોનાં ફરમાનો" ફરમાન નં૦ ૯)

( જૈન સત્યપ્રકાશ ક્ર૦ ૯૮ પૃ૦ ૪૭ થી ૫૪ )

તે પછી **મહો૦ વિવેકહર્ષ** ગણિવર, **પં૦ પરમાનંદગણિ, પં૦ મહાનંદગણિ** અને મુનિ ઉદયહર્ષગણિ વગેરે આગરા પધાર્યા હતા.

બાદશાહ **જહાંગીરે** તેમના ઉપદેશથી પોતાના પિતાની જેમ

જુલસી સન ૫, ફરવરદિન મહિનો તા. ૨૬, ઇલાહી સન ૫૫, હીજરી સન ૧૦૧૯ (સને ૧૬૧૦ માર્ચ, એપ્રિલ–વિ૦ સં૦ ૧૬૬૬ અથવા વિ૦ સં૦ ૧૬૬૮ ચૈત્ર શુદિ ૧૫ ના રોજ પર્યુષણાના ૧૨ દિવસોમાં અમારી પાળવાનું ફરમાન લખી આપ્યું હતું.

(–પ્રક૦ ૫૫, મહો૦ વિવેકહર્ષ, મો૦ ફ૦ નં૦ ૧૦)

બાદશાહ જહાંગીરે "શરૂમાં એક દિવસે ખરતરગચ્છના યતિઓ માટે આગરા અને દિલ્હી પ્રદેશમાં વિહાર કરવાનો મનાઈહુકમ કર્યો હતો." બા૦ જહાંગીરે સં૦ ૧૬૬૯માં તેઓના ઉપદેશથી તે વિહાર ખુલ્લો કર્યો હતો.

**મહો૦ વિવેકહર્ષ ગણિવર** વગેરે વિહાર કરી ગયા પછી બા૦ જહાંગીરને પોતાના વિદ્યાગુરુ **મહો૦ ભાનુચંદ્રજીએ** કરેલા ઉપકારનું વારંવાર સ્મરણ થતું હતું. આથી તેણે મહો૦ **ભાનુચંદ્ર** અને ખુશફહમ પં૦ **સિદ્ધિચંદ્રના** સહવાસમાં પોતાનું શાંતિમય જીવન ગાળવાની ભાવના કરી. તેઓને સં૦ ૧૬૬૮માં અમદાવાદથી આગરા બોલાવ્યા.

બાદશાહે સં૦ ૧૬૬૯માં તેમનો નગરપ્રવેશ કરાવ્યો અને તેણે તેમનું ભારે ઉમળકાભર્યું સ્વાગત કર્યું. તે વિશે નીચેની કાવ્યપંક્તિઓ ખ્યાલ આપે છે :–

"મિલ્યા ભૂપ નઈ ભૂપ આનંદ પાયા,
ભલઈ તુમે ભલઈ અહીં **ભાણુચંદ** આયા;
તુમ પાસિ થિઈ મોહી સુખ બહોત હોઈ,
**સહરિઆર** ભણવા તુમ વાટ જોવઈ. ॥ ૧૩૦૯ ॥
પચાઓ, અમ પુતકોં ધર્મવાત,
જ્યું અવસુણતાં તુમ પાસિ તાત,
ભાણુચંદ કદીમ તુમે હો હમારે,
સબહીસે તુમહી હો હમેં હિ પ્યારે." ॥ ૧૩૧૦ ॥

( –આ૦ વિજયતિલકસૂરિરાસ )

બાદશાહ, બેગમો, શાહજાદા, શાહજાદીઓ સૌ હંમેશા મહો-

JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાધ્યાયજીનાં દર્શને આવતા હતા, અને ઉપદેશ સાંભળતા હતા.

**કસોટી :—**

તે પછી સં૦ ૧૬૭૦–૭૧ ખુશફહમ પં૦ **સિદ્ધિચંદ્રને** માટે માલપુરા જવાનો અનિચ્છનીય પ્રસંગ બની ગયો. પણ બાદશાહે પોતાની ભૂલ ખ્યાલમાં આવતાં તે પ્રસંગને સુધારી લીધો.

(—જૂઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૮૯, પ્ર૦ ૫૫–પં૦ સિદ્ધિચંદ્રજી)

મહો૦ ભાનુચંદ્રજી અને ખુશફહમ પં૦ સિદ્ધિચંદ્રજી સં૦ ૧૬૭૨માં આગરાથી વિહાર કરી મારવાડ પધાર્યા અને સં૦ ૧૬૭૩–૭૪–૭૫ માં બાદશાહ જહાંગીર માંડવગઢ, બુરહાનપુર થઈ આગરામાં આવી ગયા હતા.

બા૦ જહાંગીરે જુલસી સન ૧૫ ફરવરદિન તા. ૨૫મી, ઇલાહી સન ૬૫, છઠ્ઠો શાહેરીવર મહિનો તા. ૧૪, હીજરી સન ૧૦૨૯ રબિઉસ્સાની મહિનો સને ૧૬૨૦, વિ૦ સં૦ ૧૬૭૬ ચૈ૦ શુ૦ ૧૫ મહો૦ ભાનુચંદ્ર ગણિવરને ચૈત્ર શુદિ ૧૫ અહિંસાનું ફરમાન લખી આપ્યું હતું. (—મો૦ બા૦ ફર૦ નં. ૧૧)

બાદશાહ જહાંગીર તેમાં જણાવે છે કે, " બા૦ અકબરે પળાવેલ ૬ મહિનાની અહિંસાનું પાલન કરવું. શત્રુંજયતીર્થનો **યાત્રાવેરો–જજિયાવેરો** માફ કરવો. ઉનામાં જગદ્ગુરુના **સમાધિ**સ્થાનમાં જકાતવેરો માફ કરવો. શત્રુંજય તીર્થ અને જગદ્ગુરુના સમાધિસ્થાનની રક્ષા કરવી. સોરઠ સરકારને આ હુકમનો અમલ કરવાની સખ્તાઈ કરવામાં આવે છે. મરેલાનાં માલ–ધન લેવાનું બંધ કરવું. મારા જન્મનો એક મહિનો વધારે અહિંસા પાળવી " એવો હુકમ કર્યો હતો.

**વધારો :—**

બાદશાહ તેમાં વધારારૂપે જણાવે છે કે, " મને આ સાધુઓ પ્રત્યે સદ્ભાવ છે તેથી મારા જન્મનો એક મહિનો આ તપસીલમાં વધારું છું. અને તપસિલ લખ્યા મુજબ અહિંસાનું પાલન તથા માફી પાળવાનાં છે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદશાહ જહાંગીરે મહો૦ ભાનુચંદ્ર તથા ખુશફહમ સિદ્ધિચંદ્રજીના ઉપદેશથી આ ફરમાન તથા તે સિવાયનાં બીજાં ઘણાં ઘણાં લોકહિતનાં કાર્યો કર્યાં હતાં. ( –જૂઓ પ્રક૦ ૫૫ )

બાદશાહ જહાંગીરે જુલસી સન ૧૦, ઈલાહી સન ૬૦, **ચૂર** મહિનો, હીજરી સન ૧૦૨૪, મહિનો **રજબ,** સને ૧૬૧૫નો ઑગષ્ટ મહિનો, વિ૦ સં૦ ૧૬૭૧ (૭૨)ના શ્રાવણ મહિનામાં આગરાના સંઘવી ચંદ્રપાલ ઓશવાલ તપગચ્છના જૈનને " આ૦" શ્રીવિજયસેનસૂરિએ સં૦ ૧૬૭૧–(૭૨)ના જેઠ વદિ ૧૧ ના રોજ ખંભાતના મહુમ્મદપરામાં–અકબરપરામાં સ્વર્ગગમન કર્યું હતું તે જમીન ૧૦ વીઘા **ઈનામ** આપી હતી, ફરમાન લખી આપ્યું અને તેને તે જમીનમાં ગુરુદેવના અગ્નિસંસ્કારના સ્થાને મંદિર મેળો ભરવાનો ચોક–બાગ બગીચો બનાવવાની રજા આપી હતી તથા તે સ્થાનનો કરવેરો જકાત માફ કરી હતી. ( –મો૦ બા૦ ફ૦ નં૦ ૧૨ )

આ ફરમાનમાં સં૦ ચંદ્રપાલનું દેહવર્ણન લખી ઓળખાણ આપી હતી, જે વસ્તુ તે સમયના પરિચયપત્રમાં નવી ભાત પાડે એવી છે. ( –જૂઓ પ્રક૦ ૫૯–ચંદ્રપાલ )

જૈન સાઈટ JAINSITE.com

બા૦ જહાંગીરે હીંદી વિ૦ સં૦ ૧૬૭૪માં તપગચ્છના આ૦ વિજયદેવસૂરિને '**જહાંગીરી મહાતપા**' (દુનિયાનો મોટો ઓલિયો) નું અને મહો૦ નેમિસાગરગણિને '**વાદીજીપક**'નું બિરુદ આપ્યાં હતાં અને તેઓનું ઘણું સન્માન કર્યું હતું, તથા જુલસી સન ૧૩, ઈલાહી સન ૬૩, હીજરી સન ૧૦૨૭, શાહબાન મહિનો, સને તા. ૧૯–૭–૧૬૧૮, વિ૦ સં૦ ૧૬૭૪ના અષાડ મહિનામાં માંડવગઢથી આ૦ વિજયદેવસૂરિ ઉપર માંડવગઢની મીઠી મુલાકાતને યાદ કરાવી ભક્તિભાવભરેલો **પત્ર** લખ્યો હતો અને આગરામાં ચોમાસુ રહેલા પં૦ કલ્યાણકુશળગણિના શિષ્ય પં૦ દયાકુશલગણિને તે **પત્ર** રૂબરૂમાં આપ્યો હતો. ( મો૦ ફ૨૦ નં૦ ૧૩ )

**અમદાવાદમાં :—**

બાદશાહ જહાંગીર ઘણીવાર અમદાવાદ આવ્યો હતો ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નોંધપાત્ર ઐતિહાસિક પ્રસંગો પણ બન્યા હતા. તે પ્રસંગો કેટલાક આ પ્રકારે જાણવા મળે છે:–

(૧) અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરીએ ઉ૦ **નેમિસાગર** ગણિ અને પં૦ મુક્તિસાગરગણિની કૃપાથી "પોતાના ભાગ્યનો સિતારો હવે ચમકશે" એમ જાણી આગરામાં બા૦ અકબરના મોગલ દરબારમાં જઈ મોતીની સાચી પરીક્ષા કરી મોટી નામના મેળવી હતી.

તે પછી બા૦ અકબરની એક **બેગમ** કોઈ કારણસર અમદાવાદ આવી ત્યારે, શાંતિદાસ ઝવેરીએ તેની ખૂબ ખાતર બરદાસ્ત કરી, આથી **બેગમે** તેને પોતાનો **ધર્મભાઈ** બનાવ્યો. એ સમયે શાહજાદો **જહાંગીર** પણ માતાની સાથે અમદાવાદ આવ્યો હતો. તે શાંતિદાસને **મામા** કહી બોલાવતો હતો.

સં૦ ૧૬૬૫માં જ્યારે તે દિલ્હીનો બાદશાહ બન્યો, ત્યારે તેણે શાંતિદાસ ઝવેરીને ગૂજરાતનો **સૂબો** બનાવવાની ભાવના રાખી હતી, પણ ઝવેરીએ સૂબા બનવાની ના પાડી, આથી "ગૂજરાતના સૂબાઓ તેનું પૂરું માન–સન્માન કરે," એવો તેણે પ્રબંધ કર્યો હતો.

(૨) બા૦ **જહાંગીર** પોતાના ૨૭ વર્ષના શાહજાદા **શાહજહાંને** સાથે લઈ સં૦ ૧૬૭૪–૭૫ (સને ૧૬૧૭)માં અમદાવાદ આવી ઘણા મહિના સુધી રોકાયો હતો. તે દરમિયાનમાં અમદાવાદમાં શાહજાદા **શાહજહાં** અને અસફખાનની રૂપાળી કન્યા **મુમતાઝ** મહાલનો **વિવાહ** થયો. મુમતાઝે તા. ૨૪–૧૦–૧૬૧૮ના રોજ મારવાડમાં શાહજાદા **ઔરંગઝેબને** જન્મ આપ્યો.

**ભારત ઇંગ્લાંડ મૈત્રી:—**

(૩) **લંડનનો એલચી**:– બા૦ જહાંગીરને ઇંગ્લેંડના રાજા જેમ્સનો એલચી **ટોમસરો** અમદાવાદમાં મળ્યો હતો અને તેણે સને ૧૬૧૭માં "ઇંગ્લેંડ તથા ભારતની વચ્ચે વેપારી સંબંધ નક્કી કરી **કોલકરારો** કર્યા હતા." ત્યારથી બા૦ જહાંગીર અને રાજા જેમ્સની વચ્ચે મૈત્રીભર્યો પત્રવ્યવહાર શરૂ થયો હતો.

બા૦ **જહાંગીરે** રાજા જેમ્સને તા. ૨૦–૨–૧૬૧૮ના રોજ

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

તથા તા. ૮–૮–૧૬૧૮ ના રોજ લખેલા પત્રો મળે છે.

(–ગૂજરાતનું પાટનગર અમદાવાદ, પૃ૦ ૮૮ થી ૯૦ )

અંગ્રેજોએ અમદાવાદમાં સને ૧૬૩૮ પહેલાં પોતાની **અંગ્રેજી કોઠી** બનાવી લીધી હતી.

(૪) બા૦ જહાંગીરે સને ૧૬૨૧ ( વિ૦ સં૦ ૧૬૭૭ )માં **શાહીબાગ** બંધાવ્યો હતો.

(૫) સં૦ ૧૬૫૫માં અમદાવાદમાં બા૦ અકબરના સૂબા કાજી **હુસેનના** શાસનકાળમાં અમદાવાદમાં ઢીંગવાપાડા પાસેની જમીનમાંથી ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની શ્યામરંગની ભવ્ય **જિનપ્રતિમા** નીકળી હતી.

જૈન સંઘે સં૦ ૧૬૫૬માં માગશર સુદિ ૫ ના રોજ અમદાવાદના શકંદરપુર પાસેના **બીબીપુરમાં** મોટો જિનપ્રાસાદ બંધાવી, તેમાં ભ૦ વિજયસેનસૂરિના હાથે તે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

શેઠ શાંતિદાસ ઝવેરીએ તે સ્થાનને **તીર્થધામ** બનાવવા સં૦ ૧૬૭૯માં પોતાના મોટા ભાઈ વર્ધમાનની દેખરેખ નીચે મોટો જીર્ણોદ્ધાર શરૂ કર્યો. ૩ શિખર, ૩ ગભારા, ૬ મંડપ, ૩ શૃંગાર ચોકી બનાવી ચારે બાજુએ નાની નાની બાવન દેરીઓ બનાવી, તેને ફરતો મજબૂત **કિલ્લો** કરાવ્યો અને તેમાં તપાગચ્છના ભ૦ વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી ઉપાધ્યાય **મહો૦ વિવેકહર્ષ ગણિવર** તથા મહો૦ **મુક્તિસાગર ગણિવર** ( મહો૦ રાજસાગર ગણિવર )ના હાથે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી. શેઠે પોતે આ જિનપ્રાસાદથી પોતાની હવેલી સુધી આ પ્રતિમાઓને લઈ જઈ શકાય એવી મોટી સુરંગ બનાવી હતી. તેણે આ જીર્ણોદ્ધાર અને સુરંગમાં ૯ લાખ રૂપિયા ખરચ્યા હતા.

(–જૂઓ, પ્રક૦ ૫૮ નગરશેઠવંશ, પ્રક૦ ૫૯ ચિંતામણિ પાર્શ્વજિનપ્રાસાદ. )

બા૦ જહાંગીરે ગૂજરાતમાં પોતાના તરફથી ૮ સૂબા મોકલ્યા હતા.

તેણે જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિના શિષ્યોને વિવિધ ફરમાનો આપ્યાં હતાં ( મો૦ બા૦ ફ૦ નં૦ ૯ થી ૧૩ ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૦. બાદશાહ શાહજહાં

તે બા૦ જહાંગીરનો ત્રીજો પુત્ર હતો. તેનું પૂરું નામ "શહાબુદ્દીન મહમ્મદના સાહેબ કીરાની શાહજહાં" હતું બેગમ નૂરજહાંના ભાઈ **વજીર આસિફખાને** બા૦ જહાંગીરના મરણ બાદ તેને દિલ્હીની ગાદીએ બેસાડ્યો હતો. તે હી૦ સ૦ ૧૦૩૭ જમાદિ ઉસ્સાની મહિનાની તા. ૮ મી ઈ૦ સ૦ તા. ૪–૨–૧૬૨૮, વિ૦ સં૦ ૧૬૮૪ મ૦ સુ૦ ૧૦ ને રોજ **બાદશાહ** બન્યો. તે ત્રીશ વર્ષ સુધી બાદશાહ તરીકે રહ્યો.

પછી શાહજાદા **ઔરંગઝેબે** હી૦ સ૦ ૧૦૬૮ રમજાનની તા. ૧૭ મી, સને તા. ૯–૬–૧૬૫૮, વિ૦ સં૦ ૧૭૧૫ અષાડ વ૦ ૪ ને રોજ તેને આગરાના કિલ્લામાં કેદ કર્યો, અને તે હી૦ સ૦ ૧૦૭૬ રજબ મહિનાની તા. ૨૬ મી, સને તા. ૨૨–૧–૧૬૬૬ વિ૦ સં૦ ૧૭૨૨ મ૦ વ૦ ૧૩ ને રોજ આગરાના કિલ્લામાં મરણ પામ્યો.

આપણે બા૦ જહાંગીરના જીવનપરિચયમાં વાંચી ગયા છીએ કે, બા૦ **શાહજહાં** ૨૭ વર્ષનો યુવાન **શાહજાદો** હતો. ત્યારે સને ૧૬૧૭ (વિ૦ સં૦ ૧૬૭૪–૭૫)માં પોતાના પિતા સાથે અમદાવાદ જઈ ઘણા મહિનાઓ સુધી રહ્યો હતો. તે અરસામાં ત્યાં આસકખાનની ખૂબસુરત કન્યા **મુમતાઝમહાલને** પરણ્યો હતો. મુમતાઝે તા. ૨૪–૧૦–૧૬૧૮માં શાહજાદા ઔરંગઝેબને જન્મ આપ્યો હતો. એ સમયે ઇંગ્લેંડના રાજા જેમ્સનો એલચી સર **ટોમસરો** મળ્યો હતો, તથા શાહજહાંને પિતાના મામા શાંતિદાસ ઝવેરીનો પણ પરિચય થયો હતો. તે તેમને બહુ માનબુદ્ધિથી જોતો હતો, અને તેમના પ્રત્યે ઘણો પ્રસન્ન હતો. બા૦ **શાહજહાં** મહો૦ **ભાનુચંદ્ર** ગણિવર પાસે ભણ્યો હતો. ઉપા૦ સિદ્ધિચંદ્રની સાથે રમ્યો હતો અને મહો૦ વિવેકહર્ષ ગણિવરના પરિચયમાં પણ આવ્યો હતો. આથી તે જૈન મુનિવરોથી પ્રભાવિત હતો.

બાદશાહ શાહજહાંએ પોતાના રાજકાળ દરમિયાન ગૂજરાતમાં **૧૩ સૂબાઓ** મોકલ્યા હતા. તેમાં આઠમો શાહજાદો **ઔરંગઝેબ** સને ૧૬૪૪ થી ૧૬૪૬, દશમો મહમ્મુદ દારા **શિકોહ** સને ૧૬૪૮

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

થી ૧૬૫૨ અને બારમો શાહજાદા **મુરાદબક્ષ** સં૦ ૧૬૫૪ થી ૧૬૫૭ એ સૌ શાહજાદા હતા.

સૂબા ઔરંગઝેબે ધર્માંધતાથી વિ૦ સં૦ ૧૬૯૯ ( સને ૧૬૪૪–૪૫ )માં અમદાવાદના સરસપુરના ચિંતામણિ **જિનપ્રાસાદને** તોડીફોડી મસ્જિદરૂપે બદલી નાખ્યો અને તેમાં ફકીરોને વસાવ્યા. આથી ગૂજરાતમાં મોટું બંડ જાગ્યું.

શેઠ **શાંતિદાસે** બા૦ શાહજહાંને અરજી કરી આ વિગત જણાવી, તથા અમદાવાદના **મુલ્લા અબ્દુલ હકીમે** પણ બાદશાહને પત્રથી જણાવ્યું કે, આ હીચકારી ઘટના બની છે.

બાદશાહ શાહજહાંએ ( જુલસી સન ૨૧, હીજરી સન ૧૦૫૮, મહિનો જમાઉદ્દીલ બીજો તા. ૨૧ મી, સને ૧૬૪૮ ) વિ૦ સં૦ ૧૭૦૫માં ગૂજરાતના સૂબા શાહજાદા **મહમ્મદ દારાશિકોહને** “ફરમાન” લખી મોકલી હુકમ કર્યો કે, શાહજાદાએ શાંતિદાસ ઝવેરીના તાબાના દેરાને તોડી, મોટો ફેરફાર કરી **મસ્જિદ** બનાવી છે. તેને સુધારી, અસલી મૂળ રૂપમાં તૈયાર કરાવી, તે મકાન **શેઠ શાંતિદાસને પાછું સોંપવું** અને તે તેને “પહેલાંની જેમ પોતાના ધર્મના કામમાં વાપરે” તેમાં કોઈએ કશી દખલ કરવી નહીં. કદાચ ફકીરોને તેમાં વસાવ્યા હોય તો તેઓને ત્યાંથી બીજે લઈ જવા તેનો ઈંટ વગેરે સામાન કોઈ મુસલમાન લઈ ગયા હોય તે પાછો અપાવવો, અથવા તેની રકમ ભરપાઈ કરાવવી.

( —જૂઓ મો૦ બાદશાહ શાહજહાંનું ફરમાન નં૦ ૧૬ )
( —એસ. એમ. કોમી સરીએટ, ધી જર્નલ ઑફ ધી યુનિવરસીટી ઑફ બોમ્બે માસિકમાં—“ ધી ઇંપીરિયલ મુગલ ફરમાન્સ ઇન ગૂજરાત,” લેખ )
( —જૈન ઐતિહાસિક રાસમાલા ભા૦ ૧, પૃ૦ ૨૯, સદ્ગત મગનલાલ વખતચંદનો ઇતિહાસ, અને અમદાવાદનો ઈતિહાસ પૃ૦ ૧૪૨, ૧૪૩ )

ઇતિહાસ કહે છે કે, અમદાવાદના સૂબાએ સં૦ ૧૭૦૦માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદશાહી ખજાનામાંથી રકમ ખરચી ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ પહેલાં હતો તેના જેવો જ નવો તૈયાર કરાવી શેઠ શાંતિદાસ ઝવેરીને સોંપ્યો હતો.[1]

બા૦ શાહજહાં તેના શાહજાદાઓ અને સૂબાઓ, અમલદારો જ્યારે જ્યારે ખજાનામાં રકમ ન હોય અને આર્થિક મૂંઝવણ ઊભી થાય ત્યારે ત્યારે શેઠ શાંતિદાસ ઝવેરી પાસેથી રકમ લેતા હતા અને ખજાનામાં રકમ આવી જાય ત્યારે તેની રકમ પૂરેપૂરી પાછી આપતા હતા. અથવા રકમ આપવાને બદલે તેને બીજી રીતે બદલો આપતા હતા.

બા૦ શાહજહાં શેઠ શાંતિદાસ પર બહુ પ્રસન્ન રહેતો હતો, તેમજ તેના જાનમાલ મિલકત, મકાનો, જમીનો, જાયદાદ, ધર્મસ્થાનો, ધર્મમર્યાદા અને જ્ઞાતિમર્યાદા વગેરેના રક્ષણ માટે વિશેષ કાળજી રાખતો હતો અને કોઈ સૂબો કે અમલદાર કે વેપારી તેની રકમને દાબી બેસે નહીં તેની પૂરી તકેદારી રાખતો હતો. બાદશાહે આ માટે શેઠ શાંતિદાસને વિવિધ જાતનાં ફરમાનો આપ્યાં હતાં.

( મો૦ બા૦ ફર૦ નં૦ ૧૪ થી ૧૭ )

સૂબા મહમ્મદ શિકોહના સમયે શેઠ **શાંતિદાસ** ઝવેરી,

---

૧. તે પછી ફરી એક વાર એક મુસલમાન અમલદારે આ મંદિર તોડવાનો મનસૂબો કર્યો હતો. આથી શેઠ શાંતિદાસના વંશજ શેઠ **વખતચંદે** સરસપુરના જિનપ્રાસાદની સર્વ પ્રતિમાઓને સુરંગના રસ્તે રથમાં બેસાડી ઝવેરીવાડમાં લાવી, શેઠ ખુશાલચંદનો ભ૦ આદીશ્વરનો જિનપ્રાસાદ, શેઠ વખતચંદનો ભ૦ અજિતનાથનો જિનપ્રાસાદ, શેઠ શ્રીપાલ ઝવેરીનો જગવલ્લભ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ અને શેઠ સૂરજમલે નવો બંધાવેલ ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદમાં પધરાવી હતી.

( –જૂઓ પ્રક૦ ૫૯ ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદનો ઇતિહાસ, )

તે બીબીપુરનો જૂનો જિનપ્રાસાદ સરસપુરમાં ખંડેરરૂપે ઊભો છે. ચિંતામણિ પાર્શ્વનાથ ભ૦ના દર્શન માટે હંમેશ માટે ઘણા ભાઈબહેનો નિરંતર આવે છે. આ સ્થાન પ્રભાવશાળી મનાય છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

શા૦ રતના સૂરા તથા તપગચ્છના કારખાનાએ (સને ૧૬૫૧) વિ૦ સં૦ ૧૭૦૭ ના કાર્તિક વદિ ૧૩ ને મંગળવારે ગારિયાધારના **ઠા૦ કાંધાજી** તથા તેના કુટુંબના ભાગીદારોને શત્રુંજય તીર્થનું તથા જાત્રાળુઓનું **રખોપું** સોંપ્યું હતું. (–પ્રક૦ ૪૪, ગોહેલ વંશ)

**શત્રુંજય ઇનામ :–**

ઇતિહાસ કહે છે કે શેઠ શાંતિદાસે સને ૧૬૫૭–૫૮માં લૂંટારા કાનજી કોળીના બળવામાં અને રાજા જસવંત સાથેની ઉજ્જૈન જીતવાની લડાઇમાં શાહજાદા **મુરાદબક્ષ** અને શાહજાદા **ઔરંગઝેબને** લાખોની રકમ આપી હતી. **બા૦ શાહજહાંનો** શાહજાદો મુરાદબક્ષ (સને ૧૬૫૪ થી ૧૬૫૭) ગૂજરાતનો સૂબો હતો. તેણે બાદશાહની સમ્મતિ મેળવી (જુલસી સન ૩૦, મોહોરમ ઉલહરામ મહિનાની તા. ૨૯ મી, હીજરી સન ૧૦૬૬, સને ૧૬૫૬ ) વિ૦ સં૦ ૧૭૧૩ના કાર્તિક મહિનામાં શુદિ ૧ ના રોજ નગરશેઠ **શાંતિદાસ** ઝવેરીને "શત્રુંજયતીર્થનો પહાડ" પાલીતાણા ઇનામમાં આપ્યાં હતાં અને તેનું ફરમાન લખી આપ્યું હતું.

( જૂઓ, મો૦ બા૦ ફ૦ નં૦ ૧૭ તથા
પ્રક૦ ૪૪, ગુજરાતના બાદશાહો, ગોહેલવંશ )

શેઠ શાંતિદાસે તે પછી શત્રુંજય તીર્થનો સંઘ કાઢી તેની યાત્રા કરી હતી અને તેની ચારે તરફ **મોટો કિલ્લો** પણ બનાવ્યો હતો તેમજ ભ૦ આદીશ્વરનું **પરિકર** બનાવી, તેમાં આ બાબતનો લેખ લખાવ્યો હતો. ( પ્રક૦ ૫૮, આ૦ રાજસાગર, નગરશેઠ વંશ. )

બા૦ શાહજહાં વિ૦ સં૦ ૧૭૨૨ ના મહા વદિ ૧૩, તા. ૨૨–૧૧–૧૬૬૯ ના રોજ આગરામાં મરણ પામ્યો હતો. તેને તથા તેની બેગમ તાજબાનુને **તાજમહેલમાં** દફનાવવામાં આવ્યાં હતાં. **તાજમહેલ** એ આગરામાં દર્શનીય સ્થાન મનાય છે.

ભારતમાં **બે કલાધામો** પ્રસિદ્ધ છે:– (૧) ગૂજરાતના મહામાત્ય **વિમલશાહે** પત્ની **શ્રીદેવીની** પ્રેરણાથી આબૂ પહાડ ઉપર **ધર્મભાવનાથી** બનાવેલ વિમલવસહીનાં તથા મંત્રીશ્વર વસ્તુપાલે

JAINSITE.com જૈન સાહિત્ય
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી તેજપાલની પત્ની અનુપમાદેવીની પ્રેરણાથી આબૂ પહાડ ઉપર ધર્મભાવનાથી બનાવેલ લૂણગ વસહીનાં **જૈન મંદિરો.**
(પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૫, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૬૬, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૮૦)

(૨) બાદશાહ શાહજહાંએ બેગમ તાજબાનુના સ્મરણમાં પ્રેમભાવથી બંધાવેલ **તાજમહેલ.**

શ્રીદેવી, અનુપમાદેવી સુહડાદેવી અને આ તાજબેગમ એ સૌ ગૂજરાતનાં સ્ત્રીરત્નો હતાં.

**૧૧. બા૦ ઔરંગઝેબ:–**

**રાજ્યકાળ:**– હીજરી સન ૧૦૬૮ જિલ્કાદ તા. ૧ થી સં૦ ૧૧૧૮ જિલ્કાદ તા. ૨૮ સુધી. સં૦ ૧૭૧૫ના શ્રા૦ સુ૦ ૩ થી સં૦ ૧૭૬૩ના ફા૦ વ૦ ૪; તા. ૨૩–૭–૧૬૫૮ થી તા. ૨૧–૨–૧૭૦૭

તેનું પૂરું નામ "મુહીઉદ્દીન મુહમ્મદ ઔરંગઝેબ આલમગીર" હતું. તે પિતાને આગરાના કિલ્લામાં કેદ કરી હી૦ સં૦ ૧૦૬૮ જિલ્કાદ મહિનાની તા. ૧ લી, સને ૨૩–૭ ૧૬૫૮ ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૭૧૫ શ્રા૦ સુ૦ ૩ ને રોજ દિલ્હી જઈ ગાદીએ બેસી **બાદશાહ** બન્યો.

તે હી૦ સ૦ ૧૧૧૮ જિલ્કાદ મહિનાની તા. ૨૮ મી સને તા. ૨૧–૨–૧૭૦૭ વિ૦ સં૦ ૧૭૬૩ ફા૦ વ૦ ૧૪ ને રોજ **અહમદનગરમાં** મરણ પામ્યો.

ભારતના મુસલમાન બાદશાહોમાં જે **ધર્મઝનૂની** બાદશાહો થયા છે, તેમાંનો એક **ઔરંગઝેબ** પણ છે. છતાં તેણે કેટલીક બાબતમાં સજ્જનતા બતાવી હતી.

તે અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરીને બહુ માનતો હતો. તપાગચ્છના ભ૦ હેમવિમલસૂરિની પરંપરાના **પં૦ પ્રતાપકુશળજી,** જેઓ વિદ્વાન અને ફારસી ભાષાના અભ્યાસી હતા, તેમજ રાજા–મહારાજાઓ, શાહ સૂબાઓ તેમજ મોટા શ્રીમંતો તેમનું બહુમાન કરતા હતા, જ્યારે બા૦ **ઔરંગઝેબે** તેમના જ્ઞાનની પ્રશંસા

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંભળી, ત્યારે તેમને **પાલખી** મોકલી પોતાની પાસે બોલાવ્યા હતા. અને તેમને પોતાના મનમાં જે શંકા હતી તે વિશે પ્રશ્નો પૂછ્યા.

**પં૦ પ્રતાપકુશળજીએ** તે દરેક પ્રશ્નોના બરાબર ઉત્તરો આપ્યા. સાથોસાથ બાદશાહના મનની વાત પણ જણાવી દીધી. આથી બાદશાહે ખુશ થઈ તેમને ૫–૭ ગામો **ઈનામમાં** આપવાને જણાવ્યું. પણ પંન્યાસજી ત્યાગી અને નિર્લોભી હતા. તેમણે ગામો લેવાનો ઈન્કાર કર્યો (મો૦ બા૦ ફરમાનોની નોંધ નં૦ ૧૮)

બા૦ **ઔરંગઝેબે** મેવાડના રાજસાગર તળાવની પહાડી ઉપર સં૦ **દયાલશાહે** બનાવેલ "ઋષભદેવના જિનપ્રાસાદ"ને તોડવા સં૦ ૧૭૨૮–૩૦માં ચડી આવ્યો. રાણા **રાજસિંહનો** દીવાન **સં૦ દયાલશાહ** તેની સાથે બહાદૂરીથી લડ્યો, અને તેણે "આ સ્થાન કિલ્લો નથી. પણ માત્ર બે માળનો ઉંચો જિનપ્રાસાદ છે." એમ સમજાવી, બાદશાહના મનનું સમાધાન કર્યું. પરિણામે બા૦ **ઔરંગઝેબે** સં૦ દયાલશાહની બહાદૂરીથી અને સાચી વાતથી ખુશ થઈ, તે જિનપ્રાસાદની રક્ષા કરી હતી. **સંઘવી દયાલશાહે** સં૦ ૧૭૩૨ વૈ૦ વ૦ ૭ ને ગુરુવારે તે જિનપ્રાસાદની વિજયગચ્છના **ભ૦ વિનયસાગરસૂરિના** હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. આ સ્થાન અત્યારે દયાલશાહના કિલ્લા તરીકે વિખ્યાત છે. વિખ્યાત જૈન યાત્રાસ્થળ છે.

(જૂઓ પ્રક૦ ૪૪ પૃ૦ ૩૮–૩૯)

મહો૦ સોમવિજયગણિવરની પરંપરાના તેમજ ભ૦ વિજયરત્નસૂરિનીઆજ્ઞામાં રહેલા **પં૦ લાલવિજય ગણિવર** અને પં૦ સૌભાગ્યવિજયગણિ વિ૦ સં૦ ૧૭૫૦માં આગરામાં યાત્રા કરવા પધાર્યા હતા. ત્યારે ત્યાં બા૦ ઔરંગઝેબને મલ્યા હતા. બા૦ ઔરંગઝેબે તેઓને કુશલ સમાચાર પુછી ભારતમાં શાન્તિપૂર્વક રહેવાનું અને નિરાબાધપણે તેઓને વિચરવાનું ફરમાન આપ્યું હતું.

(તીર્થમાળા, તથા મો૦ બા૦ ફ૦ નો૦ નં૦ ૧૯).

આ સમયે અજમેરના સૂબાએ અજમેર, મેડતા, સોજત, જયતારણ અને **જોનપુર** વગેરે શહેરોના જૈન ઉપાશ્રયો પોતાના તાબામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈ ખાલસા કરી લીધા હતા. એ સમયે ઔરંગાબાદનો સૂબો **અસતખાન,** જે મહો૦ સોમવિજય ગણિવરની પરંપરાના (૬૨) **પં૦ શ્રી. ભીમવિજયનો** ભક્ત હતો.

બા૦ **ઔરંગઝેબ** સં૦ ૧૭૩૬માં અજમેર ઉપર ચઢી આવ્યો ત્યારે ભ૦ **વિજયરત્નસૂરિ** અને પં૦ ભીમવિજયજીના ઉપદેશથી તેમજ નવાબ અસતખાનની પ્રેરણાથી, બાદશાહે પં૦ **ભીમવિજયને** તે ઉપાશ્રયો છૂટા કરી પાછા સોંપવાનું **ફરમાન** લખી આપ્યું હતું અને જૈન ઉપાશ્રયો સંઘને પાછા સુપ્રત કરાવ્યા હતા.

(મો૦ બા૦ ફર૦ નોંધ નં૦ ૨૦)

(–જૂઓ પ્રક૦ ૫૮, મહો૦ સોમવિજય ગણિવરની શિષ્યપરંપરા)

બા૦ ઔરંગઝેબના સમયે એક સંન્યાસી એક બાળકને ઉઠાવી ગયો. આથી ઔરંગઝેબના અમદાવાદના સૂબા શાહજાદા **મહમ્મદ આઝમે** (ઈ૦ સ૦ ૧૭૦૩ થી ૧૭૦૫) સર્વ સંન્યાસીઓને અમદાવાદમાંથી કાઢી મૂકયા અને સૌને માટે અમદાવાદમાં આવવાનો અને રહેવાનો **મનાઈહુકમ** કાઢયો. આ સમયે ભ૦ વિજયરત્નસૂરિ (સં૦ ૧૭૩૨ થી સં૦ ૧૭૭૩ ભા૦ વદિ ૨) એ સૂબાને મળી, સમજાવી, શાંત પાડી આ હુકમ પાછો ખેંચાવ્યો.

(–મો૦ બા૦ ફ૦ નોંધ નં૦ ૨૧ તથા પ્રક૦ ૫૮, મહો૦ સોમવિજય ગણિવરની શિષ્ય પરંપરા)

બા૦ ઔરંગઝેબે સં૦ ૧૭૦૭માં ઔરંગાબાદ વસાવ્યું.

**શેઠ માણેકચંદ ટંકશાળ :–**

બા૦ ઔરંગઝેબના સમયે સને ૧૭૦૧ (સં૦ ૧૭૫૭)માં મુર્શીદકુલીખાન હિંદમાં દિવાન બનીને આવ્યો. તેણે મકસુદાબાદને આબાદ કરી મુર્શીદાબાદ નામ આપ્યું. તેણે શેઠ માણેકચંદને મિત્ર બનાવી મુર્શીદાબાદમાં વસવાટ કરાવ્યો. તે બંગાળનો નવાબ બન્યો. અને સને ૧૭૨૫માં મરણ પામ્યો હતો.

શેઠ માણેકચંદે વિ૦ સં૦ ૧૭૫૯માં મહિમાપુરમાં **કોઠી** સ્થાપી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સં૰ ૧૭૬૨માં ગંગા નદીના કિનારે **ટંકશાળ** બનાવી. શેઠે આ પોતાની ટંકશાળમાં દિલ્હીના બાદશાહ બહાદુરશાહ આલમના સિક્કા પડાવ્યા.

## દિલ્હીના બાદશાહની ટૂંકી નામાવલિ

૧૨. **બહાદુરશાહ આલમ પહેલો :–** ( રાજ્યકાળ :– ઈ૰ સ૰ ૧૭૦૭ થી તા. ૧૮–૨–૧૭૧૨; વિ૰ સં૰ ૧૭૬૪ અ૰ વ૰ ૪ થી સં૰ ૧૭૬૮ ફાગણ વદિ ૭ )

તે બાદશાહ ઔરંગઝેબનો પુત્ર હતો. તેના સમયે અને હૈદ્રાબાદના સૂબા મહમ્મદ યુસુફખાનના રાજ્યકાળમાં **જૈન** સંઘે સં૰ ૧૬૬૭ના **ચૈત્ર** શુદિ ૧૦ ને રવિવારે પુષ્ય નક્ષત્રમાં વિજય મુહૂર્તમાં ભ૰ વિજયરત્નસૂરિના શાસનમાં (૫૮) મહો૰ મેઘર્ષિગણિની પરંપરાના પં૰ દામર્ષિગણિના શિષ્ય પં૰ **કેશરકુશળગણિવરના** ઉપદેશથી કુલ્પાક તીર્થનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો અને ભ૰ ઋષભદેવ–માણિક્યસ્વામિની તે પંન્યાસજીના હાથે પ્રતિષ્ઠા કરાવી.

સૂબાએ પં૰ કેશરકુશળગણિને હૈદ્રાબાદ શહેરની બહાર જગદ્‌ગુરુની દાદાવાડી–હીરવિહાર બનાવવા માટે મોટી જમીન ભેટ આપી હતી. જૈનસંઘે ત્યાં પં૰ કેશરકુશલગણિના ઉપદેશથી જગદ્‌ગુરુ હીરવિજયસૂરિવરનો મોટો હીરવિહાર બનાવ્યો. આ સ્થાન આજે હૈદ્રાબાદમાં દાદાવાડી તરીકે પ્રસિદ્ધ છે.

વૃદ્ધો કહે છે કે તેનાં **ખતપત્રો–ફરમાનો** અરબીમાં–ફારસીમાં બનેલાં હતાં જે હૈદ્રાબાદના શેઠ અમરસી જૂવાનમલના વખતમાં નાશ પામ્યાં હતાં છતાં હૈદ્રાબાદના જૈનોની ફરજ છે કે સાધનો મળતાં હોય તો તેને બરાબર તપાસી ત્યાંનો અસલી ઇતિહાસ પ્રસિદ્ધ કરે.... અમને લાગે છે કે આ૰ જિન કુશલસૂરિ તથા પં૰ કેશરકુશલગણિ તે બન્નેનાં નામોમાં કુશલ શબ્દની સામ્યતા હોવાથી તે **સ્થાન** દાદાવાડી બન્યું હોય. )

( –પ્રક૰ ૫૫, તથા ૫૮ મહો૰ હાનર્ષિગણિ ઉ૰ ઉદ્યોત વિજયગણિની ૭મી પરંપરા, હિંદી વિક્રમ સં૰ ૧૯૯૨નો જૈનસેવા સંઘનો વિશેષાંક રીપોર્ટ પૃ૰ ૪૬ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩. **જહાંદરશાહ** :– ( રાજ્યકાળ–તા. ૧૭–૪–૧૭૧૨ થી ૧૭૧૩; વિ૦ સં૦ ૧૭૬૯ ચૈત્ર શુદિ ૧૫ થી સં૦ ૧૭૭૦ )

તે શાહઆલમનો પુત્ર હતો.

૧૪. **બા૦ ફરુખશેખર** :– ( રાજ્યકાળ–તા. ૧૦–૧–૧૭૧૩ થી ૧૭૧૯; સં૦ ૧૭૭૦ મહા વદિ ૧૦ થી ૧૭૭૫ ફા૦ શુ૦ ૯ )

તે જહાંદરશાહનો ભત્રીજો હતો. તેણે જુલસી સન ૧ શાઆબાન તા૦ ૧, હીજરી સન ૧૧૨૫, સને ૧૭૧૩, વિ૦ સં૦ ૧૭૭૦માં જૈનાચાર્ય ભટ્ટારક દેવેન્દ્રસૂરિને મોટું માન આપ્યું હતું, અને **ફરમાન** આપ્યું હતું.

તેણે મુર્શીદાબાદના શેઠ માણેકચંદ અને ફતેચંદ પાસેથી કરજે મોટી રકમ લીધી હતી. આથી બંગાલના નવાબ મુર્શીદખાનના આગ્રહથી તેણે શેઠ **માણેકચંદને** જુલસી સન ૩; હીજરી સન ૧૨૨૭; જિલહિજ્જ મહિનાની તા. ૮ મી; સને ૧૭૭૫ વિ૦ સં૦ ૧૭૭૧માં શેઠપદવી આપી, મણિથી મઢેલી “ **શેઠપદવી** વાળી મહોર ” આપી. રાજશિરપાવ આપ્યો અને **ફરમાન** લખી આપ્યું.

( મો૦ બા૦ ફ૨૦ નં૦ ૨૫)

બા૦ ફરૂખશેઅરના સાલા **મહાખાને** વિ૦ સં૦ ૧૬૬૦–૬૧માં આગરામાં કડવામતના સંવરી જૈન ૬૯મા **ભ૦ સદારંગસૂરિના** ઉપદેશથી અમારિ પલાવી હતી. (પ્રક૦ ૫૩ કડુઆ મત પટ્ટાવલી )

૧૫. **રફિઉદરજાત** :– ( રાજ્યકાળ–તા. ૧૮–૨–૧૭૧૯ થી તા. ૨૮–૫–૧૭૧૯; ચૈત્ર સં૦ ૧૭૭૫ ના ફા૦ શુ૦ ૧૦ થી ૧૭૭૬ ના અ૦ વ૦ ૬ )

તે બા૦ ફરુખશેખરનો પુત્ર હતો.

૧૬. **રફિઉદ્દાલા** :– ( રાજ્યકાળ–તા. ૨૯–૫–૧૭૧૯ થી તા. ૧૧–૯–૧૭૧૯; ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૭૭૬ અ૦ વ૦ ૭ થી સં૦ ૧૭૭૬ આ૦ શુ૦ ૯)

તે બા૦ રફિઉદરજાતનો પુત્ર હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭. **બા૦ મહમ્મુદશાહ**:– ( રાજ્યકાળ–તા૦ ૧૯–૯–૧૭૧૯ થી તા. ૧૬–૪–૧૭૪૮; ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૭૭૬ દ્વિ૦ આ૦ વ૦ ૨ થી સં૦ ૧૮૦૫ વૈ૦ વ૦ ૦)) )

તે ૧૩મા બા૦ જહાંદરશાહનો **ભત્રીજો** હતો.

**જગત્શેઠને ફરમાન**:–

તેણે ( જુલસી સન ૪, રજ્જબ મહિનો તા. ૧૨ મી; સને ૧૭૨૨ ( અથવા ૧૭૨૪ ) વિ૦ સં૦ ૧૭૭૯ ( અથવા ૧૭૮૧ )માં મુર્શીદાબાદના શેઠ ફતેચંદને જગતશેઠની પદવી અને શેઠને મહારાજાની પદવી આપી. **શેઠ ફતેચંદને** મણિથી મઢેલી જગતશેઠની પદવીવાળી મહોર આપી શિરપાવ આપ્યો અને **ફરમાન** લખી આપ્યું. ( મો૦ બા૦ ફ૦ નં૦ ૨૬ )

બા૦ મહમ્મુદની અભિલાષા હતી કે, " શેઠ ફતેચંદને બંગાળનો નવાબ બનાવવો " પરંતુ શેઠે પોતે નવાબ બનવાની ના પાડી. આથી નવાબ મુર્શીદખાન શેઠ ઉપર બહુ ખુશ થયો.

નવાબ મુર્શીદખાન પછી તેનો જમાઈ **સરફરાજ** બંગાલનો નવાબ ( સને ૧૭૨૫ થી ૧૭૩૯ ) બન્યો હતો.

આ સમયે અમદાવાદની પ્રજાએ નગરશેઠ શાન્તિદાસ ઝવેરીના વંશજ શાહ **નથુશાહ** તથા શેઠ **ખુશાલચંદને** વંશપરંપરાના હક્કે અમદાવાદની જકાતમાંથી ૪ આનાનો હક–પટ્ટો લખી આપ્યો હતો. ( પ્ર૦ ૫૮–શેઠ ખુશાલચંદ, તથા મો૦ બા૦ ફ૨૦ નં૦ ૨૭ )

બા૦ મહમ્મુદના સમયે સને ૧૭૩૯ (વિ૦ સં૦ ૧૭૯૧)માં સુલતાન નાદીરશાહે હિંદુસ્તાન ઉપર સવારી કરી હતી. બા૦ મહમ્મુદ તથા તેની એક દાસીએ સ્વદેશના અભિમાનથી બાદશાહી રાજમહેલના ઝરૂખામાંથી કિલ્લાના પાણીમાં ઝંપલાવ્યું હતું, પરંતુ સુલતાને તે બન્નેને બચાવ્યા, બન્નેના દેશાભિમાનની પ્રશંસા કરી બા૦ મહમ્મુદને દિલ્હીની ગાદીએ પોતાને હાથે બેસાડયો હતો.

બાદશાહ મહમ્મુદના સમયે ચીખલેજખાન **આલફશાહે** " નિઝામ રાજ્યની " સ્થાપના કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮. **બા૦ અહમ્મદશાહ :–** ( રાજ્યકાળ-તા. ૨૦–૪–૧૭૪૮ થી તા. ૨–૬–૧૭૫૪=૭ વર્ષ; સં૦ ૧૮૦૫ના વૈ૦ શુ૦ ૪ થી સં૦ ૧૮૧૧ના જે૦ શુ૦ ૧૨ )

તે બા૦ મહમ્મુદનો પુત્ર હતો. તેણે ( જુલસી સન ૧, જિલ્કાદ મહિનો તા. ૨ ) અથવા–૩; સને ૧૭૪૮ વિ૦ સં૦ ૧૮૦૫ના વૈશાખ સુદિમાં **શેઠ મહેતાબચંદને** "શેઠની પદવી" આપી શિરપાવ આપ્યો અને **ફરમાન** લખી આપ્યું.

( મો૦ બા૦ ફર૦ નં૦ ૨૮ )

તેમજ ( જુલસી સન ૧, જિલહજ્જ મહિનો તા. ૨૭ મી; સને ૧૭૪૮ ) વિ૦ સં૦ ૧૮૦૫ના જેઠ મહિનામાં શેઠ **મહેતાબચંદને જગતશેઠની પદવી** આપી; શેઠ **સ્વરૂપચંદને** મહારાજાની પદવી આપી, મહોર આપી શિરપાવ આપ્યો અને **ફરમાન** લખી આપ્યું: અને તે જ દિવસે **સિરાજઉદ્દૌલ્લાને** બંગાળનો નવાબ બનાવ્યો. ( મો૦ બા૦ ફર૦ નં૦ ૨૯ )

**ઈનામ :–**

બા૦ અહમ્મદશાહે ( જુલસી સન ૫, હી૦ સ૦ ૧૧૬૫; સને ૧૭૫૨ ) વિ૦ સં૦ ૧૮૦૯માં જગતશેઠ **મહેતાબચંદને** મધુવન કોઠી, જયપાર નાળું, પ્રાચીન નાળું, જલહરીકુંડ અને પારસનાથની તળેટી વચ્ચેની ૩૦૧ વીઘા જમીન તથા **પારસનાથ પહાડ ભેટ** આપ્યા હતા. ( મો૦ બા૦ ફર૦ નં૦ ૩૦ )

૧૯. **આલમશાહ બીજો :–** ( રાજ્યકાળ–તા૦ ૨–૬–૧૭૫૪ થી તા. ૨–૯– ૧૭૫૯; સં૦ ૧૮૧૧ના જે૦ શુ૦ ૧૨ થી સં ૧૮૧૭ના મહા૦ શુ૦ ૧૦ )

તે બા૦ જહાંદરનો બીજો પુત્ર હતો. તેનું બીજું નામ અણુ અલીખાન પણ મળે છે.

**કરમાફ :–**

તેણે ( જુલસી સન ૨, હી૦ સન ૧૧૬૮, સને ૧૭૫૫ ) વિ૦ સં૦ ૧૮૧૨માં પાલગંજ પારસનાથ પહાડને **કરમુક્ત** જાહેર કર્યો

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

હતો; એટલે ત્યાં વેઠ, વેરો, લગાન, જકાત, મુંડકાવેરો વગેરે માફ કર્યાં. (મો૦ બા૦ ફર૦ નં૦ ૩૧)

૨૦. **શાહજહાં બીજો :–** ( તા. ૨–૯–૧૭૫૯ થી ×–૧૨–૧૭૫૯ સં૦ ૧૮૧૬; મા૦ શુ૦ ૧૦ થી સં૦ ૧૮૧૬ )

આ સમયે મીરઝાફર મીર કાસિમ બંગાલના નવાબ બન્યા. આ સમયે મીરઝાફરઉદ્દૌલ્લા, સૈફઉદ્દૌલ્લા, મુબારકઉદ્દૌલ્લા બંગાળના **નાજિમો** બન્યા હતા.

૨૧. **શાહ આલમસિંહ( ત્રીજો ) :–** ( રાજ્યકાળ તા. ૨૫–૧૨–૧૭૫૯ થી તા. ૧૯–૧૧–૧૮૦૬; સં૦ ૧૮૧૬ પો૦ શુ૦ ૬ થી ૧૮૬૩ કા૦ શુ૦ ૯)

**બાદશાહ આલમે** (તા. ૨૯–૪–૧૭૬૬ ) વિ૦ સં૦ ૧૮૨૨માં શેઠ **ખુશાલચંદને જગતશેઠની** પદવી અને શેઠ **ઉદેચંદને** મહારાજાની પદવી આપી, મહોર આપી, શિરપાવ આપ્યો અને **ફરમાન** લખી આપ્યું. ( મો૦ બા૦ ફર૦ નં૦ ૩૨ )

**પ્રતિષ્ઠા :–**

આ સમયે ( જુલસી સન ૧૦; હીં૦ સં૦ ૧૧૮૨; સને ૧૭૬૮) વિ૦ સં૦ ૧૮૨૫ના મહા શુદિ ૫ ના રોજ જગતશેઠ **ખુશાલચંદ** વગેરેએ " સમેતશિખર મહાતીર્થ ઉપર તથા તળેટીમાં મધુવનમાં નાનાં મોટાં જિનમંદિરો બનાવી " તેની ભ૦ **વિજયધર્મસૂરિના** હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. ( મો૦ બા૦ ફ૦ નં૦ ૩૩ તથા સમેતશિખરરાસ )

શાહ આલમ નામ માત્રનો બાદશાહ હતો. પરંતુ વાસ્તવમાં રાજસત્તા સંધિયાના હાથમાં હતી.

બા૦ **આલમે** ઇસ્ટ ઇંડિયા કંપની પાસેથી ૨૬ લાખ રૂપિયાનું **વર્ષાસન** લઈ અલ્હાબાદમાં જઈ વાસ કર્યો.

આ સમયે સને ૧૭૬૬માં સૈફ ઉદ્દૌલ્લા અને તે પછી **મુબારક ઉદ્દૌલ્લા** બંગાળના **નવાબો** બન્યા હતા. ઇસ્ટ ઇંડિયા કંપનીએ **જગતશેઠ** અને નાજિમ મુબારક ઉદ્દૌલ્લાને **વર્ષાસન** બાંધી આપ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઢંઢેરો :–**

બા૦ આલમગાઝીના અમીર મુબારકઉદ્દૌલાની હાજરીમાં જનરલ **ગોડાર્ડને** (જુલસી સન ૨૨, હી૦ સ૦ ૧૧૯૪) સં૦ ૧૮૩૬ના મહા શુદિ ૧૩, તા. ૧૭–૧૨–૧૭૮૦ના રોજ અમદાવાદમાં **શાંતિનો ઢંઢેરો** પિટાવ્યો હતો. (પ્રક૦ ૬૬)

(મો૦ બા૦ ફ૦ નં૦ ૩૪)

૨૨. **અકબરશાહ :–** (રાજ્યકાળ–તા. ૧૯–૧૧–૧૮૦૬ થી ૨૯–૯–૧૮૩૭; વિ૦ સં૦ ૧૮૬૩ના કા૦ શુ૦ ૯ થી ૧૮૯૪ આ૦ વ૦ ૦)))

૨૩. બા૦ **બહાદુરશાહ (બીજો) :–** (રાજ્યકાળ–તા. ૩૦–૯–૧૮૩૭ થી સને ૧૮૫૭; વિ૦ સં૦ ૧૮૯૪ આ૦ શુ૦ ૧ થી સં૦ ૧૯૧૪)

ઈસ્ટ ઇંડિયા **કંપનીએ** સને ૧૮૫૭માં તેનું **વર્ષાસન** બંધ કર્યું અને તેને પકડી કેદ કરી રંગુન મોકલી દીધો.

**— દિલ્હીના મોગલ બાદશાહોનાં કેટલાંક ફરમાનો —**

દિલ્હીના મોગલ બાદશાહોએ જૈનાચાર્યો, જૈન સેવડા–સાધુ અને જૈન ગૃહસ્થોને જૂદી જૂદી જાતનાં ફરમાનો આપ્યાં હતાં. બાદશાહ બાબરે ભટ્ટારક હેમવિમલસૂરિની પરંપરાના મહો૦ સહજકુશલગણિને અહિંસાનું ફરમાન આપ્યું હતું તેમજ જજિયાવેરો માફ કર્યો હતો. (–પ્રક૦ ૪૪, મોગલવંશ રાજકાળ પૃ૦ ૫૨ તથા પ્રક૦ ૫૫)

આ ફરમાન કે તેની વિગત મળતી નથી. બાદશાહ અકબર વગેરેનાં ફરમાનો અવશ્ય મળે છે.

બા૦ અકબરનાં ફરમાનોમાં (૧) જુલસી સન, (૨) ઈલાહી સન, (૩) હીજરી સનનાં વર્ષો વગેરેની નોંધ સ્પષ્ટ રીતે મળે છે.

**ઈલાહી સન**–ઈલાહી નામે જૂનો સન ચાલતો હતો. બા૦ અકબરે ગાદીએ બેઠા પછી ૨૯મા વર્ષે એટલે હીજરી સન ૯૯૨ વર્ષે વિ૦ સં૦ ૧૬૪૧ અને ઈ૦ સ૦ ૧૫૮૪ થી પોતાના નવા મતને **દિન ઈલ્રિ**

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ઈલાહીનું નામ આપી હીજરી સનને બદલે **સૌર ઈલાહી સનનો** પ્રચાર કર્યો હતો.

ઈરાની સનમાં મહિનાઓનાં નામ આ પ્રમાણે મળે છેઃ-

(૧) **ફરવર્દીન,** (૨) અર્દીબેહસ્ત, (૩) ખોરદાદ, (૪) તીર, (૫) અમરદાદ, (૬) **શેહેરેવર,** (૭) **મેહેર** ( મિહીર ). (૮) આવાં (૯) આદર, (૧૦) દએ ( દહે ), (૧૧) બેહમન, (૧૨) અસ્ફંદાર્મદ.

બા૦ અકબરે પોતાના ઈલાહી સનમાં આ ઈરાની મહિનાઓનાં નામ રાખ્યાં હતાં અને ઈલાહી સનના ફરવરદીન મહિનાની તા. ૧ થી તેનો પ્રારંભ કરાવતો હતો. અને તે જ દિવસે પોતાના રાજ્યાભિષેકનો ઉત્સવ મનાવતો હતો. આથી આ નવા સનનાં (૧) ઈલાહી સન, અને (૨) જુલુસ સન એમ બે નામો મળે છે.

**હીજરી સનઃ**- આ સન મહમ્મદ પેગંબરથી શરૂ થયેલો છે. તેનો પ્રારંભ હિંદી મહિનાઓની સુદિ ૧ અથવા સુદિ ૨ થી થાય છે. હિંદી મહિનાઓમાં વૃદ્ધિ થાય ત્યારે આ મહિનાઓમાં વૃદ્ધિ થતી નથી. આથી ત્રણ-ચાર વર્ષે હિંદી મહિનાઓથી આ મહિનાઓ જૂદા પડી જાય છે. હીજરી મહિનાઓના નામ આ પ્રકારે મળે છેઃ-

(૧) **મોહોરમ,** (૨) સફર, (૩) રવિઉલ અવ્વલ, (૪) રવિઉલ આખર, (૫) જમાદિઉલ અવ્વલ ( જમાદિલ અવ્વલ ), (૬) જમાદિઉલ આખર ( જમાદિલ આખર ), (૭) રજબ, (૮) શાઅબાન, (૯) **રમજાન,** (૧૦) શવ્વાલ, (૧૧) જિલ્કાદ, (૧૨) જિલ્હજ.

બા૦ જહાંગીર પણ પોતાના રાજ્યાભિષેકનો ઉત્સવ ઈલાહી સનના ૫૧મા વર્ષને પોતાનો જુલસી સન એક (૧) માની અને ફરવરદિન મહિનાની તા. ૧ થી મનાવતો હતો.

બા૦ શાહજહાંએ પોતાના રાજ્યાભિષેકનો ઉત્સવ ઈલાહી સનનાં ફરવરદિન મહિનાની તા. ૧ ના રોજ ન મનાવતાં હીજરી સનના મહોરમ મહિનાની તા. ૧ થી મનાવવો શરૂ કર્યો.

ઈલાહી સન, જુલુસ સન અને હીજરી સન આ ત્રણેને એક સાથે ગોઠવવાની ગરબડમાં અથવા ઉર્દૂ લિપિમાં એક બારીક રેખા પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવો શબ્દ બનાવતી હોવાના કારણે અગર આવા કોઈ બીજા ગમે તે કારણે ફરમાનોની **સાલવારીમાં ફરક મળે છે.** જૂઓ ફરમાન નં૦ ૨, ૬, ૧૧.

આજ કારણે ફરમાન નં૦ ૪ માં મહિનાનો ફરક પડ્યો હોય એવો સંભવ છે. ગણિતશાસ્ત્રીઓ આને ઠીક કરવા પ્રયત્ન કરે એ ઇચ્છવાયોગ્ય છે.

રા૦ બ૦ પં૦ **ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ** દિલ્હીના બાદશાહોનો હીજરી સન તથા મારવાડ અને મેવાડના રાજાઓ અને સરદારો વગેરે હિંદુઓના વિક્રમ સંવતનો મેળ મેળવવા માટે ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૬૦૪ થી વિ૦ સં૦ ૧૯૧૪ સુધીના **ચંડાંશુચંડુ** પંચાંગના કોઠાઓના આધારે ફરવરદિન તા. ૧ નો ઈલાહી સન, હીજરી સન, વિક્રમ સંવત અને ઈસ્વીસનના મહિનાઓ તથા તિથિ વાર તારીખો સ્પષ્ટ કરી 'મોગલ બાદશાહો કે જુલસી સન' નામે લેખ પ્રકાશિત કર્યો હતો.

અમે ઉક્ત લેખ તથા બીજા મળતા સાધનોના આધારે અહીં મોગલ બાદશાહોનાં ફરમાનોની સાલવારી વગેરે સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે. તે ફરમાનો (વટહુકમો) આ પ્રકારે છે.

૮. **બા૦ અકબર:**– ( પરિચય માટે જૂઓ પ્ર૦ ૪૪–પૃ૦ ૬૦ )

**રાજ્યકાળ:**– હી૦ સન ૯૬૩ રવિ ઉસ્સાની મહિનાની તા. ૨ શુક્રવારથી ૧૦૧૪–૧૫ જમાદિઉસ્સાની મહિનાની તા. ૧૧ મી સુધી. વિ૦ સં૦ ૧૬૧૨ ના ફા૦ સુ૦ ૪ ( વિ૦ સં૦ ૧૬૧૩ ફા૦ વ. ૨ ) થી વિ૦ સં૦ ૧૬૬૨ ના ફા૦ સુ. ૧૪ ને મંગળવાર તા. ૧૪–૨–૧૫૫૬ થી તા. ૧૫–૧૦–૧૬૦૫ )

## બા૦ અકબરનાં ફરમાનો નં૦ ૧ થી ૮

### અહિંસાનું ફરમાન પહેલું:–

અકબર બાદશાહ લખે છે કે મારી ભાવના છે કે–મારી પ્રજા પ્રસન્ન રહે, આકર્ષિત રહે, એવું શુભ આચરણ આપણે કરવું જોઈએ. ગમે તે મતનો મહાપુરુષ હોય, તે જો પવિત્ર રહે, આત્મધ્યાનમાં મસ્ત રહે, પ્રભુનાં ધ્યાનમાં મગ્ન રહે તો હું તેના બાહ્ય વ્યવહારને ન જોતાં તેના માનસિક અભિપ્રાયને જોવા તેની **સોબત** કરી **વિચાર વિનિમય** કરું છું. મને આવા મહાપુરુષો પ્રત્યે પ્રેમ થાય છે. હું આવા કાર્યને પસંદ કરું છું. આ માટે મેં ગૂજરાતથી આ૦ **હીરવિજયસૂરિને**

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં બોલાવ્યા હતા. તે સપરિવાર અહીં આવ્યા છે. તેમનામાં **ઉગ્ર તપ**, અસાધારણ **પવિત્રતા** વગેરે છે, જે સર્વથા આદરપાત્ર છે; સન્માન યોગ્ય છે. તેઓ હવે ગૂજરાત પધારે છે. તેમની ઇચ્છા છે કે, બાદશાહ અનાથોનો રક્ષક છે. તો શ્રાવણ વદિ ૧૩ થી ભાદરવા સુદિ ૬ સુધી એમ **પર્યુષણાના** પવિત્ર ૧૨ દિવસોમાં કોઈ પણ સ્થાને કોઈ પણ પશુ, પ્રાણી મરાય નહીં એવું કરવું જોઈએ. આમ કરવાથી દુનિયામાં પ્રશંસા વધે, ઘણાં જીવો વધથી બચી જાય. આમ કરવાથી પ્રભુ પણ બાદશાહ ઉપર પ્રસન્ન રહેશે. તેઓની આ ઇચ્છા છે. આ ઇચ્છા અમારા ધર્મથી પ્રતિકૂળ નથી. પવિત્ર મુસલમાન ધર્મને અનુકૂળ છે. તેમની આ માગણીને સ્વીકારી અમે હુકમ જાહેર કર્યો કે, 'કોઇએ પર્યુષણાના ૧૨ દિવસોમાં જીવ હિંસા કરવી નહીં. આ હુકમ હંમેશને માટે છે. તેનું બરાબર પાલન કરવું.' હીજરી સન ૯૯૨, જમાદુલસાની મિતિ ૭.

**નોંધ:**–આ ફરમાનની નકલ ૬ સ્થાન માટે બનાવી છે. (૧) ગૂજરાતનો સૂબો, (૨) માળવાનો સૂબો, (૩) અજમેરનો સૂબો, (૪) દિલ્હી–ફત્તેહપુરનો પ્રદેશ, (૫) લાહોર–મુલતાનનો પ્રદેશ અને (૬) સૂરિજીની પાસે રાખવા માટે.

ઉજ્જૈનમાં માળવાના સૂબા પર મોકલાવેલ અસલી ફરમાન સુરક્ષિત છે, જેની લંબાઈ ૨ ફૂટ અને પહોળાઈ ૧૦ ઇંચની છે. મોટા મજબૂત કપડા ઉપર સોનેરી શાહીથી લખેલું છે. તે કોઈ કોઈ જગાએ ફાટી ગયું છે.

મેજર જનરલ સર **જોન માલકમે** પોતાના 'મેમાયર ઑફ સેંટ્રલ ઇંડિયા' પુસ્તક ભા૦ ૨, પૃ. ૧૩૫–૩૬ માં તેનો અંગ્રેજી અનુવાદ પ્રકાશિત કર્યો છે.

શાસનદીપક પૂ. મુનિ મ૦ **શ્રીવિદ્યાવિજયજી** મહારાજે **સૂરીશ્વર અને સમ્રાટ્**માં તથા શ્રીજિનવિજયજીએ **કૃપારસકોશ**ની પ્રસ્તાવનામાં, શ્રીઅગરચંદજી નાહટાએ **યુગપ્રધાન જિનચંદ્રસૂરિ**ના પરિશિષ્ટોમાં વિવિધ ફરમાનોના ફોટા, ફારસી પાઠો તથા અંગ્રેજી, હિંદી અને ગુજરાતી અનુવાદો પ્રકાશિત કરાવ્યા છે. (–પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮૪)

બા૦ અકબરે જુલસી સન ૨૯, ઇલાહી સન ૨૯, હીજરી સન ૯૯૨, જમાદિ ઉસ્સાની છઠ્ઠા મહિનાની તા. ૭ મીએ ઈ૦ સ૦ ૧૫૮૩, ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૬૪૦ (૧૬૪૧) પ્રથમ અષાડ શુદિ ૧૧ ના રોજ ફત્તેપુરસિકરીથી આ૦ હીરવિજયસૂરિને આ ફરમાન આપ્યું હતું.

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ફરમાન બીજું
## જૈનોને સંપ રાખવા માટેનો પ્રાર્થનાપત્ર

બા૦ અકબરે નહીં પણ મોલવી **અબુલફજલે** ઈલાહી સન ૪૦ની તા. ૨૨ મીએ વાકે અનવીસ સરફુદ્દીન હુસેન પાસે પત્ર લખાવ્યો હતો કે, "ખરતરગચ્છવાળાની વિનતિથી આ પત્ર લખવામાં આવે છે કે, તપગચ્છ અને ખરતરગચ્છવાળાએ અંદરો અંદર ઝઘડા કરવા નહીં. બંનેએ પ્રવચનપરીક્ષા જેવા ગ્રંથો બનાવવા નહીં. બંને સંપ્રદાયોને પ્રેમ અને મેળ બનાવી રાખવા પ્રાર્થના છે."

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિશિષ્ટ ચ, પૃ૦ ૩૦૫)

**નોંધ**–ખરતરગચ્છના ભટ્ટારક જિનચંદ્રસૂરિએ સં૦ ૧૬૪૧ માં જાલોરમાં અને સં૦ ૧૬૪૨માં પાટણમાં ચોમાસુ કર્યું હતું. આ પાટણના ચોમાસામાં તપગચ્છના આ૦ વિજયસેનસૂરિ અને ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિ વચ્ચે મહો૦ ધર્મસાગર ગણિવરે સં૦ ૧૬૨૯ માં રચેલા **પ્રવચનપરીક્ષા** ગ્રંથ અંગે પાટણની રાજસભામાં ૧૮ દિવસો સુધી શાસ્ત્રાર્થ થયો હતો.

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિ૦ ક, પૃ૦ ૨૬૪, ૬૫)

સંભવ છે કે, આ પ્રસંગને ઉદ્દેશીને પ્રસ્તુત પત્ર લખાયો હોય. આ પત્ર બનાવટી હોવાની યે સંભાવના છે. આમ છતાં આ પત્ર કદાચ સાચો હોય તો આ પત્રની સાલવારીમાં ૧૦ વર્ષનો ફરક હોય. એટલે ઈલાહી સન ૩૦ની તા૦ ૨૨ મી, જુલસી સન ૩૦ ફરવરદીનની તા૦ ૨૨મી, વિ૦ સં૦ ૧૬૪૧–૪૨ માં આ પત્ર લખાયો હોય.

## ફરમાન ત્રીજું
## જૈન ધર્મસ્થાનોની રક્ષાનું ફરમાન
### અલ્લાહુ અકબર

જલાલુદ્દીન મહમ્મદ અકબર બાદશાહ ગાજીનું ફરમાન

અલ્લાહુ અકબરના સિક્કા સાથે શ્રેષ્ઠ ફરમાનની નકલ અસલ મુજબ છે:–

મહાન રાજ્યને ટેકો આપનાર, મહાન રાજ્યના વફાદાર, સારા સ્વભાવ અને ઉત્તમ ગુણવાળા, અજિત રાજ્યને મજબૂત કરનાર, શ્રેષ્ઠ રાજ્યના ભરોંસાદાર, શાહી મહેરબાનીને ભોગવનાર, રાજાની નજરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પસંદ કરેલ ઊંચા દરજ્જાના ખાનોના નમૂના સમાન **મુબારિજ્જુદ્દીન** ( ધર્મવીર ) **આઝમખાને** બાદશાહી મહેરબાનીઓ અને બક્ષીસોના વધારાથી શ્રેષ્ઠતાનું માન મેળવી જાણવું, જે જૂદી જૂદી રીતભાતવાળા, ભિન્ન ધર્મવાળા વિશેષ મતવાળા અને પંથવાળા, સભ્ય કે અસભ્ય, નાના કે મોટા, રાજા કે રંક અથવા દાના કે નાદાન, દુનિયાના દરેક દરજ્જા કે જાતના લોકો કે જેમાંની દરેક વ્યક્તિ પરમેશ્વરના નૂરને જાહેર થવાની જગા છે અને દુનિયાને પેદા કરનારે નિર્માણ કરેલ ભાગ્યને જાહેર થવાની અસલ જગા છે. તેમજ સૃષ્ટિસંચાલક (ઈશ્વર)ની અજાયબીભરેલી અનામત છે. તેઓ પોતપોતાના શ્રેષ્ઠ માર્ગમાં દૃઢ રહીને તથા તન અને મનનું સુખ ભોગવીને પ્રાર્થના અને નિત્ય ક્રિયાઓમાં તેમજ પોતાના દરેક હેતુઓ પ્રાપ્ત કરવામાં લાગેલા રહી, શ્રેષ્ઠ બક્ષીસ કરનાર ( ઈશ્વર ) તરફથી અમને લાંબી ઉંમર મળે અને સારાં કામ કરવાની પ્રેરણા થાય એવી દુવા કરે. કારણકે માણસ જાતમાંથી એકને રાજાને દરજ્જે ઊંચે ચઢાવવામાં અને સરદારીનો પહેરવેશ પહેરાવવામાં પૂરેપૂરું ડહાપણ એ છે કે, તે સામાન્ય મહેરબાની અને અત્યંત દયા કે જે પરમેશ્વરની સંપૂર્ણ દયાનો પ્રકાશ છે, તેને પોતાની નજર આગળ રાખી જો તે બધાઓની સાથે **મિત્રતા** મેળવી ન શકે તો ઓછામાં ઓછું બધાઓની સાથે સલાહસંપનો પાયો નાખી પૂજવાલાયક જાતના ( પરમેશ્વરના ) બંદાઓ સાથે મહેરબાની, માયા અને દયાને રસ્તે ચાલે અને ઈશ્વરે પેદા કરેલી બધી વસ્તુઓ ( બધાં પ્રાણીઓ ) કે જે ઊંચા પાયાવાળા પરમેશ્વરની સૃષ્ટિનાં ફળ છે, તેમને મદદ કરવાની નજર રાખી, તેમના હેતુઓ પાર પાડવામાં અને તેમના રીતરિવાજો અમલમાં લાવવાને મદદ કરે, કે જેથી બળવાન નિર્બળ ઉપર જુલમ નહી ગુજારતાં દરેક મનુષ્ય મનથી **ખુશી** અને **સુખી** થાય.

આ ઉપરથી યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ **હીરવિજયસૂરિ સેવડા** અને તેમના ધર્મને પાલનારા કે જેમણે અમારી હજુરમાં હાજર થવાનું માન મેળવ્યું છે અને જેઓ અમારા દરબારના ખરા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિતેચ્છુઓ છે તેમના **યોગાભ્યાસનું** ખરાપણું વધારો અને પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી હુકમ થયો કે, તે શહેરના ( તે તરફના ) રહેવાસીઓમાંથી કોઈએ એમને હરકત ( અડચણ ) કરવી નહીં અને તેમનાં **દેવમંદિરો** તથા **ઉપાશ્રયોમાં** ઉતારો કરવો નહીં તેમ તેમને તુચ્છકારવા પણ નહીં. વળી, જો તેમાંનું ( મંદિરો કે ઉપાશ્રયોમાંનું ) કંઈ પડી ગયું કે ઉજ્જડ થઈ ગયું હોય અને તેને માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારવા કે તેનો પાયા નાખવા ઇચ્છે તો તેને કોઈ ઉપલક જ્ઞાનવાળા (અજ્ઞાની)એ કે ધર્માન્ધે અટકાવ પણ કરવો નહીં. અને જેવી રીતે ખુદાને નહીં ઓળખનારા, વરસાદનો અટકાવ અને એવાં બીજાં કામો કે જે ઈશ્વરના અધિકારનાં છે તેનો આરોપ, મૂર્ખાઈ અને બેવકૂફીને લીધે જાદુનાં કામ જાણી તે બિચારા ખુદાને ઓળખનારા ઉપર મૂકે છે, અને તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપે છે. એવાં કામો, તમારા રક્ષણ અને બંદોબસ્તમાં છે કે જે તમે સારા નસીબવાળા અને બહોશ છો. તેમના હાથે થવાં જોઈએ નહીં, વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે કે, **હાજી હબીબુલ્લાહ** કે જે અમારી સત્યની શોધ અને ખુદાની ઓળખાણ વિશે થોડું જાણે છે તેણે આ જમાતને ઈજા કરી છે. આથી અમારા પવિત્ર મનને કે જે દુનિયાનો બંદોબસ્ત કરનાર છે, તેને ઘણું ખોટું લાગ્યું છે. ( દુઃખનું કારણ થયું છે. ) માટે તમારે તમારી રિયાસતથી એવા ખબરદાર રહેવું જોઈએ કે, **કોઈ કોઈના ઉપર જુલમ કરી શકે નહીં.** તે તરફના વર્તમાન અને ભવિષ્યના હાકેમો, નવાબો અને રિયાસતનો પૂરેપૂરો અથવા કેટલેક અંશે કારભાર કરનાર મુત્સદ્દીઓનો નિયમ એવો છે કે, રાજાનો હુકમ કે જે પરમેશ્વરના ફરમાનનું રૂપાંતર છે તેને પોતાની સ્થિતિ સુધારવાનો વસીલો જાણી તેનાથી વિરુદ્ધ કરે નહીં અને તે પ્રમાણે કરવામાં દીન અને દુનિયાનું સુખ તથા પ્રત્યક્ષ સાચી આબરૂ જાણે.

આ ફરમાન વાંચી તેની નકલ રાખી લઈ આ ફરમાન તેમને ( પાછું ) આપવું જોઈએ કે જેથી હંમેશાંની તેમને માટે **સનદ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય તેમ તેઓ પોતાની ભક્તિની ક્રિયાઓ કરવામાં ચિંતાતુર થાય નહીં અને ઈશ્વરભક્તિમાં ઉત્સાહ રાખે. એ જ ફરજ જાણી એથી વિરુદ્ધનો દખલ થવા દેવો નહીં.

ઈલાહી સંવત્ ૩૫ ના અઝાર મહિનાની છઠ્ઠી તારીખને ખુરદાદ નામના દિવસે લખ્યું. મુતાબિક ૨૮ માહે મુહરમ સને ૯૯૯ હીજરી.

મુરીદો (અનુયાયીઓ)માંના નમ્રમાં નમ્ર **અબુલફજલના** લખાણથી અને ઈબ્રાહીમ હુસેનની નોંધથી

નકલ અસલ મુજબ છે.

(–'સૂરીશ્વર અને સમ્રાટ્, પૃ૦ ૩૭૫ થી ૩૭૮)

**નોંધ**:–આ૦ અકબરે જુલસી સન ૩૫–૩૬, ઈલાહી સન ૩૫–૩૬ના નવમા અઝાર મહિનાની તા. ૬ **ઈરાની** ખુરદાદ નામના દિવસે, (આ દિવસે પારસી પંચાંગોમાં ક૦ અશો૦ જરથોસ્તનો દીશો લખાય છે.) હીજરી સન ૯૯૯ પહેલા મહોરમ મહિનાની ૨૮ મી તારીખે, વિ૦ સં૦ ૧૬૪૭ના આસો વદિ ૦))ના રોજ, ઈ૦ સ૦ ૧૫૯૧ના નવેમ્બરમાં ગૂજરાતના સૂબા ઈ૦ સ૦ ૧૫૮૭થી ૧૫૯૨ સુધીના આઝમખાન (મિરઝા અજીજ કોકા)ને આ ફરમાન મોકલી આ૦ વિજયહીરસૂરિ સેવડાના ધર્મસ્થાનોની રક્ષા કરવા માટે ધ્યાન આપવા જણાવ્યું હતું.

સંભવ છે કે, તે સોરઠના સૂબા આઝમખાનના પુત્ર ખુરમે ધર્મઝનૂનથી શત્રુંજય તીર્થનો નાશ કરવાની તૈયારી કરી હતી ત્યારે બાદશાહે આ ફરમાન મોકલી તેને રોકયો હોય.

બનવાજોગ છે કે, જૂદા જૂદા સ્થળના જૈનોએ બાદશાહ સમભાવવાળો છે એમ માની આ સમય દરમિયાન શત્રુંજય તીર્થના મોટા જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરી લેવાની ભાવનાથી બાદશાહ પાસે પરવાનગી માગી હોય. પરંતુ બાદશાહે **ભાનુચંદ્ર ગણિ** વગેરેની ભાવના મુજબ તેની વ્યવસ્થા કરી હોય. તે પછી જ બાદશાહે આ૦ **હીરવિજયસૂરિને** જૈન તીર્થો **ભેટ** આપ્યાં, અને તે તે સ્થાનો માટે અહિંસાના હુકમો કાઢયા, તથા સોની **તેજપાલે** શત્રુંજયના મોટા જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો; અને આ૦ હીરવિજયસૂરિએ છ'રી પાળતો શત્રુંજયતીર્થનો સંઘ કઢાવી ત્યાં ઘણાં જિનાલયોની પ્રતિષ્ઠા કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ફરમાન ચોથું
## જૈનાચાર્યને જૈનતીર્થોનું દાન

અકબર બાદશાહ લખે છે કે, મારા તાબાના માલવા, શાહજહાંનાબાદ, લાહોર, મુલતાન, અમદાવાદ, અજમેર, મેરઠ, ગૂજરાત, બંગાળ વગેરે મુલકો તથા બીજા જે નવા તાબામાં આવે તે મુલકોના સૂબા કરોડપતિ અને જાગીરદારોને સૂચના કરવામાં આવે છે કે—

શ્વેતાંબર જૈનાચાર્ય હીરવિજયસૂરિ તથા તેમના શિષ્યો જે પવિત્ર મનવાળા સાધુપુરુષો છે તેમના દર્શનથી મને ઘણો આનંદ થયો છે. તેમની માગણી છે કે, અમારાં તીર્થ સિદ્ધાચલજી, ગિરનારજી, તારંગાજી, કેશરિયાનાથજી, આબૂજી, રાજગૃહીની પાંચ પહાડીઓ, સમેતશિખરજી વગેરે શ્વેતાંબર તીર્થસ્થાનો છે તેમાં તથા તેની આસપાસની ભૂમિકામાં કોઈ જીવની હિંસા થાય નહીં એવો હુકમ કરવો જોઈએ. અમને આ માગણી વ્યાજબી લાગે છે. તપાસ કરતાં નક્કી થયું છે કે, આ સ્થાનો શ્વેતાંબર જૈનોનાં છે. હું આ બધાં સ્થાનો શ્વે૦ આ૦ હીરવિજયસૂરિને અર્પણ કરું છું કે, તેઓ એ પવિત્ર સ્થાનોમાં શાંતિથી પ્રભુની ઉપાસના કરે. **આ સ્થાનો શ્વેતાંબર સમાજનાં છે,** તેમની માલિકીનાં છે. જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર તપે ત્યાં સુધી આ ફરમાન જૈન શ્વેતાંબરોને માટે અમર રહે. આ ફરમાનના અમલમાં કોઈએ દખલ કરવી નહીં. આ તીર્થોના પર્વતોની ઉપર, નીચે કે આસપાસ યાત્રાધામોમાં કોઈએ કોઈ જાતની જીવહિંસા કરવી નહીં. આ હુકમનો પાકો અમલ કરવો. કોઇએ ઊલટું વર્તવું નહીં. બીજી સનદ માગવી નહીં. જુલસી સન ૩૭ માહે ઉર્દી બેહેસ્ત મુતાબિક રવીઉલ અવલ, મિતિ ૭ મી.

**નોંધઃ—**આ ફરમાન અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં છે. તેની લંબાઈ ૨ ફૂટ, પહોળાઈ ૧ ફૂટ અને ૫ ઈંચ છે. ધોળા કપડા ઉપર સોનેરી શાહીથી લખેલું છે. ઉપર ડાબી તરફ બાદશાહી મહોર લાગેલી છે. રાજકોટની રાજકુમાર કોલેજના "મુનશી મહમ્મુદ અબ્દુલ્લાએ" તેનો અંગ્રેજી અનુવાદ કર્યો છે. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮૬)

બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિને જુલસી સન ૩૭, ઈલાહી સન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૭ના બીજા અરદીબેહસ્ત મહિનાની બીજી-ત્રીજી તારીખે, હીજરી સન ૧૦૦૦ ના ત્રીજા રવિઉલ અવલ મહિનાની તા. ૭ મીએ સિદ્ધાચલજી, ગિરનાર તારંગા, કેશરિયાજી, આબૂ, રાજગૃહીના પાંચ પહાડો, સમ્મેતશિખર વગેરે તીર્થો શ્વેતાંબર જૈન તીર્થો હોવાનું નક્કી કરી આ બધા તીર્થો આ૦ **હીરવિજયસૂરીશ્વરજી**ને આપ્યાં અને તે તે સ્થાનોમાં અહિંસાનો હુકમ આપ્યો.

પરંતુ આ ફરમાનના અનુવાદમાં આપેલ મહિનાના નામમાં ફરક લખાયો છે.

જુલસી સન ૩૭, ઇલાહી સન ૩૭ ના ફરવરદીન મહિનાની પહેલી તારીખે, હીજરી સન ૧૦૦૦ ના જમાદિઉલસાની મહિનાની તા. ૫, હિંદી સં૦ ૧૬૪૯, ગૂજ૦ સં૦ ૧૬૪૮ની ચૈત્ર સુદિ ૭ અને તા. ૧૦-૩-૧૫૯૨ હોય.

ફરમાનમાં લખેલ અરદીબેહસ્ત મહિનો ફરવરદિન મહિનાથી બીજો મહિનો છે, તો આ રીતે મેળવતાં સારે બીજા સંવતોના પણ બીજા બીજા મહિના આવે.

તો સંભવ છે કે, બાદશાહ અકબરે જુલસી ઇલાહી સન ૩૭ બીજા અરદીબેહસ્ત મહિનાની તા. ૩ જી, હીજરી સન ૧૦૦૦ રજબ મહિનાની તા. ૭મી, હિંદી વિ૦ સં૦ ૧૬૪૯ના વૈશાખ સુદિ ૧૦ અને તા. ૧૨-૪-૧૫૯૨ ને રોજ **આ૦ હીરવિજયસૂરિ**ને આ ફરમાન આપ્યું હોય.

આ૦ **હીરવિજયસૂરિ**ને આ તીર્થ મળ્યું તેથી ખંભાતના સોની **તેજપાલ** વગેરેએ શત્રુંજયતીર્થના મોટા જિનપ્રાસાદનો **'નંદિવર્ધન જિનપ્રાસાદ'** નામ આપી જીર્ણોદ્ધાર કરાવ્યો. બીજા જૈનોએ નવા નવા જિનાલયો બનાવ્યાં. **આ૦ હીરવિજયસૂરિએ** સં૦ ૧૬૪૯ પ્રથમ ચૈત્ર સુદિ ૧૫ ને રોજ પાટણના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા કરી અને **નંદિવર્ધન જિનપ્રાસાદ** વગેરેની પ્રતિષ્ઠા કરી. (ઇતિ૦ પ્રક૦ ૫૮ મું)

## ફરમાન પાંચમું
## અહિંસાનું ફરમાન

### अल्लाह अकबर

नकल– प्रतिभाशाली ( चमकदार ) फरमान

जिस पर मुहर 'अल्लाह अकबर' लगी हुई है ।

तारीख शहरयूर ४ माह **महर** आलही सन् ३७ ।

चूंकि उमदतूल मुल्क रुकनूस सल्तनत उल काहेरात उज्जूददौला निज़ामुदीन **सइदखाँ** जो बादशाहका कृपापात्र है, मालूम हो चूंकि मेरा

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(बादशाहका) पूर्ण हृदय तमाम जनता यथा सारे जानदारों (जीवधारियों) के शांतिके लिये लगा है कि समस्त संसारके निवासी शांति और सुखके पालनेमें रहें। इन दिनोंमें ईश्वरभक्त व ईश्वरके विषयमें मनन करनेवाले जिनचंद्रसूरि खरतर भट्टारकको मेरे मिलनेका सौभाग्य प्राप्त हुआ उसकी ईश्वरभक्ति प्रगट हुई। मैंने उसको बादशाही मिहरबानियोंसे परिपूर्ण कर दिया उसने प्रार्थना की कि इससे पहिले ईश्वरभक्त हीरविजयसूरि तपसीने (हजूरके) मिलनेका सौभाग्य प्राप्त किया था उसने प्रार्थना की थी कि हरसाल बारह दिन साम्राज्यमें जीववध न हो और किसी चिडीया या मच्छीके पास न जाय (न सतावें) उसकी प्रार्थना कृपाकी दृष्टिसे व जीव बचानेकी दृष्टिसे स्वीकार हुई थी, अब मैं आशा करता हूं कि मेरे लिये (एक) सप्ताहभरके लिये उसी तरहसे (बादशाहका) हुकम हो जाय। इसलिये हमने पूर्ण दयासे हुकम किया कि आषाढ मासके शुक्रपक्षमें **सात दिन** जीववध न हो और न सतानेवाले (गैर मूजी) पशुओंको कोइ न सतावे, उसकी तफसील यह है:— नवमी, दशमी, एकादशी, द्वादशी, त्रयोदशी, चतुर्दशी, और पूर्णमासी। वास्तवमें बात यह है कि, चूंकि आदमीके लिये ईश्वरने भिन्न भिन्न अच्छे पदार्थ दिये हैं, अतः उसे पशुओंको न सताना चाहिए और **अपने पेटको पशुओंकी कब्र न बनावे;** कुछ हेतुवश प्राचीन समयके कुछ बुद्धिमान लोगोंने इस प्रथाको चला दिया था। चाहिये कि जैसा उपर लिखा गया है उस पर अमल करें, इसमें कमी न हो और इसे (हुकमको) कार्यरूपमें परिणत करनेमें बहुत सहनशीलतासे काम लें। उपर लिखी तारीखको लिखा गया।

अबुलफज़ल व वाक्यानवीस इब्राहीमवेरा

नकल—(१)

| | |
|---|---|
| उडीसा और उडीसा की सब सरकारें | (ओरिसा प्रान्त) |
| जिहन्ताबाद | खिलजीयाबाद |
| मारोहा (मादोहा) | सरीफाबाद |

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

| | |
|---|---|
| तारीकाबाद | सासा गाँव |
| गोरीया | सार काम |
| कफदा | सलीमाबाद |
| कीचर | सलसल ( सिलसल ) |
| बलाद ( टाण्डा ) | फतेहाबाद |
| ताजपुर | मूराघाट |
| हसनगाँव | महमूदाबाद |
| | मदारक |

नकल—(२) अवधप्रान्त फरमान बयाजी व मोहर "अल्लाह अकबर" असकरार ४ शहरयूर माह महर आलही सन् ३७ आकि. जागीरदारान करोडियान ओ मुत्सदियान सूबे अवध बिदानद ।

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

| | |
|---|---|
| अवध | बहराइच |
| खैराबाद | गोरखपुर |
| लखनउ | |

नकल—(३) दिल्ही आगरा प्रान्त

कटा हुआ आधा उपरका भाग नहीं मिला ।

| | |
|---|---|
| देहली | सरहिंद |
| बदायुं | सम्बल |
| हिसार–फिरोजा | सहारनपुर |
| रिवाडी | |

**नोंध** : खरतराचार्य गच्छीय यति श्रीपूनमचंदजीके सौजन्यसे हालही में, हमें पांच शाही फरमानोंकी नकलें प्राप्त हुई, जिनमें तीन केवल आषाढी अष्टाह्निका के अमारिके फरमान है । ××× ये तीन फरमान क्रमशः सूबा उडीसा, अवध और देल्हीके हैं ।

(–શ્રીમાન્ અગરચંદજી નાહટા અને ભઁવરલાલ નાહટાએ લખેલા 'યુગપ્રધાન શ્રીજિનચંદ્રસૂરિ' પરિશિષ્ટ च, પૃ૦ ૩૦૬ થી ૩૦૮ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નોંધ:–** ખરતરગચ્છમાં આ૦ જિનસાગરથી સં૦ ૧૬૮૬માં 'આચાર્યીય ગચ્છ' નામે લઘુશાખા ચાલી હતી. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૯૦) આ શાખાના યતિવર શ્રીપૂનમચંદજીએ શ્રીઅગરચંદજી નાહટાને મૂળ શાહી ફરમાનો નહીં. પણ પાંચ શાહી ફરમાનોની નકલ આપી હતી હતી, જેમાં (૧, ૨, ૩) ઓરિસા પ્રાંત; અવધ પ્રાંત અને દિલ્હી પ્રાંતનાં ફરમાનો હતાં, જે ઉપર છપાયાં છે. (૪, ૫) પહેલા ફરમાન નંબર બીજામાં છપાયેલ પ્રાર્થનાપત્રની બે નકલો હતી.

બાદશાહ અકબરે ઇલાહી સન ૩૭ના મિહિર માસની તા. ૪થીએ શેહેરેવરને રોજ આ૦ જિનચંદ્રસૂરિને અહિંસાનું ફરમાન આપ્યું હતું, તેની આ જૂદા જૂદા પ્રાંતો માટેની ફરમાનોની નકલો છે.

ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિ હિંદી સં૦ ૧૬૪૮ના અષાડ માસમાં ખંભાતથી વિહાર કરી સિરોહીમાં પર્યુષણપર્વ અને જાલોરમાં ચોમાસુ પૂરું કરી સં૦ ૧૬૪૮ના ફાગણ સુદિ ૧૨ના રોજ ઇદના દિવસે લાહોર પધાર્યા, પછી સં૦ ૧૬૪૯માં લાહોરમાં, સં૦ ૧૬૫૦માં હાપુડમાં, સં૦ ૧૬૫૧માં લાહોરમાં ચોમાસુ કરી સં૦ ૧૬૫૨માં હાપુડમાં ચોમાસુ કરી જેસલમેર, મારવાડ તરફ પધાર્યા હતા. તેમણે સં૦ ૧૬૬૦માં પાટણમાં, સં૦ ૧૬૬૮માં પાટણમાં, સં૦ ૧૬૬૯માં સાધુવિહાર ખોલાવવા માટે આગરામાં અને સં૦ ૧૬૭૦માં બિલાડામાં ચોમાસાં કર્યાં હતાં. તેમણે સં૦ ૧૬૭૦ના આ૦ વ૦ ૨ બિલાડામાં સ્વર્ગગમન કર્યું.

જૈન સાઇટ JAINSITE

તેમના વિહારની અને ઉપરના ફરમાનની સાલવારી મેળવીએ તો સ્પષ્ટ થાય છે કે, તેમણે લાહોરમાં આવતાં તરત જ બાદશાહ પાસેથી ફરમાનો વગેરે વિવિધ લાભો લેવા પ્રયત્ન ચાલુ કર્યો હતો. જેમકે, ઇલાહી સન ૩૭ ફરવરદિનની તા. ૧ લીને રોજ હીજરી સન ૧૦૦૦ જમાદિઉસાની તા. ૫; હિંદી વિ૦ સં૦ ૧૬૪૯ના ચૈત્ર સુદિ ૭, તા. ૧૦–૩–૧૫૯૨ હોય; જ્યારે આ ફરમાન ઇલાહી સન ૩૭ની સાલમાં **મેહેર** મહિનાની તા. ૪ના રોજ અપાયું હતું, તો તે દિવસે હીજરી સન ૧૦૦૦નો ૧૨મા જિલ્હજ મહિનાની તા. ૧૦મી, હિંદી વિ૦ સં૦ ૧૬૪૯ના બીજા અષાડ સુદિ ૧૧ અને તા. ૧૪–૮–૧૫૯૨ આવે. તે દિવસે આ ફરમાન અપાયું હોય તે પૈકી પંજાબ પ્રાંતનું ફરમાન ગુમ થયું હતું, પણ ઉપરના ૩ ફરમાનોથી આ મૂળ ફરમાન ક્યારે અપાયું તેનો અનુમાનથી સ્પષ્ટ દિવસ જાણી શકાય છે.

સાથોસાથ એ પણ જાણી શકાય છે કે, બા૦ અકબરે મહો૦ ભાનુચંદ્ર ગણિવરની 'ધર્મસ્થાનો ધર્માચાર્યોના હાથમાં સોંપાય.' આવી સલાહથી આ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીરવિજયસૂરિને સર્વ જૈન તીર્થો ભેટ આપ્યાં હતાં. સંભવ છે કે, આ૦ જિનચંદ્રસૂરિના અનુયાયીઓએ બુદ્ધિપૂર્વક આ તીર્થ ભેટ આપ્યાની બાબતમાં પણ વિરોધ કર્યો હોય.

(–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિશિષ્ટ ગ પૃ૦ ૨૮૦ થી ૨૮૩ )

આ ફરમાનથી વિશેષ એ જાણવા મળે છે કે, ઓરિસા વગેરે પ્રાંતો કયા કયા પ્રદેશમાં હતા. તથા એ પણ ચોકક્સ થાય છે કે, બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિને પર્યુષણાના ૧૨ દિવસની અમારિનું ફરમાન આપ્યું હતું અને આ૦ જિનચંદ્રસૂરિએ તેમની પ્રશંસા કરી બીજા ફરમાનોની માગણી કરી હતી.

## ફરમાન છઠ્ઠું

## જૈન ધર્મસ્થાનોની રક્ષા અને અહિંસા વગેરેનું ફરમાન

## અલ્લાહુ અકબર

અબુ અલ મુજફ્ફર સુલતાન............નો હુકમ ઊંચા દરજ્જાના નિશાનની નકલ અસલ મુજબ છે.

આ વખતે ઊંચા દરજ્જાવાળા નિશાનને બાદશાહી મહેરબાનીથી નીકળવાનું મળ્યું (છે) કે હાલના અને ભવિષ્યના હાકેમો જાગીરદારો કરોડીઓ અને ગૂજરાત સૂબાના તથા સોરઠ સરકારના મુત્સદ્દીઓએ **સેવડા** (જૈન સાધુ) લોકો પાસે ગાય અને આખલાને તથા ભેંસ અને પાડાને કોઈ પણ વખતે મારવાની તથા તેનાં ચામડાં ઉતારવાની **મનાઈ** સંબંધી શ્રેષ્ઠ અને સુખના ચિહ્નવાળું **ફરમાન** છે અને તે શ્રેષ્ઠ ફરમાન પાછળ લખેલું છે કે, "દર મહિનામાં કેટલાક દિવસ એ ખાવાને ઇચ્છવું નહીં એ ફરજ અને વ્યાજબી જાણવું. તથા જે પ્રાણીઓએ ઘરમાં કે ઝાડ ઉપર માળા નાખ્યા હોય તેવાઓનો શિકાર કરવાથી કે કેદ કરવાથી (પાંજરામાં પૂરવાથી) દૂર રહેવામાં પૂરી કાળજી રાખવી." (વળી) એ માનવાલાયક ફરમાન લખ્યું છે કે, યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ **હીરવિજયસૂરિના** શિષ્ય **વિજયસેનસૂરિ સેવડા** અને તેના ધર્મને પાળનારા, જેમણે અમારા દરબારમાં હાજર થવાનું માન મેળવ્યું છે અને જેઓ અમારા દરબારના ખાસ હિતેચ્છુઓ છે તેમના યોગાભ્યાસનું ખરાપણું અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારે તથા પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી ( હુકમ થયો ) કે, એમના દેવલ કે ઉપાશ્રયમાં કોઈએ ઉતારો લેવો નહીં અને એમને **તુચ્છ કરવા** નહીં. તથા જો તે જીર્ણ થતાં હોય અને તેથી તેના માનનારા ચાહનારા કે ખેરાત કરનાઓમાંથી કોઈ તેને સુધારે કે તેનો પાયો નાખે, તો કોઈ ઉપલકિયા જ્ઞાનવાળાએ કે ધર્માન્ધે તેનો અટકાવ કરવો નહીં અને જેવી રીતે ખુદાને નહીં ઓળખનાર, વરસાદનો અટકાવ અને એવાં કામો કે જે પૂજવાલાયક જાતનાં (ઈશ્વરનાં) કામો છે તેનો આરોપ, મૂર્ખાઈ અને બેવકૂફીના લીધે જાદુનાં કામ જાણી તે બિચારા ખુદાને માનનારા ઉપર મૂકે છે અને તેમને અનેક જાતનાં દુઃખો આપે છે. તેમ તેઓ જે ધર્મક્રિયાઓ કરે છે તેમાં અટકાવ કરે છે, એવાં કામોનો આરોપ એ બિચારાઓ ઉપર નહી મૂકતાં, એમને પોતાની જગ્યા અને મુકામે સુખેથી ભક્તિનું કામ કરવા દેવું તેમ પોતાના ધર્મ મુજબ ક્રિયાઓ કરવા દેવી.

તેથી તે શ્રેષ્ઠ ફરમાન મુજબ અમલ કરી એવી તાકીદ કરવી જોઈએ કે એ ફરમાનનો અમલ સારામાં સારી રીતે થાય અને તેનો વિરુદ્ધ કોઈ હુકમ કરે નહીં. દરેકે પોતાની ફરજ જાણી ફરમાનથી દરગૂજર કરવી નહીં અને તેની વિરુદ્ધ કરવું નહીં.


તા. ૧ લી શહરયૂર મહિનો, ઈલાહી સન ૪૬, મુવાફિક તા. ૨૫ મહિનો સફર, ૧૦૧૦ હીજરી.

## ચેટા ભાગનું વર્ણન

ફરવરદીન મહિનો, જે દિવસોમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય તે દિવસો, ઈદ મેહરનો દિવસ, દરેક રવિવારો, તે દિવસ કે જે બે સૂફિયાના દિવસોની વચમાં આવે છે. રજબ મહિનાના સોમવારો, આબાન મહિનો કે જે બાદશાહના જન્મનો મહિનો છે. દરેક શમશી મહિનાનો પહેલો દિવસ, જેનું નામ ઓરમઝ છે અને બાર પવિત્ર દિવસો કે જે શ્રાવણ મહિનાના છેલ્લા ૭ અને ભાદરવાના પ્રથમ ૭ દિવસો મળીને કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નશાને . આલીશાનની નકલ અસલ મુજબ છે.




આ સિક્કામાં માત્ર **કાજી ખાન મહમ્મુદનું** નામ વંચાય છે સિવાયના અક્ષરો વાંચતા નથી.




जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આ સિક્કામાં અકબરશાહ મુરીદ જાદા **દારાબ** આ પ્રમાણે લખેલ છે. (–સૂરીશ્વર અને સમ્રાટ્ પૃ૦ ૩૭૯ થી ૩૮૧ )

**નોંધ:**–બાદશાહ અકબરે ઇલાહી સન ૪૬ શહરેવર મહિનાની તા. ૧લી, હીજરી સન ૧૦૧૦ સફર મહિનાની તા. ૨૫મીના રોજ આ૦ હીરવિજયસૂરિશિષ્ય આ૦ **વિજયસેનસૂરિને** આ ફરમાન આપ્યું હતું.

**આ૦ વિજયસેનસૂરિએ** ગુરુ આજ્ઞાથી ગૂજ૦ સં૦ ૧૬૪૯ના મા૦ સુ૦ ૩ના રોજ રાધનપુરથી વિહાર કર્યો. સં૦ ૧૬૪૯ના જેઠ સુદિ ૧૧ના રોજ લાહોરમાં પ્રવેશ કર્યો. સં૦ ૧૬૪૯–૫૦–૫૧નાં ચોમાસાં લાહોરમાં કર્યાં. સં૦ ૧૬૫૨માં લાહોરથી વિહાર કરી **માહિમ** થઈ સં૦ ૧૬૫૨માં ગૂજરાત પધાર્યા. ( પ્રક૦ ૫૯ )

જ્યારે આ ફરમાનનાં વર્ષો ઇલાહી સનના હિસાબે શ્રીઓઝાજીના કોઠાના આધારે વિ૦ સં૦ ૧૬૫૮, ઈ૦ સ૦ ૧૦૬૧ આવશે; પણ તે આચાર્યના સમયમાં ઉપર મુજબ દશ વર્ષનો ફરક પડે છે; તો સંભવ છે કે, બા૦ અકબરે આ ફરમાન જુલસી સન ૩૬, ઇલાહી સન ૩૬ શહેરેવર મહિનામાં એટલે વિ૦ સં૦ ૧૬૫૮, ઈ૦ સ૦ ૧૬૦૨માં નહીં પણ ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૬૪૮ના શ્રા૦ વ૦ ૧૩, ઈ૦ સ૦ ૧૫૯૯ના ઑગસ્ટ મહિનામાં આપ્યું હશે.

આ ફરમાનમાં મુરીદ જાદા દારાબનું નામ છે. તેનું પૂરું નામ મિરજા દારાબખાન છે. જે અબુર્રહિમખાન ખાનાનો પુત્ર હતો.

( –આઈને–ઈ–અકબરી ભા૦ ૧, અંગ્રેજી અનુવાદ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ફરમાન સાતમું
# અહિંસાનું ફરમાન

जोधपुरनिवासी मुनशी देवीप्रसादजीने इस फारसी फरमानका हिंदीमें इस तरह अनुवाद किया है—

## फरमान अकबर बादशाह गाज़ीका

सूबे मुलतानके बडे बडे हाकिम, जागीरदार, करोडी और सब मुत्सद्दी (कर्मचारी) जान लें कि, हमारी यही मानसिक इच्छा है कि सारे मनुष्य और जीवजंतुओंको सुख मिले, जिससे सब लोग अमन चैनमें रह कर परमात्माकी आराधनामें लगे रहें। इससे पहिले शुभ चिंतक तपस्वी जयचंद (जिनचंद्र)सूरि खरतर(गच्छ) हमारी सेवामें रहता था। जब उसकी भगवद्भक्ति प्रगट हुई तब हमने उसको अपनी बादशाहीकी महरबानियोंमें मिला दिया। उसने प्रार्थना की कि, "**इससे पहिले हीरविजयसूरिने** सेवामें उपस्थित होनेका गौरव प्राप्त किया था, और हरसाल बारह दिन मांगे थे; जिनमें बादशाही मुल्कोंमें कोइ जीव मारा न जावे, और कोइ आदमी, किसी पक्षी, मछली और उन जैसे जीवोंको कष्ट न दें। उसको प्रार्थना स्वीकार हो गई थी। अब मैं भी आशा करता हूं कि एक सप्ताहका और वैसा ही हुक्म इस शुभ चिंतक के वास्ते हो जाय"। इसलिये हमने अपनी आमदयासे हुक्म फरमा दिया कि आषाढ शुक्र पक्षको नवमीसे पूर्णमासी तक सालमें कोई जीव मारा न जाय और न कोई आदमी किसी जानवरको सतावे। असल बात तो यह है कि जब परमेश्वरने आदमीके वास्ते भांति भांतिके पदार्थ उपजाये हैं, तब वह कभी किसी जानवरको दुःख न दे और अपने पेटको पशुओंका **मरघट** न बनावे। परंतु कुछ हेतुओंसे अगले बुद्धिमानोंने वैसी तजवीज की है। इन दिनों आचार्य 'जिनसिंह' उर्फ **'मानसिंह'**ने अर्ज कराइ कि पहिले जो उपर लिखे अनुसार हुक्म हुआ था वह खो गया है, इसलिये हमने उस फरमानके अनुसार

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नया फरमान इनायत किया है। चाहिए कि जैसे लिख दिया गया है, वैसा ही इस आज्ञाका पालन किया जाय। इस विषयमें बहुत बडी कोशिश और ताकीद समझ कर इसके नियमोंमें उलटफेर न होने दें।

ता० ३१ खुरदाद इलाही। सन ४९॥

हज़रत बादशाहके पास रहनेवाले दौलतखांको हुक्म पहुंचानेसे उमदा अमीर और सहकारी राय मनोहरकी चौकी और ख्वाजा लालचंद के वाकिया (समाचार) लिखनेकी बारीमें लिखा गया।

(—યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પરિશિષ્ટ ગ, પૃ૦ ૨૭૮ થી ૨૭૯)

**નોંધઃ–** બાદશાહ અકબરે આ૦ જિનચંદ્રસૂરિને ઈલાહી સન ૪૯ના ત્રીજા મહિના ખુરદાદની તા. ૩૧મીએ આ અહિંસાનું **ફરમાન** આપ્યું હતું.

આ૦ અકબરે પહેલાં ઈલાહી સન ૩૭ અને વિ૦ સં૦ ૧૬૪૮માં ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિને એક અહિંસાનું ફરમાન આપીને તેની પોતાના પ્રાંતો માટે જૂદી જૂદી નકલો કરાવી આપી હતી. (જૂઓ ફરમાન નં૦ ૫) તેમાનું મુલતાન પ્રદેશનું ફરમાન ગૂમ થયું. આચાર્યશ્રીની વતી આ૦ જિનસિંહસૂરિએ તેના ગુમ થવાની ખબર પડી ત્યારે, બાદશાહ અકબર પાસે મુલતાન પ્રદેશ માટે તે જ જાતના બીજા ફરમાનની માગણી કરી હતી. આથી બાદશાહ અકબરે તેમને મુલતાન વગેરે પ્રદેશ માટે પહેલા ફરમાનની જેમ બીજું ફરમાન લખી આપ્યું.

આ૦ જિનચંદ્રસૂરિ ઈલાહી સન ૩૭, ૩૮, ૩૯માં, ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૬૪૯, ૧૬૫૦, ૧૬૫૧, ૧૬૫૨માં આ પ્રદેશમાં વિચર્યા હતા. તો સંભવ છે કે, તેમણે આ ફરમાન ફરીવાર બીજે ત્રીજે વર્ષે અથવા ૧૦ વર્ષ પછી મેળવ્યું હોય.

બીજે વર્ષે મેળવ્યું હોય તો જુલુસી સન ૩૯, ઈલાહી સન ૩૯ ત્રીજા મહિના ખુરદાદની તા. ૩૧મી, હીજરી સન ૧૦૦૨ શાબાન મહિનો, વિ૦ સં૦ ૧૬૪૯ (ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૬૫૦)નો વૈશાખ મહિનો અને ઈ૦ સ૦ ૧૫૯૫ના મે મહિનામાં મેળવ્યું હોય.

આ ફરમાનમાં અમુક બીજાં ફરમાનોની જેમ ૧૦ વર્ષનો ફરક લખાયો હોય અને કદાચ ૧૦ વર્ષ બાદ આ ફરમાન મેળવ્યું હોય તો આ ફરમાનની ઈલાહી સન ૪૯, હીજરી સન ૧૦૧૨, વિ૦ સં૦ ૧૬૬૦, ઈ૦ સ૦ ૧૬૦૪ એમ સાલવારી આવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ આચાર્યશ્રી વિ૦ સં૦ ૧૬૬૦ લગભગમાં ગૂજરાતમાં પાટણ વગેરે સ્થાનોમાં હતા. મંત્રી કર્મચંદ્રનું સં૦ ૧૬૫૬માં અમદાવાદમાં મરણ થયું હતું. એમ મનાય છે. તો સંભવ છે કે આ ફરમાન વિ૦ સં૦ ૧૬૪૯ના વૈશાખ મહિનામાં અપાયું હોય.

આ ફરમાનની મૂળ નકલ લખણૌના ખરતરગચ્છના જૈનભંડારમાં છે. આ ફરમાનનો ફોટો અસલી ફારસી લખાણ તથા જોધપુરના મુનશી દેવીપ્રસાદજીએ કરેલ હિંદી અનુવાદ કાશીની માસિક પત્રિકા **सरस्वती** સને ૧૯૧૨ના જૂનનો ભા. ૧૩નો અંક–છઠ્ઠો, પૃ૦ ૨૯૩; कृपारसकोश આવૃત્તિ બીજીની પ્રસ્તાવના પૃ૦ ૩૧ થી ૩૯; શ્રીઅગરચંદજી નાહટાનું યુગપ્રધાન जिनचंद्रसूरि પૃ૦ ૨૭૬ થી ૨૭૯માં પ્રકાશિત થયાં અને ગુજરાતી અનુવાદ જૈન પરંપરા ઇતિહાસ પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮૭–૮૮માં પ્રકાશિત થયો છે.

શ્રી. અગરચંદજી નાહટાએ ખરતરગચ્છના ઇતિહાસને પ્રકાશમાં લાવવા ભરસક પ્રયત્ન કર્યો છે. જ્યાં સુધી ખરતરગચ્છનો ઇતિહાસ રહેશે ત્યાં સુધી મંત્રી કર્મચંદ્ર અને અગરચંદજી નાહટાનું નામ અમર રહેશે.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

## ફ. નં. ૮
## ફરમાનોના સમર્થનમાં
## બે અંગ્રેજી પત્રો

અકબરના દરબારમાં જૈન સેવડા ( સાધુનું ) સ્થાન.

પોર્ટુગીઝ પાદરી પિનહરોના વિ૦ સં૦ ૧૬૫૨ના બે પત્રો મળે છે. તે આ પ્રમાણે–

(૧) તા. ૩–૯–૧૫૯૫નો પત્ર ૧ લો.

(૨) તા. ૬–૧૧–૧૫૯૫નો પત્ર ૨ જો.

આ પુસ્તકના પૃ૦ ૧૬૯માં પિનહરો ( Pinheiro ) નામના એક પોર્ટુગીઝ પાદરીએ લાહોરથી તા. ૩ સપ્ટેમ્બર સને ૧૫૯૫માં પોતાના દેશમાં લખેલ પત્રનું એક વાકય ડૉ. વિન્સેટ એ. સ્મિથના અંગ્રેજી "અકબર"માંથી ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. તે પત્રમાં તેણે જૈનો સંબંધી વિશેષ હકીકત લખી હતી તે આ છેઃ–

**પત્ર ૧ લો :–**

"This king ( Akbar ) worships God and the sun,

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

and is Hindu (Gentile): he follows the seot of Vertie, who are like monks living in communities (congregationi) and do much penance. They eat nothing that had had life (anima) and before they sit down, they sweep the place with a brush of cotton, in order that it may not happen (non siaffrouti) that under them any worm (or "insect", vermicells) may remain and be killed by their sitting on it. These people hold that the world existed from eternity, but others say No,– many worlds having passed away. In thiy way they say many silly things, which I omit so as not to weary your Reverence.

"રાજા અકબર પરમેશ્વર અને સૂર્યને પૂજે છે. અને તે હિંદુ છે. તે **વ્રતિ** સંપ્રદાયને અનુસરે છે. તે વ્રતિઓ મઠવાસી સાધુની પેઠે વસ્તિમાં રહે છે અને બહુ તપશ્ચર્યા કરે છે. તેઓ કંઈ પણ સજીવ વસ્તુ ખાતા નથી. અને જમીન ઉપર બેસવા પહેલાં જમીનને રૂની ઉનની પીંછી (ઓઘા)થી સાફ કરે છે, જેથી જમીન ઉપર રહેલા જીવ–જંતુનો નાશ થાય નહિ. આ લોકોનું એવું માનવું છે કે–**જગત અનાદિ છે.** પણ બીજાઓ કહે છે કે ઘણી દુનિયાઓ થઈ ગઈ છે. આવી મુર્ખાઇ ભરેલી (?) વાતોથી આપ પૂજ્યશ્રીને કંટાળો નહિ આપતાં આટલેથી જ વિરમું છું."

આવી જ રીતે એક **બીજો પત્ર** તેણે (પિનહરોએ) તા. ૬ નવેમ્બર ૧૫૯૫ના દિવસે પોતાના દેશમાં લખ્યો હતો, તેમાં જૈનો સંબંધી જે હકીકત લખી છે, તે આ છેઃ–

**પત્ર ૨ જો:–**

"The Jesuit narrates a conversation with a certain Bobansa (? Baban shah) a wealthy notable of Combay, favourable to the Fathers.

"He is a deadly enemy of certain men who are called Verteas, concerning whom I will give some slight information (delli quali tocaro, alcuna cosa).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

The Verteas live like monks, to-gether in communities (congregatione): and when I went to their house (in Cambay) there were about fifty of them, there. They dress in certain white clothes; they do not wear anything on the head; their beards are shaven not with a razor, but pulled out, because all the heirs are torn out from the beards, and likewise from the head, leaving none of them, save a few on the middle of the head up to the top, so that they are left a very large bald space.

They live in poverty receiving in alms what the given has in excess of his wants for food. They have no wives. They have (the teaching of) their sect written in the script of Gujarat. They drink warm water, not from fear of catching cold, but because they say that water has a Soul and that drinking it without heating it kills its Soul, which God created and that is a great sin, but when heated it has not a Soul. And for this reason they carry in their hands certain brushes, which with their handles look like pencils made of cotton (bambaca) and these they use to sweep the floor or pavement whereon they walk, so that it may not happen that the Soul (anima) of any work be killed. I saw their prior and superior (maggiore) frequently sweep the place before sitting down by reason of that scruple. Their chief Prelate or supreme Lord may have about 100,000 men under obedience to him, and every year one of them is elected. I saw among them boys of eight or nine years of age, who looked like Angels. They seem to be men, not of India, but of Europe. At that age they are dedicated by their fathers to this Religion.

* * * *

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

They hold that the world was created millions of millenniums ago, and that during that space of time God has sent twenty three Apostles, and that now in this last age, he sent another one, making twenty-four in all, which must have happened about two thousand years ago, and from that time to this, they possess scriptures, which the others ( Apostles ) did not compose.

Father Xavier and I discoursed about the saying to them that this one ( questo ) ( Seil apparently the last Apostle ) concerned their Salvation.

The Babansa aforesaid being interpretor, they said us, we shall talk about that another time. But we never returned there, although they pressed us earnestly, because we departed the next day.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

" પાદરીઓને અનુકુળ ખંભાત શહેરના અમુક ધનાઢ્ય ઉમરાવ **બાબનસા** (બાબનશાહ-પારસી બહમનશા)ની સાથે થએલી વાતચીતનો પાદરી નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે.

તે " વ્રતી " ના નામથી ઓળખાતા અમુક માણસોનો કટ્ટો દુશ્મન છે. તે વ્રતિયો સંબંધી હું કંઈક હકીકત આપીશ.

વ્રતિયો સાધુઓની માફક સમુદાયમાં રહે છે અને હું જ્યારે તેમના સ્થાન ( ખંભાતના ઉપાશ્રયમાં ) ગયો, ત્યારે તેમનામાં પચાસેક જણ ત્યાં હતા. તેઓ અમુક પ્રકારના શ્વેત વસ્ત્રો પહેરે છે, તેઓ માથા ઉપર કંઈ પણ ઓઢતા નથી, વળી અસ્ત્રાથી દાઢીની હજામત કરાવતા નથી, પણ તે દાઢીને ખેંચી કાઢે છે, અર્થાત્ દાઢીના તેમજ માથાના વાળનો તેઓ **લોચ** કરે છે. માથાની ટોચે વચલા ભાગમાં જ થોડા વાળ હોય છે, આથી કરીને તેઓનાં માથામાં મોટી ટાલ પડી ગયેલી હોય છે.

તેઓ નિર્ગ્રંથ છે, ભિક્ષામાં, જે ખાદ્યપદાર્થ ( ગૃહસ્થોની ) જરૂરીયાત ઉપરાંત વધેલો હોય છે. તે જ લે છે. તેઓને સ્ત્રિયો હોતી નથી. ગુજરાતની ભાષામાં તેઓના ધર્મશિક્ષણો લખેલાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. તેઓ ગરમ કરેલું પાણી પીએ છે. તે શરદી લાગવાના ભયથી નહિ, પણ એવા મન્તવ્યથી કે પાણીમાં જીવ છે, અને ઉકાળ્યા સિવાય તે પીવામાં આવે તો તે જીવનો નાશ થાય છે. આ જીવ પરમેશ્વરે બનાવ્યા છે. અને આમાં (ઉકાળ્યા વગર પીવામાં) બહુ પાપ છે. પણ જ્યારે ઉકાળવામાં આવે છે, ત્યારે તેમાં જીવ રહેતો નથી. અને આ કારણથી તેઓ તેમના હાથમાં અમુક પ્રકારની પીંછીઓ (ઓઘાઓ) લઈને ફરે છે. આ પીંછીઓ તેના દાંડાઓ સહિત રૂની (ઉનની) બનાવેલી સીસાપેનો જેવી લાગે છે. તેઓ આ પીંછીઓ વડે જમીન અથવા બીજી જગ્યાઓ કે જ્યાં તેમને ચાલવાનું હોય છે, તેને સાફ કરે છે, કારણકે તેમ કર્યાથી કોઈ જીવનો ઘાત થાય નહિ. આ વ્હેમને લીધે તેમના વડવાઓને અને ઉપરીઓને ઘણી વખત જમીન સાફ કરતાં મેં જોયા છે. તેમના સૌથી મોટા નાયકના હાથ નીચે તેની આજ્ઞામાં રહેનારા એક લાખ માણસો હશે. અને દરેક વર્ષે આમાંનો એક ચુંટાય છે. મેં તેઓમાં આઠ-નવ વર્ષની ઉમરના છોકરાઓ પણ જોયા, કે જેઓ દેવ જેવા લાગતા હતા. તેઓ હિંદુસ્થાનના નહિ, પરંતુ યુરોપના હોય, એવા લાગતા હતા. આટલી ઉંમરે તેમના માતા-પિતા તેમને ધર્મને માટે અર્પણ કરી દે છે.

તેઓ પૃથ્વીને અનાદિ માને છે, અને માને છે કે આટલા વખતમાં (અનાદિકાળમાં) તેમના ઇશ્વરે ૨૩ પેગમ્બરો (પ્રવર્તકો) મોકલ્યા. અને આ છેલ્લા યુગમાં બીજો એક મોકલ્યો, એટલે ચોવીસ થયા. આ ચોવીસમાને થયે બે હજાર વર્ષ થઈ ગયાં છે. અને તે વખતથી તે અત્યાર સુધીમાં બીજા પ્રવર્તકોએ નહિ બનાવેલાં એવાં પુસ્તકો તેઓના કબજામાં છે.

ફાધર **ઝેવીયરે** અને મેં આ બાબત તેમની સાથે વાત કરી અને પૂછ્યું કે- આ છેલ્લા પ્રવર્તકથીજ તમારો ઉદ્ધાર છે કે શું ?

ઉપર્યુક્ત બાબનશા અમારો દુભાષિયો હતો. અને તેઓએ અમને કહ્યું કે-આ બાબતની આપણે ફરીથી વાત કરીશું. પણ અમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજે દિવસે ત્યાંથી નીકળી ગયા, તેથી અમારાથી ફરી ત્યાં જવાયું નહિ. જો કે તેઓએ અમને ઘણો જ આગ્રહ કર્યો હતો.”

(“સૂરીશ્વર અને સમ્રાટ્” પરિશિષ્ટ–૬ પૃ૦ ૩૯૭ થી ૪૦૨)

**નોંધ:–** આ પત્રો **પેરૂશીના** પૃ૦ ૬૯ તથા પૃ૦ ૫૨માં લેટીનમાં છપાયા હતા અને **મેકલેગને** जर्नल ऑफ़ एशियाटिक सोसायटी ऑफ बेंगाल, વો૦ ૪૫, અંક : ૧; પૃ૦ ૭૦માં આપ્યા હતા. સુપ્રસિદ્ધ ઇતિહાસકાર ડો. વિન્સેંટ સ્મિથે તા. ૨–૧૧–૧૯૧૮ના દિવસે શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિને આ પત્રોનો અંગ્રેજી અનુવાદ મોકલ્યો હતો.

પહેલો પત્ર તા. ૩–૯–૧૫૯૫ એટલે વિ૦ સં૦ ૧૬૫૨ના શ્રાવણમાં, જુલુસી સન ૪૦, હીજરી સન ૧૨૦૩માં બા૦ અકબરના સમયે લખાયો છે.

એ જ રીતે બીજો પત્ર તા. ૬–૧૧–૧૫૯૫માં લખાયો છે.

મોગલ બાદશાહોના દરબારમાં યતિ, વ્રતી, શ્રમણ અને સેવડા–આ શબ્દો જૈન શ્વેતાંબર સાધુઓને માટે વપરાયા છે.

આ લેખમાં જે આઠ–નવ વર્ષની ઉંમરના સાધુઓ હોવાનું લખ્યું છે તે સંભવત: આ૦ વિજયસિંહસૂરિ વગેરે–૩, પં૦ મુક્તિસાગર ગ૦, આ૦ રાજસાગરસૂરિ, ખુશફહમ મુનિ નંદિવિજયજી, ખુશફહમ મુનિ સિદ્ધિચંદ્રજી, મુનિ ભાવચંદજી, મુનિ હેમવિજય અને મુનિ દેવવિમલ વગેરે હોય.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**૯–બા૦ જહાંગીર** (પરિચય માટે પ્ર. ૪૪ પૃ૦ ૮૫)

**રાજ્યકાળ:–** હીજરી સન ૧૦૧૫ થી ૧૦૩૭ના સફર મહિનાની તા. ૨૮, વિ૦ સં૦ ૧૬૬૩ થી ૧૬૮૪ના કા૦ વ૦ ০)), સને ૧૬૦૬ થી તા. ૨૮–૧૦–૧૬૨૭

## ફરમાન નવમું

## બા૦ જહાંગીરે જૈન ધર્મસ્થાનોની રક્ષા, કરમાફ અને અહિંસાનું આપેલું ફરમાન

આ ફરમાન પોતાના સમગ્ર રાજ્યની અંદર નિમાયેલા હાકેમો, અમલદારો, જાગીરદારો, કચેરીઓ, મુત્સદ્દીઓ અને **આખા ગૂજરાતના** સૂબાઓ ઉપર કાઢવામાં આવ્યું છે. એમાં તેમણે જણાવ્યું છે કે :–

પરમેશ્વરની પ્રીતિ ત્યારે જ મેળવી શકાય છે કે જ્યારે રાજ્યમાં રહેતી દરેક જાતની યા કોમની રૈયતના મનને આસૂદની અને નિશ્ચિંતપણું રહેલું હોય. હાલમાં શ્રાવક **હરખા પરમાનંદજીએ** જહાંપનાહના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દરબારમાં આવી અમલદારો મારફતે અરજ કરી કે, **વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ** અને ખુશફહમ નંદિજી ( નંદિવિજયજી ) તેઓ અમારા આચાર્યો છે. અને ઠેકઠેકાણે તેમનાં દેરાં અને ધર્મશાળા છે અને તેઓ હંમેશાં પવિત્ર ધાર્મિક કામમાં, સેવાપૂજામાં અને ઈશ્વરને યાદ કરવામાં મશગૂલ રહે છે અને ખરેખર અમને મજકુર શ્રાવક **હરખા પરમાનંદજી**ની વફાદારીની ખબર છે કે, એ અમારું શ્રેય ચાહનાર વફાદાર માણસ છે, તેથી અમારા જહાંપનાહના દરબારમાંથી હુકમ કાઢવામાં આવે છે કે, " એ કોમની ધર્મશાળા કે તેમના દેરામાં કોઈએ મુકામ કરવો નહીં અને તેની નજદીકમાં પણ કોઈ રીતની દખલગીરી કરવી નહીં અને તેઓ તેને ફરીથી નવાં બનાવવા માગે તો તેમાં અડચણ કરવી નહીં. વળી, તેમના શિષ્યોના મકાનમાં પણ કોઈએ ઉતારો રાખવો નહીં. તેઓ જો સોરઠના મુલકમાં **શત્રુંજય**ની જાત્રા કરવા જાય તો કોઈએ તેમની પાસે કશું માગવું નહીં." દરેક અઠવાડિયામાં બે વારના દિવસે, એટલે રવિવાર તથા ગુરુવારે, દર મહિને તે મહિનાના પહેલા દિવસે, તેમજ ઈદ ( તહેવાર )ને દહાડે, તેમજ દર વર્ષે **ચૂર** ઇરાની છઠ્ઠા શહેરેયૂર શહેરેવર માસમાં................તેમજ અમારી ઉંમરનાં જેટલાં વર્ષ વીતી ગયાં છે તે વર્ષો ગણી દર વર્ષે એક દિવસ. એ પ્રમાણે અમારા આખા રાજ્યમાં કોઈ પણ જાનવરની કતલ કરવી નહીં. તેમ તેનો શિકાર કરવો નહીં. તેમજ પક્ષી, માછલાં વગેરે જીવોને પકડવાં નહીં યા મારવાં નહીં. આ હુકમ પ્રમાણે ચાલવાને સૌએ કોશીશ કરવી. એનાથી વિરુદ્ધ વર્તવાને કોઈને અવકાશ જ નથી.

**સૂચના :–**

ફારસી ભાષાના સમર્થ અભ્યાસી અને ગૂજરાતના સાક્ષરરત્ન શ્રી. **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**એ ફાર્બસ ગુજરાતી સભાના સાહિત્યસંગ્રહમાંની જૂની સનદો અને જૂનાં ફરમાનોના આધારે **" કેટલાક અપ્રસિદ્ધ જૂના લેખો "** એવા મથાળા હેઠળ–

(૧) બા૦ જહાંગીરનું જૈન મંદિર, ઉપાશ્રય, તીર્થરક્ષા, અમારિનું ફરમાન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) બા૦ શાહજહાંએ શત્રુંજય પહાડ ભેટ આપ્યો તે માટેનું ફરમાન.
(૩) બા૦ શાહજહાંએ જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતા આપ્યાનું ફરમાન.
(૪) બા૦ શાહજહાંએ નગરશેઠના મકાનોની રક્ષા માટે આપેલું ફરમાન.
(૫) બા૦ શાહજહાંએ ચિંતામણિ જૈન મંદિર જૈનોને પાછું આપવાનું કહેલું ફરમાન.
(૬) બા૦ આલમ અને જનરલ ગોડાર્ડનો શાંતિનો ઢંઢેરો.

આ છ ફરમાનો ઈ૦ સ૦ ૧૯૨૪માં ભાવનગરમાં ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ્ના રિપોર્ટ માં પ્રકાશિત કરાવ્યાં છે. તેના આધારે અમે આ નોંધ લખી છે. —**સંગ્રાહક**

(વિશેષ માટે જૂઓ : જૈન સત્ય પ્રકાશ, વર્ષ : ૯, અંક : ૨, ક્રમાંક : ૯૮, પૃ૦ ૪૭ થી ૫૪)

**નોંધ:—** શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી આ ફરમાન માટે લખે છે કે, આ ફરમાન બા૦ જહાંગીર તરફથી નીકળેલું છે. એની નકલમાં કંઈક અક્ષરો પડેલા છે, અને લખ્યા સાલ વગેરે કેટલીક બાબત તેમાં ઊતરી નથી. છતાંયે પોતાની રૈયતમાં શ્રાવક કોમ પ્રત્યે બાદશાહની લાગણી હતી. તે એમાંથી ખુલ્લી રીતે દેખાઈ આવે છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

અનુવાદક શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ અનુવાદિત કરેલ આ ફરમાનોની હકીકતને જ પુષ્ટ કરે તેવું એક લખાણ શ્રી. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ લખેલ “ **ટચુકડી સો વાતો** ” નામક પુસ્તકમાંથી ઉધ્ધૃત કરેલ છે તે હવે પછીના ફરમાન નં૦ ૧૬ની નોંધમાં આપ્યું છે.

બા૦ અકબર મરણ પામ્યો તે પછી જહાંગીર બાદશાહ થયો, ત્યારે તેના વિરોધમાં બળવા ફાટી નીકળ્યા. હવે દીન ઇલાહી રાજ્ય નથી. અકબર નથી. જહાંગીરી અરાજકતા છે, તો હવે અકબરનું ફરમાન માને કોણ? આમ સમજી સૂબા **ખુરમ** જેવા ઉતાવળિયા ઝનૂની મુસલમાન અમલદારો જૈનતીર્થો—ધર્મ-સ્થાનોને નુકશાન કરશે તો ? આવી વિચારણાથી આ૦ વિજયસેનસૂરિએ બા૦ જહાંગીરને ખબર આપી આ ફરમાન મેળવ્યું હતું.

બા૦ જહાંગીર પોતાના પિતાના પગલે ચાલવા ચાહતો હતો. તેણે પિતાના દરેક દરેક ફરમાનોને અવસર આવતાં પોતાની મહોર મારી સમર્થન કર્યું હતું.

સંભવ છે કે, સં૦ ૧૬૬૨-૬૩માં બા૦ જહાંગીરે મહો૦ ભાનુચંદ્રની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હયાતીમાં કે વિહાર પછી તેની પ્રેરણાથી અને **હરખચંદ પરમાનંદની** માગણીથી આ ફરમાન આપ્યું હોય,

જો કે બા૦ જહાંગીરના રાજકાળમાં કોઈ ગરબડ બની નથી. બા૦ શાહજહાંના રાજકાળમાં શાહજાદા ઔરંગઝેબે અમદાવાદમાં ગરબડ કરેલી, જે અંગે બા૦ શાહજહાંએ યોગ્ય પ્રબંધ કર્યો હતો. (પ્રક. ૪૪ પૃ૦ ૧૦૦, ફ. નં૦ ૧૬)

બા૦ ઔરંગઝેબે પં૦ પ્રતાપકુશળજીનું બહુમાન કર્યું હતું. (પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૪) બા૦ ઔરંગઝેબના રાજકાળમાં અજમેરના સૂબાઓએ ગરબડ કરી હતી. બા૦ ઔરંગઝેબે ભ૦ વિજયપ્રભસૂરિ, પં૦ ભીમવિજય ગણિને ફરમાન આપી જૈન ધર્મસ્થાનો જૈનોને પાછાં અપાવ્યાં હતાં.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૪, ૧૦૫, પ્ર૦ ૫૮.)

બા૦ ઔરંગઝેબે ઉપર પ્રમાણે ભ૦ વિજયપ્રભસૂરિને ધર્મસ્થાનોની સ્વતંત્રતાનું ફરમાન આપ્યું હતું. તે બંને ફરમાનોની અસલ નકલ અમને મળી નથી.

## ફરમાન દશમું
## અહિંસાનું ફરમાન (અનુવાદ)
### અલ્લાહુ અકબર

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

(તા. ૨૬ માહે ફરવરદીન સને ૫ ના કરાર મુજબ ફરમાનની નકલ)

તમામ રક્ષિત રાજ્યોના મોટા હાકેમો, મોટા દિવાનો, મહાન કામોના કારકૂનો, રાજકારભારના બંદોબસ્ત કરનારાઓ, જાગીરદારો, અને કરોડિયાઓએ જાણવું કે, દુનિયાને જીતવાના અભિપ્રાય સાથે અમારો ઈન્સાફી ઇરાદો પરમેશ્વરને રાજી કરવામાં રહેલો છે. અને અમારા અભિપ્રાયનો પૂરો હેતુ તમામ દુનિયા કે જેને પરમેશ્વરે બનાવી છે, તેને ખુશી કરવા તરફ રજૂ થયેલો છે. (તેમાં) ખાસ કરીને પવિત્ર વિચારવાળાએ અને મોક્ષધર્મવાળા કે જેમનો હેતુ સત્યની શોધ અને પરમેશ્વરની પ્રાપ્તિ કરવાનો છે, તેમને રાજી કરવા તરફ અમે (વધારે) ધ્યાન દઈએ છીએ. તેથી આ વખતે **વિવેકહર્ષ, પરમાનંદ, મહાનંદ** અને **ઉદયહર્ષ** કે જેઓ તથા યતિ (તપાગચ્છના સાધુ) વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ અને **નંદિવિજયજી** કે જેઓ ખુશફહમના ખિતાબવાળા છે, તેમના ચેલાઓ છે, તેઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વખતે અમારી હજુરમાં હતા. અને તેઓએ દરખાસ્ત કરી વિનંતિ કરી કે જે સમગ્ર આ રક્ષિત રાજ્યમાં અમારા પવિત્ર બાર દિવસો, જે ભાદરવા પર્યુષણાના દિવસો છે, તેમાં હિંસા કરવાની જગ્યાઓમાં કોઈ પણ જાતના જીવોની હિંસા કરવામાં નહીં આવે તો, અમને માન મળવાનું કારણ થશે, અને ઘણા જીવો આપના ઊંચા અને પવિત્ર હુકમથી બચી જશે. તેમ તેનો સારો બદલો આપના પવિત્ર શ્રેષ્ઠ અને મુબારક રાજ્યને મળશે.

અમે બાદશાહી રહેમનજર દરેક નાત–જાતના અને ધર્મના હેતુ તથા કામને ઉત્તેજન આપવા બલ્કે દરેક પ્રાણીને સુખી કરવા તરફ રાખી છે. તેથી એ વિનંતિ કબૂલ કરી દુનિયાએ માનેલો અને માનવાલાયક **જહાંગીરી હુકમ** થયો કે, મજકુર બાર દિવસોમાં દર વર્ષે હિંસા કરવાની જગ્યાઓમાં તમામ રક્ષિત રાજ્યની અંદર પ્રાણીઓને મારવામાં આવે નહીં અને એ કામની તૈયારી કરવામાં પણ આવે નહીં. વળી એ સંબંધી દર વર્ષનો નવો હુકમ કે સનદ (પણ) માગવામાં આવે નહીં. એ હુકમમુજબ અમલ કરી ફરમાનથી વિરુદ્ધ વર્તવું નહીં. એ ફરજ જાણવી જોઈએ.

નમ્રમાં નમ્ર **અબુલખૈરના** લખાણથી અને મહમ્મુદ સૈદની નોંધથી.

નકલ અસલ મુજબ છે.

સિક્કો

આ સિક્કો વાંચી શકાતો નથી.

(–સૂરીશ્વર અને સમ્રાટ, પૃ૦ ૩૮૨ થી ૩૮૭

**નોંધ:–** બા૦ જહાંગીરને જૈન સાધુઓ પ્રત્યે ઘણું માન હતું. તે પિતાના પગલે પગલે રાજવ્યવહાર ચલાવવા ચાહતો હતો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી પિતાજીએ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ વગેરેને જે જે ફરમાનો આપ્યાં હતાં તેણે તેમના ચેલાઓને પિતાનાં તે તે અસલી ફરમાનોને તાજાં કરી નવાં ફરમાન આપ્યાં હતાં. જૂનાં ફરમાનોને સમર્થન આપ્યું હતું.

તેણે આ ફરમાન જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિના પરિવારના સાધુ **પં૦ વિવેકહર્ષગણિને** જુલસી સન ૫, ઈલાહી સન ૫૫, ફરવરદીન મહિનો તા. ૨૬, હીજરી સન ૧૦૧૯ ( અથવા ૧૦૨૧ ) મહિનો મહોરમ, ઈ૦ સ૦ ૧૬૫૧, વિ૦ સં૦ ૧૬૬૬ ( અથવા ૧૬૬૮ )ના ચૈત્ર સુદમાં આગરામાં આપ્યું હતું.

મહો૦ વિવેકહર્ષગણિ ત્યારે પંન્યાસ હતા. તેઓ સં૦ ૧૬૬૬ થી સં૦ ૧૬૬૯ સુધી તે પ્રદેશમાં વિચર્યા હતા. ( પ્રક૦ ૪૪ પૃ૦ ૯૩, બા. જહાંગીર, )

( પ્રક૦ ૫૫–મહો૦ વિવેકહર્ષગણિ )

*

जैन साईट JAINSITE.com

## ફરમાન અગિયારમું

## અહિંસા, કરમાફ તથા ધર્મસ્થાનોની રક્ષાનું ફરમાન

### અલ્લાહુ અકબર

અબ્બુલ મુજફ્ફર સુલતાન શાહ સલીમ ગાજીનું

દુનિયાએ માનેલું ફરમાન

( અસલ મુજબ નકલ )

મોટાં કામો સંબંધી હુકમ આપનારાઓએ, તેને અમલમાં લાવનારાઓએ, તેમના કારકૂનોએ તથા વર્તમાન તેમજ ભવિષ્યના મામલતદારો..............વગેરેએ અને ખાસ કરીને **સોરઠ સરકારે** બાદશાહીનું માન મેળવીને તથા આશા રાખીને જાણવું કે, **ભાનુ-ચંદ્ર** યતિ અને ખુશફહમના ખિતાબવાળા **સિદ્ધિચંદ્ર** યતિએ અમને અરજ કરી કે, “ જજીઓ, જકાત, ગાય–ભેંસ–પાડા અને બળદ એ જાનવરોની બિલકુલ હિંસા, બીજા દરેક મહિનાના મુકરર દિવસોમાં હિંસા, મરેલાંના માલનો કબજો કરવો, લોકોને કેદ કરવા, અને

**શત્રુંજય પર્વત** ઉપર માથાદીઠ સોરઠ સરકાર, જે કર લેતા તે એ બધી બાબતો આલા હજરતે ( અકબર બાદશાહે ) માફ કરી અને તેની મનાઈ કરી છે.” તેથી અમે પણ દરેક ઉપર અમારી સંપૂર્ણ મહેરબાની (સદ્ભાવ) છે. તેથી **એક બીજો મહિનો** કે “જેની અંતમાં અમારો જન્મ થયો છે,” તે ઉમેરીને નીચે લખેલી **તફસીલ** મુજબ માફી આપી. અમારા શ્રેષ્ઠ હુકમ મુજબ અમલ કરી તેની વિરુદ્ધ કે આડે માર્ગે જવું જોઈએ નહીં. તથા **વિજયસેન-સૂરિ** અને **વિજયદેવસૂરિ** કે જેઓ ત્યાં ( ગૂજરાતમાં ) છે. તેમના હાલની ખબરદારી કરી, જ્યારે **ભાનુચંદ્ર** અને **સિદ્ધિચંદ્ર** ત્યાં આવી પહોંચે ત્યારે તેમની સારસંભાળ રાખી, જે કામ કરવાનું તેઓ રજૂ કરે તેને પૂર્ણ કરી આપવું જોઈએ; કે જેથી તેઓ જીત કરનાર રાજ્યને હમેશાં ( કાયમ ) રહેવાની દુઆ કરવામાં સુખી મનથી કામે લાગેલા રહે. વળી **ઉના** પરગણામાં એક **વાડી** છે કે જ્યાં તેમણે પોતાના **ગુરુ હીરજીનાં પગલાં** સ્થાપન કર્યાં છે, તેને જૂના રિવાજ પ્રમાણે **વેરા** વગેરેથી **મુક્ત** જાણી, તે સંબંધી કંઈ હરકત કે અડચણ કરવી નહીં.

Jainsite જૈનમ્ જયતિ શાસનમ્

લેખ થયો તા. ૧૪ શહેરેવર મહિનો સને ઈલાહી ૫૫.


*

## પેટાભાગનો ખુલાસો

મહિનો ફરવરદીન, તે દિવસો, કે જે દિવસોમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય છે. ઈદનો દિવસ, મેહર ( મિહિર )ના દિવસો, દરેક મહિનાના સોમવારો, તે દિવસો, કે જે સૂફિયાનના બે દિવસોની વચમાં આવે છે. રજબ મહિનાનો **સોમવાર,** અકબર બાદશાહના જન્મનો મહિનો, જે **શાઅબાન** મહિનો કહેવાય છે. દરેક શમશી ( Solar ) મહિનાનો પહેલો દિવસ કે જેનું નામ **ઓરમજ** છે. બાર બરકતવાળા દિવસો કે જે શ્રાવણ મહિનાના છેલ્લા છ દિવસો અને ભાદરવાના પહેલા છ દિવસો છે.

અલ્લાહુ અકબર

નકલ અસલ મુજબ છે.




( આ સિક્કાના અક્ષરો વાંચી શકાતા નથી. )




આ સિક્કામાં 'કાજી અબ્દુસ્સમી'નું નામ છે.

અસલ મુજબ નકલ છે.

JAINSITE.com
जैनम् जयति शासनम्




આ સિક્કામાં 'કાજી ખાન મુહમ્મદ'નું નામ છે.

બીજા અક્ષરો વંચાતા નથી.

( સૂરીશ્વર અને સમ્રાટ્ પૃ૦ ૩૮૮ થી ૩૯૦ તેમાંના ફરમાન ચોથાનો અનુવાદ )

**નોંધ:–** બા૦ જહાંગીર મહો૦ ભાનુચંદ્ર ગણિનો એક રીતે **વિદ્યાર્થી,** અને બીજી રીતે **મિત્ર** હતો. તેણે તેમને પણ પોતાના પિતાએ આ૦ હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિએ આપેલા ફરમાન તાજાં કરી, તેમાંના બધા હુકમોનો સમાવેશ કરી આ ફરમાન આપ્યું હતું.

જો કે ફરમાનમાં ઇલાહી સન ૫૫, શહેરીવર, પારસી છઠ્ઠા મહિનાની તા. ૧૪મી આપી છે. તે હિસાબે ત્યારે જુલસી સન્ ૫, ઇલાહી સન ૫૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શહેરીવર મહિનો તા. ૧૪, ઈ૦ સ૦ ૧૬૧૦, વિ૦ સં૦ ૧૬૬૬નો ચૈત્ર મહિનો એમ આવે. પરંતુ મહો૦ **ભાનુચંદ્ર** ગણિવર તથા **સિદ્ધિચંદ્ર** ગણિ ત્યારે મારવાડ–ગૂજરાત તરફ હતા, પણ આગરામાં નહોતા.

કદાચ આ ફરમાનના અનુવાદમાં કે સાલવારી મેળવવામાં ૧૦ વર્ષનો ફરક લખાયો હોય તો, આ ફરમાનની સાલ જુલસી સન ૧૫, ઇલાહી સન ૬૫, શહેરીવર છઠ્ઠો મહિનો તા. ૧૪, હીજરી સન ૧૦૨૯ રવિ ઉસ્સાની મહિનો ઈ૦ સ૦ ૧૬૨૦: વિ૦ સં૦ ૧૬૭૬ના ચૈત્ર સુદિ ૧૫ના રોજ આપ્યું હોય એમ દીસે છે.

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૯૫ આ૦ જહાંગીર; પ્રક૦ ૫૫ મહો૦ ભાનુચંદ્ર ગણિ)

## ફરમાન બારમું

## ગુરુદેવના સમાધિસ્તૂપ માટે જમીનદાનનું ફરમાન

નુરદ્દીન મહમ્મદ જહાંગીર બાદશાહ ગાજીનું ફરમાન હમેશાં રહેવાવાળું આલીશાન ફરમાન જે તા. ૧૭ રજબઉલ મુરજજબ હીજરી સન ૧૦૨૪નું છે, તેની નકલ–

હવે આ ફરમાન આલીશાનને પ્રગટ અને પ્રસિદ્ધ કરવાના મહત્ત્વનો પ્રસંગ પ્રાપ્ત થયો. એમ ફરમાવવામાં આવે છે કે, માપણી કરેલી **દશ વીઘા જમીન** ખંભાતની નજીકના ચોરાસી પરગણાના **મહમુદપુર** ( અકબરપુર ) ગામમાં નીચે લખ્યા પ્રમાણે **ચંદૂ-સંઘવીને** માટે **મદદે–મુઆશ** નામની જાગીર ખરીફના પ્રારંભ નૌશકાનઈલ ( જુલાઈ ) મહિનાથી કાયમને માટે આપવામાં આવે, જેથી તેની ઊપજનો ઉપયોગ, દરેક ફસલ, દરેક સાલ પોતાના ખર્ચને માટે તે કરે અને અનંત બાદશાહી અસ્ખલિત રહેવાને માટે તે પ્રાર્થના કરતા રહે.

હાલના અને હવે પછીના અધિકારીઓ, તલાટીઓ, જાગીરદારો અને માલના ઠેકેદારોને માટે ઉચિત છે કે, તેઓ આ પવિત્ર અને ઊંચા હુકમને હમેશાં ચાલુ રાખવાનો પ્રયત્ન કરે.

ઉપર લખેલા જમીનના ટુકડાની માપણી કરીને અને તેની મર્યાદા બાંધીને તે જમીન ચદૂ સંઘવીને તાબે કરે. તેમાં કોઈ પણ જાતનો ફેરફાર અથવા અદલાબદલી ન કરે, તેને તકલીફ ન આપે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ તેની પાસેથી કોઈ પણ કારણને બાને કંઈ પણ વસ્તુની માગણી ન કરે; જેમકે–પટ્ટો બનાવવાનું ખર્ચ, નજરાણું, માપણીનું ખર્ચ, જમીન કબજામાં આપવાનું ખર્ચ, રજિસ્ટ્રીનું ખર્ચ, તલાટીનું ફંડ, તહેસીલદાર અને દારોગાનું ખર્ચ, વેઠ, શિકાર અને ગામનું ખર્ચ, નંબરદારીનું ખર્ચ, જેલદારી સેંકડે ૨ ટકા ફી, કાનુગોની ફી, કોઈ ખાસ કામને માટે સાધારણ વાર્ષિક ખર્ચ, ખેતી કરવા વખતે અમુક ફી, અને એવી તમામ જાતની દિવાની અને સુલતાની તકલીફોથી તેને કાયમને માટે **મુક્ત** કરવામાં આવે છે. એને માટે હરસાલ કોઈ નવો હુકમ કે સૂચનાની આવશ્યકતા નથી. જે કંઈ હુકમ કરવામાં આવ્યો છે તેને તોડવો ન જોઈએ અને આને તેઓએ પોતાનું સરકારી કામ સમજવું જોઈએ.

તા. ૧૭મી. અસ્ફંદાર મુઝ ઈલાહી મહિનો ૧૦મું વર્ષ.

*

## બીજી બાજુનો અનુવાદ

जैन साईट JAINSITE .com

તારીખ ૨૧, અમરદાદ, ઈલાહી ૧૦મું વર્ષ, જેની બરાબર રજબુલ મુરજ્જબ હીજરી સન ૧૦૨૪ની ૧૭મી તારીખ અને ગુરુવાર છે.

પૂર્ણતા અને ઉત્તમતાના આધારરૂપ સાચા અને જ્ઞાની એવા **સૈયદ અહમદ કાદરીએ** મોકલવાથી, બુદ્ધિશાળી તથા વર્તમાન સમયના જાલીનૂસ (ધન્વન્તરિ વૈદ્ય) અને હાલના ખ્રીસ્ત એવા જોગીએ આપેલા ટેકાથી, વર્તમાન સમયના પરોપકારી રાજા **સુબાને** આપેલી ઓળખથી, અને સૌથી નમ્ર શિષ્યોમાંના શિષ્ય અને નોંધનાર **ઈસહકના** લખાણથી. ચંદૂ સંઘવી પિતા બોરુ (?) પિતા (પિતામહ) વજીવન (વરજીવન) રહેવાસી આગ્રાનો તેને **મદદે મુઆશ** નામની જાગીર આપવામાં આવી. ચંદૂ સંઘવી પિતા બોરુ (?), પિતા (પિતામહ) વ[ર]જીવન રહેવાસી **આગરા** સબ્જવમ (સેવડાને માનનારા), જેનું કપાળ પહોળું, ભ્રમર પહોળી, ઘેટા જેવી જેની આંખો, કાળો રંગ, મૂંડેલી દાઢી, મોં ઉપર માતાના ઘણા ડાઘ, બંને કાનમાં ઠેકાણે ઠેકાણે છેદ, મધ્યમ ઊંચાઈ, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેની લગભગ ૬૦ વર્ષની ઉંમર છે, તેણે બાદશાહની ઊંચી દૃષ્ટિને એક રત્નની જડેલી વીંટી ૧૦મા વર્ષના ઈલાહી મહિનાની ૨૦મી તારીખે **ભેટ** કરી અને તેણે અરજ કરી કે, '**અકબરપુર** ગામમાં ૧૦ વીઘા જમીન તેના સદ્‌ગત ગુરુ વિજયસેનસૂરિના મંદિર, બાગ, મેળો અને સન્માનની યાદગીરી માટે ભેટ આપવામાં આવે.' સૂર્યના કિરણોની માફક ચળકાટવાળો અને બધી દુનિયાને માનવાલાયક એવો હુકમ થયો કે, "**ચંદૂ સંઘવીને** ગામ **અકબરપુર** પરગણા ચોરાસી કે જે ખંભાતની નજીક છે. ત્યાં દશ વીઘા ખેતીની જમીનનો ટુકડો મદદે મુઆરા નામની જાગીર તરીકે આપવામાં આવે." હુકમ પ્રમાણે તપાસ કરીને લખવામાં આવ્યું. માર્જિનમાં લખ્યું છે કે, 'લખનાર સાચો છે.'

જુમલુતુલ મુલ્ક મદારૂલ મહામ **ઐતમા** દુદૌલાના હુકમ–ફરી બીજી વખત અરજી કરવામાં આવે.

'મુખલીસખાન' જેઓ મહેરબાની કરવાને લાયક છે, તેઓએ બાદશાહની સામે બીજી વાર અરજી પેશ (રજૂ) કરી. ( પુનઃ આ કાગળ રજૂ કરવામાં આવે છે. તા. ૨૧ માહ–યૂર (શહેરેવર શહેરેયૂર) ઈલાહી સન ૧૦.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

જુમલુતુલ મુલ્ક મદારૂલ મહામનો હુકમ– " ખરીફના પ્રારંભ–નેશ્શકાનઇલથી હુકમ લખવામાં આવે.'

જુમલુતુલ મુલ્કી મદારૂલ હુકમ છેલ્લો. મહામીનો હુકમ–અરજી જુમલુતુલ મદારૂલ મહા ( વાજબી) બનાવવામાં આવે મતો આ છે કે–

મોજા મહમદપુરથી આ (ચંદૂ સંઘવી)ને માફી આપવામાં આવે.

સિક્કો

સિક્કો બરાબર વંચાતો નથી.
આ નકલ અસલ છે.

(–સૂરીશ્વર અને સમ્રાટ્ પૃ૦ .... )

( તેમાંના ફરમાન છઠ્ઠાનો અનુવાદ )

( પ્રક૦ ૪૪ પૃ૦ ૯૬. )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નોંધ :–** બા૦ જહાંગીર આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ, મહો૦ ભાનુચંદ્ર ગણિ વગેરેનો ઉપાસક હતો અને તેઓનાં કામ અંગે સર્વરીતે ધ્યાન આપી મોટી મદદ દેતો હતો.

આ૦ વિજયસેનસૂરિનું સં૦ ૧૬૭૩માં ખંભાતમાં સ્વર્ગગમન થયું. જૈનોએ તેમનો અકબરપરામાં અગ્નિસંસ્કાર કર્યો.

બા૦ જહાંગીરે આગરાના સંઘવી ચંદ્રપાલ જૈનને તે સ્થાનને ઉત્સવ-સ્થાન બનાવવા માટે ૧૦ વીઘા જમીન ભેટ આપી, તેનું ખંભાતના સૂબાએ ફરીવાર માગવાથી બીજી વાર આપેલું આ ફરમાન છે.

બા૦ જહાંગીરે જુલસી સન ૧૦, ઈલાહી સન ૬૦, બારમો અરપંદાર મહિનો તા. ૧૭ મી, ગુરુવારના રોજ વિનતિ થવાથી મહિનો શહેરેવર તા. ૨૭ મીના રોજ, હીજરી સન ૧૦૨૪, મહિનો રજબ ઉલ મુરજબ (અથવા...... ) તા. ૧૭ મીએ, ઈ૦ સ૦ ૧૬૧૫, ઑગસ્ટ મહિનો, ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૬૭૩, કાર્તિકાદિ સં૦ ૧૬૭૨, શ્રા૦.........ને રોજ આ ફરમાન આપ્યું હશે.

આ ફરમાનમાં સંઘવી ચંદ્રપાલની ઓળખાણ વ્યવસ્થિત આપી છે કે બીજો માણસ આ ફરમાન રજૂ કરી તે જમીન લઈ ન શકે.

આ જેવું ફરમાન છે તેવું ઓળખપત્ર પણ છે.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૯૬, પ્રક૦ ૫૯; આ૦ વિજયસેનસૂરિ; પ્ર૦ ૬૦ ચંદ્રપાલ સંઘવી)

## ફરમાન તેરમું

## બાદશાહે આ૦ વિજયદેવસૂરિને લખેલો પત્ર

### અલ્લાહુ અકબર

હકને ઓળખનાર, યોગાભ્યાસ કરનાર, **વિજયદેવસૂરિએ** અમારી ખાસ મહેરબાની મેળવીને જાણવું કે, "તમારી સાથે પત્તન (માંડવગઢ)માં મુલાકાત થઈ હતી તેથી ખરા મિત્ર તરીકે ઘણું કરીને (હું) તમારા સમાચાર પૂછતો રહું છું. મને ખાતરી છે કે, તમે પણ અમારી સાથે **ખરા મિત્ર** તરીકેનો સંબંધ છોડશો નહીં." આ વખતે તમારો શિષ્ય **દયાકુશળ પંન્યાસ** અમારી પાસે હાજર થયો છે. તમારા સમાચાર તેની દ્વારા જાણ્યા છે. (તેથી) અમે બહુ

जैन साईट JAINSITE .com जयन्तु शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખુશી થયા. તમારો ચેલો પણ બહુ અનુભવી અને તર્કશક્તિવાળો છે. તેના ઉપર અમે મહેરબાનીની નજર રાખીએ છીએ. અને જે કંઈ તે કહે છે તે મુજબ કરવામાં આવે છે. અહીંનું જે કામકાજ હોય તે તમારા પોતાના શિષ્યને લખવું કે જેથી હજૂરમાં જાણવામાં આવે, જેનાથી તેના ઉપર (અમે) દરેક રીતે ધ્યાન દઈશું. અમારા તરફથી સુખે (બેફિકર) રહેશો અને પૂજવાલાયક જાતની પૂજા કરી અમારું રાજ્ય કાયમ રહે એવી દુઆ કરવામાં કામે લાગતા રહેશો. વિશેષ કંઈ લખવાનું નથી.

લખ્યું તા. ૧૯ મહિનો શાહબાન સને ૧૦૨૭




જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ સિક્કામાં '**જહાંગીર મુરીદ શાહ નવાજખાન**' આટલા અક્ષરો છે. (—સૂરીશ્વર અને સમ્રાટ પૃ૦ ૩૯૧, ૩૯૨,)

**નોંધ:—** બા૦ જહાંગીરે પં૦ કલ્યાણકુશળ ગણિના શિષ્ય પં૦ દયાકુશળ ગણિ મારફત તપાગચ્છના ભ૦ **વિજયદેવસૂરિને** હીજરી સન ૧૦૨૭, શાઅબાન મહિનો તા. ૧૯ મી, જુલસી સન ૧૩, ઈલાહી સન ૬૩, તા. ૧૯—૭—૧૬૧૮, વિ૦ સં૦ ૧૬૭૪ના અષાડ મહિનામાં આ પત્ર લખી મોકલ્યો હતો.

બા૦ જહાંગીરે સં૦ ૧૬૭૩માં માંડવગઢમાં આ૦ વિજયદેવસૂરિની જીવનચર્યાની વિવિધ રીતે પરીક્ષા કરી તેમને '**મહાતપા**'નું બિરુદ આપ્યું હતું.

આ પત્ર ભટ્ટા૦ વિજયદેવસૂરિના શુદ્ધ જ્ઞાનબળ, ચારિત્રબળ, તપોબળ તથા પ્રભાવક જીવને બાદશાહ ઉપર જે છાપ પાડી હતી તેનો પરિચય આપે છે. સાથોસાથ બા૦ જહાંગીરનો સરળ સ્વભાવ અને ગુણશોધક દૃષ્ટિનો પણ ખ્યાલ કરાવે છે.

(પ્રક૦ ૪૪ પૃ૦ ૯૧, ૯૬, પ્રક૦ ૫૫—તથા પ્રક૦ ૫૮ મહો૦ ઉદ્યોતવિજય ગ૦ની પરંપરા, પ્રક૦ ૬૦ ભ૦ વિજયદેવસૂરિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બા૦ શાહજહાં :**–( પરિચય માટે જૂઓ–પ્ર૦ ૪૪, પૃ૦ ૯૯)
( **રાજ્યકાળ :**– હીજરી સન ૧૦૩૭ જમાદિ ઉસ્સાની તા. ૮ થી ૧૦૬૮ રમજાન. તા. ૧૭ સુધી; તા. ૪–૨–૧૬૨૮ થી તા. ૯–૬–૧૬૫૮ સુધી; વિ૦ સં૦ ૧૬૮૪ મહા સુદિ ૧૦ થી વિ૦ સં૦ ૧૭૧૫ અષાડ વદિ ૪ સુધી )

## ફરમાન નં. ૧૪ થી ૧૭

બાદશાહ જહાંગીર, તેના પુત્રો–પૌત્રો શેઠ શાંતિદાસ ઝવેરીને બહુ માનતા હતા.

બાદશાહ શાહજહાંએ અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરીને–

ફ૦ ૧૪ (૧) શેઠના મકાન વગેરેની રક્ષા.

ફ૦ ૧૫ (૨) જ્ઞાતિ વ્યવહારની સ્વતંત્રતા.

ફ૦ ૧૬ (૩) ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રાસાદ શેઠને પાછો આપવાની આજ્ઞા.

ફ૦ ૧૭ (૪) શત્રુંજય પહાડ–પાલીતાણા ભેટ આપવાનો હુકમ.

–એમ ચાર ફરમાનો આપ્યાં હતાં.

( જૂઓ, મોગલ ફરમાનો નં૦ ૧૪ થી ૧૭ )

બા૦ શાહજહાં હીજરી સનના જમાદિ ઉસ્સાની ( બીજો ) મહિનાની તા. ૧ થી પોતાનો જુલુસ સન મનાવતો હતો. તેથી તેના જુલુસ સન અને ઈલાહી સનમાં મોટું આંતરું પડતું હતું. તેના જુલુસ સનમાં આશરે ૭૦ મેળવવાથી ઈલાહી સન બનતો હતો.

ઉપરની વિગતનાં ચાર ફરમાનો ગૂજરાતના સૂબા શાહજાદા **મહમુદ ઔરંગઝેબ**, શાહજાદા મહમુદ **દારાશિકોહ** તથા શાહજાદા **મુરાદબક્ષ**ની સૂબાગીરીમાં આપવામાં આવ્યાં હતાં.

( આ ફરમાનોના ગૂજરાતી અનુવાદ માટે જૂઓ–સને **૧૯૨૪**ની ભાવનગર–ગૂજરાતી સાહિત્ય પરિષદ્નો રિપોર્ટ; તથા **જૈન** સત્યપ્રકાશ, ક્રમાંક : ૯૮, પૃ૦ ૪૭ થી ૫૪ )

## ફરમાન ચૌદમું

### બા૦ શાહજહાંનું નગરશેઠના મકાન વગેરેની રક્ષાનું ફરમાન

ગૂજરાતના સૂબાના હાકેમને માલૂમ થાય કે સતિદાસ (શાન્તિદાસ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઝવેરી અરજ કરે છે કે, આલાહઝરજાના બાદશાહના હુકમ મુજબ મજકુર શહેરમાં તેની માલેકીની હવેલીઓ, દુકાનો, બીજી મિલકત તથા બાગ-બગીચા છે. આ ઉપરથી હુકમ કરવામાં આવે છે કે, જહાંપનાહ બાદશાહની કચેરીનો એ ઝવેરી તથા ખેરખ્વાહ વેપારી છે, તેથી કોઈ પણ માણસ એ હવેલીમાં જઈ ઉતારો કરે નહીં, એવો મનાઈહુકમ કાઢવો. અને એ દુકાનોનું ભાડું ઉઘરાવે તેમાં એને કોઈએ અડચણ કરવી નહીં, અને બાદશાહી ફરમાન મુજબ જે બાગ-બગીચા એને મળેલા છે, તે બાબતમાં કોઈએ કંઈ દખલ કરવી નહીં. વળી, વિશેષ હુકમ કરવામાં આવે છે કે, એ સૂબાના અમલદારોમાંથી કોઈ પણ માણસે કોઈ પણ રીતના કાયદાનું બહાનું કાઢી એની માલમિલકત લઈ લેવાનો પ્રયત્ન એના પ્રત્યે કે એના ફરજંદો પ્રત્યે કરવો નહીં કે-જેથી એ તથા એના ફરજંદો નિશ્ચિંત-પણે પોતાના વતનમાં આબાદ થઈ 'અમારી પાદશાહત હમેશાં ચાલુ રહે' એવી ખુદા પાસે અરજ કરતા રહે. અમારા આ હુકમથી વિરુદ્ધ યા ઊલટું કોઈએ વર્તવું નહીં.

લખ્યું તા. ૨ જી નૂરમાહ ઇલાહી સન ૮મો.

ટીપ:- લેખની ઉપરના ભાગમાં મહોર-સિક્કો શાહજહાં બાદશાહનો છે અને બીજો સિક્કો દારાશિકોહનો છે.

(હીજરી સન ૧૦૪૫) —અનુવાદક.

**નોંધ:**- ફરમાનમાં ઇલાહી સન ૮ આપ્યો છે, તે જુલસી સન હોવો જોઈએ. આ રીતે ગણતાં સંભવ છે કે, બાદશાહ શાહજહાંએ શેઠ શાંતિદાસ ઝવેરીને જુલસી સન ૮, ઈલાહી સન ૭૮ નૂરમહિનો તા. ૨ જી, હી૦ સન ૧૦૪૫, ઈ૦ સ૦ ૧૬૩૫ અને વિ૦ સં૦ ૧૬૯૨માં આ ફરમાન આપ્યું હશે.

પરંતુ વિચારણીય પ્રશ્ન એ છે કે, તે સાલમાં ગૂજરાતનો સૂબો મહમદ દારાશિકોહ નહિ પણ શાહજાદો મહમ્મદ ઔરંગઝેબ આલમગીર હતો.

## ફરમાન પંદરમું

## બા૦ શાહજહાંનું જ્ઞાતિવ્યવહારની સ્વતંત્રતાનું ફરમાન

(**સૂચના:**- આ ફરમાન પણ ગૂજરાત (પ્રાન્ત)ના હાકેમ તથા અમલદારોના ઉપર કાઢવામાં આવ્યું છે. —અનુવાદક)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદરહુ શહેરમાં રહેતા મહાજનોમાં **લોંકા** નામની એક કોમ વસે છે. તે કોમ અમારા દરબારમાં આવી, તેણે અમારી મદદ માટે અરજ ગુજારી કે—"**શાંતિદાસ, સૂરદાસ** વગેરે મહાજનો અમારી જોડે ખાનપાનનો તથા સગપણનો વ્યવહાર રાખતા નથી." આ ઉપરથી સૂર્ય જેવા પ્રકાશિત દરબારમાંથી એવો હુકમ કાઢવામાં આવે છે કે, "**ઊંચા દરજ્જાના શરીઅત તથા દેદીપ્યમાન એવા ( અમારા ) ધર્મ પ્રમાણે પરસ્પર** ખાવાપીવાનો અને સગપણનો **વ્યવહાર રાખવો. એ બંને પક્ષની રાજીખુશી તથા રજામંદી (ઇચ્છા) ઉપર આધાર રાખે છે.** તેથી જો એમની તે બાબતની ઇચ્છા હોય તો તેમણે એક બીજા જોડે સગપણનો વ્યવહાર બાંધવો, તથા પરસ્પર જમવા–ખાવાની છૂટ રાખવી, પણ જો તેમ ઇચ્છા ન હોય તો કોઈ પણ શખ્સે કોઈ બીજાને તે બાબત અડચણ કરવી નહીં અને એ સંબંધે કોઈએ કોઈને હેરાન કરવું નહીં. તેમ છતાં જો કોઈ કોઈને હેરાન કરશે તો (અમારા) ધર્મ પ્રમાણે તેનો ન્યાય થશે, તેથી કોઈએ અમારા ફરમાનથી વિરુદ્ધ વર્તવું નહીં.

લખ્યું તારીખ ૨૭ માહે રજબઉલ મુરજજબ ગાદીએ બેઠાનું વરસ ૧૮મું તે હીજરી સન ૧૦૩૪.

**નોંધ :–** આ લેખના ઉપરના ભાગમાં એક મોટી ચોરસ મહોર છે, તેમ એક વર્તુલ આકારની મહોર છે. તે વર્તુલની આસપાસ નવ ગોળાકાર મહોર છે અને તે દરેકમાં બાદશાહના વડવાઓનાં તમૈર ( તૈમૂર ) સુધીનાં નામો છે. પાછળ મહમ્મદ દારાશિકોહની મહોર છે. અને **ઇસ્લામીખાન** મારફત સનદ નીકળી છે. એમ લખ્યું છે. —**અનુવાદક**

## વિશેષ નોંધ :–

આ ફરમાન એ સમયે જૈન સમાજમાં ઉઠેલ એક વા-વંટોળનો ખ્યાલ આપે છે. મુસલમાની યુગમાં દર બીજી–ત્રીજી સદીમાં જૈન સંઘમાં નવા નવા મતવાદો ઊભા થયા. સમાજે તેનો સામનો કરવા મજબૂત પ્રયત્નો કર્યા.

લોંકાશાહે 'લોંકામત' ચલાવ્યો. ત્યારે આવો વા–વંટોળ ઊઠ્યો હતો. આ ફરમાનથી સમજાય છે કે, નગરશેઠ **શાંતિદાસ** ઝવેરી અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ **સૂરદાસ** વગેરે જૈનોએ લોંકામતમાં ભળનારાઓ સાથે **રોટી–બેટી**નો વ્યવહાર બંધ કર્યો, આથી નવા લોંકામતવાળાએ ગૂજરાતના સૂબાને અરજ કરી હતી કે, 'અમદાવાદના જૈનોએ અમારી સાથે ખાનપાન અને રોટી–બેટીનો વ્યવહાર બંધ કર્યો છે. તેને ચાલુ કરાવવો, પરંતુ સૂબાએ આ ફરમાન આપી જાહેર કર્યું કે, 'આ વ્યવહાર દરેકની મરજી ઉપર આધાર રાખે છે. તેમાં કોઈનું દબાણ ચાલી શકે નહીં.' છતાં ખાસ એ જરૂરી છે કે, કોઈએ કોઈને અડચણ કરવી નહીં. કોઈએ કોઈને હેરાન કરવો નહીં.

આ ફરમાન ગૂજરાતના સૂબા મહમ્મદ દારાશિકોહે કાઢ્યું હતું. મહમ્મદ દારાશિકોહ બાદશાહ શાહજહાંનો શાહજાદો હતો. તે ઈ૦ સ૦ ૧૬૪૮ થી ૧૬૫૨ સુધી ગૂજરાતનો સૂબો હતો.

સંભવ છે કે, બાદશાહે સૂબા મારફત જુલસી સન ૧૮, હીજરી સન ૧૦૫૫, રજબઉલ મુરજબ મહિનાની તા. ૨૭ મી, ઈ૦ સ૦ ૧૬૪૪, વિ૦ સં૦ ૧૭૦૧ ભાદરવા સુદિ ૧ ના રોજ આ ફરમાન આપ્યું હોય.

જો કે આ ફરમાનમાં હીજરી સન ૧૦૩૪ લખ્યો છે, પણ ઉર્દૂમાં અક્ષરોની લગભગ સામ્યતા હોવાથી લેખકની કે અનુવાદકની ભૂલ થઈ હોય તેમ લાગે છે. કેમકે હીજરી સં૦ ૧૦૩૪માં દિલ્હીનો બાદશાહ શાહજહાં નહીં પણ જહાંગીર હતો. એટલે સંભવ છે કે બાદ-શાહ જહાંગીર તરફથી ગૂજરાતનો સૂબો શાહજહાં હતો, ત્યારે તેના તરફથી આ ફરમાન અપાયું હોય. અને શાહજહાં દિલ્હીનો બાદશાહ બન્યો ત્યારે ગૂજરાતના સૂબા શાહજહાં મહમ્મદ **ઓરંગઝેબ** આલમગીર સને ૧૬૪૪ થી ૧૬૪૬ અથવા ગૂજરાતના સૂબા મહમ્મદ દારાશિકોહના સમયે ફરી તાજું કરાવ્યું હોય.

આ ફરમાનમાં ઈસ્લામખાનનું નામ પણ મળે છે.

આ ફરમાનમાં શેઠ *સૂરદાસનું નામ છે. તે ત્યારે અમદાવાદમાં

* સં૦ ૧૭૫૬ પો૦ શુ૦ ૧૨ શનિવારે સિદ્ધિયોગમાં પાટણમાં પં૦ સત્યવિજયગણિવરનું સ્વર્ગગમન થયું ત્યારે પાટણમાં જે સૂરચંદ શા હતા, તે આમનાથી જુદા જાણવા. તેમણે ત્યારે બંદીવાનો છોડાવ્યા. પંન્યાસજી મહારાજનો સ્વર્ગગમન ઉત્સવ કર્યો હતો. ( પં૦ સત્યવિ૦ ગ૦ નિર્વાણ રાસ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન સંઘનો મુખ્ય આગેવાન હતો. તેણે અમદાવાદમાં " સૂરદાસ શેઠની પોળ " બનાવી હતી. જે હાલ પ્રસિદ્ધ છે.

તેને (૧) રતન અને (૨) ધનજી એમ બે પુત્રો હતા.

(૧) ગારિયાધારના ઠા૦ કાંધાજી ગોહેલ વગેરેએ વિ૦ સં૦ ૧૭૦૭ સને ૧૬૫૧માં **શેઠ શાન્તિદાસ સહસ્રકિરણ** અને શા. **રતનાસૂરા** સાથે જ " શત્રુંજયતીર્થના રખોપાનો કરાર કર્યો હતો."

(જૂઓ આ૦ ક૦ પેઢી પ્રકાશિત રખોપાના કાગળો)

(૨) શેઠ " રતનાસૂરા " વિ૦ સં૦ ૧૭૭૦ સુધી વિદ્યમાન હતો. અને " સૂરતના સંઘપતિ પ્રેમજી પારેખ "ના યાત્રાસંઘ સાથે શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવા ગયો હતો.

(જૂઓ પ્ર૦ ૫૭–" સૂરતના સંઘપતિઓ. ")

(૩) શા૦ ધનજીએ ભ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી સં૦ ૧૭૧૨ માગસરમાં અમદાવાદમાં આઠ હજાર મહમુદી ખરચી ભ૦ વિજયપ્રભસૂરિનો વંદણા મહોત્સવ કર્યો હતો. ( પ્ર૦ ૬૦　　　)

શેઠ ધનજીએ સં૦ ૧૬૯૯માં મહો૦ યશોવિજય ગણિને ભણવા કાશી મોકલવા વિનંતિ કરી અને પોતે પંડિતના ખર્ચ માટે બે હજારનું વચન આપ્યું હતું.

(જૂઓ પ્રક૦ ૫૮-"મહો યશોવિજય ગણિ" પ્ર૦ ૫૯–"ધનજી સૂરા")

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

## ફરમાન સોળમું　(૧) નકલ

## બાદશાહ શાહજહાંએ શેઠ શાંતિદાસ ઝવેરી વગેરે જૈનોને ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનો પ્રાસાદ પાછો સોંપવાને આપેલું ફરમાન　(નકલ છે)

### બિસમિલ્લા રહેમાન રહિમ

મહોર શાહજાદા　　તોગરા દસ્ખત શાહજાદા તોગરા દસ્ખત શાહજાદા

બાદશાહ
ગાજી ઇબ્નિ
શાહજાદા મહમદ
દારાશિકોહ

નિશાન અલીશાન
શાહજાદા બુદેલ
અકબાલ મહમદ
દારાશિકોહ

ફરમાન અબ્દુલ
મુજફર શાહબુદીન
મહમદ સાહબ કુરાન
સાની શાહજાદા બા૦
શાહ ગાજી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

હાકેમો તથા સૂબેદારો તથા મુત્સદ્દીઓ આવનાર અને સૂબા ગૂજરાતના ખસુસન લાયક તરેહ તરેહના સજાવાર આલી મરતબાં જમા મરદી ખાસ ગેરતખાન તથા મેહેરબાની સુલતાનની મુસ્તહેલ મુસ્ત સબરના જાન નારકે અને પહેલાં આ મુકરદમાની વચમાં દહેરાં તે વખતના શેઠ શાંતિદાસ ઝવેરી હુકમે આલીસન સાહન તરેહ તરેહનાં ઉનતૂલ મુલક **શાહસ્તાખાનનો** હુકમ થયો કે, શાહજાદા ઔરંગઝેબ બહાદુરે તે જગોએ મહેરાબી કેટલીએક કરીને તેનું નામ **મસ્જિદ** પાડ્યું. તે વખતે મુલ્લાં **અબદુલ હકીમે** અરજ કરી કે, “ એ મકાન સરેનામ વાકીક તથા ગેરહકનાં તાલુકાના સબબ હુકમ મસ્જિદનો નથી રાખતો, વાસ્તે હુકમ જાંહાં ફરમાબરદારીનો ગુજરગજારી થાય છે, જે મકાન શાંતિદાસની મિલકતમાં તાલુક રાખે છે.” તથા મહેરાબીને સકરના સબબથી શાહજાદા નામદારે તે જગોમાં નવું બનાવ્યું છે, તે એમ મુજાહેમ ન થવું ને તે મહેરાબો કાઢી નાખજો અને મકાન મજકુરને તેને હવાલે કરજો. આ દિવસમાં હુકમ જાંહાંતનો માનવા જેવો સૂરજની રોશની જેવો એવો થાય છે. મહેરાબી શાહજાદે કામગારી મોટા મરતબાની કરી હતી. તે બહાલ રાખી દેવલરવેસે મહેરાબો ભીંતે પડદા સબબથી નજદીક મહેરાબ કરજો. તે વાસ્તે હુકમ થયો છે જે કે ખુદાવંત બાદશાહ બુલંદ તેમના નોકર તેમની મહેરબાનીથી દેવલ મજકુરને **શાંતિદાસને બક્ષે છે.** પ્રથમના દસ્તુર માફીક તે મકાન તેમના કબજામાં રાખે. હરેક રીતે તેમને ગમે તેમ વાકીક પોતાના ધરમ પ્રમાણે પરમેશ્વરનું ભજન કરે. તેમાં કોઈ આદમી તેને ઈજા કરે નહીં તથા બીજા ફકીર લોકો તે જગો મકાન કરી રહ્યા છે, તેમને ત્યાંથી કઢાવી શાંતિદાસને ઈજા તથા કીનાથી ખુલાસો કરજો. તથા અરજીમાં પહોંચ્યો છે કે બીજા **વહોરા લોકોએ** દેવળની ઈમારત ઉઠાવી લઈ ગયા છે, એ હકીકત બ્યાન કરી, ઉપર મસાલો તેમનાથી લઈ તેમને પહોંચાડજો. અગર એમનો સામાન ખર્ચ કર્યો હોય તેની કિંમત તેમની પાસેથી લઈ શાંતિદાસને પહોંચાડજો. એ બાબતમાં તમામ તાકીદ જાણીને હુકમ ફેરવશો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહીં. તા. ૨૧ **જમાદીલો** આલ્વેરશાંની સન ૧૦૫૮, ફરમાન ઉપર સહી તથા મહોર મારી પછવાડે ફરમાન નિશાની.

તરજુમો કરનારની સહી
જંગબાહાદૂર કાશીદીનની
ફારસીમાં સહી છે.

**નોંધ :–** આનો અસલ ફારસી દસ્તાવેત **શેઠ પ્રેમાભાઈ હેમાભાઈને** ત્યાં છે. ને તરજુમાની તથા અસલ ફારસીની નકલો દશક્રોઈના મામલતદાર સાહેબને ત્યાં તારીખ માહે સને ૧૮૮૮ ના રોજ રેવન્યુ સર્વેના સુપરિન્ટેન્ડેન્ટ ફરનાન્ડીઝ સાહેબને જોવાસારુ આપી છે.

( –જૈન ઐતિહાસિક રાસમાળા, ભા૦ ૧, સમાલોચના પૃ૦ ૨૯ )

## ફરમાન સોળમું (૨) નકલ

## બાદશાહ શાહજહાંનું ચિંતામણિ જૈન મંદિર જૈનોને પાછું સોંપવાનું ફરમાન

**સૂચના:** ગૂજરાતના સૂબા તથા અમલદારોના અંગે જે ખિતાબો વગેરે વાપર્યા છે, તેનો અમે અનુવાદ કર્યો નથી. —અનુવાદક.

ગૂજરાતના હાલના તથા હવે પછીના સૂબાઓને માલૂમ થાય કે અત્યાર પહેલાં ગૂબ્દે ઉલ્ અકરાન્ **શાંતિદાસ** ઝવેરીના દેરાસરની બાબતમાં ઉમ્દત્ ઉલ્ મુલ્ક **શાયસ્તાખાન** નામ પર ફરમાન નીકળ્યું હતું કે શાહજાદા સુલતાન **ઔરંગઝેબ** બહાદૂરે ત્યાં થોડા મહેરાબ (કમાનો) બનાવી, તેને મસ્જિદનું નામ આપેલું, અને તે પછી મુલ્લા અબ્દુલ હકીમે અરજ કરી જણાવ્યું કે, “એ મકાન પર બીજો માણસ પોતાનો હક હોવાનો દાવો કરે છે, તેથી આપણા પાક ધર્મ મુજબ એ મસ્જિદ ગણાય નહીં.” આ ઉપરથી બાદશાહી હુકમ નીકળ્યો હતો કે, “એ મકાન **સતિદાસ** (**શાંતિદાસ**)ની મિલકત જોડે તાલ્લુક (સંબંધ) ધરાવે છે અને નામદાર શાહજાદાએ મહેરાબની સીકલવાળા મકાનનો ત્યાં પાયો નાખ્યો છે, તેથી તેને કોઈ રીતે હરકત થવી જોઈએ નહીં. **તેથી એ મહેરાબને ત્યાંથી ખસેડી નાખવો** અને મજકુર મકાન તેને હવાલે કરી દેવું.” હવે આ

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

બાબતમાં આખી દુનિયા જેને તાબે છે એવા બાદશાહનો **હુકમ** નીકળ્યો છે કે, “ ઊંચા દરજ્જાના નામદાર શાહજાદાએ એ મહેરાબ બનાવ્યો છે, તે કાયમ રાખવો અને દેરાસર અને મહેરાબની વચમાં મહેરાબની પાસેથી એક દિવાલ ચણી લેવી કે જેથી એ બે વચ્ચે એક પડદો થાય.” એટલા માટે હુકમ કરવામાં આવે છે કે, ઊંચા દરજ્જાના બાદશાહના **બંદાઓએ** જ્યારે મજકુર સતિદાસ ( શાંતિદાસ )ને એ દેરાસર મહેરબાનીની રાહે **બક્ષિસ** જ આપ્યું છે, ત્યારે આગળની રીત મુજબ તે તેનો કબજો લઈ લે અને પોતાના ધરમ મુજબ જેમ ચાહે તેમ તેમાં પૂજા કરે અને કોઈ પણ માણસ તેમાં તેને હરકત કે અટકાવ કરી શકે નહીં અને વળી, કેટલાએક ફકીરો, જેઓ ત્યાં મુકામ કરી પડ્યા છે તેમને ત્યાંથી ખસેડી સતિદાસને તેમના તરફથી થતી અડચણ તથા તેમના તરફથી ઊભા થતા કજિયામાંથી મુક્ત કરવો.” અને વળી અમને એવું પણ જણાવવામાં આવ્યું છે કે, ‘ બાવરી જાતના કેટલાએક એ દેરાસરની ઇમારતનો મસાલો લૂંટી ગયા છે, તો ગમે તે પ્રકારે પણ એ મસાલો પાછો મેળવી મજકુર શખ્સને આપવો.’ અને જો તે લોકોએ તે મસાલો વાપરી નાખ્યો હોય તો તેમની પાસેથી તેની કિંમત લઈને સતિદાસને આપવી, આ બાબત આ **બાદશાહી ફરમાન** છે એમ ગણી, તેનાથી વિરુદ્ધ યા ઊલટું કોઈએ ચાલવું નહીં.

લખ્યું તા. ૨૧ મહિનો જમાદિઉલસ્સાની સને ૧૦૮૧.

**નોંધ :–** મથાળે મહોર–સિક્કો શાહજહાંના પુત્ર મહમદ દારાશિકોહનો છે.

–અનુવાદક

**સૂચના :–** શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ અનુવાદિત કરેલાં આ ૭ ફરમાનોમાંની હકીકતનું સમર્થન કરે એવું એક લખાણ **શ્રી. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ** લખેલ “ ટચૂકડી ચોથી સો વાતો ’ નામક પુસ્તકમાંથી ઉધ્ધૃત કરીને અહીં પરિશિષ્ટ રૂપે આપ્યું હતું તેને અમો અહીં સારરૂપે આપીએ છીએ.

**–સંગ્રાહક**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ફરમાન સોળમું (૩) નકલસાર

## બાદશાહ શાહજહાંનું ચિંતામણિ જૈનમંદિર પાછું આપવાનું ફરમાન

સામાન્ય રીતે એવું મનાય છે કે, "મુસલમાનો હિંદુઓને જુલમથી વટાળતા, તેમનાં દેવાલયો તોડી નાખતા, અને હિંદુ ધર્મનો ઉચ્છેદ કરવા મથતા." પરંતુ જ્યારે કેટલાક મુસલમાન બાદશાહો "આવાં કાર્ય કરવાથી પોતાના ધર્મને લાભ થાય છે" એમ ગણતા ત્યારે બીજાઓ "હિંદુ–મુસલમાનોને સરખા ગણી, તેમને અદલ-ઈન્સાફ આપવામાં સર્વધર્મને માન આપવામાં આવે, અન્ય ધર્મ સાથે ભાઈચારો વધારવામાં આપણું કર્તવ્ય રહેલું છે" એમ સમજતા. **બાબર, અકબર, જહાંગીર** અને **શાહજહાં** આ બીજા વર્ગના બાદશાહો થઈ ગયા.

અમદાવાદના નગરશેઠ **શાંતિદાસ** ઝવેરીએ ઘણા પૈસા ખરચીને મોટું જૈન દેવાલય બંધાવ્યું હતું. શાહજાદા **ઔરંગઝેબ**ના હુકમથી તે દેવળ તોડી પાડીને તેને ઠેકાણે **મસીદ** બાંધવામાં આવી. તેથી નારાજ થઈ **શાંતિદાસ** બાદશાહને ફરિયાદ કરવા દિલ્હી ગયા, શાહજહાંએ શેઠની સર્વ હકીકત સાંભળીને ન્યાયની ખાતર પોતાના શાહજાદા **દારાશિકોહની** સહીથી પરવાનો લખી મોકલ્યો, તેમાં અમદાવાદના હાકેમને એવું ફરમાવ્યું કે, તેણે **મસીદને સ્થળે નવું દેરું બાંધી આપવું,** જૂના દેવળનો જે સરસામાન મુસલમાનોએ લઈ લીધો હોય તેનો કબજો શેઠને સોંપવો. હવે પછી કોઈએ તેમને હેરાનગતિ કરવી નહીં. તથા અમુક અમુક જૈન તહેવારોએ શહેરમાં જીવહિંસા કરવી નહીં. **પરધર્મી બાદશાહે** જેવો ઈન્સાફ આપ્યો તેવો ઈન્સાફ બીજા **પરધર્મી મહારાજા** ભાગ્યે જ આપી શકે.

વળી, બાદશાહ શાહજહાંએ જૈનોના પૂજ્ય **શેત્રુંજા પર્વતની** આસપાસ તેમ **પાલીતાણામાં** જીવહિંસા ન કરવાનો પરવાનો કાઢયો હતો. એ જ પ્રમાણે અકબર અને જહાંગીર બાદશાહે પણ જીવહિંસા ન કરવાના પરવાના કાઢયા હતા, તથા જૈનધર્મને મદદ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાના હુકમો કર્યા હતા. આવા ન્યાયી બાદશાહો મુસલમાનો હોવા છતાં પણ તેમને માટે હિંદુઓ વફાદારી બતાવે એમાં શી નવાઈ?

શેઠ શાંતિદાસ ઠેઠ, દિલ્હી દ્વાર જૈ ચઢયા,
પાદશાહ પાસ અર્જ, આપવા ત્યહાં અડયા;
દેહરો બાંધી આપવા, મસીદ પાડી નાખવા,
ન્યાયનો ઠરાવ કીધ, **શાહ** નામ રાખવા.

(–જૈન સત્યપ્રકાશ, વર્ષ : ૯ અંક ૨,
ક્રમાંક : ૯૮, પૃ૦ ૪૭ થી ૫૪)

**નોંધ :**– બા૦ શાહજહાંએ શાહજાદા મહમ્મદ દારાશિકોહના હાથે ગૂજરાતના સૂબા શાયસ્તીખાન સૂબા ઉપર જુલસી સન ૨૨, હીજરી સન ૧૦૫૮ મહિનો જમાઉદ્દીલ–જમાઉસ્સાની (બીજા)ની તા. ૨૧મીના રોજ ઈ૦ સ૦ ૧૬૪૮ જુલાઈ, વિ૦ સં૦ ૧૭૦૫ના શ્રાવણ મહિનામાં આ ફરમાન લખી મોકલ્યું હતું. તેણે તેમાં ‘અમદાવાદના સરસપુરનો શ્રીચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ અસલ હતો, તેવો બનાવી શાંતિદાસ ઝવેરીને પાંછો સોંપી દેવાનો બાદશાહી હુકમ કર્યો હતો. અમે ઉપર આ ફરમાનની બે જાતની નકલો આપી છે. તેમાંની બીજી નકલમાં સને ૧૦૮૧ લખ્યો છે. તે કયો સંવત છે તે સમજાતું નથી. (પ્રક૦ ૪૪ પૃ૦ ૧૦૦)

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ફરમાન સત્તરમુ (૧) નકલ

## બા૦ શાહજહાંએ શેઠ શાંતિદાસ ઝવેરીને શત્રુંજય પહાડ, પાલીતાણા ગામ ઈનામમાં આપ્યાં તેનું ફરમાન

મુરાદ તરફથી મળેલી સનદ

શાહજહાંના દીકરા અને ગૂજરાતના સૂબા મુરાદબક્ષે પરશિયન ભાષામાં લખેલી સનદનો તરજુમો

**મહેરબાન ખુદાના નામે**

સીલ

સોરઠની સરકારના હાલના અને ભવિષ્યના હિસાબો શાહી

મહેરબાનીથી અને ઉમેદથી ઉમદા થાય છે. એ હિસાબ રાખનારાઓને માલૂમ થાય જે, "**શાંતિદાસ** ઝવેરી જે અમીરોમાં પહેલા દરજ્જાના છે." તેમણે અમારા સ્વર્ગસમા દરબારમાં બધા દરબારીઓ સમક્ષ જાહેર કર્યું છે કે, "સોરઠ સરકારના તાબામાં આવેલા **પાલીતાણા** નામના ગામ આગળ **શેત્રુંજા** નામનું હિંદુલોકોનું યાત્રાનું ધામ આવેલું છે, અને આજુબાજુના લોકો ત્યાં યાત્રાએ જાય છે. "ઉમદા દરજ્જાવાળા તરફથી મહેરબાનીની રાહે એવો હુકમ કરવામાં આવ્યો છે કે, "અમીરોમાં સૌથી ઊંચા દરજ્જાના મજકુર ઇસમને આ મોસમની શરૂઆતથી મજકુર ગામ **ઈનામ** તરીકે આપવામાં આવ્યું છે," જેથી આ ગામને એમનું ઈનામ ગણીને એમાં કોઈ જાતની દખલગીરી કરવી નહીં.

આજુબાજુના જિલ્લાના તથા પ્રદેશના લોકો આ જગ્યાએ નિર્ભય થઈને યાત્રા કરવા આવે, આ બાબતમાં તાકીદનો આ ખાસ હુકમ જાણી એને પાળવામાં કોઈએ કસૂર કરવી નહીં.

પવિત્ર મહોરમ મહિનાના ૨૯ મા દિવસે લખ્યું, અમારા સારા રાજ્યના ૩૦ મા વરસમાં.

જૈનમ્ જયતિ શાસનમ્

દઃ– નમ્ર સેવક

અલીનખાન

સીલ

નકલ દિવાન કચેરીમાં રાખી લીધી છે.

( ખરો તરજુમો )

( સહી : ) ગુલામ મોહીદીન–તરજુમો કરનાર

(રખોપાના કાગળો પ્રક૦ ૪૪; પૃ૦ ૧૦૨, પ્રક૦ ૪૪–ગોહેલવંશ)

## ફરમાન સત્તરમું (૨) નકલ

## બા૦ શાહજહાંનું શત્રુંજય પહાડ ભેટ આપ્યાનું ફરમાન

સોરઠ સરકારના હાલમાં કામ કરતા તથા ભવિષ્યમાં થનાર અમલદારો, જેઓ સુલતાનની મહેરબાનીની આશા રાખે છે. તથા તે મહેરબાનીને યોગ્ય ગણવા માગે છે. તેમને માલૂમ થાય કે

ગૂઝ્દે ઉલ્ અકરાન ( એક ખિતાબ છે. ) **શાંતિદાસ** ઝવેરીએ સ્વર્ગ સમાન અમારા દરબારમાં એક અરજદાર તરીકે અરજ કરી જણાવ્યું કે, "સદરહુ સરકારના તાબાના પરગણામાં મોજે **પાલીતાણા** નામે એક ગામ આવેલું છે, તેમાં હિંદુઓની પૂજાનું એક સ્થાન જેને શેત્રુંજો કહે છે તે આવેલું છે, અને ત્યાં આસપાસના માણસોની તીર્થ માટે જાત્રા કરવા આવ-જાવ થયા કરે છે." તેથી ઊંચા દરજ્જા અને ઉમદા પદવીવાળા (બાદશાહ)નો હુકમ કાઢવા તથા પ્રદર્શિત કરવામાં આવે છે કે, પાનખર ઋતુની શરૂઆતથી ( પિચીઈલિ મહિનાથી) મજકુર મોજે (ગામ) ઉપર જણાવેલા ગૂઝ્દે ઉલ્ અકરાનને અમે મહેરબાનીની રાહે ઇનામમાં આપ્યું છે.

( અમને આ પછીનું લખાણ મળ્યું નથી.)

( જૂઓ–જૈન સત્યપ્રકાશ ક્રમાંક–૯૮ )

**નોંધ:–** બા૦ શાહજહાંએ જુલસી સન ૩૦, મહિનો મહોરમ ઉલ્હરામની તા. ૨૯મી, હીજરી સન ૧૦૬૬, ઈ૦ સ૦ ૧૬૫૬, વિ૦ સં૦ ૧૭૧૩ના કાર્તિક સુદિ ૧ના રોજ—

ગૂજરાતના સૂબા શાહજાદા મુરાદબક્ષ ( ઈ૦ સ૦ ૧૬૫૪ થી ૧૬૫૭ ) ઉપર આ ફરમાન લખી મોકલી શેઠ શાંતિદાસ ઝવેરીને શત્રુંજય પહાડ–પાલીતાણા ઇનામમાં આપેલ હતાં.

બા૦ અકબરે આ૦ હીરવિજયસૂરિને તથા બા૦ શાહજહાંએ શેઠ શાંતિદાસ ઝવેરીને શત્રુંજય તીર્થ–પહાડ ભેટ–ઇનામ તરીકે આપ્યાં હતાં. આથી જ પાલીતાણાના ઠાકોરે જ્યારે શત્રુંજય તીર્થનો મુંડકાવેરો લેવાનું નક્કી કર્યું ત્યારે તેણે જૈન મુનિવરો અને શેઠ શાંતિદાસ ઝવેરીના વંશજોનો મુંડકાવેરો લેવાનું માફ જાહેર કર્યું હતું. ( રખોપાના કાગળો )

**વિશેષ નોંધ:–**

બા૦ શાહજહાંએ અમદાવાદના નગરશેઠને ઉપર મુજબ ચાર ફરમાનો આપ્યાં હતાં. તે પૈકીનું.

ફ૦ નં. ૧૪ હીજરી સન ૧૦૪૫, વિ૦ સં૦ ૧૬૯૨માં.

ફ૦ નં. ૧૫ હીજરી સન ૧૦૫૪, વિ૦ સં૦ ૧૭૦૧ ભા૦ સુ૦ ૧.

ફ૦ નં. ૧૬ હીજરી સન ૧૦૫૮, વિ૦ સં૦ ૧૭૦૫ શ્રાવણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફ૦ નં. ૧૭ હીજરી સન ૧૦૬૬, વિ૦ સં૦૧૭૧૩માં આપ્યાં હતાં.

ફરમાન નં. ૧૭ થી સ્પષ્ટ થાય છે કે-બા૦ શાહજહાંએ જુલસી સન-૩૦ મોહમ ઉલહરામ મહિનાની તા. ૨૯ મી, હીજરી સન ૧૦૬૬, સને ૧૬૫૬, વિ૦ સં૦ ૧૭૧૩ કા. સુ ૧ના રોજ ગૂજરાતના સૂબા શાહજાદા મુરાદબક્ષ (ઈ૦ સ૦ ૧૬૫૪ થી ૧૬૫૭) ઉપર ફરમાન લખી મોકલી શેઠ શાન્તિદાસ ઝવેરીને શત્રુંજય પહાડ તથા પાલીતાણા ઈનામમાં આપ્યાં હતાં. હવે ફરમાનો બાબત વિશેષ આ પ્રમાણે મળે છે.:-

શ્રીચંદ્ર પરમાર લખે છે કે:-

શ્રી શાન્તિદાસે આ રૂપૈયા માટે ઔરંગઝેબ પાસેથી હીજરી સન ૧૦૬૧ના ધીરેલા જિલ્હજ મહિનામાં ફરમાન મેળવ્યું.

આ ફરમાનમાં તે વખતના ગૂજરાતના દીવાન રહેમતખાન અને સુબા નવાઝખાન પર ઉપરોક્ત કરજ પેટે વિના વિલંબે રાજ્યની તીજોરીમાંથી એક લાખ રૂપૈયા ભરપાઈ કરવાની તાકીદ કરવામાં આવી હતી.

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्

## ઔરંગઝેબનું અગત્યનું ફરમાન

શ્રી શાન્તિદાસ શેઠને હીજરી સન ૧૦૭૦ના રજબ માસની ૧૦ મી તારીખે ઔરંગઝેબ પાસેથી એક ફરમાન મળ્યું, એમાં શ્રી શાન્તિદાસની કદરદાની કરવામાં આવી હતી. અને તે માટે શત્રુંજય, જુનાગઢ નજીકનો ગિરનાર અને શિરોહી રાજ્યનો આબુ એમ ત્રણે પહાડ ભેટ આપવામાં આવ્યા હતા. પર્વતો પર થતા ઘાસચારા સાગ બળતણ પણ શ્રાવક કોમને અર્પણ કરવામાં આવ્યા હતા. આ ફરમાનમાં અમલદારોને તેના અમલ માટે ખાસ તાકીદ કરવામાં આવી હતી. અન્ય રાજાઓ શ્રી શાન્તિદાસને સંતાપે નહીં બલ્કે તેમને સહાયભૂત થઈને પોતાની કૃપા મેળવે તેની ખાસ નોંધ પણ છે. ઉપરાંત તે વખતે દર વર્ષે જમીન જાગીરની સનદ તાજી કરાવવી પડતી હતી. તે નહિ કરવાનો પણ તેમાં ઉલ્લેખ છે. છેવટે ફરમાનમાં લખ્યું છે કે " જે

કોઈ પ્રાન્ત અને પહાડ અમે ( શ્રી શાન્તિદાસને ) સોંપ્યો છે, તે માટે કોઈ દાવો કે આક્રમણ કરશે તો તે લોકોની બદદુઆ અને અલ્લાહની લ્યાનતને પાત્ર કરશે.

( તા. ૨૮-૪-૧૯૬૨નું ગુજરાત સમાચાર, વર્ષ-૩૧, અંક-૧૩૫ પૃ૦ ૯ )

આ લેખ ઉપરથી તારવી શકાય છે કે બા૦ શાહજહાં તથા શાહજાદા ઔરંગઝેબે ગુજરાતના સુબા નવાજખાન ઉપર હીજરી સન ૧૦૬૧માં એટલે વિ૦ સં૦ ૧૭૦૮ શેઠ શાન્તિદાસની રકમ પાછી વાળવાનું ફરમાન મોકલ્યું હતું. (૨) બા૦ ઔરંગઝેબે હીજરી સન ૧૦૭૦ના રજબ મહિનાની. તા ૧૦મીએ વિ૦ સં૦ ૧૭૧૭ ચૈત્ર સુદિ ૯, ૧૦ કે ૧૧ના રોજ સને ૧૬૬૦ના ફેબ્રુઆરીમાં શેઠ શાન્તિદાસને શત્રુંજય, ગીરનાર, આબુ તીર્થો ઇનામ આપ્યાં.

અમારી ઇચ્છા છે કે-આ બંને ફરમાનો જોયા પછી ભવિષ્યમાં આ ઇતિહાસના છેલ્લા પ્રકરણોમાં કે બીજી આવૃત્તિઓમાં વિશેષ પ્રકાશ પાડવો.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ફરમાન ૧૮ થી ૨૩

## ૧૧મો, બા૦ મુહીઉદ્દીન મહમ્મદ ઔરંગઝેબ આલમગીર ( પરિચય માટે જૂઓ પ્ર૦ ૪૪ પૃ૦ ૧૦૩ થી ૧૦૫)

( **રાજ્યકાળ:**- હીજરી સન ૧૦૬૮ જિલ્કાદ તા. ૧ થી સન ૧૧૧૮ જિલ્કાદ તા. ૨૮ સુધી; તા. ૨૩-૭-૧૬૫૮ થી તા. ૨૧-૨-૧૭૦૭ સુધી; વિ૦ સં૦ ૧૭૧૫ ના શ્રા૦ સુ૦ ૩ થી વિ૦ સં૦ ૧૭૬૩ ફા૦ વ૦ ૧૪ સુધી )

તેનું મૂળ નામ મુહીઉદ્દીન મહમ્મદ ઔરંગઝેબ આલમગીર હતું, આથી તે અને મહમ્મદ દારાશિકોહના નામો વચ્ચે ભ્રમણા ઊઠે છે.

બા૦ **ઔરંગઝેબે** જૈનાચાર્યોના ઉપદેશથી વિવિધ **ફરમાનો** આપ્યાં હતાં, જો કે તે મળતાં નથી પણ ઇતિહાસમાં તેના ઉલ્લેખો જોવા મળે છે, તે આ પ્રમાણે—

**ફરમાન અઢારમું :-**

બા૦ **ઔરંગઝેબે** ભ૦ **હેમવિમલસૂરિની** પરંપરાના પં૦ **પ્રતાપકુશળને** ઇનામમાં પાંચ સાત ગામ આપી ફરમાન આપ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ફરમાન ઓગણીસમું :—**

બા૦ **ઔરંગઝેબે** સં૦ ૧૭૫૦ માં આગરામાં **ભ૦ વિજયરત્નસૂરિ**ના આજ્ઞાવર્તી અને **મહો૦ સોમવિજય** ગણિની પરંપરાના **પં૦ લાલવિજય**ગણિ તથા **પં૦ સૌભાગ્યવિજય**ગણિને શાંતિપૂર્વક રહેવાનું ફરમાન આપ્યું હતું.

(—જૂઓ, પં૦ સૌભાગ્યવિજયગણિકૃત તીર્થમાળા)

**ફરમાન વીસમું :—**

બા૦ ઔરંગઝેબે તપગચ્છના ભ૦ **વિજયરત્નસૂરિ** તથા પં૦ ભીમવિજય ગ૦ના ઉપદેશથી અને ઔરંગઝેબના સૂબા **અસલખાન**ની પ્રેરણાથી, પં૦ ભીમવિજય ગણિને ફરમાન આપ્યું કે—'અજમેરનો સૂબો અજમેર, મેડતા, સોજત, જયતારણ, અને જોનપુર વગેરે શહેરોના **જૈનોના ઉપાશ્રયો** જેણે જેણે દબાવ્યા હોય તેની પાસેથી પાછા લઈ જૈનસંઘોને સુપ્રત કરે.

(—જૈ૦ ૫૦ ઇ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૫, પ્રક૦ ૫૮ પં૦ ભીમવિજયરાસ; ગદ્ય ગુજરાતી પટ્ટાવલી, પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨ પૃ૦ ૨૫૯ )

**ફરમાન એકવીસમું :—**

બા૦ ઔરંગઝેબના સૂબા **મહમ્મદ આઝમે** પોતાની સૂબાગીરી (ઇ૦ સ૦ ૧૭૦૩ થી ૧૭૦૫; વિ૦ સં૦ ૧૭૬૦ થી ૧૭૬૩)માં "સર્વસંન્યાસી અને ફકીરોને અમદાવાદ બહાર ચાલ્યા જવાનો હુકમ કર્યો હતો. (સં૦ ૧૭૬૦) તેણે ભ૦ **વિજયરત્નસૂરિ** (સં૦ ૧૭૩૨ થી ૧૭૭૩)ના ઉપદેશથી સૌ સંન્યાસીને અમદાવાદમાં રહેવાની છૂટ આપી તે હુકમને પાછો ખેંચી લીધો. (—પ્રક૦ ૪૪—પૃ૦ ૧૦૫)

*

**૧૨ બા૦ બહાદુર આલમ પહેલો.** (પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૬)

(**રાજ્યકાળ :—** હીજરી સન ૧૧૧૯ રવિઉલઅવ્વલ તા. ૧૮ થી ૧૧૨૪ મહોરમ તા. ૨૪, તા. ૮—૬—૧૭૦૭ થી ૧૮—૨—૧૭૧૨ ચૈત્રાદિ સં૦ ૧૭૬૪ અષાડ વદિ ૪ થી સં૦ ૧૭૬૮ ફા૦ વ૦ ૭ સુધી).



www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

## ફરમાન બાવીસમું :—

### જૈન સાધુને કુલ્પાકતીર્થ ઇનામ આપ્યાનું ફરમાન

બા૦ શાહઆલમ બહાદુરશાહના હૈદ્રાબાદના સૂબા મહમ્મદ યુસુફખાને વિ૦ સં૦ ૧૬૬૭ના ચૈત્ર શુદિ ૧૦ ને રવિવારે પુષ્ય નક્ષત્ર અને વિજય મુહૂર્તમાં ભટ્ટા૦ વિજયરત્નસૂરિના સમયે તપગચ્છના મહો૦ મેઘર્ષિગણિની પરંપરાના પં૦ દામર્ષિગણિના શિષ્ય પં૦ **કેસરકુશળગણિને** કુલ્પાક તીર્થ ભેટ આપ્યું અને જૈનસંઘે તેનો જીર્ણોદ્ધાર કરી પંન્યાસજીના હાથે તેમાં ભ૦ માણિકયસ્વામી–ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી. (જૂઓ કુલ્પાકતીર્થના શિલાલેખો.)

## ફરમાન ત્રેવીસમું :—

### હીરવિહાર માટે જમીન ભેટ આપવાનું ફરમાન

સૂબો મહમ્મદ યુસુફખાન પં૦ કેસરકુશળગણિનો ભક્ત હતો. આથી તેણે તેમને હૈદ્રાબાદ શહેરની બહાર જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિનો **હીરવિહાર** (દાદાવાડી) બનાવવા માટે મોટી જમીન ઇનામમાં આપી. સંઘે ત્યાં હીરવિહાર બંધાવ્યો. ત્યારે તપગચ્છમાં સૌનું હીરવિહાર (દાદાવાડી) બનાવવાનું વિશેષ લક્ષ્ય હતું. (પ્રક૦ ૪૪, પ્રક૦ ૫૫ તથા ૫૮–મહો૦ ઉદ્યોત વિ.ગણિની ૭મી પરંપરા) પણ આસમાની સુલતાની વખતે તે હીરવિહાર નાશ પામ્યો અને હૈદ્રાબાદના પ્રસિદ્ધ જૈન અમરશી સુજાનમલજીના સમયે તે જમીનનોપટ્ટો, ફરમાન પણ નાશ પામ્યાં. તે પછી ખરતરગચ્છના સંઘે ત્યાં આ૦ જિનકુશળસૂરિની દાદાવાડી બનાવી છે, જે આજે દાદાવાડી તરીકે પ્રસિદ્ધ છે. આ જમીનનું ફરમાન કે પટ્ટો મળતાં નથી, પણ સૌ કોઈ જાણે છે કે–સૂબાએ આ જમીન પં૦ કેસરકુશળગણિને આપી હતી અમને લાગે છે કે આ૦ જિનકુશલસૂરિ અને પં૦ કેશરકુશલગણિ એ બન્નેનાં નામોમાં કુશલ શબ્દ હોવાથી તે સ્થાન દાદાવાડી બન્યું હોય.

(જૂઓ–સને ૧૯૬૨નો હૈદ્રાબાદના 'જૈન સેવાસંઘ'નો વિશેષાંક: પૃ૦ ૪૬ તથા પ્રક૦ ૪૪ પૃ૦ ૧૦૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૪. બા૦ ફરૂખશેઅર :–**( પરિચય માટે જૂઓ પ્રક૦ ૪૪ પૃ૦ ૧૦૭)

**રાજ્યકાળ :**– હી. સં. ૧૧૨૪ જિલહજ્જ તા. ૨૩ થી ૧૧૩૧ રજ્જબ તા. ૯ સુધી, તા. ૧૦–૧–૧૭૧૩ થી તા. ૧૭–૨–૧૭૧૯ સુધી, વિ. સં૦ ૧૭૬૯ મહાવદિ ૧૦ થી ૧૭૭૫ ફા. સુ. ૯ સુધી.

આ બાદશાહે જૈનાચાર્યો અને જૈનગૃહસ્થોને વિવિધ ફરમાનો આપ્યાં હતાં.

**ફરમાન નં. ૨૪ મું :—**

**જૈનાચાર્યને બહુમાન કરવાનું ફરમાન :—**

મૂળ ફરમાન ઉર્દુ લીપીમાં છે. તેમાં અક્ષરશઃ નીચે પ્રમાણે લખાણ છે:—

'इस नेक घडी में यह फरमान जारी हुआ. जिसकी एनायत फर्ज है, और इस पर यकीन करना जरुरी है. चुंकि साबिक तरीके पर बडी सल्तनके तख्तको बुलंद करनेवाले, और सबको वसी रियासतके अलम गाडनेवाले, तख्तशाही पर बैठनेवाले, सल्तनत के कवानी और बडाईकी हलीलको मजबुल करनेवाले, सफाई और बरमुशीद के चमकदार मोती, हक पसंद हकीकतकी बुनियाद ज्यादा कानून और एकताई (खूदा) को पहेचाननेवाले, **बादशाह जमशेद** जैसी इज्जत रखनेवाला, सरमाये (Capital) का मालिका खूदाको देखनेवाला, सच्चाईसे वाकिफ, हझरत (खालीजील्ल) (फरुखशियर बादशाह) ने

अनेक शकल सुह उपमान, बिराजमान, इझझतकी मजलीसके झीना, **परम सतगुरु, जगतगुरु,** जगतश्रीपूज्य, स्वामीनाथ, जगत आचार्य, परमस्वरूप, धरमजगत,–चक्रवर्ती, ठारक **भट्टारक** इन्दरिसिह महंतसिरिजी महाराज जैन बादशाह खीकार इस्तुतरंक बिराजमान श्री बाबाजी **हश सेलजी** और स्वामी साहब–भद्रजी **देवसिरिचरण** को

"जो बडा मरतबा और बुलंद पाया रखते है, अपने तर्फ बादशाहने शर्फ बारियाबी बक्षी (मुलाकात आपी), और दुआ देते वख्त" ताझीम

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

साष्टांग दंडवत बहु प्रणाम के साथ, जो तख्त खास पर दो आसन जमा कर, हझरत अर्दा अक्दस्त ( फरुखशियर बादशाह ) के सामने बेठनेनी इझझत रखते है.

और तख्तरवां छायादार छत्र छुल (चामर) आफताबी (लोटा).... और सोने चांदीकी दस्ती (छडी) वगैरह ये तमाम शाही जुलस बादशाही के तर्फसे नझरे नेयाझ ( भेट ) दिया हुआ है. और ये इज्जत महेफूझ और जारी रख कर तमाम कौम हो नदि ( हिंदु ) और मुसलमान वगैराह को ( हुकम दिया जाता है ) के " इझजतसे पेश आकर मजकुरके आगे नझर नेयाझ ( भेट ) दे और सतगुरु पूज्य समझें और ये मरतबा आयंदा मुकरर हो जाय."

" चाहिये कि मुअझझद ( इज्जतवाळा ) शाहझादे साहेब, अख्तेदार वझीर, सल्तनत और खिलाफतके पाय तख्तके बलेंद मरतबा उमरा जागीरदार, करोडगीर ( टोलटेक्स लेनेवाले ), मुकाम ( हाकेम ), उग्माल ( आमील ), मुत्सद्दी, जो बादशाही कामोंके, अंजाम देनेवाले है.

सरकार दोलतमदारके तमाम महालत के झमींदार, रजवाडे, और खास आम तमाम मळ्ळुक ( प्रजा ) हमेशा हमेशा इन्के हुकमोंकी तामील ( ताबेदारी ) में अपनी नेकबख्ती समझें "

" मझकुरको सतगुरु, पूज्य, हझरत, श्रीजी, जानकर साष्टांग दंडवत बहु प्रणाम करें, और साल बसाल हर फसलमें हर जगहसें **एक रुपया एक नारियल** भेट चढावें. और मझहबी कानूनमें इनकी पैरवीसे बहार न जाय. और तमाम कौमके लोक **अपना गुरु** समझें."

और जो कोई इस मामलेमें जरा भी फर्क करेगा वो दीनके खिलाफ होगा.

" खास कर तमाम बकाल और **जैन लोग** इनकी तरफ तवज्जुह करके, ' अपने मझहब पर रह कर ' इनकी खिदमत करनेको सच्ची इबादत जाने. "

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

और जो कोई जैनोंके कानून और मज़कुर के हुकमसे टेडा ( आडो ) होकर चलेगा. तो, " अपने मज़हबकी किताबोंके माफिक " इन स्वामीके सज़ा देनेमें ( मूळ फरमानना केटलोक भाग अहीं नाश पाम्यो छे. )

तमाम लोक अपने हादी ( Leader ) की ताज़ीम और कदमबोसी... ( करें ), और सिंहासन पर बिठाकर, अपनी ताकतके मुताबिक भेंट दें... हों मज़कुर स्वामी साहबान के इज्जत अकज़ाई नरके रोशन करनेवाले हुझूरके तर्फ से ( की जा रही है ) पशी ( पछी ) " इस फरमान जो मौतकी तरह अटल है. " किसी तरहसे खिलाफ न करें. और लीखे हुए पर अमल करें॥

तारीख १ शाबान महिना सन १ जुलुस मोअल्ला ( राज्याभिषेकनुं पहेलुं वर्ष ) में लिखा गया.

फरमानके पीछे की मोहर.

सिपाहसालार यार वफादार फिदवी कुत्बुलमुल्क यमीनदौला सैयद अब्दुल्लाखान बहादूर जफरजंग महम्मद फरुखशियर बादशाह गाझी हीजरी ११२५ (इ० स० १७१३)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**નોંધઃ– બા૦ ફરૂખશીયરે** " જૈન ભટ્ટારક દેવેન્દ્રસૂરિ "ને જૂલસી સન–૧ શાઅબાન તા. ૧ લી, હીજરી સન–૧૧૨૫, ઈ૦ સ૦ ૧૭૧૩, વિક્રમ સંવત ૧૭૭૦માં ફારસીમાં ઉપર પ્રમાણે ફરમાન આપ્યું હતું.

અમને શિરોહી રાજ્યના " રોહિડાગામ "ના એક **જૈને** વિ૦ સં૦ ૨૦૦૩ના ચોમાસામાં આ મૂળ ફરમાન વગેરે આપ્યાં હતાં. તેને આ ફરમાન, એક સોની પાસેથી જુના કાગળો અને જૂનાં પુસ્તકો સાથે મળ્યું હતું. તે સોનીના દાદાને કોઈ યતિ સાથે ગાઢ સંબંધ હતો. ત્યારે તેની પાસેથી તે સોનીના દાદાને આ કાગળો પુસ્તકો વગેરે મળ્યાં હતાં.

સંભવ છે કે તે **યતિવર** આ ફરમાનવાળા ભટ્ટારકના ઉત્તરોત્તર વારસદાર હોય ?

આ ફરમાનની બન્ને બાજુના ફોટાઓ તેનું ઉર્દુ લીપીને બદલે " નાગરી લીપી "માં પૂરું લખાણ, અને તેનો ગુજરાતી **અનુવાદ શ્રી હરિન શાહે** વિ૦ સં૦ ૨૦૧૮ અષાડ વદિ ૧૩ તા. ૨૯–૭ ૧૯૬૨, રવિવારના દૈનિક સંદેશ પત્રનાં વર્ષ–૪૦ અંક ૩૧૫નાં ૭ માં પાનામાં પ્રકાશિત કરાવ્યાં છે.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

આ ફરમાનમાં બાદશાહી સહી સિક્કાઓ સાથે બન્ને બાજુ લખાણ છે. અમે આ ફરમાન અમદાવાદની જૈન સોસાયટીના "શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવનનાં **શ્રી ચારિત્રવિજય જૈન જ્ઞાન મંદિરમાં** મુકયું છે.

અમે આ ફરમાન મુંબઈના "પ્રીન્સ ઓફ વેલ્સના મ્યુઝિયમ"માં આગમ પ્રભાકર પૂજ્ય મુનિ મહારાજ શ્રી પુણ્યવિજયજી મ૦ મારફત મોકલી, સાફ કરાવ્યું છે.

આ ફરમાનનું પાઠ વાંચન, અને ગુજરાતી અનુવાદ. અમદાવાદના ખાનપુર સૈયદવાડાના વતની અને અમદાવાદની ગૂજરાતી વર્ના કયૂલર સોસાયટીના (વિદ્યાસભા)ના સૈયદ "અબૂઝફરદવી" પાસે તૈયાર કરાવ્યાં હતાં. જે પાઠ વાંચન ઉપર નાગરી લીપીમાં આપેલા છે.

ફરમાનમાં જૈન ભટ્ટારક ઇન્દ્રસૂરિનું નામ વંચાય છે. પરંતુ અમને લાગે છે કે આ૦ ઇન્દ્રસૂરિ તે **ભટ્ટારક દેવેન્દ્રસૂરિ** હોય.

સૌ કોઈ સમજી શકે છે કે ઉર્દુલીપીમાં રેખાક્ષરોની યોજના છે. આથી દેવેન્દ્રસૂરિ નામ લખવું હોય તો દેવીંદસૂરિ અથવા દેવઇંદસૂરિ એવાં નામ સરલતાથી લખાઈ જાય તેમ છે. તે સમયે ભ૦ ઇન્દ્રસૂરિનો સ્પષ્ટ પરિચય મળતો નથી.

અમે જૈન પરંપરાના ઇતિહાસમાં પહેલાં (પ્રક૦ ૪૦ પૃ૦ ૪૩૪ થી ૪૩૭)માં રૂદ્રપલ્લી નગર અને સં૦ ૧૫૦૧ સુધીની રૂદ્રપલ્લીગચ્છના ભટ્ટારકો યતિઓની પરંપરા બતાવી છે. તેમજ હવે પછી (પ્રક૦ ૫૧ના પ્રભાવકો વિભાગમાં) રૂદ્રપલ્લી ગચ્છના ભટ્ટારકો–કુલગુરુઓની છેલ્લી પરંપરા આપવાના છીએ. તેના આધારે નક્કી છે કે–રૂદ્રપલ્લી ગચ્છની દીલ્હીની ગાદીએ ભ૦ જ્ઞાનસાગરસૂરિ તથા આગરાની ગાદીએ ભ૦ દેવેન્દ્રસૂરિ થયા હતા.

આથી ખુશી પૂર્વક તારવી શકાય છે કે– બા૦ ફરૂખશેઅરે વિ૦ સં૦ ૧૭૭૦માં આગરામાં ભ૦ દેવેન્દ્રસૂરિને તેમણે બાદશાહનું કુટુંબ કે રાજ્ય કે પ્રજા ઉપર કરેલ કોઈ મોટા ઉપકારના બદલામાં બહુમાન કરવાનું આ ફરમાન આપ્યું હોય.

## ફરમાન પચીસમું.

## બા૦ ફરુખશિયરે શેઠ માણેકચંદને શેઠ પદવી આપ્યાનું ફરમાન

**સૂચના** :– બાદશાહ ફરુખશેખરે બંગાળના નવાબ મુર્શિદ–કુલીખાંના આગ્રહથી જુલસી સન ૩, હીજરી સન ૧૧૨૭ જિલહીજ મહિનાની તા. ૮ મી ઈ૦ સ૦ ૧૭૧૫, વિ૦ સં૦ ૧૭૭૧માં શેઠ માણેકચંદને શેઠની પદવી આપી, મણિથી મઢેલી 'શેઠ' અક્ષરોવાળી મહોર (બિલ્લો) આપી, અને ફરમાન લખી આપ્યું. (પ્રક૦ ૫૮ જગતશેઠ વંશ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જગતશેઠને અપાયેલ ફરમાન ફ. નં. ૨૫
## માણેકચંદને શેઠ પદવીનું ફરમાન

પરમેશ્વરનું નામ (લાલ શાહીમાં)

ઇશ્વરનું નામ (ગોળમહોર)

| ૧૧ | ૧૨ | ૧ |
|---|---|---|
| પુત્ર | પુત્ર | પુત્ર |
| મીરણશાહ | આમીર તૈમુર સાહેબ કેરાન | શાહઆલમ બાદશાહ |

(દસ્ખત લાલશાહીમાં)

મહમ્મદ મઈનુદ્દીન આલમગીર શાની ફારખશાએર બાદશાહ ગાજી ફર્માન અબુલ મજફર

૧૦ પુત્ર સુલતાન મહમ્મદ શાહ

૯ પુત્ર સુલતાન અબુસયદશાહ

૮ પુત્ર ઉમરશેખશાહ

૧૧૨૫

મહમ્મદ ફારખશાએર

પુત્ર આજીમુશાન

અબુલ મજફર

મઈજુદ્દીન આલીમ-

ગીર શાની બાદશાહ

ગાજી સન આહદ

૨ પુત્ર આલમગીર બાદશાહ

૩ પુત્ર શાહજહાન બાદશાહ

૪ પુત્ર જહાંગીર બાદશાહ

| ૭ | ૬ | ૫ |
|---|---|---|
| પુત્ર | પુત્ર | પુત્ર |
| બાબર | હુમાયુન | અકબર |
| બાદશાહ | બાદશાહ | બાદશાહ |

આ જય અને મંગળયુક્ત સમયમાં આ મહામાન્ય અને વિશ્વાસયોગ્ય આદેશથી માણિકચંદને આ ચિરસ્થાયી રાજ્ય તરફથી માણેકચંદ શેઠનો ખિતાબ મળ્યો છે. પ્રસ્તુત રાજ્યનો સમુદાય વર્તમાનકાલીન અને ભવિષ્યકાલીન હાકિમ સ્ટાફ અને મુત્સદ્દી વિગેરેને ઉચિત છે કે તેઓ ઉલ્લિખિત વ્યક્તિને શેઠ માને. આમાં વિશેષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યત્ન કરવો આવશ્યક છે. એ પ્રમાણે હજૂર આલિ તરફથી તાકીદ કરવામાં આવી છે. ઇતિ તારીખ ૮ જિલહજજ.

(પૃષ્ઠની પાછલી બાજુમાં આ પ્રકારે લખ્યું છે.)

જે મહામાન્ય, રાજ્યપ્રતિષ્ઠાના આધાર સ્વરૂપ, જે સામ્રાજ્યના વિશ્વાસુ, સંભ્રાન્ત (પ્રશસ્ય) વંશવાળો, ઉચ્ચ પદાધિકારી તથા શક્તિસંપન્ન જે રાજ્ય તથા ધનનો બંદોબસ્ત કરનાર, જે તલવાર લેખિની ચલાવવામાં અતિકુશળ, જે પતાકા ઉડાવવામાં સમર્થ જે સારો બંદોબસ્ત કરનાર, નિરપેક્ષ વજીર, જે સામ્રાજ્યના કઠિન વ્યાપારમાં આલંબન સ્વરૂપ, જે વજીર મંડપમાં વિશ્વાસ અને બંધુ, તે જ મિનુદૌલા બહાદુર જાફર જંગ શેપ સાલારનો સેનાનિવેશ બરાબરેષુ.

(મહોર)
મહમ્મદ ફરખશાએર
બાદશાહ ગાજી આલા
દુલ્લાહ શેપા સાલાર
ઇયાર બાઉફાફિરી
કુતબલ મુલ્ક એ મિનુ-
દૌલા સૈયદ આબદખાં
બહાદુર જાફર જંગ.

**નોંધ:**— બા૦ ફરૂખશાએરે જુલસી સન—૩, હીજરી સન—૧૧૨૭ જિલહીજ મહિનાની તા. ૮ મી ઈ૦ સં૦ ૧૭૧૫ વિ૦ સં૦ ૧૭૭૧માં મુર્શિદાબાદના શેઠ માણેકચંદને બંગાળના નવાબ મુર્શિદકુલીખાંના આગ્રહથી શેઠની પદવી આપી હતી. અને ઉપર પ્રમાણે ફરમાન આપ્યું હતું. બાદશાહે આ ફરમાનમાં મોગલવંશના બાદશાહ તૈમુરથી આરંભીને પોતાના સુધીનાં બાદશાહોનાં નામ આપ્યાં છે.

શ્રી નિખિલરાય બીએલ. તેણે બંગાલી સંવત ૧૩૧૯માં એ બંગાળી ભાષામાં **જગતશેઠ** નામે પુસ્તક બનાવી પ્રકાશિત કરાવ્યું હતું. અંગ્રેજ સરકારે તેને જપ્ત કરાવ્યું. આથી તેની નકલો આજે મળી શકતી નથી.

આ **જગતશેઠ** પુસ્તકના પરિશિષ્ટ ख માં દિલ્હીના બાદશાહો તરફથી જગતશેઠ અને જગતશેઠ વંશજોને મળેલાં શેઠ પદવી અને જગતશેઠ પદવીનાં ચાર ફરમાનો પ્રકાશિત થયાં છે, અમે તેના આધારે અહીં. ફ૦ નં. ૨૫, ૨૯ ના ગુજરાતી અનુવાદો આપ્યા છે. જેની નકલો શ્રી ચારિત્ર વિજયજી જૈન જ્ઞાનમંદિર અમદાવાદમાં છે.

જૈનં જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### ૧૭ મો બા૦ મહમ્મુદઃ–(પરીચય માટે જૂઓ પ્ર૦ ૪૪ પૃ૦ ૧૦૮)

**રાજ્યકાળ** :– હીજરી સન ૧૧૩૧ જિલ્કાદની તા. ૧૫ થી ૧૧૬૧ના રવિઉસાની તા. ૨૭મી તા. ૧૯–૯–૧૭૧૯થી ૧૬–૪–૧૭૪૮ સુધી. હીંદી વિ૦ સં૦ ૧૭૭૬ બી૦ આ૦ વ. ૨થી વિ૦ સં૦ ૧૮૦૫ વૈ૦ વદ ૦)) સુધી.

### ફરમાન નં. ૨૬ઃ– શેઠ ફતેચંદને જગતશેઠ પદવીનું ફરમાન

ઇશ્વિરનું નામ

પરમેશ્વરનું નામ

| | | |
|---|---|---|
| શાહ મહમ્મદ નાસિરૂદ્દિન અબુલફત્તેહ બાદશાહ ગાજી | શાહ અબુલ ફત્તેહ નાસિરૂદ્દિન એબને મહમ્મદ જાહાન સાહ બહાદુર બાદશાહ ગાજી સાહેબ કેરાની શાની | એબને શાહ આલમ બાદશાહ<br>એબને આલમગીર બાદશાહ<br>ઇત્યાદિ |

આ જયયુક્ત અને આનંદયુક્ત સમયમાં આ ચિરસ્થાયી સામ્રાજ્ય-સૂર્યના કિરણસમા જગન્માન્ય અને જગતને વશ કરનાર આદેશથી શેઠ ફતેચંદને વિશ્વાસ તથા ગૌરવની સાક્ષીરૂપ "જગત્શેઠ પદ" તથા પહેરામણી અર્થાત્ અંબાડી–હાથી, તેમજ તેના પુત્ર આનંદ-ચંદને "શેઠ પદ" તથા પહેરામણી, સમર્પિત કરવામાં આવેલ છે. પ્રવર્તમાન રાજ્યનો સમુદાય આજના તથા ભવિષ્યના હાકિમ, સ્ટાફ તથા મુત્સદ્દી વગેરેને ઉચિત છે કે, ઉલ્લિખિત શેઠ ફતેચંદને **"જગત્શેઠ ફતેચંદ"** તેમજ તેમના પુત્રને **"શેઠ આનંદચંદ"** **માને.** આ બાબતમાં દરેકે વિશેષ પ્રયત્ન તથા ખ્યાલ દેવો આવશ્યક છે. ૪ સાલ જલૂસ ૧૨ મી રજબ તારીખ.

(પાછળના પાના પર આ પ્રમાણે લખેલ છે.)

જે રાજ્ય તથા રાજનીતિના મહત્ત્વ તથા ગૌરવનો જાણકાર છે, જે રાજધર્મના ગૂઢતત્ત્વનો જ્ઞાતા છે, જે યુદ્ધમાં આગળ ચાલ-

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

નાર તથા સૈન્યદળનો પરિપાલક છે. સમયોચિત વિચારનો દેનાર, જે સામ્રાજ્યનો વિશ્વાસુ, પ્રશસ્ય વંશવાળો, ઉચ્ચપદાધિકારી, શક્તિ-સંપન્ન, જે રાજ્ય તથા ધનનો બંદોબસ્ત કરનાર, જે પતાકા ઉડાડવામાં સમર્થ, સારી વ્યવસ્થા કરનાર, નિરપેક્ષ વજીર, જે સામ્રાજ્યના કઠિન વ્યાપારમાં અવલંબનરૂપ, જે વજીર મંડળમાં વિશ્વાસુ અને બંધુ (છે) તે જ નિજામ ઉલમુલ્ક ફતેજંગ બહાદુર સેપા સાલાર સેનાનિવેશ બરાબરેષુ નિજામ ઉલમુલ્ક.

**નોંધ:**—બાદશાહ મહમ્મુદે જુલસી સન ૪, રજ્જબ મહિનાની તા. ૧૨મી, હીજરી સન ૧૧૩૪, ઈ૦ સ૦ ૧૭૨૨ (અથવા ૧૭૨૪) વિ૦ સં૦ ૧૭૭૯ (અથવા ૧૭૮૧)ના રોજ મુર્શીદાબાદના શા૦ **ફતેચંદને** જગતશેઠની પદવી આપી, મણિથી મઢેલી ‘જગતશેઠ’ અક્ષરોવાળી મહોર આપી’ શિરપાવ આપ્યો અને ફરમાન લખી આપ્યું. તથા તેમના પુત્ર આનંદચંદને શેઠ પદવી આપી. (પ્રક૦ ૫૮—જગતશેઠ વંશ)

⁂

## ફરમાન સત્તાવીસમું

અમદાવાદની પ્રજાએ નગરશેઠ ખુશાલચંદ અને નથુશાહ વગેરેને વંશપરંપરાના હક્કે જકાતના ચાર આના બાંધી આપ્યા તેનો પટ્ટો

(હીજરી સન ૧૧૩૭, ઇ૦ સ૦ ૧૭૨૫, વિ૦ સં૦ ૧૭૮૨)

**જમાબંદી ઉપર દર સેંકડે ચાર આના**

રાજેશ્રી કુમાલસદાર તથા લખતંગ વર્તમાન
ભાલશહેર, અમદાવાદ. ગોશાલીઆશી.

અખંડિત લક્ષ્મી અલંકૃત રાજમાન સ્નેહાંકીત **રઘુનાથ બાજીરાવ** આશરવાદ તા. નમસકાર સહુર સન શલાસ બંમશેન મઆવ અલફ **નથુશાં વલદ ખુશાલચંદ નગરશેઠ શહેર** મજકુર એમણે હજુરમાં આવીને અરજ ગુજારી કે અમો શેઠ અસલના વતનદાર બાદશાહની ચાકરી કરતા આવ્યા છીએ, અને સને ૧૧૩૭ના વરસમાં હમીદખાનના મનમાં મરાઠાઓની ફોજો આવીને શહેરની આસપાસ મોરચાં દીધાં અને શહેર લઈને રૈયત લુંટવી એવી ધાસ્તી નાખી. તે ઉપરથી ઉદ્યમ વેપાર સર્વે શહેરમાં બંધ થયા. શહેરમાંથી કોઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહાર જઈ આવી ન શકે એવું થયા ઉપરથી શહેરના શાહુકાર વગેરે લોકો ઘણા જ હેરાન થયા. તે ઉપરથી **અમારા તીર્થરૂપ ખુશાલચંદ** એમણે મહેનત તથા ધીરજથી મરેઠા સરદારને મળીને સરકારમાં "**ગાંઠના પૈસા**" ખરચ કરીને મરેઠાઓની ફોજોના મોરચાં ઉઠાવાથી શહેરમાં ઉદ્યમ વેપાર સારો ચાલવા માંડ્યો. તે માટે શહેરના શાહુકાર વગેરે લોક ઘણા ખુશી થયા, કે "ખુશાલચંદે પોતાની ગાંઠના પૈસા ખર્ચ કરીને શહેરના વાસ્તે ઘણા ખરાબ થયા." એમના વડે આપણા છોકરા તથા માણસ તથા માલમીલકત, જણસભાવ સરવે રહ્યું, એવડો **અહેસાન** સર્વના ઉપર એમણે કર્યો. એમને આપણે શું આપવું એવું કીશોરદાસ વલદ રણછોડદાસ તથા અવચલદાસ વલદ વલભદાસ તથા મહમદ વલદ અબદુલ તથા હેબાવ અબદુલ આકાં વલદ શાહંતભાઈ એ ચાર **માતબર શાહુકાર** અને બીજા સરવે શાહુકાર અને ઉદ્યમી સમસ્ત વેપારી લોક વગેરે મળીને વિચાર કર્યો અને પોતાની ખુશરજાવંદીથી "મહાલ કોટવાલની છાપો તથા કોટ મનીઆર શહેર મજકુર અહીં આમ દરફતી થઈને માલની કીંમત સરકારના હાંસલમાં ઠરાવ થાય. તે ઉપરથી સરકારની જમાબંદી સિવાય રૈયતની નીસબતે દર સેંકડે ચાર આના પ્રમાણે અમારા બાપને પુત્ર-પુત્રાદિ વંશ પરંપરા કરી આપશું." અમારૂં રાજીનામું કરી આપ્યું છે, તથા આ પ્રમાણે કમરૂદ્દીનખાન વજીર બાદશાહ દલ્લીવાલાનો પરમાણો **મોચીનખાન** અહીંના સુબા એમનો કાગળ શીક્કા સહિત તથા શહેરના મુસદ્દી, કાજી, બક્ષિ તથા વકાએન નગર તથા સવાને નગાર એમનો કાગળ સિક્કા સહિત કરી આપ્યો છે. એ પ્રમાણે ભોગવટો ચાલતો આવ્યો તે ઉપરાંત અમારા ખુશાલચંદ ગુજરી ગયા તે વખત માજી **સુબા કમાલુદીનખાન બાબી** એમની પાસે સદરહુ પ્રમાણે કાગળપત્ર જાહેર કર્યા તે ઉપરથી રૈયતની રજાવંદીથી સદાસત ભોગવટા પ્રમાણે અમારા નામે કાગળ સીક્કા સહીત કરી આપ્યો છે. એમ આજ સુધી ચાલતું આવ્યું છે તે માટે હાલ સરકારનો અમલ થયો. અને અમે સાહેદ ચાકરીના ઉમેદવાર છીએ તો સાહેબ મહેરબાન થઈ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેલાની હકીકત તથા શાહુકારનું રાજીનામું તથા સુબા તથા મુસદ્દીએ એમના કાગળ તથા ભોગવટો ચાલતો આવ્યો છે તે દીલમાં ઊતારી આ પ્રમાણે હાલ કરાર કરીને કાગળ આપવા જોઈએ માટે તે ઉપરથી દિલમાં આવતાં એમના વડીલ પુરાં પુરવથી એક નિષ્ઠાએ સેવા કરતા આવ્યા છે. તેઓ સાહેબ ચાકરીના ઉમેદવાર છે, એમનું ચલાવવું જરૂર તથા રૈયતે ખુશીથી પોતાની રાજી રજાવંદીથી ચાર આના કરી આપ્યા તે પ્રમાણે રાજીનામુ તથા સૂબા મુત્સદ્દી એમના કાગળ છે તથા આજ સુધી ભોગવટો ચાલતો આવ્યો છે. એવું જાણીને એમના ઉપર મહેરબાન થઈને સદરહુ પ્રમાણે **નથુશા** એમને કોટ પારવાનો તથા છાપો કોટાં મણીઆર તથા શહેર મજકુર આહીં આમદ રફતી માલ કીંમત ઠરાવ થશે તે માલ ઉપર સેંકડે ચાર આના પ્રમાણે સરકારની જમાબંદી સિવાય રૈયતની નીસબત સદામત પ્રમાણે કરાર કરી આપીને આ કાગળ કરી આપ્યો છે તો સદરહુ પ્રમાણે રૈયત રજાબંદીથી રૈયત નીસબત તથા એમના પુત્ર–પુત્રાદિ વંશપરંપરા એમની તરફ ચાલુ રાખવું. દર વરસે નવા કાગળની જરૂર ન રાખવી. આ કાગળની નકલ રાખીને અસલ કાગળની જરૂર ન રાખવી, આ કાગળની નકલ રાખીને અસલ કાગળ ભોગવટાદારને પાછો આપવો. સારાંશ વાત એ કે શાહુકારની રજાબંદીથી સદામત ચાલતા આવ્યા પ્રમાણે ચલાવવું જાણવું.

ચંદ્ર ૧૯ જમાદીલાકર ખરઆંગના મહોરનબ.

| |
|---|
| આદી<br>મઝારએ<br>રસુલુલ્લહા<br>કાજી મુસ્તફીદખાં<br>૧૧૫૦ |

નકલ અસલ મુજબ છે,

અગાઉના દીવાન મરહુમ **મોરીનખાન** તથા પેસ્તરના કાજી મરહુમ **અબદુલ અહમદખાન** તથા મરહુમ બક્ષી અમાઉલદાર-ખાન તથા હકીકત લખનાર **કબીર આલીખાન** મરહુમના મોહથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાબીત થયેલા કરારનામા એવી રીતે કે આ નીચે લખેલા માણસો એકરાર અને કબુલ કરે છે. તેમના નામની યાદી.

| | |
|---|---|
| કિશવરદાસ રણછોડદાસ. | સુંદરદાસ કેવાદાસ. |
| કવલનેણ રઘનાથદાસ | થાવરજી બલ્લભ. |
| જેચંદ બલ્લભ. | ભૂખણદાસ બલાખીદાસ |
| અબુબકર શાહાભાઈ | તારાચંદ મોરારજી. |
| બનમાળીદાસ ગોકુળદાસ | મહમદ અબદુલ વાહીદ. |

વિગેરે અમદાવાદના વેપારીઓ તથા સોદાગર જત સને ૧૧૩૭માં દખણી લુંટારાએ ભારી ફોજ લઈ અમદાવાદને લુંટવા તથા ત્યાંના રહેનારાઓને મારી નાંખવા તથા કેદી બનાવવાના ઇરાદાથી શહેર ઉપર ઘેરો ઘાલ્યો હતો, અમો વગેરે શહેરના રહેનારાઓને ત્યાંથી ભાગી જવાનું અથવા તેઓના હાથથી છુટા થવાનું સુઝતું નહોતું. એવા કઠણ વખતમાં અમારા જાનમાલ બચાવવાને માટે **શેઠ ખુશાલચંદ લખમીદાસ બીન શાંતિદાસ ઝવેરીએ** ઘટતી તરદદુદ અને કોશીશ પેશ પહોંચાડી પોતાના ઘરના ઘણા પૈસા ખરચીને અમોને તે લુંટારાઓના હાથથી બચાવ્યા. તે માટે અમો અમારી ખુશીથી એકરાર કરીએ છીએ કે—અમદાવાદના કોઠાની છાપના કાપડ પાછળ અમારા માલમાંથી સેંકડે ચાર આના **સદરહુ શેઠ તથા તેમની ઓલાદને** આપતા રહીશું. તે ના આપવામાં કશી તરેહનો વાંધો કે કસુર કરીશું નહી, ને અમારા આ કરારથી અમો ફરીશું નહી. માટે આ રાજીનામાની રાહે લખી આપીએ છીએ કે બીજીવાર કામ આવે તા. ૧૦ મી માહે શાબાન સને ૧૧૩૭.

અસલ ઉપરથી ઉકલ્યા મુજબ તરજુમો

**મુનશી હુસેનઅલી ગુલામઅલી સહી દઃ પોતાના**

અસલ તરજુમા ઉપરથી નકલ મુકાબલ કરનાર **પ્રાણજીવન નથુભાઈ ૨. કારકુન.** શ્રાવકો તરફથી માગી તા. ૨૮ જુન સને ૧૮૮૩

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

આપવા હુકમ તા. ૨૮ જુન સને ૧૮૮૩.
તૈયાર કરાવી આપી તા. ૨૯ જુન ૧૮૮૩.

ખરી નકલ

**આ૦ પો૦ એજન્ટ**

(૨) **મશાલ** તથા **પાલખીની** સનંદ.

**અ આબદાગીરી** તથા મશાલના પગાર સનંદ

રાજે શ્રી કમાળશદાર વરતમાનભાળ

શહેર અમદાવાદ ગો૦ શા૦

અખંડીત લક્ષ્મી અલંકૃત રાજમાન સનેહાંકીત **ગોવિંદરાવ ગાયકવાડ** સેના ખાસખેલ સમશેર બહાદુર, દંડવૃત રામ રામ. સુરસંન શીત–તી સેઇન મઇઆ **અલફ–વખતચંદશા** શેઠ શહેર મજકુરના એમને સરકારમાંથી આલબગીરી તથા મશાલ આપી છે. તે બાબત એ આશામીનો પગાર રૂા. ૮) નીમણુંક છે. તે નીમણુંક પ્રમાણે સદરહુ દરમાયો રૂા. ૮ આપતા જવું. મશાલનું તેલ દરરોજ પકુ પાશેર પામે છે. તે પ્રમાણે આપ્યા જવું. દરસાલ નવીન પત્રનો આક્ષેપ ન લેતાં આ પત્રની નકલ તમોએ માગી લઈ આ પત્ર ભોગવટા માટે શેઠ મજકુરને પરત પાછો આપવા. **જાણી જે ચંદ્ર–બશાવા** માહે રબીઉલ અવલ.

મોહોર
ગોવિંદરાવ
ગાયકવાડની

**આ** રાજેશ્રી ભગવંતરાય ગંગાધર કમાળસદાર

પ્રગણે અમદાવાદના સરકાર ભાગ ગો૦ શા૦

અખંડીત લક્ષ્મી અંલકૃત રાજમાન સનેહકીત **આણંદરાવ ગાયકવાડ** સૈયાતેન **અલફ રાજેશ્રી વખતચંદ ખુશાલચંદ** શેઠ વારેબ શહેર મજકુરનાએ સરકાર ચાકરીની બહુ મહેનત કરી સબબ તેમને બહુમાન સરકાર સરકારમાંથી ચંદ્ર ૧ માહે સવાલ

JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાલ મજકુરથી પાલખી આપી છે. તેની તે તહેનાત એક સાલના બાર મહીનાના રૂા. ૧૦૦૦) એક હજાર તથા પાલખીના સરંજામ બાબત એક સાલ અડધુ બે સાલ મળીને રૂા. ૩૦૦) પ્રમાણે સાલ દર સાલ પ્રગણે મજકુરથી આપવી. નીમણુંકમાં મજ્યે મલશે ચંદ્ર ૨૩ રમજાન.

મોહોર
ગોવિંદરાવ
ગાયકવાડની
છે.

મોહોર

પાલખીની સનંદ શેઠ વખતશાને મળેલી:

૬ અબદાલગીરીની સનંદ

નકલ

મોહોર
ફતેસીંગ
ગાયકવાડની

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

આંગના પત્ર સરકાર રાજેશ્રી **માંનાજીરાવ** ગાયકવાડ તાહા; **વખતચંદ ખુશાલચંદ શેઠ** સુરશાન આરબાંસમાંન મઈઆવા **અલફ** તમોને સરકારે કીરપાવંત થઈ આબદાગીરી આપી છે. તેનો અનુભવ લઈ સરકાર ચાકરી એક નિષ્ઠાથી કરવી છે.

૧૪ માહે શાબાંન.

મોહોર

( જૈન ઐતિહાસિક રાસમાળા ભા૦ ૧ સમાલોચના પૃ૦ ૩૩ થી ૩૫ )

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**નોંધ:**–હીજરી સન ૧૧૩૭, સને ૧૭૨૫, વિ૦ સં૦ ૧૭૮૨માં મરાઠાની સેનાએ અમદાવાદને ઘેરો ઘાલી અમદાવાદને જીતી ને લુંટવા વિચાર કર્યો હતો. આથી પ્રજામાં અશાન્તિ વધી. આ સમયે નગરશેઠ શાન્તિદાસના વંશના શેઠ ખુશાલચંદે પોતાની ગાંઠના પૈસા ખર્ચ કરી મરાઠાના સેનાધિપતિ હમીદખાનને ખુશ કરી શહેર લુંટવાનું મોકુફ રખાવ્યું. નગરશેઠના આ ઉપકારના બદલામાં અમદાવાદના શેઠ, શાહુકાર, તથા પ્રજાએ મળીને રાજ્યની **જમા-બંધી** પ્રમાણે દર સેંકડે ચાર આનાની રકમ શેઠ ખુશાલચંદ તથા તેના વંશજોને આપવી. તેમ નક્કી કર્યું હતું.

શેઠ ખુશાલચંદ્રના પુત્ર શેઠ નથુશાહે રઘુનાથ બાજીરાવને અરજી કરી, આ રકમ પોતાને અને પોતાના વંશજોને મળે તેની સનદ મેળવી હતી.

ત્યારથી નગરશેઠના વંશજોને આ રકમ મુસલમાની રાજ્યમાં બરાબર મળતી રહી હતી. અને બ્રીટીશ રાજ્યે તા. ૨૫–૭–૧૯૬૨ ને રોજ તે રકમને બદલે દરસાલની ઉચક રકમ રૂા. ૨૧૩૩ બાંધી આપી હતી. અને સરકાર તે મે મહિનાની તા. ૧લીએ તે સાલીયાણું આપતી હતી.

નગરશેઠનું કુટુંબ દરસાલ જેઠ વદિ ૯ ને રોજ આ રકમમાંથી દૂધપાક, પુરી, શાક અને પતરવેલીયાનું જમણ કરી જમતું હતું. તેમાં નગરશેઠના કુટુંબના સૌ માણસો તથા નગરશેઠના કુટુંબની કુંવારી કે પરણેલી પુત્રીઓ સૌ જમતા હતા. માત્ર પુત્રીઓના પુત્રો કે પુત્રીઓ જમતા ન હતા.

ગુજરાતના બા૦ અહમદશાહે અમદાવાદ વસાવ્યું. ત્યારથી તેણે રાજ્ય તરફથી દરેક ગરીબો અનાથો વગેરેને હંમેશા ચણા આપવાનું ચાલુ કર્યું હતું.

મુસલમાની રાજ્યમાં, બ્રીટીશ રાજ્યમાં અને કોંગ્રેસના રાજ્યમાં આ દાન ચાલુ રહ્યું છે. આજે પણ અમદાવાદના માણેકચોકના રાણીના હજીરામાં આ દાન અપાય છે.

લોકશાહી રાજ્યમાં પણ પ્રજાહિતના બદલામાં શેઠ કુટુંબને ઉપકારની યાદીમાં જે ઉપર મુજબની રકમ અપાય છે. વિશ્વાસ છે કે ભવિષ્યમાં પણ આ રકમ આપવાનું ચાલુ રહેશે.

શેઠ ખુશાલચંદના પુત્ર શેઠ નથુશાએ રઘુનાથ બાજીરાવને પોતાને અને પોતાના વંશજોને જમાબંધી મળવાની જે અરજી કરી સનદ મેળવી હતી. તેની નકલ અમે ઉપર આપી છે.

તથા રાજા **ગોવિંદરાવ ગાયકવાડ સરકાર** વગેરેએ રાજ્ય તરફથી નગરશેઠ કુટુંબના નગરશેઠ વખતચંદને મશાલ પાલખી તેના સામાનના રૂા. ૩૦૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા તહેનાતના દરસાલ રૂા. ૧૦૦૦) આપવાનું નક્કી કરી તેમને જે સનદો આપવામાં આવી તે ઉપર બતાવી છે.

ત્યારબાદ આનંદરાવ ગાયકવાડ, સયાજીરાવ ગાયકવાડ વગેરેએ નવીનવી સનદો આપી તે સનદોને કબૂલ રાખી હતી.

( જૈન ઐતિહાસિક રાસમાલા ભા૦ ૧ સમાલોચના ( પૃ૦ ૩૪ થી ૩૭ )

**વિશેષ નોંધઃ–** બ્રીટીશ સરકારે નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈને અમદાવાદના કલેકટર જે. ડબલ્યુ. હેલો (J. W. Halaw) અને ન્યાયમૂર્તિ એ. બી. વોરડન (A. B. warden) તરફથી લખાઈ આવેલી નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ કરેલી પ્રજાહિત તથા રાજ્ય હેતુનાં કામો અને સખાવતોની વિગતોના આધારે તથા ભલામણથી ઓનરેબલ રાવબહાદૂરનો ખિતાબ આપ્યો હતો. તેમજ મુંબઈ ઇલાકાની હાઈકોર્ટમાં જીલ્લાવાર વકીલોની ખુરશીમાં તેમની તરફના વકીલની અને રાજકોટ એજન્સીની કચેરીમાં પાલીતાણાના ઇજારદાર (જાગીરદાર) અને આણંદજી કલ્યાણજીની પેઢીના અધ્યક્ષ તરીકે ખુરશી આપી હતી.

અમે શેઠ પ્રેમાભાઈનો વિશેષ ઇતિહાસ (ભા૦ ૩ જો પ્ર૦ ૫૮–૫૯માં નગરશેઠ વંશમાં) આપીશું.

**૧૮ મો બા. અહમદશાહ** (પરિચય માટે જૂઓ પ્રક૦ ૪૪ પૃ૦ ૧૦૯)

(**રાજ્યકાળ :** હીજરી સન ૧૧૬૧ જમાઉદ્દીલઅવલ તા. ૨ થી ૧૧૬૭ શાબ્બાન તા. ૧૦ સુધી; તા. ૨૦–૪–૧૭૪૮ થી તા. ૨–૬–૧૭૫૪; ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૮૦૫ વૈશાખ શુદિ ૪ થી સં૦ ૧૮૧૧ ના જેઠ શુ૦ ૧૨)

## ફરમાન અઠ્ઠાવીસમું

## શ્રી મહતાબરાયને શેઠ પદવી આપવાનું ફરમાન

**સૂચના :**–બા૦ અહમદશાહે જુલસી સન ૧, જિલ્કાદ મહિનાની તા. ૨–૩, ઈ૦ સ૦ ૧૭૪૮ હી૦ સ૦ ૧૧૬૧, ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૮૦૫ વૈશાખ સુદિમાં મુર્શિદાબાદના **શા૦ મહતાબરાયને** શેઠપદવી અને શેઠ પદવીની મહોર આપી શિરપાવ આપ્યો અને ફરમાન લખી આપ્યું..

( પ્રક૦ ૫૮,–૫૯ જગતશેઠ )

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## ફો૦ નં. ૨૮ મહતાબરાયનુ શેઠપદવીનું ફરમાન

ઇશ્વરનું નામ ( ગોળમહોર )

૧૧ પુત્ર મીરણશાહ

૧૨ પુત્ર અમીર તૈમૂર સાહેબ કેરાન

૧ પુત્ર શાહઆલમ બાદશાહ

( દરખત લાલશાહીમાં )

| |
|---|
| શાહ મહમ્મદ નાસિરૂદ્દીન અબુલફતેહ બાદશાહ ગાજી |

૧૦ પુત્ર સુલતાન મહમ્મદ શાહ

૯ પુત્ર સુલતાન અબુસૈયદશાહ

૮ પુત્ર ઉમરશેખશાહ

સાહ અબુલ ફતેહ નાસિરૂદ્દિન એબને મહમ્મદ જહાન સાહ બહાદુર બાદશાહગાજી સાહેબ કેરાણ શાની

૨ પુત્ર આલમગીર બાદશાહ

૩ પુત્ર શાહજહાન બાદશાહ

૪ પુત્ર જહાંગીર બાદશાહ

૭ પુત્ર બાબર બાદશાહ

૬ પુત્ર હુમાયુન બાદશાહ

૫ પુત્ર અકબર બાદશાહ

આ જયયુક્ત આ મહામાન્ય તથા જગદ્દવશીભૂતકારી આદેશથી મૃત શેઠ આનન્દચંદ્રના પુત્ર મહતાબરાયને 'શેઠ પદવી' તથા સરપાવ પહેરામણી અર્થાત્ અંબાડી અને હાથી વિગેરે સમર્પિત કરવામાં આવેલ છે. પ્રવર્તમાન રાજ્યના આજના તથા ભવિષ્યના હાકેમ તથા સ્ટાફ તથા મુત્સદ્દી વિગેરે મંડળને ઉચિત છે કે તેઓ ઉલ્લિખિત વ્યક્તિને શેઠ તરીકે માને. તે બાબતમાં વિશેષ યત્ન તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખ્યાલ દેવો. આવશ્યક છે. ઇતિ. તારીખ ૨–જિલ્કાદ ૨૩ સન **જૂલૂશ.**

( પાછળના પાના પર લખેલું )

જે મહામાન્ય, રાજ્યસંસ્થિતિના આધાર સ્વરૂપ, જે સામ્રાજ્યનો વિશ્વાસુ, પ્રશસ્ય વંશવાળો, ઉચ્ચ પદાધિકારી, સામર્થ્યવાળો, જે પ્રધાન કાર્ય તથા આજ્ઞાપાલનમાં તૈયાર છે, રાજ્યધર્મના તત્ત્વોનો પરિજ્ઞાતા છે, જે સામ્રાજ્યના આધારરૂપ, રાજ્યનો વિશ્વાસુ આજ્ઞાદાતા, જે દિગ્વિજયી રાજ્ય તથા ધનનો સારો બંદોબસ્ત કરનાર, ભાગ્ય તથા ઐશ્વર્ય સંપત્તિના માર્ગને દર્શાવનાર, જે સમ્રાટ્નો મનોનીત બંધુ, જે યુદ્ધમાં અગ્રેસર, જે સૈન્ય દળમાં પણ અગ્રેસર, જે ઉચ્ચ પદાધિકારી, મંત્રીમંડળમાં સર્વશ્રેષ્ઠ, જે મહામાન્ય અમીરગણમાં સર્વ પ્રધાન, જે તરવાર તથા કલમ ચલાવવામાં અતિકુશળ, જે ધ્વજા ફરકાવનાર, જે સમયોચિત વિચારોનો દેનાર, જે સમ્રાટનો નિરપેક્ષ વજીરસમૂહમાં વિશ્વાસુ બંધુ, જે સમસ્ત રાજ્યના કઠિન કામોમાં અવલંબન સ્વરૂપ, જે દરબારનો વિશ્વાસુ (છે) તે જ કામરૂદ્દીન હોસેન બહાદૂર. નસરતજંગનો સેનાનિવેશ બરાબરેષુ.

( મહોર–છાપ )
મહમ્મદશાહ બાદશાહ
ગાજીસન અને મહમ્મદ
શાહ ફિદર વજીર
એતેમાદ કમરૂદ્દિનખાન
હોસેન બહાદુર નહબત
જંગ એ માહેદઉલ્લા

## ફરમાન ઓગણત્રીશમું

## શેઠ મહતાબરાયને જગતશેઠની પદવી આપ્યાનું ફરમાન

**સૂચના :–** બા૦ અહમદશાહે જુલસી સન ૫, જિલહજ્જ મહિનાની તા. ૨૭ મી; હીજરી સન ૧૧૬૧, ઈ૦ સ૦ ૧૭૪૮, ચૈત્રાદિ વિ૦ સં૦ ૧૮૦૫ ના અષાડ મહિનામાં શેઠ મહતાબરાયને **જગતશેઠની** પદવી આપી, શિરપાવ આપ્યો અને ફરમાન લખી આપ્યું. શેઠ સ્વરૂપચંદને **મહારાજાની** પદવી આપી અને તે જ દિવસે સિરાજઉદ્દોલ્લાને બંગાળનો નવાબ બનાવ્યો.

(–પ્રક૦ ૫૮, ૫૯ )

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## ફો૦ નં. ૨૯

# શેઠ મહતાબરાયને જગતશેઠ પદવીનું ફરમાન

પરમેશ્વરનું નામ (લાલ શાહીમાં)

ઇશ્વરનું નામ (ગોળમહોર)

૧૨ પુત્ર મીરણશાહ

૧૩ પુત્ર અમીર તૈમૂર સાહેબ કેરાન

૧ પુત્ર જહાનશાહ

(દસ્ખત લાલશાહીમાં)

મહમ્મદશાહ બહાદુર પુત્ર મહમ્મદશાહ મહાહેદ્દીન સાહેબ કેરાણ શાની બાદશાહ ગાજી

૧૧ પુત્ર સુલતાન મહમ્મદશાહ

૧૦ પુત્ર સુલતાન અબુસૈયદશાહ

૯ પુત્ર ઉમરશેખશાહ

અહમ્મદશાહ બહાદુર પુત્ર મહમ્મદશાહ અબુલનાસીર મજાહેદ્દીન સાહેબ કેરાન શાની બાદશાહ ગાજી સન એક

૨ પુત્ર શાહઆલમ બાદશાહ

૩ પુત્ર આલમગીર બાદશાહ

૪ પુત્ર શાહજહાન બાદશાહ

૮ પુત્ર બાબર બાદશાહ

૭ પુત્ર હુમાયુન બાદશાહ

૬ પુત્ર અકબર બાદશાહ

૫ પુત્ર જહાંગીર બાદશાહ

આ જયયુક્ત અને આનંદયુક્ત સમયમાં આ ચિરસ્થાયી સામ્રાજ્યના જગન્માન્ય તથા જગદ્‌વશીભૂતકારી આદેશથી મહતાબરાયને વિશ્વાસ તથા ગૌરવની મૂળ સંપત્તિરૂપ 'જગતશેઠ' પદ સમર્પિત થયેલ છે. પ્રવર્તમાન રાજ્યનો સમુદાય આજના તથા ભવિષ્યના હાકેમ સ્ટાફ તથા મુત્સદ્દી વિગેરેને ઉચિત છે કે તેઓ ઉલ્લિખિત વ્યક્તિને 'જગતશેઠ મહતાબરાય' માને, (લેખે) આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાબતમાં વિશેષ પ્રયત્ન તથા ખ્યાલ કરવો આવશ્યક છે. ઇતિ, તારીખ ૨૭ જિલહજ્જ,

( પાછલા પાના પર લખેલું )

મહોર વગેરે

( જે દરેક વાંચી શકાતા નથી. )

## ફરમાન ત્રીશમું

## જગતશેઠને સમ્મેતશિખર પહાડ ઇનામ આપ્યાનું ફરમાન

બા૦ અહમદે જુલસી સન ૫, હીજરી સન ૧૧૬૫, ઇ. સ. ૧૭૫૨, વિ. સં. ૧૮૦૯ માં જગતશેઠ મહતાબરાયને મધુવન કોઠી, જયપાર નાળું, પારસનાથ તળેટી વચ્ચેની ૩૦૧ વીઘા જમીન વગેરે–પારસનાથ પહાડ ઇનામમાં આપ્યો.

( અમારો "જૈનતીર્થોનો ઇતિહાસ" પૃ૦ ૫૯, તથા પ્રક૦ ૫૮, ૫૯ જગતશેઠ વંશ )

**નોંધ :** આ ફરમાન અમને મળ્યું નથી.

JAINSITE .com જૈન સાઈટ

**૧૯મો બા. આલમશાહ (બીજો)** (પરિ. માટે જૂઓ પ્ર. ૪૪ પૃ. ૧૦૯)

રાજ્યકાળ :– હી. સન–૧૧૬૭ શાબાદ તા. ૧૦ થી ૧૧૭૩ રવિઉસ્સાની તા. ૮ સુધી, તા. ૨–૬–૧૭૫૪ થી તા. ૨૯–૧૧–૧૭૫૯ સુધી, ચૈત્રાદિ વિ. સં. ૧૮૧૧ જે. સુ. ૧૨ થી ૧૮૧૬ મા૦ સુ. ૧૦ સુધી.

## ફરમાન નં. ૩૧ સું.

### સમ્મેતશિખર તીર્થને કરમુક્ત જાહેર કર્યાનું

### —: ફરમાન :—

બાદશાહ આલમે જુલસી સન–૨, હીજરી સન ૧૧૬૮, ઇ. સ. ૧૭૫૫, ચૈત્રાદિ વિ. સં. ૧૮૧૨ પ્ર. જેઠ સુદમાં જગતશેઠ ખુશાલચંદને પાલગંજ પહાડ કરમુક્ત એટલે વેઠ વેરો લાગત, જકાત, મુંડકાવેરો, વગેરે માફ કર્યાનું ફરમાન આપ્યું હતું.

**નોંધ :** આ ફરમાનની નકલ અમને મળી નથી.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**૨૧ મો બા. આલમગીર (ત્રીજો)** (પરિ. માટે જૂઓ પ્ર.૪૪ પૃ. ૧૧૦)

રાજ્યકાળ :—હી. સન. ૧૧૭૩ જમાદિઉલ અવલ તા. ૪ થી ૧૨૧૧ રમજાન તા. ૭ સુધી, તા. ૨૫–૧૨–૧૭૫૯ થી તા. ૧૯–૧૧–૧૮૦૬ સુધી. ચૈત્રાદિ વિ. સં. ૧૮૧૬ પો. સુ. ૬ થી ૧૮૬૩ કા. સુ. ૯ સુધી.

## ફ઼. નં. ૩૨

## શેઠ ખુશાલચંદને જગતશેઠ પદવી આપ્યાનું ફરમાન

બા. આલમે લોર્ડ વોરન હેસ્ટીંગની પ્રેરણાથી મુર્શિદાબાદવાળા શેઠ ખુશાલચંદને જુલસી સન–૮ તા. ૨૯–૪–૧૭૬૬, ચૈત્રાદિ. વિ. સં. ૧૮૨૨માં જગતશેઠની પદવી આપી મહોર, શિરપાવ, તથા ફરમાન આપ્યાં, શેઠ ઉદેચંદને મહારાજાની પદવી આપી સૈફ ઉદ્દૌલાને બંગાળનો નવાબ બનાવ્યો.

નવાબે ઇસ્ટ ઇન્ડિયા કંપની એટલે કંપનીના ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગને બંગાળના બે ગામોની દીવાનની પદવી આપી. વોરન હેસ્ટીંગે ૧૬ વર્ષના શેઠ ખુશાલચંદને તે દીવાનના પદે બેસાડ્યો.

**નોંધ :** આ ફરમાનની નકલ અમને મળી નથી.

## ફ઼૦ નં. ૩૩

## બા. આલમગીરની સમ્મતિથી

સં. ૧૮૨૫, મ. સુ. ૫ ને રોજ બા૦ આલમગીરની સમ્મતિથી સમ્મેતશિખરનાં મંદિરોનો જીર્ણોદ્ધાર તથા પ્રતિષ્ઠા થયાં.

## ફ઼૦ નં. ૩૪

## અમદાવાદમાં શાન્તિનો ઢંઢેરો.

**સૂચના:–** બા૦ આલમગીર વતી લોર્ડ ગાર્ડન તથા બંગાળનો નવાબ સૈફ ઉદ્દૌલ્લાએ જુલસી સન–૨૨, હી. સ. ૧૧૯૪ મહિનો સફર, તા. ૫ મી (અથવા જુલસી સન–૩૫) તા. ૧૭–૧૨–૧૭૮૦ વિ. સં. ૧૮૩૬ મહા સુદિ ૧૩ ના રોજ અમદાવાદમાં શાન્તિનો ઢંઢેરો પીટાવ્યો હતો.

### અસલ મુજબ નકલ

નથુ (નાનુ) શંકર સૂબા વગેરે અમદાવાદની રૈયત, એ શહેરના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વતનીઓ તથા ત્યાં રહેનારા અને વસનારા સઘળાને માલૂમ થાય-

એમ થાઓ કે, "હવે સૌ લોકોએ ખાતર જમા રાખી પોતાના મકાનમાં રહેવું અને કોઈ પણ રીતનો અંદેશો કે ડર પોતાની હમેશની રહેણી કરણી સંબંધે ન રાખતાં રોજના કામકાજમાં મશગૂલ રહ્યા જવું." કારણ ? કોઈ પણ માણસ તેમને કોઈ રીતની અડચણ કે અટકાવ કરશે નહીં, આ બાબત તેણે ખાતરી રાખવી અને આમાં લખ્યા મુજબ તેણે વર્તવું.

લખ્યું તા. ૫ મહિનો સફર, હી. સ. ૧૧૯૪ તે ગાદીએ બેઠા સને ૨૨ (અંગ્રેજીમાં સહી.

Thomas Goddad

ઈ. સ. ૧૯૨૪ નો ગુજરાતી સાહિત્ય પરિષદ્નો રિપોર્ટ, જૈ. સત્ય પ્ર. ક્ર. ૯૮, પૃ. ૪૭ થી ૫૪

**નોંધ :** સાક્ષરરત્ન શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે કે "બા૦ આલમગીર ઉર્ફે અને જ૦ ગોડાર્ડ (ગાર્ડન)નો ઢંઢેરો" "શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સંગ્રહમાં કેટલીક જૂની ફારસી સનદો અને કેટલાંક જૂનાં બાદશાહી ફરમાનો છે" એ સનદો તથા ફરમાનોની સંખ્યા મોટી નથી પરંતુ જે છે તે કેટલેક ભાગે ગુજરાતના ઇતિહાસને ઉપયોગી છે. એ સંગ્રહમાંથી એક ફારસી લેખનું ભાષાંતર થોડા વખત ઉપર 'ગુજરાતી'ના દિવાળી અંકમાં **'પેશ્વા સાથેનો એક કરાર'** એ મથાળા હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું ગુજરાતની અર્વાચીન સ્થિતિને લગતો એ કરાર હતો. એ સ્થિતિ જોડે સંબંધ રાખતો **એક બીજો લેખ** એ સંગ્રહમાંથી મળી આવ્યો છે. જે વખતે **જનરલ** ગોડાર્ડ (General Go-ddard)ના હાથમાં અમદાવાદ આવ્યું તે વખતે એણે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું તે જાહેરનામાની ખરી નકલ **ગોડાર્ડની** સહી સાથેની એ સંગ્રહમાંથી મળી આવી છે. દરેક વિજયી **સેનાપતિ** એવી રીતનાં જાહેરનામાં કે ઢંઢેરા પોતાના તાબામાં આવેલી રૈયતના સાંત્વન અર્થે બહાર પાડતા અને હજી પણ પાડે છે. છેલ્લી મોટી લડાઈ વખતે જર્મનો પણ એવાં જાહેરનામાં ઠેર ઠેર બહાર પાડતા હતા આ જાહેરનામું ટૂંકું પણ મુદ્દાસર છે.

—**અનુવાદક**

શાહ અલામ બાદશાહ ગાઝી અમીર ઉદ્દૌલા જનરલ ગોડાર્ડ બહાદુર ફતેહજંગ ફીદવી સને ૧૧૯૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષ નોંધ :**—અમારી ભાવના હતી કે–મોગલ બાદશાહોના સમયના જે જે વિવિધ ફરમાનો મળતા હોય, તે તે મૂળ ફરમાનોના ફોટા, અરબી કે ઉર્દુ ફરમાનોનાં હીંદી લીપીમાં અક્ષરશઃ શબ્દપાઠો, તથા સૌના હીન્દી, અંગ્રેજી, અને ગુજરાતી ભાષાના અનુવાદો વગેરેનો **સર્વસંગ્રહ** આ ગ્રન્થમાં એક સાથે પ્રકાશિત કરવો; પરંતુ તેમ કરવાથી પ્રસ્તુત ગ્રંથનો આકર, કદ, કિંમત અને પ્રકાશિત કરવાના સમયમાં મોટો ફેરફાર થાય તેમ હતું. તેમ જ આવું પ્રકાશન કર્યા-બાદ આ પછીના ભાગોનાં પ્રકાશનો પણ લંબાય તેમ હતું, આથી તેવો સંગ્રહ કરવાના વિચારને રોકી, હાલ આ ગ્રંથમાં ( પ્ર. ૪૪ પૃ. ૧૧૧ થી ૧૮૩ સુધીમાં ) ઉપલબ્ધ ફરમાનોના માત્ર ગુજરાતી અનુવાદો જ આપ્યા છે, કોઇ સાહિત્યપ્રેમી **સંસ્થા** કે સજ્જન આવો " સર્વસંગ્રહ " છપાવશે, તો અમને ખાતરી છે કે–તેને આ **અનુવાદો** અને **નોંધોમાંથી** ઘણી કીંમતિ સહાય મળશે, તેમજ તે દેશસેવા સાહિત્યસેવાનો મોટો લાભ ઉઠાવી, **સાચો ઇતિહાસ** રજુ કરવાના યશના ભાગી બનશે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**બા. અકબરનો જૂલસી સન :—**

અમે આ પ્રકરણના ગત પૃ. ૮૪ માં બા. અકબરે ચલાવેલ ઇલાહી સંવતનો નિર્દેશ કર્યો છે. તેનો વિશેષ પરિચય આ પ્રમાણે જાણવો.

બા. અકબર હી. સ. ૯૬૩ રવિ ઉસ્સાની મહિનાની તા. ૨૭ શુક્રવાર વિ. સં. ૧૬૧૨ ફા. વ. ૨ સને તા. ૧૪–૨–૧૫૫૬ ને રોજ ગાદીએ બેઠો. (પૃ. ૬૦) તેણે ગાદીએ બેઠા પછી ૨૪ મે વર્ષે, એટલે વિ. સં. ૧૬૩૬ સને ૧૬૭૯ માં દીન–ઈ–ઇલાહી મત સ્થાપ્યો ( પૃ. ૬૫ ) તેમજ રાજ્યારોહણથી ૨૯ મા વર્ષે રાજ્યા-રોહણની તારીખો–તીથીઓમાં ૨૪ દિવસો ઉમેરી ૨૫ મા દિવસે સૌર પ્રારંભનું ગણિત મેળવી, હી. સન ૯૬૩ના રવિ ઉસ્સાની મહિનાની તા. ૨૮મી વિ. સં. ૧૬૧૨ ના ફા. વ. ૦)), સને તા. ૧૧–૩–૧૫૫૬ ને રોજ રાજ્યારંભના દિવસે સાયન મેષાર્ક, પોપગ્રેગરીની સામન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યવસ્થા પ્રમાણે આજની ચાલુ ગણતરીએ તા. ૨૧-૩-૧૫૫૭ ને રોજ સાયનમેષાર્ક મુકરર કરી, હી. સન ૯૯૨, રવિ ઉસ્સાની મહિનાની તા. ૨૮ વિ. સં. ૧૬૪૧ અને સને ૧૫૮૪ થી પોતાનો નવો ફસલી સન ચલાવ્યો. જેનાં બીજાં નામ જૂલસી સન, ઈલાહીસન, દીન-ઈ-ઈલાહીસન પણ છે.

તેમાં તેણે ઈરાની નામો વાળા ૧૨ મહિના અને ૧ થી ૩૨ સુધીની તારીખો રાખેલી હતી. જેનો પ્રારંભ સાયનમેષથી છે. મોગલ બાદશાહોનાં ફરમાનો, ઘણી જિન પ્રતિમાઓના પરિકર અને ગાદીમાં ઈલાહી સન (અલાહી) તથા હીજરી સન નોંધાયેલા મળે છે.
(જૈ. સત્ય પ્ર. ક્ર. ૧૦૦, ૧૦૧, ૧૦૨, પૃ. ૨૭૪)

યાદ રાખવું કે-ઈરાની સન તે પારસીઓનો જૂનો ફસલી સન છે. તે વિવિધ જાતનો છે. તેમાં

૧૨ મહિનાના ૧ થી ૩૦ મૂકરર નામવાળા ૩૦ દિવસો, એમ કુલ ૩૬૦ દિવસો હોય છે. અને ગાથાઓના ૫ દિવસો ઉમેરી ૩૬૫ દિવસો મનાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેમજ મહમ્મદ પયગંબર શાકે ૫૪૪, હીન્દી વિ. સં. ૬૭૯ ના શ્રા. સુ. ૧ની રાતે તે સમયના અંગ્રેજી પંચાંગ પ્રમાણે તા. ૧૫-૭-૬૨૧ ગુરુવારની રાતે ચન્દ્રદર્શન કરીને એટલે શુક્રને પરોઢિયે મક્કાથી હિજરત કરી મદિના ગયા. ત્યારથી હીજરીસન શરૂ થયો છે. તેમાં ચંદ્ર દેખાય, ત્યારથી મહિનો બેસે છે. વિક્રમ વર્ષમાં મહિનો વધે ત્યારે હીજરી સનમાં મહિનો વધતો નથી તેમાં ત્યારે પછીનો મહિનો હોય છે આ રીતે ૩૩ વર્ષો જતાં વિક્રમ સંવત અને હીજરી સનના વર્ષાંકોમાં એકેક વર્ષ ઓછા થવાનો ફરક પડતો જાય છે.

હીજરી સનમાં મહિનાની કે તિથિઓની વધઘટ હોતી નથી. હીજરી સાલમાં એક પછી એક વારા ફરતી **મહોરમ** વિગેરે ૧૨ મહિનાઓ આવે છે તેના દરેક મહિનાના ૩૦ કે ૨૯ દિવસો અને વર્ષના ૩૫૫ કે ૩૫૪ દિવસો હોય છે,



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

(૧) **બા. અકબરે** સન ૧૫૮૪ વિ. સં. ૧૬૪૧ થી ઇરાની સન તથા હીજરી સનની ઉપર લખ્યા પ્રમાણે ભેળસેળ કરી, નવો ફસલી દીન–ઈ–ઈલાહી, **જૂલસી સન** ચલાવ્યો

(૨) **બા. શાહજહાંએ** હીજરી સન ૧૦૪૬ ના મહોરમ તા. ૧ થી પોતાનો નવો ફસલી–જૂલૂસ સન ચલાવ્યો.

(૩) હૈદ્રાબાદના નવાબ **નિઝામે** તા. ૬–૧૦–૧૯૪૯ થી નવો નિઝામી–ફસલી સન ચલાવ્યો હતો. જે માત્ર બે વર્ષ ચાલ્યો હતો

(વિવિધ સંવતો માટે જૂઓ જૈન સત્ય પ્રકા૦ ક્૦ ૧૦૦, ૧૦૧, ૧૦૨ નું પૃ૦ ૨૭૪)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# બ્રિટિશ રાજ્ય

બ્રીટનની ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ સને ૧૮૫૭માં દિલ્હીના ૨૩મા મોગલ બા. બહાદૂરશાહ (બીજા)નું વર્ષાસન બંધ કરી તેને પકડી કેદ કરી, રંગુન મોકલી દીધો. અને ભારત વર્ષની **રાજસત્તા** પોતાના હાથમાં લીધી. પછી તેણે ભારતનું શાસન કરવા માટે બ્રીટનથી જૂદા જૂદા **ગવર્નરોને** નીમી, ભારતમાં મોકલ્યા હતા. તે આ પ્રમાણે—

(૧) **વોરન હેસ્ટીંગ** :—(સને ૧૭૭૨ થી ૧૭૮૫)

દિલ્હીના ૧૯ મા બા. **આલમ** (ત્રીજા)એ સને ૧૭૬૬ માં સૈફ ઉદ્દૌલ્લાને બંગાલનો નવાબ બનાવ્યો. અને બ્રીટનની ઇસ્ટ ઇન્ડિયા કંપનીને **બંગાળના દીવાનની** પદવી આપી **વોરન હેસ્ટીંગે** તે પદવીનો આનંદ ઉત્સવ મનાવ્યો. તથા મૂર્શિદાબાદના ૧૬ (૧૮) વર્ષના **શેઠ ખુશાલચંદને** ઇસ્ટ ઇન્ડિયા કંપની વતી બંગાળની **દીવાનગીરી** માટે ગોઠવ્યો.

**વોરન હેસ્ટીંગે** અવધના દીવાન મહારાજા **નંદકુમારને** અંગ્રેજી જજ્જ (ન્યાયાધીશ) **ઇલાઈજાઇમ્પે** મારફત "મુજિમ અલી" નામે મુસલમાનના સ્વપ્નના નામે રજુ કરેલી કલ્પિત જ **શાહેદીને** જ સાચી બતાવી, મહારાજાને દોષિત ઠરાવી **ફાંસી** અપાવી હતી.

લોર્ડ મૈકોલેએ જજ્જ ઇમ્પે અંગે "પોતાનું દુઃખ પ્રદર્શિત કરતાં" જણાવ્યું હતું કે

"इम्पेने न्यायधीशके पद पर स्थित होने पर भी, एक राज नैतिक मसलेको सुलझानेके लिए "अन्याय पूर्वक" एक मनुष्यको **फांसी** पर लटका दिया है, जैके नामक जज्जने जबसे इग्लेंडके टौवर में "जहरका प्याला पिया है" तबसे अब तक किसी सज्जनने इंग्लिश न्यायका इतना **अपमान** नहि किया था"

મહારાજાએ સંધ્યા સમયે ફાંસીના માંચડા ઉપર ચડી, જનોઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથમાં લઇ પ્રભુ પ્રાર્થના કરી, ગળામાં દોરી પહેરી, એક બ્રાહ્મણના હાથે જ ફાંસી લીધી.

ભારતનો ઈતિહાસ કહે છે કે આ ફાંસી તે બ્રહ્મહત્યા રાજહત્યા, માનવહત્યા અને સ્વતંત્રતાની જ હત્યા હતી.

( તા. ૫–૯–૧૯૩૭નું સચિત્ર નવયુગ પૃ. ૨૩, ૨૮ શ્રી ઇંદ્રદેવનો "કિધર કો ? શિર્ષક લેખ" ).

**વોરન હેસ્ટીંગ** બ્રિટન ગયો ત્યારે તેની વિરુદ્ધમાં લાંચ વગેરે **ગુનાઓ** અંગે લંડનની પાર્લામેન્ટમાં " સાત વર્ષ સુધી કેસ ચાલ્યો." અંતે પાર્લામેંટે તેને **દેશનો વફાદાર** માણસ સમજીને બધા ગુનાઓ માટે માફી આપી. તે સને ૧૮૧૮ માં મરણ પામ્યાં

તેણે શેઠ **હરખચંદને** વિ. સં. ૧૮૪૦ એટલે સને ૧૭૮૪માં ખિતાબ અને "જગત્ શેઠની પદવી" આપી હતી. ત્યારબાદ તેના વંશની **જગતશેઠની પદવી** સદા માટે **બંધ** કરી.

(૨) **લોર્ડ કાર્નવાલીસ**— ( સને ૧૭૮૯ થી ૧૭૯૩ ) તેણે બંગાળમાં જમીનદારી અંગે **નવો બંદોબસ્ત** કરી જમીનદારોને વધુ હક આપ્યા. જેમાં ઘણા મૂડીદારોને નુકસાન થયું. " જગતશેઠ **હરખચંદની**" પારસનાથ પહાડની ઈનામી જમીન હતી તે જમીન આ નવો બંદોબસ્ત થતાં સને ૧૭૮૯ માં **પાલગંજ રાજ્યમાં** દાખલ થઈ ગઈ."

**(૧૪) લોર્ડ ડલહાઉસી**—( સને ૧૮૪૮ થી ૧૮૫૬ )

આ સમયે ભારતમાં નહેરો અને પૂલોમાં સુધારો થયો. તથા **તાર-ટપાલ, રેલ્વે,** અને **શિક્ષણખાતું** વગેરે નવેસરથી શરૂ થયાં.

**સર મેકોલે :** ભારતને માટે શિક્ષા પ્રણાલી મુકરર કરી અને તેણે સાફ સાફ જાહેર કર્યું કે "કોઈભી હિન્દુ જિસને અંગ્રેજી શિક્ષા પ્રાપ્ત કરલી હૈ અપને ધાર્મિક અનુરાગકો કભી અક્ષુણ્ણ નહી રખ શકતા !" મેરા દૃઢ વિશ્વાસ હૈ કિ હમારી શિક્ષા પ્રણાલી યોજના પર અમલ કિયા જાય તો ૩૦ વર્ષ કે ભીતર ભારતકી ઉચ્ચ જાતિઓમેં એક ભી મૂર્તિપૂજક નહી બચેગા.

**નોંધ :** સ્પષ્ટ વાત છે કે અંગ્રેજી રાજ્ય ગયું. તે પ્રજા પાસેથી લેવાના ગુણો પણ તેની સાથે ગયા. માત્ર ઉપર લખ્યા મુજબ ભારતીય સંસ્કૃતિની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘાતક એકલી શિક્ષણપ્રણાલી ટકી રહી છે. દેશનેતાઓએ ભારતીય સંસ્કૃતિને પુનર્જીવન આપવા સવેળા ઉચિત પ્રબંધ યોજવો જોઈએ.

બીજી પણ એક નોંધપાત્ર ઘટના છે.

**ભેળસેળ :** દૂધમાં ૪૦ ટકા, લોટમાં ૨૮ ટકા, માખણમાં ૭૫ ટકા, તેલોમાં ૪૨ ટકા, ચામાં ૧૫ થી ૨૦ ટકા, મરચાંમાં ૨૭ ટકા, હીંગમાં ૯૧, ટકા, આઈસ્ક્રીમમાં ૭૩ ટકા, શરબતોમાં ૪૦ ટકા, ઘીમાં ઘણા ટકા, ભેળસેળ થાય છે. (જૈન સાપ્તાહિક–સામાસિક સ્ફુરણ પૃ. ૧૨૯ વર્ષ ૬૧ અંક ૧૧ મે. વીર સં. ૨૪૮૮ વિ. સં. ૨૦૧૮ ફા. સુ. ૧૨ તા. ૧૭–૩–૧૯૬૨ શનિવાર.) ઝવેરાતમાં પણ નકલીની ભેળસેળ ચાલુ છે.

લોકભોગ્ય સાહિત્યમાં પણ ભેળસેળ ચાલુ છે. ગુ૦ ઐતિહાસિક નવલિકાઓમાં ૯૯ ટકા ભેળસેળ હોય છે. જેમાં લોટ જેટલી કલ્પિત વસ્તુ હોય છે. અને લોટમાં જેટલું મીઠું નખાય છે. માત્ર તેટલા પ્રમાણમાં સાચી વસ્તુ હોય છે.

હીંદી ભાષાના સાક્ષરો એ હીંદી સાહિત્યમાંના આવા સાહિત્યને ઘાસલેટી સાહિત્ય તરીકે ઓળખાવી તેને દૂર કરી હિંદી સાહિત્યને શુદ્ધ બનાવવા પ્રયત્ન કર્યો છે.

ગુજરાતી સાક્ષરોએ પણ આ દાખલો લઈ શુદ્ધ ગુજરાતી સાહિત્ય બનાવવું જોઈએ.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

**(૧૫) લોર્ડ કેનીંગ—(સને ૧૮૫૬ થી ૧૮૫૮)**

સને ૧૮૫૭માં હિંદુસ્તાનમાં મોટો **બળવો** ફાટી નીકળ્યો, આથી ઇંગ્લેંડની **બ્રિટીશ સરકારે** "ભારતનું શાસન ઈસ્ટ ઇંડિયા કંપની પાસેથી પોતાના હાથમાં લીધું" લોર્ડ કલાઈવે સને ૧૮૫૬માં ટપાલની સુંદર વ્યવસ્થા કરવાના કારણે નગરશેઠ કુટુંબને ઘણી સનદો આપી નગરશેઠ પ્રેમાભાઈને ઓનરેબલરાવબહાદૂર ખેતાબ આપ્યો.

(જૂઓ પ્રક૦ ૪૪ પૃ૦ ૧૭૭)

(૧) મહારાણી **વિક્ટોરિયા**—(સને ૧૮૫૭ થી તા. ૨૨–૨–૧૯૦૧)

વોયસરોય કેનીંગ—(સને ૧૮૫૭–૧૮૫૮)

તેણે "ખેડુતો માટે એક નવો કાયદો" બનાવ્યો.

**વોયસરોય લોર્ડ લીટન—(સને ૧૮૭૬ થી ૧૮૮૦)**

સને ૧૮૭૭માં **દિલ્હીમાં મોટો દરબાર** ભરાયો. જેમાં રાણી વિક્ટોરિયાને "ભારતની રાજરાજેશ્વરી"ની પદવી અપાઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) **સાતમો એડ્વર્ડ**—( સને ૧૯૦૧ થી + –૫–૧૯૧૦ )
તેનો પણ **દિલ્હી દરબાર** ભરાયો.

વાયસરોય લોર્ડ **મીન્ટો**—( સને ૧૯૦૫ થી ૧૯૧૦ )
સને ૧૯૧૦માં " પાંચમા જ્યોર્જે ભારત ભ્રમણ " કર્યું, અને સાતમો એડ્વર્ડ મરણ પામ્યો.

(૩) **પાંચમો જ્યોર્જ**—( )

વોયસરોય **લોર્ડ હાર્ડીંગ**–( સને ૧૯૧૦ થી ૧૯૧૬ ) તા. ૧૨–૧૨–૧૯૧૧ ના રોજ **દિલ્હી દરબાર** ભરાયો. સને ૧૯૧૪માં દુનિયાના પશ્ચિમીદેશોમાં **મોટું યુદ્ધ** થયું.

કોઈ ક્રાંતિકારીએ સને ૧૯૧૧–૧૨માં લોર્ડ હાર્ડીંગ ઉપર બોંબ ફેંક્યો. અમદાવાદની શેઠ આ. ક. ની પેઢીએ તા. ૨૮–૧૨–૧૯૧૨ ને રોજ એ માટે દિલગીરીનો ઠરાવ કર્યો હતો.

(—) લોર્ડ ચેમ્સફર્ડ (સને ૧૯૧૬ થી ૧૯૨૦)

**પાલગંજના રાજાએ** અમદાવાદની શેઠ આ. ક. ની પેઢીના પ્રમુખ **નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈને** તા. ૯–૩–૧૯૧૮ના રોજ ૨,૪૨૦૦૦ બે લાખ બેંતાલીશહજાર રૂપિયામાં **પારસનાથનો** પહાડ વેચ્યો; આ પહાડ જગતશેઠની " ઇનામી મિલકત " હતી, છતાં તેના દુર્લક્ષ્યથી પાલગંજના રાજ્યમાં દાખલ થયો હતો તે ફરીવાર **શ્વે૦ જૈન સંઘના** તાબામાં આવ્યો (તા. ૧૨–૩–૧૯૧૨ સં. ૧૯૬૮ ફા. વ. ૯ મંગળનો સ્થાનિક પ્રતિનિધિઓની મીટીંગનો ઠરાવ ) તથા તા. ૨૯–૧૨–૧૯૧૨ વિ. સં. ૧૯૬૮ નો શેઠ આ. ક. જનરલ મીટીંગનો ઠરાવ નં. ૧૧)

આ સમયે ભારતમાં **અસહયોગનું** આંદોલન થયું.

(–) લોર્ડ **ઇરવીન**— (સને ૧૯૨૬ થી ૧૯૩૧)

(–) લોર્ડ **વિલીંગ્ડન**—( )

**સ્વતંત્ર ભારત**

બ્રિટનની સરકારે તા. ૧૪–૮–૧૯૪૭ની મધ્ય રાતે એટલે તા. ૧૫–૮–૧૯૪૭ના પ્રારંભે, ૧૨ કલાક ૧ મિનિટે ભારતને **સ્વતંત્ર** જાહેર કર્યો ? તેણે **પં. જવાહરલાલ નેહરૂને** ભારત સોંપ્યુ અને પં. નેહરુએ ભારતમાં લોકશાહી સામ્રાજ્ય સ્થાપી આજ સુધી રાજતંત્ર ચલાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## -: ગૂજરાતના રાજાઓ :-

**નોંધ :**— અમોએ ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રાચીન રાજવંશનો પરિચય પહેલાં ( પ્ર૦ ૨૩ પૃ૦ ૩૯૫ તથા પ્ર૦ ૩૫ પૃ૦ ૭૩માં ) આપ્યો છે. વિશેષ અહીં આપીએ છીએ.

### ગૂજરાતના સૂબાઓ

**(૧) અલફખાન** ( નુસરતખાન )

દિલ્હીના ૧૫ મા બાદશાહ **અલાવદીન ખિલજી** ( સને ૧૨૯૮ થી ૧૩૧૬ ) એ ગૂજરાતના રાજા કરણ વાઘેલાના સ્વામીદ્રોહી **મંત્રી માધવરાવ** અને કેશવરાય નાગરની દોરવણી મુજબ પોતાના ભાઈ અલફખાન તથા વજીર નુસરતખાનને સૈન્ય આપી ગૂજરાત સર કરવા મોકલ્યા.

તેમણે સને ૧૨૯૭ ( વિ૦ સં૦ ૧૩૫૪ ) માં ગૂજરાત–પાટણ પર ચડાઈ કરી કરણ વાઘેલાને નસાડ્યો. તેણે ગૂજરાત જીતી લઈ રાણી કમળાદેવી અને રાજપુત્રી દેવલદેવીને તેમજ મલેકકાફુરને સાથે લઈ જઈ દિલ્હીમાં અલાવદ્દીનને સોંપ્યા.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

બાદશાહ અલાવદ્દીને કમળાદેવીને પોતાની બેગમ બનાવી, અને દેવલદેવીને શાહજાદા **ખીજરખાનની** બીબી બનાવી, જ્યારે મલેક કાફુરને પોતાનો અંગત **વજીર** બનાવ્યો, અલફખાનને સને ૧૩૦૪ ( વિ૦ સં૦ ૧૩૬૦ ) માં ગૂજરાતનો **સૂબો** બનાવ્યો.

( પ્રક૦ ૪૪, પૃ૦ ૪૭)

સૂબા **અલફખાને** પાટણના ધનાઢ્ય **સમરા શાહ** નામના જૈન ઓશવાલને ફરમાન લખી આપી, સૌરાષ્ટ્રના સૂબા બહેરામ ખાનને હુકમ મોકલી, સં૦ ૧૩૭૧ ના માહ શુદિ ૭ ના રોજ શત્રુંજયતીર્થનો મોટો પંદરમો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા કરવાની વ્યવસ્થા કરી આપી. સૂબાએ આ સમરાશાહ તથા તેમનો ભત્રીજો સારંગ એટલે સમરા–સારંગનું દિલ્હીના બાદશાહી દરબારમાં માન વધાર્યું, તેમજ દેવગિરિ ( દોલતાબાદ ) ના દરબારમાં પણ તેઓનું ભારે સન્માન કરાવ્યું ( પ્રક૦ ૩૫, પૃ. ૧૯૨ થી ૧૯૭. )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂબા અલફખાને પાટણનો **કિલ્લો** બંધાવ્યો. તે સને ૧૩૧૭ સુધી ગૂજરાતમાં રહ્યો હતો. તે પછી દિલ્હીના બાદશાહો તરફથી ગૂજરાત–પાટણમાં નવા નવા સૂબાઓ આવતા રહ્યા હતા, તે આ પ્રકારે જાણવા મળે છે.

(૨) એનૂ મુલ્ક મુલતાની.

(૩) મલેક દીનાર જાફરખાન.

(૪) **ખુશરૂખાન**

(૫) **હીસામુદ્દીન**— તે વિ૦ સં૦ ૧૪૩૨ માં પાટણરો સૂબો હતો. તે એક વણિક કન્યાને પકડી લાવ્યો અને તેને પોતાની બીબી બનાવી. આ બીબી અસલમાં એક જૈન વણિકની પુત્રી હતી. તે સૂબાના જનાનખાનામાં **ગોડી પાર્શ્વનાથની જિનપ્રતિમાની** પૂજા કરતી હતી. સૂબાએ આ જિનપ્રતિમા મેઘા મીઠડિયાને આપી.

મેઘા શાહે "**ગોડીપુર**" વસાવી, ત્યાં મોટો જિનપ્રાસાદ બંધાવી તેમાં ગોડી પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી." સમય જતાં આ સ્થાન મોટું **તીર્થધામ** બન્યું હતું.

(–પ્રક૦ ૪૨, પૃ૦ ૭૩૯ થી ૭૪૨)

ઇતિહાસમાં એવી ઘણી નોંધાયેલી ઘટનાઓવાળી દંતકથાઓ પણ મળે છે કે, "મુસલમાન બાદશાહો તથા સૂબાઓએ પોતાની બેગમોને પ્રસન્ન રાખવા ઇચ્છાએ કે અનિચ્છાએ કેટલાંક કામ કર્યાં હતાં." જેમકે

(૧) હીસામુદ્દીને ગોડીજીની જિનપ્રતિમાને ઝનાનખાનામાં રાખી હતી તે મેઘાશેઠને આપી.

(૨) અહમદશાહે આશા ભીલની પુત્રી તેજાં કે **ગૂર્જરી સુંદરી** માટે અમદાવાદ વસાવ્યું. (–ગૂજરાતનું પાટનગર અમદાવાદ, પૃ૦ ૨૯)

(૩) બાદશાહ મહમ્મુદે પોતાની રૂડકી બાઈ માટે અડાલજમાં પાંચ લાખ ટકા ખરચી **રૂડકી વાવ** બંધાવી.[1]

1. 'ગૂજરાતનું' પાટનગર અમદાવાદ' પ્રક૦ ૪૨, પૃ૦ ૬૨૧ માં અડાલજની વાવનો ઇતિહાસ આપ્યો છે, જેમાં તે વાવમાં સંસ્કૃત લેખ હોવાનું જણાવ્યું છે. તેનો સાર આ પ્રમાણે છે.—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) અહમ્મદશાહ બીજો કે મહમ્મદ ત્રીજાએ સને ૧૫૨૩ થી ૧૬૨૬ (વિ૦ સં૦ ૧૫૮૨)માં બેગમની પ્રેરણાથી શત્રુંજય તીર્થનાં દર્શન, માન–સમ્માન કર્યાં આ ઘટના પછી શત્રુંજય તીર્થમાં **અંગારશાહ પીરની દરગાહ** બની છે, જે આજે જૈનોના કબજામાં છે. (જૂઓ–પ્ર૦૫૬–અંગારશાહ પીરની દરગાહ)

હીસામુદ્દીન વિ૦ સં૦ ૧૪૩૨(૬૨) થી ૧૪૭૦ સુધી પાટણનો સુબો હતો.

(૬) વીજુદ્દીન ખુરેશી (૭) તાજુમુલ્ક (૮) અહમદખાન

(૯) સૂબેદાર **જાફરખાન**–તે બાદશાહ ગ્યાસુદ્દીન તઘલખ–બીજાથી મહમદ તઘલખ સુધી ગૂજરાતનો **સૂબો** બની રહ્યો. સૂબા તાજુમુલ્ક અને જાફરખાને સને ૧૪૦૦માં સૌરાષ્ટ્ર ઉપર સવારી કરી સોમનાથ પાટણ ઉપર હલ્લો કર્યો હતો ત્યારે જૂનાગઢનો રાં........ **હમીરજી ગોહેલ** તથા **વેગડો ભીલ** વગેરેએ તેઓનો જોરદાર સામનો કર્યો હતો, પરંતુ તે સૂબાઓએ તે સૌને હરાવી મારી નાખ્યા. અને **ગૂર્જરેશ્વર કુમારપાલ સોલંકીએ** સં૦ ૧૨૦૮માં બંધાવેલા સોમનાથના દેવળનો નાશ કર્યો અને તેને

जैन साईट JAINSITE .com ज्ञानम् स्याद्वाद शासनम्

---

આ વાવ વિ૦ સં૦ ૧૫૫૫ માં ઉત્તરાયણનો સૂર્ય હતો ત્યારે મહા શુ૦ ૫ અને ઉત્તરાભાદ્રનક્ષત્રમાં બવ–કરણમાં સિદ્ધિયોગમાં બનાવી છે.

જો કે ફાર્બસ સભાના ગ્રંથસંગ્રહમાં આ વાવનો શિલાલેખ છે તેમાં સને ૧૪૯૯માં આ વાવ બનાવ્યાનું લખ્યું છે, તે લેખમાં વિશેષ જણાવ્યું છે કે–

દંડાહી પ્રદેશના વાઘેલાનો પુત્ર રાજા મોકલસિંહ, તેનો પુત્ર કર્ણ, તેનો પુત્ર મૂળરાજ, તેનો પુત્ર **મહીપ,** થયા. મહીપને (૧) વૈરસિંહ, (૨) જૈત્રસિંહ અથવા નેશસિંહ એમ બે પુત્રો હતા.

બાદશાહ મહમ્મુદના રાજ્યમાં **વીરસિંહ વાઘેલાની** પત્ની રૂડાદેએ ગંગાજલ સમી આ વાવ બનાવી છે. અને તે બનાવવામાં ૫૦૦૧૧૧, ટકા ખરચ્યા છે.

સંસ્કૃત શિલાલેખની નીચે ગુજરાતીમાં નીચે પ્રમાણે વિશેષ લેખ છે.–

**શ્રીરૂડબાઈ** ભર્તાર સપદમર લોકાર્થિં અડાલજિ વાવી કરાવી. શ્રીમાલી જ્ઞાતિ મહં૦ બીમા સુત મહીણા, વાવી નિપજાવી. ટંકા લખ ૫૦૦૧૧૧ આંકે પાંચ લક્ષ થયા. આચંદ્રાર્ક સ્થિર સ્થાવરમસ્તુ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લૂંટી લીધું. સૂબાઓ આ ઘટનામાં સફળ થવાથી વધુ જોરમાં આવ્યા અને સંભવ છે કે, તેમણે સિદ્ધપુરના રુદ્રમહાલયનો તથા પાલનપુરના એક જિનપ્રાસાદનો પણ નાશ કર્યો હોય.

(૧૦) મુજફ્ફરખાન-(રાજ્યકાળ-સને ૧૩૯૧ થી ૧૪૦૧)

ઉપરની ઘટનાઓ બન્યા પછી તે સુબાને વિજયનો **ગર્વ** ચડયો હતો. અને તે જ અરસામાં દિલ્હીની ગાદીએ રાજપલટો થયો હતો. આથી તેણે "કુદરતે સાંપડેલી તકનો લાભ લઈ લેવા" **સાહસ** ખેડયું. એ ગૂજરાતનો છેલ્લો સૂબો હતો.

## ગૂજરાતના બાદશાહો

(૧) **બાદશાહ મુજફ્ફરશાહ** (રાજ્યકાળ-૧૪૦૭ થી ૧૪૧૧) તેનું બીજુ નામ **મદાફ્ફરખાન** પણ મળે છે. તેણે દિલ્હીની ગાદીના બાદશાહોની અંધાધુંધીનો લાભ લેવા પોતાના પુત્ર **તાતારખાનને** "બાદશાહ મહમ્મુદ" નામ આપી, એકાએક ગૂજરાતનો સ્વતંત્ર બાદશાહ બનાવી, સને ૧૪૦૧માં પાટણની ગાદીએ બેસાડયો, પરંતુ આ પિતા-પુત્ર વચ્ચે બે વર્ષો જતાં વિરોધ જન્મ્યો, એટલે સૂબા **મુજફ્ફરખાને** "પુત્ર મહમ્મુદ"ને મરાવી નાખ્યો. અને પોતે ગુજરાતનો **સ્વતંત્ર બાદશાહ** બની, સને ૧૪૦૭માં પાટણની ગાદીએ બેઠો. તેણે ગુજરાતના બાદશાહ તરીકે પહેલા **સિક્કા** પડાવ્યા, તેના પુત્ર તાતારખાનને **અહમદશાહ** નામે પુત્ર હતો. શાહજાદા **અહમદે** દાદા મુજફ્ફરશાહને સને ૧૪૧૧માં વિષનો પ્યાલો મોકલી પી જવાનો હુકમ કરી, મારી નખાવ્યો.

(૨) **બાદશાહ અહમ્મદશાહ** (રાજ્યકાળ-સને ૧૪૧૧ થી ૧૪૪૨; વિ૦ સં૦ ૧૪૬૭ થી ૧૪૯૯)

તે બા૦ મુજફ્ફરશાહના પુત્ર તાતારખાનનો પુત્ર હતો. તેણે ૩૧ વર્ષ ૭ મહિના અને ૬ દિવસ સુધી ગૂજરાતનું રાજ્ય કર્યું જેમ દિલ્હીના બા૦ અકબરનો સ્વભાવ **અકળ** મનાતો હતો તેમ બા૦ અહમ્મદનો સ્વભાવ પણ અકળ મનાતો. જો તે દિલ્હીની ગાદીએ થયો હોત તો બાદશાહ અકબરની જેમ ઇતિહાસમાં પોતાની **અમર** નામના નોંધાવત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ૨૧ વર્ષની ઉંમરે **બાદશાહ** બન્યો હતો. શરૂઆતમાં તે ઝનૂની હતો પણ ધીમે ધીમે તે સમભાવી અને **ધર્મસહિષ્ણુ** બની ગયો હતો. ગૂજરાતના ઇતિહાસમાં તે **ન્યાયી બાદશાહ** ગણાયો.

### અમદાવાદ

બાદશાહ અહમ્મદશાહે અમદાવાદ વસાવ્યું, તેનો ઇતિહાસ આ પ્રકારે જાણવા મળે છે.—


**આશાવલ અને કર્ણાવતી**—

અમે રાજા કર્ણદેવ સોલંકી (વિ૦ સં૦ ૧૧૨૦ થી ૧૧૫૦)ના ઇતિહાસમાં "તેણે આસાપલ્લીના સ્થાને કર્ણાવતી વસાવ્યું વગેરે" જણાવ્યું હતું. (—પ્રક૦ ૩૫, પૃ૦ ૮૭)

શ્રી **રત્નમણિરાવ ભીમરાવ** B. A. પોતાના "**ગૂજરાતનું પાટનગર અમદાવાદ**" નામના ગ્રંથમાં લખે છે કે—આ આશાવલ અને કર્ણાવતીનગર આજે જ્યાં "જમાલપુર દરવાજો અને આસ્ટોડિયા દરવાજા" **બહારનો ભાગ** છે ત્યાં વસેલાં હતાં. આ બન્ને નામો ઘણાં વર્ષો સુધી પ્રચલિત હતાં. ત્યાં પાસે જ આશા **ભીલનો ટેકરો** છે. (પૃ૦ ૧૭) આ રીતે "સાબરમતીથી મણિપુર સુધીનો ભૂમિ ભાગ, જેમાં જગન્નાથજીનું મંદિર, શત્રુંજયનો પટ બાંધવાની જૈનોની જમીન, જૈન ચાલી, અને ગીતામંદિર વગેરે છે" ત્યાં **કર્ણાવતી** હતી એમ માનવું પડે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**મહો૦ ધર્મસાગરજી** ગણિવરના શિષ્ય **પં. વિનયસાગર** ગણિએ સં૦ ૧૬૪૦માં સંસ્કૃત ભાષામાં **ગૂર્જર દેશરાજાવલી** રચી છે તેમાં તેમણે "પાટણનગરની સ્થાપનાના[1] કાળથી પ્રારંભીને બા. મદાફર"




૧. પાટણ માટે જૂઓ 'પાટણ; પ્રક૦ ૩૫, પૃ૦ ૭૫ ટિપ્પણી તેમાં સં. ૮૦૨ શાકે ૬૬૮ ના વૈશાખ શુદિ ૩ ને ગુરુવારે રોહિણી વૃષના ચંદ્રમાં સૂર્યોદયથી ઘડી ૧૭ જતાં **સિંહલગ્નમાં** અણહિલ્લપુરની લગ્ન કુંડલી બતાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધીનો ઇતિહાસ આપ્યો છે. તેમાં તેઓ લખે છે કે–સૂબા **અલફખાને** વિ. સં. ૧૩૬૦ માં પાટણનો કિલ્લો બંધાવ્યો. અને બા. **અહમ્મદશાહ** વિ. સં. ૧૪૬૭ થી ૧૪૯૯ સુધીમાં થયો. (પ્રક૦ ૫૫) તેણે સં. ૧૪૬૭–૬૮ માં **અમદાવાદ** શહેર વસાવ્યું.

આ રીતે જોતાં હવે કર્ણાવતીના સ્થાને અમદાવાદ વસ્યું તેમ સમજીને અમદાવાદનો **ઇતિહાસ** વિચારીએ.

**શ્રી. રત્નમણિરાવ જણાવે** છે કે, બા૦ **અહમ્મદશાહ** “હીજરી સન ૮૧૨ ના **રમજાન** મહિનાની ૧૪ મી તારીખે સને ૧૪૧૦ માં પાટણની **ગાદીએ** બેઠો.” તે તરતમાં જ ત્યાંથી નીકળી ભરૂચ જઈ, પોતાના અમીરોના બળવાને દાબી દઇ, પાછા વળતાં **આશાવલમાં** આવીને રહ્યો, તેણે ત્યાં જ **નવું પાટનગર** વસાવવાનો નિર્ણય કર્યો. તેણે ૧ બા. અહમદ, ૨ સરખેજનો સંત અહમ્મદ ખાટૂ[1] ૩ કાજી અહમ્મદ તથા ૪ શેખ અહમ્મદ એમ **ચાર અહમ્મદોને** ભેગા કરી, **અમદાવાદ** નગરનો પાયો નાખ્યો.

અમદાવાદની સ્થાપનાની **સાલવારી** અંગે જુદા જુદા ઉલ્લેખો મળે છે તે આ પ્રમાણે છે.—

(૧) આઈને અકબરી તથા સિકંદરીમાં સને ૧૪૧૦.

(૨) મિરાતે અહમ્મદી તથા સિકંદરીમાં સને ૧૪૧૧.

(૩) મિરાતે અહમ્મદીમાં સને ૧૪૧૧, શાકે ૧૩૧૪ વિ. સં. ૧૪૪૯.

(૪) તારીખે ફિરસ્તા, ગુજરાત ગેઝેટિયરમાં તા. ૪–૩–૧૪૧૧.

(૫) ગૂજરાતના રાજાઓની વંશાવલીમાં વિ. સં. ૧૪૬૮ ના વૈશાખ શુદિ ૭ ને રવિવારે પુષ્યનક્ષત્રમાં પ્રથમ પ્રહરમાં.

(૬) ગૂજરાત દેશની રાજાવલીમાં વિ. સં. ૧૪૬૭–૬૮.

(૭) અમદાવાદની વંશાવલીમાં વિ. સં. ૧૪૫૮ માં વાસ્તુ.

---

૧. શેખ અહમ્મદ ખાટૂ ગંજબક્ષનો મુકામ **સરખેજમાં** હતો. તે તા. ૧૧–૧–૧૪૪૬ ના રોજ ૧૧૧ વર્ષની ઉમરે ત્યાં જિતનશીન થયો. મહમ્મદ બીજો અને કુતબુદ્દીને સને ૧૪૪૬ થી ૧૪૫૧માં સરખેજમાં તેનો **રોજો** બનાવ્યો. (ગૂ૦ પા૦ અમ૦ અ૦ ૪૦, પૃ૦ ૫૮૬)

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૮) પ્રો. નવાબઅલીની મિરાતે મહમદીમાં વિ. સં. ૧૪૪૯ના વૈશાખ શુદિ ૫ ને ગુરુવાર.

(૯) હુલ્વી શિરાઝના તારીખે અહમ્મદશાહીમાં હી. સ. ૮૧૩ જિલ્કાદ મહિનો.

(૧૦) ફાર્બસ સભાના ગ્રંથસંગ્રહમાં વ. ૯ ને રવિવાર.

(૧૧) પં. ગિરજાશંકર શાસ્ત્રીએ કરેલા શ્લોકમાં—અમદાવાદના જીવન વિકાસગ્રંથમાં વિ. સં. ૧૪૪૯ ના વૈશાખ શુદિ ૫ ને ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં અથવા વૈશાખ શુદિ ૭ ને શનિવારના રોજ કર્કનો ચંદ્ર, વૃષભનો શુક્ર અને મેષનો રવિ હતો એવા લગ્ન મુહૂર્તમાં.

(૧૨) શ્રી. રત્નમણિરાવના ગુજરાતનું પાટનગર અમદાવાદમાં સને ૧૪૧૧.

(૧૩) શ્રી હરિહર ભટ્ટના સં૦ ૨૦૦૧ ના સંદેશ પંચાંગમાં હી૦ સન ૮૧૩ જિલ્કાદ મહિનો તા. ૩ ને ગુરુવાર; વિ૦સં૦ ૧૪૬૭ શાકે ૧૩૩૨ના ફાગણ શુદિ ૩ તા. ૨૬–૨–૧૪૧૧ ના રોજ સૂર્યોદયથી ઘડી ૧૫, પલ ૩૫; જતાં બપોરે ૧ કલાક ને ૧૦ મિનિટનું મુહૂર્ત.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અમદાવાદની સ્થાપનાની સાલવારી માટે ઉપર પ્રમાણે **ઘણા મતો** મળે છે પરંતુ આજનું ભારત–લોકશાહી રાજશાસન **બહુમતનું પક્ષપાતી** છે, આથી ઉપરના મતોમાંની બહુમતીના આધારે સ્પષ્ટ થાય છે કે, "અહમ્મદશાહે સને ૧૪૧૧, વિ૦ સં૦ ૧૪૬૮ ના વૈશાખ શુદિ ૫ ના રોજ અમદાવાદ નગરની સ્થાપના કરી હોય.[1]

શ્રી. રત્નમણિરાવ જણાવે છે કે, બાદશાહે પાટણથી સર્વ જરૂરી સામગ્રી મંગાવી "ભદ્રના કિલ્લા" પાસે અમદાવાદનો **પાયો** નાખ્યો અને શરૂઆતમાં માત્ર **ભદ્રનો જ કિલ્લો** બંધાવ્યો હતો. મહમ્મદ બેગડાએ તે પછી સને ૧૪૬૮ માં અમદાવાદનો **કોટ** બંધાવ્યો.

૧. કોઇ હસ્તલિખિત જૂની પ્રતિમાં સં.૧૪૬૮ ના વૈશાખ વ.૭ ને રવિવારે પુષ્ય નક્ષત્રમાં અમદાવાદ વસાવ્યાનો ઉલ્લેખ મળે છે. એટલે સંભવ છે કે એ તિથિ નગરપ્રવેશની હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમદાવાના કોટને ૧૮ દરવાજાઓ હતા.

અમદાવાદ નગરની સ્થાપના સાથે સંબંધ ધરાવતી વાતો જેવી કે આશાભીલને તેણે હરાવ્યો, આશાભીલની પુત્રી અને બાદશાહનો પ્રેમ, માણેકનાથ બાવાનો ચમત્કાર, સમલા કૂતરાની લડાઈ, ગૂર્જરી કુંઅરીની વાત, અને મસાણિયા હનુમાનની દંતકથાઓ વગેરે જે ચાલે છે, તે બધી **વાતો** પ્રામાણિક નથી.

છતાં બનવાજોગ છે કે, કર્ણ રાજાના સમયથી કર્ણાવતીનો રક્ષક ભીલ સરદારનો વંશજ હોય? અને હિંદુઓનો "મીઠો સહકાર" મેળવવા **માણેકચોક** નામ રાખ્યું હોય.

**નામો—**

અમદાવાદનાં અહમ્મદાવાદ, અહિમ્મદાવાદ, અમદાવાદ, અહમદનગર, **અકમીપુર,** શ્રીનગર રાજદ્રંગ અને **રાજનગર** વગેરે નામો મળે છે.

સંભવ છે કે, મહમ્મદ બેગડાએ (સને ૧૪૫૯ થી ૧૫૧૧) **મુસ્તફાબાદ** (જૂનાગઢ) તથા **મહમ્મદાવાદ** (મહેમદાવાદ) એ બંને નગરો વસાવ્યાં હતાં તેમજ તેણે પાટનગર અમદાવાદને પણ વધુ સુશોભિત બનાવ્યું હોય. ?

ઉ૦ વિદ્યાસાગર ગણિના શિષ્ય પં. કૃપાસાગરજીએ વિ૦ સં૦ ૧૭૨૨ માં '**ભ૦ રાજસાગર સૂરિરાસ**' બનાવ્યો છે તેમાં તેમણે અમદાવાદનું સુંદર વર્ણન આલેખ્યું છે (પૃ૦ ૫૭) એ વર્ણનની નમૂના પૂરતી એકાદ કડી આ પ્રમાણે છે.

"ઘણા તોરણે મંડળ પૂતળી, કોરણીઈ બહુ શોભામીલી;
જેમાં એહવા **જિનપ્રાસાદ**, એહવું નગર **શ્રી અમદાવાદ** ૯૬."

**પોળ અને પાડાઓ—**

બાદશાહ અહમ્મદશાહે નવા પાટનગરમાં ગૂજરાતની પુરાણી રાજધાની પાટણ શહેરની પદ્ધતિએ નિવાસોની વ્યવસ્થા ગોઠવી હતી. તળ અમદાવાદનાં નિવાસસ્થાનો બે જાતનાં મળે છે.—

(૧) **પોળ**—ચારે બાજુએ દીવાલ અને પ્રવેશના સ્થાને ડેહલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય, એવો વાસ. (૨) **પાડો (पायडउ=પ્રગટ)** ચારે બાજુથી ખુલ્લો, અને દેહલી વગરનો વાસ.

સંભવ છે કે, બંભણવાડુ, વીરવાડા, સનવાડા, બ્રાહ્મણવાડા, મોરવાડા, દેલવાડા વગેરે ગામો આવી જ ગોઠવણીથી વસ્યા હોય.

આ રીતે અહીં પોળો અને પાડા બન્યા હતા. સને ૧૯૬૦માં **મહોલ્લા** શબ્દ વપરાયાનો ઉલ્લેખ મળે છે. "**मिराते अहम्मदी**"માં અમદાવાદનાં ૧૨૦ થી વધુ જૂનાં પરાંઓનાં નામો નોંધાયલાં મળે છે.

બા૦ **મહમ્મદ** બેગડાના સમયે અને પછી આ પોળો અને પરાંઓમાં મોટી વૃદ્ધિ થઈ હતી. કેટલીએક પોળો અને પરાંઓની વિગત આ પ્રકારે છે.—

(૧) **શાહપુર**–તેનું મૂળ નામ 'કાજીપુર' હતું

(૧૦) જહાંગીરપુર–તે કાજીપુર અને **શાહીબાગની** વચ્ચે હતું.

(૬૪) આ રીતે બેગમ નૂરજહાંએ **નૂરગંજ** વસાવ્યું હતું.

(૧૧) **સિકંદરપુર**–તે જહાંગીરપુર અને અસારવા વચ્ચે હતું. તેનું બીજું નામ **હેબતપુર** પણ મળે છે. બા૦ અહમદશાહના સૂબા **હૈબતખાને** હેબતપુર વસાવ્યું હતું.[1]

(૧૩) **હરિપુર**–તેને બાદશાહ મહમ્મદ બેગડાની જનાનખાનાની એક **હરિબાઈ** નામની ધાવમાતાએ વસાવ્યું હતું. તેણે **હરિવાવ** પણ બનાવી હતી.

(૧૪) **બીબીપુર**–સૈયદ ખૂન મીર, બીન, સૈયદ બડા બીન યાકુબને **બીબી નામની માતા** હતી. તેનો રોજો "મંગળદાસ શેઠની મીલની પાછળ દાદાહરિવાવની પાસે છે." તેના નામથી **બીબીપુર** વસ્યું હતું. તે અસારવા અને સૈયદપુર (સરસપુર)ની વચ્ચે હતું.

સંભવ છે કે, બીબીપુર સિકંદરપુરની સાથે જોડાયેલું હોય. કેમકે અમદાવાદના જૈનોએ ત્યાં **આ૦ વિજયસેનસૂરિના** ઉપદેશથી સં૦ ૧૬૫૬ના માહ શુદિ ૫ ના રોજ સિકંદરપુરમાં ઢીગવા ચોકીની

---

૧. અમદાવાદની પશ્ચિમે ૬ માઈલ દૂર હેબતપુર નામે ગામ પણ વસેલું છે.

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

પાસેની જમીનમાંથી નીકળેલી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમા માટે **મોટો જિનપ્રાસાદ** બંધાવ્યો હતો. અને શેઠ શાંતિદાસ ઝવેરીએ સં૦ ૧૬૮૨ માં તથા સં૦ ૧૭૦૫ માં બીબીપુરના આ જિનપ્રાસાદને વિશાળ બનાવ્યો હતો. એટલે કે આ જિનપ્રાસાદ બીબીપુરમાં જ હતો. (પ્રક૦ ૪૪, બા૦ જહાંગીર પૃ૦ ૯૮)

સુબા ઔરંગઝેબે આ વિશાળ જિનપ્રાસાદને તોડાવી મસીદ બનાવી પછી, બા૦ શાહજહાંએ સં૦ ૧૭૦૫માં નગરશેઠની અરજીથી ગુજરાતના સુબાને આજ્ઞા આપી હુકમ કર્યો કે–તમો આ જિનપ્રાસાદને બાદશાહી ખજાનાના ખર્ચે પહેલાં જેવો હતો તેવો જિનપ્રાસાદ બનાવી નગરશેઠ શાન્તિદાસ ઝવેરીને સોંપો.

(જૂઓ પ્ર૦ ૪૪, પૃ૦ ૧૦૦, ૧૦૧, તથા પૃ૦ ૧૫૧ થી ૧૫૬ મોગલ બાદશાહનું ફરમાન નં૦ ૧૬).

કડવામતના શ્વેતાંબર જૈનોએ હેબતપુરમાં મોટા જિનપ્રાસાદો બંધાવ્યા હતા. (પ્રક૦ ૫૩) આ બધી વિગત ઉપરથી લાગે છે કે સિકંદરપુર, હેબતપુર અને બીબીપુરમાં મોટા પ્રમાણમાં જૈનો રહેતા હતા, અને ત્યાં જૈનોએ મોટાં **જિનાલયો** બંધાવ્યાં હતાં.

(૧૭) **કાલુપુર**–મહમ્મદ બેગડા (સને ૧૪૫૯ થી ૧૫૧૧) એ અમદાવાદનો **કોટ** બંધાવ્યો અને એ કોટની બહારના ભાગમાં આબા **હાજી કાલુએ** એ વખતે **કાલુપુર** વસાવ્યું. તે પછી કાલુ મુસલમાન હાજી બન્યો, અને સમય જતાં કિલ્લાની અંદરનો એ તરફનો વસ્તીવિભાગ **કાળુપુરના** નામથી જ પ્રસિદ્ધિ પામ્યો. કાળુપુરમાં **જૈનો** અને વહોરાઓ મોટા પ્રમાણમાં રહેતા હતા.

(૨૦) સૈયદાબાદ–તેનાં બીજાં નામો સૈયદપુર અને **સરસપુર** પણ મળે છે.

(૨૧) **સારંગપુર**–મહમ્મદ બેગડાના અમીર કિંવા ઉલ્મુલ્ક મલિક **સારંગે** કિલ્લા બહાર **સારંગપુર** વસાવ્યું હતું. પછી અંદરનો વિભાગ પણ **સારંગપુરના** નામથી પ્રસિદ્ધિ પામ્યો હતો.

(૩૫) **રાજપુર**–મિરાતે અહમદીમાં લખ્યું છે કે; "રાજપુર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શહેર જેવું છે.” તેમાં મોટા મોટા અમલદારો, **વેપારીઓ,** દરિયાઈ વેપારીઓ, શીયા વહોરા અને **જૈનો** વગેરે વસતા હતા.” હર્ષકુલના આ૦ સોમવિમલે રાજપુરામાં સં૦ ૧૬૩૩ માં ક્ષુલ્લકકુમાર રાસ રચ્યો. (સોમ પટ્ટા૦)

(૪૮) મુરાદગંજ–તેને સુબા મુરાદબક્ષે વસાવ્યું હતું.

(૬૪) **નવાપુર**–તે અમદાવાદ શહેરની બહાર શાહઆલમના રોજા તરફ હતું, તેનું બીજું નામ **નવીનપુર** પણ મળે છે.

તપાગચ્છના ૬૧ મા આ૦ વિજયસિંહસૂરિનું સં૦ ૧૭૦૮ ના અષાડ શુદિ ૨ ના રોજ અમદાવાદના નવીનપુરમાં સ્વર્ગગમન થયું.

(પટ્ટાવલી સમુચ્ચય, ભા૦ ૧ પુ, પૃ૦ ૯૬; ચાલુ ઇતિ પ્રક૦ ૬૧)

(૭૬) ઇશિનપુર–તે ચંડોલા તળાવ પાસે હતું.

(૮૧) **આશાવલ**–તેનું બીજું નામ કર્ણાવતી પણ મળે છે. તે જમાલપુર દરવાજા બહારના બહેરામપુર પાસે હતું.

(જૂઓ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૯૫)

(૪૫–૮૮) **ખાનપુર**–ઔરંગઝેબના સમયે સૈયદ હસનખાને તેને વસાવ્યું.

(૬૦) મહો૦ ભાનુચંદ્ર ગ૦ (૬૧) પં૦ દેવચંદ્ર ગ૦ (૬૨) પં૦ મુનિચંદ્રગણિ તે સં૦ ૧૬૭૬ આ. વ. ૯ સોમવારે ખાનપુરમાં હતા. (શ્રી પ્રશ૦ સં૦ ૨, પ્રશ૦ નં૦ ૯૪, પ્રક૦ ૫૫, મહો૦ ભાનુચંદ્ર)

(૮૬) વાડજ–તે સ્વતંત્ર ગામ હતું, અને છે.

(૮૭) **ઉસમાનપુરા**–“અહીં વેપારીઓની દુકાનો હતી.” આજે આ સ્થાનમાં **ગુજરાત વિદ્યાપીઠ** છે, તે બાજુનો વિસ્તાર ઉસમાનપુરા કહેવાતો.

તપાગચ્છીય મહો૦ (૫૯) કલ્યાણવિજય ગણિવરના શિષ્ય મહો૦ **ધનવિજયગણિએ** સં૦ ૧૬૯૯ માં અમદાવાદના ઉસમાનપુરામાં **આત્મશતક** શ્લોક ૧૦૮ રચ્યું હતું. (પ્રક૦ ૫૮)

તપગચ્છના મહો૦ ઉદ્યોતવિજયજી ગણિવરની પરંપરાના પં૦ સંઘવિજય ગણિના શિષ્ય **પં૦ વૃદ્ધિવિજયગણિએ** સં૦ ૧૬૭૪ ના

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આસો શુદિ ૧૩ના રોજ અમદાવાદના ઉસમાનપુરામાં "**श्राद्धप्रतिक्रमण**" ની પ્રતિ લખી હતી.

( શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભાગ ૨, પ્રશ૦ નં. ૭૨૬, ચાલુ ઇતિ૦ પ્રક૦ ૫૫, ૫૮)

(૧૦૪) ઈસપુર.

(૧૦૮) **ફુરમાનવાડી**–આ૦ સોમસુંદરસૂરિ અમદાવાદ આશાવલ, કોચરબ, ફુરમાનવાડી, સિકંદરપુર થઈ વીશનગર પધાર્યા હતા. (વીરવંશાવલી પૃ૦ ૨૧૫).

(૧૦૯) નિઝામપુર

(૧૧૦) **અહમ્મદપુર**–તે સિકંદરપુર પાસે હતું. અહીં સં૦ × × ×માં આચાર્ય બન્યા.

(૧૧૧) વજીરપુર

અમદાવાદનાં જૂનાં પરાનાં નામો ઉપર મુજબ મળે છે.

અમદાવાદમાં હઠીપરું મણિપુર, પ્રીતમનગર વગેરે નવાં પરાંઓ વસ્યાં છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**નાગજી ભૂધરની પોળ**–શેઠ **નાગજી ભૂધર** દશા પોરવાડ જૈને વિ૦ સં૦ ૧૭૬૦ના શ્રાવણ શુદિ ૨ ના રોજ નાગજી ભૂધરની પોળ વસાવી હતી. આ વંશના શેઠ **કચરાભાઈ** અમૃતલાલ બારવ્રતધારી જૈન હતા.[1]

---

૧. શેઠ નાગજી ભુદરની વંશાવલિની છેલ્લી સાત પેઢીનાં નામો આ પ્રમાણે મળે છે.

૧ પિતામ્બરદાસ. ૨ દલસુખભાઇ ૩ અમૃતલાલભાઇ ૪ કચરાભાઈ (મૃ.સં. ૨૦૧૫ કા.સુ.૧૧ શુક્રવાર તા. ૨૧–૧૧–૧૯૫૮) ભાર્યા (મૃ.સં. ) ૫ શાન્તિલાલ ભા૦ રતિલક્ષ્મી ૬ ગૌતમકુમાર.

૧ શેઠ કચરાભાઈના મોટા પુત્ર માણેકલાલે આ વિ. રામચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી છે. તેમનું નામ પં. માનવિજયજી ગણિ છે. અને ત્રીજો પુત્ર જયંતિલાલ છે, તેને સનતકુમાર અને સતીશકુમાર નામે પુત્રો છે. ગૌતમકુમાર ને શૈલેશ નામે ભાઈ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અમદાવાદ :**

**— ગ્રંથભંડારો —**

તપાગચ્છની વૃદ્ધ પોષાળના નં. ૫૭મા આ૦ **રત્નસિંહસૂરિ** (સં૦ ૧૪૫૨ થી ૧૫૩૦)ના ભક્ત ઠક્કુર પોરવાડ ના પુત્ર **કેલ્હણ પોરવાડે** "ગિરનાર તીર્થમાં ૩ દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો, પંન્યાસપદ વિગેરે પદવીઓ અપાવી, જૈન મુનિવરોને વસ્ત્રો વહોરાવ્યાં, સાધર્મિકવાત્સલ્ય કર્યાં, સિદ્ધાન્તો–ગ્રંથો લખાવ્યા તેણે સં૦ ૧૫૧૯ માં પાક્ષિકસૂત્રની વૃત્તિ લખાવી હતી. (પ્રક૦ ૪૪ પૃ૦ ૧૮)

તપાગચ્છની વૃદ્ધ પોષાળના ૬૦મા **આ૦ લબ્ધિસાગરસૂરિના** ઉપદેશથી શા. દેધર શ્રીમાળીના વંશજ (૮) **સં૦ ચઉથાએ** સં૦ ૧૫૬૯ કા. સુ. ૧૨ ને રવિવારે ૪૫ જિનાગમો લખાવ્યાં. તેમજ શાહ દેધરના વંશજ (૮) **સોનપાલે** સં૦ ૧૫૬૮ કા૦ સુ. ૧ રવિવારે "પિતા સં૦ મેઘાની ભાવના પ્રમાણે મોટો **સિદ્ધાન્ત ભંડાર** બનાવ્યો. તેમાં "સોનાના અક્ષરવાલી" પ્રતો લખાવી. **અમદાવાદમાં** "રંગ મંડપ વાલો' મોટો જિન પ્રાસાદ" બનાવ્યો. (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૬, પ્રક૦ ૪૫ શાહ દેધરનો વંશ)

અમદાવાદમાં અજદર પરૂં હતું તેમાં પં. લાવણ્યસમય ગણિનો સં. ૧૫૧૭–૨૧ માં જન્મ થયો હતો.

આપણે ઉપર અમદાવાદનાં જૂનાં પરાંનાં નામો આપ્યાં છે તે જોયું, તેમાંનાં કેટલાંએક જૂનાં નામ કાયમ છે. અમદાવાદની નગરપાલિકા (મ્યુનિસીપાલિટી)એ છેલ્લા ૧૦૦ વર્ષમાં કેટલાંએક પરાં અને પોળોનાં નામ બદલી નાખ્યાં છે ને કેટલાંક નવાં વસાવ્યાં છે. પોળોની દેહલી અને દરવાજા હઠાવી દીધા છે.

---

શેઠ નાગજી ભુદરના ઘર દેરાસરમાં ભ. પદ્મપ્રભુની ચતુર્વિંશતિજિન પ્રતિમા બિરાજમાન છે. તેનો પ્રતિમા લેખ આ પ્રમાણે છેઃ–

સ્વસ્તિ શ્રી જયાભ્યુદયશ્ચ સં. ૧૪૮૬ વર્ષે માઘ સુદિ–૧૧ શુક્રે શ્રી ઓસવંશ ઉચ્ચિતવાલગોત્રે સં. વીરપાલ સં. મેલા સં. વીરપાલ ભા૦ સં૦ વીલ્હણુ દેવાયાઃ પુત્રૈઃ સં૦ વનરાજ મેઘરાજ સં૦ વનરાજ ભા. વીઉલદે સુત સં૦ કર્ણસિંહેન સ્વકુટુંબ યુતેન સશ્રેયસે શ્રી પદ્મપ્રભપ્રભાદિ ચતુર્વિંશતિ જિન પટ્ટઃ કારિતઃ પ્રતિષ્ઠિતઃ શ્રી સૂરિભિઃ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમદાવાદના અકમીપુરના સોની પતા; સોની ઈશ્વર અને સોની હરિચંદ્ર ઓસવાલે ભ૦ અજિતનાથનો જિન પ્રાસાદ બનાવી, તેની તપગચ્છના નાયક ભ૦ લક્ષ્મીસાગરસૂરિ (સં૦ ૧૫૧૭ થી ૧૫૪૭) પાસે પ્રતિષ્ઠા કરાવી હતી. (પ્રક૦ ૫૩ "પ્રતિષ્ઠાઓ")

આ૦ લક્ષ્મીસાગરસૂરિ તથા આ૦ સોમજયસૂરિના ઉપદેશથી પાટણનો શેઠ દેવ શ્રીમાલી શેઠ છાડાના વંશજો સં૦ ખીમજી અને સં. સહસાપોરવાડો મંત્રી ગદરાજ ગૂર્જર શ્રીમાલી પાટણનો વરછેરક સદાનંદ શ્રીમાલીના ભાઈ દેવરાજ વગેરેએ અમદાવાદમાં મોટા ગ્રંથભંડારો બનાવ્યા હતા.

(પ્રક૦ ૫૩ "ગ્રંથભંડારો" પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૧, પ્રક૦ ૪૫)

**સં૦ ૧૮૨૧ માં અમદાવાદની પોળોનાં નામ અને જિનાલયોની સંખ્યા તથા શહેરયાત્રા.**

સૂરતના સં૦ **તારાચંદ કચરાભાઈ** પટણી સં૦ ૧૮૨૧ ના પોષ વદિ ૧ ના રોજ યાત્રાસંઘ લઈ અમદાવાદમાં આવ્યો હતો. તેણે અહીં **શહેરયાત્રા** કરી તેમાં "પરાં અને પોળોનાં નામ આપી, તેમાં કેટલાં જિનાલયો હતાં તેનો નિર્દેશ કર્યો છે." તે આ પ્રકારે છે.—

| | |
|---|---|
| વડુઆ (જિન મંદિર ૧) | નગીના પોળ (મં૦ ૧) |
| સરસપુર (મં૦ ૧) | દેવશી પાડો (મં૦ ૪) |
| કોઠારીપોળ (મં૦ ૬) | હાજાપટેલની પોળ (મં૦ ૭) |
| સોદાગરની પો૦ (મં૦ ૧) | ટીમલા પોળ (મં૦ ૧) |
| લહેરિયા પોળ (મં૦ ૧) | ધનજી પોળ (મં૦ ૧) |
| નિશાળપોળ (મં૦ ૩) | રાજામહેતાની પોળ (મં૦ ૨) |
| શેખનો પાડો (મં૦ ૪) | કાળુસંઘવીની પોળ (મં૦ ૨) |
| **ઢીગવા પોળ** (શાં૦ મં૦ ૧) | ધના સુતારની પોળ (મં૦ ૨) |
| પાંજરાપોળ (મં. ૩) | ચંગ પોળ (મં૦ ૧) |
| તલકશાની પોળ (મં૦ ૧) | લીંબડા પોળ (મં૦ ૧) |
| વર્ધમાનશાહની પોળ (શી. મં.૧) | સારંગપુર દરવાજો (મં૦ ૧) |
| **દેવશીશાહની પોળ** (મં૦ ૪) | કામેશરની પોળ (મં૦ ૧) |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાઘેશ્વરીની પોળ (મં૦ ૧)
ખેત્રપાળની પોળ (મં૦ ૧)
રૂપચંદની પોળ (મં૦ ૧)
**શામળાની પોળ** (મં૦ ૩)
જમાલપુર (મં૦ ૨)
શ્યાપુર (મં૦ ૧)
**માંડવીનીપોળ** (મં૦ ૫)
રાજપુર (શામળા પા૦ મં૦ ૧)
.... પુર (વાસુ૦ પૂ૦ મં૦ ૧)

માંડવી પોળમાં શા. **આનંદ લાલચંદે** સમેત શિખર પહાડની રચના તૈયાર કરાવી છે. ત્યાં ૨૪ દેરીઓવાળું દેરાસર છે.

આ રીતે સં૦ ૧૮૨૧ માં મોટાં ૬૮ જિનાલયો હતાં અને નાનાં મોટાં મળીને કુલ ૩૦૧ જિનાલયોની સંખ્યા હતી.

અંચલગચ્છના (૬) ભ૦ ઉદયસાગરસૂરિ શિષ્ય અને (૬૩) ભ૦ પુણ્યસાગરસૂરિના આજ્ઞાવર્તી **પાઠક જ્ઞાનસાગર ગણિએ** બનાવેલી "**તીર્થમાલા**" ઢાળ ૧૨ માંની ઢાળ ત્રીજીની કડી ૧૨ થી ૩૧.
(–જૈન સત્યપ્રકાશ, ૩૦, ૯૫)

કવિ ભેરવચંદ લખે છે કે–

સં૦ ૧૯૧૫ માં રાજનગરમાં ૧૦૫ જિનચૈત્ય હતાં. તે વિશેષમાં જણાવે છે કે–બાદશાહ અહમદશાહે અમદાવાદ વસાવી નવા સીક્કા ઢાળવા માટે ટંકશાળ બનાવવા ભૂમિની તપાસ કરી પણ તેને કોઈ ભૂમિ ગમી નહીં. તેણે પીરે સ્વપ્નમાં આવીને જે ભૂમિ બતાવી ત્યાં ટંકશાળ બનાવી. મુંબઈના શેઠ મોતિશાહે શત્રુંજય તીર્થમાં ટ્રંક બનાવી તેમાં ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી હતી. તેમાંની એક ભ૦ શ્રેયાંસનાથની જિનપ્રતિમા લાવી અમદાવાદમાં ફતાશાની પોળમાં સ્થાપી હતી. તેના રખવાલ દેવે અમદાવાદના શેઠ હઠીસિંહ કેશરિસિંહની બીજી પત્ની શેઠાણી હરકુંઅર કે જે ગુણવાન, રૂપાળી, મોટી દાનેશ્વરી, જસવાલી તથા ધર્મપ્રેમી હતી. તેને સ્વપ્નમાં આવી સૂચના કરી કે તું ટંકશાળમાં જિનાલય બનાવી, તેમાં ભ૦ શ્રેયાંસનાથની પ્રતિમાની પધરામણી કરાવજે.

કંપની સરકાર તને આ જમીન આપશે. શેઠાણી તથા તેના પુત્ર

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

ઉમાભાઈએ ટંકશાળમાં જમીન માંગી, સરકારે તેને જમીન આપી. તેઓએ સં૦ ૧૯૧૫ વૈ. સુ. ૭ ને રોજ ત્યાં મોટા જિનાલયનો પાયો નાખ્યો. ગભારો, રંગમંડપ, પાંચ શિખરવાળો જિનપ્રાસાદ બનાવી ભ૦ શ્રેયાંસનાથની પ્રતિમાને ફતાશાની પોળમાંથી લાવી તે જિનાલયમાં પધરાવી. (શ્રી જૈન સત્યપ્રકાશ ક્૦ ૧૬૧ પૃ૦ ૮૫ થી ૯૨)

**જૈન વસવાટો—**

મોગલ બાદશાહોના રાજકાળમાં રતનપોળનો પશ્ચિમ ભાગ નગરશેઠ શાન્તિદાસ ઝવેરીના વંશજોના તાબામાં જ હતો. આજે ત્યાં તેમના પરિવારના વસવાટો છે.

ઝવેરીવાડમાં ઝવેરીઓ રહેતા હતા.

અમદાવાદમાં નગરશેઠનો વંડો, ફતેહભાઈની હવેલી, શેઠ દલપતભાઈનો વંડો, બળેલી હવેલી, શેઠ સૂરજમલનું ડહેલું, ઝવેરીવાડો, નાગજી ભૂધરની પોળ, લાલાભાઈની પોળ, શાંતિનાથની પોળ, પીપરડીની પોળ, મનસુખભાઈની પોળ, રાજમહેતાની પોળ, ગલામનજીની પોળ, કાકા બળિયાની પોળ, જોઈતા ધોળાની પોળ, શામળાની પોળ, આકા શેઠના કૂવાની પોળ, ફતાશાની પોળ, શેઠ વખતચંદની ખડકી, ખરતરની ખડકી; દાદા સાહેબની પોળ, પાંચ ભાયાની પોળ, શાંતિનાથની ખડકી, મગનલાલ કરમચંદનું ડહેલું, શેઠ ઘેલાભાઈની વાડી, શેઠ જેશિંગભાઈની વાડી, **જૈન સોસાયટી,** જૈન મરચન્ટ સોસાયટી મહાવીર સોસાયટી, જૈન નગર સોસાયટી, શાંતિનગર સોસાયટી, ગૌતમનગર સોસાયટી, **ફોજદાર કોલોની.**

વગેરે ઉપનગરો, પરાં, પોળો જૈનોએ વસાવ્યાં છે.

અમદાવાદના પ્રત્યેક પાડા, પોળો, પરાં અને સોસાયટીમાં લાખો જૈનો વસે છે. મોટાં મોટાં જિનાલયો, ઉપાશ્રયો અને વિવિધ જાતની જૈન સંસ્થાઓ છે.

**શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી–**

અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી નામની મોટી જૈન સંસ્થા છે. તા. ૧૯–૯–૧૮૮૦ સં૦ ૧૯૩૬ ના ભાદરવા વદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ ના રોજ બપોરે ૧૧ વાગે અમદાવાદના નગરશેઠના વંડામાં શેઠ **પ્રેમાભાઈના** પ્રમુખપદે ભારતના જૈનોએ એકઠા મળીને રીતસરની ચૂંટણી દ્વારા તેની **સ્થાપના** કરી હતી. " જગતભરના જૈનોનાં નાનાં મોટાં તીર્થો અને જૈન મંદિરો આ સંસ્થાના તાબામાં છે. બધાં તીર્થોના વહીવટદારો પણ આ સંસ્થાની દોરવણી પ્રમાણે વહીવટ કરે છે. આ૦ ક૦ પેઢીનું તા. ૨૮–૧૨–૧૯૧૨ ને રોજ પાકું બંધારણ બન્યું.

અમદાવાદના નગરશેઠના વંડામાં સં૦ ૧૯૯૦ ફા૦ વ૦ ૩ થી ફા૦ વૈ૦ ૭ સુધી અખિલભારતવર્ષીય મુનિસમ્મેલન મળ્યું હતું તેણે ૧૧ ઠરાવોનો પટ્ટક બનાવ્યો.

**લોકોપયોગી સંસ્થાઓ**

અમદાવાદના જૈનોએ ઘણી લોકોપયોગી સંસ્થાઓની સ્થાપના કરી છે. તે આ પ્રમાણે–જૂની સિવીલ હોસ્પીતાલ, શેઠ હેમાભાઈ ઈન્સ્ટીટ્યૂટ, પાંજરાપોળ, નગરશેઠ પ્રેમાભાઈ હૉલ, શેઠ ભોળાભાઈ હૉલ (વિદ્યાસભા) શેઠ માણેકલાલ જેઠાલાલ લાયબ્રેરી, શેઠ વાડીલાલ સારાભાઈ હૉસ્પીટલ, એસ. એલ. ડી. કૉલેજ (સરદાર લાલભાઈ દલપતભાઈ કૉલેજ), શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ગંગાબાઈ કન્યાશાળા, મનસુખભાઈ ભગુભાઈ હાઈસ્કૂલ વગેરે વગેરે નિશાળો, માધ્યમિકશાળાઓ. કૉલેજો, કન્યાશાળાઓ, હોસ્પીતાલ અને શીવણ કેન્દ્રો વગેરે સંસ્થાઓ સ્થાપન કરી છે.

અમદાવાદનાં બીજાં નામો એની વિશેષતાના કારણે પડયાં છે. જેમકે–જૈનપુરી, રાજનગર, મિલોનું નગર, **પાટનગર** વગેરે નામો પ્રચલિત છે.

શ્રી રત્નમણિરાવ B, A લખે છે કે, અમદાવાદમાં આજે ૨૮ મીલો છે.          (પૃ૦ ૭૮૮ થી ૭૯૨)

બાદશાહ અહમદશાહે વસાવેલું એકંદરે અમદાવાદ આજે ભારતમાં સર્વરીતે સમૃદ્ધ નગર છે.

બાદશાહ અહમ્મદશાહે પાટણ, ખંભાત અને ચાંપાનેર વગેરે

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

શહેરોના ધનિકોને બહુમાનથી અહીં અમદાવાદમાં લાવીને વસાવ્યા હતા, તેઓને સર્વ પ્રકારે અનુકૂળતાઓ આપી હતી. કે તેઓ અહીંના કાયમી વતની બને, વિવિધ વેપાર કેંદ્રો ચલાવે.

બા૦ અહમદશાહ ખંભાતના શેઠ શાણરાજ, સંઘપતિ **ગુણરાજ** અને સં૦ નાનક વગેરેનો બહુ આદર કરતો હતો. દરેક કાર્યમાં તેઓની સલાહ લેતો અને ગંભીર વિચાર કરીને તેને અમલમાં મૂકતો. (પ્રક. ૪૫)

બા૦ અહમદશાહ તપાગચ્છની વૃદ્ધ પોષાળના ૫૭મા આ૦ **રત્નસિંહસૂરિ** (સં૦ ૧૪૫૨ થી ૧૫૧૮) તથા તપગચ્છની લઘુ પોષાળના ૫૦ મા આ૦ **સોમસુંદરસૂરિ** (સં૦ ૧૪૫૭ થી ૧૪૯૯)ને બહુમાન આપતો હતો. (—પ્રક૦ ૪૪, પૃ૦ ૧૬, ૧૭, તથા પ્ર૦ ૫૦)

તેણે ઘાણેરાવના **ધરણા** પોરવાડને "શત્રુંજય તીર્થના છ'રી પાળતા યાત્રાસંઘનું ફરમાન લખી આપી યાત્રાની છૂટ આપી હતી."[1]

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

બા૦ અહમદશાહ તા. ૪–૫–૧૪૪૭ને રોજ અમદાવાદમાં મરણ પામ્યો અને તેને અમદાવાદમાં જૂમામસીદ પાસેના કબ્રસ્થાનમાં દફનાવવામાં આવ્યો.

## ૩. બાદશાહ મહમ્મુદ બીજો—(રાજ્યકાળ સને ૧૪૪૩ થી ૧૪૫૧)

તેના રાજકાળમાં સં૦ ૧૫૦૯માં ગૂજરાતમાં અને માળવામાં મોટો દુકાળ પડયો ત્યારે પાટણના શેઠ **મદન** શ્રીમાળીનો વંશજ અને બા૦ મહમ્મદના માનીતા શેઠ **સદાનંદે** જનતા માટે પાણીની પરબો બેસાડી હતી, તેમજ દાનશાળાઓ સ્થાપન કરી હતી. આ રીતે તેણે સૌને અનાજ–પાણી પૂરાં પાડયાં હતાં.

---

૧. શ્રી, રત્નમણિરાવ લખે છે કે, 'ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ' ગ્રંથ પૃષ્ઠ–૫૫માં લખ્યું છે કે, રાણકપુરના મંદિરના લેખમાં "એક જૈન દાનવીરને શત્રુંજય તીર્થ આદિ શુભ કાર્યો કરવાનું ફરમાન બા૦ અહમદશાહ તરફથી મળ્યું હતું, એવો લેખ છે. ( — ગુજરાતનું પાટનગર અમદાવાદ, પૃ૦ ૩૫ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બા૦ મહમ્મદે શેઠ સદાનંદને પ્રજા ઉપર કરેલા ઉપકારના બદલામાં '**વચ્છેશ્રક**'નો ખિતાબ આપ્યો હતો.

(ચાલુ ઇતિ૦ પ્રક૦ ૪૫ શેઠ મદન **શ્રીમાલી**નો વંશ પાટણના ભંડારની 'અંગવિજ્જા પઇન્નય'ની પ્રશસ્તિ, તથા પ્રક૦ ૫૩ આ૦ લક્ષ્મીસાગરસૂરિ)

બા૦ મહમ્મદને કોઇએ ઝેર આપવાથી તે મરણ પામ્યો.

૪. **કુતબુદ્દીન**–(રાજ્યકાળ–સને ૧૪૫૧ થી ૧૪૫૮)

તેનું બીજું નામ કુતુબશાહ પણ મળે છે તેણે સને ૧૪૫૧માં પિતાની હયાતીમાં અમદાવાદનું **કાંકરિયું તળાવ** ફરી બંધાવ્યું, જે ૧૯૦ ફૂટ લાંબુ અને ૨૧૫૩ વારના ઘેરાવામાં હતું. તેણે વિ૦ સં૦ ૧૫૫૧માં સરખેજનો **રોજો** બંધાવ્યો.

(–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પ્ર૦ ૪૦ પૃ૦ ૫૯૧)

૫. **દાઉદશાહ** (રાજ્યકાળ–સને ૧૪૫૮ થી ૧૪૫૯) તે માત્ર એક વર્ષ જીવ્યો હતો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૬. **મહમ્મુદ બેગડો**—

**રાજ્યકાળ**—(સને ૧૪૫૯ થી ૧૫૧૧: સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦).

તેનું મૂળ નામ **ફતેખાન** હતું.

જેમ ગૂર્જરેશ્વર કુમારપાલ સિદ્ધરાજ જયસિંહના કોપનો ભોગ બન્યો હતો, ફતેખાન પણ તે જ રીતે બા૦ કુતબુદ્દીનના કોપનો ભોગ બન્યો હતો. પણ તે આબાદ બચી ગયો.

કુતબુદ્દીન અને ફતેખાન બંને સાવકા ભાઈ હતા. કુતબુદ્દીનને નાની ઉમરના ફતેહખાન સાથે વેર હતું. આથી કુતબુદ્દીને પોતાની રૂપાળી, ચાલાક, ખટપટમાં ચતુર અને બુદ્ધિશાળી એવી **રૂપમંજરીને** ફતેહખાનને પકડી લાવવા "શાહ આલમના સ્થાનમાં" મોકલી. રૂપમંજરીએ ત્યાં જઈ ફતેહખાનનો હાથ પકડી તેને પોતાની સાથે લઈ જવા ખેંચ્યો. શાહઆલમે કહ્યું–"**રૂપસુંદરી** જેનો હાથ ખેંચે છે તે બાદશાહ બનતાં તેને પોતાનો હાથ આપશે. એટલે



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

તેની તે બેગમ બનશે.” રૂપસુંદરી આ **ભવિષ્યવાણીને** પરખી ગઈ. ફતેહખાન બાદશાહ બનવાનો છે અને હું તેની બેગમ બનવાની છું એમ વિચારીને તેણે ફતેહખાનને બચાવી લીધો.

(–ગુજરાતનું પાટનગર અમદાવાદ પ્રક૦ ૪૧, પૃ૦ ૬૦૨)

૨૦ સા૦ **મહીપતરામ** રૂપરામ નીલકંઠ લખે છે કે–મહમ્મદે સં૦ ૧૫૧૭માં દ્વારિકાની મૂર્તિ તોડી નાખી. દ્વારિકાના ચાંચિયા રાજા ભીમને મારી નાખ્યો અને જૂનાગઢના રા' માંડલીકને જીતી લઈ તેને **ખાનજહાન** નામ આપી, મુસલમાન બનાવી, અમદાવાદ લઈ આવ્યો. આ ખાનજહાન સને ૧૪૭૪માં અમદાવાદમાં મરણ પામ્યો. તેની કબર માણેકચોકમાં છે.

બેગડાએ દરિયાપારના વેપારીઓને હરકતો કરનાર લૂંટારાને મારી નાખી દેશની આબાદી વધારી. તેણે સં૦ ૧૫૪૦ માં ચાંપાનેર જીતી લીધું. આમ જૂનાગઢ અને પાવાગઢ એ બે ગઢો જીતવાથી તે 'બેગડો' કહેવાયો. (સને ૧૮૬૭ માં રચેલ ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ, છઠ્ઠી આવૃત્તિ, નકલ–૫૦૦૦ પૃ૦ ૨૪, ૨૫)

जैन साहित्य
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

મહમ્મદ બેગડાએ શાહજાદા **અહમ્મદને** સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ કરવા મોકલ્યો. અહમ્મદે સોમનાથ પાટણ, દ્વારિકા, ગિરનાર અને શત્રુંજયતીર્થનાં **દેરાસરો** તોડી **પ્રતિમાઓને** ખંડિત કરી, વિનાશ કર્યો. તેણે સં૦ ૧૫૩૧ માં રાણપુર લીધું અને સં૦ ૧૫૪૦ માં ચાંપાનેર લીધું.

મહમ્મદ બેગડો પણ જૂનાગઢને જીતવા માટે પાછળથી ગયો હતો. એ સમયે તેણે અમદાવાદમાં એક સૂબો નીમ્યો હતો. જે ઘીકાંટામાં રહેતો હતો. તે સૂબાએ ૫૦૦ ચોરોને પકડીને જાહેરમાં ફાંસી આપી હતી.

(૬ઠ્ઠો) મહમ્મદ બેગડો અને તે પછીના (૧૦ મો) **બહાદુરશાહ** સુધીના બાદશાહો મોટે ભાગે ચાંપાનેરમાં રહેતા હતા અને અમદાવાદમાં સૂબો નીમતા હતા.

**મહમ્મદ બેગડાએ મહેમદાવાદ વસાવ્યું. તેણે સને ૧૪૯૮ માં**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમદાવાદ શહેરને ફરતો મોટો ગઢ બંધાયો. જૂનાગઢ અને ચાંપાનેરના ગઢો સુધરાવ્યા, તેણે સને ૧૪૭૫માં દ્વારિકાને જીતી લીધું. મહમ્મદ બેગડો બહાર યુદ્ધમાં હતો ત્યારે તેને પદભ્રષ્ટ કરવા અમીરોએ કાવતરું ગોઠવ્યું હતું, પરંતુ કિવા ઉલમુલ્ક મલેક **સારંગે** એ કાવતરું પકડી પાડી તે અમીરોને નાસીપાસ બનાવ્યા હતા.

**દુકાળો અને દાનવીરો—**

સને ૧૪૬૮ એટલે વિ૦ સં૦ ૧૫૩૯-૪૦માં ગુજરાત અને માળવામાં મોટો દુકાળ પડ્યો હતો. આ સમયે હડાલાનો **ખેમો દેદરાણી,** માળવાના મંત્રીઓ મેઘરાજ તથા જીવણરાજ, પાટણનો શેઠ ખીમરાજ પોરવાડ, અમદાવાદના ગૂર્જર શ્રીમાલી મંત્રીઓ **સુંદર** તથા **ગદરાજ,** ડુંગરપુરનો મંત્રી સાલ્હા શાહ, મંત્રી વિક્રમ શ્રીમાલી, માલવાના શેઠો શૂરા અને વીરા, શિરોહીનો સં૦ ખીમરાજ, સં૦ કુંતો, સં૦ ઊજળ અને કાજા પોરવાડ, માલવાના બા૦ ગ્યાસુદ્દીનના માનીતા, અને સં૦ **ધન્ના શાહ** પોરવાડના ભાઈ **સં૦ રત્ના** પોરવાડના પૌત્રો સં૦ **સહસા** પોરવાડ વગેરે જૈનોએ સ્થાને સ્થાને પાણીની પરબો અને દાનશાળાઓ બેસાડી, જનતાને મોટી મદદ કરી હતી.

**શાહ બિરૂદ**—હડાલાના **ખેમા દેદરાણીએ** અઢળક ધન આપી, ગુજરાતની પ્રજાનું દુકાળમાંથી રક્ષણ કર્યું, આથી મહમ્મદ બેગડાએ પ્રસન્ન થઈને જૈનોનું **શાહ** બિરુદ કાયમ રાખ્યું. આ ભયંકર દુકાળ પછી વિ૦ સં૦ ૧૫૪૧માં સુકાળ થયો અને જનતામાં આનંદ ફેલાયો. (પ્રક૦ ૫૩, ભ૦ લક્ષ્મીસાગરસૂરિ)

**મંત્રી ગદરાજ**

મંત્રી સુંદર ગૂર્જર શ્રીમાલી અને તેનો પુત્ર ગદરાજ શ્રીમાલી એ બંને મહમ્મદ બેગડાના વજીરો હતા, તેઓએ સોજિત્રામાં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો હતો. સં૦ ૧૫૨૫માં આબૂના પિત્તલહર જિનપ્રાસાદમાં ભ૦ લક્ષ્મીસાગરસૂરિના વરદ હસ્તે ૧૨૦ મણની પિત્તળની ભ૦ ઋષભદેવની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. અને તેજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્સવમાં નવા આચાર્યો, ઉપાધ્યાયો અને પંન્યાસ વગેરે પદવીઓ અપાવી. મંત્રી ગદરાજે સં૦ ૧૫૨૮માં અમદવાદમાં મોટો ગ્રંથભંડાર સ્થાપન કર્યો હતો. (–પ્રક૦ ૫૩)

વડનગરનો મલેક ગોપી બ્રાહ્મણ હતો, તે બા૦ મહમ્મદ બેગડાની મહેરબાનીથી મોટો અધિકારી બન્યો હતો. કિવા ઉલમુલ્ક, રાજા સારંગદેવ પણ મહમ્મદ બેગડાનો પ્રીતિપાત્ર હતો. શાહજાદો મુજફ્ફરશાહ તે બંનેની મદદથી ગુજરાતનો બાદશાહ બન્યો હતો. અને તે બંનેએ ગુજરાતની રાજ્યધુરા પોતાના માથે ઉપાડી લીધી હતી.

(–રાજા સારંગદેવો માટે જૂઓ પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૨)

મહમ્મદ બેગડો અમદાવાદમાં મરણ પામ્યો. તેની કબ્ર સરખેજમાં શેખ અહમદ ખાટુની દરગાહ પાસેના રોજામાં છે.

### ૭. મુજફ્ફર (બીજો)—

રાજ્યકાળ—(સને ૧૫૧૧ થી ૧૫૨૩: વિ૦ સં૦ ૧૫૬૭ થી ૧૫૮૩).

તેનું બીજું નામ સદાફર પણ મળે છે. તે બા૦ દાઉદશાહનો પુત્ર હતો. વિ૦ સં૦ ૧૫૬૮ના માગશર શુદિ ૪ના રોજ અમદાવાદની ગાદીએ બેઠો. તેણે ૧૫ વર્ષ, ૮ મહિના અને ૨૦ દિવસ રાજ્ય કર્યું. તે અમદાવાદમાં મરણ પામ્યો.

**સત્તાનો કેફ—**

એ સમયે તપગચ્છના **ભ૦ હેમવિમલસૂરિ** (સં૦ ૧૫૪૮ થી ૧૫૮૩) થયા. તેમણે સં૦ ૧૫૭૦માં ઈડરમાં ઉપા૦ આણંદવિમલ ગણિને **આચાર્ય** અને પં૦ રત્નશેખર તથા પં૦ માણેકસાગરને **ઉપાધ્યાય** બનાવ્યા. પછી તે સૌ ત્યાંથી વિહાર કરી ખંભાત જતા હતા. ત્યારે રસ્તે આવતા કપડવંજમાં **દોશી આણંદજીએ** તેમનું બાદશાહી સ્વાગત કરી કપડવંજમાં પધરાવ્યા.

**બા૦ મુજફ્ફરે** કોઈના ચડાવવાથી આ હકીકત સાંભળી તેમને **ઈર્ષ્યા વૃત્તિથી** પકડી લાવી કેદમાં પૂરવાનો હુકમ કર્યો. આચાર્યશ્રીને **ચુણેલમાં** બાદશાહના આ હુકમના સમાચાર મળ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ ત્યાંથી રાતોરાત નીકળી સોજિત્રા થઈ **ખંભાત** પહોંચી ગયા બાદશાહી માણસોએ” સોજિત્રા થઈ ખંભાત આવીને સં૦ ૧૫૭૨ માં **ભ૦ હેમવિમલસૂરિને** પકડીને કેદમાં પૂર્યા.” બાદશાહે ખંભાતના સંઘનો ૧૨૦૦૦ ટકા દંડ કર્યો, અને તે રકમ તેમની પાસેથી વસૂલ કરી આચાર્યને છૂટા કર્યા.

ભ૦ હેમવિમલસૂરિએ ફરી ફરી આવા ઉપદ્રવો ન થાય એ માટે **આયંબિલનું** તપ કરી, સૂરિમંત્રનો જાપ કર્યો. અધિષ્ઠાયક દેવે જણાવ્યું કે, “આક્ષેપ કરો, ધન પાછું આવશે.” આથી આચાર્યશ્રીએ ૧ શતાર્થી પં૦ હર્ષકુલગણિ, ૨ પં૦ સંઘહર્ષગણિ, ૩ પં૦ સંયમકુશળગણિ અને ૪ શીઘ્રકવિ **પં૦ શુભશીલ**ગણિ એ ચાર ગીતાર્થોને આજ્ઞા કરી, ચાંપાનેર મોકલ્યા. તેઓએ બા૦ મુજફ્ફરને કાવ્યકલા અને ઉપદેશથી રંજિત કરી ખંભાતના સંઘને બાદશાહ પાસેથી ૧૨૦૦૦ ટકા પાછા અપાવ્યા.

(–સં૦ ૧૬૩૬ની તપાગચ્છ લઘુ પોષાળ પટ્ટાવલી, ભ૦ હેમવિમલસૂરિ–ચાલુ ઇતિ૦ પ્રક૦ ૫૫)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**૮. અહમદ** (બીજો)– (રાજ્યકાળ સને ૧૫૨૩; સં૦ ૧૫૮૨)

તેનું બીજું નામ બા૦ **સિકંદરશાહ** પણ મળે છે. તેણે લાઠીના દુદોજી ગોહેલને જૂનાગઢના રા’માંડલિક પાસે દગાથી મરાવી, રા’માંડલિકને મુસલમાન બનાવી, ખાનજહાન નામ આપ્યું. ખાનજહાન સને ૧૪૭૪માં મરણ પામ્યો. તેને માણેકચોકમાં દફનાવવામાં આવ્યો,

રા’માંડલિકની કબર અમદાવાદમાં માણેકચોકમાં કંદોઈ ઓળમાં પેસતાં જમણી બાજુની એક દુકાનમાં છે. તેના ઉપર રોજ ફૂલ ચડે છે. (–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પૃ૦ ૬૪૭)

**૯. લઘુ મહમ્મદ** (ત્રીજો)–(રાજ્યકાળ સને ૧૫૨૩ થી ૧૫૨૬)

તે બા૦ મુજફ્ફરનો બીજો પુત્ર હતો. સં૦ ૧૫૮૨ માં અમદાવાદની ગાદીએ બેઠો, તે મહેમદાવાદમાં વધુ રહેતો હતો. હરણ વગેરેનો શિકાર કરવામાં મસ્ત રહેતો.

સંભવ છે કે તેના સમયે પાટણમાં સૂબો શેરશાહ હોય.

**૧૦. બહાદુરશાહ**–(રાજ્યકાળ સને ૧૫૨૬ થી ૧૫૩૭ સં૦ ૧૫૮૩ થી ૧૫૯૩)

તે બા૦ મુજફ્ફરનો ત્રીજો નાનો પુત્ર હતો. પિતા અને પુત્રના સ્વભાવમાં ઉત્તર દક્ષિણ જેટલો તફાવત હતો. તેની કારકિર્દી ટૂંકી પણ પ્રશંસાપાત્ર મનાય છે. શાહજાદો **બહાદુરશાહ** સને ૧૫૨૫માં પિતાથી રીસાઇને **ચિત્તોડ** ચાલ્યો ગયો હતો. અને ત્યાં સીસોદિયા રાણા રત્નસિંહના માનીતા અને કાપડના વેપારી દો૦ **તોલાશાહ** ઓસવાલનો **અતિથિ** બનીને રહ્યો હતો.

આ દરમિયાન સને ૧૫૨૫માં દિલ્હીના બા૦ **હુમાયુએ** ચિત્તોડ પર ચડાઈ કરી. તેણે માલવા મેવાડ જીતી લઈ ચાંપાનેર થઈ ગુજરાત જીતવાનો વિચાર કર્યો, પણ ચિત્તોડના રાણા **રત્નસિંહે** હુમાયુને હરાવી પાછો કાઢયો હતો. શાહજાદા બહાદુરશાહે આ યુદ્ધમાં ચિત્તોડના રાણાને મદદ કરી હતી. (પ્રક૦ ૪૪–પૃ૦ ૩૫)

બા૦ હુમાયુ ગુજરાત ઉપર ન જતાં પાછો દિલ્હી ચાલ્યો ગયો ત્યારે ગુજરાત તેને આધીન બન્યું નહીં.

બા૦ બહાદુરશાહ ચિત્તોડમાં અતિથિ બનીને રહ્યો એ સમયે તે અને દો૦ તોલાશાહનો છઠ્ઠો પુત્ર કર્માશાહ **ગાઢ મિત્રો** બન્યા હતા. શાહજાદાએ ગુજરાત જતાં પહેલાં ખીસા ખરચી માટે લાખ રૂપિયા માગ્યા, ત્યારે શા૦ કર્માશાહે તેને માગ્યા મુજબ રકમ આપી. એ લઇને બા૦ બહાદુરશાહ ગુજરાતમાં ગયો અને ત્યાં સં૦ ૧૫૮૩ના શ્રાવણ શુદિ ૧૪ના રોજ અમદાવાદમાં ગુજરાતનો સ્વતંત્ર બાદશાહ બન્યો તેણે ૧૦ વર્ષ અને ૮ મહિના રાજ્ય કર્યું.

તેની કારકિર્દી ટૂંકી છતાં પ્રશંસનીય હતી. તેણે ગુજરાતના **સ્વતંત્ર બાદશાહ** તરીકે રાજ્ય કરી નામના મેળવી તે રકમ પાછી આપી. અને તેમના અતિથિ સત્કારના મૈત્રીના કારણે દો૦ **કર્માશાહને** "શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરી પોતાના ઇષ્ટદેવની પ્રતિમા બેસાડવાની પરવાનગી આપતું **ફરમાન**" લખી આપ્યું.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાનમઝાદખાનના વડવાઓને સને ૧૫૦૪માં શત્રુંજય અને પાલીતાણા જાગીરમાં મલ્યાં હતાં જાગીરદાર **ખાનમઝાદખાનને** શત્રુંજયનો ઉદ્ધાર થાય એ રુચતી વાત ન હોતી છતાં બાદશાહી ફરમાનથી તેણે નિરુપાયે સમ્મતિ આપી તેના મંત્રીઓ **નરસિંહ** અને **રવિરાજે** તીર્થોદ્ધારનાં દરેક કાર્યોમાં પૂરી વ્યવસ્થા કરી આપી.

દો૦ કર્માશાહે વિ૦ સં૦ ૧૫૮૭ શાકે ૧૪૪૩ ના વૈશાખ વદિ ૬ ને રવિવારે પરોઢિયે ધનલગ્નમાં શુદ્ધ નવાંશમાં મહામાત્ય બાહડદેવના પ્રાચીન જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવી, તેમાં તપગચ્છના ૫૮મા ભ૦ ધર્મરત્નસૂરિ શિષ્ય ભ૦ વિદ્યામંડનસૂરિના હાથે ભ૦ ઋષભદેવની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આ રીતે દો૦ કર્માશાહે કરાવેલો ઉદ્ધાર **સોળમો** ગણાયો. આ ઉત્સવમાં દશ જૈનાચાર્યો વિદ્યમાન હતા. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૨૦૩; પ્રક૦ ૪૪ પૃ૦ ૨૦ થી ૨૨ તથા પૃ૦ ૩૫)

દો૦ કર્માશાહે નવી બનાવી સ્થાપન કરેલી ભ૦ આદીશ્વર તથા પુંડરિક સ્વામીની પ્રતિમા જ આજે ત્યાં વિદ્યમાન છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

વિ૦ સં૦ ૧૫૯૨માં **મીરઝા અસકરીમ** બળવો કરી બા૦ બહાદુરશાહને પદભ્રષ્ટ કરવા ચાહતો હતો. પરંતુ ગુજરાતી સામંતો બા૦ બહાદુરશાહને **વફાદાર** હતા. આથી મીરઝાનું કંઈ ચાલ્યું નહીં. અને બા૦ બહાદુરશાહે આવી અમદાવાદને સરલતાથી કબજે કરી લીધું.

બા૦ બહાદુરશાહ–ઉપકેશગચ્છની દ્વિવંદનિકશાખાના ૬૮ મા ભ૦ દેવગુપ્તસૂરિ (સં૦ ૧૫૫૦ થી ૧૬૦૦) તથા તેમના પટ્ટધર ભ૦ કક્કસૂરિ (ભ૦ વિજયરાજસૂરિ)નો ભક્ત હતો.

(પ્રક૦ ૧ પૃ૦ ૩૭, પ્રક૦ ૫૭ તથા તપારત્નપટ્ટાવલી)

એક તરફથી ફિરંગીઓએ દીવબેટને પોતાના તાબામાં લેવા ખટપટ શરૂ કરી અને એજ સમયે બા૦ હુમાયુ નવ મહિના સુધી અમદાવાદમાં રહ્યો હતો ત્યારેજ ફિરંગી હાકેમ બા૦ બહાદુરશાહને વાટાઘાટ કરવા દીવબેટમાં લઈ ગયો, ફીરંગી હાકેમે બા૦ બહાદુરશાહનું મોટું સ્વાગત–સન્માન કર્યું ફિરંગીઓએ બહાદુરશાહના તથા તેના સાથી-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હારોના નાવિકોને ફોડી લીધા હતા એટલે તે નાવિકો પાસે તેઓની હોડીઓને યુક્તિપૂર્વક સીધી હારમાંથી અલગ લેવરાવીને દગાથી બાદશાહની હોડીને ડુબાડી દીધી. (પ્રક૦ ૪૪–પૃ૦ ૫૩)

આ રીતે ફિરંગી હાકેમ બહાદુરશાહનો કાંટો દૂર કરી સને ૧૫૩૭ (વિ૦ સં૦ ૧૫૯૩)માં દીવબેટ દબાવી બેઠો.

દીવ, દમણ અને ગોવા એ ફિરંગી સંસ્થાનો આજે ૫૦૦ વર્ષ થયાં તેમને હાથ રહ્યાં, ભારતને સ્વતંત્રતા મળ્યા પછી પણ તે સંસ્થાનો તેમણે છોડયાં નહીં તેથી ભારતે બળપૂર્વક તે સંસ્થાનોનો કબજો વિ૦ સં૦ ૨૦૧૮ના માગશર સુદિ ૧૧ (મૌન એકાદશી) તા. ૧૮–૧૨–૧૯૬૧ ભારતીય શાકે ૧૭૮૩ સૌર માગશર દિ. ૨૭ ને સોમવારના રોજ મેળવ્યો અને એ ત્રણે સંસ્થાનો સ્વતંત્ર ભારતમાં ભળી ગયાં. ભારતમાં હવે કોઈ પરદેશી સંસ્થાન રહ્યું નથી. (ઘોઘા, પીરમબેટ, શિયાલબેટ દીવબેટ માટે જૂઓ પ્રક૦ ૩૮, પૃ૦ ૪૧૪ પૃ૦ ૭૭૦)

**૧૧. મહમ્મદ ચોથો**—(રાજ્યકાળ સને ૧૫૩૭ થી ૧૫૫૪ સં૦ ૧૫૯૪ થી ૧૬૧૦)

આ બાદશાહને **ગલરાજ** નામે માનીતો વજીર હતો; જે અમદાવાદમાં રહેતો હતો. બાદશાહે તેને 'મલેક નગદલ'નો ખેતાબ આપ્યો હતો. તેના હાથ નીચે ૫૦૦ ઘોડેસવાર હબસીઓની સેના હતી.

એ વજીર જૈનાચાર્ય **ભ૦ વિજયદાનસૂરિ** (સં૦ ૧૫૮૭ થી ૧૬૨૧)નો ભક્ત હતો. તેણે સં૦ ૧૬૧૮ માં મહો૦ ધર્મસાગર ગણિવરને મોટા ઉત્સવપૂર્વક અમદાવાદમાં પધરાવી, નાળિયેર વગેરેની પ્રભાવના કરીને ચાતુર્માસ કરાવ્યું હતું.

તેણે સં૦ ૧૬૧૯–૨૦માં ભ૦ વિજયદાનસૂરિના ઉપદેશથી બાદશાહને સમજાવી શત્રુંજય તીર્થનો છ મહિના સુધી **મુકતા–ઘાટ** કરાવ્યો હતો. એટલે લાગાન, વેઠ, વેરા, યાત્રાકર વગેરે માફ કરાવ્યા હતા અને ગામે ગામથી જૈનસંઘોને એકઠા કરી **સંઘપતિ** બની શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો હતો. આ રીતે

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે સૌને તીર્થયાત્રા કરાવી હતી. તેણે સં૦ ૧૬૨૦ વૈ. વ. ૫ ગુરૂવારે શત્રુંજયમાં મોટું દેરૂ બનાવ્યું હતું. મંત્રી ગલરાજ તપાગચ્છીય મોટો શ્રાવક હતો, પણ તપાગચ્છના સત્તરમી સદીના વિજય-સાગરના વિખવાદમાં તે સાગરના પક્ષમાં હતો. તેણે સં૦ ૧૬૧૯ મા વિજય-ગચ્છના મોટા મુનિવરોને **ત્રાસ** આપ્યો હતો. આથી તેનો પ્રભાવક ઇતિહાસ મળતો નથી, અમદાવાદમાં દોશીવાડાની પોળમાં આ મંત્રીના નામની "ગલા મનજી"ની પોળ છે.

(-તપાગચ્છ પટ્ટાવલી, હીરસૌભાગ્ય મહાકાવ્ય, સર્ગ ૪, શ્લો૦ ૧૪૭, ઇતિ૦ પ્રક૦ ૫૭ ભ૦ શ્રી વિજયદાનસૂરિ; પ્રક૦ ૫૯ મંત્રી ગલરાજ)

વિરમગામ વિભાગનો વજીર મલેક **વીરજી** પોરવાડ જૈન હતો. તે બા૦ મહમ્મદનો માનીતો હતો અને ૫૦૦ ઘોડેસવારનો ઉપરી હતો. તેને મલેક સહસ્રકિરણ નામે પુત્ર હતો, તે પણ વિરમગામ વિભાગનો વજીર હતો, તેને ૧ ગોપાલ ૨ કલ્યાણ અને ૩ વિમળા એમ ત્રણ સંતાન હતાં. તે ત્રણેએ સં૦ ૧૬×× માં અમદાવાદમાં જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી જેઓ સમય જતાં ૧. **મહો૦ સોમવિજય** ગણિવર, ૨ **મહો૦ કીર્તિવિજય** ગણિવર અને ૩ પ્રવર્તિની સાધ્વી **વિમલાશ્રીના** નામથી ખ્યાતિ પામ્યાં.

(-પ્રક૦ ૫૮ મહો૦ સોમવિજયગણિ)

આ સમયે પાટણમાં શેરશાહ (ચીકથો) સૂબો હતો.

(-પ્રક૦ ૪૪, પૃ૦ ૧૯૩ પ્રક૦ ૫૬ અંગારશાપીર.)

બા૦ મહમ્મદે ભારતમાં હોળી અને દિવાળીના તહેવારો ઊજવવાનું બંધ કરાવ્યું હતું.

**૧૨. અહમ્મદશાહ ત્રીજો**-(રાજ્યકાળ-સને ૧૫૫૪ થી ૧૫૬૧ સં૦ ૧૬૧૧ થી ૧૬૧૬)

**૧૩. મુજફ્ફર ત્રીજો**-(રાજ્યકાળ-સને ૧૫૬૧ થી ૧૫૭૨ સં૦ ૧૬૧૬ થી ૧૬૨૮)

વિ૦ સં૦ ૧૬૧૬ ના માગશર સુદિ ૮ ના રોજ અમદાવાદની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાદીએ બેઠો. તેનું બીજું નામ મદાફર જાણવા મળે છે. તેણે ૧૦ વર્ષ, અને ૨૦ દિવસ સુધી ગુજરાતનું રાજ્ય કર્યું

આ અમદાવાદ એટલે ગુજરાતનો **છેલ્લો બાદશાહ** હતો. તે સને ૧૫૭૨ થી ૧૫૮૩ સુધી દિલ્હીમાં રહ્યો અને ત્યાં જ મરણ પામ્યો.

**૧૪ બા૦ અકબર**–(સને ૧૫૫૬ થી ૧૬૦૫ સં. ૧૬૧૨ થી ૧૬૬૨, જુઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૬૦)

તે વિ૦ સં૦ ૧૬૧૨ ના મહા વદિ ૪ ના રોજ દિલ્હીની ગાદીએ બેઠો અને ભારતનો બાદશાહ બન્યો. તેણે સને ૧૫૭૨માં ગુજરાત ઉપર પહેલી સવારી કરી, અમદાવાદ જીતી લઈ બા૦ મુજફ્ફરને સાથે લઈ ફત્તેપુર ગયો. અને સને ૧૫૭૩ માં ફત્તેપુરસીક્રીથી ૬૦૦ માઈલ ચાલી ગુજરાત ઉપર બીજી વાર ચડી આવ્યો. તેણે બળવાખોરોને હરાવી ફરીથી તા. ૨–૯–૧૫૭૩ના રોજ અમદાવાદ જીતી લીધું અને બળવાખોર ૨૦૦૦ માણસોનાં માથાંનો બૂરજ બનાવી ગુજરાત ઉપર પોતાનો અમલ સ્થાપન કર્યો.

JAINSITE.com जैनम् जयति शासनम्

(–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પ્રક૦ ૭, પૃ૦ ૬૯ ચાલુ ઇતિ૦ પ્રક૦ ૪૪ પૃ૦ ૬૫ )

એ પછી તે અમદાવાદમાં ઘણા દિવસો સુધી રહ્યો.

આગરાના શેઠ રામજીશાહનો પુત્ર **થાનમલ** ઓશવાલ જૈન લશ્કર સાથે અમદાવાદ આવ્યો હતો, આ સમયે સં૦ ૧૬૨૮માં અમદાવાદની લોંકાગચ્છની ગાદીના પૂજ ઋષિ મેઘજી વગેરે ૧૮ યતિઓએ તપાગચ્છની સંવેગી દીક્ષા સ્વીકારી. આ દીક્ષાના ઉત્સવમાં શેઠ થાનમલજીએ બાદશાહની પરવાનગી મેળવી બાદશાહી વાજાં મોકલ્યાં હતાં. આ૦ હીરવિજયસૂરિએ સૌને દીક્ષા આપી પોતાના શિષ્ય–પ્રશિષ્યો બનાવ્યા હતા. (–પ્ર૦ ૪૪ પૃ૦ ૬૬ તથા પ્ર૦ ૫૫ મહો૦ હાનર્ષિગણિની પરંપરા. પ્ર૦ ૫૮)

એ પછી બા૦ અકબર સાહિબખાનને ગુજરાતને સૂબો બનાવી ફતેપુરસિક્રી ચાલ્યો ગયો, અને ગુજરાતના જૂના બા૦ મુજફ્ફરના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સને ૧૫૮૩માં મરણ થયા બાદ અકબરે પોતાના સાવકા ભાઈ **ખાન આઝમ અજીજ કોકાને** ગુજરાતનો સૂબો બનાવી મોકલ્યો. બા૦ અકબરે શેખ અબુલફજલને સૌરાષ્ટ્રમાં સાત વર્ષ રાખ્યો. તેણે મહેસૂલની વ્યવસ્થા માટે સૌરાષ્ટ્રના આ પ્રકારે નવ ભાગ પાડયા.–

૧ ઝાલાવાડ, ૨ સોરઠ, ૩ **શત્રુંજય વિભાગ,** ૪ વાલાક, ૫–૬–૭ વાઘેલાઓનો વિભાગ, ૮ કાઠી અને ૯ નાનો કચ્છ વગેરે. (પ્રક૦ ૪૪ પૃ૦ ૬૭)

## ગુજરાતના સૂબાઓ

બા૦ અકબરે ગુજરાતમાં એક પછી એક ૧. ખાને આઝમ મિરઝા અજીજ કોકા, ૨. મિરઝાખાન, સને ૧૫૭૫, ૩. શાહબુદ્દીન ૪. ગુજરાતી અમીર ઇનસાદખાન, ૫. મિરઝા અબ્દુલ રહીમ સને ૧૫૮૩, ૬. ઇસ્માઇલ કુલીખાન, ૭. મિરજા અજીજ કોકા, ૮. શાહજાદો મુરાદબક્ષ અને ૯. મિરઝા અજીજ કોકા એ નવ સૂબાઓને મોકલ્યા હતા.

**(૧, ૭, ૯) સૂબો ખાને આઝમ મિરઝા અજીજ કોકા–**

આ સૂબાઓ પૈકી ૧, ૭, ૯ **ખાને આઝમ મિરઝા અજીજ કોકા,** તેનાં મિરઝા, અજીજ, અજીજ કોકા, મિરઝા અજીજ કોકા વગેરે નામો મળે છે. તે બા૦ અકબરનો દૂધભાઈ હતો. બાદશાહ તેની ઉપર ઘણો પ્રેમ રાખતો હતો.

કોકા બોલવામાં ચતુર હતો, મોટો કવિ હતો, ભારે લડવૈયો હતો અને રમુજી હતો. તે અવાર નવાર બાદશાહ અકબરને ચીડાવતો હતો. બા૦ અકબર સૌને કહેતો કે કોકા અને મારી વચ્ચે **દૂધની નદી** છે. હું તેને ઓળંગીશ નહીં.

ખાન સૌને કહેતો કે પુરુષે ચાર પ્રકારની **સ્ત્રીઓ** રાખવી જોઇએ. ૧ વાર્તાવિનોદ માટે ઈરાની, ૨ ઘરકામ માટે ખુરાસાની, ૩ બાલ–બચ્ચાંના ઉછેર માટે **હિંદુસ્તાની** અને ૪ સ્ત્રીઓ ઉપર કડપ બેસાડવા, મારપીટ કરવા માટે ઉન્નહરી.

(–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પ્રક૦ ૪૯ પૃ૦ ૭૨૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બા૦અકબર વતી ગુજરાતનો સૌથી પહેલો સૂબો હતો. તેમજ અકબરના સમયે સને ૧૫૮૭ થી ૧૫૯૨ સુધી સાતમો અને સને ૧૬૦૦ થી ૧૬૦૫ સુધી નવમો સૂબો બન્યો હતો. તે પછી બા૦ જહાંગીરના સમયે પણ સને ૧૬૦૯ થી ૧૬૧૧ સુધી ગુજરાતનો ત્રીજો સૂબો બનીને આવ્યો હતો.

તે સને ૧૫૮૨માં શાહજાદા **મુરાદબક્ષને** પોતાની સૂબાગીરી સોંપીને દીવ, માંગરોલ થઈ મક્કા તરફ હજ્જ–(યાત્રા) કરવા માટે ગયો. હજ કરવા જતાં તેની સાથે તેના ૬ પુત્રો, ૬ પુત્રીઓ અને ૧૦૦ નોકર ચાકરો હતા.

શરૂઆતથી જ તે આ૦ હીરવિજયસૂરિનો ભક્ત હતો. સને ૧૫૯૪ માં તે હજ કરીને ભારત પાછો આવ્યો, ત્યારે જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિ પોતાના પરિવાર સાથે સૌરાષ્ટ્રના ઉના શહેરમાં ચતુર્માસ હતા. ખાને વિ૦ સં૦ ૧૬૫૧–૫૨માં ઉના જઈ **જગદ્‌ગુરુને** વંદન કર્યું.

તે છેવટે દીન–ઈ–ઈલાહી ધર્મમાં દાખલ થયો હતો. તે અમદાવાદમાં મરણ પામ્યો, તેની કબ્ર સરખેજમાં બની હતી.

તેણે પોતાની પુત્રીનો શાહજાદા જહાંગીરના પુત્ર ખુશરૂ સાથે વિવાહ કર્યો હતો. તેની ઈચ્છા હતી કે "બા૦ અકબરના મરણ બાદ શાહજાદો ખુશરૂ દિલ્હીનો બાદશાહ બને."

**ખુરમઃ**–ખાનને **ખુરમ** નામે પુત્ર હતો, જે સૌરાષ્ટ્રનો સૂબો હતો. તે ઉગ્ર સ્વભાવનો અને ઝનૂની હતો. તે પ્રજાને બહુ ત્રાસ આપતો.

ખાને આઝમ મીરઝા અજીજ કોકા દિલ્હીના બા૦ અકબર વતી ગુજરાતનો (સં૦ ૧૬૪૪ થી ૧૬૪૯ સુધી) ૭ મો સુબો બની આવ્યો હતો, ત્યારે **પુત્ર ખુરમ** સોરઠનો કમીશ્નર હતો. તેણે કોઈની ચડવણીથી કે ધર્મના ઝનૂનથી શત્રુંજય તીર્થના મોટા **જિન પ્રાસાદનો** નાશ કરવા માટે પહાડ ઉપરનાં ઝાડ કપાવી, એ ઝાડનાં લાકડાં મંદિરની ચારે બાજુ ગોઠવ્યાં. તેનો ઈરાદો હતો કે મંદિરને બાળી રાખ બનાવવું. ત્યારે **આ૦ વિજયહીરસૂરિ વતી** આ૦ વિજય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેનસૂરિએ આ ઘટના લાહોરમાં ઉ૦ ભાનુચંદ્રગણિને લખી જણાવી અને શેઠ હરખચંદ પરમાનંદે બા૦ અકબરને અરજી મોકલી, આ ઘટના જણાવી ન્યાય માગ્યો, બા૦ **અકબરે** ઉ૦ ભાનુચંદ્રના કહેવાથી, ચૈત્રાદિ સં૦ ૧૬૪૭ના આ૦ વ૦ ૦))ને રોજ શાહજાદા જહાંગીર પાસે ફરમાન લખાવી સુબા મીરઝા કોકા ઉપર મોકલ્યું. "તેમાં કોઈ સુબો કોઈ જાતની આવી ભૂલ ન કરે તે માટે તાબડતોબ મનાઈ હુકમ કર્યો." આ રીતે ખુરમને તે ભૂલ કરતાં રોકયો. અને "કોઈ અમલદાર ફરી ફરી આવી ભૂલ ન કરી બેસે" એટલા ખાતર જૈનોની માગણીથી બા૦ અકબરે આ૦ વિજય હીરસૂરિને સં૦ ૧૬૪૯ વૈ. સુ. ૧૦ ને રોજ શત્રુંજય વગેરે તીર્થો ઈનામમાં આપવાનું ફરમાન લખી મોકલ્યું. સાથો-સાથ આ૦ વિજયસેનસૂરિને લાહોર પધારવા વિનંતિ પણ કરી હતી. (મોગલ બાદશાહ ફરમાન નં. ૩, ૪,) (પ્ર૦ ૪૪-પૃ૦ ૬૮, પ્ર૦ ૫૮ બા૦ અકબરનાં શુભકાર્યો કલમ ૫મી)

**ખુરમ** વિ૦ સં૦ ૧૬૬૮માં જૂનાગઢમાં હતો ત્યારે **આ૦ વિજયસેનસૂરિએ** તેને ઉપદેશ આપી પ્રજાપ્રેમી બનાવ્યો હતો. એ ત્યારે આ૦ વિજયસેનસૂરિનો ભકત બન્યો હતો. (પ્રક૦ ૫૯)

(૩) **શાહબુદ્દીન**—તેનાં બીજાં નામો અહમદ, અહમદખાન અને સાહિબખાન પણ જાણવા મળે છે. તે પ્રથમ માળવાનો સૂબો હતો. તે પછી સને ૧૫૭૭ થી ૧૫૮૩ સુધી ગુજરાતનો સૂબો બન્યો.

તેણે બીજાની ભંભેરણીથી ગુસ્સે થઈ વિ૦ સં૦ ૧૬૩૬માં અમદાવાદમાં આ૦ હીરવિજયસૂરિને **ત્રાસ** આપ્યો હતો, પરંતુ જ્યારે બા૦ અકબરનું આ૦ હીરવિજયસૂરિને આમંત્રણ આપતું **ફરમાન** જોયું, ત્યારે તે જ આચાર્યશ્રીને ખંભાતથી અમદાવાદ માન-સમ્માન પૂર્વક લઈ આવ્યો અને તેમને ફતેપુરસિક્રી મોકલવા માટે બધી સગવડો કરી આપી. (-પ્રક૦ ૫૮)

(૪) **ઇતમાદખાન**—તે ગુજરાતના જૂના બા૦ અહમદ અને બા૦ મુજફ્ફરનો મોટો **વજીર** હતો. તે "ગુજરાતી અમીર" મનાતો હતો. બા૦ અકબરે તેને સને ૧૫૮૩-૮૪ માં ગુજરાતનો સૂબો બનાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બા૦ અકબરે ફતેપુરસિક્રીમાં જ્યારે આ૦ હીરવિજયસૂરિનો પરિચય માગ્યો, ત્યારે સૂબા ઇતમાદખાને તેમના સાધુજીવનની ઘણી પ્રશંસા કરી હતી. (-પ્રક૦ ૫૮)

(૮) શાહજાદો **મુરાદબક્ષ**-તે બા૦ અકબરનો પુત્ર હતો. તેનું બીજું નામ **પહાડી** પણ મળે છે. તે ભારે શરાબી હતો.

જ્યારે મિરઝા અજીજ કોકાને મક્કાની હજ કરવા જવાનો વિચાર થયો. ત્યારે તે શાહજાદા મુરાદબક્ષને ગુજરાતમાં સાથે લઈ આવ્યો અને તેને ગુજરાતની સૂબાગીરી સોંપી હજ કરવા રવાના થયો.

શાહજાદો મુરાદ ફતેપુરસિક્રીથી જ આ૦ હીરવિજયસૂરિ અને મહો૦ શાંતિચંદ્રગણિનો ભક્ત હતો.

બા૦ અકબરે જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિને સં૦ ૧૬૪૯માં શત્રુંજય તીર્થ ભેટ કર્યું હતું. આથી આચાર્યદેવ પાટણના જૈનોના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રાએ જતાં વિ૦ સં૦ ૧૬૫૦માં અમદાવાદ પધાર્યા ત્યારે શાહજાદા મુરાદે જગદ્ગુરુ તેમ જ સંઘનાં બહુ સત્કાર-સન્માન કર્યાં હતાં અને આચાર્યશ્રીની **પૂજા** કરી હતી.

JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्

શાહજાદો મુરાદ સને ૧૬૦૦ માં મરણ પામ્યો ત્યારે **મિરઝા અજીજ કોકા** ગુજરાતનો "નવમો સૂબો" બનીને આવ્યો.

**૧૫. બા૦ જહાંગીર**-(પ્રક૦ ૪૪, પૃ૦ ૮૫ થી ૯૮)

**રાજકાળ**—(હીજરી સન ૧૦૧૫ થી ૧૦૩૭ના સફર મહિનાની તાઃ ૨૮ વિ૦ સં૦ ૧૬૬૩ થી ૧૬૮૪ ના કા૦ વદિ ... સને ૧૬૦૬ થી તા. ૧૮-૧૦-૧૬૨૭).

તેણે ગુજરાતમાં એક પછી એક ૧. કાલીજખાન, ૨. સૈયદ મૂર્તિઝખાન બુખારી સને ૧૬૦૬, ૩. સૂબો ખાને આઝિમ મિરઝા અજીજ કોકા સને ૧૬૦૯ થી ૧૬૧૧, ૪. અબ્દુલ્લાખાન ફિરોજજંગ, ૫. મકરબખાન, ૬. શાહજાદો શાહજહાન, ૭, શાહજાદા ખુશરૂનો પુત્ર દાવરબક્ષ, અને ૮. સૈફખાન એમ ૮ સૂબાઓ મોકલ્યા. (-પ્રક૦ ૪૪-પૃ૦ ૯૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૬. બા૦ શાહજહાંન**–( પ્રક૦ ૪૪, પૃ૦ ૯૯ થી ૧૦૩)

**રાજકાળ**—તા. ૪–૨–૧૬૨૮ થી ૯–૬–૧૬૫૮.

તેણે ગુજરાતમાં પોતાના તરફથી એક પછી એક ૧. શેરખાન, ૨. ઈસ્લામખાન, ૩. બાકરખાન, ૪. સિયા હૈદરખાન, ૫. સૈફખાન, ૬. **આઝમખાન,** ૭. મીરઝા ઈમારતખાન ૮. શાહજાદો **ઔરંગઝેબ** સને ૧૬૪૪ થી ૧૬૪૬, ૯. શૈસ્તખાન, ૧૦. શાહજાદો **મહમ્મદ દારા શિકોહ** સને ૧૬૪૮ થી ૧૬૫૨, ૧૧. શૈસ્તખાન, ૧૨. શાહજાદો **મુરાદબક્ષ** સને ૧૬૫૪ થી ૧૬૫૭, અને ૧૩. કસમખાન, **એમ** ૧૩ સૂબાઓ મોકલ્યા હતા. (પ્ર૦ ૪૪, પૃ૦ ૯૯)

**૮. સુબો શાહજાદો ઔરંગઝેબ**– સને ૧૬૪૪ થી ૧૬૪૬.

તેણે સને ૧૬૪૪–૪૫ વિ૦ સં૦ ૧૬૯૯માં ધાર્મિક ઝનૂનથી પ્રેરાઈ અમદાવાદના સરસપુરમાં આવેલા શેઠ શાંતિદાસ ઝવેરીએ સં૦ ૧૬૮૨માં બંધાવેલા ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદને તોડી ફોડી મસ્જિદરૂપે બદલી નાખ્યો. અને તેમાં ફકિરોને વસાવ્યા. આથી ગુજરાતભરમાં બંડ જાગ્યું. શેઠ શાંતિદાસે બા૦ શાહજહાંને આ વિગતની અરજી કરી. મુલ્લા અબ્દુલ હકીમે પણ બાદશાહને આ ધિક્કારી ઘટના પ્રત્યે અણગમો બતાવતો પત્ર લખ્યો. આથી બા૦ શાહજહાંએ વિ૦ સં૦ ૧૭૦૫માં ગુજરાતના ૧૦મા સૂબા શાહજાદા દારા મહમ્મદ શિકોહને ફરમાન લખી મોકલી હુકમ કર્યો કે તારે "તે જિનપ્રાસાદને બાદશાહી ખજાનાના ખરચે અસલ જેવો બનાવી, શેઠને સોંપવો" તેમાં કરેલા ફેરફારોને સુધારી લેવા. તેમનો સરસામાન કોઈ લઈ ગયા હોય તે તેઓની પાસેથી પાછો મંગાવી શેઠને સોંપવો અગર તેની રકમ ભરપાઈ કરાવવી."

(પ્રક૦ ૪૪ પૃ૦ ૧૦૦, ૧૩૨ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૫૧ થી ૧૫૭ ફરમાન નં. ૧૬)

આ ફરમાનથી સૂબાએ તે જિનપ્રાસાદને મૂળ જેવો બનાવી શેઠ શાંતિદાસને સોંપ્યો હતો. તે પછી તેમના વંશજ શેઠ વખતચંદે સં૦ માં આ સ્થાનને અશાંતિવાળું સમજીને તે જિનાલયની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમસ્ત પ્રતિમાઓ ઊઠાવી લાવી ઝવેરીવાડની વાઘણપોળનાં જૂદાં જૂદાં જિનલયોમાં પધરાવી અને ચિંતામણિ પાર્શ્વનાથનો નવો જિન-પ્રાસાદ તૈયાર કરાવી તેમાં વિરાજમાન કરી, જે આજે વિદ્યમાન છે.

૧૦. શાહજાદો મહમ્મદ દારા શિકોહ—(સને ૧૬૪૮ થી ૧૬૫૨)

તેણે ઉપર પ્રમાણે અમદાવાદનો ચિંતામણિ પાર્શ્વનાથનો જિન-પ્રાસાદ શેઠ શાંતિદાસ ઝવેરીને પાછો સોંપ્યો, તેણે બા૦ શાહજહાંની સમ્મતિથી શેઠની માલમિલકત, મકાન, જમીન, જાયદાદ, લેણી રકમ વગેરેની રક્ષા માટે વિવિધ ફરમાન કાઢી પુરી તકેદારી રાખી હતી ફર. નં૦ ૧૪, ૧૫, ૧૬, ૧૭.

એ વખતે ગોરી બેલમના મુસલમાનો શત્રુંજયતીર્થે જનારા યાત્રાળુઓને રંજાડતા હતા. અને લૂંટી લેતા હતા. આથી શેઠ શાંતિદાસ ઝવેરી તેમજ શા. રતનાસૂરા તથા **તપાગચ્છના કારખાનાએ** સને ૧૬૫૧ વિ૦ સં૦ ૧૭૦૭ ને કાર્તિક વદિ ૧૩ ને મંગળવારના રોજ ગારિયાધારના ગોહેલ ઠાકોર **કાંધાજી** તથા બીજા તેના કુટુંબના ભાગીદાર સ્ત્રી પુરુષોને શત્રુંજયતીર્થ તથા યાત્રાળુઓના રખોપાનું કામ સોંપ્યું, અને **પાકો કરાર** કર્યો. એ વિ૦ સં૦ ૧૭૦૭ (સને ૧૬૫૧)ના રખોપાનો **કરાર** આ પ્રમાણે હતો.—

JAINSITE.com जैन साईट

## સંવત ૧૭૦૭ (સને ૧૬૫૧) નો કરાર

॥ શ્રી ॥

॥ ૐ ॥ સંવત ૧૭૦૭ વર્ષે કાર્તિક વદિ ૧૩ ભોમે ગોહિલ **શ્રી કાંધાજી** તથા નારાજી તથા હમીરજી તથા બાઇ **પદમાજી** તથા **પાટમદે** જત લખતં આમા (અમો) શ્રીસેત્રંજાની ચોકી પુહુરૂ કરૂં છું તથા સંઘની ચોકી કરૂં છું તે માટે તેનું પરઠ કીધો છે. શાહ શાંતિદાસ સહસ—કરણ તથા શાહ રતન સૂરા તથા સમસ્ત સંઘ મળી શ્રી સેત્રંજી સંઘ આવઈ તથા છઠીઆં છઠ વિહિવા આવિ તથા પાલુ લોક આવિ તેનું અમિ કરાર દીધું છે. તે અમો બાપના બોલશું પાળવું. તેની વગત્ય શ્રી શેત્રંજઈ સંઘ આવી તેની ચુકી પહુરૂ કરવો. જે સંઘ

આવિ તે પાસિ મલણું કરી લેવું તેની વિગત. સુખડી મણ ૧ તથા લુગડાના જામી ૨ાા (અઢી) મોટી સંઘિ છઠીઆ, તથા પાલુ સંઘ આવિ તે પાસિ મલણું ન લેવું. ગાડી ૧ જામી ૨ાા અંકે અઢી લેવી, મોટા સંઘ મધે પ્યાદા હુઅિ તેનું ન લેવું. બીજુ છઠવીયા આવિ તેની માણસ ૧૦૦ જામી ૬૦ લેવી. મલણું માગવું નહીં. વલી બીજું માણસ પાલુ આવિ તે જણ ૧ ની જામી ૦ાા અંકે અરધી લેવી. અદકું કાંહી ન લેવૂ. સંઘ શ્રીશેત્રંજી જાત્રા કરવા આવિ તે પાસિથી એ કરારિ લેવૂં. ગચ્છ ૮૪ ચોરાસીનું એ કરારિ લેવૂં તથા એ કરાર બાપના બોલશું પાળવું તથા શ્રી આદીશ્વરની સાખી પાલવું. રણછોડજીની સાખી પાલવું. કારખાના પાસિ ન લેવું. તપાગચ્છની. ાા શ્રી ાા

| | |
|---|---|
| અત્ર મતૂ એ લખું તે પ્રમાણે છે. | અત્ર સાખ્ય |
| ૧. ગોહેલ કાંધાજી | ૧. ગો૦ ગોમલજી |
| ૧. બાઈ પદમાજી | ૧. ગો૦ લખમણજી |
| ૧. બાઈ પાટમદે | ૧. ગો૦ ભીમજી |
| | ૧. ર૦ જાદવ |
| લખતં દો૦ કડવા નાથાએ | ૧. સા૦ જગપાલ |
| લખું ન પાલીએ તો. | ૧. ઠા૦ પરબત |
| અમદાવાદ મધે જબાપ કરીએ. | ૧. દો૦ કડવા |

લખતં **ભાટ પરબત** નારાયણએ લખુ. પાલિએ નહિ તુ અમિ જમાન છું. અમદાવાદ મધે જબાપ કરૂં સહિ ાા તથા ભાટને અગડકરા છે. તે પળાવું સહી સહી ાા

અસલ ઉપરથી નકલ મુકાબલ કરનાર કારકુન રાજારામ નીલકંઠરાવ.[1]

| | |
|---|---|
| આણંદજી કલ્યાણજી તરફથી માગી તા. ૨૮ મી જુલાઈ સને ૧૮૭૬ સહી થઈ તૈયાર થઈ તા. ૧૧ સપ્ટેંબર સને ૧૮૭૬ | ખરીનકલ (સહી) I B. Peicle પોલીટીકલ અજંટ |

૧ ઠા. કાંધાજીના વંશજો નગરશેઠ શાંતિદાસ ઝવેરીના કુટુંબની મદદથી ધીમે ધીમે આગળ વધ્યા, ધન વધ્યું, અને તેઓના રાજ્યનો વિસ્તાર પણ વધ્યો. પરિણામે ૧૯મા **ઠા. પૃથ્વીરાજે** આશરે વિ૦ સં૦ ૧૭૦૦ પછી સં૦ માં પાલીતાણાને પાટનગર બનાવી ત્યાં પોતાના નવા રાજ્યની સ્થાપના કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૨. સુબો શાહજાદો મુરાદબક્ષ–** (સને ૧૬૫૪ થી ૧૬૬૨)

શેઠ શાંતિદાસ ઝવેરીએ તેને તથા શાહજાદા ઔરંગઝેબને સને ૧૬૫૭–૫૮માં લૂંટારા કાનજી કોળીના બળવામાં અને રાજા જસવંત સાથેની ઉજ્જૈન જીતવાની લડાઈમાં લાખો રૂપિયાની મદદ કરી હતી. આથી ગુજરાતના સૂબા શાહજાદા **મુરાદબક્ષે** બા૦ શાહજહાંની સમ્મતિ મેળવી જુલસી સન ૩૦, મહોરમ ઉલહરામ મહિનો તા. ૨૯, મી હીજરી સન ૧૦૬૬, ઈ૦ સં૦ ૧૬૫૬, વિ૦ સં૦ ૧૭૧૩ના કાર્તિક શુદિ ૧ ના રોજ નગરશેઠ શાંતિદાસ ઝવેરીને શત્રુંજય તીર્થનો પહાડ **ઇનામમાં** આપ્યો હતો, અને તેનું **ફરમાન** લખી આપ્યું હતું.

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૧૫૬ થી ૧૬૦ મો૦ બા૦ ફર૦ નં૦ ૧૭મું)

**સૂબા મુરાદબક્ષે શેઠ શાંતિદાસ ઝવેરીને શત્રુંજયનો પહાડ, પાલીતાણા ગામ ઇનામમાં આપ્યાં તેની સનંદ.**

जैन साईट JAINSITE


**મુરાદ તરફથી મળેલી સનંદ**

શાહજહાંનના દીકરા અને ગુજરાતના સુબા મુરાદબક્ષે.

પરશીયન ભાષામાં લખેલી સનંદનો તરજૂમો.

જૈનમ્ જયતિ શાસનમ્

મહેરબાન ખુદાના નામે




સોરઠની સરકારના હાલના અને ભવિષ્યના હિસાબો શાહી મહેરબાનીથી અને ઉમેદથી ઉમદા થયા છે. એ હિસાબ રાખનારાઓને માલુમ થાય જે "શાંતિદાસ ઝવેરી જે અમીરોમાં પહેલા દરજ્જાના છે" તેમણે અમારા સ્વર્ગસમા દરબારમાં બધા દરબારીઓની સમક્ષ જાહેર કર્યું છે કે "સોરઠ સરકારના તાબામાં આવેલા પાલીતાણા નામના ગામ આગળ **શેત્રુંજા** નામનું હિંદુ લોકોનું યાત્રાનું ધામ આવેલું છે. અને આજુબાજુના લોકો ત્યાં યાત્રાએ જાય છે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉમદા દરજ્જાવાલા તરફથી મહેરબાનીની રાહે એવો હુકમ કરવામાં આવ્યો છે કે "અમીરોમાં સૌથી ઉંચા દરજ્જાના મજકુર ઈસમને આ મોસમની શરૂઆતથી મજકુર ગામ ઈનામ તરીકે આપવામાં આવ્યું છે." જેથી આ ગામને એમનું ઈનામ તરીકે ગણીને એમાં કોઈ જાતની દખલગીરી કરવી નહિ.

આજુબાજુના જીલ્લાના તથા પ્રદેશના લોકો આ જગ્યાએ નિર્ભય થઈને યાત્રા કરવા આવે. આ બાબતમાં તાકીદનો આ ખાસ હુકમ જાણી એને પાળવામાં કોઈએ કસુર કરવી નહીં.

પવિત્ર મોહરમ મહિનાના ૨૯મા દિવસે લખ્યું. અમારા સારા રાજ્યના ૩૦ મા વરસમાં

દા૦ નમ્ર સેવક અલીનખાન છે. નકલ
દીવાન કચેરીમાં રાખી લીધી છે.

સીલ

ખરો તરજુમો

(સહી) ગુલામ મોહીદ્દીન તરજુમો કરનાર.

(–પ્રક૦ ૪૪ ગોહેલવંશ; પ્રક૦ ૪૪ પૃ૦ ૧૦૨, ૧૫૬)

**૧૧. બા૦ ઔરંગઝેબ–** (સં૦ ૧૭૧૫ થી ૧૭૬૩; તા. ૨૩–૭–૧૬૫૮ થી ૨૧–૨–૧૭૦૭)

તેણે ગુજરાતમાં પોતાના તરફથી એક પછી એક ૧૦ સૂબાઓ મોકલ્યા હતા.	(પ્ર૦ ૪૪ પૃ૦ ૧૦૩ થી ૧૦૫)

**શાહજાદો મહમ્મદ આઝમ**–તે સને ૧૭૦૩ થી ૧૭૦૫ સુધી ગુજરાતનો સૂબો હતો. એના સમયમાં એક સંન્યાસી એક નાના બાળકને અમદાવાદમાંથી ઉઠાવી ગયો. આની ખબર પડતાં સૂબાએ બધા સંન્યાસી, સાધુ, બાવાઓ અને ફકિરોના માટે હુકમ બહાર પાડયો કે, કોઈએ અમદાવાદમાં રહેવું નહીં તથા અમદાવાદમાં આવવું નહીં.

આ હુકમ માટે **તપાગચ્છના ભ૦ વિજયદેવસૂરિની** પરંપરાના **ભ૦ વિજયરત્નસૂરિ** (સં૦ ૧૭૩૨ થી ૧૭૭૩ ના બા૦

JAINSITE .com

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

વ૦ ૨) એ સૂબા મહમ્મદ આઝમને મળ્યા. તેમણે તેને સમજાવી શાંત પાડી તે હુકમ પાછો ખેંચાવ્યો.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૫, ૧૧૧ ફરમાન નં. ૨૧, પ્રક૦ ૫૮,)

**પાખી પ્રતિબંધ**–

બા૦ ઔરંગઝેબે સને ૧૬૬૪માં અમદાવાદની પ્રજા ઉપરના ઘણા કરો માફ કર્યા હતા, અને **પાખી પાળવાનો** રિવાજ બંધ કર્યો હતો. (–શુ૦ પા૦ અ૦ પૃ૦ ૧૦૧)

**૧૪. બા૦ ફરૂખશેખર**–(તા. ૧૦–૧–૧૭૧૩ થી ૧૭૧૯; સં૦ ૧૭૭૦ મહા વદિ ૧૦ થી ૧૭૭૫ ફા૦ શુ૦ ૯ પૃ૦ ૧૦૭)

તેણે પોતાના તરફથી ગુજરાતમાં ચાર સૂબા મોકલ્યા હતા.

૩. દાઉદપની

**૪. મહારાજા અજિતસિંહ**–તેના વતી સને ૧૭૨૦માં અમદાવાદમાં સૂબા તરીકે અનોપ ભંડારી હતો. (–પ્રક૦ ૫૭)

**૧૫ બા૦ રફિઉદારજાત**–(સને ૧૮–૨–૧૭૧૯ થી ૨૮–૫–૧૭૧૯ સં૦ ૧૭૭૫ ફા૦ શુ૦ ૧૦ થી ૧૭૭૬ અ૦ વ૦ ૬)

(પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૭)

**રાજા અજિતસિંહ**–સને ૧૭૧૯ થી ૧૭૨૧ સુધી અમદાવાદમાં મહારાજા અજિતસિંહ ગુજરાતનો સૂબો હતો.

**૧૬. બા૦ રફિઉદ્દૌલ્લા**–(તા. ૧૯–૫–૧૭૧૯ થી ૧૧–૯–૧૭૧૯)

**૧૭. બા૦ મહમ્મુદ શાહ**–(તા. ૧૯–૯–૧૭૧૯ થી ૧૬–૪–૧૭૪૮; સં૦ ૧૭૭૬ બીજા આ૦ વ૦ ૨ થી ૧૮૦૫ વૈ૦ ૦)))

(પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૮)

જોધપુરના મહારાજા **અભયસિંહ રાઠોડે** "પિલાજી ગાયકવાડ"ને મારી **અમદાવાદ** પોતાના કબજે કર્યું.

**રત્નસિંહ ભંડારી**–વિ. સં. ૧૭૮૯ થી ૧૮૯૩ સુધી બા. મહમ્મદ અને મહારાજા અભયસિંહ રાઠોડ તરફથી તે અમદાવાદનો સૂબો હતો.

તેણે સં૦ ૧૭૯૧માં શત્રુંજય તીર્થમાં વિમલવસહીમાં નવો જિન પ્રાસાદ બનાવ્યો અને તેમાં સહસ્રફણા પાર્શ્વનાથની મૂર્તિની ભ૦ વિજયદયાસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. (–પ્રક૦ ૫૮, પ્રક૦ ૬૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૭૯૧માં છીપાઓએ પણ છીપાવસહિનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (શત્રુંજય તીર્થનો ક્રમો હસ્તલિખિત–મોટું વર્ણન)

**ગુજરાતના રાજવંશો**

મરાઠા પેશવા, ગાયકવાડ, પેશવા,

**અંગ્રેજો**

જનરલ ગોડાર્ડને હી૦ સ૦ ૧૧૯૪, વિ૦ સં૦ ૧૮૩૬ ના માહ શુદિ ૧૧, તા. ૧૫–૧૨–૧૭૮૦ ના રોજ **અમદાવાદ** જીત્યું.

તેણે નગરશેઠ વખતચંદની વિનતિથી અમદાવાદને લૂંટવાનું મોકુફ રાખી શાંતિનો ઢંઢેરો પિટાવ્યો.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૧૧૧, ૧૮૨, મો૦ બા૦ ફ૦ નં૦ ૩૪)

**સ્વતંત્રભારત**–તા. ૧૪–૮–૧૯૪૭ની મધ્યરાત પછી ક૦ ૨૪, મિ૦ ૧ ના સમયે તા. ૧૫–૮–૪૭ના રોજ **ભારત સ્વતંત્ર** થયો.

(–પ્રક૦ ૪૪ પૃ૦ ૧૯૦)

**ગુજરાત** તા. ૧–૫–૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યના મહારાષ્ટ્ર અને મહાગુજરાત એમ બે ભાગલા પડ્યા અને ગુજરાત **સ્વતંત્ર પ્રાંત** બન્યો.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## કાઠિયાવાડ–સૌરાષ્ટ્રનું રાજ્યશાસન

| | |
|---|---|
| સને ૧૨૯૬ થી ૧૪૦૩ | મુસલમાન સૂબાઓ. |
| સને ૧૪૦૭ થી ૧૫૭૩ | પાટણ તથા અમદાવાદના બા૦ ચાહમદશાહ અને મહમ્મદ બેગડો વગેરે. બાદશાહો |
| સને ૧૫૭૩ થી ૧૭૦૭ (વિ૦ સં૦ ૧૬૨૮ થી ૧૭૬૩) | મોગલવંશના બાદશાહો–અકબરથી ઔરંગઝેબ સુધી. |
| સને ૧૭૦૫ થી ૧૭૬૫ | મરાઠા, પઠાણ. વડોદરાએ બ્રિટીશ રેસીડન્ટ વોકર સાહેબ, પાસે આશ્રય માગ્યો. |
| સને ૧૮૦૭ માં | બ્રિટીશ સલતનતની દરમિયાનગીરી બ્રિટીશ સરકારની સર્વોપરિસત્તા. |

તા. ૧૫-૮-૧૯૪૭ના રોજ રાતે ક૦ ૨૪ને મિ૦ ૧ ના સમયે **ભારત સ્વતંત્ર** થયો. (પ્રક૦ ૪૪ પૃ૦ ૧૯૦)

તા. ૧-૫-૧૯૬૦ના રોજ મહારાષ્ટ્ર અને **મહાગુજરાત** એમ બે રાજ્યો સ્વતંત્ર થયાં.

વિ૦ સં૦ ૨૦૧૮ના માગશર શુદિ ૧૧-(મૌન એકાદશી) તા. ૧૮-૧૨-૧૯૬૧ભારતીય શાકે ૧૮૮૩ના માગશર દિનાંકઃ ૨૭ના રોજ ગોવા સ્વતંત્ર જાહેર થયો. (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૫)

## સૌરાષ્ટ્રનો ગોહેલ રાજવંશ

[ **નોંધ :** આ વંશમાં આપેલા સંવતોમાં ફરક છે.)

રાણાજી ગોહેલ પછીના બે રાજાઓનાં નામ મળતાં નથી અમે રાજાઓના નંબર પણ બદલ્યા છે.]

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ગોહેલ વંશનો મૂળ પરિચય પહેલાં (પ્રક૦ ૨૭, પૃ૦ ૩૮૬માં) આવી ગયો છે. વિક્રમની બીજી સહસ્રાબ્દી પછી એ વંશનો ઇતિહાસ ટૂંકમાં નીચે મુજબ છે.

૧. **મોહનદાસ ગોહેલ**-તે મારવાડમાં લૂણી નદીના કાંઠે આવેલા ખેરગઢમાં ચંદ્રવંશી રાજા હતો. **રાઠોડ** રાજાએ તેના ઉપર ચડાઈ કરીને તેના ઝાંઝણ વગેરે પુત્રોને મારી નાખ્યા. એટલે મોહનદાસ ગોહેલ પોતાના પરિવાર સાથે ખેરગઢ છોડી, સૌરાષ્ટ્રમાં થાનગઢ પાસેના **શાહપુર ગામમાં** આવીને વસ્યો. તેણે જૂનાગઢના રા' મેપાના પુત્ર ખેંગારને પોતાની પૌત્રી પરણાવી **મૈત્રી સંબંધ** બાંધ્યો રા' એ તેને ૧૨ ગામની સરહદનું રક્ષણકાર્ય સોંપ્યું.

૨. **ઝાંઝણ**-તે ખેરગઢમાં મરણ પામ્યો.

૩. **સેજકજી**-તે દાદા સાથે સૌરાષ્ટ્રમાં આવ્યો અને તેણે જૂનાગઢના રા'ની મહેરબાની મેળવી સને ૧૨૬૦ (વિ૦ સં૦ ૧૩૧૭)માં **સેજકપુર** વસાવ્યું અને ગોહેલની ગાદી સ્થાપન કરી તેણે પોતાના ૩ પુત્રોને ૩ રાજ્ય વહેંચી આપ્યાં. તે સને ૧૨૯૦માં મરણ પામ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. તેણે **રાણજીને** ઉમરાલા (રાણપુર)નો ગરાસ આપ્યો. ૨. **સારંગજીને** અર્થિલા વગેરે ૨૪ ગામોનો ગરાસ આપ્યો તેના પુત્ર **નોંઘણજીએ લાઠી**માં ગાદી સ્થાપન કરી. ૩. **શાહજીને** માંડવી ચોવીસીનો ગરાસ આપ્યો. જેના વંશજોએ માંડવી, ગારિયાધાર તથા પાલીતાણામાં રાજ્ય કર્યું.

૪. **રાણજી ગોહેલ**—તે બહાદુર હતો. તે સને ૧૩૦૪ (વિ૦ સં૦ ૧૩૬૧) પછી નદી કિનારે **રાણપુર** વસાવી ત્યાં રહેતો હતો ત્યારે વલભીમાં **એભલ** (ત્રીજો) નામે રાજા હતો. વલભીમાં એક લગ્ન પ્રસંગે કપોલ વાણિયા અને તેઓના કંડોલિયા ગોરોની વચ્ચે અચાનક કલેશ થયો. એભલે તે સૌનો વિનાશ કરાવ્યો. **રાણજી ગોહેલે** આ બનાવને આગળ ધરી એભલ ઉપર ચડાઈ કરી. તેને મારી સને ૧૩૦૭માં વળા (વલ્લભીપુર)નું **રાજ્ય** જીતી લીધું. એટલે તે ઉમરાલા અને વાલાક પ્રદેશનો પણ રાજા થયો.

એ પછી તેનો પૌત્ર ગાદીએ આવ્યો. એ સમયે અમદાવાદમાં મહમ્મદ બેગડા વિ૦ સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦ (સને ૧૪૫૯ થી ૧૫૧૧)નું રાજ્ય હતું.

જૈનમ્ જયતિ શાસનમ્

તેને ૧ મુજફ્ફરશાહ, ૨ અહમદશાહ **સિકંદર** અને ૩ લઘુ મહમ્મુદ એમ ત્રણ પુત્રો હતા. તેણે પોતાના પુત્રોની સરદારી નીચે સેના મોકલી યુદ્ધ કરીને પોતાના રાજ્યનો વિસ્તાર વધાર્યો. આ ત્રણે પુત્રોમાં **અહમદશાહ** ઘણો હોંશિયાર હતો. મહમ્મદ બેગડાએ અહમદશાહને દ્વારિકા, સોમનાથ, ગિરનાર, શત્રુંજય વગેરે સ્થળોમાં મોકલીને પવિત્ર સ્થાનોનો વિનાશ કરાવ્યો. તેમજ સને ૧૪૧૪ (વિ૦ સં૦ ૧૫૩૧)માં તેને સૌરાષ્ટ્રમાં ફરીથી મોકલ્યો. અહમદશાહે સીધેસીધા રાણપુર પર હલ્લો કર્યો અને રાણજીના પૌત્રને એકદમ કહેવરાવ્યું કે "તમે તમારી એક રાણી અમને સોંપી દો, નહીંતર લડવાને તૈયાર થાઓ." **ગોહેલ તો વટનો કટકો** હતો" તેણે જવાબ વાળ્યો કે, "ખબરદાર રહેજો, હું યુદ્ધના મેદાનમાં જવાબ દેવા આવું છું"

અહમદશાહને જૂનાગઢના વિજયનો ગર્વ હતો તેનો એ ગર્વ

આ જવાબથી ઓગળી ગયો, તેણે તરત જ સાવધાનીથી કામ લીધું, રાજા ગોહેલે બહાદુર ગોહેલોને સાથે લઈ યુદ્ધ માટે પ્રયાણની તૈયારી કરી. તેણે છેલ્લે જતાં રાણીવાસમાં જઈને પોતાની ૮ રાણીઓને મળી હિમ્મત આપતાં જણાવ્યું કે, "હું લડવા જાઉં છું. મુસલમાન સેનાને મારી હઠાવી, જલદી પાછો આવીશ. પણ એક વાત ધ્યાનમાં રાખજોકે, મારી સાથે મારો વિજયધ્વજ ફરકતો રહેશે. જ્યાં સુધી તે ફરકતો હોય ત્યાં સુધી રાણજી જીવતો છે એમ જાણવું. તે નમે ત્યારે રાણજી રામજીના ચરણમાં જઇને વસ્યો છે એમ માનજો." રાણીઓએ રાણજીને હૃદયના પ્રેમથી વધાવ્યો. તેને ઉમળકાથી માંગલિક ચિહ્નોથી વધાવી વિદાય આપી. રાણજી ત્યાં જઈ અહમદશાહની સેનાને મારી, પાછી હઠાવી, **વિજય મેળવીને** પાછો વળ્યો.

તેનો વિજયધ્વજ બરાબર ફરકતો હતો. તે બધા એક ગામને પાદર વિશ્રામ લેવા રોકાયા ત્યાં સૌએ પાણી પીધું. વિજયધ્વજ ઝાલનાર માણસે પાણી પીવા માટે પોતાના બંને હાથને છૂટા કરવા" વિજયધ્વજને પાસેના રસ્તામાં સુવાડી દીધો." બસ. ? આ કારણે રાણપુરના રાજમહેલમાં કેર વળી ગયો આઠે રાણીઓએ જાણ્યું કે "ધ્વજ ફરકતો નથી" એટલે તેઓએ રાજમહેલ ઉપર ચડી, એક જરુખામાંથી નદીમાં પડતું મૂક્યું, રાજમહેલ સૂનો થઈ ગયો. રાણજી ગોહેલે આવી હોંશભેર રાજમહેલમાં પ્રવેશ કર્યો, પણ ત્યાં તો "સ્મશાનની શાંતિ" હતી. ગોહેલ સમજી ગયો અને ત્યાંથી શોકાતુર વદને પાછો વળ્યો, આખા રાણપુરમાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયું.

અહમદશાહને રાણપુરમાં કંઈક નવા–જૂની બન્યાની જાણ થતાં તે પાછો ફર્યો અને તેણે રાતોરાત રાણપુર ઉપર છાપો માર્યો રાજા ગોહેલ તથા સૈનિકો વગેરે સૌને પકડીને કેદ કરી લીધા.

અહમદશાહે હુકમ કર્યો કે, રાજમહેલમાંથી રાણીઓને પકડી ઉઠાવી લાવો." સૈનિકો તો દોડતા ગયા પણ તે બધા ખોટા રૂપિયાની જેમ ત્યાંથી પાછા વળ્યા તેઓએ જણાવ્યું કે, "જનાબ ! રાણીવાસમાં રાણી તો શું પણ એક છોકરી કે દાસી પણ નથી" અહમદ વાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજી ગયો, તેણે ગુસ્સે થઈ ને સૌને બળજબરીથી **મુસલમાન** બનાવ્યા. બસ રાજા અને બધા સૈનિકો મુલસમાન બન્યા. ( સૌ૦ રસધાર )

રાણપુરના ઊંચી કોમના હિંદુ બ્રાહ્મણો વાણિયા વગેરે આ ધાર્મિક આક્રમણથી ગભરાયા, જે આજ સુધી ગોહેલોના વાસની વચ્ચે જૈનમંદિર પાસે રહેતા હતા તે બધા પોતપોતાની રક્ષા માટે પોતાના કુટુંબને લઈ રાણપુર છોડી વળા, ઉમરાળા લાઠી માંડવી વગેરે સ્થાને ચાલ્યા ગયા. કોઈ કોઈ તો વચલો વાસ છોડીને નદી તરફ આવી વસ્યા.

**૫. ગજીભા.**

**૬. રાણજી (રામજી)**—સંભવ છે કે (૪) રાણજી ગોહેલે રાણપુર વસાવ્યું હોય અને (૬) રાણજી ગોહેલના સમયે રાણપુરના રાજ વિનાશની ઘટના બની હોય.

**૭. મોખડજી**—તે બહાદુર હતો તેણે રાણપુર છોડી **ઘોઘામાં** આવી ગાદી સ્થાપન કરી. તે **પીરમબેટનો બાદશાહ** કહેવાતો હતો. દરિયામાં આવતાં જતાં વેપારીઓનાં વહાણો તે લૂંટી લેતો. એ રીતે એ ચાંચિયાનું કામ કરતો. આથી દિલ્હીનો બાદશાહ મહમ્મદ બીન ગુસ્સે ભરાયો. તેણે ઘોઘા ઉપર સેના મોકલી. મોખડજીએ યુદ્ધમાં લડતાં લડતાં સને ૧૩૪૭માં પાસેના ખદડપુરમાં મરાયો.

**૮. ડુંગરજી**—(સને ૧૩૪૭ થી ૧૩૭૦) તેની ગાદી ઘોઘામાં હતી.

**૯. વીજોજી**—(સને ૧૩૭૦ થી ૧૩૯૫)

**૧૦. કહાનોજી**—(સને ૧૩૯૫ થી ૧૪૨૦)

**૧૧. સારંગજી**—(સને ૧૪૪૫ થી ૧૪૭૦) તેણે સને ૧૪૨૦ વિ૦ સં૦ ૧૪૭૭માં **ઉમરાલામાં** ગાદી સ્થાપન કરી.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૨૩૫)

**૧૨. શિવજી**—(સને ૧૪૭૦ થી ૧૫૦૦)

**૧૩. જેતોજી**—



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

**૧૪. રામદાસજી**—(સને ૧૫૦૦ થી ૧૫૩૫)

**૧૫. સરતાનજી**—(સને ૧૫૩૫ થી ૧૫૭૦)

**૧૬. વીસોજી**— (સને ૧૫૭૦ થી ૧૬૦૦) તે ચાર ભાઇઓ હતા. તે પૈકીના ૧. **વીસોજીને ઉમરાળા**, ૨. દેવોજીને **પછેગામ**, ૩. વીરોજીને "અવાણિયા" અને ૪. માંકોજીને "નવાણિયા"નો ગરાસ મળ્યો.

પાલીતાણાના કાંધાજી ગોહેલે બ્રાહ્મણોના શિહોરને પોતાના તાબામાં લેવા વ્યવસ્થા ગોઠવી હતી. પણ **વીસોજી ગોહેલે** ઓચિંતો છાપો મારી શિહોર જીતી લીધું.

**૧૭. ધૂનોજી**— (મૃ૦ સને ૧૬૧૯, વિ૦ સં૦ ૧૬૭૬)

**૧૮. રતનજી પહેલો.**

**૧૯. હરભમજી.** ૧૯ **ગોવિંદજી**

**૨૦. અખેરાજજી.** (વિ૦ સં૦ ૧૬૯૬)

**૨૧. રતનજી બીજો.**

**૨૨. ભાવસિંહજી પહેલો**—તેણે સં૦ ૧૭૭૯ના વૈશાખ સુદિ ૩ ના રોજ વડવા પાસે **ભાવનગર** બંદર વસાવ્યું અને શિહોરને બદલે ભાવનગરમાં ગાદી સ્થાપન કરી. તેણે સૂરતના સં૦ પ્રેમજીપારેખના સંઘનું વળાવીયું કર્યું હતું.

(પ્રક૦ ૫૭, સૂરતના સંઘપતિઓ.)

**૨૩ અખેરાજજી**—તેણે ચાંચિયાઓને સજા કરી તેથી તેને **તળાજા** બંદર ઇનામમાં મળ્યું.

**૨૪. વખતસિંહજી**[1] (આતાભાઈ)

**૩૫. વજેસિંહજી**

(—ગોરધનદાસ નાગરદાસ મહેતા શિહોરવાળાનું 'સૌરાષ્ટ્રનું ઇતિહાસ દર્શન.)

---

૧. અમે આ રાજવંશના રાજાઓના અનુક્રમ નંબરો ફેરવ્યા છે. સંભવ છે કે આ રાજવંશ તેમજ પાલીતાણાના ગોહેલ રાજવંશના રાજાઓની સાલવારીમાં પણ ફેરફાર હોય.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પાલીતાણાનો ગોહેલવંશ

**૧. ઠા૦ મોહનદાસ ગોહેલ.**

૨. ઠા૦ ઝાંઝણજી

**૩. ઠા૦ સેજકજી** મૃ૦ સને ૧૨૯૦ (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૩૦)

**૪. શાહજી**—પાલીતાણાના વાયવ્યખૂણામાં આવેલા **માંડવી** ગામનાં ૨૪ ગામોનો ( પટ્ટો ) ગરાસ તેને તેના પિતાએ આપ્યો. જૂનાગઢના **રા'એ** તેને તે ગામોનો **પટ્ટો** કરી આપ્યો હતો. ઠા૦ શાહજીએ ગારિઆધારની આસપાસના "ચોમાલિયા ડાંગરોના ગામો" જીતી લીધાં. તેણે પૂર્વમાં દરિયાકાંઠા સુધી પોતાનું **રાજ્ય** વિસ્તાર્યું.

વિ૦ સં૦ ૧૯૮૦માં માંડવીમાં ૭૦૦ માણસોની વસતી હતી.

૫. ઠા૦ સરજણજી.

**૬. ઠા૦ અરજણજી (પહેલો)**–તેણે **ગારિયાધારમાં** પોતાની ગાદી સ્થાપિત કરી.

**૭. નોંઘણજી (પહેલો)**—એના સમયમાં **મુસલમાનો** માંડવી ગામને દબાવીને બેઠા હતા, પણ નોંઘણજીએ તે પાછું લીધું. શાણજી ગોહેલનો વંશજ **૧૧ મો ઠા૦ સારંગજી ગોહેલ** સગીર વયનો હતો ઠાકોરે તેને "ઘોઘાની ગાદી" આપવા મદદ કરી. તેના બદલામાં ઠા૦ સારંગજીએ નોંઘણજીને વિ૦ સં૦ ૧૪૭૭ (સને ૧૪૨૦) લગભગમાં **ત્રાપજ** વગેરે ૧૨ ગામ આપ્યાં. (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૩૩) "ત્યાંના ગોહેલો પાલીતાણાના ભાયાત છે" સમય જતાં ત્રાપજ પુનઃ ભાવનગરમાં ભળી ગયું.

૮. ઠા૦ જસોજી. ૯. ઠા૦ શવોજી. ૧૦. ઠા૦ બનોજી ૧૧. ઠા૦ હદોજી.

**૧૨. ઠા૦ કાંધોજી** ( પહેલો )—એના સમયમાં શિહોરના બ્રાહ્મણોમાં ઝગડો ઊભો થયો. એક પક્ષે કાંધાજી ગોહેલને લાવી તેને શિહોર સોંપી દેવાનો પેંતરો રચ્યો. પણ બીજા પક્ષની માગણીથી ઉમરાળાના **૧૬ મા ઠા૦ વીશાજી ગોહેલે** ઓચિંતો છાપો મારી શિહોર પોતાના કબજે કરી લીધું. (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૩૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૬. ઠા૦ નોંઘણજી** (બીજો)—તે તથા **લોમા ખુમાણ**-કાઠી વચ્ચે "ગઢવીને હાથી આપવાના કારણે" વેલાવદરની સીમમાં યુદ્ધ થયું. તેમાં ઠાકોરના ૧૮ પુત્રો ખપી ગયા. ઠા૦ પોતે નાસી ગયા.

શિહોરના ૧૭ મો **ઠા૦ ધુનોજી** ઠા૦ નોંઘણજીની મદદે આવ્યો. તે પણ માર્યો ગયો. લોમા ખુમાણે વિ૦ સં૦ ૧૬૭૬ (સને ૧૬૧૯) માં ગારિયાધારમાં પોતાનું **સીંધી લશ્કર થાણું** ગોઠવ્યું.

**ઠા૦ નોંઘણજી** અહીંથી નાસી "માળવાના જવાશાના રાજ્ય"માં ગયો. ત્યાં તે રાજકુમારીને પરણ્યો. તેનાથી તેને બે પુત્રો થયા. તેમાંનો એક પુત્ર જવાશાની ગાદીએ બેઠો. ઠાકોર વિ૦ સં૦ ૧૬૯૬ (સને ૧૬૪૦)માં **શિહોર** આવ્યો. ત્યાંના ૨૦ મા ઠાકોર **અખેરા-જજીની** કુમક લઈ **પાલીતાણા** આવ્યો. અને અમદાવાદના **નગરશેઠ** વગેરેની મદદથી તેણે ગારિયાધાર પાછું મેળવ્યું. લોમા ખુમાણ કાઠીની પત્ની **બહીઆણીએ** ખુમાણ અને ઠા૦ નોંઘણજી વચ્ચેનો કજિયો પતાવ્યો, તેથી ઠાકોરે તેને **ચણી ગામ** ભેટ આપ્યું.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ સમયે દિલ્હીમાં બા૦ શાહજહાં (સં૦ ૧૬૮૪ થી ૧૭૧૫) હતો. તેના સૂબાઓ અમદાવાદમાં રહીને ગૂજરાતનું રાજ્ય ચલાવતા હતા. સૌરાષ્ટ્રમાં તેના તરફથી નાનો સૂબો થાણેદાર કામ કરતો. સુબા **ઔરંગઝેબના** સમયે પાલીતાણામાં કામ પર ગોરી બેલમના વંશના મુસલમાનો હતા. તે પ્રજાને તેમજ શત્રુંજય તીર્થના યાત્રાળુ-ઓને હરેક પ્રકારે **રંજાડતા** અને **લૂંટતા** હતા.

આ કારણથી **શેઠ શાંતિદાસ ઝવેરીએ** ગારિયાધારના **ઠા૦ નોંઘણજી** બીજા વગેરેને ધન-દોલતની મદદ કરી અને તેઓના દ્વારા આ ત્રાસનું નિવારણ કરાવ્યું. આ ઘટના બન્યા પછી શેઠ શાંતિદાસ તથા ગારિયાધારના ઠાકોરો વચ્ચે **મૈત્રી સંબંધ** વધવા લાગ્યો. શેઠ શાંતિદાસને વિચાર આવ્યો કે "આ ઠાકોરોને તીર્થની રક્ષાનું કામ સોંપાય, અને તેઓનો પાલીતાણામાં વસવાટ થાય તો સારું." ઠાકોર પણ આવો સંબંધ બાંધવા ઉત્સુક હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪. ઠા૦ અરજણજી બીજો.

**૧૫. ઠા૦ કાંધાજી** ( બીજા )—તેણે શેઠ શાંતિદાસ ઝવેરી, શેઠ રતન સૂરા, અને તપાગચ્છના કારખાનાને તથા જૈન સંઘને સં૦ ૧૭૦૭ના કાર્તિક શુદિ ૧૩ને મંગળવારે તીર્થની પાકી ચોકીનો કરાર લખી આપ્યો. તેમાં સારા માણસોની સાખ પણ કરાવી. એ રીતે શત્રુંજય તીર્થના યાત્રાળુઓના **રખોપાનું** કામ માથે લીધું. તે **રખોપા–કરાર** આ રીતે મળે છે. (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૨૪)

## સંવત્ ૧૭૦૭ ( સને ૧૬૫૧ ) નો રખોપા કરાર

"॥ ૐ ॥ સંવત્ ૧૭૦૭ વર્ષે કાર્તિક વદિ ૧૩ ભોમે ગોહિલ શ્રી કાંધાજી તથા નારાજી તથા હમીરજી તથા બાઈ પદમાજી તથા પાટમદે જત લખતં આમા શ્રી સેત્રંજાની ચોકી પુહુરૂ કરું છું, તથા સંઘની ચોકી કરું છું તે માટે તેનું પરઠ કીધો છે. શાહ શાંતિદાસ સહસકરણ તથા શાહ રતન સૂરા તથા સમસ્ત સંઘ મળી શ્રી શેત્રંજી સંઘ આવઈ તથા છઠીઆં છઠ વિહિવા આવિ તથા પાલુ લોક આવિ, તેનું અમિ કરાર દીધું છે, તે અમો બાપના બોલશું પાળવું. તેની વગત્ય શ્રી શેત્રુંજઇ સંઘ આવી તેની ચુકી પુહુરૂ કરવો. જે સંઘ આવિ તે પાસિ મલણું કરી લેવું, તેની વગત. સુખડી મણ ૧ તથા લુગડાના જામી ૨॥ મોટી સંઘિછઠીઆ, તથા પાલુ સંઘ આવિ, તે પાસે મલણું ન લેવું. ગાડી ૧ જામી ૨॥ અંકે અઢી લેવી. મોટા સંઘ મધે પ્યાદા હુઅિ તેનું ન લેવું. બીજું છઠવિવા આવી તેની માણસ ૧૦૦ જામી ૬૦ લેવી. મલણું માગવું નહી. વળી બીજું માણસ પાલુ આવી તે જણ ૧ ની જામી ૦॥ અંકે અરધી લેવી, અદકું કાંહી ન લેવું. સંઘ શ્રી શેત્રંજી જાત્રા કરવા આવી તે પાસેથી એ કરાર લેવું. ગચ્છ ૮૪ ચોરાશીનું એ કરારિ લેવું. તથા એ કરાર બાપના બોલશું પાળવું. તથા શ્રી આદીશ્વરની સાખી પાલવું. રણછોડજીની સાખી પાલવું. કારખાના પાસિ ન લેવું તપાગચ્છની શ્રી. અત્ર

જૈન સાઈટ JAINSITE.com જ્ઞાન, આચાર, શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મતુએ લખું તે પ્રમાણે છે.

| | અત્ર સાખ્ય. |
|---|---|
| ૧ ગોહિલ કાંધાજી | ૧ ગો૦ ગોમલજી |
| ૧ બાઇ પદમાજી | ૧ ગો૦ લખમણજી |
| ૧ બાઈ પાટમદે | ૧ ગો૦ ભીમજી |
| લખતં દો૦ કડવા નાથાએ | ૧ શા. જાદવ |
| લખું. ન પાલીએ તો | ૧ શા. જગપાલ |
| અમદાવાદ મધ્યે જવાબ | ૧ ઠા. પરબત |
| કરીએ, | ૧ દો. કડવા |

લખતં ભાટ પરબત નારાયણએ લખું, પાલિ નહિ તુ અમિ જમાન છું. અમદાવાદ મધે જવાબ કરું સહિ ॥ તથા ભાટને અગડ કરા છે તે પાળવું સહીસહી.

અસલ ઉપરથી નકલ મુકાબલ કરનાર કારકુન રાજારામ નીલકંઠરાવ, આણંદજી કલ્યાણજી તરફથી માગી.

| | |
|---|---|
| તા. ૨૮ મી જુલાઇ સને ૧૮૭૬ સહી થઈ, તૈયાર થઇ તા. ૧૧– સપ્ટેમ્બર સને ૧૮૭૬ | ખરી નકલ (સહી) I. B. Peile પોલીટિકલ એજંટ |

આ૦ શાહજહાનનો શાહજાદો મહમ્મદદારા શિકોહ ( સને ૧૬૪૮ થી ૧૬૫૨ ) ગૂજરાતનો સૂબો હતો. ત્યારે સને ૧૬૫૧ ( વિ. સં. ૧૭૦૭ ) કાર્તિક વદિ ૧૪ ને ભોમવારે ઠા. કાંધાજી ગોહેલ વગેરેએ શેઠ શાંતિદાસ સહસકિરણ ઝવેરી શા. સૂરા રતના, તપગચ્છ કારખાનું વગેરેને શત્રુંજય તીર્થના રક્ષણથી પૂરી જવાબદારી લઈ ઉપર મુજબનો **રખોપા કરાર** કરી આપ્યો હતો.

આ ઉપરથી સમજાય છે કે—ઠા. કાંધાજી ગોહેલ રાજા નહોતા પણ ઠાકોર જ હતા, આ કરારમાં ઠા. કાંધાજી, નારાજી, હમીરજી, બાઇ **પદમાદે**, બાઈ **પાટમદે**નાં નામ છે અને સહીમાં ગો. ગોમલજી, ગો. લખમણ, ગો. ભીમજી વગેરેનાં નામો છે. બનવા જોગ છે કે, તે સૌ એ કુટુંબના સાથીદારો કેચોકી પહેરાના ભાગી-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દારો હોય. તે બધા સાથે નોકરી–ધંધો કરવા ઇચ્છતા હોય. જે **રાજા–રાણી** હોય તે આવો કરાર લખી આપે જ નહીં. આ તો **ધંધાદારી** અને ઇમાનદારીનો **કરાર** હતો. આ કરારમાં લખાણ પાળવાની એક નિષ્ઠા છે, વફાદારીની પ્રતિજ્ઞા છે. ધંધો લેવાની તમન્ના દેખાય છે.

ગોહેલો આ કરારમાં પ્રતિજ્ઞા કરે છે કે ‘અમિ કરાર કીધું છે તે અમો બાપના બોલશું પાળવું તથા શ્રી આદીશ્વરની સાખી પાળવું રણછોડજીની સાખી પાળવું.’

આ કરારના સાક્ષીઓ પણ ખાતરી આપે છે કે, ‘એ લખું ન પાળીએ તો અમદાવાદ મધ્યે જવાબ કરીએ. એ લખું પાલીએ નહી તો આમિ જમાન છું,, અમદાવાદ મધે જવાબ કરું સહી તથા ભાટને અગડકરા છે તે પાળવું સહી સહી.’

આ કરારમાં દો. **કડવા** નાથા સાક્ષી છે. તે તેમના કામદાર હશે. સંભવ છે કે તે દો૦ કડવા નાથાના વંશમાં જેઠા પચાણ અને **જીવાભાઈ** વગેરે હોય. તેઓ પાલીતાણામાં રહેતા હતા.

કરાર પાળવા માટે ગોહેલો, ગોર, રજપૂતો, વાણિયા અને ભાટો, વગેરે સાક્ષીઓ હતા, આ કરાર મુજબ દિવસે **વળાવો** કરવાનો અને રાતે **ચોકી** ભરવાની હતી.

(–પ્રક૦ ૪૪, ગૂજરાતના બાદશાહો પૃ૦ ૨૨૪)

રખોપાના બદલામાં ૧૦૦ માણસે ૬૦ **જામી** અને એક માણસની ૦ાા જામી લેવાની હતી, આ જામી તે જામનગરી કોરી હતી, જેની કિંમત અંગ્રેજી રાજ્યના ૯ પૈસા થાય.[1]

‘**જામનરેશે** સં૦ ૧૮૪૦ થી કોરીનું ચલણ શરૂ કર્યું હતું, જેનું નામ **જામી** કે જામનગરી કોરી હતું. એ વખતે આ પ્રકારે ચલણી નાણું પ્રચલિત હતું.—

---

૧. ઉદેપુરથી કેશરિયાજી જનારને વળાવાના ૧૧ દોકડા આપવા પડતા, તે અને આ રકમમાં લગભગ સમાનતા છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**સિક્કાઓ**

| | |
|---|---|
| ૧ રૂપિયો = ૩॥ કોરી | જામશાહી કોરી = ૦–૪–૬ |
| ૦॥ કોરી = ૧૫ દોકડા | દિવાનશાહી = ૦–૪–૬ |
| ૧ કોરી = ૩૦ દોકડા | રાણુશાહી = ૦–૫–૩ |
| ૧ ઢીંગલો = ૧॥ દોકડો | રીખાલ = ૨–૮–૦ |
| ૧ છબુ = ૩ દોકડા | જૂની જામશાહી કોરી = ૦–૬–૦ |
| ( પાન : ૧૫૬ ) | ( પાન : ૩૮૪ ) |

( ધનજી શાહે રચેલી 'કાઠિયાવાડ લોકલ ડિરેકટરી નામ'ના આધારે )

**૧૬. ઠા. શવોજી**—એ સમયે ગૂજરાતમાં સૂબાઓ શૈસ્તખાન તથા શાહજાદો, મુરાદબક્ષ ( સને ૧૬૪૮ થી ૧૬૫૨ ) થયા હતા. એ સમયે શાહજાદાઓ અને બાદશાહ શેઠ શાંતિદાસ ઝવેરી પાસેથી લાખોની રકમની લેવડદેવડ કરતા હતા.

શેઠ શાંતિદાસ ઝવેરીએ શાહજાદા મુરાદ અને શાહજાદા ઔરંગઝેબને એક લડાઇમાં રકમની જરૂર હતી ત્યારે પા લાખ રૂપિયા ધીર્યા હતા. આમ લેવડદેવડનો સંબંધ હોવાથી તે બન્ને શાહજાદા શેઠ ઉપર ઘણા ખુશ હતા. પરિણામે ગૂજરાતના **સૂબા શાહજાદા મુરાદબક્ષે** બાદશાહ શાહજહાંની સમ્મતિ મેળવી જુલસી સન ૩૦, મહોરમ ઉલહરામ મહિનો, તા. ૨૯ મી, હીજરી સન ૧૦૬૬, સને ૧૬૫૬, વિ. સં. ૧૭૧૩ ના કાર્તિક શુદિ ૧ ના રોજ **શેઠ શાંતિદાસ ઝવેરીને** શત્રુંજય 'પહાડ–પાલીતાણા **ઇનામમાં** આપ્યાં અને તેનું **ફરમાન** લખી આપ્યું, બીજું આગળ પાછળનું સઘળું દેવું પાછું વાળવા છૂટી છૂટી રકમ આપી તેમજ આ રીતે બદલો વાળ્યો.

(પ્રક૦ ૪૪, પૃ૦ ૧૫૬ થી ૧૫૯ માં બા૦ ફ૦ નં. ૧૭ પૃ૦ ૨૨૬)

પહાડ ભેટ આપ્યાની સનંદ આ પ્રકારે છે.—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


## બા૦ શાહજહાંએ શેઠ શાંતિદાસ ઝવેરીને શત્રુંજય પહાડ–પાલીતાણા ગામ ઇનામમાં આપ્યાં તેનું ફરમાન

## મુરાદબક્ષ તરફથી મળેલી સનંદ

શાહજહાંનના દીકરા અને ગૂજરાતના સૂબા મૂરાદબક્ષે

(પરશિયનમાં લખેલી સનંદનો તરજૂમો)

મહેરબાન ખુદાના નામે




जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

સોરઠની સરકારના હાલના અને ભવિષ્યના હિસાબો શાહી મહેરબાનીથી અને ઉમેદથી ઉમદા થયા છે. એ હિસાબ રાખનારાઓને માલૂમ થાય જે "**શાંતિદાસ ઝવેરી** જે અમીરોમાં પહેલા દરજ્જાના છે" તેમણે અમારા સ્વર્ગસમા દરબારમાં બધા દરબારીઓની સમક્ષ જાહેર કર્યું છે કે, "સોરઠ સરકારના તાબામાં આવેલા **પાલીતાણા** નામના ગામ આગળ **શેત્રુંજા** નામનું હિંદુ લોકોનું યાત્રાનું ધામ આવેલું છે. અને આજુબાજુના લોકો ત્યાં યાત્રાએ જાય છે." ઉમદા દરજ્જાવાળા તરફથી મહેરબાની રાહે એવો હુકમ કરવામાં આવ્યો છે કે, "અમીરોમાં સૌથી ઊંચા દરજ્જાના મચકુર **ઇસમને** આ મોસમની શરૂઆતથી મચકુર ગામ **ઇનામ તરીકે** આપવામાં આવ્યું છે," જેથી આ ગામને એમનું ઇનામ તરીકે ગણીને એમાં કોઈ જાતની દખલગીરી નહીં, આજુબાજુના જિલ્લાના તથા પ્રદેશના લોકો આ જગ્યાએ નિર્ભય થઈને યાત્રા કરવા આવે, આ બાબતમાં તાકીદનો આ ખાસ હુકમ જાણી એને પાળવામાં કોઈએ કસૂર કરવી નહીં.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

પવિત્ર મહોરમ મહિનાના ૨૯ મા દિવસે લખ્યું, અમારા રાજ્યના ૩૦ મા વરસમાં.

દા: નમ્રસેવક અલીનખાન છે.

નકલ દિવાન કચેરીમાં રાખી લીધી છે.

ખરો તરજુમો.

સીલ

(સહી) ગુલામ મોહીદીન, તરજુમો કરનાર

(–પ્રક૦ ૪૪, ગુજરાતના બાદશાહો પૃ૦ ૨૨૬)

ઠા૦ **શવોજી** સં૦ ૧૬૩૨ના વૈશાખમાં ખારા ગામ પાસે કુમો ખુમાણ કાઠી સાથે યુદ્ધ કરતાં મરણ પામ્યો.

૧૭. ઠા૦ સરતાણજી પહેલો

૧૮. ઠા૦ કાંધાજી ત્રીજો

૧૯ ઠા૦ **પૃથ્વીરાજ** : તે તેજસ્વી હતો. તેણે વિ૦ સં૦ ૧૭૦૭ના વંશ પરંપરાગત આવેલા રખોપા કરારની જવાબદારીને પુરી રીતે અદા કરવા માટે નગરશેઠની સહાયથી ગારિયાધાર છોડી પાલીતાણામાં નિવાસ કર્યો અને પાલિતાણાને પોતાનું **ગાદીનગર** બનાવ્યું તેણે અહીં રહીને જૈનસંઘ તથા જૈનતીર્થની રક્ષાનો ભાર રખોપા કરના લખાણ મુજબ ઉપાડી લીધો હતો. પરંતુ સં૦ ૧૭૭૦માં શેઠ પ્રેમજી પારેખ સુરતીનો પાલીતાણામાં છ'રી પાળતો યાત્રાસંઘ આવ્યો, ત્યારે તેણે પ્રથમતો તેનું મોટું સ્વાગત કર્યું પરંતુ પછી તેને વધુ રકમનો લોભ થયો. તેણે મોટી રકમ માગી. પરિણામે રાજા અને સંઘ વચ્ચેનો મામલો બગડયો. સામ સામે યુદ્ધના મોરચા ગોઠવાયા. લાકડી, ભાલા, તીર, ગોફણ અને બંદુકની ગોળીઓ ચાલી, રાજ્યના ૨૦ માણસો મર્યા અને અંતે અમદાવાદના નગરશેઠ કુટુંબના **શેઠ હીરજી ઝવેરીએ** વચમાં પડી સમાધાન કરાવ્યું, પછી મામલો સુધર્યો (જૂઓ પ્ર૦ ૫૭–સૂરતના સંઘપતિઓ.)

પણ રાજ્યનો ખજાનો હતો જ નહીં, આથી રાજાને ધન એકઠું કરવાની ઘણી જરૂર હતી. તેથી. ત્યારપછીના સંઘો રાજાને રખોપા–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરારને બદલે નજરાણાની રકમ આપી, તે દરમિયાનમાં યાત્રાએ આવતા નાના મોટા સંઘો અને યાત્રિકોનો રખોપાકર માફ કરાવી મુકતાઘાટ કરાવી લેતા હતા.

ઠા૦ પૃથ્વીરાજ સં૦ ૧૭૯૦ (સને ૧૭૩૪)માં મરણ પામ્યો.

**૨૦. ઠા૦ નોંઘણજી** ત્રીજો—તેણે પાલીતાણા શહેરનો **કિલ્લો** બંધાવ્યો. તેને ૧ સરતાનજી, ૨ ઉન્નડજી ૩ અલુભાઇ અને ૪ જેઠીભાઈ એમ ચાર પુત્રો હતા. તે સં૦ ૧૮૨૧ (સને ૧૭૬૪)માં મરણ પામ્યો.

**૨૧. ઠા૦ સરતાનજી** (બીજો)—તેણે વજીર પાતાભાઈ ઘોઘારીની ઘોડી માગી હતી. પાતાભાઈએ કારભારી પદમશી અને રાજપુત્ર અલુભાઈને પક્ષમાં લઈ ઠા૦ સરતાનજી તથા તેના મોટા પુત્રને ઠાર માર્યા અને અલુભાઇને રાજા બનાવ્યો.

**શ્રી ધનજીભાઇ શાહ** 'કાઠિયાવાડ લોકલ ડિરેકટરિ'માં લખે છે કે, સને ૧૮૩૧માં માલૂમ પડયું કે કાઠિયાવાડના રજવાડાની પરિસ્થિતિ વિચિત્ર હતી. તે ગુનેગારોને સજા કરી શકતા નહી, એવા કામોમાં ઈન્સાફ આપવા **કોર્ટ સ્થાપવાની** જરૂર હતી.

શહેરસુધારો, ન્યાયખાતુ, બહારવટિયા કે લૂંટનારા માટેનો બંદોબસ્ત નહોતો. આ રીતે તે રાજાઓને રાજ્ય–ચલાવવાની યોગ્યતા પણ ન હતી. જો કે તાલુકેદારો કોઇને દેહાંત દંડ દઈ શકત, પણ તે ગેરઈન્સાફ કરે તો તેને માટે ન્યાયાલયો નહોતાં. મોટા રાજા, નાના રાજા અને ભાયાતો વચ્ચેના ઝગડામાં પોલિટીકલ એજંટ વચ્ચે પડતા, પણ ઝગડો પતતો નહીં.

એકિટંગ પોલિટિકલ એજંટ મિ૦ કીનલોક **ફાર્બસ સાહેબે** ( )સને ૧૮૬૦માં જાહેર કર્યું છે કે, "કાઠિયાવાડ વધુ પાછળ હઠે છે, તો દેશીરાજ્યોમાં યોગ્ય સુધારાની જરૂર છે." (પાનઃ ૩૭) (કલમ ૨૩) છતાં અસંતોષ ચાલુ રહ્યો; કેમકે–ગરાસિયાઓને રાજ્ય તરફથી ન્યાય મળતો નથી. ગરાસિયાને બહારવટે જવાનો પ્રતિબંધ હતો, અને તેની ફરિયાદ કોઈ સાંભળતું ન હતું. આ હરકત દૂર કરવા માટે સને ૧૮૭૩માં રાજાઓએ એજન્સીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક કોર્ટ સ્થાપવાની સમ્મતિ આપી કે, જેમાં રાજાઓ અને ભાયાતોના ઝગડામાં પૂરી તપાસ કરી યોગ્ય ન્યાય આપવો. આથી **રાજસ્થાન કોર્ટની** સ્થાપના થઈ. (પૃ૦ ૪૦)

(કલમ ૨૪) આ ભયંકર લોકો માટે પાછળથી **પીલ** સાહેબ (સને ૧૮૭૪ થી ૧૮૭૮)ના સમયે પાકો બંદોબસ્ત થયો. ઘણા ઉચિત સુધારા વધારા થયા, જેમાં સફળતા મળી હતી. (પૃ૦ ૪૦)

**૨૨ ઠા૦ ઉન્નડજી**—તે સરતાનજીનો ભાઇ હતો તે દામનગરના ગાયકવાડી થાણેદાર રાજગોર **રતનજી** તથા કાઠી **ઓઢા ખુમાણની** મદદથી અલુભાઈને હરાવી, પાલીતાણાનો રાજા બન્યો. તેણે ગાયકવાડી પેશકશી ઉઘરાવનાર શિવ રાજા ગારદાને આશરો આપ્યો. આથી ભાવનગરના ઠા૦ **વખતસિંહજી** સાથે તેને વેર બંધાયું. બન્ને ઠાકોરો લડયા, પરિણામે પાલીતાણા પરગણાનાં ગામ ઉજડ થયાં, ઊપજ ઘટી ગઈ, ઉડાઉ ખર્ચ ચાલુ રહ્યો, રાજ્યને માથે કરજ વધી ગયું.

જો કે કાઠિયાવાડનાં બીજાં રાજ્યો આવી નાણાભીડની સ્થિતિમાં પોતાનાં ગામ **ઇજારે** મૂકતા હતા. બીજા રાજ્યોએ નાણાભીંસમાં જ્યારે જ્યારે પોતાનાં ગામ બીજા રાજ્યમાં ઈજારે મૂકયાં ત્યારે તે ગામ તેમને પાછાં મળ્યાં નથી, અદાલતોમાં આવા દાખલા ત્યારે નોંધાયા હતા.[1]

**ઠા૦ ઉનડજીએ** પોતાનાં ગામ અમદાવાદના **નગરશેઠને** ત્યાં ઈજારે મૂકવામાં લાભ જોયો. કારણ કે **ઉનડજી** અને **શેઠ વખતચંદ**

---

૧. (૧) જસદણવાળા જામનગરના મહાલ આટકોટ પાસેથી સને ૧૮૭૦-૭૧ સુધી દરસાલ "આકાશી વાળાવો" લેતા હતા, જેને એજન્સીએ સને ૧૮૭૪-૭૫માં કાઢી નાખ્યો હતો,

(૨) પાટડીએ દસાડા તાલુકાનું **ગોરિયાવાડ** ગામ ગીરો રાખ્યું, જે અંગે ૨૫-૩૦ વર્ષો સુધી કેસ ચાલ્યો અને હજારો રૂપિયાનો ખરચ થયો.

(૩) પાલીતાણા રાજ્યે **ગણધોળ** ગીરો મૂકયું હતું જે તેને પાછું મળ્યું નહીં.

(૪) આમરણનાં ૨૪ગામ માથાં આપીને મેળવેલાં હતાં જેને જામરાજા બથાવી બેઠા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બંને ગાઢ મિત્રો હતા.** ઠાકોર તેમને બહુ માનતો હતો. છેવટે ઠા૦ ઉન્નડજીએ વિ૦ સં૦ ૧૮૩૬ થી ૧૮૪૨ સુધીમાં ગોંડલના ઠા૦ શુભાજીને વચ્ચે જામીન રાખી, પોતાનાં પાલીતાણા વગેરે ગામો **નગરશેઠ વખતચંદ ખુશાલચંદને** ત્યાં ઇજારે મૂકી મોટી રકમ ઉપાડી, કરજ ચૂકવ્યું.

**ઇજારો**—આમાં એવી વ્યવસ્થા હતી કે શેઠ **મૂળ ગરાસિયાના હક** ભોગવે, શેઠ પોતાના નેક કામદારો રાખી પાલીતાણા વગેરેની આવક લે, અને ઠાકોરને ખરચ માટે દરસાલ ૪૭૦૦૦) રૂપિયા આપે. ઠાકોર કે તેના વંશજો ઉપાડેલી મૂળ રકમ પાછી ન વાળે, ત્યાં સુધી આ પ્રમાણે થયા કરે. આ ઇજારો સને ૧૮૪૩ સુધી ચાલુ રહ્યો હતો.[1]

નગરશેઠના કામદારો પાલીતાણામાં રહીને બધી વ્યવસ્થા કરતા હતા. કામદારો નેક હતા. તે સમયે પાલીતાણાની પ્રજાએ પણ આબાદ રહીને વ્યાજબી રીતે વ્યવહાર ચલાવ્યો હતો.

જૈનોએ આ ઇજારાના ગાળામાં શત્રુંજયતીર્થમાં **નવી નવી ટૂંકો** બનાવી, તથા શહેરમાં રાજ્યનો વેરો ન ભરનાર બ્રાહ્મણ, બાવાઓ વગેરેની જમીન પાકા દસ્તાવેજો કરી વેચાતી ખરીદી લીધી અને તેમાં **ધર્મશાળાઓ બનાવી.**

૧. શત્રુંજય ઉપર હાથીપોળના દરવાજા ઉપર આ પ્રમાણે લેખ છે તે જી૦ બુલહરના 'એપિગ્રાફિઆ ઈંડિકા' ભા૦ ૨, પ્ર૦ ૬ માં નં૦ ૫૨ નો શિલાલેખ છે.—

૧. "સંવત ૧૮૩૭ના વર્ષે ચૈત્ર સુદિ ૧૫ દિને સંઘ સમસ્ત મળી કરીને લખાવ્યું છે જે હાથીપોળના ચોક મધ્યે કોઈ દેરાસર કરવા ન પામે અને જો કદાચિત દેરાસર જો કોઈ કરાવે તો તીર્થ તથા સમસ્ત સંઘનો ખુની છે, સમસ્ત સંઘ દેશાવરના ભેલા મળીને એ રીતે લખાવ્યું છે, તે ચોક મધ્યે આંબલી તથા પીપળાની સાહમા દક્ષિણ તથા ઉત્તર દિશે તથા પૂર્વ પશ્ચિમ દિશે જે કોઈ દેરાસર કરાવે તેને સમસ્ત સંઘનો ગુનહો છે, સહી છે.

—સં૦ ૧૮૩૭ ના વર્ષે ચૈત્ર સુદિ ૧૫ દિને.

(—શ્રી જિન વિજયજી સંપાદિત "પ્રાચીન જૈન લેખ સંગ્રહ" ભા. ૨.) પૃ૦ ૩૩૬ )

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરશેઠનો વંડો ( ધૂડિયો વંડો ) છે ત્યાં એક બાવાનો મઠ હતો. એ જાહેર વાત છે. આ જમીનવેચાણના દસ્તાવેજો પાલીતાણા રાજ્યના દફતરમાં હતા. રાજ્યે તેનો નાશ કર્યો હતો, પણ રાજ્ય-બહાર એજન્સીમાં **સોનગઢ** વગેરે સ્થાને તેના **દસ્તાવેજો** સુરક્ષિત હતા.

ઠા૦ સૂરસિંહજીએ કર્નલ ડબલ્યુ **લૅાગ** સાહેબને (સને ૧૮૪૧) ના મેથી ૧૮૫૯ ફેબ્રુઆરી સુધી ) અરજીમાં જણાવ્યું કે,, જૈનોએ વેરા ભરનારાની વસ્તિમાં ધર્મશાળાઓ બંધાવી છે." પરંતુ એજન્સીમાં રહેલા દસ્તાવેજોએ એ વાતને જૂઠી ઠરાવી હતી.

આ ઈજારો ઠા૦ પ્રતાપસિંહ ઠા૦ સૂરસિંહ સુધી ચાલ્યો હતો. જુદા જુદા કેસના કાગળોથી માલુમ પડે છે કે-આ ઈજારાના કાળમાં સને ૧૮૨૫-૩૦માં **શેઠ હઠીભાઈએ** પણ બીજી ૩૦૦૦૦)ની રકમ આપી હતી, ઈજારો નગરશેઠ હેમાભાઈ પ્રેમાભાઈ સુધી ચાલ્યો.

**ઠા૦ ઉનડજી** સાત પુત્રોને મૂકીને સં૦ ૧૮૭૭ (સને ૧૮૨૦)માં મરણ પામ્યો, ઉન્નડજીના સમયે સં૦ ૧૮૩૭-૪૧-૪૩માં સૂરતના **સંઘવી પ્રેમચંદ મોદીએ** શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો. ઠા૦ ઉન્નડજીએ તેની સાથે મીઠો વર્તાવ રાખ્યો હતો. તેણે ઠા૦ ઉનડજીને મોટી રકમ આપી, સૌ યાત્રિકોનો રખોપાકર માફ કરાવ્યો હતો. સં૦ પ્રેમચંદ મોદીએ તપગચ્છના ૬૭ મા ભટ્ટારક વિજયજિનેંદ્ર-સૂરિની પાસે સં૦ ૧૮૪૩ના મહા સુદિ ૧૧ ને સોમવારના રોજ મોદીની ટૂંકની પ્રતિષ્ઠા કરાવી હતી. ( પ્રક૦ ૫૭ સૂરતના સંઘપતિઓ)

આ સમયે જૈનોએ બીજી ઘણી નવી ટૂંકો બનાવી પ્રતિષ્ઠા કરાવી.

**૨૩. ઠા૦ કાંધાજી** ( ચોથા )—સને ૧૮૨૦ થી ૧૮૪૦ ( ૧૫મા ) ઠા૦ કાંધાજી (બીજા) વગેરેએ સને ૧૬૫૧માં શત્રુંજયના રખોપાનું કામ માથે લીધું હતું, તેના વંશજોએ પ્રમાણિકપણે આદિનાથ ભગવાનની સેવા કરી, તેથી તે સૌને લાભ થયો, જૈનસંઘની ઓથમાં રહીને ધન પણ મેળવ્યું, અને સૈન્ય વધાર્યું. ગારિયાધારનું **રાજ્ય** મજબૂત બનાવ્યું. આ કામ ઠા૦ ઉનડજી ( સને ૧૮૨૦ ) (વિ૦ ૧૮૭૭) સુધી એક નિષ્ઠાથી થતું રહ્યું, પરંતુ તેનો વારસદાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઠા૦ કાંધાજી ભદ્રિક હતો. તેણે વિચિત્ર સ્વભાવના દિવાનોની શિખવણી-થી પૈસો ભેગો કરવા માટે એક ભૂલ કરી. કે તેણે શત્રુંજયનું **રખોપું આરબોને** ત્યાં ગીરે મૂકયું. આથી પાલીતાણા રાજ્યમાં રાજ–ગોર, બ્રાહ્મણ, રજપૂત, વ્યાપારી, બારોટો વગેરે તથા જાત્રાળુઓમાં ત્રાસ વધ્યો.

સને ૧૮૨૦માં કાઠિયાવાડમાં રાજ્યોની બાબતે પ્રથમ પોલિટીકલ એજન્ટ કપ્તાન **બારનવેલ** (સને ૧૮૨૦ થી ૧૮૨૧) નિમાયો, ત્યારે દફતરમાં પાલીતાણાની સ્વતંત્ર રાજ્ય તરીકે નોંધ થઈ ન હતી, કેમકે રાજ્ય નગરશેઠના હાથમાં હતું. નગરશેઠ હેમાભાઈ વખતચંદ અને શેઠ મોતિશાહ મુંબઈવાળાએ સને ૧૮૨૦માં મુંબઈ સરકારને અરજી કરી કે, "આરબો શત્રુંજય તીર્થની આશાતના કરે છે તે દૂર કરાવો."

શેઠે મુંબઈના ગવર્નર પ્રેસિડન્ટ ઈન કાઉન્સીલ સ્ટુઅર્ટ એલ. **હિસ્ટનને** સને ૧૮૨૦માં અરજી કરી કે અમે પાલીતાણા રાજ્ય ગીરો રાખ્યું છે. ઠાકોરને તે પાછું અપાવી અમને તેની મૂળ રકમ અપાવો. **પો૦ એ૦ બારનવેલે** હુકમ કર્યો કે, 'આરબોને ડુંગર ઉપરથી ઉતારવા, ન ઊતરે તો લેફ્ટનેન્ટ સ્ટીકનના તાબાનું લશ્કર મોકલી તેઓને ઉતારવા.'

ઠા૦ કાંધાજીએ આરબોને નીચે ઉતાર્યા, અને રખોપાની બાબતમાં નવી દખલ ઊભી કરી.

ઠાકોરે રખોપાની રકમ વધારવા માગણી કરી સરકારે માર્ગ કાઢ્યો કે 'શેઠ ગાયકવાડ સરકારને અરજી કરી તેની પાસેથી પાલીતાણાની ખંડણી ભરવાની રકમમાંથી રૂા. ૪૦૦૦)ની રકમ ઓછી કરાવે. તો આ તકરાર હંમેશને માટે શમી જાય; પણ તેમ થયું નહીં.

આથી મિ૦ બારનવેલે સને ૧૮૨૫માં રખોપાની રકમમાં વધારો કર્યો. તે રકમ ઠાકોર, ભાટ, અને રાજગોર એમ ત્રણ ભાગી-દારોએ વહેંચી લેવાની હતી. જૈનોએ "હવે પછી રખોપાની રકમ વધારવાનો પ્રશ્ન ન ઊઠે અને જાત્રાળુની રક્ષા થાય" એમ કાયમી નીતિ માની આ વ્યવસ્થા સ્વીકારી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઠાકોરે પણ આફત—ફિતૂર આસમાની સુલતાની મજરે આપવાની—**વળતર પાછું આપવાની** કબૂલાત કરી પાકી રખોપાચોકીનો આ કરાર કર્યો હતો.

વિ૦ સં૦ ૧૮૭૯ મહા સુદિ ૨ તા. ૯—૧૨—૧૮૨૧ થી ૪૧ વર્ષો સુધી આ નવા કરાર પ્રમાણે વ્યવસ્થા બની રહી હતી.

ઠા૦ કાંધાજીના રાજકાળમાં જૈનોએ શત્રુંજય ઉપર નગરશેઠ શાંતિદાસે બનાવેલા શત્રુંજયતીર્થ ઉપરના કિલ્લાનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેમજ ઘણી નવી ટૂંકો બનાવી. આ ઠાકોર રાજ્યને કરજમાંથી છોડાવી શકયો નહીં. તે ૯૫ વર્ષની ઉંમરે વિ૦ સં૦ ૧૮૯૬ (સને ૧૮૪૦)માં મરણ પામ્યો.

**૨૪. ઠા૦ નોંઘણજી ચોથો**—તે બહુ સાદો, ઠરેલ અને પાકી ઉંમરનો હતો આથી તેનો યુવરાજ પ્રતાપસિંહ તેનું રાજ્ય ચલાવતો હતો. યુવરાજે સં૦ ૧૮૯૮ (સને ૧૮૪૨)માં રાજ્યનો ઇજારો બંધ કર્યો. ત્યારે નગરશેઠ તરફથી પાલીતાણાનો વહીવટ શેઠ મોતિ કડિયા કરતો હતો.

જૈનમ્ જયતિ શાસનમ્

યુવરાજ પ્રતાપસિંહજીએ બજારની વચ્ચે માંડવી પાસે પોતાના તોફાની ઘોડાને તલવારથી કાપી નાખ્યો, અને મોટે અવાજે બોલ્યો કે, “મોતિયા કામદારની પણ આ જ દશા થશે.” મોતિ કડિયો આ વાત સાંભળી, ત્યાંથી નીકળીને સીધો અમદાવાદ જતો રહ્યો. અને **ત્યારથી ઇજારો બંધ થયો.**

**૨૫. ઠા૦ પ્રતાપસિંહજી**—તેણે આશરે સં૦ ૧૯૦૦ (સને ૧૮૪૪)માં રાજ્યની લગામ હાથમાં લીધી, અને તે વિ૦ સં૦ ૧૯૧૭ (સને ૧૮૬૦)માં મરણ પામ્યો.

**૨૬. ઠા૦ સૂરસિંહજી**—તે સને ૧૮૬૧માં ગાદીએ આવ્યો. તેણે રાજ્યની આવક વધારી જૈનો ઉપર રૂા. ૨) નો મુંડકાવેરો ઠરાવ્યો. આથી જૈનોએ રાજકોટની કોર્ટમાં કેસ માંડયો, તે જુસ્સાવાળો હતો. તેણે રાજ્યની રકમ વધારવા વિવિધ ઉપાયો યોજ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રાજ્યની મુરાદ**
**ઠાકોરોની મનોભાવના**

(૨૪) ઠા૦ નોંઘણજી, (૨૫) ઠા૦ પ્રતાપસિંહજી, (૨૬) ઠા૦ સૂરસિંહ વગેરેની મુરાદો હતી કે—

(૧) શત્રુંજય પહાડ ઉપર **જૈનોની** ટૂંકો વગેરે મિલ્કત છે તેના ઉપર રાજ્યની માલિકી અને સર્વોપરિ સત્તા સ્થાપવી. પોતે ભારતના સર્વ **જૈનોના** રાજા બની રહેવું.

(૨) વિવિધ ઉપાયો વડે રખોપાની રકમ વધારવી.

(૩) **જૈનોની** એકતા તથા શેઠ આ૦ ક૦ પેઢીને તોડવી અને **જૈનોમાં** ભાગલા પડાવી રાજ્યની સત્તા જમાવવી.

તે ઠાકોરોએ પોતાના આ ઉદ્દેશને સફળ બનાવવા વિવિધ પ્રયત્નો કર્યા હતા, એ પ્રયત્નોમાંના કેટલાક આ પ્રકારે હતા.—

કર્નલ **ડબ્લ્યુ. લોંગ** (સને ૧૮૪૫ મે થી ૧૮૫૯ ફેબ્રુઆરી) તેણે સને ૧૮૪૫માં તપાસ કરી જાહેર કર્યું કે—ઠા૦ નોંઘણજીએ અરજીમાં જણાવ્યું કે, "શેઠના હાથમાંથી ઈજારો જવાથી નારાજ થઈને તે અમારા યુવરાજ ઉન્નડજીને ખોટી સલાહ આપી ઉશ્કેરે છે. અને **જૈનોએ** પાલીતાણાની વેરા ભરતી પ્રજાની રાવળી જમીનોમાં ધર્મશાળાઓ બંધાવી છે. ઠાકોર આમ જણાવે છે પણ અમને તપાસ કરતાં માલૂમ પડયું કે, તેમની આ બધી **વાતો ખોટી** છે.

ઠાકોરે આવી નવી નવી **સતામણી** શરૂ કરી. આથી એજન્સીએ તે સતામણીને દૂર કરવા પાલીતાણામાં એજન્સીના અમલદાર **રામરાયને** ગોઠવ્યો.

ઠાકોરે શત્રુંજય પહાડ ઉપરનાં લાકડાં ઘાસ વગેરે લઈ જનારા ઉપર જકાત નાખી ટેક્ષ નાખ્યો. ઠાકોરે સને ૧૮૬૧માં પહાડ ઉપરનું **જૈનોનું** ખોડાઢોરનું ગામ જપ્ત કર્યું. એજન્સીએ વચ્ચે પડીને ખોડાઢોર ખાતાને પોતાનું અમદાવાદ પાસેનું **શંચરડા** ગામ આપ્યું. **જૈનોએ** ખોડાઢોરનું ખાતું છાપરીયાળીમાં સ્થાપન કર્યું.

પો૦ એ૦ આર૦ એચ૦ **કીટીંજે** (તા. ૩૧-૧-૧૮૬૩ થી તા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮–૭–૧૮૬૭) ઠાકોરને શરૂમાં જ સલાહ આપી કે શહેરની સુધરાઈ કમિટી બનાવવી, અને એજન્સીની મંજૂરી મેળવી કામ કરવું.

સને ૧૮૬૪માં ઠા૦ સૂરસિંહજીનાં લગ્ન થયાં, ત્યારે રાજ્યે જૈનોનો વંડો, ધર્મશાળા વગેરે મકાનો માગી લીધાં, પણ તે પાછાં આપતાં ઘણી મુશ્કેલી ઊભી કરી. શેઠ આ૦ ક૦ની પેઢીના એજન્ટ પાસે મહેમાનો માટે પાકું સીધું માગી તોફાનો કરાવ્યાં.

સને ૧૮૬૩–૬૪ માં વિ૦ સં૦ ૧૯૨૧ મહા શુદ ૭ ગુરૂવારે સવારે શેઠ કેશવજી નાયકે ટૂંક બનાવી હતી તેમાં ઠાકોરે દખલ કરી, તેના શિલાલેખમાં પોતાને રાજા તરીકે લખાવવાનું દબાણ કર્યું હતું, તે દિવસથી જૈનોએ પહાડ ઉપર નવી ટૂંકો બનાવવાનું બંધ કર્યું.

તળેટીમાં બાબુ ધનપતસિંહજીએ બંધાવેલી ટૂંકમાં પણ રાજ્યે દખલ કરી રકમ લીધી.

ઠાકોરે જૈનો પાસેથી વધુ રકમ મેળવવા જૈનો અમને નજરાણું મળણું આપે છે, એવી બનાવટી નોંધબુક એજન્સી પાસે મૂકી વિનંતિ કરી કે, જૈનો અમને દરસાલ આટલી રકમ ભરે એની જાથુકની વ્યવસ્થા કરવી જોઈએ.

**કમીશન**—એજન્સીએ આની તપાસ માટે જૂનાગઢના દિવાન **ગોકળભાઈ** અને પોરબંદરના દિવાન **કબા ગાંધીનું** કમીશન નીમ્યું. કમીશને જાહેર કર્યું કે, 'ચોપડી વિશ્વાસ કરવા લાયક નથી.'

ઠાકોરે અંગ્રેજ સરકારને સને ૧૮૨૫માં વિનંતિ કરી કે, 'હવેથી મને જૈનો પાસેથી દર સાલના રૂા. ૨૦૧૦૦) અપાવવા જોઈએ.'

સરકારે આ કામ માટે પોલિટીકલ એજન્ટ આર૦ એચ૦ **કીટીંજને** નીમ્યો. સર કીટીંજે તા. ૫–૧૨–૧૮૬૩ માં સંપૂર્ણરીતે ઠાકોરની તરફેણ કરી જણાવ્યું કે—

(૧) જૈનો **ધનાઢ્ય** છે, તો તે મોટી રકમ આપી શકે. (ક. ૫, ૧૪)

(૨) આ રકમ રખોપુ નહીં પણ મુંડકાવેરો છે,

(૩) બારનવેલવાલા દસ્તાવેજમાંના "દસ્તાવેજ" શબ્દને અને તેણે બાંધેલી વર્ષોની મુદત તથા બે ઇસમો જેવા વચ્ચે થયેલા કરારને તથા નક્કી કરેલી **રખોપાની રકમને** રદ કરી. (ક૦ ૭, ૯, ૧૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) ઠાકોર જૈનોની પૂરેપૂરી રક્ષા કરે. (કલમ ૯ મી)

(૫) જૈનો ઠાકોરને દરસાલ રૂા. ૧૦,૦૦૦)ની રકમ આપે. (ક. ૧૪)

(૬) સર કીટીંજે ઠાકોરના કહેવાથી શેઠ હેમાભાઈ ઉપર દબાણ કરી જૈન સંઘના એજન્ટ તરીકે સને ૧૯૬૧ થી દાખલ થયેલા નિમકહલાલ **દલસુખરાયને** ઠાકોરની ભાવના મુજબ છૂટો કરાવ્યો, અને સરકારના વિશ્વાસપાત્ર **ગોપીનાથને** દાખલ કરાવ્યો. એ પછી ઠાકોરની સતાવણી ચાલુ રહી. એ પછી તો એજન્સીએ પાલીતાણામાં એજન્સીનું **થાણું** ગોઠવ્યું, જેમાં ત્રિકમરાય ગુલાબરાયને થાણેદાર તરીકે ગોઠવ્યો.

પછીના પો૦ એજન્ટ કર્નલ **એસ. સી. લોએ** પણ સને ૧૮૭૦ માં ઠાકોરને આ બાબત ચેતવણી આપી. તે પછી કા. પો. એજન્ટ તરીકે **જે. બી. પીલે** (તા. ૨૯–૧–૧૮૭૩ થી તા. ૨૮–૫–૧૮૭૮) આવ્યા.

સને ૧૮૭૨માં પાલીતાણામાં ઈડરના યાત્રાસંઘના ચોકીદારોએ ઈડરના સંઘને લૂંટ્યો. રાજ્યે વળતર આપવામાંથી છટકી જવા માટે સરકારને જાહેર કર્યું કે, આ ચોરીમાં શેઠ પ્રેમાભાઈનો હાથ છે.

જે. બી. પીલે આનો કેસ ચલાવ્યો. સને ૧૮૭૫માં પૂનાના શેસનકોર્ટના જજ્જ અને મુંબઈના હાઈકોર્ટના રજિસ્ટરનું કમીશન નિમાયું. **કમીશને** જાહેર કર્યું કે—

(૧) પાલીતાણાના અમલદારોએ આ બાબતના કાગળોમાં ગરબડ કરી છે.

(૨) ઠાકોરે શેઠ ઉપર જે આક્ષેપ કર્યો છે, તેની તેઓ દિલગીરી જાહેર કરે.

(૩) રાજ્ય સંઘને ચોરીના **વળતરના** રૂા. ૪૫૦૦) આપે.

(૪) રાજ્યના અમલદારો વજનદાર નથી, તો હવે પછી રાજ્ય પોતાના સર ન્યાયાધીશ, ન્યાયાધીશ, અને પોલિસ અમલદારો એજન્સીની મંજૂરીવાળા રાખે, આમ થવાથી રાજ્યે તે સૌના સ્થાને નવા નીમ્યા.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજ્યે સને ૧૮૭૭ (સં૦ ૧૯૩૩–૩૪) ભાદરવા વદિ ૦)) ના રોજ શત્રુંજય પહાડ ઉપર જૈન મંદિરોવાળા વિભાગમાં ઢેડાનો મેળો ભરાવી, ડુંગળી વગેરે ખવરાવી, જૈન મંદિરો વગેરેને અપવિત્ર બનાવ્યાં.

સોનગઢના ડેપ્યુટી આસીસ્ટન્ટ **વામનરાવ બાલકૃષ્ણે** આ મેળાની ખબર મળતાં જ ત્યાંનો રીપોર્ટ લેવા અબ્દુલખાનને પાલીતાણા મોકલી પાકો રીપોર્ટ મેળવ્યો. વામનરાવે તે રીપોર્ટ એજન્સીને મોકલ્યો.

એજન્સીને પણ ચારે બાજુની તપાસ કરતાં ખાતરી થઈ કે, રાજ્યે ઇરાદાપૂર્વક આ મેળો ભરાવ્યો છે. એજન્સીએ રાજ્યને હવે પછી આવો મેળો ભરવાની મનાઈ કરી. અને આવાં આવાં તોફાનોને રોકવા ચોક ગામમાં રાજ્યના ખર્ચે સને ૧૮૭૯ થી ૧૮૮૦ સુધી અબ્દુલખાનનું **થાણું** ગોઠવ્યું. પછી જૈનો અને ઠાકોર વચ્ચે કેસ ચાલ્યો.

સરકારે કા૦ પો૦ એ. પીલેને અને ન્યાયખાતાના આસીસ્ટન્ટ **ઇ. ટી. કેન્ડીને** આ કેસ સાંભળવા નીમ્યા. પીલ સાહેબે કેસ ચલાવ્યો. તેણે પહેલાં ફરમાન કાઢ્યું કે, પહાડ અંગે જે સ્થિતિ છે, તેમાં કોઈએ કશોય ફેરફાર કરવો નહીં.

ઇ. ટી. કેન્ડીએ બંને પક્ષના પુરાવા માગ્યા. જૈનોએ સને ૧૬૫૬ થી ૧૮૭૫ સુધીના પુરાવા આપ્યા, બીજો જરૂરી ઇતિહાસ પણ આપ્યો.

રાજ્યે આ કેસ માટે બેરિસ્ટર બ્રાઉની તથા **બદરૂદ્દીન તૈયબજીને** રોક્યા હતા. રાજ્યે આ કેસમાં જૈનોના જરૂરી પુરાવાઓનો નાશ કરવા બાજી ગોઠવી.

રાધનપુરના મસાલીઆ કુટુંબના જૈનોએ થોડો વખત શત્રુંજયનો વહીવટ કર્યો હતો. ઇ. ટી. કેન્ડીએ તે ચોપડા રાજકોટ મંગાવ્યા, રાજ્યે રાજકોટથી નવ કોસ દૂર બેટી નદીના કાંઠે કાવાડવા ગામ પાસે તે ચોપડા લુંટાવ્યા.

રાજ્યે પીલ સાહેબના ફરમાનનો અનાદર કરી પહાડ ઉપર ગઢમાં જૈનોનો કબજો હતો. તે ઉઠાડી, રાજ્યનો કબજો બતાવવા પોતાના સિપાઈઓને ઉપર ચડાવી જૈનોના ચોકીદારોને કાઢી મૂકયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગઢની ચાવીઓ ઝૂંટવી લઈ પોતાના સિપાઈઓને પહેરા ઉપર ગોઠવી દીધા. મંદિરમાંના ઘણા શિલાલેખોને કઢાવી નાખ્યા. કે જૈનો પોતાનો હક સાબિત કરી શકે નહીં. પોળનાં જૂનાં પાટિયાં ફેંકી દીધાં. **નોંઘણપોળનું** નવું પાટિયું લગાવી દીધું.

રાજ્યે જૈનોની લૂંટારાઓથી તીર્થ બચાવવા માટે ગઢમાં રાખેલી જંજાળી તોપોને નીચે ઉતરાવી તેને નકામી બનાવી દીધી. જૈન સંઘની પેઢીના મુનિમ **સુંદરજી મોતીચંદ** હરખાનો હાથ ખાંડણીયામાં ખંડાવ્યો. કે જેથી તે પત્ર લખી શકે નહીં, તેમજ બહાર ખબર ન જાય, એ માટે પાલીતાણાની ચારે બાજુએ ચોકી ગોઠવી દીધી. મુનિમ ઉપર પણ ચોકી ગોઠવી, પરંતુ ત્યાં બિરાજમાન **પૂ૦ શ્રી વૃદ્ધિચંદ્રજી** મહારાજની કૃપાથી મુનિમ અમદાવાદમાં શેઠ પ્રેમાભાઈને મલ્યો, અને તેમને બધી હકીકત જણાવી, તેમની સૂચના મુજબ મુંબઈના ગવર્નર પાસે તે પહોંચી ગયો.

અમદાવાદના **નરવીર વીરચંદ ભગત** જૈને પણ ગુપ્તપણે પાલીતાણા જઈને સર્વ હકીકત મેળવી, અમદાવાદના જૈન સંઘને જણાવી. સરકારે આ બાબતની તપાસ કરવા હંટર કમીશન નીમ્યું. કમીશને તપાસ કરી જે. બી. પીલે ઉપર આ ઘટનાનો પૂરો રીપોર્ટ મોકલ્યો.

જે. બી. પીલે આ રીપોર્ટથી સર્વ હકીકત જાણી પાલીતાણામાં ફરીવાર આવું તોફાન ન થાય એ ખાતર **ત્રિકમરાય ગુલાબરાયનું** થાણું ગોઠવ્યું અને એજન્સીએ સને ૧૮૭૫ માં શત્રુંજય ઉપરના સર્વ શિલાલેખોની નકલ ઉતરાવી.[1]

---

૧. આજ રીતે ફરીવાર મુંબઈ સરકારની આર્કિઓ લોજિકલ સર્વે તરફથી મિ૦ **કાઉસેન્સે** સને ૧૮૮૮–૮૯માં શત્રુંજય પહાડ ઉપરના દરેક શિલાલેખોની નકલો લીધી હતી. **ડૉ. જી. બી. બુલ્હરે** એપિ ગ્રાફિઆ ઈંડિકા ભાગ ૨ જો પ્રકરણ છઠ્ઠામાં આ શિલાલેખો પ્રકાશિત કરાવ્યા છે.

સોરઠનો સૂબા ખુરમની ધર્માન્ધતાથી, અથવા પાલીતાણા રાજ્યના તીર્થનો કબજો લેવાની ધૂનથી, અહીં જે જે જિનપ્રતિમાઓ ખંડિત થઈ હતી જૈનોએ તેમાંની ઘણીને શત્રુંજયમાં પહાડ ઉપર જ ભંડારી રાખી છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ઈ. ટી. કેન્ડીએ તા. ૨૬–૧૨–૧૮૭૫ના રોજ ઠરાવ ઘડયો તેનો સાર આ પ્રમાણે હતો.

(૧) જૈનો પહાડ ઉપર નવાં મંદિરો બનાવવાને હકદાર છે.

(૨) ઠાકોર ગઢની અંદરની મિલકતના હકદાર નથી.

(૩) પહાડ ઉપર, ઉપરનાં મકાનો, રસ્તાઓ, અને તે અંગેની ઈમારતો બનાવવા ઠાકોર જૈનોને હેરાન કરી શકે નહીં.

એજન્સીએ સરકારની સૂચનાથી આ ઠરાવ તથા તે ઉપર **જે. બી. પીલેના અભિપ્રાયની** નકલો (૧) ઠાકોર અને (૨) જૈનોને મોકલી, અને આ અંગે જેને જે કહેવું હોય તે કહેવાની છૂટ આપી. છેવટે સરકારે તે બધી વિગતો તપાસી, જે. બી. પીલેને નીચે મુજબ નિકાલ આપવા જણાવ્યું, **તેનો સાર** આ હતો.—

(૧) કેસ નં. ૧૬૪૧—જૈનો ગઢમાં મંદિર બાંધે, તેમાં ઠાકોરે કશીય રકમ માગવી નહીં.

(૨) ઠાકોરે જૈનોના સિદ્ધાંત વિરુદ્ધ કોઈ પણ મકાનનો ઉપયોગ કરવો નહીં.

(૩) ઠાકોર ગઢ કે ગઢ બહારનાં જે જે દેરાસરો છે તેની કોઈ જાતની રકમ લેવાનો દાવો કરી શકે નહીં.

(૪) જૈનો ગઢ બહાર દેરાસર બનાવે તો, ઠાકોરને દર ચોરસવારે એક રૂપિયો આપી જમીન ખરીદી લે.

(૫) ઠાકોર પહાડ ઉપર જનારા જૈનોને કોઈ પણ વાતે હેરાન કરે નહિં.

(૬) રાજ્યે પહાડ ઉપર રસ્તાઓની આજુ બાજુ ૫૦૦ વાર સુધીના ભૂમિભાગમાં ચોકીથાણું બેસાડવું નહીં.

આ નીકાલ તા.૧૬–૩–૧૮૭૭ ના રોજ મુંબઈ ગવર્મેન્ટના સેક્રેટરીએ તૈયાર કર્યો. કા૦ પો૦ એજન્ટ મિ૦ જે૦ બી૦ પીલે તા. ૫–૪–૧૮૭૭ ના રોજ વેરાવળમાં તેની નકલ તૈયાર કરી આ૦ક૦ ની પેઢીને આપી.

પહેલાંના આર. એચ. કીટીંજે તો રાજ્યના પક્ષમાં જ વલણ રાખ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતું. કેમકે તેને તો "જૈનો ધનાઢ્ય છે." એ જ ખટકતું હતું. જૂઓ પૃ૦ ૨૫૦ જ્યારે ઈ૦ ટી૦ કેન્ડીએ પૂરી તપાસ કરી ન્યાય તોલ્યો. કેમકે તે ન્યાયખાતાનો આસીસ્ટંટ હતો. તે ધનિક અને નિર્ધન બન્ને પક્ષોને ન્યાયમાર્ગથી એક કરવા ઇચ્છતો હતો.

મુંબઈ હાઈકોર્ટના રજિસ્ટ્રર **ટોમ** સાહેબ મહારાણી વિકટોરિયાનો તા.૧–૧–૧૮૭૬ નો ઢંઢેરો સંભળાવવા પાલીતાણા આવ્યા.

**માનવતા**

તે તથા સોનગઢનો પોલીટિકલ એજન્ટ **જી. એમ. હંટર,** પાલીતાણાનો જૈન સંઘનો એજન્ટ ઉદયશંકર દલપતરામ નાગર પટણી, મુનિમ નરસિંહભાઈ દીપચંદ, ઠા૦ સૂરસિંહજીનો નાનો રાજપુત્ર **ઠા૦સામંતસિંહ** અને રાજમાન્ય શેઠ ઓસમાન વગેરે શત્રુંજય પહાડ ઉપર ચડયા હતા, સૌ ફરી ફરી એક પછી એક શત્રુંજયનાં મંદિરોને જોતા હતા. એવામાં રાજ્યના એક અમલદારે ચૌમુખજીના દેરાસર પાસે સૌ પહોંચ્યા ત્યારે ટોમ સાહેબને 'મંદિરની અંદર પેસવા વિનંતિ કરી.' તે અમલદાર સમજતો હતો કે, સાહેબ બૂટ પહેરીને દેરાસરમાં પ્રવેશ કરશે, તો ઠીક થશે. પણ આસી૦ પો૦ એ૦ જી૦ એમ૦ હંટરે અને બીજા સાથીદારોએ ટોમ સાહેબને જણાવ્યું કે, 'આપ પ્રવેશ કરશો તો જૈનોનાં મન દુભાશે, પરિણામે જૈન સમાજમાં મોટો ખળભળાટ મચી જશે, તેથી પ્રવેશ કરવો જોઈએ નહીં." તેઓએ આ રીતે ટોમ સાહેબને પ્રવેશ કરતાં રોકયા હતા.

જો કે તે વખતે તે મંદિરમાં ઘણા જૈન યાત્રિકો હતા, તેઓએ બહાર આવી ટોમ સાહેબને જણાવ્યું કે, 'તમે મંદિરમાં બૂટ સહિત પેસશો તો અમારી લાગણી દુભાશે.'

ટોમ સાહેબે કે હંટર સાહેબે યાત્રિકોની આ વાત સાંભળી તેઓને ખુશ કરવા તે દેરાસરના પૂજારીને પાંચ રૂપિયા આપ્યા. અને જણાવ્યું કે, " કંઈ ભૂલ થઈ હોય તો, તેની શુદ્ધિ કરાવી લેજો."

વૃદ્ધો કહે છે કે, પૂજારીએ આ રકમ આ૦ક૦ની પેઢીના ચોપડામાં જમા કરાવી હતી, કે ભંડારમાં મૂકી હતી તે જાણવા મળ્યું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હંટર કમીશનની તપાસ પૂરી થઈ. ત્રિકમરાયનું થાણું ઊઠયું. રાજ્યે જૈનોની તીર્થરક્ષણની શક્તિનો અભાવ બતાવવા ધાડું પડાવ્યું.

રાજ્યે સૂરતના શેઠ ભૂખણદાસે બંધાવેલ ભૂખણવાવ તેની જમીન અને ભૂખણવાડીનો કબજો હાથમાં લીધો, રાજ્યે ઘાસના રક્ષણ માટેની ચોકીના બાનાથી રસ્તા પાસેની જમીનમાં છાપરાં બંધાવ્યાં. સરકારે તેમાં સર ઈ૦ટી૦કેન્ડીએ આપેલા ચૂકાદાની છઠ્ઠી કલમનો અનાદર થતો સમજીને તે છાપરાં કઢાવી નાખ્યાં. વળી, પહાડ ઉપરના જળકુંડના પાણી આવવાના રસ્તાઓ રોકાવ્યા. પહાડ ઉપરની મહાદેવની દેરી, અંગારશા પીરની જગા, જૈનોની માલિકીની હોવા છતાં રાજ્યે તેમાં દખલ કરવા યુક્તિ ગોઠવી, પણ એજન્સીએ રાજ્યને તેમ કરતાં રોકયું.

રાજ્યે સને ૧૮૭૮ બાદ ઈ૦ ટી૦ કેન્ડી અને જે૦ બી૦ પીલેના ગયા પછી સર કીટીંજે કરેલા રખોપાના દસ્તાવેજને રદ કરાવી રખોપાની મોટી રકમ વધારવા ચળવળ શરૂ કરી.

રાજ્યે "હવે શાંતિ બની રહેશે. કૈં ગડબડ થશે નહીં" એવી ખાતરી આપી જણાવ્યું કે, હવે ચોકનું અબ્દુલ્લા ખાનનું થાણું ઉઠાવી લેવું જોઈએ. અને રખોપાની રકમ નક્કી કરવા માટે જૈન યાત્રાળુઓની ગણતરી કરવાનું કામ અમને સોંપવું જોઈએ વગેરે.

## શેઠ આણંદજી કલ્યાણજી (શ્રી શ્વેતામ્બર જૈનસંઘની) પેઢીની સ્થાપના

આપણે પહેલાં બતાવ્યું છે કે—બા૦ અકબરે શ્રી શત્રુંજય તીર્થ જ૦ ગુ૦ આ૦ વિજય હીરસૂરિને સર્વ સત્તા સાથે ભેટ આપ્યું હતું. (પ્ર૦ ૪૪ ફ૦ નં. ૪, પૃ૦ ૧૧૯) તેમજ બા૦ શાહજહાંએ શત્રુંજય તીર્થ અને પાલીતાણા ગામ અમદાવાદના નગરશેઠ તપગચ્છના શ્રાવક શ્રી શાન્તિદાસ ઝવેરીને ઈનામમાં આપ્યાં હતાં.

(પ્ર૦ ૪૪, પૃ૦ ૧૫૬, ૨૨૬ મો. ફ૦ નં. ૧૬)

ઇતિહાસ કહે છે કે—જ૦ગુ૦આ૦ વિ૦ હીરસૂરિજીની પરંપરાના પટ્ટધરો શત્રુંજય તીર્થની યોગ્ય વ્યવસ્થા માટે પાલીતાણા શહેરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગ્ય ગીતાર્થ યતિવરોને રાખતા હતા, અને તેમની દોરવણી પ્રમાણે તીર્થનો વહીવટ ચાલતો હતો. આ માટે ત્યાં તપગચ્છનું કારખાનું પણ સ્થપાયું હતું, તેના ઉલ્લેખો આ પ્રમાણે મળે છે—

(૧) ગારિયાધારના ઠા૦ કાંધાજી ગોહેલ વગેરેએ સં૦૧૭૦૭ કા૦વ૦ ૧૩ ભોમવારથી શત્રુંજય તીર્થ અને યાત્રિકોની રક્ષા માટેની જવાબદારી રાખી, રખોપા કરાર લખી આપ્યો. તેમાં તેઓ શેઠ શાન્તિદાસ સહસકરણ, સાહ રતના સૂરા અને તપગચ્છના કારખાનાનું નામ લખે છે. તો સ્પષ્ટ છે કે—સં૦ ૧૭૦૭માં ત્યાં તપગચ્છની પેઢી હતી. (પ્ર૦ ૪૪, ૧૫૯ થી ૧૬૦, પૃ૦ ૨૨૪, ૨૩૭)

(૨) મહો૦વિનયવિજય ગણિવરે સં૦ ૧૭૧૦ જે૦ સુ. ૧૦ ગુરુવારે શત્રુંજય તીર્થની મોટી ટૂંકમાં શેઠ રાયસિંહ કુહાડા (ઓસવાળ) મેડતાવાળાના સહસ્રકૂટની પ્રતિષ્ઠા કરી. ત્યારે ત્યાં શત્રુંજયના કાર્યકરો તરીકે પં૦ શાન્તિવિજયજી ગણિવર, (૨) પં૦ દેવવિજય ગણિવર અને (૩) પં૦ મેરુવિજયજી ગણિવર વગેરે હતા.

(શ્રી જિનવિજયજીનો પ્રતિમા લેખ સંગ્રહ ભા. ૨ જો, લેખ નં૦ ૩૦,૩૧)
(ઈતિ૦ પ્ર૦ ૫૮ મહો૦ વિનયવિજયજી)

આથી સ્પષ્ટ છે કે—શત્રુંજય તીર્થના વહીવટ માટે ત્યાં તપગચ્છના ગીતાર્થ યતિવરો રહેતા હતા. અને તપગચ્છનું કારખાનું હતું.

સંભવ છે કે—જૈન સંઘે ત્યારબાદ ઇજારાના કાળમાં સં૦ ૧૮૩૭થી આ કારખાનાનું બીજું નામ **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી** પણ રાખ્યું હોય, કેમકે જૈન સંઘ અને પાલીતાણારાજ્યના અદાલતી મામલામાં પણ આ૦ ક૦નું નામ મળે છે. તેથી જ રાધનપુરના મસાલીઆ કુટુંબના જૈનોએ ઘણા વર્ષો સુધી અહીંનો વહીવટ કર્યો હતો.

આપણને ઉલ્લેખ મળે છે કે—સાધારણ રીતે પહેલેથી જ ત્યાં આ૦ ક૦ પેઢીના નામથી કામ ચાલતું હતું, છતાં ભારતના સંઘે સં૦ ૧૯૩૬માં મળી આ૦ ક૦ પેઢીના નામે થયેલા જુના—નવાં સૌ કામોને સમ્મતિ આપી, તેમજ ફરીવાર આ૦ ક૦ પેઢીની સર્વ સમ્મત સ્વતંત્ર સ્થાપના કરી હતી, જેનો સળંગ ઇતિહાસ આ પ્રમાણે છે—

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

પાલીતાણા રાજ્યે બ્રીટીશ સરકારને જણાવ્યું કે–આ૦ ક૦ ની પેઢી હાલમાં જૈન સંઘના નામે શત્રુંજય તીર્થનો વહીવટ કરે છે. પરંતુ આ આ૦ ક૦ની પેઢી જૈનસંઘમાન્ય છે કે નહીં? તે પ્રથમ નક્કી થવું જોઈએ. અને તે પેઢી સંઘમાન્ય હોય તો જૈન સંઘના આગેવાનો દ્વારા તેનું વ્યવસ્થિત બંધારણ થવું જોઈએ.

રાજ્યની આ દરખાસ્ત હોવાથી તે સૌના સમાધાન માટે શેઠ આ૦ ક૦ પેઢીએ ભારતના જૈનસંઘને સર્વવસ્તુ જણાવી, આમંત્રી, અમદાવાદ બોલાવ્યો.

ભારતના જૈનસંઘે વિ૦ સં૦ ૧૯૩૬ ભા૦ વ૦ ૧ તા. ૧૯–૯–૧૯૮૦ ના દિવસે ૧૧ વાગે અમદાવાદમાં રાવબહાદુર નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈના મકાનમાં (વંડામાં) શેઠ પ્રેમાભાઈ હેમાભાઈની અધ્યક્ષતામાં ગંભીર વિચાર કર્યો. આ સભામાં ૧૦૩ ગામના શ્વેતામ્બર જૈન સંઘના પ્રતિનિધિઓ હાજર હતા. અને તે તે ગામોના તથા બીજા ગામોના જૈન સંઘના સભાના કામને સમ્મતિ આપનારા **પત્રો** પણ આવ્યા હતા. આ સંઘે ત્યારે સર્વાનુમતે ૮ ઠરાવો પાસ કર્યા હતા. તે આ પ્રમાણે–

(૧) આ૦ ક૦ પેઢીના નામે આજ સુધી તેમજ હવે પછી થનારા તીર્થ બાબતનાં સઘળાં કામોની બહાલી–સમ્મતિ.

(૨) આ૦ક૦ની પેઢીના વહીવટ માટે અમદાવાદના સ્થાનિક આઠ પ્રતિનિધિ વહીવટદારોની કમીટીની નીમણુક.

(૩) તેઓને આઠ મદદનીશ બહારના પ્રતિનિધિઓનાં નામો.

(૪) સ્થાનિક પ્રતિનિધિઓની સત્તા.

નગરશેઠ શાન્તિદાસના વારસદારોનો પ્રમુખપદ હક્ક, વગેરે સ્વીકાર.

(૫–૬) બીજા જિલ્લાના પ્રતિનિધિઓ બાબત.

(૭) આ સભાનો રીપોર્ટ પ્રસિદ્ધ કરવા બાબત,

(૮) આ૦ ક૦ પેઢીના જૂના વહીવટદારો તથા સભાપતિનો ઉપકાર.

નોંધ–સ્પષ્ટ વાત છે કે–

ભારતના શ્વે૦ જૈન સંઘે સર્વાનુમતે સં૦ ૧૯૩૬ ભા૦ વદ ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તા. ૧૯–૯–૧૮૮૦ ને રોજ મધ્યાહ્નકાળે **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની** કાયમી સ્થાપના કરી છે.

ભારત જૈનસંઘે ત્યારે અમદાવાદમાં બિરાજમાન તપગચ્છાધિરાજ પૂ૦ **મૂલચંદજી ગણિવર વગેરે** ગીતાર્થ મુનિવરો તથા ત્યાં વિદ્યમાન યતિવરો વિગેરેના "**संघे शक्तिः कलियुगे**" તથા દુષમ દુષમ કાળરૂપી ઘનઘોર અંધારામાં તીર્થો જ **દીવાદાંડી** સમા છે. તો "ભગવાન મહાવીરની છત્રછાયામાં એક થઈ તીર્થ રક્ષા કરજો." વગેરે ઉપદેશથી તથા નગરશેઠોના પ્રભાવથી તથા પોતાની ધર્મરુચિ અને તીર્થભક્તિથી એકતા કેળવી, શેઠ આ૦ ક૦ પેઢીને સર્વમાન્ય **સંઘશાહી** જૈન સંસ્થા બનાવી. આથી સર્વત્ર જૈન સંઘમાં આનંદ થયો. સરકારને અને રાજ્યને સમાધાન થયું. જૈનોનો આ સંપ પ્રત્યક્ષ જોવા મલ્યો. આશ્ચર્ય થયું.

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું બંધારણ

ત્યારબાદ શેઠ આ૦ ક૦ પેઢીએ તા. ૧૨–૩–૧૯૨૦ ને રોજ ભારતના જૈનસંઘને બોલાવવાનું નક્કી કર્યું. તા. ૫–૧૧–૧૯૨૦ ને રોજ સૌ સંઘોને આમંત્રણ મોકલી અમદાવાદ બોલાવ્યા.

ભારતના શ્રી શ્વે૦ જૈનસંઘે વિ૦ સં૦ ૧૯૬૭–૬૮ સને ૧૯૧૨ ના ડિસેમ્બરની તા. ૨૮, ૨૯, ૩૦ ને રોજ અમદાવાદમાં નગરશેઠના વંડામાં રા૦ બ૦ નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈના મકાનમાં નગરશેઠ કસ્તૂરભાઈ મણીભાઈના પ્રમુખપદે સર્વાનુમતે ૧૯ ઠરાવ પાસ કર્યા. અને ધારાધોરણ બનાવી પાકું કાયમી બંધારણ બનાવ્યું હતું.

જૂઓ (અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પ્રકાશિત–હીન્દી અંગ્રેજી–ગુજરાતી બંધારણ પુસ્તિકા, મુંબઈની શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ સંપાદિત માસિક જૈન યુગના વિ૦ સં૦ ૧૯૮૨ ના જેઠ મહિનાના વર્ષ પહેલાનો અંક ૧૦ મો, તથા જૈન ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૨૦૬, ૨૦૭.)

શેઠ આણંદજી કલ્યાણજીનું તંત્ર નક્કી થયું, એજન્સીએ રાજ્ય તરફથી શાન્તિ રાખવાની પાકી બાંહેધરી મળવાથી અબ્દુલાખાનનું થાણું ઉઠાવી લીધું. અને રાજ્યે જ યાત્રિકોની ગણતરી કરવા માટે રા૦

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

ખ૦ દુલેરાય નરસિંહવાનજી વગેરે અમલદારોને નીમ્યા. અને મરજી પ્રમાણે ગણતરી કરવાનું નક્કી કર્યું.

**નોંધ :** પોલીટીકલ એજંટ આર૦ એચ૦ **કીટીંજે** તા. ૫–૧૨–૧૮૬૩ને રોજ વઢવાણના મુકામેથી આપેલા ફેંસલાની ૨૧મી કલમમાં સાફ સાફ જણાવ્યું હતું કે "દરમાં ફેરફાર કરવાની માગણી થાય ત્યારે ગણત્રી કરવાનું કામ કાઠિયાવાડની પોલીટીકલ એજંટ તરફથી નીમાયેલા માણસો અથવા સીવીલ સત્તા ધરાવનાર સરકારી અમલદાર તરફથી નીમાયેલા માણસો કરશે" આમ હોવા છતાં પણ રાજ્યે પોતે જ આપ ખુદ રીતે ગણતરી કરવાનું કામ કર્યું.

રાજ્યે સને ૧૮૮૧–૮૨ માં યાત્રિકોની ગણતરીની વ્યવસ્થા ગોઠવી, પાલીતાણામાં ભૈરવપરામાં ટીકીટ ઘર રાખ્યું. ત્રણ જાતની ટીકીટો બનાવી, પણ આથી તો યાત્રિકોને હાડમારી વધી પરિણામે યાત્રાળુઓ ઘટી ગયા. રાજ્યે બનાવટી યતિઓ મોકલી મારવાડ અને દક્ષિણના જૈનોને પાલીતાણાની યાત્રાએ બોલાવ્યા. આ પ્રચારથી કાનપુર પાસેના કંપૂ ગામના ૫–૬ જૈનો પાલીતાણા આવ્યા. રાજ્યે આ૦ ક૦ની પેઢીના માણસોનો દેખાવ રચી તેઓનું સ્વાગત કર્યું, અને તેઓની પાસેથી આ૦ ક૦ની પેઢીની વિરુદ્ધનો તથા રાજ્યની પ્રશંસા કરતો પત્ર લખાવી લીધો. રાજ્યે આ૦ ક૦ના મુનિમ વગેરેને હેરાન કર્યા. તેઓના ઉપર કેસ ચલાવ્યો અને દંડ કરાવ્યો.

મુંબઈ સરકારે આ હાડમારીની વિગત જાણી, ઠા૦ સૂરસિંહજીને મુંબઈ બોલાવ્યા, ને ઠપકો આપ્યો. ઠા૦ સૂરસિંહજી મુંબઈથી પૂના જતાં ઘોડાગાડીમાં જ પાણીના અભાવે હૃદય બંધ પડી જવાથી સને ૧૮૮૫–૮૬માં મરણ પામ્યા તેણે ભાયાતોની જમીન પણ દબાવી હતી. અને પોતાના પુત્ર સામંતસિંહને આદપર અને પછેગામ એમ બે ગામ આપ્યાં હતાં.

**૨૭, ઠા૦ માનસિંહજી**—તેણે સૌ પ્રત્યે ઉદારતાનો વર્તાવ રાખ્યો. તેનો સં૦ ૧૯૧૮ના જેઠ સુદિ ૮ તા. ૭–૬–૧૮૬૨ બુધવારના રોજ જન્મ થયો હતો. અને સં૦ ૧૯૪૨ના મા૦ વદિ ૨ તા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૩–૧૨–૧૮૮૫ના બુધવારના રોજ રાજ્યાભિષેક થયો હતો. તે તા. ૨૮–૮–૧૯૦૫ના રોજ મરણ પામ્યા.

શ્રી ધનજી શાહ ‘ કાઠિયાવાડ લોકલ ડિરેકટરી’માં ‘ રજવાડાની પરિસ્થિતિ ’ વિભાગમાં લખે છે કે—

## પાલીતાણા

બીજા વર્ગનું સંસ્થાન

| | |
|---|---|
| ક્ષેત્રફળ | ૨૮૯ ચોરસ માઈલ |
| ગામ | ૮૭ |
| ઉપજ | રૂા. ૫૦૦૦૦૦ |

### રાજ્યની સામાન્ય હકીકત

આ સંસ્થાન ગોહિલવાડ પ્રાંતના મધ્ય ભાગમાં આવેલું છે. અને ત્યાંના રાજા ગોહેલ રાજપુત છે. ગોહેલો કાઠિયાવાડમાં આવ્યા, તે વખતે તેમના સરદાર સેજકજી નામે હતા. અત્યારના રાજાઓ તેમની ઓલાદના છે, સેજકજીના દીકરા શાહજીએ અહીં ગાદી સ્થાપી હતી. તેને કાંતો જૂનાગઢના રા’ પાસેથી અથવા પોતાના ભાઈ સારંગજી પાસેથી માંડવીનો ટપો જાગીરમાં મળ્યો હતો. તે પછી થોડી મુદત વીતતાં તેણે ગારિયાધાર જીતી તેઓએ ત્યાં ગાદી સ્થાપિત કરી, અને તે પછી થોડા સમયમાં પાલીતાણામાં ગાદી લઈ આવ્યા.

એવું કહેવાય છે કે, પાલીતાણાનું મૂળ નામ પાલીસ્થાન હતું. તેમાં ‘પાલી’ એ બૌદ્ધ લોકોની ભાષાનું નામ છે. અને સ્થાન એટલે ઠેકાણું, જ્યારે કાઠિયાવાડમાં બૌદ્ધમતનો ઘણો ફેલાવો થયો ત્યારે તેનું મુખ્ય મથક પાલીતાણા હતું.

સને ૧૮૭૭ માં દિલ્હીના મેળાવડા વખતે અહિંના ઠાકોર સાહેબને ૯ તોપોનું માન આપવામાં આવ્યું.

આ સંસ્થાનમાં ૧૫ ગુજરાતી નિશાળો અને એક કન્યાશાળા છે, અને તળ પાલીતાણામાં એક દવાશાળા છે.

**રાજ્યકર્તા**—ઠાકોર સાહેબ શ્રીમાનસિંહજી હાલ ગાદી ઉપર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમનો જન્મ સં૰ ૧૯૧૮ના જેઠ સુદિ ૮, તા. ૭, જૂન, ૧૮૬૨ને બુધવારના રોજ થયો. અને સં૰ ૧૯૪૨ના માગશર વદિ ૨ તા. ૨૩, ડિસેમ્બર, સને ૧૮૮૫ ને બુધવારના રોજ ગાદીનશીન થયા. જો કે તેણે કોઈ કૉલેજ કે નિશાળમાં કેળવણી લીધી નથી, તોપણ તેઓ અંગ્રેજી ભાષાનું સારું જ્ઞાન ધરાવે છે.

**મહાલ**—આ સંસ્થાનના બે મહાલ છે, ૧ પાલીતાણા અને ૨ ગારિયાધાર.

**પર્વત**—પાલીતાણાથી આશરે ૧ માઈલ દૂર દક્ષિણ તરફ શત્રુંજયનો ડુંગર છે, જે જૈન ધર્મમાં ઘણો પવિત્ર ગણાય છે. તે દરિયાની સપાટીથી ૧૯૭૭ ફૂટ ઊંચો છે ને તેનાં બે શિખરો છે. આખો ડુંગર દેરાંથી ભરેલો છે, જેમાં આદિનાથ, કુમારપાલ, વિમલશાહ, સંપ્રતિ રાજા અને ચૌમુખનાં દેરાં પ્રખ્યાત છે. તેમાંનું છેલ્લું દેરું એટલું બધું ઊંચું છે કે, ૨૫ માઈલ છેટેથી તે દેખાય છે. હિંદુસ્તાનમાં જૈનધર્મના પાંચ પવિત્ર ડુંગરોમાં આ સૌથી વધારે પવિત્ર ગણાય છે, તેથી લાખો યાત્રાળુઓ દર વર્ષે અહીં આવે છે. દેરાંઓની આસપાસ એક કિલ્લો બંધાયેલો છે, આ ડુંગરના મથાળે અંગારશાપીરની જગા છે, પણ તે કિલ્લાની બહાર છે.

**નદી**—પાલીતાણા સંસ્થાનમાં શેત્રુંજી અને ખારી નદી છે. ખારી નદી આગળ જતાં શેત્રુંજીને મળે છે." વગેરે, વગેરે.

**સને ૧૮૮૫**—એક તરફ ઠા૰ માનસિંહજીને જૈનો સાથેના ઝઘડામાં પોતાના પિતા ઠા૰ સૂરસિંહજીને જે રખડપટ્ટી કરવી પડતી હતી, તે તેના ધ્યાનમાં હતી જ. આથી તેને આવા ઝગડાથી કંટાળો હતો; બીજી તરફ જૈનો પણ 'દરિયામાં રહેવું અને મગરમચ્છ સાથે વેર બાંધવું' એ સ્થિતિથી કંટાળી ગયા હતા. આમ હોવાથી બંને પક્ષોએ મનમાં નિર્ધાર કર્યો કે–'આપસમાં પ્રેમનો વર્તાવ રાખી જાથુકની શાંતિ બની રહે તેમ કરવું'

ઠા૰ માનસિંહ સને ૧૮૮૫માં પાલીતાણાની ગાદીએ બેઠા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વખતે જૈનોએ પાલીતાણા આવીને ઠાકોરનો સારો સત્કાર કર્યો, અને ગાદી બેસવાના ઉત્સવમાં પૂરો ભાગ લીધો, આ પ્રસંગે શેઠાણી **હરકોરબાઈએ** ઠાકોરની સામે રૂા. ૨૫૦૦૦) ની થેલી ધરી અને અમદાવાદ તેમજ મુંબઈના જૈનોએ પણ મોટી રકમ આપી,

"ઈજારાના વખતમાં જે જૈન ધર્મશાળાઓ બની હતી તેની જમીન રાવળી હોય કે રાવળી ન હોય પણ રાજ્યને તેની રકમ મળવી જોઈએ' આ બાબતમાં ઠાકોરને અસંતોષ હતો, 'માત્ર રૂપિયાની જ વાત છે ને!' એમ કહી શેઠ **મનસુખભાઈએ** ઠાકોરના મનને સંતુષ્ટ કરવા રાજ્યાભિષેકના પ્રસંગે રૂા. ૨૫૦૦૦) ની રકમ આપી અને તે બાબતે સમાધાન કર્યું. ઠાકોરે પણ શેઠ મનસુખભાઈની વાતનો સ્વીકાર કર્યો. છતાં સંભવ છે કે, આથીએ પણ ઠાકોરને સંતોષ થયો ન હોય,

એકંદરે ઠાકોરનો રાજ્યારોહણ ઉત્સવ આનંદથી ઉજવાયો. ઠાકોર અને જૈન સંઘમાં સંપૂર્ણ શાંતિ બની રહી, પરંતુ 'ઝઘડો ચાલે તો જ આપણી નોકરીને નિમકહલાલ બનાવી શકાય' આવી કામગીરી માટે ટેવાયેલા કર્મચારીઓને આ 'ૐ શાંતિ' નો રોજિંદો જાપ પસંદ ન હતો, એટલે સમય જતાં એ જાપનો સૂર ધીમે ધીમે બદલાયો, અને અમલદારોની જે ભાવના હતી તેવો નવો ધંધો ખેલવાની શરૂઆત થઈ

**સને ૧૮૮૬**—રખોપાનો પ્રશ્ન ઊભો જ હતો. કા૦પો૦ એજન્ટ **કર્નલ જોન૦ ડબલ્યુ વોટસને** સરકારને જણાવ્યું કે, સાર્વભૌમ સત્તાએ ઠાકોર અને જૈન સંઘની વચ્ચે પડીને યોગ્ય રસ્તો લાવવો જોઈએ. નહિતર વધુ કાળ જતાં વિશેષપણે સીધી રીતે વચ્ચે પડવું અનિવાર્ય બનશે. સરકારે તેની આ સલાહથી આ ઝઘડાનો નિકાલ લાવવા તેને જ નીમ્યો.

૨૩ મા ઠા૦ **કાંધાજી** તથા ૨૪ મા ઠા૦ **નોંઘણજીએ** પો૦ એ૦ આર બારનવેલની દરમિયાનગિરિથી વિ૦ સં૦ ૧૭૭૮ ના મા૦ શુ૦ ૧૫ તા. ૯-૧૨-૧૮૨૧ ને રોજ પોતાના ૪ હજાર, રાજગોરના ૨૫૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને બારોટોના–૨૫૦) એમ કુલ ૪૫૦૦ નો રખોપા કરાર કર્યો, કરારની નીચે ઠા૦ કાંધાજી, ગો૦ નોઘણજી, ગો૦ અજાભાઈ ઉનડજી, વીસાભાઈ ઉનડજી, બીજા સાક્ષીઓ તથા આર૦ આરનવેલની સહીઓ છે. (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૪૭, ૨૪૮)

વોરસેન તા. ૮–૩–૧૮૮૬ ના રોજ ગોપનાથમાં ઠા૦ માનસિંહજી ગોહેલ તથા શેઠ પ્રેમાભાઈ હેમાભાઈ વગેરે જૈન આગેવાનોની વચ્ચે ૪૦ વર્ષનો નવો **રખોપા કરાર** કરાવ્યો. મુંબઈ સરકારે આ કરારને મંજૂરી આપી. આથી તા. ૧૩–૪–૧૮૮૬ ના રોજ ગોપનાથમાં આ કરાર બહાર પાડયો, જેનો સારાંશ આ પ્રકારે હતો.

(૧) જૈન ઠાકોરને દરસાલ રૂા. ૧૫૦૦૦) આપે.

(૨) આ કરાર તા. ૧–૪–૧૮૮૬ થી ૪૦ વર્ષ સુધી ચાલુ રહેશે.

(૩) બંને પક્ષકારોને ૪૦ વર્ષો બાદ સાલવારીની રકમમાં ફેરફાર કરવાની છૂટ રહેશે. પણ તેને મંજૂર રાખવાની સત્તા અંગ્રેજ સરકારના હાથમાં રહેશે.

આર૦ એચ૦ કીટીંજે પહેલાંના તા. ૫–૧૨–૧૮–૧૮૬૩ ના કરારમાં મલણું–ભેટણું–જકાત બંધ કરાવ્યાં હતાં, છતાં જે. ડબલ્યુ. વોરસને ઠાકોરના પક્ષમાં જકાતનો હક યુક્તિથી દાખલ કરાવ્યો. તેણે જણાવ્યું કે, પાલીતાણાના દરબારે જૈનોને હલકે દરે જગા આપવી અને તેના બદલામાં જૈનો પાસેથી પોતાની પ્રજા પાસેથી લેવાતી જકાતના દરે જકાત લેવી. (તા. ૧૯–૩–૧૮૮૬ ની કલમ ૧૪ માં)

સર વોરસને એક તરફથી જૈનો ઉપર જકાત નાખી છતાં બીજી તરફથી સરકારને જણાવ્યું કે, ઠા૦ માનસિંહજી જકાત બંધ કરે છે; એમ જણાવીને તેની ઉદારતાનાં વખાણ કર્યાં. (કલમ ૧૦મી)

એકંદરે જૈનો ઉપર જકાત નાખી, જમીનના દર વધ્યા, અને સાથોસાથ જકાતના પણ દર વધ્યા. જૈનોને ઉપયોગમાં આવે તેવી દરેક ચીજોના દરમાં વધારો થયો. અને ઠાકોર માનસિંહનાં પણ વખાણ થયાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમાં વિચારણીય વસ્તુ એ છે કે, દસ્તાવેજોને અનુસરવું કે એજન્સીના આ લખાણને અનુસરવું ? એટલે વચલા ગાળાના દસ્તાવેજોનું હવે સ્થાન જ ન રહ્યું.

**સને ૧૮૮૫–૧૮૮૬**– સૂરતનાં શેઠાણી **જસકુંવરે** પાલીતાણામાં ધર્મશાળા બાંધવાનું શરૂ કર્યું તેમાં કડિયા અને મજૂરો પાલીતાણાના હતા. એક મજૂરે ભૂલથી કે કોઈની શિખવણીથી પાસેની રાજ્યની જમીનમાં રહેવા ચાર આનાની કિંમતનો એક પથ્થર ઉઠાવી, ધર્મશાળાના પથ્થરો સાથે મૂક્યો. રાજ્યે ચાર આનાની કિંમતનો પથ્થર, છે એમ જણાવી શેઠાણીને જ ચોર બનાવી, ચોકીમાં બેસાડી. અને રાજ્યની કોર્ટમાં કેસ ચલાવ્યો. પરિણામે સૂરતવાળાએ મુંબઈ સરકારને અપીલ કરી, જેમાં રૂપિયા ચારથી પાંચ હજાર ખરચાયા.

મુંબઈના શેર બજારનો મોટો વેપારી **શેઠ પ્રેમચંદ રાયચંદ** શત્રુંજયની યાત્રાએ આવ્યો, તે અને ઠાકોર માનસિંહજી વચ્ચે સાધારણ વાત ચાલતી હતી, એ વખતે શેઠ મુંબઈના શેર બજારના એ તાજ બાદશાહ મનાતા હતા, શેઠે ઠકોરને જણાવ્યું કે, ‘આ તીર્થનો ઝઘડો કાઢી નાખો.’ ઠાકોરે જવાબમાં કહ્યું કે, ‘તમે કહો તો શત્રુંજય તીર્થ તમને ભેટ આપી દઉં.’

શેઠે કહ્યું: ‘શેઠો અને સોદાગરો ભેટ લેવા ઇચ્છે નહીં, તે તો રાજા–મહારાજાઓનાં માન–સન્માન ઇચ્છે, તો મારે આ ભેટ ન જોઈએ, પણ જેટલી જોઈએ તેટલી રકમ માગો. ‘રકમ તમારી અને તીર્થ મારું.’

આ પ્રમાણે મૈત્રીભાવે વાત ચીત ચાલી, પણ કંઈ નિર્ણય થયો નહીં. શેઠને એકાએક મુંબઈ જવું પડ્યું. અને તે વાત માત્ર વાત રૂપે જ બની રહી,

ઠાકોરે પ્રસંગ આવતાં આ ખાનગી વાતચીતને આગળ ધરી સરકારને જણાવ્યું હતું કે, શત્રુંજયનો પહાડ (મારો) પોતાનો છે. એટલે હું તેને વેચી શકું છું વગેરે.

**સને ૧૮૯૦–૧૮૯૧**–ઠા૦ માનસિંહજી તે પછી બૂટ પહેરી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુખમાં સળગતી ચિરૂટ રાખી, શત્રુંજય તીર્થ ઉપરની ટૂંકોમાં અને દેરાસરોમાં ફર્યા. જૈનોએ તેને તેમ કરતાં રોકયા, પણ તેણે કોઈનું માન્યું નહીં. અને તીર્થ અપવિત્ર બનાવ્યું.

જૈનોએ આ હકીકત એજન્સીને જણાવી. પ્રથમતો જૈનોને આનો ન્યાય લેવા માટે રાજ્યની કોર્ટમાં જવું પડયું, તે પછી એજન્સીએ જ આ વાત હાથમાં લીધી, એજન્ટ ટુ ધી ગવર્નર કર્નલ કેનેડીએ આ કૃત્યને વખોડવાલાયક જાહેર કર્યું, અને એજન્સીના ગેજેટમાં નોટિસ છપાવી જાહેર કર્યું કે, "કોઈએ શત્રુંજય પહાડ ઉપર, ટૂંકોમાં કે દેરાસરોમાં બીડી પીતાં કે જોડા પહેરીને જવું નહીં." આ ઝઘડામાં બંને પક્ષોને હજારો રૂપિયાનો ખરચ થયો.

રાજ્યે **મહાદેવનાં** પગલાંનો કેસ ચલાવ્યો. તેને માત્ર જૈનોની અભંગ માલિકીમાં દખલ કરવી હતી, પરંતુ કિલ્લામાં જૈનોનો જ કબજો હતો,

શેઠ લાલભાઈ દલપતભાઈ આ નિમિત્તે અંતરવાયણું (અંતર પારણું) કરીને રાજકોટ ગયા, ત્યાં ઉપવાસના દિવસે કેસનું કામ ચાલ્યું. અને ઉપવાસમાં જ રાજકોટથી પાછા વળ્યા. તેમણે બીજે દિવસે અમદાવાદ પારણું કર્યું.

રાજ્યે જૈનોની અભંગ માલિકીમાં દખલ કરવા પીરની જગાની મરામત કરવાના બહાને પહાડ ઉપર જમાદાર, કડિયો, ચૂનો વગેરે મોકલાવ્યાં. જૈનોએ આ મરામતમાં વાંધો લીધો. આમાં પણ બંનેને ઘણો ખરચ થયો.

રાજ્યે **મહાદેવની** દેરી માટે પણ આવી જ તજવીજ ગોઠવી.

પહાડ ઉપર જૈનોનો દારૂગોળો હતો. જૈનોએ ગવર્નર સર ફિલીપ્સ જેમ્સ ફર્ગ્યુશન, ગવર્નર રીચર્ડ ટેંપલ વગેરેને દારૂગોળો ભરી મોટી જંજાલી તોપોથી **સલામતી** આપી હતી. રાજ્યે મુનિમને કેદ કરી, દારૂગોળો લઈને તેનો નાશ કર્યો. આમ રાજ્યે જૈનોના તીર્થરક્ષણનાં સાધનોનો પણ નાશ કર્યો.

આમ અનેકવિધ કનડગતો ચાલુ રહી. પાલીતાણાના **બરોટો**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ રાજ્યની હુંફથી ધાંધલ કરતા હતા. શેઠ **જુવાનમલજી**એ બારોટોની આંધળી સત્તાને મર્યાદિત કરી.

સને ૧૯૦૫ (સં૦ ૧૯૬૧)—બારોટ હઠીસિંગના દીકરા દીવાસિંગે તા. ૧૦–૪–૧૯૦૫ (વિ૦સં૦ ૧૯૬૧ ના ચૈત્ર શુદિ ૬ ને મંગળવારે પાલીતાણાથી તળેટીના રસ્તામાં પંજાબી તાર્કિક મુનિ **શ્રી દાનવિજયના** શિષ્ય મુનિ **દીપવિજયજી** કે **ધર્મવિજયજી** ના મોં ઉપર કામળી ઢાંકી ગળું દબાવ્યું, તેમજ તા. ૧૨–૪–૧૯૦૫ (સં૦ ૧૯૬૧ ના ચૈત્ર સુદિ ૮) ને ગુરુવારે બારોટો તથા ઠા૦ માનસિંહજીના અમલદારો અને અંગરક્ષકો વગેરે ૪૦ જણા દારૂ પી, હાથમાં ધોકા લઈ મુનિ દીપવિજયજીને મારવા માટે પહાડ ચડયા, તીર્થના ચોકીદારોએ મોટો દરવાજો બંધ કર્યો છતાં ધાંધલ કરનારે જબરજસ્તી કરી દરવાજો ઉઘડાવ્યો.

પૂજ્ય ગુરુદેવ **શ્રી ચારિત્રવિજયજી**એ દાદાગુરુ આ૦ **વિજય-કમલસૂરિ** અને પૂ૦ મ૦ **હંસવિજયજી** વગેરેની આજ્ઞા લઈ બારોટોની સામે થઈ બારોટોના પડતા ધોકાઓની સામે આડો દાંડો ધરી, પોતાનો બચાવ કર્યો. આથી તે ધોકા બારોટોની ઉપર જ પડયા. બારોટોની ૨૨ ડોળીઓ ભરાણી, અને પહાડની નીચે ગઈ. ગુરુજીએ મુનિ શ્રી દીપવિજયજીને એ રીતે બચાવી લીધા.

(શ્રી ચારિત્રવિજય, પૃ૦૫૦, ૫૧)

ગુરુદેવ દાદાગુરુની આજ્ઞાથી **ઘેટીના** રસ્તે થઈ સાંજ સુધીમાં **બોટાદ** જઈ પહોંચ્યા. તે પછી કેસ ચાલ્યો.

જૈનો આ ધાંધલથી બારોટો પ્રત્યે નારાજ થયા અને તેમની અધોદશા બેઠી.

**સને ૧૯૦૫**—બારોટોએ આ ઝઘડાના કારણે આવક ઘટવાથી ગુસ્સે ભરાઈ વિના કારણે આ૦ વિજયવલ્લભસૂરિના શિષ્ય પં૦ સોહનવિજય જ્યારે તેઓ શહેર બહાર ઠલ્લે ગયા હતા ત્યારે પકડી, હાથ–પગ બાંધી, કાંટાવાળા ખાડામાં ધકેલી દીધા. વિવેકી જૈનો માને છે કે "શ્રી જૈન સંઘે **જૈન મંદિરો** આ બારોટોનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૂજારો ચલાવવા માટે બનાવ્યા નથી.” આજે કોંગ્રેસના લોકશાહી શાસનમાં મહારાજા રાજા જમીનદારો જાગીરદારો શેઠો કે સામુદાયિક લાગા વગેરે કંઈ રહ્યું નથી. અને લોકશાહી તંત્રે **શત્રુંજય તીર્થનો રખોપાકર પણ** માફ કર્યો છે. (પ્રક૦ ૪૪, પૃ૦ ૨૭૫, ૨૭૬) તો હવે બારોટોની બાબતમાં પણ આવું સ્વતંત્ર વલણ રાખી, તેઓની સાથેનો આ વિચિત્ર સંબંધ હટાવી દેવો જોઈએ. અને જૈન સંઘે સદાને માટે **સ્વાશ્રયી** બની રહેવું જોઈએ.

ઠાકોર માનસિંહ ભયંકર વ્યાધિ ભોગવ્યા પછી તા. ૨૮–૮–૧૯૦૫ માં મરણ પામ્યા.

સને ૧૯૦૬–૧૯૦૭—કચ્છમાંથી શા૦ દેવશી પુનશીનો યાત્રાસંઘ પાલીતાણા આવ્યો, ત્યારે રાજ્યે તેમને સમજાવી આ૦ ક૦ ની પેઢી વિરુદ્ધ તૈયાર કર્યા, ભદ્રિક સંઘે રાજ્યની અનુકુળતાની પ્રશંસા કરી અને રાજ્યને માનપાત્ર આપ્યું, અને રાજ્યને રૂા. ૨૦૦–૩૦૦) ભેટ આપ્યા.

આ૦ ક૦ ની પેઢીના વંડાની એક બારી શહેરમાં ભીડભંજન મહાદેવની જગામાં પડતી હતી. રાજ્યે “અહીં રાણીઓ દર્શન કરવા આવે છે” એવું બહાનું બતાવી પોતાની સત્તા વાપરી તે બારી બંધ કરી, અને તેની મજૂરીનો ખરચ આ૦ ક૦ ની પેઢીનો સગરામ વેચી વસૂલ કર્યો.

**૨૮–ઠા૦ બહાદુરસિંહજી—ઠા૦ માનસિંહજી** સં૦ ૧૯૬૨ (સને ૧૯૦૫) માં મરણ પામ્યા, ત્યારે નરેશ **બહાદુરસિંહ**ની ઉંમર ૭ વર્ષની હતી. તે સગીર વયના હોવાથી એજન્સીએ પાલીતાણામાં રાજ્ય ચલાવવા માટે પોતાના **એજંટો** મોકલ્યા.

(૧) એડ્મિનિસ્ટ્રેટર **ટયૂડર ઓવન**—તે રાજ્ય ચલાવવામાં વ્યવહારદક્ષ હતો.

(૨) એડ્મિનિસ્ટ્રેટર **મેજર એચ૦ એસ૦ સ્ટ્રોંગ** તે સીધો સાદો, સમજદાર અને લોકપ્રિય અંગ્રેજ અમલદાર હતો.

લોકો આ એજંટ વિશે એમ કહેતા કે, સોનગઢમાં જે આસી૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પો૦ એજન્ટ મિ૦ **મિકસ** છે, તે ઉગ્ર સ્વભાવનો અંગ્રેજ છે, જ્યારે પાલીતાણામાં મેજર **સ્ટ્રોંગ** છે, તે ઠંડા સ્વભાવનો અંગ્રેજ છે. તેણે પાલીતાણામાં પાંચ વર્ષ રાજ્ય કર્યું.

તેના સમયમાં તા. – –૧૯૧૩ વિ૦ સં૦ ૧૯૬૯ ના જેઠ વદિ ૮ ની રાતે પાલીતાણામાં પ્રજાસંહારક **જળપ્રલય** થયો હતો, તે વખતે **જૈન ગુરુકુળ** રાજ્યના બહાદુર બિલ્ડીંગમાં હતું. મધ્યરાતે પૂજ્ય ગુરુદેવ શ્રી **ચારિત્રવિજયજી** કચ્છીની પ્રેરણાથી ગુરુકુળના કાર્યકરો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વગેરેએ આ હોનારતમાંથી ૪૦૦ માણસો, બીજાં પશુઓ વગેરેના પ્રાણ બચાવ્યા હતા. અને તે સૌની ઉપર મોટો ઉપકાર કર્યો હતો.

મેજર ટ્રોંગે રાજ્યના પારસી ખાનસાહેબ ડૉ૦ હોરમસજી કાવજી જાવરાના ચીફ મેડિકલ ઓફિસરના રિપોર્ટથી "આ મહા ઉપકારની હકીકત" જાણી સવારે ગુરુકુળના મકાનમાં આવી, ગુરુદેવનું ભાવભીનું સ્વાગત કર્યું. તેમણે 'ટાઇમ્સ ઓફ ઈન્ડિયા' વગેરે દૈનિક પત્રોમાં આ ઉપકારીઓનું વર્ણન પ્રકાશિત કરાવ્યું. અને ગુરુદેવ વગેરેનો ફોટો લેવરાવી તેની નકલ રાજા બહાદુરસિંહજીને મોકલી.

મેજર ટ્રોંગે થોડા દિવસ પછી ગુરુમહારાજને કહ્યું: "આપે પાલીતાણાની પ્રજા ઉપર મોટો ઉપકાર કર્યો છે. બદલામાં રાજ્યે કંઈ કરવું જોઈએ." ગુરુમહારાજને જણાવ્યું કે, "ગુરુકુળ માટે યોગ્ય જમીન મળે તો ઠીક રહેશે."

આ વાત પછી મેજર ટ્રોંગે વિલાયતમાં ભણતા બાળરાજા બહાદુરસિંહની સમ્મતિ મેળવી, જૈન ગુરુકુળને ઓછી કિંમતથી જમીન આપી. તેમાં મકાન બનાવવા તેણે પોતે આવી સં૦ ૧૯૭૦ ના વૈ૦ શુ૦ ૩ને રોજ ગુરુકુળના નવા મકાનનો પાયો નાખ્યો, અને ગુરુકુળને આબાદ કરવા દરેક પ્રકારે મદદ કરી.

પાલીતાણા નરેશ શ્રી બહાદુરસિંહજી કે૦ સી. આઈ એ સં૦ ૧૯૭૭ વૈ૦ વ૦ ૧૧ તા. ૧૩–૫–૧૦૨૯ના રોજ ગુરુકુળમાં મોટા મેલાવડામાં ગુરુકુળમાં કે૦ ભા૦ વિદ્યાર્થીગૃહનું ઉદ્ઘાટન કર્યું હતું

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

ગુરુદેવની કૃપાથી જૈન સંઘના કામમાં પાલીતાણા રાજ્ય તરફની આ પહેલ વહેલી **સહાનુભૂતિ** લેખાય છે.

**બહાદુરસીંગજી** સને ૧૯૧૯ ના નવેમ્બર મહિનામાં પાલીતાણાની ગાદીએ બેઠા.

પાલીતાણાના નરેશ રખોપાકરારને ચાલીશ વર્ષ થઈ જવાથી તા. ૧૩-૪-૧૯૩૬ થી **રખોપાની રકમનો** પ્રશ્ન ઉઠાવવાના હતા.[1] આથી ભારતના **શ્રી જૈન સંઘે** સં૦ ૧૯૮૨ ના પોષ સુદ ૧-૨-૩ ને રોજ અમદાવાદમાં એકત્ર મળી (૧) શેઠ સારાભાઈ ડાહ્યાભાઈની દોરવણી મુજબ ૨૧ વર્ષના યુવાન **શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ ને** શેઠ આ૦ ક૦ પેઢીના પ્રમુખ પદે નીમ્યા. અને

(૨) શત્રુંજય તીર્થના યાત્રા બાબત ઘણા વિચારોના પરિણામે "જાહેર જૈન જનતાની જે ભાવના હોય તે મુજબ આગળનું પગલું લેવા નક્કી કર્યું હતું" "પરંતુ ગામે ગામના જૈન સંઘમાં રખોપા કર હતો તે જ યાત્રાવેરો બન્યો છે. તેને બંધ કરવો" એવી ભાવના જોરદાર બની. અને ભારતના જૈન સંઘે એક અવાજે તુરત માટે શત્રુંજયની યાત્રા બંધ કરવા નક્કી કર્યું. આ યાત્રા જે દિવસથી બંધ થઈ તે દિવસે મુંબઈ ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ગુજરાતી અખબારોએ પોતાના પ્રતિનિધિઓને પાલીતાણા મોકલી પુરી તપાસ કરાવી, પોતાના છાપામાં તે યાત્રાના કરોના દૃષ્યો રજુ કરી, હૃદય દ્રાવક સમાચાર રૂપે વર્ણન આપ્યું હતું.

---

૧. અમોએ સં. ૧૯૮૧-૮૨માં વઢવાણ કેમ્પથી અમદાવાદ શેઠ આ૦ ક૦ પેઢીને આ બાબતના લગભગ ૧૮ પત્રો લખ્યા હતા.

અમારી પાસે પણ સં. ૧૯૯૧ના ભા. વ. ૮ ગુરુવાર, આસો સુદ ૭ ગુરુવાર, તથા આ. વ. ૧૧ ભોમવાર તેમજ સં. ૧૯૮૨ કા. સુ. ૫, કા. સુ. ૧૧, અને માગસર સુ. ૩ ગુરુવારના પત્રોની કાચી નકલો છે. બીજા પત્રો અમદાવાદમાં શે. આ૦ ક૦ પેઢીના દફતરમાં સુરક્ષિત હશે.

તથા શેઠ આ૦ ક૦ પેઢીએ અમોને અમારા તમામ પત્રોની તા. ૧૫-૧૦-૧૯૨૫ તથા તા. ૨૦-૯-૧૯૨૫ (સં. ૧૯૮૧ આ. વ. ૧૩) વગેરે દિવસોએ પહોંચો આપી હતી, તેમજ તા. ૨૦-૯-૧૯૫૨નું મેમોરિયમ પણ મોકલ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભારત જૈન સંઘે આ રીતે સં૦ ૧૯૮૨માં શત્રુંજય તીર્થની યાત્રા બંધ રાખી હતી. અમારામાંથી મુનિ **શ્રી ન્યાયવિજયજીએ** આ પ્રસંગે જૈન સંઘ અને પાલીતાણા ઠાકોરની જુની મૈત્રી, તથા વિરોધના પ્રસંગોની બાબત જુદા જુદા છાપાઓમાં વિવિધ લેખો આપી ઘણી છણાવટ કરી હતી. જેમાંથી જૈન અજૈન જનતાને ઘણો ઇતિહાસ જાણવા મલ્યો હતો. જે ઇતિહાસના મુદ્દાઓ ઉપર આવી ગયા છે.

તા. ૨૬-૫-૧૯૨૮ ના રોજ સીમલામાં વાયસરોય ઇરવીનની દખલગીરિમાં દરબાર બહાદુરસિંહજી કે૦ સી૦ આઈ અને જૈન સંઘના આગેવાનો આ૦ ક૦ ની પેઢી વગેરેએ આપસમાં મળીને શત્રુંજય તીર્થની સમસ્ત બાબતમાં અત્યાર સુધીના પ્રશ્નોના ઉકેલ રૂપે કરેલા સમાધાનના **કરારો** આ પ્રમાણે છે.

અમે અહીં વીરશાસનમાં પ્રકાશિત થયેલ કરારની અક્ષરશઃ નકલ આપીએ છીએ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## શ્રી શત્રુંજયના એગ્રીમેન્ટના (સમાધાન) કરારો.
## તા. ૨૬-૫-૧૯૨૮—સીમલા

પાલીતાણા દરબારની વતી પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ અને હીંદુસ્તાનની મૂર્તિપૂજક જૈનશ્વેતાંબર સમુદાયની વતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની વચ્ચે થએલા કરારનું લખાણ બહાર પડયું છે. તે કરારની નીચે મુજબ કલમો છે.

૧. શ્રી શત્રુંજય પર્વત સને ૧૮૭૦ ની ૧૬ મી માર્ચના ઠરાવ નં. ૧૬૪૧ માં નક્કી કરવામાં આવેલા જૈનોના હક અને તેમાં બાંધેલી હદો અંદર પાલીતાણા દરબારના રાજ્યમાં છે અને તેનો એક ભાગ છે.

૨. ધાર્મિક ઉપયોગ સારૂ તથા તેવાજ બીજા કામો સારૂ ગઢની અંદર આવેલી બધી જમીન, ઝાડ, મકાન અને બાંધકામનો ઉપયોગ અને વહીવટ-ફક્ત પોલીસના કામ સીવાય પાલીતાણાના દરબારની કોઈ પણ જાતની હકુમત અને દખલગીરી સીવાય જૈનો કરવાને હકદાર છે.

૩. જૈનોને ગઢની દીવાલો સારી સ્થિતિમાં રાખવાને તથા રીપેર કરવા તથા ફરી બાંધવાને માટે પરવાનગી માંગવાની જરૂર નથી. પણ તેઓએ તેમ કરવામાં હાલની જગ્યા તથા ઉંચાઇ પહોળાઇમાં ફેરફાર કરવાનો નથી પરંતુ તેઓ હાલના હૈયાત દેરાસરના કોઈ પણ ભાગને લગતી ગઢની દીવાલ હોય તો તે દેરાસરની ઉંચાઈમાં ફેરફાર કરતાં, ગઢની દીવાલનો બીજી દીવાલ પ્રમાણે ઉપયોગ કરી શકશે. તેઓને વળી ગઢની દીવાલોના બીજા ભાગો વધારેમાં વધારે પચીસ ફીટની ઉંચાઇ સુધી વધારવાને છુટ છે.

૪. દરબાર તરફની કોઈ પણ જાતની દખલગીરી વગર ડુંગર ઉપરના ગઢ બહારના દેવાલયોનો જૈનો વહીવટ કરવા હકદાર છે.

૫. પગલાં, દેરીઓ અને છત્રીઓ જે ગઢ બહાર ડુંગર ઉપર આવેલાં છે તે અને કુંડ અને વીશામાઓ (છેવટના બે જાહેરના ઉપયોગ સારૂ વાપરવાની છુટ રાખી) જૈનોની માલીકીના છે અને જૈનો પરવાનગી મેળવ્યા સીવાય તેનું સમારકામ કરી શકશે.

૬. આ કુંડમાં પાણી આવવાની નીકોને સમાર કામ કરી, સારી હાલતમાં રાખવાનું પાલીતાણા દરબારને કરવાનું છે.

૭. જૈનોને કોઇબી જાતની પરવાનગી માગ્યા સીવાય જાહેરના ઉપયોગના સાથે ડુંગરની તલાટીથી તે ગઢ સુધી મોટા રસ્તાને નામે ઓળખાતો રસ્તો અને તેની બાજુની દીવાલો કોઈ પણ જાતની પરવાનગી માગ્યા સીવાય જૈનો રીપેર કરી શકશે. અને જાહેર પ્રજાને તે રસ્તાનો ઉપયોગ કરવાની છુટ રહેશે.

૮ પાલીતાણા દરબારે પોતાના ખર્ચે નીચેના સાત રસ્તાઓ નીભાવવાના છે. (૧) મોટા રસ્તાથી શ્રીપુજની ટુંકે જતો રસ્તો. (૨) ઘેટીની પાયગાનો રસ્તો. (૩) રોહીશાલાની કેડીનો રસ્તો. (૪) ૭ ગાઉના ડુંગરનો રસ્તો. (૫) શેત્રુંજી નદીની કેડી. (૬) દોઢ ગાઉના ડુંગરનો રસ્તો અને (૭) ૭ ગાઉ રસ્તાને મળતા શાખા રસ્તાઓ અને બીજા રોહીશાલા રસ્તાથી નીકળી ૭ ગાઉના ડુંગરને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળતા રસ્તાઓને લગતું સમારકામ કરી સારી હાલતમાં રાખશે અને જૈનોને તે ઉપર અને તે રસ્તે જવા આવવાની સંપૂર્ણ છુટ છે.

૯. મી. કેન્ડીના રીપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે જૈનેતર દેવસ્થાનોની હકુમત જૈનોની રહેશે. આની અંદર ઈંગારશાપીરનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને મહાદેવનું દેવળ બહાર રાખવામાં આવ્યું છે. સદરહુ (દેવળ) સુરજ કુંડ અને ભીમ કુંડને ગઢમાં રાખી, ગઢની દીવાલમાંથી છુટુ પાડવું અને તેનો રસ્તો ગઢની બહારથી કાઢવો.

૧૦. ગઢની અંદર આવેલા દેવાલયો, ટુંકો વિગેરે તેમજ ગઢ બહારના મંદિરો જોવા આવનાર ગૃહસ્થોના વર્તાવ માટે, વ્યાજબી **નિયમો** અને **હુકમો** કાઢવાનો **જૈનોને હક** રહેશે પણ આ નિયમો અને આ હુકમો જૈનેતર મંદિરોની વ્યાજબી ને બરાબર પૂજાને હરકત કર્તા હોવા જોઈએ નહીં.

૧૧. મોટા રસ્તાની હદ, ડુંગર પરના અને ગઢની બહારના દેવાલયો, પગલાં, દેરીઓ, છત્રીઓ, વીશામાઓ, કુંડો એક નકશામાં દર્શાવવામાં આવશે. જે નકશો આ કરારનો એક ભાગ ગણાશે. અને તે નકશો બંન્ને પક્ષ તરફથી કબુલ રાખવામાં આવશે.

૧૨. જૈન દેવાલયમાં મૂર્તિઓ ઉપર ચઢાવવા સારૂ શેઠ આણંદજી કલ્યાણજી તરફથી લાવેલા દાગીના તથા ઝવેરાત ઉપર પાલીતાણા દરબાર કોઈબી જાતનો કર અથવા લાગો લેશે નહિં, આ માફી, શેઠ આણંદજી કલ્યાણજીના મુનિમ તરફથી આવેલા એકરારના આધારે આપવામાં આવશે.

૧૩. આ કરારમાં દર્શાવવામાં આવેલા જૈનોના હક સંબંધમાં અને તે કરારોનું આ કરાર અનુસાર પાલન કરાવવામાં કાંઈ વાંધો ઉત્પન્ન થાય તો તે બાબતમાં જૈનો તરફથી પાલીતાણા રાજ્યના ઠાકોર સાહેબને અરજ કરેથી પોતે Executive તરીકે તે બાબતમાં નીકાલ કરશે, અને જો જૈનો એવા નીકાલથી અસંતોષ પામે તો, મહેરબાન ગવર્નર જનરલ એજંટ સાહેબને તે હુકમ સામે અરજ કરવાને હકદાર છે. જે નામદાર, પક્ષકારોને સાંભળીને પોતાનો ફેંસલો આપશે,



www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

ને તે ફેંસલા ઉપર બન્ને પક્ષોને ઉપરી સત્તાઓને અપીલ કરવા હક રહેશે.

૧૪. પાલીતાણા દરબાર લેવાને અને જૈનો પાંત્રીસ વરસ સુધી દરેક વરસ વાસ્તે પુરી નક્કી કરેલી રૂા. સાઠ હજારની રકમ આપવા કબુલ કરે છે. આનો અમલ તા. ૧ જુન ૧૯૨૮ થી શરૂ થશે અને પહેલો હપ્તો તા. ૧ જુન ૧૯૨૯ ને દિવસે અને ત્યારપછી વરસો વરસ ઉપલી તારીખે મુદ્દત સુધી કરવો પડશે આ અને ત્યારપછી મળવાની ઉપલી રકમ બદલ દરબાર સાહેબ જૈનો પાસેથી કોઈ પણ પ્રકારનો યાત્રાકર અથવા લાગા નહિં નાખવાનું કબુલ કરે છે. આ રકમમાં રખોપુ મલણું વિગેરે સર્વે આવી જાય છે.

૧૫. ઉપર દર્શાવેલી પાંત્રીસ વર્ષની મુદ્દત પુરી થએથી કોઇબી પક્ષકારને ઉપર જણાવેલી મુકરર કરેલી રકમમાં ફેરફાર કરવા અરજ કરવાની છુટ છે, અને તેવે વખતે બન્ને પક્ષોને સાંભળીને એવો ફેરફાર મંજુર કરવો કે નહિ. એ બ્રિટીશ સરકારની મુનસફી ઉપર રહેશે. આવી દરેક વખતે ચોક્કસ રકમ કેટલી ઠરાવવી, અને કેટલી મુદ્દત સારૂ ઠરાવવી તે બ્રિટીશ સરકાર નીયત કરશે.

૧૬. સદરહુ રકમ, મુદ્દત પુરી થએ એક મહિનાની અંદર ભરપાઈ ન થાય તો પાલીતાણા દરબારે તે પછી કેમ વર્તવું તે બાબતમાં નામદાર ગવર્નર જનરલના એજંટ સાહેબ નક્કી કરશે.[1]

## આગલા હુકમો રદ.

૧૭. મુંબઈ સરકારના પોલીટીકલ ડીપાર્ટમેન્ટના નં. ૧૮૩ T ટી.ના તા. ૫–૭–૧૯૨૨ ના તથા નંબર ૪૪–૧–૬ના તા. ૨૫–૫–૧૯૨૩માં જણાવેલા મુંબઈ સરકારના હુકમો તથા નામદાર સેક્રેટરી ઓફ

૧. ટાઇમ્સ ઓફ ઇન્ડિયા વિગેરે વર્તમાન પત્રોમાં આ (૧૬ મી) કલમમાંથી "In the event of the said." શબ્દો પછી નીચે દર્શાવેલ શબ્દો રહી ગયા જણાય છે. તે મૂળ કરારનામામાં તે શબ્દો નીચે પ્રમાણે છે.

"Annual payment not being made within a"

(તા. ૧–૬–૧૯૨૮ નું જૈન પૃ૪ ૪૧૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ટેટસ ઓફ ઇન્ડીઆના હુકમો જે મુંબઈ સરકારના નંબર ૧૨૮૧ Bના તા. ૯-૧૦-૨૪ના કાગળથી બહાર પાડવામાં આવ્યા હતા, તે આ કરારની વિરૂદ્ધ અથવા મળતા ન હોય તે આખો અથવા તેના તેટલા ભાગનો અમલ બંધ પાડવામાં આવ્યો છે. (તેને રદ સમજવા)

૧૮. બધી અપીલો તથા અરજીઓ જે પક્ષકારોએ આ કરારમાં જણાવેલી બાબતો સંબંધી કરી હતી. તેનો આ કરારથી નીકાલ કરવામાં આવ્યો છે, તેમ સમજવું.

૧૯. દરબાર શબ્દમાં પાલીતાણા રાજ્ય આવી જાય છે, જ્યારે જૈન શબ્દનો અર્થ હિંદુસ્તાનના મૂર્તિપૂજક જૈનશ્વેતાંબર જૈનસમુદાય વતી શેઠ આણંદજી કલ્યાણજીના હાલના અને તેમની પછી આવનારા **વહીવટદારો** થાય છે.

૨૦. આ કરારનામું બન્ને પક્ષોએ રજુ કર્યું છે, અને તે ઉપર તા. ૨૬-૫-૧૯૨૮ ના રોજ હીંદી સરકારે બહાલી આપી છે.

સહી. કીકાભાઈ પ્રેમચંદ.
,, કે. એમ નગરશેઠ.
,, માણેકલાલ મનસુખભાઈ.
,, સારાભાઈ ડાહ્યાભાઈ.
,, અમૃતલાલ કાળીદાસ.
પ્રતાપસિંહ મોહોલાલભાઈ.
જૈન કોમના સ્વીકારેલા પ્રતિનિધિઓ.

( સહી ) **બહાદુરસીંહજી.**
ઠાકોર સાહેબ પાલીતાણા.
**સાક્ષીઓ.**
અમારી રૂબરૂ,

( સહી ) સી. એચ. સેતલવડ.
( સહી ) ભુલાભાઈ જે. દેસાઈ

તા. ૨૬ મે ૧૯૨૮ ના રોજ સીમલા મુકામે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીઆ તરફથી બહાલ અને મંજુર કરવામાં આવેલું.

(સહી) ઇરવીન. વાઇસરોય અને ગવર્નર જનરલ. (તા. ૨૬-૫-૨૮)

**(વિશેષ માટે જૂઓ તા. ૧-૬-૧૯૨૮નું વીરશાસન પૃ૦ ૫૪૯-૫૫૦ પુ૦ ૬, અંક ૩૬ મો, તથા તા. ૨-૬-૧૯૨૮નું સાપ્તાહિક "સૌરાષ્ટ્ર" પૃ૦ ૧૩૩૫-૧૩૩૬, પુસ્તક ૭ અંક. ૩૪ મો, તથા તા. ૧-૬-૧૯૨૮ નું સાપ્તાહિક "જૈન" પૃ૦ ૪૦૯, ૪૧૦ )**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## લોકશાહી સૌરાષ્ટ્રે કરેલ તીર્થંકર માફની જાહેરાત

પાલીતાણાના નરેશ બહાદૂરસિંહજી કે૦ સી૦ આઈ અને શ્વેતામ્બર જૈન સંઘના આગેવાન ગૃહસ્થોએ તા. ૨૬–૫–૧૯૨૮ને દિવસે સીમલામાં **લોર્ડ ઇરવીનની** રૂબરૂમાં અને તેની દરમ્યાનગિરિમાં પરસ્પરની વાટાઘાટથી શત્રુંજય તીર્થ બાબત સમજૂતિનો ખરડો નક્કી કર્યો હતો, તેમાં ૨૦ કલમો હતી. જેની નકલ ઉપર આવી ગઈ છે. જેની ૧૪મી કલમમાં એવી વ્યવસ્થા હતી કે–જૈનો તા. ૧–૬–૧૯૨૮થી દરસાલ પાલીતાણાના દરબારને ૬૦ હજાર રૂપીયા આપે. અને દરબાર જૈનો પાસેથી બીજો કોઈ કર લે નહી. અને યાત્રાળુઓના જાનમાલનું રક્ષણ કરે. થોડાએક વર્ષ એમ ચાલ્યું.

પછી ભારતદેશ તા. ૧૫–૮–૧૯૪૭ના પ્રાતઃ કાળથી સ્વતંત્ર થયો. અને ભારતનાં દેશી રાજ્યો સને ૧૯૪૮માં સ્વતંત્ર ભારતમાં ભળ્યાં. આ અવસરે પાલીતાણાના દરબારની ભાવના હતી કે "જૈનો આ વિલીનકરણ પહેલાં શત્રુંજયપહાડને વેચાતો લઈ લે. અથવા રખોપાની અમુક રકમ રોકડી આપી દે તો, જૈનો હંમેશને માટે આ પહાડના કાયમી માલિક બની જાય. પરિણામે હંમેશને માટે રખોપાકર કે બીજા કરમાંથી મુક્ત બને."

જૈનસંઘના આગેવાનોને દરબારની આ ભાવના માટે દરબાર પ્રત્યે માન ઉપજ્યું. પણ વિશેષ વિચાર વિનિમય કરતાં જણાયું કે "સ્વતંત્ર ભારતમાં મોટાં નાનાં રાજ્યો જાગીરદારો, અને જમીનદારોની સલામતી કેટલા પ્રમાણમાં જળવાશે, તેની કલ્પના આજે કરી શકાય નહી. તો આ પરિસ્થિતિમાં જૈન સંઘ દરબાર પાસેથી આ પહાડને ખરીદે, કે રખોપાકર બંધ કરાવે. તે સલામતી વાળી યોજના નથી જ. એટલે જૈનોએ તેમ કરવામાં સંઘનું હિત જોયું નહીં. અને પહાડ ખરીદવાની કે રખોપાકર બંધ કરાવવાની યોજનાને જતી કરી.

પછીતો સૌરાષ્ટ્રનું **લોકશાહી** રાજ્ય સ્થપાયું. ત્યારે શ્વે૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંઘના આગેવાનો **શેઠ કસ્તૂરભાઈ** વિગેરેએ સૌરાષ્ટ્ર સરકારને મળી, વિનંતિ કરી કે પાલીતાણાનું રાજ્ય શત્રુંજય તીર્થના યાત્રિકો પાસેથી જે કર લે છે. તે આ બિન-સાંપ્રદાયિક લોકશાહીમાં સર્વથા બંધ કરવો જોઈએ.

આથી સૌરાષ્ટ્રની લોકશાહી સરકારે તા. ૧૯-૩-૧૯૪૮ ને રોજ પાલીતાણા રાજ્ય **જૈનો** પાસેથી જે કર લે છે. તે લેવાનું સદાને માટે બંધ કર્યું. અર્થાત્ "લોકશાહી રાજ્યમાં આવો કર ન લેવાય" એમ સ્પષ્ટતા કરી લોકશાહી રાજ્ય સ્થપાયું, ત્યારથી કાયમને માટે યાત્રાકર માફ કર્યો.

ત્યારબાદ સૌરાષ્ટ્ર રાજ્યના **સેક્રેટરીએ** રાજકોટના સૌરાષ્ટ્ર સચિવાલય તરફથી આ કર મુક્તિની (૧) જોઈન્ટ સેક્રેટરી નાણાખાતું (૨) એકાઉન્ટ જનરલ યૂનાઇટેડ સ્ટેટ ઓફ સૌરાષ્ટ્ર (૩) સેક્રેટરી રાજ્ય પ્રમુખ (૪) કલેક્ટર ગોહિલવાડ જીલ્લો. (૫) શેઠ કસ્તૂરભાઈ લાલભાઇ અમદાવાદ (૬) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાલીતાણા (૭) સુપરિટેન્ડેન્ટ ગવર્મેન્ટ છાપખાનું કે જે સૌરાષ્ટ્ર અંગેની બાબત પત્રિકા (ગેઝેટ) છાપે છે. તે સૌને આ કરમુક્તિનાં લખાણની એકેક નકલ મોકલાવી આપી હતી.

સૌરાષ્ટ્રગેઝેટ પત્રિકાએ તા. ૨૬-૮-૧૯૪૯ને રોજ અંગ્રેજીમાં આ કરમુક્તિની જાહેરાત કરી હતી. જેમાં તેણે પાંચ કલમો આપી પૂરી વિગત આપી હતી.

આ કરમુક્તિના લખાણની મૂળ નકલ તથા ગેઝેટની નકલ શેઠ આ૦ ક૦ પેઢી પાસે અમદાવાદમાં સુરક્ષિત છે.

નોંધ : અમને વિ૦ સં૦ ૨૦૧૮ના ભા૦ વ. ૭ ગુરુવાર ને તા. ૨૦-૯-૬૨ના રોજ અમદાવાદમાં શેઠ આ૦ ક૦ ની પેઢીના પ્રધાન મુનિમ શ્રી શિવલાલ કેશવલાલે આ૦ ક૦ ના ચપરાસી અલીમીયાં સાથે આની અંગ્રેજી નકલ મોકલી હતી. અમે તેના આધારે આ લખ્યું છે.

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

**૨૯ ઠા૦ શિવકુમાર—**

(—પાલીતાણા તાલુકાના હેડમાસ્તર તથા પ્રાથમિક શાળાઓના સુપરવાઈઝર માસ્તર ચાંપશી ગુલાબચંદ શાહે સં૦ ૧૯૮૦ (સને ૧૯૨૪)માં રચેલી પાલીતાણા સંસ્થાનની શાળોપયોગી ભૂગોળ, (આવૃત્તિ : ૫, મી)નો 'ઇતિહાસ વર્ણન' વિભાગ. પાન : ૨૬ થી ૩૬ના આધારે.)

ગામ પૂજાપરા; પો૦ માણસા, એજન્સી મહીકાંઠાના વતની **શા૦ ગોપાલદાસ હેમચંદ** જે રાજકોટ એજન્સીના દફતરોના વ્યવસ્થાપક હતા, તેમણે સને ૧૮૨૦ થી ૧૮૬૩ સુધીની "જૈન સંઘ તથા ઠાકોરની અરજીઓ વગેરેનો સંગ્રહ" અને બીજા દફતરના આ બાબતના કાગળો તપાસી, એક સાલવારી સાથેની નોંધ તૈયાર કરી હતી. અમે તેના આધારે આ ઇતિહાસમાં શત્રુંજય તીર્થ બાબતનું લખાણ લખ્યું છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ : પિસ્તાલીસમું

# પૂ૦ શ્રુતધર આ૦ શ્રી દેવેન્દ્રસૂરિશ્વરજી

तेषामुभौ विनेयौ **श्रीमान् देवेन्द्रसूरयः ।**
श्री विजयचन्द्रसूरि द्वितीयोऽद्वैतकीर्तिभरः ॥
(–ધર્મરત્ન પ્રકરણ ટીકા).

जगज्जनितबोधानां तेषां शुद्धचारित्रिणाम् ।
विनेयाः समजायन्त **श्रीदेवेन्द्रसूरयः ॥**
(સં૦ ૧૩૨૩ થી ૧૩૨૭ ની સ્વોપજ્ઞ કર્મગ્રંથ ટીકા, શ્લો૦ ૫)

सोऽभूद् गुरुः कोऽपि नयः कविस्तुतो
मित्रारमाध्यस्थधरो बुधप्रियः ।
तत्त्वोक्तिभिर्नास्तिकदर्शनं क्षिपन्
शिवङ्करो मार्गयुतोऽपि देहिनाम् ॥
(–આ૦ –મુનિસુંદરસૂરિકૃત 'ગુર્વાવલી' શ્લોક૦ ૧૧૨)

**વંશ** શેઠ **પૂર્ણદેવ** પોરવાડના વંશમાં અનુક્રમે ૧. પૂર્ણદેવ, ૨. વરદેવ, ૩. સાઢલ અને ૪. **ધીણાક** થયા.

ધીણાકના બીજા **ભાઈ ક્ષેમસિંહ** અને ચોથા ભાઈ દેવસિંહે આ૦ જગચ્ચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી હતી, (–પ્રક૦૪૫, પૃ૦ ૧૩૦) બંને ભાઈઓ પૈકી દેવસિંહે પહેલાં બચપણમાં જ દીક્ષા લીધી હતી, જે છેવટે આ૦ **વૃદ્ધદેવેન્દ્રસૂરિના** નામથી ખ્યાતિ પામ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વભાવ**–આ૦ દેવેન્દ્રસૂરિ શાંત સ્વભાવી, ક્રિયાપ્રવર્તક, સંવેગી વિદ્વાન, પૂર્વકાળના ગીતાર્થોને યાદ કરાવે તેવા **જ્ઞાની** તથા ચારિત્રનિષ્ઠ, શાંત ઉપદેશક, મોટાગ્રંથકાર. અને **શાસનપ્રભાવક** હતા. આ૦ જગચ્ચંદ્રસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો ત્યારે "આ૦ દેવેન્દ્રસૂરિ અને પં૦ દેવભદ્રગણિ તેમના સહયોગી હતા." (પ્રક૦ ૪૪ પૃ૦ ૫) સંભવ છે કે, આ૦ દેવેન્દ્રસૂરિને સં૦ ૧૨૮૫માં આચાર્યપદ મળ્યું હોય. તેમના શાંત રસવાળા વાત્સલ્યભર્યા મીઠા ઉપદેશથી જ અંચલગચ્છના ૪૪મા **આ૦ મહેન્દ્રસિંહસૂરિએ** સં૦ ૧૩૦૭ લગભગમાં થરાદમાં ક્રિયોદ્ધાર કરી શુદ્ધમાર્ગ સ્વીકાર્યો હતો. (પ્રક૦ ૪૦ પૃ૦ ૫૨૨)

મેવાડનો રાણો **જૈત્રસિંહ**, રાણો તેજસિંહ રાણી જયતલાદેવી રાણો સમરસિંહ વગેરે તેમના અનન્ય રાગી હતા. તેમના ઉપદેશથી **રાણીજયતલાએ** ચિત્તોડના કિલ્લા પર શામળિયા પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય બંધાવ્યું. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૯ થી ૩૩) રાણા તેજસિંહે પણ મેવાડમાં અમારિપાલન કરાવ્યું હતું. આચાર્ય દેવેન્દ્રસૂરિવરે ગુરૂદેવની સાથે શત્રુંજય, ગિરનાર, આબૂ વગેરે યાત્રાઓ કરી હતી. (પૃ૦ ૩૩)

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ દેવેન્દ્રસૂરિ, આ૦ વિજયચંદ્ર, ઉપા૦ દેવભદ્ર સં૦ ૧૩૦૧ના ફાગણ વદિ ૧૩ ને શનિવારે **પાલનપુર** પધાર્યા. ત્યાં વરહુડિયા આસદેવે **ઉપાસકસૂત્રવૃત્તિ** ગ્રં૦ ૧૧૨૮ લખાવી. આ૦ દેવેંદ્રસૂરિએ સં૦ ૧૩૦૨મા વીજાપુર (ઉજ્જૈન)માં વરહુડિયા કુટુંબના વરહુડિયા **વીરધવલ** તથા **ભીમદેવને** દીક્ષા આપી, તેઓનાં નામ મુનિ **વિદ્યાનંદ**, તથામુનિ **ધર્મકીર્તિ** રાખ્યાં. સં૦ ૧૩૦૪માં તે બંનેને **ગણિપદ** આપ્યું. (પ્રક૦ ૪૪, પૃ૦ ૧૧)

**મહુવા–ગ્રંથભંડાર**

આ૦ **દેવેન્દ્રસૂરિ** તથા આ૦ વિજયચંદ્રસૂરિના ઉપદેશથી મહુવાના સંઘે સં૦ ૧૩૦૯માં **સરસ્વતી ગ્રંથભંડાર** બનાવ્યો. તેઓ ત્યારબાદ સં૦ ૧૩૦૭માં થરાદ પધાર્યા. ત્યાં તેમને આ૦ મહેંદ્રસૂરિ મળ્યા. ત્યાર બાદ આ૦ દેવેન્દ્રસૂરિ માળવા તરફ વિહાર કરી ગયા, અને લગભગ ૧૨ વર્ષે ગૂજરાતમાં પધાર્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ બાર વર્ષના ગાળામાં આ૦ **વિજયચન્દ્રસૂરિ** ખંભાતમાં ચૈત્યવાસીઓની પાસત્થાવાળી "વડીપોષાળ"માં રહ્યા ત્યાં તે ચૈત્યવાસીઓ સાથેનો મીઠોસંબંધ, શ્રાવકો પ્રત્યેનો ગાઢપ્રેમ અને ઋદ્ધિગારવથી શિથિલાચારી–પ્રમાદી બની ગયા હતા. તેમણે "આ૦ દેવેન્દ્રસૂરિની આજ્ઞા" છોડી, પોતાનો **સ્વતંત્ર ગચ્છ** બનાવ્યો.

(પ્રક૦ ૪૪ પૃ૦ ૧૨)

**આ૦ દેવેંદ્રસૂરિ** પોતાના સંવેગી પરિવાર સાથે ગૂજરાતમાં આવ્યા. અને સં૦ ૧૩૧૯માં ખંભાત પધાર્યા. આ૦ **વિજયચંદ્રસૂરિએ** ગર્વના ઘેનમાં તેમનો વિનય—સત્કાર કર્યો નહીં, તેમજ શિથિલાચાર પણ છોડયો નહીં. આ૦ દેવેન્દ્રસૂરિએ "આ શિથિલાચારીઓની વડી–પોષાળમાં ઊતરવાનું ઉચિત ન ધાર્યું. અને બીજા સ્થાનમાં ઊતરવાનો વિચાર કર્યો."

આ રીતે સં૦ ૧૩૧૯માં બે ગુરુભાઈઓ વચ્ચે ખંભાતમાં ભેદ પડયો. ઘણા વિચારશીલ શ્રાવકોને "આ બંને આચાર્યો વચ્ચે ભેદ પડે" તે ઠીક ન લાગ્યું. સંગ્રામ સોનીના પૂર્વજ "**સોની સાંગણ ઓસવાલે**" આ બંને શાખામાં કયી શાખા સાચી છે? તેનો નિર્ણય કરવા તપસ્યા કરી, પ્રત્યક્ષપ્રભાવિ જિનપ્રતિમાની સામે ધ્યાન ધર્યું." **શાસનદેવીએ** સાંગણ સોનીને જણાવ્યું કે, "આ૦ દેવે-ન્દ્રસૂરિ **યુગોત્તમ** આચાર્યપુંગવ છે. તેમની જ ગચ્છપરંપરા લાંબા કાળ સુધી ચાલશે, માટે તારે તેમની ઉપાસના કરવી."

(—ગુર્વાવલી: શ્લો૦ ૧૩૭–૧૩૮)

સં૦ સોની **ભીમદેવ** ત્યાગ અને સંયમમાર્ગની તરફેણ કરતો હતો. તેણે આ૦ દેવેન્દ્રસૂરિને નાની પોષાળમાં ઉતાર્યા. આથી આ૦ દેવેન્દ્રસૂરિનો શિષ્યપરિવાર સં૦ ૧૩૧૯ માં ખંભાતમાં **લઘુપોષાળ**ના નામે પ્રસિધિ પામ્યો "લઘુપોષાળ એ વાસ્તવમાં **તપાગચ્છ**નું જ નામાન્તર છે."

**ગચ્છભેદ**—આ૦ વિજયચંદ્રસૂરિનો શિષ્યપરિવાર **મોટી પોષાળ**માં જેમનો તેમ શિથિલ બની રહ્યો. આ શિથિલઆચારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણે સં૦ ૧૩૧૯ માં ખંભાતમાં જ તપાગચ્છની મૂળ શાખાથી બીજી જૂદી શાખા **વડીપોષાળ**ના નામથી અસ્તિત્વમાં આવી, (પ્રક૦ ૪૪. પૃ૦ ૧૩) આ સમયે મૂળ શાખાનું બીજું નામ **તપાગચ્છ લઘુપોષાળ**, લહુડીપોષાળ,–લોઢી પોષાળ પડયું.

આ૦ દેવેન્દ્રસૂરિના વ્યાખ્યાનમાં સંવેગ, ત્યાગના અમોઘ રસવાળો શાંતરસનો પ્રવાહ વહેતો હતો. તેઓ ખંભાતના ચોકમાં રહેલા "કુમારપાલ વિહારના ઉપાશ્રયમાં" ધર્મોપદેશ દેતા હતા. **મહામાત્ય વસ્તુપાલ** તેમને વંદન કરવા આવ્યો. ત્યારે આચાર્ય મહારાજે ચાર વેદ ઉપર વ્યાખ્યાન આપ્યું. જેમાં જૈન અને જૈનેતર દર્શન સંબંધી સિદ્ધાંતોનું તલસ્પર્શી નિરૂપણ કર્યું. મહામાત્ય વસ્તુપાલે વ્યાખ્યાનમાં સામાયિક લઈને બેઠેલાઓને "મુહપત્તિની પ્રભાવના" કરી. લગભગ ૧૮૦૦ મુહપત્તિઓ ત્યારે તેમણે વહેંચી.

(—ગુર્વાવલી–શ્લોક ૧૧૪)

**પટ્ટધર**—આચાર્યમહારાજ ત્યાંથી વિહાર કરતા પાલનપુર પધાર્યા. આચાર્યમહારાજે અહીં સંઘની વિનંતિથી સં૦ ૧૩૨૨ માં પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં ઉપા૦ **વિદ્યાનંદગણિને આચાર્યપદ** અને **પં૦ ધર્મકીર્તિને ઉપાધ્યાયપદ આપ્યું.** આ સમયે મંદિરના મંડપમાં કેસરની દેવી વૃષ્ટિ થઈ. લોકમાં આશ્ચર્ય અને આનંદ ફેલાયો.

આચાર્યશ્રીએ આ૦ વિદ્યાનંદસૂરિને ગૂજરાતમાં વિચરવાની આજ્ઞા આપી. અને પોતે સં૦ ૧૩૨૪ માં વિહાર કરતા કરતા ફરીવાર માળવા પધાર્યા. સંભવ છે કે, તેમણે **ઉપા૦ ધર્મકીર્તિને** માળવાના વિહારમાં પોતાની સાથે રાખ્યા હોય.

**સ્વર્ગ—આ૦ દેવેન્દ્રસૂરિ** સં૦ ૧૩૨૭માં માળવામાં (અગર મારવાડના સાચોરમાં) કાળધર્મ પામ્યા.

આ સમાચાર મળતાં ભારતના **જૈન** સંઘમાં ભારે ગમગીની ફેલાઈ. ખંભાતના **સં૦ ભીમદેવે** "તે દિવસથી અન્ન લેવાનો ત્યાગ કર્યો. સં૦ ભીમદેવે ૧૨ વર્ષ સુધી અનાજ ખાધું નહીં," સાથેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિવરોએ માળવાથી ગૂજરાત તરફ વિહાર કર્યો. આ૦ દેવેન્દ્રસૂરિએ "દેવેન્દ્ર અંકવાળા" ગ્રંથો બનાવ્યા, જેનાં નામ નીચે મુજબ જાણવા મળે છે.—

૧. ધર્મરત્ન પ્રકરણ–ટીકા.†
૨. સુદંસણાચરિયં.
૩, ૪, ૫, ભાષ્યત્રય ગા૦ ૧૫૨,
૬. સિદ્ધ પંચાશિકા ગા૦ ૫૦
૭. સિદ્ધ પંચાશિકા–વૃત્તિ ગ્રં૦ ૮૭૫૦
૮. શ્રાદ્ધવિધિ કૃત્ય.
૯. શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રવૃત્તિ* (વંદારુવૃત્તિ) ગ્રં૦ ૨૭૨૦
૧૦. પંચનવ્ય કર્મગ્રંથ†
  ૧. કર્મ વિપાક : ગા૦ ૬૧
  ૨. કર્મસ્તવ : ગા૦ ૩૪
  ૩. બંધવિધાન : ગા૦ ૨૫
  ૪. ષડશીતિ : ગા૦ ૮૬
  ૫. શતક : ગા૦ ૧૦૦
૧૧. ૭ કર્મગ્રંથ-ટીકા†
૧૨. સાસય જિણથયં. ગા : ૨૪
૧૩. ધારણાયંત્ર.

આ ગ્રંથો સિવાય તેમણે 'સિરિ ઉસહવદ્ધમાણ' વગેરે સ્તવનો તથા યુગપ્રધાન સ્વરૂપયંત્રની રચના કરી હતી.

---

* શ્રીવન્દારુવૃત્તિ પ્રશસ્તિ—

"इति श्री षड्विध आवश्यकविधिः ॥ एवं ग्रन्थाग्रं २७२० ॥
कृतिरियं सुविहितशिरोमणीनां श्रीमद्देवेन्द्रसूरीणाम् ॥ छ ॥
रसत्रिलोचनश्चैव कलासंपूर्णा वर्त्तते (१६३६)।
ग्रहयोगवियुक्तश्च मधौ च कृष्णपक्षके ॥ १ ॥
बृहद्गणगच्छाधीशाः सूरिश्री शीलदेवाख्याः ।
तच्छिष्येणैव लिखिता भानुप्रभोर्वृत्तिमिमाम् ॥ २ ॥
प्रवाच्यमानं कृतिभिस्तु नन्द्यात् ॥ शुभं भूयात् ॥
(—શ્રી જૈન સાહિત્યપ્રદર્શન, શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧.)

**નોંધ**—જો કે **સંપાદકે** આ ગ્રંથ લખવાની સાલ વિ૦ સં૦ ૧૨૩૬ છાપી છે, પરંતુ વાસ્તવમાં તો સં૦ ૧૬૩૬માં જોઈએ. **આ૦ દેવેન્દ્રસૂરિ** કે **આ૦ શીલદેવમાંથી** કોઈ સં૦ ૧૨૩૬માં થયા નથી. આ૦ શીલદેવ ૧૭મી સદીમાં થયા છે (પ્રક૦ ૪૧ પૃ૦ ૫૮૯) તેથી આ પાઠ— रसाग्नियोजिते वर्षे चंद्रकला सम्पूर्णे ॥ शते ॥ એ પ્રકારે જોઈએ. પં૦ શ્રી કીર્તિસુંદરગણિએ સં૦ ૧૫૧૧ માં વન્દારુવૃત્તિ નો બાલાવબોધ કર્યો.

† ઉપર્યુક્ત આ૦ દેવેન્દ્રસૂરિના ગ્રંથો પૈકી ૧, ૧૦, ૧૧ ની પ્રશસ્તિમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમની પાટે એક પછી એક (૧) આ૦ વિદ્યાનંદસૂરિ, (૨) આ૦ ધર્મઘોષસૂરિ એમ બે આચાર્યો થયા.

આ૦ વિદ્યાનંદસૂરિ ગુરુદેવની જેમ શાંત, સંવેગી, ત્યાગી અને વિદ્વાન હતા.

**પ્રભાવક મુનિવરો—**

આ સમયે શ્વેતાંબર જૈન સંઘમાં સમર્થ વિદ્વાનો આચાર્યો અને ગ્રંથકારો થયા.

આ સમયે **આ૦ વિનયમિત્ર યુગપ્રધાન** થયા. તે સં૦ ૧૨૭૪માં સ્વર્ગે ગયા. નાગેન્દ્ર ગચ્છના **આ૦ વિજયસેનસૂરિ** આ૦ ઉદયપ્રભસૂરિ, આ૦ મલ્લિષેણસૂરિ (પ્રક૦ ૩૫, પૃ૦ ૬,૭), મલધાર ગચ્છના આ૦ દેવપ્રભ આ૦ નરચંદ્રસૂરિ, (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૩૪), આ૦ વાદીદેવસૂરિના શિષ્ય **આ૦ રત્નપ્રભસૂરિ** (પ્રક૦ ૪૧, પૃ૦ ૫૭૮), રાજગચ્છના **આ૦ માણેકચંદ્રસૂરિ** થયા, જેમણે કાવ્યપ્રકાશપર 'સંકેતટીકા' સં૦ ૧૨૭૬માં રચી હતી. (પ્રક૦ ૩૫, પૃ૦ ૩૭)

---

**આ૦ દેવેન્દ્રસૂરિ** લખે છે કે—અ પં૦ **વિદ્યાનંદે** ધર્મરત્ન પ્રકરણની પહેલી પ્રતિ લખી અને તેને મહો૦ હેમકળશ તેમજ પં૦ ધર્મકીર્તિએ સંશોધી.

(—ધર્મરત્ન પ્રકરણ ટીકા)

આ વિબુધવર **धर्मकीर्ति—श्रीविद्यानंदसूरि**मुख्यैः ।

स्व-परसमयैककुशलैस्तदैव संशोधिता चेयम् ॥७॥ (કર્મગ્રંથ ટીકા)

આ બંને પ્રશસ્તિઓ ઉપરથી તારવી શકાય છે કે, સં૦ ૧૩૦૪ થી ૧૩૨૩ ના ગાળામાં "ધર્મરત્ન પ્રકરણ ટીકા," બની હતી. એ સમયે આ૦ વિદ્યાનંદ, તથા આ૦ ધર્મઘોષ પંન્યાસ હતા. આચાર્ય કે ઉપાધ્યાય ન હતા થયા. તેમજ સં૦ ૧૩૨૩ થી સં૦ ૧૩૨૭ના ગાળામાં "કર્મગ્રંથ ટીકા" બની. જ્યારે આ૦ વિદ્યાનંદ **આચાર્ય** હતા. અને આ૦ ધર્મઘોષ **ઉપાધ્યાય** બની ચૂકયા હતા. તેઓ બંને ત્યારે જૈન, જૈનેતર શાસ્ત્રોના પારગામી બની ચૂકયા હતા.

**શ્રી દોલતસિંહ** લોઢા અરવિંદ B, A લખે છે કે ગૂર્જરેશ્વર કુમારપાલના સમયે ઠ૦ કટુકરાજ પોરવાડ હતા. તેના પુત્ર સોલાક (પત્ની—રાજૂદેવી)ના પુત્ર **શેઠ જગસિંહે** સં૦ ૧૨૨૮ શ્રા. સુ. ૧ સોમવારે પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યથી "આ૦ દેવેન્દ્રસૂરિની કર્મવિપાકવૃત્તિ વિગેરે ૩ ગ્રંથો" લખાવ્યા. (પ્રાગ્વાટ ઈતિહાસ પૃ૦ ૨૩૧)

**નોંધ**—સંભવ છે કે—આ સં૦ ૧૩૨૮ હોય?

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજગચ્છના **આ૦ બાલચંદ્રસૂરિએ** સં૦ ૧૨૮૬, ૧૨૮૭માં 'કરુણવજ્રાયુધનાટક' રચ્યું અને સં૦ ૧૨૯૮માં 'વસન્ત–વિલાસ' નામે કાવ્યગ્રંથ બનાવ્યો. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૩૨) આ૦ **જયસિંહ-સૂરિએ** "હમ્મીરમદમર્દન" નાટકની રચના કરી (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૬૪). વેણીકૃપાણ વાયડગચ્છના **આ૦ અમરચંદ્રસૂરિએ** 'બાલ ભારત, કવિકલ્પલતા,' 'છન્દો રત્નાવલી–મંજરી–વૃત્તિ, પદ્માનન્દ કાવ્ય વગેરે અનેક ગ્રંથોની રચના કરી. (પ્રક૦ ૪૩ પૃ૦ ૭૫૩)

**આ૦ શાલિભદ્રસૂરિએ** સં૦ ૧૨૪૧માં ગુજરાતી ભાષામાં 'ભરતેશ્વર બાહુબલી રાસ' બનાવ્યો. પિપ્પલક ગચ્છમાં આ૦ શીલભદ્ર થયા. (પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૨)

આ૦ જિનવલ્લભસૂરિની પરંપરાના મધુકરગચ્છના **આ૦ અભય-દેવસૂરિ**–વાદિસિંહે સં૦ ૧૨૭૮માં રૂદ્રોલી ગામમાં **રુદ્રપલ્લી** ગચ્છની સ્થાપના કરી. એ જ પરંપરાના આ૦ કમલપ્રભે પ્રાકૃત ભાષામાં 'પાર્શ્વનાથસ્તવન' ગા: ૭, 'જિનપંજર સ્તોત્ર' ગા૦ ૨૫ રચ્યાં. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૩૬)

ખરતરગચ્છના આ૦ **જિનેશ્વરે** (સં૦ ૧૨૭૮–૧૩૩૧)માં ખરતરગચ્છની (૧) ઓસવાલ ગચ્છ અને (૨) શ્રીમાલીગચ્છ એમ બે પરંપરા સ્થાપન કરી. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૧) ઉપા૦ **અભય-તિલકગણિએ** સં૦ ૧૩૧૨માં પાલનપુરમાં સંસ્કૃત 'દ્વયાશ્રય મહાકાવ્ય વૃત્તિ' રચી. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૨) ઉપા૦ **પૂર્ણકળશે** સં૦ ૧૩૦૭માં પ્રાકૃત 'દ્વયાશ્રય મહાકાવ્ય વૃત્તિ' બનાવી (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૨, પ્રક૦ ૪૧ પૃ૦ ૬૩૩). પૂનમિયાગચ્છના **આ૦ પરમદેવ** સં૦ ૧૩૦૨માં થયા. મહાદાની **જગડૂશાહ** તેમનો શ્રાવક થયો (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૯૮) અંચલગચ્છના **આ૦ મહેન્દ્રસૂરિ** સં૦ ૧૩૦૭માં થરાદમાં હતા. (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૨૨)

પૂનમિયાગચ્છના ચતુર્દશી પક્ષમાં **આ૦ દેવેન્દ્રસૂરિ** થયા. તેમણે સં૦ ૧૨૮૬માં તપા૦ ઉ૦ વિજયચંદ્રગણિને આચાર્યપદ આપ્યું. (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૬, પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦) તેમના પટ્ટધર **આ૦ હેમપ્રભસૂરિએ** સં૦ ૧૩૦૫માં 'ત્રૈલોક્ય પ્રકાશ' નામે તાજિક ગ્રંથ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૧૬૦ બનાવ્યો. (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૭) સં. ૧૩૦૮માં કચ્છુલી ગચ્છમાં આ૦ કમલસિંહ થયા (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૨૨) આ૦ વાદિદેવસૂરિની પરંપરાના ૪૫મા આ૦ હરિભદ્રસૂરિના ગુરુભાઈ પં૦ **વિદ્યાકરગણિએ** સં૦ ૧૩૬૮માં 'શબ્દાનુશાસનવૃત્તિ દીપિકા'નો ઉદ્ધાર કર્યો. **આ૦ મુનીન્દ્રસૂરિએ** સં૦ ૧૩૨૨માં સંક્ષિપ્ત 'શાન્તિનાથ ચરિત્ર' રચ્યું. **આ૦ જયાનંદે** સં૦ ૧૨૬૮માં જાલોરના જિનાલાયમાં સ્વર્ણકલશ ચડાવ્યો.

નાગોરીતપા (૪૪ મા) આ૦ ગુણસમુદ્ર સં૦ ૧૩૦૮માં સ્વર્ગે ગયા. (૪૫મા **આ૦ જયશેખરે** સં૦ ૧૩૦૧માં "ક્રિયોદ્ધાર" કર્યો અને **નાગોરી તપાગચ્છ** સ્થાપન કર્યો. (પૃ૦ ૪૧ પૃ૦ ૫૯૨) તેમના જ પટ્ટધર (૪૬ મા) આ૦ વજ્રસેનસૂરિ થયા. તેમને બાદશાહ **અલ્લાઉદ્દીન ખીલજી** બહુ માનતો હતો.

(પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૨, પ્રક૦ ૪૪, પૃ૦ ૪૭)

નાગેન્દ્રગચ્છના આ૦ વર્ધમાનસૂરિએ સં૦ ૧૨૯૯ માં પાટણમાં વાસુપૂજ્ય ચરિત્ર ગ્રં૦ ૫૪૯૪ બનાવ્યું. (પ્ર૦ ૩૫, પૃ૦ ૫)

**ગ્રંથભંડારો**

આ૦ દેવેન્દ્રસૂરિ, આ૦ વિજયચંદ્રસૂરિ અને મહો૦ દેવભદ્રગણિ વગેરેના ઉપદેશથી મહુવા, ગુજરાત, પાટણ, વીજાપુર, ખંભાત વગેરે સ્થળોમાં મોટા ગ્રંથભંડારો બન્યા, તેમજ વિવિધ આગમગ્રંથો લખાયા.

આ ગ્રંથભંડારોની ગ્રંથપુષ્પિકાઓથી એટલું તારવી શકાય છે કે, "આ૦ દેવેન્દ્રસુરિ તથા આ૦ વિજયચંદ્રસૂરિએ જૈન આગમોની રક્ષા અને સુલભ પ્રાપ્તિ બને, એ માટે જૈન સંઘો પાસે જાહેર જ્ઞાનભંડારો સ્થાપન કરાવ્યા "આવા જાહેર જ્ઞાનભંડારો સ્થાપન કરનારા" આ પહેલ વહેલા આચાર્યો થયા.[1]

---

૧. મહુવાનો સરસ્વતી ભંડાર સાક્ષી પૂરે છે કે, મહુવા તે સમયે જૈનધર્મનું કેંદ્ર હતું; આથી મહુવામાં ગ્રંથભંડારોની ઘણી અગત્ય હતી. **ટીંબા** વગેરે ગામો એ સમયનાં છે. દુઃસાધ્ય વંશની રાજૂએ સં૦ ૧૪૪૧ માં કાવિ, ટીંબા અને હાથસણીમાં દેરાસર કરાવ્યાં.

(પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૦, ક૦ ૬, તથા પ્રક૦. ૪૫, ૫૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ આચાર્યો પછી ઘણા જૈનાચાર્યોએ ગ્રંથભંડારોની પ્રવૃત્તિને ઓછા–વધુ પ્રમાણમાં ચાલુ રાખી હતી.[1]

## મહુવાનો શ્રી સરસ્વતી જ્ઞાનભંડાર

संवत १३०६ वर्षे महा सु० १ गुरावद्येह श्रीमधुमत्यां प्रभुश्री देवेन्द्रसूरि–प्रभुश्री विजयचन्द्रसूरीणां सद्देशनाश्रवणतः संजातशुद्धसंवेगैः श्री श्रमणसंघस्य पठनार्थं **श्रीवाग्देवताभांडागार**करणाय धवलक्कवास्तव्य ठ० साहर, द्वीपवास्तव्य ठ० मदन, ठ० आह्लणसीह, ठ० जयंतसीह ठ० जयता, ठ० राजा, ठ० पदमसीह, श्रीमधुमतीवास्तव्य महं० जिणदेव, भा० सूमा, व्यव० नारायण, व्य० नागपाल, सौ० वयरसीह, सौ० रतन, ठ० रतन, भां० जसहड, वसाधीणा, ठ० लेखक अरिसींह, भां० आजड, टिंबाणकवास्तव्य श्रे० दो० सिरिकुमार ठ० आंबड ठ० पाह्लण तथा देवपत्तनवास्तव्य सौ० आल्हण ठ० आणंद प्रभृति समस्तश्रावकै मिलित्वा मोक्षफलाऽवाप्तये स्वपरोपकाराय श्रीसर्वज्ञागमसूत्र–तथा वृत्ति–तथा चूर्णि–तथा निर्युक्ति–प्रकरण–[ ग्रंथ ] – सूत्रवृत्ति–वसुदेवहिंडिप्रभृतिसमस्तकथा–

जैनम् जयति शासनम्

---

(૧) ખરતરગચ્છના ૫૧મા આ૦ **જિનભદ્રસૂરિ** ( પ્રક૦ ૪૦, પૃ૦ ૪૭૫ ) તપગચ્છના ૫૦ મા આ૦ સોમસુંદરસૂરિ ( પ્રક૦ ૫૦, પૃ૦ ) વૃદ્ધતપાગચ્છના ૬૦મા **આ૦ લબ્ધિસાગરસૂરિ** ( પ્રક૦ ૪૪, પૃ૦ ૨૫ ) વગેરે જૈનાચાર્યોએ વિવિધ નગરોમાં મોટા ગ્રંથભંડારો સ્થાપન કરાવી, આ પ્રવૃત્તિને મોટો વેગ આપ્યો છે. તેમની એ દીર્ઘદર્શી કૃપાનું અને રક્ષણપદ્ધતિનું ફળ છે કે, આજે પાટણ, અમદાવાદ, ખંભાત, લીંબડી, બિકાનેર, જેસલમેર, પૂના વગેરે સ્થાનોમાં જૈન ગ્રંથભંડારો વિદ્યમાન છે.

આગમપ્રજ્ઞ આ૦ **સાગરાનંદસૂરિએ** જૈન આગમોની રક્ષા અને તેને ચિરકાળ ટકાવી રાખવા માટે આગમોદયસમિતિ, શિલાઆગમમંદિર, અને તામ્રાગમ મંદિર સ્થાપન કરાવ્યાં. તેઓ આ વિષયમાં સર્વપ્રથમ પહેલ કરનારા ગણાય છે.

આગમપ્રભાકર પૂ૦ મુ૦ મ૦ **પુણ્યવિજયજી** મહારાજે આ ભંડારોના ગ્રંથોને લોકભોગ્ય બનાવવા માટે ભારત સરકારનું ધ્યાન ખેંચ્યું છે. આ દિશામાં કાર્યકરનારા તેઓ પહેલ વહેલા મુનિવર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

लक्षण—साहित्य—तर्कादिसमस्त ग्रंथलेखनाय प्रारब्ध पुस्तकानां मध्ये प्रवचन-सारोद्धार वृत्तितृतीयखंडपुस्तकम् लिखितं ठ० अरिसींहेन ॥

ज्ञानदानेन जानाति, जन्तुः स्वस्य हिताहितम् ।
वेत्ति जीवादितत्त्वानि विरतिं च समश्नुते ॥ १ ॥

ज्ञानदानात् त्ववाप्नोति केवलज्ञानमुज्ज्वलम् ॥
अनुगृह्याखिललोकं लोकाग्रमधिगच्छति ॥ २ ॥

न ज्ञानादानाधिकमत्र किञ्चिद्, दानं भवेद् विश्वकृतोपकारम् ।
ततो विदध्याद् विबुधः स्वशक्त्या विज्ञानदाने सततप्रवृत्तिम् ॥ ३ ॥

( —પાટણ–સંઘવીપાટકાવસ્થિત–ભાણ્ડાગાર પુષ્પિકા )

એટલે "તપગચ્છના **આ૦ દેવેન્દ્રસૂરિ** તથા **આ૦ વિજયચંદ્રસૂરિના** ઉપદેશથી સં૦ ૧૩૦૬ મહા સુદિ ૧ ને ગુરુવારે મહુવામાં ધોળકા, દીવબંદર, મહુવા, ટીંબાનક, દેવપત્તન (દેવપાટણ) ના જૈનોએ મળી સ્વપરના ઉપકાર માટે અને મોક્ષપ્રાપ્તિ માટે "મોટો જ્ઞાનભંડાર" સ્થાપન કર્યો, અને તેમાં જૈનાગમો, જૈનાગમ પંચાંગી, પ્રાચીન શાસ્ત્રો, ગ્રંથો, વ્યાકરણ, કાવ્ય, ન્યાય, સાહિત્ય, કથા વગેરે વિવિધ વિષયના ગ્રંથો લખાવી મૂકવા નક્કી કર્યું.

(—જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પ્ર૦ નં૦ ૧૧૦

આ રીતે સં૦ ૧૩૦૬માં મહુવામાં સરસ્વતી જ્ઞાનમંદિર બન્યું હતું આ જ્ઞાનભંડાર અત્યારે ત્યાં નથી.

(૧) **ટીંબા**—ટીમાણા જૂનું ગામ છે. તેમાં દોશી શ્રી કુમાર ગૂર્જર શ્રીમાલી ઠ૦ આંબડ, ઠ૦ પાલ્હણ (પ્રક૦ ૪૨, પૃ૦ ૭૨૧), **ભીમો કુંડલિયો** (પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૩), **વિક્રમશી** ભાવસાર (પ્રક૦ ૩૪, પૃ૦ ૬૦૨) પ્રક૦ ૬૭) વગેરે **નરરત્નો** થયા હતા.

## પાટણનો સરસ્વતી જ્ઞાનભંડાર

પાટણના જૈનસંઘે **આ૦ દેવેન્દ્રસૂરિના** ઉપદેશથી મોટો ગ્રંથભંડાર બનાવ્યો હતો. વિવિધ ગચ્છના આચાર્યોએ જૂદાં જૂદાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનોના જૈનો પાસે વિવિધ ગ્રંથો લખાવી, તે ગ્રંથભંડારમાં દાખલ કર્યા હતા. તેમાંના કેટલાક આ હતા.—

(૧) આ૦ દેવેન્દ્રસૂરિના ઉપદેશથી તેમના કુટુંબના શા૦ **ધીણાક** પોરવાડ તથા **મોઢા** પોરવાડે સં૦ ૧૨૯૬માં 'ઉત્તરાધ્યયનસૂત્ર લઘુવૃત્તિ અને આખ્યાનક મણિકોશવૃત્તિ ગ્રંથો લખાવ્યા હતા.

(–પ્રક૦ ૪૫, પૂર્ણદેવ પોરવાડનો વંશ)

(૨) આ૦ દેવેન્દ્રસૂરિના પટ્ટધર, આ૦ **વિદ્યાનંદસૂરિના** પટ્ટધર આ૦ **ધર્મઘોષસૂરિ**ના ઉપદેશથી દયાવટ (દીયાણા)ના શેઠ હોનાક, શેઠ કુમારસિંહ પોરવાડ, શેઠ સોમાક, શેઠ અરિસિંહ, શેઠ કડુઆ, શેઠ સાંગોક, શેઠ ખીસ્વાક, શેઠ સુહડ વગેરે શ્રાવકસંઘે 'શ્રાદ્ધદિનકૃત્યટીકા' લખાવી' પાટણના સરસ્વતી ગ્રન્થભંડારમાં આપી હતી.

(–શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૧, પ્ર૦ નં૦ ૪૮, પૃ૦ ૪૩, ૪૪)

(૩) મેવાડના મંત્રી સોનગરા **સીમંધર**ના કુટુંબે સં૦ ૧૩૫૨ માં ગ્રંથો લખાવ્યા હતા. (–જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ. પ્ર૦ નં. ૩૩)

(૪) ઉપકેશગચ્છના આ૦ દેવગુપ્તસૂરિના શિષ્ય **પં૦ પાર્શ્વગણિ**ના ઉપદેશથી સં૦ ૧૩૫૨માં શેઠ કુમારસિંહ પોરવાડના વંશજ શેઠ **આશાધરે** 'ઉત્તરાધ્યયનસૂત્ર–લઘુવૃત્તિ' લખાવી.

(–શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૧, પ્ર૦ નં૦ ૩૯ પૃ૦ ૩૧)

(૫) શેઠ **વીરા** પોરવાડને (૧) વયજા, (૨) સાજન અને (૩) શા૦ જય, એમ ત્રણ પુત્રો હતા. તેમાંનો શા૦ **વયજા** પરોપકારી હતો. તેને માકૂ નામની પત્નીથી ૧ તેજા, **૨. ભીમા,** ૩. સંપૂરણ, અને ૪. પદમો, એમ ચાર પુત્રો થયા. તથા (૫) **રૂપલસુંદરી** નામે પુત્રી થઈ.

શેઠ વીરાના ત્રીજા પુત્ર શા૦ **જયકુમારે** તપગચ્છના આ૦ **સોમતિલકસૂરિ** પાસે દીક્ષા લીધી. અને સં૦ ૧૪૨૦ ના ચૈત્ર સુદિ ૧૦ના રોજ પાટણમાં સિંહપલ્લીવાલના ઉત્સવમાં આચાર્યપદ પ્રાપ્ત કર્યું તેમનું **આ૦ જયાનંદસૂરિ** એવું નામ રાખવામાં આવ્યું.

(–પ્રક૦ ૩૫, પૃ૦ ૬૬ તથા પ્ર૦ ૪૮)



જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

વયજાની પુત્રી **રૂપલસુંદરીને** બચપણથી જ ધર્મસંસ્કાર મળ્યા હતા. તે દેવગુરુ પ્રત્યે ભક્તિવાળી, દયાળુ અને તપસ્વી હતી. તેણે આ૦ **જયાનંદસૂરિના** ઉપદેશથી સં૦ ૧૪૫૮ના પ્રથમ ભાદરવા સુદિ ૮ ના રોજ પાટણમાં 'પઉમચરિય' (ગ્રં૦ ૧૦૫૦૦) લખાવ્યું અને સં૦ ૧૪૫૯માં પાટણના સરસ્વતી ગ્રંથભંડારમાં મૂક્યું.

(—શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૯૮, પૃ૦ ૬૨)

(૬) દોલતાબાદના "દુઃસાધ્યવંશ"ના **શેઠ જગતસિંહ** શ્રીમાલીના પુત્ર સાધુપદ્મસિંહની પુત્રી **રાજૂએ** આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી વિવિધ સ્થાનોમાં જિનાલયો બંધાવ્યાં અને 'જંબૂદ્દીવ પન્નત્તિટીકા' ગ્રંથ લખાવ્યો.

(—જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ નં૦ ૯૬; પ્રક૦ ૪૫ દુઃસાધ્ય વંશ)

(૭) તપાગચ્છીય આ૦ જયાનંદસૂરિના શિષ્ય (ચરણ-કમલચંચરીક) ગચ્છનાયક (૪૯મા) **ભ૦ દેવસુંદરસૂરિ**, આ૦ જ્ઞાનસાગરસૂરિ, આ૦ કુલમંડનસૂરિ, આ૦ ગુણરત્નસૂરિ, મહો૦ દેવશેખરગણિ, પં૦ દેવભદ્ર ગણિ, પં૦ દેવમંગલગણિ, વગેરે પરિવારને વ્યાખ્યાનમાં વાંચવા માટે **દિયવરાના** શ્રાવક **વીરા** આલ્હાના પુત્ર ધર્માત્મા **કરણસિંહે** સં૦ ૧૪૩૬ ના પોષ સુદિ ૬ ને ગુરુવારના રોજ શ્રી પાર્શ્વનાથચરિત્ર (ગ્રં૦ ૬૦૭૪) લખાવ્યું. અને પાટણના **સંઘપતિ સોમર્ષિ** તથા શેઠ પ્રથમ વગેરે શ્રી સંઘને અર્પણ કર્યું.

(—શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૧૧૦, પૃ૦ ૭૦)

(૮) શંખલપુરના મંત્રી **ભીમ પોરવાડના**, પુત્ર મંત્રી ઠ૦ લીંબાકની પત્ની **લુણાકે** આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૪૧ ના પોષ વદિ ૧૨ ના રોજ ભરૂચમાં શબ્દાનુશાસન—અવચૂરિ લખાવી હતી. આ પ્રતિ પાટણના જ્ઞાનભંડારમાં છે.

(—શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨ પ્રશ૦ નં૦ ૧૬)

(૯) **પાટણના** ઠ૦ પેથાની પુત્રી **પૂજીએ** આ૦ જયાનંદસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૪૧ ના ચૈત્ર વદિ ૪ ને ગુરુવારે "પ્રશ્નોત્તર રત્નમાલાવૃત્તિ" લખાવી. (—શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૦) સં૦ ૧૪૪૯ના કાર્તિક વદિ ૧૩ ને શનિવારે પાટણના **વીરમપાડાના ઉપાશ્રયમાં** શ્રી શબ્દાનુશાસન લખાવ્યું,

(–શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૭)

(૧૧) **હડાલા**ના શેઠ **ધરમશી** પોરવાડે આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી પાટણમાં "મોટો ગ્રંથભંડાર" સ્થાપન કર્યો. તેના માટે સં૦ ૧૪૭૪ના માગશર સુદિ ૬ સુધીમાં એક લાખ શ્લોકાત્મક આગમગ્રંથો લખાવ્યા. અને સં૦ ૧૪૮૧ સુધીમાં બે લાખ શ્લોકાત્મક ગ્રંથો લખાવ્યા. (–જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૪૭,૪૮ પ્રક૦ ૫૦ ધરમશી હડાલિયો,)

(૧૨) શેઠ **ગોવિંદ** શ્રીમાલીએ સં૦ ૧૪૭૯માં સમસ્ત આગમગ્રંથો તાડપત્ર પર લખાવ્યા. (—પ્રક૦ ૪૯, કલમ ૧૧)

(૧૩) **નાગોર**ના સાધુ હીરા ઓશવાલની પુત્રી તથા સરસ્વતી પાટણના સંગ્રામસિંહ ઓશવાલની પત્ની **દેઉએ** તપાગચ્છના ગુરુ આ૦ **સોમસુંદરસૂરિના** ઉપદેશથી સં૦ ૧૪૮૨માં પંચકલ્પસૂત્રની પ્રતિ લખાવી. (—શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૨૩)

(૧૪) માળવાના **ખરસઉદ** (ખાચરોદ) નગરના તપાગચ્છીય પોરવાડ શા૦ નાનુ, તેની પત્ની રાજૂ, તેઓના પુત્રો શા૦ પાસડ, શા૦ દેલ્હા, શા૦ પેથા, **શા૦ ગાંગા**, શા૦ ડૂંગર; તે પૈકીના શા૦ ગાંગાજીની પત્ની સાવિત્રી, તેનો પુત્ર શા૦ કર્મસિંહ, તેની પત્ની લાઠી, તેમના પુત્રો વાછા, આલ્હા, તેની પત્ની નાઈ, બેન ટરકૂ વગેરે કુટુંબ પરિવાર સાથે **શા૦ કર્માશાહે** સં૦ ૧૫૦૯ના અષાડ સુદિ ૨ ને સોમવારે **અણહિલ** ગામમાં તપાગચ્છીય આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય **રત્નહંસગણિને** ભણવા માટે ઔદીચ્ય જ્ઞાતિના ધરણિધર પાસે શ્રી શાન્તિનાથચરિત્ર લખાવ્યું.

આ પુસ્તક **શા૦ કર્મસિંહે** પોતાના પરિવાર સાથે સં૦ ૧૫૧૧માં ખરસઉદમાં વડગચ્છની શાખા તપગચ્છના **ગચ્છનાયકો** આ૦ સોમસુંદરસૂરિ, આ૦ મુનિસુંદરસૂરિ, આ૦ શ્રી જયાનંદસૂરિ, આ૦ જિનસુંદરસૂરિની પરંપરાના વિદ્યમાન આ૦ શ્રી રત્નશેખરસૂરિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ શ્રી ઉદયનંદિસૂરિ, **આ૦ શ્રી લક્ષ્મીસાગરસૂરિશિષ્ય આ૦ શ્રી સોમદેવસૂરિ**શિષ્ય પં૦ રત્નહંસગણિના ઉપદેશથી પાંચમ તપનું ઉજમણું કર્યું, તે માટે લખાવ્યું.

( —શ્રી જૈનસાહિત્ય પ્રદર્શન—શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૬૩ )

(૧૫) પાટણના ૧. શેઠ **મદન** શ્રી માલીના વંશમાં અનુક્રમે ૨. સાધુ દેવરાજ, ૩. સરવણ, ૪. **શેઠ સદારંગ** અને ૫. શેઠ અમરદત્ત થયા હતા.

શેઠ **દેવરાજે** ઉપર મુજબના પરિવારને સાથે રાખી સં૦ ૧૫૨૭ના આસો વદિ ૭ને રવિવારે 'અંગવિજ્ઝા પઈન્નય' ગ્રંથ લખાવ્યો. તથા સં૦ ૧૫૩૮માં તપાગચ્છના (૫૩મા) ભ૦ **લક્ષ્મીસાગરસૂરિ** તથા આ૦ સોમજય ગુરુના ઉપદેશથી મોટો ગ્રંથભંડાર બનાવ્યો.

( —શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૧૩૨, ૧૭૩ )
( જૈન ઇતિ૦ પ્રક૦ ૪૫, મદન શ્રીમાલીનો વંશ )

(૧૬) માંડવગઢમાં **ભણુશાળી માંડલિક** નામે હતો. તે "ખરતરગચ્છના ૫૫મા" **આ૦ જિનમાણિક્યસૂરિનો** ભક્ત શ્રાવક હતો. તેને લીલાદે નામે પત્ની હતી. સં૦ કીર્તિપાળ, સં૦ છીમરાજ, સં૦ જાનુ, સં૦ જાનુપુત્ર વિનય વગેરે પુત્રો અને પૌત્રો હતા.

તેણે સં૦ ૧૫૨૮, ૧૫૩૨ વગેરેમાં પોતાની જાતમહેનતથી મેળવેલ—ન્યાયોપાર્જિત દ્રવ્યથી વિવિધ ગ્રંથો લખાવ્યા. તેણે ઉપદેશમાલા—દોઘટ્ટીવૃત્તિ, દર્શનશુદ્ધિપ્રકરણવૃત્તિ, ખરતરગચ્છસામાચારી વગેરે ગ્રંથો લખાવી, સાધુઓને ભણવા માટે પાટણના જૈન ગ્રંથભંડારમાં મૂક્યા.

( —શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૩૭, ૧૫૦, ૧૫૨)

## વિજાપુરનો સરસ્વતી ગ્રંથભંડાર

વિજાપુરના તપગચ્છના **આ૦ દેવેન્દ્રસૂરિ** વગેરેના ઉપાસક શ્રીસંઘે "વિજાપુરની તપગચ્છની જૈન પોષાળમાં" આ૦ દેવેન્દ્રસૂરિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વિજયચંદ્રસૂરિ, ઉ૦ દેવભદ્ર ગણિ, પં૦ મલયકીર્તિ ગણિ, પં૦ અજિતપ્રભ ગણિ, પં૦ દેવકુમાર ગણિ, મુનિ નેમિકુમાર વગેરેના ઉપદેશથી મોટો **સરસ્વતી ગ્રંથભંડાર** બનાવ્યો હતો અને જૈનોએ તેમાં વિવિધ પ્રકારના આગમગ્રંથો તથા પ્રાકૃત–સંસ્કૃત ભાષાના ગ્રંથો લખાવીને મૂક્યા હતા.

સં૦ ૧૨૯૨ના વૈશાખ સુદિ ૧૩ના રોજ વિજાપુરના શ્રીસંઘમાં શા૦ ધનપાલ પુત્ર શા૦ **રતનપાલ,** ઠ૦ ગજપાલ, તેનો પુત્ર ઠ૦ વિજયપાલ, શેઠ દેલ્હા સુત **શેઠ બિલ્હણ** મહં૦ જિનપાલ, મહં૦ વિકલ પુત્ર, ઠ૦ **આસપાલ,** શેઠ સોલ્હા, ઠ૦ સહજા, તેનો પુત્ર ઠ૦ **અરિસિંહ,** શા૦ રાહડ પુત્ર શા૦ **લાહડ** વગેરે આગેવાન જૈનો હતા. અને (૧) પરમશ્રાવક શા૦ રતનપાલ, (૨) પરમશ્રાવક શા૦ વિલ્હણ, (૩) સાધર્મિક વાત્સલ્યમાં તત્પર ઠ૦ આસપાલ, તથા (૪) આગમ અને ઇતર ગ્રંથોની સારસંભાળ લેવામાં નિષ્ણાત શા૦ લાહણ વગેરે આ ગ્રંથભંડારોના **વહીવટદારો** હતા.

તેઓએ પણ વિવિધ આગમો, ટીકાઓ, પ્રકરણગ્રંથો અને ચરિત્રો વગેરે લખાવ્યાં હતાં.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**વિજાપુર પરિચય—** વિ૦ સં૦ ૯૨૭માં "વિજાપુર" વસ્યું.

( –કવિ બહાદુર પં૦ દીપવિજયજીનો સુધર્માગચ્છપટ્ટાવલી રાસ )

પાટણના રાજા **રત્નાદિત્ય ચાવડાએ** અહીં 'કુંડ કરાવ્યો હતો' તથા **ગૂર્જરેશ્વર કુમારપાલે** અહીં "કિલ્લો" બંધાવ્યો હતો.

મહામાત્ય વસ્તુપાલે 'ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલય'નો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

બીજો ઉલ્લેખ મળે છે કે, સં૦ ૧૨૫૯માં વિજલદેવ પરમારે વિજાપુર વસાવ્યું. (સંભવ છે કે તે મારવાડ ગોલવાડનું વિજાપુર હોય ?)

ચંદ્રસિંહ પોરવાડના વંશના શેઠ **પેથડે** વિજા નામના ક્ષત્રિય સાથે જઈ વિજાપુર વસાવ્યું. ત્યાં જિનાલય બનાવી, તેમાં સં૦ ૧૩૭૮માં સોનાની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

( –પ્રક૦ ૪૫ ચંદ્રસિંહ પોરવાડનો વંશ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપાગચ્છના **પં૦ અજિતપ્રભગણિવરે** સં૦ ૧૨૯૫માં વિજાપુરમાં 'ધર્મરત્નશ્રાવકાચાર' બનાવ્યો. (પ્રક૦ ૪૪ પૃ૦ ૯ ટીપ્પણી)

વિજાપુરમાં આજે શ્વેતાંબર તપગચ્છ ઘણાં જૈનોનાં ઘર છે. શ્વેતાંબર જૈનમંદિરો ૯ છે. અને હુંબડજ્ઞાતિનું દિ૦ જૈનમંદિર ૧ છે. તે મંદિરોના મૂળનાયકોનાં નામ આ પ્રકારે છે.–

૧. ચિંતામણિ પાર્શ્વનાથ ભ૦ નું મંદિર,

૨. શ્રી આદીશ્વર ભ૦ નું પદ્માવતીદેવીવાળું મંદિર

૩. શ્રી મહાવીરસ્વામી ભ૦નું મંદિર

૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી ભ૦નું મંદિર

૫. શ્રી શાંતિનાથ ભ૦ નું મંદિર

૬. શ્રી કુંથુનાથ ભ૦ નું મંદિર

૭. શ્રી કેશરિયા ઋષભનાથ ભ૦નું, પ્રતિષ્ઠા સં. ૧૮૭૩ તથા ૧૮૮૧

૮. શ્રી અરનાથ ભ૦ નું મંદિર, પ્રતિષ્ઠા સં૦ ૧૮૭૩ (જૂઓ પ્રક૦ ૫૫ સોમશાખાપટ્ટાવલિ ૬૬ મા ભ૦ આનંદસોમસૂરિ.)

૯. શ્રી ગોડીપાર્શ્વનાથ ભ૦નું મંદિર તથા ૧૦ હુંબડજ્ઞાતિનું ૧ દિગંબર મંદિર છે તેમજ ૧૧ આ૦ બુદ્ધિસાગરસૂરિનું એક સમાધિમંદિર છે.

ઉપર્યુક્ત મંદિરો પૈકી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભ૦ નું મંદિર પ્રાચીન છે. ભ૦ આદીશ્વર, ભ૦ મહાવીરસ્વામીનાં મંદિરોની પ્રતિષ્ઠા તપાગચ્છના વિજયનંદસૂરિ શાખાના નં૦ ૬૦મા ભ૦ **વિજયાનંદસૂરિ** અને આ૦ **વિજયરાજસૂરિએ** સં૦ ૧૭૦૬ના જેઠ વદિ ૩ ને ગુરુવારે કરી હતી. ભ૦ આદીશ્વરના મંદિરમાં **પદ્માવતી દેવી** અને **સરસ્વતી દેવીની** પ્રતિમાઓ છે. આ સિવાય ઘણા દેવાલયોમાં જૈનાચાર્યો, મુનિવરો વગેરેની ચરણ પાદુકાઓ પ્રતિષ્ઠિત છે. તે આ પ્રકારે જણાય છે.—

ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં (૧) સં૦ ૧૯૨૧ની પં૦ વિજયરત્નગણિની પાદુકા, (૨) સં૦ ૧૮૩૩ ના વૈશાખ સુદિ ૧૦ ને શુક્રવારની તપગચ્છના પં૦ અમરવિજયગણિની પાદુકા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદીશ્વર ભ૦ ના જિનાલયમાં (૧) સં૦ ૧૮૭૨ના મહા વદિ ૩ ને ગુરુવારની તપાગચ્છના વિજયાનંદસૂરિ શાખાના ભ૦ વિજય **મહેંદ્રસૂરિની** પાદુકા, (૨) મહો૦ કલ્યાણવિજયગણિની પરંપરાના પં૦ દર્શનવિજયગણિશિષ્ય પં૦ પ્રેમવિજયગણિના શિષ્ય પં૦ સર્વવિજયગણિની પાદુકા, (૩) જ૦ ગુ૦ આ૦ શ્રી હીરવિજયસૂરિની પરંપરાના × × ×ની સં૦ ૧૮૬૦ની પાદુકા, (૪) સં૦ ૧૭૯૧ ના ચૈત્ર વદિ ૭ ને શુક્રવારની આ૦ જિનસાગરસૂરિપ્રતિષ્ઠિત પં૦ રત્નસાગરગણિની પાદુકા, (૫-૬) સં૦ ૧૮૮૬ ના વૈશાખ સુદિ ૭ ને ગુરુવારની તપગચ્છની વૃદ્ધ પોષાળના પં૦ ફતેહસુંદરગણિ તથા પં૦ હિતસુંદરગણિની ચરણ પાદુકા, (૭) સં૦ ૧૮૬૦ ની પં૦ રૂપવિજયજી ગણિની ચરણ પાદુકા છે.

ગોરાદેવીના ખેતર પાસેના કુંડની નજીક નૈઋત્ય ખૂણામાં ૧-તપગચ્છના પં૦ પ્રેમવિજયગણિશિષ્ય શ્રી રૂપવિજયજીની પાદુકા છે.

**જન્મભૂમિ**—તપાગચ્છના આ૦ વિદ્યાનંદસૂરિ, આ૦ ધર્મઘોષસૂરિ, (પ્રક૦ ૪૬) આગમગચ્છના આ૦ આનંદરત્નસૂરિ (સં૦ ૧૬૭૬, મહા વદિ ૫ ), અંચલગચ્છના ( ૪૫ મા) આ૦ સિંહપ્રભસૂરિ (સં૦ ૧૨૮૩) (પ્ર૦ ૪૦ પૃ૦ ૫૨૩ )

પિપ્પલકગચ્છના આ૦ વિજયસાગરસૂરિ (સં૦ ૧૫૬૬ ના પોષ વદિ ૫ ને સોમવાર) વગેરે વિજાપુરના નર રત્નો થઈ ગયા.

આગમગચ્છના (૬૦ મા) આ૦ અમરરત્નસૂરિ, (૬૧ મા) આ૦ સોમરત્નસૂરિના ઉપદેશથી સં૦ ૧૫૭૩ ના ફાગણ સુદિ ૨ ને રવિવારે વિજાપુરમાં ‘ચતુર્વિંશતિપદ’ બન્યો હતો.

**શ્રી મણિભદ્ર મહાવીર** —(૧) વીજાપુર અને આગલોડની વચ્ચે ૧ કોશ દુર ‘મસેશ્વર મહાદેવ’ ના રસ્તામાં એક ખેતરમાં વૈદ્યવિદ્યાવિશારદ યતિવર **કવિરત્ન પં. અમૃતવિજયજીએ** મણિભદ્ર મહાવીરની દેરી બનાવી હતી, જે આજે જૈનોના વહીવટમાં છે. તથા તેમણે જ બ્રાહ્મણોના માઢ પાસે ‘સરસ્વતી દેવીની’ દેરી બનાવી હતી.

(૨) વિજાપુરથી ૫ કોશ દૂર **આગલોડમાં** તપાગચ્છની લઘુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોષાળના સોમશાખાના **આ૦ શાંતિસોમે** સં૦ ૧૭૩૩માં પ્રતિષ્ઠા કરેલા શ્રી મણિભદ્ર મહાવીરનું સ્થાન છે.

(–જૂઓ પ્રક૦ ૫૫, મણિભદ્રમહાવીરપરિચય)

**ખડાયતા** અને **મહુડી**

વિજાપુરથી અગ્નિખૂણામાં ૪ કોશ દૂર ૧. જૂનું ખડાયતા; ૨ નવું ખડાયતા અને ૩ મહુડી એમ ત્રણ સ્થાનો છે. જૂના ખડાયતામાં. ટેકરાઓ વગેરે છે. એક ટેકરા ઉપર **અંબિકાદેવીની પ્રતિમા** છે, તેની ઉપર પૈસો ખખડાવતાં "ધાતુ જેવો અવાજ" થાય છે. તે દેવીની પ્રતિમાની ચારે તરફ "જિનપ્રતિમાઓ તથા દેવી પ્રતિમાઓનાં ખંડિત અવશેષો" પડેલાં છે. ત્યાંથી આગળ જતાં **ભ૦ અજિતનાથ**ની ૩–૪ હાથ ઊંચી "ખડ્ગાસનસ્થ પ્રતિમા" વિદ્યમાન છે.

ખડાયતાના વતનીઓ ખડાયતા બ્રાહ્મણ, ખડાયતા વાણિયા વગેરે નામથી ઓળખાય છે, ખડાયતા ગામની પાસે **મહુડી** નામે ગામ વસેલું છે, જેનાં પ્રાચીન નામો મહિકાવતી અને મધુટી પણ જાણવા મળે છે.

**ખડાયતા જૈનો**—ઇતિહાસ કહે છે કે, મુનિ **રોહગુપ્તે** વીર નિ૦ સં૦ ૫૪૪ (વિ૦ સં૦ ૧૩૪) માં અંતરિજિયા નગરીમાં **ત્રૈરાશિકમત** ચલાવ્યો હતો. (—પ્રક૦ ૧૨, પૃ૦ ૨૭૫)

સંભવ છે કે, તેની બે પરંપરાઓ ચાલી હોય.

૧—**ત્રૈરાશિક—રોહગુપ્તે** જીવ, અજીવ અને નોજીવ એમ ત્રણ રાશિની પ્રરૂપણા કરી હતી. આથી તેની શિષ્ય પરંપરા **ત્રૈરાશિક** તરીકે વિખ્યાત થઈ, આ પરંપરા શિવભૂતિ સાથે જોડાઈ દિગંબરશાખામાં ભળી ગઈ (—પ્રક૦ ૧૪, પૃ૦ ૩૧૫)

૨—**ખડાયતન—રોહગુપ્તે** વૈશેષિકમત. ચલાવી, તેમાં છ વસ્તુઓને પ્રધાનતા આપી, જૈન દર્શનમાં પણ જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ વગેરે "છ દ્રવ્યો" મનાય છે. આથી તે પરંપરાવાળા "ખડાયતન" તરીકે વિખ્યાત થયા હશે.

બાર વર્ષનો દુકાળ પડયા પછી વીર સં૦ ૬૦૬ (વિ૦ સં૦ ૧૯૬) માં જૈન શ્રમણોના નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર એમ ચાર કુળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુળો બન્યાં હતાં, એ સમયે ખડાયતા **જૈનો નિર્વૃતિકુળમાં** દાખલ થયા હશે. (નિવૃર્તિકુલમાટે જૂઓ—પ્રક૦ ૧૪, પૃ૦ ૩૦૫)

**જૈનો** પૂર્વભારતમાંથી 'હીજરત' કરી મધ્ય ભારત તથા પશ્ચિમ ભારતમાં આવ્યા. મેવાડ, રાજપૂતાના, લાટ અને સૌરાષ્ટ્રમાં આવી વસ્યા, તેઓ પૂર્વભારતનાં તીર્થોની અને મોટા શહેરોની જિનપ્રતિમાઓને પોતાની સાથે લઈ આવ્યા, તેમની સાથેની જિનપ્રતિમાઓને તેનાં મૂળ તીર્થોનાં નામ સાથે સુમેળ ખાય, તેવાં નગરો કે તીર્થો વસાવી, તે તે સ્થળે સ્થાપન કરી. આ રીતે મધ્ય ભારત અને પશ્ચિમ ભારતમાં તે તે નામનાં ઘણાં **સ્થાપના તીર્થો** અસ્તિત્વમાં આવ્યાં. (સ્થાપનાતીર્થ માટે જૂઓ પ્રક૦ ૨, પૃ૦૪૪—પ્રક૦ ૩૨, પૃ૦ ૫૦૨ થી ૫૦૪; પ્રક૦ ૩૭, પૃ૦ **૩૮૨**, પ્રક૦ ૪૨, પૃ૦ **૭૪૩**, પ્રક૦ ૫૩)

સંભવ છે કે, કોટિવર્ષનગરના કે કોટિક ગચ્છની ભૂમિ ઉદયગિરિના કે નિર્વૃતિકુલના જૈનોએ સાબરમતી કે હાથમતી નદીના કિનારે વિદ્યાપુર કે ખડાયતા નગરો વસાવી, **કોટયર્ક તીર્થ** બનાવી, તે સ્થળે પોતાની સાથે લાવેલી જિનપ્રતિમાઓને સ્થાપન કરી હોય.

આ સમયે મધ્ય ભારતમાં તથા પશ્ચિમ ભારતમાં શત્રુંજય, ગિરનાર, સાંચી કે સાચોર, ખંભાત, ભરૂચ અને સુહરિ (ટીંટોઈ) એ **જૈન તીર્થો** વિદ્યમાન હતા.

સંભવ છે કે આ અરસામાં જ "જગચિંતામણિનામનું" ચૈત્યવંદન" બન્યું હોય, તેમજ વલ્લભીભંગ થતાં ત્યાંની પ્રતિમાઓ અંકોટામાં લાવી રાખી હોય.

આ ખડાયતા નગરનાં જિનાલયો કોઈ અકસ્માતથી નાશ પામ્યાં. ત્યાંની જિનપ્રતિમાઓ જમીનમાં દટાઈ ગઈ. સં૦ ૧૯૯૫ માં "મહુડી પાસેના જૂના કોટયર્કના મંદિર" પાસેથી જમીનમાંથી પરિકરવાળી **ચાર જિનપ્રતિમાઓ** નીકળી હતી. આમાંની એક જિનપ્રતિમા કોટયર્કના જૂના મંદિરમાં અને ત્રણ જિનપ્રતિમાઓ વડોદરાના મ્યુઝિયમમાં રાખવામાં આવી હતી. આ ચારે જિનપ્રતિમાઓ ગુપ્તસમયની છે. (—પ્ર૦ ૧૪, પૃ૦ ૩૩૬)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

## એ જિનપ્રતિમાઓ હાલ ક્યાં છે!

વડોદરા મ્યુઝિયમમાં રાખેલી એ ત્રણ જિનપ્રતિમાઓ સ્વતંત્ર મુંબઈ પ્રાંત બન્યો, ત્યારે મુંબઈ લઈ જવામાં આવી હતી. પણ હવે ગુજરાત સ્વતંત્ર પ્રાંત બન્યા પછી આ પ્રતિમાઓ ગુજરાતમાં પાછી આવવી જોઈએ તો ગુજરાતમાં આવી, કે નહીં? તે જાણવામાં આવ્યું નથી.

ખડાયતા જૈનો વાસ્તવમાં નિર્વૃતિકુળમાં દાખલ થયા હતા. "રાજગચ્છ" ની પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે, નિર્વૃતિગચ્છના આ૦ પાસંડસૂરિ થયા હતા. આ ગચ્છ વિચ્છેદ પામ્યો. (પ્રક૦ ૩૫, પૃ૦ ૪૯)

**પાસંડસૂરિ**—તેઓ સં૦ ૧૩૩૦ માં થયા હતા. સં૦ ૧૩૮૯ ત્યારપછી નિર્વૃતિગચ્છના સાધુઓ અને શ્રાવકો બીજા ગચ્છમાં ભળી ગયા હશે.

**શિલાલેખો**—એકંદરે ખડાયતા જૈનોના તથા તે પ્રદેશમાં વિચરતા બીજા ગચ્છના મુનિવરોના ઘણા શિલાલેખો અને પ્રતિમાલેખો મળે છે, જે આ પ્રકારે છે.—

(૧) सं० १३३० वर्षे चैत्र वदि ७ शनौ सोखूश्रेयसे सुत खेलाकेन आदिनाथबिंबं कारितं, प्र० श्रीपासंडसूरिभिः ॥

આ ધાતુપ્રતિમા વીજાપુરના પદ્માવતી દેવીવાળા ભ૦ આદીશ્વરના જિનાલયમાં વિરાજમાન છે.

(—આ૦ બુદ્ધિસાગરસૂરિ રચિત-વિજાપુર બૃહદ્ વૃત્તાંત. પૃ૦ ૫૦)

(૨) वि० सं० १२३४ ज्येष्ठ सुदि २ बुधे खडायताज्ञातीय ठ० सूरज भार्या पद्मिनी....क्त....श्री आदिनाथबिंबं कारितं, प्रतिष्ठितं च श्री सुमतिप्रभसूरिणा ॥

આ ધાતુપ્રતિમા વિજાપુરના હુંબડના જિનાલયમાં બિરાજમાન છે.

(—વિજાપુર બૃહદ્વૃત્તાંત-પૃ૦ ૬૯)

સંભવ છે કે, **આ સુમતિપ્રભસૂરિ** તે નાગેંદ્રગચ્છના "આ૦ સોમપ્રભસૂરિના" અથવા જાલીહર-વિદ્યાધર ગચ્છના "આ૦ ચંદ્રસિંહસૂરિના" બીજા **પટ્ટધર** હોય (પ્રક૦ ૩૫, પૃ૦ ૮, પૃ૦ ૫૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩ अ) संवत् १२७५ वर्षे आषाढ शुदि ६ खडायतिज्ञातीय श्रे० वनदेवभार्या लाछीपुत्र धीणाकेन श्रीआदिनाथबिंबं कारितं, प्रति० सूरिभिः ॥

(आ) श्रे० धीणाकेन श्रीनमिनाथबिंबं कारितं ।

(આ૦ બુદ્ધિસાગરસૂરિ સંગ્રહિત—જૈનધાતુ-
પ્રતિમા લેખસંગ્રહ, ભા૦ ૧, પૃ૦ ૨૪૬)

(૪) वि० सं० १५४५ महिकांठे महिकावतीनगरे श्रीमद्सिंहसूरिणा उषड अजितबिंबं कारापितं, मोक्षहेतवे ॥

(—વિજાપુર બૃહદ્ વૃત્તાંત, પૃ૦ ૨૬)

આ અજિતનાથની પ્રતિમા જૂના ખડાયતામાં ટેકરા પાછળના ભાગમાં ઉભી છે. તેની ગાદીના પાટિયા ઉપર ઉપર્યુક્ત લેખ છે. આ લેખમાં 'મહિકાંઠા મહિકાવતી' શબ્દ વપરાયા છે તે સંભવ છે કે, મહી નહીં, પણ સાબરમતીના કિનારે રહેલી મહુડી પણ પુરાણ પ્રસિદ્ધ માહિષ્મતી નગરી હોવાનો નિર્દેશ કરતો હોય. આ લેખમાં 'ઉષડ' શબ્દ છે તે અશુદ્ધ જણાય છે, તેને બદલે 'ઉર્ધ્વ' શબ્દ હોવો જોઈએ. લેખમાં પ્રતિષ્ઠાપક 'આ૦ સિંહસૂરિ' બતાવ્યા છે. વિક્રમની ૧૫ મી–૧૬ મી શતાબ્દીમાં 'સિંહ' શબ્દવાળા ઘણા આચાર્યો થયા હતા, તે પૈકીના એક હોય, શ્રી 'સિંહ' શબ્દવાળા કેટલાક આચાર્યો આ પ્રકારે જાણવામાં આવે છે.

(૧) તપાગચ્છ વૃદ્ધપોષાળના ૫૭ મા આ૦ **રત્નસિંહસૂરિ**
(સં૦ ૧૪૫૨ થી ૧૫૧૮ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૬)

(૨) આગમગચ્છના ૫૭ મા આ૦ **મુનિસિંહસૂરિ**
(સં૦ ૧૪૮૫ થી ૧૫૧૩ પ્રક૦ ૪૦ પૃ૦ ૫૪૨)

(૩) તપાગચ્છ વૃદ્ધપોષાળના આ૦ **સિંહદત્ત.** (પ્રક૦ ૪૪)

(૪) પૂનમિયાગચ્છના ૫૫ આ૦ **સિંહપ્રભસૂરિ.**
(પ્રક૦ ૪૦ પૃ૦ ૫૦૨)

(૫) ભાવડારગચ્છના આ૦ **વિજયસિંહસૂરિ,** જે સં૦ ૧૫૫૬-માં "પ્રાંતીજમાં" વિચરતા હતા.

જેનો **પ્રતિમાલેખ** આ પ્રકારે મળે છે—

सं० १५५६ फाल्गुन वदि २ बुधे श्रीभावडारगच्छे उपकेशज्ञातीय

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

खारडगोत्रे मंत्री धर्मा भार्या सेतु पुत्र मं० वच्छा भा० पिसु पुत्र मीना रामा मांका, माकांकेन भा० माल्हणदेयुतेन स्वपुण्यार्थं श्रीवासुपूज्यबिंबं का०, प्र० कालिकाचार्यसंताने भ० विजयसिंहसूरिभिः, प्र० प्रांतीजवास्तव्य ॥

આ પ્રતિમા પ્રાંતીજના ધર્મનાથ ભ૦ના જિનાલયમાં વિરાજમાન છે.

(૬) सं० १७७६ वर्षे माघ वदि ५ गुरौ श्रीमाल ज्ञा० श्रे० बीसल भा० मेघू सुत सा० माभा भा० सेतू सुतमना गणपति महिपति लट्टूया माणिक डाया रहिया **श्रे० लट्टूया** भा० लखमादे भा० राजलदे सुत मांगायुतेन श्रीपद्मप्रभस्वामि चतुर्विंशतिपट्टः का०, श्रीआगमगच्छे श्रीमुनिरत्नसूरिपट्टे श्रीआनन्दरत्नसूरिभिः श्रीषडायत अधुना विजापुरवास्तव्यः ॥

આ ચતુર્વિંશતિપટ્ટ વિજાપુરના પદ્માવતીદેવીવાળા ભ૦ આદિનાથના જિનાલયમાં વિદ્યમાન છે, (—વિજાપુર બૃહદ્‌વૃત્તાંત, પૃ૦ ૫૧)

JAINSITE.com जैनम् जयति शासनम्

## ખંભાતનો સરસ્વતી ભંડાર (પહેલો)

### યુગપ્રધાન યંત્ર

આ સોમતિલકસૂરિના ઉ૦ હંસભુવનગણિના શિષ્ય પં૦ **કીર્તિભૂવને** સં૦ ૧૪૧૩માં ખંભાતતાં યુગપ્રધાન યંત્ર લખ્યો.

(શ્રી પ્રશસ્તિ સં૦ ભા૦ ૨ જો પ્રશ૦ નં૦ ૮)

(૧) શેઠ **માલજી** ઓશવાલે આ૦ **દેવસુંદરસૂરિના** ઉપદેશથી સં૦ ૧૪૩૭ના આસો વદિ ૧ ને શનિવારે ખંભાતતીર્થમાં 'ધર્મસંગ્રહણી' ગ્રંથ લખાવ્યો. (શ્રી પ્રશસ્તિસંગ્રહ, પ્ર૦ ૩૯)

(૨) શેઠ આભૂના વંશજ **સાલહા પલ્લીવાલે** સં૦ ૧૪૪૨ ના ભાદરવા સુદિ ૨ ને સોમવારે ખંભાતમાં આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી તાડપત્ર ઉપર પંચાશકટીકા લખાવી.

(—શ્રી૦ પ્ર૦ સં૦ નં૦ ૪૨, પ્રક૦ ૩૫, પૃ૦ ૬૫)

(૩) ખંભાતના શ્રીસંઘે આ૦ જયાનંદસૂરિ તથા આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૪૧માં ખંભાતમાં "ભટ્ટારક સોમતિલકસૂરિ ગ્રંથભંડાર" બનાવ્યો હતો.

(—શ્રી૦ પ્ર૦ સં૦ ભા૦ ૨ જો પ્રશ૦ નં૦ ૯૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) શેઠ **મોખા પોરવાડને** મહણસિંહ નામે પુત્ર હતો, તે મહણસિંહને **ગાની** નામે પુત્રી હતી. તેણે તેને સંઘપતિ હરિચંદના મોટા ભાઈ સાથે પરણાવી હતી. એ ગાનીને **પારસ**નામે પુત્ર અને **ચીલૂ** નામે પુત્રી હતી.

**હરિચંદ** મોટો સંઘપતિ હતો. તેણે તીર્થયાત્રાના સંઘો કાઢી ઘણી તીર્થયાત્રાઓ કરી હતી. **પારસ** અને **ચીલૂ** તેના ભાઈનાં સંતાન હતાં.

**સં૦ હરિચંદ** સં૦ ૧૪૪૭ માં પારસ તથા ચીલૂને સાથે લઈ ખંભાત ગયો, અને ત્યાંના મંદિરોની યાત્રાનો લાભ લીધો. તેમજ સાધ્વી **અભયચૂલાને** "પ્રવર્તિનીપદ પ્રતિષ્ઠા" કરવાનો મહોત્સવ કર્યો. **બેન ચીલૂએ** મહં૦ ઠાકરસિંહ પાસે "સમ્મતિતર્કટીકા" લખાવી. અને ખંભાતના **'ભટ્ટારક સોમતિલકસૂરિના ગ્રંથભંડાર'** ને અર્પણ કરી. (–શ્રી૦ પ્ર૦ સં૦ પ્ર૦ નં૦ ૯૭, પૃ૦ ૬૨)

(૫) આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી ઠ૦ ભૂભડની પત્ની શ્રીમતી **પ્રીમલદેવીએ** સં૦ ૧૪૫૪ માં ખંભાતમાં "સુયગડંગસુત્તટીકા" લખાવી, તથા મહં૦ **આહલાદેવીએ** સં૦ ૧૪૫૫ માં ખંભાતમાં "સટીક–પાંચ ઉપાંગ" લખાવ્યાં.

(જૈન પુ૦ પ્ર૦ સં૦ પ્રશ૦ નં૦ ૪૩, ૪૪)

(૬) ખંભાતના ચાંપા શ્રીમાલીના વંશના ફરસરામની પત્ની **પૂરી** અને પુત્ર **દેવા** વગેરેએ સં૦ ૧૫૨૮ માં આ૦ લક્ષ્મીસાગરસૂરિને "આવશ્યકનિર્યુક્તિ" વહોરાવી.

(–શ્રી૦ પ્ર૦ સં૦ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૧૨૬)

(૭) વૃદ્ધ તપાગચ્છના ભ૦ જ્ઞાનસાગરસૂરિના ઉપદેશથી મહાશ્રાવક **આશાધરે** "સિદ્ધાંત વિષમ પદવિવરણ" લખાવી ગુરુઓને અધ્યયન નિમિત્તે અર્પણ કર્યું.

(શ્રી૦ પ્ર૦ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૧૩૬, ૧૪૫)

### ખંભાતનો સરસ્વતી ભંડાર (બીજો)

આ બીજા ભંડાર માટે ઉલ્લેખ આ પ્રકારે મળે છે.—

સં૦ ૧૪૭૮ વર્ષે વૈજ્ઞાનિક શિરોમણિ પૂજ્ય પં૦ શાન્તિસુન્દરગણિપાદૈઃ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सर्वं चित्कोषकार्यं मञ्जूषसमारचनादिकमकारि । भारुकच्छशालायां । श्री संघस्य शुभं भवतु ॥

**श्रीशांतिसुंदरगणिभिः** चित्कोषमञ्जूषसमारचनादि कृत्यं विदधे ।

(–જૈન પુસ્તક પ્ર૦ સં૦ પ્રશ૦ નં૦ ૬૯ નો પાછલો લેખ)

એટલે આ૦ સોમસુંદરસૂરિ શિષ્ય **પં૦ શાંતિચંદ્રગણિએ** સં૦ ૧૪૭૮માં ખંભાતમાં ભરૂચા પોષાળના ગ્રંથભંડારમાં **દાબડા** વગેરે બનાવવાની વ્યવસ્થા કરી હતી. (–પ્રક૦ ૫૦, શાંતિચંદ્રસૂરિનો પરિચય)

આ ઉપરથી જણાય છે કે, ખંભાતની ભરૂચા પોષાળમાં બીજો ગ્રંથભંડાર બન્યો હતો. બનવા જોગ છે કે, કદાચ આ જ "ભ૦ સોમતિલકસૂરિ ગ્રંથભંડાર પણ" હોય.

**દયાવટ ગ્રંથભંડાર**—દયાવટના **જૈનોએ** વિવિધ ગ્રંથો લખાવી, પાટણ ગ્રંથભંડારને અર્પણ કર્યા હતા.

(–પ્ર૦ ૪૫, પૃ૦ ૨૮૯, પાટણનો સરસ્વતીભંડાર કલમ ૨)

તેમજ દયાવટના તપાગચ્છના સંઘે સં૦ ૧૩૪૯ના મહા સુદિ ૧૩ ના રોજ દયાવટમાં ૪૫મા **આ૦ ધર્મઘોષસૂરિના** ઉપદેશથી મોટો ગ્રંથભંડાર સ્થાપન કર્યો અને તેમાં ઘણા ગ્રંથો લખાવીને મૂકયા. દયાવટ એ **દિયાણા તીર્થ** છે.

(–જૈન પુ૦ નં૦ ૩૨, પ્ર૦ ઇતિ૦ પ્રક૦ ૩૫ પૃ૦ ૪૯ પ્રક૦ ૩૭ પૃ૦ ૩૦૨ પ્રક૦ ૪૨, પૃ૦ ૭૪૩)

**સં૦ પેથડના ગ્રંથભંડારો—**

સં૦ પેથડકુમારે દેવગિરિ–દોલતાબાદનો જૈન ગ્રંથભંડાર બનાવ્યો અને તે દેવગિરિમાં રાજાની પરવાનગી મેળવી એક જૈન દેરાસર બંધાવ્યું. તેમાં ૩૬ હજાર સોનામહોરો ખરચી.

આ પેથડશાહે દોલતાબાદની માફક જૂદા જૂદા નગરોમાં મળીને ૭ ગ્રંથભંડારો સ્થાપિત કર્યા હતા.

**માંડવગઢમાં ગ્રંથલેખન—**

માંડવગઢના શા૦ નાથા શ્રીમાલીની પત્ની **લાખુએ** 'દસવેયાલિયસુત્ત–વૃત્તિ,' 'ભક્તામર,' 'અજિતશાંતિસ્તોત્ર વૃત્તિ,' 'નામમાલા,'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'સિન્દૂર પ્રકર,' 'ષટ્કર્મગ્રંથ,' 'વીતરાગસ્તોત્ર,' 'ઉપદેશ-રત્નકોશ,' 'શીલોપદેશમાલા,' 'સંગ્રહણી,' 'વ્યાકરણસૂત્રો.' વગેરે લખાવ્યાં હતાં. **લાખુએ** સં૦ ૧૫૨૫ના અષાડ શુદિ ૧૫ને ગુરુવારે માંડવગઢમાં પ્રાકૃત "પૃથ્વીચન્દ્રચરિત્ર ટિપ્પનસહ" લખાવી વૃદ્ધ તપાગચ્છના ૫૭મા આ૦ રત્નસિંહસૂરિના શિષ્યો ભ૦ ઉદયવલ્લભસૂરિ અને આ૦ જ્ઞાનસાગરસૂરિને વાંચવા માટે અર્પણ કર્યું હતું.

(-પ્રક૦ ૪૪ પૃ૦ ૨૫)

સં૦ ગુણરાજની પુત્રી **ડાહીએ** સં૦ ૧૫૧૧ના મહા શુદિ ૧ના રોજ માંડવગઢમાં 'શિષ્યહિતા ટીકા' લખાવી, અને ખરતર-ગચ્છના ઉપા૦ મહિરાજગણિના શિષ્ય **પં૦ દયાસાગર ગણિને** વાંચવા આપી. (ડેક્કન કોલેજ પૂના)

માંડવગઢમાં શ્રીમાલી ઠક્કુર ગોત્રના "સં૦ જયતા"ની પત્ની "હીમી" નામે હતી. તેને "માંડણ" પુત્ર હતો. તે સં૦ **માંડણે** સં૦ ૧૫૧૮ના કાર્તિક માસમાં માંડવગઢના જ્ઞાનભંડારમાં ખરતર-ગચ્છના **ભ૦ જિનચંદ્રસૂરિના** રાજ્યમાં ઉપા૦ પદ્મમૂર્તિગણિ શિષ્ય **ઉપા૦ મેરુસુંદર ગણિની** સહાયથી 'વસુદેવહિંડી' નામે ગ્રંથ લખાવીને મૂક્યો.

સં૦ દેલ્હા પોરવાડની પત્ની સોનાના પુત્ર **સં૦ શ્રીપતિએ** ૫૦મા તપાગચ્છના ભ૦ સોમસુંદરગણિના શિષ્ય **આ૦ જયચંદ્રસૂરિના** ઉપદેશથી સં. ૧૫૫૨ના "પ્રવચનસારોદ્ધાર" લખાવી, **પં૦ સિદ્ધાંત સુંદરગણિને** ભણવા આપ્યો.

(૫૩) ભ૦ લક્ષ્મીસાગરસૂરિ શિષ્ય પં૦ નિધાનગણિ શિષ્ય **પં૦ હીરાનંદગણિએ** સં૦ ૧૫૬૫ના ભાદરવા સુદિ ૭ને ગુરુવારે માંડવગઢમાં "વિદ્યાવિલાસ પવાડો" લખાવ્યો.

**કવિમંડન કવિધનદે** આ૦ જિનભદ્રસૂરિના ઉપદેશથી સં૦ ૧૫૦૩માં માંડવગઢમાં "સિદ્ધાંતો" લખાવ્યા અને ગ્રંથભંડારો બનાવ્યા. (-પ્ર૦ ૪૫, આભૂશ્રીમાલીનો વંશ)

કવીંદ્ર **સંગ્રામસોની ઓસવાળે** આ૦ સોમસુંદરસૂરિના ઉપ-

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

દેશથી સં૦ ૧૪૭૧માં માંડવગઢમાં ૬૩ હજાર સોનામહોરો ખરચી જૈન આગમ ગ્રંથો લખાવ્યા ગ્રંથભંડાર સ્થાપ્યો.

(-પ્રક૦ ૪૫, સોનીસાંગણ-માંગણ ઓસવાલવંશ)

## -રાજાઓ, મંત્રીઓ, કવિઓ અને દાનવીર શ્રેષ્ઠીઓ-

### રાજા ભીમદેવ સોલંકી—

તે સ્વભાવે ભોળો હતો. તે ભાગવતમતનો ચુસ્ત હિમાયતી હતો. પણ તેનું સર્વ ધર્મ પ્રત્યે સમાન વલણ રહેતું. તેણે જૈનધર્મના કાર્યોમાં ઉદાર દિલે સહકાર આપ્યો હતો. આબૂ ઉપરના લૂણિગવસહીના જિનપ્રાસાદો તેના રાજ્યકાળ (સં૦ ૧૨૩૫થી ૧૨૯૮)માં બન્યા હતા.

(-પ્રક૦ ૩૫, પૃ૦ ૧૩૮થી ૧૪૪, ૧૮૨ પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૫)

### પ્રજાપ્રેમી રાજા વીરધવલ વાઘેલો

તે "ગૂજરાતના રાજા ભોળા ભીમદેવનો સર્વેસર્વા કાર્યકર્તા હતો. તે ડાહ્યો વિવેકી અને પ્રજાપ્રિય હતો, તેણે ધોળકામાં "વીરધવલ નારાયણ પ્રાસાદ" બંધાવ્યો હતો, પોતાના મહામાત્યો વસ્તુપાલ-તેજપાલથી તે પ્રભાવિત હતો. આ મંત્રીઓએ તેને 'શાંતિપર્વ' અને શિવપુરાણ વગેરે ગ્રંથોના ઉદાહરણ અને શ્લોકોથી માંસ, શિકાર અને મદિરાથી વિમુખ બનાવ્યો હતો, અને મલધારગચ્છના **આ૦ દેવપ્રભસૂરિના** ઉપદેશથી તે શુદ્ધધર્મનો **સાત્ત્વિક પ્રેમી** બન્યો હતો. તેને જૈનધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો.

આ વીરધવલ રાજા ઘણો પ્રજાપ્રિય હતો. સં૦ ૧૨૯૪માં એ મરણ પામ્યો, ત્યારે તેની ચિતામાં પ્રજાના ૧૨૦ માણસો તેની સાથે જ મરણ પામ્યા હતા, બીજા ઘણા એની ચિતા ઉપર ચડવા તૈયાર હતા, પણ **મહામાત્યોએ** પાકો ચોકી પહેરો મૂકી દઈ, બીજા સૌને બચાવી લીધા હતા.

(-પ્રક૦ ૩૫, પૃ૦ ૧૩૯, ૧૪૩; પ્રક૦ ૩૮ પૃ૦ ૩૩૪, ૩૬૫)

### સંઘપતિ પૂનડ નાગોરી

સં૦ પૂનડ અસલમાં નાગોરનો ધનાઢ્ય વતની હતો. દિલ્હીમાં

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેતો હતો. બાદશાહ અલ્તમશની પ્રિય બેગમ પ્રેમકલા તેને ધર્મ-બંધુ માનતી હતી, એટલે તે રાજમાન્ય હતો. તેણે સં૦ ૧૨૭૩માં અને સં૦ ૧૨૮૬માં શત્રુંજયતીર્થના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા હતા. તેમાં તેની સાથે માંડલિકો પણ હતા. મંત્રી વસ્તુપાલે સં૦ ૧૨૮૬માં માંડલ તથા ધોળકામાં તેનું ભારે સ્વાગત કર્યું હતું. તેણે સંઘના દરેક યાત્રીઓના ચરણ પખાળ્યા હતા. મંત્રી વસ્તુપાલ તે સંઘ સાથે શત્રુંજય ગયો હતો. તે બંનેનો **મૈત્રી સંબંધ** બંધાયો. મંત્રી વસ્તુપાલ જ્યારે દિલ્હી ગયો ત્યારે તેણે સં૦ પૂનડ તથા બાદશાહની માતા કુશીદા બેગમની મદદથી બા૦ અલ્તમશ (સને ૧૨૧૦ થી ૧૨૩૫)નો પ્રેમ સંપાદન કર્યો, મહામાત્યે બાદશાહને પ્રસન્ન કરી, તેની પાસેથી અભયવચન માગી લઈ, ગૂજરાતને દિલ્હીના બાદશાહની ચડાઈથી ભયમુક્ત બનાવ્યું હતું.

(પ્રક૦ ૩૮ પૃ૦ ૩૬૫, પ્રક૦ ૪૪ પૃ૦ ૪૫)

સં૦ પૂનડ અસલમાં પૂનમિયાગચ્છનો ઉપાસક હતો. પરંતુ મંત્રી વસ્તુપાલની મૈત્રી થતાં આ૦ દેવેન્દ્રસૂરિનાં દર્શન કરી તપાગચ્છીય શ્રાવક બન્યો હતો.　　(—ઉપદેશતરંગિણી તરંગ બીજો, પ્રબંધ કોશ, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૪૨, પ્રક૦ ૩૮, પૃ૦ ૩૬૪)

**મહામાત્ય વસ્તુપાલ—**

તે વિચક્ષણ પુરુષ હતો, તેની વિદ્વતા માટે તેણે રચેલા ગ્રંથોનો ઉલ્લેખ અમે અગાઉ (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૭૦ માં) આપ્યો છે. તેના વિશેષ ગ્રંથો માટે અહીં જણાવીએ છીએ.—

નરનારાયણાનન્દ મહાકાવ્ય, સર્ગઃ ૧૬.

શત્રુંજયમંડન–આદિનાથસ્તોત્ર–મનોરથમય, શ્લોક૦ ૧૨.

ગિરનારમંડન–શ્રીનેમનાથસ્તોત્ર, શ્લો૦ ૧૦.

અંબિકાદેવીસ્તોત્ર, શ્લો૦ ૧૦. આરાધના, શ્લો૦ ૧૦.

મહામાત્યે આ ગ્રંથો રચ્યાનું જાણવામાં આવે છે.

મહામાત્યે નરનારાયણાનન્દમહાકાવ્યમાં અર્જુન તથા કૃષ્ણ વાસુદેવે ગિરનાર ઉપર પરિભ્રમણ કર્યું તેનું વર્ણન કર્યું છે.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મહામાત્યે શત્રુંજયમંડન–આદિનાથ સ્તોત્રમાં પોતાના મનોરથો આ રીતે વ્યક્ત કર્યા છે.—

संसारव्यवहारतो रतिमतिव्यावर्त्य कर्तव्यता-
वार्तामप्यपहाय चिन्मयतया त्रैलोक्यमालोकयन् ।
श्रीशत्रुञ्जयशैलगह्वरगुहामध्ये निबद्धस्थितिः
श्रीनाभेय ? कदा लभेय गलितज्ञेयाभिमानं मनः ? ॥ ५ ॥

—સંસારવ્યવહારમાંથી પ્રીતિ પાછી ખેંચી લઈને, કામકાજની વાત છોડી દઈને, ચિન્મયપણે ત્રણ લોકનું અવલોકન કરીને શત્રું-જયપર્વતની એકાદ ગુફામાં રહીને, હે નાભિના પુત્ર ઋષભદેવ ભગવાન! મારા મનને હું અભિમાન રહિત ક્યારે બનાવી શકીશ?

आस्यं कस्य न वीक्षितं क्व न कृता सेवा ? न के वा स्तुताः ? ।
तृष्णापुरपराहतेन विहिता केषां न चाभ्यर्थना ॥
तत् त्रातर् ? विमलाद्रिनन्दनवनीकल्पैककल्पद्रुम ? ।
त्वामासाद्य कदा कदर्थनमिदं भूयोऽपि नाहं सहे ॥ ९ ॥

કોના મુખ સામે નથી જોયું? ક્યાં સેવા નથી કરી? કોની સ્તુતિ કરી નથી? તૃષ્ણાના પુરમાં અટવાઈને, હે તારક? કોની અભ્યર્થના કરી નથી? હે વિમલાદ્રિ–શત્રુંજય રૂપી નન્દનવનમાં કલ્પવૃક્ષ સમા પ્રભો? તને હું ક્યારે પ્રાપ્ત કરીશ? અને મારી કદર્થનાનો અંત ક્યારે આવશે?

यद् दाये द्युतकारस्य, यत् प्रियायां वियोगिनः ।
यद् राधावेधिनो लक्ष्ये, तद् ध्यानं मेऽस्तु ते मते ॥

—જે રીતે જુગારીનું મન દાવમાં, વિયોગી પુરુષનું મન પ્રિયામાં અને રાધાવેધીનું મન તેના લક્ષ્યમાં હોય છે, તેમ મારું ધ્યાન તારા મત–સિદ્ધાંતમાં થાય. એમ ઇચ્છું છું.

**મહામાત્ય વસ્તુપાલ** 'આદિનાથસ્તોત્ર'ના ૧૨ મા શ્લોકમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમજ અંબિકાસ્તુતિના ૧૦ મા શ્લોકમાં પોતાને [1]ગુર્જરચક્રવર્તીનો સચિવ બતાવે છે.

મહામાત્ય નેમિનાથને આ રીતે વર્ણવે છે.—

" जयत्यसमसंयमः शमितमन्मथप्राभवो
भवोदधिमहातरिर्दुरितदावपाथोधरः ।
तपस्तपनपूर्वदिक् कलुषकर्मवल्लीगजः
समुद्रविजयाङ्गजस्त्रिभुवनैकचूडामणिः ॥ १ ॥ "

—અસમ સંયમવાલા, મન્મથને શાંત કરનાર, ભવોદધિ માટે મોટા નાવસમા, પાપરૂપી દાવાનલ માટે મેઘસમા, તપરૂપી સૂર્ય માટે પૂર્વદિશા સમા, અને કલુષિત કર્મવલ્લીનો નાશ કરવા માટે ગજ સમાન, ત્રિભુવનના એક માત્ર ચૂડામણિ, સમુદ્રવિજયરાજાના સંતાન **શ્રીનેમિનાથ** જય પામે છે.

મહામાત્ય વસ્તુપાળ નેમિનાથસ્તોત્રના ૯ મા શ્લોકમાં પોતાને ' શારદાધર્મસૂનુ ' ( સરસ્વતીપુત્ર ) બતાવે છે.

તેણે " આરાધના "માં વૈરાગ્યમય સાદા કાવ્યો રજૂ કર્યાં છે.

આરાધના ગ્રંથના પ્રારંભમાં જ તે આ રીતે કહે છે.—

न कृतं सुकृतं किञ्चित् सतां स्मरणोचितम् ॥१॥

—સજ્જન પુરુષોનાં સ્મરણને યોગ્ય એવું કોઈ સુકૃત મેં કર્યું નથી.

મહામાત્ય વસ્તુપાલ વિદ્વાનોનો પ્રેમી હતો. મોટા વિદ્વાનોને પોતાની રાજસભામાં રાખતો હતો. આથી બીજા રાજ્યોની વિદ્વત્ સભાઓમાં પણ ગુજરાતના વિદ્વાનોની મોટી કીમત અંકાતી. એ જ કારણે ગુજરાત **વિદ્યાપ્રેમી** મનાતું હતું.

મહામાત્ય વસ્તુપાલના વિદ્વદ્મંડલમાં અનેક ધર્માચાર્યો, બ્રાહ્મણ-વિદ્વાનો વગેરેનાં નામો મળે છે. તે પૈકીના કેટલાએક **જૈનાચાર્યોનો પરિચય** અગાઉ છુટો છુટો આવી ગયો છે. તે આ પ્રમાણે—

---

૧. चक्रे गूर्जरचक्रवर्तिसचिवः श्रीवस्तुपालः कविः ॥ ( અંબિકાસ્તુતિ. )

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

**નાગેન્દ્રગચ્છના** આચાર્યો :–આ૦ વિજયસેનસૂરિ. આ૦ વિજય ઉદયપ્રભસૂરિ, આ૦ મલ્લિષેણસૂરિ, આ૦ જિનભદ્રસૂરિ.
(–પ્રક૦ ૩૫ પૃ૦ ૬, ૭)

આ૦ મલ્લવાદી. (–પ્રક૦ ૨૩ પૃ૦ ૩૮૦)

આ૦ વર્ધમાન (–પ્રક૦ ૩૫ પૃ૦ ૫)

મલધાર ગચ્છના આ૦ દેવભદ્રસૂરિ નરચંદ્રસૂરિ નરેન્દ્રપ્રભસૂરિ પં૦ ગુણવલ્લભ. (–પ્રક૦ ૩૮ પૃ૦ ૩૩૪ થી ૩૩૬)

**ચંદ્રગચ્છના** આ૦ જયસિંહસૂરિ
(–પ્રક૦ ૩૮ પૃ૦ ૩૭૪, પ્રક૦ ૪૩ પૃ૦ ૭૫૬)

આ૦ ભદ્રેશ્વરસૂરિ.

**રાજગચ્છના આ૦** બાલચંદ્રસૂરિ આ માણેકચંદ્ર.
(–પ્રક૦ ૩૫ પૃ૦ ૩૨, ૩૭)

**વાયડગચ્છના** વેણીકૃપાણ આ૦ અમરચંદ્ર.
(–પ્રક૦ ૩૪, પૃ૦ ૫૪૬, પ્ર૦ ૪૩ પૃ૦ ૭૫૨)

**તપગચ્છના આ૦** જગચ્ચંદ્રસૂરિ, **આ૦ દેવેન્દ્રસૂરિ,** આ૦ વિજયચંદ્રસૂરિ, ઉ૦ દેવભદ્રગણિ, આ૦ ક્ષેમકીર્તિસૂરિ.
(–પ્રક૦ ૪૪, પૃ૦ ૩–૮–૧૩. પ્રક૦ ૪૫, પૃ૦ ૨૭૯)

મંત્રી વસ્તુપાલના વિદ્યામંડળમાં જૈનાચાર્યો ઉપરાંત **પુરોહિત સોમેશ્વર** વગેરે ઘણા પંડિતો હતા; જેમના નામો અને પરીચય ટૂંકમાં નીચે મુજબ છે.—

**પુરોહિત સોમેશ્વર**—ઇતિહાસમાં ગૂજરાતના સોલંકીવંશ અને વાઘેલવંશની સાથોસાથ **મંત્રીવંશ** અને **પુરોહિતવંશ** પણ વ્યવસ્થિતરીતે મળી આવે છે. અમે મંત્રીવંશ વિશે અગાઉ (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૫૫)માં વર્ણન આપ્યું છે. હવે અહીં પુરોહિતવંશ વિશે જણાવીએ.—

**પુરોહિતવંશ**—રાજા મૂળરાજનો પુરોહિત વડનગરના ગુલેચા શાખાનો[1] વિદ્વાન બ્રાહ્મણ **સોમ** નામે હતો. તેના વંશમાં અનુક્રમે

૧. શ્વેતાંબર જૈનોનની ઓશવાલ જ્ઞાતિમાં ગોલેચા—ગોલેચ્છા નામે એક ગોત્ર પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચામુંડરાયનો લલ્લશર્મા, દુર્લભરાજનો મુંજ, ભીમદેવનો સોમશર્મા, કર્ણદેવનો વર્ધમાન, સિદ્ધરાજનો કુમારશર્મા તથા સર્વદેવ, કુમારપાલનો આમિગ, અજયપાલનો સર્વદેવ, ભીમદેવનો કુમારશર્મા (સર્વદેવનો નાનો ભાઈ) તથા મહાદેવ, અને વીરધવલ તેમજ વીસલદેવના પં૦ સોમેશ્વર તથા ભલ્લશર્મા નામે પુરોહિતો થયા.

કુમારશર્મા પ્રજાવત્સલ હતો. તેને મહાદેવ, સોમેશ્વર અને વિજય એમ ત્રણ પુત્રો હતા. તે પૈકી **સોમેશ્વરે** ઇતિહાસમાં "અમર" નામના નોંધાવી છે. તેને મહામાત્ય વસ્તુપાલ સાથે "ગાઢ મૈત્રી" હતી. તેણે મંત્રીના આશ્રયમાં વિકાસ સાધ્યો. અને રાજાના મામા **સિંહ જેઠવાની** ખટપટમાં મંત્રીને બચાવી લીધો. આ બંનેની એકતાથી ગુજરાતે સંસ્કૃતિનાં ઊંચાં શિખરો સર કર્યાં. તેણે 'કીર્તિકૌમુદી' 'સર્ગ:' ૯; 'સુરથોત્સવ,' સર્ગ:' ૧૫, 'ઉલ્લાસરાઘવ,' 'રામશતક,' લૂણિગવસહિ–પ્રશસ્તિ,' 'ગિરનારમંદિર પ્રશસ્તિ,' ધોળકાના 'વીરધવલ નારાયણ પ્રાસાદની પ્રશસ્તિ' શ્લો૦ ૧૦૮ નાટક, પ્રશંસા કાવ્યો, અને પ્રાસંગિક કાવ્યો રચ્યાં હતાં.[1]

(–પ્રક૦ ૩૮, પૃ૦ ૩૬૦ વસ્તુપાલ)

આ ગ્રંથો પૈકી 'કીર્તિકૌમુદી'માં સં૦ ૧૨૮૭ સુધીનું ઐતિહાસિક વર્ણન છે. 'સુરથોત્સવમાં' દેવીપુરાણ'ના સુરથ રાજાનું વર્ણન છે. અને સાથોસાથ ગુજરાતના ડગમગતા શાસનને સ્થિર કરવાનું માર્મિક સૂચન પણ છે, એટલે રાજા વીરધવલ અને મંત્રી વસ્તુપાલની અન્યોક્તિદ્વારા પ્રશંસા કરી છે.

૧. જેમ ઈસ્વી૦ ની સાતમીથી નવમી સદીના કવિ મુરારિએ 'અનર્ઘરાઘવ' સપ્તાંકી નાટક રચ્યું, માથુરાજે ' ઉદાત્તરાઘવ રચ્યું, જયદેવ કવિએ ' પ્રસન્નરાઘવ ' રચ્યું, અને કવિ ભાસ્કરે 'ઉન્મત્તરાઘવ' રચ્યું તેમ ગૂજરાતના કવિ પં૦ સોમેશ્વરે ' ઉલ્લાસરાઘવની રચના કરી હતી.

જનસમુદાય સમક્ષ નાટક ભજવવાની પરંપરા ગૂજરાતમાં ઓછામાં ઓછી ૧૫ મા સૈકા સુધી ચાલુ રહી જ હતી, સને ૧૪૪૯ ના અરસામાં ચાંપાનેરમાં મહાકાલના મંદિરના પટાંગણમાં ' ગંગદાસ પ્રતાપવિલાસ ' ભજવાયું હતું. (–ડૉ૦ ભો૦ જ૦ સાંડેસરાનો, ' જૈનયુગ ' માં લેખ, નવું વર્ષ: ૨, અંક: ૯)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**કવિ હરિહર**—તે ગૌડદેશથી આવ્યો હતો. 'નૈષધ' કાર પં૦ હર્ષના વંશનો હતો. ધોળકામાં આવતાં જ પં૦ સોમેશ્વર સાથે તેણે શોકય જેવું વર્તન રાખ્યું. બંને વચ્ચે મોટો સંઘર્ષ ચાલ્યો, મંત્રી વસ્તુપાલે વચ્ચે પડી, બંનેને સમજાવી શાંત કર્યાં. અને બંને વચ્ચે મૈત્રી કરાવી. મંત્રીએ પં૦ હરિહર પાસેથી વાંચવા માટે લાવીને રાતોરાત નકલ કરાવી લીધી, અને એ સમયથી 'નૈષધકાવ્ય'નો પ્રચાર શરૂ થયો. પં૦ હરિહર ગર્ભશ્રીમંત હતો. માત્ર મંત્રીનો વિદ્યાપ્રેમ સાંભળીને અહિં આવ્યો હતો. તેણે સં૦ ૧૩૨૦ માં ઉદયનના વંશના મંત્રી સામંતસિંહે કરાવેલા રેવતી કુંડના જીર્ણોદ્ધારની 'પ્રશસ્તિ' રચી હતી.

(–ગૂજરાતના ઐતિહાસિકલેખો, ભા૦ ૩ લેખાંક : ૨૧૬; પ્રક૦ ૪૧, પૃ૦ ૬૬૧)

**મદન**—તે અજમેરનો રહેવાસી હતો. મહાકવિ હતો. પં૦ હરિહર અને પં૦ મદન વચ્ચે પણ 'સાક્ષરઃ સાક્ષરં દૃષ્ટ્વા.' જેવી ખૂબ રસાકસી ચાલી હતી. બંને મળે કે, તરત જ લડી પડતા. એવી સ્થિતિ હતી. મંત્રી વસ્તુપાલે તે બંનેને સમજાવી, મૈત્રી કરાવી હતી; અને બંનેનો સત્કાર કર્યો હતો.

**સુભટ**—તેણે ત્રિભુવનપાલના રાજ્યમાં 'દૂતાંગદનાટક' રચ્યું હતું. પં૦ સોમેશ્વરે 'સુરથોત્સવ'ની પ્રશસ્તિમાં તેનો સત્કાર કર્યો છે.

**નાનાક**—તે વડનગરનો નાગર બ્રાહ્મણ હતો. વિદ્વાન્ હતો. વેદ, શ્રુતિ અને સ્મૃતિનો જાણ હતો. તેણે મંત્રી વસ્તુપાલનાં સ્તુતિ–કાવ્યો રચ્યાં હતાં. વિસલદેવની પંડિતસભાનો તે વડો હતો. તેણે આ૦ **અમરચંદ્રસૂરિ**ની કવિત્વશક્તિની પરીક્ષા કરી હતી.

(–પ્રક૦ ૪૩ પૃ૦ ૭૫૧)

**પં૦ અરિસિંહ**—તે ઠ૦ લાવણ્યસિંહનો પુત્ર હતો. પૈસેટકે સુખી હતો. વાયડગચ્છના આ૦ જીવદેવસૂરિનો ભક્ત શ્રાવક હતો.

(–પ્રક૦ ૩૪, પૃ૦ ૫૪૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના શિષ્ય **વેણીકૃપાણ આ૦ અમરચંદ્રસૂરિનો** કલાગુરુ હતો, તેણે મંત્રી વસ્તુપાલ વિશે 'સુકૃતસંકીર્તન મહાકાવ્ય' સર્ગ: ૧૧ રચ્યું હતું.[1]　　　　(–પ્રક૦ ૪૩, પૃ૦ ૭૫૨)

**કવિ અરિસિંહે** તેમાં ચાવડા, સોલંકી, અને વાઘેલાવંશનો ઇતિહાસ રજૂ કર્યો છે. તેણે "કવિ રહસ્ય" નામે ગ્રંથ પણ રચ્યો છે. આ૦ અમરચંદ્રસૂરિએ રચેલી "કવિકલ્પલતા" અને તેમની કવિશિક્ષા–વૃત્તિમાં પં. અરિસિંહે મદદ કરી હતી. કવિ જલ્હણે મોઢે પોતાની સૂક્તમુક્તાવલીમાં આરસી (અરિસિંહ) નામથી તેનું સ્મરણ કર્યું છે.

**કવિ પાલ્હણ**—તેણે સં૦ 　　 માં આંબૂરાસની રચના કરી છે.

**દાનવીર જગડૂશાહ**—તે કચ્છ **ભદ્રાવતી** નગરીનો વરણાગ વંશનો **શ્રીમાલી જૈન** હતો. સં૦ ૧૩૧૩, ૧૩૧૪, ૧૩૧૫ની સાલમાં ભારતવર્ષના ઘણા વિભાગમાં ત્રણ વર્ષનો દુકાળ પડ્યો હતો.

મનુષ્યો, પશુ–પક્ષીઓ ટપોટપ મરવા લાગ્યાં, ત્યારે **જગડૂશાહે** સર્વસાધારણ જનતા માટે ૧૧૨ દાનશાળાઓ સ્થાપિત કરી, પાણીની પરબો બેસાડી, સૌને અનાજ–પાણી પૂરાં પાડ્યાં હતાં. એ સમયના બાદશાહો, રાજા–મહારાજાઓ પાસે પણ અનાજની મોટી તંગી હતી. જગડૂશાહે તેઓને પણ અનાજનો મોટો પૂરવઠો પુરો પાડ્યો. જગડૂશાહે આ રીતે સૌને મદદ આપી બચાવી લીધા. આથી તેની "જગજીવનહાર જગડૂ" તરીકેની નામના **પ્રસિદ્ધિ** પામી આજે પણ સાધારણ જનતા મોટા દાનવીર પુરુષને "જગડૂની ઉપમાં" આપે છે. જગડૂશાહ જૈન આવો દાનવીર હતો.

(–પ્રક૦ ૩૮, પૃ૦ ૩૭૭)

---

૧. **ડૉ૦ બુહ્લરે** સને ૧૮૮૭ માં વિયેનાની ઇમ્પીરિયલ એકેડેમી ઓફ્ સાયંસીઝમાં સીટ જુન બેરીશના વોલ્યુમ : ૧૧૯ માં 'ડાશ સુકૃતસંકીર્તન' શીર્ષક લેખ લખ્યો છે. અને તેનું અંગ્રેજી ભાષાંતર 'ઈંડિયન એંટીક્વેરી' ના વોલ્યુમ : ૩૧ ના પૃ૦ ૪૭૭ થી ૪૯૫ માં છપાયું છે.

આ૦ જીવદેવસૂરિ અને આ૦ અમરચંદ્રસૂરિ માટે જૂઓ (પ્રક૦ ૩૪ પૃ૦ ૫૪૬, પ્રક ૩૯ પૃ૦ ૪૧૯, પ્રક૦ ૪૩ પૃ૦ ૭૫૧)

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

**પંદરિયો દુકાળ :—** હિંદુસ્તાનમાં અવારનવાર દુકાળો પડયા જ કરે છે. તે સૌમાં **પંદરિયો દુકાળ** વધુ ભયંકર મનાયો હતો, વિ૰ સં૰ ૧૩૧૩. ૧૩૧૪ તથા ૧૩૧૫ની સાલમાં એકી સાથે ત્રણ વર્ષ સુધી "ત્રિવર્ષી દુકાળ" પડયો. ત્રણ વર્ષો થવાથી છેલ્લી સાલ સૌને માટે વધુ ભયંકર હતી, ભારે સંહારકારી હતી. આથી આ દુકાળ 'પંદરિયો દુકાળ' તરીકે વિખ્યાત થયો હતો.

ભદ્રાવતી નગરીના જગજીવનહાર જગડૂશાહ શ્રીમાલી જૈને આ સમયે સૌનું પાલન કર્યું.

આ સમયે તપગચ્છના **આ૰ દેવેન્દ્રસૂરિ** પોતાના શિષ્ય પરિવાર સાથે માળવામાં વિચરતા હતા. "જીવલેણ દુકાળ ચારે તરફ હતો, પણ માળવો તેનાથી બચી ગયો હતો." છતાં જગડૂશાહ તરફથી માળવાની પ્રજાને મોટી મદદ મળી હતી. (—પ્રક૰ ૪૫, પૃ૰ ૨૭૯)

જનતાએ માની લીધું કે, "આ યુગપ્રધાન આચાર્યવરના ચરણકમળના સ્પર્શથી માળવા દેશ જીવલેણ દુકાળમાંથી બચી ગયો છે" સંભવ છે કે, આવા આકસ્મિક સંયોગોમાં એવી લોકવાયકા ચાલી હોય કે, "દુકાળ સૌ દેશમાં પડે, પણ માળવામાં ન પડે." આજે વૃદ્ધો પણ એવું માને છે કે, "માળવામાં દુકાળ ન હોય."

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સં૰ દેદાશાહનો વંશ

**૧. સં૰ દેદા વંશ**—શત્રુંજય મહાતીર્થમાં નવા આદીશ્વર ભ૰ ની ડાબી બાજુએ ભ૰ અભિનંદનસ્વામીની ૪૮" ઇંચ ઊંચી ખડ્ગાસનસ્થ પ્રતિમા છે, તેના પરના **શિલાલેખના આધારે** નક્કી થાય છે કે, ઠ૰ દેદા તે પલ્લીવાલ જ્ઞાતિનો અને આહિલવંશનો હતો. તેને સં૰ **પૃથ્વીધર** (પેથડ) અને સં૰ **ગુણધર** નામે પુત્રો હતા. (—ધર્મરત્ન માસિક કં૰ ૧૧)

ઇતિહાસના આધારે જાણવા મળે છે કે, **દેદાશાહ નિમાડ** પ્રદેશના **નંદુરી** ગામનો વતની હતો. તેને **વિમલાદેવી** નામે પત્ની હતી. તેને "સુવર્ણસિદ્ધિ" મળવાથી તે ધનાઢ્ય બન્યો હતો. રજવાડાની હેરાનગતિથી નંદુરી છોડીને તે **વિજાપુર** (ગુજરાત) આવીને વસ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯૦ **દેદા** કોઈ કામ માટે દેવગિરિ દોલતાબાદ ગયો. ત્યાં તે ઉપાશ્રયે ગુરુમહારાજને વંદન કરવા ગયો, ત્યારે ત્યાંનો સ્થાનિક સંઘ ત્યાં એકત્રિત થયો હતો. અને તેમાં ત્યાં **પોષાળ** બંધાવવાનો વિચાર થઈ રહ્યો હતો. એ સમયે **દેદા શેઠે** ત્યાં પોતે પોષાળ બનાવી દેવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, અને સંઘનો આદેશ માગ્યો. સંઘે જણાવ્યું કે, "જો એક જ ભાઈને ઉપાશ્રય કરવા સંઘ આદેશ આપે તો, અહીં જ એવા ભાઈઓ છે કે, જે મોટી પોષાળ બંધાવી શકે. તેથી આ લાભ બહારગામવાળાને આપવાનો નથી જ. બીજું એ કે "ગુરુ મહારાજ હોય ત્યારે પોષાળ બંધાવી આપનાર એક વ્યક્તિનું ઘર **શય્યાતર** થતાં તે શ્રાવકને દાનાંતરાય પડે." માટે સંઘે મળીને જ પોષાળ બંધાવવાની છે. આથી સૌને લાભ મળી શકે.

## કુંકુમરોલાપોષાળ

આમ છતાં **શેઠ દેદાએ** પોષાળ બંધાવવાનો વિશેષ આગ્રહ કર્યો. એટલે એક ભાઈએ કહ્યું કે, "તમે નાહકની જીદ કરો છો, તેમ છતાં તમારે પોષાળ બંધાવવી હોય તો તે સોનાની ઇંટોથી બંધાવી આપો, તો સંઘ આદેશ આપશે. શેઠ દેદાએ તરત જ તે વાતનો સ્વીકાર કર્યો. પરંતુ એમ કરવા જતાં સોનાની ઈંટોની પોષાળ તરતમાં નાશ પામી જવાનો ભય હતો જ, એટલે આચાર્ય મહારાજ તથા શ્રીસંઘે તેવી પોષાળ બંધાવવાની ના પાડી. પછી તો શેઠે એટલી રકમનું **કેશર** ચૂનામાં ઘુંટાવીને પોષાળ બંધાવી, જે **કુંકુમરોલા શાળા** નામથી પ્રસિદ્ધિ પામી, તે શેઠ અને શેઠાણી મરણ પામતાં ધન પણ નાશ પામ્યું, એટલે તેમના પુત્રો નિર્ધન સ્થિતિમાં મુકાયા.

**જ્ઞાતિઃ—**

ચરિત્રગ્રંથોમાં તેમનો વંશ **ઓશવાલ** બતાવ્યો છે,[1] પણ

---

૧. કોઈ કોઈ ઉલ્લેખમાં જે દેદાશાહને **ઓશવાલ** બતાવ્યો છે તેની **વંશાવલી** આ પ્રકારે જાણવા મળે છે—

(અ) (૧) **વાછાક** ઓશવાળ,

૪૦

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ઓશવાલો માટે “ઠકુર” શબ્દ વપરાતો નથી. જ્યારે શિલાલેખોમાં **ઠ૦ આહિલ** તથા ઠ૦ **દેદા** લખાયેલું મળે છે. તેથી તેમનો વંશ પલ્લીવાલ હોય તે “વધુ તર્કસંગત” વાત છે.

(–ઉપદેશ તરંગિણી, તરંગ બીજો; ‘ધર્મરત્ન’ માસિક ક૦ ૧૧)

**૨. મંત્રી પેથડ—**

તે દેદાશાહનો પુત્ર હતો. માતા–પિતાના મરણ પછી લક્ષ્મી ચાલી જતાં પેથડ નિર્ધન બની ગયો. તેણે વિજાપુરમાં ૪૬ મા આ૦ **ધર્મઘોષસૂરિદાદા** (સં૦ ૧૩૨૭ થી ૧૩૫૭) પાસે “નાનું પરિગ્રહ પરિમાણ વ્રત” માગ્યું. **ગુરુદેવે** તેનું ચમકતું ભાગ્ય જોઈ તેને ‘પાંચ લાખ ટંકા’નું પરિમાણ વ્રત આપ્યું.

તે માંડવગઢ ગયો. ત્યાં તેને ઘીનો વેપાર કરતાં **ચિત્રાવેલી** મળી. આથી તે ઘણું ધન કમાયો. એક વાર તેના પુત્ર **ઝાંઝણે** રાજાની દાસીનું અપમાન કર્યું હતું. પણ નસીબના જોરે તેનો પાસો સીધો પડ્યો. અને પેથડ માંડવગઢના મહારાજા **જયસિંહ** પરમાર (સં૦ ૧૩૧૯ થી ૧૩૩૭)નો **મંત્રી** બન્યો હતો.

મંત્રી પેથડે જીરાવલાજી અને આબૂ તીર્થોની યાત્રા કરી. અહીંથી તેને “રસસિદ્ધિ” મળી આવી. તેણે આ૦ ધર્મઘોષસૂરિને ઉજ્જૈનથી લાવીને માંડવગઢમાં ૩૬ હજાર ટકા ખરચીને પધરાવ્યા.

---

(૨) **સાધુ નરસિંહ**—પત્ની સોહી, સાત પુત્રો– ૧. સાંગણ, ૨. ચિતાક, ૩. ત્રિભુવન, ૪. લાખાક, ૫. રાણક, ૬. **દેદાક** અને ૭. ધણાક.

(૩) **દેદાક**—પત્ની દેવશ્રી

(૪) **સોમ**—દેદાકે સોમના શ્રેય માટે **વ્યવહારચૂર્ણિ** લખાવી હતી.

(–જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ પ્રશ૦ નં. ૧૦૫)

**શેઠ દેદાશાહ** ઓશવાલ વ્યવહારીની બીજી પત્ની, અને કર્કરાગામના શાહ વિજેસીની પુત્રી શેઠાણી **લંબિકાએ** તપાગચ્છીય આ૦ **સોમસુંદરસૂરિના** ઉપદેશથી સં૦ ૧૪૭૦ના અષાડ વદિ ૧૩ના રોજ **શબ્દાનુશાસનની** પ્રતિ લખવી.

(–જૈન પુ૦ પ્રશ૦ સં૦ પ્ર૦ નં. ૯૮૭, ઇતિ પ્રક૦ ૩૫ પૃ૦ ૧૫)

(આ) વીશલશાહ ઓશવાલને પણ દેદો નામે પુત્ર હતો તેનો મોટો વંશ ચાલ્યો છે.

(–પ્રક૦ ૪૫)

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે અહીં સં૦ ૧૩૩૦ લગભગમાં ૧૮ લાખ ખરચીને બોંતેર દેરીઓવાળો **જિનપ્રાસાદ** બંધાવ્યો. અને જૂદા જૂદા સ્થાનોમાં બીજાં ૮૪ જિનમંદિર બંધાવ્યાં. અને તેમાં આ૦ **સોમપ્રભસૂરિના** હાથે જિનપ્રતિષ્ઠાઓ કરાવી, જેની યાદી આ૦ **સોમતિલકસૂરિએ** રચેલા સ્તોત્રમાં અને આ૦ મુનિસુંદરસૂરિએ રચેલી ગુર્વાવલીમાં મળે છે. (–પ્રક૦ ૪૭)

**ઓંકારનગર, દેવગિરિ** સ્થાનોમાં બ્રાહ્મણોનું ભારે જોર હતું. તેઓ ત્યાં જૈન દેરાસર બંધાવવાનો ભારે વિરોધ કરતા હતા, તેથી મંત્રી પેથડે તેઓને ખુશ કરી, ત્યાં પણ જૈન દેરાસર દેવગિરિના રાજા વીરમદેવના પ્રધાન **હેમરાજના** નામની ત્રણ વર્ષો સુધી દાનશાળા ઓંકારનગરમાં સ્થાપીને તેને ખુશ કર્યો. અને તેની મારફત રાજાની પરવાનગી મેળવીને દેવગિરિમાં **પેથડવિહાર** નામે દેરાસર બંધાવ્યું. તેણે ૩૬ હજાર સોનામહોરો ખરચીને મોટા **ગ્રંથભંડારોની** સ્થાપના કરી હતી. મંત્રી પેથડે ૭૦૦ **ઉપાશ્રયો** બંધાવ્યા હતા.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**ચમત્કાર—**

ખંભાતના સંઘપતિ **ભીમાશાહે** સત્પાત્રદાનનો લાભ લેવા ભારતના ચતુર્થવ્રતધારીઓને, એક રેશમી સાડી, અને પાંચ પાંચ હીરાગર એમ ૭ વસ્ત્રો મોકલાવ્યાં. એ કપડાં કુલ ૭૦૦ સ્થાનોમાં પહોંચાડયાં હતાં. તેમાંની એક જોડી મંત્રી પેથડને પણ સાધર્મિક જાણીને મોકલી હતી. મંત્રીએ તે લઈ ને રાખી મૂકી, તેને **પદ્મિણી** એટલે પ્રથમિણી નામે પત્ની હતી. મંત્રી પેથડે તેને સમજાવી, ૩૨ વર્ષની ભરયુવાનીમાં સજોડે **ચતુર્થવ્રત** સ્વીકારી, એ કપડાંની જોડી પહેરી. અને પ્રભુની પૂજા કરી.

બ્રહ્મચર્યના પ્રતાપે તેની આંતરિક શક્તિઓમાં ઘણો વિકાસ થયો. એક વાર રાજાની **રાણી લીલાવતીને** કાલજ્વર ચડયો હતો, તે પેથડશાહનું આ કપડું પહેરવાથી ઊતરી ગયો. રાજાનો "રણરંગ નામે પટ્ટહસ્તી" ગાંડો થયો ત્યારે તે પણ મંત્રીનું આ કપડું ઓઢવાથી ડાહ્યો થયો હતો.

આ કારણે રાજા અને પ્રજામાં મંત્રીનો પ્રભાવ વધવા લાગ્યો. સૌ કોઈ **બ્રહ્મચર્યની શક્તિનાં** ગુણગાન ગાવા લાગ્યાં. જોકે રાણીએ મંત્રીનું કપડું પહેરવાથી રાજાને તે મંત્રીના ઉપર રોષ હતો પરંતુ મંત્રીના એ કપડાનો એવો **ચમત્કાર** જાણીને તે પણ શાંત બની ગયો. રાજાએ મંત્રીના કહેવાથી રાજ્યમાં **અમારિપટહ** વગડાવ્યો. શિકાર, દારૂ વગેરે વ્યસનો દૂર કરાવ્યાં.

મંત્રી પેથડે સાત લાખ મનુષ્યોને સાથે લઈ છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. શત્રુંજયતીર્થમાં ભ૦ આદીશ્વરના મોટા દેરાસરના શિખર ઉપર ૨૧ ઘડીનો સોનાનો કળશ બનાવી ચડાવ્યો, અથવા જિનપ્રાસાદને સુવર્ણપત્રથી મઢ્યો. તેણે શત્રુંજય તથા ગિરનાર તીર્થમાં તથા રસ્તાના ગામોનાં જિનાલયોમાં સોનાના ધ્વજ ચડાવ્યા.

**ઇંદ્રમાલ—**

જ્યારે તે ગિરનારતીર્થની યાત્રા કરવા ગયો, ત્યારે બાદશાહ અલ્લાઉદ્દીનનો માનીતો શેઠ પૂર્ણશાહ પણ દિલ્હીથી દિગંબર જૈનોનો સંઘ લઈને ગિરનાર આવ્યો હતો. આથી બંને સંઘો વચ્ચે સ્પર્ધા ચાલી. બંને સંઘપતિઓ ઇંદ્રમાળની બોલીમાં ચડાવો બોલવા લાગ્યા અંતે **મંત્રી પેથડે** ૫૬ ઘડી સોનાની બોલીમાં "આદેશ પામી ઇંદ્રમાળ પહેરી. આ પ્રસંગે તેણે યાચકો, ભોજકો તથા ભાટ–ચારણો વગેરેને ૧૪ ઘડી સોનાનું દાન કર્યું અને ગિરનાર તીર્થ **શ્વેતાંબરોનું તીર્થ** બન્યું.

આ વર્ષોમાં સંઘવી પેથડનો ભાઈ **સાધુ ગુણધર** મરણ પામ્યો. મંત્રી પેથડે તેના સ્મરણ માટે ભ૦ અભિનંદનસ્વામીની ખડ્ગાસનસ્થ પ્રતિમા ભરાવી. તેની સં૦ ૧૩૪૩ના પોષ વદિ ૩ (૯)ને બુધવારે રાજગચ્છના ૧૨મા **આ૦ રત્નાકરસૂરિ** પાસે પ્રતિષ્ઠા કરાવી, જે પ્રતિમા આજે પણ "શત્રુંજયતીર્થમાં નવા આદીશ્વરની પ્રતિમાની ડાબી બાજુએ બિરાજમાન છે. ( –પ્રક૦ ૩૫–પૃ. ૩૯ )

મંત્રી પેથડે ૧૧ લાખ સોનામહોર ખરચી વિવિધ ધર્મકાર્ય કર્યાં.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ પેથડનું મરણ થયું અને તે જ્યોતિષ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.[1]

**મંત્રી પેથડકુમાર :—**

પાલીથી નીકળ્યા તે **પલ્લીવાલ** કહેવાયા. ડીસાથી નીકળ્યા તે **ડીસાવાલ** કહેવાયા. વડનગરથી નીકળ્યા તે **નાગર** કહેવાયા, અને ઉગ્રસેનથી નીકળ્યા તે અગ્રવાલ કહેવાયા, પણ પેથડશાહ અને તેના પૂર્વજો અસલમાં ઓસવાલ, પોરવાડ, અગ્રવાલ, શ્રીમાલ કે કોણ હતા? તેનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી, આથી કોઈ કોઈ લેખક તેને પલ્લીવાલોની જ્ઞાતિનો બતાવવામાં ભળતી કલ્પના કરે છે. જેમકે, તપગચ્છના આ૦ વિદ્યાનંદસૂરિ તથા આ૦ ધર્મઘોષસૂરિ વિજાપુરના પલ્લીવાલ હતા. (–પ્રક૦ ૩૮, પૃ૦ ૩૯૧, પ્રક૦ ૪૬, ૪૭)

છતાં **વીરવંશાલીકાર વિદ્વાન** તેને ખંડેલવાલ તથા ઉજ્જૈનનો વતની બતાવે છે. (વીરવંશાવલી, પૃ૦ ૨૦૭) તે જ ગ્રંથકાર પ્રસિદ્ધ જૈન **મંત્રી** પેથડકુમારના પરિચયમાં જૂદી જૂદી બે જ્ઞાતિના બે પેથડકુમાર હોવાનો નિર્દેશ કરે છે.

(૧) વીજાપુરમાં **વીશા શ્રીમાલી જ્ઞાતિનો પેથડકુમાર** હતો. તેણે આ૦ ધર્મઘોષસૂરિ પાસે '૫૦૦ રુકમાનું પરિગ્રહ પરિમાણ વ્રત' માગ્યું, પણ ગુરુ મહારાજે તેનો વધુ પુણ્યોદય જાણી, તેને સમજાવીને ૫૦૦૦)નું પરિમાણવ્રત આપ્યું. ત્યારે ગૂજરાત પાટણમાં **સારંગદેવ વાઘેલો** (સં૦ ૧૩૩૧ થી ૧૩૫૩) રાજા હતો. તેણે પેથડકુમારને પોતાનો **કામદાર** બનાવ્યો.[2] (–પ્રક૦ ૩૫, પૃ૦ ૧૪૪)

તેના પુત્ર **ઝાંઝણનું** પાટણ પાસેના વડાલીમાં લગ્ન થયું ત્યારે

---

૧. પેથડ ઘણા થાય છે. તે આ પ્રકારે જાણવા મળે છે—(૧) પૃથ્વીધર, પેથડ (૨) આબૂ પોરવાડનો વંશજ સોની (૩) પ્રથમસિંહ મંત્રી (૪) નીનાનો વંશજ પૃથ્વીપાલ.

(–પ્રક૦ ૩૫, પૃ૦ ૧૮૫; પ્રક૦ ૩૭, પૃ૦ ૨૮૨, પ્રક૦ ૪૫ પૃ૦ ૩૨૬)

૨. સારંગદેવ માટે જૂઓ, પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૨ની ટિપ્પણી. તથા પ્રક૦ ૪૫, પૃ૦ ૩૨૨

જૈનમ્ સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વાઘેલારાજાએ વડાલીની કન્યાને કાપડામાં પોતાના દેશ, નગર અને ગામના મનુષ્યો દીઠ એકેક ગદિયાણો આપ્યો. ધીમે ધીમે તેની પાસે પરિમાણ કરતાં વધુ ધન થયું. એટલે તેણે **આ૦ ધર્મઘોષસૂરિને** પધરાવી, ચૈત્યપરિપાટીમાં ૭૨ હજાર રુકમા ખરચી, સંઘને પહેરામણી કરી.

મંત્રી પેથડે આચાર્ય મહારાજના ઉપદેશ શત્રુંજયતીર્થમાં બાવન દેરીઓવાળો '**કોડાકોડી જિનપ્રાસાદ**' બંધાવ્યો. બીજા પણ ૮૪ જિનપ્રસાદો બંધાવ્યા. સેંકડો જિનપ્રાસાદોના જીર્ણોદ્ધાર કરાવ્યા. પાટણમાં ચાર **જ્ઞાનભંડારો** સ્થાપન કર્યા. ૩૦૦ જિનાલયોનાં શિખરો ઉપર સોનાના કળશો ચડાવ્યા.

૧. શત્રુંજય, ૨ તારંગા, ૩ વિદ્યાનગર, ૪ પોસીના તીર્થ તથા ૫ ઈડરગઢ, એ પાંચ તીર્થોના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા અને **સંઘપતિપદ** મેળવ્યું. શત્રુંજયમહાતીર્થમાં ૫૬ ધડી સોનું વાપરી "ઇન્દ્રમાળા" પહેરી, "મૂળગભારાને ૨૧ ધડી સોનું ખરચી ૩ અંગુલ જાડા" સોનાના પતરાથી મઢાવ્યું". સં૦ **ઝાંઝણે** ૧૮ ભાર સોનું ખરચી ઘણો લાભ લીધો.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

(૨) આ૦ ધર્મઘોષસૂરિ ગોધરાથી વિહાર કરી માંડવગઢ પધાર્યા, ત્યારે ત્યાં **વીશા પોરવાડ જ્ઞાતિના પેથડે** ૪૨ ધડી સોનું વાપરી માંડવગઢ તથા ધાર વગેરે સ્થાનોમાં બનાવેલા ૨૧ જિનપ્રાસાદોમાં સાત જાતની ધાતુથી બનાવેલી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. (–વીરવંશાવળી, વિવિધગચ્છીયપટ્ટાવલી; પૃ૦ ૨૦૯)

**મંત્રી ઝાંઝણ :—**

મંત્રી પેથડનો તે પુત્ર હતો. દિલ્હીના શેઠ **ભીમસિંહની** પુત્રી **સૌભાગ્યદેવીને** તે પરણ્યો. માંડવગઢનો તે મંત્રી બન્યો. તે બુદ્ધિશાળી અને ચતુર હતો. રાજા હંમેશાં ભોજન વખતે તેને ત્યાંથી તાજું ઘી મંગાવતો. ઝાંઝણને રાજાની આ રીત પસંદ ન પડી. આથી તેણે એક દિવસે રાજદાસીનું ભયંકર અપમાન કર્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ઘી આપ્યું નહીં. રાજાએ તેનો ખુલાસો માગ્યો. ઝાંઝણે બનાવટી ઉત્તર આપી, રાજાને ખુશ કર્યો અને રાજા કાયમને માટે ઘીનો સંગ્રહ કરી રાખે એવી સ્થિતિ ઊભી કરી.

કહેવાય છે કે, આ મંત્રી ચોરને પકડવામાં ભારે કુશળ હતો.

મંત્રી ઝાંઝણે સં. ૧૩૪૯ના મહા સુદિ ૫ ના રોજ છ'રી પાળતો મોટો યાત્રાસંઘ કાઢ્યો. અને નાનાં–મોટાં ઘણાં તીર્થોની યાત્રા કરી. (–પં૦ રત્નમંડનગણિનો 'સુકૃતસાગરગ્રંથ')

સાધુ **ઝાંઝણે** શત્રુંજય અને ગિરનારની વચ્ચેનાં જિનાલયોમાં કપડાંના ધ્વજો ચડાવ્યા. (–શ્રાદ્ધવિધિ કૌમુદી પ્રકાશ ૫ મો)

(જૂઓ પ્રક૦ પૃ૦ )

**જાવડશાહો**

(૧) **સં. જાવડશાહ**—તે મહુવાના શેઠ ભાવડશાહનો પુત્ર હતો. તેણે આ૦ વજસ્વામી તથા આ૦ વજ્રસેનસૂરિના ઉપદેશથી વિ૦ સં૦ ૧૫૦ માં ગિરનારનો અને વિ૦ સં૦ ૧૬૦ માં શત્રુંજયનો ઉદ્ધાર કરાવી, તેમના હાથે પ્રતિષ્ઠા કરાવી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

(૨) **સં૦ જાવડ**—માળવાના સં. જાકુટીએ ગિરનારતીર્થમાં "લકડાના જુના જિનપ્રાસાદને સ્થાને પાષાણનો નવો પ્રાસાદ બનાવવો શરૂ કર્યો. પણ તેનું અચાનક મરણ થયું. આથી **ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે** નિમેલા સોરઠના દંડનાયક **મંત્રી સજ્જને** સોરઠની ૩ વર્ષની રાજ્યની આવક ખરચીને ૨૭ લાખનો પાષાણનો પૃથ્વીજય જિનપ્રાસાદ તૈયાર કરાવ્યો. રાજાએ સં૦ ૧૧૮૫માં આ જિનપ્રાસાદ જોઈ તેનો ખર્ચ માંડી વાળ્યો. અને તેની પૂજા માટે ૧૨ ગામ ભેટ આપ્યાં. (–શ્રાદ્ધવિધિ કૌમુદી પ્રકાશ–૬, પૃ૦ ૩૬, પ્રક૦ ૩૫ પૃ૦ ૯૪, પ્ર૦ ૪૧ પૃ૦ ૬૬૪)

**(૩) લઘુશાલિભદ્ર સં૦ જાવડ શ્રીમાળી—**

(અ) અમે પ્રકરણ ૪૧ પૃ. ૬૪૯માં **મહામાત્ય ઉદાયન શ્રીમાળીનો** વંશ આપ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(આ) બીજો **સોની માંડણના વંશજ** સં૦ **ઉદયન શ્રીમાળીનો વંશ** આ પ્રમાણે મળે છે.

(૧) **સં૦ ઉદો શ્રીમાળી** (ભા૦ હર્ષૂ)
(૨) સં૦ ખીમો (ભા૦ પુંજી)
(૩) જગશી (ભા૦ માણિ)
(૪) **સં૦ ગેલ્હા શ્રીમાળી** (ભા૦ સાયા)
(૫) મેઘો
(૬) પુત્રો (૧) કરણ તથા (૨) રાજા
(૭) **સં. રાજમલ** (ભા૦ માંગૂ)
(૮) **સં૦ જાવડ શ્રીમાળી**
(ભા૦ ધનાદે, જીવાદે, સુહણદે, સત્તાદે,)
(૯) હીરો (ભા૦ રમાઈ)
(૧૦) લાલો વગેરે.

(૩) જાવડ શ્રીમાળી—ઉપર લખેલ ગોમાંથી એક ઉદયન શ્રીમાળીના વંશમાં **સં૦ ગેલ્હા** નામે થયો. તે ગેલ્હા શ્રીમાળીના વંશમાં **સં૦ રાજમલ** થયો. તે માંડવગઢમાં રહેતો હતો. કવિ ચક્રવર્તી શ્રી **સર્વરાજગણિએ જાવડની** પ્રેરણાથી "આનંદ–સુંદરકાવ્ય" રચ્યું છે. તેની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે–૫૩મા **ભ૦ લક્ષ્મીસાગરસૂરિ** માંડવગઢ પધાર્યા ત્યારે, જાવડના પિતા **શા૦ રાજમલે** ૬૦ હજાર ટકા ખર્ચીને તે આચાર્ય મહારાજનો "પ્રવેશ મહોત્સવ" કર્યો હતો.

તે રાજમલ શ્રીમાળીને **જાવડ** નામે પુત્ર હતો. અને જાવડને ૧ જીવાદે ૨ સુહાગદે, ૩ શકરી સત્તાદે અને ૪ ધનાદે એમ **ચાર પત્નીઓ** હતી. ધન્નાદેને **હીરજી નામે** પુત્ર હતો. સં૦ હીરજીને રમાઈ નામે પત્ની હતી. તેનાથી તેને **લાલજી** નામે પુત્ર થયો.

**સં૦ જાવડશા**—તે માળવાના માંડવગઢના બા૦ ગ્યાસુદ્દીન ખીલજી (સં૦ ૧૫૨૫ થી ૧૫૫૮)નો ગંજાધિકારી વ્યવહારી" હતો. તેને "શ્રીમાલ ભૂપાલ" લઘુ શાલિભદ્રનું બિરૂદ હતું. તે **સંઘપતિ** હતો (૫૩) ભ૦ લક્ષ્મીસાગરસૂરિના પટ્ટધર (૫૪) **ભ૦ સુમતિ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સાધુસૂરિનો** શ્રાવક હતો. જૈન હતો. તેણે સં૦ ૧૫૫૧માં વિનતિ કરી આ૦ સુમતિસાધુસૂરિના ચક્રવર્તિ પં૦ સર્વવિજયગણિ પાસે "આનંદસુંદર ગ્રંથ" બનાવ્યો, જેમાં ભ૦ મહાવીરસ્વામિના ૧૦ શ્રાવકોનું વર્ણન છે.

સં૦ જાવડે સં૦ ૧૫૪૭ના મહા વદિ ૧૩ ને રવિવારે માંડવગઢમાં ભ૦ શાન્તિનાથ વગેરે ૧૦૪ પંચતીર્થી પ્રતિમાઓ ભરાવી, **ભ૦ સુમતિસાધુસૂરિ** પાસે પ્રતિષ્ઠા કરાવી હતી. (–પ્રક૦ ૫૪ )

(અ) આ પ્રતિમાઓ પૈકીની ભ૦ **શાન્તિનાથની** પ્રતિમા વિજાપુરના "ચિંતામણીપાર્શ્વનાથ જિનાલયમાં" વિદ્યમાન છે.

(–વિજાપુર બૃહદ્ વૃત્તાન્ત પૃ૦ ૪૫)

(આ) બીજી ભ૦ કુંથુનાથજીની પ્રતિમા આગરામાં મોતિ કટરાના "ભ૦ સૂર્યપ્રભસ્વામિના જિનાલયમાં" વિદ્યમાન છે.

(–જૂઓ ઇન્દોરની જૈન શ્વેતામ્બર સંઘની પેઢીથી પ્રકાશિત "શ્રી માંડવગઢની તીર્થપુસ્તિકા પૃ૦ ૪૬)

ભ૦ કુંથુનાથની પ્રતિમાના લેખમાં પત્ની શકરીને બદલે સત્તા નામ આપ્યું છે. અને હીરજીને ધનાદેનો પુત્ર બતાવ્યો છે.

ભ૦ કુંથુનાથના પ્રતિમાલેખમાં સં૦ ૧૫૯૭ છપાયું છે. સંભવ છે કે–તે લેખ બેકાળજીથી લેવાયેલો છે. કેમકે **ભ૦ સુમતિસાધુસૂરિએ** સં૦ ૧૫૫૧ પછી ગચ્છનો ભાર પોતાના ૫૫ મા પટ્ટધર **આ૦ હેમવિમલસૂરિને** સોંપ્યો હતો. અને ભ૦ સુમતિસાધુસૂરિનું સ્વર્ગગમન સં૦ ૧૫૮૧ માં થયું હતું.

સં૦ જાવડે **ભ૦ સુમતિસાધુસૂરિના** ઉપદેશથી ૧ લાખ ચોખંડા રૂપૈયા ખરચી, અગ્યાર શેર સોનાની એક અને બાવીશ શેર રૂપાની બીજી એક. એમ બે જિન પ્રતિમાઓ ભરાવી. અને તે વગેરે જિન પ્રતિમાઓની તે આચાર્યશ્રીના હાથે પ્રતિષ્ઠા કરાવી. સં૦ જાવડે આ ઉત્સવમાં ૧૧ લાખ રૂપૈયા વાપર્યા હતા.

(–આ૦ સોમવિમલસૂરિની **સોમશાખા પટ્ટાવલી** કડી ૩૬ થી ૩૯)

જૈન સાઈટ JAINSITE .com
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સં૦ જાવડે ભ૦ સુમતિસાધુસૂરિના નગરપ્રવેશમાં ૮૪ હજાર ચોકડા ખરચ્યા. અને પ્રતિષ્ઠામાં પાંચ લાખ ચોકડા ખરચ્યા હતા.
(-પં૦ શ્રી વિમલગણિની "તપાગચ્છ પટ્ટાનુક્રમ પટ્ટા૦ સમુ૦ ભાગ ૨ પૃ૦ ૧૪૨)

આ૦ સુમતિસાધુસૂરિના શિષ્ય કવિ ચક્રવર્તી **શ્રી સર્વરાજગણિએ** આ સં૦ જાવડની પ્રેરણાથી સં૦ ૧૫૫૧માં "આનંદ સુંદરકાવ્ય ગ્રંથ" બનાવ્યો. જેમાં ભ૦ મહાવીર સ્વામીના ૧૦ શ્રાવકોનું વર્ણન છે.

**(૪) શેઠ જાવડશાહ**

ગંધારના શેઠ **જાવડશાહ** પોરવાડના પુત્ર શા૦ સીપા (શ્રીપાલ)ની ભાર્યા ગીસૂના પુત્રો (૧) **સં૦ જીવંત** (૨) સં૦ કાઉજી અને (૩) સં૦ આહૂએ સં૦ ૧૬૨૦ વૈ૦ સુ૦ ૫ ગુરુવારે શત્રુંજય તીર્થની મોટી ટૂંકમાં તપગચ્છના (૫૭) મા ભ૦ **વિજયદાનસૂરિ** તથા (૫૮) **જગદ્ગુરુ વિજયહીરસૂરિના હાથે** ભગવાન પાર્શ્વનાથની દેરીની પ્રતિષ્ઠા કરાવી. (શત્રુંજયતીર્થનો ફરમો મોટું વર્ણન)
(પ્રક૦ ૫૭ શત્રુંજયતીર્થમાં જિનપ્રતિમાઓ.)

**(૫) શેઠ જાઉજી** માંડવગઢના **શેઠ જાઉજીએ** સં૦ ૧૬૬૨માં સોના ચાંદીના ૧૦૪ ચોવીશવટા અને બીજી જિનપ્રતિમાઓ બનાવી પ્રતિષ્ઠા કરાવી હતી. (ઉપદેશસાર, ઉપદેશ. ૨૭ મો)

**સાધુ સારંગ**—નમસ્કાર મંત્ર બોલનારને ક્રમે ક્રમે-એક પછી એક તે એકેક સોનૈયો આપતો હતો. એક ચારણને તો ફરી ફરી વાર નમસ્કાર મંત્ર બોલાવીને તેણે ૯ સોનૈયા આપ્યા હતા.

સારંગદેવ ઘણા થયા છે. તેમાંના નીચે પ્રકારે જાણવા મળે છે:—

(૧) સારંગદેવ વાઘેલો રાજા (સં. ૧૩૩૧ થી ૧૩૬૦)
(પ્રક૦ ૩૫, પૃ૦ ૧૪૪)

(૨) સારંગદેવ ગોહેલ સં. ૧૫૩૧, (પ્રક૦ ૩૭ પૃ૦ ૨૭૨)

(૩-૪) સારંગદેવ ગોહેલ (પ્રક૦ ૪૪ પૃ. ૨૩૧, પૃ૦ ૨૩૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) કવિસારંગ સં૦ ૧૬૩૮ થી ૭૮ (પ્રક૦ ૩૭ પૃ૦ ૨૬૮)

(૬) સમરાશાહ ઓશવાલનો ભત્રીજો. (પ્રક૦ ૩૫ પૃ૦ ૧૯૯)

(૭) મહમદ બેગડાનો માનીતો તથા બા૦ મુજફ્ફરશાહ (૧૫૬૭ થી ૧૫૮૩)નો રાજવહીવટ ચલાવનાર કિવાઉલ સારંગ (પ્રક૦ ૪૪ પૃ૦ ૨૦૦ પૃ૦ ૨૧૨)

**મંત્રી આભૂ શ્રીમાળીનો વંશઃ—**

૧. **આભૂ**—તે જાલોરનો શ્રીમાળી હતો. સ્વર્ણગિરિનો હોવાથી તે **સોનગરા શ્રીમાળી** તરીકે પ્રસિદ્ધ હતો. બુદ્ધિનો ભંડાર હતો. રાજા સોમેશ્વર ચૌહાણ (સં. ૧૨૨૬ થી ૧૨૩૬)નો મંત્રી હતો. સંભવતઃ તે ચૌહાણ અજમેરનો રાજા હતો, જેને (૧) **પૃથ્વીરાજ,** (૨) હરિરાજ અને (૩) **આનંદરાજ** નામે પુત્રો હતા.

૨. **અભયડ**—તે રાજા આણંદરાજનો મંત્રી હતો.

૩. **આંબડ**—તેણે જાલોરના કિલ્લામાં 'ગણપતિની સ્થાપના' કરી હતી.

૪. **સહણપાળ**—તે બા૦ મોઈજુદ્દીન બહેરામ (સને ૧૨૩૯થી ૪૧) પ્રધાન હતો (પ્રક૦ ૪૪ પૃ૦ ૪૬) મોજુદ્દીને કચ્છદેશને જીતી લીધો, પણ સહણપાળે બાદશાહને સમજાવી તે દેશ છૂટો કરાવ્યો અને બાદશાહે તેને ઈનામમાં ૧૦૧ ઘોડા તેમજ સોના મહોરો આપી.

૫. **નેણો**—તે અલાઉદ્દીનના પિતા બા૦ જલાલુદ્દીનખીલજી (સને ૧૨૮૦ થી ૧૨૯૫) નો સર્વસત્તાધારી વડો પ્રધાન હતો. તેણે ખરતરગચ્છના આ૦ **જિનચંદ્રસૂરિના** ઉપદેશથી શત્રુંજયતીર્થ તથા ગિરનારતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

૬. **દુઃસાજુ**—તે "**ચંડાવલ** (માંડવગઢ પાસે ચંડાઉલી ચંડાવલ અથવા ચંદ્રાવતી) રાજ્યમાં" **વડો પ્રધાન હતો.** ૧૯મા બાદશાહ ગ્યાસુદ્દીન **તઘલુકે** તેને મેવાડ કે મોરવાડાનો સૂબો બનાવ્યો હતો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

૭. **વીકો**—તેણે સાત રાજાઓનો અધિકાર છીનવી લીધો, તેથી બાદશાહે તેને ઘણું માન આપ્યું હતું.

૮, **ઝાંઝણ**—તે રાજા **ગોપીનાથનો** મુખ્ય મંત્રી હતો. બહુ ધર્મપ્રેમી હતો. તેણે સં૦ ૧૫૦૩ લગભગમાં **પાલનપુરમાં** ભ૦ શાંતિનાથનો જિનપ્રાસાદ કરાવ્યો, યાત્રાસંઘો કાઢયા, ઉજમણાં કર્યાં, ધર્મશાળા, ઉપાશ્રયો અને દાનશાળા બંધાવ્યાં. તે માંડવગઢ જઈને વસ્યો. તેને ૧. સં૦ ચાહડ, ૨, સં૦ બાહડ, ૩. સં૦ **દેહડ**, ૪. **પદ્મ**, ૫. સં૦ આલ્હા અને ૬. સં૦ પાહુ એમ છ પુત્રો હતા.

આ સૌ ભાઈઓ માંડવગઢમાં **બાદશાહ આલમશાહના** દિવાન બન્યા, તે સૌએ જીરાવલા પાર્શ્વનાથ, આબૂતીર્થ વગેરેના જૂદા જૂદા યાત્રાસંઘો કાઢયા હતા. એ રીતે **સંઘપતિ** બન્યા હતા. તેઓએ "કોલભક્ષ રાજા" પાસેથી લોકોને છોડાવ્યા. **અલ્લાઉદ્દીને** (સને ૧૨૯૮ થી ૧૩૧૬) માંડવગઢ જીતી લઈ **સં૦ પદ્મને** ત્યાંનો "દિવાન" બનાવ્યો અને **મલિક કાફૂરને** "માળવાનો સૂબો" બનાવ્યો. (પ્રક૦ ૪૪, પૃ૦ ૪૭)

૯. **સં૦ બાહડ**–તે ઝાંઝણનો બીજો પુત્ર થયો હતો. તેણે જીરાવલા તથા આબૂતીર્થનો છરી પાળતો યાત્રાસંઘ કાઢયો હતો. તેને મંત્રી ૧ **સમધર**,[1] અને ૨ **સં૦મંડન** એમ બે પુત્રો હતા.

૧૦. **સં૦ કવિવરમંડન**–તે સં૦ બાહડનો નાનો પુત્ર હતો. તે બુદ્ધિમાન્, ધનવાન્, વિદ્વાન્, હતો. તેણે 'મંડનાંક' ઘણા ગ્રંથો રચ્યા છે. તે આ પ્રકારે જાણવા મળે છે.—

૧. સારસ્વતમંડન, ૨. કાવ્યમંડન, ૩. ચંપૂમંડન, ૪. કાદંબરીમંડન, પરિ૦ ૪, ૫. ચંદ્રવિજય શ્લો૦ ૧૪૧, ૬. અલંકારમંડન, ૭. શૃંગારમંડન શ્લોક૦ ૧૦૮, ૮. સંગીતમંડન, ૯. ઉપસર્ગમંડન, અને ૧૦. કવિકલ્પદ્રુમ વગેરે.

---

૧. સંભવ છે કે, તે મેવાડનો મહામાત્ય હોય, તેના કુટુંબે આ૦ ધર્મઘોષના ઉપદેશથી ગ્રંથો લખાવ્યા હતા. (પ્રક૦ ૪૫ પૃ૦ ૨૮૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કવિમંડનને ૧. સં૦ પૂજો, ૨. સં૦ જીજી, ૩. સં૦ **સંગ્રામ** ૪. સં૦ શ્રીમાલી એમ ચાર પુત્રો હતા.

**કવિ મંડન** અને **કવિ ધનદ** તેમજ તેમના પુત્રોએ સં. ૧૫૦૩માં માંડવગઢમાં ખરતરગચ્છના ૫૧મા આ૦ જિનભદ્રસૂરિ (સં૦ ૧૪૭૫ થી સં૦ ૧૫૧૪)ના ઉપદેશથી સર્વ સિદ્ધાંતો **લખાવ્યા** હતા.

(૮) સં૦ ઝાંઝણનો ત્રીજો પુત્ર (૯) સં૦ દેહડ, જે ભોજદેવ પરમાર (સં૦ ૧૩૩૭ થી ૧૩૬૭)નો તથા માંડવગઢના બાદશાહ **આલમશાહનો** દિવાન હતો. તેણે આબૂતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો હતો. તેના પુત્ર **કવિ ધનદે** સં. ૧૪૯૦ના વૈશાખ સુદિ ૧ ને ગુરુવારે માંડવગઢમાં ૧. શૃંગાર ધનદ, ૨. નીતિધનદ અને ૩ વૈરાગ્યધનદ એમ શતકત્રયી બનાવી છે.

(–કવિ મહેશ્વર કૃત "કાવ્યમનોહર સર્ગઃ ૧–૨", કવિમંડનકૃત કાદંબરી મંડન, કાવ્યમંડન, ધનદશતક, તથા આગમગ્રંથોની પ્રશસ્તિઓ, પુષ્પિકાઓ)

JAINSITE જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

## શેઠ આભૂ પલ્લીવાલનો વંશ

૧. આભૂ–તે **પલ્લીવાલ હતો.** સમય જતાં તેના વંશજો **સોની** ઓડકના બન્યા. (તે સોના ચાંદીના વેપારી હતા)

૨. **વીરાક**—તેને ૧ મહણસિંહ અને ૨ **બીજો** નામે બે પુત્રો હતા.

૩. **બીજો**—તેને **શ્રી** નામે પત્ની હતી, તથા (૧) કુમારપાળ, (૨) **ભીમ** અને (૩) મદન નામે પુત્રો હતા. તેઓને અનુક્રમે મહણદેવી, કપૂરદેવી, અને સરસ્વતી નામે પત્નીઓ હતી. પહેલા **કુમારપાલની** વંશપરંપરા લાંબી ચાલી. અને ત્રીજા મદનને દેપાળ નામે પુત્ર હતો.

૪. **ભીમ**—તેને કર્પૂરદેવી નામે પત્ની હતી. તથા (૧) પદ્મ, (૨) સાહણ, (૩) સામંત અને (૪) **સૂર** નામે પુત્રો હતા. પહેલા પદ્મને ધીધો પુત્ર અને પૂનો નામે પૌત્ર હતા. પૂનો સં૦ ૧૪૪૨ માં

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

વિદ્યમાન હતો. બીજા સાહણનો પૌત્ર **કડવો** પણ સં૦ ૧૪૪૨ માં વિદ્યમાન હતો.

૫. **સૂર**—તેને સૂહવદેવી નામે પત્ની હતી. સૂર નીતિમાન્ અને ચારિત્રશીલ હતો. તેણે સોનીના ધંધામાં ભારે નામના મેળવી હતી. તેને **૧ પ્રથિમસિંહ,** અને ૨ પાલ્હણસિંહ એમ બે પુત્રો હતા. બીજા પાલ્હણસિંહને પાલ્હણદેવીથી (૧) લીંબો અને (૨) આંબો, નામે પુત્રો થયા, જે સં૦ ૧૪૪૨ માં હયાત હતા.

૬. **પ્રથિમસિંહ**—તે સોનીઓમાં વડો હતો. તેને પ્રીમલ દેવી નામે પત્ની તથા ૧ સોમ, ૨. **રતન,** ૩. **સિંહાક,** ૪. **સાલ્હા** અને ૫. **ડુંગર** એમ પાંચ પુત્રો હતા.

તેમાંનો પહેલો **સોમ** શાંત સ્વભાવી હતો. તેને સાજણદેવી પત્નીથી ૧ નારાયણ, ૨ વાછો ૩ ગોધો, અને ૪ સાધવ એમ ચાર પુત્રો હતા, જે સં૦ ૧૪૪૨ માં વિદ્યમાન હતા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

બીજા **સં૦ રતનસિંહે** સિંહાકના સહયોગથી શત્રુંજય વગેરે તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. અને ઘણું દાન કર્યું હતું. તેને રત્નાદેવી નામે પત્નીથી ૧ ધન, ૨ સાયર, અને ૩ સહદેવ નામે પુત્રો થયા. **ધનરાજ** તથા **સહદેવે** " કાકા સિંહાકની આજ્ઞાથી " સં૦ ૧૪૪૧ માં તમાલીનીમાં સ્તંભનક પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં **આ૦ જ્ઞાનસાગરસૂરિનો આચાર્યપદ** મહોત્સવ કર્યો **ત્રીજો સિંહાક** સૌનો માનીતો હતો. રૂપાળો અને પ્રતિભાશાળી હતો. તેણે સં૦ ૧૪૨૦ ના ચૈત્ર સુદિ ૧૦ ના રોજ પાટણમાં આ૦ **જયાનંદસૂરિ** તથા આ૦ **દેવસુંદરસૂરિના** આચાર્યપદનો મહોત્સવ કર્યો. તેને સોખલદેવી, દુલ્હણદેવી અને પૂંજી એમ ત્રણ પત્નીઓ હતી. દુલ્હાદેવીને **આશાધર** અને પૂંજીને **નાગરાજ** નામે પુત્રો થયા.

શેઠ આભૂનો પૌત્ર (૩) બીજાનો પહેલો પુત્ર (૪) કુમારપાળના વંશમાં થયેલા શા૦ નિરય અને તેની ભાર્યા નાગલદેવીના પુત્રો ૧ લખમસિંહ, ૨ રામસિંહ અને ૨ ગોવલ નામે હતા, તે પૈકીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગોવલે** સં૦ ૧૪૪૨ માં ઉપા૦ કુલમંડન તથા ઉપા૦ ગુણરત્નની "આચાર્યપદવીનો મહોત્સવ" કર્યો હતો.

૭. શેઠ સાલ્હા—તેને હીરાદેવી નામે પત્ની તથા ૧ દેવરાજ, ૨ શિવરાજ, ૩ હેમરાજ, ૪ ખીમરાજ, ૫ ભોજરાજ, ૬ ગુણરાજ અને વનરાજ એમ સાત પુત્રો થયા.

ચોથા **શેઠ સાલ્હાએ** સં૦ ૧૪૪૨ના ભાદરવા સુદિ ૨ ને સોમવારે ખંભાતમાં તાડપત્ર ઉપર 'પંચાશકવૃત્તિ' લખાવી.

સોની સાલ્હાશાહ પલ્લીવાલના કુટુંબમાંથી ઘણાએ શત્રુંજયતીર્થ વગેરેના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા હતા. આ કુટુંબ તપાગચ્છીય આચાર્યોનું ભક્ત હતું. એટલે સ્પષ્ટ છે કે—પલ્લીવાલો તપાગચ્છને વિશેષ માનતા હતા[1] (જૈન પુસ્તક પ્રશસ્તિ સં૦ પ્ર૦ નં૦ ૪૦)

સોહી પલ્લીવાલ અને વરહુડિયા પલ્લીવાલ વંશો માટે જૂઓ. (પ્ર૦ ૩૮ પૃ૦ ૩૮૯, ૩૯૦)

**શાહ ભીમાશાહ (૧ થી ૧૪)**

અમે નં૦ ૧ થી ૫ ભીમાશાહોનો પરિચય પહેલાં (પ્ર૦ ૪૧ પૃ૦ ૬૮૩માં આપ્યો છે. અને તે પૈકીના નં૦ ૨, ૩, સં૦ ભીમજી સોની શ્રીમાળીનો વિશેષ પરિચય નીચે પ્રમાણે જણાવો.

**સંઘપતિ ભીમજી:—**

તે ખંભાતનો વતની હતો. તે **સોની ઓડકનો શ્રીમાલી વંશનો હતો.** ધનાઢ્ય અને મોટો વેપારી હતો. "તપગચ્છના આ૦ **દેવેન્દ્રસૂરિ** માળવામાંથી વિહાર કરી, ગુજરાત પધાર્યા. તે

---

૧. સાલ્હાશાહ ઘણા થયા છે.

સમરાશા ઓસવાલનો મોટો પુત્ર **સાલ્હાશાહ** હતો. (પ્ર૦ ૫૩ પૃ ૧૯૭)

મેવાડમાં ડુંગરપુરથી ૩ કોશ દૂર થાણા ગામ હતું. તેમાં **ભાભર** ઓસવાળને પુત્રો **૧ ભાલ્હાશાહ** અને **સાલ્હાશાહ** વગેરે ૬ પુત્રો હતા. તે આ૦ લક્ષ્મીસાગરસૂરિ (વિ૦સં૦ ૧૫૧૮ વૈ૦ સુ૦ ૪)ના ભક્ત શ્રાવકો હતા. (પ્ર૦ ૫૩)

મંત્રી આભૂ શ્રીમાળીના વંશમાં શેઠ ઝાંઝણને ૬ પુત્રો હતા. તેમાં પાંચમો પુત્ર સાલ્હા નહીં પણ આલ્હા હતો. (જૂઓ પ્ર૦ ૪૫ પૃ૦ ૩૨૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દરમિયાન તેમના ગુરુભાઈ ઉપા૦ વિજયચંદ્રગણિ ખંભાતમાં આચાર્ય બન્યા, અને તેમણે સ્વતંત્ર પોષાળ જમાવી, તેમાં સ્થિરવાસ કરી બેઠા. છેવટે શિથિલાચારી બની ગયા.” આ૦ દેવેન્દ્રસૂરિને આ વર્તાવ ગમ્યો નહીં. તેથી તે એ પોષાળમાં ન ઉતર્યા, તે વખતે ખંભાતના આગેવાનો સંગ્રામસિંહ સોનીના પૂર્વજ સોની **સાંગણ** તથા સોની **સંઘપતિ ભીમજી** વગેરેને તપાગચ્છમાં આ પ્રકારે “ગચ્છભેદ” થતો જોઈ, ઘણું દુઃખ થયું. તેઓએ આ૦ દેવેન્દ્રસૂરિની સાચી ત્યાગ ભાવના જોઈ, તેમની શિષ્ય પરંપરા લાંબા કાળ સુધી ચાલુ રહેશે. એવી ખાતરી કર્યા પછી, તેમને પોતાના કબજાના સાધ્વીઓવાળા જૂદા શુદ્ધ “ઉપાશ્રયમાં” ઉતાર્યા. અને તેમને તથા તેમના પરિવારને વસતિ, આહારપાણી, સગવડ તથા શિષ્યો વગેરે આપી ઘણી ભક્તિ કરી. આથી તે આચાર્યની શ્રમણપરંપરા ‘તપગચ્છ લઘુપોષાળ’ એવા નામથી પ્રસિદ્ધ થઈ. (—ગુર્વાવલી, શ્લો૦ ૧૩૭ થી ૧૩૯) એટલે કે, **સં૦ ભીમજી શાહ** આ૦ દેવેન્દ્રસૂરિનો મોટો ભક્ત હતો. (જૂઓ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૧)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સત્યની કસોટી:—**

એક દિવસે સં૦ ભીમજીએ સંસારને અસાર સમજી આત્મ કલ્યાણની ભાવનાથી **આ૦ દેવેન્દ્રસૂરિને** વિનંતી કરી કે—

“ગુરુદેવ અમારો ધંધો પાપવાળો છે કૃપા કરી એક એવી **પ્રતિજ્ઞા** આપો કે, મારો જલદી ભવનિસ્તાર થાય.”

“ગુરુદેવે જણાવ્યું કે મહાનુભાવ ! હમેશાં **સત્ય બોલવાની પ્રતિજ્ઞા** પાળશો તો તમારું જલદી કલ્યાણ થશે.”

શેઠ ભીમજીએ ગુરુદેવની આ આજ્ઞા માથે ચડાવી, અને પ્રતિજ્ઞા લીધી કે, “હું કદાપિ જૂઠું બોલીશ.” નહીં અને ગમે તેવી સ્થિતિમાંયે સત્ય બોલવાની પ્રતિજ્ઞા પાળીશ કેટલાક દિવસ પછી આ પ્રતિજ્ઞાની **આકરી કસોટી** થવાનો પ્રસંગ બન્યો.

એક દિવસે “મહીનદીના કાંઠે” વસતા એક પલ્લીપતિ **લૂંટારું ભીલે** તે સોનીને પકડીને પૂછ્યું કે, ‘બોલ, તારા ઘરમાં કેટલું ધન છે?’

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભીમજીએ સાચું જણાવ્યું કે, " મેં ઘરમાં ઘરખર્ચીના રૂા. ૪૦૦૦ રાખેલા છે."

પલ્લીપતિ ભીલે સોનીને ગુપ્તસ્થાનમાં સંતાડી રાખી, તેના પુત્રને કહેવડાવ્યું કે, " ખાનના ચાર હજાર રૂપિયા આપીને તમારા પિતાને છોડાવી જાઓ." પુત્રે બનાવટી સિક્કા લાવી ભીલને આપ્યા, ત્યારે ભીલે તે સિક્કા સાચા છે કે ખોટા ? તે પરખવા માટે " ભીમજી સોની જ સાચા બોલો છે." એમ જાણી તેની આગળ એ ચાર હજાર રૂપિયા લાવીને મૂકયા. અને પૂછયું કે, ' આ રૂપિયા સાચા છે કે ખોટા ? '

સોની ભીમજીએ તરત જવાબ આપ્યો કે, " આ સિક્કા બનાવટી છે, તદ્દન નકલી અને ખોટા છે."

ભીલને વિચાર આવ્યો કે, શેઠ બાનમાં નજર કેદ છે અને તેનો પુત્ર રૂપિયા આપે તો જ છૂટી શકે તેમ છે. છતાં તે પોતાના દીકરાને જૂઠો બતાવે છે. અને રૂપિયા ખોટા હોવાનું જણાવે છે. એ રીતે આ શેઠ **ભીમજી ખરો સત્યવાદી** છે. એ વાત ખરી છે. મારો ધંધો લૂંટવાનો છે. પણ આવા ધર્માત્માઓને સતાવવાથી પ્રભુ વધુ નારાજ થશે, માટે આ શેઠને એમને એમ છોડી દેવો જોઈએ. આમ વિચારી બધા ભીલોએ ભીમજીને છોડી મૂકયો, એટલું જ નહીં પણ તેમને પાંચ વસ્ત્રો આપી, પોતાના ગામના **કામદાર** બનાવ્યા.

લોકોએ આ ઘટના જાણી, અને **આ૦ દેવેન્દ્રસૂરિનો** તેમજ **સોની ભીમજીનો** યશ ખૂબ ફેલાયો. સૌ લોકોએ તેના સાચા-બોલાપણાની પ્રશંસા કરી.

( –વીર વંશાવલી, વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૦૮)

**અન્નત્યાગ—**

આ૦ **દેવેન્દ્રસૂરિ** સં૦ ૧૩૨૭ માં માલવામાં સ્વર્ગસ્થ થયા. તે પછી છ મહિના વીતતાં તેમના જ પટ્ટધર આ૦ વિદ્યાનંદસૂરિનો પણ વિજાપુરમાં સ્વર્ગવાસ થયો. ( તપગચ્છપટ્ટાવલી )



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**સં૦ ભીમજીએ** આ ગુરુદેવોના સ્વર્ગગમનના શોકથી ૧૨–વર્ષ સુધી અનાજ લીધું નહીં.

**લહાણી**–તેણે ભારતવર્ષમાં જે જે ચતુર્થવ્રતધારી સ્ત્રી પુરુષો હોય તે સૌને ૧ રેશમી સાડી અને ૫ હીરાગલ વસ્ત્રો એમ છ વસ્ત્રોની લહાણી કરી, તેનો મહેતો ગામે ગામ ફરીને લહાણી કરતો હતો.

મહેતાએ સંઘપતિની આજ્ઞાથી **માંડવગઢના મંત્રી** પેથડશાહ તથા તેની પત્ની પદ્મિનીને પણ આ લહાણી આપી. તે બંનેએ આ લહાણીનો મૂળ ઉદ્દેશ જાણી ૩૨ વર્ષની વયમાં જ સજોડે બ્રહ્મચર્યવ્રત ઉચ્ચરી આ વસ્ત્રો પહેરી જિનપૂજા કરી.

(–પ્ર૦ ૪૫, પૃ૦ ૩૧૫ મં૦ દેદાશાહ વંશ, તપગચ્છપટ્ટાવલી,)

**ઉપાશ્રય ફળ**–તેણે ખંભાત નગરમાં જગા ન મળવાથી શહેરની બહાર **મોટી પોષાળ** બનાવી. તેમાં હાથીદાંતનું કામ કરાવ્યું હતું. હાથીદાંતનો આ ભવ્ય અને દર્શનીય ઉપાશ્રય બન્યો હતો. ઉપાશ્રય જોઈ સૌ કોઈ ખુશ થયા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એક બહુ બોલા **શ્રાવકે** સં૦ ભીમજીને કહ્યું : શેઠ ! ઉપાશ્રય તો ભવ્ય બન્યો, પણ પૈસા પાણીમાં ગયા.' કેમકે આ જંગલમાં આવીને કોણ ઊતરશે ? આમાં તો ચોર–લૂંટારા, ભિખારી આવી વસશે. " સં૦ **ભીમજીએ** હસીને ઉત્તર આપ્યો કે, ભાઈ! તમે કહો છો એ વાત સાચી છે, પણ કાપડનો **પોટલીઓ વેપારી** એકાદ જૈન પણ અહીં ઊતરીને માત્ર **એક જ સામાયિક** કરશે અથવા એક જ **નવકારમંત્ર** ગણશે તો મારો પૈસો **સાર્થક** છે, એમ હું માનું છું."

આવો પ્રત્યુત્તર સાંભળી તે ખુશ થયો અને શેઠની સામાયિક તેમજ નવકારમંત્ર ઉપર આવી દૃઢશ્રદ્ધા જોઈ શેઠની પ્રશંસા કરવા લાગ્યો.

આ પોષાળ ન્યાયસંપન્ન પૈસાથી બની હતી, તેથી એમ થયું કે, તે દિશામાં ખંભાતની જનતાનો વસવાટ વધ્યો. અને પોષાળની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારે બાજુ ઘરો બની ગયાં એટલે તે પોષાળ નગરની અંદર આવી ગઈ. (ઉપદેશતરંગીણી)

(–ભીમાશાહ માટે જુઓ, પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૪)

શાહ ભીમાશાહ–નં૦ ૧ થી ૫ નંબર વાળાનો પરિચય પ્રક૦ ૪૧ પૃ૦ ૬૮૩માં આવી ગયો છે.

તે પૈકીના નં૦ ૨–૩નો વિશેષ પરિચય ઉપર પ્રમાણે જાણવો

**૬ થી ૧૪** બીજા પણ ઘણા **ભીમાશાહ** થયા હતા. તે આ પ્રમાણે —

(૬) વરહુડિયા ગોત્રનો **ભીમ** તે **આ૦ ધર્મઘોષસૂરિ** (પ્રક૦ ૪૬)

(૭) સં૦ ભીમાશાહ :–તેણે સં૦ ૧૫૧૮ પહેલાં આબૂ તીર્થમાં દેલવાડામાં "પિત્તલહર જિનપ્રાસાદ" બનાવ્યો. (–પ્રક૦ ૩૭ પૃ૦ ૨૮૮)

(૮) **ભીમો**–પાટણના સરસ્વતી ગ્રંથ ભંડારની કલમ પાંચમીમાં બતાવેલ શેઠ **વીરા** પોરવાડનો બીજો પૌત્ર. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૯)

(૯) **મંત્રી ભીમો**–પાટણના સરસ્વતી ગ્રંથ ભંડારની કલમ આઠમીમાં બતાવેલ શંખલપુરનો પોરવાડ (–પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૦)

(૧૦) **સોની ભીમો**–તે આબૂ પલ્લીવાલનો વંશજ હતો.

(–પ્રક૦, ૪૫, પૃ૦ ૩૨૫)

(૧૧) અડાલજના વાઘેલા મૂલરાજનો કામદાર **મહં૦ ભીમો,** તેના પુત્ર **માહીણે** સં૦ ૧૫૫૫ મ૦ સુ૦ ૫ ને રોજ અડાલજમાં રૂડકી રાણી વતી **રૂડકીવાવ** બનાવી (–પ્રક૦ ૪૪ પૃ૦ ૧૯૨, ૧૯૩)

(૧૨) **ભીમો પારેખ**–પારેખ આલ્હણાશી શ્રીમાલીના વંશનો ખંભાતનો વતની ભીમ. **વિજયા** રાજિયા પારેખ તેના પૌત્રો હતા.

(–પ્રક૦ ૪૫)

(૧૩) **ભીમસિંહ પોરવાડ**–શેઠ આજડશાહના વંશના પોસીના તીર્થના શેઠ **હાપા** પોરવાડનો પૌત્ર (–પ્રક૦ ૪૫)

(૧૪) **ભીમ**–શેઠ જેલ્હાના વંશના સં૦ દેશલ અને સં૦ ગોમતીદેવીનો પુત્ર વિ૦ સં૦ ૧૩૭૯ (–પ્રક૦ ૪૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સોની સાંગણ ઓસવાલનો વંશ :—**

૧. **સોની સાંગણ**—ઓશવાલ વંશનો એ શણગાર હતો. અને સુશ્રાવક હતો. સંભવ છે કે, આ૦ દેવેન્દ્રસૂરિ અને આ૦ વિજયચંદ્રસૂરિ વચ્ચે સં૦ ૧૩૧૯ માં ખંભાતમાં ગચ્છભેદ પડ્યો. ત્યારે **શેઠ સાંગણે** આ બંનેની શ્રમણ શાખાઓમાં કયી સાચી છે? તે જાણવા માટે **સ્થંભણ પાર્શ્વનાથની પ્રતિમા** સામે બેસી, અઠ્ઠમનો તપ કરી, ધ્યાન કર્યું હતું. એ સમયે શાસન દેવીએ આવી જણાવ્યું કે, 'સાંગણ! આ૦ દેવેન્દ્રસૂરિ યુગોત્તમ આચાર્ય છે. અને તેમનો ગચ્છ લાંબા કાળ સુધી ચાલવાનો છે, તેથી તમારે તેમની ઉપાસના કરવી.'

પછી તેણે આ૦ દેવેન્દ્રસૂરિના મુનિપરિવારને રહેવા માટે શુદ્ધ વસતિ તથા **શિષ્યો** વગેરે આપ્યા. (—ગુર્વાવલી, શ્લો૦ ૧૩૭–૧૩૯)

ત્યારથી આ૦ દેવેન્દ્રસૂરિની શિષ્યપરંપરા **તપાગચ્છની લઘુ-પોષાળ શાખા** એવા નામથી પ્રસિદ્ધિ પામી.

(—પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૧, ૩૨૮)

**સોની સાંગણ** મોટો યશસ્વી અને ધનાઢ્ય હતો. તે સં૦ ૧૩૫૪ લગભગમાં અલ્લાઉદ્દીન ખીલજીના સમયે "માંડવગઢમાં" આવી વસ્યો.

૨. સોની પદ્મરાજ—ગુણવાન હતો.

૩. સો૦ સૂરા

૪. સો૦ ધર્મા

૫. સો. **વરસિંઘ**—તે મોટો સત્યવાદી અને પરોપકારી હતો, તેને મનકુ નામે પત્ની હતી. અને **નરદેવ** તેમજ ધનદેવ નામે પુત્રો હતા. બંને પુત્રો દયાળુ અને પરોપકારી હતા. ગરીબોના બેલી હતા.

૬. **સોની નરદેવ**—તેને સોનાઈ નામે પત્ની હતી. તેણે માંડવગઢમાં સત્રાગાર સ્થાપન કર્યું, તેમાં સૌને સર્વ વસ્તુ અપાતી. તેનો **બાદશાહ હુસંગસેનની** સભામાં ભારે પ્રભાવ હતો. તે મોટો દાની હતો. તેનો સર્વત્ર યશ ફેલાયો હતો. એના વિશે એક ઉલ્લેખ મળે છે. કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખંભાતના વતની સોની **નરિયા** ઓશવાલના પુત્ર **પદ્મસિંહ-ની** પત્ની **આલ્હણદેવીએ** સં૦ ૧૪૮૩ના ભાદરવા વદિ ૭ ને ગુરુવારે તપાગચ્છના **ભ૦ દેવસુંદરસૂરિ,** તેમના પટ્ટધર આ૦ સોમસુંદરસૂરિ, આ૦ મુનિસુંદરસૂરિ, આ૦ જયચંદ્રસૂરિ અને આ૦ ભુવનસુંદરસૂરિના ઉપદેશથી "જીરાવલામાં શ્રીજીરાવલા પાર્શ્વનાથ ભ૦ના જિનપ્રાસાદની ચોકીનું શિખર" કરાવ્યું.

(–ત્રિસ્તુતિક આ૦ વિજયયતીન્દ્રસૂરિ સંગ્રહિત 'જિનપ્રતિમા લેખસંગ્રહ' લેખાંક : ૩૦૮)

તે મોટો ભંડારી હતો. દાની, પરોપકારી અને **પરસ્ત્રીસહોદર** મનાતો હતો. તેના દેહનો વાન રુપાળો હતો.

૬. **ધનદેવ**–તે "નરદેવનો નાનો ભાઈ" હતો. "તેણે" મોટી રકમ આપી, ચંદ્રપુરીમાં (ચંડાઉલીમાં) મુસલમાન રાજાઓના ત્રાસમાંથી હજારો હિંદુઓને છોડાવ્યા હતા."

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૭. **કવીન્દ્ર સોની સંગ્રામસિંહ ભંડારી**–તે સોની નરદેવનો-પુત્ર હતો. તેનો પરિચય તેના પોતાના શબ્દોમાં આ રીતે મળે છે.

દિલ્હીના **બાદશાહ અલ્લાઉદ્દીન** (સને સં૦ ૧૨૯૮ થી ૧૩૧૬) (સં૦ ૧૩૫૩ થી ૧૩૭૧)ના સમયે **સોની સાંગણ** ઓશવાલ થયો. તેના વંશમાં" મહાદાની સો૦ નરદેવ"નો પુત્ર **સંગ્રામસિંહ** નામે થયો. (–'બુદ્ધિસાગર' તરંગ : ૪, શ્લોક ૧૩૯ થી ૧૪૫)

તે સં૦ ૧૫૨૦ માં માળવાના **બાદશાહ મહમ્મુદ ખીલજી-નો** "મોટો ભંડારી" હતો. તે તેનો વિશ્વાસપાત્ર હતો. તેને સ્ત્રી–પુત્ર વગેરે મોટે પરિવાર હતો. (–તરંગ : ૧, શ્લો૦ ૫, ૬, ૭ તથા તરંગ : ૪, શ્લો૦ ૧૪૦)

**લબ્ધિ**–તેને "ગૌતમસ્વામીની લબ્ધિ"નું વરદાન હતું તેના ઉપર **સરસ્વતીદેવી** પ્રસન્ન હતી. તે અભયકુમાર જેવો બુદ્ધિશાળી હતો. (તરંગ : ૧, શ્લો૦–૫,૬,૭.)

તે તપાગચ્છની વૃદ્ધપોષાળના આ૦ વિજયરત્નસિંહસૂરિના પટ્ટધર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૭ મા **ભટ્ટા૦ ઉદયવલ્લભસૂરિનો શ્રાવક હતો.**

(તરંગ ૧, શ્લો૦ ૪ થી, ઈતિ૦ પ્રક૦ ૪૪ પૃ૦ ૨૫)

તે કવિકલ્પતરુ હતો. **સ્વદેશી કવિઓ માટે તે ગૌરવ અનુભવતો.** દુર્જનો પ્રત્યે પણ દયાળુ હતો. સૌમાં હિતબુદ્ધિવાળો અને પરોપકારી રચના કરનાર હતો. ( તરંગ : ૩, શ્લો૦ ૨ થી ૮)

તે **પરસ્ત્રી સહોદર** હતો. તેની વાણી સર્વપ્રિય અને મનોહર હતી. તેની પાસે રૂપાળી દુધાળી **ગાય** હતી. તેની **પત્ની** વિવેકી હતી. ( ચારે તરંગના છેલ્લા શ્લોકો )

તે યાચકોને લાખોનું દાન દેતો, પિતા અને પુત્રમાં દયાવૃત્તિ, પરોપકાર, શત્રુતાનો અભાવ, પરસ્ત્રી સહોદરતા, પરધનની ઇચ્છા રહિતતા યશસ્વિતા, વિજય વગેરે ગુણો હતા.

( તરંગ, ૪, શ્લો૦ ૪૪, ૪૫ )

સોની સંગ્રામસિંહ જેવો ધની હતો તેવો જ દાની પણ હતો. પોતે કવીન્દ્ર હતો. અને **યુદ્ધ વીર લડવૈયો** પણ હતો.

માળવાના બાદશાહ **મહમૂદે** દક્ષિણના "બાદશાહ નિઝામશાહ"ને જીતવા માટે, સં૦ ૧૫૨૦ ( શાકે : ૧૩૮૫ )ના ચૈત્ર સુદિ ૯ ને શુક્રવારે ધનુષ્યલગ્નમાં ગ્રહ બલ હતું ત્યારે માંડવગઢમાંથી પ્રયાણ કર્યું. સોની સંગ્રામસિંહ આ સેનામાં સાથે ગયો હતો. અને બાદશાહ વિજય મેળવી, "ગોદાવરીના કિનારે" **પૈઠણમાં** આવ્યો.

ઇતિહાસ કહે કે, "માળવાનો **ભોજ** પરમાર સં૦ ૧૦૨૯માં મન્નાડ શહેર ભાંગી, પાછો આવતો હતો. ત્યારે, રસ્તામાં એક સ્થાને **મહાકવિ ધનપાલે** "પાઈયલચ્છી નામમાલા ગાથાઃ ૨૭૫ ગ્રંથ" બનાવ્યો (-પ્રક૦ ૩૮, પૃ૦ ૩૫૦) કવીન્દ્ર **સંગ્રામસિંહે** પણ એમ જ કર્યું. તેણે સં૦ ૧૫૨૦માં પૈઠણનગરના જિનપ્રાસાદમાં જિનેશ્વરનાં દર્શન કરી, "બુદ્ધિસાગર ગ્રંથ તરંગ-૪, શ્લો૦ ૪૧૪ની" રચના કરી. (-'બુદ્ધિસાગર' ગ્રંથ )

**ગ્રંથપરિચય**-સોની **સંગ્રામસિંહે** બનાવેલ બુદ્ધિસાગરના અંતરંગમાં આ પ્રકારે વિષયો, વર્ગીકરણ પૂર્વક આપ્યા છે.-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧. ધર્મશુદ્ધિતરંગઃ**—શ્લો૦ ૧ થી ૮૭.

ધર્મ (શ્લો૦ ૨૦), દયા (૨૧ થી ૨૬), સત્ય (૨૭ થી ૩૩), અસ્તેય (૩૪ થી ૩૭), પરસ્ત્રીત્યાગ (૩૮ થી ૪૨), પરિગ્રહ (૪૩ થી ૪૫), ગૃહી (૪૬ થી ૪૯) બ્રહ્મચારી (૫૦–૫૧), **સુસાધુ–કુસાધુ** (૫૨ થી ૫૪), ઈંદ્રિયજય (૫૫ થી ૬૦), ગુરુ (૬૧, ૬૨), ઉપાસક (૬૩ થી ૬૬) **શિષ્ય** (૬૭ થી ૭૪), **માતા–પિતાની આણ** (૭૫ થી ૮૬) કવિવાણી વર્ણન (૮૭).

**૨. નયતરંગ** શ્લો૦ ૧ થી ૧૦૭

કર્તા કવિકલ્પતરુ સંગ્રામસિંહ (૨), સ્વદેશી કવિઓની પ્રશંસા (૪), રાજવી ચર્યા (૧૦ થી ૪૦) રાણી (૪૧ થી ૪૩), કુમાર (૪૪ થી ૪૮), મંત્રી (૪૯ થી ૬૩), અધિકારી (૬૪ થી ૭૦), **પ્રજાસેવક** (૭૧ થી ૮૩), સૌને ઉપદેશ (૮૪ થી ૯૦), **અશ્વલક્ષણ** (૯૧ થી ૯૬), **ગજલક્ષણ** (૯૭ થી ૧૦૬), કવિ-વાણી વર્ણન (૧૦૭).

**૩. વ્યવહારતરંગ** શ્લો૦ ૧ થી ૭૦

જૈન સાઈટ JAINSITE.com ૐ નમ્ જયતિ શાસનમ્

વિશ્વાસ (૧ થી ૬), ધનપ્રશંસા (૧૨ થી ૧૬), શયન (૩૯), સ્ત્રીઅવિશ્વાસ (૪૫), સ્ત્રીપ્રશંસા (૫૦ થી ૫૫), **વાસ્તુલક્ષણ** (૫૬ થી ૬૮), વ્યવહાર (૬૯) કવિવાણી વર્ણન (૭૦).

**૪. પ્રકીર્ણક તરંગ** શ્લો૦ ૧ થી ૧૫૦

દેહરક્ષા (૩), **વૈદ્યકસાર** (૩ થી ૩૯) **ગર્ભમાં દેહરચના** (૬ થી ૧૪), છ ઋતુની કુચર્યા–સુચર્યા. (કુપથ્ય, સુપથ્ય) (૨૨ થી ૨૭), **ઉષાપાન** (૩૧ થી ૩૨) **હરડે** (૩૩ થી ૩૪) **પાણીના ત્રણ પ્રયોગો** (૩૬), **જ્યોતિસાર** (૪૦ થી ૬૨), **શકુનસાર** (૬૩ થી ૬૯), **સામુદ્રિકસાર** (૭૦ થી ૭૮) સ્ત્રીસામુદ્રિક (૭૯ થી ૮૩), રત્ન–મોતિ પદ્મરાગ–નાગમણિ વગેરેની **પરીક્ષા** (૮૪ થી ૧૦૩), વૈરાગ્ય (૧૦૪ થી ૧૧૪), ચાર ધ્યાન (૧૧૫ થી ૧૨૧), ચાર યોગ (૧૨૩ થી ૧૩૮), **નવચક્ર** (૧૨૬ થી ૧૨૯), **કુંડળી**

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

(૧૩૦ થી ૧૩૩), **હઠયોગ** (૧૩૪ થી ૧૩૬), યમ-નિયમ આદિ (૧૩૫ થી ૧૩૮), **સોનીવંશ**-પ્રશસ્તિ (૧૩૯ થી ૧૪૫), સં૦ ૧૫૨૦માં **ગ્રંથરચના**-પ્રશસ્તિ. (૧૪૬ થી ૧૪૯), કવિ વાણી વર્ણન (૧૫૦).

**વિશેષ પરિચય-સંગ્રામસિંહ બાર વ્રતધારી** સમકિતી શ્રાવક હતો. તે એવો **સદાચારી** હતો કે "પરસ્ત્રીને માતા સમાન" માનતો.

તે માળવાના માંડવગઢના **બાદશાહ મહમૂદ ખીલજી** (સં૦ ૧૪૯૨ થી ૧૫૨૫)નો મોટો **ખજાનચી** હતો. દિવાનપદ ઉપર પણ તે આવ્યો હતો. અને માંડવગઢમાં અલંકાર સમાન મનાતો. તેણે ઘણા બંદીખાનોને છોડાવ્યા હતા. બાદશાહે તેને **નકદ-ઉલ-મુલ્ક** (નગદલમલિક)ની પદવી આપી, તે ઉપરાંત 'જગત વિશ્રામ'નું બિરુદ પણ આપવામાં આવેલું.

તેને **ગુરાઈ** અને **રત્નાઈ** નામે બે પત્નીઓ હતી, તથા પુત્ર પરિવાર પણ મોટો હતો.

**જિનપ્રતિષ્ઠા**-તેણે સં૦ ૧૫૧૮ના જેઠ સુદિ ૧૫ને ગુરુવારે ભ૦ અજિતનાથની પરિકરવાળી **જિનપ્રતિમા** ભરાવી અને તેની વૃદ્ધ તપાગચ્છના આ૦ **રત્નસિંહસૂરિના** પટ્ટધર પ૭મા આ૦ **ઉદયવલ્લભસૂરિના** હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિષ્ઠાવિધિની ક્રિયા **પં૦ ઉદયસોમે** કરાવી હતી. ભ૦ અજિતનાથની પ્રતિમા નીચે લંગોટ છે. અને તેની નીચે '**સો૦ સંગ્રામ**' નામ કોતરેલું છે-મૂળનાયકની બંને બાજુએ ભ૦ અજિતનાથની પ્રતિમાઓ છે.

**નોંધ:** ઉજ્જૈનમાં દેરા ખડકી મહોલ્લામાં ભ૦ ચંદ્રપ્રભુનું શ્વે૦ જૈન મંદિર છે. તેમાં ભ૦ અજિતનાથની સફેદ રંગની પાષાણ પ્રતિમા બિરાજમાન છે તેની ગાદીમાં પાછલા ભાગમાં ઉપરના આશયનો લેખ છે.[1]

**ગ્રંથ**-સોની સંગ્રામસિંહ વિદ્વાન હતો, મોટો કવિ હતો, તેણે સં૦ ૧૫૨૦માં 'બુદ્ધિસાગર' શ્લોક ૪૧૪ નામનો ગ્રંથ રચ્યો.

---

૧. "સં૦ ૧૫૧૮ જે૦ સુ૦ ૧૫ ગુરુવાર મક્ષીજી પાર્શ્વનાથનો પ્રતિષ્ઠાદિન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગ્રંથભંડાર**—સોની સંગ્રામસિંહે સં૦ ૧૪૭૦માં તપગચ્છના ૫૦મા **આ૦ સોમસુંદરસૂરિને** માંડવગઢમાં પધરાવી, ચોમાસું કરાવ્યું હતું. અને તેમની પાસે "ભગવતી સૂત્ર–ટીકા"નું વ્યાખ્યાન સાંભળ્યું હતું.

સંગ્રામ સોનીએ "ભગવતી સૂત્ર" સાંભળતાં "ગોયમા" શબ્દ દીઠ એકેક સોના મહોર, તેની **માતાએ** અડધી અડધી સોના મહોર, અને તેની **પત્નીએ** પા પા સોના મહોર મૂકી હતી. એમ ત્રણે મળીને ૩૬+૧૮+૯=કુલ ૬૩૦૦૦ સોના મહોરો મૂકી હતી.

સોનીએ આ રકમ આચાર્યશ્રીના ચરણમાં લાવી મૂકી. એટલે આચાર્યશ્રીએ 'સાધુ પરિગ્રહ રાખે નહીં' એમ કહી સોનીને **આગમ-ગ્રંથો** લખાવવાનો ઉપદેશ આપ્યો. આથી તેણે સં૦ ૧૪૭૧માં આ ધન વાપરી, સોના રૂપાની શાહીથી ૧ સચિત્ર–કલ્પસૂત્ર. તથા ૨ કાલિકાચાર્યકથાની ઘણી પ્રતો લખાવી હતી. તેની એકેક પ્રતિ આચાર્ય મહારાજની સાથેના દરેક મુનિવરોને વહોરાવી. અને ઘણી પ્રતિઓ સંઘના **ગ્રંથભંડારમાં** પણ મૂકી.[1]

**આ૦ મુનિસુંદરસૂરિ** તથા **ઉપા૦ ધર્મસાગર ગણિવર** "સોની સંગ્રામસિંહ" વિશે ઉલ્લેખે છે તે ઉપરથી જણાય છે કે,

સોની સંગ્રામસિંહના પૂર્વજો ખંભાતના વતની હતા. તે સંગ્રામસિંહના **પૂર્વજોએ તેમજ સો૦ ભીમજી** વગેરેએ આ૦ દેવેન્દ્રસૂરિના પરિવારને રહેવા માટે વસતી તથા **શિષ્યો** વગેરે આપ્યા હતા. (–ગુર્વાવલી, શ્લો૦ ૧૩૭ થી ૧૩૯, તપાગચ્છ પટ્ટાવલી : પ્રા૦ ગા૦ ૧૫, તેની વૃત્તિ, પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૧, પૃ૦ ૫૯ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૧, ૩૨૮)

---

૧. માંડવગઢમાં સં૦ ૧૫૪૩ના મહા શુદિ ૧૩ને રવિવારે **સોની માંડણ,** સો૦ શેઠ **અર્જુન,** સો૦ ગોપાલ, સો૦ ટોડરમલ અને સો૦ કૃષ્ણદાસ વગેરે "સોની કુટુંબ"ના જૈનો હતા.

સં૦ ૧૫૫૫ના જેઠ સુદિ ૩ને સોમવારે માંડવગઢમાં **સો૦ માંડણ,** સો૦ નાગરાજ, સો૦ વર્ધમાન, સો૦ પાસદત્ત અને સો૦ જિનદાસ વગેરે જૈનો હતા.



www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

સોની સંગ્રામસિંહ વિશે વીરવંશાવલીમાં આ પ્રકારે વિશેષ વર્ણન મળે છે.—

"**સોની સંગ્રામસિંહ** ગૂજરાતમાં વઢિયારના **લોલાડા** ગામનો વતની હતો. સુશીલ હતો. તે ત્યાંથી નીકળી, પોતાની માતા દેવા, પત્ની **તેજા** તથા પુત્રી **હાંસીને** સાથે લઈ માંડવગઢ ગયો. ત્યાં તેણે દરવાજામાં પેસતાં જ સાપની ફણા ઉપર બેસી હર્ષનો શબ્દ કરતી દુર્ગા દેખી. સંગ્રામ આ શકુન જોઈ વિચારમાં પડ્યો. નજીકમાં ઊભેલા આહેડીએ કહ્યું: 'શેઠ! શહેરમાં નિઃશંકપણે પ્રવેશ કરો. આ શકુન લઈ શહેરમાં પ્રવેશ કરનારો મોટો ધનવાન બને છે.' સોની સંગ્રામે આ શકુનફળ સાંભળી તુરત શહેરમાં પ્રવેશ કર્યો.

"એક દિવસ **બાદશાહ ગ્યાસુદ્દીન** (      ) ગરમીની મોસમમાં રાજવાડીએ ગયો. તે એક ઘટાદાર આંબા નીચે જઈ બેઠો. તેને વિશ્રાંતિ મળી. પણ તેણે જાણ્યું કે, આંબો વાંઝિયો છે? એટલે તેણે માળીને હુકમ કર્યો કે, 'આ વાંઝિયા આંબાને કાપી નાખજે? સંગ્રામસિંહ ત્યાં ઊભો હતો તેણે પાસે આવી હાથ જોડી કહ્યું "બાદશાહ સલામત! આ આંબો જન્મથી જ **વાંઝિયો** છે. તો મહેરબાની કરી તે મને આપો તેને અભયદાન આપો. બાદશાહની મહેરબાની હશે અને જીવતો રહેશે તો આવતા જેઠ મહિનામાં તે વાંઝિયો મટી જઈ ફળવાળો બની જશે."

બાદશાહે કહ્યું : "જો આ આંબાને આવતા જેઠમાં ફળ નહીં. આવે તો જેવા એના હાલ હવાલ થવાના હતા તારા પણ તેવા હાલહવાલ થશે." સોની સંગ્રામે બાદશાહની તે વાત સ્વીકારી.

સોનીએ તે આંબાની નીચે સ્નાત્રપૂજા ભણાવી, તે આંબાની ચંદન ધૂપ, દીપ, અને ફળ વગેરેથી પૂજા કરી. આથી તે આંબાનો **અધિષ્ઠાયક દેવ** પ્રસન્ન થઈને બોલ્યો : સંગ્રામ! હું પૂર્વભવમાં વાંઝિયો હતો અને આ ભવમાં પણ વાંઝિયો બન્યો છું. તેં અભયદાન આપ્યું છે, તેથી ખુશી થયો છું. આ ઝાડની નીચે મૂળમાં અમૂક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થળે **ધન** છે. તે તારા ભાગ્યનું છે તેને તું લઈ જજે."

સોની સંગ્રામ આ વાત જાણીને ધન લઈ ગયો અને બીજે વર્ષે તે આંબાને સુંદર કેરીઓ આવી. આથી સોની સંગ્રામ આ આંબાની કેરીઓને ચાંદીના થાળમાં ગોઠવી, તેના ઉપર રૂમાલ ઓઢાડી, સધવા સ્ત્રીના માથે મુકાવી, વાજતે ગાજતે બાદશાહ પાસે લઈ ગયો અને તે કેરીઓ બાદશાહને ભેટ આપી. આથી બાદશાહે ખુશ થઈ, તેને પાંચ વસ્ત્રો ઇનામમાં આપ્યાં અને તેને પોતાના ઘરનો **કામદાર** બનાવ્યો.

સોની સંગ્રામ આ રીતે ધનવાન બન્યો. તેણે **આ૦ સોમસુંદરસૂરિને** માંડવગઢમાં ચોમાસુ રાખ્યા, અને તેમની પાસે "ભગવતીસૂત્રની ટીકા" વંચાવી, તેમાં આવતા ૩૬૦૦૦ ગોયમા શબ્દ દીઠ પોતે, તેની માતા અને પત્ની તરફથી ૬૩૦૦૦ સોનૈયા ચડાવ્યા અને ગુરુના ઉપદેશથી, આ રકમમાંથી સોનેરી તેમજ રૂપેરી શાહીની અને ચિત્રવાળી "કલ્પસૂત્ર" તેમજ 'કાલિકાચાર્ય'ની ઘણી પ્રતિઓ લખાવી, તેમાંથી ત્યાં ચોમાસુ રહેલા દરેક મુનિવરને એકેક પ્રતિ વહોરાવી, અને સંઘના ભંડારોમાં પણ ઘણી પ્રતિઓ મૂકી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### જિન પ્રાસાદો

સોની સંગ્રામસિંહે આચાર્યદેવના ઉપદેશથી સં. ૧૪૭૨માં **ભ૦ સુપાર્શ્વનાથનો જિનપ્રાસાદ** બંધાવ્યો.–**મક્ષીજીમાં** મક્ષી પાર્શ્વનાથનો **જિનપ્રાસાદ** બંધાવ્યો તે સિવાય ભેઈ, મંદસોર, બ્રહ્મમંડલ, સામલીઆ, ધાર, નગર, ખેડી, **ચંડાઉલી** વગેરે ૧૭ સ્થાનોમાં ૧૭ મોટાં જિનમંદિરો બંધાવ્યાં, ૫૧ સ્થાનોમાં ૫૧ જિનપ્રાસાદોના જીર્ણોદ્ધારો કરાવ્યા, વગેરે અનેક ધર્મકાર્યો કર્યાં.

(— વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૧૩ થી ૨૧૫)

### સોની આભૂ ઓશવાલનો વંશ

૧. **આભૂ**—તે ઓશવાલ હતો, તેની **સોની અટક** હતી. તેને **પદ્મા** નામે પત્ની હતી.

૨. **શિવરાજ**—તે મોટો સોની હતો, અને મહાપુણ્યશાળી હતો.

૩. **સીધર**

૪. **પર્વત**

૫. **કાળો**

૬. **વાઘજી**—તેને **રજાઈ** નામે પત્ની હતી.

૭. **વછીઓ**—તેને ૧ "સુહાસિની", અને ૨ "પદ્મા", નામે પત્નીઓ હતી. શેઠ વછીઆ અને પદ્માદેવીને **સોની કુંવરજી** નામે પુત્ર હતો. તેણે શત્રુંજય ઉપર અષ્ટાપદાવતાર જિનપ્રાસાદ બંધાવી, તેની સં૦ ૧૬૫૦માં જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

૮. **સોની તેજપાલ**—તે "શેઠ વછીઆ" અને "સુહાસિની દેવીનો" પુત્ર હતો. તેને **તેજલદે** નામે પત્ની હતી. બંને જણા આ૦ વિજયસેનસૂરિના ભક્તો હતા. સોની તેજપાલે આ૦ વિજયસેન-સૂરિના ઉપદેશથી સં૦ ૧૬૪૬માં ખંભાતમાં (૧) ભ૦ સુપાર્શ્વનાથ અને (૨) ભ૦ અનંતનાથનાં **જિનાલયો** બનાવ્યાં, ચિત્તોડના **દોશી કર્માશાહે ભ૦ આણંદવિમલસૂરિના** ઉપદેશથી સં. ૧૫૮૭માં શત્રુંજય મહાતીર્થનો મોટો સોળમો ઉદ્ધાર કરાવ્યો હતો. તે પછી પણ તે જિનપ્રાસાદ જીર્ણ થઈ જતાં જ૦ ગુ૦ **આ૦ હીરવિજયસૂરિ અને આ૦ વિજયસેનસૂરિના** ઉપદેશથી સોની **તેજપાલે** શત્રુંજયતીર્થના તે મૂળ જિનપ્રાસાદનો બે લાખ લ્યાહરી ખરચીને" "મોટો જીર્ણોદ્ધાર" કરાવ્યો. તેમાં ૭૪ થાંભલા કરાવ્યા, બાવન હાથ ઊંચા મુખ્ય શિખર ઉપર "ઊંચો સ્વર્ણકળશ" મુકાવ્યો. બીજા "નાના—મોટા ૧૨૪૫ કળશો" બનાવ્યા અને તે જિનપ્રાસાદનું નામ **નંદિવર્ધન જિનપ્રાસાદ** રાખવામાં આવ્યું. આ સિવાય ત્યાં ચારે બાજુએ ચાર ગોખ બનાવ્યા, "૪ મુનિવરોની આકૃતિઓ" બનાવી, અને ૭૨ દેરીઓ બનાવી.

તથા તેના સાવકાભાઈ **કુંઅરજી સોનીએ** ઠ૦ જસુની મદદથી સં. ૧૬૪૯માં આઠ પગથિયાંવાળો "**અષ્ટાપદાવતાર** નામનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"નવો વિશાળ જિનપ્રાસાદ" બનાવ્યો. તેમજ **શેઠ રામજી ગંધારિયાએ** આ મૂળ પ્રાસાદમાં ૮૦ જસુની મદદથી બીજો **ચૌમુખ જિનપ્રાસાદ** બનાવ્યો. **શા૦ કુંઅરજીએ** ત્રીજો જિન-પ્રાસાદ અને શેઠ **મૂળજીએ** ચોથો જિનપ્રાસાદ બંધાવ્યો. તે બધામાં "વાસ્તા" નામના શિલ્પીએ ભવ્ય શિલ્પકામ કર્યું હતું.

જગદ્ગુરુ **આ૦ હીરવિજયસૂરિએ** સં. ૧૬૪૯માં પાટણમાં ચોમાસુ કર્યું, અને પછી તેમણે ત્યાંથી છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા માટે વિહાર કર્યો. તે અમદાવાદ થઈ **ધોળકા** પધાર્યા. ભારતના ઘણા દેશોમાંથી છ'રી પાળતા ઘણા **યાત્રાસંઘો** અહીં તેમની પાસે આવી મળ્યા. સંઘવી **સોની તેજપાલ** અને તેની પત્ની સંઘવણ **તેજલદે** પણ ખંભાતથી નીકળી, ત્યાં આવી પહોંચ્યાં. તે વખતે સોની સાથે ત્યાં ૩૬ સુખપાળો હતા. બીજા ઘણા મનુષ્યો, હાથી, ઘોડા, ગાડીઓ વગેરે હતા. તે બધા સંઘો પાલીતાણા પહોંચ્યા. સંઘોએ સરોવરના કાંઠે પડાવ નાખ્યો. સંઘમાં પ્રતિદિન "શત્રુંજય માહાત્મ્ય" વિશે વ્યાખ્યાનો ચાલુ હતાં.

**સોની તેજપાલે** "નંદિવર્ધન પ્રાસાદની પ્રતિષ્ઠા" કરવાનો નિર્ણય કર્યો અને બહારથી બીજા જૈનોને આમંત્રણ આપી બોલાવ્યા. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં દેશ–પરદેશથી ગંધાર વગેરેના "૭૨ યાત્રા-સંઘો" આવ્યા હતા. માણસોની સંખ્યા અગણિત હતી. રહેવાની જગા નાની હોવાથી યાત્રાળુઓ તળાવના કાંઠે ખુલ્લામાં બેસીને રસોઈ કરતા હતા.

**સંઘભક્તિ**

**મહો૦ રામવિજય ગણિવરે** એકવાર કુદરતી હાજતે જતાં–આવતાં આ દૃશ્ય જોયું, તેમણે સોની તેજપાલ અને સં. તેજલદેને બોલાવી, તેઓનું આ તરફ ધ્યાન ખેંચ્યું. તેમના ઉપદેશથી સોની તેજપાલે "સઘળા સંઘોને પોતાના રસોડે જમવા વિનંતિ કરી, હંમેશને માટે **સાધર્મિક વાત્સલ્ય** ચાલુ રાખ્યું." સંઘમાંના સૌએ સોની તેજપાલની આ પ્રકારની ભક્તિની ખૂબ પ્રશંસા કરી.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિવરે સં. ૧૬૫૦ (ના પ્રથમ ચૈત્રમાં) નંદિવર્ધન જિનપ્રાસાદ વગેરે પ્રાસાદોની પ્રતિષ્ઠા કરી.

(મહાકવિ ઋષભદાસનો હીરવિજયસૂરિરાસ)

સોની **તેજપાલે** ઉદ્ધાર કરેલ વિમલાચલમંડન આદીશ્વર જિનપ્રાસાદની પ્રશસ્તિ પં૦ કમળવિજયજીગણિના શિષ્ય આશુ–કવિ **પં૦ હેમવિજયગણિએ** રચી. પં૦ મહો૦ સહજસાગરના વિદ્વાન શિષ્ય **પં૦ (ઉ) જયસાગરે** તેને પથ્થર પર અક્ષરોરૂપે લખી. અને સલાટ "માધવ" તથા નાનાએ તેને કોતરી આ પ્રશસ્તિ ૧ થી ૬૮ શ્લોકની છે.

**ખંભાતમાં જિનાલય**–સોની તેજપાલની પત્ની સંઘવણ **તેજલદેએ** પતિની આજ્ઞાથી **ખંભાતમાં** "ભોંયરાવાળું જિનાલય" બનાવી, તેની સં૦ ૧૬૬૧ના વૈશાખ વદિ ૭ના રોજ ઘણું ધન વાપરી, **આ૦ વિજયસેનસૂરિના** કરકમલથી પ્રતિષ્ઠા કરાવી.

(–પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા૦ ૨, લેખાંક : ૧૨)

जैन साहित्य JAINSITE .com जनम् जयति शासनम्

**(૧) શાહ દેધરનો વંશ– (પહેલો).**

**૧. શાહ દેધર**–તે શ્રીમાલી હતો. તેનું બીજું નામ દેવધર પણ મળે છે.

૨. **ઠા૦ આલ્હણુસી**–(–જૂઓ પારેખ આલ્હણુસીનો વંશ)

૩. **ઠા૦ પાલ્હણુસી.**

૪. **જઈતો.**

૫. રાઉલ–પત્ની મચકૂ.

૬. **શ્રીધર**–તેની પત્નીનું નામ **સોહી** હતું. તેઓને ૧ **જૂઠો**, ૨. **મેઘો.** ૩–**ભાવડ**, ૪–××, અને ૫ **પાંચો** એમ **પાંચ પુત્રો** હતા.

૭. **સં૦ જૂઠો**–તેની પત્નીનું નામ **જસમાદે** હતું તે સંઘપતિ હતો. તેને ૧ મહીપતિ–પત્ની પદ્માઈ, ૨ રૂપો–પત્ની બીબી, ૩. હર્ષ ૪–**ચઉથો**–પત્ની મલ્હાઈ અને ૫–સહસા એમ પાંચ પુત્રો હતા. આ પુત્રો પૈકી (૮) મહીપતિને (૯) ડાહ્યો નામે પુત્ર–તેની પત્ની ગદૂ પૌત્ર (૧૦) **જીવરાજ** સં૦ ૧૫૬૮માં વિદ્યમાન હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮. **સાધુ ચઉથા**–તેની પત્નીનું નામ **મલ્હાઈ** હતું. તેને ૧ **તેજપાલ** અને ૨ **કર્મશી** એમ બે પુત્રો હતા, સં૦ ચઉથાએ સાધર્મિક વાત્સલ્ય, મોટી તીર્થયાત્રાઓ, સંઘપૂજા, જ્ઞાન ભક્તિ, અને પરોપકારનાં અનેક કાર્યો કર્યાં. તે બહુ યશસ્વી હતો. તેણે વૃદ્ધતપાગચ્છના ૬૦ મા આ૦ **લબ્ધિસાગરસૂરિના** ઉપદેશથી સં૦ ૧૫૬૯ના કાર્તિક સુદિ ૧૨ ને રવિવારે ૪૫ જિનાગમો લખાવ્યાં. (–પ્રક૦ ૪૪ પૃ૦ ૨૬)

૯. તેજપાલ તથા કમરશી–(–જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૫ ૧૩૦, ૧૩૧)

(૨) શાહ **દેધર શ્રીમાળીનો** વંશ **બીજો**

૬. શ્રીધર–તેને પાંચ પુત્રો હતા–

૭. સં૦ **મેઘો.**–તે અમદાવાદમાં રહેતો હતો. તેને લાડિકા પુત્રી હતી. તે મોટો દાની હતો **સંઘવી, મંત્રી,** તપાગચ્છનો શ્રાવક હતો. તેણે સં૦ ૧૫૩૯ શ્રા. વ. ૯ બુધવારે અમદાવાદમાં વડ-ગચ્છના ૩૮મા **આ૦ નેમિચંદ્રસૂરિના** "પ્રવચનસારોદ્ધારનું" રાજગચ્છના ૧૩મા **આ૦ ઉદયપ્રભસૂરિએ** બનાવેલ ટિપ્પણ–"વિષમ પદાર્થાવબોધ" ગ્રં૦ ૩૨૦૩ની પોતાના હાથે **પ્રત** લખી હતી, આ પ્રત અમદાવાદમાં **શ્રી જૈનપ્રાચ્યવિદ્યાભવનના** "શ્રી ચારિત્ર વિજયજી જૈન જ્ઞાનમંદિરમાં" સુરક્ષિત છે.

(–પ્રક૦ ૩૫ પૃ૦ ૪૫ –પ્રક૦ ૩૯ પૃ૦ ૪૧૭)

સં૦ મેઘાની પુત્રી લાડકીના પુત્ર **સોનપાલે** સં૦ (૧૫૬૮) કા૦ શુ૦ ૫ રવિવારે વૃદ્ધ તપાગચ્છના ભ૦ લબ્ધિસાગરસૂરિના ઉપદેશથી તથા પં૦ ગુણસાગરગણિ અને પં૦ ચારિત્રસાગરની પ્રેરણાથી પોતાના પિતાની ઈચ્છા મુજબ તેમના જ પુણ્ય માટે ગ્રંથભંડાર બનાવ્યો. જેમાં સુવર્ણાક્ષરી પ્રતો પણ લખાવી.

શ્રી સોનપાલે અમદાવાદમાં રંગમંડપવાળું મોટું દેરાસર બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી, શત્રુંજયતીર્થ અને ગિરનાર તીર્થના યાત્રા સંઘો કાઢયા. આબૂતીર્થની યાત્રા કરી ઘણું માન મેળવ્યું.

(–જૈન સત્ય પ્રકાશ ક્ર૦ ૧૧૫, જૈન ઇતિ૦ પ્ર૦ ૪૪, પૃ૦ ૨૬, ૨૦૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯ **સં૦ ચાંપો.**

**સં૦ ઘેલો.**

૧૦ સં૦ + + +

તેને (૧) સં૦ **જેઠો** (૧) **સં૦ કુંઅરપાલ.** સં૦ (૩) **સુહિજપાલ** એમ ત્રણ પુત્રો હતા.

સં૦ જેઠાના નામનો શત્રુંજયતીર્થના પહાડના ચડાવમાં મકાખાડી ઉપર ચોતરો બનેલો છે.[1]

૧૧. **સં૦ સહજપાલ**—તે મોટો પુણ્યશાલી હતો. તેને **મંગુ નામે** પત્ની હતી. જે સતીશિરોમણી હતી.

૧૨. **સં૦ કુંઅરજી**—તેને **પદ્મા** નામે પત્ની હતી, જે સતી શિરોમણી પતિવ્રતા હતી. **સૌભાગ્યશાલિની** હતી, તેને (૧૩) **વિમલદાસ** નામે પુત્ર હતો. સંઘવણ **પદ્માને** (અ) **મેવો, શુભરાજ, લખરાજ** વગેરે ભાઈઓ હતા. (આ) સં૦ કુંઅરજીના મોસાલમાં સં૦ **સીની** તેની ભાર્યા **ખીમી** (અમરી) વિગેરે હતાં, (ઈ) સં૦ કુંઅરજીને **વસી** નામે **માસી** હતી. તેનો આ પ્રમાણે પરિવાર હતો. **સં૦ કુંઅરજીએ** સં૦ ૧૬૧૫ શ્રા૦ સુ૦ ૨ને રોજ શત્રુંજય તીર્થમાં મોટી ટૂંકમાં મોટા જિનપ્રાસાદની જમણી બાજુ ભ૦ શાન્તિનાથના જિનપ્રાસાદની જમણી બાજુનો મોટો જિન પ્રાસાદ બનાવ્યો, અને પછી શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ લઈ જઈ સં૦ ૧૬૨૦ **ભ૦ વિજય દાનસૂરિ** તથા **આ૦ વિજયહીરસૂરિના** હાથે તેની પ્રતિષ્ઠા કરાવી ( હસ્તલિખિત શત્રુંજય તીર્થનું વિસ્તૃત વર્ણન, -પ્ર૦ ૫૭-શત્રુંજય, તીર્થમાં જિન પ્રતિષ્ઠાઓ. )

---

૧ જેઠાશાહ બે થયા હતા.

(૧) દેધર શ્રીમાળીના વંશમા સં૦ ઘેલાશાહનો પૌત્ર (પ્રક૦ ૪૫ પૃ૦ ૩૪૪)

(૨) અમદાવાદના નગર શેઠ શાન્તિદાસ ઝવેરીના વંશના **નગરશેઠ ખુશાલચંદનો** પુત્ર શેઠ જેઠમલ (પ્રક૦ ૫૮, ૫૯, નગરશેઠ વંશ )

**જેઠાશાહનો ચોતરો**—મકાખાડી ( શત્રુંજયતીર્થના ચડાવમાં ) ઉપર છે, ત્યાં જઈને ઉભા રહેતાં ઉપરનાં નવે ટૂંકોનાં જિનાલયોનાં શિખરોનાં ભવ્ય દર્શન થાય છે. ત્યાંથી આગળ ચાલીને "હનુમાનના હડે" જવાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ કુંઅરજી બચપણથી જ પુણ્યાત્મા હતો. નિરંતર ધર્મક્રિયા કરતો હતો, તે સાતે ક્ષેત્રોમાં **દાન** દેતો હતો. તેણે ભ૦ વિજયદાનસૂરિના વરદ હાથે ઘણી જિનપ્રતિમાઓની **પ્રતિષ્ઠા** કરાવી હતી, અને "મોટી પ્રતિષ્ઠા" મેળવી હતી. તેણે દેવવિમાન જેવો જિનપ્રાસાદ બનાવ્યો. **આ૦ વિજયદાનસૂરિના** ઉપદેશથી સંઘપતિ બની, શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. આથી તે **સંઘપતિ** કહેવાયો હતો. તેણે (૧) શત્રુંજય મહાતીર્થમાં દેવવિમાન જેવો જિન પ્રાસાદ બનાવ્યો હતો. દેરી કરાવી હતી (૨, ૩,) તાલધ્વજ તીર્થ તથા ગિરનાર તીર્થમાં જીર્ણોદ્ધારો કરાવ્યા હતા. તેને **પદ્મા** નામે પત્ની હતી. અને વિમલદાસ નામે પુત્ર હતો. લાડકી **નામે** પુત્રી હતી, તે સૌએ (૪) ગુરુદેવોના ઉપદેશથી જ્ઞાનાવરણીય કર્મના ક્ષય માટે "કલ્પસૂત્રની ટીકા"—**કલ્પકિરણાવલિની** સેંકડો પ્રતિ લખાવી હતી.

૧૩. **વિમલદાસ**—તેણે ગુરુદેવોના ઉપદેશથી કલ્પકિરણાવલિની પ્રતો લખાવી હતી.

(જૂઓ–કલ્પકિરણાવલિ પ્રશસ્તિ શ્લોક–૧૫ થી ૨૪)

(પ્રક૦ ૫૫ મહો૦ ધર્મસાગરગણિવરગ્રંથો, પ્રક૦ ૫૭ શત્રુંજય તીર્થમાં પ્રતિષ્ઠાઓ પ્રક૦ ૫૯. કુંઅરજી)

**૩. શાહ દેધરનો વંશ ત્રીજો :—**

૬. શ્રીધર–તેને પાંચ પુત્રો હતા.

૭. **સં૦ મેઘો**–તેની પુત્રીનું નામ લાડિકા હતું.[1]

૮. **પુત્રી લાડિકા**

૯. **સોનપાલ**–તેણે વૃદ્ધ તપાગચ્છના ૬૦મા **આ૦ લબ્ધિસાગરસૂરિના** ઉપદેશથી અને **પં૦ ગુણસાગર** તથા **પં૦ ચારિત્રસાગરગણિના** પ્રયત્નથી સં૦ ૧૫૬૮ના કાર્તિક સુદિ ૧ ને રવિવારે પોતાના (માતામહ)ની ભાવના મુજબ તેમના પુણ્ય માટે, અમદાવાદમાં

૧. વિષમપદાર્થાવિબોધ ટિપ્પનની પુષ્પિકા—

संवत १५२९ वर्षे श्रावण वदि ९ बुधे श्री तपागच्छे महं मेघालिखितं (પ્રક૦ ૪૫ પૃ૦ ૩૪૪)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

મોટો **સિદ્ધાંત ભંડાર** લખાવ્યો, જેમાં સુવર્ણાક્ષરી પ્રતિઓ પણ લખાવી હતી.

અમદાવાદમાં રંગમંડપવાળું મોટું દેરાસર બનાવી પ્રતિષ્ઠા કરાવી. શત્રુંજય તીર્થ, ગિરનાર તીર્થના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢયા. આબૂતીર્થની યાત્રા કરી ઘણું માન મેળવ્યું. (—પ્ર૦ ૪૪ પૃ૦ ૨૬, ૨૦૩ પ્ર૦ ૪૫ પૃ૦ ૨૪૩ —જૈન સત્ય પ્રકાશ, ક૦ ૧૧૫ )

**(૧) પારેખ આલ્હણુસી શ્રીમાલીનો વંશ પહેલો—**

( દેધર શ્રીમાલીનો વંશ ૪થો. )

૧. **આલ્હણુસી— તે વીશા શ્રીમાલી** હતો. ગંધારનો રહેવાસી હતો. સંભવ છે કે, તેના પિતાનું નામ **દેધર શ્રીમાલી હોય.**

(જૂઓ પ્રક૦ ૪૫ દેધર શ્રીમાલીનો ૧, ૨, ૩, પૃ૦ ૩૪૨, ૩૪૩)

૨. **દેલ્હણુસી**

૩. **ધનરાજ**

૪. **ઉલ્હણુસી—**તેનું બીજું નામ "મુહશી" પણ મળે છે. તે ઉદાર હતો.

૫. સમરશી

૬. અર્જૂન

૭. **ભીમ—**તેની પત્નીનું નામ લાલુ હતું.[1]

૮. જસિયા—તેનું બીજું નામ **જય** પણ મળે છે. તેને જસમાદે નામે પત્ની હતી. તથા ૧ **વજિયા**, અને ૨ **રાજિયા**, એમ બે પુત્રો હતા.

૯. **વજિયા પારેખ—**તેને "વિમલાદેવી" નામે પત્ની હતી. અને

---

૧. ગંધારના શ્રીમાલી **પરી દેવજી,** તેની પત્ની કમલાદેવી, તેનો પુત્ર પરી **મૂથા,** તથા ગૂર્જર દોશી શ્રીકરણની પત્ની અને પુત્ર દો૦ હંસરાજ તથા શેઠ વર્ધમાન, રામજી શ્રીમાલી, સં૦ જીવંત પોરવાડ બ્ય૦ વછિયા પોરવાડ દો૦ પચાણ વગેરેએ શત્રુંજયતીર્થમાં ભ૦ આદિનાથ વગેરેની દેરીઓ બનાવી, તેની સં૦ ૧૬૨૦ ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે તપાગચ્છના **ભ૦ શ્રીવિજયદાનસૂરિ** તથા આ૦ શ્રીહીરવિજયસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.

( જિન૦ પ્ર૦ લે૦ સં૦ ભા૦ ૨, પ્ર૦ ૫૭ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦. **મેઘજી** તે નામે પુત્ર હતો. મેઘજીને "મયગલ્લ" નામે પત્ની હતી.

**સં૦ વજિયા–રાજિયાનાં ધર્મકાર્યો :—**

આ પારેખકુટુંબ જગદ્ગુરુ આ૦ **વિજયહીરસૂરિ,** આ૦ વિજયસેનસૂરિ, આ૦ વિજયતિલકસૂરિ અને **આ૦ વિજયાનંદ-**સૂરિનું ઉપાસક હતું. ધર્મપ્રેમી હતું. વજિયા–રાજિયા બંને ભાઈઓ ગંધારના વતની હતા. તે **ખંભાત** જઈ વસ્યા. ત્યાં તેઓને વેપારમાં ઘણું ધન મળ્યું, ત્યાં તેઓએ ઘણું દાન કર્યું. તેઓએ *__ગોવામાં__ દુકાન કરી, ત્યાં તેઓનો મોટો વેપાર ચાલ્યો. તેઓ ગંધાર, ખંભાત અને ગોવામાં રહેતા હતા. બાદશાહ **અકબર,** ખંભાતનો **નવાબ,** અને ગોવાનો મલેક ફિરંગી **પરત કાલયશાહ** બંને ભાઈઓને બહુમાન આપતા. તે સૌએ તેઓના યાત્રાસંઘોના **કરો માફ** કર્યા હતા. તેઓ આબૂ, રાણકપુર, **ગોડી પાર્શ્વનાથ,** વગેરે તીર્થોના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢી **સંઘપતિ** બન્યા હતા. ખંભાત સરકારે તેમની વિનંતિથી દીવબેટ પાસેના **ઘોઘલા** ગામની હિંસા બંધ કરાવી હતી.

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**જિનપ્રતિષ્ઠાઓ**–તેઓ ખંભાતમાં હતા, ત્યારે તેઓએ **આ૦ વિજયસેનસૂરિને** ખંભાતમાં પધરાવી, વિ૦ સં૦ ૧૬૪૫ના જેઠ સુદિ ૧૨ ને સોમવારે સાગરવટપાડામાં ચિંતામણિના મંદિરમાં તેમના વરદહસ્તે મોટી જિનપ્રતિષ્ઠા કરાવી. (૧) તેમાં ખંભાતમાં—ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ, (૨) ખંભાતમાં—ભ૦ મહાવીરસ્વામીનો જિનપ્રાસાદ, (૩) ખંભાતથી ૧ કોશ દૂર **નેજા** ગામમાં ભ૦ ઋષભદેવનો જિનપ્રાસાદ, (૪) **ગંધારમાં** નવપલ્લવિયા પાર્શ્વનાથનો જિનપ્રાસાદ, અને (૫) **કાવીના** સર્વ જિનપ્રાસાદ માટે ભ૦ મહાવીરસ્વામીની જિનપ્રતિમા, (૬) **વરડોલામાં** "કરેડા પાર્શ્વ-નાથનો જિનપ્રાસાદ" તથા (૭) વરડોલામાં ગામના જિનાલય માટે

* દીવ, દમણ, ગોવા, પીરમબેટ, અને ઘોઘા માટે (જૂઓ પ્રક૦ ૩૮, પૃ૦ ૪૧૪, ૭૭૦, પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૫, ૨૩૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ નેમિનાથની પ્રતિમા વગેરેની તેમજ ખંભાતમાં ! જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરાવી હતી.

તેઓએ ખંભાતના ચિંતામણિ પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં (૧) ઉપરનો ભાગ અને (૨) નીચે **ભોંયરું** બનાવ્યું હતું, તે ભોંયરૂં ચોખંડું તથા દશ હાથ ઊંચું હતું. ભોંયરામાં ઊતરવા માટે ૨૫ પગથિયાંવાળી નિસરણી હતી, ભોંયરામાં ૧૨ થાંભલા મુકાવ્યા હતા. ૬ દરવાજા બનાવ્યા હતા. તથા ૨૦ દ્વારપાળોની આકૃતિઓ મૂકેલી હતી. ૭ દેરીઓ બનાવી હતી અને ૨૫ **જિનપ્રતિમાઓ** બિરાજમાન કરી હતી, ભોંયરાના દરવાજા ઉપર ગણેશ અથવા **પાર્શ્વયક્ષની પ્રતિમા** હતી. પાંચ પ્રતિહારોની આકૃતિઓ હતી. એક ધ્વજાદંડ પણ મૂકયો હતો.

જ્યારે ભોંયરાના ઉપરના ભાગમાં **ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથની** ૪૧ આંગળ ઊંચી **પ્રતિમા** બિરાજમાન કરી હતી. તેને “સાત નાગફણાઓ” હતી. તેની બંને બાજુએ “ધરણેન્દ્ર” અને “પદ્માવતીની પ્રતિમાઓ” બેસાડેલી હતી. વળી, બીજી પ્રતિમા ભ૦ શાંતિનાથની ૨૭ આંગળની નવી બનાવીને પધરાવી હતી તેઓએ ભોંયરામાં ત્યારબાદ સં૦ ૧૬૫૭માં અમદાવાદની કોઠારીપોળમાં શા૦ ઠાકરશીના **ભ૦ સંભવનાથની** પ્રતિષ્ઠામાં ભરાવેલી **ભ૦ ઋષભદેવની** ૩૭ આંગળની પ્રતિમા પણ પધરાવી હતી. (ઇતિ૦ પ્રક૦ ૫૯)

**ભ૦ વિજયસેનસૂરિએ** સં૦ ૧૬૪૫ના જેઠ શુદિ ૧૨ ને સોમવારે ખંભાતના સાગરવટપાડામાં આ જિનપ્રાસાદો તથા ભ૦ શાંતિનાથ, ભ૦ ઋષભદેવ વગેરેની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

**પ્રશસ્તિ**

આ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની ૭૨ શ્લોકની “પ્રશસ્તિ” પં૦ કમલવિજયજીગણિવરના શિષ્ય **મહાકવિ પં૦ હેમવિજયગણિએ** રચી હતી, અને તેને **પં૦ લાભવિજયગણિવરે** સંશોધી હતી. તેમના ગુરુભાઈ (મહો૦ કીર્તિવિજયગણિવરના શિષ્ય) **પં૦ કાંતિવિજયગણિએ** આરસની શિલા ઉપર લખી હતી, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિલ્પી **શ્રીધરે** ઉત્કીર્ણ કરી હતી.

(ઇતિ–પ્રક૦ ૫૯; ખંભાત–ચિંતામણિ–પાર્શ્વનાથ પ્રાસાદ)

**ગંધાર તીર્થ**—

તેઓએ વિ૦ સં૦ ૧૬૪૫ જે૦ સુ૦ ૧૨ને સોમવારે ખંભાતના સાગરવટપાડાના "ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ" વગેરેની **પ્રતિષ્ઠા** તથા વિવિધ જિનપ્રતિમાઓની **અંજનશલાકા ભ૦ વિજયસેનસૂરિના** વરદ હાથે કરાવી. તેમાં ગંધાર માટે "નવ પલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિમાની" અંજનશલાકા કરાવી હતી. પછી તેઓએ ભ૦ **વિજયસેનસૂરિને** ગંધાર લઈ જઈ તેમના વરદ હસ્તે ત્યાં પોતે બનાવેલા નવા જિનપ્રાસાદની તથા નવપલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિમાની **પ્રતિષ્ઠા** કરાવી. અને તેમનું સં૦ ૧૬૪૫નું ચોમાસું ગંધારમાં કરાવ્યું. ત્યારથી ગંધાર[1] **જૈનતીર્થ** ખ્યાતિ પામ્યું. છે.

તે પછી **આ૦ વિજયસેનસૂરિએ** ઈલાહી સંવત ૪૮ સં૦ ૧૬૫૯ (અથવા સં૦ ૧૬૬૨)ના વૈશાખ વદિ ૬ને ગુરુવારે ગંધારમાં અમીઝરા પાર્શ્વનાથ જિનપ્રતિમા તથા બીજી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. (–પ્રક૦ ૫૯, ગંધાર તીર્થ, વિજયસેનસૂરિ અમારો જૈન તીર્થોનો ઇતિ૦ પૃ૦ ૨૫૨)

**દુકાળ**—

સં૦ ૧૬૬૧માં ગુજરાતમાં ભયંકર દુકાળ હતો. ત્યારે શેઠ વજિયા–રાજિયાએ ચાર હજાર મણ અનાજ આપી, ઘણાં કુટુંબોને મોતમાંથી બચાવ્યાં હતાં. તેમણે ઘણા કેદીઓને છોડાવ્યા હતા. અને ઘણા જીવોને જીવિતદાન અપાવ્યું હતું.

**ગચ્છભેદ**—

આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગગમન પછી તપાગચ્છમાં (૧) વિજયદેવસૂરિસંઘ અને (૨) વિજયાનંદસૂરિસંઘ એમ બે શાખાઓ બની હતી.

---

૧. ગંધારતીર્થ માટે જુઓ પ્રક૦ ૫૯,
કાવીતીર્થ માટે જૂઓ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૬, તથા પ્રક૦ ૫૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કવિ બહાદુર પં૦ દીપવિજયજી** જણાવે છે કે, આ ગચ્છભેદમાં અમદાવાદના **સોમકરણ** મનિયા શ્રીમાળી અને ખંભાતના **પારેખ રાજિયાની શ્રીમાલીની** મોટી મદદ હતી. એટલે કે તેઓ આણંદસૂરસંઘમાં ભળ્યા હતા.

( –સોહમકુલપટ્ટાવલી, ઢાળ: ૪૮, કડી: ૮, પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૯૭)

### પદવીપ્રદાન

**ભ૦ વિજયાનંદસૂરિએ** સં૦ ૧૭૦૬ ના અષાડ વદિ ૧૩ ના રોજ ખંભાતના અકબરપરામાં ભ૦ વિજયરાજસૂરિને આચાર્યપદ તથા **ભટ્ટારકપદ** આપ્યાં હતાં. આ પદવીનો ઉત્સવ શેઠ વજિયા–રાજિયાએ કર્યો હતો. તેમણે આ ઉત્સવમાં સૌને "પરવાળાની માળા" આપી હતી. (–પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પુરવણી, પૃ૦ ૨૬૫)

તે પછી સં૦ ૧૭૦૭માં ખંભાતના અકબરપરામાં **ભ૦ વિજયરાજસૂરિનું** ચોમાસુ થયું. **શેઠ વજિયાએ** આ ચોમાસામાં ગુરુભક્તિનો ભારે લાભ લીધો હતો. ( –પ્રક૦ ૫૮ આનંદસૂર શાખા પરંપરા )

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### કર્માદાન

**ભ૦ વિજયાનંદસૂરિ** અમદાવાદ તરફ વિહાર કરી સં. ૧૭૧૧માં ફરીવાર ખંભાત પધાર્યા. ત્યાં તેમણે ચોમાસું કર્યું. **પારેખ વજિયા રાજિયા** સમુદ્રમાં **વહાણવટું** કરતા હતા, એક દિવસે વ્યાખ્યાન સમયે ભટ્ટારક ધર્મોપદેશ દેતા હતા. ત્યારે મહેતાએ આવીને પારેખ વજિયા–રાજિયાને ખબર આપી કે, તમારાં વહાણો **લોઢું ભરીને** આવી ગયાં છે, તેમાંનો સામાન જલદી ઉતારી લેવો જોઈએ, આથી આપણને ઘણો લાભ થશે.

**ભટ્ટારકજીએ** વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે, "શ્રાવકોએ લોઢાનો વેપાર કરવો ન જોઈએ." કેમકે લોઢામાંથી તરવાર, તીર, ભાલા, કોશ, કોદાળી દાતરડાં છરા વગેરે બને છે. આ બધી વસ્તુઓનો પ્રાણીઓનો ઘાત કરવામાં જ ઉપયોગ થાય છે, તેથી તે **અધિકરણ** મનાય છે. લોઢાનો વેપાર કરવાથી ચીકાણાં કર્મ બંધાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને **ભારે પાપબંધન** થાય છે, માટે આ વેપારનો ત્યાગ કરવો જ જોઈએ. વગેરે વગેરે

**પ્રાયશ્ચિત્ત—**

**પારેખે** આ ઉપદેશ સાંભળી "લોઢાનો વેપાર ન કરવો, એવો સંકલ્પ કર્યો" અને વહાણમાં જે લોઢું આવ્યું હતું. તેને સમુદ્રમાં જ દૂર નખાવી દીધું, તેમણે ભટ્ટારકજી સામે ઊભા થઈને પ્રતિજ્ઞા કરી કે, હવે હું આજથી લોઢાનો વેપાર કરીશ નહીં" એમ કહી, ભટ્ટારકજીની પાસે આજ સુધી કરેલા વેપારનું પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું અને સાથેસાથ જાહેર કર્યું કે. "હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી નવકારમંત્રનો જાપ કરનાર દરેક સ્ત્રીપુરુષને એકેક **પરવાળાની માળા** આપીશ કે જેથી મને લાભ થાય. મારા પાપોની શુદ્ધિ થાય.

શેઠ વજિયાએ ઉપર પ્રમાણે લોઢાના વેપારનો ત્યાગ કર્યો અને ગુરુ મહારાજ પાસે શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર્યાં.

(–વીર વંશાવલી, વિવિધ ગચ્છીય પટ્ટાવલી પૃ૦ ૨૨૫, ૨૨૬
પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨ જો પુરવણી પૃ૦ ૨૨૫, ૨૨૬)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## (૨) પારેખ આલ્હણસી શ્રીમાલીનો વંશ બીજો :—
## દેધર શ્રીમાલીનો વંશ ૫ મો

ઈતિહાસ પ્રેમી પૂ૦ મુનિ મ૦ શ્રી જયન્તવિજયજી મ૦ લખે છે કે—આબૂગિરિરાજની પ્રદક્ષિણામાં શિરોહી રાજ્યના મઢાર ગામથી દક્ષિણમાં પાંથાવાડાને રસ્તે ૧ ગાઉ ઉપર **સાથસેણ** ગામ છે. પહેલાં આ ગામ શિરોહી રાજ્યમાં હતું. હવે પાલનપુર રાજ્યમાં છે. અહીં જૈનોનાં ઘર નથી. લોકવાયકા એવી છે કે—એક વાર અહીં જૈનોનાં ૨૦૦ ઘર હતાં. તેઓએ અહીં નવું જિનાલય બનાવવા નક્કી કર્યું. પાસેના જૂના સાથસેનના જીર્ણ જિનાલયનો સામાન લાવી બંધાવવાનો પ્રારંભ કર્યો. પણ ગામના જાગીરદાર સાથે તકરાર થઈ. આથી જૈનો અહીં ગધેયો પાળીયો ઘાલી- બીજે ગામ ચાલ્યા ગયા. પછી બીજો કોઈ જૈન અહીં આવી વસ્યો જ નહીં. આથી

અધુરું જિનાલય રહ્યું, તેમાં બહારના જૈનોએ સં૦ ૧૭૨૧ની જિનપ્રતિમાઓ લાવી બેસાડી હતી. તેમાંની આજે ત્યાં ૪ જિનપ્રતિમા વિરાજમાન છે. **સાથસેણમાં** પ્રાચીન વિશાલ જિનપ્રાસાદ છે. તેને શિખર છે. ચારે બાજુ કિલ્લો છે. ડાબી ચોકીના થાંભલાના ઉપલા પાટડા ઉપર લેખ છે કે–**શ્રાવક દેલ્હણે** વિ૦ સં૦ ૧૨૪૪માં અહીં ભ૦ પાર્શ્વનાથની દેરી બનાવી વિગેરે.

અહીંનો વહીવટ સં૦ ૧૯૨૨થી મઢાર પાંથાવાડું વગેરે પાંચ ગામના જૈનો કરે છે. (વિ૦ સં૦ ૧૯૮૭ ચૈ૦ વ૦ ૧૦ તા. ૧૨–૪–૧૯૩૧ રવિવારનું સાપ્તાહિક જૈન પત્ર વ૦ ૧૯ અંક ૧૪મો પૃ૦ ૨૬૧)

૧૦. **શેઠ મેઘજી પારેખ**–તે વાજિયા પારેખનો પુત્ર હતો. તેને **મચગલ્લદેવી** નામે પત્ની હતી.

**નોંધ :**–વજીરપુરના ધર્માત્મા આશકરણ પારેખના આગ્રહથી તપાગચ્છીય (૬૨) ભ૦ વિજયપ્રભસૂરિ, (૬૩) પં૦ ગંગવિજય શિષ્ય (૬૪) પં૦ મેઘવિજયે સ્તવન ચોવીશી બનાવી. (–પ્રક૦ ૬૧, ૧૨મી પરંપરા)

**નોંધ :**–સંભવ છે કે દેધર શ્રીમાલીના વંશજો વાસ્તવમાં તપાગચ્છની વૃદ્ધપોષાળના શ્રાવકો હોય. પછી લઘુપોષાળમાં પછી વિજયાનંદસૂરિ શાખામાં અને પછી ફરીવાર વિજયદેવસૂરિ ગચ્છમાં ભળ્યા હોય!

**નોંધ :**– મંત્રી આભૂ સોનગરા શ્રીમાલીનો વંશ પ્રક૦ ૪૫ પૃ૦ ૩૨૩ થી ૩૨૫ માં આવી ગયો છે.

**આભૂ પોરવાડનો વંશ**

૧. **ચંદ્રસિંહ**–તે પોરવાડ હતો. પાટણ પાસે સંડેર ગામનો વતની હતો.

૨. **સુમતિ શાહ**

૩. **આભૂ**–તે **સંડેરનો** વતની અને પોરવાડ જ્ઞાતિનો હતો. આબરુવાળો, ધનવાન, જમીનદાર અને બુદ્ધિશાળી હતો.

૪. **આસડ**

૫. **મોથ**–તેનાં બીજાં નામ **મોખ** અને **મોક્ષ** પણ મળે છે. તે નમ્ર અને નીતિવાળો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. **વર્ધમાન**–તેને સીતા નામે પત્ની હતી, તે સ્વજનમાન્ય હતો, તેનું બીજું નામ "વાગ્ધન" પણ મળે છે.

૭. **ચંડસિંહ**–તેનું બીજું નામ **ચંદ્રસિંહ** પણ મળે છે. તેને ૧ **પેથડ,** ૨ નરસિંહ, ૩ રતનસિંહ, ૪ **ચોથમલ,** ૫ મુંજાલ, ૬ વિક્રમસિંહ અને ૭ ધર્મણ એમ સાત પુત્રો હતા. **ચંડસિંહ** રાજમાન્ય મોટો વેપારી અને બુદ્ધિવાળો હતો.

૮. **પેથડ**–તેણે સંડેરમાં જિનાલય, શાસનદેવીનું **ચૈત્ય,** તથા **કુળદેવીનાં મંદિર** બંધાવ્યાં. તેણે **બીજા નામના ક્ષત્રિય** સાથે જઈ **વિજાપુર** (ગોલવાડ) વસાવ્યું. "વિજાપુરમાં ભ૦ મહાવીર સ્વામીનો જિનપ્રાસાદ" બંધાવી. તેમાં સં૦ ૧૩૭૮માં ભ૦ મહાવીરસ્વામીની સોનાની પ્રતિમાની **પ્રતિષ્ઠા** કરાવી હતી.

**સં૦ પેથડે** સં૦ ૧૩૭૮માં આબૂતીર્થની લુણિગવસહીમાં ભ૦ નેમિનાથના જિનપ્રાસાદનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો.

તેના વંશમાં થયેલા સં૦ **ભીમાશાહે** આબૂતીર્થમાં પિત્તલહર-આદિનાથ જિનપ્રાસાદ બંધાવ્યો હતો.[1] (પ્રક૦ ૩૦ પૃ. ૨૮૮) **સં૦ પેથડે** તેની "ભ૦ આદિનાથની ૫૧ આંગુલની પ્રતિમાને" સોનાથી રસાવી, મજબૂત બનાવી હતી.

તેણે સં૦ ૧૩૬૦માં "કરણ વાઘેલા"ના રાજ્યમાં "ભ૦ મહાવીરસ્વામીનો જિનપ્રાસાદ" બનાવ્યો. તેણે સં૦ ૧૩૬૦માં જ પોતાના ૭ ભાઈઓને સાથે લઈ શત્રુંજય તીર્થ તથા ગિરનાર તીર્થના છ'રી પાળતા **યાત્રાસંઘો** કાઢ્યા, અને તેણે શત્રુંજયતીર્થની ૭ વાર યાત્રાઓ કરી હતી. **સં૦ પેથડ** વગેરેએ સં૦ **૧૩૭૭ના** મોટા દુકાળમાં અનાજ–પાણી અને વસ્ત્રોની જનતાને ભારે મદદ કરી, **સં૦ પેથડે** "નવ ક્ષેત્રોમાં" ઘણું ધન વાપર્યું, તેણે ભગવતીસૂત્રનું વ્યાખ્યાન સાંભળતાં "ગોયમા શબ્દ" આવતાં દરેક નામ દીઠ "ચાંદીનો ટંક" મૂક્યો અને આગમગચ્છના **આ૦ સત્યસૂરિના** ઉપદેશથી નવા **ચાર ગ્રંથભંડારો** બનાવ્યા.

1. અન્ય સ્થળે સં૦ ભીમાશાહને ગૂર્જર શ્રીમાલી બતાવ્યો છે.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

૯. **પદ્મ.**

૧૦. **લાડણ.**

૧૧. **લૂણસિંહ**—તેનું બીજું નામ "આલ્હણસી" પણ જાણવા મળે છે.

૧૨. **સં૦ માંડલિક**—તેણે શત્રુંજય, ગિરનાર, આબૂ વગેરે તીર્થોનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો. તેણે સં૦ ૧૪૩૮ના ભયંકર દુકાળમાં પ્રજાને અનાજ—પાણી, વસ્ત્ર વગેરે પૂરાં પાડ્યાં. સં૦ ૧૪૭૭માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. તેણે આગમિક-ગચ્છના **આ૦ જયાનંદસૂરિના** ઉપદેશથી જૈન આગમો લખાવ્યાં, ગ્રંથભંડારો સ્થાપ્યા. અને સંઘપૂજા કરી. તેણે એકંદરે ધર્મ, દાન-પુણ્યમાં ઘણું ધન વાપર્યું. (—પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૩)

૧૩. **શેઠ વ્યવહારી ઢાઈઆ**—તેનું બીજું નામ ઠાઈઆ પણ મળે છે. તેને "મનકાઈ નામે પત્ની" અને "વિજિત" નામે પુત્ર હતો.

૧૪. **વિજિત**—તેને (૧) પર્વત (૨) **ડુંગર** તથા (૩) નરબદ એમ ત્રણ પુત્રો હતા.

૧૫. **પરબત**—તેને લક્ષ્મી નામે પત્ની હતી. તેનાથી સહસ્રવીર તથા પોઈઆ (પન્ના) નામે પુત્રો હતા.

પરબત, ડુંગર અને નરબદે જીરાવલાતીર્થ, આબૂતીર્થ અને ગંધારના જિનાલયોના જીર્ણોદ્ધારો કરાવ્યા. ત્યાં તથા બીજે સ્થાને પણ જિન પ્રતિમાઓ કરાવી.

(૧૫) ડુંગર !—બુદ્ધિશાળી હતો. તેને લીલાદેવી નામે પત્ની હતી. અને મંગાદેવી નામે પુત્રી તથા (૧) **હર્ષરાજ** અને **કાન્હા** નામે પુત્રો હતા.

**ધર્મકાર્યો :—**

**સં૦ પરબત** અને **સં૦ કાન્હો** ગંધારમાં જઈ વસ્યા. **સં૦ પરબતે** સં૦ ૧૫૬૫ના ફાગણ સુદિ ૫ ને શુક્રવારે આગમિક-ગચ્છના આ૦ **જયાનંદસૂરિ** તથા **આ૦ વિવેકરત્નસૂરિના** ઉપદેશથી સમ્યક્ત્વ બાર વ્રત, શીલવ્રત અંગીકાર કર્યાં, આ પ્રસંગે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ પરબત તથા કાન્હાએ ગુરુજીના સૂરિપદનો પણ ઉત્સવ કર્યો. દરેક "યતિવરોની રૂપાનાણાથી પૂજા કરી. દરેક ઉપાશ્રયોમાં કલ્પ-સૂત્રની એકેક પ્રતિ ભેટ આપી. તે પિતા-પુત્રે સં૦ ૧૫૭૧માં આ૦ વિવેકરત્નસૂરિના ઉપદેશથી **જૈન સિદ્ધાંતો** લખાવ્યાં. ગંધારમાં મોટો **ગ્રંથભંડાર બનાવ્યો.** પિતા-પુત્ર બંને ચુસ્ત જૈનધર્મી હતા.

૧૬. **વ્ય. કાનજી પોરવાડ**—તે ડુંગરનો પુત્ર હતો તેનાં બીજાં નામો કોકા અને **કાન્હા** પણ મળે છે. પર્વત–કાનજી ગંધારમાં જઈને વસ્યા. તેમણે સં૦ ૧૫૫૯માં તે ગંધારમાં મોટી અંજન શલાકા કરાવી. સં૦ ૧૫૬૦માં આબૂતીર્થની યાત્રા કરી અને ગંધારના જૈનગ્રંથભંડારમાં પ્રથમ કલ્પસૂત્રની પ્રતિ આપી. પિતા પુત્રે સં૦ ૧૫૬૫ના ફાગણ શુદિ ૫ ને શુક્રવારે ગંધારમાં જયાનંદ-સૂરિ પાસે સમ્યક્ત્વ બાર વ્રત–શીલ વ્રત અંગીકાર કર્યાં ત્યારે ગુરુજીના આચાર્યપદનો ઉત્સવ કર્યો. સો યતિઓની રૂપાનાણાથી પૂજા કરી. દરેક ઉપાશ્રયમાં કલ્પસૂત્ર ભેટ આપ્યું જૈનોમાં વસ્ત્રની પ્રભાવના કરી.

સં૦ ૧૫૭૧માં આગમિકગચ્છના આ૦ વિવેકરત્નસૂરિના ઉપદેશથી જૈન આગમગ્રંથો લખાવ્યા, વંચાવ્યા અને ગંધારમાં મોટો ગ્રંથ-ભંડાર બનાવ્યો. સં૦ ૧૫૭૬માં ગંધારમાં "જંબૂદ્વીપપન્નતિ"ની પ્રતિ લખાવી. સં૦ ૧૬૯૬માં **જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિના** શિષ્યો પાસે નિશીથચૂર્ણિની પ્રતિ લખાવી. આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ વગેરે પદવીઓના ઉત્સવો કર્યા. વિવિધ ઉત્સવોમાં પણ ઘણું ધન વાપર્યું.

(–શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, અર્બુદ પ્રાચીન લેખ સંગ્રહ, લેખાંક : ૩૮૨, પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨ પુરવણી પૃ૦ ૨૩૨)

(–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૩, પ્રક૦ ૫૯)

૧૫ **વ્ય૦ પરબત પોરવાડ**—

૧૬ **વ્ય૦ પોઈઆ**–તેનું બીજું નામ વ્ય૦ **ફોકા** પણ મળે છે. તેને **દેમતિ** નામે પત્ની અને **ઉદયકર્ણ** નામે પુત્ર હતો.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

વ્ય૦ પોઈઆએ સં૦ ૧૬૨૦ના વૈ૦ સુ૦ ૨ ના રોજ શત્રુંજય તીર્થમાં ભ૦ વિજયદાનસૂરિ તથા આ૦ વિજયહીરસૂરિના હાથે દેરીઓમાં જિન પ્રતિમાઓ પ્રતિષ્ઠા કરાવી.

(-શ્રી જિનવિજયજીનો પ્રા૦ લે૦ ભા૦ ૨જો લેખાંક નં. ૧૦૮ પ્રક૦ ૫૭ શત્રુંજયની જિન પ્રતિમાઓ)

**વ્ય. પરબત, વ્ય. કાન્હા,** વ્ય. સહસવીર, **વ્ય. પોઈઆ** વ્ય. ઉદયકર્ણ.

શ્રાવિકા કકૂ, શ્રા૦ રઢી, શ્રા૦ પોષી (ખોખીં) વગેરે એ જુદા જુદા ગ્રંથો લખાવ્યા.

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨ પ્રશસ્તિ નં૦ ૨૬૯, ૨૭૨, ૨૪૧)

## આભૂ પોરવાડ

**આભૂ પોરવાડ**-વિક્રમની તેરમી સદીમાં સાંબસિંહ પોરવાડના વંશમાં પણ આભૂ નામે પોરવાડ શ્રાવકો થયો. તે માલસણમાં રહેતો હતો, મલધારગચ્છનો શ્રાવક હતો. મહામાત્ય-વસ્તુપાલ તેજપાલ તેમના દૌહિત્ર (પુત્રીના પુત્રો) થતા હતા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(-પ્રક૦ ૩૮, પૃ૦ ૩૭૫)

## શેઠ અલ્લકનો વંશ

અમે પહેલાં (-પ્રક૦ ૩૫, પૃ૦ ૭૨, પ્ર૦ ૩૬, પૃ૦ ૩૭૫) વડગચ્છની એક **પ્રધાન પરંપરાના પટ્ટધરોનાં** નામો તથા તે પૈકીના કોઈ કોઈની ટૂંકી જીવનયાદી આપી છે.

તેમાં **વિશેષ** આ પ્રમાણે જાણવું.

૩૫ **આ૦ ઉદ્યોતનસૂરિ**-સં૦ ૯૯૪.

૩૬ **આ૦ સર્વદેવસૂરિ**-તે વડગચ્છના મૂખ્ય ગચ્છનાયક હતા.

૩૭ **આ૦ અજિતદેવસૂરિ,** ૩૮ આ૦ આનંદસૂરિ.

૩૯ સૈદ્ધાન્તિકશિરોમણિ ગચ્છનાનાયક **આ૦ નેમિચંદ્રસૂરિ** સં૦ ૧૧૬૯, તથા તેમના ગુરુ ભ્રાતા **આ૦ જિનચંદ્રસૂરિ.**

૪૦ **આ૦ આમ્રદેવસૂરિ** આ૦ ચંદ્રસૂરિ.

૪૧ આ૦ હરિભદ્ર, આ૦ વિજયસેનસૂરિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૧ **આ૦ નેમિચંદ્રસૂરિ,** પં૦ યશોદેવગણિ, પં૦ ગુણાકરગણિ પં૦ પાર્શ્વગણિ વગેરે.

૪૨ આ૦ નેમિચંદ્રસૂરિના ગુરુભ્રાતા તેમજ પટ્ટધર **આ૦ યશોદેવસૂરિ.**

આ સૂરિપરંપરાના **૩૯ મા આ૦ જિનચંદ્રસૂરિ** ધોળકાના જિનચૈત્યમાં રહેતા હતા. તે સીમંધરસ્વામીનું વર્ણન કરતા હતા. ૪૦ આ૦ **આમ્રદેવસૂરિ**–તે શુદ્ધ ગ્રંથો બનાવનારા હતા.

(--ઉપદેશમાળા–પ્રશસ્તિ)

૪૨ (૧) **આ૦ હરિભદ્રસૂરિ**–તે **શીઘ્રકવિ** હતા, તે તથા (૨) આ૦ વિજયસેનસૂરિ (૩) આ૦ નેમિચંદ્ર, તે આ૦ આમ્રદેવના પટ્ટધરો હતા. ૪૦ આ૦ **આમ્રદેવ**–તે વડગચ્છના હતા. પ્રાકૃતમણિ જેવા હતા. ગુરુ અને જ્ઞાનપ્રત્યે અત્યંત ભક્તિવાળા હતા. તેમણે ગચ્છ-નાયક ૩૯ મા **આ૦ નેમિચંદ્રસૂરિની** આજ્ઞાથી પોતાના શિષ્યોના આગ્રહથી, તેમજ સુશ્રાવક **ઉદ્યોતનની** વિનંતિથી સં૦ ૧૧૯૦ માં રાજા સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં ધવલકપુર (ધોળકા)માં શેઠ યશોનાગની વસતિમાં રહી પ્રારંભ કરી, ૯ા મહિને અચ્છુપ્તાની વસતિમાં રહી સૈદ્ધાન્તિકશિરોમણિ ૩૮ મા ગચ્છનાયક **આ૦ નેમિચંદ્રસૂરિએ** બનાવેલ "પ્રાકૃત આખ્યાનમણિકોશ ગા૦ ૫૪ની વૃત્તિ "અધિકાર–૪૧ ગ્રં૦ ૧૪૦૦૦" બનાવી. જેમાં તેમના અપ્રમત્ત શિષ્યો (૧) પં૦ નેમિચંદ્રગણિ (૨) પં૦ ગુણાકરગણિ અને (૩) પં૦ પાર્શ્વદેવગણિએ લેખન, સંશોધન તથા શુદ્ધિવિધાનમાં મોટી મદદ કરી હતી.

૪૧ **આ૦ નેમિચંદ્રસૂરિ**–તે ૪૦ આ૦ આમ્રદેવસૂરિના શિષ્ય હતા. જે આ૦ વિજયસેનસૂરિ વડે પ્રતિબોધિત હતા. તેમણે "અણંતનાહ ચરિયં" બનાવ્યું. તેમણે આ૦ વિજયસેનસૂરિની પાટે **આ૦ સમંતભદ્રને સ્થાપ્યા.** આ૦ યશોદેવ અને આ૦ સમંતભદ્રે અણંતનાહ ચરિયં શોધ્યું.

(આગમ પ્રભાકર પૂ૦ પુણ્યવિજયજી મ૦ સમ્પાદિત બનારસની પ્રાકૃત ટ્રેક્ટ સોસાયટીથી પ્રકાશિત આખ્યાનમણિકોશ પૃ૦ ૩૬૯–૭૦, પ્રસ્તાવના પૃ૦ ૧, ૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સૂરિવંશ સાથે શેઠ અલ્લકના વંશજોનો સંબંધ છે. તેથી શરૂમાં આ સૂરિવંશ બતાવી હવે શેઠ અલ્લકનો વંશ બતાવીએ છીએ.

૧ **શેઠ અલ્લક**–તે અસલમાં મેવાડના મારાવલી(માવલી)નો વતની હતો. ત્યાંનો **નગરશેઠ** હતો. જે કોઈ કારણે એકાએક પોતાનું ગામ, જમીન અને મકાન છોડી, આબૂગિરિની તળાટીનાં **કાશહૃદ ગામમાં** આવી વસ્યો. તેણે કાશહૃદ ગામમાં ધર્મપ્રેમી જૈનોને ધર્મારાધન કરવા માટે મંદિર, ઉપાશ્રય, વિગેરે ધર્મસ્થાનો બનાવ્યાં. તેણે જિનાલયમાં નિત્યપૂજા, તીર્થયાત્રા, ગ્રંથલેખન, આચાર્ય વિગેરે પદવીઓ, ભાગવતી દીક્ષા વિગેરે ધર્મકાર્યોમાં પોતાનું ધન વાપરી, ધર્મમય જીવન ગાળ્યું. (શ્લો. ૧૫, ૧૬, ૧૭)

૨. **સિદ્ધનાગ**–તે દેખાવડો, સદાચારી, ઋદ્ધિસિદ્ધિવાળો, હતો. પરંતુ એકાએક નિર્ધન બની ગયો. આથી તે કાશહૃદથી નીકળી, **ધોળકામાં** આવી વસ્યો. સૌ કોઈ ત્યાં તેને "સિદ્ધ" નામથી બોલવતા હતા. તેણે (સંભવતઃ–આ૦ જિનચંદ્રના ઉપદેશથી) "ધોળકાના મોઢ–ચૈત્યમાં ભગવાન સીમંધરસ્વામીની વિશાળ, ભવ્ય અને મનોહર "જિન પ્રતિમા" ભરાવી, પ્રતિષ્ઠા કરાવી. તેને વૃદ્ધાવસ્થામાં **ઉદ્યોતન નામે** પુત્ર થયો. (શ્લોક. ૧૮, ૧૯, ૨૦, ૨૧)

૩. **ઉદ્યોતન**–તે ત્યાગી, ભોગી, દેવગુરુધર્મનો પ્રેમી, જૈનધર્મમાં અત્યંતરાગવાળો, અને **સત્યવાદી** હતો. (શ્લોક–૨૧)

તેની વિનંતિથી વડગચ્છના ૪૦ મા આ૦ આમ્રદેવસૂરિએ સં૦ ૧૧૯૦માં સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં ધવલકનગર (ધોલકા)માં શેઠ યશોનાગ તથા શ્રી અચ્છુતાની વસતિમાં રહી, ૯ા મહિનામાં "આખ્યાનમણિકોશ" ગા. ૫૪ની વૃત્તિ "ગ્રં૦ ૧૪૦૦૦" બનાવી હતી.

(વિ. સં. ૨૦૧૮માં આગમપ્રભાકર પૂ૦ પુણ્યવિજયજી મહારાજ સમ્પાદિત, બનારસની પ્રાકૃતટ્રેક્ટ સોસાયટી પ્રકાશિત આખ્યાનમણિકોશની વૃત્તિ–પૃ૦ ૩૨૯, ૩૭૦ તથા પ્રસ્તાવના પૃ૦ ૧, ૬, ૭)

**નોંધ:**–"શેઠ પૂર્ણદેવ પોરવાડ"ના શેઠ **ધીણાકે** અને મોઢાએ સં૦ ૧૨૯૬માં ચૈત્ર વદ ૧૦ આ વૃત્તિની પ્રત લખાવી હતી. (પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શેઠ પૂર્ણદેવ પોરવાડનો વંશ**

(૧) **શેઠ પૂર્ણદેવ**–તે પોરવાડ જૈન હતો. તેનું બીજું નામ **પૂર્ણસિંહ** પણ મળે છે. તેને ૧ સલક્ષણ **૨ વરદેવ** અને ૩ જિનદેવ, એમ ત્રણ પુત્રો હતા. જિનદેવે દીક્ષા લીધી. તે ૪૪મા **આ૦ જગચ્ચંદ્રસૂરિ** થયા.[1]

(૨) **વરદેવ**–તેને "વહાલબાઈ" પત્ની હતી તથા (૧) સાઢલ, (૨) સિંહ અને (૩) વજાસિંહ નામે ત્રણ પુત્રો તથા **સહજૂ** નામે પુત્રી હતી.

(૩) **સાઢલ**–તેને "રાણુ" નામે પત્ની હતી. તથા (૧) **ધીણાક** (૨) **ક્ષેમસિંહ** (૩) ભીમસિંહ (૪) **દેવસિંહ** અને (૫) મહણસિંહ એમ પાંચ પુત્રો હતા.

તેમાંના ક્ષેમસિંહ અને દેવસિંહ વૈરાગ્યવૃત્તિવાળા હતા. તે પૈકીના ક્ષેમસિંહે પોતે મોટા છતાં પણ નાના દેવસિંહની દીક્ષા બાદ દીક્ષા લીધી. અને તે આ૦ જગચ્ચંદ્રસૂરિના શિષ્ય આ૦ વિજયચંદ્રસૂરિના શિષ્ય **આ૦ ક્ષેમકીર્તિસૂરિ** તરીકે પ્રસિદ્ધ થયા. (પ્રક૦ ૪૪, પૃ૦ ૧૩)

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

૧. **શેઠ પૂર્ણદેવ પોરવાડ**–તેના પૂર્વજોનો પરિચય મળતો નથી. "પોરવાડ પરિચય"માં લખ્યું છે કે–

વિ૦ સં૦ ૯૯૪માં શ્રીમાલનગરમાં રાજાનો મંત્રી **જસવીર પોરવાડ** હતો. તે **આ૦ નેમિસૂરિના** ઉપદેશથી જૈન બન્યો. તેને ૫૦ સ્ત્રીઓ હતી. તેણે એકવાર "ધુમાડા બંધ" **ગામ જમણ** આપ્યું. ત્યારે તેણે "છાશમાં ૭૨ મણ જીરું" નાખ્યું હતું. આ ઉપરથી જમણની બીજી વસ્તુઓનાં માપનો ખ્યાલ આવશે.

તેના વંશજો એક પછી એક "રાજાના પ્રધાન" બન્યા હતા. તેના વંશમાં **પૂરણદેવ પોરવાડ** થયો. તે **મહેતો** હતો. ( કામદાર બન્યો હતો. ) શેઠ પૂરણદેવ વિ૦ સં૦ ૧૧૪૨માં **ભીલડી નગરમાં** જઈ વસ્યો. ત્યાર પછી તે **કાપરે ગામ** ગયો. અને ત્યાંથી તે "**ઝાખેલ ગામ**" આવી વસ્યો. (–વહીવંચાની વહીના આધારે )

**નોંધ :–આ૦ વિજય વલ્લભસૂરિના** પ્રશિષ્ય **પં૦ પ્રકાશવિજય** ગણિ ઝાખેલ ગામના છે. તેમની હાથ **નોંધ**પોથીના આધારે આ લખાણ કર્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાના **દેવસિંહ** વૈરાગ્યવૃત્તિવાળા હતા. તેમણે આ૦ જગચ્ચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી (પ્ર૦ ૪૪ પૃ૦ ૩, ૧૩, પ્ર૦ ૪૫ પૃ૦ ૨૭૯) અને તેમના **પટ્ટધર** આ૦ દેવેન્દ્રસૂરિ થયા. એટલે કે આ૦ જગચ્ચંદ્રસૂરિ અને આ૦ દેવેન્દ્રસૂરિ બન્ને પોરવાડજ્ઞાતિના હતા. સંસારીપક્ષે "કાકા–ભત્રિજા" થતા હતા. સંયમી અવસ્થામાં ગુરુ–શિષ્ય હતા. અને ગચ્છના ઇતિહાસમાં **તપગચ્છના પટ્ટધરો** હતા.

(૪) **ધીણાક**–તેને (૧) કડવી (૨) પદ્મશ્રી અને (૩) રામા એમ ત્રણ પત્નીઓ હતી. તેને પહેલી પત્ની કડવીથી **મોઢા,** અને બીજી પત્ની પદ્મશ્રીથી **પાસચંદ** નામે પુત્રો થયા.

**શેઠ ધીણાકે** સં૦ ૧૨૯૬ના ચૈત્ર વદિ ૧૦ ને સોમવારે **આ૦ દેવેન્દ્રસૂરિના** ઉપદેશથી "ઉત્તરજ્ઝયણસુત્ત લઘુવૃત્તિ" નામે ગ્રંથ લખાવ્યો. સં૦ ૧૩૦૧ આ૦ સુ૦ ૧૫ના રોજ "અનુયોગ દાર સુત્ત"ની વિવિધ પ્રતો લખાવી.[1]

**મોઢા** તથા **પાસચંદ**

**મોઢાએ** ગુરુદેવ આ૦ દેવેન્દ્રસૂરિના ઉપદેશથી આ૦ આમ્રદેવસૂરિકૃત "આખ્યાનમણિકોશવૃત્તિ" લખાવી.[2]

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

---

૧. સં૦ ૧૩૭૫ અષાડ સુદિ–૬ના રોજ ખડાયતાજ્ઞાતિમાં વનદેવની લાછીના પુત્ર ધીણાકે ભ૦ આદીશ્વર તથા ભ૦ નેમનાથની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. (આ૦ બુદ્ધિસાગરસૂરિ સંગૃહીત જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભા૦ ૧ પૃ૦ ૨૪૬, ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૯)

આ ધીણાક ઉપર્યુક્ત ધીણાક પોરવાડથી જુદો જણાય છે.

૨. ખુશી થવા જેવું છે કે –આગમ પ્રભાકર પૂજ્યશ્રી **પુણ્યવિજયજી** મહારાજે વિ૦ સં૦ ૨૦૧૮માં બનારસની પ્રાકૃત ગ્રંથ પરિષદ પાસે પૂ૦ આ૦ નેમિચંદ્રસૂરિનો સટિક આખ્યાનમણિકોશ ગ્રં૦ ૧૪૦૦૦ પ્રકાશિત કરાવ્યો છે. તેઓ આ વિષયના નવા વિદ્યાર્થીઓને તૈયાર કરે છે.

તેમના વિદ્યાર્થીશ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક પં૦ અંબાલાલ પ્રેમચંદ શાસ્ત્રીને લઈને એક દિવસે બપોરે અમારી પાસે અમદાવાદમાં ઉજમફઈની ધર્મશાળાએ આવ્યા. તેમને શેઠ **ધીણાક પોરવાડ** વિગેરેનો ઇતિહાસ જાણવો હતો. અમે તેને અમારી જૈન પરં૦ ઇતિ૦ ભા૦ ૩ પ્રક૦ ૪૬ની તૈયાર કરેલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫ **પાસચંદ**–તે ધીણાક અને પદ્મશ્રીનો પુત્ર હતો. મોટે ભાગે ધોળકામાં રહેતો હતો. ( પ્રાગ્વાટ ઇતિહાસ પૃ. ૨૨૪–૨૨૮ )

**ગુણપાલ**–તે પાસચંદનો પુત્ર હતો. સં૦ ૧૨૯૬ના ચૈ૦ વ૦ ૧૦ સોમવારે વિદ્યમાન હતો.

( જૈન સાહિત્યદર્શન શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૩૫' પૃ૦ ૨૬. પ્ર૦ નં૦ ૭૫, પૃ૦ ૫૧ )

**શેઠ પૂનાનો વંશ**[1]

૧. **શેઠ પૂનો**—

૨. **વિક્રમાદિત્ય**—તેણે " તિવરીમાં ભ૦ પાર્શ્વનાથનું જિનાલય " બનાવ્યું.

---

પ્રેસકોપી વાંચવા આપી, અને સાથોસાથ જણાવ્યું કે–આ૦ જગચ્ચંદ્રસૂરિ, આ૦ દેવેન્દ્રસૂરિ, શેઠ ધીણાક તે સૌ એક કુટુંબના પોરવાડો છે. પછી અમે તેને પૂર્ણદેવ પોરવાડની વંશાવલી બતાવી. અને તેને તે તે પ્રશસ્તિઓ જોવા ભલામણ કરી.

**શ્રીભોજકે** મારી સૂચના મુજબ પ્રયત્ન કરી આખ્યાનમણિકોશની પ્રસ્તાવનામાં જ તે પ્રશસ્તિ આપી, તે વંશનો પરિચય આપ્યો છે.

બીજી ખુશી થવા જેવી વાત એ છે કે–**શ્રીભોજકે** મારી પ્રેસકોપી જોઈ સાધારણ રીતે જણાવ્યું હતું. કે-શેઠ પૂર્ણદેવનું નામ **પૂર્ણસિંહ** હશે. અમે કહ્યું, તમો તપાસ કરજો હું પણ વધુ તપાસ કરીશ.

તે બન્નેમાંથી એક સાચું છે કે–બન્ને સાચા છે ! મને જે આધાર મળશે તે નામ ઇતિહાસમાં આવશે. પરંતુ શ્રી ભોજકે ઉક્ત પ્રશસ્તિમાં **શેઠ પૂર્ણદેવ** નામ જ બતાવ્યું છે.

હસવા જેવી વાત છે કે–ભોજક હોય તે " વાસ્તવિક વાદી " હોય અને પૂ૦ આગમ પ્રભાકરનો વિદ્યાર્થી. એટલે ખરેખર વિદ્વદ્યોગ્ય મર્યાદાનો પક્ષપાતી જ હોય. છતાં શ્રીભોજકે પોતાની પ્રસ્તાવનામાં ઉપરની ઘટના કે અમૂક ઇતિહાસમાંથી મને આ વસ્તુ મળી છે, એવું બતાવવા ઉદારતા દાખવી નથી. હવે તેઓ ગુરુદેવ પાસેથી એ ઉદારતાને જરૂર શીખે કે બીજાની પાસેથી કે બીજાના સાહિત્યમાંથી કિંમતિ વસ્તુ સરળતાથી મેળવી શકે અસ્તુ !

૧. ચંદ્રાવતીના રાજા ધારાવર્ષના રાજ્યના અધિકારીઓ શેઠ પૂના, આશા વગેરેએ થારાપદ્રગચ્છના આ૦ ચક્રેશ્વરસૂરિ, આ૦ પરમાનંદસૂરિ અને આ૦ યશઃપ્રભસૂરિના ઉપદેશથી વિ૦ સં૦ ૧૨૨૧ જે૦ સુ૦ ૯ શુક્રવારે ચંદ્રાવતીમાં " નાયાધમ્મ કહા " અને " રત્નચૂડ કથા " લખાવી.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

૩. **સાલદેવ**—તેણે શત્રુંજય તીર્થ અને ગિરનાર વગેરે તીર્થોના છ'રી પાળતા **યાત્રાસંઘો** કાઢ્યા હતા.

૪. **વયરસિંહ**—તેને **ધેવલ્રા** નામે પત્ની હતી. તેનાથી તેને ૧ હરપતિ, ૨. વયર, ૩. **કર્મસિંહ** અને ૪ રામચંદ્ર એમ ચાર પુત્ર થયા.

૫. **હરપતિ**—તેને **હેમાદે** અને **નામલદે** નામે પત્નીઓ હતી. હરપતિ તથા શાણુરાજે સં૰ ૧૫૦૯ના માહ સુદિ ૫ના રોજ ખંભાતમાં ભ૦ વિમલનાથનું **જિનાલય** બંધાવ્યું.

**શેઠ હરપતિએ** સં૰ ૧૪૪૨ ના દુકાળમાં જનતાને અનાજ-પાણી, કપડાં વગેરે આપી મોટી મદદ કરી. સં૰ ૧૪૪૯ માં તપગચ્છની વૃદ્ધપોષાળના ૫૬ મા **આ૦ જયતિલકસૂરિના** ઉપદેશથી “ગિરનાર તીર્થમાં ભ૦ નેમનાથના જિનાલયનો **જીર્ણોદ્ધાર**” કરાવ્યો, તેમજ શત્રુંજય તીર્થ, ગિરનાર તીર્થ વગેરેના છ' રી પાળતા **યાત્રાસંઘો** કાઢ્યા, સં૰ ૧૪૫૨ માં ખંભાતમાં તપાગચ્છીય વૃદ્ધ-પોષાળના આ૦ જયતિલકસૂરિના હાથે ઉપા૦ “રત્નસિંહ”ને **આચાર્યપદ** અને સાધ્વી “રત્નચૂલા”ને **મહત્તરાપદ** અપાવ્યું. (–પ્રક૦ ૪૪ પૃ૦ ૧૮)

શેઠ હરપતિ અને નામલદેવીને “છ પુત્રો” હતા.

૬. **સજ્જનસિંહ**—તેને “કૌતકદે” નામે પત્ની હતી.

૭. **સં૦ શાણુરાજ**—તેને અમદાવાદનો **બાદશાહ આહમદશાહ** બાદશાહ બહુ માનતો હતો (પ્રક૦ ૪૪ પૃ૦ ૨૦૮) **સં૦ શાણુરાજે** પોતાની બેન **કર્મદેવીના** કલ્યાણ માટે ભ૦ ઋષભદેવનો જિનપ્રાસાદ બંધાવ્યો. તેમાં ભ૦ ઋષભદેવની ૧૨૫ મણની પ્રતિમા” ભરાવીને પધરાવી. તેણે સાતે ક્ષેત્રમાં ઘણું ધન વાપર્યું. મેવાડના ડુંગરપુરમાં **ધીયાવિહાર** નામે જિનાલય બંધાવ્યું. (–શિલાલેખના આધારે)

**સં૦ શાણુરાજે** સં૰ ૧૫૦૯ મહા સુદિ ૫ ને રોજ ખંભાતમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભ૦ રત્નસિંહસૂરિના** હાથે "ભગવાન વિમલનાથનો જિનપ્રાસાદ અને બીજી જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા" કરાવી.

(–પ્ર૦ ૪૪ પૃ૦ ૧૭)

તેણે સં૦ ૧૫૫૨ માં શત્રુંજય તીર્થનો છ'રી પાળતો **યાત્રા-સંઘ** કાઢ્યો. આ સંઘમાં સાથે "૭ જિનાલયો હતાં."

તેણે શત્રુંજયતીર્થમાં વૃદ્ધ તપાગચ્છના ૫૭મા **આ૦ રત્નસિંહ-સૂરિની** અને સાધ્વી **રત્નચૂલા મહત્તરાની** "ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરાવી. (–પ્ર૦ ૪૪ પૃ૦ ૧૮)

**શેઠ આજડ શાહ પોરવાડનો વંશ—**

૧. શેઠ **આજડ શાહ**—તે પોરવાડ જ્ઞાતિનો હતો. "પોસીના નગર"નો વતની હતો. તે બહુ યશસ્વી, ધનસંપન્ન, ગુણવાળો અને ધર્માત્મા હતો. તેને બે પુત્રો હતા. ૧. **હાપા** અને ૨. સેપા (શ્રીપાલ) આ બંને પુત્રો પણ ધર્મપ્રેમી હતા. સંભવ છે કે આ પુત્રો અથવા તેઓના પિતા પૈકી કોઈ એકનું બીજું નામ **નરપતિ** પણ હોય. નરપતિ રાજ્યનો મોટો **મંત્રી** હતો, અને તેની પ્રેરણાથી **રાજાએ** ભ૦ મહાવીરસ્વામીનું મંદિર "રાજવિહાર" બંધાવ્યો.

૨. **હાપા**—તેને ૧ દેવસિંહ, ૨. **વિજયસિંહ**, ૩. **કોલાસિંહ** અને ૪ કર્મસિંહ એમ ચાર પુત્રો હતા. તે પૈકી **કોલાસિંહ** બહુ બુદ્ધિશાળી હતો. તે યશસ્વી પણ હતો. સં૦ ૧૩૫૫ માં તે મોટો **મંત્રી** બન્યો હતો.

મોટા ૩. **દેવસિંહને** (૪) **સામંતસિંહ** નામે પુત્ર હતો અને નાના **કર્મસિંહને** ૧ દેપાલ, ૨ નોડાક, અને ૩ **ભીમસિંહ** એમ ત્રણ પુત્રો હતા.

૩. **વિજયસિંહ**—તે પોસીનામાં મોટો **નગરશેઠ** હતો, ધર્માત્મા હતો. તેને "છાડુ" નામે ધર્મપત્ની હતી, જે અત્યંત રૂપાળી હતી. તેને ૧ હરિદેવ, ૨ સહદેવ અને ૩ **ગોપાળ** નામે પુત્રો હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. **ગોપાળ**—તે સૌમાં ચડિયાતો ગુણવાન હતો. તે પોસીનાના રાજા **સાલ્હણ** અને તે પછીના **રાજા સાયર** એ બંનેનો બહુ માનીતો હતો. તે મોટો દાનેશ્વરી, પરોપકારી અને મોટો **સત્યવાદી** હતો. તેને સુશીલા, કલ્યાણકારી અને ધર્મક્રિયામાં તત્પર "અહિવ-દેવી" નામે પત્ની હતી. તે બન્નેને ૧ **અર્જુન** (પત્ની : ભલી) ૨ સમર (પત્ની : શૃંગારદેવી), ૩ પાલ્હણ (પત્ની : વપુઈ) એમ ત્રણ પુત્રો હતા. તે પૈકી **સમર** બહુ બુદ્ધિશાળી હતો, અને **પાલ્હણ** બહુ પુણ્યશાળી હતો.

**વિઘ્નાપહાર તીર્થ**—તપગચ્છના ૪૯ મા આ૦ દેવસુંદરસૂરિના પટ્ટધર ૫૦ મા **આ૦ સોમસુંદરસૂરિ** એ સમયે શાસનનો ઉદ્ધાર કરવામાં **ગૌતમસ્વામી જેવા** મનાતા હતા, તે પોસીનામાં પધાર્યા. તેમના ઉપદેશથી શેઠ **ગોપાલે** પોતાના આત્મકલ્યાણ માટે ભગવાન પાર્શ્વનાથનો બે મંડપવાળો **જિનપ્રાસાદ** બંધાવ્યો, તેની પત્ની **અહિવદેવી** અને **પુત્રોએ** સં૦ ૧૪૭૭ માં આ૦ સોમસુંદરસૂરિના હાથે ભ૦ પાર્શ્વનાથની **પ્રતિષ્ઠા** કરાવી. આ મંદિરનો પ્રારંભ થયા પછી ત્યાં અગ્નિભય આવ્યો, પણ તે શાંત થઈ ગયો હતો. આથી સૌએ આ **તીર્થનું** નામ '**વિઘ્નાપહાર પાર્શ્વનાથ**' રાખ્યું.

રાજા **સાયરે** આ મંદિરની પૂજાના ખર્ચ માટે "એક વાડી" **ભેટ** આપી. તે રાજાના પૂર્વજોએ અહીં "ભ૦ મહાવીરસ્વામીનું મંદિર" બંધાવ્યું હતું, તેમાં રાજા સાયરે લાકડાના **બે મંડપો** બનાવ્યા.

શેઠ **ગોપાળ** તથા તેના પુત્રોએ ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. મોટાં દાન, સંઘપૂજા, ગિરનારતીર્થનો છ'રી પાળતો **યાત્રાસંઘ** વગેરે શુભ કાર્યો કરીને **સંઘપતિ** પદ પ્રાપ્ત કર્યું.

ભ૦ સોમસુંદરસૂરિના શિષ્ય **પં૦ ચારિત્રરત્નગણિવરે** આ જિનપ્રાસાદની ૨૮ શ્લોકવાળી "પ્રશસ્તિ બનાવી અને તેને સૂત્રધાર વરણાકે ઉત્કીર્ણ કરી. (–જૈન સત્ય પ્રકાશ, ક્ર૦ ૧૭૦, ૧૭૧ પૃ૦ ૪૦, ૭૪ જૈન ઇતિ૦ પ્રક૦ ૫૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. **અર્જુન**—તે ગુણ અને લક્ષ્મીનું મંદિર હતો. તેને "ભલી" નામે પત્ની હતી. તેને ૧ પુણ્યપાલ અને ૨ સધર એમ બે પુત્રો હતા. તે બંને વિનયી અને ગુણવાળા હતા.

તેણે સં૦ ૧૪૯૧ ના માગશર વદિ ૪ ને રવિવારે પુષ્યાર્કમાં ભ૦ **સોમસુંદરસૂરિ** પાસે " પોસીનામાં ભ૦ ઋષભદેવની પ્રતિમા "ની **પ્રતિષ્ઠા** કરાવી.

**શેઠ તડમલ પોરવાડનો વંશ**

૧. શેઠ **તડમલ**—તે જ્ઞાતિએ પોરવાડ હતો. સંપન્ન હતો, તેને ૧ લાખા અને ૨ **જયતા** એમ બે પુત્રો હતા. મોટા **લાખાને** ૧ કડવો, ૨ હીરો, ૩ વયર એમ ત્રણ પુત્રો હતા.

૨. **જયતા**—તેને " મંજૂ " નામે પત્ની હતી. તે ગુણવાળી હતી. તેને મૂલુ નામે પુત્ર હતો.

૩. **મૂલુ**—તે દૃઢ સમકિતી હતો. તેને " વરમાદેવી "નામે શીલવતી પત્ની હતી. તેને ૧ મારુ અને ૨ **માંડણ** એમ બે પુત્રો હતા. **મારુને** અતિ ગુણવાળી " લાછુ " નામે પત્ની હતી તથા ૧ જયસિંહ અને ૨ લીંપાક એમ બે પુણ્યશાળી પુત્રો હતા.

૪. **માંડણ**—તે મોટો વેપારી અને પુણ્યશાળી હતો. તેને અત્યંત ગુણવાળી **માણેકદેવી** નામે પત્ની હતી. તેને ૧ જેહો, ૨ ખેતો, ૩ રવિ અને ૪ ઇંદ્ર એમ ચાર પુણ્યશાળી પુત્રો હતા. શેઠ માંડણે તપાગચ્છના ૫૦ મા **ભટ્ટા૦ સોમસુંદરસૂરિના** ઉપદેશથી સં૦ ૧૪૮૧ માં પોસીનાના ભ૦ પાર્શ્વનાથના જિનાલયમાં એક "દેવકુલિકા" બનાવી, તેમાં સં૦ ૧૪૮૧ માં જ તે આચાર્યદેવના હાથે " ભ૦ શાન્તિનાથની પ્રતિમા "ની **પ્રતિષ્ઠા** કરાવી.

આ પ્રશસ્તિમાં ૧૧ શ્લોક છે. (જૈન સત્યપ્રકાશ ક્ર૦ ૧૭૦, ૧૭૧, પૃ૦ ૭૬, ૭૭)

**દંડનાયક શાહ કાલુશાહ પોરવાડ**—

તે રણથંભોરના શા. **પ્રતાપસિંહ પોરવાડ** અને તેની સુશીલા ભાર્યા **યશોમતીનો** પુત્ર હતો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

શા. પ્રતાપસિંહ જમીનદાર હતો. અને તે જાલ્યોદ્ધારગચ્છના કે રાજગચ્છના આ૦ **હરિપ્રભસૂરિનો** ભક્ત હતો. (પ્રક૦ ૩૫, પૃ૦ ૨૩, ૨૫, ૫૪) ધીમે ધીમે તે મોટો પ્રજામાન્ય, રાજમાન્ય, જમીનદાર બન્યો. તેનો પુત્ર **કાલુશાહ** નિડર, સાહસી અને સૌથી મોટો સત્યવાદી હતો.

એક દિવસે રણથંભોરના **રાણા હમીરના** એક અશ્વારોહી સૈનીકે પોતાના ઘોડાઓને કાલૂશાહના ખેતરમાં લઈ જઈ, ત્યાંનો "લીલોપાક" ખવરાવ્યો. કાલુશાહના ખેતરના **રખવાલે** તે સૈનિકને મારી પીટી, બહાર કાઢી મૂક્યો. તેમજ **કાલૂશાહે** પણ તે સેવકને ખૂબ માર્યો. અને તેના ઘોડાને પકડી, પોતાની ઘોડાહારમાં બાંધી રાખ્યો.

**રાણા હમીરે** તેને રાજસભામાં બોલાવી ક્રોધી બની, આ ઘટનાનો જવાબ માંગ્યો.

**કાલૂશાહ** બોલ્યો "રાજા પ્રજાનો રક્ષક હોય. તેમજ ખેતીનો રાજકર મળે તો, એની પણ રક્ષા જ કરે, **રાજા એવો મૂર્ખ ન હોય** કે, તૈયાર માલનો વિનાશ કરનારને સારો માને, રાજા રક્ષક થવાને બદલે આવી ભક્ષક નીતિને અખત્યાર કરે તો, તે રાજા "રાજ્યપદને અયોગ્ય" ગણાય છે, તે પ્રજાનો વિશ્વાસ ગુમાવે છે, પ્રજાની "હાય" લેનારની જગતમાં નિંદા થાય છે. અને તે પરભવમાં પણ તિરસ્કાર પામે છે.

**રાણો હમીર** કાલૂશાહનો આ નિડરતાવાળો ખુલાશો સાંભળી શાન્ત બની, તેના ઉપર પ્રસન્ન થયો અને તે અશ્વસેવકોને હવે પછી આવી ભૂલ ન કરવાને તકેદારી કરી.

**રાણાએ** કાલૂશાહને "સેનાધિપતિ પદ" આપી, ધીમે ધીમે "મહાસેનાધિપતિ"–**દંડનાયક** બનાવ્યો. રાણાએ અલ્લાઉદ્દીન ખીલજી (સને ૧૨૯૮ થી ૧૩૧૬)ના એક મુસલમાન દરબારીને **શરણ** આપ્યું. આથી અલ્લાઉદ્દીન ક્રોધે ભરાયો. દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીને આ બાનાથી વિ૦ સં૦ ૧૩૫૬ સને ૧૨૯૮ માં પોતાના સેનાધિપતિ **ઉગલખાં અને નસરતખાનને** મોટી સેના આપી, હમીરરાણાના રણથંભોરને જીતવા માટે મોકલ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દંડનાયક કાલુશાહે** ઉગલખાંને મારી, વિજય મેળવ્યો. આથી અલ્લાઉદ્દીન પોતે જ વિ૦ સં૦ ૧૩૫૮ સને ૧૩૦૧માં સેના લઈ રણથંભોર લડવા આવ્યો. એક વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું. ધીમે ધીમે રાણા હમીરના યોદ્ધાઓ મરવા લાગ્યા. અંતે **રાણો હમીર** દંડનાયક કાલૂશાહ અને સાથેના શૂરવીરો "કેશરિયા" કરી, જૌહર કરી, લડવા નીકળી પડયા. આખો દિવસ ભયંકર યુદ્ધ ચાલ્યું. જેમાં રાણો તથા દંડનાયક કાલૂશાહ વગેરે મરાયા. અને રણથંભોરનો કિલ્લો મુસલમાનોના હાથમાં ગયો.

**હમીરહઠ**—રણથંભોરના રાણા હમીરે મુસલમાનને પણ શરણ આપી, જે **માનવતા** બતાવી છે. તેથી જ લોકોમાં **હમીરહઠની** કહેવત અમર બની છે.

(પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ ૩ જો પૃ૦ ૪૯૭ થી ૪૯૯)

**શેઠ અભયસિંહ પોરવાડનો વંશ**

૧. શેઠ **અભયસિંહ**—તે પોરવાડજ્ઞાતિનો હતો.

૨. સિંહ

૩. સોમસિંહ

૪. **પર્વત**—તેને "પાલ્હણદે" નામે પત્ની હતી.

૫. **મંત્રી ધનરાજ**—તે દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજીના માનીતા, માંડવગઢ (માળવા)ના સૂબા **બીજા મહમુદનો** વિશ્વાસપાત્ર, પ્રીતિપાત્ર **મહામાત્ય** હતો. અને "રણથંભોરનો શાસકમંત્રી" હતો. તેને "ધરમિણી" અને "વાડૂ" નામે બે પત્નીઓ હતી, તથા ૧ સિંહ અને ૨ શ્રીપતિ એમ બે પુત્રો હતા. તપાગચ્છની વૃદ્ધપોષાળના (૫૭) **આ૦ રત્નસિંહસૂરિનો** તે સમકિતધારી શ્રાવક હતો. (—પ્રક૦ ૪૪, પૃ૦ ૧૮)

રણથંભોરના મંત્રી **ધનરાજે** છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો, જેમાં ૫૭ મા **આ૦ રત્નસિંહસૂરિના** પટ્ટધર આ૦ ધર્મરત્ન સાથે હતા. તે આબૂની યાત્રા કરીને ચિત્તોડ ગયા, ત્યારે ત્યાંના **સાંગા રાણાએ** તેમનું બહુમાન કર્યું હતું. આચાર્યશ્રીએ દોશી તોલાશાહને ભવિષ્ય-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાણી ઉચ્ચારી હતી કે, "તારો પુત્ર **દો૦ કર્માશાહ** શત્રુંજયતીર્થનો સોળમો ઉદ્ધાર કરાવશે." (-પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧, ૩૪.)

કૃષ્ણર્ષિગચ્છના **આ૦ જયસિંહે** સં૦ ૧૪૫૩ માં મંત્રી ધનરાજની વિનંતિથી "ધનરાજ પ્રબોધમાલા" બનાવી.

(-પ્રક૦ ૪૩ પૃ૦ ૭૫૭)

૯. **સિંહ**—તે રાજમાન્ય હતો. તેણે સં૦ ૧૫૨૮ના માહ વદિ ૫ ના રોજ અલ્લાઉદ્દીન ખીલજીના રાજ્યમાં વૈદ્યક સંબંધી "વૈદ્યનિબંધ ઉન્મેષ" (ગ્રં૦ ૧૧૨૩) બનાવ્યો.

(-જૈન સત્યપ્રકાશ, ક્ર૦ ૨૧૭, ૨૨૭)

## વીસલશાહ ઓશવાલનો વંશ

૧. **વીસલશાહ**—તે ઓશવાળજ્ઞાતિનો હતો. તેને "ખીમાદે" નામે પત્ની હતી. એ **શ્રીખીમાદેએ** આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી સઘળા દેશના જૈનોને "સાકરની લહાણી" કરી.

(ઉપદેશ તરંગિણી-તરંગ બીજો)

जैनसाईट JAINSITE .com नमः ज्ञात शासनम्

૨. દેદો—દેદાશાહો માટે જુઓ. (પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૨ થી ૩૧૪)

૩. **ધનપાલ**—તે "કર્ણાવતીમાં" આવીને વસ્યો. તેને ૧ સાંગણ, ૨ ગોદો, ૩ સમરો અને ૪ **ચાચો** એમ ચાર પુત્રો હતા.

૪. **ચાચો**—તેણે "આશાપલ્લી"માં **જિનપ્રાસાદ** કરાવ્યો. તેને પહેલી પત્ની "લાડી"થી ૧ **વીજડ**, ૨ સામલ, અને ૩ પૂનો એમ ત્રણ પુત્રો થયા, જ્યારે બીજી પત્ની "મુક્તા"થી ૪ **ગુણરાજ**, **૫ આંબાક**, ૬ લીંબાક અને ૭ જયતા નામે ચાર પુત્રો થયા.

**આંબાકે** આ૦ **દેવસુંદરસૂરિના** ઉપદેશથી વૈરાગ્ય પામી, આ૦ સોમસુંદરસૂરિ પાસે **દીક્ષા** લીધી. અને સં૦ ૧૪૬૫માં આ૦ મુનિસુંદરસૂરિના હાથે **ઉપાધ્યાયપદ** પ્રાપ્ત કર્યું. તે આંબાકને **મનાક** નામે પુત્ર હતો.

સંભવ છે કે આંબાકનું બીજું (હુલામણાનું) નામ **નાનાક** પણ હોય. અને તેમનું સાધુપણાનું નામ "પં૦ નાનારત્નગણિ" તેમજ **પં૦ નંદિરત્નગણિ** હોય!

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫. ગુણરાજ**—તે અમદાવાદના બાદશાહ અહમદશાહનો માનીતો હતો, (પ્રક૦ ૪૪ પૃ૦ ૨૦૮) તેણે શત્રુંજય, મહુવા, પ્રભાસ-પાટણ, ગિરનાર, સોપારા, જીરાપલ્લી, આબૂ વગેરે વિવિધ તીર્થોના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢી યાત્રા કરી. તેણે સં૦ ૧૪૪૮ના દુકાળમાં દાનશાળાઓ સ્થાપન કરી. ઘણા મનુષ્યોને રક્ષણ આપ્યું.

તેના નાના ભાઈ **નાનાકે** (આંબાકે) આ૦ સોમસુંદરસૂરિ પાસે દીક્ષા લીધી. સંભવ છે કે તેનું નામ **પં૦ નંદિરત્નગણિ** હોય. (પ્રક૦ ૫૦)

સં૦ **ગુણરાજે** સં૦ ૧૪૭૭માં બાદશાહનું ફરમાન મેળવી, આ૦ સોમસુંદરસૂરિની અધ્યક્ષતામાં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો મોટો-યાત્રાસંઘ કાઢયો. ત્યારે શત્રુંજય, મહુવા, પ્રભાસપાટણ, ગિરનાર વગેરેની યાત્રા કરી, મહુવામાં "ઉપા૦ જિનસુંદર"ને **આચાર્યપદ** અપાવ્યું. તથા **અમદાવાદમાં ઘણા કેદીઓને છોડાવ્યા.** આ૦ હેમચંદ્રસૂરિનો **ગૂર્જરેશ્વર કુમારપાલ** જેવો ભક્ત હતો, આ૦ સોમસુંદરસૂરિનો **સં૦ ગુણરાજ** તેવો જ ભક્ત હતો.

તે સં૦ ૧૪૮૫ પહેલાં મરણ પામ્યો. તેને **ગંગા** નામે પત્ની હતી. તેને ૧ ગજ, ૨ મહીરાજ, ૩ **બાલુ,** ૪ મલુ, અને ૫ ઈશ્વર એ નામે પુત્રો હતા.

શેઠ **મોકલરાણાની** રજા મેળવી, "ચિત્તોડ પર કીર્તિસ્તંભ પાસેના ભગવાન મહાવીર સ્વામીના પ્રાસાદનો જીર્ણોદ્ધાર" પોતાના **પુત્ર બાલુની** દેખરેખ નીચે શરૂ કર્યો હતો.

૬. **બાલુ**—ચિત્તોડમાં રાજગચ્છના આ૦ **પ્રદ્યુમ્નસૂરિના** વિજયનો વિજય સ્તંભ છે. (પ્રક૦ ૩૫ પૃ૦ ૧૭) તેની પાસે ભ૦ મહાવીર સ્વામીનો પ્રાસાદ છે. **સં૦ ગુણરાજે** મોકલરાણાથી સન્માન પામીને એ સ્તંભ તથા પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તે કામ બાલુની દેખરેખ નીચે શરૂ કર્યું, બાલુ ચિત્તોડમાં રહેતો હતો. જિન-પ્રાસાદ તૈયાર થયો, એટલે **એ પાંચે ભાઈઓએ** વિ૦ સં૦ ૧૪૮૫માં તપાગચ્છના ૫૦મા **આ૦ સોમસુંદરસૂરિના** હાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચિત્તોડમાં** તે જિનપ્રાસાદની તથા” ભગવાન મહાવીર સ્વામી વગેરે જિનપ્રતિમાઓની તપાગચ્છના ૫૯મા આ૦ **સોમસુંદરસૂરિના** હાથે પ્રતિષ્ઠા કરાવી, અને તેમાં બીજી ૪ દેરીઓ બનાવી, તેની પણ તેમના જ હાથે પ્રતિષ્ઠા કરાવી.

( સં૦ ૧૫૨૪ પં૦ **પ્રતિષ્ઠાસોમગણિકૃત** “સોમસૌભાગ્યમહાકાવ્ય” ) જૈન ઇતિહાસ પ્રક૦ ૩૪, પૃ૦ ૫૮૯ ૬૦૪, પ્રક૦ ૩૨, પૃ૦ ૫૦૬, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭, પ્રક૦ ૪૪, પૃ૦ ૩૪, પ્રક૦ ૫૦ આ૦ સોમસુંદરસૂરિ)

**બીજો મંત્રી ગુણરાજ** —

તે **કેશવ** પોરવાડ અને તેની ભાર્યા **દેમતીનો** પુત્ર હતો. તેને “ રૂપીણી ” નામે ભાર્યા હતી. તથા પાસવીર નામે પુત્ર હતો. તેણે પોતાના પરિવારને સાથે રાખી સં૦ ૧૫૧૪ મહા સુદિ ૨ને સોમવારે તપાગચ્છની વૃદ્ધ પોષાળના ૫૮મા ભ૦ **જ્ઞાનકલશસૂરિના** ઉપા૦ ચરણકીર્તિના શિષ્ય પં૦ વિજયસમુદ્રગણિને કલ્પસૂત્ર વહોરાવ્યું હતું. ( શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨જો, પ્રશ૦ નં. ૭૫ પ્રક. ૪૪ પૃ. ૨૫, ૩૪)

**સરહડિયા સં૦ માંડણ પોરવાડનો વંશ**—

૧ **માંડણ** તે સરહડિયા ગોત્રનો પોરવાડ જૈન હતો, તેનું બીજું નામ **સાંગણ** પણ મળે છે તે **નાંદિયાગામ**માં રહેતો હતો, સંપન્ન, ધર્મપ્રેમી શ્રાવક હતો. તેને (૧) કુંરપાલ અને (૨) નીંબો એમ બે પુત્રો હતા.

૨–**સં૦ કુંરપાલ સં૦ નીંબો**–તે નાંદિયામાં રહેતા હતા. બંને ભાઈઓ ધર્મપ્રેમી હતા. તેઓએ સં૦ ૧૪૬૫ના ફાગણ સુદિ ૧ના રોજ **પીંડવાડામાં** મોટા જિનપ્રાસાદનો “જીર્ણોદ્ધાર” કરાવ્યો. તેઓ **સંઘપતિ** પણ બન્યા.

સં૦ કુંરપાલને “ કામલદે ” નામે પત્ની હતી. તેનું બીજું નામ “ કપૂરદેવી ” પણ હતું. અને તેને ૧ સમરથમલ, ૨ સં૦ રત્નો, અને **૩ સં૦ ધરણુ** (ધન્નો) એમ ત્રણ પુત્રો હતા. સં૦ સમરથનો વધુ પરિચય મળતો નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩A–**સં૦ રત્નો સં૦ ધરણુ**–સં૦ રત્નોને "રત્નદેવી" નામે પત્ની હતી. તથા (૧) લાખો, (૨) સં૦ સલખણુ (૩) સં૦ મનજી (૪) **સં૦ સોનો** અને (૫) **સં૦ સાલિગ** એમ પાંચ પુત્રો હતા.

૩B–સં૦ ધરણાનું બીજું નામ **ધન્નાશાહ પોરવાડ** હતું. તેને "ધરણાદે (ધારલદે)" નામે પત્ની હતી. અને (૧) **જાખા** (જાના) તેમજ (૨) **જાવડ** નામે પુત્ર હતા.

**સં૦ ધરણે** સં૦ ૧૪૯૫માં શત્રુંજય તીર્થનો મોટો યાત્રાસંઘ કાઢયો, તે સંઘમાં બાદશાહ તથા મંત્રીઓ સાથે હતા, ત્યારે તેની ઉંમર માત્ર ૨૧ વર્ષની હતી. અને તેની પત્નીની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી. બંને જણાએ ત્યાં "ચોથું શીયલવ્રત" સ્વીકારી, સંઘપતિની **ઈન્દ્રમાલા** પહેરી હતી.

(વિવિધ ગચ્છીય પટ્ટા૦ સં૦, વીરવંશાવલી પૃ૦ ૧૨૫)

૩–**સં૦ રત્નો** અને **સં૦ ધરણ** એ બંને ભાઈઓ નાંદિયામાં રહેતા હતા. માંડવગઢના હુસંગશાહ–બાદશાહનો શાહજાદો **ગજનીખાં** રીસાઈને નાંદિયા (શિરોહી રાજ્ય)માં આવ્યો. ત્યારે બંને ભાઈઓએ તેને સમજાવી, શાન્ત પાડી, ૩ લાખ રૂપીયા આપી, બાદશાહ પાસે મોકલ્યો. આથી બાદશાહે ખુશ થઈ આ બન્ને ભાઈઓને માંડવગઢ બોલાવ્યા. પરંતુ ગજનીખાં બાદશાહ થયો. ત્યારે તે ધનના લોભથી બન્ને ભાઈઓ ઉપર નારાજ થયો. અને તેઓનો ૧ લાખ રૂપીયાનો દંડ કર્યો. આથી બન્ને ભાઈઓ ત્યાંથી નાસી આવ્યા, તેઓ "નાંદિયા" ન જતાં, **રાણા કુંભાના** આગ્રહથી "ઘાણેરાવ" ગામ જઈને વસ્યા.

**તીર્થો**–મારવાડ અને મેવાડની બચ્ચે લાંબો પહાડ વિસ્તારેલો છે. તેની બન્ને બાજુએ જૈનોએ **શાન્તિધામો** ઉભાં કર્યાં છે.—ઘણાં **જૈનતીર્થો** સ્થાપિત કર્યાં છે. એ પહાડની પશ્ચિમે (૧) મૂછાળા મહાવીર અને (૨) **રાણકપુર** તીર્થ બનાવ્યાં છે.

મૂછાળામહાવીર તો પ્રાચીન જૈન તીર્થધામ છે.

(—પ્ર૦ પૃ૦ )

મેવાડના રાણાએ મૂછાળામહાવીર તીર્થ પાસે **ઘાણેરાવ** નામે

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગર વસાવ્યું. એ ઘાણેરાવમાં આજે પણ **જૈન** શ્વેતાંબર ઓસવાલ–પોરવાડોનાં ૪૦૦ ઘર છે અને ૧૧ શ્વેતાંબર જિનાલયો વિદ્યમાન છે.

ઘાણેરાવ નવું વસ્યું, તે પછી ધીમે ધીમે વિકાસ પામવા લાગ્યું. **સં૦ રત્નો** અને **સં૦ ધરણુ** એ નગરમાં આવીને વસ્યા, અને તેઓએ પોતાના કુટુંબને નાંદિયાથી લાવીને અહીં કાયમી વસવાટ કર્યો. બંને ભાઈઓ મૂળથી ધર્મપ્રેમી હતા.

નાનો ભાઈ **સં૦ ધરણુ**શાહ પરમાર્હત હતો. તે ચિત્તોડના **રાણા કુંભાજીનો** પ્રીતિપાત્ર હતો (પ્રક૦ ૪૪ પૃ૦ ૩૪) તેણે અમદાવાદના સં૦ **ગુણરાજની** મદદથી બાદશાહ અહમદશાહનું ફરમાન મેળવી, શત્રુંજયતીર્થનો છ'રી પાળતો **યાત્રાસંઘ** કાઢયો (પ્રક૦ ૪૪ પૃ૦ ૨૦૮) અને અજારી, પીંડવાડા, સાલેર વગેરે સાત સ્થાનોમાંના જિનાલયોના **જીર્ણોદ્ધારો** કરાવ્યા. નવાં જિનાલયો પણ બનાવ્યાં. તથા નવી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા પણ કરાવી. આચાર્યપદ, ઉપાધ્યાયપદ, ગણિપદ તથા મહત્તરાપદ વગેરે પદવીઓના અને દીક્ષાના મોટા ઉત્સવો પણ કર્યા.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૩–**સં૦ ધરણુ**–તે એક વાર **સિદ્ધપુર** પાટણ ગયો. ત્યાં તેણે રાજા સિદ્ધરાજજયસિંહે બંધાવેલ **રાજવિહાર** જોયો. તેને એવો જિનપ્રાસાદ બંધાવવાની ભાવના ઉદ્ભવી, એવામાં તેણે એક દિવસે સ્વપ્નમાં **નલિનીગુલ્મવિમાન** જોયું અને તેણે તેવો જિનપ્રાસાદ બનાવવા નિર્ણય કર્યો. પણ આવો જિનપ્રાસાદ બનાવે, તેવો કુશળ **શિલ્પી** પણ જોઈએ ને? દૈવયોગે મુંડારાના **દેપાક** નામના એક સલાટને પણ એવું જ સ્વપ્ન આવ્યું. આથી તે સલાટ પણ આવો જિનપ્રાસાદ બાંધવા ચાહતો હતો. સં૦ ધરણુ અને સલાટ દેપાક બંને મળ્યા. બંનેએ "સ્વપ્નાનુસાર જિનપ્રાસાદ" બનાવવાનો નિર્ણય કર્યો.

સૂત્રધાર દેપાકે (દેપાએ) જિનપ્રાસાદનો નકશો તૈયાર કરી સં૦ ધરણાની સમ્મતિ મેળવી, એ રીતનો રાણકપુરમાં "**ત્રૈલોક્યદીપક**" નામનો ત્રણ માળનો ૪૫ ફૂટ ઊંચો **ચતુર્મુખ જિન**-

**પ્રાસાદ બનાવ્યો.** આ પ્રાસાદમાં ચારે તરફ નાનાં દેરાસરો છે, ને ચારે તરફ ફરતી ૭૨ દેરીઓ (દેવકુલિકા)વાળી ભમતી છે. જિનાલયમાં ૧૪૪૪ થાંભલા છે, અને મોટાં ભોંયરાં પણ છે. આ રીતે આ મંદિરની **માંડણી** અજોડ છે.

**ભારતીય સ્થાપત્ય —**

ખૂબીની વાત એ છે કે, મનુષ્ય ગમે તે દરવાજે કે દેરીના દરવાજે ઊભો રહીને મૂળનાયક ચૌમુખજીનાં દર્શન કરી શકે છે. વચમાં કોઈ ભીંત કે થાંભલો નડતા નથી. પ્રાચીન ભારતીય સ્થાપત્યની આ વિશેષતા છે.

**ત્રૈલોક્યપ્રાસાદ**-તૈયાર થયો. સં૦ ધરણાશાહે સં. ૧૪૯૬ના ફાગણ વદિ ૫ ના ત્રૈલોક્યપ્રાસાદમાં તપગચ્છના **૫૦મા આ૦ સોમસુંદરસૂરિના** હાથે તે પ્રાસાદની તથા **ભ૦ ઋષભદેવ** વગેરે ચૌમુખ જિનપ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી. તેમજ આ પ્રસંગે મહો૦ સોમદેવને **આચાર્યપદવી** અપાવી. મૂલપ્રાસાદનું કામ ૫૦ ૧૪૯૮ ફા૦ વ૦ ૧૦ સુધી ચાલ્યું સં. ધરણે સં૦ ૧૫૦૯ વૈ. શુદ ૨ સુધી પ્રતિષ્ઠાઓ કરાવી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**સં૦ રત્નાના** વંશજો આજે પણ ઘાણેરાવમાં છે. તેઓ દર સાલ રાબેતા મુજબ ફાગણ વદિ ૫ના રોજની વર્ષગાંઠ ઉજવતા અને નવી ધજા ચડાવતા. તે પછી તેમના વંશજોએ સં૦ ૧૬૭૯માં ત્રૈલોક્યપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવી ભ૦ ઋષભદેવની નવી જિનપ્રતિમાને મૂળનાયક તરીકે **આ૦ વિજયદેવસૂરિના** હાથે પ્રતિષ્ઠા કરાવી વિરાજમાન કરી. આ જિનાલયનો છેલ્લો જીર્ણોદ્ધાર તથા પ્રતિષ્ઠા સં૦ ૨૦૦૯ના ફાગણ સુદિ ૫ ના રોજ કરવામાં આવ્યો.

(જૈન ઇતિ૦ પ્રક૦ ૫૦, રાણકપુરતીર્થ)

સં૦ ધરણાની બીજી પરંપરા આ પ્રમાણે છે. તેને **જાવડ** નામે પુત્ર હતો. જાવડને "જસમાદેવી" નામે પત્ની હતી, તથા **વનાજી** નામે પુત્ર હતો. વનાજીને "વર્જુદેવી" નામે પત્ની તથા (૧) **આશપાલ** અને (૨) ગુણપાલ નામે પુત્રો હતા. એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ધરણાની બીજી નાની પરંપરામાં (૩) **સં૦ ધરણ** (૪) સં૦ વનાજી (૫) આશપાલ અને ગુણપાલ થયા.

૪. **સં૦ સાલિગ**—તે સં૦ રત્નાનો પાંચમો પુત્ર હતો. તેને (૧) સુગરાદેવી અને (૨) નાયકદેવી પત્નીઓ હતી.

૫. **સં૦ સહસા**—તે માંડવગઢના બાદશાહ ગ્યાસુદ્દીન (સં. + + + + +)નો પ્રીતિપાત્ર હતો, ધનાઢ્ય હતો. માળવાનો મોટો ધર્માધિકારી મહામાત્ય હતો. તેને (૧) સંસારદેવી (૨) અનુપમાદેવી પત્નીઓ તથા (૧) ખીમરાજ અને (૨) દેવરાજ પુત્રો હતા.

સં. ૧૫૫૪માં સિરોહીના **રાજા જગમાલ** (સં. ૧૫૪૦ થી ૧૫૮૦)ના રાજકાળમાં આબૂના મોટા શિખર—અચલગઢમાં ૫૩મા ભ૦ **લક્ષ્મીસાગરસૂરિ** તથા **આ૦ સુમતિસુંદરસૂરિના** ઉપદેશથી **રાણા લાખાની** રજા મેળવી, પોતાનું ન્યાયસંપન્ન ધન વાપરવા ચૌમુખના દેરાસરનો પાયો નાખ્યો. ભવ્ય ચતુર્મુખજિનપ્રાસાદ તૈયાર થયો. આથી સં૦ **સહસા**, પોતાની પત્ની મહં૦ સંસારદે, પત્ની અનુપમાદે પુત્રો ૧ **ખીમરાજ**, ૨ દેવરાજ, પૌત્રો ૧ **જયમલ**, ૨ મનજી વગેરે પરિવારને લઈને તથા આ૦ **જયકમલસૂરિ** વગેરે છ’રી પાળતા ચતુર્વિધ યાત્રાસંઘ સાથે અહીં આવ્યો.

તેણે તે મંદિરમાં ઉત્તરની ગાદીએ સં૦ ૧૫૬૬ના ફાગણ સુદિ ૧૦ના દિવસે સોમવારે તપાગચ્છની કમળકળશશાખાના **આ૦ જયકમલસૂરિના** હાથે **ભ૦ ઋષભદેવનીપ્રતિમા**[1] ભરાવી પધરાવી. (—પ્ર૦ ૫૩)

ડુંગરપુર અને કુંભલમેરુના જૈન સંઘે ડુંગરપુરના “રાવલ સોમદાસના” **મંત્રી સાલ્હાશાહ** વગેરેએ સં૦ ૧૫૧૮ના વૈશાખ સુદિ ૪ને શનિવારે અને સં૦ ૧૫૨૯ના વૈશાખ વદિ ૪ને શુક્રવારે ડુંગરપુરમાં ભ૦ **લક્ષ્મીસાગરસૂરિના** હાથે અંજનશલાકા કરાવી. **સં૦ સહસાએ** આ અંજનશલાકાની પ્રતિમાઓ લાવી, અચલગઢમાં

૧. ચૌમુખીજિન ચાર પ્રતિમાઓ પિત્તલ અને સોનાના મિશ્રણથી બનેલી છે. તેનું વજન ૧૪૪૪ મણનું છે. પણ દર્શકો તેને સાવ સોનાની માને છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૌમુખજીની બીજી ત્રણ ગાદીએ વિરાજમાન કરાવી. (–પ્રક૦ ૩૭, પૃ૦ ૨૮૮) અને પોતે અંજનશલાકા કરાવેલી બીજી જિનપ્રતિમાઓને છૂટા છૂટા સ્થાનોમાં વિરાજમાન કરી હતી.

**સં૦ સહસાએ** અચલગઢની પ્રતિષ્ઠામાં સંઘભક્તિ કરી, યાચકોને ખુશ કર્યા, અને વિવિધ રીતે તીર્થપ્રભાવના કરી, જેમાં ૫ લાખ દ્રવ્ય વાપર્યું. **સં આશાધરે** પણ ઘણો લાભ લીધો.

અચલગઢમાં ચૌમુખજીનું જિનાલય બાદશાહના દિવાનોનું છે. સામાન્ય **લોકવાયકા** છે કે "તે કુંભાજી પોતાના અચલગઢના રાજમહેલમાં બેસી ચૌમુખજીનાં દર્શન કરતો હતો."

**સં૦ રત્નાનો** ચોથો પુત્ર (૪) **સં૦ સોનો** નામે હતો. તે સોનાનો (૫) પુત્ર **આશાધરે** આ ચૌમુખજીની પ્રતિષ્ઠાનો ઉત્સવ કરાવ્યો હતો. (–પ્રક૦ ૩૭, પૃ૦ ૨૯૦)

(ગુરુગુણરત્નાકર કાવ્ય : સર્ગ : ૩જો)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

વાલીના કુલગુરુ **ભ૦ મીયાચંદજી** સં૦ ધરણાશાહના વંશના **કુલગુરુ** છે. તેની વહીના આધારે સં૦ **સાંગણ પોરવાડની** વંશાવલી નીચે પ્રમાણે મળે છે.

(૧) **સાંગણ** પોરવાડ.
(૨) કુરપાલ (ભા૦ કામલદેવી.)
(૩) **સં૦ ધરણા** (ભ૦ ધારણદેવી, ચંદ્રાદેવી.)
(૪) **જાખા** (ભા૦ જયવંતી.)
(૫) **ગુણરાજ** (ભા૦ ગુણવંતી.)
(૬) વીરમદેવ (ભા૦ વીરમતી.)
(૭) ગમનાજી.
(૮) કાનજી (ભા૦ કોડમદેવી.)
(૯) પદ્મોજી (ભા૦
(૧૦) રત્ના.
(૧૧) ચાંપા.
(૧૨) ઉદા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૩) શોભા.
(૧૪) ગોડીદાસ.
(૧૫) **ગંગારામ.**

(૧૬) **હરખચંદ**–શેઠ **ધન્નાશાહ** પોરવાડના વંશના શા. હરખચંદ **ગંગારામ,** નથમલ માણેકચંદ, ચંદનમલ રત્નાજી, છગનલાલ હંસાજી, નથમલજી નવલાજી વગેરે હાલ "ઘાણેરાવ"માં રહે છે. **શા. ખીમરાજ** રામજીનો પરિવાર મેવાડના "ગૂડા ગામમાં" રહે છે. અને **કસ્તૂરચંદ** નંદરાયજી "કેલવાડા"માં રહે છે, આ ભાઈઓ હરસાલ ગુ૦ ફા૦ વ૦ ૫ ને રોજ રાણકપુર આવી, ત્રૈલોક્યદીપક જિનપ્રાસાદ ઉપર વારસદાર–હકદાર તરીકે "ધ્વજા ચઢાવતા હતા. અને પૂજા ભણાવતા હતા. (પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ ૩ જો પૃ. ૨૭૪, ૨૭૫નું વંશવૃક્ષ તથા જૈન ઇતિ૦ વંશવૃક્ષ)

(૧) **મંત્રી યશોવીર–શ્રીમાલી**

જાલોરમાં શ્રીમાળી **પાર્શ્વવીર** નામે શ્રાવક રહેતો હતો. જેનાં બીજાં નામો પાર્શ્વદેવ અને પાર્શ્વચન્દ્ર પણ મળે છે. તે રાજા **સમરસિંહ ચૌહાણ** તેમજ **ઉદયસિંહ** ચૌહાણ (સં૦ ૧૨૩૯ થી ૧૩૦૬)નો ભંડારી હતો.

ભંડારી પાર્શ્વવીરને ૧ **યશોવીર** અને ૨–અજયપાલ નામે બે પુત્રો હતા, જે **મહામાત્યો** હતા.

મંત્રી **યશોવીરનો** સં૦ ૧૨૨૧નો નીચે પ્રમાણે શિલાલેખ મળે છે.
(–શ્રીજિનવિ૦નો પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા૦ ૨ લેખાંક : ૩૫૨)

**જિનાલય :—**

તેણે સં૦ ૧૨૩૯ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે જાલોરના કિલ્લામાં ભ૦ ઋષભદેવનું **દેરાસર** બંધાવ્યું અને તેનો અદ્ભુત નકશીવાળો **રંગમંડપ** બનાવ્યો, જેનો શિલાલેખ તેના પાટડા ઉપર ઉત્કીર્ણ છે.

આ૦ વાદિદેવસૂરિની ૯મી પરંપરાના ૪૪મા **આ૦ રામભદ્રે** પ્રબુદ્ધરોહિણેયનાટક (અંક : ૬) રચ્યું છે, જે તે પ્રતિષ્ઠાના ઉત્સવ–પ્રસંગે તે મંદિરના મંડપમાં ભજવાયું હતું. (–પ્રક૦ ૪૧ પૃ૦ ૫૮૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મંત્રી યશોવીરે** સં૦ ૧૨૪૨માં "રાજા સમરસિંહ ચૌહાણ" (સં. ૧૨૩૯ થી ૧૨૬૨)ની આજ્ઞાથી **કુમારવિહારનો સમુદ્ધાર** કરાવ્યો. સં૦ ૧૨૫૬માં તોરણ, ધ્વજા-દંડ ચડાવ્યા. સં. ૧૨૬૮માં આ૦ રામભદ્ર (બીજા)ના હાથે રંગમંડપ ઉપર સુવર્ણકળશ ચડાવ્યો. (જાલોરના લેખો લે૦ નં૦ ૩૫૨, -પ્રક૦ ૪૧ પૃ. ૫૯૧)

## ૨-મંત્રી યશોવીર શ્રીમાલી

જાલોરમાં શ્રીમાલી **યશોદેવ** નામે વ્યાપારી હતો. તે રાજગચ્છના ૧૦મા આ૦ ચંદ્રસૂરિના પટ્ટધર આ૦ **પૂર્ણચંદ્રસૂરિનો** ભક્ત હતો. તેને ૧ **યશોવીર** ૨ યશોરાજ અને ૩ જગધર એમ ત્રણ પુત્રો હતા.[1] (-પ્રક૦ ૩૫, પૃ૦ ૨૬)

**યશોવીર** જાલોરના રાજા **ઉદયસિંહ** (સં૦ ૧૨૬૨ થી ૧૩૦૬) ચૌહાણના ખજાનાનો **મહામંત્રી** હતો. તે "શિલ્પશાસ્ત્રનો તલસ્પર્શી વિદ્વાન" હતો. અને તે "સરસ્વતી કંઠાભરણ" તરીકે પ્રસિદ્ધ હતો.

**મંત્રી તેજપાલે** આબૂતીર્થમાં **લુણિગવસહીનો પ્રાસાદ** તૈયાર કરી તેની સં૦ ૧૨૮૭-૮૮માં પ્રતિષ્ઠા કરાવી. **મંત્રી વસ્તુપાલે** જિનમંદિરના ગુણદોષો જાણવા માટે જાલોરથી મંત્રી યશોવીરને આ ઉત્સવમાં બોલાવ્યો હતો. તેણે તેનું બહુમાન કરી, તેને આ નવા જિનપ્રાસાદના ગુણ-દોષ પૂછ્યા. તેણે મંદિરને બરાબર તપાસી લીધું, અને પછી રાણાઓ, માંડલિક રાજાઓ તથા મહાજનોની **ભરચક** સભા વચ્ચે સલાવટ "શોભનદેવને" સામે રાખીને સ્પષ્ટ જણાવ્યું કે-

(૧) તેં કીર્તિસ્તંભ ઉપર "તારી માતાનો હાથ" કોતર્યો છે, જેની એક આંગળી ઊંચી રાખી છે, "માથે છત્ર" લગાડ્યું છે, તે **તારી ભૂલ છે,** કેમકે આ દેરાસર તો **મંત્રી તેજપાલે** બંધાવ્યું છે. એટલે અહીં **તેની માતાનો હાથ જોઈએ.** તું તો પૈસાથી કામ કરે છે. તારી માતાનો હાથ ન જોઈએ.

---

૧. વારાહીનગરીના ભંડારી યશોધવલ શ્રીમાલીને બાલકવિ જગદેવ નામે પુત્ર હતો. (જૂઓ. પ્રક૦ ૩૫, પૃ૦ ૪૭)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) મંદિર વિશાળ છે. તે હિસાબે પગથિયાં મોટાં જોઈએ, જ્યારે આનાં પગથિયાં "ટૂંકાં" બનાવ્યાં છે, તે ઠીક નથી.

(૩) થાંભલામાં "જિનપ્રતિમા" બેસાડી છે, તેમાં આશાતના થવાનો ભય છે.

(૪) ગભારાના દરવાજે તોરણમાં **વાઘ** બનાવ્યા છે, તેથી અહીં "વિશેષ પૂજાનો અભાવ" થશે.

(૫) પૂર્વજોની મૂર્તિઓ "પ્રભુની પાછળ" બેસાડી છે તેથી ભવિષ્યમાં સંતતિ તથા **ધન** ઘટશે.

(૬) છતમાં જૈન સાધુઓની મૂર્તિઓ બેસાડી છે, તેથી **બીજા-ધર્મવાળા** અહીં ઓછી પૂજા કરશે.

(૭) **ગહુલી** "કાળા રંગ"ની બનાવી છે, જે **અમંગળરૂપ** છે.

(૮) ભારવટિયા ૧૨ હાથ લાંબા છે. તે તૂટશે, ત્યારે મંદિરને નુકસાન થશે. અને કોઈ બીજો કોઈ અહીં એવા ભારવટિયા ગોઠવી શકશે નહીં.

(૯) રંગમંડપમાં "પૂતળીઓની જોડી" વિશાળ બનાવી છે. તેવી તે જૈનમંદિરમાં નિષિદ્ધ માની છે.

(૧૦) બહારના દરવાજે **કસોટીના થાંભલા** મૂક્યા છે. તે પણ ઠીક નથી. કેમકે મંદિર તૂટવાનો ભય રહેશે.

આ સિવાય પણ અહીં બીજી નાની-મોટી—"મોટો દરવાજો" શહેર બહાર છે, "ઘંટ મોટો છે," સિંહની આગળ "હરણો" છે, પહેલો રતિમંડપ છે વગેરે વગેરે અનેક (૧૩) ભૂલો છે.

(-પ્રક૦ ૩૭ પૃ૦ ૨૮૬)

મિસ્ત્રી સારો છે. મંદિર ઉત્તમ બન્યું છે. પણ ઉપર મુજબની નાની-મોટી ભૂલો છે, તે ઠીક નથી, **સૌ કોઈ ભૂલને પાત્ર છે.** પણ અહીં આમાં ગભારાનું વાઘનું તોરણ, પ્રભુની પાછળ પૂર્વજોનો હસ્તિમંડપ અને પૂતળીઓના જોડકાના મોટા ઘાટ આ ત્રણ એવી ભૂલો થઈ છે કે, જે હવે સુધારી શકાય તેમ નથી જ.

જાણકાર મિસ્ત્રીના હાથે આ દોષો બન્યા છે, તો "આમાં **ભાવિભાવની** પ્રબળતા સમજી સંતોષ માનવો પડશે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સભામાંથી સૌ કોઈ આ સાંભળી બોલ્યા કે, વાસ્તવમાં અહીં આ દોષો છે જ, પણ **ભાવિભાવ** એવો હશે. સૌએ મંત્રી યશોવીરનાં ગંભીર જ્ઞાનની પ્રશંસા કરી. કવિઓએ કહ્યું કે—

હે યશોવીર! બ્રહ્માએ તારું નામ ચંદ્ર પર લખવા ધાર્યું પરંતુ તારા નામના શરૂઆતના "બે અક્ષરો" જ ભુવનમાં સમાતા નથી.

प्रकाश्यते सदा साक्षाद् यशोवीरेण मन्त्रिणा ।
मुखे दन्तद्युता 'ब्राह्मी', करे श्री स्वर्णमुद्रया ॥

(—ઉપદેશસાર, કીર્તિકૌમુદી)

न माघः श्लाघ्यते कैश्चिद्, नाभिनन्दोऽभिनन्द्यते ।
निष्कलः कालिदासोऽपि यशोवीरस्य संनिधौ ॥

(—કવિ સોમેશ્વર કૃત કીર્તિકૌમુદિ, સર્ગ : ૧, શ્લો૦ ૨૬) —પ્રબંધ ચિંતામણિ, પ્ર૦ ૪, પ્રબંધાવળી : લૂણિગ-વસહિ-પ્રબંધ, પ્રબંધકોશ-પ્ર૦ ૨૪, ઉપદેશતરંગિણી : તરંગ બીજો)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૩. મંત્રી યશોવીર (ધાકડ-શ્રીમાલી)

(૩) **મંત્રી યશોવીર**—તે જાલોરના રાજા ઉદયસિંહ ચૌહાણનો મહામાત્ય હતો, અને દુઃસાધ્ય વંશના **મંત્રી ઉદયસિંહ શ્રીમાલીનો** પુત્ર હતો. જાલોરના રાજા ઉદયસિંહનો મંત્રી હતો.

(—પ્રક૦ ૪૫-નં૦ ૧ દુઃસાધ્યવંશ પૃ૦ ૩૮૧)

**મંત્રી દેવપાલ, ધનપાળ—**

જાલોરના રાજા ઉદયસિંહ (સં. ૧૨૬૨ થી ૧૩૦૬)નો મહામાત્ય **દેવપાળ** નામે હતો. સં૦ ૧૨૯૫ માં વાયડગચ્છના આ૦ જિનદત્તસૂરિએ તેના પુત્ર **ધનપાળ** માટે "વિવેકવિલાસ" રચ્યો.

(—પ્રક૦ ૪૩ પૃ૦ ૭૫૨)

**નરપતિ**—તે ધારાનગરીના **આમ્રદેવ** શ્રાવકનો પુત્ર હતો. તેણે સં૦ ૧૨૩૨ માં અણહિલપુર પાટણમાં "નરપતિજયચર્યા" નામે જ્યોતિષનો ગ્રંથ રચ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મંત્રી આંબડ, આલ્હાદન–**

તે ગલ્લકુળના મંત્રી વાધૂયનના વંશમાં સં૦ ૧૨૯૬ માં થયા હતા. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૫, પ્રક૦ ૪૧, પૃ૦ ૬૭૫)

**દંડનાયક આભૂ, જિનદાસ**

શેઠ **આભૂ** અને **જિનદાસ થરાદના** રહેવાસી **શ્રીમાળી** ભાઈઓ હતા. બંને મંત્રીઓ હતા. શેઠ આભૂને **'પશ્ચિમનો માંડલિક'** એવું "બિરુદ" આપવામાં આવેલું, તેથી તેની એ રીતે પ્રસિદ્ધિ હતી. તેણે સં૦ × × ×માં શત્રુંજય તીર્થનો છ'રી પાળતો **યાત્રાસંઘ** કાઢ્યો, જેમાં ૩૬ જૈનાચાર્યો, અને બીજા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓની મોટી સંખ્યા હતી. સાથે ૭૦૦ દેરાસરો, ૯૦ પાલખીઓ, ૪૦૦૦ ગાડાં, **૭ પાણીની પરબો, ૩૦ જલવાહી પાડા,** ૧૦૦ કંદોઈઓ, ૧૦૦ રસોઇયા, ૧૪ લુહારો અને એ હિસાબે જ માલી, તંબોલી, ઘોડા, બળદ, ઊંટ, દુકાનો વગેરેનો મોટો રસાલો સાથે હતો. મંત્રી આભૂએ આ સંઘમાં ૧૨ કરોડ સોનામહોર વાપરી.

તેણે ૩૬૦ જૈનોને પોતાની જેવા **માહર્ધિક જૈન** બનાવ્યા. તેણે ૩ કરોડ ટંકા ખરચીને **ગ્રંથભંડારો** સ્થાપિત કર્યા. સોનેરી શાહીથી **સર્વ જિનાગમો** તેમજ કાળી શાહીથી બીજા ગ્રંથો લખાવ્યા. દેરાસરો બંધાવ્યાં. તેણે એ રીતે ધર્મકાર્યમાં કરોડો રૂપિયાનું ધન વાપર્યું.

સં૦ આભૂ "સાધર્મિક ભક્તિમાં એક્કો" મનાતો હતો. એક વાર માંડવગઢનો **મંત્રી ઝાંઝણ** તેની સાધર્મિક ભક્તિની પરીક્ષા કરવા માટે ચૌદસના દિવસે જ ૩૨૦૦૦ યાત્રિકોને સાથે લઈ થરાદ આવ્યો. એ જ દિવસે આભૂને **પૌષધ–ઉપવાસ** હતો. તેના ભાઈ **જિનદાસે** ૩ કલાકમાં બધી તૈયારીઓ કરીને સૌને સોના-ચાંદીના થાળમાં જમાડ્યા, અને સૌને વસ્ત્રો ભેટ આપી શણગાર્યા.

**મંત્રી ઝાંઝણ** તો તેની આ વ્યવસ્થા જોઈ અચંબો પામી શરમાઈ ગયો. તેણે શેઠના પગમાં પડી, માફી માગી અને તેની **સાધર્મિક ભક્તિ** માટે ખૂબ પ્રશંસા કરી. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૯–ઝાંઝણ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ **આબૂ** બહાદુર **લડવૈયો** હતો. તે રણમેદાનમાં હજારોને પૂરો પડતો. પરંતુ "સામાયિકમાં" બેસે ત્યારે મન, વચન, કાયા ઉપર પૂરો કાબૂ રાખી, સાધુ જેવો સંયમી બની, એક નિષ્ઠાથી સમભાવમાં રહી શકતો.

(–પં. રત્નમંદિરની ઉપદેશ તરંગિણી, તરંગ : ૩; પટ્ટાવલી–સમુચ્ચય ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૩૨, ગ્રંથપ્રશસ્તિ, જૈન સત્યપ્રકાશ, ક૦ ૧૫, પૃ૦ ૧૦૮)

**(૧) દુઃસાધ્યવંશ** ( પહેલો )

૧. **મંત્રી ઉદયસિંહ**–તે **ધર્કટવંશનો શ્રીમાલી** હતો. જાલોરમાં રહેતો હતો. ષંડેરક ગચ્છના **આ૦ યશોભદ્રસૂરિની** પરંપરાના **આ૦ શાલિસૂરિનો** પરમ "ઉપાસક" હતો. જાલોરના રાજા સમરસિંહના પુત્ર **ઉદયસિંહ** (સં૦ ૧૨૬૨ થી ૧૩૦૬) ચૌહાણનો માનીતો મંત્રી હતો. તેને **ઉદયશ્રી** નામે પત્ની હતી, અને **યશોવીર** નામે પુત્ર હતો, તેણે શત્રુંજય તથા ગિરનાર વગેરે તીર્થોની યાત્રા કરી હતી. તે દાનવીર, શૂરવીર અને ધર્મવીર હતો. તે દુઃસાધ્ય કામને **સુસાધ્ય** બનાવતો હતો. એ રીતે અજોડ સાહસિક હતો. રાજા **ઉદયસિંહે** તેના આ ગુણોથી પ્રસન્ન થઈ તેને '**દુઃસાધ**'નું માનવંતુ "**બિરુદ**" આપ્યું હતું.

૨. **મંત્રી યશોવીર**–તે પણ રાજા ઉદયસિંહ ચૌહાણનો મંત્રી હતો. તેને **સુહાગદેવી** નામે પત્ની અને **કર્મસિંહ** નામે પુત્ર હતો. તેમાં લક્ષ્મી અને વિદ્યાનો સુમેળ હતો.

**પ્રતિષ્ઠા**–

તેણે સં૦ ૧૨૪૫ના વૈશાખ વદિ ૫ને ગુરુવારે આબૂ તીર્થમાં વિમલવસહિમાં પોતાના તથા "પોતાની માતા"ના કલ્યાણ માટે એક **દેરી** બનાવી, તેમાં ૨૪ જિનપ્રતિમાઓની **પ્રતિષ્ઠા** કરાવી સં૦ ૧૨૯૧માં લુણિગવસહિમાં પોતાના કલ્યાણ માટે ભ૦ નેમિનાથની, પોતાના "પિતાનાં" કલ્યાણ માટે ભ૦ સુમતિનાથની દેરીઓ બનાવી, પ્રતિમાઓ ભરાવી પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૨૮૮ના જેઠ સુદિ ૧૩ને

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

બુધવારે **માદડી ગામમાં** થંડેરક ગચ્છનું જિનચૈત્ય બનાવી, તેમાં થંડેરક ગચ્છના **આ૦ શાલિસૂરિના** હાથે "ભ૦ શાંતિનાથની પરિકરવાળી પ્રતિમા અને જિનયુગલ વગેરે" ભરાવી, પ્રતિષ્ઠા કરાવી.[1]

**મંત્રી યશોવીર** પોતાના પ્રતિમા લેખોમાં પોતાને 'કવીન્દ્રબંધુ' બતાવે છે, તો સંભવ છે કે, તેને "કવીંદ્ર" ભાઈ હોય અથવા મહામાત્ય વસ્તુપાલનો **ધર્મબંધુ** હોવાના કારણે એવું વિશેષણ વપરાતું હોય.

(—અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ, લેખાંક : ૧૫૦, ૧૫૧, ૩૫૯, ૩૯૧; જૈન સત્ય પ્રકાશ, ક્ર૦ ૨૨, પૃ૦ ૫૪૪)

**બુદ્ધિબલ—**

યશોવીરની યશસ્વિતાની એક યાદગાર ઘટના આ રીતે બની હતી.

એક **નાગડ** બ્રાહ્મણ ત્રણ દિવસનો ભૂખ્યો હતો. તેણે એવી પ્રતિજ્ઞા કરી કે, "મંત્રી યશોવીર મને આજે કરંબો ખવડાવે, તો જ તેને જીવતો છોડીશ, નહિતર તેને મારી નાખીશ." આવો દૃઢ સંકલ્પ કરી, તે યશોવીરની **ધારાગિરિ** નામની વાટિકામાં ગયો.

આ તરફ થંડેરકગચ્છના આ૦ **ઈશ્વરસૂરિએ** પોતાના જ્ઞાનથી આ પ્રતિજ્ઞા વિશે જાણીને મંત્રીને તે જ દિવસે બપોરે કરંબો લઈ તેજ વાડીએ મોકલ્યો. મંત્રીએ નાગડનું સ્વાગત કરી, તેને કરંબો જમાડ્યો. આ સ્વાગતથી નાગડ ઘણો જ પ્રસન્ન થયો. તેણે મનમાં ગાંઠ વાળી કે, "મારું નસીબ ખુલી જાય, તો હું અવસર આવતાં મંત્રીને આનો સારો બદલો આપીશ."

સમય જતાં **નાગડ** ભાગ્યયોગથી ગુજરાતમાં રાજા **વીસલદેવ** (સં૦ ૧૨૯૪થી ૧૩૧૮)નો શ્રીકરણ **મહામાત્ય** બન્યો. એક સમયે વીસલદેવે રાજા ઉદયસિંહને હુકમ કર્યો કે, "રાજનજરાણું ધરો" રાજા **ઉદયસિંહે** 'નાગડો ગાગડો' કહીને હુકમને ધૂતકારી કાઢ્યો. આથી **મંત્રી નાગડે** સૈન્ય સાથે જાલોર આવી, **સુંદર** સરો-

---

૧. એરણપુરાથી પશ્ચિમે ૨૦ માઈલ અને ગુડાબાલોતરાથી ૩ માઈલ પર **માદડી ગામ** છે. આજે અહીં ઉપાશ્રય કે મંદિર નથી, તેમજ કોઈ શ્રાવકનું ઘર પણ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વરના કાંઠે પડાવ નાખ્યો. તેણે તરત જ જાલોર પર હલ્લો કર્યો. તેણે **ટંકશાળ** વગેરે તોડી નાખ્યાં, અને તે છ મહિને દંડ લઈ ગુજરાત પાછો ગયો.

આમ હોવા છતાં રાજા ઉદયસિંહ નાગડ માટે 'નાગડો ઝાગડો' શબ્દનો જ ઉપયોગ કરતો હતો. એ વિશે તેના કાને વાત આવી, એટલે **મંત્રી નાગડ** મોટું સૈન્ય લઈ ફરીવાર જાલોર ઉપર ચડી આવ્યો. તેણે "વાઘરા" સ્થાને સૈન્યનો પડાવ નાખ્યો. રાજા ઉદયસિંહ તો આ મોટું લશ્કર જોઈ ગભરાઈ ગયો. તેણે મંત્રી યશોવીરને આજ્ઞા કરી કે "નાગને જે જોઈએ. તે આપ, ને પાછો રવાના કર. જીવતા રહીશું તો સારા વાનાં થશે.

મંત્રી યશોવીર બપોરના સમયે તેની છાવણી તરફ ચાલ્યો. ત્યારે ખીજડાના ઝાડ ઉપર ચડીને બેઠેલા **એક ચારણે** મંત્રી યશોવીરની મશ્કરી કરી. મંત્રીએ તે તરફ લક્ષ આપ્યું નહીં. તે તો સીધો મંત્રી નાગડ પાસે ગયો અને કહ્યું કે, "અમે લડવા તૈયાર છીએ માટે જલદી સામે આવો."

**મંત્રી નાગડ** મંત્રી યશોવીરનું બહાદુરીભર્યું "આમંત્રણ" સાંભળી, વિચારમાં પડ્યો. અને તેની હિંમત માટે આ કોણ છે? તે વિશે વિચાર કરવા લાગ્યો. મંત્રી યશોવીર તો ઉપર મુજબ કહીને પડાવથી ચાલ્યો જતો જ હતો. ત્યારે **નાગડે** પૂછતાછ કરતાં જાણ્યું કે, "આ તો તે જ મંત્રી યશોવીર છે, જેણે મારા ઉપર ઉપકાર કર્યો હતો." નાગડને તેના પ્રત્યે માન ઉપજ્યું અને તેણે યશોવીરને પાછો બોલવવા માણસો મોકલ્યા.

### માનવતા

મંત્રી નાગડે મંત્રી યશોવીરને જણાવ્યું કે, તું મને ઓળખે છે? જેને તેં અમુક દિવસે તારી ધારાગિરિ વાડીમાં કરંબો ખવડાવ્યો હતો, તે જ હું **નાગડ** આજે ગુજરાતનો મહામાત્ય છું. "તેં કરેલો ઉપકાર હું હજી ભૂલ્યો નથી. હું તારા માનમાં યુદ્ધ કરવાનું બંધ રાખું છું. તારા રાજાને કહેજે કે હવેથી તે જેમ તેમ બોલે નહીં. હું આજે જ ગુજરાત તરફ પ્રયાણ કરું છું."

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્રી નાગડે મંત્રી યશોવીરને આમ કહી બહુમાનમાં **વસ્ત્રો** પહેરાવી, સત્કાર કરીને રવાના કર્યો. પાછા ફરતાં ખીજડા ઉપર બેઠેલો તે **ચારણ** વાત સમજી ગયો. તેણે મંત્રી યશોવીરની પ્રશંસા કરી, ત્યારે યશોવીરે તેને તેજ વસ્ત્રોનું દાન કર્યું. રાજાએ મંત્રી યશોવીરને તેની આવી **યશસ્વિતા** માટે ખૂબ ગૌરવ અનુભવી આભૂષણો આપી સત્કાર કર્યો.

મંત્રી **યશોવીરે** જાલોરના સોનગઢની તળાટીમાં રહેલા **ચંદન-વસહિમાં** ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવી, **પ્રતિષ્ઠા** કરાવી. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં અનેક જૈનચાર્યો પધાર્યા હતા.

આ૦ **વાદિદેવસૂરિની** પરંપરના ૪૪ મા **આ૦ જયમંગલ-સૂરિ** તથા રાજગચ્છના અલંકારસમા વિદ્વાન ૧૪મા આ૦ **માણેક-ચંદ્રસૂરિ** વગેરેએ મંત્રી યશોવીરના પ્રશંસાત્મક શ્લોકો બનાવ્યા.

(પ્રક૦ ૪૫ પૃ૦ ૩૭ પ્રક૦ ૪૧ પૃ૦ ૫૯૧)

એકવાર રાજા ઉદયસિંહે સુંદરસરોવર પાસેના **સિરાણા** ગામમાં રાત રહેલા બાદશાહના **મલિક અઈબુકને** મારી નાખ્યો. આથી દિલ્હીનો બાદશાહ તેનો બદલો લેવા સં૦ ૧૩૧૦ના મહા સુદિ ૫ ના રોજ સોનગઢ આવ્યો. તે રાજા પાસેથી ૩૬ લાખ પારુત્થ (સીક્કા)નો **દંડ,** તેમજ બાન તરીકે મંત્રી યશોવીરના પુત્ર **કર્મસિંહને** લઈ ચાલ્યો ગયો.

બાદશાહે જાલોરનો નવો ગઢ બંધાવ્યો અને રાજાએ રાજમહેલમાં **કર્મસિંહને** "રામશયન" આપ્યું. (–આ૦ જિનભદ્રસૂરિની પ્રબંધાવલી)

*

## ૩. કર્મસિંહ

### (૨) દુઃસાઢ્યવંશ–(બીજો)

श्रीमालाचमौलिमूलमिलितत्रैलोक्यसुश्लाघित : ।
वंशोऽस्तिप्रकटः सदौषधिनिधिः श्रीधर्कटानां प्रभुः ॥

(–શ્રીપ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં. ૧૬, નં.૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ **ઓસવાલ** 'ભોપાલ' કહેવાય છે, અને **પોરવાલ** 'એકડમલ્લ' કહેવાય છે, તેમ સંભવ છે કે, **ધર્કટ શ્રીમાલી** "કટ્ટારવીર કે દુઃસાધ" કહેવાતા હોય? આ હકીકત પ્રબંધકોશની પ્રશસ્તિ ઉપરથી સમજાય છે.

૧. **બપ્પક**–તે કટ્ટારવીર દુઃસાધવંશનો હતો. તેને સંતાન થતાં તેણે યુવાનમાં જ **બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું**, તેથી તેનું જીવન **સાધુ** જેવું પવિત્ર લેખાતું હતું. આથી તે **સાધુબપ્પક** તરીકે વિખ્યાત હતો.

૨. **ગુણદેવ**–તેનો જન્મ સવાલક દેશમાં થયો હતો. રાજા–મહારાજાઓ પણ તેનું બહુમાન કરતા, તેણે બબ્બુલીપુરમાં ઘણાં **જૈન** દેરાસરો કરાવ્યાં.

૩. **નૂતક**

૪. **સાઢક**–તે સ્થિર બુદ્ધિવાળો હતો.

૫. **જગતસિંહ**–તે દોલતાબાદનો **કરોડપતિ** વેપારી હતો, ઉદાર પણ હતો. તે તપગચ્છના **ભટ્ટારક દેવસુંદરસૂરિનો** ભક્ત હતો, એક ગ્રંથપ્રશસ્તિમાં તો **સાધુ જગતસિંહને** ઓસવાલ તેમજ સાધુમુખ્ય બતાવ્યો છે. (–પ્રશ૦ ન ૯૬) એમ તેની ઓસવાલ કે શ્રીમાલી જ્ઞાતિ વિશે શંકા ઉદ્ભવે છે. તેને **શ્રીદેવી** નામે પત્ની, તથા **મહણસિંહ** અને સાધુ **પદમસિંહ** નામે પુત્રો હતા. તેના ઘર દેરાસરમાં રત્નની અદ્ભુત જિનપ્રતિમા હતી. તેણે ૩૬૦ જૈનોને મદદ કરી, વેપાર દ્વારા પોતાના જેવા જ **કરોડપતિ** બનાવ્યા. આ કરોડપતિ જૈનો તરફથી દર સાલ એકેક દિવસ મોટી–પૂજા, સાધર્મિકવાત્સલ્ય, અને **સંઘપૂજા** વગેરે નિરંતર ચાલુ રહેતાં. એકેક દિવસના સાધર્મિક વાત્સલ્યમાં ૭૨૦૦૦નો ખર્ચ થતો. આ સાધર્મિક વાત્સલ્યમાં તે સૌને વછિયાત, વાટ્ટ વખારિયા અને **પૂજ્ય યતિઓની** ભક્તિનો **મોટો લાભ** મળતો હતો.

**પ્રતિજ્ઞાપાલન**

એકવાર બાદશાહે શેઠ જગતસિંહને કેદમાં પૂર્યો, પણ તેને હમેશાં **સામાયિક** કરવાની પ્રતિજ્ઞા હતી. શેઠ જેલરને રૂા. ૫૦)ની



જૈન સાર્ઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

રકમ આપી રોજ સામાયિક કરતો હતો. આ રીતે તે પોતાના ધાર્મિકનિયમોનું અચૂક રીતે પાલન કરતો.

**સંઘભક્તિ**

તપાગચ્છના ૪૮મા આ૦ **સોમતિલકસૂરિ** (સં૦ ૧૩૭૩ થી ૧૪૨૪) વિહાર કરતા કરતા એકવાર **દોલતાબાદ** પધાર્યા. તે પોતાના પરિવાર સાથે શેઠ જગતસિંહનાં–ઘર–દેરાસરે દર્શન કરવા આવ્યા. શેઠે પણ ત્યાંના શ્રીસંઘને એકઠો કરી, સૌની સાથે ગુરુદેવને વંદન કર્યું. અને ૭૦૦ પેઠણી વસ્ત્રો ગુરુદેવની સામે ધરી ગુરુદેવને વહોરવા વિનંતિ કરી. **આચાર્યશ્રીએ** "ક્રીતદોષ"ના કારણે "નિઃસ્પૃહભાવે" એક મુહપત્તિ પણ લીધી નહીં. આથી શેઠે ગુરુદેવના આ ત્યાગથી આશ્ચર્ય પામી, સંઘને આ ૭૦૦ વસ્ત્રોની પહેરામણી કરી, અને સંઘને ૭૦૦ સોનામહોરનાં તાંબૂલ આપ્યાં, દિલ્હીનો ૨૦ મો **બા૦ મહમ્મદ** તુઘલખ પણ શેઠનું બહુમાન કરતો હતો.

૬. **મહણસિંહ**–તે છ દર્શનોનો પોષક હતો. ૪૯ મા ભ૦ દેવસુંદરસૂરિ અને ૫૦મા ભ૦ **સોમસુંદરસૂરિનો** ભક્ત શ્રાવક હતો. **જ્ઞાતિએ પોરવાડ** હતો, તેની સર્વત્ર **સત્યવાદી** તરીકેની ખ્યાતિ હતી. તે દેવગિરિને બદલે વિશેષતઃ દિલ્હીમાં જ રહેતો હતો.

તેણે એક દિવસ મોટી **સંઘાર્ચા** કરી, જેમાં છ દર્શનો તથા ૮૪ ગચ્છોના સર્વ સાધુ–સંન્યાસીઓને આમંત્રિત કર્યા હતા. તેણે મુકરર દિવસે ૮૪૦૦૦ ટકા ખરચી, સૌને પરિધાપનિકા વગેરે કર્યાં. તેણે આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવોને પધારવા વિનંતિ કરી હતી. પૂ૦ ગુરુદેવની આજ્ઞાથી પં૦ **દેવમંગલગણિ,** (પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૦) દિલ્હી પધાર્યા, પણ એ ઉત્સવના બીજે દિવસે પહોંચી શકયા. આથી **મહણસિંહે** તેમનો બીજે દિવસે "નગર પ્રવેશ મહોત્સવ" કર્યો અને સાથોસાથ "લઘુ સંઘપૂજા" પણ કરી. તેણે તેમાં ૫૬૦૦૦ ટકા ખરચ્યા હતા. (–આ૦ રત્નશેખરસૂરિ કૃત 'શ્રાદ્ધવિધિ કૌમુદી,' પ્રકાશ ૫, પૃ૦ ૨૦, ૨૧, વિ૦ સં૦ ૧૫૦૬)

એક દિવસે કોઈ માણસે દિલ્હીના ૨૧મા **બાદશાહ ફિરોજશાહ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તુઘલખના કાન ભંભેર્યા. કે, "મહણસિંહ પાસે રૂા. ૫,૦૦,૦૦૦)ની પૂંજી છે. તે બહુ ધનવાળો છે. તેને દંડીને ધન પડાવી લેવા જેવું છે." બાદશાહે મહણસિંહને બોલાવી પૂછ્યું કે, 'તારી પાસે કેટલું ધન છે?' મહણસિંહે જવાબ આપ્યો કે 'હું કાલે જવાબ આપીશ?

બીજે દિવસે તેણે કાગળ ઉપર હિસાબ માંડી, પોતાના ધનની ગણતરી કરી અને બાદશાહને કહ્યું કે, 'મારી પાસે ૮૪ લાખનું જૂનું નાણું છે.' બાદશાહ તેના આ પ્રકારના સાચા બોલાપણાથી ખુશ થયો. બાદશાહે સ્વયં ૧૬ લાખ નાણું રાજ્યની તિજોરીમાંથી આપીને, તેને કરોડપતિ બનાવ્યો. પોતાના રાજ્યમાં **કરોડપતિ વસે છે**, તેનું ગૌરવ લેતો બાદશાહ તેને ઘરે ગયો, અને તેની હવેલી ઉપર પોતાના હાથે કોટિધ્વજ ફરકતો કર્યો, બાદશાહે તેના પરિવારનું તેમજ પૂજ્ય મુનિવરોનું ભારે સન્માન કર્યું. (–પ્રક૦ ૪૪ પૃ૦ ૪૯ )

મહણસિંહે લોકોને પુષ્કળ દાન આપી, પોતાને મળેલી 'કોટિધ્વજ'ની પદવી સફળ બનાવી.

તેણે મલધારગચ્છના **આ૦ રત્નશેખરસૂરિને** દિલ્હીમાં પોતાની વસતિમાં પધરાવ્યા, અને આચાર્યશ્રીએ પણ સં૦ ૧૪૦૫ના જેઠ સુદિ ૭ના દિવસે તેની વિનંતિથી ત્યાં પ્રબંધકોશ (–ચતુર્વિંશતિપ્રબંધકોશ )નામક ગ્રંથની રચના કરી. (–પ્રબંધકોશપ્રશસ્તિ, ઉપદેશ તરંગિણી, તરંગઃ ૨, ઉપદેશસાર સટીક, ઉપ૦ ૯, ૧૦, ૫૯, ચાલુ જૈન ઇતિહાસ પ્રક૦ ૩૮, પૃ૦ ૩૩૭)

૭. **સાધુ પદ્મસિંહ**–તે સાધુ જગતસિંહનો મોટો પુત્ર હતો. મહણસિંહનો ભાઈ હતો, તે પણ મોટો દાની હતો. તેને **પુણ્યશ્રી** નામે પત્ની હતી, અને **રાજૂ** નામે પુત્રી હતી. સાધુ **પદ્મસિંહે** સાધુ નરપતિનો પુત્ર સાધુ ગોલા, તેના પુત્ર **આશાધર** સાથે **રાજૂને** પરણાવી હતી.

૮. **સંઘપતિ આશાધર, પત્ની રાજૂ**–તેઓએ તપગચ્છના ભ૦ **દેવસુંદરસૂરિ** (સં૦ ૧૪૨૦ થી ૧૪૯૫ )ના ઉપદેશથી શત્રુંજય મહાતીર્થમાં ૨૪ જિનાલયો, તથા ખંભાત, **સોજિત્રા**, **કાવીતીર્થ**,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટીંબા** ( ટીંબાણા ) હાથીદેણુનગર ( હાથસણી ), અણહિલપુર પાટણ અને **બાલાસરમાં** જિનાલયો કરાવ્યાં, તથા જંબૂદ્વીપપન્નત્તિની પ્રતિ લખાવી. (—જૈન પુ૦ પ્ર૦ સંગ્રહ પ્રશ૦ નં૦ ૯૬, જૈનઇતિ૦ પ્રક૦ ૪૫ પૃ૦ ૨૮૬, ૨૯૦, ક૦ ૬, પૃ૦ ૩૮૭, પ્રક૦ ૫૯, કાર્વાતીર્થ )

**શેઠ જેલ્હાનો વંશ**

૧. **સં૦ જેલ્હા**—તે **મંડોર(મંડોવર)નો** રહેવાસી **ઓસવાલ** જૈન હતો.

૨. **વેલ્હા.**

૩. **પારસ**—તે "સાધુપારસ" નામથી વિખ્યાત હતો. તેનું બીજું નામ પદ્મદેવ પણ મળે છે. તેને પદ્મા નામે પત્ની હતી, તથા ૧ સોહી, ૨ દેગા, ૩ **દેશલ,** અને ૪ કુલધર એમ ચાર પુત્રો હતા. નાના કુલધરને પદ્મશ્રી નામે પત્ની તથા પાંચ પુત્રો હતા. જેઓએ સં૦ ૧૩૭૮માં વિમલવસહિની જગતીમાં ભ૦ નેમિનાથની ધર્મઘોષગચ્છના ૧૬મા આ૦ જ્ઞાનચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. ( પ્રક૦ ૩૫ પૃ૦ ૪૨)

૪. **દેશલ**—તે આબૂ ઉપરના **ઉંબરણી** ગામમાં રહેતો હતો. તેને **દેમતી** નામની પત્નીથી (૧) **ગોશલ**[1] (૨) ગજપાલ અને (૩) **ભીમ.** તથા **માઈ** નામની પત્નીથી (૪) મોહન, અને (૫) સોહન એમ **પાંચ** પુત્રો હતા. સં૦ દેશલે શત્રુંજય, ગિરનાર, સાચોર, ખંભાત અને વગેરે સાત તીર્થોના મોટા **યાત્રાસંઘ** કાઢયા, તેણે કુલ ૧૪ સંઘો કાઢયા હતા. તેણે કેટલાંક તીર્થોમાં દેરાસરો બંધાવ્યાં હતાં.

સં૦ દેશલના મોટા પુત્ર **ગોશલને** ગુણદેવી પત્નીથી ધરણસિંહ અને રુદ્રપાલ નામે પુત્રો થયા. **ધરણસિંહને** ધાંધલ દેવીથી **વીજડ** ખીમો, સમરસિંહ, વિજપાલ, નરપાલ અને વીરધવલ એમ છ પુત્રો તથા નાગલદેવી નામે એક પુત્રી હતી. આ છ ભાઈઓ સં૦ ૧૩૭૮માં વિદ્યમાન હતા. એ સૌમાં વીજડ મોટો હતો. તે ભારે યશસ્વી હતો. તેને વીલ્હણદે અને ધાંધલદે નામે બે પત્નીઓ હતી.

---

૧. દેશલહરા ઓસવાલ વંશમાં સં૦ ગોસલ અને સં૦ દેશલ થયા છે તે આ દેશલથી જૂદા સમજવા. (—પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૦ )

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" श्रीदेशलः सुकृतपेशलवित्तकोटिः
चञ्चच्चतुर्दशजगज्जनितावदातः ।
शत्रुञ्जयप्रमुखविश्रुतसप्ततीर्थ-
यात्राश्चतुर्दश चकार महामहेन ॥ "

૫. **ભીમ**–તેને હાંસલદેવી નામે પત્ની હતી.

૬. **મહણસિંહ**–તેને મયણલ્લા પત્ની, તથા **લાલિગ**, સિંહ અને લાખો એ ત્રણ પુત્રો હતા.

૭. **લાલિગ**–લાલિગનું બીજું નામ લાલા અને લલ્લ પણ મળે છે. આ લાલિગ વગેરે ત્રણ, તથા ગોશલના પૌત્રો **વીજડ** વગેરે ૭ એમ નવ ભાઈઓએ મળીને સં૦ ૧૩૭૮ના જેઠ સુદિ ૯ ને સોમવારે વિમલવસહિનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો. ધર્મઘોષગચ્છના પરમ-શાન્ત આ૦ અમરપ્રભના શિષ્ય શુદ્ધ ક્રિયાકારક સિદ્ધાન્તવેદી અને સમર્થ ઉપદેશક ૧૬મા આ૦ **જ્ઞાનચંદ્ર** પાસે ભ૦ આદિનાથની પ્રતિષ્ઠા કરાવી. (પ્રક૦ ૩૫ પૃ૦ ૪૨, પ્રક ૩૮, પૃ૦ ૨૮૨)

૮. **નરપાલ**—તેણે સં૦ ૧૩૯૪માં આ૦ જ્ઞાનચંદ્રના હાથે ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરાવી.

(અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ, લે૦ ૧, ૬૨ વિગેરે લેખો, ઉપદેશસાર સટીક, ઉપ૦ ૫૨, પ્ર૦ ૩૫ પૃ૦ ૪૨)

**લોઢા વંશઃ—**

અમે પહેલાં (પ્ર૦ ૪૪ પૃ૦ ૫૩) **સાહસી ભૈરવ દાનજીનો** પરિચય આપ્યો છે. **ભૈરૂસિંહ લોઢા** ચૌહાણ ઓસવાલ અને તેના ભાઈ **રામસિંહ લોઢા** ચૌહાણનો વિશેષ પરિચય ભાટ કવિઓના દૂહામાં આ પ્રમાણે વિશેષ મળે છે.

**૧. બંદીવાન છોડાવનાર ભૈરૂસિંહ લોઢા**

અસુર સેન દલ **સંભરી** આઈ, બાંધી મુગલાં **બંદી** ચલાઈ
અહુ સમ પરજ (પ્રજા) કરે પુકાર, કીધા ચરિત કીસૌ કરતાર ॥ ૧ ॥
**જગડ, ભીમ, જગશી** નહીં, **સારંગ સહજા** તન,
વાહરે ચઢી ડાહાતણાં, મહિ ભૈરૂ મહિવંન ॥ ૨ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૃગનૈણી મંતી ઔદ કૈં, પરવસી 'પાલી' જાઈ,
કૈં 'લોઢા' તુમથી ઉબરે, કૈ ખુરસાણ વિકાઈ ॥ ૩ ॥

### છંદ

ખુરસાણ કાબુલ દિસહ ખંચહિ, એક ફુસન બરસયે,
અસવરે યો મુલતાન લીજૈ, કરબ ચેડી દખયે,
ખટહડે કોટ દુરંગ પાડી, ધરા આસપતિ ધાવયે,
પુનીવંત **સારંગ** પછે **ભૈરૂ**, "બહુત બંદી છુડાવયે" ॥ ૧ ॥

ભડ સુહડ તે ભૈ ભંતિ ભંગા, કૌન વાહર આવયં,
ફીરી રાજ કવરી વાટ હાલે, અમહ કોણ છુડાવયે,
અહી વાત અવિચલ દીયે 'લોઢા' સીખ સંચીગાં લાઇયં,
પુનીવંત **સારંગ** પછે **ભૈરૂ**, બહુત બંદી છુડાવયે ॥ ૨ ॥

બાભણી વીણાણી પવણી સારી દે, અસીસાં અતિ ઘણી,
"લખ બરસ" 'લોઢા' પાઘ કાયમ, કિત્તિ અહુખંડી તુમ તણી,"
સંચીયા સુકૃત નિવાણ નિશ્ચલ, ભાંણ સુજશ સુણાઇયં,
પુનીવંત **સારંગ** પછે **ભૈરૂ**, બહુત બંદી છુડાઇયં ॥ ૩ ॥

વીલવીલે બાલક, માય પાખૈ એક રણમેં રડવડે,
પીડી જે લોક પ્રભોમિ લીજે, ડરાયે દહુ દિસિ ડરે,
મેલીયા તે ઓસવાલ ઉદીવંત, સીખ કીપણાં લાઇયં,
પુનીવંત **સારંગ** પછે **ભૈરૂ**, બહુત બંદી છુડાઇયં ॥ ૪ ॥

### કવિત

છુડાઈ સબ બંદી અવની, અખીયાત ઉબારી,
**અલવરી ગઢી** સૌ કરે, ઉબર્યા, સિપતિ સહુ કરે તુહારી,
"તું સારંગ દુસરા" દુની સંકડે સધારી,
ભડ ભૂપતિ ડગીયા, અચલ અખિયાત ઉબારી
મતિહીણ મુગલ બખ (વૃક્ષ) બઢીયો, છાયાતર ઘર તો ઘરા,
ભૈરવા ? તરોવર તું પાખે, પછિતાવે પંખી ખરા, (૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તુજ બીણુ અસુર અનંત સંક નહિ કોઈ માને,
તુજ બીણુ પાત કુપાત, ભલા કો ભેવ ન જાને,
તુજ બીણુ બંદી બંદીજાત કાબીલ ન બહોડે,
તુજ બીણુ ચાડી કરે, ચાડકે નાક ન ફોડે,
ભણી **સીહુ** તુજ બીણી દાન ગૌ, કછુ ન બાત દીસે ભલી
ભેરવા ? આવ ઈક વાર તું, ઈતિ અનીતિ **અલવર** ચલી ! (૪)
પ્રથમ રમી **ચૌહાણુ** બંસ, જિસ હુવો હમીરા,
દુ જે ખીલચી (ખીચી) સાહી, જાસ માકુર બજીરા,
તી પીછે **પેરોજ** ચઢ બિમલુખાં દલ કુટચાં
બહુ રાણુ ભૂ ગઈ, **સાહી મહમુદ** અહુટચાં,
અવશાન અંતી આયો ન કો, પતિશાહ પરગટ કહું,
ભેરૂ નરિંદ્ર સાંભરી (સાંભર) ભણું તુવ જશ કરી કંકણુ બહુ (૫)

*

## ૨. ભેરૂસિંહના ભાઈ રામસિંહ લોદા (ચૌહાણુ)

નેક નીજરી કરૈ **સાહી આલમ**, રામ પ્યારી પતિ સાહા માલિમ
બહતરી પાલ **મેવાત** વસાવૈ, "રાજકુલી નિત સેવા આવૈ" (૧)

### છંદ

સેવૈ કછવાહા, જોધક, જાદો, ભારથ, જોગૈ ભીછ ભલા,
નિર્વાણુ, ચૌહાણુ, ચંદેલ, સોલંકી, દેલ્હ નિશાન જિકે દુજલા,
બડગુજર, ઠાકુર, છેછર, છીભર, ગૌડ, ગોહેલ, મહેલ મીલી,
દરબારી તુહારૈ **રામ** નરેસુર, "સેવૈ રાજ છત્રીસ કુલી" (૧)
જે તુંવાર, તાર, પંવાર, સોઢા, સાંખલા ખીચી, સોનગરા,
રાઠોડજી કે રાયજાદા રાવત, સ્વામી કાંમી સંગ્રામ ખડા,
જે રાવલ રાજા રાણુ, રાજવી, કોડી કલા મંડલિક મીલી,
દરબારી તુહારૈ **રામ નરેસુર** "સેવૈ રાજ છત્રીસ કુલી" (૨)
ભુમીયા, ભૂપતિક રાય મહાભડ, તે દીસે દરબારી ખડા,
જે બંભણુ ભટ દિવાણુ દરસણુ, જગાતિ હુજિદાર બડા,
જે મંગણુ ગીત કરૈ કબી, માંહી **'મહાજન'** મેલ મીલી,
દરબારી તુહારૈ **રામ** નરેસુર, "સેવૈ રાજ છત્રીસ કુલી" (૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે મીર, મીયાં, સીકદારત, ખોજા, ખાન, મુમ્મીક, તુરૂક, તુચા,
ખાંજાંદા, મલિક જુમેર, મુકદમ, જવાંન, પઠાણ, મુગલ બચા,
જે જામ, લંગા, બલોચ, હબસી ખેડ, ખત્રી, જનુ મેલમીલી
દરબારી તુહારે **રામ** નરેસુર, "સેવૈ રાજ છત્રીશ કુલી" (૪)

(વિ૦ સં૦ ૨૦૦૪માં શ્રેમસિંહ મો૦ રાઠોડે કરેલ "ઓસવાલ કોમનો ઇતિહાસ" પૃ૦ ૨૦૮ થી ૨૧-૧ ભાટ કવિઓના પ્રાચીન પ્રસિદ્ધ દુહા અને કવિત્ત)

**નોંધ:**—આ કવિત્તમાં આવેલા જગડુ વિગેરેનો પરિચય પહેલાં આવી ગયો છે. તે આ પ્રમાણે—

૧. **જગડુ** (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૭૭)
૨. **ભીમ** (પ્રક૦ ૪૫, પૃ૦ ........)
૩. **જગશી** (જગતૂસિંહ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૮૫)
૪. સહજાનો પુત્ર **સમરા-સારંગ** ઓસવાલ.
(—પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૨, ૧૯૦)

ઉલ્લેખો મળે છે કે—આબૂ સોનગરા શ્રીમાળીના વંશના સહણપાલ, તથા મંત્રી ઝાંઝણના પુત્રો, તેમજ સોની સાંગણ ઓસવાલ વંશના સોની ધનદેવ તથા સોની કવીન્દ્ર સંગ્રામસિંહ, ખંભાતના સોની વાજિયા-રાજિયા અને સં૦ ગુણરાજ વગેરેએ પણ ઘણાને મુસલમાનોના ત્રાસમાંથી બચાવી, કેદી અને બાન છોડાવ્યા હતા.

(—પ્રક૦ ૪૫ પૃ૦ ૩૨૩, ૩૨૪, ૩૩૩, ૩૩૬, ૩૪૯, ૩૬૯)

**લોઢા વંશાવલી:**—

૧. શેઠ **શ્રીશૃંગ**—તે **લોઢા ગોત્રનો ઓસવાલ જૈન** હતો. ગુણવાન, રૂપાળો, તત્ત્વનો જાણકાર અને **વ્રતધારી** જૈન હતો.

૨. **ધનરાજ**—તે બાર વ્રતધારી હતો.

૩. **વેશરાજ**—તે શીલવ્રતવાળો હતો. તેને (૧) જેઠમલ અને (૨) **શ્રીરંગ** એમ બે પુત્રો હતા. મોટા શેઠ જેઠમલને ૧ **જીણાશાહ** અને ૨ મલ્લ નામે પુત્રો હતા.

૪. **શ્રીરંગ**—તે જિનભક્ત હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. **રાજપાલ**–તેને **રાજશ્રી** નામે પત્ની હતી. તથા ૧ **ઋષભદાસ** અને ૨ **પ્રેમન** નામે પુત્રો હતા. રાજપાલ ઉદાર હતો. તેના બંને પુત્રો તત્ત્વના જાણકાર હતા.

૬. **ઋષભદાસ**–તેનું બીજું નામ **રેષા** પણ મળે છે. તે રાજમાન્ય, દયાળુ, અને ધર્મપ્રેમી હતો. તેને **રેખશ્રી** નામે સુશીલ પત્ની હતી. તથા ૧ **કુંરપાલ** અને ૨ **સોનપાલ** એમ બે પુત્રો હતા. તેણે આગરાના દેરાસરમાં ભ૦ પદ્મપ્રભસ્વામીની નવી પ્રતિમાની **પ્રતિષ્ઠા** કરી. સં૦ ૧૬૧૮માં અંચલગચ્છના (૫૭ મા) **આ૦ ધર્મમૂર્તિસૂરિના** ઉપદેશથી "સમેતશિખરતીર્થનો છ'રી પાળતો યાત્રા-સંઘ" કાઢયો. "**પાવાપુરી** તીર્થનો નાનો સંઘ કાઢયો." અને (૫૮ મા) ભ૦ **કલ્યાણસાગરસૂરિની** કલ્યાણકારી દેશના સાંભળી "ચોથું વ્રત" ઉચ્ચર્યું, **ઋષભદાસે** સં૦ ૧૫૫૬ના માહ સુદિ ૫ને ગુરુવારે પોતાનું જ્ઞાનદ્રવ્ય વાપરી આગરામાં **ગ્રંથભંડાર** બનાવ્યો.

૭. **સં૦ કુંરપાલ, સોનપાલ**—તે બંને ભાઈઓ રૂપાળા, અને ધર્મપ્રેમી હતા. સમ્રાટ્ **જહાંગીરના** મંત્રીઓ હતા. તેઓએ આ૦ **ધર્મમૂર્તિના** ઉપદેશથી સં૦ ૧૬૧૮ માં "સમેતશિખર તીર્થનો છ'રી પાળતો **યાત્રાસંઘ** કાઢયો. શિખરજીમાં જિનાલયોનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો. સં૦ ૧૬૨૮માં આગરામાં **પોષાળ** બંધાવી. સં૦ ૧૬૨૮ માં મોટાં બે જિનાલયોનો પાયો નાખ્યો. પણ ત્યાં "નદીના પ્રવાહ"નો ભય હોવાથી, તેઓએ આગરાની હાથીશાળની ભૂમિમાં સં૦ ૧૬૬૫ના માહ સુદિ ૩ ને દિવસે ફરીથી તે મંદિરોનો પાયો નાખ્યો. તે તૈયાર થતાં સં૦ ૧૬૭૧ ના વૈશાખ સુદિ ૩ ના રોજ તે બે જિનપ્રાસાદોમાં ભ૦ **શ્રેયાંસનાથ** તથા ભ૦ **મહાવીરસ્વામી** વગેરે ૪૫૦ જિનપ્રતિમાઓની **ભ૦ કલ્યાણસાગરસૂરિના** વાસક્ષેપથી અંજનશલાકા કરાવી, **પ્રતિષ્ઠા** કરાવી.

સં૦ ૧૬૬૫ માં **મોટો ઉપાશ્રય** બનાવ્યો. ઉક્ત પ્રતિમાના ગાદી લેખોમાં બાદશાહ **જહાંગીરનું** નામ ઉત્કીર્ણ છે, પણ કોઈ ચાડીયાએ બાદશાહને ઊલટું સમજાવી, ક્રોધિત બનાવ્યો. **બાદશાહ**



જૈન શાસન JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**જહાંગીરે** ત્યાં આવીને પ્રતિમાઓ જોઈ, અને "ભ૦ પાર્શ્વનાથની ફણા ઉપર" પોતાના નામના લેખો જોઈ તે શાંત પડ્યો, તેમજ જિન-પ્રતિમાઓની ભવ્ય મુદ્રા જોઈ પ્રસન્ન થયો, અને ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાના આશીર્વાદ સાંભળીને ચમકિત થયો, તે આચાર્યને નમસ્કાર કરીને પાછો વળ્યો.

(–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૩, ૫૩૫, પ્રક૦ ૪૪ પૃ૦ ૯૦)

શેઠ કુંરપાળ–સોનપાલે શત્રુંજયતીર્થનો **યાત્રાસંઘ** કાઢ્યો હતો. હાથી, ઘોડા વગેરેનું દાન આપ્યું હતું.

મંત્રી કુંરપાલને **અમૃતદેવી** નામે પત્ની હતી, તથા ૧ સંઘરાજ, (પત્ની–સંઘશ્રી), ૨ દુર્ગરાજ (પત્ની–દુર્ગશ્રી) અને ૩ ધનપાલ એમ ત્રણ પુત્રો તથા બે પુત્રીઓ હતી.

મંત્રી સોનપાલને **કાશ્મીરાદેવી** નામે પત્ની હતી. તથા ૧ **રૂપચંદ,** ૨ ચતુર્ભૂજ અને ૩ તુલસીદાસ (પત્ની–તુલસીદેવી) એમ ત્રણ પુત્રો હતા. તેમજ બે પુત્રીઓ હતી. તે પૈકીની **જાદા** નામની પુત્રી હતી તે રૂપાળી અને સ્વભાવે ગંભીર હતી. તેને **જેઠમલ નામે** પુત્ર હતો.[1]

जैनम् जयति शासनम् JAINSITE.com

**૮. સંઘરાજ**—તેને સંઘશ્રી નામે પત્ની હતી. અને ચાર પુત્રો હતા.

---

૧. સં૦ રૂપચંદ્ર અને તેની ત્રણ પત્નીઓનો પાળિયામાં કીંમતી **ઇતિહાસ** કોતરેલો છે. અમદાવાદમાં દૂધેશ્વરની ટાંકી પાસેના એક ખેતરમાં છેક નદી કિનારે **કૂવો** છે તેના થાળામાં એક આરસનો જોડેલો **પાળિયો** છે તે પાળિયામાં એક ઘોડેસવાર પાસે ત્રણ સ્ત્રીઓ છે. ઉપર ખૂણામાં સૂર્યચંદ્રની આકૃતિઓ છે, તેમાં આ પ્રકારે લેખ છે—

**संवत्** १६७२ वर्षे वइशाख सुदि ३ गरेउ सं० सोनपाल पुत्र सं० रूपचंद भारजा रूपश्री, कामा, केशर, जणी त्रणे सा (सह) गमन कीधो । श्रीपातसाह सलेम विजयराज्ये श्री जहांगीर दली थी अहिमदाबादनगरे साभ्रमतितीरे सर्म भवति, ओसवाल ज्ञातीय वृद्धशाखायां लोढागोत्रे रषभदास तत्पुत्र सं० कुअरपाल सोनपाल ।

(–ગુજરાતનું પાટનગર અમદાવાદ, પ્રક૦ ૪૬ પૃ૦ ૬૬૮)

૯. **સૂરદાસ**—તે સં૦ ૧૬૭૧ માં વિદ્યમાન હતો.

આજે આગરામાં લોઢા કુટુંબના ઘણા જૈનો છે. (–પ્રક૦ ૫૭)

આગરામાં ભ૦ શ્રેયાંસનાથના જિનપ્રાસાદનો પ્રશસ્તિ લેખ શ્લો૦ ૩૯ માં પડિમાત્રા લીપીમાં હતો.

## શેઠ મદન શ્રીમાલીનો વંશ

૧. **શેઠ મદન**—તે અણહિલપુર પાટણમાં રહેતો હતો, તે **શ્રીમાળી** વંશનો હતો. સ્વભાવે આનંદી હતો. તેનું **સાધુ** બિરુદ પ્રખ્યાત હતું.

૨. **સાધુ દેવરાજ**—તેનું બીજું નામ દેવસિંહ પણ હતું. તે લોકપ્રિય હતો. તેની ભારે ખ્યાતિ હતી. તે ધનવાન અને **રાજમાન્ય** હતો. તેને જૈનાગમો પ્રત્યે ખૂબ ભક્તિ હતી. તેને પુત્ર–પૌત્ર વગેરેનો **પરિવાર** મોટો હતો. તેને "સાધુ" બિરુદ હતું.

સાધુ દેવરાજે સં૦ ૧૫૩૮માં તપાગચ્છના ૫૩ મા **ભ૦ લક્ષ્મીસાગરસૂરિ** અને **આ૦ સોમજયસૂરિ** ગુરુના ઉપદેશથી **ગ્રંથભંડાર સ્થાપન** કર્યો, **પં૦ જયમંદિરગણિવર** જ્ઞાનભંડારો વિશે ઊંડા અભ્યાસી હતા. સ્વભાવે ધીર, પરોપકારી હતા. તેમણે આ ગ્રંથભંડારની સુંદર વ્યવસ્થા કરી.

સં૦ ૧૫૨૭ ના આસો સુદિ ૭ ને રવિવારે અંગવિજ્જાગ્રંથ લખ્યો.

'મહાનિશીહસૂત્ત–પ્રશસ્તિ'માં ઉપર મુજબ હકીકત છે.

(–શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્રક૦ ૧૩૨, ૧૭૩,
ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૨, ક૦ ૧૫મી)

૩. **સરવણ**—તે દેવ, ગુરુ, સંઘ તથા શાસ્ત્રોનો ભક્ત હતો. સ્વભાવે ધીર હતો. તેને ટીલૂ નામે પત્ની હતી, જે લક્ષ્મી જેવી હતી, વાસ્તવમાં સ્ત્રીરત્ન હતી તેને ૧. સદારંગ, ૨હેમરંગ એમ બે પુત્રો હતા.

૪. **શેઠ સદારંગ, શેઠ હેમરંગ**—શેઠ સદારંગ અમદાવાદના ત્રીજા બા. મહમ્મદશાહ (સને ૧૪૪૩ થી ૧૪૫૧) નો માનીતો હતો. મોટો દાની હતો. તેણે શત્રુંજય તીર્થ અને ગિરનાર તીર્થની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાત્રાઓ કરી, ગિરનાર તીર્થમાં ભ૦ નેમિનાથનાં ત્રણ કલ્યાણકોના સ્થાને "વિશાળભદ્ર નામે જિનપ્રાસાદ" બનાવ્યો. તેણે સં. ૧૫૦૮ માં દુકાળ હોવાથી અનાજનો કણ પણ મળતો ન હતો, ત્યારે દાનશાળાઓ સ્થાપન કરી સૌને બચાવી લીધા, અને તેથી તે '**કૃપા-સાગર**' કહેવાતો, બાદશાહ મહમ્મદે મોટો ઉત્સવ કરી તેને '**વચ્છેરક**'નું બિરુદ આપ્યું. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૦૯)

શેઠ **હેમરંગ** તેનો નાનો ભાઈ હતો. તે પોતાના પરિવાર સાથે અમદાવાદ આવીને વસ્યો. તેની પત્નીનું નામ દેવશ્રી હતું, જે ચંદ્ર-મુખી અને લજ્જાળુ હતી. અને દેવશ્રીની જેમ શ્રીના કારણરૂપ હતી. શેઠ હેમરંગ પુણ્યશાળી હતો, તે દેવગુરુની ભક્તિમાં સદા પ્રયત્નશીલ રહેતો.

**૫. અમરદત્ત**–તે મોટો દાની હતો. તે '**જગત્ જીવજીવાક**' તરીકે પ્રસિદ્ધ હતો. તેને રમાઈ નામે પત્ની હતી. સં. ૧૫૩૯.

(–મહાનિશીથ સૂત્ર–પ્રશસ્તિ)

## ઠ. ફેરુ (ફેર)

અલ્લાઉદ્દીન બાદશાહે (સને ૧૨૯૮ થી ૧૩૩૭) ભારતમાં હિંદુ તીર્થો, જૈન તીર્થો, મંદિરો તથા પ્રતિમાઓનો વિનાશ કર્યો કરાવ્યો હતો, એ સમયના જૈનાચાર્યો પોતાના માનપાનમાં નહીં રાચતાં જૈન શાસનને પૂરા **વફાદાર** હતા, બધી રીતે સાવધાન પણ રહેતા. તેઓએ તકેદારી રાખી, **સર્વતો મુખી** પ્રયત્નો કરી, તરતમાં તીર્થો અને જિનપ્રાસાદોનો જીર્ણોદ્ધાર કરાવ્યો, નવાં મંદિરો અને નવી સેંકડો જિનપ્રતિમાઓ ભરાવી, થયેલી ખોટને પૂરી કરી દીધી. જૈન વિદ્વાનોએ પણ અગમચેતી વાપરી, "જિનપ્રતિમાઓ અને જિનપ્રાસાદો જલદી કરાવી શકાય," એ માટે તે વિષયના સાધારણ નિયમોવાળા ગ્રંથો પણ બનાવ્યા, આવા વિદ્વાનોમાં **ઠ. ફેરુ, કવિ મંડન, મંત્રી સંગ્રામ સોની** (ભંડારી) વગેરે નામો નોંધપાત્ર છે. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૩૫)

તે પૈકી ઠ. ફેરુનો પરિચય આ પ્રકારે છે.—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિલ્હી પ્રદેશના કલ્યાણપુરમાં (મેરઠ જિલ્લાના કરનાવલ ગામમાં) ધંધકુળમાં ઠ. **ચંદ** નામે પ્રસિદ્ધ કાલજ્ઞ (વિદ્વાન્) હતો.[1] તેને ફેરુ નામે વિદ્વાન પુત્ર હતો. તેનું પુરું નામ ઠ. ફેરુ પણ મળે છે.

સાધારણ રીતે હુંબડ, પલ્લીવાલ, મોઢ, ડીસાવાલ, ગુર્જર, સોરઠિયા, વગેરે જ્ઞાતિઓના જૈનો માટે શિલાલેખો અને પ્રતિમા લેખોમાં 'ઠ.' શબ્દનો પ્રયોગ કરેલો મળે છે. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૧૦) જૈન ભોજકો માટે 'ઠાકોર' શબ્દ વપરાય છે, જેમકે મહાકવિ ઠ. દેપાલ વગેરે. (પ્રક. ૩૫ પૃ. ૨૦૦)[2]

એ જ રીતે ઠ. ફેરુ પણ મોઢ વગેરે જ્ઞાતિનો વણિક, અગ્રવાલ કે ભોજક જૈન હોય એમ જણાય છે. તે **શ્વે. જૈન** હતો. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ વગેરે ભાષાઓ તથા વિવિધ વિજ્ઞાનનો મોટો વિદ્વાન હતોઃ તે પ્રતિષ્ઠિત ગ્રંથકાર હતો. તેના નીચે મુજબના પ્રાકૃત ભાષાના ગ્રંથો બનાવેલા મળે છે—

૧. **વત્થુસાર**—ઠ. ફેરુએ સં. ૧૩૭૨માં કરનાવલપુરમાં વત્થુસાર ગા. ૨૮૨ આ નામનો ગ્રંથ રચ્યો. તેમાં ૧ ગૃહપ્રકરણ ગા. ૧૫૮નું, ૨ બિંબપરીક્ષા પ્રકરણ ગા. ૫૪નું, અને ૩–પ્રાસાદ (જિનપ્રાસાદ) પ્રકરણ ગા. ૭૦નું એમ ત્રણ પ્રકરણ આપ્યાં છે.

બીજા પ્રકરણની ૨૩ મી ગાથામાં બેઠેલી જિન–પ્રતિમાની રચનામાં જિન પ્રતિમાની **અંચલિકા** (લંગોટ) નું પ્રમાણ આપ્યું છે. ત્રીજા પ્રકરણની ગાથા ૫૬ થી ૫૮ માં ૨૪ દેરીવાળો જિન-પ્રાસાદ, ગા. ૫૯ માં ૫૨–દેરીવાળો જિનપ્રાસાદ, તથા ગા. ૬૦માં ૭૨–દેરીવાળા જિનપ્રાસાદની **માંડણી** બતાવી છે.

---

૧ વીરમપુર એટલે નાકોડાતીર્થમાં **ઠ. ધંધ** નામે ધનાઢ્ય બુદ્ધિવાળો અને સર્વમાન્ય જૈન હતો. તેને **રાસલદેવી** નામે ઉદાર પત્ની હતી.

(અરવિંદ BA કૃતપલ્લીવાલ જૈન ઇતિહાસ પૃ. ૭૧, ૭૨.)

**નોંધ** આ ઠ. ધંધ અને રાસલદેવીના વંશજોનું ધંધ કુલ ચાલ્યું છે.

૨ ઓસવાલ જૈનોમાં વિવિધ ગોત્રો હતાં તે પૈકીના મુણોત કુહાડા વગેરેનો પરિચય પ્ર. ૬૦ માં આવશે ઓસવાલોમાં ધંધ કુળ હોવાનો ઉલ્લેખ મળતો નથી.

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

આથી સ્પષ્ટ થાય છે કે, ઠ. ફેરુ શ્વે. જૈન હતો.

૨. **રયણપરિક્ખા**—ઠ. ફેરુએ સં. ૧૩૭૨ માં અલ્લાઉદ્દીન ખિલજીના રાજ્યમાં દિલ્હીમાં રત્નપરીક્ષા ગા. ૧૨૭ નો ગ્રંથ રચ્યો. તેમાં અનુક્રમે રત્નોનાં નામ ચવચવ, તોલ, માપ, મૂલ્ય રત્નનાં સ્થાનો, હીરો, પદ્મરાગ, મરકત, મોતી, ઇંદ્રનીલમણિ, વિદ્રુમ (પરવાળાં), વૈડુર્ય, કર્કેતગ, ગોમેધ, સ્ફટિક, પુષ્પરાગ, ઉત્પત્તિ સ્થાનો, પિત્તલ, તાંબૂ, સીસુ, લોહસાર, કથીર, કાંસુ, પારદ, હીંગળો, સિંદૂર, **દક્ષિણાવર્ત શંખ** રુદ્રાક્ષ, **સ્થાપનાચાર્ય**, **શાલિગ્રામ**, કપૂર, અગુરુ, ચંદન, કસ્તૂરી, કેસર, દશાંગ ધૂપ, **વાસક્ષેપ**, સિંધાલૂણ, સંચળ, **હીંગ** અને ખાપરીઓ વગેરેનું વિગતવાર વર્ણન આપ્યું છે.

૩. **ગણિતસાર**—જેમાં તેણે એ સમયના વિવિધ નાણાં સિક્કા તોલ માપ વગેરેનું વિસ્તારથી વર્ણન આપ્યું છે.

(—જૈ૦ સ૦ પ્ર૦ વ૦ ૨૧. ક્ર૦ ૨૪૩ થી ૨૪૫,
મંત્રી મંડન માટે જૂઓ : પ્રક૦ ૪૫, પૃ૦ ૫૫;
—મંત્રી સંગ્રામ માટે જૂઓ : પ્રક૦ ૪૫,)

૪. તેણે મુહૂર્ત વિષયક એક જ્યોતિષ ગ્રંથ પણ બનાવ્યો હતો.

**નોંધ : સાક્ષર શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતાએ** જણાવ્યું છે કે, **અલ્લાઉદ્દીન ખિલજીના** સરદારોએ ગુજરાતના હિંદુરાજ્યને પાયમાલ કીધું, ત્યારપછી અંધાધૂંધીમાં નાસભાગ કરતાં **બ્રાહ્મણોએ** "શારદાસેવન ત્યજી દીધું" પણ મંદિરો, પ્રતિમા આદિની આશાતના થવા છતાં, **જૈન સાધુઓ** પોતાના અભ્યાસમાં આસક્ત હતા, અને **શારદાદેવીને** અપૂજ ન થવા દીધી. આવા ધર્મપરાયણ અને વિદ્વાન સાધુઓની પાટે "અમદાવાદની સલ્તનત તૂટી," ત્યારે, **શ્રી હીરવિજયસૂરિ** નામે સાધુ થયા હતા. આગ્રે જઈ ઇબાદતખાનામાં **અકબર બાદશાહ** અને અન્ય ધર્મીઓને તેમણે "જૈનધર્મનો મહિમા" બતાવ્યો, આ ઇતિહાસ શું કહે છે? "અગ્રગણ્ય નાગરિક જૈનોનો સૂર્ય ગુજરાતના હિંદુસામ્રાજ્ય દરમ્યાન મધ્યાહ્નમાં હતો, અને શ્રી હેમચંદ્રસૂરિની માફક અમાસને દિવસે પ્રકાશોજ્જ્વલ પૂર્ણિમા આણવા સમર્થ હતો." તેઓ (જૈનો) મહિનાઓ સુધી દરિઆ ખેડી, લાંબી સફરો કરી, દેશ–દેશાવરની લક્ષ્મી લાવી, ગુજરાતમાં ઢોળતા, પોતાનાં વીરત્વ અને વફાદારીથી રાજા પ્રજા ઉભયને સંકટ અને સૌભાગ્યના સમયમાં મદદ કરતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અણહિલપુરની ગાદીનું ગૌરવ જાળવતાં–વધારતાં બીજા દેવોનાં મંદિરો ખંડિયેર થઈ જતાં હતાં," છતાં **સરસ્વતી દેવીનાં મંદિરો,** જૈન સાધુઓના ભીષ્મ પરિશ્રમને લીધે ઘંટનાદથી ગાજી રહ્યાં હતાં," **દેલવાડા** (આબૂ) પરનાં વિમળશાહનાં દહેરાં જેવાં અનેક સૌંદર્યથી "ગુજરાત વિભૂષિત" થયું હતું.

રાજ્યની ઊથલપાથલો, અંધાધૂંધી અને બિનસલામતી વારંવાર નડતી, છતાં પોતાના ઉત્કૃષ્ટ **વૈશ્ય ગુણોને** લીધે "ગુજરાત વેપાર" પડી ભાગવા ન દીધો **અને પર્યંત**–વેપાર ખેડવાની **લાયકાત** અને શાંતિ સતેજ રાખ્યાં.

(–"જૈનધર્મપ્રકાશ, જ્યુબિલી **અંક,**" શ્રી જૈન ગૂર્જર સાહિત્યરત્ન ભા૦ ૧, શ્રી ભાઈચંદ નગીનદાસ ઝવેરીનુ **સંપાદકીય નિવેદન :** પ૦ ૨૩, ૨૪)

સાક્ષર શ્રી **રણજિતરાવ** વાવાભાઈએ "જૈનોએ કરેલી સાહિત્ય રક્ષાના વિચારો ઉપર આપ્યા છે.

જૈનાચાર્યોએ ઘણુ કષ્ટ સહી તીર્થરક્ષા તથા સાહિત્યરક્ષા કરી છે. બીજા ધર્મવાલા તેમ કરી શક્યા નહીં. આથી જ તેઓના પ્રાચિન તીર્થો તેમજ ગ્રંથોની જોઈએ તેવી રક્ષા થઈ નહીં, માટે જ હવે આ વસ્તુ રાષ્ટ્રિયકરણની રીતિ "એ રાજ્યને દેવામાં મોટું જોખમ સમાએલું છે. કેમકે રાજ્ય પલટામાં રાષ્ટ્રિય ધનનો વિનાશ જ થાય છે. આથી કે આવા ગંભીર હેતુથી શેઠ કસ્તૂરભાઈ લાલભાઈએ જૈનતીર્થોને પોતાના કબજામાં લેવા ઇચ્છતી લોકશાહી સરકારને જૈનતીર્થો સોંપવાની ના કહી હતી.

વડોદરા રાજ્યનું ગ્રંથ સાહિત્ય રાષ્ટ્રધન બનવાથી જ ગુજરાતના હાથમાંથી ગયું તે ગયું, જૈન ગ્રંથ ભંડારો તેમજ જૈન સાહિત્યની આવી શોચનીય દશા ન બને માટે જ જૈન સંઘે જૈનતીર્થો તથા જૈનસાહિત્યને રાષ્ટ્રધન બનાવવા સાહસ ખેડવું ન જોઈએ.

**નોંધ :** ઉત્તમ માર્ગ એજ છે કે–જૈનધર્મની સંસ્થાઓ. તીર્થો, મંદિરો, ઉપાશ્રયો. ધર્મશાળા અને ગ્રંથભંડારોનું **સંઘીકરણ** કરી, તેની વ્યવસ્થા કરવી જોઈએ.

## ભવિષ્યવાણી—

ઈતિહાસનાં ઉપર દર્શાવેલાં ૪૫ પ્રકરણોનાં પરિશીલનથી નક્કી થાય છે કે, શ્વેતાંબર જૈનોમાં ભ. પાર્શ્વનાથના સંતાનીઓનો **કુવલાગચ્છ,** ભ. મહાવીરસ્વામીની શિષ્ય પરંપરાનો **તપાગચ્છ** અને આજીવક દિગંબર જૈનોમાં **મૂળસંઘ** એ પરંપરાથી ઊતરી આવેલી **પ્રધાન જૈન શ્રમણશાખાઓ છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ મહાવીર સ્વામીની શ્રમણ પરંપરાના સંયોગવશ ક્રમશઃ નિર્ગ્રંથ, કોટિક, ચંદ્ર, વનવાસી, વડગચ્છ અને તપગચ્છ વગેરે નામો પડ્યાં હતાં.

તપગચ્છ એ વાસ્તવમાં ભ. મહાવીરસ્વામીની શિષ્ય પરંપરાનો ગચ્છ છે, જે તપસ્યાના કારણે **તપાગચ્છ** તરીકે વિખ્યાત થયો હતો.

તપગચ્છનો ભાવિ અભ્યુદય સૂચવનારાં વિવિધ **દેવીવચનો** મળ્યાં હતાં. તે આ પ્રમાણે હતાં.—

(૧) ખંભાતની વડીપોષાળમાં આ૦ વિજયચંદ્રસૂરિનો શિષ્ય પરિવાર હતો. ખંભાતની લઘુ પોષાળમાં આ૦ દેવેન્દ્રસૂરિનો શિષ્ય પરિવાર હતો. તે વખતે **શાસનદેવીએ** સંગ્રામ સોનીના પૂર્વજને જણાવ્યું કે—"મહાનુભાવ! આ૦ દેવેન્દ્રસૂરિ યુગોત્તમ ગુરુ છે. તેનો મુનિપરિવાર ભવિષ્યમાં વિસ્તાર પામશે અને યુગ પર્યંત બની રહેશે, તો તું તેમની ઉપાસના કર. (—પ્રક૦ ૪૪, પૃ૦ ૨૮૧, ૩૩૨)

(૨) દેવી **પદ્માવતીએ** વિક્રમની ચૌદમી શતાબ્દીમાં ખરતરગચ્છના યુગપ્રધાન **આ. જિનપ્રભસૂરિને** જણાવ્યું હતું કે, 'દિન પ્રતિદિન તપાગચ્છ ઉદય પામશે તો તમે તમારાં સ્તોત્રો તપાગચ્છના વિદ્યમાન આ૦ સોમતિલકસૂરિને આપજો.

( આ૦ જિનપ્રભસૂરિના સિદ્ધાંત સ્તવનની પં૦ આદિગુપ્ત ગ૦ કૃત અવચૂરિ; પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૮ પ્ર૦ ૪૭ )

(૩) **યક્ષ મણિભદ્ર મહાવીરે** આ. વિજયદાનસૂરીશ્વરને સ્વપ્નમાં જણાવ્યું હતું. કે 'હું તમારા ગચ્છનું કુશળ કરીશ, પણ તમે તમારી પાટ ઉપર "વિજયશાખા" સ્થાપશો,

( --પં. ખુશાલવિજયગણિની ભાષા પટ્ટાવલી સં. ૧૮૮૯, જેઠ વ. ૧૩ શુક્રવાર, સિરોહી; પ્રક૦ ૫૭, પૃ૦ ૮)

ઉપર જુદાં જુદાં દેવીવચનો આપ્યાં છે. વાસ્તવિક રીતે વિચાર કરીએ તો જણાશે કે, આ ભવિષ્યવાણી આજ સુધી નિરપવાદ રીતે સાચી પડી છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે "આ દેવીવચનોની સદા સફળતા ઇચ્છીએ" એવી શુભ મનઃકામના છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ છેંતાલીસમું

# આ૦ વિદ્યાનંદસૂરિ, આ૦ ધર્મઘોષસૂરિ

विबुधवरकीर्तिश्रीविद्यानन्दसूरिमुख्यैः ।
स्व—परसमयैककुशलैस्तदैव संशोधिता चेयम् ॥ १ ॥

(–સં૦ ૧૩૨૩ થી ૧૩૨૭ આ૦ દેવેન્દ્રસૂરિકૃત કર્મગ્રંથ ટીકા પ્રશસ્તિ.)

श्रीदेवेन्द्रगुरोः शिष्यौ तमस्तोमैकभेदकौ ।
महाप्रभावौ जायेतां जम्बूद्वीपरवी इव ॥ २० ॥

(–સં૦ ૧૪૬૬, આ૦ ગુણરત્નસૂરિકૃત ક્રિયારત્નસમુચ્ચય, ગુરુપર્વક્રમ)

तत्पट्टेऽथ स प्रसिद्धप्रभावः श्रीमान् विद्यानंदसूरिः श्रिये स्तात् ॥१६९॥

(સં૦ ૧૪૪૬, આ૦ મુનિસુંદરસૂરિની ગુર્વાવલી)

૧. આ૦ દેવેન્દ્રસૂરિની પાટે ૧. **આ૦ વિદ્યાનંદસૂરિ** અને ૨ આ૦ ધર્મઘોષસૂરિ એમ **બે આચાર્યો** થયા હતા.

**વરદેવ** પલ્લીવાલના વંશજો નાગોરથી પાલનપુર થઈ વીજાપુરમાં આવી વસ્યા. તેઓ **વરહુડિયા** તરીકે પ્રસિદ્ધ થયા.

(–પ્રક૦ ૩૮, પૃ૦ ૩૯૦)

સં૦ શેઠ **જિનચંદ્ર** વરહુડિયા અને શેઠાણી **ચાહિણીને** ૧ સં૦ દેવચંદ્ર, ૨ નામધર, ૩ મહીધર, ૪ **વીરધવલ** અને ૫ **ભીમદેવ** એમ પાંચ પુત્રો હતા. તથા **ધાહિણી** નામે પુત્રી હતી. તે પૈકીના **વીરધવલનું** લગ્ન હતું. વિવાહનો માંડવો સજાયો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ અરસામાં **આ૦ દેવેન્દ્રસૂરિ** વગેરે વીજાપુર પધાર્યા. તેમના ઉપદેશમાં સંસારની અસારતા, ધર્મની વફાદારી. અને વૈરાગ્યનો અસ્ખલિત પ્રવાહ વહેતો હતો. વીરધવલને ગુરુદેવના ઉપદેશની અસર થઈ. તેણે વિવાહનો વિચાર માંડી વાળી, દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. નાનો ભાઇ **ભીમદેવ** પણ પોતાના ભાઈની સાથે દીક્ષા લેવા તૈયાર થયો. બંને ભાઈઓનો દીક્ષાનો વરઘોડો ચડયો. **આ૦ દેવેન્દ્રસૂરિએ** સં૦ ૧૩૦૨માં વીજાપુરમાં તેજ વિવાહમંડપમાં વીરધવલ અને ભીમદેવને દીક્ષા આપી અને તેઓનાં નામ ૧ **મુનિ શ્રી વિદ્યાનંદ** અને ૨ **મુનિ શ્રી ધર્મકીર્તિ** રાખ્યાં. (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૯૧)

આ૦ વિદ્યાનંદસૂરિને આચાર્યપદવી આપવાની સાલવારીમાં વિસંવાદ છે." કોઇ ઉલ્લેખમાં સં૦ ૧૩૦૪માં અને કોઈ ઉલ્લેખમાં સં૦ ૧૩૨૭માં આચાર્યપદવી બતાવી છે." જો કે માત્ર બે વર્ષના દીક્ષાપર્યાયમાં આપવી શકય નથી, છતાંય ગુરુદેવને "પોતાના મૃત્યુ સમયનું જ્ઞાન થયું હોય, અગર શિષ્ય સર્વરીતે આચાર્ય પદવીને યોગ્ય લાગે"તો ગુરુઓ તેવા નવદીક્ષિતોને પણ આચાર્યપદવી આપી **ગચ્છનાયક** બનાવતા, અને સંઘ તેમને બહુમાનથી વધાવતો[1] જ્યારે અહીં ગંભીરતાથી વિચાર કરીએ તો જણાશે કે આ૦ દેવેન્દ્રસૂરિએ સં૦ ૧૩૦૪માં પાલનપુરમાં મુનિ વિદ્યાનંદ અને મુનિ ધર્મકીર્તિને પંન્યાસપદ આપ્યું. આ અવસરે પણ ત્યાં કેસરની વૃષ્ટિ થઈ હતી.

(–પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૦, ૨૮૨)

**જૈનોમાં** સાધારણ રીતે એવો નિયમ છે કે, **જૈન ગૃહસ્થ** યોગ્ય મુમુક્ષુ મનુષ્યને પોતાના તરફથી ઉત્સવ કરી, દીક્ષા કે પદવી વગેરે અપાવે તો તે **જૈન** એ મુનિને પોતાના માની લેતો અને તેમને દરેક પ્રકારની પદવીઓ અપાવવા ઉત્સાહિત રહેતો, સંભવ છે કે, **પાલનપુર** સંઘે આ રૂઢી પ્રમાણે" મુનિ **વિદ્યાનંદ** અને મુનિ **ધર્મકીર્તિને** આચાર્ય વગેરે પદવીઓ અપાવી હોય, ત્યારે પાલનપુરના સંઘને તેનો લાભ મળે. એવો આગ્રહ કર્યો હશે."

---

૧. **આ૦ હેમવિમલસૂરિએ આ૦ સૌભાગ્યસૂરિને** દીક્ષા આપી, તે જ સાલમાં **આચાર્ય**–ગચ્છનાયક બનાવ્યા હતા. (–પ્રક૦ ૫૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પંન્યાસ**

આચાર્યમહારાજે સંઘને ‘જેવો અવસર’ કહી મૌન સમ્મતિ આપી હોય, અને ત્યારથી સૌને આ૦ વિદ્યાનંદ પાલનપુરમાં **ગચ્છ-નાયક** થશે એવો ખ્યાલ બંધાયો હોય, એ બનવાજોગ છે. કે આખ્યાલથી સંવતમાં વિસંવાદ ઊઠ્યો હોય? “ગમે તે હો” પણ **આ૦ દેવેન્દ્રસૂરિએ** સં૦ ૧૩૦૪માં બંને મુનિઓને ગણિ–પંન્યાસપદ આપ્યા. એટલે એ હિસાબે આ સાલવારી સાચી ઠરે છે. **પં૦ વિદ્યા-નંદગણિ** વિદ્વાન્ હતા. તેમના હસ્તાક્ષર સુંદર હતા. તેમણે જ આચાર્ય બન્યા બાદ આ૦ દેવેન્દ્રસૂરિએ રચેલી ‘કર્મગ્રન્થ–ટીકા’નો પ્રથમ આદર્શ લખ્યો હતો, **મહો૦ હેમકલશ** અને પં૦ ધર્મકીતિ એ તેનું સંશોધન કર્યું, તે પછી સૌ માળવામાં વિચરી ગુજરાતમાં આવ્યા, અને ખંભાતમાં સં૦ ૧૩૧૯માં તપગચ્છના (૧) **વડી પોષાળ** અને (૨) **લઘુ પોષાળ** એમ બે ભાગ પડ્યા.

**આચાર્ય–ઉપાધ્યાય**

આ૦ દેવેન્દ્રસૂરિએ સં૦ ૧૩૨૩માં પાલનપુરના પ્રહ્લાદન પાર્શ્વ-નાથના જિનપ્રાસાદના ઉપાશ્રયમાં પં૦ વિદ્યાનંદને આચાર્યપદ અને પં૦ ધર્મકીર્તિને ઉપાધ્યાયપદ આપ્યું. આ પ્રસંગે પદવીના મંડપમાં **કેસરનો વરસાદ થયો,** એ જોઈ સૌ ખુશી થયા, આ ઘટનાને સૌએ તેમના યુગપ્રધાન બનવાની એંધાણી માની લીધી.

**પ્રશંસા**

આ૦ દેવેન્દ્રસૂરિ આ નવા આચાર્ય અને ઉપાધ્યાયનો પરિચય આ રીતે આપે છે—

> त्रिबुधवरधर्मकीर्तिश्रीविद्यानन्दसूरिमुख्यैः ।
> स्व–परसमयैककुशलैस्तदैव संशोधिता चेयम् ॥
>
> ( કર્મગ્રંથ ટીકા–પ્રશસ્તિ )

આ૦ દેવેન્દ્રસૂરિએ સં૦ ૧૩૨૪ માં આ૦ વિદ્યાનંદસૂરિને ગુજરાતમાં વિચરવાની આજ્ઞા આપી, પોતે ફરીવાર માળવા પધાર્યા. અને સં૦ ૧૩૨૭ માં **માળવામાં** જ **કાળધર્મ** પામી ગયા. તેમની

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

પાટે આ૦ **વિદ્યાનંદસૂરિ** હતા જ. તે પણ સં૦ ૧૩૨૭માં ગુરુદેવના સ્વર્ગગમન પછી ૧૩ દિવસે **વિજાપુરમાં કાળધર્મ** પામી, સ્વર્ગે સંચર્યા. આ દુઃખદ ઘટના સાંભળી સંઘમાં સૌને દુઃખ થયું.

આ૦ **વિદ્યાનંદસૂરિ** સંવેગી, શુદ્ધ સંયમપાલક અને સમર્થ વિદ્વાન હતા. તેમણે "વિદ્યાનંદ વ્યાકરણ"ની રચના કરી. આ વ્યાકરણમાં તેમણે થોડાં સૂત્રોમાં વ્યાકરણના તમામ વિષયનો સંગ્રહ કર્યો હતો. એટલે એ સમયનું એ સર્વોત્તમ વ્યાકરણ ગણાતું હતું.

આ૦ દેવેન્દ્રસૂરિના સ્વર્ગવાસથી ગુજરાતમાં ભારે દુઃખની લાગણી છવાઈ હતી. શાસનદેવીએ **સંગ્રામ** સોનીના પૂર્વજ સોની **સાંગણને** 'આ૦ દેવેન્દ્રસૂરિની શ્રમણ પરંપરા લાંબો કાળ ચાલશે' એવી ભવિષ્યવાણી કહી હતી. વળી, ખંભાતના જૈનો આ૦ દેવેન્દ્રસૂરિના અત્યંત રાગી હતા. આ૦ દેવેન્દ્રસૂરિની લઘુ પોષાળમાં ખંભાતના સંઘપતિ **ભીમે** જ ઉતારો આપ્યો હતો, તે તેમનો પરમભક્ત હતો, ધર્મપ્રેમી શ્રદ્ધાળુ શ્રાવક હતો. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૩૨)

**સં૦ ભીમને** આ૦ દેવેન્દ્રસૂરિના સ્વર્ગવાસના સમાચાર સાંભળી ભારે દુઃખ થયું, તેણે "અનાજ ખાવા"નો ત્યાગ કર્યો. પછી તો એક જ મહિનામાં આ૦ **વિદ્યાનંદસૂરિના** વિજાપુરમાં સ્વર્ગવાસ થયાના સમાચાર મળતાં, તેણે અનાજ ત્યાગની મુદતમાં વધારો કર્યો, તેણે "૧૨ વર્ષ સુધી અનાજ લીધું નહીં." (પ્રક૦ ૪૫, પૃ૦ ૩૨૭.)

બે આચાર્યોના લગભગ ૧૫ દિવસના આંતરે થયેલા સ્વર્ગવાસથી શ્રીસંઘ ભારે મૂંઝવણ અનુભવવા લાગ્યો. છેવટે સૌએ ઉ૦ **ધર્મકીર્તિને** યોગ્ય જાણી, ગચ્છનાયક બનાવવાનો નિર્ણય કર્યો.

વડગચ્છના સગોત્રી આચાર્યો તથા વૃદ્ધપોષાળના **આ૦ક્ષેમકીર્તિસૂરિએ** સમયસૂચકતા વાપરી, ગુરુદેવના સ્વર્ગગમન પછી છ મહિનામાં એટલે સં૦ ૧૩૨૮ માં વીજાપુરમાં ઉપા૦ ધર્મકીર્તિને આચાર્યપદવી આપી, **આ૦ ધર્મઘોષસૂરિ** નામ રાખી, આ૦ દેવેન્દ્રસૂરિની પાટે સ્થાપન કર્યા. એ પછી આ૦ ધર્મઘોષસૂરિ **તપગચ્છના નાયક** બન્યા. (–સોની સંગ્રામસિંહ, માટે જુઓ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૩૩, ભીમાશાહ–સં૦ ભીમજી માટે જૂઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૩, પ્રક૦ ૪૫, પૃ૦ ૩૨૭).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૪૬. આ૦ ધર્મઘોષસૂરિ

તેમનો શરૂનો "જીવનપરિચય" ઉપર આવી ગયો છે. તે ગૃહસ્થપણામાં આ૦ **વિદ્યાનંદસૂરિના** નાના ભાઈ હતા અને સાધુપણામાં ગુરુભાઈ હતા. તેમને સં૦ ૧૩૦૨ માં વિજાપુરમાં **દીક્ષા**, સં૦ ૧૩૦૪ માં પાલનપુરમાં ગણિપદ–પંડિતપદ, સં૦ ૧૩૨૩ માં પાલનપુરમાં **ઉપાધ્યાયપદ** અને સં૦ ૧૩૨૮ માં વીજાપુરમાં **આચાર્યપદ** આપવામાં આવ્યું, તેમનું સં૦ ૧૩૫૭ માં **સ્વર્ગગમન** થયું.

**નોંધ :** અમે અહીં આ૦ વિદ્યાનંદસૂરિ અને આ૦ ધર્મઘોષસૂરિનો એક જ પટ્ટાંક આપ્યો છે.

તેઓ વિદ્વાન્, ચમત્કારી સિદ્ધપુરુષ, પ્રભાવક **યુગપ્રધાન** આચાર્ય હતા. તેમના ચરિત્રના વિવિધ પ્રસંગો આ પ્રકારે મળે છે.–

**પ્રતિષ્ઠા–સંઘયાત્રા**

આ૦ **ધર્મઘોષસૂરિ** માંડવગઢ પધાર્યા હતા. ત્યાં નાંદુરીવાળા ગરીબ શ્રાવક **પેથડે** તેમની પાસે શ્રાવકનાં બાર વ્રત ઉચ્ચર્યાં. તેમાં પરિગ્રહ પરિમાણમાં ગુરુની સૂચનાથી તેણે પાંચ લાખનું પરિમાણ કર્યું. ગુરુકૃપાથી ધીમે ધીમે તે ધનવાન બન્યો. તેણે ધન વધવાથી શત્રુંજય તીર્થ ઉપર ભ૦ ઋષભદેવનો જિનપ્રાસાદ વગેરે ૮૪ જિનાલયો બનાવ્યાં. ૭ ગ્રંથભંડારો સ્થાપ્યા. આ૦ ધર્મઘોષની અધ્યક્ષતામાં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. શત્રુંજયની ચારે તરફ ૧૨ યોજન પ્રમાણ ક્ષેત્રમાં સર્વ જિનાલયોમાં ચાંદીના ધ્વજ બનાવી આપ્યા. રાજા સારંગ[૧] પાસે કર્પૂરની જકાત માફ કરાવી.

સં૦ પેથડે આ ધર્મઘોષસૂરિને મોટા ઉત્સવથી માંડવગઢમાં પ્રવેશ કરાવી ચોમાસુ કરાવ્યું. સં૦ પેથડે અને સંઘવણ પદમણીએ ૩૨ વર્ષની ઉંમરમાં જ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો.

(–પ્રક૦૪૫, પૃ૦ ૩૧૪ થી ૩૧૮)

**ચમત્કાર**–આ૦ ધર્મઘોષસૂરિ સં૦ પેથડના સંઘમાં શત્રુંજયની યાત્રામાં પધાર્યા હતા. પરંતુ આ૦ **કક્કસૂરિએ** "નાભિનન્દનજિનો-

૧. રાજા સારંગદેવ માટે જૂઓ: પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૨ ટિપ્પણી (પ્રક૦ ૪૫ પૃ૦ ૩૧૨)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

દ્ધારપ્રબંધમાં સં૦ ૧૩૭૧ માં શત્રુંજયતીર્થના સંઘમાં સં૦ ૧૩૭૧ માં માહ સુદિ ૫ ના દિવસે તીર્થના જીર્ણોદ્ધાર ઉત્સવમાં "વડગચ્છના આ૦ ધર્મઘોષસૂરિ"ની હાજરી બતાવી છે તે સપ્રમાણ નથી. સંભવ છે કે, તે ઉત્સવમાં તેમની આજ્ઞાથી તેમના પટ્ટધર આ૦ **સોમપ્રભસૂરિ** પધાર્યા હોય?

આ૦ **ધર્મઘોષસૂરિએ** ગિરનારતીર્થની યાત્રા કરી, અને સંસ્કૃતમાં ગિરનારતીર્થકલ્પ શ્લોક ૩૨ બનાવ્યો, સૌરાષ્ટ્ર પાટણના સમુદ્ર કિનારે ઊભા રહી, વિનંતિથી "મંત્રમય સમુદ્રસ્તોત્ર" બનાવ્યું, તેથી તરત જ સમુદ્રમાં એકદમ મોટી ભરતી આવી, અને તેમાંથી રત્નો ઊછળીને બહાર આવ્યાં. આચાર્યશ્રીના ચરણ કમળ પાસે રત્નોનો મોટો ઢગલો થઈ ગયો. સૌ ચમત્કાર પામ્યા.

આચાર્યશ્રીના મંત્રધ્યાનથી સૌરાષ્ટ્ર પાટણમાં શત્રુંજયનો જૂનો **કપર્દી યક્ષ** પ્રગટ થયો. તે સમકિતી બની, જિનપ્રતિમાનો અધિષ્ઠાયક બન્યો. એક દિવસે કોઈ દુષ્ટ સ્ત્રીએ સાધુઓને **વડાં** વહોરાવ્યાં. આચાર્યશ્રીએ તેને મંત્રવાળાં જાણી, બહાર પરઠવ્યાં, અને તે જ વડાં સવારમાં પથ્થર બની ગયાં, આચાર્યશ્રીએ તે દુષ્ટ સ્ત્રીઓને પાટલા ઉપર બેસાડી થંભાવી દીધી, અને પછી કરુણાથી તેઓને છોડી દીધી.

એકવાર બીજા પક્ષવાળાની સ્ત્રીઓએ વીજાપુરમાં આચાર્યશ્રીના વ્યાખ્યાનની મધુરતા જોઈ ઇર્ષા આવતાં **સ્વરભંગ** કરવા કામણ કર્યું. આચાર્યશ્રીએ તેઓને પણ પાટલા ઉપર થંભાવી, છોડી દીધી. તે સ્ત્રીઓએ ત્યારે વચન આપ્યું કે, "હવે આજથી તમારા ગચ્છને અમે ઉપદ્રવ કરીશું નહીં."

સાધુઓ એક યોગીના ડરથી ઉજ્જૈનમાં રહેતા ન હતા. આચાર્યશ્રી સપરિવાર **ઉજ્જૈન** પધાર્યા. યોગીએ સાધુઓને કટાક્ષમાં કહ્યું: "તમે હવે સ્થિર બનીને રહેજો." સાધુઓએ કહ્યું: રહ્યા છીએ જ; તું શું કરીશ?" આ સાંભળી યોગીએ દાંત દેખાડ્યા, સાધુઓએ તેને કોણી બતાવી; ઉપાશ્રયે આવીને સાધુઓએ આ વાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રીને કરી. યોગીએ મંત્રબળથી સાધુઓની પોષાળમાં **ઉંદર** મોકલ્યા, આચાર્યશ્રીએ એક ઘડાનું મોં કપડાથી ઢાંકયું, અને જાપ શરૂ કર્યો. **યોગી** તો રાડ પાડતો ઉપાશ્રયમાં આવ્યો અને આચાર્યશ્રીના પગમાં પડયો.

સાધુઓ **ગોધરાના** ઉપાશ્રયમાં રાત રહે તો ઉપાશ્રયના દરવાજાને મંત્રજાપથી બંધ કરતા હતા. એકવાર સાધુઓ મંત્રજાપ કરવો ભૂલી ગયા. એટલે શાકિનીઓ રાતે આવીને આચાર્યશ્રીની પાટ ઉઠાવી ગઈ. આચાર્યશ્રીએ તે શાકિનીઓને થંભાવી દીધી, શાકિનીઓ પાસેથી જ્યારે, "હવે પછી તમારા ગચ્છને હેરાન કરીશું નહીં" એવું વચન લીધું ત્યારે તેઓને છોડી દીધી.

*

**બ્રહ્મમંડળમાં** એક દિવસે આચાર્યશ્રીને સાપ કરડયો, અને ઝેર ચડવા માંડયું, આખો સંઘ ખૂબ ગભરાઈ ગયો. સૌ ઉપાય શોધવા લાગ્યા. આચાર્યશ્રીએ સંઘને સાન્ત્વન આપતાં જણાવ્યું કે "સવારે નગરના પૂર્વ દિશાના દરવાજે કઠિયારો લાકડાની ભારી લાવશે, તેમાંથી **વિષહરિણી વેલ** મળી આવશે, તેને સૂંઠ વગેરે સાથે ઘસી, ડંખ ઉપર લગાવજો,' સંઘે તે પ્રમાણે કરવાથી આચાર્યશ્રીને આરામ થયો. આચાર્યશ્રીએ ત્યારથી જિંદગી પર્યંત છ વિગઈનો ત્યાગ કર્યો. આચાર્યશ્રી હમેશાં માત્ર જારનો આહાર લેતા હતા.

**કાવ્યકળા—**

એક દિવસે એક મંત્રીએ આઠ યમકવાળું કાવ્ય બોલીને આચાર્યશ્રીને જણાવ્યું કે, "હવે આવાં કાવ્ય કરનાર કોઈ રહ્યો નથી. આચાર્યશ્રીએ જણાવ્યું. 'કોઇ નથી' એમ બોલવું ઠીક નથી; મંત્રીએ કહ્યું 'એવો કોઈ કવિ હોય તો બતાવો.' આથી આચાર્યશ્રીએ એક જ રાતમાં આઠ યમકવાળી 'જય વૃષભ૦'પદથી શરૂ થતી સ્તુતિઓ બનાવી, ભીંત ઉપર લખી દીધી, મંત્રી તો આ કાવ્યો વાંચીને ચકિત થઈ ગયો, અને આચાર્યશ્રીના ઉપદેશથી પ્રતિબોધ પામ્યો.

આચાર્યશ્રીએ સં. ૧૩૩૨માં પોતાના શિષ્ય **સોમપ્રભને** આચાર્ય-

JAINSITE.com जैन साइट जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદ આપ્યું. આચાર્યશ્રીએ તેમને "બાર અંગોનું જ્ઞાન" આપ્યું જ હતું. પછી તો તેમની યોગ્યતા જાણીને "મંત્રની પોથી" પણ આપી. પરંતુ આ૦ સોમપ્રભસૂરિએ હાથજોડી વિનંતિ કરી કે, 'ગુરુકૃપા છે તેમાં જ બધુંય છે. એટલે "કાં તો ચારિત્રની આરાધના આપો, કાં તો આ મંત્રપોથી આપો." આચાર્યશ્રીએ તેમને ત્યાગ–વૈરાગ્યમાં રંગાયેલા મુમુક્ષુ સમજી અને બીજો કોઈ શિષ્ય આ મંત્રપોથી માટે યોગ્ય ન લાગવાથી એ મંત્રપોથીને જલશરણ કરી દીધી.

**ગ્રન્થો—**

આચાર્યશ્રી ધર્મઘોષસૂરિએ સંઘાચાર ભાષ્યવિવરણ, સુઅધમ્મસ્તવ, કાયસ્થિતિપ્રકરણસ્તવાવચૂરિકા, દુસ્સમકાલસમણસંઘથયં ગા૦ ૨૬ સાવચૂરિક, ચતુર્વિંશતિજિનપૂર્વભવસ્તવ ગા૦ ૨૪, સ્નાતાશર્મસ્તોત્ર શ્લો૦ ૮, દેવેન્દ્રસ્તોત્ર, યૂયં૦ સ્તુતિ, જયવૃષભ૦ અષ્ટ યમકસ્તુતિ શ્લો૦ ૮ અવચૂરિસહિત, શ્રાદ્ધજીતકલ્પ ગા૦ ૧૮૨, મન્ત્રગર્ભિત પાર્શ્વનાથ–સ્તોત્ર શ્લો૦ ૧૩, લોકાન્તિક દેવલોક જિન-સ્તવન ગા૦ ૧૬–અવચૂરિ–સહિત 'યોનિસ્તવ ગા૦ ૧૩, સત્તુંજય મહાતિત્થકપ્પ ગા૦ ૩૯,–અષ્ટાપદતીર્થકલ્પ શ્લો૦ ૨૫, ગિરનાર તીર્થકલ્પ શ્લો૦ ૩૨, સમ્મેતશિખરતીર્થકલ્પ શ્લો૦ ૧૬, સમવસરણ પ્રકરણ ગા૦ ૨૮, લોકનાલિકા શ્લોક ૩૨, યુગપ્રધાનસ્તોત્ર[1] પ્રા૦ ગા૦ ૨૪, ઋષિમંડલ–સ્તોત્ર ગા૦ ૧૦૯, પરિગ્રહપ્રમાણ ગા૦ ૩૯, ભાવિચતુર્વિંશતિજિનસ્તવન શ્લો૦ ૧૪, પાર્શ્વનાથસ્તવન ગા૦ ૯, પાર્શ્વનાથતીર્થસ્તોત્ર શ્લો૦ ૧૧, પૂર્વાર્ધસંસ્કૃત–ઉત્તરાર્ધપ્રાકૃતભાષામય સ્તવન શ્લો૦ ૯, ભવત્રયસ્તવ ગા૦ ૨૪, પાંત્રીશ જીનવાણી સ્તવન ગા૦ ૧૬, જીવવિચારસ્તવ ગા૦ ૪૦; યમકમયવર્તમાન ચતુર્વિંશતિજિનસ્તવન શ્લો૦ ૩૯, વગેરે કૃતિઓ રચી હતી.

---

૧. **યુગપ્રધાનયંત્ર–પ્રશસ્તિ :** इति श्री भद्रबाहुप्रणीत दुःषमाप्रभृत श्चतुरधिक द्विसहस्रयुगप्रधानस्वरूपं सुखावबोधनार्थं श्रीदेवेन्द्रसूरिणा यन्त्रपत्रे न्यासीचक्रे ॥ श्रीचन्द्रगच्छे प्रद्योतनाभ श्री सोमतिलकसूरिस्तेषामुपाध्याय श्रीहंस-भवनगणि प्रसादतः श्रीशिष्य श्रीकीर्तिभुवनेन श्रीमति स्तंभनकपुरे विक्रमात् संवत् विश्व–मनु ( १४१३ ) वर्षे लिखितं श्रीपद्मपत्तवे श्रीवासुपूज्यप्रसत्तेः ॥

( –શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ **ધર્મઘોષસૂરિ** સં. ૧૩૫૭માં સ્વર્ગે ગયા. (ગુ. શ્લોક—૨૫૬)

આ૦ ધર્મઘોષસૂરિના ઉપદેશથી દિયાણાના શ્રીસંઘે સં૦ ૧૩૪૯ માહસુદિ ૧૩ના રોજ ગ્રંથભંડારની સ્થાપના કરી, અને તેમાં ઘણા ગ્રંથો લખાવીને મૂકયા (પ્રશ નં. ૩૨) આચાર્યશ્રીના ઉપદેશથી મેવાડના સોનગરા શ્રીમાલી મંત્રી **સીમંધરના** કુટુંબે ગ્રંથો લખાવ્યા (—પ્રક૦ ૪૫ પૃ૦ ૨૮૯, ૩૨૪)

## ઐતિહાસિક વિશેષ ઘટનાઓ

ગુજરાતના વીસલનગરા બ્રાહ્મણ મંત્રી માધવનાભાઈ **કેશવનાગરે** કરણ વાઘેલાને મરાવી, ગુજરાતમાં મુસ્લિમરાજ્ય સ્થાપન કરાવ્યું.

સં૦ ૧૬૬૩માં સિદ્ધરાજના રુદ્રમાલનો ભંગ થયો.

(રુદ્રમાલ માટે જૂઓ—પ્રક૦ ૩૫, પૃ૦ ૯૩ પ્રક૦ ૪૨, પૃ૦ ૭૩૧)

## માંડવગઢ

ભારતની સંસ્કૃતિમાં **ગોપ** અને **ગોપાલ** એ બે શબ્દો ખૂબ મહત્ત્વના લેખાય છે. યદુરાજ કૃષ્ણ વાસુદેવનું એક નામ **ગોપાલ** પ્રસિદ્ધ છે. જૈન આગમો ભગવાન તીર્થંકરદેવોને મહામાહણ, **મહાગોપ** અને મહાસાર્થવાહ વિશેષણોથી સંબોધે છે. મહાવિદ્વાન્ દેવબોધિએ ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિને "હેમગોપાલ" કહી ગૂર્જરચક્રવર્તિ રાજા સિદ્ધરાજને પ્રસન્ન કર્યો હતો. (—પ્રક૦ ૪૧, પૃ૦ ૬૦૯)

ગોપ અને ગોપાલની જાતિ સાથે સંકળાયેલાં નગરો, મહાનગરો બન્યાં હતાં, જેમકે—અણહિલપુર પાટણ, માંડવગઢ વગેરે.

ઇતિહાસ કહે છે કે, **માંડૂ** ગોવાળિયાએ (અથવા લુહારે) વિંધ્યગિરિના શિખરમાલાની એક પહાડી ઉપર સં૦ ૬૯૪માં **માંડૂ નગર** વસાવ્યું, જે સમય જતાં માળવાનું પાટનગર બન્યું. તેનું બીજું નામ પત્તન પણ મળે છે.[1]

રાજા **જયસિંહ** પરમારે તેના ઉપર કિલ્લો બંધાવ્યો હતો. માંડવગઢનું બીજું નામ પાટણ પણ મળે છે. માળવાના પરમાર

---

૧. ગુરુગુણરત્નાકર કાવ્યના ધનકુબેર વેલ્લાકના વર્ણનમાં તથા બાદશાહ જહાંગીરે આ૦ વિજયદેવસૂરિને લખેલા પત્રમાં "માંડવગઢનું બીજું નામ **પાટણ** બતાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજવંશનો પરિચય પહેલા (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૫૯ થી ૧૬૭માં) આવી ગયો છે, વિશેષ પરિચય આ પ્રમાણે મળે છે.—

| | |
|---|---|
| ૧૭ અર્જૂનવર્મા | સં૦ ૧૨૬૭ થી ૧૨૭૨ |
| ૧૮ રાજા દેવપાલ પરમાર | સં૦ ૧૨૭૩ થી ૧૨૯૭ |
| ૧૯ જયતુંગી | સં૦ ૧૨૯૭ થી ૧૩૧૩ |
| ૨૦ જયવર્મા | સં૦ ૧૩૧૩ થી ૧૩૧૮ |
| ૨૧ મહારાજા જયસિંહ | સં૦ ૧૩૧૮ થી ૧૩૩૭ |
| ૨૨ „ ભોજદેવ | સં૦ ૧૩૩૭ થી ૧૩૬૭ |
| ૨૩ „ જયસિંહદેવ | સં૦ ૧૩૬૭ થી ....... |

તે પછી **અલ્લાઉદ્દીન ખિલજીએ** માળવા જીતી લીધો, અને મુસલમાનો માળવાના શાસક બન્યા. તેઓની **રાજાવળી** આ પ્રમાણે છે.–

૧. સૂબો મલેક ખુશરૂ કાફૂર (–પ્રક૦ ૪૪, પૃ૦ ૪૭)

૨. સૂબો બહાદૂરશાહ

૩. સૂબો દિલાવરખાં

૪. બાદશાહ **હુસંગશાહ** ગોરી–તેણે સં૦ ૧૪૫૯માં માંડવગઢમાં સ્વતંત્ર ગાદી સ્થાપન કરી. મૃ૦ વિ૦ સં૦ ૧૪૯૧ સને ૧૪૩૪.

**૫. બા૦ ગિઝનીખાન ગોરી–તે વ્યભિચારી** પ્રજાપીડક હતો, મૃ૦ સં૦ ૧૪૯૩, સને ૧૪૩૬.

તે પિતાથી રીસાઈને નાંદિયા ગયો. ત્યાં સં૦ રત્ના અને સં૦ ધરણા પોરવાડે તેને સમજાવી શાન્ત પાડી બાદશાહ હુસંગશાહ પાસે મોકલ્યો, બા૦ હુસંગશાહે તે બન્ને ભાઈઓને માંડવગઢમાં માન સાથે લાવી વસાવ્યા. પરંતુ **ગિજનીખાં** બાદશાહ થયો, ત્યારે તેણે ધનના લોભથી બન્ને ભાઈઓને ત્રાસ આપ્યો. અને તેઓનો ૧ લાખ રૂપિયાનો દંડ કર્યો. (–જૈન ઇતિ૦ પ્ર૦ ૪૫, પૃ૦ ૩૭૧)

જોકે ગુજરાતનો બાદશાહ બહાદૂરશાહ અને ચિત્તોડના દોશી કર્માશાહને પણ આવી જ ઘટનામાં મૈત્રી થઈ હતી. બા૦ બહાદૂરશાહે માનવતા બતાવી, દોશી કર્માશાહના ઉપકારનો કીંમતિ બદલો વાળ્યો હતો. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદશાહ ગિઝનીખાં અને સં૦ રત્નાશાહની ઘટનામાં બાદશાહે માનવતાને બદલે લોભને જ પ્રધાન માન્યો છે.

**૬. બા૦ મહમ્મુદ ખિલજી ગિજનીસ્તાન**–અપરનામ **બાદશાહ આલમશાહ** (સં૦ ૧૪૯૨ થી સં૦ ૧૫૨૫)

૭. બાદશાહ **ગ્યાસુદ્દીન ખિલજી** (સં૦ ૧૫૨૫ થી ૧૫૫૮)

તે બહુ વિલાસી હતો. તેના જનાનખાનામાં હજારો બેગમો હતી, તે "૨૩ વર્ષ સુધી તો માંડવગઢથી નીચે ઊતર્યો જ નહોતો."

તેણે સં૦ સહસાપોરવાડને મંત્રી પદે નીમ્યો.

રાજા સીયકપરમારે સં૦ ૧૦૨૮માં ઉજ્જૈનમાં પોતાની ગાદી સ્થાપિત કરી હતી, રાજા ભોજદેવ પરમારે ધારાનગરી વસાવી, ત્યાં પોતાની ગાદી સ્થાપન કરી. તે સં૦ ૧૧૧૨માં મરણ પામ્યો અને ધારાનગરીનો નાશ થયો. (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૬૬) તે પછી સમય જતાં સં૦ ૧૪૫૯ માં માંડવગઢને જ માળવાનું **પાટનગર** બનવાનો ફરી લાભ મળ્યો. (–પ્રક૦ ૩૫ પૃ૦, ૧૬૨ થી ૧૬૬)

સૂબા દિલાવરખાનનો પુત્ર **હુસંગશાહ ગોરી** માળવાનો **સ્વતંત્ર બાદશાહ** બન્યો અને તેણે સં૦ ૧૪૫૯માં **માંડવગઢને** પોતાનું **પાટનગર** બનાવ્યું. માંડવગઢ વિક્રમની ૧૪મી સદીના પ્રારંભથી **જૈન** ઇતિહાસમાં દાખલ થયું. તે આ પ્રમાણે

માંડવગઢમાં મહારાજા જયસિંહ (સં૦ ૧૩૧૮ થી ૧૩૩૭)ના મંત્રીઓ પેથડશાહ, ઝાંઝણશાહ હતા. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૪, ૩૧૮)

સૂબા મલેક કાફરના દિવાન સંઘવી **પદ્મરાજ** સોનગરા (સં૦ ૧૩૫૮) મંત્રી મહાકવિ ધનદ (સં૦ ૧૪૯૦), મહાકવિ 'મંડન બન્યા હતા.' (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૨૪)

સુલતાન આલમશાહ ગોરીનો ખજાનચી મહામાત્ય, રણથંભોરના દંડનાયક મંત્રી **ધનરાજ પોરવાડ** હતો. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૭)

મહમ્મુદ ખિલજી યાને બા૦ આલમશાહ ગોરીનો મહામાત્ય સંઘપતિ દેહડ સોનગરા હતો. (–પ્રક૦ ૪૫ પૃ૦ ૩૨૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદશાહ આલમશાહ ગોરીનો ખજાનચી મહામાત્ય **સોની સંગ્રામસિંહ** ભંડારી (સં૦ ૧૫૨૦) હતો. (-પ્રક૦ ૪૫, પૃ૦ ૩૩૩)

બા૦ આલમશાહના પ્રજાપ્રિય દિવાનો ચાંદાશાહ અને સાધુચંદ્ર હતા.

બાદશાહ આલમશાહ તથા બા૦ ગ્યાસુદ્દીન ખિલજીના દિવાનો જીવણશાહ શ્રીમાલી, મેઘરાજ શ્રીમાલી, પૂંજરાજ, વગેરે હતા.

બા૦ ગ્યાસુદ્દીનખિલજીના ધનાઢ્યવ્યાપારી **સં૦ સહસા**પોરવાડ, સં૦ શેઠ સૂરા-વીરા પોરવાડ સં૦ પોલ્લાક વગેરે હતા.

બા૦ ગ્યાસુદ્દીન ખિલજીનો ગંજાધિકારી વ્યાપારી **લઘુ શાલિભદ્ર, સં૦ જાવડશાહ,** શેઠ જાઉજી સં૦ ૧૬૬૨.

(પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૯ થી ૩૨૨)

વગેરે વગેરે ધની માની વિદ્વાનો, દાનવીરો, રાજવીરો ધર્મવીરો વગેરે થયા. (-પ્રક૦ ૪૫, પ્રક૦ ૫૩)

માંડવગઢમાં આજ જૈનો છે. શ્વે૦ જિનાલયો છે, શ્વેતાંબરોમાં આ તીર્થ પ્રસિદ્ધ મનાય છે.

આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય (મુનિજયાનંદ) આ૦ જયચંદ્રસૂરિએ સં૦ ૧૪૨૭માં નેમાડ પ્રદેશ (હસ્તિનાપુર) યાત્રા કરી "નેમાડ-પ્રવાસગીતિકા" રચી. તેમાં ઉલ્લેખ છે કે, (માંડવતીર્થ) માંડવગઢમાં ૭૦૦, તારાપુરમાં ૫, સિંગારતારણમાં ૨૧. નંદુરીમાં ૧૨, હસ્તિનાપુરમાં ૭, અને લખમણીમાં ૧૦૦ જિનાલયો છે. આ પ્રદેશમાં ગામે ગામ લાખો શ્રાવક-શ્રાવિકાઓ ભક્તિવાળા છે.

## માંડવગઢનો ગ્રંથભંડાર

મંત્રી પેથડકુમાર વગેરેએ અહીં મોટો ગ્રંથભંડાર સ્થાપન કર્યો હતો,

(-વિશેષ માટે જૂઓ પ્રક૦ ૪૫ પૃ૦ ૨૮૯, ૩૦૨)

## આ૦ ધર્મઘોષસૂરિવરો

આ નામના ઘણા આચાર્યો થયા હતા તે આ પ્રમાણે-

૧. નાગેંદ્રગચ્છના આચાર્ય-સં૦ ૧૩૩૪ (-પ્રક૦ ૩૫, પૃ૦ ૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. ચંદ્રકુળના રાજગચ્છના આચાર્ય–સં૦ ૧૧૯૧(–પ્રક૦ ૩૫, પૃ૦ ૩૯)
૩. ચંદ્રકુળના મડાહડગચ્છના આ૦–સં૦ ૧૩૫૦ (પ્રક૦ ૩૭, પૃ૦ ૨૬૯)
૪. ચંદ્રકુળના પૂર્ણિમાગચ્છના આચાર્ય–સં૦ ૧૧૫૯
(–પ્રક૦ ૪૦, પૃ૦ ૪૯૭)
૫. ચંદ્રકુળના અંચલગચ્છના આચાર્ય–સં૦–૧૨૩૪–૧૨૬૮
(–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૨૧)
૬. ચંદ્રકુળના આગમિકગચ્છના આચાર્ય–સં૦ ૧૨૫૦
(–પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૧)
૬. ચંદ્રકુળના તપાગચ્છના આચાર્ય–સં૦ ૧૩૨૭–૧૩૫૭
(–પ્રક૦ ૪૬, પૃ૦ ૪૫૦)
૮. ચંદ્રકુળના પિપ્પલકગચ્છના આચાર્ય–સં૦ ૧૪૮૩
(પ્રક૦ ૩૭ પૃ૦ ૨૭૪)
૯. વિદ્યાધરકુળના જાલિહરગચ્છના આચાર્ય–સં૦ ૧૦૮૮
(–પ્રક૦ ૩૫, પૃ૦ ૫૪)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ સુડતાલીસમું

*

## આ૦ સોમપ્રભસૂરિ

તેમનાં વિ૦ સં૦ ૧૩૧૦માં જન્મ, ૧૩૨૧માં દીક્ષા, સં૦ ૧૩૩૨માં **આચાર્યપદ** અને સં૦ ૧૩૭૩માં **સ્વર્ગગમન** થયાં.

**પરિચય**

તેઓ શાંત, આત્મગવેષી, વિદ્વાન અને મોટાવાદી હતા. તેમને ૧૧ અંગો "મુખપાઠ" હતાં, તેઓ હમેશાં તેના પાઠ કરતા હતા. તેઓ **જ્યોતિષવિદ્યામાં** નિપુણ હતા. તેમણે ચારિત્રની રક્ષા માટે ગુરુદેવે આપેલી 'મંત્રપોથી' લીધી ન હોતી. **તેમણે** ચિતોડમાં બ્રાહ્મણોની સભામાં **વિજય** મેળવ્યો.

**વિહારમર્યાદા**—આ અરસામાં કોંકણ દેશમાં ઘણો વરસાદ પડતો હોવાથી તેમજ જેસલમેર વગેરે મોટી મારવાડમાં પાણીની અછત હોવાથી, પોતાના સાધુઓને કોંકણ તથા થલી—મારવાડમાં વિહાર કરવાની મનાઇ કરી.[1]

---

૧. (અ) ઇતિહાસ કહે છે કે, ખરતરગચ્છના ૫૫ મા આ. જિન માણિક્યસૂરિ, બિકાનેરના મંત્રી સંગ્રામ બચ્છાવતની વિનંતિથી જેસલમેરથી વિહાર કરી દેસઉરની યાત્રા કરી, પાછા ફરીને જેસલમેર આવતા હતા, અને દેરાઉરથી ૨૫ કોશ પધાર્યા ત્યારે રસ્તામાં તૃષા પરિષહ સહન ન થવાથી સં૦ ૧૬૧૨ ના અ૦ શુ૦ ૫ ના રોજ અનશન સ્વીકારી કાળધર્મ પામ્યા હતા.

(—પ્રક૦ ૪૦, પૃ૦ ૪૯૦)

(બ) ઇતિહાસ કહે છે કે, તપાગચ્છના (૫૬) આ૦ આણંદવિમલસૂરિ (સં૦ ૧૫૭૦ થી ૧૫૯૯)ના **મહો૦ વિદ્યાસાગર ગણિ**, "જે અનાજ અને પાણી વિના જીવનારા મહાતપસ્વી હતા" તેમણે જેસલમેર મારવાડનો વિહાર ખોલ્યો હતો.

(—જુઓ પ્રક૦ ૫૫)

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૮૪ જિનપ્રાસાદો

માંડવગઢનો મંત્રી **પેથડકુમાર** આ૦ ધર્મઘોષસૂરિનો ભક્ત હતો. (-પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૪) તેણે જૂદા જૂદા સ્થાનોમાં ૮૪ **જિનપ્રાસાદો** બંધાવ્યા હતા. અને સોમપ્રભસૂરિના હાથે તેમાંના ઘણાઓની પ્રતિષ્ઠા કરાવી હતી (-પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૫) ૪૮મા આ૦ **સોમતિલકસૂરિએ** આ સમસ્ત જિનપ્રાસાદોના વર્ણનરૂપે "પૃથ્વીધર સાધુપ્રતિષ્ઠિત જિનસ્તોત્ર" બનાવ્યું. તેમણે તેમાં જિનાલયો બંધાવ્યાની **નોંધ** આ પ્રકારે આપી છે.—

આ ૮૪ જિનમંદિરો પૈકી સં૦ ૧૩૨૦માં (૧) શત્રુંજયગિરિના બંધુ જેવા માંડવગઢમાં આદિનાથ. (૨) નિમ્બસ્થૂરનગરના ઉજ્જયંતાવતાર જિનપ્રાસાદમાં ભ૦ નેમિનાથ, (૩) નિમ્બસ્થૂરની તળેટીમાં ભ૦ પાર્શ્વનાથ, (૪) ઉજ્જૈનમાં ભ૦ પાર્શ્વનાથ, (૫) વિક્રમપુરમાં ભ૦ નેમિનાથ, (૬-૭) મુકુટિકાપુરીમાં ભ૦પાર્શ્વનાથ, અને ભ૦ આદિનાથ, (૮) વિંધનપુરમાં **શલ્યહર** ભ૦ મલ્લિનાથ, (૯) **આશાપુરમાં** ભ૦ પાર્શ્વનાથ, (૧૦) **ઘોષકીનગરમાં** ભ૦ આદિનાથ, (૧૧) અર્યાપુરમાં ભ૦ શાંતિનાથ, (૧૨) ધારાનગરમાં ભ૦ નેમિનાથ, (૧૩) વર્ધનપુર (બદનાવર)માં ભ૦ નેમિનાથ, (૧૪) ચંદ્રકપુરના (ચંડઉલી)માં ભ૦ આદિનાથ, (૧૫) જીરાપુરમાં ભ૦ આદિનાથ, (૧૬) જલપદ્ર (જલગાંવ)માં ભ૦ પાર્શ્વનાથ, (૧૭) દાહડપુર (દાહોદ)માં ભ૦ પાર્શ્વનાથ, (૧૮) હંસલપુરમાં ભ૦ મહાવીરસ્વામી, (૧૯) માંધાતા પહાડની તળેટીમાં ભ૦ અજિતનાથ, (૨૦) ધનમાતૃકામાં ભ૦ મહાવીરસ્વામી, (૨૧) મંગલપુરમાં ભ૦ અભિનંદનસ્વામી, (૨૨) ચિકુખલપુર (ચીખલી)માં ભ૦ પાર્શ્વનાથ, (૨૩) જયસિંહપુરમાં ભ૦ મહાવીરસ્વામી, (૨૪) સિંહાનકમાં ભ૦ નેમિનાથ, (૨૫) સલખણપુર (શંખલપુર)માં ભ૦ પાર્શ્વનાથ, (૨૬) ઐન્દ્રપુર (ઇંદોર)માં ભ૦ પાર્શ્વનાથ, (૨૭) તાલ્હણપુરમાં ભ૦ શાંતિનાથ, (૨૮) હસ્તિનાપુર (નીમાડ)માં ભ. અરનાથ, (૨૯) **કરહેડાતીર્થમાં** ભ. પાર્શ્વનાથ, (૩૦) નલપુરમાં ભ. નેમિનાથ, (૩૧) નલદુર્ગમાં ભ. નેમિનાથ, (૩૨) **બિહારમાં**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ મહાવીરસ્વામી, (૩૩) લંબકર્ણીપુરમાં ભ૦ મહાવીરસ્વામી, (૩૪) ખંડોહ (ખંડવા ખંડોલા)માં ભ૦ કુંથુનાથ, (૩૫) ચિત્તોડના કિલ્લામાં ભ૦ ઋષભદેવ, (૩૬) **પાનવિહાર** (આગર–માળવા)માં ભ૦ આદિનાથ, (૩૭) ચંદ્રાનકમાં ભ૦ પાર્શ્વનાથ, (૩૮) બંકીમાં ભ૦ આદિનાથ, (૩૯) નીલકપુરમાં ભ૦ અજિતનાથ, (૪૦) નાગોરમાં ભ૦ આદિનાથ, (૪૧) મધ્યકપુરમાં ભ૦ પાર્શ્વનાથ, (૪૨) **ડભોઈમાં** ભ૦ ચંદ્રપ્રભુ, (૪૩) **નાગદામાં** ભ૦ નમિનાથ, (૪૪) ધોળકામાં ભ૦ મલ્લિનાથ, (૪૫) જૂનાગઢના કિલ્લામાં ભ૦ પાર્શ્વનાથ, (૪૬) સોમનાથ પાટણમાં ભ૦ પાર્શ્વનાથ (૪૭) **શંખપુર** (શંખેશ્વર)માં ભ૦ મુનિસુવ્રતસ્વામી, (૪૮) સૌવર્તકમાં ભ૦ મહાવીરસ્વામી, (૪૯) **વંથળીમાં** ભ૦ નેમિનાથ, (૫૦) **નાશિકમાં** ભ૦ ચંદ્રપ્રભુ, (૫૧થી૫૪) સોપારા, અરુણનગર, **ઉરંગલ** અને પેઠણમાં ભ૦ પાર્શ્વનાથ,[1] (૫૫) **સેતુબંધમાં** ભ૦ નેમિનાથ, (૫૬–૬૧) વટપદ્ર, નાગલપુર, ઠક્કદેશ, **જાલંધર**, દેવપાલપુર, **દેવગિરિ** ( દોલતાબાદ )માં ભ૦ મહાવીરસ્વામી, (૬૨) **ચારૂપમાં** ભ૦ શાંતિનાથ, (૬૩–૬૪) દ્રોણાત તથા રત્નપુર (રતલામપુર)માં ભ૦ નેમિનાથ, (૬૫) અર્બુદપુરમાં ભ૦ અજિતનાથ, (૬૬) કોરટામાં ભ૦ મલ્લિનાથ, (૬૭–૬૮) ઢોર સમદ્રદેશમાં, તથા ગુજરાત પાટણમાં ભ૦ પાર્શ્વનાથ, (૬૯) ક્રોડો જિનેશ્વરના મંડપવાળા શત્રુંજય તીર્થમાં, ભ૦ શાંતિનાથ, (૭૦–૭૧) તારાપુર તથા વર્ધમાનપુરમાં ભ૦ આદિનાથ અને ભ૦ મુનિસુવ્રતસ્વામી, (૭૨) વટપદ્રમાં ભ૦ આદિનાથ, (૭૩) **ગોગપુર**(ઘોઘા)માં ભ૦ આદિનાથ, (૭૪) પિરચ્છનમાં ભ૦ ચંદ્રપ્રભુ વગેરે વગેરે ૮૪ જિનપ્રાસાદો જાણવા.

વિશેષ ઉલ્લેખ છે કે, મંત્રીએ (૧) **ઓંકારજીમાં** તોરણવાળો જિનપ્રાસાદ, (૨) માંધાતા પહાડમાં ત્રિશિખરી મંદિર, (૩) વિક્કનમાં ભ૦ નેમિનાથ, અને (૪) ચેલકપુર(એલીચપુર)માં ભ૦ આદિનાથનાં મંદિરો બંધાવ્યાં.

( જૂઓ–આ૦ મુનિસુંદરસૂરિકૃત 'ગુર્વાવલી શ્લો૦ ૧૯૧ થી ૨૦૧)

૧. ઉરંગલનું હાલમાં વરંગલ નામ છે. ઉરંગલ માટે જુવો (–પ્રક૦ ૩૫, પૃ૦ ૧૨૭)

જૈન સાઈટ JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ નોંધ ઉપરથી તારવી શકાય છે કે, વિક્રમની ચૌદમી શતાબ્દીમાં કયા કયા સ્થળે જૈનો હતા. આજે આ સ્થળોમાંના ઘણાં ગામ નગરોમાં જૈનવસતી નથી, જિનાલયો નથી.

આ નોંધ ઉપરથી આ૦ સોમપ્રભસૂરિના "વિશાળ વિહારક્ષેત્રનો" પણ ખ્યાલ આવે છે.

**તીર્થોદ્ધાર—**

સં૦ **સમરા શાહે** સં૦ ૧૩૭૧ માં શત્રુંજય મહાતીર્થનો ૧૫ મો ઉદ્ધાર કરાવ્યો, ત્યારે આ૦ સોમપ્રભસૂરિ સપરિવાર ત્યાં પધાર્યા હતા. (—પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૫, પ્રક૦૪૭, પૃ૦ ૪૨૩)

**ભીલડીમાં દિવ્યજ્ઞાન**

આ સમયે **ભીલડી** મોટું શહેર હતું. તેમાં મોટી સંખ્યામાં ધનાઢ્ય જૈનો વસતા હતા. ત્યાં વિવિધ ગચ્છના આચાર્યો ચાતુર્માસ ગાળવા રહેતા.

ઇતિહાસ કહે છે કે—સં૦ ૧૩૫૨ માં ભીલડીમાં આ૦ સોમપ્રભસૂરિ વગેરે ૧૧ જૈનાચાર્યો ચોમાસુ રહ્યા હતા. સં૦ ૧૩૫૩ ની સાલમાં બે કાર્તિક મહિના હતા, પોષ મહિનાનો ક્ષય હતો. અને ચૈત્ર કે ફાગણ મહિના પણ બે હતા.

આ૦ સોમપ્રભસૂરિએ એક રાતે આકાશમાં જોયું અને ગ્રહોની ચાલ તેમજ બીજાં નિમિત્તોથી જાણી લીધું કે, "ભીલડિયા નગરનો થોડા દિવસોમાં જ વિનાશ થશે," આથી અહીં રહેવું સલામતી ભર્યું નથી. **આચાર્યશ્રીએ** આ પ્રમાણે વિચારીને બીજા ૧૧ ગચ્છનાયકોની નામરજી હોવા છતાં, સં૦ ૧૩૫૩ ના પહેલા કાર્તિક મહિનાની સુદિ ૧૪ ના દિવસે ચોમાસી પ્રતિક્રમણ કરી, પહેલા કાર્તિક શુદિ ૧૫ ના રોજ ભીલડિયાથી વિહાર કર્યો. બીજા સાધુ–સાધ્વીઓ પણ ત્યાંથી નીકળી ગયાં, અને ત્યાંના રહેવાસી જૈનો પણ ઉછાળો ભરી એક સ્થળે જઈ વસ્યા. તે સ્થાને **રાધનપુર** નગર વસ્યું. બીજા ૧૧ ગચ્છનાયકો ભીલડિયામાં જ રહ્યા હતા. તેઓ બીજા કાર્તિક શુદિ ૧૫ ના રોજ વિહાર કરવાના હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ સોમપ્રભસૂરિ વગેરે ભીલડિયામાંથી નીકળી ગયા બાદ ત્યાં એકાએક ઉત્પાત મચ્યો, ચારે તરફ આગે પોતાની તાંડવ લીલા શરૂ કરી. આગની પ્રચંડ જ્વાળાઓમાં આખું ભીલડિયા તારાજ થઈ ગયું, ત્યાં રહેલા જૈનાચાર્યો અને જનતા સૌ કોઈ આગનો ભોગ બન્યા. જાનમાલની ભારે ખુવારી થઈ.

તે પછી સં૦ ૧૩૫૪ માં બાદશાહ અલ્લાઉદ્દીન ખિલજીના સેનાપતિ **અલફખાને** રહ્યા–સહ્યા ભીલડિયા નગરને ભાંગ્યું, અને લૂટ્યું. તે પછી જ અલફખાને ગુજરાતના પાટણ પર ચડાઈ કરી, અને કર્ણદેવ વાઘેલાને નસાડયો.

(ચાલુ જૈન ઇતિહાસ ભાગ બીજો, પુરવણી પૃ૦ ૭૬૯, ૭૭૭, પ્રક૦ ૪૪, પૃ૦ ૪૭, ૧૯૧)

સૌ જનતાને આચાર્યશ્રીના આ દિવ્ય જ્ઞાન માટે આશ્ચર્યભર્યું માન થયું.

**નોંધ :** આ૦ સોમપ્રભસૂરિએ સં૦ ૧૩૫૩ માં પ્રથમ કાર્તિક સુદિ ૧૪ ના રોજ ચોમાસી કરી, બીજે દિવસે વિહાર કર્યો. આ પ્રકારની જીત–વ્યવસ્થા જણાય છે, આથી આપણી પર્વ વિષયક માન્યતા વિશેની ઘણી ગૂંચો ઊકલી જાય છે. એ ગૂંચોનો ઊકેલ આ પ્રકારે છે.—

૧. સં૦ ૧૩૫૨ ના આસો વદિ ૦)) ના રોજ દિવાળી, અને સં૦ ૧૩૫૩ ના કાર્તિક શુદિ ૧ ના રોજ સૂર્યોદય કાળે નવું વર્ષ શરૂ થાય.

૨. પૂર્ણિમાન્ત કાર્તિક એટલે **પ્રીતિવર્ધન** મહિનો સળંગ અખંડ બને. કાર્તિક શુદિ ૧ ના રોજ સૌ જુહાર કરી, પ્રીતિમાં વધારો કરે.

૩. ભ૦ મહાવીરના નિર્વાણવાળી રાત જતાં ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયાનો સમય જોડાય. આથી એ પણ તર્કસંગત બને છે કે, કાર્તિક શુદિ ૧ એ હોય ત્યારે પહેલી એકમે ગણધર ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન અને નવા વર્ષનો આરંભ માનવો.

૪. ભ૦ મહાવીરસ્વામીના નિર્વાણ બાદ બીજે દિવસે સવારે કાર્તિક–શુદિ ૧ ના સૂર્યોદયથી વીર નિર્વાણ સંવત શરૂ થાય.

૫. વિક્રમસંવતનો પ્રારંભ ભ૦ મહાવીરસ્વામીના નિર્વાણના બીજે દિવસે થાય છે. તો સં૦ ૧૩૫૩ના કાર્તિક શુદિ ૧ થી વિ૦ સં૦ ૧૩૫૩ શરૂ થાય.

૬. વિ૦ સં૦ ૧૩૫૩ માં બે કાર્તિક મહિનાઓ હતા. તે પૈકીનો પહેલો કાર્તિક મહિનો અધિક મહિનો હતો, પણ તે કાલમાસ ન ગણાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. ભ૦ મહાવીરસ્વામીના નિર્વાણ બાદ લાગલાગટ ત્રીજે દિવસે કાર્તિક-શુદિ ૨ ના રોજ ભાઈબીજ પર્વ ઉજવાય.

૮. બંગાળ અને પૂર્વ ભારતમાં આસો વદિ ૧૩ થી કાર્તિક શુદિ ૨ સુધી એમ સળંગ પાંચ દિવસ સુધી ભ૦ મહાવીરસ્વામીના નિર્વાણની યાદીમાં સમવસરણના પ્રતીકરૂપે **હાટડી** માંડી, પાંચ દીવા કરી સળંગ પાંચ દિવસનો-ઉત્સવ ઊજવી શકાય. અખંડ ઉત્સવ ઉજવાય.

૯. કાર્તિક સુદિ ૧૪ ના રોજ ચોમાસીની આરાધના થાય.

૧૦. સં૦ ૧૩૫૨ના ભાદરવા શુદિ ૪ થી સં૦ ૧૩૫૩ના કાર્તિક શુદિ ૧૪ સુધીમાં ૭૦ દિવસનું નાનું ચોમાસુ પૂરું થાય.

૧૧. સં૦ ૧૩૫૨ની આષાડ ચોમાસી, સં૦ ૧૩૫૩ ની કાર્તિક ચોમાસી અને સં૦ ૧૩૫૩ ની ફાગણ ચોમાસી એ ત્રણે ચોમાસીને બરાબર ૧૨૦ ચાંદ્ર દિવસો મળી રહે.

૧૨. સં૦ ૧૩૫૩ના કાર્તિક શુદિ ૧૫ ના રોજ પૂનમના વિહાર થાય. યાત્રા થાય.

૧૩. એ કાર્તિક બન્યા પછી માગશરનો ક્ષય થતો હોય તો બીજો કાર્તિક મલમાસ બને છે. તેનાથી બચી જવાય અને તેમાં માગશરનાં કામો કરી શકાય.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

૧૪. સંઘ ભવિષ્યમાં આવા પ્રસંગે એક ધોરણે પર્વ વ્યવસ્થા કરી શકે.

( જીત આચાર )

**વિશેષ નોંધ**–ગુજરાતી વિ૦ સં૦ ૨૦૨૦માં કાર્તિક મહિનો વધે છે, માગસર મહિનો ઘટે છે. અને ચૈત્ર મહિનો વધે છે. આથી અમે વિ૦ સં૦ ૨૦૧૭ના આસો સુદિ ૨ ને બુધવારે “વિ૦ સં૦ ૨૦૨૦નાં જૈન પર્વો “નામની પુસ્તિકા પ્રકાશિત કરાવી, વિ૦ સં૦ ૧૩૫૩ની સાલની ઉક્ત ઘટના ( જીતાચાર ) તરફ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પરિણામે ગીતાર્થ જૈનાચાર્યોએ સં૦ ૨૦૨૦માં પહેલા કાર્તિકમાં કાર્તિક મહિનો અને બીજા કાર્તિકમાં માગસર મહિનો માની લેવાનું જાહેર કર્યું છે.

મુંબઇના પ્રસિદ્ધ દૈનિકપત્ર જન્મભૂમિના પંચાંગ વિભાગના સંપાદક શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ શાહે હીંદમાં આ મહિનાઓની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરાધનામાં એકતા બની રહે, તે માટે આંદોલન ચલાવ્યું હતું. આથી પંજાબની સનાતન ધર્મ પ્રતિનિધિ સભાની વિદ્વદ્‌પરિષદે તા. ૧૧-૪-૧૯૬૨ને રોજ કુંભના મેળામાં હરદ્વારમાં પં૦ સીતારામ ઝા, જ્યોતિષાચાર્યની અધ્યક્ષતામાં જ્યોતિષ સંમેલન મેળવ્યું, તેમાં ભારતના પંચાંગકાર—જ્યોતિષીઓએ સર્વાનુમતે ઠરાવ કર્યો હતો. કે—

સં૦ ૨૦૨૦માં પ્રત્યક્ષ ગણિત પ્રમાણે કાર્તિક જ વધે છે. અને માગસર જ ઘટે છે. પણ તેની પહેલાંનો આસો વધતો નથી જ. તો પંચાંગકારોએ એ પ્રમાણે જ પોતાનાં પંચાંગ બનાવવાં, અને ગણિતની એકતા જાળવવી.

આથી સ્પષ્ટ છે કે—બીજા હીન્દુઓ પણ પહેલા કાર્તિકમાં કાર્તિકનાં અને બીજા કાર્તિકમાં માગશરનાં વિધિવિધાન કરશે.

(વિ૦ સં૦ ૨૦૧૯ ભારતીય રાષ્ટ્રિય શાકે ૧૮૮૪-૮૫ના જન્મભૂમિ પંચાંગની પ્રસ્તાવના પૃષ્ઠ-૧)

**દીવ્ય ઘટના—**

આ૦ સોમપ્રભસૂરિ ચિત્તોડના કિલ્લામાં વિરાજમાન હતા, ત્યારે પણ તેમની ઉપર ભામંડલ પ્રભા છત્ર વગેરે આકાશમાં આશ્ચર્યકારક ઘટના બની હતી, આ પ્રકારના ચમત્કારોથી સૌ આશ્ચર્ય મુગ્ધ બન્યા હતા. (—ગુર્વાવલી, શ્લો૦ ૨૬૦ થી ૨૬૩)

**મૈત્રી**—આ૦ સોમપ્રભસૂરિ અને ખરતરગચ્છના આ૦ જિનપ્રભસૂરિ વચ્ચે ગાઢ મૈત્રી હતી. બંને આચાર્યો જ્યોતિષ અને મંત્ર વિષયના ઊંડા અભ્યાસીઓ હતા. તેઓ વિદ્યાની આપલે કરતા.

(—પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૮)

"વીરવંશાવલી"માં આ૦ સોમપ્રભસૂરિ વિશે કેટલીક વિશેષ માહિતી આ પ્રકારે મળે છે.—

કચ્છના ચોબારી ગામમાં એક મારો કોઈના ચડાવવાથી રાતે આચાર્યશ્રીને મારી નાખવા તેમની પાસે આવ્યો, તે મારો ગુરુમહારાજને **મહાપુરુષ** સમજીને ઘા કરતો રોકાઈ ગયો, અને તેમને નમસ્કાર કરીને પોતાના ઘરે ચાલતો થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પછી આચાર્યશ્રી માંડવગઢ પધાર્યા. પછી વડોદરા, સાંખેહડા, ડભોઈ, જંબૂસર, આમોદ, ખંભાત, અહમદાવાદ, આશાપલ્લી, કઠવાડા, કુરમાનવાડી, સિકંદરપુર, વીસનગર થઈ વડનગરમાં પધાર્યા.

**ગ્રંથો**

આ૦ સોમપ્રભસૂરિએ ઘણા ગ્રંથો રચ્યા છે, તે નીચે મુજબ જાણવા મળે છે.—

'નમિઉણ ભણઇ યત્રાખિલ૦' વગેરે 'આરાધનાસૂત્રો.' વિસ્તૃત 'યતિજીતકલ્પસૂત્ર,' 'યમકમય,' '૨૮ જિનસ્તુતિઓ,' 'જિનેન યેન૦' સ્તુતિ 'શ્રીમદ્ધર્મ૦' સ્તુતિ. વગેરે.

**પટ્ટધરો**—તેમની પાટે આ પ્રકારે ચાર આચાર્યો થયા.

૧. આ૦ **વિમલપ્રભસૂરિ**—તે સં૦ ૧૩૫૭માં આચાર્ય થયા. તે અલ્પાયુષી હતા. દયાસાગર હતા. તેમણે ઉપદેશ આપી ૩૦૦ નવા જૈનો બનાવ્યા હતા. (ગુર્વાવલી, શ્લો૦ ૨૬૯)

૨. આ૦ **પરમાનંદસૂરિ**—તે સં૦ ૧૩૭૩માં આચાર્ય થયા. તેમને જોઇને સૌ આનંદ પામતા. તે ચાર વર્ષ જીવીને સં૦ ૧૩૮૧માં સ્વર્ગે ગયા.

૩. આ૦ **પદ્મતિલકસૂરિ**—તેમનાં સં૦ ૧૩૬૮માં દીક્ષા, સં૦ ૧૩૭૫માં **આચાર્યપદવી,** અને સં૦ ૧૪૨૫માં સ્વર્ગગમન થયાં. તેઓ શુદ્ધ સંયમનિષ્ઠ હતા. તે દીક્ષામાં આ૦ સોમતિલકસૂરિથી એક વર્ષે મોટા હતા. એક વર્ષ જીવીને તેઓ પણ સ્વર્ગે ગયા.

૪. **આ૦ સોમતિલકસૂરિ**— તેમનાં સં૦ ૧૩૫૫ના મહા-માસમાં જન્મ, સં૦ ૧૩૬૯માં **દીક્ષા**, સં૦ ૧૩૭૩માં આચાર્યપદ અને સં૦ ૧૪૧૪માં સ્વર્ગગમન થયાં. તે મોટા પ્રભાવશાળી હતા. આ૦ સોમપ્રભસૂરિએ તેમને નાની ઉંમરમાં **ગચ્છનાયક** બનાવી, પોતાની પાટે સ્થાપન કર્યા. (–પ્રક૦ ૪૮) તેમનાથી મોટા ત્રણ આચાર્યો અલ્પાયુષી હતા. આથી આ એકલા સૂરિએ જ ગચ્છનો ભાર ઉપાડી લીધો. (–ગુર્વાવલી, શ્લો૦ ૨૭૬)

આ૦ **સોમપ્રભસૂરિએ** આ૦ પરમાનંદ તથા આ૦ સોમતિલક-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂરિને સં૦ ૧૩૭૩માં જંઘરાલનગરના મહાવીર જિનપ્રાસાદમાં આચાર્યપદ આપ્યું. પછી તે ૭ મહિના બાદ સં૦ ૧૩૭૩માં જ **ખંભાતમાં** મંત્રી **આલિગના** ઉપાશ્રયમાં કાળધર્મ પામ્યા.

(-પ્રક૦ ૪૧, પૃ૦ ૬૭૪)

આચાર્યશ્રી જે રાતે સ્વર્ગે ગયા, તે રાતે ઉપાશ્રય પાસે રહેતા **મનુષ્યોએ** જોયું કે, "આકાશમાં અજવાળું થયું, વિમાન આવ્યું. અને આકાશમાંથી અવાજ સંભળાયો કે, આ૦ સોમપ્રભસૂરિ પહેલા દેવલોકના 'સામાનિકદેવ' બન્યા છે."

૧. **પ્રભાવકો**-આ સમયે ઘણા **પ્રભાવકો** થયા હતા.

યુગપ્રધાન **શીલમિત્ર**-તેમનો સં૦ ૧૨૭૪ થી ૧૩૫૩ સુધીનો **યુગપ્રધાન** કાળ હતો. કેટલીક પ્રભાવક ઘટનાઓ એવી મળે છે કે, **દાદા ધર્મઘોષસૂરિ** (સ્વ૦ સં૦ ૧૩૫૭)ને અથવા તે કાળના કોઈ ગીતાર્થ આચાર્યને આપણે **યુગપ્રધાન** કહી શકીએ. (જૂઓ પૃ૦ ૪૦૯)

**વિ૦ સં૦ ૧૩૩૪**-આ સાલમાં ઘણી ઐતિહાસિક **ઘટનાઓ** બની હતી, તે આ પ્રકારે હતી.—

૧. સં૦ ૧૩૩૪માં બે કાર્તિક મહિના હતા, બે ચૈત્ર મહિના હતા, અને પોષ મહિનાનો ક્ષય હતો.

૨. ખરતરગચ્છના (૪૨મા) આ૦ જિનેશ્વરસૂરિ સં૦ ૧૩૩૧માં સ્વર્ગે ગયા. તે પછી સં૦ ૧૩૩૩-૩૪ માં ખરતરગચ્છમાં ઓશવાલ ગચ્છ, અને શ્રીમાલગચ્છ એમ બે **ગચ્છો** બન્યા.

(-પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૪-૪૭૦)

૩. સં૦ ૧૩૩૪ના વૈશાખ મહિનામાં વદમાં આ૦ **જિનપ્રબોધે** ભીલડિયામાં "ગૌતમસ્વામીની પ્રતિમા" પધરાવી.

(-પ્રક૦ ૪૦, પૃ૦ ૪૪૧)

૪. ખરતરગચ્છના **મહો૦ વિવેકસમુદ્રે** સં૦ ૧૩૩૪ના પ્રથમ કાર્તિક સુદિ ૧૫ના દિવસે જેસલમેરમાં "પુણ્યસારચરિત્ર" ગ્રંથ રચ્યો. (-પ્રક૦ ૪૦, પૃ૦ ૪૪૧)

અને આ૦ જિનપ્રબોધસૂરિએ તેનું સંશોધન કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. નાગેંદ્રગચ્છના આ૦ વિબુધપ્રભે સં૦ ૧૩૩૪માં શાલિભદ્રચરિત્ર સર્ગ: ૭ રચ્યું, જેની પહેલી પ્રતિ આ૦ પદ્મચંદ્રે લખી. તેનું રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સંશોધન કર્યું. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૮)

૬. રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સં૦ ૧૩૨૪ (?) માં 'સમરાદિત્યચરિત્રસંક્ષેપ રચ્યો. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૨૩)

૭. રાજગચ્છના આ૦ પ્રભાચંદ્રસૂરિએ સં૦ ૧૩૩૪ ના ચૈત્ર વદિ ૭ ને શુક્રવારે પુનર્વસુ નક્ષત્રમાં 'પ્રભાવકચરિત્ર ગ્રં૦ ૫૭૭૪ રચ્યું. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૨૭)

## વિ૦ સં૦ ૧૩૭૧ની ઘટનાઓ

સં૦ ૧૩૭૧માં કેટલીક ઐતિહાસિક ઘટનાઓ આ પ્રકારે બની.

૧. સં૦ ૧૩૬૮માં અલ્લાવદીને શત્રુંજય તીર્થ ભાંગ્યું, ત્યારે ઉપકેશગચ્છના આ૦ સિદ્ધસેનસૂરિના ઉપદેશથી સં૦ દેશલ અને **સમરાશાહે** દિલ્હીના બાદશાહ અને ગુજરાતના સૂબાને પ્રસન્ન કરી સં૦ ૧૩૭૧ના માહ સુદિ ૭ ને ગુરુવારે શત્રુંજય ઉપર ખંડિત થયેલા જિન પ્રાસાદોને સમરાવી તેમાં ભ૦ આદિનાથની પ્રતિમા બેસાડી.[1] (–પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૦, ૧૯૨; પ્રક૦ ૪૪, પૃ૦ ૧૪)

## સમકાલીન આચાર્યો

સમરાશાહે સં૦ ૧૩૭૧ના માહ સુદિ ૭ ને ગુરુવારે શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવ્યો. આ પ્રસંગના ઉત્સવમાં ઘણા ગચ્છના આચાર્યો વિદ્યમાન હતા. કેટલાંકનાં નામો આ પ્રકારે છે—(આ આચાર્યોનો વિશેષ પરિચય તે તે પ્રકરણમાં જૂઓ)

આ૦ દેવગુપ્તસૂરિ, આ૦ **સિદ્ધસેનસૂરિ,** આ૦ કક્કસૂરિ (પ્રક૦ ૧, ઉપકેશગચ્છ પટ્ટાવલી, પટ્ટાંક: ૬૪–૬૫–૬૬ પૃ૦ ૩૨–૩૩), આ૦ વિબુધપ્રભસૂરિના પટ્ટધર આ૦ **પ્રભાનંદસૂરિ,** જેમનું બીજું

---

૧. સમરાશાહના વંશજ શા૦ શ્રી સિંહદત્તના પુત્ર શા. શ્રી શ્રીપાલે સં૦ ૧૫૩૫ ના ભા૦ સુ૦ ૪ના રોજ ઉપા૦ આનંદસમુદ્રગણિને "કલ્પસૂત્ર અને "ચતુર્વિંશતિ પુસ્તિકા" વહોરાવ્યાં.
(શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૬૪)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

નામ પદ્મચંદ્ર હતું ( પ્રક૦ ૩૫, નાગેંદ્રગચ્છ પટ્ટાવલી ત્રીજી, પટ્ટાંક; ૫, પૃ૦ ૮ ), આ૦ **વીરસૂરિ** ( પ્રક૦ ૩૪, ભાવાચાર્યગચ્છ પટ્ટાવલી, પટ્ટાંક: ૭, પૃ૦ ૫૫૭ ), આ૦ **વર્ધમાનસૂરિના** શિષ્ય આ૦ સર્વદેવસૂરિ ( પ્રક૦ ૩૭, થારાપદ્રગચ્છીય પટ્ટાવલી, પટ્ટાંક: ૧૨, પૃ૦ ૨૬૭ ), આ૦ જગચ્ચંદ્રસૂરિ ( પ્રક૦ ૩૫, બ્રહ્માણગચ્છ પૃ૦ ૬૮), આ૦ વજ્રસેન, આ૦ **હેમતિલકસૂરિ** ( પ્રક૦ ૪૧, વાદિદેવસૂરિ સંતાનીય પટ્ટાવલી: ૧૨; પૃ૦ ૫૯૨ ), આ૦ **આમ્રદેવસૂરિ** (પ્રક૦ ૩૫, નિર્વૃતિકુલ પૃ૦ ૪૯ ), **આ૦ રત્નાકરસૂરિ** ( પ્રક૦ ૪૪, તપાગચ્છ વડીપોષાળ, પટ્ટાંક; ૪૯ પૃ૦ ૧૪) આ૦ ધર્મઘોષપટ્ટે આ૦ સોમપ્રભસૂરિ ( પ્રક૦ ૪૭, વડગચ્છ–તપાગચ્છ લઘુપોષાળ. પટ્ટાંક; ૪૭ પૃ૦ ૪૧૭)

૨. **પ્રભાવકો**—આ સમયે આ સિવાય ખરતરગચ્છના (૪૪ મા ) આ૦ જિનચંદ્રસૂરિ, આ૦ જિનપ્રભસૂરિ, અંચલગચ્છના ૪૮ મા આ૦ ધર્મપ્રભસૂરિ, કચ્છૂલીગચ્છના (૪૮ મા ) **આ૦ નરચંદ્રસૂરિ** આ૦ હેમસૂરિ વગેરે પ્રભાવક આચાર્યો પણ થયા હતા.

**આ૦ હેમસૂરિ**—

ચંદ્રગચ્છના આ૦ અજિતસિંહસૂરિના શિષ્ય આ૦ હેમસૂરિ થયા. તેમના શિષ્ય આ૦ મહેન્દ્રપ્રભસૂરિ હતા.

( હીંદી પ્રાગ્વાટ ઇતિહાસ પૃ૦ ૨૩૧ )

૩. સં૦ ૧૩૭૧ ના માહ સુદિ ૭ ને ગુરુવારે શત્રુંજય તીર્થનો ૧૫મો મોટો ઉદ્ધાર થયો.

૪. આ સમયે સં૦ દેશળ, સં૦ **સમરાશાહ,** સં૦ સારંગ વગેરે પ્રભાવક શ્રાવકો થયા. (–પ્રક૦ ૩૫, વેસટવંશ, પૃ૦ ૧૯૫ )

**અમારિ**

૫. આ સમયે આ૦ દેવસુંદરસૂરિના પટ્ટધર આ૦ **સાધુરત્નસૂરિના** ઉપદેશથી વેસટવંશના અરડકમલ સાધુ **સજ્જનસિંહ** ઓશવાલની મદદથી શંખલપુરના **કોચરશાહે** બહુચરાજીના ૧૨ ગામોમાં મોટી અમારિ પળાવી. (–પ્રક ૩૫, પૃ૦ ૧૯૯ )

૬. આ૦ આમ્રદેવે સં૦ ૧૩૭૧ માં 'સમરારાસ' બનાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. આ સમયે ઠ૦ મહાકવિ ભોજક દેપાલ થયો.

૮. ઠ. ફેરુ (ફેર) એ સં૦ ૧૩૭૨ દિલ્હી પ્રદેશના કર્નાવલ ગામમાં પ્રાકૃત ભાષામાં 'વત્થુસાર' (વાસ્તુસાર) ગાથા : ૧૮૨ તથા અલ્લાઉદ્દીનના રાજ્યમાં દિલ્હીમાં 'રયણપરિક્ખ' ગાથા : ૧૨૭ બનાવી. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૯૭)

**ગ્રંથકારો–**

પૂનમિયાગચ્છમાં (૪૦) આ૦ ચંદ્રપ્રભુ (૪૧) આ૦ ધર્મઘોષ (૪૨) આ૦ ચક્રેશ્વરસૂરિ (૪૩) આ૦ શિવપ્રભ (૪૪) આ૦ તિલકપ્રભ. (૪૫) આ૦ પદ્મપ્રભ થયા હતા. (–પ્ર૦ ૪૦ પૃ૦ ૪૯૫ થી ૫૦૫) બીજી પરંપરા આ પ્રમાણે મળે છે–

(૪૨) આ૦ ચક્રેશ્વરસૂરિ–તે રાજમાન્ય હતા. તેમને "કૂર્ચાલ સરસ્વતી" નું બિરૂદ હતું. તેમણે ૬ આચાર્યો બનાવ્યા હતા.

(૪૩) ત્રિદશપ્રભસૂરિ (૪૪) તિલકપ્રભસૂરિ

(૪૫) આ૦ ધર્મપ્રભસૂરિ–તે શાન્ત સ્વભાવના પ્રભાવક મીઠાબોલા અને અમોઘ વ્યાખ્યાતા હતા.

(૪૬) અભયપ્રભસૂરિ (૪૭) રત્નપ્રભસૂરિ

(૪૮) તેમના શિષ્ય આ૦ કમલપ્રભસૂરિ–તેમણે સં૦ ૧૩૭૨માં ધોળકામાં મંત્રાધિરાજ શ્રી પાર્શ્વનાથના પ્રસાદથી સંસ્કૃતમાં શ્રી પુંડરિકસ્વામી ચરિત્ર સર્ગ–૮ બનાવ્યું.

**નગર સ્થાપના**

૯. આ સમયે સં૦ ૧૩૭૩માં સોજતનગર વસ્યું.

સં૦ ૧૩૭૧ માં ડુંગરપુર વસ્યું. (–પ્રક૦ ૫૦ ડુંગરપુર)

સં૦ ૧૩૩૭ માં અલ્લાઉદ્દીન બાદશાહે જાલોર કિલ્લો બાંધ્યો.

સં૦ ૧૩૭૭ માં ગુજરાતમાં મોટો દુકાળ પડયો હતો.

સં૦ ૧૪૦૭માં બુરાનપુર વસ્યું.

સં૦ ૧૪૧૩માં સંગમનેર વસ્યું.

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ અડતાલીસમું

*

## આ૦ સોમતિલકસૂરિ (સ્વ. સં. ૧૪૨૪)

આ૦ સોમપ્રભસૂરિની પાટે **આ૦ સોમતિલકસૂરિ** થયા.

તેમનાં વિ૦ સં૦ ૧૩૫૫ના માહ મહિનામાં જન્મ, સં૦ ૧૩૬૯માં દીક્ષા, સં૦ ૧૩૭૩માં **આચાર્યપદ** અને ૬૯ વર્ષની ઉંમરે સં૦ ૧૪૨૪માં "આ૦ ચંદ્રશેખરના સ્વર્ગવાસ" પછી બીજે વર્ષે **સ્વર્ગગમન** થયાં, એ સ્વર્ગે ગયા ત્યારે આકાશમાં પ્રકાશ થયો, આથી સૌએ જાણ્યું કે આચાર્યશ્રી સ્વર્ગે ગયા છે, પાત્રમાં આવેલી **દેવી પદ્માવતીએ** કહ્યું. કે "આચાર્યશ્રી સૌધર્મેન્દ્ર સમાન દેવ બન્યા છે."

(–ગુર્વાવલી, શ્લો૦ ૨૯૧ થી ૨૯૩)

આ૦ **સોમતિલકસૂરિજી માટે** સં૦ ૧૪૧૩ તથા સં૦ ૧૪૩૨ની ગ્રંથોની પ્રશસ્તિઓમાં **નોંધપાત્ર વિશેષણો** મળે છે કે, શ્રી ચંદ્રગચ્છમાં પ્રદ્યોતનાભ, સર્વાભિમતસુમતિ, જ્ઞાનેંદુકાંતિવિરાજમાન, સર્વાંગાવયવસુંદર, પરમપૂજ્ય, ભટ્ટારક, શ્રી સોમતિલકસૂરિ[1-2]

---

१. **श्रीयुगप्रधानयंत्रप्रशस्ति– श्रीयुगप्रधानयंत्र–**

इति श्रीभद्रबाहुप्रणीत दुषमाप्राभृततश्चतुरधिक द्विसहस्रयुगप्रधानस्वरूपं सुखावबोधार्थं **श्रीदेवेन्द्रसूरिणा** यन्त्रपत्रे न्यासीचक्रे ॥ श्रीचन्द्रगच्छे प्रद्योतनाभ **श्रीसोमतिलकसूरि**स्तेषामुपाध्याय-श्रीहंसभवनगणिप्रसादतः श्रीशिष्य **श्रीकीर्तिभुवनेन** 'श्रीमति स्तंभनकपुरे' विक्रमात् संवत् त्रिश्व–मनु १४१३ वर्षे लिखितं "श्रीपद्मपत्तने" श्रीवासुपूज्यप्रसत्तेः ॥

(શ્રીપ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨ પ્ર૦ નં૦ ૮, ઇતિ૦ પ્રક૦ ૪૬ પૃ૦ ૪૦૮)

२. एवं ग्रं० २७२० इति भद्रमस्तु जिनशासनाय। सर्वाभिमतसुमति

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઉપરથી સમજી શકાય છે કે, તેમનું શરીર તેજ:પુંજ જેવું હતું. તેમનું જ્ઞાન સૌ પ્રશંસા કરે એવું પરિણામી, ચંદ્રસમાન શૈત્યવાળું હતું. એટલે કે, **આ૦ સોમતિલકસૂરિ** સર્વરીતે સુંદર દેહવાળા તથા શુદ્ધ જ્ઞાનવાળા, અને બહુ પ્રતાપી પુરુષ હતા, તેમના આચાર્યપદવીના ઉત્સવમાં **જંઘરાલના સંઘપતિ ગજરાજે** અઢી લાખ ટકા ખરચ્યા હતા. (–ગુર્વાવલી : શ્લો૦ ૨૭૭)

**નોંધ :** દોલતસિંહજી લોઢા (અરવિંદ) B. A. લખે છે કે–આ૦ સોમતિલકસૂરિ પોરવાડ હતા. (–પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ-૩, પૃ૦ ૩૨૪)

**સાહિત્ય**–તેમણે 'સિદ્ધાન્તસ્તવાવચૂરિ,' 'પૃથ્વીધરસાધુપ્રતિષ્ઠાપિત જિનસ્તોત્ર શ્લો૦ ૧૬, 'બૃહન્નવ્યક્ષેત્રસમાસ,' ૨૫ 'અર્થયુક્ત' 'કાવ્ય,' શ્રીતીર્થરાજ૦ ચાર 'અર્થયુક્ત સ્તુતિ,' તથા તેની વૃત્તિ, સંઘપતિ હેમની વિનતિથી બનાવેલ 'સત્તરિસયઠાણ પગરણ' ગા૦ ૩૫૯[3] યત્રાખિલ૦,' જય વૃષભ૦ અને સસ્તાખિલશર્મ૦ વગેરે સ્તોત્રોની ટીકાઓ, શુભભાવાનવ૦, શ્રીમદ્વીરં સ્તુવે: ઇત્યાદિ કમલબંધ સ્તવ, શિવશિરસિ૦ શ્રી નાભિસંભવ૦ શ્રી શૈવેય૦ વગેરે સ્તોત્રો–સ્તવનો રચ્યાં હતાં

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

તેમણે પોતાની પાટે ત્રણ આચાર્યોની સ્થાપના કરી.

(૧) **આ૦ ચંદ્રશેખરસૂરિ**–તેમનાં સં૦ ૧૩૭૩માં જન્મ, સં૦ ૧૩૮૫માં દીક્ષા, સં૦ ૧૩૯૨માં આચાર્યપદ અને સં૦ ૧૪૨૩માં

" ज्ञानेन्दु कान्तिविराजमान सर्वांगावयवसुन्दर परमपूज्य भट्टारक **श्रीसोमतिलकसूरिपाद** शिष्यलवेन लिखितमस्ति ॥ मङ्गलमस्तु श्री चतुर्विधसंघाय ॥ संवत् १४३२ ॥ (શ્રી પ્રશસ્તિ સં૦ ભા૦ ૨, પ્ર૦ નં ૧૧

૩. **શ્રી સત્તરિસયઠાણ–સ્તબકપ્રશસ્તિ–**

ઇતિ........સંવત્ ૧૩૮૭ સંવત્સરિ લિખ્યઉં ઈહિ સોમતિલકસૂરઈ, અભ્યર્થના કીધી, સંઘવી હેમઇ સંઘવી રત્નાબાઇ બેટાઈ હેમ ઈસઇ નામઇ નામ તેહનો, એક સત્તરિએ કર્મરિ સંખ્યા જેકો જિનનાએ સ્થાનક ભણઈ સાંભલઈ શુભધ્યાંન સુણઇ અર્થનઈ ચીંતવઈ, તે જીવ સીઘ્ર સમ્યકત્વ પામઈ ॥ ૧ ॥ લાભઈ જ્ઞાનદર્શનચારિત્ર સીઘ્ર યાં યાં મેયાંમઈ તે જીવ અમર વિમાન ॥ પરમસુખનિધાન જાઈ તે જીવ સિદ્ધસ્થાનકનઈ વિષઈ ॥ ઇતિ ॥

(–શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં. ૫)

સ્વર્ગગમન થયાં, તેઓ ભટ્ટા૦ દેવસુંદરસૂરિના ગુરુભાઈ હતા, રૂપાળા અને તેજસ્વી હતા. તેઓ મોટા વિદ્વાન હતા, પ્રૌઢ વ્યાખ્યાતા હતા, તેમણે ઉષિતભોજનકથા, યવરાજર્ષિકથા સ્તંભનપાર્શ્વનાથનું હારબંધ-સ્તવન શત્રુંજયસ્તુતિ, અને ગિરનારસ્તુતિ વગેરે રચ્યાં હતાં.

તેમણે મંતરેલી **ધૂળની ચપટીથી** મોટા મોટા "ઉપદ્રવો" શાંત થતા હતા.

(૨) **આ૦ જયાનંદસૂરિ**– તે વીરા પોરવાડના ત્રીજા પુત્ર હતા, તેમનાં સં૦ ૧૩૮૦માં જન્મ, સં૦ ૧૩૯૨ના અ૦ સુ૦ ૭ ને શુક્રવારે **ધારમાં** દીક્ષા, સં૦ ૧૪૨૦ના ચૈ૦ સુ૦ ૧૦ ના પાટણમાં સિંહાક પલ્લીવાલના ઉત્સવમાં **આચાર્યપદ** અને સં૦ ૧૪૪૧માં સ્વર્ગગમન થયાં. (–ગુર્વાવલી શ્લો૦ ૨૯૩ થી ૨૯૮ ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૯, કલમ ૫ મી)

આ૦ જયાનંદસૂરિને સૌથી મોટો ભાઈ **સાજન** નામે હતો, તે તેમને દીક્ષાની આજ્ઞા આપતો નહોતો. છેવટે તે સાજન **શાસનદેવીથી પ્રતિબોધ** પામ્યો, ત્યારે તેણે તેમને દીક્ષાની અનુજ્ઞા આપી. તે આચાર્ય સરસ્વતી અને ચારિત્રલક્ષ્મીના, આધાર સ્થાન હતા.

(–ગુર્વાવલી શ્લો૦ ૨૯૯)

**આ૦ જયાનંદસૂરિના** બીજા મોટા ભાઈ "વયજાની" પુત્રી **રૂપલદેવીએ** સં૦ ૧૪૫૮–૫૯ પ્ર૦ ભા૦ સુ૦ ૮ ના રોજ પાટણમાં 'પઉમચરિય ગ્રં૦ ૧૦૫૦૦ લખાવીને પાટણભંડારને આપ્યું.

(–પ્રક૦ ૩૫ પૃ૦ ૬૬, પ્રક૦ ૪૫ પૃ૦ ૨૮૯)

તેમના વ્યાખ્યાનમાં બ્રાહ્મણો પણ આવતા હતા.

(–ગુર્વાવલી શ્લોક ૨૯૭)

**ગ્રન્થો**–આ૦ જયાનંદસૂરિએ સં૦ ૧૪૧૦માં ગુજરાતીમાં ક્ષેત્રસમાસ–રાસ,' સંસ્કૃતમાં 'સ્થૂલભદ્રચરિત્ર,' અને દેવા પ્રભોયં૦ સ્તોત્ર શ્લો૦ ૯. રચ્યાં.

મહો૦ **મેઘવિજયજી** ગણિવરે "ભ૦ વિજયપ્રભસૂરિના રાજ્યમાં દેવા પ્રભોડયં૦ સ્તોત્રની "અવચૂરિ" બનાવી. જેમાં તેમણે સારસ્વત 'વ્યાકરણસૂત્ર' થી શબ્દસિદ્ધિ કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) આ૦ **દેવસુંદરસૂરિ**—તેમના પગમાં ઉત્તમ લક્ષણો હતાં, ભ૦ સોમતિલકસૂરિવરે કોડિનારમાં અબિંકાદેવીની સામે બેસી, કોણ ગચ્છનાયકપદને યોગ્ય છે? તે જાણવા ધ્યાન કર્યું, ત્યારે અંબિકા દેવીએ જણાવ્યું કે ભગવન્ ક્ષુલ્લકદેવસુંદર ગચ્છનાયકપદને યોગ્ય છે. (ગુર્વાવલી શ્લોક. ૩૦૩, ૩૦૪, ૩૦૫)

ગુરુદેવે તેમને **ગચ્છનાયક** બનાવ્યા તેઓ આ૦ **જયાનંદસૂરિનું** બહુમાન કરતા હતા. (–પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨ પ્ર૦ નં. ૧૧૦) (જૂઓ પ્રક૦ ૪૯ મું)

**પ્રભાવકો**—આ સમયે ઘણા **પ્રભાવકો** થયા. કેટલાક આ પ્રમાણે હતા.

(૧) **આ૦ જિનપ્રભસૂરિ**—આ૦ સોમપ્રભસૂરિ અને આ૦ જિનપ્રભસૂરિ વચ્ચે ગાઢ પ્રેમ હતો. (–પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૮)

ખરતરગચ્છના પં૦ **રવિવર્ધન** ગણિ લખે છે કે, આ૦ જિનપ્રભસૂરિ વિહાર કરતા કરતા ગુજરાતના **પાટણ** શહેરમાં પધાર્યા, અને ત્યાં તપાગચ્છની પોષાળમાં ઊતર્યા. ત્યારે ત્યાં તપાગચ્છના આ૦ **સોમપ્રભસૂરિ** હતા. આ૦ સોમપ્રભસૂરિએ આ૦ જિનપ્રભસૂરિની પ્રશંસા કરતાં કહ્યું કે. "તમે બાદશાહને પ્રતિબોધી, જૈન શાસનની સારી પ્રભાવના કરો છો. એ ખરેખર પ્રશંસનીય વાત છે." આ૦ જિનપ્રભસૂરિએ ગંભીરતાથી જવાબ વાળ્યો કે, 'પૂજ્ય ! અમે બાદશાહની પાસે રહીએ છીએ, પણ એક રીતે તો પરાધીન છીએ. જ્યારે તમે "નિરતિચાર ચારિત્ર" પાળો છો, તમારા જેવા મુનિવરો વિદ્યમાન છે. આથી જ જૈનશાસનમાં **ચારિત્ર** વર્તે છે' આ રીતે તેમની વચ્ચે પ્રેમાલાપ થયો.

આ પોષાળમાં ઉંદરોનો ત્રાસ વધારે હતો, આ૦ જિનપ્રભસૂરિએ મંત્રના બળથી આ ઉપદ્રવ મટાડ્યો, અને બધા મુનિવરો આશ્ચર્ય પામ્યા. (જિનપ્રભસૂરિ કલ્પ, –પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૫ થી ૪૭૦)

(૨) આ૦ જિનપ્રભસૂરિના શિષ્ય **પં૦ આદિગુપ્ત** ગણિ લખે છે કે—

'येन (जिनप्रभसूरिणा) प्रतिदिनं नव्यस्तोत्रादिकरणानन्तरमेवा हार-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ग्रहणाभिग्रहेण नैकानि स्तोत्राणि विरचितानि। पद्मावतीदेवीवचनात् तपागच्छमभ्युदयवन्तं समीक्ष्य श्रीसोमतिलकसूरये ९०० स्तोत्राणि समर्पितानि.

( –સિદ્ધાન્તસ્તવની અવચૂરિ )

આ માટે બીજો પણ ઉલ્લેખ આ પ્રકારે છે.—

पद्मावतीदेवीवचनतोऽभ्युदयं विभाव्य। यत्सूरये स्तवन सप्तशतीं स्वकीयाम्।
सूरिर्जिनप्रभउपप्रपदेप्रथायै, सोऽयं सतां तपगणो न कथं प्रशस्यः ॥१॥

( –પ્રક૦ ૪૦, પૃ૦ ૪૬૮)

સંભવ છે કે આ ગાઢ મૈત્રીના પરિણામે જ તેમના પ્રીતિપાત્ર બાલમુનિઓનાં આ૦ જિનકીર્તિસૂરિ, આ૦ જિનસુંદરસૂરિ નામ પ્રવર્ત્યાં હોય. ( –પ્રક૦ ૫૦ )

(૩) આ સમયે ઉપકેશગચ્છના (૬૬મા) **આ૦ કક્કસૂરિએ** સં૦ ૧૩૯૩ માં 'ઉપકેશગચ્છ પ્રબંધ' તથા 'નાભિનંદન જિનોદ્ધાર-પ્રબંધ' ગ્રંથ ૨૨૪૩ રચ્યાં હતાં.

( –પ્રક૦ ૧, પૃ૦ ૩૩, પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૭)

(૪) કૃષ્ણર્ષિ ગચ્છના આ૦ મહેંદ્રસૂરિના શિષ્ય **આ૦ જયસિંહસૂરિએ** સં૦ ૧૪૨૨માં કુમારપાળ ચરિત્ર ગ્રં૦ ૧૩૦૭ તથા ન્યાય તાત્પર્યટીકા બનાવી. સં૦ ૧૪૫૩માં ધનરાજ પ્રબોધમાલા બનાવી.

( –પ્રક૦ ૪૩, પૃ૦ ૭૫૬, ૫૭ –પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૮ )

(૫) આ સમયે આ૦ સોમતિલકસૂરિનો ભક્ત દુઃસાધ્ય વંશનો શેઠ **જગત્સિંહ** દોલતાબાદમાં હતો. બાદશાહ ફિરોજશાહ તુઘલખે તેના પુત્ર **મહણસિંહને "સાચા બોલા"** તરીકે ૧૬ લાખની રકમ આપીને **કોટિધ્વજ** બનાવ્યો હતો.

મલધારગચ્છના આ૦ **રાજશેખરે** સં૦ ૧૪૦૫ ના જેઠ સુ૦ ૭ ના રોજ દિલ્હીમાં જગત્સિંહની વસતીમાં શેઠ મહણસિંહની વિનંતિથી "પ્રબંધકોશ" રચ્યો. ( –પ્રક૦ ૩૮, પૃ૦ ૩૩૭, પ્રક૦ ૪૪, પૃ૦ ૪૯, પ્રક૦ ૪૫, પૃ૦ ૩૮૭)

**દુકાળો**–સં૦ ૧૩૭૭માં ગુજરાતમાં મોટો દુકાળ પડ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ઓગણપચાસમું

*

## આ૦ દેવસુંદરસૂરિ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**આ૦ સોમતિલકસૂરિની પાટે આ૦ દેવસુંદરસૂરિ થયા.**

તેમનાં સં૦ ૧૩૯૬માં જન્મ, સં૦ ૧૪૦૪માં મહેશ્વરગ્રામે (મહેસાણામાં) દીક્ષા, સં૦ ૧૪૨૦ના ચૈત્ર સુદિ ૧૦ના રોજ પાટણમાં રાજા જેવા **સિંહાક** પલ્લીવાલના ઉત્સવમાં **આચાર્યપદ** અને સં૦ ૧૪૮૨ કે ૧૪૯૨માં **સ્વર્ગગમન** થયાં.

**લક્ષણો**

તેમના પગમાં સારાં લક્ષણો હતાં. આ૦ સોમતિલકસૂરિએ કોડિનારમાં **અંબિકાદેવી સામે** કોણ ગચ્છનાયકપદને યોગ્ય છે? તે જાણવા ધ્યાન કર્યું, ત્યારે **અંબિકાદેવીએ** જણાવ્યું કે "ક્ષુલ્લક દેવસુંદર ગચ્છનાયકપદને યોગ્ય છે.

(–ગુર્વાવલી, શ્લોક ૩૦૩, ૩૦૪, ૩૦૫, પ્રક૦ ૪૮, પૃ૦ ૪૨૯)

**યુગપ્રધાન**

તેઓ **મહાપ્રભાવક** હતા. પાટણમાં ગુંગડી સરોવર ઉપર **કણયરીપા** સિદ્ધયોગી રહેતો હતો. તેણે સમાધિ લેતાં પહેલાં પોતાના શિષ્ય યોગી **ઉદયીપાને** જણાવ્યું કે, "મને મારા જ્ઞાનથી જણાયું છે કે, **જૈન સેવડો દેવસુંદર** "મોટો યોગી" છે. તેના ચરણમાં પદ્મ, ચક્ર દંડ વગેરે શુભ ચિહ્નો છે. જે **સિદ્ધયોગી** થવાનાં લક્ષણો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તે મહાત્મા છે, અને કલિયુગમાં **દેવાંશીપુરુષ** છે. તેથી તે વંદનીય છે, તેનાં તમો સત્કાર સન્માન કરજો.” યોગી **ઉદયીપા** ૩૦૦ યોગીઓનો ગુરુ હતો. બધા પ્રકારના મંત્ર, તંત્ર વગેરેમાં પ્રવીણ હતો. દરેક જાતના ઝેરના ઉપાય જાણતો હતો. પાણી, અગ્નિ, સાપ, અને સિંહના ભયને દૂર કરવા સમર્થ હતો. ત્રણ કાળનું ભવિષ્ય જાણનારો હતો. તેમજ રાજા, મંત્રી અને જનતામાં બહુ માનનીય હતો.

એક દિવસે આ **ઉદયીપા યોગી** પોતાના પરિવાર સાથે “જૈન પોષાળમાં” આવ્યો. મોટો લોકસમૂહ સાથે હતો. તેણે આચાર્યશ્રી દેવસુંદરસૂરિની ઘણી પ્રશંસા કરી, અને તેમને પોતાના **ગુરુની આજ્ઞા** કહી સંભળાવી. તેણે આચાર્યદેવને વંદન કર્યું, સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને જણાવ્યું કે, “તમે યુગપ્રધાન છો, મોક્ષદાતા છો.” આ સાંભળી લોકોમાં આચાર્યશ્રીનો પ્રભાવ વધ્યો, અને જૈનધર્મની પ્રભાવના થઈ. (ગુર્વાવલી શ્લોક ૩૦૬ થી ૩૧૦)

આ૦ **જયાનંદસૂરિ** અને **આ૦ દેવસુંદરસૂરિના** ઉપદેશથી ઘણાં ધર્મકાર્યો થયાં. તેમજ ઘણા **ગ્રંથભંડારો સ્થપાયા** અને તેઓએ ઘણા ગ્રંથો લખાવ્યા હતા.

આ૦ **ગુણરત્નસૂરિ** “આ૦ દેવસુંદરસૂરિનો પરિચય **ટૂંકાક્ષરી**માં જ આપે છે કે, “તેમનામાં દોષો હતા જ નહીં, આથી દુર્જનો તેમની નિંદા કરી શકતા નહોતા, અને તેમના ગુણો અગણિત હતા, (–ગુરુપર્વક્રમ: શ્લો૦ ૫૬)

**ગ્રંથો**–આ૦ દેવસુંદરસૂરિએ ‘સ્તંભન પાર્શ્વનાથસ્તવન’ શ્લો૦ ૨૫ બનાવ્યું હતું

તેમની પાટે પાંચ **આચાર્યો** થયા.

(૧) **આ૦ જ્ઞાનસાગરસૂરિ**–તેમનાં સં૦ ૧૪૦૫માં જન્મ, સં૦ ૧૪૧૭માં દીક્ષા, સં૦ ૧૪૪૧માં ખંભાતમાં સ્તંભન પાર્શ્વજિનાલયમાં **સિંહાક** પલ્લીવાલના ઉત્સવમાં **આચાર્યપદ**, અને સં૦ ૧૪૬૦માં **સ્વર્ગગમન** થયાં, તેઓશ્રી “ગૌતમસ્વામી જેવા મનાતા હતા.” તે આ૦ દેવસુંદરસૂરિના શિષ્ય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ જ્ઞાનસાગરસૂરિ** કાળધર્મ પામ્યા, ત્યારે તેમના પ્રત્યે શ્રદ્ધાવાલો મહામંત્રી ખરતરગચ્છનો શ્રાવક **ગોવળ** "ગુરુદેવને અનશનશુદ્ધિ થાય," એટલા ખાતર આખી રાત ત્યાં ઉપાશ્રયમાં જાગતો બેસી રહ્યો હતો. તેણે ભક્તિપૂર્વક ધૂપ–દીપ ચાલુ રાખ્યા હતા. અને તે ગુરુદેવને નમસ્કાર મંત્ર સંભળાવ્યે જતો હતો. ગુરુદેવ કાળધર્મ પામ્યા, ત્યારે તેને સ્હેજ **ઝોકું** આવી ગયું. અને તેને સ્વપ્ન આવ્યું, તેમાં દિવ્ય દેહધારી ગુરુદેવે આવી ગોવળને જણાવ્યું કે, "મહાનુભાવ? હું ચોથા દેવલોકમાં ઇંદ્ર સમાન ઋદ્ધિવાળો દેવ બન્યો છું." (–ગુર્વાવલી શ્લોક ૩૩૮, ૩૩૯)

આ૦ **મુનિસુંદરસૂરિ** લખે છે કે, "આ૦ જ્ઞાનસાગરસૂરિએ પોતાનો અંતિમ સમય નજીકમાં હોવાનું જાણી ચતુર્વિધ સંઘની સાક્ષીએ ચાર આહારનો ત્યાગ કર્યો, અને શાંત ભાવે યોગમુદ્રામાં બેસી, સમાધિ લીધી. તેમનાં દમ, ખાંસી અને કફ વગેરે રોગો તરત શમી ગયા. આથી સૌએ માન્યું કે, આચાર્યદેવ "દેવ" બનશે.

મંત્રી ગોવળે સ્વપ્નમાં દેવે કરેલા સૂચન પ્રમાણે જણાવ્યું કે, 'આચાર્યશ્રી ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયા છે.'

આ૦ જ્ઞાનસાગરસૂરિએ આ૦ **ગુણરત્નસૂરિને** સ્વપ્નમાં દર્શન આપી–શિષ્ટ–અશિષ્ટ વગેરેની સમજૂતી આપી હતી, તેમજ નિમિત્તિયા **વીરજીએ** પણ બતાવ્યું કે, "આચાર્યદેવ ચોથા દેવલોકના ઇંદ્ર" બન્યા છે.

આચાર્યદેવ ગુણોના સાગર હતા. **આ૦ સોમસુંદરસૂરિ** વગેરે તેમના **વિદ્યાશિષ્યો** હતા. અને હું (મુનિસુંદરસૂરિ) પણ આજે ઉપર રહી, "મેઘની જેમ" ગાજુ છું. તે તે ત્રૈવેદ્ય મહાસાગરના જલકણોનો પ્રભાવ છે. તેઓ વિદ્યાના સાગર હતા. તે સાગર તો ગયો, હવે માત્ર વિદ્યાના કૂવા રહ્યા છે.

**આ૦ જ્ઞાનસાગરસૂરિના** ઉપદેશથી દીનોદ્ધાર, પદવીપ્રદાન-મહોત્સવો, તીર્થયાત્રાસંઘો, દુકાળમાં દાનસત્રો, તીર્થયાત્રાસંઘો, ગુરુવંદન આદિ મહોત્સવો, આવશ્યક વિધિ–વિધાનો, ચૈત્યોના જીર્ણો-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વારો, તથા સાતે ક્ષેત્રમાં દાન વગેરે પુણ્યનાં કાર્યો અને જૈન શાસનની પ્રભાવના વગેરે થયાં હતાં.

## દીક્ષાઓ

તેમના ઉપદેશથી અમદાવાદના શેઠિયાઓમાં મોટા, બાદશાહના માનીતા, કર્ણાવતીના શેઠ ચાચના પુત્ર **સં૦ ગુણરાજનો** નાનો ભાઈ **આંબો, કે જે** મોહમાં ડૂબેલો હતો, તેણે પત્ની–પુત્રાદિ પરિવાર અને ધન તજીને દીક્ષા લીધી. (પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૮, ૩૬૯) **શેઠ શામજી,** જે યુવાન અને રૂપાળો હતો, જેને અતિશય રાગવાળી **રૂપાળી સ્ત્રી** હતી, તેને તજીને તેણે દીક્ષા લીધી. તથા બીજા લગભગ ૭૦ (૨૦×૩ાા =૭૦) જણાએ દીક્ષા લીધી, જેમાંના ઘણા **મુનિવરો** આજે વિદ્યમાન છે; જે ગુણપાત્ર, ઋદ્ધિપાત્ર અને જ્ઞાનના ભંડારસમા પદસ્થો છે.

આ૦ જ્ઞાનસાગરસૂરિના ઉપદેશથી **શેઠ મેઘજી,** વીશળ, **કેલ્હણ, હેમજી, ભીમજી,** નીંબો, કડુઓ વગેરે તપાગચ્છના **જૈનોએ** મેવાડના દેલવાડામાં ૫૧ મા રાણા **લાખાના** રાજ્યમાં "ભગવાન ઋષભદેવનો કૈલાસના પહાડ સમાન વિશાળ **જિનપ્રાસાદ**" બનાવી, પ્રતિષ્ઠા કરાવી. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૩૧, ૩૫)

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ભ૦ દેવસુંદરસૂરિના ગુરુભાઈ તથા તેમના હાથે જ આચાર્ય બનેલા આ૦ **ચંદ્રશેખરસૂરિ** હતા. (પ્રક૦ ૪૮ પૃ૦ ૪૨૭) આ૦ જ્ઞાનસાગરસૂરિ તેમના **વિદ્યાશિષ્ય** હતા. તેમણે મૂળ ચારસૂત્રોની 'અર્થદીપિકાચૂર્ણિ' રચી, તથા સ્તોત્રો બનાવ્યાં, આચાર્યદેવ અમોઘ ઉપદેશક હતા.

(–ગુર્વાવલી : શ્લો૦ ૩૩૬–૩૬૩)

આ૦ જ્ઞાનસાગરસૂરિએ 'પણ્ણવણાસુત્ત–અવચૂરિ, સં૦ ૧૪૩૯માં 'ઓહણિજ્જુત્તિ–અવચૂરિ ગ્રં. ૧૦૯૨., સં૦ ૧૪૪૦માં 'આવસ્સયસુત્ત હારિભદ્રીયવૃત્તિ–અવચૂરિ ગ્રં. ૯૦૦૫, સં૦ ૧૪૪૧માં ઉત્તર–જ્ઝયણ સુત્ત–બૃહદ્વૃત્તિ–અવચૂરિ ગ્રં૦ ૫૨૫૦, ભરૂચમાં મુનિસુવ્રતસ્વામિસ્તવ, ઘોઘામાં ઘનૌઘ નવખંડ પાર્શ્વસ્તવન અનેસંસ્કૃત સ્તોત્રો વગેરે રચ્યાં.

(૨) **આ૦ કુલમંડનસૂરિ**–તે ભ૦ દેવસુંદરસૂરિના શિષ્ય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમનાં સં૦ ૧૪૦૯માં જન્મ, સં૦ ૧૪૧૭માં દીક્ષા, સં૦ ૧૪૪૨માં ખંભાતની આલિગવસતીમાં સોની **સંઘવી ઠ૦ લખમસી. પલ્લીવાલના** ઉત્સવમાં **આચાર્યપદ,** સં૦ ૧૪૫૫માં **સ્વર્ગગમન** થયાં, તે મોટા ભાગ્યશાળી, યશસ્વી, ક્ષમાશીલ, ચતુર હતા, અને પાંડિત્યથી ગૌરવશીલ હતા. તેમણે સં૦ ૧૪૪૩માં 'વિચારામૃતસંગ્રહ,' સિદ્ધાંતાલાપકોદ્ધાર–અધિકાર ૨૫, 'પન્નવણાસુત્ત–અવચૂરિ,' પ્રતિક્રમણસુત્ત–અવચૂરિ (જેમાં 'અણિગુહીઅ૦ વગેરે ગાથા: ૮ છે), 'કપ્પસુત્ત–અવચૂરિ,' 'કાયઠિઇ-અવચૂરિ,' વિશ્વશ્રીધર૦ 'અષ્ટાદશારચક્રબંધ, ગરીયો૦ 'હારબંધ' આદિ સ્તોત્રો,' અને સં૦ ૧૪૫૦માં મુગ્ધાવબોધ ઔક્તિક વગેરે રચ્યાં હતાં.

આ૦ કુલમંડનસૂરિએ સંસ્કૃતમાં "કુમારપાલપ્રબંધ" રચ્યો; જેની સં૦ ૧૪૭૫માં લખાયેલી તાડપત્ર પરની નકલ મળે છે.

(–વીરવંશાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૧૨, ઇતિ૦ પ્રક૦ ૩૫, પૃ૦ ૮૩)

આ૦ **જ્ઞાનસાગરસૂરિ** અને **આ૦ કુલમંડનસૂરિ** એ બે આચાર્યો તો ચારિત્રલક્ષ્મીની બે આંખો હતા. (–ગુર્વાવલી, શ્લો૦ ૩૭૩)

## (૩) આ૦ ગુણરત્નસૂરિ–

हैमव्याकरणाम्भोधिं येऽवगाह्य महाधियः ।
अभिज्ञानमिवाकार्षुः क्रियारत्नसमुच्चयम् ॥ ६ ॥

(–મહો૦ વિનયવિજયસ્તુતિ, લોકપ્રકાશ, શ્લોક + + નમ્રતા)

ये वैयाकरणवर्यास्ते श्रीगुणरत्नसूरयः ।
अन्येऽपि शाब्दिकप्रष्ठा विजेजीरन् महर्षयः ॥ ७ ॥

(સં૦ ૧૭૩૭ આ૦ શુ૦ ૧૦, રતલામમાં મહો૦ વિનયવિજયજી કૃત હૈમલઘુપ્રક્રિયાની સ્વોપજ્ઞ મોટી ટીકા, ગ્રં૦ ૩૫૦૦૦ની પ્રશસ્તિ)

તે આ૦ દેવસુંદરસૂરિના **શિષ્ય** હતા. તેમને સં૦ ૧૪૪૨માં ખંભાતની આલિગવસતિમાં સૌવર્ણિક **લખમસિંહ પલ્લીવાલે** કરેલા ઉત્સવમાં આચાર્યપદ મળ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમનામાં ક્રોધ, નિંદા વગેરેનો સદંતર અભાવજ હતો. તે મોટા વાદી હતા, અને ગ્રંથોનું હાર્દ સમજવામાં તીક્ષ્ણ બુદ્ધિવાળા હતા.[1]

તેમણે ગુરુદેવની આજ્ઞાથી સં૦ ૧૪૬૬માં ઈડરમાં "ક્રિયારત્ન-સમુચ્ચય ગ્રં૦ ૫૬૬૧" રચ્યો. **સં૦ ગોવિંદ**, તેની પત્ની જાયલદેવી, તેનો પુત્ર ઇડરના રાજાનો માનીતો સ્વદારાસંતોષી, ધર્મમાં રક્ત અને શ્રુતભક્ત સાધુ **વીશલદેવ** અને પુત્રીઓ ધીર તેમજ ધર્મિણી વગેરેએ મળીને સં૦ ૧૪૬૮માં આ ગ્રંથની ૧૦ નકલો લખાવી.

(ક્રિયારત્ન સમુચ્ચય ગુરુપર્વક્રમ વર્ણન શ્લો૦ ૬૪,૬૫)

આચાર્યશ્રીએ સં૦ ૧૪૫૭માં 'કલ્પાન્તર્વાચ્ય', 'સપ્તતિકાવચૂરિ', 'કર્મગ્રન્થ–અવચૂરિ', 'ચાર પઈન્નય–અવચૂરિ', 'ક્ષેત્રસમાસ', 'નવતત્ત્વ–અવચૂરિ', 'ષડ્દર્શન સમુચ્ચય–બૃહદ્વૃત્તિ–તત્ત્વાર્થદર્શિની', 'અંચલ-મતનિરાકરણ' વગેરે ગ્રંથો રચ્યા.

તેમની પાસે ઘણા મુનિવરો વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ અને જિનાગમ ભણ્યા હતા. (–ગુર્વાવલી: શ્લોક ૩૮૩) "નવકારમંત્રનો **અધિષ્ઠાયકદેવ** તેમની ઉપર "પ્રસન્ન" હતો." તેથી તે બીજાનું ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકતા હતા. (–ગુર્વા૦ શ્લો૦ ૩૮૫)

તે ભ૦ દેવસુંદરસૂરિવરના શિષ્ય હતા. (–ગુર્વા૦ ૩૭૬)

(૪) **આ૦ સોમસુંદરસૂરિ**—તેઓ પરમશાંત મધુરભાષી અને **પરમસૌભાગ્યશાળી** હતા. (જૂઓ ઇતિ૦ પ્રક૦ ૫૦)

(૫) **આ૦ સાધુરત્નસૂરિ**—તેમના ઉપદેશથી અને ખંભાતના **સાધુ સજ્જનસિંહ ઓશવાલની** રાજવી મદદથી શંખલપુરના **કોચર શાહ પોરવાડે** બહુચરાજીનાં ૧૨ ગામોમાં **જીવદયા** પળાવી હતી. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૮)

---

૧. આ૦ મુનિસુંદરસૂરિ પણ જણાવે છે કે તેમને (૧) અવષ્ટંભ (૨) રોષ અને (૩) વિકથા, ન કરવાનો નિયમ હતો આથી લોકો માને છે કે–તેઓ જલ્દી મોક્ષે જશે. (ગુર્વા૦ શ્લો૦ ૩૮૧)

વીરવંશાવલીકાર લખે છે કે– આ૦ ગુણરત્નસૂરિને પ્રતિજ્ઞા હતી કે (૧) અવષ્ટંભ (ટેકો દેવો) (૨) રોષ (૩) વિકથા કરવાં નહીં.

(જૂઓ વિવિધ ગચ્છપટ્ટાવલી પૃ૦ ૨૧૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ભ૦ દેવસુંદરસૂરિના શિષ્ય હતા. (–ગુર્વા૦ શ્લો૦ ૩૭૬)

આ૦ **ગુણરત્નસૂરિ** લખે છે કે, આ૦ સાધુરત્નસૂરિના ગુણો બીજે ક્યાંય નહીં, પણ **જનતાના કાનમાં** વાસ કરીને રહ્યા હતા. (–ગુરુપર્વ ક્રમ૦ શ્લો૦ ૬૨)

તેઓ તેજસ્વી અને મોટા વાદી હતા. પ્રભાવક હતા, વિશાળ નેત્રવાળા. વિશાળદૃષ્ટિવાળા અને **ગૌતમસ્વામી** જેવા મનાતા હતા. (–ગુર્વાવલી શ્લો૦ ૪૦૭ થી ૪૧૫)

આચાર્યશ્રીએ સં૦ ૧૪૫૬માં "યતિજીતકલ્પની અવચૂરિ" રચી, તેમના ઉપદેશથી ૫૨ મા **આ૦ રત્નશેખરસૂરિ** ગૃહસ્થાવસ્થામાંથી દીક્ષાના અભિલાષી બન્યા હતા. (–શ્રાદ્ધવિધિ કૌમુદી)

**ઇતિહાસ રચના**

આ૦ **દેવસુંદરસૂરિ** મોટા વિદ્વાન્ હતા. વિદ્યાપ્રેમી અને ઇતિહાસના હિમાયતી હતા. તેમના સમયે તેમની આજ્ઞાથી સં૦ ૧૪૬૬માં આ૦ ગુણરત્નસૂરિએ, "ગુરુપર્વક્રમ"માં, અને આ૦ મુનિસુંદરસૂરિએ "ગુર્વાવલી"માં **ભગવાન મહાવીરસ્વામીથી** આરંભીને પોતાના સમય સુધીનો ઇતિહાસ ગૂંથ્યો છે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**આદર્શગચ્છ**—

આ૦ **મુનિસુંદરસૂરિ** સં૦ ૧૪૬૬ માં લખે છે કે, **ભ૦ દેવસુંદરસૂરિની** આજ્ઞામાં (૧) આ૦ જ્ઞાનસાગરસૂરિ ગુરુ, (૨) આ૦ કુલમંડનસૂરિ ગુરુ, (૩) આ૦ ગુણરત્નસૂરિ ગુરુ, (૪) **આ૦ સોમસુંદર ગુરુ,** (૫) આ૦ સાધુરત્નસૂરિ ગુરુ એ પાંચ આચાર્યો હતા. તે પૈકીના છેલ્લા ત્રણ આચાર્યો તેમના જ શિષ્યો હતા.

તથા તેમના શિષ્ય વિશુદ્ધગુણવાળા, મોટા સંયમી, મહો૦ **દેવશેખર ગણિ,** (પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૦) તેમના હાથે દીક્ષિત થયેલા **શિષ્ય મુનિસુંદરગણિ,** મિષ્ટભાષી શ્રુતસુંદરગણિ, મોટા વિદ્વાન્ **મહો૦ જયચંદ્રગણિ,** મહો૦ ભુવનસુંદરગણિ, દ્વેષ આદિ દોષોથી મુક્ત, વિનયી, ગુરુભક્ત, મોટા આગમજ્ઞાતા, સત્તરભેદે સંયમના પાલક, વિશુદ્ધ દિલવાળા એવા **મહો૦ જિનસુંદરગણિ,** પં૦ સ્થવિર જયવર્મગણિ, મોટા ઉપદેશક સ્થવિર **પં૦ દેવમંગલગણિ,**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૦, ૩૮૬) પં૦ શ્રુતસાગર, પં૦ દેવપ્રભ (દેવભદ્ર), પં૦ રત્નસુંદર, પં૦ સર્વશેખર, પં૦ ક્ષેમંકર, **સંવેગી પં૦ કમલચંદ્ર ગણિ, પં૦ જ્ઞાનકીર્તિ**, પં૦ સાધુસુંદર, **પં૦ અભયસુંદર મિશ્ર, પં૦ શીલકુશલ ગણિ**, પં૦ આનંદવલ્લભ, પં૦ શાન્તમૂર્તિ, એકાંતપ્રેમી **વનવાસી પં૦ સોમશેખર**, ગુરુઆજ્ઞા તત્પર પં૦ વિમલમૂર્તિ, પં૦ સર્વસાગર વગેરે ૮૪ **પદવીધરો** છે.

(૧) આ ગચ્છમાં ગુરુવિનય, ગણભક્તિ, શુદ્ધજ્ઞાન–દર્શન અને ચારિત્રવાળાં **સાધ્વી મહત્તરા શ્રી ચારિત્રચૂલા**, (૨) શાસ્ત્રોમાં નિપુણ "બ્રાહ્મી" જેવાં કુશળ પ્રશંસનીય **સાધ્વી મહત્તરા શ્રી ભુવનચૂલા** વગેરે. તથા આઠ પ્રકારના પ્રભાવકો, મોટા વાદીઓ અને વિવિધ લબ્ધિધરો છે.

આ ગચ્છમાં અંગના પાઠી મહો૦ **જિનસુંદરગણિ, પં૦ ઉદયરત્ન ગણિ**. વગેરે **૧૧** અંગના પાઠી છે. આચાર્યો છે, ઉપાધ્યાયો છે, મોટા વાદી છે, અને લબ્ધિધરો, સૌ પદવીધરો અને **મંત્રી હેમજી** વગેરે શ્રાવકો ધર્મકથાની લબ્ધિવાળા, પં૦ સર્વવલ્લભગણિ વગેરે સાચા **નિમિત્ત વેદી** ગણરક્ષામાં તત્પર છે, નાના–મોટા સૌ પ્રત્યે ભક્તિવાળા છે. **પં૦ ગુણવર્ધન**, પં૦ સાધુસાગર વગેરે બારે પ્રકારની તપસ્યામાં તત્પર છે. લોકોત્તર ગુણવાળા પં૦ સર્વદેવ વગેરે બે બે માસના તેમજ વિવિધ જાતના તપ કરનારા તપસ્વીઓ અને ઉપસર્ગને સહન કરનારા **મહાતપસ્વીઓ પં૦ શાંતિચંદ્રગણિરાજ** "છ માસી તપ" કરનારા તપસ્વી છે.

આ ગચ્છમાં ભારતના મોટા કવિઓ બાણ, મુરારિ, અમર, કાલિદાસ, હર્ષ, ભોજ, ભારવિ તથા માઘને પણ ભુલાવે તેવા કવીંદ્રો છે. આ ગચ્છમાં પ્રવચનકો લબ્ધિધરો, વાદીશ્વરો, મંત્રવાદીઓ, યંત્રજ્ઞાતાઓ, **વૈદ્યરાજો**, સંઘના કાર્યમાં વિવિધ શક્તિ ધરનારા **મોટા તપસ્વીઓ**, રાજમાન્ય તેમજ પંડિતમાન્ય **મુનિવરો** છે.

આ ગચ્છમાં ગણધર **સુધર્માસ્વામીની અખંડ શિષ્યપરંપરા** છે, શુદ્ધ ધર્મમર્યાદા છે, કોઈ પણ **ઉપધાન** પ્રતિક્રમણ અથવા જિન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજાની મના કરનારા, કે સ્વેચ્છાચારી પ્રવૃત્તિવાળા નથી, સૌ **શુદ્ધ સમાચારીના** પાલક છે. આથી બધાયે આચાર્યો વગેરેમાં આપસ-આપસમાં પ્રેમ છે. **શુદ્ધ સંવેગીપણું** છે. **સૌને આગમો પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ છે** અને ગુણ પ્રત્યે વફાદારી છે. આ ગચ્છમાં પોતાના, કે પરાયાના વાડા નથી, સંસારી સુખોની લાલચ નથી, આવા મુનિવરો અને આવી શાસનની વફાદારી બીજે ક્યાંય દેખાતી નથી, તો જેને આત્માનું કલ્યાણ કરવું હોય, તેણે આ ગચ્છનું જ સેવન કરવું જોઈએ"

આ૦ દેવસુંદરસૂરિનો ગચ્છ આવો **ઉત્તમ** છે.

(-ગુર્વાવલી શ્લોક ૪૧૬ થી ૪૭૫)

**સ્વર્ગગમન**–'વીરવંશાવલીકાર' લખે છે કે રાયખંડની વડલીના વીશા પોરવાડ સં૦ ગોવિંદે તારંગાતીર્થમાં ભ૦ અજિતનાથની પ્રતિષ્ઠા કરી, તે પછી સં૦ ૧૪૬૨માં ઓડછામાં આ૦ દેવસુંદરસૂરિનું સ્વર્ગગમન થયું. આ૦ સોમસુંદરસૂરિ તે વખતે દેવપાટણમાં વિચરતા હતા,

(-વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૧૩)

આ આધારોથી સમજાય છે કે, **આ૦ દેવસુંદરસૂરિ** સં૦ ૧૪૬૬માં અને ત્યારબાદ સં૦ ૧૪૭૯ની તારંગાતીર્થની **પ્રતિષ્ઠા** સુધી વિદ્યમાન હતા પણ સં૦ ૧૪૯૬ની રાણકપુરની પ્રતિષ્ઠા વખતે વિદ્યમાન નહોતા. તો તેમનું એ સમય દરમિયાન એટલે સં૦ ૧૪૮૨ કે ૧૪૯૨માં **સ્વર્ગગમન** થયું હોય, એમ જણાય છે.

શેઠ **ધારશીએ** પંદર દિવસના ઉપવાસ કરી દેવ સાધ્યો. તેણે દેવે શેઠને જણાવ્યું કે, "ભગવાન સીમંધરસ્વામીએ કહ્યું છે, કે **ભ૦ દેવસુંદરસૂરિ** ત્રીજે ભવે મોક્ષે જશે." (-ગુ૦ શ્લો૦ ૩૧૨)

જૈનધર્મનો કટ્ટર વિરોધી વડોદરાનો **મંત્રી સારંગ** હતો, તેણે એક દેવની ભલામણથી સિદ્ધપુર જઈ, ભ૦ દેવસુંદરસૂરિને "મોટા જ્ઞાની" જાણી, વેદ–વેદાંતના જે પ્રશ્નો પૂછ્યા, તેના ઉત્તરો સાંભળ્યા પછી તે **જૈન** બન્યો.

ધનાઢ્ય સમકીતી બારવ્રતધારી જ્ઞાની સચિત આહારના ત્યાગી **સુદર્શન શેઠે** પણ દેવદ્વારા ભ૦ દેવસુંદરસૂરિની **યુગપ્રધાનતા**

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

તથા **મોક્ષપ્રાપ્તિ** વગેરેના નિર્ણયો કર્યા હતા.

(–ગુર્વાવલી, શ્લો૦ ૩૧૨ થી ૩૧૪).

**ગ્રંથભંડારો–**

આ૦ જયાનંદસૂરિ, આ૦ દેવસુંદરસૂરિ, તેમના શિષ્યો તથા સમકાલીન આચાર્યો અને મુનિવરોના ઉપદેશથી ઘણા ગ્રંથ ભંડારો બન્યા. વિવિધ વિષયના ઘણા ગ્રંથો લખાયા.

કેટલાક ગ્રંથો વિશે આ પ્રકારે માહિતી મળે છે.—

(૧) આ૦ દેવસુંદરસૂરિ, આ૦ જ્ઞાનસુંદરસૂરિ, આ૦ કુલમંડનસૂરિ, આ૦ ગુણરત્નસૂરિ, મહો૦ દેવશેખરગણિ વગેરે મુનિ પરિવાર સં૦ ૧૪૩૬ના પોષ વદિ ૬ ને ગુરુવારે દિયાણા તીર્થમાં બિરાજમાન હતો. ત્યારે દિયાણા ગામના **શા૦ કરણસિંહે** પાર્શ્વનાથચરિત્ર (ગ્રં૦ ૬૦૭૪) લખાવી, પાટણના **શેઠ સોમસિંહ** અને **સં૦ પ્રથમ** વગેરે તપાગચ્છ સંઘને અર્પણ કરી, ઉક્ત મુનિપરિવારને ભણવા આપ્યું. (જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ ભાગ ૨ જો, પ્રશ૦ નં૦ ૩૭–૧૧૦, પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૦, ક૦ ૭મી)

(૨) સાધુ નરપતિની પરંપરામાં ક્રમશઃ શા૦ ગોલા, સંઘપતિ આશાધર થયા. તેને **રાજી** નામની પત્ની હતી, જે દુઃસાધ ગોત્રના ઓશવાલ વંશના સં૦ જગતસિંહના પુત્ર સાધુ પદમસિંહની પત્ની પુણ્યશ્રીની પુત્રી હતી. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૮૭)

આ બંને કુટુંબો આ૦ સોમસુંદરસૂરિના શ્રાવકો હતા.

**સં૦ આશાધર** અને **સં૦ રાજિમતીએ** આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી શત્રુંજય મહાતીર્થમાં ૨૪ જિનપ્રાસાદ, ખંભાત, સોજિત્રા, **કાવી તીર્થ**, ટીંબા (ટીમાણા), હાથદેણુ (હાથસણી) નગર, અણહિલ્લપુર પાટણ અને **બાબાસરમાં** જિનાલયો બનાવ્યાં તથા ઘણા નવા ગ્રંથો લખાવ્યા. (–પુ૦ પ્ર૦ સં૦, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૯૬, જૈન ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૬, ૨૮૮, ૩૮૭, પ્રક૦ ૫૯)

(૩) ઘોઘાબંદરના શા૦ સાંડા શ્રીમાલીના પુત્ર **સરવણે આ૦ દેવસુંદરસૂરિના** પરિવારના મુનિવરોના ઉપદેશથી જિનાલયો બંધાવ્યાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુંજયતીર્થ, ગિરનાર તીર્થના છ'રી પાળતા યાત્રાસંઘ કાઢ્યા. લલિત સરોવરનો **ઉદ્ધાર** કરાવ્યો. બીજા પુત્ર **સં૦ ધાંધે** દુકાળમાં દાનશાળાઓ સ્થાપન કરી, જનતાનો મોટો ઉપકાર કર્યો. પાલીતાણામાં ભ૦ પાર્શ્વનાથના જિનાલયનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો, બીજાં ધર્મસ્થાનકો બંધાવ્યાં.

સરવણના પુત્રે 'જ્ઞાતાસૂત્ર–સટીક' લખાવ્યું.

(–જૈન પુ. પ્ર. સં૦, પ્ર. નં. ૫૭, ચાલુ ઇતિ. પ્રક. ૩૮, પૃ. ૪૧૩)

(૪) મંત્રી **આભૂ** પલ્લીવાલ પાટણમાં રહેતો હતો. તેનો વંશવિસ્તાર મોટો ચાલ્યો. તેના વંશની એક પરંપરામાં અનુક્રમે આભૂ મહણસિંહ (શ્રી), ભીમ (કપૂરદેવી), સોની સૂરો (સુહવદેવી), સોનીઓમાં મોટો સોની **પ્રથિમસિંહ** (પ્રીમલદેવી), સાલ્હાસિંહ (રતનદેવી) અને **ધનરાજ** થયા. સોની સૂરોના ભાઈ પદ્મની પરંપરામાં ધીવો (ધીધો), પૂનો (સં૦ ૧૪૪૨ માં વિદ્યમાન), નિરય (નાગલદે) અને લખમસિંહ થયા, (ઇતિ૦ પ્રક૦ ૩૫, પૃ૦ ૬૫)

સોની **પ્રથિમસિંહ** નગરના સોનીઓમાં મુખ્ય હતો. તેને ૧ સોમો, (સાજણદેવી), ૨ રતન (રતનદેવી), ૩ **સિંહાક**, ૪ **સાલ્હા** અને ૫ ડુંગર એમ પાંચ પુત્રો હતા. સોમસિંહ શાંત હતો. રતનસિંહે શત્રુંજયતીર્થ વગેરેની યાત્રા કરી. તેને ધન, સાયર અને સહદેવ એમ ત્રણ પુત્રો હતા. **સિંહાક** ગુણવાન હતો. પ્રતિભાવાળો હતો. તેને સોખલ, દુલ્હા અને પૂંજી નામની ત્રણ પત્નીઓ હતી. દુલ્હાને આશાધર અને પૂંજીને નાગરાજ નામે પુત્રો હતા. **નિરય** અને **નાગલદેવીને** લખમસિંહ, રામસિંહ, **ગોવાલ** એમ ત્રણ પુત્રો હતા. સિંહાક દીર્ઘાયુષી હતો. કુટુંબમાં વડો હતો. સૌ તેની આજ્ઞા લઈ ધર્મકર્મ કરતા હતા.

સિંહાકે સં૦ ૧૪૨૦ના ચૈત્ર સુદિ ૧૦ના રોજ પાટણમાં આ૦ જયાનંદસૂરિ અને આ૦ દેવસુંદરસૂરિનો સૂરિપદમહોત્સવ કર્યો. ધનદેવ અને સહદેવે સિંહની આજ્ઞા મેળવી સં૦ ૧૪૪૧માં ખંભાતના તમાલી સ્થાનમાં આવેલા **સ્તંભન પાર્શ્વનાથના** ચૈત્યમાં આ૦ **જ્ઞાનસાગરનો** સૂરિપદમહોત્સવ કર્યો. નિરયના પુત્રો **લખમસિંહ**,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રામસિંહ અને **ગોવલે** સં૦ ૧૪૪૨માં **આ૦ કુલમંડન** તથા **આ૦ ગુણરત્નનો** આચાર્યપદ મહોત્સવ કર્યો. શા૦ **સાલ્હાએ** આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૪૨ના ભા૦ સુ૦ ૨ ને સોમવારે ખંભાતમાં 'પંચાશકવૃત્તિ' તાડપત્ર પર લખાવી.

(–જૈન પુ૦ પ્ર૦ સં૦, પ્ર૦ નં૦ ૪૦–૪૨)
(–પ્રક૦ ૩૫, પૃ૦ ૬૬, પ્રક૦ ૪૫, પૃ૦ ૩૦૦, ક૦ ૨, પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૨, ૪૩૪, ૪૩૫)

(૫) **શેઠ દેવસિંહ** શ્રીમાલીની પત્ની દેવલદેવી, તેની પુત્રી **માઉએ** કોરંટગચ્છના આ૦ સર્વદેવસૂરિના "ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત પર્વ ૨, અજિતનાથચરિત અને સગર ચક્રવર્તિચરિત" લખાવી, સં૦ ૧૪૩૭માં આ૦ નન્નસૂરિને વહોરાવ્યું. (–જૈન પુ. પ્ર. સં., પ્ર. નં. ૩૮)

(૬) શેઠ નરસિંહ ઓસવાલના બીજા પુત્ર **માલજીએ** આ૦ દેવસુંદરગુરુના ઉપદેશથી સાતે ક્ષેત્રોમાં ધન–દાન કર્યું અને સં૦ ૧૪૩૭ના આ૦ વ૦ ૧ ને શનિવારે ખંભાત તીર્થમાં 'ધર્મસંગ્રહણી' લખાવી, (–ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૦૦, જૈન પુ૦ પ્ર૦ સં૦ પ્ર૦ ૩૯)

(૭) ગેરંડકનગરનિવાસી શા૦ મલયસિંહ પોરવાડની પત્ની **સાઊદેવીએ** આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૪૪માં પાટણમાં 'આવસ્સયસુત્ત' 'ચૈત્યવંદન ચૂર્ણિ' વગેરે ગ્રંથો તાડપત્ર પર લખાવ્યાં. (–જૈન પુ૦ પ્ર૦ સં૦, પ્રશ૦ નં૦ ૪૧)

(૮) આ૦ જયાનંદસૂરિ અને દેવસુંદરસૂરિના ઉપદેશથી ખંભાતના શ્રીસંઘે સં૦ ૧૪૪૭માં ખંભાતમાં **ભટ્ટારક સોમતિલકસૂરિ–ગુરુભંડાર** સ્થાપન કર્યો. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૦૦)

(શ્રી પ્રશ૦ સં૦ ભા૦ ૨ જો, પ્રશ૦ નં૦ ૯૭)

(૯) આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી આબૂ તીર્થના ફિલણી ગામના શા૦ વજસિંહની ધર્માત્મા પત્ની **કડવીએ** સં૦ ૧૪૫૧ના શ્રા૦ સુદિ ૫ ને ગુરુવારે ખંભાતમાં 'સુદંસણાચરિય' લખાવી પાટણના જૈન જ્ઞાનભંડારને ભેટ આપ્યું. (–જૈન પુ૦ પ્ર૦ સં૦, પ્ર૦ ૪૨)

(૧૦) ઠ૦ ભૂભડની પત્ની **પ્રીમલદેવીએ** આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૫૪ના મહા સુદ ૧૩ ને સોમવારે ખંભાતમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'સુયગડંગસુત્ત-ટીકા' ગ્રં૦ ૧૩૯૫૦ લખાવી.

(-જૈન પુ૦ પ્ર૦ સં૦, પ્ર૦ ૪૩, ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૦૧)

(૧૧) મંત્રી વીરમદેવની પત્ની **અલ્હુદેવીએ** આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી સં. ૧૪૫૫ના જેઠ સુદિ ૩ ને ગુરુવારે ખંભાતમાં કાયસ્થ મંત્રી જાનાના પુત્ર **મંત્રી ભીમદેવ** પાસે પાંચ 'ઉપાંગસૂત્રો-સટીક' લખાવ્યાં.

(-જૈન પુ૦ પ્ર૦ સં૦ પ્ર૦ નં૦ ૪૪, ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૦૧)

(૧૨) આ૦ જયાનંદસૂરિના મોટા ભાઈ વયજાની પુત્રી **રૂપલે** આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૫૮-૧૪૫૯માં પાટણમાં 'પઉમચરિત' ગ્રં૦ ૧૦૫૦૦ લખાવી, પાટણના જૈન ગ્રંથભંડારને ભેટ આપ્યું. (-જૈન પુ૦ પ્ર૦ સં૦ પ્રશ૦ નં. ૪૬, ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૦)

(૧૩) આ૦ સોમસુંદરસૂરિ, આ૦ મુનિસુંદરસૂરિ, કૃષ્ણસરસ્વતી, આ૦ જયાનંદસૂરિ, મહાવિદ્યાવિડંબનકાર આ૦ ભુવનસુંદરસૂરિ, અગિયાર અંગપાઠી આ૦ જિનસુંદરસૂરિ સપરિવાર સં૦ ૧૪૭૯માં ઇંદ્રપુરી જેવા **પાટણમાં** વિરાજમાન હતા, ત્યારે પાટણના વતની શેઠ કર્મસિંહ શ્રીમાલીના વંશજ શેઠ ઉદયરાજનો પુત્ર ધનકુબેર શેઠ માલદેવ, તેના પાંચમા પુત્ર **શેઠ ગોવિંદ** અને તેના ચોથા પુત્ર **શેઠ નાગરાજે** આગમગ્રંથો તાડપત્ર પર લખાવ્યાં. (-જૈન પુ૦ પ્ર૦ સં૦, પ્ર૦ નં૦૪૯) (ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૯૧)

(૧૪) શેઠ ગોવિંદની પત્ની **ગંગાદેવી,** તેના પુત્ર **નાગરાજે** આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૮૯માં પાટણમાં "નંદિસુત્ત-ટીકા" લખાવી. (-શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર. નં. ૧૧૩, પૃ૦ ૭૪)

(૧૫) આ૦ **જયાનંદસૂરિના** ઉપદેશથી **વ્ય૦ અનંતા પોરવાડે** પોતાના પુત્ર "**મુનિ અભયપાલ પં૦ અભયસુંદર મિશ્રને** માટે શેઠ આશદેવ પોરવાડે લખાવેલ આ૦ દેવભદ્રસૂરિ કૃત "પાસનાહચરિયં" ખરીદ કર્યું. (-જૈન પુ૦ પ્ર૦ સં૦, પ્રશ૦ નં૦ ૪)

(૧૬) ખરતરગચ્છના ભ૦ જિનચંદ્રસૂરિની શિષ્યા **મહત્તરા ગુણસમૃદ્ધિએ** સં૦ ૧૪૦૬માં જેસલમેરમાં "અંજનાસુંદરીચરિત ગ્રં૦ ૫૦૪" બનાવ્યું. (ઇતિ૦ -પ્રક૦ ૪૦, પૃ૦ ૪૭૩)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

## પ્રકરણ પચાસમું

*

## આ૦ સોમસુંદરસૂરિ

श्रीसोमसुन्दरगुरुप्रवरास्तुर्या अहार्यमहिमानः ।
येभ्यः सन्ततिरुच्चैर्भवति द्वेधा सधर्मेभ्यः ॥ ५ ॥
(–સં૦ ૧૫૦૬, આ૦ રત્નશેખરસૂરિ કૃત શ્રાદ્ધવિધિ કલ્પકૌમુદી)

श्रीचन्द्रगच्छगगनाङ्गणभानुमन्तः, सौभाग्यभाग्यविलसद्गुणऋद्धिमन्तः ।
श्रीसोमसुन्दरगुरुप्रवरा जयन्ति, यानाऽऽदरेण मुनयः स्तवनं जयन्ति ॥
(–સં૦ ૧૫૫૫, ઉપદેશકલ્પવલ્લી પ્રશસ્તિ)

श्री जैनशासनसमुद्धरणैकधीराः श्री देवसुन्दरयुगप्रवरा विरेजुः ।
तेषां पदे जनमुदे विहिताऽवताराः श्रीसोमसुन्दरगुरुप्रवरा जयन्ति ॥२७॥
(–શ્રી પ્રશસ્તિસંગ્રહ ભાગ ૨, પ્રશ૦ નં૦ ૪૭૩)

પાલનપુરના **શેઠ સજ્જનસિંહની** પત્ની **માલણદેવીએ** સં૦ ૧૪૩૦ ના માગશર વદિ ૧૪ ને શુક્રવારે **સોમચંદ** નામક પુત્રને જન્મ આપ્યો.

તેમનાં સં૦ ૧૪૩૦ માં પાલનપુરમાં **જન્મ** સં૦ ૧૪૩૭માં "આ૦ જયાનંદસૂરિ" પાસે **દીક્ષા**, સં૦ ૧૪૫૦ માં **ઉપાધ્યાયપદ**, સં૦ ૧૪૫૭માં પાટણમાં શેઠ નરસિંહ ઓશવાલના ઉત્સવમાં **આ૦ દેવસુંદરસૂરિના** હાથે **આચાર્યપદ** અને સં૦ ૧૪૯૯ માં **સ્વર્ગગમન** થયાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ જ્ઞાની, ગુણવાન્, સોભાગી, મધુરભાષી, અમોઘ ઉપદેશક, ક્ષમાશીલ, **શિષ્યવત્સલ.** અને મહિમાવાળા હતા.

તેમણે સં૦ ૧૪૭૮ માં વડનગરમાં દેવગિરિના **શેઠ દેવરાજની** વિનતિથી **ઉપા૦ મુનિસુંદરને** આચાર્યપદ આપ્યું. **શેઠે** ગચ્છનાયકની આજ્ઞા મેળવી, નવા આચાર્યની અધ્યક્ષતામાં વડનગરથી " શત્રુંજય અને ગિરનાર વગેરે તીર્થોનો છ'રી પાળતો યાત્રા સંઘ " કાઢયો.

**તીર્થો**

આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી ઇડરના સંઘપતિ **ગોવિંદ ઓસવાળે** સં૦ ૧૪૬૬માં શત્રુંજય, ગિરનાર, સોપારક, તારંગા વગેરે તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો. તે સંઘપતિને તારંગા તીર્થની યાત્રા કરતાં " અહીં ભ૦ અજિતનાથની નવી જિન પ્રતિમા બેસાડવાનો મનોરથ " થયો. તેણે ત્યાંની પ્રાચીન પ્રતિમા ઉઠાવી મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. અંબિકાદેવી "ની સાધના કરી, આરાસણમાં નવી પ્રતિમા તૈયાર કરાવી અને તારંગાતીર્થમાં મોટી પ્રતિષ્ઠા કરાવી, આચાર્યશ્રીએ અહીં પં૦ જિનમંડનમુનિને **ઉપાધ્યાયપદ** આપ્યું. તેમજ આચાર્યશ્રીએ દેલવાડામાં ઉપા૦ ભુવનસુંદરને આચાર્યપદ આપ્યું. (–પ્રક૦ ૪૨, પૃ૦ ૭૩૪, તારંગાતીર્થ)

(૩) આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી ઈડરના **સં૦ ગોવિંદે** સં૦ ૧૪૭૯ માં તારંગા તીર્થમાં 'કુમારવિહાર જિનપ્રાસાદ'નો જીર્ણોદ્ધાર કરાવ્યો. આચાર્યશ્રીએ ત્યારે અહીં ઉપા૦ જયચંદ્રને આચાર્યપદ આપ્યું. આ પ્રસંગે પં૦ જિનમંડનને ઉપાધ્યાયપદ આપ્યું સંભવ છે કે, ત્યારે ભ૦ દેવસુંદરસૂરિ વિદ્યમાન હોય.

(–ઇતિ૦ પ્રક૦ ૪૨ પૃ૦ ૭૩૪)

આ ઉત્સવમાં આ૦ સોમસુંદરસૂરિના પરિવારના ૧૮૦૦ સાધુ હાજર હતા. (પ્રક૦ ૪૨ પૃ૦ ૭૩૮)

અમદાવાદના બાદશાહ **અહમદશાહનો** માનીતો સં૦ **ગુણરાજ** ઓશવાલ આ૦ જ્ઞાનસાગરસૂરિ તથા આ૦ સોમસુંદરસૂરિનો ભક્ત હતો, તેના નાના ભાઈ **નાનુએ** (આંબાકે) પત્ની, પુત્ર, તથા ધન

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

છોડીને આચાર્યશ્રી પાસે દીક્ષા લીધી. જેમનું નામ **નંદિરત્ન ગણિ** હતું. (—પ્રક૦ ૪૫ પૃ૦ ૩૬૮ ૩૬૯)

**સં૦ ગુણરાજે** સં૦ ૧૪૭૭માં બાદશાહ 'અહમદશાહ'નું ફરમાન મેળવી શત્રુંજય, મહુવા, પ્રભાસપાટણ અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો. (—ગુજરાતનું પાટનગર અમદાવાદ પૃ૦ ૩૫, ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૨૦૮)

તેને **ગંગા** નામે પત્ની હતી, તથા ૧ ગજરાજ, ૨ મહીરાજ, ૩ બાલુરાજ, ૪ અલુરાજ અને ૫ ઇશ્વિર નામે પુત્રો હતા.

(—પ્રક૦ ૪૫ વીશલશાહ ઓસવાલનો વંશ પૃ૦ ૩૬૯)

આચાર્યશ્રીએ આ ચાલુ યાત્રાસંઘમાં મહુવામાં ઉપા૦ જિનસુંદરને **આચાર્યપદ** આપ્યું.

મેવાડના દેલવાડામાં સં૦ વીસલના ઉત્સવમાં ઉપા૦ ભુવનસુંદરને આચાર્યપદ આપ્યું. પં૦ **વિશાલરાજને ઉપાધ્યાયપદ** આપ્યું.

**ચિત્તોડમાં** સં૦ વીસલના જિનાલયમાં ભ૦ શ્રેયાંસનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી સં૦ વીસલની પત્ની **સં૦ ખીમાઈ** તથા પુત્ર **ચંપકે** ભરાવેલ ભ૦ **કલ્પદ્રુમ પાર્શ્વનાથની** ૯૩ આંગળ ઊંચી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી આ ઉત્સવમાં ઘણી પદવીઓ અને નવી દીક્ષાઓ આપી.

સં૦ ગુણરાજના પુત્રો **ગજરાજ, મહીરાજ અને બાલુરાજે** સં૦ ૧૪૮૫માં ચિત્તોડગઢમાં રાણા **મોકલસિંહની** પ્રેરણાથી રાજા અલ્લટના સમયના **જૈન વિજયકીર્તિસ્તંભનો** જીર્ણોદ્ધાર કર્યો તથા રાજગચ્છના **આ૦ ધનેશ્વરસૂરિએ** પ્રતિષ્ઠા કરાવેલા ભ૦ મહાવીરસ્વામીના દેરાસરના સ્થાને મૂળથી નવું દેરાસર બંધાવ્યું તેમજ બીજી ચાર દેરીઓ બનાવી અને તેમાં સં૦ ૧૪૮૫માં આ૦ સોમસુંદરસૂરિના હાથે ભ૦ મહાવીરસ્વામી વગેરેની પ્રતિષ્ઠા કરાવી.

(પ્રક૦ ૪૫ પૃ૦ ૩૬૯)

આચાર્યશ્રીએ સં૦ ૧૪૯૬ ફા૦ વ૦ ૫ ને રોજ રાણકપુરમાં ઘાણેરાવના સં૦ ધરણા પોરવાડે બંધાવેલા 'ત્રિભુવનદીપક પ્રાસાદ'ની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિષ્ઠા કરી. તેમજ મહો૦ સોમદેવને આચાર્યપદ આપ્યું.
(–પ્રક૦ ૪૫ પૃ૦ ૩૭૩)

ચિત્તોડના રાણા મોકલજી અને કુંભોજી (મૃત્યુ સં૦ ૧૫૩૦) આચાર્યશ્રીના ભક્તો હતા. કુંભા રાણાએ સં૦ ૧૪૯૬માં રાણકપુરના ત્રિભુવન દીપક જિનપ્રાસાદમાં બે સ્તંભો બનાવ્યા.
(–જૂઓ ઇતિ૦ પ્રક૦ ૫૦ રાણકપુર તીર્થ)

**તીર્થ**

આચાર્યશ્રીએ સં૦ ૧૪૯૬માં ફા૦ વ૦ ૫ ને રોજ રાણકપુર તીર્થની સ્થાપના કરી. સં૦ ૧૪૭૭માં **પોસીના તીર્થ** અને સં૦ ૧૪૭૨માં **મગશીતીર્થ** સ્થાપિત કર્યા.

**આ૦** સોમસુંદરસૂરિના કુટુંબના સં૦ **રત્નાએ** માળવાના "આગર"ગામથી ભ૦ **લક્ષ્મીસાગરસૂરિ વગેરેના** ઉપદેશથી છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. (–પ્રક૦ ૫૩)

**ધર્મકાર્યો**–આચાર્યશ્રીના ઉપદેશથી ઘણા યાત્રાસંઘો, પદ-ઉત્સવો, દીક્ષાઓ, જિનપ્રાસાદો, જિનપ્રતિમા પ્રતિષ્ઠાઓ વગેરે થયાં.

**ગ્રંથો–**

આ૦ સોમસુંદરસૂરિએ જગતને **વિશાળ સાહિત્ય** અર્પણ કર્યું તેમના ગ્રંથો આ પ્રકારે જાણવા મળે છે—

'ચૈત્યવંદનભાષ્ય–અવચૂરિ' ગ્રં૦ ૧૦૨૭, 'કલ્પાન્તર્વાચ્ય' ગ્રં૦ ૧૮૦૦ 'ચતુર્વિંશતિજિન ભવોત્કીર્તન સ્તવ' શ્લો૦ ૨૬, 'નવખંડ–પાર્શ્વનાથાષ્ટક' શ્લો૦ ૮ 'સાવચૂરિ, યુગાદિજિનસ્તોત્ર' શ્લો૦ ૨૫, 'યુષ્મત્ શબ્દનવસ્તવ,' 'અસ્મત્ શબ્દનવસ્તવ,' 'ભાષ્યત્રયચૂર્ણિ,' 'કલ્યાણકસ્તવ,' 'યતિજીતકલ્પ,–રત્નકોશ,' સં૦ ૧૪૫૦ માં 'આરાધનારાસ,' સં૦ ૧૪૮૦ માં 'અર્બુદકલ્પ, નેમિનાથ નવરસ ફાગ,' સં૦ ૧૪૮૫માં ઉપદેશમાલા–બાલાવબોધ,' સં૦ ૧૪૯૧ સ્થૂલિભદ્રફાગ, 'યોગશાસ્ત્ર–બાલાવબોધ,' 'ષડાવશ્યક બાલબોધ' નવતત્વ બાલાવબોધ 'આરાધનાપતાકા–બાલાવબોધ,' સં. ૧૪૯૬માં 'ષષ્ઠિશતક–બાલાવ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોધ.' વગેરે ગ્રંથો રચ્યા.[1] હતા.

તેઓ પ્રાચીન ગદ્ય ગુજરાતી ભાષાના આદ્ય પુરસ્કર્તા હતા.
(–ક્રિયારત્ન સમુચ્ચય ગુરુપર્વક્રમ સં૦ ૧૪૬૬ ગુર્વાવલી, સં૦ ૧૪૬૬, સોમસૌભાગ્ય કાવ્ય સં૦ ૧૫૨૪, ગુરુગુણરત્નાકર કાવ્ય સં૦ ૧૫૪૧, તપાગચ્છપટ્ટાવળી સં૦ ૧૬૪૮,)

આ૦ સોમસુંદરસૂરિ **લોકપ્રિય** હતા, તેમ સર્વ ગચ્છપ્રિય પણ હતા બીજા ગચ્છવાળા તેમની પાસે પ્રાયશ્ચિત્ત લેવા આવતા. તેમણે કચ્છનાં ચોબારી ગામમાં વિરોધી ગચ્છવાળાએ ઇર્ષ્યાથી મોકલાવેલા "મારાને" શાંત બનાવી, દીક્ષા આપી, પોતાનો શિષ્ય બનાવ્યો.

**ગ્રંથભંડાર** માંડવગઢના સોની **સંગ્રામસિંહે** સં૦ ૧૪૭૦માં આચાર્યશ્રીને માંડવગઢમાં પધરાવી, ચોમાસુ કરાવ્યું. અને ભગવતી—સૂત્રનું વ્યાખ્યાન કરાવ્યું. સોની સંગ્રામે ગહુંલીમાં 'ગોયમા' શબ્દ દીઠ એકેક સોનામહોર મૂકી, એમ ૩૬૦૦૦ સોનામહોર ચડાવી. તેની **માતાએ** 'ગોયમા' શબ્દદીઠ અર્ધી એમ ૧૮૦૦૦ અને તેની **પત્નીએ** પા, એમ ૯૦૦૦ સોનામહોર ચડાવી. એમ તેઓએ કુલ ૬૩૦૦૦ સોનામહોરો 'ભગવતીસૂત્રને ચડાવી. સંગ્રામ સોનીએ સં૦ ૧૪૭૧માં આ દ્રવ્ય ખરચીને સોનેરી તેમજ રૂપેરી શાહીથી ચિત્રવાળી કલ્પસૂત્રની પ્રતિ, તેમજ 'કાલિકાચાર્યકથા' લખાવી. અને સાથેના સો સાધુઓને તેની પ્રતિઓ વહોરાવી. (–પ્રક૦ ૪૫ પૃ૦ ૩૦૩ થી ૩૩૭)

આચાર્યશ્રીના ઉપદેશથી **શા૦ મેઘજી ઓસવાલે** પાવાગઢમાં ભ૦ સંભવનાથના દેરાસરમાં ૮ દેરીઓ બંધાવી, સોપારામાં જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો, સુલતાનપુરમાં ઉપાશ્રય બંધાવ્યો અને ૨૪ જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી, મહાકાંઠામાં ૨૪ વાર

---

૧. આ૦ સોમસુંદરસૂરિએ ષષ્ઠિશતકની ટીકા રચી. (વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૧૨૩) આ૦ સોમસુંદરસૂરિના શિષ્યોએ રચેલું નવગ્રહ પાર્શ્વનાથ સ્તોત્ર શ્લો૦ ૧૦ સાવચૂરિક અને આબૂ તથા જીરાવલા તીર્થોનાં ક્રમશઃ ભ૦ ઋષભદેવ ભ૦ નેમિનાથ અને ભ૦ પાર્શ્વનાથનું ત્રિઅર્થી સ્તવન–શ્લો૦ ૫, સાવચૂરિક મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અમારિ** પળાવી, સં૦ ૧૪૯૮માં 'જૈન સિદ્ધાંતભંડાર' સ્થાપ્યો.

વીરવંશાવલી પટ્ટાવલીમાં આ૦ સોમસુંદરસૂરિ બાબત આ પ્રમાણે વિશેષ વર્ણન મળે છે.

કચ્છના ચોબારી ગામમાં એક મારો કોઈની શીખવણીથી આચાર્યશ્રીને મારી નાખવા રાતે તેમની પાસે આવ્યો, પણ તે મારો ગુરૂ મહારાજને મહાપુરૂષ સમજીને ઘાત કરતો રોકાઇ ગયો અને ગુરૂ મહારાજને નમસ્કાર કરી, પોતાને ઘરે ચાલ્યો ગયો[1]

આ૦ **સોમસુંદરસૂરિ** ત્યારબાદ **માંડવગઢ** પધાર્યા, પછી વડોદરા, સંખેહડા, ડભોઇ, જંબૂસર આમોદ ખંભાત અહમદાવાદ **આશાપલ્લી કઠવાડા ફરમાનવાડી** સિકંદરપુર, વીશનગર થઇ **વડનગર** પધાર્યા, ત્યાં વીશા પોરવાડ સં૦ દેવરાજની **સોમસુંદરસૂરિએ** ભ૦ અભિનંદનસ્વામીની સાત ધાતુથી ભરાવેલ જિનપ્રતિમાવાળા મોટા જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી. અને સં૦ દેવરાજે ૨૭૦૦૦ ખરચી મોટો ઉત્સવ કર્યો. ગચ્છનાયકે ત્યાં સં૦ ૧૪૭૮માં (૧) કૃષ્ણસરસ્વતી બિરૂદધારી ઉપા૦ મોહનનંદને આચાર્ય પદવી આપી, આ૦ મુનિસુંદરસૂરિ નામ રાખી, પોતાની પાટે સ્થાપ્યા હતા. તેમજ બીજા પણ નીચે પ્રમાણે ત્રણ આચાર્યો બનાવ્યા.

(–ઇતિ૦ પ્રક૦ ૪૪ પૃ૦ ૨૦૨)

(–સં૦ ૧૪૯૮, સૂક્ષ્માર્થવિચાર ચૂર્ણિ–પ્રશસ્તિ)

(૨) ઉપા૦ જયઉદય–તે આ૦ જયચંદસૂરિ.

(૩) ૧૧ અંગના મુખપાઠી ઉપા૦ ભુવનધર્મ–તે આ૦ ભુવનસુંદરસૂરિ.

(૪) દીપાલિકાકલ્પના રચયિતા ઉપા૦ જયવંતહર્ષ–તે આ૦ જિનસુંદરસૂરિ.

---

૧. મહો૦ ધર્મસાગરગણિવર લખે છે કે દ્રવ્યલીંગીઓએ ઇર્ષાથી ૫૦૦ ટકા આપી આ મારાને મોકલ્યો હતો, વૃદ્ધો બતાવે છે કે આ મારાએ આચાર્યદેવની મીઠી વાણીથી ઉપદેશ પામી દીક્ષા લીધી હતી.

(તપગચ્છપટ્ટાવલી ગા૦ ૧૬ વિવરણ, પટ્ટા. સમુ૦ ભા૦ ૧ પૃ૦ ૬૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગચ્છનાયક આ૦ સોમસુંદરસૂરિ** ચાર લઘુ આચાર્યો સાથે વિહાર કરતા કરતા હણાદ્રા થઇ **મોટા પોસીના** પધાર્યા. ત્યાં તેમણે વીશા પોરવાડ શાહ **ધૂલાજી**ના ભ૦ ઋષભદેવ, ૨ ભ૦ શાંતિનાથ, ૩ ભ૦ નેમિનાથ, ૪ ભ૦ પાર્શ્વનાથ અને ૫ ભ૦ મહાવીરસ્વામી એમ મોટા પાંચ જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરી, **ત્યારથી પોસીના તીર્થ** બન્યુ.

તેમણે ત્યાંથી વિહાર કરી, આબૂ પાસે **ભારજા** વગેરે નગરોના ૭ જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરી. તેમજ આ પ્રદેશમાં ૨૧ જિન-પ્રાસાદોના **જીર્ણોદ્ધાર** કરાવ્યા.[1]

તેમણે સં૦ ૧૪૮૧ માં **નીતોડામાં** મહારાજા સંપ્રતિએ બનાવેલા મોટા જિનપ્રાસાદમાં દેવપાટણથી **બાબાયક્ષની** પ્રતિમા મંગાવી, સ્થાપન કરી. તથા નાંદિયામાં જીવિતસ્વામી, અને અજારીમાં **સરસ્વતી-દેવી**, વગેરેની યાત્રાએ કરી, ‘મેવાડના ગોલવાડ’માં નાડલાઇની યાત્રા કરી, ત્યાં ચોમાસુ કર્યું. પછી રાણકપુર (ઘાણેરાવ)માં ચોમાસુ કર્યું.

વીશા પોરવાડ સં૦ **ધરણાશાહે** ગુરુદેવના ઉપદેશથી સં૦ ૧૪૬૯ માં રાણકપુરમાં “બાદશાહ ફિરોજશાહની આજ્ઞા” મેળવી **ચતુર્મુખ ત્રૈલોકયદીપક** જિનપ્રાસાદ બનાવવો શરૂ કર્યો. હતો તેની આ૦ **સોમસુંદરસૂરિના** હાથે સં૦ ૧૪૯૯માં પ્રતિષ્ઠા કરાવી, ત્યારે ત્યાં ૪ આચાર્યો, ૯ ઉપાધ્યાયો, પંડિત, ગણિ, ઋષિ વગેરે ૫૦૦ મુનિવરોનો પરિવાર વિદ્યમાન હતો.

---

૧. આ૦ સોમસુંદરસૂરિએ સં૦ ૧૪૭૮ પો૦ સુ૦ ૫ને રોજ રાણા મોકલદેવના રાજ્યમાં મેવાડના જાવરગામમાં શેઠ વાના પોરવાડના વંશજ સંઘપતિ ધનપાલના ભ૦ શાંતિનાથના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી. ત્યારે તેમની સાથે **આ૦ મુનિસુંદરસૂરિ**, આ૦ જયચંદસૂરિ, આ૦ ભુવનસુંદરસૂરિ આ૦ જિન-સુંદરસૂરિ, આ૦ જિનકીર્તિસૂરિ, આ૦ વિશાલરાજસૂરિ, આ૦ રત્નશેખરસૂરિ, આ૦ ઉદયનંદીસૂરિ, આ૦ લક્ષ્મીસાગરસૂરિ, મહો૦ સત્યશેખરગણિ, મહો૦ સૂરસુંદરગણિ, પં૦ સોમદેવગણિ, પં૦ સોમોદયગણિ, વગેરે આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, મુનિ વગેરે પરિવાર હતો. ચારે સંઘ આવ્યા હતા.

(–પ્રાગ્વાટ ઇતિ૦ પૃ૦ ૨૫૮)

JAINSITE જૈન સાઈટ જૈનશાસન અને સાહિત્ય
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સં૦ ધરણાશાહે** સં૦ ૧૪૯૫માં શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો ત્યારે તેની ઉંમર ૨૧ વર્ષની હતી અને અને તેની પત્નીની ઉંમર ૧૮ વર્ષની હતી. બંનેએ ત્યાં ચોથું વ્રત સ્વીકારી **સંઘપતિની ઇંદ્રમાલા** પહેરી હતી.

(-ઇતિ૦ પ્રક૦ ૪૫ પૃ૦ ૩૭૩)

પછી ગચ્છનાયક આ૦ સોમસુંદરસૂરિ અને આ૦ મુનિસુંદરસૂરિ એ બન્ને આચાર્યોએ નાડોલમાં સાથે ચોમાસુ કર્યું તથા આ૦ **ભુવનસુંદરસૂરિને** ચોમાસા માટે "**શિરોહી**" મોકલ્યા, અને આ૦ **જિનસુંદરસૂરિને** "શ્રીમાલ નગરમાં ચોમાસુ કરવા મોકલ્યા.

આ૦ સોમસુંદરસૂરિ સં૦ ૧૫૦૧ માં ભ૦ મહાવીરસ્વામી વગેરેની યાત્રા કરી ચોમાસામાં કાળધર્મ પામ્યા.

(વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૧૩ થી ૨૧૬)

## તપાગચ્છની વિવિધ નંદીઓ, જૂદી જૂદી શ્રમણશાખાઓ

ઇતિહાસકાર **પં૦ પ્રતિષ્ઠાસોમગણિ** સં૦ ૧૫૨૪ માં લખે છે કે, આ૦ સોમસુંદરસૂરિની આજ્ઞામાં તપાગચ્છની સુંદર, કીર્તિ, રાજ, શેખર, નંદિ, સાગર, દેવ, મંડન, રત્ન, જય, હંસ, વર્ધન, મૂર્તિ, ભૂષણ, વીર, ભદ્ર, ધર્મ, ચંદ્ર, સિંહ, સેન, સોમ વગેરે વગેરે લગભગ ૫૦ થી વધુ શાખાઓના ૧૮૦૦ શ્રમણો હતા.

(-સોમસૌભાગ્ય કાવ્ય, સર્ગ : ૧૦,)

આ શાખાઓમાં વગેરે શબ્દથી સાધુ, વિજય, વિમલ, હર્ષ, કુલ, કુશલ, મેરૂ, સૌભાગ્ય, કળશ, રુચિ, ચારિત્ર, શીલ વગેરે વધુ શાખાઓ સમજવાની છે. આમાંની ઘણી **શ્રમણશાખાઓ** લગભગ વિક્રમની ૨૦ મી શતાબ્દી સુધી ચાલુ હતી. તે પૈકીના **કવિરત્ન પં૦ દયારુચિગણિ** સં૦ ૧૮૩૫માં અને દોલતરુચિ સં૦ ૧૯૦૦માં થયા હતા. આજે પં૦ માણેકરુચિ વિદ્યમાન છે.

તપાગચ્છના **નાયકો** ગીતાર્થોની સમ્મતિ મેળવી, તથા શાસન દેવોનો સંકેત પામી, યોગ્ય મુનિને પોતાની પાછળ **ગચ્છનાયક** બનાવતા હતા.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

તપાગચ્છમાં આ રીતે **વિવિધ શાખાઓ** હતી. તે દરેક શાખાઓના મુનિવરો એક ગચ્છનાયક (ભટ્ટારક)ની આજ્ઞામાં રહેતા હતા. આ શાખાઓની શિષ્યપરંપરામાં **પ્રધાનતા** રહેતી હતી.

સાધારણ રીતે વિજય તથા વિમલ, સાગર તથા સાર, કુશળ તથા કુળ, હર્ષ તથા હંસ અને ધર્મ તથા ચારિત્ર કે શીલ વગેરે શાખાઓ નામસામ્યથી એક જ હતી. તેમજ સાગર, સમુદ્ર, તથા અબ્ધિ, ચંદ્ર તથા ઇન્દુ, હર્ષ તથા આનંદ તેમજ સુંદર તથા કુશલ, સૌભાગ્ય તથા ભદ્ર, અને વિજય વગેરે શાખાઓ અર્થસામ્યથી એક જ મનાતી હતી.

જેમકે મુનિચંદ્ર તે **મુનીંદુ,** આનંદસાગર તે **આનંદાબ્ધિ,** બુદ્ધિસાગર તે **બુદ્ધ્યબ્ધિ,** અજિતસાગર તે અજિતાબ્ધિ, મહાનંદ તે **મહાહર્ષ** વગેરે ગચ્છનાયકો તથા ગીતાર્થો હુલામણામાં, વડીદીક્ષામાં કે પદવીઓમાં આ શાખાઓને બદલી પણ નાખતા હતા.

જેમકે ઉપા૦ મોહનંદન તે આ૦ મુનિસુંદરસૂરિ, ઉપા૦ જયઉદય તે આ૦ જયચંદ્ર, ઉ૦ અમૃતમેરૂ તે આ૦ **આનંદવિમલસૂરિ,** ઉ૦ ઉદયધર્મ તે આ૦ **વિજયદાનસૂરિ,** ઉ૦ હીરહર્ષ તે આ૦ **હીરવિજયસૂરિ.** ઉ૦ જયવિમલ તે આ૦ **વિજયસેનસૂરિ,** ઉ૦ વિદ્યાવિજય તે આ૦ **વિજયદેવસૂરિ,** ઉ૦ રાજવિમલ તે મહો૦ હર્ષવિમલ ગણિ, પં૦ વિદ્યાવિમલ તે ઉપા૦ **વિદ્યાધર** તેમજ ઉપા૦ વિદ્યાસાગર, અને આ૦ આનંદસાગરસૂરિના શિષ્ય મુનિ હંસવિજય તે પં૦ **વિજયસાગર** વગેરે વગેરે.

**પદસ્થો**

ભ૦ સોમસુંદરસૂરિવરે પોતાની પાટે ૧ આ૦ મુનિસુંદરસૂરિ, ૨ આ૦ જયચંદ્રસૂરિ, ૩ આ૦ ભુવનસુંદરસૂરિ, ૪ આ૦ જિનસુંદરસૂરિ વગેરે ૪ આચાર્યો બનાવ્યા, તેમજ ૧ ઉ૦ ચારિત્રરત્ન ગ૦ ૨ ઉ૦ રત્નમંડન ગ૦ ૩ ઉ૦ જિનમંડન ગ૦ ૪ ઉ૦ **હેમહંસગણિ** ૫ ઉ૦ સોમદેવ ગ૦ ૬ ઉ૦ વસુનંદન અને ૭ ઉ૦ સુધાનંદન વગેરેને ઉપાધ્યાય પદે સ્થાપ્યા. તેમના પરિવારમાં ૧૮૦૦ સાધુઓ હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**જ્યોતિર્ધરો :**– આ૦ સોમસુંદરસૂરિએ જગતને ઘણા જ્યોતિર્ધરો આપ્યા હતા. તે આ પ્રમાણે :—

(૧) આ૦ **મુનિસુંદરસૂરિ** (–પ્રક૦ ૫૧)

(૨) આ૦ **જયચંદ્રસૂરિ**–તે આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય હતા. તેમનાં નામ મુનિ જયાનંદ, જયેન્દુ અને જયકઉદય વગેરે મળે છે. તેમને ભ૦ દેવસુંદરે ઉપાધ્યાય બનાવ્યા. અને આ૦ મુનિસુંદરસૂરિએ આ૦ સોમસુંદરસૂરિની અધ્યક્ષતામાં સં૦ ૧૪૭૯ માં તારંગા તીર્થમાં આચાર્ય બનાવ્યા હતા.

તેમનું બીજું નામ **જયસુંદર** પણ મળે છે. તે સંઘના કાર્યમાં અપ્રમાદી હતા.

**ગ્રંથો :—**

તે કાવ્યપ્રકાશ તથા સમ્મતિતર્ક ગ્રંથોના મોટા અધ્યાપક હતા. તેમના ઉપદેશથી શા૦ **પર્વત** શ્રીમાલીએ સં૦ ૧૫૦૨ માં પાટણમાં મોટો "ગ્રંથભંડાર" સ્થાપ્યો. અને લાખો શ્લોક પ્રમાણ જૈન જૈનેતર ગ્રંથો લખાવ્યા. તેમજ શેઠ **વીરદેવ** ઓસવાલના પુત્ર **વિજયપાલ**ની પત્ની શ્રાવિકા **વરજાઈએ** પોતાના પિતા ગુર્જરમલ, માતા પુરાદેવી અને ભાઈ પૂનપાલની સાથે રહી સં૦ ૧૫૦૫ માં "અંગવિજ્જા પઈન્નય" લખાવ્યો.

મુનિ જયાનંદે સં૦ ૧૪૨૭ના માગસર મહિનામાં નેમાડ પ્રાન્તમાં વિચરી **નેમાડ પ્રવાસ ગિતિકા** બનાવી.

**પ્રતિષ્ઠા-જીર્ણોદ્ધાર-તીર્થ સ્થાપના :**–(૧) આ૦ જયચંદ્રસૂરિએ સં. ૧૫૦૪ મા૦ સુદ ૧૩ ગુરુવારે વીરમગામના પોરવાડ સંઘપતિ ગલાના પરિવારની સોનબાઈની "ભ૦ શાન્તિનાથની ધાતુની પંચતીર્થીની પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રતિમા હાલ અમદાવાદમાં પાનકોરનાકાના રસ્તે રહેલ શેઠ દલપતભાઈ ભગુભાઈના વંડામાં ઘર દેરાસરમાં બિરાજમાન છે.

(૨) સં૦ ૧૫૦૮ વર્ષે અષાડ વદિ ૧ રવિવારે માંડવગઢના સં૦ ડુંગર શ્રીમાલીના ભત્રિજા સરવણની પત્ની **સનખતે** ભ૦ આદિનાથની પ્રતિમા ભરાવી, અને તેની તપાગચ્છના ભ૦ સોમસુંદરસૂરિના શિષ્ય આ૦ **ઉદયનંદીએ** પ્રતિષ્ઠા કરી, આ પ્રતિમા હાલ ઇન્દોરમાં શરાફા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બજારના યતિ માણેકચંદજીના મંદિરમાં વિદ્યમાન છે. (બદનાવરના નંદલાલજી લોઢા સંગ્રહિત શ્રી માંડવગઢ તીર્થ પુસ્તિકા).

(૩) સં૦ ૧૫૫૫ વૈ૦ સુદ ૩ શનિવારે માંડવગઢના સં૦ **સાંડા શ્રીમાળીની પત્ની** માઉ અને પુત્ર ચાંપાકે પોતાના પરિવારને સાથે રાખી પોતાના શ્રેયઃ માટે ભ૦ ચંદ્રપ્રભુની પ્રતિમા ભરાવી, અને તેની ભ૦ સોમસુંદરસૂરિ શિષ્ય આ૦ જયચંદસૂરિએ પ્રતિષ્ઠા કરી.

આ પ્રતિમા હાલ ઉજ્જૈનમાં આવંતી પાર્શ્વનાથ-જિનપ્રાસાદમાં વિદ્યમાન છે.

(બદનાવરના નંદલાલજી લોઢા સંગૃહિત શ્રી માંડવગઢ પુસ્તિકા)

(૪) આ૦ જયચંદ્રસૂરિના ઉપદેશથી ઘણા ગામના જૈનોએ સં૦ ૧૪૮૩માં જીરાવલા તીર્થમાં મોટા જિન પ્રાસાદની ભમતિમાં ઘણી દેરીઓનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

(૫) આ૦ જયચંદ્રસૂરિએ સં૦ ૧૫૦૩માં **જાકોડાતીર્થ** સ્થાપિત કર્યું.

જૈન સાઈટ JAINSITE .com જયમ્ જયતિ શાસનમ્

(૫૧) **આ૦ જયચંદ્રસૂરિ**

(૫૨) **સંવેગદેવગણિવરઃ**-તેમણે સં૦ ૧૫૧૦ કે ૧૫૬૪માં આવશ્યકસૂત્ર પીઠિકાનો બાલાવબોધ બનાવ્યો હતો.

સં૦ ૧૪૮૩માં આ૦જિનવલ્લભસૂરિના પ્રશ્નોત્તરશતકની ટીકા રચી.

(-પ્રક૦ ૪૦ પૃ૦ ૪૩૩)

આ૦ ઉદયનંદીસૂરિ તેમના શિષ્ય હતા.

(૫૧) આ૦ **જયચંદસૂરિ**

(૫૨) **આ૦ ઉદયનંદીસૂરિ** :- તે આ૦ જયચંદ્રસૂરિના હસ્ત દીક્ષિત દીક્ષાશિષ્ય તેમજ **વિદ્યાશિષ્ય** હતા.

આ૦ **રત્નશેખરસૂરિએ** આ૦ સોમસુંદરસૂરિ તથા આ૦ મુનિ સુંદરસૂરિની અધ્યક્ષતામાં તેમને આચાર્ય બનાવી આ૦ જયચંદ્રસૂરિની પાટે સ્થાપિત કર્યા હતા. આ૦ રત્નશેખરસૂરિ તથા **આ૦ ઉદય-નંદીસૂરિએ** સં૦ ૧૫૦૮માં મજ્જાપદ્રગામમાં "ઉ૦ લક્ષ્મીસાગર ગણિને આચાર્ય બનાવી, આ૦ રત્નશેખરસૂરિના પાટે **ગચ્છનાયક** બનાવ્યા હતા. (-પ્રક૦ ૫૩ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ ઉદયનંદીસૂરિના શિષ્ય (૫૩) પં............... ગણિવરે સં૦ ૧૫૧૦ કા૦ સુ૦ ૮ ને રોજ પાલનપુરમાં ક્ષેત્રસમાસ સાવચૂરિ પંચ પાઠી લખ્યો. (–શ્રી પ્રશસ્તિ સં૦ ભા૦ ૨ પ્ર૦ નં૦ ૬૫)

તેમની બીજી શિષ્ય પરંપરા આ પ્રમાણે મળે છે.

(૫૧) **આ૦ જયચંદ્રસૂરિ**

(૫૨) **પં૦ જિનહર્ષગણિવર**–તે આ૦ જયચંદ્રસૂરિના શિષ્ય હતા. મહો૦ જિનમંડન ગણિવરના વિદ્યાશિષ્ય હતા. તેમનું બીજું નામ **પં૦ જિનહંસગણિ** પણ મળે છે.

તે ગુણના ભંડાર, મોટા વિદ્વાન્, મોટા ગ્રંથકાર હતા. અને મોટા ગ્રંથ સંશોધક હતા. તેમણે શરૂમાં જ મુનિપણામાંજ ચિત્તોડમાં "રયણસેહર નરવઈ કહા" ગા૦ ૧૫૬ બનાવી, પછી સં૦ ૧૪૮૭માં "સમ્યકત્વ કૌમુદી પ્રસ્તાવ–૭" સં૦ ૧૪૯૭ (૯૩)માં ચિત્તોડમાં "વસ્તુપાલ ચરિત્ર મહાકાવ્ય પ્રસ્તાવ–૮" સં૦ ૧૫૦૨માં વીરમગામમાં "વિંશતિ સ્થાનક પ્રકરણ" તથા "વિચારામૃત સંગ્રહ" બનાવ્યા. સં૦ ૧૫૦૬ માં તપગચ્છનાયક આ૦ રત્નશેખરસૂરિની "શ્રાદ્ધવિધિ–કૌમુદી" શોધી. સં૦ ૧૫૨૫ માં "પ્રતિક્રમણવિધિ" "આરામશોભાકથા ગ્રં૦ ૪૫૧," કુમારપાલ રાસ" "સુરપણ્ણત્તિ–ટિપ્પણું" "ચંદ પણ્ણત્તિ ટિપ્પણું" "વરતારાં" "અનર્ઘરા ઘવવૃત્તિ," "**અષ્ટભાષામય** સીમંધરસ્વામી સ્તવન" "શ્રાવકકરણી સજ્ઝાય કડી–૨૨" રચ્યાં.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

તેમના ગ્રંથો "હર્ષાંક" થી અંકિત થયેલા છે.

વળી ગુરુનામ ગુપ્ત–વિમલાચલ મંડન–આદિનાથસ્તોત્ર–સંસ્કૃત–શ્લો૦ ૧૫–તેમાં તેમણે 'આ૦ જગચ્ચંદ્રસૂરિથી લઈને સૌભાગ્ય વિદ્યાસાગર આ૦ જિનસુંદર, **આ૦ જિનકીર્તિસૂરિ**, સુધીનાં નામો આપ્યાં છે. અને જણાવ્યું છે કે પ્રભાતે આ તપગચ્છના ગુરુઓનાં નામ મંત્રવાળું સ્તોત્ર ભણનાર હર્ષ તથા મહોદયને પામે.

(જૈન સત્યપ્રકાશ ક. ૯૦, ૯૧ પૃ૦ ૨૨૧)

**પ્રતિષ્ઠા**–પં૦ જિનહર્ષગણિએ સં૦ ૧૫૧૧માં ગિરનાર ઉપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોટ બહાર ચૌમુખના જિનાલયની પ્રતિષ્ઠા કરી હતી. જેની પાસે જોરાવરમલનું શાન્તિનાથનું જિનાલય અને દિગમ્બરનું જિનાલય છે.

(૫૨) પં૦ જિનહર્ષગણિના શિષ્ય (૫૩) પં૦ સાધુવિજયે સં૦ ૧૫૪૫ થી સં૦ ૧૫૫૧ ના ગાળામાં 'વિજયપ્રકરણ,' 'હેતુખંડન-પ્રકરણ' રચ્યાં. પં૦ સાધુવિજયગણિના શિષ્ય **સોમવિજય** ગણિ સં૦ ૧૫૫૪ ના ભા૦ શુ૦ ૧૨ નો સોમવારે દેવપલ્લીનગરમાં ચોમાસુ હતા. (–શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ ૨૧૪)

(૫૩) પં૦ સાધુવિજયગણિ શિષ્ય (૫૪) સંવેગી **પં૦ કમલસાધુ ગણિ** કે સંવેગી પ૦ કમલચંદ્રગણિ.

(–પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૮)

શિષ્ય (૫૫) **પં૦ આણંદસાધુ ગણિએ** સં૦ ૧૬૫૨માં 'સ્તવનચોવીશી' બનાવી.

(૫૩) પં૦ સાધુવિજયગણિના શિષ્ય (૫૪) પં૦ કમલસાધુ (પં૦ કમલધર્મગણિ), (૫૫) **પં૦ હંસસોમગણિવરે** સં૦ ૧૫૭૫માં 'પૂર્વદેશચૈત્ય પરિપાટી. રચી. પં૦ કમલસાધુ (પં૦ કમલધર્મ) આ૦ હેમવિમલસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા. (–પ્રક૦ ૫૫ પૃ૦ ×× )

(૫૩) પં૦ સાધુવિજયના શિષ્ય (૫૪) **પં૦ શુભવર્ધન** ગણિએ આ૦ હેમવિમલસૂરિના રાજ્યમાં સં૦ ૧૫૫૨માં 'ઋષિમંડલ-વૃત્તિ' અને 'દશશ્રાવકચરિત્ર' રચ્યાં. એક ઉલ્લેખ એવો મળે છે કે, સં૦ ૧૬૦૪ ના જેઠ શુદિ ૮ ના રોજ તે આ૦ વિજયદાનસૂરિના રાજ્યમાં વિદ્યમાન હતા.[1]

---

૧. આ અરસામાં **દશશ્રાવકચરિત્રો** ઘણાં બન્યાં હતાં.

(૧) **પં૦ શુભવર્ધનગણિએ** દશ શ્રાવક ચરિત્ર રચ્યું.

(૨) કવિચક્રવર્તિ **પં૦ સર્વરાજગણિએ** સં૦ ૧૫૫૧માં માંડવગઢમાં "આનંદ સુંદર ગ્રંથ બનાવ્યો.

(–પ્રક૦ ૪૫ પૃ૦ ૩૨૧, ૩૨૨, સં૦ જાવડ શ્રીમાળી)

(૫૩) મહો૦ ચારિત્ર રત્નગણિના પ્રશિષ્ય

(૩) મહો૦ અનંતહંસગણિએ આનંદાદિ દશશ્રાવક ચરિત્ર બનાવ્યું

(–પ્ર૦ ૫૦ પૃ૦ × ×)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૫) પં૦...............એ સં૦ ૧૫૭૫માં 'સ્થૂલિભદ્રરાસ રચ્યો.

૫૧ (૩) આ૦ ભુવનસુંદરસૂરિ—

તેમનાં બીજાં નામો ઉપા૦ ભુવનધર્મ અને **આ૦ ભુવનચંદ્રસૂરિ** પણ મળે છે. તે ભ૦ દેવસુંદરસૂરિના હાથે ઉપાધ્યાય બન્યા, અને આ૦ સોમસુંદરસૂરિના હાથે સં૦ ૧૪૬૬માં દેલવાડામાં આચાર્ય થયા. તેમણે સં૦ ૧૪૮૩માં જિનપ્રતિષ્ઠા કરી. તેમણે દૂર દૂર સુધી વિહાર કરીને ગચ્છના ઘણા ઉપકારો કર્યા.

( —શ્રાદ્ધવિધિ કૌમુદી )

**ગ્રંથો**

તેમણે 'પરબ્રહ્મોત્થાપન—વાદસ્થલ,' 'લઘુ મહાવિદ્યાવિડંબન,' 'મહાવિદ્યાવિડંબન—વૃત્તિ, મહાવિદ્યાવિડંબન ટિપ્પન—વિવરણ, શ્રાદ્ધ પ્રતિક્રમણવૃત્તિ વ્યાખ્યાન, અર્થદીપિકા,' વગેરે ગ્રંથો બનાવ્યા. તેમજ શત્રુંજય—ઋષભદેવ સ્તોત્ર શ્લો૦ ૨૧ પાવાગઢ—સંભવનાથ—સ્તોત્ર શ્લો૦ ૯, જિરાવલા—પાર્શ્વનાથના ત્રણ સ્તોત્રો શ્લો૦ ૩૧, ૩૨, ૩૪, યમકમય—ચોવીશી સ્તોત્ર શ્લો૦ ૨૬, અર્બુદમંડન આદિદેવ—નેમિનાથ સ્તવન શ્લો૦ ૨૫, બનાવ્યા,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આચાર્યશ્રીના શિષ્ય **ઉપા૦ રત્નશેખરગણિએ** ગુર્વાવલી કડી: ૨૭ બનાવી હતી (—પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૧૩૧ શ્રાદ્ધવિધિ—પ્રશસ્તિ)

૫૧ (૪) આ૦ **જિનકીર્તિસૂરિ**—તેમનાં સાધુપણાનાં નામો મુનિ જયઉદય, સ્થવિર જયવર્મ અને મુનિ કીર્તિસુંદર પણ મળે છે.

---

(૪) ખરતરગચ્છના ૫૧ મા **ભ૦ જિનભદ્રસૂરિનો** પરિચય પહેલાં (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૭૪ થી ૪૭૭ માં) આવી ગયો છે. તેમની એક બીજી પરંપરા મળે છે. તે આ પ્રમાણે—

(૫૧) **ભ૦ જિનભદ્રસૂરિ** (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૭૪) (૫૨) તેમના શિષ્ય વાચનાચાર્ય **પદ્મમેરૂ ગણિ** (૫૩) શિષ્ય પં૦ **મેરૂતિલક ગણિ** (૫૪) શિષ્ય દયાકળશગણિ (૫૫) શિષ્ય અમરમાણિક્ય ગણિ (૫૬) શિષ્ય ક્ષમારંગ ગણિ (૫૭) શિષ્ય વાચનાચાર્ય રત્નલાભ ગણિ (૫૮) શિષ્ય **પં૦ રાજકીર્તિગણિએ** ગદ્યબંધ વર્ધમાન દેશના ઉલ્લાસ ૧૦ બનાવી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમજ આચાર્યપદનું બીજું નામ **આ૦ જિનરત્નસૂરિ** પણ મળે છે. તેઓ મોટા નિર્ગ્રન્થ હતા. તે આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય હતા.

પં૦ કીર્તિસુંદરગણિએ સં૦ ૧૫૧૧ માં આ૦ દેવેંદ્રસૂરિ કૃત 'વન્દારુવૃત્તિનો બાલાવબોધ' બનાવ્યો. આ૦ જિનકીર્તિસૂરિએ સં૦ ૧૪૯૪ કે સં૦ ૧૪૯૭માં નમસ્કાર સ્તવન પ્રા૦ ગા૦ ૩૨, તેની સ્વોપજ્ઞવૃત્તિ બનાવી. સં. ૧૪૧૧ માં દેવેંદ્રસૂરિ કૃત વૃંદારુવૃત્તિની-અવચૂરિ લખી, તેમજ ઉત્તમકુમાર ચરિત્ર, શ્રીપાલ-ગોપાલકથા, 'ચમ્પકશ્રેષ્ઠિકથા,' સં૦ ૧૪૯૭માં ધન્યકુમારચરિત્ર પદ્ય, દાન કલ્પદ્રુમ, (પદ્ય), સં૦ ૧૪૯૮ માં શ્રાદ્ધગુણસંગ્રહ, પાંચ જિનસ્તવન વગેરે રચ્યાં હતાં.

બેદરનગરના પાતશાહ **શા૦ પૂરણચંદ્ર કોઠારીએ** 'ગિરનાર તીર્થ'માં જિનપ્રાસાદ બનાવ્યો. આચાર્યશ્રીએ તેની પ્રતિષ્ઠા કરી હતી.

૫૧ (૫) **આ૦ જિનસુંદરસૂરિ**—તેમનું બીજું નામ પં૦ જયવંતહર્ષ અને **આ૦ જિનકીર્તિસૂરિ** પણ મળે છે.

એકાદશાંગસૂત્રાર્થધારક શ્રી જિનસુન્દરસૂરિ :

(–સોમ સૌભાગ્ય પટ્ટાવલી)

તેઓ આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય હતા. **ભ૦ દેવસુંદરસૂરિના** હાથે **ઉપાધ્યાય** બન્યા હતા. અને આ૦ સોમસુંદરના હાથે જ સં૦ ૧૪૭૭માં મહુવામાં સં૦ ગુણરાજના ઉત્સવમાં **આચાર્ય** થયા હતા.

તેમણે સં૦ ૧૪૮૩ માં 'દીપાલિકા કલ્પ ગ્રં૦ ૪૩૭' બનાવ્યો 'ચતુર્વિંશતિ જિનસ્તુતિ શ્લો૦ ૨૯,' અને તેની 'અવચૂરિ' બનાવ્યાં.

૫૧. આ૦ જિનકીર્તિસૂરિ (જિનસુંદરસૂરિ)

(૫૨) **મહો૦ મહીકળશગણિ**, તેમનાં બીજાં નામો પં૦ મહીરત્નગણિ, અને મહો૦ મહીસમુદ્રગણિ, પણ મળે છે. તેઓ આ૦ જિનકીર્તિસૂરિના શિષ્ય હતા.

(૫૩) **પં૦ લબ્ધિકીર્તિગણિ** (પં૦ લબ્ધિસમુદ્રગણિ) તે મહો૦ મહીકલશગણિના દીક્ષા શિષ્ય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ સોમમંડનસૂરિના પટ્ટધર **આ૦ સોમજયસૂરિએ** અમદાવાદના સં૦ કર્મણ પોરવાડ, **સં૦ ગુણરાજ,** દોશી મહિરાજ, તથા **દોશી હેમજીના** આગ્રહથી પં૦ લબ્ધિસમુદ્ર, પં૦ અમરનંદિ અને પં૦ જિનમાણિક્યને અમદાવાદમાં **ઉપાધ્યાયપદ** આપ્યું હતું. મહો૦ મહીકલશગણિના શિષ્ય (૫૩) પં૦ **લબ્ધિકીર્તિ** (લબ્ધિસમુદ્ર) **ગણિએ** સં૦ ૧૫૨૫માં વડનગરમાં 'વડનગર મંડનયુગાદિજિનસ્તવન કડી: ૨૩' બનાવ્યું હતું.[1]

૫૩. મહોપાધ્યાય **ચારિત્રરત્નગણિ**—

मुख्य शिष्य कृष्ण सरस्वती उपाध्याय श्री चारित्ररत्नः ।

તે આ૦ સોમસુંદરસૂરિના હસ્તદીક્ષિત શિષ્યોમાં સૌથી મોટા હતા. અને આ૦ સોમદેવના વિદ્યાશિષ્ય હતા, તે આ૦ સોમસુંદરસૂરિના ઉપાધ્યાય હતા, મહો૦ મહીસમુદ્રગણિના **દીક્ષા શિષ્ય** હતા.

તેમનાં ચારિત્રરત્નગણિ **ચારિત્રહંસગણિ** ચારિત્રસુંદર ગણિ વગેરે નામો મળે છે. તેઓ ઉત્કટ ચારિત્રધારી હતા. આથી જ આ૦ સોમસુંદરસૂરિએ તેમને "ઉપાધ્યાયપદ" આપ્યું ત્યારે તેમનું નામ

---

૧. આ સ્તવન જૂની ગુજરાતી ભાષામાં છે, તેની **પ્રશસ્તિ** તથા પુષ્પિકા આ પ્રકારે મળે છે—

> સિરિ **સોમસુંદર** પટ્ટ દિણયર, **લચ્છિસાયર** ગણધરો;
> સિરિ **સુધાનંદનસૂરિ મંડન, સોમજય** સૂરીસરો.
> **જિણ સોમસૂરિય** વાયણાયરીય, **મહીકલસ** મંગલકરં,
> સિરિ રિસહથુત્તં, ભત્તિજુત્તં **લદ્ધિકિત્તિ** સુહંકરં. ॥૨૩॥

ઇતિ વડનગરમંડન શ્રી યુગાદિજિન સ્તવનમ્.

વાચનાચાર્ય ચક્રવર્તિભટ્ટારક પ્રભુ **શ્રી જિનકીર્તિસૂરિ** શિષ્ય પં૦ મહિકલશગણિ શિષ્ય પં૦ **લબ્ધિકીર્તિગણિકૃતં** સં૦ ૧૫૨૫ વર્ષે.

સ્તવન કર્તાએ સ્તવનમાં વડનગરનાં ૧ આણંદપુર, ૨ ચમત્કારનગર, ૩ મદનપુર અને ૪ વડનગર નામ બતાવ્યાં છે, અને આ સ્થાનને **સિદ્ધક્ષેત્ર** પણ બતાવ્યું છે. (કડી : ૯)

(—જૈનયુગ, પુ૦ ૧, અંક:૧૧, સં. ૧૯૮૨, આષાઢ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉ૦ **ચારિત્રરત્ન ગણિ** રાખ્યું, તે મોટા વિદ્વાન હતા. તેમને "કૃષ્ણ-સરસ્વતીનું" બિરુદ હતું.

તેમણે 'ચૈસ્તૈઃ શ્રીઃ૦' યમકમય–ચતુર્વિંશતિ જિનસ્તોત્ર, 'શ્રી જિનર્ષભ૦ યમકમય–જિનચતુર્વિંશતિ સ્તુતિ શ્લો૦ ૨૯–સ્વોપજ્ઞ–અવચૂરિ સહિત બનાવ્યાં, પં૦ ચારિત્રરત્ન ગણિવરે સં૦ ૧૪૭૭ માં પોશીનામાં વિઘ્નાપહાર પાર્શ્વજિનપ્રાસાદની પ્રશસ્તિ શ્લો૦ ૨૮ બનાવી (જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૧૭૦) તેમજ સં૦ ૧૪૯૫માં ચિત્રકૂટ મહાવીર પ્રાસાદ પ્રશસ્તિ, સં૦ ૧૪૯૯ માં ચિત્તોડમાં દાનપ્રદીપ પ્ર૦ ૧૨, ગ્રં૦ ૬૬૭૫ વગેરે બનાવ્યાં.

(૫૨) પં૦ મહીરત્નગણિના શિષ્ય (૫૩) પં૦ **ચારિત્રસુંદર ગણિએ** સં૦ ૧૫૨૨ ના ફા૦ વ૦ ૪ને રોજ **લોલ્વજ(લાજ) ગામમાં** પં૦ ઇંદ્રસાગરગણિને ભણવા માટે ભ૦ ઋષભદેવ–શાંતિનાથ–નેમિનાથ–પાર્શ્વનાથ–મહાવીરનાં–ષડ્ભાષામય સ્તવનો રચ્યાં છે પણ તેમણે તેમાં પોતાનું નામ આપ્યું નથી. માત્ર આ૦ સોમસુંદરસૂરિને યાદ કર્યા છે.

(–જૂઓ પ્રક૦ ૫૦, પૃ૦ ૪૪૮)

JAINSITE .com जैन साईट जैनम् जयति शासनम्

## ૫૪. મહો૦ હેમહંસ ગણિવર—

हैमव्याकरणार्णवं निजधिया नावाऽवगाह्यामितो
**मञ्जूषा** समपूरि भूरिघृणिभिर्यै न्यायरत्नैरिह ।
ज्योतिस्तत्त्वविवर्त**वार्त्तिक** कृतः श्री हेमहंसाह्वयाः
जीयासुः सुमनो मनोरमगिरः ते वाचकाधीश्वराः ॥ ५ ॥

(–મહો૦ વિનયવિજય ગણિવરે સં૦ ૧૭૩૭ના આ૦ શુ૦ ૧૦ના રોજ રતલામમાં રચેલ હેમલઘુપ્રક્રિયાની સ્વોપજ્ઞ મોટી ટીકા ગ્રં. ૩૫૦૦૦ની પ્રશસ્તિ; શ્રી મો૦ ગી૦ કાપડિયાની 'શાંત સુધારસ ભાવના' પ્રસ્તાવ પૃ૦ ૯૮)

તેમનું બીજું નામ **પં૦ હંસદેવ** પણ મળે છે. તે મહો૦ ચારિત્રરત્નના શિષ્ય હતા. તેમને **આ૦ મુનિસુંદરસૂરિએ** દીક્ષા આપી હતી, આ૦ જયચંદ્રસૂરિએ ભણાવ્યા હતા. આ૦ સોમસુંદર-સૂરિએ ઉપાધ્યાયપદ આપ્યું હતું. તેમની **વાદિધન્વંતરિ** તરીકેની ખ્યાતિ હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પં૦ હંસદેવે** સં૦ ૧૫૧૨ ના જે૦ શુ૦ ૫ ના રોજ ખેરાલુમાં રત્નશેખર કથા લખી. સં૦ ૧૫૧૨ ના ભા૦ વ૦ ૫ ના રોજ ડાભલામાં પં૦ તીર્થરાજગણિ માટે "શ્રીપ્રબંધ" લખ્યો.

(–શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ ૭૦–૭૧)

તેમણે સં૦ ૧૫૦૧ માં ષડાવશ્યક–બાલાવબોધ સં૦ ૧૫૧૪માં આ૦ રત્નશેખરસૂરિના રાજ્યમાં આશાપલ્લીમાં આ૦ ઉદયપ્રભસૂરિના "આરંભસિદ્ધિ વિમર્ષ પાંચનું વાર્તિક–સુધી શૃંગાર" રચ્યું. સં૦ ૧૫૧૫ માં ન્યાયસંગ્રહ મૂલસૂત્ર....પરિભાષા ૧૪૧, સં૦ ૧૫૧૬ માં અમદાવાદમાં ન્યાય–સંગ્રહ વૃત્તિ, ન્યાયાર્થમંજૂષા બૃહદ્વૃત્તિન્યાસ બનાવ્યા હતા.

૫૩. મહો૦ **ચારિત્રરત્ન ગણિ–**

૫૪. મહો૦ **જિનમાણિક્ય ગણિ**–આ૦ સોમજયે પં૦ જિનમાણિક્યને અમદાવાદમાં ઉપાધ્યાય બનાવ્યા. (પ્રક૦ ૫૩) તે સરસ્વતી–યમક મય આદિનાથસ્તોત્રમાં પોતાને મહો૦ ચારિત્રરત્નના શિષ્ય બતાવે છે. વળી તે આ પ્રમાણે પણ લખે છે.

તેષાં ચ વિજયરાજ્યે સતીર્થ સોમપ્રભ પ્રભોઃ સજુષાં જિનમાણિક્યગુરૂણાં પ્રસાદતઃ પ્રાપ્તવિદ્યેન । (–દશ દૃષ્ટાંત ચરિત્ર)

તે (૫૫માં) આ૦ **હેમવિમલસૂરિના** સમયે વિદ્યમાન હતા. તેથી તે આ૦ હેમવિમલસૂરિને પણ પોતાના ગુરુ બતાવે છે, તે **શતાર્થી લઘુ સોમપ્રભ** તરીકે પણ પ્રસિદ્ધ હતા, તેમણે સરસ્વતીનામ-ગર્ભિત–આદિનાથસ્તવન શ્લો૦ ૨૯ રચ્યું તેમાં તેમણે આ૦ રત્ન-શેખરસૂરિ, આ૦ લક્ષ્મીસાગરસૂરિ, આ૦ સોમદેવસૂરિ અને ગુરુ **શ્રી ચારિત્રરત્નનો** ઉલ્લેખ કર્યો છે.

**ગ્રંથો**

તેમણે સં૦ ૧૫૨૮ માં અમદાવાદના મંત્રી **ગદા** શ્રીમાલીએ લખાવેલા જ્ઞાનભંડારના ગ્રંથોનું સંશોધન કર્યું હતું. તેમણે સિદ્ધ પાહુડ–ટીકાનું સંશોધન કર્યું હતું. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૨)

તેમણે "સરસ્વતી શબ્દ યમક મય–યુગાદિજિન સ્તોત્ર" અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમ્માપુત્તચરિયં ગા૦ ૧૮૬ બનાવ્યાં તેમણે ઘણા ગ્રંથભંડારોને વ્યવસ્થિત કર્યા. તેમણે કુમ્માપુત્ત ચરિયંમાં આ૦ હેમવિમલસૂરિ અને જિન માણિક્ય શિષ્ય એમ સીધું નામ આપ્યું છે.

**ગ્રંથભંડારોનું સંશોધન**

(૫૩) મા **ભ૦ લક્ષ્મીસાગરસૂરિ** અને આ૦ સોમજયસૂરિના ઉપદેશથી અમદાવાદમાં નવા ગ્રંથભંડારો સ્થપાયા હતા, તે ભંડારો **ઉ૦ જિનમંદિરગણિની** દેખરેખ નીચે તૈયાર થયા, અને મહો૦ **જિનમાણિક્ય ગણિવરે** તે બધાનું સંશોધન કર્યું. (–પ્રક૦ ૫૩)

૫૫. મહો૦ **અનંતહંસગણિ**–તેમનું બીજું નામ પં૦ **અનંતકીર્તિ** પણ હતું, તે ૫૫ મા ભ૦ **આ૦ હેમવિમલસૂરિની** આજ્ઞામાં હતા, આથી તે પોતાને તેમના પણ શિષ્ય બતાવે છે.

પં૦ અનંતકીર્તિગણિએ સં૦ ૧૫૨૯માં મંત્રી ગદરાજ શ્રીમાલીની પત્ની સં૦ સાસૂને ભણવા માટે "શીલોપદેશમાળા" લખી. (પ્રક૦ ૪૪ પૃ૦ ૨૧૧, –પ્રક૦ ૫૩) (શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૪૦)

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

તેમના ઉપદેશથી સં૦ ૧૫૪૪ માં **રોહાનગરમાં સં૦ ખીમાએ** "અણુત્તરોવવાઈસુત્ત" લખાવ્યું, સં૦ ૧૫૫૭ માં શ્રેષ્ઠીઓથી શોભતા **ભીલડી નગરમાં** ચોકસી **પાસવીર** પોરવાડે "મોટો ગ્રંથભંડાર" બનાવ્યો, અને તેમાં ૬,૩૬,૦૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથો લખાવ્યા.

આ ગ્રંથભંડારનું સંશોધન **પં૦શુભભૂષણ** ગણિએ કર્યું હતું.

**ગ્રંથ**

**મહો૦ અનંતહંસગણિએ** "આનંદ આદિ શ્રાવક ચરિત્ર" રચ્યું, સંભવ છે કે તેનું બીજું નામ "દશદૃષ્ટાન્ત ચરિત્ર" પણ હોય.

(–પ્રક૦ ૫૦, પૃ૦ ૪૫૬, પટ્ટાવલિ સમુચ્ચય ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૫૨, ૨૫૩)

(૫૩) **મહો૦ ચારિત્રરત્ન ગણિવર**, (૫૪) મહો૦ જિન માણિક્ય ગણિવર, (૫૫) **પં૦ સોમધર્મગણિ**–તેમણે "લઘુ–ઉપદેશસપ્તતિકા અધિકાર ૫" રચ્યા, તેમણે સં૦ ૧૫૧૧ ના જેઠ

શુ૦ ૧૫ ને શનિવારે કંડારી ગામમાં **મુનિ સિદ્ધાંત માણિક્યને** ભણવા માટે "સિદ્ધહેમન્યાસ–પાદ ૧૦" લખ્યા.

(પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૬૮, ૭૪)

૫૩. **મહો૦ ચારિત્રરત્નગણિ**, (૫૪) મહો૦ જિનમાણિક્ય ગણિ, (૫૫) પં૦ સુમતિસાગરગણિ, (૫૬) **પં૦ સિંહસાર ગણિ** તે સં૦ ૧૫૫૮ ના ચૈ૦ શુ૦ ૩ ને ગુરુવારે પાટણમાં હતા.

૫૩. પં૦ ચારિત્રરત્ન ગણિવર, (મહો૦ ચારિત્રહંસ ગણિ) ૫૪ **પં૦ સોમ ચારિત્રગણિ** તે મહો૦ ચારિત્રહંસ ગણિના શિષ્ય હતા. અને **આગમધર પં૦ અભયનંદિગણિના** (અભયસુંદર મીશ્રના) પ્રીતિપાત્ર હતા. આ સમયે સં૦ ૧૫૩૯, ૧૫૪૦ માં ગુજરાત–મારવાડમાં 'ભયંકર દુકાળ' પડ્યો. તે પૂરો થતાં **પં૦ સોમચારિત્રગણિએ** સં૦ ૧૫૪૧ માં સુકાળ થતાંજ 'ગુરુગુણરત્નાકર કાવ્ય' સર્ગ : ૪ રચ્યું.

૫૧ (૬) **પં૦ ભાવસુંદર**–તેઓ **આ૦ સોમસુંદરસૂરિના** હસ્તદીક્ષિત શિષ્ય હતા. તેમણે માળવામાં **આગર** પાસેના પાનવિહારમાં 'પાનવિહારમંડન પં૦ મહાવીરસ્વામિ સ્તોત્ર' બનાવ્યું.

૫૧ (૭) **પં૦ વિવેકસમુદ્ર** (–જુઓ પ્રક૦ ૫૧)

૫૧ (૮) **મહો૦ જિનમંડનગણિ**–આ૦ સોમસુંદરસૂરિએ સં૦ ૧૪૭૯ માં સં૦ **ગોવિંદના** સંઘમાં તારંગામાં પ્રતિષ્ઠા કરાવી તેજ ઉત્સવમાં પં૦ જિનમંડનને **મહોપાધ્યાયપદ** આપ્યું. તેમણે સં૦ ૧૪૯૨માં 'કુમારપાલ પ્રબન્ધ,' સં૦ ૧૪૯૯ માં 'શ્રાદ્ધગુણવિવરણ' અને ધર્મપરીક્ષા ગ્રંથ બનાવ્યા.

૫૧ (૯) **ઉ૦ સુધાનંદગણિ**–તે 'કમલકલશ ગચ્છ'માં (૫૩) **આ૦ સોમદેવની** પાટે (૫૪) **આ૦ સુધાનંદનસૂરિ થયા**

(–પ્રક૦ ૫૩, કમલકલશાગચ્છ પટ્ટાવલી)

૫૧ (૧૦) **પં૦ નંદિરત્નગણિ**–અમદાવાદના સં૦ ગુણરાજના નાના ભાઇ નાનાકે (આંબાકે) આ૦ સોમસુંદરસૂરિ પાસે દીક્ષા લીધી. તેમનું બીજું નામ **પં૦ નાનારત્નગણિ** પણ મળે છે.

(–પ્રક૦ ૪૫ પૃ૦ ૩૬૮, ૩૬૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના શિષ્યોનાં નામ આ પ્રકારે જાણવા મળે છે:—

(૧) ઉ૦ રત્નમંડનગણિ–તે ૫૪મા આ૦ સોમદેવસૂરિની પાટે (૫૫ મા) **આ૦ રત્નમંડનસૂરિ થયા.** તેમણે સુકૃત સાગર તરંગ–૮ રચ્યો. (–પ્રક૦ ૫૩, નિગમગચ્છપટ્ટાવલી)

(૨) પં૦ રત્નસાગરગણિ–તેમનાં બીજાં નામો પં૦ રત્નમંદિરગણિ પં૦ રત્નભવનગણિ, પં૦ રત્નહંસગણિ. અને પં૦ હંસરત્નગણિ હતાં. જે પોતાના બે ગુરુદેવોનાં નામ આ પ્રકારે બતાવે છે.–

(૧) બુધનાનારત્નચરણારવિન્દ સંસેવિ હંસરત્નામ્ ॥ ૯ ॥
(શંખેશ્વર પાર્શ્વનાથ છંદ)

(૨) સૂરિ શ્રી સોમદેવસૂરિ શિષ્ય પં૦ હંસરત્ન ગણિ સં૦ ૧૫૧૧.
(–શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૬૩)

આથી માની શકાય કે, (૫૨) **પં૦ હંસરત્ન ગણિ** તે પં૦ નાનારત્નગણિના શિષ્ય હોય અને ભ૦ **લક્ષ્મીસાગરસૂરિ** તથા **આ૦ સોમદેવસૂરિના** વિદ્યાશિષ્ય હોય, આજ્ઞાવર્તી હોય.

માળવાના **ખરસદ** ગામના શા૦ કર્માશાહ પોરવાડે પં૦ રત્નહંસ ગણિના ઉપદેશથી સં૦ ૧૫૧૧ માં પાંચમ તપનું ઉજમણું કર્યું અને 'શાંતિનાથ ચરિત્ર' લખાવ્યું.
(–શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨ પ્ર૦ નં૦ ૬૩)
(પ્રક૦ ૪૫, પૃ૦ ૨૦૧ ક૦ ૧૪)

**પં૦ રત્નહંસગણિએ** સં૦ ૧૫૧૧માં 'પાર્શ્વનાથ નમસ્તે શ્લો૦ ૧૧, શંખેશ્વર પાર્શ્વનાથ છંદ શ્લોક ૯ વગેરે **વીશેક સ્તોત્રો** બનાવ્યાં હતાં.

તેમણે સં૦ ૧૫૧૭માં "**ભોજ પ્રબંધ,**" ઉપદેશતરંગિણી' વગેરે ગ્રંથો રચ્યા. (જૈન સત્યપ્રકાશ, ક૦ ૧૩૯)

૫૧ **પં૦ નંદિરત્ન ગણિ** (૫૨) **પં૦ હંસરત્ન ગણિ**–તેમને (૫૩) **પં૦ કીર્તિભવન** નામે શિષ્ય હતા.
શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ ૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૩. **પં૦ ધનકલશગણિ**–તેમના નાના ભાઈ **બાલાકે** સં૦ ૧૫૧૨માં તેમને 'આવસ્સયસુત્ત–નિજ્જુતિ–લઘુવૃત્તિ' વહોરાવી હતી.
(–શ્રી પ્રશસ્તિ સં૦ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૬૯)

૫૨. **પં૦ રત્નહંસગણિને** ૫૩ પં૦ માણિક્યનંદિ, પં૦ સમયસિંહ, પં૦ ભાવરાજ, મુનિ કુશલરત્ન વગેરે શિષ્યો હતા.

(૫૩) **પં૦ માણિક્યનંદિએ** પ્રાકૃતમાં 'ચતુર્વિંશતિજિનસ્તુતિ ગા૦ ૨૭' બનાવી. **પં૦ માણિક્યસુંદર ગણિ** તે **પં૦ નંદિરત્નના** હસ્તદીક્ષિત શિષ્ય હતા, પણ (૫૨) **પં૦ રત્નહંસ–હંસરત્નના** શિષ્ય હતા. તેમનાં બીજાં નામો પં૦ માણિક્યનંદિ ગ૦ પં૦ માણિક્યસુંદર ગણિ અને પં૦ માણિક્યમંદિર ગ૦ પણ મળે છે,

તેમણે સં૦ ૧૫૧૬ના આ૦ શુ૦ ૧ના રોજ કોટાણકનગરમાં "ષડાવશ્યક–બાલાવબોધ" લખ્યો.
(–પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૯૩)

તેમના વિદ્યાશિષ્ય **પં૦ જિનસૂરે** સં૦ ૧૬૬૧માં "પ્રિયંકર-નૃપચરિત્ર" અને "રૂપસેનચરિત્ર" બનાવ્યાં.

૫૧. (૧૧) **ઉ૦ સાધુરાજ ગણિ**–તે આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય હતા. તેમના શિષ્ય **પં૦ આનંદરત્નગણિએ** "ભરટકદ્વાત્રિંશિકા" રચી.

(૫૦) આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય (૫૧) ઉપા૦ સાધુરાજ ગણિ શિષ્ય (૫૨) **પં૦ આનંદરત્નગણિએ** સં૦ ૧૪૧૦ના અ૦ વ૦ ૨ના રોજ દેવકુલપાટક મહાનગરમાં "પિંડવિશુદ્ધિ–સાવચૂરિ" લખી.
(–શ્રી પ્રશસ્તિ સં૦ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૭)

૫૧. (૧૨) **પં૦ શાંતિચંદ્ર ગણિરાજ**–તેમનાં બીજાં નામો **પં૦ શાંતિચંદ્રગણિ** પં૦ શાંતીશગણિ પણ મળે છે. તે ભગવાન્ શાંતિનાથના પરમ ઉપાસક હતા. મોટા તપસ્વી હતા. કાંઈક અધૂરું છમાસી તપ કરતા હતા. (ગુર્વા. શ્લોક ૪૪૯, પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૮) અને જ્ઞાનપ્રેમી હતા. તેમણે સં૦ ૧૪૭૮માં "ખંભાતની ભરૂચા પોષાળ"માં ગ્રંથભંડારોની રક્ષા માટે નકામા કાગળોમાંથી **દાબડા** બનાવવાની વ્યવસ્થા ગોઠવી હતી. આ અંગે ઉલ્લેખ મળે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पश्चाल्लेखः ॥ संवत् १४७८ वर्षे वैज्ञानिक शिरोमणिपूज्य पं० शान्तिचन्द्रगणिपादैः सर्वं चित्कोशकार्यं मञ्जूषसमारचनादिकमकारि ॥ भारुकच्छशालायां श्रीसंघस्य शुभं भवतु श्री शांतिसुन्दरगणिभिः चित्कोशमंजूषसमारचनादिकृत्यं विदधे ॥

(ખંભાતના શાંતિનાથ ગ્રંથ ભંડારનું "પૃથ્વીચંદ્ર ચરિત્ર"ની પુષ્પિકા, જૈન પુ૦ પ્ર૦ સં૦ ભા૦ ૨ પ્ર૦ નં૦ ૬૯ની વિશેષ પુષ્પિકા.)

શ્રી જૈન સંઘે પં૦ શાન્તીશગણિના ઉપદેશથી વિ૦ સં૦ ૧૪૮૩માં કુલ્પાકતીર્થમાં ભ૦ માણેક્યસ્વામીના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

(—પ્ર૦ ૧૮, પૃ૦ ૪૫૬, પ્ર૦ ૪૫, પૃ૦ ૩૦૧, પ્ર૦ ૪૯, પૃ૦ ૪૩૮)

આ૦ સોમસુંદરસૂરિ તથા તેમના પરિવારના આચાર્યો અને મુનિવરોના ઉપદેશથી જીરાવલાતીર્થનો મોટો જીર્ણોદ્ધાર થયો.

(—પ્ર૦ ૪૧, પૃ૦ ૫૯૯, પ્ર૦ ૪૨, પૃ૦ ૭૨૨ થી ૭૨૬)

**પ્રભાવકો—**

(૧) ભ૦ સોમસુંદરસૂરિના શાસનકાળમાં કૃષ્ણર્ષિ ગચ્છના ભટ્ટારક, બા૦ મહમ્મદના માનીતા આ૦ મહેન્દ્રસૂરિના પટ્ટધર **આ૦ જયસિંહસૂરિ** થયા.[1]

તેમણે પંડિત સારંગને વાદમાં હરાવ્યો. સં૦ ૧૪૨૨માં "કુમારપાલ ચરિત મહાકાવ્ય ગ્રં. ૬૩૭૦" બનાવ્યું તથા ભાસર્વજ્ઞના ન્યાયસારની સંસ્કૃતમાં ન્યાય તાત્પર્ય ટીકા વ્યાકરણ બનાવ્યું. તેમજ સં૦ ૧૪૫૩માં માંડવગઢના સુલતાન મહમ્મુદ ખીલજીના મહામાત્ય અને રણથંભોરના દંડનાયક **ધનરાજ** પોરવાડની વિનંતિથી "ધનરાજ પ્રબોધમાલા શ્લોક ૭૫" બનાવી.

(—પ્ર૦ ૩૨, પૃ૦ ૫૧૮ થી ૫૨૧ કૃષ્ણર્ષિગચ્છ પ્ર૦ ૪૩, પૃ૦ ૭૫૬ થી ૭૫૭, આ૦ જયસિંહ પ્ર૦ ૪૫, પૃ૦ ૩૬૮)

૧. કૃષ્ણર્ષિગચ્છના આ૦ કૃષ્ણસૂરિ કાળી કામળી રાખતા, તેમની પરંપરામાં વાદીન્દ્ર જયસિંહસૂરિ થયા. (રાજગચ્છ પટ્ટાવલી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) કૃષ્ણર્ષિગચ્છના તપાપક્ષના આ૦ પુણ્યપ્રભસૂરિએ સં૦ ૧૫૯૩માં જીરાવલાતીર્થના મોટા જિનપ્રાસાદની દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (પ્ર. ૩૨ પૃ. ૫૨૧)

**નગરસ્થાપના**

અમદાવાદ નગરની સ્થાપનાની સાલવારી માટે જ્યોતિષીઓના તેર ચૌદ મતો મળે છે. પરંતુ એ સૌમાં સાલ, મહિના, તિથિ, તારિખ અને વારમાં મોટો વિસંવાદ છે.

આ મતોનો સમન્વય કરી, બહુમતી તારવીએ તો સ્પષ્ટ થાય છે કે—બાદશાહ અહમ્મદશાહે વિ૦ સં૦ ૧૪૬૮ના વૈશાખ શુદિ ૫ ને રોજ સને ૧૪૧૧માં અમદાવાદ નગરની સ્થાપના કરી, એટલે તે દિવસે ભદ્રના કિલ્લા પાસે અમદાવાદનો પાયો નાખ્યો. અને શરૂમાં ભદ્રનો કિલ્લો બંધાવ્યો.

એક હસ્ત લિખિત–પ્રતિમાં વિ૦ સં૦ ૧૪૬૮ના વૈશાખ વદિ ૭ રવિવાર અને પુષ્યનક્ષત્રમાં અમદાવાદ વસાવ્યાનો ઉલ્લેખ મળે છે. સંભવ છે કે—નગરપ્રવેશની તે તિથિ હોય.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારબાદ મહમ્મદ બેગડાએ (સને ૧૪૫૯ થી ૧૫૧૧, વિ૦ સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦) સને ૧૪૬૮ માં (વિ૦ સં૦ ૧૫૨૫ માં) દુકાળમાં અમદાવાદનો કોટ બનાવ્યો. (પ્ર૦ ૪૪, પૃ૦ ૧૯૭, ૨૧૧)

તપગચ્છના વૃદ્ધ પોષાળના ભ૦ રત્નસિંહસૂરિ તથા તપાગચ્છ લઘુ પોષાળના ૫૦મા ભ૦ **સોમસુંદરસૂરિ** વગેરેના ઉપદેશથી અમદાવાદમાં ઘણા જિનપ્રાસાદો બન્યા. ઉપાશ્રય બન્યા. અને ગ્રંથભંડારો સ્થપાયા. (–પ્ર૦ ૪૪, પૃ૦ ૧૯૫ થી ૨૦૮)

બા૦ અહમદશાહના પ્રીતિપાત્ર સં૦ ગુણરાજે આ૦ જ્ઞાનસાગરસૂરિ અને ભ૦ સોમસુંદરસૂરિનો **મોટો નગર પ્રવેશ મહોત્સવ** કરી અમદાવાદમાં પધરાવ્યા, તેમજ ઉત્સવ કરી પોતાના નાના ભાઈ સં૦ નાનાકને તેમના હાથે દીક્ષા અપાવી. જેનું નામ પં૦ **નંદિરત્નગણિ** રાખવામાં આવ્યું. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૮, ૩૬૯, પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૪, પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમદાવાદમાં આ નગર પ્રવેશ મહોત્સવ અને દીક્ષા ઉત્સવ સૌથી પહેલવહેલો હતો.

મેવાડના રાણા કુંભાનું નાગપુર (નાગોર) ગાગરણ, નરાણક, અજમેર, મંડોર, (જોધપુર) મંડલકર, બૂંદીખાટૂ અને સૂજાનગઢ સુધી રાજ્ય વિસ્તાર હતો. (ત્રૈલોક્યદીપક ધરણવિહાર સં૦ ૧૪૯૬ પ્રશસ્તિ)

રાણા કુંભાએ સં૦ ૧૪૬૭માં કુંભણમેરૂ નગર વસાવ્યું.

એજ અરસામાં રાણા કુંભાના રાજ્યમાં ઘાણેરાવ રાણકપુર, કુંભલમેરુદુર્ગ, વગેરે નગરો વસ્યાં.

## ઘાણેરાવ, રાણકપુર

મારવાડથી મેવાડ જતાં વચમાં મોટો પહાડ આવે છે. જૈનોએ તેની પશ્ચિમદિશામાં તથા પૂર્વ દિશામાં જૂદાં જૂદાં **શાંતિધામો** બનાવ્યાં છે.-વિવિધ તીર્થોની **સ્થાપના** કરી છે. તેની પશ્ચિમમાં ૧-મૂછાળા મહાવીર ૨-રાણકપુરજી ૩-રાતા મહાવીર (સેવાડી) અને ૪-હત્થુંડી વગેરે તીર્થો છે.

મૂછાળા મહાવીર તે પ્રાચીન જૈન તીર્થસ્થાન છે. મેવાડના મહારાણાએ તેની પાસે **ઘાણેરાવ ગામ** વસાવ્યું, આજે ઘાણેરાવમાં શ્વેતામ્બર જૈન ઓશવાલ તથા પોરવાડનાં ૪૦૦ ઘરો છે. ૧૧ મોટાં શ્વેતામ્બર જિનાલયો છે.

નાંદિયાના સંઘપતિ કુંરપાલ સરહડિયા પોરવાડના પુત્રો (૧) **રત્નાશાહ** અને (૨) **ધરણાશાહ** પોરવાડ નાંદિયામાં રહેતા હતા. તે બન્ને ભાઇ નાંદીયાથી માંડવગઢ જઈ, નાંદીયા પાછા આવી, અને રાણા કુંભાના આગ્રહથી ઘાણેરાવમાં આવી વસ્યા.

**સં૦ ધરણા પોરવાડે** સં૦ ૧૪૯૬ ફા૦ વ૦ ૫ ને રોજ રાણકપુરમાં વિશાળ **ત્રૈલોક્ય દીપક જિનપ્રાસાદ બનાવી** તેમાં **ભ૦ સોમસુંદરસૂરિવરના** હાથે ભગવાન ઋષભદેવના ચૌમુખ વગેરેની પ્રતિષ્ઠા કરાવી.

આ જિનપ્રાસાદ ભારતીય કલાના સ્થાપત્યનો અજોડ નમુનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. **રાણા કુંભાએ** આ જિન પ્રાસાદમાં આરસના બે મોટા **સ્તંભો** બનાવ્યા છે. જે આજે વિદ્યમાન છે.

(—જૈન ઈતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૩૪, પ્ર૦ ૪૫, પૃ૦ ૩૭૦ થી ૩૭૬ પ્રક૦ ૫૦ **રાણકપુર તીર્થ.**)

**સિદ્ધપુર**—ગૂર્જરેશ્વર રાજા સિદ્ધરાજ **જયસિંહે** વિ૦ સં૦ ૧૧૫૨માં સિદ્ધપુર વસાવ્યું તેમજ તેમાં સં૦ ૧૧૮૪માં **"રુદ્રમાળ"** બનાવ્યો. તથા સિદ્ધવિહાર—**જૈન રાજવિહાર** બનાવ્યો. અને સૌરાષ્ટ્રમાં "શિહોરને આબાદ કરી, તે ગામ બ્રાહ્મણોને દાનમાં આપ્યું.

(—ઈતિ૦ પ્ર૦ ૩૫ પૃ૦ ૯૩, પ્રક૦ ૪૧, પૃ૦ ૬૧૦, પ્ર૦ ૪૨ પૃ૦ ૭૩૧ થી ૭૩૩)

**અજમેર**—અજયસારે સં૦ ૧૨૦૨માં અજમેર વસાવ્યું અને સં૦ ૧૨૩૬ થી ૧૨૪૯ સુધીમાં તેમાં પૃથ્વીરાજચૌહાણ થયો.

(—પ્રક૦ ૩૫ પૃ૦ ૧૭૩)

**જેસલમેર**—યદુવંશી ભટ્ટીરાવલ કસાજીના પુત્રરાવ **જસાજીએ** લોદ્રવાથી આવીને સં૦ ૧૨૧૨ના શ્રા૦ સુ. ૧૨ (અ૦ સુ૦ ૧) ના રોજ ત્રિકૂટ શિખરને સ્થળે જેસલમેર વસાવ્યું. અને તેનો કિલ્લો બાંધ્યો.[1] અહીં ૭ જ્ઞાનભંડારો ૧૧—જિનાલયો ૧૯ ઉપાશ્રય છે.[2]

(—પ્રક૦ ૪૨ પૃ૦ ૭૨૯)

---

૧. જેસલમેર તથા બિકાનેર જે ભૂમિમાં વસ્યાં તે પ્રદેશનું પ્રાચીન નામ **"જાંગલ દેશ"** અને પ્રચલિત નામ **"સ્થળી પ્રદેશ"** છે. આવા નામોની પરિભાષા નીચે પ્રમાણે મળે છે.

**ડિમ્બરેલક**—પાણીના પુરવાળી જમીન જેમકે બનાસ. **અનૂપ**—નદી—વગેરે બહુપાણી વાળો પ્રદેશ.

**જંગલ**—પાણી વગરનો નિર્જળ પ્રદેશ.

(ભાવનગરની શ્રી આત્માનંદ જૈન સભા પ્રકાશિત બૃહત્ કલ્પસૂત્ર ભાગ ૬ઠ્ઠો પરિ—૧૩મું પૃ૦ ૧૮૭)

**નોંધ**—દ્રવિડ—દક્ષિણમાં **કાંચીપુર** હતું (પૃ૦ ૧૭૭—૧૭૯) **તોસલી** દેશનું વર્ણન (પૃ૦ ૧૭૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(સોહમકુલ પટ્ટાવલી, પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨ પુરવણી પૃ૦ ૫૭ તથા અમારો જૈન તીર્થોનો ઇતિહાસ પૃ૦ ૩૫૨)

**જાલોર** વિ૦ સં૦ ૧૩૦૦માં ફરીવાર જાલોર વસ્યું.

**ડુંગરપુર** વિ૦ સં૦ ૧૩૭૧માં ડુંગરપુર વસ્યું.

**ડુંગરપુરનો રાજવંશ**

**૧. રાવલ વીરસિંહ**–તેણે પોતાના પૌત્ર ડુંગરના નામે ને સં૦ ૧૩૭૧માં ખડગ દેશમાં ધુલેવાપાસે "ડુંગરપુર" વસાવ્યું.

૨. .................... ૩. ડુંગરસિંહ ૪. કર્મસિંહ ૫. કાન્હડદે ૬. પત્તાજી. ૭. **રાવલ–ગોપીનાથ** ૮. **રાવલ સોમદાસજી.**

આ બન્ને રાજાઓના સમયે રાજ્યના મંત્રી તરીકે થાણા ગામના મંત્રી **ભાલ્હા.** તથા મંત્રી **સાલ્હા,** એમ બે ઓશવાળ હતા, તે બન્ને ભાઈ હતા. બુદ્ધિશાલી હતા. ચતુર હતા અને જૈન મંત્રીઓ હતા.

મંત્રી ભાલ્હા અને સાલ્હાએ તપગચ્છના ૫૩મા ભ૦ લક્ષ્મીસાગરસૂરિના ઉપદેશથી સં૦ ૧૫૨૫ વૈ૦ વ૦ ૧૦ને રોજ ડુંગરપુરમાં "ગંભીરા પાર્શ્વનાથના જિનપ્રાસાદ"નો જીર્ણોદ્ધાર કરી, તેમાં તેમને હાથે ગંભીરા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

(–જૂઓ પ્રક૦ ૫૩, મં૦ ભાલ્હા, સાલ્હા)

ડુંગરપુરમાં મહેતા **હીરજી** વીશાપોરવાડ હતા, તેના વંશમાં અનુક્રમે (૧) મહેતા હીરજી (ભાર્યા હીરાદેવી) (૨) મહેતા રામજી (ભાર્યા રાયમતી) (૩) મહેતા સૂરજી (ભા૦ સુરદેવી) (૪) જાદવજી કરણજી માધવજી મદનજી મુરારજી (૫) **મદનજી** (ભા૦ ગંભીરાદેવી) (૬) **દયાલજી** (ભાર્યા રંગરૂપદેવી) અને (૭) સદાશિવ થયા.

---

ગંગા નદીને કિનારે **અનૂપ** શહેર વિદ્યમાન છે. સ્થલીરક્ત્રિમા ભૂમિઃ (ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિની સિદ્ધહેમલઘુવૃત્તિ)

૨. શ્રી જિનવિજયજી લખે છે કે જોધપુરના ઉત્તરમાં જાંગલૂદેશ હતો તેની રાજધાની જાંગલુનગર આજના બિકાનેરથી દક્ષિણ–પશ્ચિમમાં ૩૦ માઈલ દૂર હતું (–જૈનઐતિહાસિક ગૂ૦ કાવ્ય સંચય રાસ પૃ૦ ૫૧ તથા ઇતિ૦ પ્રક૦ ૫૨)

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી દયાલજી પોરવાડ રાજમાન્ય હતો, તેણે પોતાની લઘુમાતા મહીલાડી, બહેન ગોકળદેવી, ભાર્યા રંગરૂપદેવી પુત્ર સદાશિવ અને પુત્રી નાપીદેવી, વગેરે કુટુંબપરિવારને સાથે રાખી, વિ૦ સં૦ ૧૭૮૫ વૈ૦ વ૦ ૫ને સોમવારે ડુંગરપુરમાં ગંભીરા પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં એક દેરી બનાવી, તે દેરીમાં તપાગચ્છના ૭૫મા ભ૦ **વિજયદયાસૂરિ** (સં૦ ૧૭૮૪ થી ૧૮૦૯)ની આજ્ઞાથી પં૦ કેશર સાગરગણિના હાથે પિત્તલની સુખસંપત્તિપાર્શ્વનાથની પંચતીર્થી ધાતુ-પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તથા એક **કીર્તિસ્તંભ** ઉભો કરાવ્યો. મોટો મહોત્સવ કરી, ચારે સંઘની ભક્તિ કરી.

(પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ-૩ જો પૃ૦ ૫૧૨)

હાવડા વંશના **શા૦ શામળદાસે** સં૦ ૧૫૨૯ વૈ. વ. ૪ ને રોજ ડુંગરપુરમાં "ભ૦ આદિનાથનો નવો જિનપ્રાસાદ" બનાવી, તેની પ્રતિષ્ઠા કરાવી. આ જિનપ્રાસાદ પૂર્વ પશ્ચિમમાં ૭૬ ફુટ, અને ઉત્તર દક્ષિણમાં ૧૩૬ ફુટ છે. ભ૦ આદિનાથની પ્રતિમા અને તેનું પરિકર "સર્વ ધાતુમાંથી" બનાવેલા છે. પરિકર ઉંચાઈમાં ૬ ફુટ અને પહોળાઈમાં ૫ ફુટ છે. અહીં બીજી દરેક પ્રતિમાઓ પણ **સર્વ ધાતુની** છે. જેમાં ભ૦ શાંતિનાથની પ્રતિમા દર્શનીય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

શેઠ પૂનાના વંશના **સં૦ શાણરાજે** ડુંગરપુરમાં ઘીયાવિહાર નામે જિનપ્રાસાદ બનાવ્યો હતો.　　(-પ્ર૦ ૪૫, પૃ૦ ૩૬૨)

(૯) **ગંગાસિંહજી**

(૧૦) **ઉદયસિંહજી** પહેલો—તે મહારાણા સંગ્રામસિંહની સાથે રહી, બા૦ બાબરે કરેલા યુદ્ધમાં લડતાં લડતાં સં૦ ૧૫૮૪માં મરણ પામ્યો.

(૧૧) **પૃથ્વીરાજ જગમાલ**—આ સમયે (૧) ડુંગરપુર અને (૨) વાંસવાડા એ બે રાજ્ય બન્યાં, **વાંસવાડા** વિ૦ સં૦ ૧૪૩૧માં વસ્યું.

(૧૨) આસકરણજી (૧૩) **સહસ્રમલજી રાવળ**—સં૦ ૧૬૬૦

(૧૪) **કર્ણસિંહજી**—યુવરાજ સં૦ ૧૬૬૦ (૧૫) પૂંજાજી (૧૬) ગીરધરજી.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

(૧૭) **રાવળ જશવંતસિંહજી**–તેમના સમયે સંઘપતિ **ભીમજીએ** ધૂલેવા–**કેશરીયાજીનો** સંઘ કાઢયો.

( –જૂઓ સં૦ ૧૭૪૨ની ભીમ ચોપાઈ, ઐતિહાસિક રાસ સંગ્રહ ભા૦ ૧, આનંદકાવ્યમહોદધિ મૌ. ૭મું પ્રસ્તાવના પૃ૦ ૧૨૮)

**સિરણગામ–શિવભાણ ચૌહાણે** સં૦ ૧૪૬૨માં સિરણગામ વસાવ્યું. અને ત્યાં કિલ્લો બંધાવ્યો (પ્ર૦ ૩૫, પૃ૦ ૧૭૩) ત્યાં વિ૦ સં૦ ૧૩૮૩માં સારણેશ્વર મંદિર સ્થાપન કર્યું. તેની પાસે સં૦ ૧૪૮૨માં શિરોહી વસ્યું. (જૂઓ પ્રક૦ ૫૧)

## પ્રભાવકો

### શેઠ ધરમશી પોરવાડ હડાલિઓ—

શેઠ **લાખો પોરવાડ** હડાલાનો વતની હતો. તેને ઝબકુ નામે પત્ની હતી. જેનું બીજું નામ લક્ષ્મીદેવી પણ હતું. ઝબકુને સં૦ **કર્મણ** અને **સં૦ લક્ષ્મણ** એમ બે **ભાઈઓ** હતા. આ બંને ભાઈઓએ તીર્થોના છ'રી પાળતા મોટા **યાત્રાસંઘો** કાઢયા હતા, જેમાં ૬ જિનાલયો સાથે હતાં.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

શેઠ લાખાને ૧ **ધરમશી** તથા ૨ **વિનય** એમ બે પુત્રો અને એક પુત્રી હતી. પુત્ર **વિનય** નામ પ્રમાણે વિનયી હતો. તેણે દીક્ષા લીધી. તેનું નામ આ૦ **વિનયાનંદ** હતું. તેની બેને પણ દીક્ષા લીધી. તેનું નામ સાધ્વી **અજિતચૂલા** હતું. તેણે ઘણું તપ કર્યું. શેઠ ધરમશીને **રતૂ** નામે પત્ની હતી, જે ગુણિયલ હતી.

### ધર્મકાર્યો

શેઠ **ધરમશી** હંમેશાં ચોવીશ તીર્થંકરોનાં જૂદાં જૂદાં આઠ થોઈયાં દેવવંદન કરતો હતો. તેણે છઠ–અઠ્ઠમ વગેરે વિવિધ તપો કર્યાં, તેણે પચીસ વર્ષની ભરજુવાનીમાં **શીલવ્રત** ધારણ કર્યું. તથા "સમ્યક્ત્વના ઉજમણામાં ૩૦૦ લાડવામાં ચાંદીના ટંક ગોઠવી, ૩૦૦ સાધર્મિક ભાઈઓને તે લહાણીમાં આપ્યા. સંઘપૂજા કરી, ને ગુરુદેવોનો ભારે સત્કાર કર્યો, તેણે **દેલવાડામાં** ભ૦ ઋષભદેવના જિનાલયમાં દેવકુલિકા–દેરી બનાવી. તેની પ્રતિષ્ઠા કરાવી. તેણે **આ૦ સોમ-**

**સુંદરસૂરિના** ઉપદેશથી પાટણમાં પોતાના તરફથી મોટો **ગ્રંથભંડાર** બનાવ્યો, જેમાં સં૦ ૧૪૭૪ના મા૦ શુ૦ ૬ ને રવિવાર સુધીમાં એક લાખ શ્લોક લખાવ્યા. સં૦ ૧૪૮૧ સુધીમાં બે લાખ શ્લોક લખાવ્યા. તેમાં મુખ્યતઃ આગમો તથા ગ્રંથો લખાવ્યા.

(–જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પ્રશ૦ નં૦ ૪૭–૪૮)
(જૈન ઈતિ૦ પ્રક૦ ૪૫ પૃ૦ ૨૯૧ કલમ ૧૧મી)

**નોંધ :** ભાટ કવિઓના પ્રાચીન કવિત્તમાં વિશેષ વર્ણન આ રીતે મળે છે.

**અન્નદાતા ધરમશી**

દીપક **દીદા** દીસે પ્રથી પદરા પરમાણે.
કડહુનેર કડાહિ સિપતી, સાચી સુરતાણે.
ઇકતીસે સોજતી, ઈલા અસમૈ આધારી,
ધરગુજર **ધરમશી**, જુગતી દે અંન જગાડી,
ખાંટહડ બિરદ ખાટે, ખરાં **અચલ** ગંગ સુભ ઉચરે
"બ્રધમાન તણી વંશી" બચીયે સુતાંચાગી સુરતાણુ રે

(ક્ષેમસિંહ મો૦ રાઠોડે સં૦ ૨૦૦૪માં બનાવેલ
ઓસવાલ કોમનો ઈતિહાસ પૃ૦ ૨૧૧ થી ૨૧૨)

JAINSITE.com જૈન સાઈટ જયમ્ જયતિ શાસનમ્

**પ્રભાવકો**

## સાધુ વીરાશાનો વંશ શ્રીમતી દેઉદેવી.

૧. સાધુ **વીરો**—તે "સરસ્વતી પાટણનો"વતની હતો. ઉદાર અને ગુણવાન હતો. તેને **કામિંણી** નામે પત્ની હતી, જે પૂર્વ પુણ્યના પ્રભાવે બહુ પ્રસિદ્ધ અને બુદ્ધિશાળી હતી. તેને ૧ સજ્જન, ૨ સુભટ, ૩ શાલિગ, ૪ **સંગ્રામસિંહ** અને ૫ સરવણ, એમ ૫ પુત્રો હતા. તે બધા વ્યાપારીઓમાં **પ્રતિષ્ઠાવાળા** પુણ્યશાળી, ગુણવાન સજ્જન, **સદાચારી** અને જૈન ધર્મમાં સ્વાભાવિક ભક્તિવાળા હતા.

૨. **સંગ્રામસિંહ–દેઉ**–સંગ્રામસિંહ તે સાધુ વીરા ઓશવાલનો ચોથો પુત્ર હતો. તેને દેઉ **નામે** પત્ની હતી. શ્રીમતી દેઉ નાગોરના સાધુ **હીરા ઓશવાલ** અને તેની પત્ની **ધર્મિંણીની** પુત્રી હતી. **સાધુ પુણ્યસિંહ** અને કેશવસિંહની નાની બેન હતી. તે બાળપણાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ધર્મપ્રેમી** હતા. તેણે બાળપણમાં " સમ્યક્ત્વ તથા શ્રાવકનાં બાર વ્રતોનો " સ્વીકાર કર્યો હતો. **દેઉ** પરણીને **સરસ્વતી પાટણમાં** આવી, અહીં પણ ધર્મકાર્યોમાં રત રહેતી. નિર્મળ શીલથી સદા શોભતી દીવીની જેમ પ્રકાશતી હતી. પણ તેમાં અંજનની કાળાશ હતી જ નહીં. તેણે બંને કુળ દીપાવ્યાં.

તે સામાયિક, પૌષધ અને **ઉપધાન** કરતી. સાવદ્ય ક્રિયાનો સદા ત્યાગ કરતી. તેણે સાતે ક્ષેત્રોમાં દાન આપ્યું. તે દૈનિક આવશ્યક ક્રિયામાં પ્રેમવાળી હતી. તેણે તપાગચ્છના આચાર્યશ્રી સોમસુંદરસૂરિના ઉપદેશથી દેલવાડામાં ભ૦ ઋષભદેવના જિનાલયમાં મોટી દેવકુલિકા બંધાવી, તેમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. એકંદરે દેઉ **સતી સુલસાની** જેમ શુદ્ધ સમ્યક્ત્વ પાળતી, સંઘપૂજા, તીર્થયાત્રા અને **માળારોપણ** વગેરે વિવિધ ધર્મકાર્યો કરતી હતી. દેઉએ આ૦ સોમસુંદરસૂરિ ગુરુદેવના ઉપદેશથી સં૦ ૧૪૯૨માં પોતાના કલ્યાણ માટે કાગળ ઉપર " કલ્પસૂત્ર'ની પાંચ પ્રતિઓ " લખાવી.

(—શ્રી જૈન સાહિત્ય પ્રદર્શન, શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૨૩, ઇતિ૦ પ્ર૦ ૪૫, પૃ૦ ૨૬૧, ક૦ ૧૩)

**સં૦ ગોવિંદ**—તે ઇડરના રાવ **પૂંજાજીનો** માનીતો, અને ઈડરના જૈન સંઘના અગ્રેસર **સંઘવી વત્સરાજનો** પુત્ર હતો. શ્રીમંત રાજમાન્ય અને દૃઢ ધર્મપ્રેમી હતો. તેને **જાયલદે** નામે પત્ની હતી. તેઓને ઇડરના રાજાનો માનીતો, સ્વદારા–સંતોષી, શાસ્ત્રપ્રેમી તથા ધર્મરાગી **વીશલ** નામે પુત્ર અને (૧) **ધીરી** તેમજ (૨) **ધર્મિણી** નામે પુત્રીઓ હતી. આ બધાયે તપગચ્છનાયક આ૦ સોમસુંદરસૂરિના અનન્ય ભક્તો હતા.

## તારંગા તીર્થનો જીર્ણોદ્ધાર

સં૦ **ગોવિંદે** આ૦ સોમસુંદરસૂરીશ્વરના ઉપદેશથી સં૦ ૧૪૬૬માં ઇડરથી શત્રુંજય, ગિરનાર, સોપારક અને તારંગા તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. તેને તારંગા તીર્થની યાત્રા કરતાં **મનોરથ** થયો કે, " આ તીર્થમાં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાની પ્રતિમાને બદલે બીજી નવી પ્રતિમા સ્થાપિત કરવી જોઈએ, "

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ માટે **સં૦ ગોવિંદે** "આરાસણ જઈ ત્યાં 'અંબિકાદેવીનું આરાધન' કરી, ખાણુમાંથી એક મોટી **આરસની શિલા** મેળવી. એ શિલા તારંગામાં લાવીને તેમાંથી **પ્રતિમા** ઘડાવી, મૂર્તિ તૈયાર થયા પછી સં. ૧૪૬૬માં તીર્થનાયકની પ્રાચીન જિન પ્રતિમાને ઉત્થાપિત કરી.

મહાકવિ પં૦ **શ્રી પ્રતિષ્ઠા સોમગણિ** લખે છે કે, તે શિલા લઈને ધીરે ધીરે તારંગા ગિરિ ઉપર પહોંચ્યો. એક સારા શિલ્પી પાસે તેમાંથી **ભ૦ અજિતનાથની** સૂર્ય કરતાં વધુ તેજસ્વી મોટી ભવ્ય **પ્રતિમા** તૈયાર કરાવી. **સં૦ ગોવિંદે** હજારો માણસોને એકઠા કરી, તેનો શુભ દિવસે **મંદિર પ્રવેશ** કરાવ્યો.

**ગ્રંથ લેખન**

એ જ સમયે **પરમ શાંતમૂર્તિ આ૦ ગુણુરત્નસૂરિએ** ગુરુદેવની આજ્ઞાથી સં૦ ૧૪૬૬માં ઈડરમાં 'ક્રિયારત્નસમુચ્ચય' ગ્રં૦ ૫૬૬૧ રચ્યો. સં૦ ગોવિંદના પુત્ર **વીશલ** તથા પુત્રી **ધીરી** અને ધર્મિણીએ સં૦ ૧૪૬૮માં આ 'ક્રિયારત્નસમુચ્ચય'ની ૧૦ પ્રતિઓ લખાવી. (–પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૫)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**તીર્થ**

**સં૦ ગોવિંદે** તારંગામાં કુમાર વિહારનો બધી રીતે જીર્ણોદ્ધાર કરાવી લીધો, અને સં૦ ૧૪૭૯માં દેશોદેશ કુંકુમપત્રિકાઓ મોકલી. આથી બહારગામના લાખો જૈન–અજૈન માનવો એકઠા થયા.

આ માનવસંઘની રક્ષા માટે ગુજરાતના બાદશાહ અહમદશાહના **મહામાત્ય** અને મિત્ર એવા **સં૦ ગુણુરાજ** અને **એકરાજ** વગેરે તથા બાદશાહી સેના અને સેનાપતિઓ આવ્યા. તેમજ ઈડરના રાવ પૂંજાજીની સેના અને સેનાપતિઓ તો તારંગામાં હાજર હતા.

(–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૯)

**સં૦ ગોવિંદે** સં૦ ૧૪૭૯માં તારંગામાં "કુમારવિહાર જિનપ્રાસાદ"માં **આ૦ સોમસુંદરસૂરિના વરદ હસ્તે** ભ૦ અજિતનાથની નવી ભવ્ય જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આચાર્યશ્રીએ સં૦ ૧૪૭૯માં તારંગામાં ઉપા૦ જયચંદ્રગણિને **આચાર્યપદ** આપ્યું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા પં૦ જિનમંડનને **ઉપાધ્યાયપદ** આપ્યું. આ પ્રતિષ્ઠા-ઉત્સવમાં આ૦ સોમસુંદરસૂરિના પરિવારના સૌ મળીને ૧૮૦૦ મુનિવરો ત્યાં હાજર હતા.

**મહામાત્ય હેમરાજ** તે સં૦ રત્નાશાહનો પુત્ર હતો આ૦ દેવસુંદરસૂરિનો શ્રાવક હતો અમે તેનો પહેલાં (પ્રક૦ ૪૪, પૃ૦ ૩૧ પ્રક૦ ૪૮, પૃ૦ ૪૨૭ ટિપ્પન ત્રીજામાં) પરિચય આપ્યો છે.

**ગ્રંથદાત્રીઓ**—

શેઠ વયજાની પુત્રી **રૂપલદે.** (પ્રક૦ ૪૫, ૪૯),
દુઃસાધ્યવંશના શેઠ જગતસિંહની પૌત્રી **રાજુલા**
(-પ્રક૦ ૪૫, ક૦ ૬ઠી)
શેઠ લીંબાકની પત્ની **લુણાક** (પ્ર૦ ૪૫, કલમ-૮મી)
ઠ૦ પેથાની પુત્રી પૂંજી (ક૦ ૯),
સંગ્રામસિંહની પત્ની દેઉ (પ્ર૦ ૪૫, ક૦ ૧૩),
(પ્રક૦ ૫૦, પૃ૦ ૪૭૪)
પારસ પોરવાડની બેન **ચીલુ** (પ્ર૦ ૪૫, ક૦ ૧૪)
મંત્રી વીરમદેવની પત્ની **આલ્હાદેવી** (પ્ર૦ ૪૫),
પૂરીદેવી (પ્ર૦ ૪૫), દેવલસિંહની પુત્રી **માઊ** (પ્ર૦ ૪૯)
મલયસિંહની પુત્રી સાઉ (પ્ર૦ ૪૯),
ઠ૦ ભૂભડની પત્ની **પ્રીમલદેવી** (પ્ર૦ ૪૯, પ્ર૦ ૪૫)
શેઠ વિજયપાલ ઓશવાલની પત્ની **વરજાઇ** (પ્ર૦ ૫૦)

સં૦ ગોવિંદની પૌત્રી **ધીરી, ધર્મિણી** (પ્ર૦ ૫૦, પૃ૦ ૪૭૪), વગેરે જૈન શ્રાવિકાઓએ વિવિધ વિષયના ગ્રંથો લખાવી, ગ્રંથ-ભંડારોને ભેટ આપ્યા હતા.

(જૂઓ જૈન ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૨૮૯ થી ૩૦૨)

**ગૂંદીકર શાખા**—અમે પિપ્પલક ગચ્છની ત્રિભવિયાશાખાનો પરિચય પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૨માં આપ્યો છે. વિશેષ આ પ્રમાણે મળે છે.

JAINSITE જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શાખા નં૦ (૧) ૧૪ આ૦ ધર્મદેવ,** ૧૫ આ૦ ધર્મચંદ્ર (સં૦ ૧૩૧૧), ૧૬ આ૦ ધર્મરત્ન.

૧૭ આ૦ ધર્મતિલક (સં૦ ૧૪૩૭ વૈ૦ શુ૦ ૧૧ સોમ), ૧૮ આ૦ ધર્મસિંહ.

૧૯ **આ૦ ધર્મપ્રભસૂરિ** (સં૦ ૧૪૪૭, સં૦ ૧૪૮૨) તે પ્રભાવક થયા.

૨૦ **આ૦ ધર્મશેખર** (સં૦ ૧૪૮૨, સં૦ ૧૫૦૬)

૨૧ **આ૦ ધર્મસાગર** (સં૦ ૧૫૧૦, સં૦ ૧૫૨૦ ચૈ૦ શુ૦ ૫)

૨૨ આ૦ ધર્મવલ્લભ, ૨૩ આ૦ ધર્મવિમલ.

૨૪ **આ૦ ધર્મહર્ષ** (સં૦ ૧૬૭૦ પો૦ શુ૦ ૧૨)

**શાખા નં. (૨) ૨૧ આ૦ ધર્મસાગર,** ૨૨ આ૦ વિમલપ્રભ, ૨૩ આ૦ સૌભાગ્ય.

૨૪ **આ૦ રાજસાગર,** (સં૦ ૧૬૪૭, સં૦ ૧૬૭૨)

**શાખા નં. (૩) ૨૦** આ૦ **ધર્મશેખર,**
૨૧ આ૦ સાગરભદ્ર (સં૦ ૧૪૮૨ વૈ૦ વ૦ ૪ ગુરુ)

**શાખા નં. (૪)** ૨૦ **આ૦ ધર્મશેખર,** ૨૧ આ૦ ધર્મસુંદર, સં૦ ૧૫૧૧ મહા શુ૦ ૫ ગુરુ.

૨૨ **આ૦ શાલિભદ્ર** સં૦ ૧૫૧૫ વૈ૦ શુ૦ ૧૧ રવિ.

**શાખા નં. (૫)** ૨૦ **આ૦ ધર્મશેખર,** ૨૧ વિજયદેવ સં૦ ૧૫૦૬ મ૦ શુ૦ ૧૦ શુક્ર

૧૯મા આ૦ **ધર્મપ્રભસૂરિ**–તે ત્રિભવિયાશાખામાં **પ્રભાવક** થયા. આ૦ ધર્મસિંહ તથા આ૦ **ધર્મપ્રભના** ઉપદેશથી ગૂંદીમાં મોટો જિનપ્રાસાદ બન્યો, તથા **અમારિપાલન** થયું.

આ૦ **ધર્મપ્રભે** સં૦ ૧૪૪૭માં ગૂંદીમાં, **રાજા સારંગદેવના** ગૂંદીના સૂબા **ઠાકુર સાધુના મંત્રી શેઠ હેમચંદે** બનાવેલ ભ૦ ચંદ્રપ્રભના જિનપ્રાસાદની **પ્રતિષ્ઠા** કરી, તથા ચોમાસામાં ત્યાં ભ૦ મહાવીર સ્વામીનો **જન્માભિષેક** કરાવ્યો. (–પ્રક૦ ૩૭, પૃ૦ ૨૭૩)

(૨૦મા) **આ૦ ધર્મશેખર** ગૂંદીની ગાદીએ ભટ્ટારક બન્યા હતા.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

આ સમયે ત્રિભવિયાશાખામાંથી (૧) **ગૂંદીકર શાખા** અને (૨) **તાલધ્વજી શાખા** એમ બે ગાદી બની, જીરાવલા તીર્થના મોટા જિનપ્રાસાદની પાછલી દિવાલમાં આ પ્રકારે લેખ મળે છે.

संवत् १४८७ अर्हं नमः । गूंदीकर पीपलगच्छे त्रिभविया-श्री धर्मशेखर-सूरि शिष्य वाचकदेवचंद्रः नित्यं प्रणमति मुद्राकलासहिता अर्हं नमः। ताल-ध्वजीय वा० सहजसुन्दरः नित्यं प्रणमति ॥

(—આ૦ યતીન્દ્રસૂરિ સંગ્રહિત, જૈન પ્રતિમા લેખસંગ્રહ, લેખ નં૦ ૩૧૬)

**સારંગદેવો** ઘણા થયા છે. (—જૂઓ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૨૨)

**શેઠ હેમચંદ** જૈન અને બીજા શેઠ હેમરાજો માટે જૂઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૩૧, ૩૨)

**સંઘપતિ નાથદેવ**—તે સં૦ લલ્લદેવનો પુત્ર હતો. જૈનધર્મના દરેક કામોમાં તે આગેવાન હતો. (—ગુર્વાવલી : શ્લો૦ ૪૭૭)

**રાણકપુરતીર્થ**—

મારવાડ અને મેવાડની વચ્ચે **અરવલ્લીનો પહાડ** છે. વેપારીઓ આ પહાડમાં થઈ **પાલીથી** આઘાટ અને ચિત્તોડ વેપાર માટે જતા હતા. આ રીતે પહાડમાં થઈને જવાના ચાર–પાંચ માર્ગો છે, જે **નાળ** તરીકે ઓળખાય છે. વેપારીઓ પહાડમાં પ્રવેશ કરે તે પહેલાં અને પહાડ વટાવ્યા પછી શાંતિ લે એ માટે પહાડની બંને તરફ **નાળના** મોં ઉપર જૈનોએ ગંભીર વિચાર કરી **શાંતિધામો** બનાવ્યાં છે, તીર્થ સ્થાપ્યાં છે. આ રીતે પહાડની પશ્ચિમે મારવાડમાં **વસંતગઢ,** અજારી, **રાણકપુર,** દેસૂરી, **મૂછાળામહાવીર** હત્થુંડી, લાલ (રાતા) મહાવીર, સેવાડી વગેરે જૈન તીર્થો બનાવ્યાં છે. જ્યારે પહાડની પૂર્વમાં એકલિંગજી, **નાગદા,** દેલવાડા, **કેશરિયાજી** વગેરે **જૈન તીર્થ સ્થાનો** બનાવ્યાં છે. આ દરેક સ્થાનોમાં રહેવાની ખાવાની, પાણીની અને દેરાસરની સંપૂર્ણ સગવડ–વ્યવસ્થા છે. મોટી ધર્મશાળાઓ છે.

મેવાડના રાણાએ સં૦ ૧૪૩૭માં મૂછાળા મહાવીર પાસે **ઘાણેરાવ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસાવ્યું, તેમ રાણા કુંભાએ સં૦ ૧૪૯૫માં **રાણકપુર** વસાવ્યું અને કુંભલમેરૂ પણ વસાવ્યું. (–પ્રક૦ ૫૦, નગરસ્થાપના પૃ૦ ૪૬૮)

**રાણકપુર** તીર્થ રાણી સ્ટેશનથી ૭ માઈલ, ફાલના સ્ટેશનથી ૧૨ માઈલ, અને સાદડીથી પૂર્વ–દક્ષિણ દિશામાં ૬ માઈલ દૂર નિર્જન સ્થાનમાં છે. અહીં જવા–આવવા માટે મોટર રોડ છે.

રાણકપુરથી મેવાડ જવાનો સીધો રસ્તો છે. તેમજ બીજો રાણકપુરથી સીધા **કેશરિયાજી** જવાનો રસ્તો પણ છે.

## સંઘપતિ ધનાશાહ પોરવાડ—

મારવાડના નાંદિયા તીર્થમાં **સંઘપતિ માંડણ સરહડિયા પોરવાડ**ના વંશમાં ૧ સં૦ માંડણ, ૨ સં૦ કુંરપાલ, ૩ **સં૦ રત્ના શાહ**, અને ૪ **સં૦ સાલિગ** થયા. તે પૈકી **સં૦ કુંરપાલના પુત્રો ૧ સં૦ રત્ના** અને **સં૦ ધરણ** થયા. એ બંને ભાઈઓ ઘાણેરાવમાં આવી વસ્યા.

આ પરંપરાના સંઘપતિઓએ ઘણા જિનપ્રાસાદોના જીર્ણોદ્ધાર કરાવ્યા છે. પીંડવાડા, રાણકપુર, અચલગઢ વગેરે સ્થાનોમાં મોટા જિનપ્રાસાદો કરાવ્યા છે. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૭૦ થી ૩૭૪)

સં૦ કુંરપાલ પોરવાડના **નાના પુત્ર સં૦ ધન્ના**–ધરણ પોરવાડે રાણકપુર તીર્થનું સ્થાપન કર્યું. ધન્ના પોરવાડે સં૦ ૧૪૯૫માં **રાણકપુર** વસાવ્યું. (પ્રથમ જ જિન પ્રાસાદનો પાયો નાખ્યો)

**ધરણશાહ પોરવાડને** "સિદ્ધપુરનો જૈન વિહાર" જોવાથી અને નલિનીગુલ્મવિમાનનું સ્વપ્ન જોવાથી મોટો જિનપ્રાસાદ બનાવવાની ભાવના થઈ. મુંડારા ગામના સૂત્રધાર **દેપાકે** પોતાના સ્વપ્ન પ્રમાણે **ત્રૈલોકયદીપક પ્રાસાદનો** નકશો બનાવી, શેઠ ધરણશાહ પાસે પાસ કરાવી, તેજ પ્રમાણે **ત્રૈલોકયદીપક** નામનો ૪૫ ફૂટ ઉંચો ત્રણ માળનો **ચતુર્મુખ જિનપ્રાસાદ** બાંધી આપ્યો.

આ પ્રાસાદ ત્રણ માળનો છે, ચારે બાજુએ નાનાં (૨૪) દેરાસરો છે, ફરતી ૭૨ દેરીઓવાળી ભમતી છે. ૧૪૪૪ થાંભલા છે. આ મંદિરની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંડણી અજોડ છે. ખૂબીની વાત તો એ છે કે, મનુષ્ય ગમે તે મોટા દરવાજે કે દેરીના દરવાજે ઊભો રહે તો તેને ત્યાંથી મૂળનાયક ચૌમુખજીનાં સીધાં દર્શન થાય છે. કોઈ ભીંત કે કોઈ થાંભલો વચમાં નડતા નથી. ભારતીય પ્રાચીન સ્થાપત્યની આ વિશેષતા છે.

**સં૦ ધરણાશાહે** સં૦ ૧૪૯૬ના ફાગણ વ૦ ૫ ના રોજ રાણકપુરના ત્રૈલોક્યદીપક પ્રાસાદમાં **આ૦ સોમસુંદરસૂરિના હાથે** ભ૦ ઋષભદેવ વગેરે ચૌમુખ પ્રતિમાઓની અંજલશલાકા અને પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રસંગે આ૦ સોમસુંદરસૂરિએ ઉપા૦ સોમદેવને **આચાર્ય-પદ** અને મુનિ લક્ષ્મીસાગરને **પંન્યાસ પદ** આપ્યું, આ જિનાલયનું કામ સં૦ ૧૪૯૫થી ૧૫૦૯ના વૈશાખ શુદ ૨ સુધી ચાલ્યું હતું.

(૧) ઉપા૦ સમયસુંદર ગણિએ સં૦ ૧૬૭૬ના માગશર મહિનામાં રાણકપુર તીર્થની યાત્રા કરી હતી, ત્યારે તે જણાવે છે કે ત્રૈલોક્ય દીપકપ્રાસાદમાં ૪-ચતુર્મુખો, ૨૪-મંડપો, ૮૪-દેરીઓ અને મોટાં ભોંયરા છે રાણકપુરમાં ખરતરગચ્છનું જિનાલય પણ છે.

ત્રૈલોક્ય જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર સં૦ ૧૬૭૯માં **આ૦ વિજય-દેવસૂરિના** ઉપદેશથી થયો હતો. મૂળનાયકની પ્રતિમા ઉપર તે સાલનો લેખ છે. મૂળનાયકની પ્રતિમા અકસ્માત્ ખંડિત થાય તો તેના સ્થાને તરત બીજી પ્રતિમા બેસાડી શકાય એવી મૂળનાયકજીના માપની ઘણી જિન પ્રતિમાઓ બનાવી ત્યાં ભોંયરામાં રાખી હતી.

રાણકપુર તીર્થના ત્રૈલોક્ય જિનપ્રાસાદના મોટા-નાના ઘણા જીર્ણો-દ્ધારો થયા છે છેલ્લો અમદાવાદની સમસ્ત જૈન શ્વેતાંબર સંઘની પ્રતિનિધિ **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ** અઢી લાખ રૂપિયા ખરચીને આ ત્રૈલોક્યદીપક જિન પ્રાસાદનો મૂળથી લઈને શિખર સુધીનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરાવ્યો. અને સં. ૨૦૦૯ના ફાગણ સુદિ ૫ને ....વારે ત્રૈલોક્યદીપક જિન પ્રાસાદમાં તથા સઘળી દેરીઓમાં તપાગચ્છના **આ૦ શ્રી વિજયોદયસૂરિ** અને **આ૦ શ્રી વિજયનંદનસૂરિના** હાથે ભ૦ ઋષભદેવ વગેરે જિનેશ્વરોની પ્રતિમાઓની ફરીવાર પ્રતિષ્ઠા કરાવી. (-ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૭૨-૩૭૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રતિષ્ઠા ઉત્સવમાં ૭૫ હજાર જૈન-જૈનેતર લોકોની મેદની ભરાઈ હતી. હમેશાં સવાર-સાંજ નવકારશી-જમણ થતું હતું. સાદડીના શ્રી જૈનસંઘે સૌને રહેવાની, ખાવા-પીવાની સર્વરીતની વ્યવસ્થા કરી હતી.

આ ઇતિહાસના લેખકો મુનિ દર્શનવિજય, અને મુનિ જ્ઞાન-વિજયજી રાણકપુરમાં આ પ્રતિષ્ઠા ઉત્સવમાં હાજર હતા. તેઓએ ૫૦ આચાર્યદેવોની આજ્ઞાથી તથા પ્રતિષ્ઠાપક જૈનોની વિનતિથી છેલ્લી આઠ દેરીઓમાં નવી સ્થાપિત જિન પ્રતિમાઓને **સ્થાપના વાસક્ષેપ** નાખ્યો હતો.

ત્રૈલોક્ય દીપક જિનપ્રાસાદના પ્રવેશ દ્વાર ઉપર સુંદર કોતરકામ છે. રાણકપુર તીર્થમાં પહેલાં પાંચ જિનાલયો હતાં. હવે અહીં નીચે પ્રમાણે જિનાલયો વગેરે વિદ્યમાન છે.

૧. સંઘપતિ ધરણા શાહનો **ત્રૈલોક્યદીપકપ્રાસાદ.** સં૦ ૧૪૯૬ ફા૦ વ૦ ૫ થી ૧૫૦૯ના વૈ૦ શુ ૨

૨. **ભ૦ પાર્શ્વનાથનું જિનાલય**—આ જિનાલય ધર્મશાળાની સામે છે. તેમાં ભ૦ પાર્શ્વનાથની ભવ્ય મનોહર પ્રતિમા બહારથી લાવી અહીં વિરાજમાન કરેલી છે. અહીં ભોંયરું છે, તેમાં પ્રાચીન જિનપ્રતિમા છે. આ મંદિરમાં સુંદર કારીગરી છે. તથા બારીક કોતરણી કરેલી છે. આ ખરતર વસહિ છે.

આ જિનાલયના બહારના ભાગમાં ડાબી દિવાલમાં મહાત્યાગી **પૂજ્ય શ્રુત કેવલી શ્રીસ્થૂલભદ્ર અને** કોશા વેશ્યાનું સંસારી જીવન કંડારેલું છે, જેમાં તેઓનો પ્રેમ વિલાસ, આસનો, ભાવો દર્શાવ્યા છે. સાધારણ મનુષ્યો આ ઘટના સમજી ન શકવાથી આ મંદિરને "વેશ્યાનું મંદિર" કહી નાખે છે.

આ સ્થાપત્યનો **પરમાર્થ** એમ જણાય છે, કે, માનવી આ સ્થાપત્યના ચિત્રણ પ્રમાણે સંસારમાં રંગાયેલો છે. તે **વીતરાગ** પાસે આવે ત્યારે 'નિસીહિ' કહીને આવે, એટલે તે "સંસારની વાસનાને" છોડીને અંદર મંદિરમાં આવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. **ભ૦ નેમિનાથનું જિનાલય**—આ મંદિર મજબૂત છે, દર્શનીય છે. અહીં પણ એક ભોંયરું છે. મૂળનાયકની પ્રતિમા પ્રાચીન છે, જેને બહારથી લાવીને અહીં સ્થાપન કરેલી છે.

નં૦ ૨—૩નાં મંદિરોમાં ખરતરગચ્છ અને અંચલગચ્છના આચાર્યોએ પ્રતિષ્ઠા કરાવી છે, એટલે તે મંદિરો તે તે ગચ્છનાં હતાં.

૪. **ચક્રેશ્વરી દેવીનું મંદિર**—જેમ ગુજરાતના દંડનાયક **વિમલશાહ** અને મહામાત્ય **વસ્તુપાલે** ગિરનાર અને આબૂ ઉપર મોટા જિનપ્રાસાદો બનાવી, **અંબિકાદેવીનાં** મંદિરો બનાવ્યાં તેમ **સં૦ ધરણે** પણ સં૦ ૧૪૯૬માં ત્રૈલોક્યદીપક મંદિરની પ્રતિષ્ઠાની સાથોસાથ જ ભ૦ ઋષભદેવની શાસનદેવી "ચક્રેશ્વરીનું આ મંદિર" બનાવી, તેની પ્રતિષ્ઠા કરાવી છે.

૫. **સૂર્યમંદિર**—મેવાડના રાણા કુંભાએ ધરણવિહારમાં પોતાની કીર્તિ અમર કરવા, બે મોટા સ્તૂપો બનાવ્યા હતા, તે પૂરા થયા નથી, આજે પણ તે ત્યાં મૂળ સ્થિતિમાં અધૂરા ઊભા છે.

**સં૦ ધરણે** સીસોદિયા રાણાઓ સૂર્યવંશી હોવાથી તેઓની સગવડતા માટે અને એની પાછળ જિનાલયોની પણ સુરક્ષા થશે, એ ઉદ્દેશની સિદ્ધિ માટે અહીં **સૂર્યમંદિર** પણ બંધાયું. સંભવ છે કે, સં૦ ધરણાશાહે શાસનદેવ કે ક્ષેત્રપાલદેવના મંદિરને બદલે **સૂર્યનું મંદિર** બંધાવ્યું હોય.

આ રાણકપુર તીર્થનો વહીવટ ભારત વર્ષના સમસ્ત શ્વેતાંબર જૈનો દ્વારા બનેલી **અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજી પેઢી** કરે છે. (—શે૦ આ૦ ક૦ પેઢી માટે જૂઓ, ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૨૦૬, ૨૦૭, પૃ૦ ૨૫૬ થી ૨૬૦)

રાણકપુર, વરકાણા, નાડોલ, નાડલાઈ, મૂછાળામહાવીર એ ગોલવાડની **પંચતીર્થી** ગણાય છે.

**કવિરાજ મેઘજી** સં૦ ૧૪૯૯ના કાર્તિક મહિનામાં રચેલા સ્તવનમાં રાણકપુરના ધરણ વિહારનું વર્ણન (કડી : ૪૪) આપે છે કે, શાસનદેવીએ ધરણ પોરવાડને તેના શીલથી પ્રસન્ન થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જણાવ્યું કે, 'મોટો જિનપ્રાસાદ બનાવ.' ત્યારે ધરણા શેઠે ૫૦ સલાટોને બોલાવ્યા, તે સૌએ સિદ્ધપુરના ચતુર્મુખી જિનપ્રાસાદનાં વખાણ કર્યાં, અને મુડારાં **સ્થપાતિદેપાએ** શાસ્ત્રાધારે મોટા જિનપ્રાસાદ બનાવવાની તૈયારી બતાવી. શેઠે એ કાર્ય માટે શિલ્પી દેપાને નિયુક્ત કર્યો, અને દેપાએ કાર્યનો આરંભ કર્યો. સં૦ ૧૪૯૫માં ચતુર્મુખ જિનપ્રાસાદ બની ચૂકયો. આથી શેઠે આ૦ સોમસુંદરસૂરિને વંદન કરી એક જ મુહૂર્તમાં ચાર કામ ઉપાડયાં.

૧. જિનાલય, ૨ દાનશાળા, ૩ પોષાળ–ધર્મશાળા અને ૪ પોતાને રહેવાનો **બંગલો.** તેણે રાણકપુરમાં ભ૦ ઋષભદેવનો ચતુર્મુખ જિનપ્રાસાદ બનાવ્યો. આ જિનપ્રાસાદ સામે સપ્ત ફણાવાળા શામળા પાર્શ્વનાથ ભ૦ નો **ખરતરવસહી** પ્રાસાદ છે.

માદડીમાં ભ૦ સુપાર્શ્વનાથનું મંદિર અંચલગચ્છનું છે.

ધરણવિહારમાં ત્રણ માળના શિખરવાળા ચૌમુખ પ્રાસાદો છે. નીચે બીજા ૧૨ પ્રાસાદો છે. બધા પ્રાસાદો ધ્વજાદંડ, દંડકળશવાળા છે. આમાં ૪ શાશ્વતા જિન, ૨૦ વિહરમાનજિન, ૨૪ વર્તમાન ચોવીસીની ૨૪ પ્રતિમાઓ છે. તેમજ ત્રણ ચોવીશીની ૭૨ જિન-પ્રતિમાઓવાળી ૭૨ દેવકુલિકાઓ છે.

**આ૦ સોમસુંદરસૂરિ** એમના સમયમાં **શ્રી ગૌતમગણધર** જેવા છે. શેઠ ધરણાએ આ પ્રાસાદ બનાવી, મોટો ઉત્સવ કર્યો, સાધર્મિક વાત્સલ્ય કર્યું, સૌ દર્શનીઓને દાન આપ્યું અને ઘણો યશ મેળવ્યો. (–જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૦૪ પૃ૦ ૩૬૭ થી ૩૭૮)

**જાકોડા તીર્થ**—

આ૦ સોમસુંદરસૂરિ અને તેના શિષ્ય–પ્રશિષ્યોના ઉપદેશથી મોટા પોસીના, જાકોડા વગેરે સ્થાનોમાં વિશાળ જિનાલયો બન્યાં છે, જે આજે તીર્થરૂપે વિખ્યાત છે.

શિવગંજની ઉત્તરમાં ૩ કોષ દૂર એક પહાડી નીચે નાનકડી ખીણમાં નાનું **જાકોડા** ગામ છે, ત્યાં જ **જાકોડા તીર્થની શિખરબંધી** વિશાળ જિનપ્રાસાદની સ્થાપના થયેલી છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનપ્રાસાદમાં ભ૦ પાર્શ્વનાથની સુંદર પ્રતિમા છે. **આ૦ જયચંદ્રસૂરિએ** સં૦ ૧૫૦૪માં આ તીર્થ સ્થાપિત કર્યું છે. યાત્રાળુઓ માટે મોટી ધર્મશાળા છે. (–પ્રક૦ ૫૦, પૃ. ૪૫૪)

૧. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનના પરિકરની ગાદીમાં આ પ્રકારે લેખ છે—

॥ सं० १५०४ वर्षे माघ वदि ९ प्राग्वाट ज्ञा० हीराजणादि यक्षपुरीय श्रीसंघेन जखेउरग्रामे श्रीपार्श्वनाथमूलनायकस्य परिकरः कारितः, प्रतिष्ठितः श्रीतपागच्छे भट्टारक श्री सोमसुन्दरसूरिशिष्य **श्री जयचंद्रसूरिभिः** ॥

૨. પરિકરમાં જમણા કાઉસગ્ગિયા નીચે આ પ્રકારે લેખ છે—

ए सं० १५०४ माघ वदि ९ प्रा० सं० हीराणादि यक्षपुरे श्रीमूलनायक परिकर....श्रीसोमसुंदरसूरि....॥

૩. પરિકરમાં ડાબા કાઉસગ્ગિયા નીચે આ પ્રકારે લેખ છે.—

॥....माघ वदि ९ यक्षपुरीये....श्रीपार्श्वबिं० का० परिकरः....श्रीसोमसुंदरसूरि....॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**મોટા પોસીના તીર્થ—**

ઇડરરાજ્યમાં ઈડરથી ૪૨ માઈલ કાલીકાંકરથી ૧૦ માઈલ દૂર **પોસીના** નગર છે. અહીં શ્વેતાંબર જૈનોનાં ૧૦ ઘર છે. મોટા ચાર **જિનપ્રાસાદો** છે, જે વિક્રમની ૧૩, ૧૪ અને ૧૫મી સદીમાં બનેલા છે. તેમાં વિ૦ સં૦ ૧૦૧૮ થી ૧૪૯૧ સુધીના લેખો મળે છે, ચારે જિનપ્રાસાદોનો પરિચય આ પ્રમાણે છે.—

(૧) **ભ૦ મહાવીરસ્વામીનું મંદિર**—પોસીનાના રાજાએ જૈનાચાર્યોના ઉપદેશથી અને **મંત્રી નરપતિ** વગેરેની વિનતિથી વિક્રમની ૧૩–૧૪મી સદીમાં ભ૦ મહાવીરસ્વામીનું દેવાલય બનાવ્યું હતું. તેમાં ભ૦ મહાવીરસ્વામીની ૧૦૧૮ની પ્રાચીન જિનપ્રતિમા પધરાવી હતી. અને તે પછી **મંત્રી નરપતિએ** તેનો સં૦ ૧૩૫૧–૫૫માં જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

અહીંના રાજા સાલ્હણના પુત્ર **રાજા સાયરે** સં૦ ૧૪૭૭માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપગચ્છના **ભટ્ટા૦ સોમસુંદરસૂરિના** ઉપદેશથી આ મંદિરમાં લાકડાના બે મંડપો બનાવ્યા તથા ભ૦ પાર્શ્વનાથના મંદિરના ખર્ચ માટે એક વાડી ભેટ આપી. (પ્રક૦ ૪૫ પૃ૦ ૩૬૪)

પોસીનાના ભ૦ આદિનાથના મોટા મંદિરના ઓટલા ઉપર રહેલ પરિકરની ગાદીમાં પ્રતિમા લેખ છે.—

(१) संवत् १४९१ मार्ग० शु० १३ प्राग्वाट श्रे० हीरा भा० हीरुदे पुत्र श्री० देवात भा० भोजी (लांछन) पुत्रपुत्र्यादिकुटुंबयुक्तेन पोसीना ग्रामे देवालयस्थ श्रीमहावीरप्रतिमायाः परि (२) श्री० देवाभोजीयुतेन च इति भद्रम् (लांछन)....करः कारितः प्रतिष्ठितः। तपागच्छनायक श्रीश्रीश्रीसोमसुंदरसूरिभिः ॥

આથી સ્પષ્ટ છે કે, ભટ્ટા૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૯૧ના માગશર શુદિ ૧૩ના રોજ પોસીનામાં શેઠ હીરા (હાપા) પોરવાડના પુત્ર **દેવાએ** પોસીનાના દેવાલયની ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાનું પરિકર કરાવી, તેમના હાથે પ્રતિષ્ઠિત કરાવ્યું.

એટલે કે શેઠ **દેવાએ** સં૦ ૧૪૯૧માં ભ૦ મહાવીરસ્વામીના સં૦ ૧૦૧૮ના પરિકરને બદલે નવું પરિકર તથા લાકડાના મંડપને બદલે પાષાણના મંડપ બનાવ્યા હશે.

આ મંદિરની ભમતીમાં જૂદા જૂદા ખંડિત અને અખંડ જિનપ્રતિમાનાં પરિકરોના ટુકડાઓ, જિનપ્રતિમાઓ, કાઉસ્સગ્ગિયા, અને શ્રાવક-શ્રાવિકાઓની યુગલપ્રતિમાઓ વગેરે છે.

ભમતીમાંનાં બે પરિકરોની ગાદી ઉપર એકસરખી લિપિવાળા અગિયારમી સદીના આ પ્રકારે લેખો છે.—

(१)....त् १०१८ माघ शु०.......कारितमिति ॥

(२) संवत् १०....वर्षे वैशाख शुदि १४ गुरु...केजा कारिते

શ્રાવક-શ્રાવિકાઓની યુગલ પ્રતિમાઓમાં આ પ્રકારે લેખો છે. તેમાં (૧) શ્રાવકની નીચેનો લેખ વંચાતો નથી, જ્યારે શ્રાવિકાની નીચેનો લેખ આ પ્રકારે છે.—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सं० १२५१ वर्षे अषाढ सुदि १० गुरुवारे रत्नत्रयमती कपूरदेवी कुल उद्द्योतितं ।

તે બંને શ્રાવક–શ્રાવિકાના હાથમાં પૂજાની સામગ્રી છે.

(૨) પુરુષની નીચે આ પ્રકારે લેખ છે.—

संवत् १३५५ वर्षे वैशाख सुदि १२ महं० नरपतिमूर्तियुग्मं महं० कर्मणेण कारापितम् ।

સ્ત્રીની પ્રતિમા નીચે આ પ્રકારે લખ્યું છે.—

महंति मोहीणी मूर्ति ॥

આ બીજો લેખ પડિપાત્રામાં ઉત્કીર્ણ છે.

અહીં ભ૦ મહાવીરસ્વામીની પ્રાચીન અલૌકિક પ્રતિમા છે. જિનાલયમાં પેસતાં ડાબી બાજુની ભમતીમાં મહા ચમત્કારી **મણિભદ્રવીરનું** સ્થાન છે.

આ મંદિરનો સં૦ માં ભટ્ટા૦ **શ્રી વિજયદેવસૂરિના** ઉપદેશથી મોટો જીર્ણોદ્ધાર થયો, તેમજ સં૦ ૨૦૦૫માં છેલ્લો ઉદ્ધાર થયો.

દેરાસર પાસેની નાની દેરીમાં **પાર્શ્વયક્ષની** સુંદર પ્રતિમા છે. આ મંદિરનો મુખ્ય દરવાજો પૂર્વાભિમુખ છે. પણ તે હાલ બંધ જેવો રહે છે. સૌ કોઈ પાછળની બારીએથી આવ જા કરે છે.

**(૨) ભ૦ પાર્શ્વનાથનું મંદિર**—ભ૦ મહાવીરસ્વામીનું મંદિર રાજ્યના તાબામાં હતું, આથી એક જ વંશના પોરવાડ જૈનોએ વિક્રમની ૧૫મી શતાબ્દીમાં પોસીનામાં ભ૦ પાર્શ્વનાથનું શ્રીસંઘનું મંદિર બંધાવ્યું, અને ધીમે ધીમે ભ૦ પાર્શ્વનાથના એ એક જ મંદિરમાંથી ત્રણ મંદિરો બન્યાં. આ ત્રણે મંદિરો એક જ ઘેરાવામાં છે. જ્યારે ભગવાન મહાવીરસ્વામીનું જિનાલય તેની પાસેના બીજા ઘેરાવામાં છે.

પોસીનાના શેઠ **આજડ** પોરવાડના વંશના મંત્રી **ગોપાલે** તપાગચ્છીય ભટ્ટા૦ શ્રીસોમસુંદરસૂરિના ઉપદેશથી સં૦ ૧૪૭૭માં પોસીનામાં ભ૦ પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. આચાર્યદેવે તેમાં ભ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી તે મંદિરનું નામ 'વિઘ્નાપહાર પાર્શ્વનાથ' રાખ્યું. પોસીનાના જૈનો આજે તેને 'પુરિસાદાણી પાર્શ્વનાથ' તરીકે ઓળખે છે. મૂળનાયકની પ્રતિમા ભવ્ય છે, ગાદીમાં ધર્મચક્ર અને વેલબુટ્ટા કોતરેલા છે. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૪)

**મંત્રી ગોપાલે** આ મંદિરમાં બે મોટા મંડપો કરાવ્યા અને તેમાં દેરીઓ પણ બનાવી, તે દેરીઓ ખાલી હતી, પછી તેમાં ભ૦ આદિનાથ તથા ભ૦ શાંતિનાથની જિનપ્રતિમાઓ બેસાડવામાં આવી હતી, જે પ્રતિમાઓ ઉપર આ પ્રકારે લેખો મળે છે.—

(१) संवत् १४...वर्षे मार्ग वदि ४ दिने पुष्यार्के प्राग्वाट–ज्ञातीय व्य० गोपालभार्या अहिव सुत व्य० अर्जून न सु....श्रेयोर्थं श्रीआदिनाथ-बिंबं कारितं प्रतिष्ठितं तपागच्छनायक श्रीसोमसुंदरसूरिभिः । भद्रं भूयात् श्रीसंघभट्टारकाय ॥

એટલે શેઠ ગોપાલના પુત્ર અર્જુને સં૦ ૧૪૭૭ (અથવા ૧૪૮૧)માં માગશર વ૦ ૪ના રોજ રવિવારે પુષ્યનક્ષત્રમાં ભગવાન પાર્શ્વનાથના મંદિરના મંડપની એક દેરીમાં ભ૦ આદિનાથની પ્રતિમાની તપાગચ્છના ભ૦ સોમસુંદરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. જેનો શિલાલેખ ત્યાં વિદ્યમાન છે (–પ્રક૦ ૪૫ પૃ૦ ૩૬૫)

૨. પોસીનાના શેઠ તડમલ પોરવાડના વંશના **શેઠ માંડણે** સં૦ ૧૪૮૧માં ભ૦ પાર્શ્વનાથના મંડપની બીજી દેરીમાં તપાગચ્છ-નાયક ભ૦ સોમસુંદરસૂરિના હાથે ભ૦ શાંતિનાથની પ્રતિષ્ઠા કરાવી. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૫)

તે પછી શેઠ અર્જુન અને શેઠ માંડણ કે તેમના વંશજોએ આ બંને દેરીમાં રહેલા ભગવાનો માટે સ્વતંત્ર જિનપ્રાસાદો બનાવી, તેમાં તે બન્ને ભગવાનોની પ્રતિષ્ઠા કરી.

આ ત્રણે મંદિરોનો સં૦ માં **ભ૦ વિજયદેવસૂરિના** ઉપદેશથી મોટો જીર્ણોદ્ધાર થયો, ત્યારે ભ૦ પાર્શ્વનાથના મંદિરના આ મંડપોની ખાલી રહેલી બંને દેરીઓમાં મૂળનાયક તરીકે ભ૦ આદિનાથની અને ભ૦ પદ્મપ્રભુ જિનેશ્વરની નવી મૂર્તિઓ પધરા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વવામાં આવી. ભ૦ પાર્શ્વનાથના મંદિરના રંગમંડપમાં સમવસરણ છે. બે સુંદર ચૌમુખ પ્રતિમાઓ છે.

ભ૦ પાર્શ્વનાથના મંદિરમાં ઉત્તર તરફની દિવાલમાં (૧) લગભગ ૨।।–૩ ફૂટ લાંબો અને ૧, ફૂટ પહોળો શેઠ ગોપાળે પ્રતિષ્ઠા કરાવી તેનો સં૦ ૧૪૭૭માં પં૦ ચારિત્રગણિવરે બનાવેલ પ્રશસ્તિ લેખ **મોટો શિલાલેખ,** ૨૮ શ્લોક પ્રમાણ છે. ( –પ્ર૦ ૪૫, પૃ૦ ૩૬૪)

(૨) શેઠ માંડણે કરાવેલી પ્રતિષ્ઠાનો લેખ ૧૧ શ્લોક પ્રમાણનો છે અને તે ૧।। ફૂટ લાંબો અને ૦।। ફૂટ પહોળો છે.

(–જૈન સત્યપ્રકાશ, ક્રૂ૦ ૧૭૦, પૃ૦ ૪૦, ક્રૂ૦ ૧૭૧ પૃ૦ ૭૬, ૭૭, ઈતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૧૬૫ )

૩. **ભ૦ શાંતિનાથનું મંદિર**–આ મંદિરોના ઘેરાવામાં ભ૦ પાર્શ્વનાથના મંદિર પાસે જ આ ત્રીજું મંદિર છે. અને તેની હારમાં ભ૦ આદિનાથનું ચોથું મંદિર છે.

जैन साईट JAINSITE

આપણે ઉપર વાંચી ગયા તેમ શેઠ તડમલ પોરવાડના વંશજ **મંડણે** ભ૦ પાર્શ્વનાથના મંડપમાં ભ૦ શાંતિનાથની પ્રતિમા બિરાજમાન કરાવી, તે જ પ્રતિમા મૂળનાયક તરીકે સ્થાપીને આ ત્રીજું મંદિર બન્યું.

મૂળનાયક **શ્રી શાંતિનાથ** ભગવાનની પ્રતિમા અદ્ભૂત અને આહ્‌લાદક છે. ભક્ત જનને ત્યાંથી ઊઠવાનું મન ન થાય તેવી એ પરમ શાંતિદાયક, ભવ્ય, અને મનોહર પ્રતિમા છે. આ પ્રતિમાની ગાદીમાં શિલાલેખો નથી, પણ સુંદર વેલબૂટ્ટા કોતરેલા છે. આ મંદિરના રંગમંડપમાં બે તરફ ગોખલા છે. અને તેમાં એકેક જિનપ્રતિમા વિરાજમાન છે, આ મંદિરનો સં૦ ૨૦૦૩માં જીર્ણોદ્ધાર થયો છે.

૪. **ભ૦ આદિનાથનું મંદિર**–મંદિરોના ઘેરામાંથી બહાર નીકળતાં ડાબા હાથ તરફ આ ચોથું મંદિર છે ત્રીજું અને ચોથું મંદિર એક સાથે બન્યાં હોય તેમ લાગે છે.

આપણે ઉપર વાંચી ગયા તેમ શેઠ અર્જુન પોરવાડ અથવા તેના વંશજોએ ભ૦ પાર્શ્વનાથના મંડપમાં ભ૦ આદિનાથની પ્રતિમા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિરાજમાન કરી, તે જ પ્રતિમાને મૂળનાયક તરીકે રાખીને આ ચોથું મંદિર બન્યું છે.

આ મંદિરનો સં૦        માં **ભટ્ટા૦ વિજયદેવસૂરિના** ઉપદેશથી મોટો જીર્ણોદ્ધાર થયો.

અમને એમ લાગે છે કે, તે જીર્ણોદ્ધારમાં અહીં મૂળનાયક તરીકે શેઠ અર્જુને ભરાવેલી પ્રતિમાને બદલે ભ૦ આદિનાથની બીજી ભવ્ય પ્રતિમા બેસાડવામાં આવી હોય. કારણ કે આ જિનમંદિરની જમણી તરફની એક ઓરડીમાં શેઠ અર્જુને આ૦ સોમસુંદરસૂરિના હાથે સં૦ ૧૪૭૭ (અથવા સં૦ ૧૪૮૧ કે ૧૪૯૧) માં પ્રતિષ્ઠા કરાવેલી પ્રતિમા બિરાજમાન છે.

આ મંદિરમાં ભ૦ આદિનાથની પ્રતિમા ભવ્ય, વિશાળ અને મનોહર છે. તેમના બંને ખભા ઉપર **વાળની લટો** ઉતારી છે, જે ભગવાનના ચતુર્મુષ્ટિ લોચનું **પ્રતીક** છે. અને બીજી રીતે કહીએ તો ભ૦ ઋષભદેવની પ્રતિમા હોવાની અચૂક **નિશાની** છે.

આ પ્રતિમાની ગાદીમાં લંછન નથી, લેખ નથી પણ વેલબૂટાની આકર્ષક અને સુંદર કોરણી છે. મૂળનાયકની બાજુમાં ભગવાન પાર્શ્વનાથના બે કાઉસગ્ગિયા છે. બહારના ભાગમાં રંગમંડપમા સામસામા બે ગોખલામાં **અંબિકાદેવી** અને **સરસ્વતીદેવીની** સુંદર મૂર્તિઓ છે. તેની પાસેની ડાબી બાજુની દેરીમાં ૧૩ જિનપ્રતિમાઓ છે. અને જમણી બાજુની દેરીમાં ૪ જિનપ્રતિમાઓ છે, તેમાં જે **કેસરિયાજીની** એક શ્યામ પ્રતિમા છે, તે મૂળનાયકના સ્થાને બિરાજમાન છે, અહીંના લોકો આને **ભ૦ નેમિનાથનું** મંદિર માને છે. મંદિરના દરવાજા પાસે ડાબી તરફ **મણિભદ્રવીરની** સ્થાપના છે.

અસલમાં આ મણિભદ્રવીરની સ્થાપના ઉપાશ્રયમાં હતી, તે ત્યાંથી લાવીને તેને અહીં બિરાજમાન કરેલ છે. આ સ્થાન પ્રભાવિક અને ચમત્કારી છે. આ મંદિરમાંથી બગીચામાં થઈ સીધા ભ૦ મહાવીરસ્વામીના મંદિરમાં જવાય છે.

(—જૈન સત્યપ્રકાશ, ક્ર૦ ૧૭૦, પૃ૦ ૪૦, ક્ર૦ ૧૭૧, પૃ૦ ૭૨)

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

વીરવંશાવલીમાં વર્ણન છે કે, અહીંના વીશા પોરવાડ શા૦ ધૂલાજીએ અહીં ભ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી (૧) ભ૦ ઋષભદેવ, (૨) ભ૦ શાંતિનાથ, (૩) ભ૦ નેમિનાથ, (૪) ભ૦ પાર્શ્વનાથ અને (૫) ભ૦ મહાવીરસ્વામી. એ પાંચ તીર્થંકરોના જૂદા જૂદા **પાંચ જિનપ્રસાદો** બનાવી, તેની પ્રતિષ્ઠા કરાવી.

(—વીરવંશાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૧૫, જૈન ઇતિ૦ પ્રક૦ ૫૦, પૃ૦ ૪૫૦)

આ૦ વાદિદેવસૂરિની પરંપરાના (૪૫મા) આ૦ પરમાનંદસૂરિના ઉપદેશથી શેઠ વાહડના પુત્રો શરણદેવ વગેરેએ સં૦ ૧૩૪૫માં સમ્મેતશિખરતીર્થની યાત્રા કરી આવ્યા પછી **સમ્મેતશિખર તીર્થનો પાષાણપટ્ટ** બનાવી **પોસીના** તીર્થમાં સ્થાપન કર્યો હતો. (—પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૮)

ઉપા૦ **ગુણવિજયગણિવર** લખે છે કે, તપાગચ્છીય ભટ્ટા૦ વિજયદેવસૂરિ (સં૦ ૧૬૭૨ થી ૧૭૨૩) છ'રી પાળતા યાત્રાસંઘ સાથે કુંભારિયાજી તીર્થ થઈને **મોટા પોસીના** પધાર્યા હતા અને તેમણે ત્યાં ફરીવાર પ્રતિષ્ઠા કરાવી હતી.

(—તપાગણપતિ ગુણપદ્ધતિ; પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૧, પૃ૦ ૮૫)

આ ઇતિહાસના લેખકો મુનિ દર્શનવિજયજી, મુનિ જ્ઞાનવિજયજી અને મુનિ ન્યાયવિજયજી (ત્રિપુટી)ના ઉપદેશથી રોહિડાના જૈન મિત્રમંડળે સં૦ ૨૦૦૫ના કાર્તિક વદિ ૧૦ને રવિવારે રોહિડાથી પોસીના તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો હતો, જેમાં સાધુ-સાધ્વી ઠાણા ૧૦, શ્રાવક-શ્રાવિકાઓ ૪૫૦ સાથે હતાં. આ સંઘ સનવાડા, નાનું ભૂલા, ખાપાનો બંગલો,[1] અંજની ગામ, કાલીકાંકરની

૧. ખાપાના બંગલાથી ૫ ગાઉ **વિકરણી** ગામ છે. ત્યાં શ્રાવકનાં ૧૦ ઘર છે. નાનું એક ઘરમંદિર છે. શ્રાવકો ભાવિક છે. અહીંથી પહાડી રસ્તે બે દિવસમાં કેશરિયાજી જવાય છે.

અંજની ગામમાં ભીલના ઘરમાં એક ભ૦ કુંથુનાથની ધાતુની પંચતીર્થી જિન પ્રતિમા છે. તેના ઉપર લેખ છે.

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોકી તથા વહોરાના બંગલે થઈ કાર્તિક વદિ ૧૪ને ગુરુવારે પોસીના તીર્થ પહોંચ્યો હતો. માણિભદ્રવીરે પોસીનાના **જૈનોને** અગાઉથી આ સંઘ આવવાની સૂચના આપી હતી.

શ્રીસંઘે મંદિરના જીર્ણોદ્ધારમાં મદદ આપી હતી. શેઠ **સીરેમલજી**એ સંઘમાં ચડાવો બોલી, **સંઘમાળા** પહેરી હતી. સંઘ ત્યાંથી ને પગરસ્તે આવ્યો હતો તે જ રસ્તે પાછો ગયો અને માગશર સુદિ ૨ ને રવિવારે રોહિડા પહોંચી ગયો.

આ સંઘમાં રોહિડાના નાના મોટા સૌ **જૈનો** સાથે હતા. ગામમાં ઘર સંભાળવા પૂરતા ૨૦ જૈનો જ બાકી રહ્યા હતા. તે પછી ઉક્ત મુનિવરોના ઉપદેશથી **શા૦ હિંદુમલજી શેષમલજી મુહતાએ** રોહિડાથી દિયાણા, લોટાણા, નાંદિયા તીર્થોનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. આ સંઘમાં રોહિડા, જયપુર અને આગરાના ૨૦ થી ૨૫ જૈનો સાથે હતા.

**નાના પોસીના**—ઈડરથી ૬ ગાઉ દૂર નાના પોસીના ગામ છે. ત્યાં પણ ભવ્યજિનાલય છે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**મગસીજીતીર્થ**—સોની સંગ્રામસિંહે માંડવગઢમાં ભ૦ સુપાર્શ્વનાથનો તથા મુગસી પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો અને તેની ભટ્ટા૦ સોમસુંદરસૂરિના હાથે સં૦ ૧૪૭૨માં પ્રતિષ્ઠા કરાવી.

(—વીરવંશાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ,
પૃ૦ ૨૧૩ થી ૨૧૫ ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૩૯)

મગસીતીર્થના જીર્ણોદ્ધારનો ઉલ્લેખ મળે છે. સં૦ ૧૫૧૮ જે. શુ૦ ૧૫ને રોજ પ્રતિષ્ઠા થઈ હતી.

---

सं० १५२१ वर्षे माघ शुदि १० मरु कु० प० सव माडण भा० दिउ सूत सिंघा भा०...श्रेयसे श्रीकुंथुनाथबिंबं कारितं प्र० श्री जारापल्लीगच्छे श्रीउदयचंद्रसूरिभिः रामसी (से) ण ॥

લેખમાંના ગચ્છનું નામ ઝારાપલ્લી કે જીરાપલ્લી સંભવે છે

(—જૈન સત્યપ્રકાશ, ક્રં૦ ૧૭૦ , પૃ૦ ૮૦)

## ચિત્તોડના શ્રી મહાવીરસ્વામી જિનપ્રાસાદ અને વિજય કીર્તિસ્તંભ

(૧) ચંદ્રકુલના રાજગચ્છના આ૦ **પ્રદ્યુમ્નસૂરિએ** ચિત્તોડના તલવાડામાં "શિસોદિયા રાજા અલ્લટરાજની સભામાં દિગમ્બરાચાર્યને જીતી, પોતાનો શિષ્ય બનાવ્યો. **રાણા અલ્લટરાજે** તે વિજયના સ્મરણમાં ચિત્તોડના કિલ્લામાં ભગવાન મહાવીર સ્વામીનો જિનપ્રાસાદ બનાવી, તેની પાસે ઉંચો **વિજય કીર્તિસ્તંભ** ઊભો કરાવ્યો અને આચાર્યશ્રીના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી.

(—ઇતિ૦ પ્ર૦ ૩૨, પૃ૦ ૫૦૭, પ્ર૦ ૩૫, પૃ૦ ૧૦)

(૨) ચંદ્રકુળના તપગચ્છના ૫૦મા **ભ૦ સોમસુંદરસૂરિના** ઉપદેશથી તે આ જિનપ્રાસાદ અને વિજયકીર્તિસ્તંભનો જીર્ણોદ્ધાર થયો.

આ આચાર્યશ્રી સં૦ ૧૪૫૭ થી ૧૪૯૯ સુધી ગચ્છનાયક હતા.

(—ઇતિ૦ પ્રક૦ ૫૦, પૃ૦ ૪૪૪)

(૩) મેવાડના શિશોદિયા રાજવંશમાં વિ૦ સં૦ ૧૦૧૦માં **રાજા અલ્લટરાજ** થયો. જે આ૦ પ્રદ્યુમ્નસૂરિનો ભક્ત હતો. જૈન બન્યો હતો. ( —પ્રક૦ ૨૩, પૃ૦ ૩૮૯, પ્રક૦ ૩૪, પૃ૦ ૫૯૦ )

(૪) મેવાડના રાજા અલ્લટરાજ શિસોદિયાના વંશમાં સં૦ ૧૪૮૫ માં (૫૨ મો) **રાણા મોકલસિંહ** અને સં૦ ૧૫૩૦માં (૫૩ મો) **રાણો કુંભોજી** થયા. જે તપગચ્છના ભટ્ટા૦ **આ૦ દેવસુંદરસૂરિ** અને ૫૦મા આ૦ સોમસુંદરસૂરિના ભક્ત હતા.

(—પ્રક૦ ૨૩, પૃ૦ ૩૮૯, પ્રક૦ ૪૪, પૃ૦ ૩૪)

(૫) શાહ **વીશલશાહ** ઓસવાલના વંશમાં **સં૦ ગુણરાજ** થયો. તેને ગંગા નામે પત્ની, તથા (૧) ગજ (૨) મહીરાજ (૩) બાલુરાજ (૪) મલુ અને (૫) ઈશ્વર નામે પુત્રો થયા તે સૌ તપગચ્છના ભ૦ સોમસુંદરસૂરિના ભક્ત જૈન હતા. **સં૦ ગુણરાજે** રાણા મોકલસિંહની રજા લઈ ચિત્તોડના કિલ્લાના ભ૦ મહાવીરસ્વામીના પ્રાચીન જિનપ્રાસાદ અને જૈન વિજય કીર્તિસ્તંભના જીર્ણોદ્ધારનું કામ પોતાના પુત્ર બાલુની દેખરેખ નીચે ચાલુ કરાવ્યું.

( —પ્રક૦ ૪૫, પૃ૦ ૩૬૯ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬) મહાકવિ **પં૦ પ્રતિષ્ઠા સોમગણિવર** લખે છે કે સં૦ ગુણરાજના પુત્ર બાલુએ રાણા મોકલસિંહની રજાથી. અને પિતાની આજ્ઞાથી ચિત્તોડમાં રહી, ચિત્તોડના કિલ્લાના (આ૦ પ્રદ્યુમ્નસૂરિના શાસ્ત્રાર્થના વિજયના ઉપલક્ષમાં રાણા અલ્લટરાજે બનાવેલ) ભ૦ મહાવીરસ્વામીને જિનપ્રાસાદ અને જૈન વિજયકીર્તિસ્તંભનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ દરમિયાનમાં સં૦ ગુણરાજ મરણ પામ્યો હતો. આથી જીર્ણોદ્ધાર થયા પછી સં૦ ગુણરાજના **પાંચ પુત્રોએ** વિ૦ સં૦ ૧૪૮૫માં તપાગચ્છના ૫૦મા **ભ૦ સોમસુંદરસૂરિવરના** હાથે તેની પ્રતિષ્ઠા કરાવી, તેમજ તે જિનપ્રાસાદમાં બીજી ચાર નવી દેરીઓ બનાવી, તેની પણ તેમના હાથે જ પ્રતિષ્ઠા કરાવી.

(–વિ૦ સં૦ ૧૫૨૪નું સોમ સૌભાગ્ય મહાકાવ્ય સર્ગ + શ્લો૦)

(૭) વૃદ્ધો કહે છે કે ત્યારબાદ છેલ્લી સદીઓમાં ઉદેપુરના રાજ્યે પણ ચિત્તોડ વિભાગના અધિકારી (કલેક્ટર)ની દેખરેખ નીચે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

પણ વિચિત્ર ઘટના એ છે કે–તે અધિકારી આ સ્થાપત્યના મૂળ ઇતિહાસથી અજાણ હતો. આથી તેણે જિનાલય નહીં પણ માત્ર સ્તંભનો જ જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેની ઉપરની જિનપ્રતિમાઓમાં મરજીમુજબ ફેરફાર કર્યો. આ રીતે **આ વિજયકીર્તિ સ્તંભ** આજ સુધી સુરક્ષિત છે. અને **જૈનસ્તંભ** તરીકે વિખ્યાત છે.

(૮) જૈનસાહિત્ય સંશોધક ત્રૈમાસિક વર્ષ + અંક૦ + માં ત્રણ રંગમાં તથા સં૦ ૨૦૧૫ના જૈન યુગના નવું વર્ષ બીજાનાં ૯ મા અંકમાં એક રંગમાં તેના ફોટા પ્રકાશિત થયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ એકાવનમું

*

## આ૦ મુનિસુંદરસૂરિ

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

चन्द्रकुले तपागच्छे **श्रीसोमसुन्दरगुरूणाम्** ।
पट्टे प्रतिष्ठिताः **श्रीमुनिसुन्दरसूरि** राजेन्द्राः ॥ १ ॥
मरुदेशादिदेशेष्वमारिपटहोद्घोषणैः प्रथिताः ।
श्रीहेमचन्द्रसूरीन् स्मारितवन्तः स्वशक्त्या ये ॥ २ ॥

(–જયાનંદચરિત્રની આ૦ મુનિસુંદરસૂરિ શિષ્ય
પં૦ રત્નચંદ્ર ગણિએ રચેલી પ્રશસ્તિ)

मारीत्यवमनिराकृति, सहस्रनामस्मृति, प्रभृतिकृत्यैः
**श्रीमुनिसुन्दरगुरवश्चिरन्तनाचार्य** महिमाभृतः ॥ ८ ॥

(સં૦ ૧૫૧૬, આ૦ રત્નશેખરસૂરિકૃત 'આચાર પ્રદિપ')

**सिरिमुणिसुंदरसूरि** भूरि विबुहजणपत्तजउ ।
नाणगब्भवेरग्गि, बालिकालि जो गहिअवउ ॥ २३ ॥

(–આ૦ ભુવનસુંદરસૂરિ કૃત 'ગુર્વાવલી'
પટ્ટાવલી સમુચ્ચય, ભા૦ ૨, પૃ૦ ૧૩૨

આ૦ **સોમસુંદરસૂરિની પાટે** ૫૧મા **આ૦ મુનિસુંદરસૂરિ થયા.** તેમનાં સં૦ ૧૪૩૬માં **જન્મ,** સં૦ ૧૪૪૩માં સાતમે વર્ષે **દીક્ષા,** સં૦ ૧૪૬૬માં ત્રીશમે વર્ષે **ઉપાધ્યાયપદ,** સં. ૧૪૭૮માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૨મા વર્ષે વડનગરમાં **આચાર્યપદ**, અને સં૦ ૧૫૦૩ના કા૦ સુ૦ ૧ના રોજ ૬૭ વર્ષની ઉંમરે "કોરટા તીર્થ"માં **સ્વર્ગવાસ** થયાં.

વીરવંશાવલીમાં તેમનું મૂળ નામ **મોહનનંદન** બતાવ્યું છે.

(–વિવિધગચ્છ પટ્ટાવલી, પૃ૦ ૨૧૫)

તે આ૦ દેવસુંદરસૂરિના હસ્તદીક્ષિત પ્રશિષ્ય, સોમસુંદરસૂરિના મુખ્ય શિષ્ય,[1] અને આ૦ જયાનંદસૂરિના વિદ્યાશિષ્ય હતા.

ખંભાતનો **દફરખાન** આ૦ મુનિસુંદરસૂરિને 'વાદિગોકુલસાંઢ' તરીકે માનતો હતો. દક્ષિણના પંડિતોએ સૂરિજીને 'કાલિસરસ્વતી'નું **બિરૂદ** આપ્યું હતું.[2]

સામાન્ય લોકો તો તેમની ૭ વર્ષની ઉંમરે થયેલી **દીક્ષા**, અને "તેમનું ચમત્કારી જીવન" વગેરે જોઈને તેમને **યુગપ્રધાન** તરીકે માનતા હતા. તે નાનપણથી જ હજાર નામ અવધારણ કરી શકતા હતા, ૧૦૮ કટોરીઓનો અવાજ પારખી શકતા હતા. આથી જ લોકો તેમને 'સહસ્રાવધાની' તરીકે ઓળખતા હતા. તેમણે સૂરિમંત્રની ૨૪ વાર વિધિપૂર્વક આરાધના કરી હતી. તેમાં ૨૪ વાર તો **ચંપકરાજ** વગેરે રાજાઓએ પોતપોતાના દેશમાં પ્રજાનો "કર" માફ કરી, **અમારિ** પ્રવર્તાવી હતી.

**પદ્માવતી–પ્રસન્ન** તેઓ છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપ કરતા હતા. તપ અને "સૂરિમંત્રની સિદ્ધિના પ્રભાવથી પદ્માવતી વગેરે દેવીઓ તેમની પાસે આવતી હતી.

---

૧. तच्छिष्यः **प्रथमः** समर्थमहिमा त्रैवेद्यगोष्ठी गुरुः ।
सूरिः **श्रीमुनिसुन्दरः**सुरगुरुः ख्यातः क्षितौ प्रज्ञया ॥ १ ॥
(–સં૦ ૧૫૦૨માં વીરમગામમાં પં. **જિનહર્ષ** ગણિ કૃત 'વિંશતિ સ્થાનકવિચારામૃત સંગ્રહ')

૨. સંભવ છે કે, એ અરસામાંના રાજાઓબાદશાહો સંસ્કૃતના ઉદ્ભટ વિદ્વાનને "સરસ્વતીનું બિરૂદ" આપતા હોય. તેમાં યે રૂપાળા વિદ્વાનને **કૂર્ચાલ સરસ્વતી** અને શ્યામ વિદ્વાનને **કાલી સરસ્વતી**નાં બિરૂદથી નવાજતા હોય. અથવા જેમાં કાલિકાનો જુસ્સો અને સરસ્વતીની જ્ઞાનપરાકાષ્ઠાનો યોગ હોય તેને **કાલી સરસ્વતી** કહેતા હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉપદ્રવ શમન**—સિરોહીના રાજા સહસમલ્લે **અમારિ** પ્રવર્તાવી, પણ પછી અમારિનો ભંગ કર્યો હતો. આથી દેશમાં ( કે શિરોહીમાં ) તીડનો ઉપદ્રવ થયો. આચાર્યશ્રીએ ધ્યાનમાં બેસીને આ ઉપદ્રવ શમાવ્યો.

આચાર્યશ્રીએ મેવાડના **દેલવાડામાં** ( અથવા ધારાનગરીમાં પંવારના રાજ્યમાં ) દુષ્ટ દેવીઓએ કરેલા ઉપદ્રવને શાંત કરવા માટે ચમત્કારી નવું સંતિકરં સ્તોત્ર પ્રાકૃતમાં ગા૦ ૧૩ બનાવ્યું.

**આચાર્યપદ મહોત્સવ**

**પં૦ પ્રતિષ્ઠાસોમ ગણિ** જણાવે છે કે, **આ૦ સોમસુંદરસૂરિએ** સં૦ ૧૪૭૮ સુધી કોઈ મુનિવરને ગચ્છનાયક બનાવ્યા ન હતા. એવામાં વડનગરનો **શેઠ દેવરાજ,** જેની દેવગિરિ ( દોલતાબાદ )માં દુકાનો હતી, તે ભારે **ધર્મપ્રેમી** હતો. તેણે પોતાની લક્ષ્મીનો લાભ લેવા, આચાર્યદેવ પાસે આવીને વિનંતિ કરી કે, “ ગુરુદેવ ! આપની પાટે હવે યોગ્ય ગચ્છનાયકની નિમણુંક કરો. મને લક્ષ્મીના સદ્વ્યયનો લાભ મળે એવી કૃપા કરો. ” ત્યારે **આ૦ શ્રીસોમસુંદરસૂરિએ** પોતાના મુનિમંડળ ઉપર દૃષ્ટિ ફેરવી, અને “ ઉપાધ્યાય મુનિસુંદર ગણિ ” ઉપર એ દૃષ્ટિ સ્થિર સ્થાપી. આચાર્યશ્રી તેમની યોગ્યતાનો વિચાર કરતા ગૌરવ અનુભવતા હોય, એવા **પ્રસન્ન** દેખાયા. શેઠ પણ જાણતો હતો કે “ **ઉપાધ્યાય મુનિસુંદરગણિ** વિદ્વાન છે, અસ્ખલિત સંસ્કૃત બોલી શકે છે. સૌ વાદોમાં વિજય મેળવે છે. તેમણે આ૦ દેવસુંદરસૂરિની સેવામાં ૧૦૮ વાર લાંબા પત્રમાં “ વિજ્ઞપ્તિત્રિવેણી ”ના નામે **સુંદર કાવ્યો** મોકલ્યા છે, જે રચના **ભગવાન સિદ્ધસેન દિવાકર** વગેરેને યાદ કરાવે તેવી છે.

તે એકીસાથે એક હજાર નામ યાદ રાખી શકે છે, **શીઘ્ર કવિ** છે. એવી કોઈ વિદ્યાશક્તિ કે કલા નથી જે ઉપાધ્યાયજીમાં ન હોય. શેઠ આચાર્યદેવની ભાવના પારખીને ખુશ થતો પોતાના ઘેર ગયો.

શેઠે ઘેર બેસીને આચાર્યપદપ્રદાનની **કંકોતરી** લખી, અને દેશદેશના શ્રીસંઘોને **વડનગર** મહોત્સવમાં બોલાવ્યા. તેણે વડનગરને ખૂબ શોભાવ્યું, ધવલ-મંગલ ગવરાવ્યાં, ને વાજિંત્રો મંગાવ્યાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શેઠ દેવરાજે** આ૦ સોમસુંદરસૂરિની પૂજા કરી. વિવિધ પકવાન્નો- વાળાં **ભોજનો** તૈયાર કરી, મુનિરાજોની **ભક્તિ** કરી, શ્રીસંઘની ભક્તિ કરી. સૌની વસ્ત્રદાનથી ભક્તિ કરી. અને સં૦ ૧૪૭૮માં વડનગરમાં આ૦ **સોમસુંદરસૂરિના** વરદ હસ્તે ઉપાધ્યાય મુનિસુંદર ગણિને **આચાર્યપદવી** અપાવી.

**તીર્થયાત્રા સંઘ**

એ પછી શેઠ **દેવરાજે** આ૦ સોમસુંદરસૂરિની આજ્ઞા લઈ નવા આચાર્ય મુનિસુંદરસૂરિની અધ્યક્ષતામાં સંઘપતિ બની, શત્રુંજયતીર્થ વગેરેની યાત્રા માટે છ'રી પાળતો મોટો **યાત્રાસંઘ** કાઢ્યો. આ સંઘમાં ૫૦૦ ગાડાં હતાં. ઘણા સ્ત્રી પુરુષો હતા. જિનપૂજા માટે સાથે "સોના-ચાંદીનાં જિનાલયો" હતાં

શ્રીસંઘ શત્રુંજય અને ગિરનાર તીર્થની યાત્રા કરી મોટો મહોત્સવ કરી, દાન આપી, પાછો પોતાના સ્થાને આવ્યો. એ પછી આ૦ મુનિસુંદરસૂરિએ ગુરુદેવ આ૦ સોમસુંદરસૂરિની આજ્ઞાથી પોતાના પરિવાર સાથે બીજે વિહાર કર્યો.

(-સં૦ ૧૫૧૪, પં૦ પ્રતિષ્ઠાસોમગણિકૃત સોમ સૌભાગ્ય કાવ્ય, સર્ગ : ૯, ૧૦)

JAINSITE.com જૈન સાહિત્ય

**પદવીપ્રદાન**

આ૦ મુનિસુંદરસૂરિએ પોતાના હાથે ઘણા આચાર્યો ઉપાધ્યાયો, પંડિતો, **શ્રીહેમહંસગણિ** વગેરે સાધુઓ, સાધ્વીઓ અને સંઘપતિઓ બનાવ્યા.

(-સોમસૌભાગ્યકાવ્ય, ગુરુગુણરત્નાકર કાવ્ય, હીરસૌભાગ્ય મહાકાવ્ય-સર્ગ : ૪, મહો૦ધર્મસાગરગણિની તપાગચ્છ પટ્ટાવલી.)

**ગ્રંથો—**

તેમણે ઘણા ગ્રંથો રચ્યા છે, તેમાંના કેટલાંકનાં નામ આ પ્રકારે છે:—સં૦ ૧૪૫૫માં ચતુર્વિંશતિસ્તોત્ર રત્નકોશ, સં૦ ૧૪૫૫માં ત્રૈવેદ્યગોષ્ઠી, સં૦ ૧૪૫૫માં શાંતસુધારસ, સં૦ ૧૪૬૬માં ભ૦ દેવ- સુંદરસૂરિને વિજ્ઞપ્તિરૂપે ૧૦૮ હાથ લાંબો પત્ર વિજ્ઞપ્તિત્રિવેણી સ્તોત્ર :



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩, તરંગ : ૬, સં૦ ૧૪૬૬માં, એ જ વિજ્ઞપ્તિના ત્રીજાસ્રોતરૂપે ગુર્વાવલી શ્લો૦ ૪૯૬ સં૦ ૧૪૯૩માં ઉપદેશરત્નાકર–સ્વોપજ્ઞ વૃત્તિ સહ, સં૦ ૧૪૮૩માં જયાનન્દચરિત્રમહાકાવ્ય ગ્રં૦ ૭૫૦૦, સં૦ સં૦ ૧૪૯૩ કે સં૦ ૧૫૦૨માં મેવાડના દેલવાડામાં સતિકરં થયં, પ્રાકૃત ગાથા; ૧૩, સં૦ ૧૪૮૪માં મિત્રચતુષ્ક કથા, સં૦ ૧૪૮૪માં અધ્યાત્મકલ્પદ્રુમ, 'જયશ્રિયાં ધામ' સ્તવન શ્લો૦ ૯. વગેરે.

**નોંધ :** વૃદ્ધો કહે છે કે **આ૦ મુનિસુંદરસૂરિએ** "સંતિકરં સ્તોત્ર" ગાથા ૧૩ ઉપદ્રવની શાન્તિ માટે બનાવ્યું. ત્યારથી આપણામાં "સંતિકરં કલ્પમાં લખ્યા મુજબ" હંમેશાં સાંજે દેવશી પ્રતિક્રમણમાં દુક્ખ–ખ્ખયના કાઉસગ્ગ પછી, "એકવાર" અને પક્ખિ પ્રતિક્રમણ વગેરેમા "૧ થી વધુવાર" **પાઠ** બોલવાનો રીવાજ (મર્યાદા) ચાલુ થયો હતો. પરંતુ **ઉદેપુર નગરમાં** કોઈક જાતની **અશાન્તિ** હતી. આથી ત્યાં રહેલા **ભટ્ટારકે** (સંભવતઃ તપા રત્નશાખાના ભ૦ વિજયરાજસૂરિએ) સાંજે પ્રતિક્રમણના છેડે સંતિકરં બોલીને પછી અથવા સંતિકરંને બદલે એકાએક **લઘુશાન્તિ સ્તોત્ર** અને **મોટી શાન્તિ સ્તોત્ર** બોલવાનું શરૂ કરાવ્યું ત્યારથી આપણામાં સંતિકરંને બદલે લઘુશાન્તિ અને મોટી શાન્તિ સ્તોત્રો બોલવાનું ચાલુ થયું છે. આજે તે પ્રમાણે બોલવાની પરંપરા છે. પણ **વિશેષતા** એટલી છે કે પક્ખી, ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ થયા બાદ **સંતિકરં સ્તોત્ર** પણ અવશ્ય બોલાય છે.

**મુનિપરિવાર**—આ૦ મુનિસુંદરસૂરિએ જગતને વિવિધ શક્તિવાળા શ્રમણો અને શ્રમણપરંપરા આપી

તે આ પ્રમાણે

## પટ્ટાવલી ૧લી

૫૧. **ભ૦ મુનિસુંદરસૂરિ**

૫૨. **આ૦ વિશાલરાજસૂરિ**—તેમને આ૦ **સોમસુંદરસૂરિએ** દીક્ષા આપી, અને આ૦ મુનિસુંદરસૂરિના શિષ્ય બતાવ્યા. આથી આ૦ વિશાળરાજ તે બંનેના શિષ્ય લેખાયા. તેમને આ૦ સોમસુંદરસૂરિએ દેલવાડામાં **વીસલ શેઠે** કરેલા ઉત્સવમાં **ઉપાધ્યાયપદ** આપ્યું અને આ૦ મુનિસુંદરસૂરિએ સં૦ માં **ગોવિંદ** શ્રેષ્ઠીએ કરેલા ઉત્સવમાં ગામમાં **આચાર્યપદ** આપ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વિશાલરાજનો શિષ્યપરિવાર આ પ્રમાણે હતો.

૫૩. (૧) **પં૦ વિવેકસમુદ્ર ગણિ**—તેમનું બીજું નામ "પં૦ વિવેકસાગર ગણિ" પણ મળે છે. તેની **દીક્ષા** આ૦ સોમસુંદરસૂરિના હાથે થઈ હતી, તેથી કોઈ કોઈ સ્થાને તેમને આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય પણ બતાવ્યા છે, તેમણે આ૦ મુનિસુંદરસૂરિની અધ્યક્ષતામાં દક્ષિણ દેશમાં શાસ્ત્રાર્થ કરી **વિજય** મેળવ્યો હતો.

૫૪ **પં૦ અમરચંદ્ર ગણિ**—તેમનું બીજું નામ "અમરસુંદર ગણિ" પણ મળે છે. તે સંસ્કૃત ભાષામાં અસ્ખલિત બોલી શકતા હતા. તેમણે સં૦ ૧૫૧૮ના ફાગણ સુદિ ૧૧ને બુધવારે કંકરા ગામમાં ઉપદેશમાલા–અવચૂરિ રચી.

૫૫. **પં૦ ધીરસુંદર ગણિ**—તેમણે સં૦ ૧૫૦૦માં "અવસ્સય-સુત્ત–અવચૂરિ" રચી, તેમનું બીજું નામ "પં૦ ધીરમૂર્તિ ગણિ" પણ મળે છે. તેમણે સં૦ ૧૫૧૧ના ફાગણ સુદિ ૫ ના રોજ રહુવાડા ગામમાં "યોગશાસ્ત્ર–બાલાવબોધ લખ્યો.

(–શ્રી જૈન પ્ર૦ સં૦ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૬૬)

૫૩ (૨) **પં૦ મેરુનંદન ગણિ,** ૫૪ પં૦ સંયમમૂર્તિ ગણિ

૫૩ (૩) **પં૦ કુશલચારિત્ર ગણિ,** ૫૪ પં૦ રંગચારિત્ર ગણિ, સં. ૧૫૮૯

તેમનાં બીજાં નામો ચરિત્રશીલગણિ, પં૦ કુશલસાધુગણિ પણ જાણવા મળે છે તેમનાથી પાલનપુરીય શીલ–ચારિત્ર શાખા ચાલી હતી જે પરંપરામાં ચારિત્ર, શીલ, સાધુ, કલશ, કુશલ, અને ધીર વગેરે પરંપરાઓ હતી (પ્રક૦ ૫૫, "પાલનપુરાશાખા") તેમના શિષ્ય (૫૪) પં૦ રંગચારિત્ર ગ૦ સં૦ ૧૫૮૯માં વિદ્યમાન હતા.

૫૩ (૪) **પં૦ સુધાભૂષણ ગણિ,** ૫૪ **પં૦ જિનસૂરગણિ**—તે **પં૦ માણિક્યસુંદર ગણિના** વિદ્યાશિષ્ય હતા. તેમણે સં૦ ૧૫૦૫માં ગૌતમપૃચ્છા–બાલાવબોધ, પ્રિયંકરનૃપકથા અને રૂપસેન-ચરિત્ર ગ્રંથો રચ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૩ (૪) પં૦ સુધાભૂષણ ગણિ, ૫૪ પં. કલશભૂષણ ગણિ,

૫૫ પં૦ **વિશાલસૌભાગ્ય ગણિ**—તેમણે સં૦ ૧૪૯૫માં સિદ્ધાંતસ્તવવૃત્તિ સં૦ ૧૫૧૨માં વાગ્ભટ્ટાલંકાર વૃત્તિ, અને વીતરાગ-સ્તોત્ર પંજિકા વગેરે રચ્યાં છે.

શ્રીવિશાલસુંદરના શિષ્યે બંભણવાડા વીરસ્તવન કડી. ૧૩૨ રચ્યું.

## પટ્ટા૦ ૨૭ મહો૦ લક્ષ્મીભદ્રીયા વાચકપરંપરા

### ૧. પટ્ટાવલી

૫૧. **આ૦ મુનિસુંદર સૂરિ**—સ્વ૦ સં૦ ૧૫૦૩

૫૨. **મહો૦ લક્ષ્મીભદ્ર ગણિવર**—તેમને આ૦ સોમસુંદરસૂરિએ દીક્ષા આપી. તે આ૦ મુનિસુંદરસૂરિના દીક્ષા–શિષ્ય હતા સં૦ ૧૫૧૯ પહેલા પં૦ બન્યા હતા તે વ્યાકરણશાસ્ત્રના ભારે વિદ્વાન હતા, તે આ૦ હેમવિમલસૂરિ (સં૦ ૧૫૮૩ આ. શુ. ૧૦) સુધી વિદ્યમાન હતા.

તેમણે સં૦ ૧૪૮૪માં આ૦ મુનિસુંદરસૂરિરચિત 'મિત્રચતુષ્ક-કથા' અને સં૦ ૧૪૯૬માં આ. રત્નશેખરસૂરિરચિત 'શ્રાદ્ધપ્રતિક્રમણ-સૂત્રવૃત્તિ અર્થદીપિકા ગ્રં. ૩૬૪૪ નું સંશોધન કર્યું હતું, તેમની વાચક પરંપરામાં મોટા મોટા વિદ્વાનો થયા, છે તે પૈકીના ઘણા **ગચ્છનાયકો** બન્યા છે.

૫૩. ઉ૦ **રત્નશેખરગણિ**—જે (૫૨ મા) પટ્ટધર આ. રત્ન-શેખરસૂરિ નામથી પ્રસિદ્ધિ થયા. (–પ્રક૦ ૫૨) તેમનું બીજું નામ "ઉ૦ **રત્નચંદ્ર ગણિ**" પણ મળે છે.

૫૫. ઉ૦ **હેમવિમલગણિ**—તે (૫૫ મા) પટ્ટધર **આ૦ હેમવિમલસૂરિના** નામથી ખ્યાતિ પામ્યા. તેમનાથી મહો૦ **દાનર્ષિ-ગણીની** મોટી વાચક પરંપરા ચાલી. (–પ્રક૦ ૫૫)

૫૫. ઉ૦ **શુભવિમલગણિ**—તેઓ (૫૬ મા) **આ૦ આણંદ-વિમલસૂરિની** (સં૦ ૧૫૭૦ થી ૧૫૯૬) આજ્ઞામાં હતા.

૫૬. **પં૦ અમરવિજયજીગણિ**—તે અસલમાં (૫૪ મા) આ૦ **સુમતિસાધુસૂરિ** શિષ્ય (૫૫ મા) **પં૦ સર્વવિજયગણિના** શિષ્ય હતા અને **૫૬મા આ૦ આણંદવિમલસૂરિના** વિદ્યાશિષ્ય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૭. **પં૦ કમલવિજયજીગણિ**—(સં૦ ૧૬૧૦ થી ૧૬૬૧) મારવાડના દ્રોણાડા (ધૂનાલા) ગામના શેઠ ગોવિંદછાજડ ઓસવાલની પત્નિ ગોમલદેવીએ **કોલ્હરાજને** જન્મ આપ્યો, તેને **પં૦ અમરવિજયજીએ** દીક્ષા આપી, તેનું નામ મુનિ **કમલવિજય** રાખ્યું. તેમને (૫૭ મા) **આ૦ વિજયદાનસૂરિએ** સં૦ ૧૬૧૪માં ગંધારમાં "પંન્યાસપદ" આપ્યું.

પં૦ કમલવિજયજીગણિ આ૦ હીરવિજયસૂરિના રાજ્યમાં સં૦ ૧૬૩૩ માહ સુદિ ૧૩ને શુક્રવારે "સમૌ" ગામમાં હતા ત્યારે તેમના શિષ્ય **પં૦ સત્યવિજયગણિએ** જીરાવલાપાર્શ્વનાથસ્તવન રચ્યું.

પં૦ કમલવિજયજીગણિ ઉગ્રવિહારી, મોટા તપસ્વી અને અસરકારક ઉપદેશક હતા. તેમણે સં૦ ૧૬૬૧માં **આ૦ વિજયસેનસૂરિની** આજ્ઞાથી મહેસાણામાં ચોમાસુ કર્યું અને સં૦ ૧૬૬૧ ના આસો વદિ ૧૨ના રોજ મહેસાણામાં કાળધર્મ પામ્યા. તેમના શિષ્ય આશુકવિ **પં૦ હેમવિજય** ગણિએ મહેસાણામાં ચોમાસામાં જ "પં૦ કમલવિજયગણિરાસ" રચ્યો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## પં૦ કમલવિજયગણિવરો

આ૦ વિજયસેનસૂરિના પિતા, પણ **મહો૦ કમલવિજયગણિ** ના :થી વિખ્યાત હતા તે ઉપર્યુકત પં૦ કમલવિજયગણિથી જૂદા હતા. (પ્રક૦ ૫૯) મહો૦ સોમવિજય ગણિના શિષ્ય પં૦ કમલવિજયગણિ, ૬૨મા ભ૦ વિજયાનંદસૂરિના નામથી ખ્યાતિ પામ્યા તે પણ જુદા હતા. (–પ્રક૦ ૫૮)

પં૦ કમળવિજયગણુવરની નીચે પ્રમાણે બીજી શિષ્ય પરંપરા પણ મળે છે.

(૫૭) પં૦ કમલવિજયજી ગણિવર, (૫૮) **પં૦ શ્રી વિજયગણિ,** (અથવા **પં૦ શ્રી વિમલગણિ**), (૫૯) પં૦ શ્રી ચંદ્રવિજયગણિ, (૬૦) પં૦ પદ્મવિજયગણિ, (૬૧) પં૦ જયવિજયગણિ,

(૬૨) **પં૦ શાંતિવિજયગણિ**—તેમણે સં૦ ૧૭૫૬ના માગશર સુદિ ૫ના દિવસે **રાયપુર નગરમાં** 'તર્કભાષાસૂત્ર' લખ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬૩) ભાવ મુનિ શ્રી કુશલસિંહ વિજયજી સં૦ ૧૭૫૬માં વિદ્યમાન હતા. ( શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્રશસ્તિ નં૦ ૧૦૧૩ )

(૬૨) ઉપા૦ **શાંતિવિજયગણિ**, (૬૩) પં૦ ખીમાવિજય ગ૦ (૬૪) પં૦ માણેકવિજયજી ગ૦ તેમણે સં૦ ૧૭૪૨ના વૈશાખ સુદિ ૩ ને રવિવારે 'નેમરાજુલ-બારમાસા, પર્યુષણાપર્વવ્યાખ્યાનની -સજ્ઝાય તથા જિનસ્તવન ચોવીસી રચ્યાં.

(૫૭) **પં૦ કમળ વિજયગણિ**

(૫૮) ઉપાધ્યાય **વિદ્યાવિજયજીગણિ** તથા આશુકવિવર પં૦ **હેમવિજય**ગણિ આ બંને પં૦ કમલ વિ૦ ગ૦ના શિષ્યો હતા.

(૫૯) ઉપા૦ **ગુણવિજયગણિ**

પં૦ હેમવિજય ગણિનો પરિચય આ રીતે આપે છે.

श्री हेमसुकवेस्तस्य हेमसूरेरिवाभवत् ।
वागुलालित्ये तथा देवे गुरौ भक्तिश्च भूयसी ॥४८॥

यदीया कविताकान्ता केषां न कौतुकावहा ।
विनाऽपि हि रजो यस्माद् यशःसूतमसूत या ॥४९॥

( -વિજયપ્રશસ્તિ કાવ્ય-વિજયદીપિકા ટીકાની અંતિમ પ્રશસ્તિ )

(૫૮) **પં૦ હેમવિજય ગણિવર** પં૦ કમલ વિજયજી ગણિવરના બીજા શિષ્ય હતા. ઉદ્‌ભટ વિદ્વાન અને **શીઘ્રકવિ** હતા. જગદ્‌ગુરુ આ૦ **હીરવિજયસૂરિ** સં૦ ૧૬૩૯માં "ફતેપુરસિક્રી" પધાર્યા ત્યારે પં૦ હેમવિજય ગણિ પણ તેમની સાથે હતા. આચાર્ય શ્રી અને સમ્રાટ અકબરની ફતેપુરસીક્રીમાં પહેલી મુલાકાત થઈ ત્યારે પં૦ હેમવિજય ગણિવર પણ ત્યાં હાજર હતા. તેઓ સં૦ ૧૬૮૭માં ઇડરમાં કાલધર્મ પામ્યા.[1]

---

[1] **ભટ્ટા૦ વિજયપ્રભસૂરિ** સં૦ ૧૭૩૨ થી ૧૭૩૫ સુધી મારવાડમાં વિચર્યા ત્યારે તેમના શિષ્ય **પં૦ હેમવિજય** તેમની સાથે હતા તે આ પં૦ હેમવિજય ગ૦ થી જૂદા સમજવા.

( -પ્રક૦ ૫૮, મહો૦ વિનયવિજયજીનો વિજ્ઞપ્તિ પત્ર )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગ્રંથો—પં૦ હેમવિજય** ગણિવરે ઘણા ગ્રંથો રચ્યા છે. તેનાં નામ આ પ્રમાણે જાણવા મળે છે.

૧. 'પાર્શ્વનાથચરિત્ર મહાકાવ્ય,' ગ્રં૦ ૩૧૬૦, સં૦ ૧૬૩૨

૨. 'અન્યોક્તિમુક્તા મહોદધિ,'

૩. 'ઋષભશતક,' સં૦ ૧૬૫૬

૪. 'સૂક્ત રત્નાવાલી,'

૫. 'સદ્ભાવશતક.'

૬. સ્તુતિ–ત્રિદશ–તરંગિણી

૭. કસ્તૂરી પ્રકર શ્લો૦ ૧૮૨

૮. ષોડશ કેમળબંધમય ચતુર્વિંશતિ જિનસ્તોત્ર શ્લો૦ ૧૨૦ સં૦ ૧૬૫૧

૯. 'કીર્તિકલ્લોલિની,' ખંડકાવ્ય શ્લો૦ ૨૦૭

૧૦. 'શત્રુંજય. આદીશ્વર જિનાલય પ્રશસ્તિ,' શ્લો૦ ૬૮ સં૦ ૧૬૫૦

(સોની તેજપાલ ખંભાતવાળાએ શત્રુંજય મહાતીર્થ ઉપર નંદિવર્ધન જિનપ્રાસાદ બંધાવ્યો, તેની જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિએ સં૦ ૧૬૫૦ના પ્રથમ ચૈત્રમાં પ્રતિષ્ઠા કરી, એ સંબંધી પ્રશસ્તિ આ પ્રશસ્તિને પં૦ જયસાગરે શિલા ઉપર લખી અને શિલ્પી માધવે ઉત્કીર્ણ કરી હતી. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૨)

૧૧. 'ચિન્તામણી પાર્શ્વનાથ જિનાલય પ્રશસ્તિ,' શ્લો૦ ૭૨

(શેઠ રાજિયાવજિયા શ્રી માલીએ ખંભાતમાં બંધાવેલા અને આ૦ શ્રી વિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની સં૦ ૧૬૪૫ના જેઠ શુદિ ૧૨ ને સોમવારની પ્રશસ્તિ, જેનું પં૦ **લાભવિજય ગણિએ** સંશોધન કર્યું હતું. મહો૦ વિનયવિજયગણિના ગુરૂભાઈ પં૦ કાંતિવિજયે શિલા ઉપર લખી હતી અને શિલ્પી શ્રીધરે તેને ઉત્કીર્ણ કરી હતી. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૮)

૧૨. 'જમ્બુદ્વીવપન્નત્તિ–ટીકા–પ્રશસ્તિ.' સં૦ ૧૬૩૯

(જ૦ ગુ૦આ૦ હીરવિજયસૂરિએ જંબૂદ્વીવ પ્રજ્ઞત્તિ ઉપર ટીકા રચી છે, તેની સં૦ ૧૬૩૯માં પ્રશસ્તિ રચી.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩. 'કલ્પ કિરણાવલી–પ્રશસ્તિ
(મહો૦ ધર્મસાગર ગણિએ કલ્પસૂત્ર ઉપર કિરણાવલી નામની ટીકા રચી તેણે તેની સં૦ ૧૬૩૯માં પ્રશસ્તિ રચી. પ્રક૦ ૫૫)
૧૪. 'પં૦ કમલવિજયગણિરાસ,' સં૦ ૧૬૬૧, મહેસાણા.
૧૫. 'કથારત્નાકર.'
૧૬. 'વિજયપ્રશસ્તિ મહાકાવ્ય,' સર્ગઃ ૧૬, સં૦ ૧૬૬૭, ઈડર
૧૭. હિંદી ભાષામાં (૧) 'ભ૦ નેમિનાથસ્તુતિ સવૈયા; (૨) આ૦ હીરવિજયસૂરિ સવૈયા ૪, અને (૩) આ૦ વિજયસેનસૂરિ સવૈયા ૧૦ બનાવ્યા હતા.

## સ્તોત્રચમત્કાર

સોળ કમળબંધવાળું ચતુર્વીંશતિ જિનસ્તોત્ર શ્લોક ૧૨૦

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्

આ૦ પં૦ આશુકવિ **પં૦ હેમવિજયગણિવરની** ચમત્કારી રચના છે જેમાં ચોવીશ તીર્થંકરોની સ્તુતિઓ છે. દરેક સ્તુતિમાં પ્રથમ ચાર ચાર શ્લોક અને સોળસોળ ચરણો છે અને છેલ્લો **પાંચમો શ્લોક** આ પ્રકારે છે:—

इति मुदितमनस्को मूर्धगाचार्यनामा—
ऽक्षर कमलनिबन्धैर्बन्धुरैः संस्तुतो यः ।
कमलविजय संख्यावद् विनेयाणुरेणौ
स भवतु मयि देवो दत्तदृष्टिः सतुष्टिः ॥ ५ ॥

એટલે આશુકવિ **હેમવિજયજી** કહે છે કે, આ સ્તુતિઓનાં સોળે ચરણોના પહેલા પહેલા અક્ષરોમાં ગુરુદેવોનાં નામ ગોઠવેલાં છે તે આ પ્રમાણે—

(१) परमगुरु श्री हीरविजयसूरिपुङ्गवाः ।
(२) मुनिनायक श्री विजयसेनसूरि प्रवराः ।
(३) श्री विजयदानगच्छाधिपतिपादौ भजामि ।
(४) श्री मदानन्दविमलगच्छराजक्रमावीहे ।
(५) नमोऽस्तु धीमते हेमविमलयतिराजाय ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(६) नमो यतिपुरन्दरसुमतिसाधुसूरये ।
(७) सेवामहे लक्ष्मीसागर भिक्षुकुञ्जरम् ।
(८) श्रीमन्तं रत्नशेखरसूरीशपादं भजेऽहम् ।
(९) भजामहे भगवंतं श्री मुनिसुन्दरं गुरुम् ।
(१०) सोमसुन्दरमुनिराजाय नमामि मुदा ।
(११) भूयादसौ श्रेयसे कुलमण्डनसाधुपतिः ।
(१२) ज्ञानसागर संयमिविभुपदमहं स्तुवे ।
(१३) श्री देवसुन्दरगुरु नाम मन्त्रराजमीहे ।
(१४) स्मरामि सोमतिलकमुनिमहेशवदनम् ।
(१५) भजत सोमप्रभमुनीश वसुमतीराजम् ।
(१६) विनमत धर्मघोष साध्ववतंसचलनम् ।
(१७) देवेन्द्र मुनिपुरन्दरमुखमनुस्मरामि ।
(१८) स्तुत श्रिततपाविरुदजगच्चन्द्रसूरीशम् ।
(१९) श्री धर्मसागरवाचकचक्रशिरोलंकाराः ।
(२०) श्री मदमरविजयविबुधपदं नमामि ।
(२१) शासननायक श्रीमहावीरस्वामिने नमः ।
(२२) पञ्चमगच्छपतिश्रीसुधर्मपरम्पराऽसौ ।
(२३) पंडित श्री कमलविजयगुरुवे नमोऽस्तु ।
(२४) श्री कमलविजयशिशुहेमविजयकृतिः ॥

જગદ્ગુરુ આ૦ શ્રીહીરવિજયસૂરિના શિષ્ય મહો૦ કલ્યાણવિજયજી ગણિવરના શિષ્ય ઉપા૦ **લાભવિજયગણિએ** સં૦ ૧૬૪૪માં ખંભાતના ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની 'પ્રશસ્તિ. અને ઋષભશતક'નું સંશોધન કર્યું હતું.

**૫૯. ઉપા૦ ગુણવિજય ગણિવરો—**

તે **મહો૦ વિદ્યાવિજય ગણિના** શિષ્ય હતા. સમર્થ વિદ્વાન હતા. તેમણે સં૦ ૧૬૮૮ના કા૦ શુદિ ૫ ને રવિવારે મૂળ નક્ષત્રમાં, સૌ-

૬૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ્યયોગમાં ૬૦મા **ભ૦ વિજયદેવસૂરિની કૃપાથી** તે આશુકવિ **પં૦ હેમવિજય ગણિવરે** બનાવેલા ‘ વિજયપ્રશસ્તિમહાકાવ્ય’ના છેલ્લા પાંચ સર્ગો તથા તે મહાકાવ્યના સર્ગ ૨૧ની “ સંસ્કૃત સંપૂર્ણ ટીકા ” “ વિજયદીપિકા ” ગ્રં૦ દશહજારથી વધુ બનાવી. જેનુ સંશોધન મહાવિવેકી પરમશાંત–વૈરાગી અને વ્યાકરણ–ન્યાય–સિદ્ધાંતના પારગામી **મહો૦ ચારિત્રવિજય ગણિવરે** કર્યું.

વળી, તેમણે ( ઉ૦ ગુણવિજયજીએ ) સં૦ ૧૭૦૦ લગભગમાં ગંધારમાં ગંધારનિવાસી શ્રાવક માલજીને માટે “ તપગણપતિ ગુણપદ્ધતિ ” રચી. સં૦ ૧૬૮૦માં સકલાર્હંત સ્તોત્ર શ્લો૦ ૨૬ની વૃતિ રચી સં૦ ૧૬૮૯માં “ જિનનામસ્તવન,” સં૦ ૧૬૭૨માં મેડતામાં “ વિજયસેનસૂરિ નિર્વાણરાસ ” રચ્યો.

**પં૦ ગુણવિજય ગણિવરો**

વિક્રમની ૧૬–૧૭–૧૮મી સદીમાં આ નામના ઘણા મુનિવરો થયા હતા.

(૧) તપાગચ્છની કુતુબપુરા શાખાના આ૦ **જયસોમસૂરિના શિષ્ય પં૦ ગુણવિજયગણિ**–તે મોટા ગ્રંથકાર હતા. ( સં૦ ૧૫૮૦)

( –પ્રક૦ ૫૩, નિગમ મત)

(૨) **મહો૦ યશોવિજય ગણિવરના શિષ્ય પં૦ ગુણવિજય ગણિવર** તેમણે પં૦ જિનવિજય ગણિ શિષ્ય પં૦ નયવિજયગણિની વિનંતિથી સં૦ ૧૬૬૮ ના ચોમાસાના નભસ મહિનામાં **વેરાવલમાં** ૬ દિવસ રહી, “ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર ”ના આધારે “ ગદ્ય નેમિનાથ ચરિત્ર ગ્રં૦ ૫૨૮૫” બનાવ્યું. તેમજ “સિંહાસન બત્રીશી” રચી. ( –પ્ર૦ ૫૮, મહો કલ્યાણવિજય ગ૦ પરંપરા )

(૩) મહો૦ **વિમલ હર્ષગણિવરની** પરંપરામાં (૬૧) મહો૦ દેવવિજય ગ૦ (૬૨) **પં૦ ગુણવિજય ગ૦** સં૦ ૧૬૭૯

( –પ્રક૦ ૫૮, “ મહો૦ વિમલહર્ષ ગ૦ પરંપરા ” )

(૪) (૬૧) **મહો૦ કનક વિજયગણિ** (૬૧) ભ૦ આ૦ **વિજયસિંહસૂરિ** શિષ્ય (૬૨) મહો૦ પુન્યવિજય ગ૦ના શિષ્ય (૬૩) **મહો૦ ગુણવિજય**—તેમણે સં૦ ૧૬૭૩માં વિજયસેનસૂરિ નિર્વાણ સજ્ઝાય સં૦ ૧૬૮૩માં “ જયચંદ્રરાસ ” સં૦ ૧૬૮૭ (૧૬૯૩)ના આ૦ વ૦ ૯ ના રોજ ડીસામાં “ કોચર વ્યવહારીયાનો રાસ” બનાવ્યા. ( પ્રક૦ ૬૧, આ૦ વિજયસિંહસૂરિની યતિ શિષ્ય પરંપરા નં૦ ૩)

જૈન સાઈટ JAINSITE જૈન જ્ઞાન શાસ્ત્રમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) આ૦ મુનિસુંદરસૂરિની પરંપરાના શ્રીલક્ષ્મીભદ્રિય શાખાના (૫૭)મા **પં૦ કમલવિજયગણિના** શિષ્ય (૫૮) ઉપા૦ વિદ્યાવિજયગણિના શિષ્ય (૫૯) **મહો૦ ગુણવિજયગણિ**—તેમણે સં૦ ૧૬૬૮ના કા૦ સુ. ૫ રવિવારે વિજયપ્રશસ્તિ મહાકાવ્યની સંસ્કૃત ટીકા “ વિજયદીપિકા ” રચી.

(–પ્રક૦ ૫૧, પૃ૦ ૫૦૫)

(૬) **મહો૦ કલ્યાણવિજયગણિના** શિષ્ય (૬૦) મહો૦ ધનવિજયગણિના શિષ્ય (૬૧) **મહો૦ ગુણવિજયગણિ**–તેમણે સં૦ ૧૬૯૩ના પોષ વદિ ૧૨ના રોજ અમદાવાદમાં “ કલ્પસૂત્ર ”ની “ કલ્પલતા ” નામની લઘુટીકા ગ્રં૦ ૩૧૦૦ રચી. જેને **પં૦ ઉદયવિજયગણિવરે** સં૦ ૧૬૯૩ના પોષ વદ ૧ ને રવિવારે પુષ્ય નક્ષત્રમાં અમદાવાદમાં લખી.

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભાગ ૨, પ્રશ૦ નં૦ ૭૨૧)

(૭) મહો૦ ઉદ્યોતવિજય ગણિવરના શિષ્ય **પં૦ ગુણવિજયગણિ**.

(–પ્રક૦ ૫૫, પ્ર૦ ૫૮, મહો૦ હાનર્ષિગણિનો પાંચમો વાચકવંશ, )

(૮) (૬૨) **ભ૦ વિજયપ્રભસૂરિ** (૬૩) પં૦ ઋદ્ધિવિજય ગણિ (૬૪) **પં૦ ગુણવિજયગણિ**—સં૦ ૧૭૪૫ (–પ્રક૦ ૬૧, પરંપરા નં૦ ૧૫મી )

(૯) (૬૦) **મહો૦ કનકવિજયગણિની** પરંપરાના (૬૪) **મહો૦ મેઘવિજયગણિ** (૬૭) પં૦ મહિમાવિજયગણિના શિષ્ય (૬૮) **પં૦ ગુણવિજયગણિ** (–પ્રક૦ ૫૮, મહો૦ કનકવિજયગણિની શિષ્ય પરંપરા બીજી)

(૧૦–૧૧) વિક્રમની વિશમી સદીમાં **પૂ૦ બૂટેરાયજી** મ૦ની પરંપરાના (૧) મુનિ મોતિવિજયજીના શિષ્ય અને (૨) મુનિ શોભણવિજયજીના શિષ્ય એમ બે **મુનિ ગુણવિજયજી** થયા. જે મોટા વિદ્વાન હતા. (–પ્રક૦ ૭૨)

(વધુ માટે જૂઓ પ્રક૦ ૬૧, ૬૨, એક નામવાળા મુનિવરો)

## પટ્ટા૦ ૩ જી મહો૦ લક્ષ્મીભદ્રીયા શાખા–પરંપરા

૫૨. મહો૦ લક્ષ્મીભદ્રગણિવર

**૫૩. પં૦ આણંદમાણિક્ય ગણિ**–તેમણે નવખંડા પાર્શ્વનાથ-સ્તોત્ર, શ્લો૦ ૨૬ બનાવ્યું. તેમણે આ સ્તોત્રમાં પોતાને આ૦ હેમ-વિમલસૂરિના શિષ્ય બતાવ્યા છે.

**૫૪. મહો૦ શ્રુતશેખર ગણિ**—તેમનાં પં૦ શ્રુતસમુદ્ર ગણિ, પં૦ શ્રુતમૂર્તિ ગણિ વગેરે નામો મળે છે. તેમણે સં૦ ૧૫૫૮માં

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"સુયગડંગસુત્ત" લખ્યું. સં૦ ૧૫૧૭ના કાર્તિક વદિ ૧૦ને ગુરુવારે ખંભાતમાં "દ્વાત્રિંશિકા" લખી, તેમાં તે પોતાને આ૦ લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય બતાવે છે એટલે તે તેમના હસ્તદીક્ષિત હોય.

**પટ્ટાવલી ૪ થી**

૫૨. **મહો૦ લક્ષ્મીભદ્રગણિ**

૫૩. પં૦ ઉદયશીલ ગણિ

૫૪. પં૦ ચારિત્રશીલ ગણિ

૫૫. પં૦ પ્રમોદશીલ ગણિ.

૫૬. **પં૦ દેવશીલ ગણિ**—તેમણે સં૦ ૧૬૧૯ના બીજા શ્રાવણમાં વડનગરમાં "વેતાલપચ્ચીસી બનાવી. (પટ્ટાવલી સમુ૦ ભા૦ ૨ પુરવણી પૃ૦ ૨૪૬)

**ચાર મહોપાધ્યાયો**—આ સમયે જ મહોપાધ્યાયો પ્રસિદ્ધ હતા. તેઓનાં નામો આ પ્રકારે છે:—

श्रीमन्तः श्रुतशेखराह्वविबुधाः श्री वीरसूत्(?)शेखराः।
श्री सोमादिमशेखराश्च विदुराः श्री ज्ञानकीर्त्याह्वयाः।
चत्वारः श्रुतविश्रुताश्चतुरता-संशोभिताः। संशयान्
घ्नन्ति स्मा सुमतां तमांसि तरणेर्दीप्ताः करौघा इव॥ ५७

(—સોમસૌભાગ્ય કાવ્ય, સ. ૧૦, શ્લોક ૫૭, પટ્ટાવલી સમુચ્ચય ભાગ ૨, પૃ. ૧૩૦)

૧. **મહો૦ શ્રુતશેખર ગણિ**—તે (૫૧) **આ૦ મુનિસુંદરસૂરિ,** (૫૨) મહો૦ લક્ષ્મીભદ્રગણિ, (૫૩) પં૦ આનંદમાણિક્ય ગણિના શિષ્ય હતા. જેમનો પરિચય ઉપર આવી ગયો છે. તેમનું બીજું નામ પં૦ શ્રુતસાગર પણ મળે છે (—પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૮)

૨. **મહો૦ વીરશેખર ગણિ**—

૩. મહો૦ **સોમશેખર ગણિ**—સંભવ છે કે તેમનું બીજું નામ આ૦ સોમજય હોય.

તે સં૦ ૧૪૯૬ પહેલા મુનિ થયા હતા જે શાંતમૂર્તિ એકાંત પ્રેમી અને વનવાસી હતા. (—પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહો૦ **જ્ઞાનકીર્તિ ગણિ**—તેમનાં બીજાં નામ જ્ઞાનહર્ષ ગણિ અને જ્ઞાનમાણિક્ય ગણિ પણ મળે છે. તેઓ ભ૦ **લક્ષ્મીસાગરસૂરિના** અથવા મહો૦ લક્ષ્મીભદ્રગણિના શિષ્ય હતા તેમણે સં૦ ૧૫૧૯માં ખંભાતમાં દુસ્સમકાલસંઘથયં. ગા૦ ૨૪ લખ્યું (પટ્ટા૦ સમુ૦ ભા૦ ૧, પૃ૦ ૧૯૫) તે સં૦ ૧૪૬૬ પહેલા પન્યાસ બન્યા હતા (—પ્રક૦ ૪૯, પૃ૦ ૪૬૮) તેમણે સં૦ ૧૪૭૦માં શ્રી સોમસુન્દરસૂરિ સ્તુતિ—દોહા ૧ બનાવી હતી, તથા તેમણે **આ૦ મુનિસુંદરસૂરિને** પૂછી પૂછીને "ઉત્તરજ્ઝયણ સુત્ત"ની પ્રાકૃત કથાઓના સંસ્કૃત ભાષામાં અનુવાદની નોંધ તૈયાર કરી હતી. પછી તેમણે તે આધારે સં૦ ૧૫૨૦ના ચોમાસામાં માંડવગઢમાં "ઉત્તરજ્ઝયણકથા" (સંસ્કૃત) ગ્રંથ બનાવ્યો.

**પટ્ટાવલી ૫ મી**

૫૧. આ૦ મુનિસુંદરસૂરિ

૫૨. પં૦ હર્ષસેન ગણિ—તે અભ્યાસ કરતી વેળા મોટા અવાજે ભણતા.

૫૩. **પં૦ હર્ષભૂષણ ગણિ**—તેમનું બીજું નામ **હર્ષસિંહ** પણ મળે છે. તેઓ હમેશાં "ચોવિહારૂ એકલ ઠાણું" કરતા હતા. હંમેશા આતાપના લેતા હતા. તેમણે સં૦ ૧૪૮૦માં "શ્રાદ્ધવિધિવિનિશ્ચય," "અંચલમતદલન," અને સં૦ ૧૪૯૬માં "પર્યુષણાપર્વવિચાર" ગ્રંથો બનાવ્યા, તથા વૃદ્ધતપા આ૦ રત્નસિંહના ઉ૦ ઉદયધર્મગણિના "વાક્યપ્રકાશમૌકિતકની ટીકા રચી.[1]

**પટ્ટાવલી ૬ ઠ્ઠી**

૫૧. આ૦ મુનિસુંદરસૂરિ

---

૧. "શ્રી वाक्यप्रकाश" (ત્રિપાઠ) **प्रशस्तिः**—"इति वाक्यप्रकाशाभिधमौक्तिकस्य टीका संपूर्णा इति भद्रम् ॥ शुभं भवतु ॥ ग्रं० १३० ॥

मुनि-गगन-शरदेन्दु (१५०७) वर्षे **हर्षेण** सिद्धपुरनगरे ।
प्राथमिक स्मृति हेतोर्विहितो वाक्यप्रकाशोऽयम् ॥ १३१ ॥
इति वाक्यप्रकाशसूत्रं संपूर्णं ॥ ठ ॥ शुभं भवतु ॥ छ ॥ छ ॥
(—જૈન સાહિત્ય પ્રદર્શન—શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨, પ્રશ. નં૦ ૫૨,
જૈન ઈતિ૦ પ્રક૦ પૃ૦ ૧૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૨. ઉપા૦ **શિવસમુદ્રગણિ**—તેઓ આ૦ મુનિસુંદરસૂરિના શિષ્ય હતા.

૫૩. (૧) પં૦ **હંસમંગલગણિ**—સં૦ ૧૫૧૧ ના ફા૦ સુ૦ ૩ મંગળવાર સિદ્ધિયોગ, રાજયોગ, મુ. સાંપલા ગામ.

૫૩. (૨) પં૦ સોમમંગલગણિ

૫૪. **પં૦ શ્રુતમંગલગણિ**

૫૫. પં૦ લાવણ્યપ્રભગણિ—તેઓ સં૦ ૧૫૨૯ના આ૦ વ૦ ૨ ને ગુરુવારે **ધનવાડા** ગામમાં હતા.

**પટ્ટાવલી ૭ મી**

૫૧. આ૦ મુનિસુંદરસૂરિ

૫૨. **પં૦ સંઘવિમલગણિ**—તેમણે સં૦ ૧૫૦૧ ના જેઠ સુદિ ૪ ને ગુરુવારે "સુદર્શનશેઠ રાસ" રચ્યો.

**—: પં૦ સંઘ × × × ગણિવરો—:**

**નોંધ :** આ૦ સંઘપાલિત ર. પં૦ સંઘદાસ ગ૦ પં૦ સંઘવિમલ, સંઘકલશ, પં૦ સંઘહર્ષ સંઘચરિત્ર, પં૦ સંઘવિજય નામે ઘણા મુનિવરો થયા હતા તે આ પ્રમાણે :—

૧ **આ૦ સંઘ પાલિત** (જૂઓ પ્રક૦ ૧૩ પૃ૦ ૨૯૩)

૨ **શ્રી સંઘદાસ ગણિવર** (જૂઓ પ્રક૦ ૨૪ પૃ૦ ૪૦૪)

૩ **પં૦ સંઘવિમલ ગણિવર–આ૦ મુનિસુંદરસૂરિના** શિષ્ય પં૦ સંઘવિમલ ગણિ–તેમણે સં૦ ૧૫૦૧ જે. સુ૦ ૪ ગુરુવાર "સુદર્શન શેઠ રાસ" બનાવ્યો. (–પ્ર૦ ૫૧, પૃ૦ ૫૧૦)

૪ પં૦ **સંઘકુલશ ગણિવર**–તે ૫૨ મા રત્નશેખરસૂરિ (૫૩) ભ૦ લક્ષ્મીસાગરસૂરિ (૫૪) **આ૦ ઉદયનંદીના** શિષ્ય હતા. તેમણે ૧૫૦૫ માં તલવાડમાં "આઠ ભાષામાં સમ્યક્ત્વ રાસ" બનાવ્યો.
(–પ્રક૦ ૫૨ પટ્ટા૦ ૧ લી પટ્ટાંક–૫૫મો)

૫ **પં૦ સંઘહર્ષગણિવર**– તે **ભ૦ હેમવિમલસૂરિ**ના શિષ્ય હતા. **બા૦ મુજફ્ફરે** ભ૦ હેમવિમલસૂરિને સં૦ ૧૫૭૨માં પકડી

જૈન સાઈટ JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેદમાં પૂર્યા, અને ખંભાતના સંઘનો ૧૨૦૦૦ ટકા દંડ કર્યો ત્યારે પં૦ હર્ષકુલ ગણિવર વગેરેએ બાદશાહ પાસે જઇ બાદશાહને સમજાવી. તે રકમ સંઘને પાછી અપાવી હતી, તેઓમાં પં૦ સંઘહર્ષ ગણિવર પણ એક હતા.

૬ પં૦ **સંઘ ચારિત્ર ગણિવર**–ભ૦ હેમવિમલસૂરિની પરંપરાના સં૦ ૧૬૦૦

(–જૂઓ પ્રક૦ ૫૫, પાલનપુરા શીલચારિત્ર શાખા નં૦ ૪)

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૨ પ્રક૦ ૫૫+પં૦ સંઘ હર્ષગણિની પરંપરા)

૭ **પં૦ સંઘવિજય ગણિવર**–તે જગ૦ આ૦ વિ૦ હીરસૂરિના **મહો૦** કલ્યાણ વિજય ગણિવરના **મહો૦ ધર્મવિજય ગણિવરના** શિષ્ય હતા.

તેમણે સં૦ ૧૬૬૬માં મહો૦ ધર્મવિજય ગણિની રત્નમંજુષા શોધી. અને સં૦ ૧૬૬૮માં "વિક્રમસેન શનિશ્ચર રાસ" બનાવ્યો.

(પ્રક૦ ૫૮ મહો૦ કલ્યાણ વિ૦ ગ૦ પરંપરા.)

૮ **પં૦ સંઘવિજય ગણિવર**–તે (૫૯) મહો૦ ઉદ્યોતવિજય ગણિવરના શિષ્ય **પં૦ ગુણવિજય ગણિના** શિષ્ય હતા. તેમણે સં૦ ૧૬૭૪માં "કલ્પસૂત્રની સંસ્કૃત લઘુ ટીકા–કલ્પ પ્રદીપિકા ગ્રં૦ ૩૩૦૦" બનાવી. જેને મહો૦ કલ્યાણ વિ૦ ગ૦ ના શિષ્ય મહો૦ ધનવિજય ગણિવરે શોધી હતી.

(પ્રક૦ ૫૫ મહો૦ **હાનર્ષિ** ગણિવરનો પાંચમો વાચકવંશ પ્રક૦ ૫૮ મહો૦ **ઉદ્યોત વિ૦** ગણિની પાંચમી પરંપરા)

(વિશેષ માટે જૂઓ. પ્ર૦ ૬૧માં **એક નામ વાળા આચાર્યો.**)

**પટ્ટાવલી ૮ મી**

૫૧. **આ૦ મુનિસુંદરસૂરિ**

૫૨. **પં૦ શુભશીલ ગણિ**–તે આચાર્યશ્રીના સૌથી છેલ્લા શિષ્ય અગર પ્રશિષ્ય હશે. તેમનું બીજું નામ **પં૦ શુભસુંદર ગણિ** પણ મળે છે. તેમણે નાની ઉંમરમાં દીક્ષા લીધી હશે. તેઓ વિદ્વાન અને "શીઘ્ર કવિ" હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુજરાતના ૭મા બાદશાહ **મુજફ્ફરશાહે** (વિ૦ સ૦ ૧૫૬૭થી ૧૫૮૩) "આ૦ હેમવિમલસૂરિ (સં૦ ૧૫૪૮ થી ૧૫૮૩)ને સં૦ ૧૫૭૨ માં કેદમાં પૂરી, ખંભાતના સંઘ પાસેથી ૧૨૦૦૦ ટકાનો દંડ લીધો" ત્યારે આચાર્યશ્રીની આજ્ઞાથી ચાર પંડિત મુનિવરોએ ચાંપાનેરમાં બાદશાહ પાસે જઈ, તેને ખુશ કરી સંઘની રકમ પાછી અપાવી હતી. આ ચાર મુનિવરોમાં એક **શીઘ્ર કવિ પં૦ શુભશીલ ગણિ** પણ હતા.

## પં૦ શુભશીલ ગણિવરે

ઘણા ગ્રંથો રચ્યા છે, તેમાંના આ પ્રકારે જાણવા મળે છેઃ—

સં૦ ૧૪૯૨માં 'વિક્રમચરિત્ર', સં૦ ૧૪૯૩માં 'પુણ્યધનનૃપ કથા, સં૦ ૧૫૦૪માં **'પ્રભાવકચરિત્ર'**, સં૦ ૧૫૦૯માં, 'ભરહેસર બાહુબલીવૃત્તિ', સં૦ ૧૫૧૮માં 'શત્રુંજયકલ્પ–સ્વોપજ્ઞવૃત્તિસહ', સં૦ ૧૫૪૦માં 'શાલિવાહનનૃપચરિત્ર' ગ્રં૦ ૧૮૦૦, 'પુણ્યસાર કથા,' 'સ્નાત્રપંચાશિકા,' 'ભક્તામરસ્તોત્રમાહાત્મ્ય' ગ્રં૦ ૧૭૦૦, 'પંચ-વર્ગસંગ્રહ,' 'ઉણાદિનામમાલા,' વગેરે ગ્રંથો રચ્યા. તેમજ "દેલા-ઉલામંડન યુગાદિજિનસ્તવન –મંત્રતંત્ર ભેષજાદિગર્ભિત પ્રાકૃત ગાથા ૨૫" બનાવ્યું હતું, જેમાં તેમણે પોતાનું નામ પં૦ શુભસુંદર આપ્યું છે.

**મહો૦ ભાનુચંદ્ર ગણિના** શિષ્ય **પં૦ ભક્તિચંદ્ર** ગણિએ ઉપર્યુક્ત સ્તવનની 'અવચૂરી' રચી.

(–પ્રક૦ ૫૫, મહો૦ વિદ્યાસાગર ગણિની વાચક પરંપરા)

## પટ્ટાવલી ૯ મી

૫૧. આ૦ મુનિસુંદરસૂરિ.

૫૨. **પં૦ ચંદ્રરત્ન ગણિ**–તેમણે ગુરુભક્તિથી 'જયાનન્દચરિત્ર' ગ્રં૦ ૭૫૦૦નું સંશોધન કર્યું અને પ્રશસ્તિના ૪ શ્લોક બનાવી, તેની સાથે જોડયા હતા. સંભવ છે કે ચંદ્રરત્નગણિવર તે પોતે જ **આ૦ રત્નશેખરસૂરિ** બન્યા હોય. એમ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રભાવક મુનિવરો—**

આ સમયે તપાગચ્છીય વડી પોષાળગચ્છમાં ૫૭મા ભ૦ **જિનતિલક, આ૦ રત્નસિંહ** ઉ૦ ઉદયધર્મગણિ અને **આ૦ ઉદયવલ્લભસૂરિ** થયા. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૧૬ થી ૨૫)

રાજગચ્છમાં આ૦ વિજયચંદ્રસૂરિ (પ્રક૦ ૩૫, પૃ૦ ૪૩)
પલ્લીવાલગચ્છમાં આ૦ યશોદેવસૂરિ (પ્રક૦ ૩૫, પૃ૦ ૬૩)
મડાહડગચ્છમાં **આ૦ કમલપ્રભસૂરિ** (પ્રક૦ ૩૭, પૃ૦ ૧૬૮)
પિપ્પલકગચ્છમાં આ૦ ધર્મશેખર (પ્રક૦ ૩૮, પૃ૦ ૨૭૩)
પિપ્પલકગચ્છમાં આ૦ વીરદેવ (પ્રક૦ ૩૮, પૃ૦ ૨૭૩)
પિપ્પલકગચ્છમાં **આ૦ હીરાનંદ** (પ્રક૦ ૩૮, પૃ૦ ૨૭૪)
મલધારગચ્છમાં **આ૦ રાજશેખર** (પ્રક૦ ૩૮, પૃ૦ ૩૩૭)
ખરતરગચ્છમાં **આ૦ જિનભદ્ર** (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૭૫)
પૂર્ણિમાગચ્છમાં આ૦ ગુણસમુદ્ર (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૦૨)
અંચલગચ્છમાં આ૦ મહેન્દ્રપ્રભ (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૨૭)
સાર્ધપૂનમિયાગચ્છમાં આ૦ વિનયચંદ્ર (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૧)
આગમિકગચ્છમાં આ૦ મુનિહંસ (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૨)
આગમિકગચ્છમાં આ૦ હેમરત્ન (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૩)
આગમિકગચ્છમાં આ૦ દેવરત્ન (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૩)
દેવસૂરિવડગચ્છમાં આ૦ મુનીશ્વર (પ્રક૦ ૪૧, પૃ૦ ૫૮૮)
નાગોરી તપાગચ્છમાં **આ૦ રત્નશેખર** (પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૨)

આગમિકગચ્છના આ૦ ચારિત્રપ્રભસૂરિની પાટે **આ૦ જયતિલકસૂરિએ** સં૦ ૧૫૦૨ કા૦ વ૦ ૧૧ બુધવારે ઇડરમાં "હરિવિક્રમ-મહાકાવ્ય" રચ્યું. (શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભાગ ૨જો પ્રશ૦ નં૦ ૨૨૩૦)

સં૦ ૧૪૮૫માં ચિત્તોડમાં વિજયસ્તંભ બન્યો.

(–પ્રક૦ ૫૦, પૃ૦ ૪૯૨, ૪૯૩)

## રુદ્રપલ્લીગચ્છની નવી ભટ્ટારક પટ્ટાવલી

**રુદ્રપલ્લી ગચ્છમાં** ૪૯મા **આ૦ વર્ધમાનસૂરિ** વગેરે **પ્રભાવક–આચાર્યો** થયા. તેમણે સં૦ ૧૪૬૮ના કાર્તિક સુદિ ૧૫ના રોજ જાલંધરમાં "આચારદિનકર ગ્રંથ" બનાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રુદ્રપલ્લી ગચ્છમાં સં૦ ૧૫૦૧માં ઉ૦ નરચંદ્ર ગણિ, અને ઉ૦ દેવચંદ્ર ગણિ થયા.

૪૯. **ભ૦ વર્ધમાનસૂરિ**

૫૦. **ભ૦ દેવસુંદર ગણિ**–ઉ૦ દેવચંદ્ર ગણિ હતા, તે **ભટ્ટારક** બન્યા. (–પ્રક૦ ૪૦, પૃ૦ ૪૩૭)

સં૦ ૧૫૫૩ કા૦ સુ૦ ૧૩ ગુરુવારે **ભ૦ દેવસુંદરસૂરિ,** ઉ૦ આનંદસૂરિ ગણિ **મિશ્ર** અને **આ૦ વિનયરાજસૂરિ** ચિત્તોડમાં હતા.

૫૧. **ભ૦ વિનયરાજસૂરિ**–સંભવ છે કે–તેમના પછી ભટ્ટારક શ્રીપૂજ પરંપરા ચાલી હોય. સં૦ ૧૫૫૩

રુદ્રપલ્લીગચ્છની શ્રી પૂજ **પટ્ટાવલી** આ પ્રકારે મળે છે:–

અમે "આગરાના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો ગ્રંથભંડાર" કે બીજા કોઈ ગ્રંથ ભંડારના પુસ્તકની પુષ્પિકામાંથી નીચે મુજબ નોંધ કરી છે:—

પહાડપુર સ્ટેટ પાસે **રુદ્દાવલી** ગામ છે. ત્યાંના રુદ્રવાલ ગચ્છના કુલગુરુ ભટ્ટારકોની નીચે મુજબ **યતિ પરંપરા** મળે છે:—

**દિલ્હીની પાટે**–(૧) ........સૂરિ, (૨) તત્પટ્ટે ભ૦ ધરિભદ્રસૂરિ, (૩) તત્પટ્ટે ભ૦............ (૪) તત્પટ્ટે ભ૦ ગુણસમુદ્રસૂરિ, (૫) તત્પટ્ટે ભ૦ ............(૬) તત્પટ્ટે ભ૦ માણિક્યચંદ્રસૂરિ, (૭) તત્પટ્ટે (૧) **ભ૦ જ્ઞાનસાગરસૂરિ** તથા (૨) **ભ૦ દેવચંદ્રસૂરિ** (૮) જ્ઞાનસાગર પટ્ટે ભ૦............તત્પટ્ટે ઉ૦ **કેવલકીર્તિ,** તત્પટ્ટે ઉ૦ જ્યોત, તત્પટ્ટે **શ્રી કલ્યાણસાગર.** તત્પટ્ટે શ્રી શાલિભદ્રસૂરિ, તત્પટ્ટે ગુણલાભસૂરિ, તત્પટ્ટે ઉ૦ ગોપીચંદજી, તત્પટ્ટે ઉ૦ આનંદરાઈ, તત્પટ્ટે ભીવસેનજી, તત્પટ્ટે ઉ૦ ઋદ્ધિજી, તત્‌શિષ્ય કપૂરજી, તત્‌શિષ્ય **લાલચંદજી,** તત્‌શિષ્ય મોહનજી, તત્‌શિષ્ય જૈનદાસ ૧ ઘનશ્યામઋષિ.

લાલચંદજી પટ્ટે શ્રી શ્યામસુંદરજી, તત્પટ્ટે ગુણસાગર તથા .... ....સાગર, ગુણસાગર શિષ્ય **દયાસાગર** તત્પટ્ટે ભાગસાગરજી.

### આગરાની—ભટ્ટારક પટ્ટાવળી

**દેવેન્દ્રસૂરિ,** ત૦ ગુણસુંદરસૂરિ, ત૦ ભ૦ ગુણપ્રભુસૂરિ, ત૦ ભ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રકીર્તિ, ત૦ લક્ષ્મીરત્ન, ત૦ ભ૦ શિવસુંદર, ત૦ ગુણસમુદ્ર, ત૦ ઉ૦ ‘ચાર્ઝાજી,’ ત૦ શિ૦ ઉ૦ ઠકુરજી, ત૦ દયાલદાસ, ત૦ જોધજી, તત્‌શિષ્ય છાજુઋષિ, ત૦ હરિચંદ્ર તેમજ માનચંદ હરિચંદ પટ્ટે દેવચંદ, ત૦ આસકરણ તેમજ હેમરાજ, હેમરાજ પટ્ટે લાલચંદ, ત૦ શિષ્ય શ્રી જગકીર્તિ, ત૦ ચૈનકીરતિ, ત૦ ચેલા ખુશાલ કીરતિ.

(–રુદ્રપલ્લી નગર માટે જૂઓ પ્રક૦ ૪૦, પૃ૦ ૪૩૪)

### નગરસ્થાપના

**સિરોહી—**

મારવાડમાં પિંડવાડાથી પશ્ચિમમાં....માઇલ દૂર **સિરોહી** નામે શહેર છે. અહીં પહાડી નીચેના એક જ પડથાર પર **મોટાં ૧૪ જિનાલયો છે.**

સિરોહીની વિશેષ ઐતિહાસિક માહિતી નીચે મુજબ મળે છે.– (૧) જાલોરના ચૌહાણવંશના (૪૨ મા) રાજા શિવભાણે સં૦ ૧૪૬૨માં **સિરણ ગામ** વસાવ્યું અને તેમાં કિલ્લો બંધાવ્યો. તેના પુત્ર (૪૩) **રાજા સહસ્રમલ ચૌહાણે** (દેવડે) સં૦ ૧૪૮૨ ના વૈ૦ સુ૦ ૨ (વૈ૦ ૧૦૭)ના રોજ સિરણ ગામ પાસે **સિરોહી નગર** વસાવ્યું (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૭૩) (૨) તપગચ્છના ૫૧મા આ૦ **મુનિસુંદરસૂરિ** (સં૦ ૧૪૬૬ થી ૧૫૦૩) થયા. તેમણે ચોવીશ વાર સૂરિમંત્રનો જાપ કર્યો હતો. તેમણે જ્યારે જ્યાં જ્યાં એ જાપવિધિ કર્યો ત્યારે ત્યાંના રાજાએ પોતાના રાજ્યમાં **અમારિ** પળાવી હતી. તેમણે સિરોહીમાં સૂરિમંત્રનો જાપવિધિ શરૂ કર્યો. તેમના ઉપદેશથી **રાજા સહસ્રમલ્લ ચૌહાણે** સિરોહી રાજ્યમાં **અમારિ** પળાવવાનું જાહેર કર્યું પણ ”તેણે પોતે જ એ મર્યાદાનો ભંગ કર્યો.” આથી સિરોહી રાજ્યમાં એકદમ “તીડાનો ઉપદ્રવ” શરૂ થયો. આચાર્યશ્રીના ધ્યાનમાં આ વસ્તુ આવી જતાં તેમણે “ એકાંતમાં ધ્યાન કરી એ ઉપદ્રવ શમાવ્યો. (–પ્રક૦ ૫૧, પૃ૦ ૪૯૫, ૪૯૬)

(૩) શિરોહીમાં લગભગ વિક્રમની દશમી શતાબ્દીની **ધાતુની** **કલાપૂર્ણ** જિનપ્રતિમા વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નોંધ :** જૈન યુગ નવું વર્ષ ૩જું અંક–૪થામાં તેનો ફોટો છપાયો છે.

(૪) અહીં ભગવાન અજિતનાથનું જિનાલય બન્યું હતું સંઘે મડા–હડગચ્છના **આ૦ કમલપ્રભસૂરિના** ઉપદેશથી ભ૦ અજિત-નાથના–જિનપ્રાસાદમાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનો **ભદ્રપ્રાસાદ** બનાવ્યો, તેમાં સં૦ ૧૫૨૦ ના અષાડ સુદિ ૨ ના રોજ સર્વધાતુની પરિકર વાળી **ચિંતામણિ પાર્શ્વનાથની** પ્રતિમાની પ્રતિષ્ઠા આ૦ કમલપ્રભસૂરિના હાથે કરાવી. તેમાં એક કાઉસગ્ગિયા મૂર્તિ ઉપર આ આશયનો **પ્રતિમા લેખ** છે. (–પ્રક૦ ૩૭, પૃ૦ ૨૬૮)

(૫) કછોલી ગચ્છના ભ૦ સર્વાનંદસૂરિના શિષ્ય **પં૦ ગુણસાગર** ગણિના શિષ્ય યતિ **યશોવર્ધને** એક જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

**નોંધ :** આ પ્રતિમા ભગવાન અજિતનાથના જિનાલયમાં વિદ્યમાન છે.

(૬) શિરોહીમાં શેઠ **ઉજળ** અને કાજા નામે બે પોરવાડ ધની, માની, પરાક્રમી, વીર, ધર્મિષ્ઠ જૈન મંત્રી હતા. તેઓએ શ્રી શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો.

આ૦ સોમદેવસૂરિની અધ્યક્ષતામાં શિરોહીથી જીરાવલા તીર્થની યાત્રા કરી. (–પ્ર૦ ૪૦, પૃ૦ ૪૯૮)

તેઓએ શિરોહીમાં ૮૪ દંપતીઓ સાથે ચોથું વ્રત લીધું. મોટો ઉત્સવ કર્યો. તેમાં તેઓએ સૌને **તાંબૂલની પ્રભાવના** કરી હતી. (પ્ર૦ ૫૩ પ્રભાવક જૈનો, મં૦ ઉજળ કાજા., પ્ર૦ ૫૩ કુતુબપુર શાખના ૫૬ મા **આ૦ સોમજયસૂરિ**)

૭ આ. આણંદવિમલસૂરિએ સં૦ ૧૫૮૭માં શિરોહીમાં ઉ૦ ઉદયધર્મ ગણિવરને આચાર્ય બનાવી, **આ૦ વિજયદાનસૂરિ નામ રાખી,** પોતાની પાટે સ્થાપ્યા. (–પ્રક૦ ૫૭.......................)

૮ આ. **વિજયદાનસૂરિએ** સં૦ ૧૬૧૦ ના પોષ સુદિ–૧ના રોજ શિરોહીમાં ઉ૦ હીરહર્ષને **આચાર્યપદવી** અને ઉ૦ ધર્મ-સાગરને **મહોપાધ્યાય** પદવી આપી. (–પ્રક૦ ૫૫, પ્રક૦ ૫૮)

૯ રાજા સુરતાનજી ચૌહાણે સં૦ ૧૬૬૭ માં ૬૨ સાલ માટે અષાડ સુદિ–૧૧ થી ભાદરવા સુદિ–૯ સુધી શિરોહી રાજ્યમાં અમારિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાળવાનો આદેશ આપ્યો હતો, જે અમારિનો શિલાલેખ શિરોહીમાં ભ૦ પદ્મપ્રભુ જિનાલય પાસે સુરક્ષિત છે.

નોંધ–આ શિલાલેખનો ફોટો જૈનયુગ (નવું) વર્ષ–૩ અંક ૩માં છપાયો છે.

૧૦ આશુ કવિ પં૦ **હેમવિજય ગણિવરે** સં૦ ૧૬૬૭માં ઈડરમાં અને જીરાવલામાં " **વિજય પ્રશસ્તિ મહાકાવ્ય** " સર્ગ–૧૬, અને વિ૦ સં૦ ૧૬૬૮ના કા૦ સુ૦ ૫ ના રોજ સિરોહીમાં **ઉપા૦ ગુણવિજયજી ગણિએ** " **વિજય પ્રશસ્તિ મહાકાવ્ય** સર્ગ–૧૭ થી ૨૧ મૂળ અને તે મહાકાવ્યની સંપૂર્ણ ટીકા નામે વિજય દીપિકા જીરાવલા કે શિરોહીમાં રચી. અને તેનું સંશોધન **મહો૦ ચારિત્રવિજય ગણિએ** કર્યું (–પ્રક૦ ૫૧. પૃ૦ ૫૦૬)

૧૧ શિરોહીમાં શા૦ **પૂંજાશાહને** ઉછરંગદે નામે પત્ની હતી. અને તેને **સં૦ તેજપાલ નામે પુત્ર** હતો.

(૧) સં૦ તેજપાલને ચતુરંગદેવી અને લક્ષ્મીદેવી નામે બે સ્ત્રીઓ હતી. તથા ચતુરરંગદેવીથી (૧) **વસ્તુપાલ** (૨) વર્ધમાન અને (૩) ધનરાજ. નામે ત્રણ પુત્રો તથા (૪) **માની** નામે એક પુત્રી થયાં. તેમજ **લક્ષ્મીદેવીથી** (૫) ગોડીદાસ નામે પુત્ર અને **ગજસિંહ નામે** પૌત્ર થયા.

(૧) સં૦ **વસ્તુપાલને** ભાર્યા અનુપમાદેવીથી (૧) સુખમલ (૨) ઈન્દ્રભાણુ અને (૩) ઉદયભાણુ ત્રણ પુત્રો થયા.

(૨) શ્રી માનકુમારીએ દીક્ષા સ્વીકારી તેનું નામ **સાધ્વી મહિમાશ્રી** રાખવામાં આવ્યું. તે સાધ્વીજીવન પાળી કાળધર્મ પામી.

(૩) સં૦ **વર્ધમાનને** ૩ સ્ત્રીઓ હતી. **દેવચંદ** નામે પુત્ર થયો. વર્ધમાન બહુ પ્રભાવશાલી હતો.

(૪) ધનરાજને **રૂપકુમારી** નામે પત્ની હતી.

**સં૦ તેજપાલ** શિરોહીમાં રહેતો હતો. શિરોહીના રાજાનો **મહામાત્ય** હતો. જે " મહામાત્ય વસ્તુપાલ તેજપાલ જેવો " મનાતો હતો. દાન દેવામાં " કલ્પવૃક્ષ જેવો " મનાતો હતો. જે તપાગચ્છના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૬૦મા ભટ્ટારક વિજયદેવસૂરિ** (સં૦ ૧૬૫૬ થી ૧૭૧૩)નો પરમ ભક્ત હતો. તેણે અમદાવાદમાં સૌ ભટ્ટારકો, આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસો, સાધુઓ વગેરેની સોનારૂપા નાણાથી **નવાંગી પૂજા કરી.** જૈનોમાં નાળીયેરની પ્રભાવના કરી, મોટો ઉત્સવ કર્યો. (–પ્રક૦ ૬૦)

તેણે અહીં સં૦ ૧૬૮૧ના પ્રથમ ચૈત્ર શુદિ ૯ ને રવિવારે પુનર્વસુ નક્ષત્રમાં રવિ યોગમાં અમદાવાદમાં તપગચ્છના દેવસૂરસંઘ અને આણંદસૂરસંઘ એ બન્ને શાખાઓનો ભેદ મટાડી, એક કરવાનો પ્રયત્ન કર્યો. આથી **સંઘે** મોટો ઉત્સવ કરી, તેને **ગચ્છભેદ નિવારણ તિલક** અને **સંઘપતિનું તિલક** કર્યું.

(–જૂઓ પ્રક૦ ૫૫, ગચ્છમત સંઘર્ષ કલમ ૨૯ મી)

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૧૯૦)

સં૦ **તેજપાલે** શિરોહીના ભ૦ અજિતનાથના જિનપ્રાસાદમાં કમળદલવાળું સમવસરણ બનાવ્યું. અને તેમાં સં૦ ૧૬૮૫ ના અષાઢ વદિ ૪ ને ગુરુવારે શિરોહીમાં **ભ૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયસિંહસૂરિના** હાથે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. (–પ્રક૦ ૬૦–૬૧)

**નોંધ :** ભ૦ પાર્શ્વનાથના કમલ સાથેના સમવસરણનો તથા શિરોહીના બીજા જિનપ્રાસાદોના ફોટા માટે જૂઓ (જૈન યુગ (નવું) વર્ષ–૩ અંક–૩)

**સં૦ તેજપાલે** સં૦ ૧૬૯૧ શ્રા૦ વ૦ ૯ રવિવારે શિરોહીમાં (૧) શંખેશ્વર પાર્શ્વનાથના જિનપ્રાસાદના ખેલા મંડપમાં ભ૦ આદીશ્વરની મોટી જિનપ્રતિમાની, તથા (૨) દશાઓસવાલના આદીશ્વરના જિનપ્રાસાદના ખેલા મંડપમાં ભ૦ મુનિસુવ્રતસ્વામીની મોટી જિન પ્રતિમાની તપગચ્છના ૬૧મા ભ૦ **વિજયપ્રભસૂરિના** પટ્ટધર ૬૨મા **આ૦ વિજયરત્નસૂરિની** આજ્ઞાથી **મહો૦ મેઘવિજયગણિવરના** હાથે પ્રતિષ્ઠા કરાવી.

સં૦ તેજપાલની માતા **ઉછરંગદેવીએ** સં૦ ૧૬૯૫ વૈ૦ સુ૦ ૩ બુધવારે શિરોહીમાં દશાઓસવાલના આદીશ્વર જિનપ્રાસાદમાં ભ૦ વિજયતિલકસૂરિ (આ૦ વિજયાનંદસૂરિ)ના હાથે **ભ૦ હીરવિજયસૂરિની** પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંઘ મુખ્ય સં૦ **વર્ધમાને** સં૦ ૧૭૩૯ માગશર શુદિ ૩ બુધવારે શિરોહીમાં "શંખેશ્વર પાર્શ્વનાથ જિનપ્રાસાદમાં મૂળનાયક શંખેશ્વર પાર્શ્વનાથની જિન પ્રતિમાની" **મહો૦ મેઘવિજય ગણિવરના** હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમજ **સાધ્વીજી મહિમાશ્રીજીના** ઉપદેશથી ચૌમુખ આદીશ્વર જિન પ્રાસાદમાં "ભ૦ સુમતિનાથ વગેરે જિન પ્રતિમાઓ" ભરાવી, **મહો૦ મેઘવિજય ગણિવરના** હાથે પ્રતિષ્ઠા કરાવી.

સં૦ **દેવચંદે, ભ૦ વિજયરાજસૂરિના** હાથે પણ ચૌમુખ આદીશ્વરના જિનપ્રાસાદમાં જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

સં૦ તેજપાલ વગેરેની પત્નીઓ અને પુત્રોએ પણ આજ મુહૂર્તમાં વિવિધ જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

તેમજ **ગજસિંહે ભ૦ વિજયપ્રભસૂરિના** હાથે ઓસવાલના ભ૦ ઋષભદેવના જિનપ્રાસાદોમાં ઘણી જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. (પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ ૩ જો, પૃ૦ ૫૦૧ થી ૫૦૩)

(૧૨) શિરોહી રાજ્યના **વસંતગઢમાં** સં૦ સદાપોરવાડના વંશમાં અનુક્રમે (૧) **સં૦ સદાપોરવાડ** (ભા૦ સહજલદેવી) (૨) સં૦ જસવંત, સં૦ શ્રીવંત, સં૦ સોમા, **સં૦ સુરતાણ,** (૩) **સં૦ સીપા** (શ્રીપાલ ભાર્યા સરૂ) (૪) **સં૦ મેહાંજલી** (૫) ગુણરાજ, કર્મરાજ અને (૬) વીરભાણ થયા.

સં૦ સૂરતાણ અને સં૦ સીપાનો પરિવાર વિક્રમની સત્તરમી સદીના પ્રારંભમાં "શિરોહી" આવી વસ્યો. તેમણે શિરોહીને **આદર્શ સ્થાપત્યનગર** બનાવ્યું.

શિરોહીમાં રાજમહેલવાળી પહાડીની તલાટીમાં એક જ પડથાર ઉપર મોટા ૧૪ જિનપ્રાસાદો છે. જે **અર્ધ શત્રુંજય તીર્થ** તરીકે ઓળખાય છે. તેમાં આદીશ્વરનો ત્રણ માળનો **ચતુર્મુખી જિન-પ્રાસાદ** મુખ્ય અને વિશાલ છે. તેનો ઇતિહાસ આ પ્રમાણે મળે છે.

**શ્રી સંઘ મુખ્ય સીપા પોરવાડે** સં૦ ૧૬૩૪માં તે જિન-પ્રાસાદને તૈયાર કરાવ્યો અને સં૦ ૧૬૪૪ ફા૦ વ૦ ૧૩ બુધવારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહારાવ **સૂરતાણના** રાજ્યમાં મોટો ઉત્સવ કરી **જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિના** હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. તેના ભાઈઓ તથા વંશજોએ ત્યારે તથા ત્યારબાદ સં૦ ૧૭૨૧ જે૦ સુ૦ ૩ રવિવારે **ભ૦ વિજયરાજસૂરિના** હાથે તેની દેરીઓ તથા વિવિધ જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. (પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ ૩ જો પૃ૦ ૨૮૨ થી ૨૯૨)

**નોંધ :** આ મંદિરનો ફોટો જૈનયુગ નવું વર્ષ ૩ જું અંક ૩–૪ માં છપાયો છે.

(૧૩) જ૦ ગુ૦ **આ૦ વિજયહીરસૂરિએ** વિ૦ સં૦ ૧૬૪૪માં શિરોહીનગરમાં રોહા ગામના શેઠ **શ્રીવંત પોરવાડને** દીક્ષા આપી, મુનિ **શુભવિજય** નામ રાખી, "મહો૦ કલ્યાણવિજય ગણિવર"ના શિષ્ય બનાવ્યા હતા. આ શેઠ શ્રીવંતના "કુટુંબના ૧૦ સ્ત્રી પુરુષોએ" જગદ્ગુરુજીના પરિવારમાં **દીક્ષા** લીધી. હતી.

(૧) તે પૈકીમાં તેનો સૌથી નાનો પુત્ર **કલ્યાણ** કે જે મહો૦ સોમવિજયગણિના શિષ્ય. (સં૦ ૧૬૫૧) **મુનિ કમળ વિજયજી** હતા. **ભ૦ વિજયતિલકસૂરિ** સં૦ ૧૬૭૬ પો૦ સુ૦ ૧૪ને રોજ શિરોહીમાં સ્વર્ગે ગયા હતા. આથી **સંઘે** વિ૦ સં૦ ૧૬૭૬ પો૦ વ૦ ૧૩ ની સવારે શિરોહીમાં "સં૦ મેહાંજલીએ કરેલ પદવી મહોત્સવમાં" મુનિ કમળવિજયને (૬૨મા) **ભ૦ વિજયાનંદસૂરિ** નામ રાખી, ભ૦ વિજય તિલકસૂરિની **પાટે** સ્થાપ્યા. તેમનાથી તપાગચ્છની "વિજયાનંદસૂરિ શાખા" નીકળી છે.

**સં૦ મેહાંજલીએ** સં૦ ૧૬૯૦ માં "નાડલાઈથી ભ૦ વિજયાનંદસૂરિ મહો૦ સિદ્ધચંદ્રગણિવર મહો૦ **ભાવવિજયગણિવર** મહો૦ મુનિવિજયગણિવરના શિષ્ય ઉ૦ દેવવિજયગણિ વગેરે ૧૨૫ મુનિવરોની અધ્યક્ષતામાં" ૨૦ હજાર માણસોનો "શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રા સંઘ" કાઢી, સૌને યાત્રા કરાવી હતી, ત્યાં દાદાના ભંડારમાં ૫૦ હજાર રૂપિયા આપ્યા પછી તેણે **ભટ્ટારકને** પાછા શિરોહી લાવી, શિરોહીમાં "ચોમાસું" કરાવ્યું હતું.

સં૦ **સીપાનો પૌત્ર** સં૦ મેહાંજલી ધર્માત્મા, ઉદાર, તપાગચ્છની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયાનંદ શાખાનો ઉપાસક હતો, તેણે ૬૧ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો (વિજયતિલકસૂરિ રાસ).

તે (૧) મેહાંજલ, (૨) ચાંપો, (૩) કેશવ, અને (૪) કૃષ્ણ વગેરે ભાઈ હતા.

(૨) **શ્રીવંતની પુત્રી સહજા** પોતાની માતા લાલબાઈ, સાધ્વી નામ **લાભશ્રીની** શિષ્યા **સા૦ સહજશ્રી** બની હતી.

**પં૦ સત્યવિજયજી ગણિવરે** સં૦ ૧૭૧૧ વૈ૦ સુ૦ ૩ ગુરુવારે ગુરૂદેવની આજ્ઞા પામી, ક્રિયોદ્ધાર કરી, **સંવેગી માર્ગ** સ્વીકાર્યો. ત્યારે તેમની સાથે ક્રિયોદ્ધારમાં ૧૮ સાધુ ભળ્યા હતા. ત્યારે જ **સાધ્વી સહજશ્રીએ** પણ **સંવેગીપણું** સ્વીકાર્યું હતું, એટલે વર્તમાન તપાગચ્છના શ્રમણીસંઘની **દાદી ગુરુણી** તે **સાધ્વી સહજશ્રી** છે. એમ કહીએ તો તે સપ્રમાણવસ્તુ છે.

(–પ્રક૦ ૫૮, પ્રક૦ ૬૧)

(૧૪) શિરોહીમાં સં૦ ૧૬૯૮માં **શેઠ વણવીર** વીશા પોરવાડ થયો. સં૦ ૧૬૦૩માં **શેઠ ગોવિંદ, શેઠ જીવરાજ, શેઠ થાથા,** કોઠારી છાછા, વગેરે તપાગચ્છના જૈન હતા. **શા૦ જીવરાજે** સં૦ ૧૬૦૨માં "૪૦ દિવસના ઉપવાસ" કરી, ફા૦ વ૦ ૮ ને રોજ પારણું કર્યું. પછી તેઓએ સં૦ ૧૬૦૩ મહા૦ વદિ ૮ ને રોજ પિંડવાડામાં **ભ૦ વિજયદાનસૂરિના** હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

(પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ ૩ જો, પૃ૦ ૩૧૧, ૩૧૯)

શા૦ જીવરાજ વીશા પોરવાડના પુત્ર **હીરજીએ** સં૦ ૧૬૦૩ પોષ સુદ **૧** શિરોહીથી આબૂનો યાત્રાસંઘ કાઢ્યો. આ સંઘમાં પાલનપુરા ગચ્છના **પં૦ સંઘચારિત્રગણિના** શિષ્ય **મહો૦ વિમલચારિત્ર ગણિ,** તેમના શિષ્યો માણેકચારિત્ર, જ્ઞાનચારિત્ર, હેમચારિત્ર, સંઘધીર, ધર્મધીર તથા શિષ્યાઓ–**પ્ર૦ વિદ્યાસુમતિ,** રત્નસુમતિ વગેરે પરિવાર હતો. ૧૦૦ થી વધુ વાહનો હતાં જેમાં પોરવાડ, ગૂર્જર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીમાળી વગેરે જૈનો સાથે હતા. ( પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ ૩, પૃ. ૩૨૩)

(—પ્રક૦ ૫૧, પૃ૦ ૫૧૧ કલમ—૬ થી પ્રક૦ ૫૫,
પાલનપુરા શાખા નં૦ ૨૫, પટ્ટાવલી)

(૧૫) ૧૬૧૨માં જૈન મિત્રમંડળે આબૂનો સંઘ કાઢ્યો. ( પૃ. ૩૨૩)

(૧૬) તપગચ્છના આ૦ વિજયદેવસૂરિના મહોપાધ્યાય લાવણ્યવિજયગણિવરના શિષ્ય **પં૦ નિત્યવિજય ગણિએ** સં૦ ૧૭૨૭ બીજા વૈશાખ વદી ૨ ને ભોમવારે શિરોહીમાં "નવસ્મરણનો ટબ્બો" લખ્યો. ( શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા. ૨ જો, પ્ર. નં. ૮૬૬)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ બાવનમું

*

### આ૦ રત્નશેખરસૂરિ

(સં૦ ૧૫૦૨ થી સં૦ ૧૫૧૭)

તેમનાં **જન્મ** સં. ૧૪૫૭ (૧૪૫૨)માં થયો હતો. તેમણે (૫૦મા) આ૦ **સાધુરત્નસૂરિના** ઉપદેશથી વૈરાગ્ય ભાવના થતાં સં૦ ૧૪૬૩માં (૫૦) આ૦ સોમસુંદરસૂરિના હાથે દીક્ષા લીધી. તેમને સં૦ ૧૪૮૩માં પંન્યાસપદ, નામ પં૦ રત્નચંદ્રગણિ રાખવામાં આવ્યું. સં૦ ૧૪૯૩માં મેવાડના દેલવાડામાં "આ૦ મુનિસુંદરસૂરિ"ના હાથે **ઉપાધ્યાયપદ** આપતાં નામ **મહો૦ રત્નશેખર** ગણિ રાખવામાં આવ્યું. તેમને સં૦ ૧૫૦૨માં દેલવાડામાં **આ૦ મુનિસુંદરસૂરિના** હાથે **આચાર્યપદવી** મળી. સં૦ ૧૫૧૭ (૧૫૧૧)ના પોષ વદિ ૬ ના રોજ સ્વર્ગગમન થયું.

તે આ૦ ભુવનસુંદરસૂરિના વિદ્યાશિષ્ય અને દીક્ષા શિષ્ય હતા. **મહો૦ લક્ષ્મીભદ્રગણિના** વિદ્યા શિષ્ય હતા. તે બાલવયમાં દીક્ષા ગ્રહણ કરીને વિદ્વાન્ થયા. વાદમાં તે નિષ્ણાત હતા. **વાણીદેવી** તેમના ઉપર પ્રસન્ન હતી. તેમણે નાની વયમાં જ "બેદરપુર" વગેરે દક્ષિણ દેશના વાદીઓને જીત્યા. ખંભાતના બાંબીભટ્ટે તેમને 'બાલ-સરસ્વતી'નું બિરદ આપ્યું.

તેમણે સં૦ ૧૪૯૬માં રાણકપુર તીર્થમાં ઉ૦ **સોમદેવને** અને તે પછી ઉ૦ **ઉદયનંદિને** અને સં૦ ૧૫૦૮માં મેવાડના મજ્જાપદ્રમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉ૦ **લક્ષ્મીસાગરને** આચાર્યપદવી આપી. તેમણે તથા આ૦ ઉદયનંદિએ આ૦ લક્ષ્મીસાગરસૂરિને ભ૦ મુનિસુંદરસૂરિની મરજી પ્રમાણે **આ૦ રત્નશેખરસૂરિની** પાટે સ્થાપ્યા.

**પ્રતિષ્ઠાઓ**

તેમના પ્રતિષ્ઠા લેખો નીચે પ્રમાણે મળે છે.

(૧) આ૦ રત્નશેખરસૂરિવરે સં૦ ૧૫૦૭ મહા૦ સુ. ૧૧ બુધવારે રાણા કુંભાજીના રાજ્યમાં વસંતગઢમાં વ્ય૦ ભાદા પોરવાડે જીર્ણોદ્ધાર કરાવેલ ભ૦ શાન્તિનાથના જિનપ્રાસાદની તથા તેમાંની જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. (પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ ૩ જો, પૃ૦ ૨૮૨)

**નોંધ : વસંતગઢ ગામ** પહાડીમાં વસેલું છે. આજે તેના ખંડેરો ઉભા છે. વચમાં "એક તૂટેલો જિન પ્રાસાદ" છે. તેમાં ભ૦ શાન્તિનાથની એક પદ્માસનવાળી ખંડિત પ્રતિમા છે. પત્થર એવી જાતનો છે કે "તેને તાંબાના પૈસાની ટકોર મારવાથી તેમાંથી મીઠો મધુરો ખણખણાટ સંભળાય છે." અહીંની જિન પ્રતિમાઓ પીંડવાડા વગેરે સ્થાનોમાં લઈ જવામાં આવી છે. વસંતગઢના સદા પોરવાડના પુત્રો સુરતાણ સીપા મેહાંજલી શિરોહીમાં જઈ વસ્યા.

(—પ્રતિ૦ પ્રક૦ ૫૧, પૃ૦ ૫૧૯)

અજારીથી ૪ માઈલ પર આ સ્થાન આવેલું છે. અજારી અને વસન્તગઢની વચ્ચે એક નાનું ગામડું છે. તેના પાદરમાં એક પાળીયામાં **શ્રીકૃષ્ણ વાસુદેવની ઉભી મૂર્તિ છે.** અને તેના મુકુટમાં **ભ૦ નેમિનાથની** જિન પ્રતિમા છે.

(૨) આ૦ સોમસુંદરસૂરિની પાટે **આ૦ રત્નશેખરસૂરિએ** સં૦ ૧૫૦૮ના વૈશાખ વદિ ૧૩ ના રોજ "દેવકુલપાટકમાં" શા૦ જગશી પોરવાડની પરંપરાના **શા૦ શાદૂલે** ૨૪ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમાંની ભ૦ શીતલનાથની પ્રતિષ્ઠા કરી શા૦ શાદૂલે દેવકુલપાટક, ગિરનાર, આબૂ, **ચંપકનેર,** ચિત્તોડ, **જાઉરનગર,** કાયંદ્રા, નાગહૃદ, ઓશિયા, શ્રીનાગપુર, કુંભલગઢ અને **શ્રીકુંડ** (દક્ષિણ) એ દરેક સ્થાને બે બે જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી.

(—ભાંડારકરની નોંધના આધારે, શ્રી જિનવિજયજીનો, પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા૦ ૨, નાડોલ વિભાગ, લે૦ નં૦ ૩૭૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) **આ૦ રત્નશેખરસૂરિએ** સં૦ ૧૫૧૦ અષાડ સુદિ ૨ ના રોજ વીસલપુરના શેઠ ભૂંભવ અને **શેઠ જસાકે** ભરાવેલી ભ૦ શીતળનાથની જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (પ્રતિમા લેખ)

**ગ્રન્થો—**

તેમનાં અસલ નામો મુનિ ચંદ્રરત્ન તથા રત્નચંદ્ર પણ મળે છે. **પં૦ ચંદ્રરત્નગણિએ** સં૦ ૧૪૮૩માં ગુરુદેવરચિત 'જયાનંદચરિત્ર' (ગ્રં૦ ૭૫૦૦)નું સંશોધન કર્યું, તેમાં તેમણે ૪ શ્લોકો બનાવીને તેની અંતે જોડયા હતા. (જૂઓ પ્રક૦ ૫૧, પૃ૦ ૫૧૨)

**નોંધ :** સંભવ છે કે પં૦ ચંદ્રરત્ન, આ૦ રત્નશેખરના શિષ્ય–પ્રશિષ્ય પણ હોય.

તેમણે સં૦ ૧૪૯૬માં 'શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ' (અર્થદીપિકા) ગ્રં૦ ૩૬૪૪, સં૦ ૧૫૦૬ 'શ્રાદ્ધવિધિસૂત્ર' મૂળ ગાથા ૧૭, તેની સંસ્કૃત ટીકા 'શ્રાદ્ધવિધિકૌમુદી' ગ્રં૦ ૬૭૬૧, સં૦ ૧૫૧૬ માં 'આચારપ્રદીપ' ગ્રં૦ ૪૦૬૫, 'લઘુક્ષેત્રસમાસ, હૈમવ્યાકરણ–અવચૂરિ અને પ્રબોધચન્દ્રોદય' વગેરે ગ્રંથો રચ્યા.

**આ૦ રત્નશેખરસૂરિવરે** આબૂ તીર્થમાંના ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ નેમિનાથનાં સ્તવનો, નવખંડા પાર્શ્વનાથનું સ્તવન, મહેસાણા પાર્શ્વનાથ સ્તવન શ્લોક ૨૬, સ્તવનચોવીસી, વિ૦ સં૦ ૧૫૦૦માં સંસ્કૃત–પ્રાકૃત તથા શૌરસેની એમ ત્રણ ભાષામાં ચતુર્વિંશતિ જિનસ્તોત્ર, શ્લોક ૨૫, સં૦ ૧૫૧૦માં રત્નચૂડ રાસ, અને ભ૦ મુનિ સુંદરસૂરિ સુધીની "તપાગચ્છની ગુર્વાવલી" કડી ૨૭, વગેરે બનાવ્યાં હતાં.

તેમણે ત્રણ ભાષાનાં ચતુર્વિંશતિ જિનસ્તોત્રમાં માત્ર ભ૦ સોમસુંદરસૂરિવરની **કૃપા** માગી છે. પણ પોતાનું નામ આપ્યું નથી.

**નોંધ : મહો૦ લક્ષ્મીભદ્રગણિવરે** તેમની "અર્થદીપિકા"ને શોધી **પં૦ જિનહંસ** (જિનહર્ષ) ગણિવરે તેમના "આચાર પ્રદીપ"ને તથા તેમની "શ્રાદ્ધવિધિ કૌમુદી"ને શોધ્યાં. હતાં. લખ્યાં હતાં. **મહાતાર્કિક પં૦ ભોજસાગર ગણિવરે** વિ૦ સં૦ ૧૭૯૯માં તેમના આચાર પ્રદીપનો ગુજરાતી બાલાવબોધ કર્યો.

ભ૦ રત્નશેખરસૂરિની "શ્રમણ પરંપરાઓ" નીચે પ્રમાણે મળે છે.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧) પટ્ટાવલી**

(૫૨) ભ૦ રત્નશેખરસૂરિ-(૫૩) ભ૦ લક્ષ્મીસાગરસૂરિ (પ્ર૦ ૫૩)

(૫૩) **પં૦ સંવેગદેવ ગણિવર**-(પં૦ સર્વાંગદેવ ગણિ૦)

તેમણે સં૦ ૧૪૮૩માં આ૦ જિનવલ્લભસૂરિના પ્રશ્નોત્તર શતકની ટીકા, સં૦ ૧૫૦૩માં "પિંડવિસોહી પગરણનો બાલાવબોધ", અને સં૦ ૧૫૧૦ કે ૧૫૧૪માં આવસ્સયસુત્ત પેઢીયા-પીઠીકાનો ગુજરાતી બાલાવબોધ વગેરે બનાવ્યાં.

(૫૪) **આ૦ ઉદયનંદીસૂરિ**,-તે **આ૦ જયચંદસૂરિના** હસ્ત-દીક્ષિત શિષ્ય, વિદ્યાશિષ્ય અને **પટ્ટધર** હતા.

આ૦ **રત્નશેખરસૂરિએ** સં૦ ૧૪૯૬ માં રાણકપુરમાં ભ૦ સોમસુંદરસૂરિ અને ભ૦ મુનિ સુંદરસૂરિની અધ્યક્ષતામાં ઉ૦ ઉદયનંદીને **આચાર્ય** બનાવી, આ૦ જયચંદ્રસૂરિની પાટે સ્થાપિત કર્યા હતા.

ભ૦ રત્નશેખરસૂરિ તથા **આ૦ ઉદયનંદીસૂરિએ** વિ૦ સં૦ ૧૫૦૮ માં મજ્જાપદ્ર (મેવાડના મજેરાનગર)માં ઉ૦ લક્ષ્મીસાગર ગણિને **આચાર્ય** બનાવી, ભ૦ રત્નશેખરસૂરિની પાટે ૫૩ મા **ગચ્છનાયક** બનાવ્યા. (-ઇતિ૦ પ્રક૦ ૫૦, પૃ૦ ૪૫૪, પ્રક૦ ૫૩ ××)

૫૫. **પં૦ સંઘકેળશગણિ**—તેમણે સં૦ ૧૫૦૫માં તલવાડામાં આઠ ભાષામાં સમ્યકત્વરાસ રચ્યો.

(સંઘ ++ ગણિવરો જૂઓ પ્ર૦ ૫૧ પૃ૦ ૫૧૦)

**૨. પટ્ટાવલી (સમયશાખા)**

૫૨. **આ૦ રત્નશેખરસૂરિ.** ૫૩ ભ૦ લક્ષ્મીસાગરસૂરિ.

૫૪. **આ૦ સોમદેવસૂરિ**—(જૂઓ પ્રક૦૫૩મું કમલકળશ મત, નિગમમત પટ્ટાવલીઓ)

૫૫. આ૦ રત્નમંડનસૂરિ

૫૬. **આ૦ સોમજયસૂરિ** તે મોટા તાર્કિક હતા અમે અહીં "નિગમ મતની પટ્ટાવલીના આધારે" તેમનો ૫૬મો પટ્ટાંક આપ્યો છે.

(જૂઓ પ્રક૦ ૫૩, નિગમમત પટ્ટાવલી)

૫૭. **આ૦ સમયરત્નસૂરિ**—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૮. **પં૦ લાવણ્યસમયગણિ**—પાટણનો કવિ **મંગ** અમદાવાદનાં "અજદરપરામાં" આવીને વસ્યો. તેને **શ્રીધર** વગેરે ૩ પુત્રો થયા. **શ્રીધરને** "ઝમકલદેવીથી" ૧ વસ્તુપાલ, ૨ જિનદાસ, ૩ મંગલદાસ, **૪ લહુરાજ** અને ૫ લીલાવતી એમ પાંચ સંતાન થયાં.

લહુરાજનો જન્મ શાકે ૧૩૮૨, વિ૦ સં૦ ૧૫૨૧( અથવા સં૦ ૧૫૧૭)ના પોષ વદિ ૩ ના રોજ પાછલી રાતે પ્રભાત પહેલાં ૯ ઘડી બાકી હતી ત્યારે **આશ્લેષા નક્ષત્રમાં** તથા છઠ્ઠા તુલ **લગ્નમાં** થયો. ત્યારે પહેલે સ્થાને તુલા લગ્નમાં મંગલ તથા કેતુ, બીજે સ્થાને વૃશ્ચિકમાં બુધ, ત્રીજે ધનમાં રવિ, ચોથે મકરનો શુક્ર, પાંચમે કુંભનો ગુરુ તથા શનિ, સાતમે મેષનો રાહુ અને દશમે સ્થાને કર્કનો સ્વઘરનો **ચંદ્ર** હતા. ધનનો **સૂર્ય હૃદયના** સ્થાનમાં હતો. આવો ઉત્તમ ગ્રહયોગ હતો. ત્યારે, લહુરાજનો જન્મ થયો.

આ૦ સમયરત્નસૂરિએ તેનો "ફલાદેશ" જાણીને જણાવ્યું કે, "આ બાળક **તપસ્વી,** તીર્થ જેવો પૂજનીક, મોટો વિદ્વાન કે મોટો યતિરાજ થશે.

**ભ૦ લક્ષ્મીસાગરસૂરિએ** સં૦ ૧૫૩૦ ના જેઠ શુદિ ૧૦ના રોજ પાટણના "પાલનપુરીયા ઉપાશ્રય"માં લહુરાજને દીક્ષા આપી. તેનું નામ મુનિ **લાવણ્યસમય** પાડયું. તેમણે નવમે વર્ષે દીક્ષા લીધી અને ૧૬મા વર્ષે **સરસ્વતી** પ્રસન્ન થવાથી કવિતાના છંદ, ચોપાઈ, રાસ વગેરે રચવાનું શરૂ કર્યું. અનેક કાવ્યોની રચના કરી, ઉપદેશ દ્વારા નવા ઉપાશ્રય અને દેરાસરો કરાવ્યાં. મીર–મલેકો તેમજ રાજાઓને ખુશ કરી, પ્રભાવિત કર્યા. તેમને સં૦ ૧૫૫૫માં પંન્યાસપદ મળ્યું. તે વિ૦ સં૦ ૧૫૮૯ સુધી વિદ્યમાન હતા

**ગ્રંથો**

તેમણે નીચે મુજબ **ગ્રંથો** રચ્યાનું જાણવા મળે છેઃ—

૧. 'સિદ્ધાંતચોપાઇ, કડીઃ ૧૯૧, (લોંકા–મત સમીક્ષા)' સં૦ ૧૫૪૩ કા૦ સુ૦ ૮

૨. 'ગૌતમપૃચ્છા' કડીઃ ૧૨૦ સં૦ ૧૫૪૫ ચૈ૦ શુ૦ ૧ ગુરુવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. સ્થૂલભદ્ર એકવીસો,' સં૦ ૧૫૫૩, દિવાળી,

૪. 'નેમિનાથ હમચડી,' સં૦ ૧૫૬૨

૫. 'સીમંધર-વિનતિ, સં૦ ૧૫૬૨ મુ૦ વામજ (આલોયણા સ્વાધ્યાય ગા૦ ૪૭)

૬. 'સેરિસાતીર્થ સ્તવન,' સં૦ ૧૫૬૨

૭. 'રંગરત્નાકર,' (નેમિનાથ પ્રબંધ) સં૦ ૧૫૬૪

૮. સુરપ્રિય કેવલિરાસ, સં૦ ૧૫૬૭, મુ૦ ખંભાત,

૯. '**વિમલપ્રબંધ.**' સં૦ ૧૫૬૮, માલસમુદ્ર.*

૧૦. '**કરસંવાદ,**' કડી : ૬૯, સં૦ ૧૫૭૪ મુ૦ સાતિનગર.

---

* **માલસમુદ્રનાં** આજનાં નામ-સ્થાન અંગે નીચે પ્રમાણે અનુમાન થાય છે.

(૧) મારવાડમાં નાણા-બેડા-પીંડવાડા પાસે **માલસુસીવેરા** ગામો છે. બન્નેની વચ્ચે મોટી **કોતરો** અથવ વીથરૂ જેવી **ભૂમિ** છે. કદાચ ત્યારે ત્યાં પાણી **જમા** રહેતું હોય? માલ સમુદ્ર અને સીવેરામાં તપગચ્છના શ્રમણો ચોમાસું રહેતા.

(૨) બ્યાવર અને મેવાડના વિજયનગરના રસ્તા વચ્ચે નદી કીનારે ગુલાબપુરાની ધોંસરીમાં અજમેર જિલ્લાનું **મસુદા ગામ** છે જ૦ ગુ૦ **આ૦ વિજય હીરસૂરિ** ફતેપુર સીકરીથી ગુજરાત પધાર્યા ત્યારે "મસુંદુ" પધાર્યા હતા. મેવાડના રાણા **પ્રતાપસિંહે** તેમને મેવાડમાં પધારવાનો આમંત્રણ પત્ર વિજયનગરથી મસુંદુ નગર લખી મોકલ્યો હતો. **શ્રી અયોધ્યા** પ્રસાદ ગોયલીએ "રાજપુતાનાકે વીર" નામની હીંદી પુસ્તિકાનાં પૃ૦ ૩૪૧. ૩૪૨માં આ પત્ર પ્રકાશિત કર્યો છે. જેમાં તેણે મસુંદુને "મૂર્શિદાબાદ" માની લીધું છે.

(-જૈન ઇતિ૦ પ્ર૦ ૪૪, પૃ૦ ૩૭)

**આ૦ વિજયસેનસૂરિએ** પોતાના ક્ષેદુ દેશ-પટ્ટકમાં મસુંત્રામાં ચોમાસું કરવા માટે ગીતાર્થોનાં નામ લખી આદેશ આપ્યો છે. તે સમયે અહીં તપાગચ્છના જૈનોનાં ઘણાં ઘર હતાં આજે તપાગચ્છ જૈનોનાં ૪-૫ ઘર છે. **મોટું જિનાલય છે.**

(૩) રાયપુર અને સંબલપુરના મોટર માર્ગમા રાયપુરથી ૩૦ માઇલ દૂર **મહાસમુંદ** ગામ છે. ત્યાં આજે શ્વે૦ જૈનોનાં ૮ ઘર છે. જિનાલય નથી.

(૪) ગુજરાત પાલનપુર પાસે **માલણ** ગામ છે. તેનું પ્રાચીન નામ પણ "માલણુજ" મળે છે તો તે માલસમુદ્ર હોવાનો સંભવ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧. 'અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન,' કડી: ૪૫, સં૦ ૧૫૯૫ વૈ૦ સુ૦ ૩
૧૨. 'યશોભદ્રાદિ ત્રણુરાસ, સં૦ ૧૫૮૯'
૧૩. 'દેવરાજ વચ્છરાજરાસ,' ખંડ : ૬ સં૦ ૧૫૭૧ મુ૦ દેવગિરિ. (દોલતાબાદ)
૧૪. ગૌતમસ્વામિરાસ
૧૫. ગૌતમસ્વામિછંદ
૧૬. 'જિરાવલાપાર્શ્વનાથ વિંનતિ'
૧૭. 'પંચતીર્થી સ્તવન'
૧૮. 'રાજિમતી ગીત'
૧૯. રંગરત્નાકર છંદ (નં૦ ૭)
૨૦. 'દ્રઢપ્રહારીગીત'
૨૧. 'શત્રુંજય તીર્થ ઉદ્ધાર પ્રશસ્તિ,' સં૦ ૧૫૮૭, વૈ૦ વ૦ ૬ રવિવાર
૨૨. 'પંચવિષય સજ્ઝાય'
૨૩. આઠ મદ સજ્ઝાય
૨૪. સાતવારની સજ્ઝાય
૨૫. 'પુણ્યફલની સજ્ઝાય'
૨૬. 'આત્મપ્રબોધની સજ્ઝાય
૨૭. 'ચૌદ સ્વપ્નની સજ્ઝાય
૨૮. 'દાનની સજ્ઝાય
૨૯. 'મન માંકડાની સજ્ઝાય'
૩૦. 'હિતશિક્ષાની સજ્ઝાય'
૩૧. 'શ્રાવકવિધિ સજ્ઝાય
૩૨. 'ચતુર્વિંશતિ જિનસ્તવન' (માલિનીછંદ) કડી : ૨૮
૩૩. 'મત્સ્યોદરરાસ,' સં૦ ૧૫૭૩
૩૪. કમલાવતીરાસ (આ૦ હેમવિમલસૂરિ રાજ્યમાં)
૩૫. સુમતિસાધુસૂરિ વિવાહલો
(ઐતિહાસિકરાસ સંગ્રહ ભા૦ ૨ જો કવિપરિચયના આધારે)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રભાવકો—**

**આ૦ જયચંદ્રસૂરિ**—તેઓ ભ૦ મુનિસુંદરસૂરિના ગુરૂભાઈ હતા, તેમણે 'પ્રતિક્રમણ ગર્ભહેતુ' તથા 'વિંશતિસ્થાનક વિચારામૃતસંગ્રહ' રચ્યા. તે કુમઠીમાં સ્વર્ગે ગયા.

(વીરવંશાવલિ, વિવિધ—ગચ્છીય પટ્ટાવલિ, પૃ૦ ૨૧૬)

તેમની પાટે આ૦ ઉદયનંદી થયા.

(—પ્રક૦, ૫૦, પૃ૦ ૪૫૩, ૪૫૪, પ્રક૦ ૫૨, પૃ૦ ૫૨૬)

**આ૦ મલયચંદ્રસૂરિ**—બૃહદ્‌ગચ્છના રામસેનીયાવટક આ૦ મલયચંદ્રસૂરિ થયા. તેમણે સં૦ ૧૫૦૯માં પ્રતિષ્ઠા કરેલ ભ૦ સુમતિનાથની ધાતુ—પ્રતિમા સરધના (ઉ૦ પ્ર૦)માં વિદ્યમાન છે.

(જુઓ પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૯)

**આ૦ રત્નસિંહસૂરિ**

તે તપાગચ્છની વૃદ્ધપોષાળના ૫૭મા ભટ્ટારક હતા. તેમનું લોકપ્રિય નામ **આ૦ "રત્નાગર"** પણ મળે છે. તેમનાથી **રત્નાકર ગચ્છ** નીકળ્યો છે.

તેમણે સં૦ ૧૫૦૮માં અમદાવાદમાં ગુજરાતીભાષામાં "વસંત વિલાસ" અને "આદિનાથ જન્માભિષેક" બનાવ્યા.

(—પ્ર૦ ૪૪, પૃ૦ ૧૮)

**અરબસ્તાનમાં જૈનો**

ગિજનીમાં ધનાઢ્ય વ્યાપારી જૈનો રહેતા હતા તેનો પરિચય અમે પહેલા (પ્રક૦ ૩૫, પૃ૦ ૧૩૭, પ્રક૦ ૪૩, પૃ૦ ૭૬૭માં) આપ્યો છે.

બીજો ઉલ્લેખ મલે છે કે બગદાદમાં—અરબસ્તાનમાં પણ ધનાઢ્ય વ્યાપારી જૈનો વસતા હતા અને તેઓના **ધાર્મિક જીવનની અસર** તેઓના સહવાસીઓ ઉપર પણ પડી હતી.

**ડૉ૦ બનારસીદાસ જૈન** M. A. P. H. D. લખે છે કે—

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"મગર ફિરભી શ્રાવક લોગ તો વ્યાપારકે નિમિત્ત વિદેશોંમેં જાયા કરતે થે, ઔર વહાંકે રહનેવાલે ઇનકે સમ્પર્કમેં આયા કરતે થે. સંભવતઃ ઇન શ્રાવકોંકા પ્રભાવ અન્ય દેશોંકે કિસી ન કિસી વ્યક્તિ પર પડ જાતા હોગા. ઐસે એક વ્યક્તિ હૈ, **અબુલઅલા** જો અરબદેશકે પ્રસિદ્ધ **દાર્શનિક કવિ થે.**

મુઅરરાકે રહને વાલે થે૦ ઇસ લિએ વે સબ જગહ **અબુલ-અલામુઅરરીકે** નામસે પ્રસિદ્ધ થે. ઇનકા જીવન બડા નિવૃત્તિમય થા.

ઇનકો માંસ ભક્ષણકા સર્વથા ત્યાગ થા. યહાં તક કિ, યે દૂધ પીનેમેં ભી પાપ સમઝતે થે, ક્યોંકિ યહ તો ગાય ભેંસકે અપને બચ્ચોં કે લિએ હોતા હૈ, વે ઐસા દૂધ લેતે થે, જો બછડોંકો તૃપ્તિ પૂર્વક પી લેને કે પીછે બચે. ઇસી પ્રકાર વે શહદ(મધ)યા અંડેકા ભી સેવન ન કરતે થે. ઇનકા ભોજન ઔર વસ્ત્ર ઇતના **સાદા** હોતાથા, કિ અન્ય કોઈ પુરુષ ઇસે ખાના યા પહનના પસંદ ન કરે. વે "ચમડેકા જુત્તા" પહનના પાપ સમઝતે, ઇસ લિએ, પૈરોંમેં **લકડીકી ખડાઊં** ડાલા કરતે. "જીવ રક્ષામેં સાવધાન રહતે હુએ વે કપડેકા પ્રયોગભી બહુત થોડા કરતે, "યહાં તકકી નગ્ન રહના પસંદ કરતે થે." ઇનકા જન્મ સં૦ ૧૦૧૩મેં ઔર મૃત્યુ સં૦ ૧૧૧૫મેં હુઈ. ઇસ પ્રકારકે નિવૃત્તિપૂર્ણ ઔર દયાલુ વ્યક્તિકા અરબ જૈસે દેશમેં હોના આશ્ચર્યકી બાત હૈ. જર્મન વિદ્વાન્ ક્રેમર ઔર ગ્લાજનપ (HVGLASENAPP) કા અનુમાન હૈ કિ "જૈન ધર્મ કે પ્રભાવકે વિના ઇસ પ્રકારકા જીવન સંભવ નહીં."

અબુલઅલાને અપને જીવનકા અધિક ભાગ બગદાદમેં વ્યતીત કિયા. યહાં બહુતસે જૈન વ્યાપારી રહતે થે. ઉનકે સંસર્ગમેં આકર અબુલઅલાને માંસભક્ષણ આદિકા ત્યાગ ઔર જીવોં પર દયા કરના સીખા હોગા.

અરબકે અતિરિક્ત ચીની તુર્કિસ્તાનમેં ભી જૈન ધર્મ કે અસ્તિત્વકા અનુમાન કિયા ગયા હૈ, એન૦ સી૦ મહેતા કે આધાર પર **સી૦ જે૦ શાહ** લીખતે હૈ કિ "ચીની તુર્કિસ્તાનકે ગુફા મંદિરોંમેં જૈન ઘટના-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ઓંકે ભી **ચિત્ર** બનાયે જાને લગે થે" ઉનકે કથનકા આધાર હૈ "એ ફ્રાનલા કોક"કા ગ્રંથ, જિસમેં મધ્ય એશિયાકે બૌદ્ધ ગ્રંથોકા વર્ણન હૈ. (તા. ૧૪-૪-૧૯૬૨નો અંબાલાથી પ્રકાશિત વિજયાનંદ વર્ષ-૯, અંક ૧૧મો મહાવીર જયન્તી વિશેષાંક પૃ. ૩૧, ૩૨)

## રાઠોડવંશ-જોધપુર રાજાવલી.

**કર્નલ જેમ્સ ટોડ** લખે છે કે-

(૧) "એક જૈન યતિએ મને "નાડોલના મંદિરની પ્રશસ્તિનું ઓળિયું" આપ્યું હતું, 'તેમાં લખ્યું છે કે-"ઇન્દ્રના મેરુ દંડમાંથી **યવનાશ્વ રાઠોડ** નામે આદિ પુરુષ ઉત્પન્ન થયો! **તે પારલીપુત્રમાં** હતો."[1]

"આ ઓળિયામાં પ્રથમ **યવનાશ્વ રાઠોડની** ઉત્પત્તિ બતાવી. તેની પાછળ કનોજના **કામધ્વજની ઉત્પત્તિ** તથા વર્ણન આપ્યાં છે."

(૨) બીજી **વહિવંચાની રાજાવલી** મળે છે. તેમાં રાજા નયનપાલ રાઠોડથી પ્રારંભી, રાજા **યશોવંત રાઠોડ** (મૃ૦ વિ૦ સં૦ ૧૭૩૫) સુધીનું વર્ણન છે.

રાજા નયનપાલ રાઠોડ સં૦ ૫૨૬માં કનોજનો રાજા બન્યો.[2] ત્યારથી આરંભીને આ પ્રમાણે **રાજવંશ** બતાવ્યો છે.

**નયનપાલ-કામધ્વજ રાઠોડ**-તે કનોજનો રાજા બન્યો. તેને **પદારથ** વગેરે ૧૩ પુત્રો હતા.

તેના વંશનો રાજા **જયચંદ રાઠોડ** કનોજમાં થયો. તેણે યજ્ઞ તથા પોતાની પુત્રી "સંયુક્તાનો સ્વયંવર મંડપ" કર્યો.

**બારોટ ચંદ** કહે છે કે-"તેણે તેમાં અજમેરના રાજા **પૃથ્વી-**

---

૧. અંગ્રેજીમાં ડ ને બદલે ર લખવાનો રિવાજ છે. જેમકે (૧) ખેડા-કૈરા (૨) મેડતા-મેરતા (૩) વલસાડ-બલસાર વગેરે. એટલે આ પારલીપુત્ર તે પાડલીપુત્ર, પટણા હોય.

૨. સંભવ છે કે આ સંવત ૫૨૬ તે વિક્રમ સંવત હોય. અથવા વિ૦ સં૦ ૭૫૭ થી શરૂ થયેલો એવો અલ્પસ્થિતિ કાળનો "વહિવંચા સંવત" હોય. (-પ્ર૦ ૨૩, પ્ર૦ ૫૦૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજ ચૌહાણ તથા ચિત્તોડના ૪૩મા રાણા ગિલ્હોટ **સમરસિંહને** બોલાવ્યા ન હતા. પરંતુ પૃથ્વીરાજ ચૌહાણે તે જ દિવસોમાં કનોજ પહોંચી, યજ્ઞ તથા સ્વયંવર મંડપનો ઉત્સવ ભાંગી, તોડી, " રાજકુમારી સંયુક્તા "નું હરણ કર્યું. આથી કનોજમાં પાંચ દિવસ સુધી ગૃહયુદ્ધ ચાલ્યું. રાજપુતોમાં મોટી ફાટફુટ પડી, પરિણામે **શાહબુદ્દીન ગોરીએ** વિ૦ સં૦ ૧૨૪૯માં કનોજ–અજમેર વગેરે ઉપર ચડાઈ કરી. સૌને મારી, વટલાવી, " મુસલમાની રાજય " સ્થાપ્યું.

આ રાજા **જયચંદ રાઠોડ** પછી આ પ્રમાણે **રાજાવલી** મળે છે.

(૧) જયચંદ રાઠોડ (૨) × × × (૩) **શવજી રાઠોડ** તે જયચંદ રાઠોડનો **પૌત્ર** અથવા ભત્રિજો હતો તેનાં બીજાં નામો શિયોજી શિવજી અને સિંહજિત પણ મળે છે તેને **સત્યપાલ** નામે ભાઈ હતો તેઓ વિ૦ સં૦ ૧૨૬૮માં કનોજ છોડી, ૨૦૦ સાથીદારો સાથે મારવાડ આવ્યા. બીકાનેર પાસેના "કલુંમદમાં" જઈ ગુજરાત **પાટણ** ગયા. અને ત્યાંથી પાછા ફરી મારવાડમાં લૂણી નદીને કાંઠે **મીવો નગરમાં** (ખેરગઢમાં)થી રાજા "મહેશદાસજી" ગહેલાને ભગાડી, શિવજી ત્યાંનો રાજા બન્યો. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૩૦)

પછી તે શવજી પાલી જઈને વસ્યો. ત્યાં તેની સોલંકી રાણીએ **અશ્વત્થા** (આસથાન) નામના પુત્રને અને ચાવડી રાણીએ શોનિંગ અને અજમલ પુત્રોને જન્મ આપ્યો. શિવજીને ત્રણ પુત્રો થયા.

(૧) **અશ્વત્થા** તે પાલીનો રાજા બન્યો. (૨) **શોનિંગ**–તે ઇડરનો રાજા બન્યો. (?) (૩) **અજમલ**–તે ઓખા મંડળ સૌરાષ્ટ્રનો રાજા બન્યો. તેના પુત્ર વાઘેલાના વંશજો **વાઘેલા** કહેવાયા.

(૩) **શિવજી** (૪) અશ્વત્થા (આસ્થાન) (૫) રાયપાલ–તેને ૧૩ પુત્રો થયા. (૬) **કહુલ** તે વિ૦ સં૦ ૧૩૫૭માં **મુંદર** (મંડોર)ની ગાદીએ માં બેઠો. (૭) જહલન (૮) ચેદીરાજ (૯) ખેતરાજ (રાવછાડા) (૧૦) **શીલાૂક** (૧૧) **વીરમદેવ**

(૧૨) **ચંડ** (અથવા ચંડ ચંદ્રચૂડ) ચંડના મોટા પુત્ર અરણુકમલ્લ સાથે ઓરિતના ગોહેલ માણેકરાવની પુત્રી **કર્મદેવીનું** સગપણ થયું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતું. પણ તેને **સાધુ ભટ્ટી** પરણી બેઠો. પરિણામે તે બન્ને વચ્ચે વિ૦ સં૦ ૧૪૬૪માં યુદ્ધ થયું. તેમાં અરણકમલ જીત્યો. **કર્મદેવી** વિધવા બની, સતી થઈ. અરણકમલ્લે સાધુના બાપ રણરંગ ભટ્ટીને પણ હરાવ્યો. પછી ચંડ રાજાએ નાગોર પણ જીતી લીધું. ભટ્ટીઓએ રાજા ચંડને દગો કરી પરણાવવા બોલાવી ઓચિંતો હલ્લો કરી, મારી નાખ્યો.

**ચંડ રાઠોડનો** રાજકાળ વિ૦ સં૦ ૧૪૩૮ થી ૧૪૫૬ છે.

(૧૨) **રાવચંદ રાઠોડ**–તેને ૧૪ પુત્રો અને **હંસા** નામે એક પુત્રી હતી. તેણે હંસાને મેવાડના **રાણા લાખા** સાથે પરણાવી. લાખાને તેનાથી **કુંભોજી** નામે પુત્ર થયો.

(૧૩) **રાવ રણમલ**–તે વિલક્ષણ, ચતુર, રસિક રાજા હતો. તે ચિત્તોડમાં જ વધુ રહેતો હતો. અને ત્યાં જ મરણ પામ્યો. આથી ગિલ્હોતનો **રાજકુમાર નવલજી** મંડોરની ગાદી દબાવી બેઠો. રણમલના અવિચારીપણાથી તેનો પુત્ર **જોધોજી** અરવલ્લીની પહાડીમાં રઝળતો રખડતો બની ગયો. રણમલ્લને ૨૪ પુત્રો હતા. જોધાજીએ મંડોર જઈ, ત્યાંની ગાદી પોતાના હાથમાં લીધી.

(૧૪) **રાવ જોધોજી**–તેનો સં૦ ૧૪૮૪માં હુનલા ગામમાં જન્મ થયો હતો. તે મંડોરનો રાજા બન્યો. પછી તેણે વિ૦ સં૦ ૧૫૧૫ના જેઠ મહિનામાં મંડોરની દક્ષિણે ૨ કોશ દૂર નવું **જોધપુરનગર** વસાવ્યું. તે ૬૧ વર્ષની ઉંમરે સં૦ ૧૫૪૫માં મરણ પામ્યો. તેને ૧૬ પુત્રો હતા. જે સૌએ મારવાડને વિકસાવ્યું. તે આ પ્રમાણે–

મોટા પુત્ર **સાંતુલે** "સાંતલમેર" વસાવ્યું. ચોથા પુત્ર દુદુએ "મેડતામાં" ગાદી સ્થાપી. તેના વંશજો "મેડતીયા રાઠોડ" કહેવાયા. દુદાએ પોતાની પુત્રી **મીરાંબાઇને** રાણા કુંભા સાથે પરણાવી. દુદાનો પૌત્ર જયમલ્લ શૂરવીર હતો. તેણે ચિત્તોડના રક્ષણમાં અકબર સામે બહાદૂરી બતાવી હતી. છઠ્ઠા પુત્ર **વીકાજીએ** (વિક્રમે) સં૦ ૧૫૪૨ વૈશાખમાં જાંગલૂ પ્રદેશમાં **વીકાનેર** વસાવ્યું. અને સં૦ ૧૫૪૫ માં તેનો કિલ્લો બનાવ્યો.

(જાંગલ દેશ માટે જૂઓ પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૫) **વીકોજી**—તે સં૦ ૧૫૫૧માં મરણ પામ્યો. તેની પછી બીકાનેરની ગાદીયે ક્રમશ: (૧૬) જૈતમલ (૧૭) કલ્યાણમલ અને (૧૮) **રાયસિંહ** રાજા થયા હતા.

(૧૫) **રાવ સૂરજમલ** ( સં૦ ૧૫૪૫ થી ૧૫૭૨ ) તે જોધાજીનો **બીજો પુત્ર** હતો. તે રાજપદને લાયક હતો. તેણે ૨૭ વર્ષ રાજ્ય કર્યું. તેણે વિ૦ સં૦ ૧૫૭૨ માં **પીપાડ નગરમાં** પાર્વતી ઉત્સવમાં આવેલી ૧૪૦ રાજકન્યાઓનું હરણ કરનારા પઠાણદલને ભગાડયું. અને કુમારીઓને બચાવી લીધી. પણ તે યુદ્ધમાં લાગેલા ઘાથી ઘવાઈ, સં૦ ૧૫૭૨ના ભાદરવામાં મરણ પામ્યો.

(૧૬) **ગંગદેવ** ( સં૦ ૧૫૭૨ થી ૧૫૮૭ )

તે બા૦ બાબર અને રાણા **સંગ્રામસિંહના** યુદ્ધ થયા બાદ ૪ વર્ષે સં૦ ૧૫૮૭માં મરણ પામ્યો.

(૧૭) **રાવ માલદેવ** (સં૦ ૧૫૮૭થી ૧૬૭૧) તે **રાવ ગંગદેવ** પછી જોધપુરનો રાજા બન્યો. તેણે અજમેર, નાગોર, વિક્રમપુર અંબરથી ૧૦ કોશ દૂર **ચાટસુ** અને **શિરોહિ** વગેરે નગરો, જીતી લીધા તથા ૨૪૦,૦૦૦ રૂપીયા ખરચી, જોધપુરનો કિલ્લો બનાવ્યો. તે વિ૦ સં૦ ૧૬૨૫માં બા૦ અકબરને તાબે થયો અને તેની સાથે પોતાની પુત્રી જોધબાઈ પરણાવી.

રાવ માલદેવને (૧) રામસિંહ (૨) રાયમલ (૩) **ચંદ્રસેન** (૪) **ઉદયસિંહ** (૫) ઇશિકરણ (૬) ગોપાળદાસ (૭) પૃથ્વીરાજ (૮) રત્નસિંહ (૯) ભોજરાજ (૧૦) વિક્રમજિત (૧૧) ભાણ અને (૧૨) ××× એમ ૧૨ પુત્રો હતા. ( ટોડ રાજસ્થાન આધ્યાય, ૧ થી ૩ પૃ૦ ૪૪૧ થી ૪૭૨ )

૧૯ **ઉદયસિંહ**—( સં૦ ૧૬૪૦ થી ૧૬૬૪ )

તેણે વિચાર્યું કે પિતા માલદેવ અને મોટો ભાઈ **ચંદ્રસેન** એ બન્નેય મારવાડને મોગલોથી બચાવવા જતાં ખુવાર થયા હતા અને આખરે તેઓ નિરાશ થયા હતા તો મારે તે ઉપાધિથી મુક્ત રહી, અકબરને આધીન રહી ને જ, સુખશાંતિમાં જીવન ગાળવું. એજ વિશેષ લાભકારક છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે **વિલાસપ્રિય,** સુખમગ્ન, અને નમ્રસ્વભાવનો હતો. **બા૦ અકબરે** જોધપુરની ગાદીએ તેને જ બેસાડયો. તેને ૨૫ રાણીઓ હતી. નીચે પ્રમાણ પુત્ર પૌત્રો થયા

**રાઠોડ ઉદયસિંહને** (૧) **શૂરસિંહ** (૨) અખેરાજ,

(૩) **ભગવાનદાસ,** (તેના પુત્ર **ગોવિંદે** "ગોવિંદગઢ સ્થાપ્યો") (૪) નરહર (૫) **શક્તિસિંહ** (૬) ભૂપત (૭) દલપત (૮) જયંત (૯) **રાવ કિસનસિંહ** (તેણે વિ૦ સં૦ ૧૬૬૯માં સને ૧૬૧૩માં કિસનગઢ "વસાવ્યું તેમજ તેના પ્રપૌત્ર રૂપસિંહે રૂપનગર પણ વસાવ્યું.) (૧૦) **યશોવંત**– (તેના વંશજોએ "માનપુર" તથા "પીશનગઢ" વસાવ્યાં. (૧૧) રામદાસ (૧૨) પૂરણમલ (૧૩) રામદાસ ××× (૧૪) મથુરદાસ (૧૫) મોહનદાસ (૧૬) કિબતસિંહ (૧૭) ××× એમ **૧૭ પુત્રો** હતા. તેમજ **૧૭ પુત્રીઓ** હતી.

(ટોડ અધ્યા૦ ૪, પૃ૦ ૪૭૨ થી ૪૭૮)

(૨૦) **રાવ શૂરસિંહ**–(સં૦ ૧૬૬૧ થી ૧૬૭૬) મૃત્યુ સને ૧૬૨૦

તેણે "શૂરસાગર તળાવ" મંદિરો વગેરે બનાવ્યાં. તેને ૬ પુત્રો, અને ૭ પુત્રીઓ હતાં.

(૨૧) **ગજસિંહ**–(સં૦ ૧૬૭૬ થી૧૬૯૪) (મૃ૦ સને ૧૬૩૮)

તેને **અમરસિંહ** અને **યશવંતસિંહ** બે પુત્રો હતા **બા૦ જહાંગીર** રાઠોડ કન્યાને પરણ્યો હતો. તેને "પારબેજ" પુત્ર જન્મ્યો, જે દિલ્હીનો ખરો **ઉત્તરાધિકારી** હતો. પછી બા૦ જહાંગીરને અંબર(જયપુર)ની રાજકન્યાથી "ખુરમ" નામે પુત્ર થયો. તે પણ બાદશાહ થવા ઇચ્છતો હતો. તે નાનો છતાં ગુણવાન, ઘણાનો પ્રીતિપાત્ર હતો. આ ગરબડથી રાઠોડ ગજસિંહ અને ખુરમ વચ્ચે મનોભેદ પડયો. **ખુરમે** શાહજાદા પારબેજને માર્યો.

રાવ ગજસિંહ રાઠોડ તપગચ્છના ૬૦મા **ભ૦ વિજયદેવસૂરિનો** ભક્ત હતો. (પ્રક૦ ૬૦)

(૨૨) **યશવંતસિંહ** (સં૦ ૧૬૯૦ થી ૧૭૩૭) (સને ૧૬૩૪ થી ૧૬૮૧).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાવ ગજસિંહે સં૦ ૧૬૯૦ના વૈશાખમાં મોટા પુત્ર અમરસિંહનો વારસાહક્ક–રાજ્ય હક્ક રદ કરી, તેનેપરદેશવટો, આપ્યો અને બીજા પુત્ર **યશવંતસિંહને** રાજ્યતિલક કરી, પોતાનો **ઉત્તરાધિકારી** બનાવ્યો, અમરસિંહ બા૦ જહાંગીરની રાજસભામાં મરણ પામ્યો. તેને મોટો પુત્ર પૃથ્વીસિંહ હતો, રાવ યશવંતસિંહ, ૪૨ વર્ષ રાજ્ય કરી, સં૦ ૧૭૩૭માં મર્યો. તેજ સાલમાં મહારાષ્ટ્રમાં શિવાજી રાઠોડ પણ મર્યો. ઔરંગઝેબે રાવ યશવંતસિંહના પરિવાર ઉપર ઝુલમ ગુજાર્યો.

( ટોડ અધ્યા૦ ૧ થી ૬, પૃ૦ ૪૪૧ થી ૫૦૩)

(૨૩) **રાવ અજિતસિંહ** (સં૦ ૧૭૫૧ના પોષથી સં૦ ૧૭૮૧ના અષાડ સુધી ).

રાવ યશોવંત મર્યો. ત્યારે તેની પટ્ટરાણીને ૭ મહિનાનો ગર્ભ હતો. તે સિવાયની સૌ રાણી રાવની પાછળ સતી થઈ, મરણ પામી. પટ્ટરાણીએ **અજિતને** જન્મ આપ્યો. ઔરંગઝેબે બચપણમાં જ અજિતનો વિનાશ કરવા બાજી ગોઠવી હતી. પણ સામંતોએ તેને બચાવી લીધો. અજિતને ચૌહાણી રાણીના પુત્રો **મોટો અભય,** નાનો પુત્ર **ભક્તિસિંહ** વગેરે ૧૨ પુત્રો હતા. **ભક્તિસિંહે** અભયની શીખવણીથી નાગોરના રાજ્યલોભથી પિતા અજિતસિંહને માર્યો. રાવ **અજિતસિંહ પવિત્ર ચરિત** રાજા હતો. ( ટોડ. અધ્યાય ૧ થી ૯, પૃ૦ ૪૪૧ થી ૫૩૯)

( –જૈન ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૨૨૮)

(૨૪) **અભયસિંહ**–(સં૦ ૧૭૮૧ થી ૧૮૦૬)

દિલ્હીના ૧૭મા બાદશાહ મહમ્મુદે તેને જોધપુરની ગાદીએ બેસાડયો. આ અરસામાં **સુલતાન નાદીરશાહે** ભારત ઉપર હલ્લો કર્યો. હતો.

**નોંધ :** બા૦ મહમ્મદ અને રાવ અભયસિંહ રાઠોડે ( સં૦ ૧૭૮૯ થી ૧૮૯૩ સુધી **રત્નસિંહ ભંડારીને** અમદાવાદનો સુબો નીમ્યો હતો.

( –પ્રક૦ ૪૪, પૃ૦ ૨૨૮)

(૨૫) **રાવ રામસિંહ**–તે સને ૧૭૭૩માં મરણ પામ્યો.

(૨૬) **રાવ વિજયસિંહ**–તે વિ૦ સં૦ ૧૮૫૦ અષાડ માસમાં તે મરણ પામ્યો. ( ટોડ૦ અધ્યાય ૧૩, પૃ૦ ૫૯૩ પુરો )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નોંધ :** (૧) કિસનગઢની રાજાવલીમાં (૨૦) રાવ **કિસનસિંહ રાઠોડ** તેણે સને ૧૬૧૩ વિ૦ સં૦ ૧૬૬૯માં કિસનગઢ નગર વસાવ્યું. તેને **સહસ્રમલ જગમલ્લ** અને **ભલમલ્લ** એમ ત્રણ પુત્રો થયા.

(૨૧) રાવ **ભલમલ્લ** (૨૨) રાવ **હરિસિંહ** (૨૩) રાવ **રૂપસિંહ**–તેણે "રૂપનગર" વસાવ્યું.

(૨) અમે મેવાડના તાબાના હત્થુંડીનગરના "હત્થુંડીયા રાઠોડોની રાજાવલી" પહેલા (પ્ર૦ ૩૨, પૃ૦ ૫૯૨માં) આપી છે.

(૩) અમે પહેલાં (પ્રક૦ ૩૨, પૃ૦ ૫૩૫, પૃ૦ ૫૩૬માં) મહારાષ્ટ્રથી આવેલા રાષ્ટ્રકૂટ–રાઠોડોની રાજાવલી આપી છે.

(૪) રાઠોડ ક્ષત્રિય જાતિમાંથી ઘણી શાખાઓ અને ગોત્રો જૈન બની ઓસવાળ, પોરવાડ, અને શ્રીમાળી જ્ઞાતિઓમાં ભળી ગયા છે. આ પ્રમાણે જાણવા મળે છે.

**રાઠોડનાં ગોત્રો ચોરડિયા,** ભટનેરા, **ચોધરી, સાવણસુખાં,** ગુલેચ્છા, બૂચા, ગદહયા. **પારેખ** વગેરે.

**રાઠોડની ૧૬ ઓસવાળ શાખાઓ—**

ચુડલા (૧૪૫૨), કોરિયા, સાંગઈ **(સીંઘી),** પેખડ કક્કા, **ગંગર,** લાપસીયા, ભીઘરા, સાયલા, **ઝોટા** લોઢાયા (સં૦ ૧૫૫૦) છાડવા (સં૦ ૧૪૩૦) ધર્મસિંહ, કોફલિયા, **કુંભડિયા** (કોબરિયા) પોલડિયા.

**રાઠોડની બીજી શાખાઓ—**

રાઠોડ, ભડેલ, ધાંધલ (સં૦ ૧૩૫૭), ચકિત પુહડિયા, **ખોખરા,** બહુરા, છાજિડા, રામદેવા, **હત્થુંડિયા, રાતડિયા,** છપાર્નીયા, **સુંહું, માલાવત,** કટેચા, મુહોલી, ગોગાદેવા, મહૂચા, જયસિંહ પુરસિયા, જોબસિયા, **મેડતીયા, કમધજ,** અભયપુરા, જયવંતા, બગલાના, અહિરાવ, કરહા, જલખેડિયા, **ચંદેલ,** અજબેરિયા, ખૂરા, ધીરા, કપાલિયા, એરંદા વગેરે.

**પ્રાચીન ગોત્રોચ્ચાર**

ગૌતમ–ગોત્ર, માધ્યંદિની=શાખા, શુક્રઆચાર્ય–ગુરુ, ગાર્હપત્ય–અગ્નિ, પંખીણીદેવી–કુલદેવી. (સં૦ ૨૦૦૪, ક્ષેમસિંહ મો. રાઠોડકૃત, ઓસવાલ વંશનો ઇતિ. પૃ. ૧૧૬, ૧૬૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫–**વિશેષમાં** (૧) આ ઉપરાંત રાઠોડમાંથી ઓસવાળનું **મુણોત, ગોત્ર** (સં૦ ૧૩૫૭) અને શ્રીમાળીનું ચવાલસ–(**રાણપુરા નગરશેઠ**) ગોત્ર નીકળ્યાનું જાણવા મળે છે.

**નોંધ :** અમે ઇતિ૦ પ્ર૦ ૬૦માં મુહણોત–મુણોત ગોત્રના **દિવાન જયમલ** વિગેરેનો (પ્રક૦ ૩૭, પૃ૦ ૨૩૨) તથા **કવાડશાખા** વિગેરેનો પરિચય આપીશું.

(૨) અમે ઉપર રાઠોડનું જે ચવાલસ–"રાણપુર નગરશેઠ" ગોત્ર નીકળ્યાનું બતાવ્યું છે. **વહીવંચાઓ** તેનો **ગોત્રોચ્ચાર** આ પ્રમાણે બતાવે છે.

શાખા–**યાદવ,** ગોત્ર–**કૃષ્ણી, ત્રિપ્રવર,** કુલ, **ચવાલસ,** શાખા–માધ્યંદિની, વેદ–યજુર્વેદ, કુલદેવી–**અંબાજી** વગેરે.

આ ગોત્રોચ્ચારના યાદવ, **કૃષ્ણી,** ત્રિપ્રવર, અને ચવાલસ શબ્દો ભારતીય જાતિની મૂળ ઉત્પત્તિના ઇતિહાસમાં વિચારણીય નવી ભાત પાડે છે. કુળદેવી–અંબાજી એ તેના જૈન–શ્રીમાળી જ્ઞાતિનું સૂચક છે.

અમે પ્ર૦ ૫૮–૫૯માં નગરશેઠ, **જગત્ શેઠ,** અને ચાંપાનેરી શેઠ, વગેરેની વંશતાલિકા આપીશું. સાથોસાથ ત્યાં રાણપુરા શેઠની પણ **ટૂંકી** વંશતાલિકા આપવા પ્રયત્ન કરીશું.

(૩) **શ્રી ક્ષેમસિંહ રાઠોડે** શોનિંગ રાઠોડના વંશજોને હત્થુંડીના રાજા બતાવ્યા છે. તે બરાબર નથી. કેમકે રાજા **વિદગ્ધરાજ રાઠોડ** વિ૦ સં૦ ૯૪૩માં હત્થુંડીનો રાજા હતો.

(–ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૫૭૬, ૫૯૩)

એટલે હત્થુંડીયાનો ઇતિહાસ વધુ સંશોધન માંગે છે.

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ : ત્રેપનમું

*

## (૫૩) ભ૦ લક્ષ્મીસાગરસૂરિ સ્વ૦ સં૦ ૧૫૪૭

## (૫૪ મા) આ૦ સોમદેવસૂરિ

*

તેમનો સં૦ ૧૪૬૪ના ભાદરવા વદિ ૨ ની સવારે અશ્વિની નક્ષત્રમાં, કુંભ લગ્નમાં, ગુજરાતના **ઉમતા** ગામમાં શેઠ કરમશીની પત્ની કરમાદેવીની કૂખેથી જન્મ થયો. તેમનું નામ **દેવરાજ** રાખવામાં આવ્યું. **દેવરાજ** મુનિવરોનો ભક્ત હતો. તે રોજ ઉપદેશ સાંભળતો, ધીમે ધીમે તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને તે દીક્ષાનો ભાવુક બન્યો. માતાએ તેને **ભ૦ મુનિસુંદરસૂરિની** સેવામાં મૂક્યો. ભટ્ટારકે ૬ વર્ષના એ દેવરાજને સં૦ ૧૪૭૦માં ઉમતામાં અગર પાટણમાં તેની માતાની આજ્ઞા મેળવી, દીક્ષા આપી. તેમનું નામ **મુનિ લક્ષ્મી-સાગર** રાખવામાં આવ્યું. તેમને **આ૦ સોમસુંદરસૂરિએ** સં૦ ૧૪૭૯માં ગણિપદ, સં૦ ૧૪૯૬માં રાણકપુરમાં **પંન્યાસ પદ** આપ્યાં. આ૦ મુનિસુંદરસૂરિએ સં૦ ૧૫૦૧માં મુંડસ્થલમાં **ઉપાધ્યાય પદ** આપ્યું અને આ૦ **રત્નશેખરસૂરિ** તથા આ૦ ઉદયનંદિસૂરિએ ભ૦ આ૦ **મુનિસુંદરસૂરિની** મનોભાવના મુજબ સં૦ ૧૫૦૮માં મેવાડના મજ્જાપદ્રમાં (મજેરામાં) **આચાર્ય પદ** આપ્યું.

મહો૦ લક્ષ્મીભદ્રગણિ અને આ૦ લક્ષ્મીસાગરસૂરિનાં નામોમાં એકતા હોવાથી તે કાલની કોઈ કોઈ ઐતિહાસિક ઘટનામાં ગરબડ થાય તેમ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**યુગપ્રધાન**

આ૦ લક્ષ્મીસાગરસૂરિ સં૦ ૧૫૧૭ (૧૫૧૮)માં ઈડરમાં શેઠ **શ્રીપાલ** અને વડનગરના **સં૦ મહાદેવ** વગેરેએ કરેલા ઉત્સવમાં **ગચ્છનાયક** બન્યા. તેમણે તે જ અવસરે આ૦ **સુમતિસાધુસૂરિ** વગેરે **૧૧** મુનિવરોને **નવા આચાર્યો** બનાવ્યા, અને આ૦ સુમતિસાધુસૂરિને પોતાની પાટે ૫૪મા–ગચ્છનાયક સ્થાપ્યા. **પં૦ સુધાનંદન** તથા પં૦ હેમહંસગણિને **ઉપાધ્યાય પદ,** તથા સાધ્વી ઉદયચૂલાને **મહત્તરા પદ** આપ્યાં, ત્યારે બધા આચાર્યો, ઉપાધ્યાયો, મુનિવરો, મહત્તરા સાધ્વીઓ, શ્રાવક–શ્રાવિકા વગેરે શ્રીસંઘે મળીને ભ૦ લક્ષ્મીસાગરસૂરિને **યુગપ્રધાન** તરીકે માન્યા. તેમની ઘણી શિષ્ય પરંપરાઓ ચાલી તેમણે સં૦ ૧૫૪૭માં (સં. ૧૫૩૭માં હાડોતી દેશના સુમાહલી ગામમાં) **સ્વર્ગગમન** કર્યું. તે ગચ્છનાયક બન્યા. તે પછી તરતનો એટલે સં૦ ૧૫૧૭ના મહા સુદિ ૫ નો તેમનો **પ્રતિમાલેખ** મળે છે.

**સ્વભાવ**

આ૦ લક્ષ્મીસાગરસૂરિ શાંત, મધુરભાષી, અને તપસ્વી હતા. આચાર્યશ્રી સં૦ ૧૫૧૭ પછી તુરતમાં માળવામાં વિચર્યા, અને તે પછી ગુજરાતમાં પધાર્યા. વચલાં વર્ષોના ગાળામાં ગુજરાતમાં **આ૦ સોમદેવ** અને ઉ૦ **રત્નમંડન** વચ્ચે ઝઘડો પડ્યો. ગચ્છનાયકે સં૦ ૧૫૨૦માં ખંભાત આવી, તે ઝઘડો મટાડ્યો. અને તે બંને વચ્ચે **મેળ** કરાવ્યો. એ રીતે તેમણે તપગચ્છને વધારે પુષ્ટ કર્યો. શ્રાવકોએ સં૦ ૧૫૨૨માં ગચ્છની **પરિધાપનિકા** કરી.

**પદવીપ્રદાન**

ગચ્છનાયકે આ૦ સોમદેવ ઠા૦ ૨૯, આ૦ સુધાનંદન આ૦ શુભરત્ન ઠા૦ ૧૪, મોટા તાર્કિક આ૦ **સોમજય** ઠા૦ ૨૫, આ૦ **જિનસોમ** ઠા૦ ૧૫, આ૦ જિનહંસ ઠા૦ ૩૯, આ૦ સુમતિસુંદર ઠા૦ ૫૩, **આ૦ સુમતિ સાધુ** ઠા૦ ૫૩, આ૦ રાજપ્રિય ઠા૦ ૧૨, આ૦ **ઇંદ્રનંદિ** ઠા૦ ૧૧ વગેરે ૧૧ આચાર્યો, ઉપા૦ **મહીસમુદ્ર** ઠા૦ ૨૯, ઉપા૦ લબ્ધિસાગર ઠા૦ ૨૭, ઉપા૦ અમરનંદિ ઠા૦ ૧૭,

ઉપા૦ **જિન માણિક્ય** ઠા૦ ૨૧, ઉપા૦ **ધર્મહંસ** ઠા૦ ૧૨, ઉપા૦ ગુણસોમ ઠા૦ ૧૧, ઉપા૦ **અનંતહંસ** વગેરે ૧૯ ઉપાધ્યાયો, ૨૮૯ **પંન્યાસો** વિદ્વાનો **અને** ૫૦૦ નવા મુનિવરો બનાવ્યા. તે આ રીતે મહાપ્રભાવશાલી થયા.

આચાર્યશ્રીએ આશાપલ્લીમાં પાટણના શેઠ છાડા પોરવાડના વંશના સં૦ દેતાની પુત્રી પૂરી, દીક્ષા નામ સાધ્વી **સાધુલબ્ધિને** પ્રવર્તિની પદ આપ્યું. (પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૧) આશાપલ્લીમાં જૂઠા મઉઠાના ઉત્સવમાં સાધ્વી **સોમલબ્ધિ** વગેરે ૮ ગણિઓને **પ્રવર્તિની પદ** આપ્યું. સાધ્વી ઉદયચૂલા ગણિની વગેરેને '**મહત્તરા પદ**' આપ્યું.

ગચ્છનાયક આ૦ લક્ષ્મીસાગરસૂરિ અને **આ૦ સોમદેવસૂરિ** એ બંને સાથે રહીને એકમતથી શાસનપ્રભાવનાનાં સર્વ કાર્ય કરતા હતા.

## પ્રતિષ્ઠાઓ

ભ૦ લક્ષ્મીસાગરસૂરિ અને આ૦ સોમજયસૂરિના ઉપદેશથી શેઠ છાડાના વંશજ સં૦ **ખીમજી**, તથા સં૦ **સહસા પોરવાડે** સં૦ ૧૫૨૭માં પાવાગઢમાં પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૫૩૩માં શત્રુંજય ગિરનાર તીર્થના છરી પાળતા યાત્રાસંઘો કાઢ્યા, દાનશાળાઓ સ્થાપી, અને મોટાં ધર્મકાર્યો કર્યાં. તેઓએ સં૦ ૧૫૩૮માં જૈન સિદ્ધાંતો લખાવ્યા.

(–પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૨)

ગચ્છનાયકે સં૦ ૧૫૧૮, ૧૫૨૯માં ડુંગરપુરમાં મંત્રી શાલાશાહસાધુની પિત્તલની ૧૨૦ આંગળ ઊંચી જિનપ્રતિમા વગેરે ઘણી પ્રતિમાઓની, માંડવગઢના બા૦ આલમશાહના મંત્રી ચંદસાધુના લાકડાના ૭૨ જિનાલયોની તથા ચોવીશવટાઓની, મહમ્મુદ બેગડા (સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦)ના મંત્રી **ગદરાજ** શ્રીમાલીના અમદાવાદના જિનાલયની તથા **સોજિત્રાના** જિનાલયની, સં૦ ૧૫૧૫મા આબૂના ભીમવિહારમાં મંત્રી સુંદરજી શ્રીમાલી તથા મંત્રી ગદરાજ શ્રીમાલીએ ભરાવેલી પિત્તલની ૧૦૮ મણ વજન વાળી ભ૦ આદીશ્વરની પ્રતિમાની, ઇડરગઢમાં રાજમહેલની ઉપરના ભાગમાં બનેલા જિનપ્રાસાદની, અકમીપુર(અહમદાવાદ)માં સોની પતા, સોની ઈશ્વર, સોની હરિચંદ

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓસવાલના ભ૦ અજિતનાથની પ્રતિમાની, આબુ અચલગઢ ઉપર માંડવગઢના માળવાના બા૦ ગ્યાસુદ્દીનના **ધર્મમિત્ર** દિવાન રાણકપુરના સં૦ **રત્ના** પોરવાડના પૌત્ર **સં૦ સહસાએ** બનાવેલા અચલગઢના ચૌમુખ જિનપ્રાસાદની, દેવાસના સં૦ ભાદા કાનાએ બનાવેલા જિનપ્રાસાદની, **દેવાસમાં** માલવાના "મફર મલેક" મેઘજીના માન્યમંત્રી **દેવસી** પોરવાડના ૨૪ જિનપ્રાસાદની જિન પ્રતિમાઓની, **ધારમાં** વીશા પોરવાડ સં૦ હરખાના ૧૧ જિન પ્રાસાદોની, સં૦ ૧૫૨૩ના વૈશાખ સુદિ ૮ ની ભ૦ કુંથુનાથની પ્રતિમા અચલગઢમાં નીચે કુંથુનાથ ભ૦ના જિનાલયમાં છે. તે વગેરેની પ્રતિષ્ઠા કરી હતી.

## જૈન તીર્થો

### (૧) માતર તીર્થ

**આ૦ લક્ષ્મીસાગરસૂરિએ** સં૦ ૧૫૨૩ ના વૈ૦ વ૦ ૭ ના દિવસે ભ૦ સુમતિનાથની પ્રતિમાની અંજનશલાકા કરી હતી. આ પ્રતિમા આજે માતર તીર્થમાં બિરાજમાન છે. પ્રતિમા ચમત્કારી છે. **'સાચાદેવ સુમતિનાથ'** તરીકે પ્રસિદ્ધ છે. આ મૂર્તિના કારણે જ માતર તીર્થ બન્યું છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ તીર્થનો જીર્ણોદ્ધાર અમદાવાદવાળા પોરવાડ શેઠ જમનાભાઈ ભગુભાઈનાં પત્ની ધર્મપ્રેમી **માણેકબહેને** કરાવ્યો છે આ૦ **વિજયસિદ્ધિસૂરિ દાદાના** હાથે પ્રતિષ્ઠા-સ્થાપના કરાવી છે.

### (૨) ગોડીપુર તીર્થ

ગુજરાત પાટણમાં વિ૦ સં૦ ૧૪૬૨ થી ૧૧૭૦ સુધી દિલ્હીના બાદશાહ વતી હસનખાંન બીજું નામ હીસામુદ્દીન સુબો હતો.

ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિએ સં૦ ૧૨૨૮ માં પાટણમાં ગોડી પાર્શ્વનાથની પ્રતિમાની અંજનશલાકા કરી હતી. આ પ્રતિમા સુબા હીસામુદ્દીનને મળી તે મહા ચમત્કારી હતી. તેથી તેણે સં૦ ૧૪૭૦માં આ પ્રતિમા નગરપારકરના મેઘા મીઠડિયાને આપી.

મેઘાશાહે પ્રતિમા લઈ જઈ સં૦ ૧૪૮૨ માં નવું ગોડીપુર ગામ વસાવી ત્યાં મોટો જિનપ્રાસાદ બનાવ્યો. તેના મરણ બાદ તેના પુત્ર

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**મેહરે** સં૦ ૧૫૧૫માં તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. ત્યારથી આ તીર્થધામ બન્યું. ત્યારબાદ ઘણા સ્થાને ગોડી પાર્શ્વનાથની પ્રતિમાઓ બની છે. (–ઇતિ૦ પ્રક૦ ૪૨, પૃ૦ ૭૩૯ થી ૭૪૨ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૯૨)

## (૩) બામણવાડજી તીર્થ

મારવાડમાં પીંડવાડાથી ૪॥ માઇલ દૂર અને વીરવાડાથી ૧ માઈલ દૂર એક નાનકડી ટેકરી પાસે એક વિશાળ ભૂમિભાગમાં બાવન દેરીવાળો ભવ્ય જિનપ્રાસાદ છે. તેમાં ભગવાન મહાવીર સ્વામીની પ્રાચીન ભવ્ય પ્રતિમા છે. જે વેલુ (રેતી)ની બનેલી છે. ઉપર મોતિનો **લેપ** કરેલો છે.

અમે પહેલાં (પ્રક૦ ૩૭ પૃ૦ ૩૦૩ પ્રક૦ ૪૨ પૃ૦ ૭૪૩ માં) **વિવિધ જૈન સ્થાપના તીર્થોનો ઇતિહાસ** બતાવ્યો છે, તે પ્રમાણે શ્રી શ્રમણ સંઘે ભગવાન મહાવીરસ્વામીના ચ્યવન કલ્યાણકની ભૂમિ કુંડગ્રામના **બ્રાહ્મકુંડની** ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાને મારવાડમાં લાવી, બ્રાહ્મણવાડામાં સ્થાપી. **વીરવાડા** વસાવ્યું, ત્યારથી બ્રાહ્મણવાડજી તીર્થ બન્યું છે. વાસ્તવમાં આ **સ્થાપના તીર્થ** છે, અહીં સંઘે સાથેસાથ ચંડકૌશિકના ઉપસર્ગનું પણ **સ્થાપના તીર્થ** બનાવ્યું છે.

અહીં જિનાલયમાં સં૦ ૧૪૮૨ની ધાતુ પ્રતિમા વિદ્યમાન છે.

મંદિરની ચારે બાજુ બાવન નીચી દેરીઓ છે. તેની ઉપર સં. ૧૫૧૯, ૧૫૨૧, ૧૫૨૨, ૧૫૨૩ વગેરે સાલના લેખો છે. દેરીઓના લેખોમાં "**શ્રી બ્રાહ્મણવાડા મહાસ્થાને**" લખ્યું છે. **ભ૦ વિજયલક્ષ્મીસાગરસૂરિ** અને તેમના પરિવારના મુનિવરોના પ્રતિષ્ઠાપક તરીકે લેખો છે. તેમજ વીરવાડા અને લાજ વગેરે ગામના જૈનોનાં નામ છે. જિન પ્રાસાદના આગળા ચોકમાં **તીર્થપટો** અને ભ૦ મહાવીરસ્વામીના જીવન પ્રસંગોના આરસમાં ઉત્કીર્ણ પટો છે. જિનાલયનાં બહાર વિશાળ ધર્મશાળા છે; બહારના ભાગમાં ભ૦ મહાવીરસ્વામીના "ખીલાના ઉપસર્ગ"ની દૃશ્યની દેરી છે. ધર્મશાળાનાં પાછળ ટેકરી ઉપર **આ૦ વિજયશાન્તિસૂરિની ગુફા,** (ત્રણ માળનો બંગલો,) **અને** એક દેરીમાં **વીર ચરણ પાદુકા** છે. બામણવાડમાં ફા૦ સુ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧ તથા ભા૦ સુ૦ ૧૩ના મેળા ભરાય છે. પાસે **વીરવાડા** ગામ છે. જે ગામ આ તીર્થને ભેટ મળેલું છે.

વીરવાડામાં ૧૦ જૈન ઘરો અને ૨ જિનાલયો છે. વીરવાડાના જૈનો આ તીર્થનો તથા સીવેરા, ઉંદરા, **મીરપુર,** તેલપુર, બાલદાગામ વગેરેના જિનાલયોનો વહીવટ કરે છે. વીરવાડાથી શિરોહી ૧૦ માઈલ થાય છે. (–જૈન તીર્થનો ઇતિહાસ પૃ૦ ૩૨૯, ૩૩૦)

ઇતિહાસ પ્રેમી પૂ૦ પં૦ **કલ્યાણવિજયજી ગણિ** લખે છે કે– શિરોહીના **મહારાવ શિવસિંહજીએ** આશરે સો વર્ષથી બામણવાડજીના જિનાલયને વીરવાડા ગામની રોકડ આવકમાંથી બાર આની ભાગ, જમીનની મહેસુલી ઉપજમાંથી આઠ આની ભાગ, અને તે ઉપરાન્ત બીજા પણ અરટો ( રેંટવાળા–કૂવાવાળા ખેતરો ) વગેરેની વાર્ષિક બે હજારની **આવક ભેટ** કરી છે

આજે પણ બામણવાડજી જિનાલયને તે ભેટ બરાબર મળે છે.

(વિ૦ સં૦ ૧૯૮૭ ચૈ૦ વ૦ ૧૦ તા. ૧૨–૪–૧૯૩૧ રવિવારનું સાપ્તાહિક જૈન વ. ૨૯ અં૦ ૧૪ પૃ. ૨૯૨, ૨૯૩)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## (૪) ગંભીરા પાર્શ્વનાથ

આ૦ લક્ષ્મીસાગરસૂરિનો સં૦ ૧૫૩૧ નો પંચતીર્થીપ્રતિમાલેખ મળે છે. તેમાં તે પોતાને તપાગચ્છીય આ૦ સોમસુંદરસૂરિના સંતાનીય બતાવે છે. આ૦ લક્ષ્મીસાગરસૂરિએ સં૦ ૧૫૨૫ વૈ૦ વ૦ ૧૦ને રોજ ડુંગરપુરમાં મંત્રીસાલ્હાશાહના ગંભીરાપાર્શ્વનાથના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી હતી. ( વીરવંશાવલી : પૃ૦ ૨૧૬) ( પ્રક૦ ૫૦, પૃ૦ ૪૭૦)

**ગ્રંથભંડારો–ગ્રંથલેખન** (અમદાવાદ)

**આ૦ લક્ષ્મીસાગરસૂરિ** તથા (૫૬ મા) આ૦ સોમજયસૂરિના ઉપદેશથી સં૦ ૧૫૧૮ માં અમદાવાદમાં, પાટણના દેવા શ્રીમાલીએ, સં૦ ૧૫૩૮ માં શેઠ છાડાપોરવાડના વંશજ સં૦ ખીમજી અને સં૦સહસાએ, સં. ૧૫૨૯માં, અમદાવાદમાં મહમ્મુદ બેગડાના મંત્રી ગૂર્જરજ્ઞાતીય **સં૦ ગદરાજે,** સં૦ ૧૫૩૮માં અમદાવાદમાં પાટણના શેઠ મદન શ્રીમાલીના વંશજ ‘ વચ્છેરક ’ ખિતાબવાળા શેઠ સદાનંદના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓરમાનભાઈ અમદાવાદમાં આવી વસેલા **શેઠ દેવરાજ** ( પ્રક૦ ૪૫, પૃ૦ ૩૯૫ ) વગેરેએ, "મોટા ગ્રંથભંડારો" બનાવ્યા હતા.

આ ગ્રંથભંડારો **ઉપા૦ જયમંદિર ગણિ** વગેરેની દેખરેખ નીચે સ્થપાયા હતા, અને આ૦ સોમજય તથા ઉપા૦ **જિન માણિક્યગણિ** વગેરેએ તેના ગ્રંથોનું સંશોધન કર્યું હતું. (–પ્રક૦ ૪૧, પૃ૦ ૬૮૨)

ગુજરાત–પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં 'અંગવિજ્જા પઈન્નય'ની પ્રતિ છે, જે સં૦ ૧૫૩૮ માં લખાયેલી છે.

(ઇતિ૦ પ્રક૦ ૪૫ પૃ૦ ૨૯૨ પ્રક૦ ૪૫ પૃ૦ ૩૯૫)

અમદાવાદના શ્રી પ્રાચ્ય જૈન વિદ્યાભવનમાં શ્રી.–**ચારિત્રવિજયજી જ્ઞાનમંદિરમાં** આ૦ નેમિચંદ્રસૂરિના 'પ્રવચનસારોદ્ધાર'નું **આ૦ ઉદયપ્રભસૂરિએ** બનાવેલ 'ટિપ્પન–વિષમપદાર્થાવબોધ' (ગ્રં૦ ૩૨૦૩"ની હસ્તલિખિત પ્રતિ ૪૫ પત્રની છે. તેમાં ગ્રંથપુષ્પિકા નીચે પ્રમાણે છે. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૪૫, પ્રક૦ ૪૫ શા૦ દેધરનોવંશ)

संवत १५६९ वर्षे श्रावणवदि ९ बुधे

श्री तपागच्छे महं० मेवालिखितं ॥ छ ॥

(–પ્રક૦ ૩૫, પૃ૦ ૪૫, પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૩,૩૪૫)

**શ્રમણ પરંપરાઓઃ–**

ભ૦ **લક્ષ્મીસાગરસૂરિ** તથા આ૦ સોમદેવસૂરિની ઘણી શિષ્ય પરંપરાઓ મળે છે. તે પૈકીનાં કેટલાએકનાં નામ પ્રક૦ ૫૧માં આવી ગયા છે. અને કેટલાએકનાં નામ પ્ર૦ ૫૩ના "કમળકળશા મત" તથા "નિગમ મત"માં આવશે.*

૫૩. ભ૦ લક્ષ્મીસાગરસૂરિ.

* ૫૩ ભ૦ લક્ષ્મીસાગરસૂરિ.

૫૪ પં૦ નિધાનવિજય ગણિ.

૫૫ પં૦ હીરાનંદગણિ

તેમણે સં૦ ૧૪૮૪માં "વસ્તુપાલ તેજપાલ રાસ" બનાવ્યો. અને સં૦ ૧૫૬૫માં ભા૦ સુ૦ ૭ ગુરુવારે માંડવગઢમાં "વિદ્યાવિલાસપવાડો" લખ્યો.

**નોંધ :** સંભવ છે કે આ પરંપરા તપગચ્છના ભ૦ લક્ષ્મીસાગરસૂરિની નહીં પણ બીજા ગચ્છના આ૦ લક્ષ્મીસાગરસૂરિની હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૪. આ૦ સુમતિસાધુસૂરિ—તેમના માટે જૂઓ (—પ્રક૦ ૫૪)

૫૩. ભ૦ લક્ષ્મીસાગરસૂરિ :

૫૪ **ઉપા૦ જયવીરગણિ**—સંભવ છે કે તેમનું બીજું નામ ઉ૦ જયમંદિરગણિ પણ હોય.

૫૫ પં૦ **શુભલાભ ગણિ** તેમણે સં૦ ૧૫૩૬ માં મહા સુ૦ ૮ સોમવારે **કોલંબી** ગામમાં "ઉપદેશમાળાની અવચૂરિ" લખી.

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨ જો પ્રશ૦ નં૦ ૧૬૯)

૫૩. ભ૦ લક્ષ્મીસાગરસૂરિ

૫૪. મહો૦ **ચંદ્રરત્નગણિ**—તે આ૦ લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય હતા. જેમને ભ૦ રત્નશેખરથી જૂદા સમજવા.

૫૫. ઉપા૦ **અભયભૂષણગણિ**—ઉપા૦ ઉભયભૂષણ ગણિ.

૫૬. ઉપા૦ લાવણ્યભૂષણ ગણિ—તેમણે કુમતિઓને હરાવ્યા.

૫૭. **ઉપા૦ હર્ષકનકગણિ,** તથા ઉપા૦ **હર્ષલાવણ્યગણિ** તે બંને મોટા વિદ્વાન હતા, આગમના અભ્યાસી હતા. અને **શતાર્થી** બિરુદધારક હતા.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૫૮. પં૦ વિવેકરત્નગણિ. ૫૯. **પં૦ શ્રીરત્નગણિ.**

૬૦. પં૦ જયરત્નગણિ— તે વિનયી, વિદ્વાન અને ઉત્તમ સ્વભાવવાળા હતા.

૬૧. ઉ૦ **રાજરત્ન ગણિ**—તે સર્વશાસ્ત્રના જ્ઞાતા હતા, તે સં૦ ૧૬૯૬માં સોમહર્ષકુલના (૬૦) **ભ૦ વિશાલસોમના** સમયે વિદ્યમાન હતા. તેમણે "મણિભદ્ર મહાવીરનો છંદ" બનાવ્યો છે.

૬૨. ઉ૦ હેમરત્નગણિ—તેઓ વિદ્વાનોને માન્ય હતા.

૬૩. **પં૦ વિજયરત્નગણિ**

૬૪. પં૦ દેવરત્નગણિ—તેમણે ગુરુની વિદ્યમાનતામાં ગુરુની કૃપાથી સં૦ ૧૮૧૫ માં બહુલ શુદિના બ્રાહ્મીસુતના દિવસે વિજાપુરમાં બે દિવસમાં શીલ ઉપર "ગજસિંહ કુમારરાસ" ઉલ્લાસ : ૪, ઢાલ : ૫૧ (ગ્રં૦ ૨૦૫૦) બનાવ્યો હતો.[1]

---

૧. આ૦ દેવરત્ન (પ્રક૦ ૪૦, પૃ૦ ૫૪૩) અને પં૦ દેવરત્નગણિ એ બંને જૂદા સમજવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે તપાગચ્છની લઘુપોષાળની સોમશાખામાં હતા.

*

૫૩. ભ૦ લક્ષ્મીસાગરગણિ.

૫૪. **પં૦ જ્ઞાનહર્ષગણિ**–( જૂઓ પ્રક૦ ૫૧, ચાર મહોપાધ્યાયો પૃ૦ ૫૦૮, ૫૦૯ )

આ૦ લક્ષ્મીસાગરસૂરિના શાસનકાળમાં જીર્ણોદ્ધારો ઘણી જિન-પ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ, આચાર્ય વગેરેની પદવીઓ, ગ્રંથભંડારો, ગ્રંથલેખનો, છ'રી પાળતી સંઘયાત્રાઓ, તપ–ઉજમણાં, ઉત્સવો, મહોત્સવો, દાનનાં સત્રાગારો વગેરે વિવિધ **ધર્મકાર્યો** બન્યાં.

( –ગુરુગુણરત્નાકરમહાકાવ્ય, લક્ષ્મીસાગરસૂરિ રાસ, મો૦ દ૦ દેસાઈકૃત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ–પેરા નં. ૭૨૧ થી ૭૨૯)

**સાધ્વીસંઘ**–પં૦ ધર્મરુચિએ સં૦ ૧૫૨૪ના કા૦ શુ૦ ૧૫ બુધવારે શ્રી પવત્તણી **શ્રી મહિમલચ્છિયોગ્ય** સવૃત્તિ પુદ્ગલ છત્રીશી 'નિગોદછત્રીશી' લખાવી; 'શ્રી મહિમલચ્છિપઠનાર્થં'.

( –શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૨૩)

પ્ર૦ **શ્રી લક્ષ્મીસુંદરી** ગણિની શિષ્યણી **સહજલબ્ધિ** ગણિનીએ સં૦ ૧૫૩૦ ના મા૦ સુ૦ ૩ સોમવારે શ્રાવિકાને ભણવા માટે 'આવશ્યકનિર્યુક્તિ'ની પ્રતિ લખાવી.[1]

( –શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૪૩)

**વિક્રમની સોળમી સદીના દુકાળો**—

ગુજરાતના બા૦ મહમ્મદશાહ તથા મહમ્મદ બેગડા (સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦)ના રાજ્યકાળમાં ગુજરાતમાં અને માળવામાં સં૦ ૧૫૦૮, સં૦ ૧૫૨૫, સં૦ ૧૫૩૯ અને સં૦ ૧૫૪૦માં **મોટા દુકાળો** પડ્યા હતા. ત્યારે **સદાનંદશ્રીમાળી ખીમા શાહ** વગેરે **જૈનોએ** ગુજરાત તથા માળવાની જનતાને દરેક જાતની મદદ આપી બચાવી દીધી હતી. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૨૧)

---

૧. વિદુષી સાધ્વીઓનો વિશેષ પરિચય અમો પ્રક૦ ૫૪માં આપીશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ખેમો દેદરાણી**

તેનું દેદરાણી ગોત્ર હતું તે હડાલાનો વતની હતો ગર્ભશ્રીમંત છતાં સાદો, પિતૃભક્ત અને ધર્મપ્રેમી જૈન હતો.

વિ૦ સં૦ ૧૫૩૯–૪૦માં ગુજરાત તથા માળવામાં મોટો **દુકાળ** પડ્યો. એક વર્ષ તો પ્રજાએ જેમ તેમ કરી ચલાવ્યું. પણ બીજું વર્ષ પસાર કેમ કરવું ? એ મોટો પ્રશ્ન હતો.

**મહમ્મદ બેગડાએ** એક દિવસે ચાંપાનેરમાં જૈનોના **ભોજકને** બોલાવીને સખ્તાઈથી હુકમ કર્યો કે–**ઠાકોર** તું જ્યારે ને ત્યારે જ્યાં ત્યાં બબડ્યા કરે છે કે, "શાહ તે શાહ, અને પાદશાહ તે પા–શાહ" (એટલે "શાહ તે પૂરો શાહ, અને પાદશાહ તે પાવલી શાહ") તું બાદશાહને શાહથી આવી રીતે હલકો બતાવે છે. આજે તારા તે બબડાટની **કસોટી** થવાની છે. જો સાંભળ. "ગુજરાત ભરમાં મોટો દુકાળ છે. મારી પ્રજા ભૂખી મરે છે. તેને પૂરી મદદ આપી, એક વર્ષ જીવતી રાખવાની અનિવાર્ય જરૂર છે. પણ જો તારા **શાહ** મારી આ ગુજરાતની પ્રજાને મદદ આપી, એક વર્ષ સુધી પાળે, તો તે **શાહ સાચા**, પણ જો તે તેમ કરી શકે નહીં તો યાદ રાખજે કે–આજથી જ તેઓનું શાહ બિરુદ **બંધ** કરવામાં આવશે.

બસ ! ભોજક મુંઝાયો. તેણે ચાંપાનેરના મહાજનને બાદશાહનો આ હુકમ કહી સંભળાવ્યો. અને મહાજનોની પ્રશંસા કરી સૌને શાહ–બિરૂદની રક્ષા માટે તૈયાર કર્યા.

ચાંપાનેરના જૈનોએ આખા ગુજરાતને પૂરા એક વર્ષ સુધી અનાજ–વસ્ત્રો પૂરાં પાડવાની યોજના ગોઠવી. તેઓને ખાતરી હતી કે ચાંપાનેર, પાટણ, અમદાવાદ, ખંભાત, ધોળકા, ધંધુકા, વગેરે શહેરોમાંથી આની પૂરી વ્યવસ્થા થશે જ. ચાંપાનેરના આગેવાન જૈનો આ માટે ચાંપાનેરમાંથી મોટી રકમની ટીપ કરી બીજા શહેરોમાં જવા નીકળ્યા. પરંતુ તેઓને વચમાં જ હડાલાના પાદરમાં **ખીમા દેદરાણીનો** એકાએક ભેટો થયો. ખીમા દેદરાણીએ પિતાની આજ્ઞા મેળવી, ચાંપાનેરના મહાજનને જણાવ્યું કે, "આ **ખીમો**–તમારો આ ગામડિયો

www.jainsite.com      For Private & Personal Use Only      info@jainsite.com

નાનો ભાઈ ગુજરાતને એક વર્ષ સુધી પાળવા અનાજ વસ્ત્રો વિગેરેમાં જેટલી જોઈએ તેટલી બધીય રકમ આપશે." પછી તો **મહાજને** અને ખીમાએ ચાંપાનેરની બાદશાહી કચેરીમાં જઈ, બા૦ મહમ્મદને આ વાત જણાવી. તેમજ તે ખરચાની પુરી રકમ હડાલાથી બળદની ગાડીઓમાં ભરી ભરીને ચાંપાનેરના રાજભંડારમાં મોકલી દીધી.

વિ૦ સં૦ ૧૫૪૦નો દુકાળ ઉતર્યો. પ્રજા જીવતી રહી. ૧૫૪૧માં **સુકાળ** થયો. **બા૦ મહમ્મદ બેગડાએ** "આ માનવ પ્રેમથી પ્રસન્ન થઈ" જૈનોનું **શાહ બિરુદ** કાયમ રાખ્યું.

(ખીમા હડાલિયાનો રાસ)

**નોંધ :** ભારતમાં ઘણી વાર દુકાળો પડે છે. પણ ઈતિહાસ કહે છે કે, "રાજા તથા ધનવાનો ત્યારે જરૂરી મદદ પુરી પાડી, મનુષ્ય વિગેરેને સૌને બચાવી લેતા હતા."

રાજાઓ–**બાદશાહો** દુકાળમાં કિલ્લો બનાવવો, વાવ તળાવ કૂવા ખોદાવવા, વગેરે રોજીનાં કામ કાઢી, પોતાની **પ્રજાને** રાહત મળે, તેવી યોજના કરતા હતા. આવા પ્રસંગે પ્રજાને રાહત આપનારા ધનવાનોને બહુમાન પાન આપી, રાજપ્રિય, બનાવતા હતા.

જેમકે–**મહમ્મદ બેગડાએ** (૧) વિ૦ સં૦ સં૦ ૧૫૨૫ ના દુકાળમાં **અમદાવાદનો કિલ્લો** બનાવી, પ્રજાને કામ આપી રક્ષણ કર્યું. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૧૯૭, ૧૯૬, ૨૧૦)

(૨) બા૦ મહમ્મદશાહે **મદન** શ્રીમાળીના વંશજ **કૃપાસાગર સદાનંદને** સં૦ ૧૫૦૮ અને ૧૫૨૫માં દુકાળમાં પ્રજાને મદદ કરવા બદલ મોટો ઉત્સવ કરી **વચ્છેરકનો ખીતાબ** આપી નવાજ્યો.

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૦૯, પ્ર૦ ૪૫ પૃ૦ ૩૯૫)

(૩) **તેમજ** હડાલાના **ખીમા દેદરાણીએ** સં૦ ૧૫૪૦ માં ગુજરાતની પ્રજાને અનાજ પુરું પાડવાના બદલામાં જ **મહાજનનું શાહ બિરુદ** કાયમ રાખ્યું.

(–પ્ર૦ ૪૪, પૃ૦ ૨૨૧, પ્ર૦ ૫૩, પૃ૦ ૫૪૯)

ધનવાનો પણ ધર્મનાં સ્થાનો જેવાં કે–**જિનાલયો,** ઉપાશ્રય,

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

ધર્મશાળા, દેવાલયો, વાવ, કૂવા, **તળાવ** વગેરે નવાં કામો કાઢી, જનતાને તે કામમાં જોડી, વર્ષભરની રોજીનાં સાધનો ઉભાં કરતા હતા.

આપણને પ્રાચીન કાળના અને વર્તમાનકાળના લોકજીવનમાંથી બે જાતની મનનીય **વિચારધારાઓ** મળે છે. તે આ પ્રમાણે—

(૧) તે સમયે જનતા માનતી હતી કે "હજારો મરે, પણ હજારોનો પાલક ન મરે" આવી લોકમાન્યતા હોવાથી સૌ કોઈ રાજા અને ધનવાનોની પુરી **રક્ષા** કરતા હતા.

તે સમયના **ધનવાનો** ઘણું ધન એકઠું કરી રાખતા, પરંતુ પોતાના અંગત એશઆરામ કે બીજા અન્ય ઠેકાણે ખરચતા નહીં માત્ર ખરેખર અવસર આવે ત્યારે જનતાને મદદ કરવામાં જ તે સંગ્રહ કરેલા ધનને લગાવતા. જો કે **રાજા** પોતાના નોકરોને અને ધનવાન **શેઠો** મુનિમ ગુમાસ્તા વિગેરેને નાનો પગાર આપતા. પરંતુ તેઓના ઘરે લગ્ન વિગેરે જરૂરી ખરચના પ્રસંગો આવે, ત્યારે જરૂરી ખરચની મદદ આપી, તેના પ્રસંગને પતાવી દેતા હતા. તેને **પુરી મદદ** કરતા હતા. ત્યારે આવી **લોકશાહી** હતી. આવી **હમદર્દી** હતી.

(૨) હાલમાં તો ભારતના **વકીલ,** બેરીસ્ટર, સોલીસીટર, ડૅાકટર, શેરહોલ્ડર, કમીશન એજન્ટ, અને ઉદ્યોગપતિઓ વગેરે **ધનવાનો** બની, પોતાના ધનને માત્ર મોજમજાહ એશઆરામ અને માન-અકામમાં જ ઉડાવે છે.

ભારતનાં કાળી મહેનતથી જોડેલા ધનને જુદા જુદા બાનાથી બીજા દેશોમાં લઈ જઈ ઠલવે છે, જોકે આજકાલનો **દેશનેતા** ખુરશી મેળવવા માટે સાધારણ જનતાને મીઠી મીઠી વાતો કરી, ખુશ કરી, **ખુરશી** મેળવે છે. પરંતુ તે ખુરશી ઉપર બેસતાં જ માત્ર પોતાને કે પોતાના ઘરને સમૃદ્ધ બનાવે છે. નગરપાલિકાનાં સડક, સાફસુફી, વીજળીબત્તી, પાણીના નળ, ટટ્ટીખાનાં, વગેરે સાધનોની વ્યવસ્થા. પોતાના ઘર કે મહોલ્લા પુરતી જ હોય તો માત્ર તેને જ "સારી ગ્રામ સુધારણા" બતાવે છે. અને આવી પ્રવર્તી રહેલી લોકશાહીને પંપાળે છે.

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

**તે સમયના દાનવીર જૈનો**

(૧) સં૦ ૧૫૨૫માં મોટો દુકાળ પડ્યો ત્યારે ખંભાતના શેઠ **રામપવિત મોઢે** ૩ દાનશાળાઓ સ્થાપન કરી. તેણે સં૦ ૧૪૭૨માં **ભ૦ સોમસુંદરસૂરિના** ઉપદેશથી ૧૧ અંગ ગ્રંથો લખાવ્યા.

(૨) મંત્રી **નાગરાજે** પણ આ દુકાળમાં દાનશાળાઓ બનાવી પ્રજાને મદદ કરી.

(૩) સં૦ ૧૫૩૯–૧૫૪૦માં મોટો દુકાળ પડ્યો. ત્યારે હડાલાનો શાહ **ખીમો દેદરાણી**, માળવાના **મંત્રીઓ મેઘ, સં૦ જીવણ**, પાટણનો **ખીમજી** પોરવાડ, ગુજરાતના મંત્રી **સુંદર ગદરાજ**, મં૦ **શાલ્હા** શાહ, મં૦ **વીકો** શ્રીમાલી, માળવાના શેઠ સૂરા–વીરા, સિરોહીના સં૦ **ખીમજી**, સં૦ કુંતો, સં૦ ઊજળ–કાજા પોરવાડ, પાટણના સં૦ **ખીમજી, સં૦ સહસા**, માંડવગઢનો **મં૦ સહસા પોરવાડ** વગેરે જૈનોએ સ્થાને સ્થાને સત્રાગારો બનાવી પ્રજાને પાણી અને અનાજની મોટી મદદ કરી. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૧)

સં૦ ૧૫૪૧ માં સુકાળ થતાં જ **પં૦ સોમચારિત્રગણિએ** "ગુરુગુણરત્નાકર કાવ્ય" સર્ગ : ૪ બનાવ્યું.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રભાવક જૈનો**–આ સમયે મુસ્લિમ યુગના અંધકારમાં પણ ઘણા ધર્મપ્રભાવક જૈનો થયા. તે આ પ્રકારે—

**સં૦ મેઘજી** તે માંડવગઢના બા૦ ગ્યાસુદ્દીન ખીલજી (સં૦ ૧૫૨૫ થી ૧૫૫૮)નો મિત્ર હતો (પ્રક૦ ૪૬, પૃ૦ ૪૧૧, ૪૧૨) તેને મફર મલેકનું બિરૂદ હતો, તેને **સં૦ જીવણજી** નામે ભાઈ હતો.

આ કુટુંબ **ભ૦ સોમસુંદરસૂરિનું** ભક્ત હતું. આ ભાઈઓએ **ભ૦ લક્ષ્મીસાગર**, આ૦ સોમજયસૂરિના ઉપદેશથી માંડવગઢમાં દરેક જૈનોના ઘરમાં લહાણી કરી, દશ–દશ શેરના **લાડવા** બનાવી, તેમાં ચાર ચારમાસા પ્રમાણ **એકેક સોનામહોર** મૂકી વહેંચી હતી. આ ભાઈઓએ દુકાળમાં લાખો ટકાની રકમ ખરચી, **દાનશાળાઓ** સ્થાપિત કરી. તેના મુનિમ **દેવશીએ** ૨૪ જિનાલયો બનાવ્યાં હતાં અને તેની ભ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

(ગુરુગુણરત્નાકર કાવ્ય)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) **મંત્રી ઊજળ કાજા** તે સિરોહીનો વતની હતો. **મંત્રી ઊજળ** હમેશાં ત્રણ કાળ જિનપૂજા, બે સંધ્યાએ પ્રતિક્રમણ, ૨૦૦ લોગસ્સનો કાઉસગ્ગ, અને એકેક વિગઈનો ત્યાગ કરતો હતો. તે સાધર્મિક જૈનોને મોટી **મદદ** કરતો હતો. આ ભાઈઓએ જીરાવલા તીર્થનો "છ'રી પાળતો યાત્રાસંઘ" કાઢયો. મોટો **દુકાળ** પડયો ત્યારે માળવામાં સૌને અનાજ પુરું પાડયું. તેમણે ઘણા જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેની સાથે ૮૪ જૈન દંપતીઓએ "ચોથું બ્રહ્મચર્યવ્રત" સ્વીકાર્યું, આ ખુશાલીમાં તેઓએ સૌને તાંબૂલની પ્રભાવના કરી. (—પ્રક૦ ૫૧ પૃ૦ ૫૧૬)

**મંત્રી સુંદરજી, મંત્રી ગદાક ગૂર્જર શ્રીમાળી—**

મંત્રી સુંદરજી ગૂર્જરજ્ઞાતિનો શ્રીમાળી હતો, જે મેવાડના રાણા લાખોજી (સં૦ ) તથા ઈડરના રાજા **રાવ ભાણુનો** પ્રીતિપાત્ર હતો, અને ગુજરાતના બા૦ મહમ્મુદ બેગડા (સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦)નો **દિવાન** હતો. દિવાન સુંદરજી અને તેનો પુત્ર દિવાન **ગદા શ્રીમાલીએ** સં૦ ૧૫૨૫માં આબૂ તીર્થમાં છ'રી પાળતા મોટા યાત્રાસંઘ સાથે આવી "પિત્તલહર જિનપ્રાસાદ"નો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. (—પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૧)

ભ૦ ઋષભદેવની ૧૦૮ મણની પિત્તલની પ્રતિમા તૈયાર કરાવી, **ભ૦ લક્ષ્મીસાગરસૂરિના** હાથે સં૦ ૧૫૨૫માં તે પ્રતિમાની અંજનશલાકા કરાવી. તેને પિત્તલહરમંદિરમાં પધરાવી. તેઓએ આબૂ ઉપર પિત્તલહરમંદિરમાં બીજી પણ જિનપ્રતિમાઓ ભરાવીને બેસાડી, જે આજે પણ ત્યાં બિરાજમાન છે.

**મંત્રી ગદરાજ** તે મંત્રી સુંદરજીનો પુત્ર હતો. તેનાં બીજાં નામો ગદા અને ગદાક પણ મળે છે, તે ધર્મપ્રેમી હતો. અમદાવાદના બાદશાહ મહમ્મુદ બેગડા (સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦)નો મંત્રી હતો. મંત્રી ગદાકે **સોજિત્રામાં** જિનાલય બંધાવ્યું. અને તેમાં આ૦ સોમદેવના હાથે ભવ્ય જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, આ પ્રસંગે **પં૦ શુભરત્નગણિને** "ઉપાધ્યાય પદ" અપાવ્યું. મંત્રી ગદાકે સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૫૨૫માં આબૂ તીર્થમાં સં૦ ભીમાશાહના પિત્તલહર જિનપ્રાસાદમાં પિત્તલની **૧૨૦** મણ વજનવાળી ભ૦ ઋષભદેવની પ્રતિમા કરાવી, તેની ભ૦ **લક્ષ્મીસાગરસૂરિના** હાથે પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે **ઉપા૦ જિનસોમને** "આચાર્યપદ", તથા **પં૦ જિનહંસ** અને **પં૦ સુમતિસુંદરને** "ઉપાધ્યાય પદ" અપાવ્યાં.

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૧)

મંત્રી ગદાકે સં૦ ૧૫૨૯માં અમદાવાદમાં આ૦ સોમદેવસૂરિના ઉપદેશથી **મોટો ગ્રંથભંડાર** બનાવ્યો.

મંત્રી ગદાક દર ચૌદશના દિવસે ઉપવાસ અને **સાધર્મિક ભક્તિ** કરતો હતો.

**શ્રીરંગ**–મંત્રીગદાકનો શ્રીરંગ નામે પુત્ર હતો. તેણે પણ સં૦ ૧૫૨૫માં આબૂ તીર્થમાં પિત્તલહર જિનપ્રાસાદમાં ઘણી જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી, પધરાવી.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

મંત્રી ગદાને **સાસૂ** નામે પત્ની હતી. મહો૦ જિનમાણિક્ય ગણિવરના શિષ્ય પં૦ અનંતકીર્તિગણિએ સં૦ ૧૫૨૮માં સંઘવણ સાસૂને ભણવા માટે "શીલોપદેશમાલાની પ્રતિ" લખી.

(જૂઓ અમારો જૈનતીર્થોનો ઇતિહાસ પૃ૦ ૨૮૨)

(–પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૨)

## રતનશાહો

(૧) **સં૦ રતન**—તે આ૦ સોમસુંદરસૂરિના **કુટુંબનો** હતો. તે માળવાના આગર ગામમાં રહેતો હતો. આગરમાં **પાનવિહાર** નામે 'જૈનતીર્થ' હતું **સં૦ રતને** ભ૦ લક્ષ્મીસાગર, તથા આ૦ સોમદેવસૂરિના ઉપદેશથી આગરથી છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો હતો. કાવ્યકારો માને છે કે, આ૦ લક્ષ્મીસાગરસૂરિના ઉપદેશની નીકળેલા યાત્રા સંઘોમાં આ સંઘ સૌથી મોટો હતો. (–પ્રક૦ ૫૦, પૃ૦ ૪૪૭)

૨. ધાણેરાવના **સં૦ રતનજી**, અને સં૦ ધન્ના શાહ પોરવાડ થયા. (–જૂઓ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૭૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. નાગરવંશના આનંદને પણ **રતના** નામે બીજો પુત્ર હતો.
(–પ્રક૦ ૪૨, પૃ૦ ૭૧૬)

**કેલ્હા પોરવાડ**—તે ઠાકુર પોરવાડનો પુત્ર હતો. તેણે ગિરનાર તીર્થમાં ત્રણ દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો. અમદાવાદમાં ધર્મશાળા બનાવી, અને અમદાવાદમાં જ પાંચ જિનાલયો બંધાવ્યાં. મુનિવરોને પંન્યાસપદ અપાવ્યાં. મુનિવરોને વસ્ત્રોનું દાન કર્યું અને સાધર્મિક વાત્સલ્ય કર્યું. તેણે સં૦ ૧૫૧૯માં જૈન સિદ્ધાંત ગ્રંથો લખાવ્યા, જેમાં 'પક્ખીસૂત્ર'ની એકપ્રતિ વૃદ્ધતપાગચ્છના આ૦ સુરસુંદરસૂરિ (સં૦ ૧૫૧૯માં)ના શિષ્ય પં૦ સમયમાણિક્ય ગણિએ સુધારી હતી.
(–પૂના, જૈન પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૧, પ્રશ૦ નં. ૧૧૫૨
પ્રક૦ ૪૪, પૃ૦ ૧૮, ૨૦૩)

**મંત્રી સાલ્હા ઓશવાલ**—

મેવાડના ડુંગરપુર (જૂઓ પ્રક૦ ૫૦)થી ૩ કોશ દૂર **થાણા ગામમાં** શેઠ **ભાભર** ઓશવાલ રહેતો હતો, તે તપાગચ્છનો જૈન શ્રાવક હતો. તેને સાંભર નામે પુત્ર હતો. સાંભરને કર્માદે પત્નીથી ૧. **ભાલ્હા**, અને ૨. **સાલ્હા** એમ બે પુત્ર થયા. આ બંને ભાઈઓ દૃઢ જૈનધર્મી હતા, ભ૦ લક્ષ્મીસાગરસૂરિના ભક્ત હતા. તે પોતાની ગોત્રદેવી **ચક્રેશ્વરીની** હમેશાં પૂજા કરતા હતા. બંને ભાઈઓ ડુંગરપુરના રાવ **ગોપીનાથ સોમદાસના** મંત્રીઓ હતા. તેમણે સં૦ ૧૫૨૫માં ભ૦ લક્ષ્મીસાગરના ઉપદેશથી ડુંગરપુરમાં **ગંભીરા પાર્શ્વનાથપ્રાસાદ** બંધાવ્યો. સં૦ ૧૫૨૫ના વૈ૦ વ૦ ૧૦ના રોજ આંતરી ગામમાં પણ જીર્ણોદ્ધાર કરાવી, પ્રતિષ્ઠા કરાવી (પ્રક૦ ૫૦, પૃ૦ ૪૭૦) તેમણે સં૦ ૧૫૧૮ના વૈ૦ સુ૦ ૪ શનિવારે અને સં૦ ૧૫૨૯ના વૈ૦ સુ૦ ૪ને શુક્રવારે ડુંગરપુરમાં ભ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે અંજનશલાકા કરાવી, અને ભ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે આબૂ તીર્થમાં અચલગઢ ઉપર પિત્તલની ૧૨૦ મણ વજનની મોટી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.
(–ગુરુ ગુણરત્નાકર કાવ્ય, સર્ગ : ૩, શ્લોક ૩, ૪)
(ઇતિ૦ પ્રક૦ ૩૭, પૃ૦ ૨૯૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓ આબૂની પ્રતિષ્ઠા કરાવી **થાણા** ગામ આવ્યા, તેમણે પ્રતિષ્ઠાની ખુશાલીમાં ગામ જમણ કર્યું. ઓળખીતાઓને પણ બોલાવીને જમાડ્યા. આ જમણમાં બંને મંત્રીઓ, મંત્રીની પત્નીઓ, અને મંત્રીનાં બાળક બાળિકા સૌ ભોજન પીરસતા હતા. મંત્રી સાલ્હાની પુત્રી રૂપાળી ફુટડી હતી. તે પણ પીરસવાના કાર્યમાં લાગેલી હતી. **ડુંગર** નામનો ભીલ આ જમણવારમાં આવ્યો હતો. તે મંત્રીની રૂપાળી પુત્રી ઉપર મોહિત થયો. તેણે બીજે દિવસે જ મંત્રી સાલ્હા આગળ તે પુત્રી સાથે પોતાના વિવાહનું માગું મોકલ્યું, મંત્રી ચમકી ગયો. મંત્રીએ ના કહી દીધી. ભીલે બીજી વાર માગું મોકલ્યું. મંત્રીએ ઠંડા કલેજે જવાબ વાળ્યો કે "વિચાર કરીશું." ભીલે ત્રીજી વાર માંગણી કરી. એટલે મંત્રીએ અંતે ભીલને કાર્તિક સુદિ ૧૦નું મુહૂર્ત બતાવી, જાન લઈને થાણા બોલાવ્યો. મંત્રી ડુંગરને સીધો કરવા ઇચ્છતો હતો, છતાં તેને સાથોસાથ ડર હતો કે "તેમ કરવા જતાં ભીલના કુટુંબીઓ મોટું બંડ ઉઠાવશે," તો તેને પણ દબાવવાની ગોઠવણ કરી, કામ લેવું જોઈએ. મંત્રીએ અંગત માણસોને વડોદરા મોકલી "વડોદરા રાજ્યની સેના" થાણામાં બોલાવી રાખી.

કાર્તિક સુદિ ૧૦ નો દિવસ આવ્યો. **ડુંગર ભીલ** જાન લઇને આવ્યો. મંત્રીએ તેનું સ્વાગત કર્યું. સૌને કડક **દારૂ** પાયો. ત્યાં સુધી કે ભીલ લોકો બેહોશ થઈ, એક પછી એક ઢળવા લાગ્યા. મંત્રીએ બેહોશ ભીલોનું "કાસળ" કાઢી નાખ્યું. ડુંગર ભીલ તથા ડુંગરના કુટુંબનો સમૂળ નાશ થયો. સૌ કોઇ ભીલની આ મૂર્ખતા ઉપર હસ્યા, મંત્રી, મંત્રી કુટુંબ અને મંત્રી કન્યા આબાદ બચી ગયાં. (રાસ)

**સાલ્હાશાહો** માટે જૂઓ (જૈન ઇતિ૦ પ્રક૦ ૪૫ પૃ૦ ૩૨૭)

**સંગ્રામસિંહો**

(૧) **કવીન્દ્ર સોની સંગ્રામસિંહ ભંડારી**–સં૦ ૧૪૭૦ થી ૧૫૨૦ (જૈન ઇતિ૦ પ્રક૦ ૪૫ પૃ૦ ૩૩૩ થી ૩૩૯)

(૨) **સં૦ સંગ્રામ સોનગરા શ્રીમાળી**–તે કવિવર મંડનનો ત્રીજો પુત્ર હતો. આશરે વિ૦ સં૦ ૧૫૦૦ (જૈન ઇતિ૦ પ્રક૦ ૪૫, પૃ૦ ૩૨૫)

(૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચાંદાશાહ ઓશવાળ.**

તે માળવા–માંડવગઢના બા૦ મહમ્મુદ ખીલજી યાને બા૦ આલમશાહ (સં૦ ૧૯૪૨ થી ૧૫૨૫)નો મહામાત્ય હતો.

(–પ્રક૦ ૪૬ પૃ૦ ૪૧૧, ૪૧૨)

તે માંડવગઢનો **હાડોતી** અને માળવાનો પ્રજાપ્રિય **દિવાન** હતો. તેણે માંડવગઢમાં ૭૨ જિનાલયો બનાવ્યા **આ૦ સુધાનંદસૂરિના હાથે** પ્રતિષ્ઠા કરાવી. જેમાં ૪ લાખ સિક્કા ખરચ્યા. લોકોને પહેરામણી–વસ્ત્ર આપ્યાં. (ગુરુગુણરત્નાકરકાવ્ય)

**મહામાત્ય ચાંદાશાહ**–તે **શીલવતધારી** હતો. આથી તે **સાધુચન્દ્ર** તરીકે વિખ્યાત થયો.

ત્યારે દેવગિરિ (દોલતાબાદ)ના ધનકુબેર સં૦ **વેલ્લાક ધનરાજ નાગરાજ** વનરાજ વગેરે નાના બાવન સંઘપતિવાલો જૈનયાત્રાસંઘ વિવિધ તીર્થ યાત્રાઓ કરી માંડવગઢમાં આવ્યો. બાદશાહ આલમશાહે તે સૌનું ભારે સ્વાગત કર્યું, સંઘ ૪ મહિના માંડવગઢમાં રહ્યો. સંઘે ૪ મહિના સુધી ૧૮ વર્ણોને જમાડયા. વસ્ત્ર, ચાંદી, સોનું વિગેરે આપ્યા. સૌને ખુશ કર્યા. (ગુરુગુણરત્નાકરકાવ્યપૃ૦ ૩૫, ૩૬)

**મંત્રી માંડણ સોની**

તે તપગચ્છની વૃદ્ધ પોષાળના ૫૭મા ભટ્ટારક **ઉદયવલ્લભસૂરિનો** શ્રાવક હતો. સોની હતો. મંત્રી હતો. (ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૨૫)

તેણે સં૦ ૧૫૧૮માં વિવિધગ્રંથો લખાવ્યા હતા. જેની **ગ્રંથ પ્રશસ્તિઓ** મળે છે. (જૈન સાહિત્ય સંશોધક ખંડ–૨ પૃ૦ ૪૮)

**લઘુ શાલિભદ્ર સં૦ જાવડ શ્રીમાળી.**

અમે પહેલા પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૯ થી ૩૨૨માં **પાંચ જાવડશાહોનો** પરિચય આપ્યો છે તેમાં નં૦ ૩ જૂઓ.

**મંત્રી જીવણશાહ મેઘરાજ પૂંજરાજ શ્રીમાળી**

**સૂચના**–અમે પહેલાં (પ્રક૦ ૫૩, પૃ૦ ૫૫૨)માં **બા૦ ગ્યાસુદ્દીન ખીલજીના** મિત્ર **સં૦ મેઘજી** કે જેને મફરઉલ્‌મુલ્કમલેકતું બિરૂદ હતું. તે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના નાના ભાઈ **સં૦ જીવણનો** પરિચય આપ્યો છે. તેઓને આ મંત્રી જીવણશાહ તથા મં૦ મેઘરાજથી જૂદા સમજવા.

તે સૌ ૫૦મા ભ૦ સોમસુંદરસૂરિના ભક્તો હતા.

બા૦ **સુલતાન** આલમશાહ પછી તેનો પુત્ર **ગ્યાસુદ્દીન** ( સં૦ ૧૫૨૫ થી ૧૫૫૮ ) બાદશાહ બન્યો. તે ભારે વિલાસી હતો. તેણે પિતાના સમયથીજ રાજ્ય કારભાર મંત્રી **જીવણ** તથા તેના નાના ભાઈ **મેઘરાજ શ્રીમાળી** " ફક ઉલ્મુલ્ક "ને જ સુપ્રત કરી રાખ્યો હતો. તે બંનેએ રાજ્યકારભાર ચલાવ્યો.

મેઘરાજના મહેતા **રણમલ્લને** પારસ નામે પુત્ર અને **ગોપાલ** નામે પૌત્ર હતો. **ગોપાલ** અચૂક બાણુવળી હતો. માંડવગઢના " તારાપુર દરવાજા" પાસે વાવડીના શિલાલેખમાં ઉલ્લેખ છે કે, " **ગોપાલે** સૂર્યકુંડ બનાવ્યો હતો." ગોપાલને **પૂંજરાજ** નામે પુત્ર હતો. તે શૂરવીર, ધનવાન અને મોટો વિદ્વાન હતો. વ્યાકરણ કાવ્ય, કોશ, સાહિત્ય–અલંકાર, ચંપૂ, નાટક, હાસ્ય વગેરે શાસ્ત્રોનો અજોડ વિદ્વાન હતો. **દિગ્વિજયી પંડિત** હતો. તે દાનવીર પણ હતો. તેણે **દુકાળમાં** ઘેર ઘેર જઈ સૌને એકેક સોનામહોર તથા લાડુંનું દાન " કરી, લાખો માણસોને બચાવ્યા હતા." જે માગણ જે ચીજ–વસ્તુ માગે તેને પૂંજરાજ ખુશી થઈને આપતો." તેણે ઘણીવાર **તુલાદાન** કર્યું હતું. બાદશાહે તેને " નરેન્દ્ર "નો ખિતાબ આપ્યો હતો. તેથી તે નરેંદ્ર તરીકે વધુ પ્રસિદ્ધિ પામ્યો. તેણે " સારસ્વત ચંદ્રિકા " વ્યાકરણ પર **પૂંજીરાજી ટીકા** " બનાવી. અને " મધુમંજરી " નામે **નાટક-ગ્રંથ** બનાવ્યો.

**શેઠ સૂરા–વીરા**—તે બાદશાહ **ગ્યાસુદ્દીનના** માનીતા ધનવાન પોરવાડ ભાઈઓ દાની અને યશસ્વી હતા. ઉમરેઠના વતની હતા તે **આ૦ સુધાનંદસૂરિ** વગેરે ચતુર્વિધ સંઘને લઇ **ઉંબરહાટ** ( આબૂ ) ગયા. આ સંઘમાં હાથી, ઘોડા, રથ, વાજાં, સરસામાન વગેરે બાદશાહી ઠાઠ હતો. તેમણે આ૦ સુધાનંદના હાથે ઉમરેઠમાં આ૦ સોમદેવના ઉપા૦ **શુભરત્નને** " આચાર્યપદ " અપાવ્યું. અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"બાદશાહી ફરમાન" મેળવી છ'રી પાળતા યાત્રાસંઘો કાઢયા, મોટા **મહોત્સવો** કર્યા. (–ગુરુ ગુણરત્નાકર કાવ્ય)

**ધનકુબેર સંઘપતિ વેલ્લાક**–તે મોટો ધનવાન હતો. તેણે આ૦ સુમતિસૂરિના ઉપદેશથી માંડવગઢ, રતલામ, ઈડર, જીરાવલા, આબૂ, રાણકપુર, શત્રુંજય તીર્થ, વગેરેનો છ'રી પાળતો યાત્રા–સંઘ કાઢયો. આ સંઘમાં સાથે "બાવન નાના નાના સંઘપતિઓ હતા." શેઠે ૯૦૦૦ ટંક આપી, **ઈન્દ્રમાળા** પહેરી હતી. રાણકપુરમાં નાની નાની દેરીઓ બનાવી, પ્રતિષ્ઠા કરાવી, પાછા વળતાં "ઈડરમાં ગુરુઓની સોનામહોરથી પૂજા કરી" ૩૦૦ મુનિઓને વસ્ત્રદાન કર્યું મુનિ સોમ (સાગર) ગણિને પંન્યાસપદ અપાવ્યું. સંઘ પાવાગઢની યાત્રા કરી માંડવગઢ આવ્યો. (ગુરુગુણ રત્નાકર કાવ્ય પૃ૦ ૩૫, ૩૬ પ્રક૦ ૫૩ પૃ૦ ૫૫૭)

**સં૦ ખીમજી સં૦ સહસા**—તેઓ પાટણના ધનકુબેર શેઠ છાડા પોરવાડના વંશજ સં૦ રાજડની પત્ની ગોમતીના પુત્રો હતા.

પાટણના ધનકુબેર શેઠ છિદ્રક (છાડા) વીશા શ્રીમાળીના વંશમાં અનુક્રમે (૧) શેઠ છાડા (૨) કાઓ (ભાર્યા–કર્પૂ) (૩) રાજડ (ભાર્યા–ગોમતી) (૪) સં૦ ખીમજી (ભાર્યા–ધનાઈ) (૫) સં૦ દેતો (ભાર્યા–કનકાઈ) અને (૬) સોનપાલ થયા.

તેમાંના (૪) સં૦ ખીમજીને સહસા નામે નાનો ભાઈ હતો. જેને વારૂ નામે પત્ની હતી. તથા પુત્રો (૫) સં૦ સસધર (ભા૦ વાધૂ) અને હેમરાજ હતા. (–પ્રક૦ ૪૧ પૃ૦ ૬૮૧)

(૫) સં૦ દેતાને નોતા નામે નાનો ભાઈ હતો. જેને લાલી નામે પત્ની હતી.

(૬) સં૦ સોનપાલને પૂનપાલ, અમીપાલ, અને ઈશ્વર નામે ભાઈઓ તથા પૂરી, જાસુ, બાસુ અને મલ્હાઈ નામે બહેનો હતી. પૂરીએ દીક્ષા લીધી. તેનું નામ સાધ્વી સાધુલબ્ધિ પાડવામાં આવ્યું.

(૬) સં૦ ઈશ્વરને જીવીણી નામે પત્ની, મલ્હાઈ નામે બહેન અને ધરણ નામે પુત્ર હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સૌ તપાગચ્છના ભ૦ લક્ષ્મીસાગરસૂરિ અને આ૦ સોમજયસૂરિના શ્રાવકો હતા.

સં૦ ખીમજીની પૌત્રી અને સં૦ દેતાની પુત્રી પુરીએ દીક્ષા લીધી. તેનું નામ સાધ્વી **સાધુલબ્ધિ** પાડવામાં આવ્યું.

**સં૦ ખીમજી** અને **સં૦ સહસાએ** પુરીને આ૦ **જયચંદ્રસૂરિ** પાસે "ગણિનીપદ" અપાવ્યું. સંઘ પૂજાકરી આ ભાઈઓએ સં૦ ૧૫૨૭ ના પોષ વદિ ૫ ના રોજ **પાવાગઢ** ઉપર જિનપ્રતિષ્ઠા કરાવી, સં૦ ૧૫૩૩ માં શત્રુંજય તેમજ ગિરનાર તીર્થના છ'રી પાળતા **યાત્રાસંઘો** કાઢ્યા, સાધર્મિક ભક્તિ કરી, રૂપાનાણું ગોઠવી **સમ્યક્ત્વ મોદકોથી** લહાણી કરી, પ્રતિષ્ઠા, ગચ્છપરિધાપનિકા, ગુરુપદ સ્થાપના, પ્રવેશોત્સવ, તીર્થોદ્ધાર, **દાનશાળા** વગેરે પરોપકારનાં કાર્યો કર્યાં. સં૦ ૧૫૩૮ મા જૈન સિદ્ધાન્ત, લખાવ્યો.

(–જૈન સત્ય પ્રકાશ ક્ર૦ ૧૩૦, ૧૩૧) (–પ્રક૦ ૪૧ પૃ૦ ૬૮૨)

(૨) સં૦ **સહસા**–તે રાણકપુરનો સં૦ **રત્ન** પોરવાડના પૌત્ર હતો.
(–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૭૪)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**તપગચ્છ કમલ કલશ શાખા પટ્ટાવલી**

આ૦ સોમદેવસૂરિની પરંપરાથી "કમલ કલશ મત," અને "નિગમમત" નીકળ્યા. તે આ પ્રમાણે છે—

૫૨. **આ૦ રત્નશેખરસૂરિ**–(સં૦ ૧૫૧૭) (૫૨) આ૦ ઉદયનંદિસૂરિ,

૫૩. **આ૦ લક્ષ્મીસાગરસૂરિ**–સં૦ ૧૫૦૮ માં આ૦ રત્નશેખરસૂરિના હાથે આચાર્ય થયા. તેમણે આ૦ **સુમતિસાધુ વગેરે** ૧૧ આચાર્યો બનાવ્યા. (સ્વ૦ સં૦ ૧૫૪૭) (પ્રક૦ ૫૩, પૃ૦ ૫૪૦)

૫૪. આ૦ **સોમદેવસૂરિ**–તેઓ આ૦ સોમસુંદરસૂરિના **શિષ્ય** હતા. તે સમર્થ કવિ, સચોટ વ્યાખ્યાતા, અને મોટા વાદી હતા. (૧) મેવાડનો **રાણો કુંભોજી** તેમની કાવ્યકલાથી (૨) જુનાગઢનો **રા' માંડલિક** તેમની સમસ્યા પૂરવાની શીઘ્રતાથી, અને (૩) ચાંપાનેરનો રાજા **જયસિંહ ચૌહાણ** તેમના ઉપદેશ સામર્થ્યથી તેમને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહુમાનતા હતા. તેમનું બીજું નામ આ૦ સુરસુંદરસૂરિ પણ મળે છે. તેમણે ખંભાતમાં શાસ્ત્રાર્થ કરી રાત્રિભોજનના દૂષણ પાઠો બતાવી, રાત્રિભોજન ત્યાગની સ્થાપના કરી હતી.

(૫૨–મા) **ભ૦ રત્નશેખરસૂરિવરે** સં૦ ૧૪૯૬ ફા૦ વ૦ ૩ને રોજ "રાણકપુર તીર્થમાં શેઠ ધરણશાહના ત્રૈલોક્ય દીપક જિન-પ્રાસાદના પ્રતિષ્ઠા મહોત્સવમાં" ભ૦ સોમસુંદરસૂરિ અને ભ૦ મુનિ-સુંદરસૂરિની અધ્યક્ષતામાં, "ઉ૦ સોમદેવ"ને **આચાર્ય**, મહો૦ ચારિત્ર રત્નગણિવરના શિષ્ય "પં૦ હેમહંસગણિ"ને **ઉપાધ્યાય** અને બાલમુનિ "લક્ષ્મીસાગરગણિ"ને **પન્યાસ** બનાવ્યા.

(ઇતિ૦ પ્રક૦ ૫૦, પૃ૦ ૪૮૦)

આ૦ સોમદેવસૂરિ મહો૦ હેમહંસગણિના વિદ્યાગુરુ હતા.

આ૦ સોમદેવસૂરિએ ઘણા ગ્રંથો બનાવ્યા છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**ગ્રંથો**

તે ગણિપદમાં હતા ત્યારે તેમણે આ૦ જિનપ્રભસૂરિના સિદ્ધાન્ત-સ્તવની **અવચૂરિ** બનાવી હતી, તેમજ આચાર્ય થયા બાદ, તેમણે શબ્દાનુશાસનમાં વિશેષ નિપુણતા હોવાથી, સં૦ ૧૪૯૭માં ભ૦ સોમસુંદરસૂરિવરના "યુષ્મદસ્મદષ્ટાદશસ્તવ"ની **અવચૂરિ** સં૦ ૧૫૦૪ માં **ગદ્ય–પદ્ય કથા મહોદધિ** (૧૫૭ કથાઓનો સંગ્રહ)" અને "ચતુર્વિંશતિ જિનસ્તોત્ર" બનાવ્યાં.

**શિષ્ય પરિવાર**

આ૦ સોમદેવસૂરિને પં૦ નંદીરત્નગણિ, આ૦ સુધાનંદનસૂરિ, પં૦ સિદ્ધાન્તસાગરગણિ, પં૦ સંયમરુચિગણિ વગેરે શિષ્યો અને આ૦ રત્નમંડનસૂરિ વગેરે પ્રશિષ્યો હતા.

(૫૪) આ૦ સોમદેવસૂરિ શિષ્ય (૫૫) પં૦ સિદ્ધાન્તસમુદ્રગણિના શિષ્ય (૫૬) **પં૦ કમલરત્નગણિ**–તેમણે સં૦ ૧૫૦૧ પોષ વદિ ૧ રવિવારે "ત્રિભુવન દીપક પ્રબંધ" લખ્યો.

(શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૪૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૯મા આ૦ સોમજયના શિષ્ય પં૦ સત્યશેખરગણિ, (પં૦ સત્યહંસગ૦)એ સં૦ ૧૫૩૨ કા૦ સુ૦ ૧૫, સોમવારે આ૦ સોમદેવસૂરિના રાજ્યમાં ઉપા૦ વિશાલકીર્તિને માટે "પ્રતિક્રમણ" લખ્યું.

(૫૫) પં૦ સંયમરુચિગણિ (૫૬) પં૦ કુલોદયગણિ.

માંગરોલના જૈનસંઘના ગ્રંથભંડારના નારચંદ્રટિપ્પણની પુષ્પિકા છે કે—

"શ્રી સોમસુંદરસૂરિ શિષ્ય–સોમદેવસૂરિ–શિષ્ય–સંયમરુચિગણિ શિષ્ય કુલોદયગણિએ સં૦ ૧૪૭૯ બીજા જેઠ સુદ ૧૦, મંગલવારે "નારચંદ્ર ટિપ્પણ" લખ્યું.

મલધાર ગચ્છના છઠ્ઠા આ૦ નરચંદ્રસૂરિવરે "નારચંદ્ર" નામે જ્યોતિષનો મુહૂર્તગ્રંથ અને તેમના પટ્ટધર આ૦ સાગરચંદ્રસૂરિએ તેનું ટિપ્પણ બનાવ્યાં છે. આ ટિપ્પણની વિવિધ પ્રતોમાં ઘણા પાઠાન્તરો મળે છે. (જૈન ઇતિ૦ પ્રક૦ ૩૮, પૃ૦ ૩૩૪, દિનશુદ્ધિ વિશ્વપ્રભા પ્રસ્તાવના પૃ૦ ૯)

**ગચ્છમેળ**

આ૦ સોમદેવ આચાર્યપદમાં ભ૦ લક્ષ્મીસાગરથી મોટા હતા પણ આ૦ લક્ષ્મીસાગર ભ૦ રત્નશેખર પછી ૫૩મા **ગચ્છનાયક** બન્યા. આથી તે ચતુર્વિધ સંઘના નાયક બન્યા.

આ વસ્તુ કદાચ આ૦ સોમદેવને ખટકતી હશે, પણ તેમણે પોતાની પરંપરાને સ્થિર કરવા માટે પોતાના શિષ્ય ઉ૦ **શુભરત્નને** સં૦ ૧૫૧૭માં જ, તરત આચાર્યપદવી આપી આ૦ સુધાનંદના નામે પોતાની પાટે સ્થાપ્યા. ઉપા૦ **રત્નમંડન ગણિવર** ઉ૦ શુભરત્નથી મોટા હતા. તે ઉપાધ્યાય જ રહ્યા ઉક્ત પદવી આપવાથી આ૦ સોમદેવ અને ઉપા૦ રત્નમંડન વચ્ચે ઝગડો પડ્યો.

**ભ૦ લક્ષ્મીસાગરસૂરિ** માળવામાં ત્રણ વર્ષ વિચરીને ગુજરાતમાં આવ્યા. ત્યારે આ ઝગડો ભયંકર રૂપ લે, એમ લાગ્યું, પણ **ભ૦ લક્ષ્મીસાગર શાંત** હતા, મધુરભાષી હતા, તપસ્વી હતા. સંઘ ઉપર તેમનો ભારે પ્રભાવ હતો. તેમણે ખંભાત આવી, આ ઝગડો શમાવ્યો. અને દેવગિરિના શેઠ **મહાદેવે** કરાવેલા ઉત્સવમાં એવી વ્યવસ્થા કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે, 'આ૦ સોમદેવની પાટે આ૦ સુધાનંદને કાયમ રાખ્યા. અને તેજ આ૦ સુધાનંદનના હાથે ઉ૦ રત્નમંડનને આચાર્યપદવી અપાવી. **પં૦ હેમહંસને** "મહોપાધ્યાય" બનાવ્યા અને **ગચ્છમેળ** કરાવ્યો.

આ. સોમદેવની પાટે (૧) આ. **સુધાનંદન** (૨) આ. **સોમજય** થયા.

અમદાવાદના બાદશાહ મહમ્મુદ બેગડા (સં૦ ૧૫૧૬ થી ૧૫૭૦) ના મંત્રી **ગદરાજ** ગૂર્જર શ્રીમાલીએ **સોજિત્રામાં** દેરાસર કરાવી આ૦ સોમદેવના હાથે પ્રતિષ્ઠા કરાવી. સં૦ ૧૫૨૫ માં આ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે **આબૂ ઉપર** પિત્તલહર જિનપ્રાસાદમાં ૧૨૦ મણની ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી. તેમજ સં૦ ૧૫૨૯માં અમદાવાદમાં બંને આચાર્યોના ઉપદેશથી **જ્ઞાનભંડાર સ્થાપિત** કર્યો.

(—પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૧, પ્રક૦ ૫૩ પૃ૦ ××)

"વીરવંશાવલી"માં ઉલ્લેખ છે કે, તપાગચ્છના (૫૪મા) આ૦ સોમદેવસૂરિ, ખરતરગચ્છના (૫૪મા) **આ૦ જિનહંસસૂરિ** (પ્ર૦ ૪૦, પૃ૦ ૪૭૯) અને અંચલગચ્છના (૫૩મા) **આ૦ જયકેશરિસૂરિ** (પ્ર૦ ૪૦, પૃ૦ ૫૩૧) એ ત્રણ આચાર્યોએ કચ્છના માંડવી બંદરમાં એકઠા થઈ સૌરાષ્ટ્રમાં ફેલાતા," લોંકાગચ્છને રોકવા માટે સં૦ ૧૫૩૯ માં પોત પોતાના ગચ્છમાં **આજ્ઞાધર્મ** સ્થાપિત કર્યો. "ક્ષેત્રાદેશ વગેરેની મર્યાદા" બાંધી આપી. (વિ૦ વિ૦ પટ્ટા સં૦ પૃ૦ ૨૧૮)

**નોંધ :** અમને એમ લાગે છે કે, એ સમયથી ત્રણે ગચ્છના આચાર્યોએ પ્રતિક્રમણનો વિધિ લગભગ એકસરખો ગોઠવ્યો. એટલે બધા ગચ્છના જૈનો એક સાથે બેસી પ્રતિક્રમણ કરે અને એકતાને કેળવી શકે.

**માણિભદ્રવીર**—સં૦ ૧૫૪૭માં ધાણધાર (પાલનપુર વિભાગ)માં મણિભદ્ર યક્ષ પ્રગટ થયો. આચાર્યશ્રીએ "ભૂતિ" ગામમાં કે બરલૂટમાં ૫૦ (૫) જિનપ્રાસાદોની પ્રતિષ્ઠા કરી, આ૦ સોમદેવસૂરિ વાગડના વઢિયારનગર (                    )માં સ્વર્ગે ગયા.

(વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ પૃ૦ ૨૧૮)

## ૫૫ આ૦ સુધાનંદનસૂરિ

તે આ૦ સોમદેવસૂરિના **દીક્ષાશિષ્ય** હતા, પ્રીતિપાત્ર હતા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમનું નામ હતું મુનિ શુભરત્ન આ૦ સોમદેવસૂરિએ તેમને સં૦ ..............સોજીત્રામાં અમદાવાદના બા૦ મહમ્મદ બેગડાના મંત્રી ગદરાજ શ્રીમાલીએ કરેલા જિનપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપાધ્યાયપદ, અને સં૦ ૧૫૧૮માં **ઉમરેઠમાં** શેઠ શૂરા–**વીરા પોરવાડે** કરેલા મહોત્સવમાં **આચાર્યપદ** આપી આ. સુધાનંદનસૂરિ નામ રાખી પોતાની પાટે સ્થાપિત કર્યા. તેમના શિષ્યે સં૦ ૧૫૨૯માં "જલ્પ મંજરી" તથા "ઈડર ચૈત્યપરીપાટી" બનાવ્યાં.

૫૬. **આ૦ સુમતિસુંદરસૂરિ**–તેમનું ટુકું નામ **આ૦ સુમતિસાધુ** પણ મળે છે તેમનો જન્મ સં૦ ૧૪૯૪માં આબૂ પાસે આવેલા વેલાંગરી ગામમાં **વીશા પોરવાડ** નારણ ગોત્રીય શા૦ **ટીડની** પત્ની રૂડીદેવીની કૂખે થયો. તે નૈષ્ઠિક બ્રહ્મચારી, મોટા ઉપદેશક અને રાજપ્રિય હતા તેમનું બીજું નામ પં૦ સાધુસુંદરગણિ હતું, તેમણે સં૦ ૧૫૧૧માં આ૦ સોમદેવના પ્રશિષ્ય **પં૦ રત્નસાગરગણિ** પાસે **દીક્ષા** લીધી, (પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૪) તેમને આબૂના **શા૦ સાંડાએ** ઉપાધ્યાય પદ, અને સં૦ ૧૫૧૮માં સુંડાકના **સં૦ કુંતાએ આચાર્યપદ** અપાવ્યું, તેમના ઉપદેશથી **સં૦ રત્નાશાહ** પોરવાડના પુત્ર સં૦ સાલિગના પુત્ર **સં૦ સહસાએ** લાખા રાણાની રજા લઈ આબૂ ઉપર અચલગઢમાં મોટો ચોમુખ જિનપ્રાસાદ કરાવી, તેમાં ૧૨૦ મણ પિત્તલના બે બે કાઉસગ્ગિયા સાથે જિનબિંબ ભરાવ્યાં અને સં૦ ૧૫૬૬માં તેની પ્રતિષ્ઠા કરાવી. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૭૪)

તેમણે મંત્રી ગદાની વિનતિથી ૫૬મા આ૦ સોમજયની પાટે **ઉપા૦ જિનસોમને** ૫૭મા આચાર્ય બનાવ્યા.

(–પ્રક૦ ૫૩, પૃ૦ ૫૬૯)

૫૭. આ૦ **કમલકલશસૂરિ**–તેઓ આ૦ સુમતિસુંદરસૂરિના શિષ્ય હતા, **સહસ્રાવધાની** હતા. તેમને સિરોહીનો રાજા **લાખો** બહુ માનતો હતો. તેમના નામથી સં૦ ૧૫૫૫માં 'કમલકલશગચ્છ' નીકળ્યો.

એ સમયમાં વરસાદ ન થવાથી લોકોએ રાજસભામાં આચાર્ય મહારાજ પાસે વરસાદનો પોકાર કર્યો. રાવલાખાની વિનતિથી આચાર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહારાજે ઘડો ફોડયો અને વરસાદ થયો, (પટ્ટા. સમુ. ભા. ૨, ૧૫૧) ત્યારથી તે પ્રદેશમાં જ્યારે વરસાદ ન થાય ત્યારે, લોકો જૈન સાધુઓ પાસે આવીને વરસાદ માટે વિનંતિ કરે છે.

**આ૦ કમલકળશસૂરિની** ત્રણ શિષ્ય પરંપરાઓ આ રીતે મળે છે.

## પહેલી પરંપરા

૫૮. **આ૦ જયકલ્યાણસૂરિ**—તેઓ માદડીમાં સં૦ લખરાજે કરેલા ઉત્સવમાં **ગચ્છનાયક** બન્યા. તેમણે સં૦ ૧૫૬૬ના ફાગણ સુદિ ૧૦ના રોજ અચલગઢ ઉપર પોરવાડ **સહસાએ** કરાવેલ ચૌમુખ જિનપ્રાસાદની તથા મૂળનાયકની પ્રતિષ્ઠા કરી.

(—પ્રક૦ ૩૭, પૃ૦ ૨૯૦, પ્રક૦ ૪૫, પૃ૦ ૩૭૪)

૫૯. **આ૦ ચારિત્રસુંદરસૂરિ**—તેમનું બીજું નામ "આ૦ ચરણસુંદરસૂરિ" પણ મળે છે. તેઓ પણ સં૦ ૧૫૬૬ની અચલગઢની ચૌમુખ જિનની પ્રતિષ્ઠામાં હાજર હતા.

## બીજી પરંપરા

૫૬. આ૦ કમલકલશસૂરિ, ૫૭ પં૦ ભુવનસોમગણિવર, ૫૮ પં૦ આનંદભુવનગણિ—તે સં૦ ૧૫૫૧માં ડીસા નગરમાં હતા.

(—શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભાગ ૨, પ્ર૦ નં૦ ૨૦૭)

## ત્રીજી પરંપરા

૫૬. **આ૦ કમલકળશસૂરિ**, ૫૭. મતિલાવણ્ય, ૫૮. કનકકળશ, ૫૯. **નર્બુદાચાર્ય**—તેમણે સં૦ ૧૬૬૫માં 'કોકશાસ્ત્ર ચઉપાઈ' બનાવી.

(—તપાગચ્છ કમલકલશ શાખા ગુર્વાવલી કડી : ૩૫; તથા આબૂ અચલગઢના શિલા લેખો, પટ્ટાવલી સમુ૦ ભાગ ૨, પૃ૦ ૧૪૯, પુરવણી : પૃ૦ ૨૪૩)

Jain Site .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

## તપગચ્છ કુતુબપરા શાખા—નિગમમત

૫૩. **ભ૦ લક્ષ્મીસાગરસૂરિ**

૫૪. **આ૦ સોમદેવસૂરિ**—અમે તેમનો પરિચય પહેલાં કમલકળશગચ્છ (પ્રક૦ ૫૩, પૃ૦ ૫૬૦)માં આપ્યો છે. પટ્ટાવલીકારો તેમને કોઈ સ્થળે આ૦ લક્ષ્મીસાગરસૂરિના ગુરુભાઈ બતાવે છે. તો તેમનો પટ્ટાંક : ૫૩ મો થાય, પરંતુ **આ૦ સોમદેવસૂરિ** પોતે જ સં૦ ૧૫૨૨ના લેખમાં પોતાને **ભ૦ લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય** બતાવે છે.

(—જૂઓ બુદ્ધિસાગરસૂરિનો પ્રતિમા લેખસંગ્રહ, ભાગ ૧, લે૦ નં૦ ૧૬)

આથી અમે ઇતિહાસમાં તેમનો વ્યવસ્થિત ૫૪મો પટ્ટાંક આપ્યો છે. તેમનું બીજું નામ **આ૦ સુરસુંદરસૂરિ** પણ મળે છે. (પૃ૦ ૫૬૧)

૫૫. **આ૦ રત્નમંડનસૂરિ**—

काव्यैकशक्तिरञ्जितनरवरश्रेणिगणान् गुणैर्युक्तान् ।
श्री रत्नमण्डनगुरू नेता नानमत सानन्दम् ॥१॥

(—સં૦ ૧૫૫૫ની ઉપદેશ કલ્પવલ્લી પ્રશસ્તિ)

**ગચ્છમેળ**

**આ૦ સોમદેવસૂરિએ** પ્રથમ પહેલા ઉપા૦ રત્નમંડનને બદલે બીજા ઉપા૦ શુભરત્નગણિને સુધાનંદન આચાર્ય બનાવી, પોતાની પાટે સ્થાપિત કર્યા. આથી આ૦ સોમદેવ અને ઉપા૦ રત્નમંડન વચ્ચે **મતભેદ** પડ્યો, મોટો ગચ્છભેદ થાય. તેવી સ્થિતિ બની.

**આ૦ લક્ષ્મીસાગરસૂરિ** માળવાથી એકદમ ગુજરાતમાં આવ્યા અને તે પરિસ્થિતિને કાબૂમાં લીધી. એ ગુરુવરે આ બંનેનો કલેશ મટાડી રસ્તો કાઢ્યો. કે આ૦ સોમદેવસૂરિ આ૦ સુધાનંદનની પાટે આ૦ રત્નમંડનને આચાર્ય બનાવે.? અને ઉ૦ હેમહર્ષને મહોપાધ્યાય બનાવે (—પ્રક૦ ૫૩, પૃ૦ ૫૬૧)

**આ૦ રત્નમંડનસૂરિ** તેમની જૂદી પરંપરા પણ આ પ્રકારે ચાલી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૬. આ૦ **આગમ મંડન,** ૫૭. **પં૦ હર્ષકલ્લોલગણિ** ૫૮. **પં૦ લક્ષ્મીકલ્લોલગણિ** તેમણે સં૦ ૧૫૯૬માં "આયરંગસુત્ત-અવચૂરિ" (તત્ત્વાગમા) રચી, તથા **આ૦ સોમવિમલના** રાજ્યમાં "નાયાધમ્મકહાઓ–લઘુવૃત્તિ" (મુગ્ધાવબોધિની) બનાવી.

આ૦ રત્નમંડનસૂરિ ૫૦મા ભ૦ સોમસુંદરસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય, અને ૫૪મા આ૦ સોમદેવસૂરિના દીક્ષા શિષ્ય—**પં૦ નંદિરત્ન-ગણિવરના** મુખ્ય દીક્ષા શિષ્ય હતા. (પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૪) તથા આ૦ સોમદેવસૂરિના **વિદ્યાશિષ્ય,** ઉપાધ્યાય, તેમજ મુખ્ય **પટ્ટધર** હતા.
(–પ્રક૦ ૫૩, પૃ૦ ૫૬૩)

તે સાતનયોના તલસ્પર્શી વિદ્વાન હતા. તે પોતાના ગ્રંથોમાં **ગચ્છનાયકોના પરિચય** આપતાં જણાવે છે કે, (૫૦) આ૦ સોમસુંદરસૂરિ, (૫૧) આ૦ મુનિસુંદરસૂરિ, અને (૫૨) આ૦ રત્ન-શેખરસૂરિ એ બધા મારા પૂજ્ય ગુરુદેવો છે. તથા (૫૪) આ૦ સોમદેવસૂરિ તે મારા **દીક્ષાદાયક** (દાદાગુરૂ) છે. તેમજ આચાર્ય પદદાતા છે. **પં૦ નંદિરત્નગણિવરના** પરિચય માટે જૂઓ
(–પ્રક૦ ૫૦ પૃ૦ ૪૬૩ ૬૪)

**ગ્રંથો**

**આ૦ રત્નમંડનગણિએ** આ પ્રકારે ગ્રંથો બનાવ્યા હતા.

સં૦ ૧૫૧૭માં "સુકૃતસાગર તરંગ–૮," "સંસ્કૃતજલ્પ-કલ્પલતા. સ્તબકઃ ૩," "સંવાદસુંદર" અને તેનું ટિપ્પન, નારીનિરાસ, નેમિફાગ, અને સં૦ ૧૪૯૯માં રંગરત્નાકરનેમિફાગ, વગેરે.

૫૯. **આ૦ સોમજયસૂરિ**—તેમનું બીજું નામ **આ૦ સોમ-જશ** પણ મળે છે. તેમને **ભ૦ લક્ષ્મીસાગરસૂરિએ** લાડોલ ગામમાં દેવગિરિના સંઘવી **નાગરાજ વનરાજે** કરેલા ઉત્સવમાં **આચાર્યપદ** આપ્યું હતું. તે મોટા તાર્કિક હતા. ગુજરાતના બાદશાહ મહમ્મદ બેગડાના **મંત્રી ગદરાજ શ્રીમાલીએ** ૧૦૮ મણની ભ૦ ઋષભદેવની જિનપ્રતિમા ભરાવી, આબૂના ભીમવિહારમાં આ આચાર્ય પાસે તેની પ્રતિષ્ઠા કરાવી **ભ૦ લક્ષ્મીસાગરસૂરિ** આ૦ સોમજય-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

સૂરિના ઉપદેશથી સં૦ ૧૫૩૮માં અમદાવાદમાં શેઠ **દેવા શ્રીમાલીએ** મોટો **ગ્રંથભંડાર** બનાવ્યો હતો, તેમજ વિવિધ સ્થાનના જૈનોએ ઘણાં ધર્મકાર્યો કર્યાં હતાં. (—પ્રક૦ ૫૩, પૃ૦ ૫૪૨)

**આ૦ સોમજયસૂરિએ** સં૦ ૧૫૪૮ના માહ વદિ ૩ ને મંગળવારે માળવાના કુંદનપુર (અમકાઝમકા) નગરમાં "અમીઝરા પાર્શ્વનાથ"ની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

**નોંધ :** આજે ખેડા, કૂવા, થરાદ, સાણંદ, શત્રુંજયતીર્થ, ગિરનારતીર્થ વડાલી, ગંધાર વગેરે ઘણાં સ્થાનોમાં અમીઝરા પાર્શ્વનાથની પ્રતિમા છે.

આચાર્યશ્રીના ઉપદેશથી સિરોહીમાં **શેઠ ઉજળ કાજા** વગેરે ૮૪ દંપતીઓએ બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું હતું. ત્યારે મંત્રી ઉજળે સૌને તાંબૂલની પ્રભાવના કરી હતી.

(—પ્રક૦ ૫૧ પૃ૦ ૫૧૬, પ્રક૦ ૫૩, પૃ૦ ૫૫૩)

આચાર્યશ્રીના ઉપદેશથી અમદાવાદના સંઘવી **કર્મણ પોરવાડે** પોતાની પૌત્રી કર્પૂરીને સાથે લઈ શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો **યાત્રાસંઘ** કાઢયો હતો. તેમાં સાથે ૧૦ જિનાલયો હતાં, એવો એ મોટો યાત્રાસંઘ હતો.

जैनम् जयति शासनम्

આચાર્યશ્રીએ અમદાવાદના સંઘવી કર્મણ પોરવાડ, **સં૦ ગુણરાજ** દોશી મહીરાજ, **દોશી હેમજી** વગેરેના આગ્રહથી આ૦ જિનસુંદરના શિષ્યો પં૦ મહીસમુદ્ર, પં૦ મહીકલશ ગણિ, પં૦ લબ્ધિસમુદ્રગણિ, પં૦ અમરનંદિગણિ અને **પં૦ જિનમાણિક્યગણિને** "ઉપાધ્યાયપદ આપ્યું. (—પ્રક૦ ૫૦ પૃ૦ ૪૫૯)

આ૦ સોમજયનો **શિષ્યપરિવાર** આ રીતે મળે છે.

(૧) **આ૦ જિનસોમ** (જુઓ આચાર્ય નં૦ ૫૭, પૃ૦ ૫૬૯)

(૨) **પં૦ સત્યહંસગણિ** (પં૦ સત્યશેખર ગ૦) તેમના શિષ્ય **પં૦ ધર્મમંગલગણિ** સં૦ ૧૫૩૩ના પોષ સુદિ ૬ ના રોજ "બંભૂલી ગામ"માં હતા.

(૩) **આ૦ ઇંદ્રહંસસૂરિ** (જુઓ આ૦ નં૦ ૫૯)

(૪) (૫૬) **આ૦ સોમજયસૂરિ** (૫૭) આ૦ સમયરત્નસૂરિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૮) **પં૦ લાવણ્યસમયગણિ** (વધુ પરિચય માટે જૂઓ પ્રક૦ ૫૨ પૃ૦ ૫૨૬ થી ૫૨૯)

(૫) (૫૭) **પં૦ ગુણવિજયગણિ**–તેઓ ૫૬ મા આ૦ સોમજયના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૫૮૦ લગભગમાં 'રઘુવંશ ટીકા, ખંડપ્રશસ્તિકાવ્ય, દમયન્તી કાવ્ય, વૈરાગ્યશતક તથા તેની ટીકા અને સિદ્ધસેન દિવાકરની દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ઉપર વૃત્તિ વગેરે **ગ્રંથો** રચ્યા, તેમનું બીજું નામ ઉ૦ **ગુણસોમગણિ** પણ મળે છે.

**મહો૦ સોમચારિત્ર ગણિવર**–તેમનું બીજું નામ ઉ૦ ચારિત્રસોમગણિ પણ મળે છે.

તે (૫૧મા) આ૦ જિનસુંદરસૂરિની પરંપરાના (૫૩) મહોપાધ્યાય ચારિત્રરત્નગણિવર અપર નામ ઉ૦ ચારિત્રહંસગણિવરના શિષ્ય હતા. (–પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૩)

(૫૩) ભ૦ લક્ષ્મીસાગરસૂરિ શિષ્ય (૫૪) મહો૦ ચંદ્રરત્નગણિ શિષ્ય (૫૫) સં૦ ૧૪૬૬માં પં૦ અભયસુંદરગણિ મિશ્ર, બીજું નામ મહો૦ અભયભૂષણગણિ, ત્રીજું નામ મહો૦ ઉભયભૂષણગણિવરના પ્રીતિપાત્ર વિદ્યાશિષ્ય હતા. (–પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૮, પ્રક૦ ૫૩, પૃ૦ ૫૪૭)

અને (૫૬)મા આ૦ સોમજયસૂરિના ઉપાધ્યાય હતા. આ અરસામાં વિ૦ સં૦ ૧૫૩૯, ૪૦માં ગુજરાત તથા માળવામાં ભયંકર દુકાળ પડ્યો. સં૦ ૧૫૪૧માં સુકાળ થયો. અને પં૦ સોમચારિત્ર ગણિવરે "ગુરૂગુણ રત્નાકર કાવ્ય સર્ગ–૪" બનાવ્યું. (–પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૩, પ્રક૦ ૫૩, પૃ૦ ૫૫૨)

૫૭. **આ૦ જિનસોમસૂરિ**–તેઓ આ૦ સોમજયસૂરિના **મુખ્ય શિષ્ય** હતા. તેમને આ૦ લક્ષ્મીસાગરસૂરિએ સં૦ માં પાટણમાં ઉપાધ્યાયપદ આપ્યું. તેઓ મોટા **વાચનાચાર્ય** હતા. તેમને **આ૦ લક્ષ્મીસાગરસૂરિ**, આ૦ સોમદેવસૂરિ, તથા આ૦ સુધાનંદનસૂરિએ સં૦ ૧૫૧૫ ×× માં **ગદરાજ શ્રીમાલીએ** આબૂ ઉપર ભરાવેલ રીરી (પિત્તલ)ની જિનપ્રતિમાવાળા પિત્તલહર જિનપ્રાસાદના પ્રતિષ્ઠા ઉત્સવમાં **આચાર્યપદ** આપ્યું. (પ્રક૦ ૫૩, પૃ૦ ૫૫૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગ્રંથો**–આ૦ લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય **પં૦ જિનમંડનગણિએ** સં૦ ૧૫૨૭ના કા૦ વ૦ ૬ ના રોજ "ચતુર્વિંશતિજિનસ્તુતિ" શ્લો૦ ૨૮ બનાવી.

**મહો૦ જિનમંડનગણિ**–જૂઓ (–પ્રક૦ ૫૦, પૃ૦ ૪૬૩)

**આ૦ જિનસોમસૂરિએ** સ્તંભનક પાર્શ્વનાથસ્તોત્ર શ્લો૦ ૧૧ "ઋષભ–મહાવીર દ્વિસંધાનસ્તોત્ર" શ્લો. ૯, "તારંગા તીર્થમંડન ભ૦ અજિતનાથસ્તોત્ર શ્લો૦ ૯, "ભ૦ મહાવીર સ્વામિસ્તોત્ર" વગેરે રચ્યાં.

**સૂચના :** 'કુતુબપરા શાખાની પટ્ટાવલી'માં ૫૬મા **આ૦ સુમતિસાધુસૂરિની** પાટે (૫૭) **આ૦ ઇંદ્રિનંદિસૂરિ** અને તેમની પાટે (૫૮) **આ૦ ભાગ્યનંદિ** થયા. એમ ગોઠવ્યું છે. પરંતુ **આ૦ ઇંદ્રિનંદિસૂરિએ** સ્વતંત્ર 'નિગમમત' ચલાવ્યો. તેથી તેમણે, નિગમમતની પટ્ટાવલીમાં (૫૬) **આ૦ સૌભાગ્યનંદિ** એવો **પટ્ટાંક** ગોઠવ્યો છે,

જો કે આમાં પટ્ટાંકની ગરબડ દેખાય છે પરંતુ આ ઉપરથી સ્પષ્ટ તારવી શકાય છે કે, "**આ૦ જિનસોમસૂરિ** તો તપાગચ્છના જ હતા. પણ તે "કુતુબપુરીયશાખા"ના કે "નિગમમત"ના નહોતા."

૫૭. **આ૦ ઇંદ્રિનંદિસૂરિ**—

તપાગચ્છીય **ભટ્ટા૦ ભ૦ લક્ષ્મીસાગરસૂરિએ** નવા ૧૧ આચાર્યો બનાવ્યા હતા, તેમાં ૧૧મા **આ૦ ઇંદ્રનંદિસૂરિનું** નામ પણ મળે છે. એટલે સ્પષ્ટ છે કે, ભ૦ લક્ષ્મીસાગરસૂરિએ સં૦ ૧૫૨૮ માં અમદાવાદના અકમીપુરમાં **પતા** ઓશવાલ અને તેના ભાઇ **હરિચંદ** ઓશવાલે કરેલા ઉત્સવમાં ઉપા૦ ઇંદ્રનંદિને આચાર્યપદ આપ્યું. (–પ્રક૦ ૫૩, પૃ૦ ૫૪૧)

આ૦ ઇંદ્રનંદિસૂરિએ વિ૦ સં૦ ૧૫૫૮માં પાટણ પાસેના કતપર (કુતપ્રભ કે કુતુબપુર) ગામમાં **ગચ્છભેદ** કરી, પોતાની સ્વતંત્ર ગાદી સ્થાપિત કરી, નવો **કુતુબપુરા મત** ચલાવ્યો. **મહો. ઇંદ્રહંસગણિ જ** લખે છે કે, "આ૦ ઇંદ્રિનંદિસૂરિ નિગમમતનું વર્ણન કરવામાં નિપુણ હતા." (–જુઓ ઉપદેશકલ્પવલ્લી)

**આ૦ ઇંદ્રનંદિના શિષ્ય**—××× પ્રાકૃતભાષામાં "વૈરાગ્યકુલક" ગા૦ ૩૦ બનાવ્યું. (–જૈન સત્યપ્રકાશ, ક્રમાંકઃ ૧૫૮)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ ઈન્દ્રનંદિસૂરિએ સં૦ ૧૫૫૮ માં કુતપુરમાં પોતાના શિષ્યને આચાર્યપદ આપી, ત્યાંનો **ગાદીપતિ** સ્થાપ્યો તેમનાથી "કુતુબપુરા ગચ્છ નીકળ્યો.　　(–જૂઓ વીરવંશાવલી પૃ૦ ૨૧૮)

આ૦ ગચ્છનું બીજું નામ "કુતપુરગચ્છ" પણ મળે છે.

આ૦ **કમળકલશે** સં૦ ૧૫૫૫ માં 'કમલ કલશા ગચ્છ' સ્થાપ્યો. હતો　　(–પ્રક૦ ૫૩ પૃ૦ ૫૬૨)

આ રીતે તપાગચ્છમાં **બે શાખા ગચ્છો** નીકળવાથી **આ૦ હેમવિમલસૂરિની** મૂળ શ્રમણપરંપરા તો **તપાગચ્છ** તરીકે જ ઓળખાતી હતી, પરંતુ ઉપરના બે ગચ્છો નીકળ્યા ત્યારે આ૦ હેમવિમલસૂરિ "પાલનપુરમાં" હતા. આથી તેમની મૂળ પરંપરા **પાલનપુરાગચ્છ** તરીકે પણ ઓળખાતી થઈ.

ઉપર બતાવેલ કુતુબપુરાગચ્છમાંથી નિગમમત નિકલ્યો.

૫૭ મા **આ૦ ઈંદ્રનંદિની** પટ્ટપરંપરા આ રીતે મળે છે.–

૫૮. **આ૦ ધર્મહંસસૂરિ**–અમદાવાદના **મંત્રી મેઘજીએ** સં૦ ૧૫૫૫ માં અમદાવાદમાં તેમને **આચાર્યપદ**, અને તેમના શિષ્ય પં૦ ઇંદ્રહંસને **ઉપાધ્યાયપદ** અપાવ્યું.

આચાર્ય ધર્મહંસસૂરિને ૧ **આ૦ ઈંદ્રહંસ**, ૨. આ૦ સૌભાગ્યનંદિ, ૩. પં૦ સિદ્ધાન્તસાગરગણિ વગેરે શિષ્યો હતા.

૫૯. **આ૦ ઈંદ્રહંસસૂરિ**—તે આ૦ ધર્મહંસસૂરિના મુખ્ય શિષ્ય હતા. અમદાવાદના **મંત્રી મેઘજીએ** તેમને સં૦ ૧૫૫૫માં ઉપાધ્યાયપદ અપાવ્યું. તે મોટા વિદ્વાન હતા. તેમના ઉપદેશથી વીરમગામના **ખીમજી પોરવાડે** સં૦ ૧૫૪૮ માં "શાંતિનાથચરિત્ર" લખાવ્યું.　　(–પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૯૯)

**ગ્રંથો**

તેમણે ગણિપદમાં સં૦ ૧૫૫૪માં "ભુવનભાનુચરિત્ર ગદ્ય" તેમજ સં૦ ૧૫૫૫માં "મન્હજિણાણું"ની સજ્ઝાય ગા૦ ૫ ની મોટી ટીકા **ઉપદેશ કલ્પવલ્લી** શાખા–૫, પલ્લવ–૩૬ બનાવી. અને મહોપાધ્યાયપદમાં સં૦ ૧૫૫૭ માં "બલિનરેંદ્ર કથા" વિગેરે બનાવ્યાં.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તેમણે ઉપદેશકલ્પવલ્લીમાં સાધારણ જૈનશાસ્ત્રોની માન્યતાથી જુદી પડતી ઘણી **નવીનવી વાતો** લખી છે, તેમણે ૩૬ અધિકારોમાં જુદાં જુદાં મંગલાચરણ કર્યાં છે. તે પૈકીના ૧ થી ૨૪માં **ઋષભદેવ**–વિગેરે ૨૪ તીર્થંકરોની, ૨૫, ૨૬, ૨૭માં ભૂત, વર્તમાન, ભાવિ, જિનચોવીશીની, ૨૮માં ૨૦ વિહરમાનોની, ૨૯માં ચાર શાશ્વત તીર્થંકરોની, ૩૦માં **પદ્મનાભ** વગેરે તીર્થંકરોની, ૩૧માં છન્નુ જિનપ્રાસાદોની, ૩૨માં સામાન્ય તીર્થંકરોની, ૩૩માં પંદરે ક્ષેત્રોના ત્રણે કાળના તીર્થંકરોની, ૩૪માં શત્રુંજય, સમેતશિખર આબૂ અને માંડવગઢ તીર્થોની, ૩૫માં દ્વાદશાંગી બનાવનાર ૪૪૧૦ ગણધરોની, અને ૩૬માં અધિકારમાં ભૂત વર્તમાન ભાવિકાળની ત્રણે ચોવીશીના ૭૨ તીર્થંકરોની **સ્તુતિ** કરી છે.

**નોંધ :** અહીં ભીનતા એ છે કે ચોવીશ તીર્થંકરોના ૧૪૫૨ ગણધરો છે, છતાં પાંત્રીશમા પલ્લવમાં ૪૪૧૦ ગણધર બતાવ્યા છે, તે વિચિત્ર વસ્તુ છે.

તેમણે પોતાના ગ્રંથમાં **આ૦ જીવનહંસસૂરિનો** "પ્રાસંગિક પરિચય" આપ્યો છે, અને કોઈ કોઈ પ્રસંગે "**નિગમમતની** માન્યતાઓ" પણ રજૂ કરી છે.

વિદ્વાનો માને છે કે, "**મહો૦ ઇંદ્રહંસગણિએ** જ કુતુબપુરાગચ્છને પલટી, નિગમમતને વ્યવસ્થિત રૂપ આપ્યું." તે મતની માન્યતાઓ આ પ્રકારે છે.

## નિગમમતવર્ણન—

**પં૦ ઇંદ્રહંસગણિ** "મન્હજિણાણંની ટીકા ઉપદેશકલ્પવલ્લી"માં પોતાની **ગુરુપ્રશસ્તિમાં** જણાવે છે કે, તપગચ્છના આ૦ સોમસુંદરસૂરિ, આ૦ મુનિસુંદરસૂરિ, આ૦ જયાનંદસૂરિ અને **આ૦ રત્નશેખરસૂરિ** વગેરે **ગચ્છનાયકો** હતા. તથા આ૦ ઉદયનંદિસૂરિ, આ૦ સુરસુંદરસૂરિ, આ૦ સોમદેવ, આ૦ લક્ષ્મીસાગરસૂરિ, કાવ્યકલા વડે રાજપ્રતિબોધક આ૦ રત્નમંડનસૂરિ, સમર્થ વિદ્વાન્ આ૦ સોમજયસૂરિ અને **આ૦ ઇંદ્રનંદિસૂરિ** વગેરે આચાર્યો થયા.

તે પૈકીના "આ૦ ઇંદ્રનંદિસૂરિ નિગમમતના વ્યાખ્યાનમાં અત્યંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુશળ હતા.” તેમના શિષ્ય મહો૦ ધર્મહંસ થયા. તેમના શિષ્ય **પં૦ ઇંદ્રહંસગણિએ** સં૦ ૧૫૫૫માં “ઉપદેશકલ્પવલ્લીની ૫ મી ગાથાની ટીકા”માં “તીર્થ પ્રભાવના વિભાગના ૩૬ મા પલ્લવમાં” શ્લો૦ ૩૩૨ થી ૪૩૦ સુધી “નિગમશતક” બનાવીને જોડ્યું છે. તેમાં નિગમમતની માન્યતા આપી છે. તેમણે તેમાં નીચે પ્રમાણે હકીકતો રજૂ કરી છે—

સાધુનો આચાર **જિનાગમોમાં** મળે છે, તેમ શ્રાવકના આચાર માટે **નિગમ** સાગર જેવો છે. (૩૪૦)

જિનાગમોના અને વેદોના અર્થ બરાબર સમજવા હોય તો, તે નિગમથી જ સમજી શકાય. એટલે (૧) સાધુ, (૨) શ્રાદ્ધદેવ, અને (૩) શ્રાવકની ક્રિયાઓ નિગમથી જ નક્કી થાય છે. (૩૪૪)

આ રીતે સાધુ, સાધ્વી, શ્રાદ્ધદેવ, શ્રાદ્ધદેવી, શ્રાવક અને શ્રાવિકા એમ **છ પ્રકારનો સંઘ** બને છે. આગમ અને નિગમનો પરમાર્થ જાણવો હોય તો “પોતાના શાસન પ્રત્યેનો મારાપણાનો રાગ” અને “પર શાસન પ્રત્યેનો પરાયાપણાનો દ્વેષ” છોડવા જોઈએ. (૩૪૭)

જો “સાચી વસ્તુમાં પ્રેમ” હોય તો જ ખોટી વસ્તુ પ્રત્યે અભાવ થાય. સાચા-ખોટાનો નિર્ણય થવાથી વિશુદ્ધ ધર્મસંપત્તિ મળે છે. (૩૪૮)

“શુદ્ધ ધર્મ પ્રત્યે દ્વેષ” અને “અશુદ્ધ ધર્મમાં રાગ” હોય ત્યાં સુધી **તત્ત્વ** મળતું નથી. (૩૪૯)

પોતાને માન્ય શાસ્ત્રોનો કે બીજાને માન્ય શાસ્ત્રોનો ખરો અર્થ જાણવો હોય તો, નિગમશાસ્ત્રને જ પ્રમાણ માનવું. (૩૫૦)

લોકોત્તર અને લૌકિક-શાસ્ત્રો ઘણાં છે. તે સૌનો પરમાર્થ મોટે ભાગે નિગમથી જ પ્રકાશવો. (૩૫૧)

**વેદો** લૌકિક શાસ્ત્રો છે. **અંગ-ઉપાંગ** વગેરે લોકોત્તર શાસ્ત્રો છે. (૩૬૪)

લૌકિક શાસ્ત્રોથી **વ્યવહારની વિશુદ્ધિ** થાય છે. અને લોકોત્તર મહાશાસ્ત્રોથી **નિશ્ચય** નક્કી થાય છે. (૩૬૫)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજ કાલ વિવાહ વગેરે કાર્યો લૌકિક શાસ્ત્રોથી થાય છે. (૩૬૯)

આગમ **મહારાજા** છે અને નિગમ **મહામાત્ય** છે. (૩૭૧)

(૧) ઓઘો અને મુહપત્તિ એ સાધુનું લિંગ છે (૨) મુખે કપડું રાખવું, એ શ્રાવકલિંગ છે. અને (૩) ત્રણ રત્નની સૂચક **જનોઇ** એ શ્રાદ્ધદેવનું લિંગ છે. (૩૭૨)

તે ત્રણે જણા ઉપર પ્રમાણેના લિંગ વિનાના હોય તો, સાધુ, શ્રાવક કે શ્રાદ્ધદેવ કહેવાય નહીં. (૩૭૩)

જો કે શ્રાવકો માટે મુખવસ્ત્રનું લિંગ બતાવ્યુ છે. તે ફક્ત પોતાની આચારવિધિ માટે જ છે. (૩૭૪)

એટલે "હાથમાં કપડું રાખી (અંચળગચ્છની જેમ) સામાયિક લેવાય તો અવિધિ છે" તેમ આ સ્પષ્ટ કરે છે. (૩૮૬)

શ્રી મહાનિશીથસૂત્રમાં ઉલ્લેખ છે કે, "ગુરૂદેવ વ્રત લેનાર શ્રાવકને ગળામાં માળા પહેરાવે." (૩૯૧)

આવી આગમવાણીના ગંભીર અર્થો નિગમથી જ વ્યવસ્થિત થાય છે.

શ્રાદ્ધદેવ તે શ્રાવકરૂપે જ છે. (૩૯૩)[1]

---

૧. श्रमणाचारकोशोऽयमागमस्त्वत्रगम्यते ।
श्रमणोपासकाचार सागरो निगमो मतः ॥ ३४० ॥

आगमार्थाश्च वेदार्था निगमेन कृताः कृताः ।
साधवः श्राद्धदेवाश्च श्रावकाः स्वक्रियारताः ॥ ३४४ ॥

सम्यग्वस्तुनि रागश्चेद्, द्वेषो वितथवस्तुनि ।
विशुद्धा धर्मसंपत्तिर्जायते निश्चयान्नृणाम् ॥ ३४८ ॥

यावत् शुद्धस्वरूपे द्वेषो, रागश्च वितथे भवेत् ।
तावन्न तत्त्वरूपस्य, शास्त्रस्य प्राप्तिरुच्यते ॥ ३४९ ॥

स्वस्वाभिमतशास्त्रार्थ-संवादं यदि वाञ्छसि ।
तदा निगमशास्त्राणि प्रमाणं कुरु कोविद! ॥ ३५० ॥

लोकोत्तरशास्त्राणि लौकिकानि च ।
तद्रहस्यं प्रकाश्येत, निगमेन विशेषतः ॥ ३५१ ॥

जैनम् जयति शासनम्
JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(પં૦ હીરાલાલ હંસરાજે સં૦ ૧૯૬૯, સને ૧૯૧૩માં જામનગરથી પ્રકાશિત કરેલ 'ઉપદેશપલ્લવી'નું પૃ૦ ૩૪૦ થી ૩૪૮)

૫૬. **આ૦ સોમજયસૂરિ**

૫૭. **આ૦ ઇંદ્રનંદિસૂરિ**

૫૮. **આ૦ સૌભાગ્યનંદિસૂરિ**–તે આ૦ ધર્મહંસના બીજા શિષ્ય હતા. અને આ૦ ઇંદ્રનંદિસૂરિની પાટે આવ્યા હતા. તેમણે સં૦ ૧૫૭૬માં 'મૌન–એકાદશી કથા' અને સં૦ ૧૫૭૮માં 'વિમલનાથચરિત્ર' રચ્યાં.

૫૯ **આ૦ હંસસમયસૂરિ** તેમનાં બીજાં નામ આ૦ વિનય હંસસૂરિ અને આ૦ હર્ષવિનયગણિ પણ મળે છે. તેમણે સંસ્કૃતમાં જિનસ્તોત્રકોશ સ્તોત્ર–૫૮ બનાવ્યો છે.[1]

---

यतोऽद्यापि प्रवर्त्तन्ते, विवाहादिमहोत्सवाः ॥ ३६६ ॥

श्री आगमो महाराजो, निगमो मन्त्रिनायकः ॥ ३७१ ॥

साधुलिङ्गं जिनोपज्ञं, धर्मध्वजाऽऽस्यवाससी ।
श्रमणोपासक श्राद्ध लिङ्गमास्यपटः पुनः ॥ ३७२ ॥

लिङ्गं तु श्राद्धदेवानां रत्नत्रयाङ्कसूत्रकम् ।
लिङ्गभ्रष्टास्त्रयः साध्वादयो न स्युः स्वनामतः ॥ ३७३ ॥

किन्तु श्राद्धजनानां च निजाचारविधावयम् ।
स्वीकर्तव्यतया लिङ्गं कथितं मुखवस्त्रिका ॥ ३७४ ॥

आस्यांशुकं करे कृत्वा सामायिकं न गृह्यते ॥ ३८६ ॥

महानिशीथसिद्धान्ते या गिरः स्फुटम् ।
व्रतोच्चारकृतः कण्ठेः पुष्पस्रजं सृजेत् ॥ ३९१ ॥

आगमोक्तं गम्भीरार्थं निगमेन प्रकाश्यते ।
श्राद्धदेवसागारोपरूपाधिकार भाषणात् ॥ ३९२ ॥

૧. **આ૦ વિનયહંસસૂરિએ** સંસ્કૃપપદ્યમાં વિવિધ વૃત્તોમાં, ચતુર્વિંશતિ જિનસ્તોત્રો ૨૪ "સ્નાતસ્યા૦" સમસ્યામય, કૂપાટકંતદુપરિનગરં, તત્રવાર્ધિસ્તતોદ્રિઃ૦, સમસ્યામય જટાફૂટ વર્ણનમય, પ્રાતિહાર્યાષ્ટકમય ચતુર્દશ સ્વપ્ન વર્ણનમય, તથા તીર્થરાજાધિરાજ પૂજાતિશમય શ્રી આદિનાથ સ્તોત્રો અજિતશાંતિ સ્તોત્ર, માંડવગઢ સુપાર્શ્વનાથ સ્તોત્ર, પંચમી તિથિયુક્ત શ્રી નેમિનાથ સ્તોત્ર,

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તેમણે કુતુબપુરા ગચ્છમાં નિગમમતને બળ આપ્યું હતું. આ મતનું બીજું નામ "ભૂકટિયામત" પણ મળે છે.[1]

જો કે આ૦ હર્ષવિનયે પછીથી તે મતને છોડી દીધો હતો. પણ બ્રાહ્મણોએ તે મતને રક્ષણ આપ્યું.

નિગમમતમાં 'ઉત્તરારણ્યક' વગેરે ૩૬ ઉપનિષદોની પ્રધાનતા હતી. તે **૩૬ ઉપનિષદોનાં નામ** નીચે પ્રમાણે છે.

૧. 'ઉત્તરારણ્યક,' ૨. 'પંચાધ્યાય,' ૩. બહુશ્રુત્ય,' ૪. 'વિજ્ઞાન ઘનાર્ણવ,' ૫. વિજ્ઞાનેશ્વરાખ્ય, ૬. વિજ્ઞાન ગુણાર્ણવ, ૭. 'નવતત્ત્વ–નિદાનનિર્ણય,' ૮. 'તત્ત્વાર્થનિધિ રત્નાકર,' ૯. 'વિશુદ્ધાત્મગુણગમ્ભીર,' ૧૦. અર્હદ્ધર્માગમનિર્ણય,' ૧૧. ઉત્સર્ગાપવાદ વચનાનૈકતા, ૧૨. 'અસ્તિનાસ્તિ વિવેક નિગમનિર્ણય,' ૧૩. 'નિજમનોનયનાહ્લાદ, ૧૪. રત્નત્રયનિદાન નિર્ણય, ૧૫. 'સિદ્ધાગમસંકેતસ્તબક,' ૧૬. 'ભવ્ય-જનભયાપહારક,' ૧૭. રાગિજન નિર્વેદજનક,' ૧૮. શ્રીમુક્તિનિદાન નિર્ણય, ૧૯. 'કવિજનકલ્પદ્રુમોપમ,' ૨૦. 'સકલપ્રપંચપથનિદાન, ૨૧. **શ્રાદ્ધધર્મસાધ્યાપવર્ગ** ૨૨. 'સપ્તનયનિદાન, ૨૩. 'બન્ધમોક્ષાપગમ,' ૨૪. 'ઇષ્ટકમનીયસિદ્ધિ,' ૨૫. 'બ્રહ્મકમનીયસિદ્ધિ' ૨૬. 'નૈષ્કર્મકમ-નીયસિદ્ધિ,' ૨૭. ચતુર્વર્ગચિન્તામણિ, ૨૮. **પંચજ્ઞાનસ્વરૂપવેદન,** ૨૯. પંચદર્શન સ્વરૂપરહસ્ય,' ૩૦. 'પંચચારિત્ર સ્વરૂપરહસ્ય,' ૩૧ 'નિગમાગમ વાક્યવિવરણ,' ૩૨. 'વ્યવહારસાધ્યાપવર્ગ,' ૩૩. 'નિશ્ચૈક

---

"સંસારદાવાનલ૦" સમસ્યામય, શ્રી પાર્શ્વનાથસ્તોત્ર, સ્તંભન, જીરાવલા, ચિંતામણિ નારંગાદિ, **ગોડી** અને વરકાણા વગેરે પાર્શ્વનાથનાં સ્તોત્રો.

બ્રાહ્મણવાડા મહાવીર જિનસ્તોત્ર, જિનરાજ ચતુર્વિંશિકા, સીમંધરસ્વામિ શાશ્વતાજિન, સાધારણ જિન, પુંડરીક સ્વામી, શ્રી ગૌતમસ્વામી વગેરેનાં સ્તોત્રો શત્રુંજય લઘુસ્તોત્ર, શત્રુંજય–મહાતીર્થ સ્તોત્ર, વગેરે સ્તોત્રો૦ તથા સ્તુતિઓ (થોય) વગેરે આશરે ૫૦૦ શ્લોકો અને તેની શ્લોકબદ્ધ પ્રશસ્તિ બનાવી દાખલ કર્યાં છે.

[1] **આ૦ વિજયસેનસૂરિવરે** પં૦ શુભવિજયગણિવરના પ્રશ્નના ઉત્તરમાં "ભૂકડિયા મત"નું નામ આપ્યું છે.

(જૂઓ– સેનપ્રશ્ન પ્રશ્ન–૩૭૦ પૃ૦ ૧૪૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધ્યાપવર્ગ,' ૩૪. 'પ્રાયશ્ચિત્તૈકસાધ્યાપવર્ગ,' ૩૫. 'દર્શનૈકસાધ્યાપવર્ગ,' ૩૬. વિરતાવિરત સમાનાપવર્ગ,'

(પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૪૪)

૬૦. **આ૦ સૌભાગ્યનંદિસૂરિ**–તેઓ (૫૮) આ૦ ધર્મહંસના બીજા શિષ્ય હતા.

૬૦. **આ૦ પ્રમોદસુંદરસૂરિ**–તે આ૦ સૌભાગ્યનંદિની પાટે થયા. તેમના કારણે તપગચ્છની "કુતુબપુરા શાખા"ની પરંપરા બની રહી.

૬૧. **આ૦ ઇંદ્રનંદિસૂરિ**, ૬૨. આ૦ સંયમસાગરસૂરિ.

૬૩. **આ૦ હંસવિમલસૂરિ** તે આ૦ સૌભાગ્યનંદિના પટ્ટધર આ૦ હંસસંયમસૂરિના શિષ્ય હતા. તેમના ઉપદેશથી અમદાવાદના સં૦ ગંગરાજ પોરવાડના પુત્ર સં૦ મૂલચંદે સં૦ ૧૬૨૧ મહા વદ ૧૦ શુક્રવારે આબૂ તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો.

૫૮. **આ૦ ધર્મહંસસૂરિ** (પૃ૦ ૫૭૧)

૫૯. **પં૦ સિદ્ધાંતસાગરગણિ**–તેમનું બીજું નામ પં૦ સિદ્ધાંતસારગણિ પણ મળે છે. તે તપાગચ્છીય **આ૦ સોમજયસૂરિના** મુખ્ય શિષ્ય **આ૦ ઇંદ્રનંદિસૂરિના** હસ્તદીક્ષિત શિષ્ય હતા. વિદ્યાશિષ્ય પણ હતા. અને **આ૦ ધર્મહંસના** ત્રીજા શિષ્ય હતા. તે મોટા વિદ્વાન હતા. તેમનું સંસ્કૃત ભાષા ઉપર "માતૃભાષા" જેવું પ્રભુત્વ હતું. તે જિનાગમના પણ "સર્વતોમુખી અભ્યાસી" હતા.

વીરમગામના શા. ખીમજી પોરવાડે સં. ૧૫૪૮માં પં. ઇંદ્રહંસના તથા તેમના ઉપદેશથી વીરમગામમાં 'શાંતિનાથચરિત્ર' લખાવ્યું.

(શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૧૯૯)

તેમણે સં૦ ૧૫૭૦માં ××× ગામમાં કલિકાલ સર્વજ્ઞ આ૦ **હેમચંદ્રસૂરીશ્વરના** "ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત્ર"ના આધારે ગદ્ય સંસ્કૃતમાં "દર્શનરત્નાકર ગ્રંથ"ની રચના કરી. જેનાં બીજાં નામો અનુગમ તથા ચરિતોપનિષદ પણ છે, એટલે તે અહીં આગમ અને નિગમની જેમ આ ત્રીજું **"અનુગમ"** નામ પણ બતાવે છે. આ

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

ગ્રંથના મુખ્ય ભાગોનાં નામ 'લહરી' અને તેના નાના વિભાગોનાં નામ 'તરંગ' રાખ્યાં છે, પ્રત્યેક વિભાગમાં બે ત્રણ તરંગો ગોઠવ્યા છે, તેનું અંતરંગ આ પ્રમાણે છે.

તેમણે બીજી લહરીના પહેલા તરંગમાં ૬૪ ઇંદ્રોની નામાવલીમાં યક્ષજાતિના ઇંદ્ર તરીકે **પૂર્ણભદ્રવીર** અને **માણિભદ્રવીરને** બતાવ્યા છે. (પૃ૦ ૧૨૦) ત્રીજી લહરીના પહેલા તરંગમાં જ્ઞાનાચાર, નવતત્ત્વ, નવ નિહ્નવ, ૬૭ સમકિત ભેદો તથા ૭૧ મિથ્યાત્વ ભેદોનું બીજા તરંગમાં દર્શનાચાર, ત્રીજામાં ચારિત્રાચાર, અને ચોથા તરંગમાં સર્વવિરતિધર્મ (૩૩ આશાતના વર્જન સુધી)ના વિવિધ ભેદોનું વિશદ વિવરણ કર્યું છે. એની ભાષા પ્રૌઢ છે. 'કાદંબરી'ની શૈલીમાં વસ્તુનિરૂપણ છે. ગ્રંથ ઉત્તમ કોટિનો છે. આ ગ્રંથ મહો૦ માનવિજયજીગણિના 'ધર્મસંગ્રહ'ની જેમ જૈન સમાજમાં પ્રતિષ્ઠા પામે એવો છે, પરંતુ ગ્રંથકાર એક નવીન પક્ષના પ્રભાવક છે. તેથી આ ગ્રંથ જૈન સંઘમાં આદર પામ્યો નથી, ગ્રંથકારે દરેક તરંગની અંતે આ પ્રકારે **લઘુ પ્રશસ્તિ** આપી છે—

इति **श्रीमत्तपागच्छालंकारहार** भट्टारकचय कोटीर **श्रीसोमजयसूरीश्वर** शिष्य शिरोमणि श्रीइन्द्रनन्दिसूरिराज विनेयाणुना **सिद्धान्तसार** संकलिते श्री दर्शनरत्नरत्नाकर ग्रन्थे, श्रीमदनुगमापरपर्याये कुलकर कुलोत्पत्ति प्रभृति पञ्चमावबोध प्राप्त्यन्त श्री ऋषभजिनत्रयोदश भवचरितोपनिषदाख्यायां द्वितीयलहर्यां छाद्मस्थ्यकेवलोत्पत्तिवर्णननामा संपूर्णस्तृतीयस्तरङ्ग स्तत्समाप्तौ च समाप्तेयं द्वितीयलहरी कुलकर कुलोत्पत्ति प्रभृति पंचमावबोधप्राप्त्यन्तश्रीऋषभजिनत्रयोदशभवचरितोपनिषदाख्या (पूर्तिमगात् तरङ्गत्रयात्मिकेयं द्वितीयलहरी इति प्रथमो भागः ।[१] (–પૃ૦ ૧૭૫)

---

૧. દર્શનરત્નાકર ભા. ૧, ૨; પ્રકાશક; જૈન સાહિત્યવર્ધકસભા, અમદાવાદ; પ્રાપ્તિસ્થાનઃ મોહનલાલજી જૈન જ્ઞાનભંડાર, ગોપીપુરા, સુરત; સંપાદકોઃ મુનિ શ્રી નિપુણમુનિ અને ભક્તિમુનિ –ભા૦ ૧, સં૦ ૨૦૧૦; કિંમત : ૮–૦૦; ભા૦ ૨, સં૦ ૨૦૧૩, કિંમત : ૮–૦૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રાચીન નગરો—**

**પાંચમું : રાજગૃહી—**

રાજગૃહીનાં ઘણાં નામો મળે છે. **પં૦ સિદ્ધાંતસાગરગણિ** પણ "રાજગૃહીનો ઇતિહાસ" આપે છે કે

૧. **ક્ષિતિપ્રતિષ્ઠિતપત્તન**—આ પહેલું નામ હતું. તે ધીમે ધીમે ઉજ્જડ થયું.

૨. **ચણકપુર**—રાજા જિતશત્રુએ જોષીઓ પાસે બીજા સ્થાનની તપાસ કરાવી. "ફૂલવાળું ચણાનું ખેતર" જોઈ ત્યાં પાયો નાખી **ચણકપુર** વસાવ્યું. તે બીજું નામ. તે પણ ધીમે ધીમે ઉજ્જડ થયું.

૩. **ઋષભપુર**—એક વૃષભ જંગલનાં સમગ્ર પ્રાણીઓને હરાવી, ભગાડતો હતો, આથી ત્યાં ત્રીજું **ઋષભપુર** વસાવ્યું. તે પણ ધીમે ધીમે ઉજ્જડ થયું.

૪. **કુશાગ્રપુર**—ઘણાં વર્ષો પછી રાજાએ દાભના વનમાં દાભની જ વિશેષતા દેખી ત્યાં ચોથું **કુશાગ્રપુર** વસાવ્યું.

૫. **રાજગૃહી**—કુશાગ્રપુરમાં વારંવાર આગ લાગતી હતી. આથી **રાજા પ્રસેનજિતે** પાંચમું **રાજગૃહી નગર** વસાવ્યું. તે જ મગધના રાજા **શ્રેણિકની** "રાજધાનીનું પાટનગર" હતું.

૬. રાજા શ્રેણિકના પુત્ર કોણિકે **ચંપાનગર** વસાવ્યું. તે પણ ધીમે ધીમે ઘસાવા લાગ્યું.

૭. રાજા કોણિકના પુત્ર રાજા ઉદાયીએ **પાટલીપુર** નગર (પટણા) વસાવ્યું, ઉદાયીના મરણ પછી ત્યાં **નંદવંશના** રાજાઓ થયા.

(–દર્શનરત્નાકર, ભા૦ ૨, લહરી ત્રીજી, તરંગ ચોથો, પૃ૦ ૩૩૩–૩૪, જૈન ઇતિ૦ પ્રક૦ ૨, પૃ૦ ૭૮, ૮૭)

જૈન વિદ્વાનો માને છે કે, દિગંબર જૈન ધર્મ દક્ષિણમાં ફાલ્યો-ફૂલ્યો, અને તેના આચાર વિચાર તેમજ સાહિત્ય ઉપર પણ **બ્રાહ્મણી** સાહિત્યની ઘેરી અસર પડી પ્રકાંડ વિવેચક દિગંબર જૈન **જુગલકિશોર મુખ્તારે** "ધર્મપરીક્ષા" ગ્રંથોમાં આ અંગે વિસ્તૃત વિવેચન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યું છે. અમે પણ “ શ્રી જૈન સત્યપ્રકાશ ” માસિકમાં ‘ દિગંબર-શાસ્ત્ર કૈસે બને ’ એ શીર્ષકની ચાલુ લેખમાળામાં એ બાબતને વધુ સ્પષ્ટ કરી છે. આજે પણ દિગંબર સમાજની વાગડોર બ્રાહ્મણ પંડિતોનાજ હાથમાં છે.

શ્રી **જૈન** શ્રમણસંઘમાં પૂજ્ય ૧૧ ગણધરો, ગણધર શ્રી સુધર્માસ્વામી, આ૦ શય્યંભવસૂરિ, આ૦ યશોભદ્રસૂરિ, આ૦ સંભૂતિવિજયસૂરિ, આ૦ ભદ્રબાહુસ્વામી, આ૦ આર્યરક્ષિતસૂરિ, આ૦ સિદ્ધસેન દિવાકર, આ૦ હરિભદ્રસૂરીશ્વરજી, આ૦ દુર્ગસ્વામી, આ૦ સિદ્ધર્ષિ, આ૦ શોભન, મહાકવિ પં૦ લાવણ્યસમયગણિવર આ૦ જિનેશ્વરસૂરિ, આ૦ બુદ્ધિસાગરસૂરિ અને છેલ્લા મોટા કવિ પં૦ **વીરવિજયજીગણિ** વગેરે પ્રભાવકો થયા. તે **બ્રાહ્મણોજ** હતા, પણ તેઓ શુદ્ધ જૈન શૈલીને વફાદાર રહ્યા હતા. “ કોઈએ જૈન ધર્મ ઉપર બ્રાહ્મણ સંસ્કૃતિ લાદવા કંઈ કર્યું નથી.”

જ્યારે એ પણ કબૂલ કરવું પડશે કે “ **આ૦ ઇંદ્રનંદિ** અને તેમનો પરિવાર સૌ બ્રાહ્મણો હતા. તેઓએ જૈનોમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ બનાવી રાખવા, અથવા શ્રમણો બ્રાહ્મણોમાં એકતા સ્થાપવા નવો ‘ નિગમગચ્છ ’ સ્થાપ્યો, અને તેના સમર્થન માટે વિવિધ સાહિત્યનું સર્જન કર્યું.”

દિગંબર ભટ્ટારક **તારણસ્વામી** અને શ્વેતામ્બરગૃહસ્થ **લોંકાશાહે** મુસ્લિમ સંસ્કૃતિની અસરથી નવા પંથો ચલાવ્યા. તેઓએ તેમાં “ સ્થાપના—નિક્ષેપ ”ને ઉડાવી, પ્રતિમાનો વિરોધ કર્યો. તેમજ **ઋષિ ભીખમજીએ** મુસ્લિમ સંસ્કૃતિ અને ઈસાઈ સંસ્કૃતિની અસરથી ‘ તેરાપંથ’ ચલાવ્યો અને જિનપ્રતિમા તેમજ પ્રાણિરક્ષા (જીવદયા)નો વિરોધ કર્યો.

નિગમમતના પ્રભાવકોએ માત્ર જૈનો ઉપર બ્રાહ્મણોનું વર્ચસ્વ જમાવવાના ધ્યેયથી જ નવો મત ચલાવ્યો હોય તો તે દિશા ભૂલ્યા હતા. કદાચ જૈન આચારપાલનને સર્વસાધારણરૂપ આપી, “ વર્ણાનાં બ્રાહ્મણો ગુરુઃ” ને બદલે “ વર્ણાનાં શ્રમણો ગુરુઃ ” બનાવવાના ધ્યેયથી નિગમમત ચલાવ્યો હોય તો, તે પ્રશસ્ય હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ એ મત શરૂ થયા પછી બીજી શતાબ્દીમાં વિચ્છેદ પામ્યો. તેની પરંપરા પણ તૂટી ગઈ. અને તેના પ્રભાવકોનું કોઈ "સક્રિય કાર્ય" પણ નોંધાયું નથી. આ સ્થિતિમાં તેમના ગ્રંથો જ એ મતની માન્યતા બતાવનારાં સાધનો છે. જ્યાં સુધી આ ગ્રંથો રહેશે ત્યાં સુધી ગચ્છોની નામાવલીમાં નિગમમત અમર બની રહેશે.

સાધારણ વાચક આવા ગ્રંથો વાંચે તો, નવું વિધાન દેખી શંકાના વમળમાં અટવાઈ જાય છે. તો આવા ગ્રંથોના સંગ્રાહકો અને **પ્રકાશકોની** નૈતિક ફરજ છે કે, તેમણે "વિસંવાદી વિધાન"ની નીચે **સ્પષ્ટ સૂચના** લખી દેવી જોઈએ કે, 'આ વિધાન અમુક મતનું છે.' આમ કરવાથી સાધારણ વાચક ભ્રમમાં પડે નહીં. અને "માર્ગાનુસારી પણે" માત્ર પોતાને જોઈએ, તેટલો લાભ લઈ આત્મકલ્યાણ સાધી શકે.

## વિવિધ મતો

વિક્રમની **૧૬ મી** સદીમાં જૈનોમાં ઇસ્લામી સંસ્કૃતિની અસરથી ઘણા નવા નવા **પંથો** નીકળ્યા હતા. તે ક્રમશઃ આ પ્રમાણે હતા.

(૧) આ સમયે સં૦ ૧૫૨૮માં તપાગચ્છની વૃદ્ધ પોષાળના (આ. નં. ૫૮) ભ૦ જ્ઞાનસાગરસૂરિના લહિયા **લોંકાશાહે** તીર્થ પ્રતિમા, પૂજા, પચ્ચક્ખાણ અને વિધિમાર્ગને લોપી 'લોંકામત' ચલાવ્યો,[1]

૧. વિ૦ સં૦ ૧૫૮૫માં લખાયેલી 'સિદ્ધાંત ચોપાઈ' વગેરેમાં લખ્યું છે કે, "લોંકાએ તીર્થ, પ્રતિમા, જિનપૂજા, સર્વવિરતિ, **દેશવિરતિ,** એ ધર્મોની ભિન્નતા, દાન, જન્મકલ્યાણક, ઉત્સવો, પૌષધવ્રત, પચ્ચક્ખાણ, પ્રતિજ્ઞાનો કાળ, **દીક્ષા,** સમ્યક્ત્વભેદ, સ્થવિરાચાર, વગેરેનો નિષેધ કર્યો,

( –જૈન સત્યપ્રકાશ, ક્રમાંક: ૧૪૭; પટ્ટાવલી સમુચ્ચય, ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૪૨ )

પરંતુ પછીના લોંકાગચ્છના શ્રીપૂજ્યોએ તે તે છોડેલી વસ્તુઓનો યથાનુકૂળતા મુજબ સ્વીકાર કર્યો છે.

વિ૦ સં૦ ૧૪૬૬નો ઇતિહાસ મળે છે કે, તે સમયે પાંચમા આરાની અસરથી વિવિધ જૈન ગચ્છોમાં જિનપૂજા, પ્રતિક્રમણ, અને ઉપધાન વિધિના વિરોધમાં ઉગ્ર વાતાવરણ હતું.

માત્ર તપાગચ્છ આ વિરોધથી મુક્ત હતો.

( –ગુર્વાવલી શ્લો૦ ૪૬૫, પ્રક૦ ૪૯ પૃ૦ ૪૩૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોંકામત માટે સ્પષ્ટ ઉલ્લેખ મળે છે કે, તે ઇસ્લામ—ધર્મની અસર નીચે જન્મ્યો. અને પાંગર્યો. **બાદશાહ ફિરોજશાહે** આ મતને સહાય કરી હતી,

(૨) આ લોંકાગચ્છમાંથી સં૦ ૧૫૭૦માં **વીજામત** નીકળ્યો.
(—પટ્ટા૦ સ૦ ભા૦ ૨, પૃ૦ ૨૪૭)

(૩) સં૦ ૧૫૬૨માં **કડવામત** નીકળ્યો.
(—પટ્ટા૦ સ૦ ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૪૬—૪૭; વિવિધગચ્છીય પટ્ટા૦ પૃ૦ ૧૨૧ થી ૧૫૯)

(૪) સં૦ ૧૫૭૨માં **નાગોરી લોંકાગચ્છ** નીકળ્યો.

(૫) સં. ૧૫૭૨માં **પાયચંદમત** નીકળ્યો. (—પ્રક. ૪૧, પૃ. ૫૯૫)

(૬) સં૦ ૧૬૦૨માં **બ્રહ્મમત** નીકળ્યો.
(—વિવિધ ગ૦ પટ્ટા૦ સં૦ પૃ૦ ૧૩૯, પ્રક૦ ૪૧, પૃ૦ ૫૯૫)

(૭) સં૦ ૧૫૭૨માં દિગંબર સંપ્રદાયમાં **તારણપંથ** નીકળ્યો.

(૮) સં૦ ૧૬૮૦માં દિગંબર સંપ્રદાયના વીશપંથીમાંથી **તેરાપંથ** નીકળ્યો.

(૯) **હેમરાજપંથ**—આ પંથની વિશેષ વિગત મળતી નથી. માત્ર તેનું નામ સ્તવનમાં મળે છે. (—પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૮)

## ૧. લોંકામત

વૃદ્ધ તપાગચ્છના ૫૮ મા **ભટ્ટા૦ જ્ઞાનસાગરજીના લહિયા લોંકાએ** મૂર્તિપૂજા, પૌષધ, પચ્ચક્ખાણ વગેરે અનેકવિધ ધર્મ માર્ગોનો લોપ કરી, નવો **લોંકામત** ચલાવ્યો. (—પ્રક૦ ૪૪, પૃ૦ ૨૬)

આજ સુધી જૈન સંઘમાં શુદ્ધિ અને સંગઠનની જે વ્યવસ્થા હતી તે લોંકામત નીકળતાં તૂટી ગઈ.

લોંકાગચ્છના શ્રીપૂજ્યોએ સમય જતાં લોંકાશાહે મના કરેલ તીર્થ, પ્રતિમા, પૂજા વગેરે વિધિમાર્ગોને પોતાના ગચ્છમાં પુનઃ દાખલ કર્યા હતા. તેમજ તેમાં થયેલ **ઋષિ લવજી** અને **ઋષિ ધર્મદાસે** તો નિષેધ કરેલી અમુક ક્રિયાને વધુ મહત્તા આપી, પોતાના સ્વતંત્ર **મતો** ચલાવ્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**લોંકાગચ્છ** નીકળ્યા પછી શ્વેતામ્બર જૈનોમાં પણ વિધિ વિધાન અંગે ઘણા **ફેરફારો** થયા છે. તે આ પ્રમાણે—

(૧) પ્રતિદિનદર્શન, ત્રિકાળપૂજા, ફુલોનીઆંગી, છ અટ્ઠાઈ ઓમાં અટ્ઠાઈ મહોત્સવો, રથયાત્રા, શ્રુતસામાયિક, સાધર્મિક વાત્સલ્ય, અને **સંઘજમણ** વગેરે **ગૌણ** બન્યાં.

(૨) જિનપ્રતિમાને સોનું ચાંદી વરખ કટોરી કે ઝવેરાતની **આંગીઓ.** વ્યાખ્યાનમાં દેશવિરતિ સામાયિક, સર્વવિરતિની, જેમ દેશવિરતિ અને અવિરતિ ને નિત્ય પ્રતિક્રમણ, ગુરુની પાસે જ પ્રતિ-ક્રમણ, સંવત્સરી મહાપર્વના પૌષધ, **૬૪ પહોરી પૌષધ,** જીવ-દયામાં મદદ, અને પાંજરાપોળને વધુ પોષણ વગેરે **મુખ્ય** બન્યાં.

૩ **શુદ્ધિ**:—એટલે નવા જૈનો બનાવવાની રીત, અને **સંગઠ્ઠન**—એટલે સંઘની એકતાનો સદંતર લોપ થયો છે.

ઇતિહાસ કહેછે કે છેલ્લામાં છેલ્લા વિ૦ સં૦ ૧૩૫૭મા **મુહણોત ઓસવાળ જૈન બન્યા** હતા. જે તપગચ્છના જૈનો છે.

(—પ્રક૦ ૫૨ પૃ૦ ૫૩૯)

ત્યારબાદ બીજી જ્ઞાતિઓમાંથી નવા જૈનો બન્યા નથી. જ્યારે જૈનોના કલેશથી મોઢ કપોળ નાગર, વગેરે જૈન ધર્મ છોડી, અજૈન બન્યા. એમ ઉલટું એ નુકસાન થયું સ્થાનકવાસી, બાવીશટોલા કે તેરાપંથી સાધુઓએ અજૈનોમાંથી નવા જૈનો બનાવ્યા જ નથી, તેઓએ માત્ર શ્વેતામ્બર કે દિગમ્બર જૈનોમાં કલેશ—ભેદો પડાવી, તેઓમાંથી સ્થાનકવાસી કે તેરાપંથી જૈનો બનાવ્યા છે.

(૪) પ્રાચીન કાળમાં ભારતમાં મુખ્ય પ્રશ્ન એ હતો કે મૂર્તિપૂજાનો વિરોધ ક્યારે શરૂ થયો." ? તેને બદલે ઈસ્લામ રાજ્યો આવ્યા પછી, હવે ભારતમાં એવો પ્રશ્ન પુછાય છે કે મૂર્તિપૂજા અસલમાં ક્યારે શરૂ થઇ"? એટલે કે આખી વિચાર સૃષ્ટિ જ પલટાઈ ગઈ છે.

## શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠનો અભિપ્રાય

સ્થાનકવાસી સમાજના સંશોધનપ્રેમી સમીક્ષક **શ્રી નગીનદાસ ગિરધરલાલ શેઠ** જૈન સિદ્ધાંત સભાના માસિક "જૈનસિદ્ધાંત વ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૫, અંક : ૭, ક્ર૦ ૧૭૦, પૃ૦ ૯ થી ૫૦માં" અને "મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો પુસ્તકમાં, લોંકાશાહ અને લોંકાગચ્છ અંગે મનનીય પ્રકાશ પાડે છે. તે આ પ્રમાણે

**સ્થાનકવાસી લેખકોએ**–લોંકાશાહ સંબંધી હાલમાં થોડા વખતથી પોતાની **મનઘડંત ખોટી વાતો** ફેલાવી છે. (–પૃ૦ ૯)

(૧) સ્થાનકવાસી મુનિ જેઠમલજીએ 'સમકિતસાર'માં, (૨) શ્રી અમોલખ ઋષિએ 'શાસ્ત્રોદ્ધારમીમાંસા'માં, (૩) **વા૦ મો૦ શાહે** 'ઐતિહાસિક નોંધ'માં, (૪) મુનિ મણિલાલજીએ 'પ્રભુવીર પટ્ટાવલી' માં, (૫) સંતબાલજીએ 'ધર્મપ્રાણ લોંકાશાહ પુસ્તક"માં ફક્ત કિંવદંતીઓ ઉપરથી "**કલ્પિત વાતો**" લખી છે. અને તેમાં "એક બીજાથી તદ્દન વિરુદ્ધ એવી વાતો" લખાઈ છે.

(–પૃ૦ ૧૦, મૂળ જૈ૦ ધ. પૃ૦ ૩૪૨)

મુનિ **શ્રી જેઠમલજીએ** સં૦ ૧૮૬૫માં "સમકિતસાર" પુસ્તક લખ્યું. તેમાં તેમણે પહેલ વહેલો લોંકાશાહના નામનો ઉલ્લેખ કર્યો.

(–પ્ર૦ ૧૧, મૂ૦ જૈ૦ ધ૦ પૃ૦ ૩૪૩)

ત્યાં સુધી તો સ્થાનકવાસીઓ અને લોંકાગચ્છીઓ વચ્ચે ભારે **દુશ્મનાવટ** હતી. લોંકાગચ્છના યતિઓથી મુનિ **શ્રી ધર્મસિંહજી** તથા **મુનિ શ્રી લવજી ઋષિ** છૂટા પડચા હતા. પણ દુશ્મનાવટને લીધે તેઓ લોંકાશાહના અનુયાયી કહેવરાવવાને ઇચ્છતા નહોતા, પરંતુ "વિ૦ સં૦ ૧૬૮૫(૧૮૭૮)માં મુનિ શ્રી જેઠમલજીને સંવેગી મુનિ કવિ પં૦ **શ્રી વીરવિજયજી** ગણિ સાથે શાસ્ત્રાર્થ થયેલો. ત્યારે શ્રી ધર્મસિંહજી મુનિ તથા લવજી ઋષિના ઇતિહાસથી તેમનું કામ સરળ થયું નહીં, આથી તેમને મૂર્તિપૂજાના વિરોધમાં લોંકાશાહને યાદ કરવા પડચા." તેથી જ તેમણે 'સમકિતસાર' પુસ્તકમાં **લોંકાશાહ** માટે લખ્યું છે. (–પૃ૦ ૧૧)

ઉપર જણાવેલા પાંચેય સ્થાનકવાસી લેખકોની એક જ દલીલ છે કે ××× પણ તેઓનો આવો બચાવ એ સ્થાનકવાસી સમાજને ભોળવવા માટે માત્ર એક ભયંકર જુઠાણું જ છે. (–પૃ૦ ૧૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનકવાસીઓ બચાવમાં કહે છે કે, " વિરોધીઓ તો લોંકાશાહ માટે ગમે તેમ કહે તે વાત માનવા સ્થાનકવાસીઓ તૈયાર નથી."

જે અનેક વિશ્વસનીય પ્રમાણોથી અસત્ય ઠરતું હોય તેને પણ અસત્ય તરીકે ન સ્વીકારવું તેમાં અજ્ઞાન નથી, પણ **દંભ અને દુરાગ્રહ** છે, જે મિથ્યાત્વના અંશો ગણાય છે. (–પૃ૦ ૧૨ )

**લોંકાશાહ સંબંધી પ્રાચીન સાહિત્ય—**

(૧) વિ૦ સં૦ ૧૫૪૩, " **સિદ્ધાંતચોપાઇ** ", લેખક : પં૦ મુનિ શ્રી લાવણ્યસમય.

પં૦ મુનિ શ્રી લાવણ્યસમયની દીક્ષા વિ૦ સં૦ ૧૫૧૫ (સં૦ ૧૫૩૦ જેઠ શુ૦ ૧૦)માં થઈ હતી. એટલે તેઓશ્રીએ લોંકાશાહની માન્યતાનું ખંડન કર્યું છે, તે યથાર્થ હોય.

કારણ કે, આવેશમાં આવીને લોંકાશાહ " જૈનાગમ, જૈન શ્રમણ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પ્રત્યાખ્યાન, દાન વગેરે "નો **નિષેધ** કરતા, તેથી પં૦ મુનિ શ્રી લાવણ્યસમયે 'ભગવતીજી' આદિ સૂત્રોનાં અનેક પ્રમાણો આપીને ધર્મ વિરોધી માન્યતાનું ખંડન કર્યું. આ ચોપાઈ ૧૯૧ ગાથામાં છે. (તેઓ તપાગચ્છીય ભ૦ રત્નશેખરસૂરિની પરંપરાના **આ૦ સમયરત્નસૂરિના** શિષ્ય હતા.

(–પ્રક૦ ૫૨, પૃ૦ ૫૨૭ થી ૫૨૯)

(૨) વિ૦ સં૦ ૧૫૪૪, " **સિદ્ધાંતસારોદ્ધાર** ", લે૦ ખરતરગચ્છીય જિનહર્ષ(જિનભદ્ર)સૂરિના શિષ્ય ઉપાધ્યાય **કમલસંયમ.**

આથી સિદ્ધ થાય છે કે, તે લોંકાશાહ **સામાયિક,** પૌષધ, **પ્રતિક્રમણ,** પ્રત્યાખ્યાન, **દાન** વગેરે તેમજ સાધુ અને શાસ્ત્રો"ને માનતા નહોતા. (–પૃ૦ ૧૩ )

(–ઉ૦ કમલસંયમગણિ માટે જૂઓ પ્રક૦ ૪૦, પૃ૦ ૪૭૫ )

(૩) વિ૦ સં૦ ૧૫૨૭ અથવા સં૦ ૧૫૪૪, મુનિ શ્રીવીકા કૃત **" ઉત્સૂત્ર નિરાકરણ-બત્રીશી "**

તે વખતે લોંકાશાહ " જૈનાગમ, જૈન શ્રમણ, સામાયિક, પૌષધ, **પ્રતિક્રમણ,** પ્રત્યાખ્યાન વગેરે"ના નિષેધ કરતા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) વિ૦ સં૦ ૧૫૭૮, "**દયાધર્મ ચોપાઈ**, લે૦ લોંકાગચ્છીય યતિ **ભાનુચંદ્ર.**

તે લેખક લોંકાગચ્છનો જ અનુયાયી હોવાથી તે વિશેષ **વિશ્વાસપાત્ર** ગણાય. ત્યાં ( સં૦ ૧૫૭૮ ) સુધી લોંકાગચ્છના યતિઓએ લોંકાશાહની પ્રરૂપણા પ્રમાણે જ "સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, **દાન**, આગમ" વગેરે માનવાનો અસ્વીકાર કર્યો. પરંતુ **ભાનુચંદ્રના** સમયમાં લોંકાગચ્છના મૂળ સિદ્ધાંતમાં થોડો ઘણો **સુધારો થયો હશે.** જેમકે, "સામાયિક સવાર–સાંજ બે વાર થઇ શકે. પૌષધ પર્વના દિવસે થઈ શકે. વ્રતધારી પ્રતિક્રમણ કરી શકે. પચ્ચક્ખાણ, વિના આગાર જ લઈ શકાય, અસંયતિને દાન દેવાય જ નહીં, દ્રવ્યપૂજા નહીં પણ ભાવપૂજા કરવી જોઇએ; તથા જૈનાગમોમાં બત્રીશ સૂત્રો માનવાં." પાછળથી ઘણા સુધારા થતા ગયા. **નાગોરી લોંકાગચ્છ** વગેરેમાં તો સર્વ પ્રવૃત્તિ મૂર્તિપૂજક જૈનોની માફક જ જોવામાં આવે છે. ( –પૃ૦ ૧૪ )

(૫) "**લોંકાશાહકા સિલોકા,**" લે૦ લોંકાગચ્છીય **યતિ કેશવજી ઋષિ.** (જૂઓ પ્રક૦ ૫૩ લોંકાગચ્છ પરંપરા ૧૩માં **પૂજશ્રી**)

આ લોંકાશાહ માટે લોંકાગચ્છના આ બે યતિઓએ જે વાત તેમની "ચોપાઈમાં કરી છે, તે જ વાત ઉપરના ત્રણ ગ્રંથોમાં તો તે મુનિઓએ કરેલી છે. એટલે એ બધી વાત એકસરખી રીતે વિશ્વાસપાત્ર ઠરે છે. ( મૂળ જૈનધર્મ પૃ૦ ૩૪૬ )

આ પાંચે "ચોપાઈઓ" **મુનિ શ્રીજ્ઞાનસુંદરજીએ** લખેલા 'શ્રીમાન્ લોંકશાહકે જીવનપર ઐતિહાસિક પ્રકાશ' નામના પુસ્તકમાં પણ સંપૂર્ણ પણે છપાઈ છે.

પહેલા ત્રણે લેખકોએ લોંકાશાહની માન્યતા જૈનધર્મ અને જૈન સિદ્ધાંતથી વિરુદ્ધ છે, તે બતાવવા માટે સૂત્રોની **સાખો ટાંકીને** લખેલું છે. એટલે તેમાં શંકાને સ્થાન રહેતું જ નથી. ( –પૃ૦ ૧૫)

તે તથા છેલ્લા બે લોંકાગચ્છીય યતિઓનું પ્રમાણ વિશ્વાસપાત્ર કેમ નહીં ? ( –પૃ૦ ૧૬,

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬) વિક્રમની ૧૬મી સદીમાં દિગંબર **તારણસ્વામીએ** લખેલ 'તરણતારણ શ્રાવકાચાર'માં અને દિગંબર ભ૦ **રત્નનંદિએ** 'ભદ્રબાહુચરિત્ર'માં (તથા 'ષટ્પ્રાભૃત'ની ટીકામાં) વગેરે દિગંબરના ઉલ્લેખો પણ મૂર્તિપૂજકો તથા લોંકાગચ્છના ઉલ્લેખોને મળતા આવે છે. (–પૃ૦ ૧૭)

(૭) આ ઉપરાંત લોંકાશાહના જ સમકાલીન **કડુઆ શાહે** પણ તપાગચ્છ વિરુદ્ધ પોતાનો મત ચલાવ્યો હતો. તે 'કડુઆમતપટ્ટાવલી'માં લોંકાશાહની માન્યતાનો ઉલ્લેખ છે. તેમાં પણ લોંકાશાહની માન્યતાઓ જેમ બીજાઓએ બતાવી છે તેવી જ બતાવી છે. "લોંકાશાહે સામાયિક વગેરેનો નિષેધ કરેલો" એ માટે ઉપરનાં સર્વ પ્રમાણો જોતાં શંકાને સ્થાન જ રહેતું નથી. અને "હાલના સ્થાનકવાસીઓ તો સામાયિક વગેરે સર્વને માને છે તો પછી સ્થાનકવાસીઓ પોતાને "લોંકાશાહના અનુયાયી" કેમ કહી શકે?"

ઉપરના (સાત) લેખકોએ એકસરખી રીતે એક સરખી જ વાત કરી છે. તો શું એ બધા જ લોંકાશાહના વિરોધીઓ હતા? એથી પણ પુરવાર થાય છે કે, લોંકાશાહ સંબંધી **પ્રાચીન લેખકોએ જે લખ્યું છે તે સાચું જ લખ્યું છે.**

સ્થા૦ **મુનિ શ્રી મણિલાલજીએ** "જૈન ઇતિહાસ અને પ્રભુ મહાવીર પટ્ટાવલી નામક પુસ્તક" લખેલું, અને તે સ્થાનકવાસી જૈન કાર્યાલય, અમદાવાદ તરફથી વિ૦ સં૦ ૧૯૯૧માં પ્રસિદ્ધ થયું છે. આ પુસ્તક '**સ્થાનકવાસી જૈન કોન્ફરન્સે** તા. ૧૦–૫–૧૯૩૬ની જનરલ વાર્ષિક બેઠકમાં **અમાન્ય** ઠરાવેલ છે. કેમકે તે પુસ્તકમાં ઐતિહાસિક રીતે ખોટી અને **અવિશ્વસનીય** હકીકતો આપવામાં આવી છે. (–પૃ૦ ૧૯)

તેમાં લોંકાશાહનું બે પાનાનું જીવનચરિત્ર છપાયેલું છે. પરંતુ આ જીવનચરિત્ર વાંચતાં જ એ **બનાવટી** છે, એમ સૌ કોઈ સમજી શકે તેમ છે. (–મૂ૦ જૈ૦ ધ૦ પૃ૦ ૩૫૧)

તેમાં "સં૦ ૧૫૦૦માં તેઓ અમદાવાદ આવ્યા અને ધીરધારનો

જૈન સાઈટ JAINSITE.com જૈન ધર્મ સંબંધિત પ્રાચીન પુસ્તકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધંધો શરૂ કર્યો, ત્યારથી લોંકાશાહને ત્યાં બાદશાહ સાથે ઓળખાણ થઈ અને તે પછી લોંકાશાહ તિજોરીદાર બન્યા." વગેરે હકીકતો લખેલી છે પરંતુ ઇતિહાસ પ્રમાણે તે હકીકતો **ખોટી** ઠરે છે.

શ્રી મણિલાલજીએ પ્રભુવીર પટ્ટાવલીમાં લખ્યું છે કે, "લોંકાશાહ જયપુર ગયેલા, અને ત્યાં તેમને કોઈએ **ઝેર** આપવાથી અકસ્માત્ મૃત્યુ પામેલા."

જયપુર શહેર સવાઇ જયસિંહ મહારાજે લોંકાશાહની પછી બસો વર્ષે આબાદ–વસાવેલું.' એ ઉપરથી સ્થાનકવાસી મુનિ શ્રી મણિલાલજીએ લખેલું જીવનચરિત્ર કેવું છે, ઢંગધડા વગરની ઉપજાવી કાઢેલી વાતોથી ભરપૂર છે તે સમજી શકાય છે. (–પૃ૦ ૨૦)

"એ જીવનચરિત્રમાં લોંકાશાહનો જન્મ કાર્તિક સુદિ ૧૫નો જણાવેલો છે." તે પણ ખોટો ઠરે છે. (–પૃ૦ ૨૧)

લોંકાશાહ લહિયાનું કામ કરીને પોતાની આજીવિકા ચલાવતા હતા. (પૃ૦ ૨૨) લોંકાશાહની બનાવેલી એકાદ 'ઢાલ ચોપાઈ' કે બીજું કંઈ લખાણ મળતું નથી, ત્યારે કયા પ્રમાણ ઉપર લોંકાશાહના જ્ઞાન અને વિદ્વત્તા માટે **ઢોલ** પીટવામાં આવે છે? (–પૃ૦ ૨૩)

આ સર્વ ઉપરથી સાબિત થાય છે કે, "લોંકાશાહમાં કોઇ પણ પ્રકારનું વિશેષ જ્ઞાન નહોતું. લોંકાશાહ" જો સહેજ પણ બુદ્ધિમાન હોત તો, તેમણે સૂત્રો તેમજ ધાર્મિક ક્રિયાઓ વગેરેનો નિષેધ કર્યો ન હોત."

લહિયાનું કામ એ જ્ઞાન કે વિદ્વત્તાની નિશાની નથી. (પૃ૦ ૨૪) સુંદર અક્ષરો એ પણ જ્ઞાન કે વિદ્વત્તાની નિશાની નથી. (પૃ૦ ૨૪)

લોંકાશાહે બત્રીશ સૂત્રોની એકેક કે બે બે નકલો કરવા સંબંધી કશું જ લખ્યું નથી. (પૃ૦ ૨૬) લોંકાશાહમાં અર્ધમાગધી કે સંસ્કૃત ભાષાનું જ્ઞાન હતું જ નહીં. (–પૃ૦ ૨૭)

લોંકાશાહના **અનુયાયીઓએ** (૧) જિનપ્રતિમા અને જિનમંદિરની નિંદા કરવી નહીં, (૨) હમેશાં જિનમંદિરમાં જિનપ્રતિમાનાં દર્શન કરવાં. (૩) પૂર્વાચાર્યોના અવગુણ બોલવા નહીં. **આ ત્રણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શરતો સ્વીકારી. આ૦ પાર્શ્વચંદ્રસૂરિ** પાસે સૂત્રોના **ટબા** તૈયાર કરાવ્યા. બત્રીશ સૂત્રોના ટબા લખાયા બાદ, આ શરતોનો ભંગ થયો. આથી તે આચાર્યે બીજાના ટબા લખવા બંધ કર્યા.

(–મૂ૦ જૈ૦ ધ૦ પૃ૦ ૩૫૯)

તે પછી મુનિ **શ્રી ધર્મસિંહજી** તથા **લવજીઋષિ** એ બંનેએ લોંકાગચ્છના યતિધર્મથી છૂટા પડીને મૂર્તિનો જોરશોરથી વિરોધ શરૂ કર્યો. તેમના અનુયાયીઓ '**ઢુંઢિયા**' કહેવાયા. અને પાછળથી "**સ્થાનકવાસી**" નામ ધારણ કર્યું. (પૃ૦ ૨૯)

(–મૂ૦ જૈ૦ પૃ૦ ૩૬૦)

લોંકાશાહે ધર્મનો ઉદ્ધાર મુદ્દલ જ કર્યો નહોતો. "પરંતુ ખરું કહીએતો અધર્મનું જ પ્રતિપાદન કર્યું હતું."

**લોંકાશાહ** અને **કડુઆશાહ** એમ બે મતો તે વખતે ધર્મ-વિરુદ્ધ થયા હતા. એટલે **ભસ્મગ્રહે** ઊતરતાં (વિ૦ સં૦ ૧૫૯૦ સુધી) પણ પોતાનો ક્રૂર સ્વભાવ બતાવી આપ્યો હતો. (પૃ૦ ૩૧)

(મૂળ જૈન ધ૦ પૃ૦ ૩૬૩)

લોંકાશાહે ફક્ત **ક્રોધથી,** દ્વેષથી, સૂત્ર, ધર્મક્રિયા, **દાન.** પૂજા વગેરેનો બહિષ્કાર કર્યો હતો, અને સ્થાનકવાસીઓએ **સૂત્રના ખોટા અર્થ કરી મૂર્તિનો નિષેધ કર્યો** છે. એટલે તેમનાં કાર્યોમાં ધર્મનો ઉદ્દ્યોત છે જ નહીં પણ તે ધર્મની હાનિનું જ કાર્ય છે. અને "તે અસંયતિપૂજા નામના અચ્છેરામાં ગણાય" (પૃ૦ ૩૨)

(મૂળ જૈન ધ૦ પૃ૦ ૩૬૪)

સાડા સાત દોકડાની લેવડદેવડમાંથી જ તકરાર પેદા થઈ. (પૃ. ૩૩)

(મૂ૦ જૈ૦ ધ૦ પૃ૦ ૩૬૫)

લોંકાશાહની "બુદ્ધિમાં વિકાર" થયો. તેણે જૈનધર્મની બધી ક્રિયાઓનો લોપ કરી પોતાનો નવો મત કાઢ્યો (પૃ૦ ૩૪)

લોંકાશાહના જ અનુયાયી કહેવાતા બે સમુદાયો (૧ લોંકાગચ્છ તથા ૨ સ્થાનકવાસી) વર્તનમાં, આચારમાં એક બીજાથી તદ્દન વિરોધી મતના છે. એ બેમાંથી લોંકાશાહના સાચા અનુયાયી કોણ ? (પૃ૦ ૩૪)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

લોંકાશાહનો દેહાંત સં૦ ૧૫૩૨ (૧૫૨૨)માં થયો. તેઓ શૌચાચારનો પણ વિરોધ કરતા હતા. (પૃ૦ ૩૬) (મૂ૦ જૈ૦ ધ૦ પૃ૦ ૩૬૮)

**વા૦ મો૦ શાહે** 'ઐતિહાસિક નોંધમાં ૬૯ મા પાને લખ્યું છે કે, "લોંકાશાહે પોતાનો બુલંદ અવાજ ભારતના ખૂણે ખૂણે પહોંચાડ્યો, તથા પાટણ નિવાસી લખમસી તેમની પાસે આવેલ, તેમને લોંકાશાહે એવો સરસ ધાર્મિક ઉપદેશ આપ્યો કે, તે લોંકાશાહના પાકા અનુયાયી બની ગયા." (મૂ૦ પૃ૦ ૩૭૧)

**સંતબાલે** તેમના 'ધર્મપ્રાણ લોંકાશાહ પુસ્તકમાં એજ વાત લખી છે."

આ વાતો તદ્દન ઉપજાવી કાઢેલી છે, (પૃ૦ ૩૯, મૂ૦ પૃ૦ ૩૭૧)

વા. મો. શાહ કે સંતબાલની વાતો કેમ સાચી મનાય? (પૃ૦ ૪૦)

ચતુર્માસમાં જૈનોનો સંઘ નીકળતો નથી. (પૃ૦ ૪૦)

સં૦ ૧૬૮૫માં **મુનિ ધર્મસિંહજીએ** છૂટા પડી 'દરિયાપુરી સંપ્રદાય' સ્થાપ્યો. સં૦ ૧૬૯૨માં **લવજી ઋષિએ** 'ખંભાત-સંપ્રદાય'ની શરૂઆત કરી.

સં. ૧૭૧૬માં **ધર્મદાસજીએ** પણ **દીક્ષા** લીધી.તે પૈકીના દરિયાપુરી સંપ્રદાયના ધર્મસિંહજીએ આઠ કોટિનો આગ્રહ પ્રવર્તાવ્યો. (પૃ૦ ૪૩)

ધર્મસિંહજીએ **નવા ટબા** બનાવ્યા.

પરંતુ ખેદની વાત છે કે, વ્યાકરણ તો તેઓમાંના કોઈ શીખેલા જ નહીં, અને તેથી 'ચેઈય–ચૈત્ય' શબ્દના ખોટા અર્થ કરી, મૂર્તિનો ખોટી રીતે વિરોધ કરેલો, અને આજે પણ એમના અનુયાયીઓ તેવી જ રીતે ખોટો વિરોધ કરી રહેલા છે. (પૃ૦ ૪૩, મૂ૦ જૈ૦ પૃ૦ ૩૬૦)

આ સિવાય વા૦ મો૦ શાહ વગેરે **આધુનિક લેખકોએ લખેલી બધી વાતો ખોટી છે.** (પૃ૦ ૪૭)

લોંકાશાહની માન્યતા તો "સદંતર ધર્મવિરુદ્ધની જ હતી. એટલે ખરું કહીએ તો, આજે લોંકાશાહનો તો કોઇ અનુયાયી છે જ નહીં. (પૃ૦ ૪૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અત્યારે **લોંકાગચ્છ** એ "મૂર્તિપૂજક તપાગચ્છની એક શાખા જેવો" ગણાય, ત્યારે સ્થાનકવાસી સંપ્રદાય તેના વિરોધપક્ષનો ગણાય. (પૃ૦ ૫૦) વગેરે વગેરે.

(જૈન સિદ્ધાંત વ. ૧૫ ક્રુ. ૧૭૦, સં. ૨૦૧૯નું મૂળ જૈનધર્મ અને હાલના સંપ્રદાયો પુસ્તક, પ્રક૦ ૨૧ લોંકાશાહ પૃ૦ ૩૩૯ થી ૩૬૧)

*

**લોંકાગચ્છની પરંપરા—**

**મહો૦ ધર્મસાગરજી ગણિવર** 'પ્રવચન પરીક્ષા વિશ્રામ' : ૮ની ગાથા : ૧૫ની ટીકામાં પરંપરા આપે છે.

તેમજ લોંકાગચ્છની પટ્ટાવલીઓમાં પણ જૂદી જૂદી પરંપરાઓ મળે છે. તે સૌના આધારે નીચે મુજબ **પરંપરા** બને છે.

૧. **લોંકાશાહ** (મૃત્યુ, વિ૦ સં૦ ૧૫૨૨ અથવા ૧૫૩૨)

૨. **ઋષિ ભાણજી**—તે સિરોહી પાસેના અરહટ્ટવાડાનો વતની હતો. તેણે સં૦ ૧૫૩૦માં કે ૧૫૩૩માં **સ્વયં મુનિવેશ** પહેર્યો, અસલમાં તેની પરંપરા **ગુજરાતી લોંકાગચ્છ** મનાય છે. તેણે સ્રસ્તીક, **માદાજી, પૂનાજી** વગેરે નામના શિષ્યો બનાવ્યા.

૩. ઋષિ **માદાજી**–(ભીદાજી)–તે લોલાશાહનો ભાઈ હતો. તેણે **ઋષિ ભૂતાજી** નામે ચેલો બનાવ્યો.

૪. ઋષિ **ભીમાજી**—ઋષિ માદાજીની પાટે ઋષિ પૂનાજીનો શિષ્ય "ઋષિ ભીમાજી" બેઠો.

૫. **ઋષિ ભૂતાજી**—ઋષિ ભીમાજીની પાટે ઋષિ માદાજીનો શિષ્ય **ઋષિ ભૂતાજી** બેઠો. 'પટ્ટાવલી'ઓમાં આ બંનેના એક પટ્ટાંક તથા જૂદા જૂદા પટ્ટાંકો મળે છે. **તેની એક** શિષ્ય પરંપરામાંથી 'બીજામત' નીકળ્યો હતો.

૬. ઋષિ **જગમાલજી**—તે નરાઉદ્ર(નરોડા)નો વતની હતો. સુરાણા ગોત્રનો ઓસવાલ હતો, તેનાથી લોંકાગચ્છની **બે શાખાઓ** નીકળી, તે આ પ્રમાણે—

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

(૧) પાટણના વેદ ગોત્રનો ઓસવાલ **રૂપચંદજી** સં૦ ૧૫૬૮માં **સ્વયં મુનિવેશ** પહેરી, **ઋષિ જગમાલજીની** પાટે બેઠા. તેનાથી **ગુજરાતી લોંકાગચ્છ** ચાલ્યો.

(૨) નાગોરના સૂરાણા ગોત્રના ઓસવાલ **રૂપચંદજીએ** સં૦ ૧૫૮૪માં ઋષિ જગમાલજીની પાસે **દીક્ષા** લીધી. તેનાથી **નાગોરી લોંકાગચ્છ** નીકળ્યો. (નાગોરી લોંકાગચ્છ પટ્ટાંક ૬૦મો)

૭. **ઋષિ સરવાજી**–કોઈ કોઈ પટ્ટાવલીમાં આ ઋષિનો પટ્ટાંક મળતો નથી.

૮. ઋષિ **રૂપચંદજી**–તે પાટણનો વતની હતો. સં૦ ૧૫૬૮.

૯. ઋષિ **જીવાજી**–તે સૂરતનો વતની હતો. તે ગુજરાતી રૂપચંદની પાસે દીક્ષા લઈ તેની પાટે આવ્યો. તેનાથી **ગુજરાતી લોંકાગચ્છ** પરંપરા ચાલી.

૧૦. **ઋષિ કેશવજી**–તે પ્રભાસપાટણનો વતની હતો. તેણે સં૦ ૧૫૮૭માં ગુજરાતના પાટણ પાસેના "કતબપરા"માં દીક્ષા લીધી. અને તે ઋષિ જીવાજીની પાટે આવ્યો.

**મહો૦ ધર્મસાગરજીગણિના** સમયે તે વિદ્યમાન હતો.

આ સમયે લોંકાગચ્છની **ત્રણ ગાદીઓ** બની હતી.

(૧) ઋષિ **વરસીંગજી**–તેણે સં૦ ૧૬૧૩ના જેઠ વદિ ૧૦ના રોજ વડોદરામાં ભાવસારોના આગ્રહથી શ્રીપૂજની ગુજરાતી લોંકાગચ્છની 'મોટીપક્ષ' સ્થાપિત કરી. તેની ગાદી **વડોદરામાં** હતી.

(૨) ઋષિ **કુંવરજી**–તેણે બાલાપુરવાળાના આગ્રહથી શ્રી પૂજની ગુજરાતી લોંકાગચ્છની 'નાની પક્ષ' સ્થાપન કરી. અને તેની ગાદી **બાલાપુર**(વરાડ)માં રાખી.

(૩) ઋષિ વરસિંગજીના શિષ્ય અને (૧૦) ઋષિ કુંઅરજીના ઉત્તરાધિકારી **ઋષિ મેઘજી** અમદાવાદમાં ગાદીએ બેઠા, તેની ગાદી **અમદાવાદમાં** હતી. આ શ્રીપૂજમેઘજીએ સં૦ ૧૬૨૮માં અમદાવાદમાં લોંકાગચ્છના ૨૮ યતિઓ સાથે વૈરાગ્ય પામી, યતિજીવન છોડીને જગદ્‌ગુરુ આ૦ શ્રી હીરવિજયસૂરિ પાસે સંવેગીપણું સ્વીકાર્યું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે ઇતિહાસમાં ઉ૦ **ઉદ્દ્યોતવિજયજીગણિવર** તરીકે ખ્યાતિ પામ્યા. (—પ્રક૦ ૫૫, મહો૦ હાનર્ષિગણિની પરંપરા પ્રક૦ ૫૮)

**પહેલી ગાદી** (વડોદરામાં)

૧૧. **ઋષિ વરસિંગજી**—તેનું બીજું નામ ઋષિ વરજાંગજી પણ હતું. તે સં૦ ૧૬૧૩(૩૦)ના જેઠ વદિ ૧૦ ના રોજ ઋષિ કેશવજીની પાટે વડોદરાની ગાદીએ બેઠા અને સં૦ ૧૬૫૨માં સ્વર્ગે ગયા.

તેમની પાસે રોહાના વતની **શેઠ શ્રીવંત,** તેની પત્ની તેનાં બેન, બનેવી, ભાણેજ, તથા ૪ પુત્રો અને પુત્રી વગેરે ૧૦ જણા લોંકાગચ્છના અનુયાયીઓ હતા. અને તે સૌ તેમાં દીક્ષા લેવાના હતા. તેમાંના ઘણાએ લોંકાગચ્છમાં **દીક્ષા** લીધી હતી. તેઓએ સં૦ ૧૬૨૮ માં સિરોહીમાં તપાગચ્છમાં જગદ્ગુરુ આ૦ શ્રી હીરવિજયસૂરિ પાસે સંવેગી દીક્ષા સ્વીકારી હતી, અને તેમના પરિવારના મુનિવરોના શિષ્ય–પ્રશિષ્યો બન્યા હતા. શેઠ, શેઠાણી તથા ચોથો પુત્ર કલો અને પુત્રી સહજાને પણ લોંકાગચ્છમાં દીક્ષા લેવાની હતી. પરંતુ તેના કુટુંબના સૌ તપાગચ્છમાં જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિના શિષ્ય–શિષ્યા બન્યાં હતાં. આથી **શેઠ શ્રીવંતે** પણ સં૦ ૧૬૪૫ ના મહા સુદિ ૬ ના રોજ સિરોહીમાં તે જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિ પાસે દીક્ષા સ્વીકારી નામ—મુનિ શુભવિજય રાખ્યું તથા તેની પત્ની લાલબાઈ, પુત્રી સહજા અને ૯ વર્ષ ઉંમરના **પુત્ર કલોએ** સં૦ ૧૬૫૧ ના મહા સુદિ ૬ ના રોજ ઊનામાં જ૦ આ૦ શ્રી હીરવિજયસૂરિ પાસે સંવેગી દીક્ષા સ્વીકારી.

આ શ્રીકલો (કલ્યાણ) તે **મહો૦ સોમવિજય ગણિવરનો** શિષ્ય બન્યો. તેનું નામ **મુનિ કમલવિજય** રાખવામાં આવ્યું. તે સં૦ ૧૬૭૬ ના પોષ વદિ ૧૩ ની સવારે શિરોહીમાં તપાગચ્છની નવી શાખાના ૬૨મા **ભ૦ વિજયાનંદસૂરિ** બન્યા. તેમનાથી તપગચ્છમાં "વિજયાનંદસૂરિ શાખા સંઘ" ચાલુ થયો.

(—પ્રક૦ ૫૧, પૃ૦ ૫૨૦, પ્રક૦ ૫૮)

જો કે શેઠ શ્રીવંત, શેઠાણી લાલબાઈ, પુત્રી સહજા અને ચોથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્ર કલાએ લોંકામતની દીક્ષા લેવાનું મોકુફ રાખી, સીધા તપગચ્છમાં જ સંવેગી દીક્ષા લીધી હતી, પણ ગ્રંથકારો અને 'પટ્ટાવલી' કારો શ્રી કલાને લોંકાગચ્છના યતિપણામાંથી આવેલા બતાવે છે, તે બરાબર નથી. સંભવ છે કે, અસલમાં બીજા સૌ લોંકાગચ્છમાંથી આવેલા એ વાતને જૂદી ન સમજાયાથી શ્રીકલાની સાથે પણ એ વાત જોડી દીધી છે, એટલે ૧૦ જણા લોંકાગચ્છમાંથી આવ્યા. એટલું બતાવવા પૂરતું જ આ ભેળસેળ લખાયું હોય.

વિક્રમની ૧૭મી સદીના અંતમાં બુદ્ધિભ્રમના કારણે લોંકાગચ્છ-માંથી ઢુંઢિયામત નિકળ્યો. તે આ પ્રમાણે.

(૧) સં૦ ૧૬૯૨માં અથવા સં૦ ૧૭૦૯માં વડોદરાની ગાદીના શ્રીપૂજ વરસિંગજીના સૂરતના શ્રીમાળી શિષ્ય લોંકાગચ્છના **યતિ લવજીએ** સૂરતમાંથી પોતાના ગુરુથી જૂદા પડી, અને લોંકાગચ્છમાંથી ચે છૂટા પડી સ્વતંત્ર **ઢુંઢિયાપંથ સ્થાપિત** કર્યો.

(૨) સં૦ ૧૬૮૫ કે સં૦ ૧૭૦૯માં અમદાવાદમાં બાલાપુરની ગાદીના ઋષિ શિવજીના પ્રશિષ્ય સરખેજના ભાવસાર લોંકાગચ્છના **યતિ ધર્મદાસજીએ** મુખપટ્ટી બાંધી **ઢુંઢિયામત** ચલાવ્યો.

તેમણે આઠ કોટિ ઢુંઢિયામત સ્થાપિત કર્યો.

(૩) અને બાલાપુરની ગાદીના **શ્રીપૂજ શિવજીના** એક શિષ્યે કદાગ્રહ કરી, ગુરુથી જૂદા પડી, મુખપટ્ટી બાંધી, જિનદર્શન તથા જિનપૂજાનો વિરોધ કરી, તપસ્વી બની, ઢુંઢિયામાં ભળી જઈ, તેમાં માન્ય બની અને તેમણે સં૦ ૧૭૧૨માં લાહોરમાં ગુરુઆજ્ઞા લોપી સ્વતંત્ર **ઢુંઢિયામત** ચલાવ્યો.

(–પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૧. પૃ૦ ૧૫૬)

આ ત્રીજા મતમાંથી પંજાબમાં અજીવપંથ નીકળ્યો.

આ મતોનાં **ઢુંઢિયા**, બાવીશટોળા, **બારાપંથી**, સ્થાનકવાસી, સ્થાનકમાર્ગી વગેરે ઘણાં નામો મળે છે.

આ સમયે વડોદરાના વતની મોટા કવિ ભાવસાર ભીમજીએ સં૦ ૧૬૨૧ના ભાદરવા સુદિમાં વડોદરામાં શ્રી ગૌતમસ્વામી અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શારદામાતાની કૃપાથી ગુજરાતીમાં શ્રેણિકરાસ ખંડ–૧લો કડી ૩૦૦ બના૦યો જેની પ્રતિ મુનિ સાધુરક્ષકે લખી.

તેમજ તેજ મહાકવિ ભીમજીએ સં૦ ૧૬૩૨ માં શ્રીપૂજ વરસિંહજીના શિષ્યો ઋષિ કુંરપાલ, મુનિ ભક્તઋષિ પાલ્હા, ઋષિ માણેક વગેરે ૯ યતિઓ અને ૩ મહાસતીઓ ચોમાસું રહ્યા હતા. તેમની પાસેથી સાંભળી તેમાં બુદ્ધિથી કવિત્વતર્ક શક્તિથી શાસ્ત્રાધારે વધારો કરી, શ્રી ગૌતમસ્વામી શારદામાતાની કૃપાથી અને શ્રીપૂજ વરસિંહજીનું નામ લઈ સં૦ ૧૬૩૨ ભા૦ વ૦ ૨ શુક્રવારે વડોદરામાં શ્રેણિકરાસ ખંડ ૨ જો બના૦યો.

(પુરાતત્ત્વ વિશારદ પંડિતવર્ય લાલચંદ ભગવાનદાસનો ઐતિહાસિક લેખ સંગ્રહ પૃ૦ ૪૨૪, ૪૨૫)

૧૨ ઋષિ યશવંતજી, ૧૩ ઋષિ રૂપસિંગજી, ૧૪ ઋષિ દામોદરલાલજી, ૧૫ ઋષિ કર્મસિંહજી, ૧૬ **ઋષિ કેશવજી**–તેમનાથી ગુજરાતી લોંકાગચ્છની મોટી પક્ષનું બીજું નામ 'કેશવજી પક્ષ' પડયું.

૧૭ ઋષિ તેજસિંગજી, ૧૮ ઋષિ કાનજી, ૧૯ ઋષિ તુલસીદાસજી, ૨૦ **ઋષિ જગરૂપજી**, ૨૧ ઋષિ જગજીવનજી, ૨૨ **ઋષિ મેઘરાજજી**, ૨૩ ઋષિ સોમચંદજી, ૨૪ ઋષિ હરખચંદજી, ૨૫ ઋષિ જયચંદજી, ૨૬ ઋષિ કલ્યાણચંદજી, ૨૭ ઋષિ ખૂબચંદજી, ૨૮ **શ્રીપૂજ ન્યાયચંદ્રસૂરિ**, ૨૯ યતિ હેમચંદ્રજી, યતિ રાજચંદ્રજી, વિદ્યમાન છે.

## બીજી ગાદી બાલાપુરમાં

૮. ઋષિ **રૂપજી**–તે પાટણમાં ધનિક વ્યક્તિ હતી. તેણે સં૦ ૧૫૬૮માં પાટણમાં ૧૮ ગુમાસ્તાઓ સાથે દીક્ષા લીધી. અને ૧૬૨૦માં **લોંકામત** સ્થાપ્યો.

૯. ઋષિ જીવાજી.

૧૦. **ઋષિ કુંઅરજી**–તે બાલાપુરમાં લોંકાગચ્છના શ્રાવકોની વિનતિથી **શ્રીપૂજ** બન્યા. તેમનાથી 'ગુજરાતી લોંકાગચ્છ નાનીપક્ષ ચાલી, તેમના શિષ્ય અને અમદાવાદની ગાદીના **શ્રીપૂજ ઋષિ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મેઘજીએ** સં૦ ૧૬૨૮ માં સંવેગી માર્ગ સ્વીકાર્યો. ૧૧. **ઋષિ મલજી**, ૧૨ **ઋષિ રત્નાજી**, તેમણે પત્ની સાથે દીક્ષા લીધી હતી:

૧૩. **ઋષિ કેશવજી**—સ્વ૦ સં૦ ૧૬૮૬, આ સમયે લોંકાગચ્છના ઋષિ મેઘજીએ સં૦ ૧૬૬૦ માં પાટણમાં આ૦ વિજયસેનસૂરિના પરિવારના પં૦ કૃપાવિજયજીગણિ પાસે દીક્ષા સ્વીકારી. તેનું નામ મુનિ **મેઘવિજય** રાખવામાં આવ્યું, જે પાછળથી મોટા ગ્રંથકાર **મહો૦ મેઘવિજયજીગણિ** તરીકે પ્રસિદ્ધ થયા. (—પ્રક૦ ૫૮)

૧૪. **ઋષિ શિવજી**,

૧૫. **ષિ ધર્મચંદજી**—તેમના શિષ્ય સરખેજના ભાવસાર યતિ **ષિ ધર્મદાસે** સં૦ ૧૭૦૯માં જિનમાર્ગ દીપાવ્યો, એટલે મુખે મુહપત્તિ બાંધી, **આઠકોટિ ઢુંઢિયામત** ચલાવ્યો, જેનાં બીજાં નામો સ્થાનકવાસી, સ્થાનકમાર્ગી, બાવીશટોળા, **બારાપંથી**, વગેરે મળે છે.

૧૪. **ઋષિ શિવજી** પછી આ પ્રકારે પરંપરા મળે છે:—

૧૫. **ઋષિ સિંઘીમલજી**—તેમનું બીજું નામ ઋ૦ સંઘરાજજી પણ મળે છે. સ્વ૦ સં૦ ૧૭૨૫.

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

તેમના શિષ્ય **ઋષિ આણંદે** પોતાના શિષ્ય ઋ૦ તિલકને શ્રીપૂજ બનાવી, ખંભાતમાં જૂદી ગાદી સ્થાપિત કરાવી. આ પક્ષમાં ૧૮ યતિઓ બની રહેતા, તેથી તે **અઢારિયા** કહેવાયા. (—પ્રક૦ ૬૨)

૧૬ ઋ૦ સુખમલજી, ૧૭ ઋ૦ ભાગચંદજી, ૧૮ ઋ૦ વાલચંદજી (બાલચંદજી), ૧૯ ઋ૦ માણેકચંદજી, ૨૦ ઋ૦ ખૂબચંદજી (મૂલચંદજી) સ્વ૦ સં૦ ૧૮૭૬

૨૧ શ્રી જગચ્ચંદ્રજી—તે સં૦ ૧૮૩૬ના વૈ૦ શુ૦ ૮ ને ગુરુવારે "જેસલમેરમાં" આચાર્ય બન્યા.

૨૨ ઋ૦ રત્નચંદજી, ૨૩ ઋ૦ નૃપચંદજી,

(—સ્થાનકવાસી ઋષિ મણિલાલજીનો 'પ્રાચીન સંક્ષિપ્ત ઇતિહાસ; વિવિધગચ્છીય પટ્ટાવલી, પૃ૦ ૨૮૮)

**નોંધ** દિલ્લી આગ્રાની રુદ્રપલ્લી ગચ્છની પટ્ટાવલી માટે જૂઓ. (પ્રક૦ ૫૧ પૃ૦ ૫૧૪, ૫૧૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ ગુજરાતી લોંકાગચ્છની એક યતિપરંપરા આ પ્રમાણે મળે છે.

૧. રાજાધિરાજ શ્રી જયરાજજી ૨. મેઘરાજજી—સંભવ છે તેણે તીર્થમાલા બનાવી હોય.

૩. પં૦ કૃષ્ણઋષિજી, ૪ ઋ૦ બખતમલજી, ૫. પૂ૦ ઋષિ પરસરામજી. ૬. ૦ **જ્યોતિરૂપજી**—તેમણે સં૦ ૧૮૮૫માં હરદ્વાર ગંજમાં 'દશવૈકાલિકસૂત્ર' પાના : ૧૨ લખ્યું. અને સં૦ ૧૮૯૫ના વૈ૦ વ૦ ૮ ને બુધવારે મક્ષુદાબાદમાં 'શ્રાવકાચારભાષા' પાનાં ૯૫ લખ્યો.

સં૦ ૧૮૮૫માં 'જાતકાલંકાર પાના :' ૨૫ લખ્યો. તથા આગ્રાની લોહામંડી (પરા)માં 'રાજૂલપચ્ચીસી' પાનાં : ૫ લખી.

૭. ઋ૦ હર્ષજી,

૮. ૦ **જિનદાસજી**—તેમણે સં૦ ૧૯૧૦ માં અકબરાબાદ (આગરા)માં લોહમંડીમાં 'પ્રજ્ઞાપ્રકાશ' પાનાં : ૫ લખ્યો. લોંકાગચ્છના **પં૦ જશવંતગણિના** શિષ્ય યતિ રૂપસિંહજી ત્યારે તેમની સાથે આગરામાં હતા. અને તેમણે ત્યાં તપસ્યા કરી.

(આગરાના ચિંતામણિ પાર્શ્વનાથના ગ્રંથભંડારના ગ્રંથોની પ્રશસ્તિ, પુષ્પિકાઓના આધારે; પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૪૧–૪૨)

૨. લોંકાગચ્છની એક ઉત્તરાધગચ્છની **યતિપરંપરા** આ પ્રમાણે મળે છે.

૧. પૂ૦ જટ્ટમલજી, ૨. પૂ૦ પરમાનંદજી, ૩. પૂ૦ સદાનંદજી, ૪. પૂ૦ નારાયણજી, ૫. પૂ૦ નરોત્તમજી, ૬. પૂ૦ મયારામજી ૭. પૂ૦ **મેઘરાજજી**—તેણે 'દાન–શીલ'–તપ–ભાવના ચરિતરાસછંદ' (ગ્રં૦ ૧૨૩૭) બનાવ્યો. સં૦ ૧૮૧૭માં બનેલી તેની હસ્ત પ્રતિ મળે છે. તેમણે હીંદીમાં **મેઘવિનોદ** નામે વૈદક ગ્રંથ તથા વરસાદના વિજ્ઞાનવાલી મેઘમાલા બનાવી, મુક્તિઋષિએ મુક્તિ વિલાસનામે વૈદ્યગ્રંથ બનાવ્યો. (સને ૧૯૬૨ના જૂનનો સરસ્વતી અંક)

(૩) પંજાબની લોંકાગચ્છની **ઉત્તરાધશાખા** (ઉત્તર પ્રદેશમાં રહેલી શાખા)ની યતિ પરંપરા આ પ્રમાણે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. જટ્ટમલ. ૨. પૂજ્ય તપાચાઉજી, ૩. રાઉ ઋષિ, ૪. મોહન ઋષિ (સં૦ ૧૭૧૫), ૫. રામા ઋષિ, ૬. જાદમ ઋષિ, ૭. મંગલજી ઋષિ (સં૦ ૧૭૧૯ થી ૧૮૩૯), ૮. વીરુ ઋષિ (સં૦ ૧૮૨૦ થી ૧૮૨૫) ૯. સહજૂ ઋષિ (સં૦ ૧૮૫૦ થી ૧૮૭૫).

૧૦. **માણેક ઋષિ** (સં૦ ૧૮૭૪ થી ૧૯૨૬)–તેમના અક્ષરો બહુ સુંદર હતા. તેમણે સં૦ ૧૯૩૫માં તપાગચ્છના **આ૦ વિજયાનંદસૂરિ** (પૂ૦ આત્મારામજી મ૦) પાસે "સંવેગી દીક્ષા" લીધી. **ગુરુદેવે** તેમનું નામ **મુનિ ઉદ્દ્યોતવિજય** રાખ્યું.

લોંકાગચ્છમાંથી બુદ્ધિભ્રમના કારણે **વિવિધગચ્છો** નીકળ્યા. તે આ પ્રકારે છે—

(૧) **ઢુંઢિયા પંથ** (૭ કોટિપક્ષ) સં૦ ૧૬૯૨ (૧૭૦૯)

૧૦. **ઋષિ કેશવજી** યતિ દીક્ષા સં૦ ૧૫૮૭

૧૧. **ઋષિ વરસિંગજી**–ગાદી સં૦ ૧૬૧૩ (૧૬૩૦)ના જેઠ વદિ ૧૦, તેમનાં બે નામો હતાં. ૧. ઋષિ વરસંગજી, ૨. ઋષિ વરજાંગજી. સ્વ૦ સં૦ ૧૬૫૨.

૧૨. **ઋષિ લવજી સ્વામી**–અઢારમી સદીમાં લોંકાગચ્છમાંથી **ઢુંઢિયા પંથ** જૂદો પડ્યો. તેના આદિ સ્થાપકઋષિ **લવજીસ્વામી** થયા.

સૂરતના વતની વીરજી હાપા વહોરો **દશા શ્રીમાલી** લોંકાગચ્છનો **જૈન** હતો, તે "કોટિધ્વજ" હતો. તેને "ફૂલ બાઈ" નામે પુત્રી હતી. ફૂલબાઈને **લવજી** નામે પુત્ર થયો. લવજીને યતિ પાસે ભણતાં ભણતાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને પછી તેણે લોંકાગચ્છના ૧૧મા પૂજ **વરજાંગજી** પાસે જઈ "મને જિનાગમ ભણાવો, મને દીક્ષા લેવાનું મન થશે ત્યારે તમે જિનાગમ ભણાવશો તો, તમારી પાસે દીક્ષા લઈશ." એવી **શરત** મૂકી, તેની પાસે જૈન સિદ્ધાંત ભણ્યો.

**લેખિત કરાર**

તેણે પૂજ વરજાંગજી પાસે દીક્ષા લેતાં **લેખિત કરાર કર્યો** કે, "બે વર્ષ સુધી તમે મારા ગુરુ, અને હું તમારો ચેલો, બે વર્ષ પછી તમે છૂટા, અને હું પણ છૂટો." આવો કરાર લખી–લખાવી દીક્ષા

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીધી. ગુરુએ તેનું નામ રાખ્યું ઋષિ **લવજી** તે બે વર્ષ પછી પૂજ વરજાંગજીને ૭૫ બોલો જણાવી, તેમનાથી તે છૂટો પડચો.

૧. ઋષિ લવજી, ૨. ઋષિ થોભણજી, અને ૩. ઋષિ સરવણજી એ ત્રણે યતિ સૂરતથી વિહાર કરી, ખંભાત ગયા. ત્યાં કપાસિયાના વેપારી શેઠની દુકાને ઊતર્યા. તેને ઉપદેશ આપી, ભક્ત બનાવ્યો. અને "નવો પંથ ચલાવવા" તેની મદદ માગી. તેણે દરેક પ્રકારે મદદ આપવાનું વચન આપ્યું. આથી ત્રણે ઋષિઓ જંગલમાં ગયા. તેઓએ ત્યાં ફરીવાર "પાંચ મહાવ્રત ઉચ્ચરી" નવેસરથી **દીક્ષા** લીધી. આ રીતે સં૦ ૧૯૯૨માં તેઓએ ખંભાતના જંગલમાં **નવો પંથ** ચલાવ્યો.

સંભવ છે કે, તેઓએ જ સ્થાપનાનિક્ષેપો ઉડાવી, મુખે પટ્ટી બાંધી, **નવો વેશ** બનાવ્યો હોય. તેઓ **ઢુંઢિયા** તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

ઋષિ લવજી સ્વામીની વ્યાખ્યાનકળા ખીલેલી હતી, આથી ઘણા ભાઇબહેનો આકર્ષાયા, તેનું વ્યાખ્યાન સાંભળવા આવવા લાગ્યા અને તેમની પ્રશંસા કરવા લાગ્યા.

શેઠ **વીરજી હાપા** વહોરાને સૂરતમાં ખબર મળ્યા કે, ઋષિ લવજીએ **નવો પંથ** કાઢચો છે. આથી શેઠને દુઃખ થયું અને તેણે ખંભાતના સૂબાને પત્ર લખી ઋષિ લવજી ઉપર સખ્તાઈ કરવા જણાવ્યું.

સૂબાએ તે શેઠના પત્રથી ઋષિ લવજીને પકડાવી કેદમાં પુરાવ્યા અને સુબાએ પછી "પોતાની બીબીના કહેવાથી" તેને છોડી દીધા.

ઋષિ લવજી ત્યાંથી નીકળી **અમદાવાદ** ગયા. આ સમયે બાલાપુરની લોંકાગચ્છની ગાદીવાળા ૧૪મા શ્રીપૂજ **ષિ શિવજીસ્વામીના** શિષ્ય ૧૫મા ઋષિ ધર્મચંદ્રજીના શિષ્ય **યતિ ધર્મદાસજી** અમદાવાદમાં હતા તેમણે પણ ત્યાં મોંએ મુહપત્તિ બાંધી ઢુંઢિયા મત ચલાવ્યો હતો.

ઋષિ લવજી અને ઋષિ ધર્મદાસજી બંને અમદાવાદમાં મળ્યા. તે બંને **સંવેગી** બનવા ઉત્સુક હતા.

ઋષિ લવજી તેમની સાથે ઘણી વાતચીત કરી, અમદાવાદથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીકળી, સૂરત ગયા. અને ત્યાં શેઠ વીરજી હાપા વહોરાને ઘરે વહોરવા ગયા. તેણે તેના ઘરમાં ચાલતાં ચાલતાં પગલે પગલે રજોહરણથી ભૂમિ સાફ કર્યા કરી. આ દેખી શેઠે પૂછયું કે, 'આમ કેમ કરો છો ?' ઋષિએ ઉત્તર આપ્યો કે, "આંખમાં પૂરેપૂરી દર્શન શક્તિ નથી, તેથી પૂંજી પૂંજીને ચાલું છું."[1]

ઋષિ લવજી સૂરતથી નીકળી, અમદાવાદ પહોંચ્યા. ફરીવાર તે અને ઋષિ ધર્મદાસ મળ્યા. પણ બંનેમાં "વંદનવ્યવહારનો વાંધો

---

૧. આવી જ **વિચિત્ર ઘટના** અજમેરમાં બની હતી. એક દિવસ એક સ્થાનકવાસી ઋષિ અજમેરમાં લાખનકોટડીમાં **શેઠ હીરાચંદજી સંચેતીને** ત્યાં વહોરવા આવ્યા. તેણે હવેલીના દરવાજાથી તે તેના રસોડાના દરવાજા સુધી નીચેની જમીન પૂજતાં પૂજતાં ધીમે ધીમે આવી પંદર મિનિટ જેવો સમય ગાળ્યો. સૌને આ જોઈ તમાસા જેવું લાગ્યું. આ જોવાને બીજા માણસો પણ એકઠા થઈ ગયા. શેઠ **હીરાચંદજી** તેમની ભાવના સમજીને બોલ્યા: 'મહારાજ ! આપ અજમેર ક્યારે પધાર્યા ?' ઋષિએ જવાબ આપ્યો: 'ભાયાજી ! હું ખેરવાથી વિહાર કરી આજે ૧૦ાા વાગે અજમેર આવ્યો છું.' શેઠે જણાવ્યું : તો આપે ખેરવાથી કાલે વિહાર કર્યો હશે, કેમકે "આપ મારા ઘરમાં જે રીતે ચાલો છો એજ રીતે વિહાર કરો તો ખેરવાથી અજમેર આવતાં ઘણા કલાકો જોઈએ." ઋષિએ કહ્યું : "ના, ભાયા ? હું ત્યાંથી આજે સવારે જ સૂર્યોદય પછી નીકળ્યો હતો." શેઠે કહ્યું : 'મહારાજ ! તો પછી આપ અહીં પણ વિહારની ચાલે ચાલોને ?'

શેઠે સાફસાફ જણાવ્યું : "અહીં વધુ બતાવવાની કંઈ જરૂર નથી. કેમકે અમે ઓશવાલ થયા ત્યારથી જ **ઉપકેશગચ્છના** અને **તપાગચ્છના જૈન** છીએ. અમારા ગુરુના ઉપદેશ મુજબ અમારા **દરવાજા અભંગ** રહે છે. બીજું, અમને બાવીશટોળા કે "તેરાપંથી એવો રાગદ્વેષ" નથી. અમારા ઘરમાં બંને પંથવાળાની પુત્રીઓ પુત્રવધૂ તરીકે આવી છે, અને મેં મારી પુત્રી તથા પૌત્રીઓ બંને પંથવાળાના ઘરે પરણાવી છે. આથી અમારે મન **સૌ જૈન સરખા** છે. બંને પંથના ઋષિઓ પણ અમને ગોચરીનો લાભ આપે છે. આપે પણ કૃપા કરીને અમને ગોચરીનો લાભ આપતા રહેવું. પણ હવે આવો વિધિ કરવાની જરૂર નથી."

( —શેઠ હીરાચંદ સંચેતી સાથે મારવાડી ભાષામાં થયેલી વાતચીતના આધારે ગુજરાતી )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પડ્યો.” અને બંનેની નવી પ્રરૂપણામાં પણ **મોટો તફાવત** હતો. આથી બંને જૂદા પડ્યા. **ઋષિ લવજી** અમદાવાદથી વિહાર કરી, અન્ય સ્થાને ફરી, બીજી વાર અમદાવાદ આવ્યા. તેમણે અહીં અમદાવાદના કાળુપુરના વતની ૨૩ વર્ષની ઉંમરના **શાહ સોમજી વીશા પોરવાડને** દીક્ષા આપી, પોતાનો શિષ્ય બનાવ્યો. તે બંને અહીંથી વિહાર કરી **બુરહાનપુર** ગયા, અને ત્યાં ઇદલતપુરામાં ઊતર્યા. **ઋષિ લવજી** ત્યાં એક રંગારી બાઈને ત્યાંથી લાડવો વહોરી લાવ્યા. તે લાડવામાં ઝેર ભેળવેલું હતું. તેની તેને ખબર ન હતી.

ઋષિ લવજીએ તે લાડવાનો આહાર કર્યો અને ત્યાં જ અનશન કરી, અવસાન પામ્યા અને તે લાડવા આપનાર રંગારી બાઈને **ગલત કોઢ** નીકળ્યો.

ઋષિ લવજીની પાટે **ઋષિ સોમજી** બેઠા. તે બુરહાનપુરથી વિહાર કરી, અમદાવાદ જઈ, ઋષિ ધર્મદાસને વંદન કરી, તેની સાથે રહ્યા. પરંતુ આ દરમિયાન ઋષિ ધર્મદાસે અમદાવાદમાં પોતાની નવી પ્રરૂપણા ચાલુ કરી હતી. આમ **પ્રરૂપણાનો ભેદ** પડવાથી, તે બંનેનો મેળ મળ્યો નહીં, તે બંનેએ આપસ આપસમાં ચર્ચા કરી. એના પરિણામે ઋષિ ધર્મસિંહના શિષ્યો **ઋષિ અમીપાલજી, ઋષિ શ્રીપાલજી** તથા કુંવરજીના ગચ્છના **ઋષિ પ્રેમજી** અને **ઋષિ હીરજી** વગેરે યતિઓ ઋષિ ધર્મદાસને “વોસરાવી”, ઋષિ સોમજી પાસે ગયા. ત્યાં તેઓ તેમને વાંદી તેમના **શિષ્યો** બન્યા. તેમજ ઋષિ ધર્મદાસના ઘણા શ્રાવક–શ્રાવિકાઓ પણ ઋષિ ધર્મદાસના “આઠ કોટિ પક્ષ”ને છોડી, ઋષિ સોમજી પાસે ગયા. અને તેમના **શ્રાવક** બન્યા. એ રીતે તે બધાએ **છ કોટિનો** સ્વીકાર કર્યો.

આ ઘટના બનવાથી અમદાવાદના ઢુંઢિયા (લોંકાગચ્છ)ના તે પંથમાં ફૂટ પડી. બીજી તરફ મારવાડના લોંકાગચ્છના યતિ **ઋષિ** જીવાજીના શિષ્ય **ઋષિ લાલચંદજી** વીશા પોરવાડ હતા અને વિદ્વાન હતા. તે પણ ઋષિ સોમજી પાસે આવીને તેમના શિષ્ય બન્યા.

લાહોરના લોંકાગચ્છના **ઉત્તરાધ** શાખાના યતિ હરિદત્તજી પણ ઋષિ સોમજીના ચેલા બન્યા.



જૈનસાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

તે પછી ઋષિ સોમજી, ઋષિ અમીપાલજી, અને ઋષિ શ્રીપાલજી વગેરેએ દિલ્હી અને આગ્રા તરફ વિહાર કર્યો. ઋષિ સોમજીની પરંપરામાં **ઋષિ અમુલખચંદજી** વગેરે થયા છે. આ બધીયે શ્વે૦ જૈન પરંપરા છે. અને **લોંકાગચ્છની શાખા છે.** તે છ કોટિ પક્ષના ઢુંઢિયા કહેવાય છે. આ પક્ષના **ઢુંઢિયા,** સ્થાનકવાસી, બાવીશટોળા અને **બારાપંથી** વગેરે નામો મળે છે.

(–વા૦ મો૦ શાહે, સને ૧૯૦૯માં પ્રકાશિત શ્રી સાધુમાર્ગીની જાણવા જેવી નોંધ, પૃ૦ ૯૪ ના આધારે.)

**૨. ઢુંઢિયા પંથ** (આઠ કોટિ પક્ષ) સં૦ ૧૭૦૯

લોંકાગચ્છની બાલાપુરની ગાદીના ૧૫ મા ઋષિ ધર્મચંદજીના શિષ્ય **ઋષિ ધર્મદાસજીએ** સં૦ ૧૭૦૯માં અમદાવાદમાં મોંએ **સુહપત્તિ** બાંધી **ઢુંઢિયામત** ચલાવ્યો. તે **દરિયાપરી શાખા**–આઠ કોટિશાખા કહેવાય છે. તે આ પ્રમાણે—

૧૬. **ઋષિ ધર્મદાસજી**–તે અમદાવાદ પાસેના **સરખેજ** ગામનો **ભાવસાર** હતો. તે લોંકાગચ્છના ઋષિ કેશવજીની પરંપરાના **ઋષિ ધર્મચંદનો** શિષ્ય થયો. તેને યતિપણામાં સાધુ જીવન ન લાગવાથી શુદ્ધ માર્ગ ચલાવવા ભાવના થઈ, તેમને **ઋષિ અમીપાલજી, ઋષિ શ્રીપાલજી** વગેરે શિષ્યો હતા. ઋષિ હરજી, ઋષિ પ્રેમજી વગેરે ગુરુભાઈઓ હતા. સૌ શુદ્ધ સાધુજીવન પાળવા ઉત્સુક હતા. સૂરતના ઋષિ લવજી ત્યાં આવ્યા. પણ વંદન વ્યવહારનો વાંધો પડ્યો, તેથી તે વિહાર કરી બુરહાનપુર ગયા. પછી ઋષિ ધર્મદાસજીએ પોતાના શિષ્યો સાથે વાતચીત કરતાં "પુસ્તકપાનાઓને પણ પરિગ્રહ તરીકે" જાહેર કર્યો. તેથી તેણે તથા તેના શિષ્યોએ "પોથી–પાનાં વોસરાવી," સં૦ ૧૬૮૫માં અમદાવાદમાં પાંચ મહાવ્રત ઉચ્ચરી, **ફરીવાર દીક્ષા** લીધી. અને **ઢુંઢિયામત** ચલાવ્યો. ઋષિ ધર્મદાસજીએ ગ્રંથોના અભાવમાં કેટલીક નવી કલ્પિત પ્રરૂપણા શરૂ કરી હતી. તે આ પ્રમાણે—

૧. કોઈ જીવનું આયુષ્ય તૂટતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. કોઈ જીવ બીજાના માર્યાથી મરતો નથી.

૩. શ્રાવક સામાયિક કરે, તેમાં ૮ ભાંગે સાવદ્ય ક્રિયાનો ત્યાગ કરે.

આ પ્રરૂપણાને બરાબર માને, તે **સમકિતી** અને ન માને તે **મિથ્યાત્વી** આ પ્રરૂપણાને અનુસરે, તે **સુસાધુ** અને ન અનુસરે, તે **કુસાધુ.**

તેમની આ પ્રરૂપણા માનનારો સંપ્રદાય 'દરિયાપરી ઢુંઢિયા' તરીકે પ્રસિદ્ધ થયો, તેનું બીજું નામ '**આઠ કોટિ**' પણ પડ્યું.

પરંતુ ઋષિ સોમજીના સમજાવાથી તેમના શિષ્યો, ગુરુભાઈએ ઋષિ સોમજીના શિષ્યો બની '૭ કોટિ'માં ભળી ગયા.

એટલે **ઋષિ ધર્મદાસજીએ** સં૦ ૧૭૦૯માં કે સં૦ ૧૭૧૬માં અમદાવાદમાં સ્વતંત્ર "દરિયાપરી આઠકોટિ ઢુંઢિયાપંથ" ચલાવ્યો.

(—સને ૧૯૦૯માં વા૦ મો૦ શાહે પ્રકાશિત કરેલ 'શ્રી સાધુમાર્ગની જાણવા જેવી ઐતિહાસિક નોંધના આધારે; 'સૂર્યપુરનો સુવર્ણયુગ' પ્રસ્તાવના પૃ૦ ૧૪ થી ૨૯)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

તેમની પરંપરા નીચે પ્રમાણે મળે છે:—

૧૫. ઋષિ ધર્મચંદજી, ૧૬. **ઋષિ ધર્મદાસજી,** ૧૭. **ઋષિ સોમજી,** ૧૮. ઋષિ મેઘજી, ૧૯. ઋષિ દ્વારકાદાસજી, ૨૦. ઋષિ મોરારજી, ૨૧. ઋષિ નથુજી, ૨૨. ઋષિ જસવંતજી, ૨૩. ઋષિ મોરારજી, ૨૪. ઋષિ નાથાજી, ૨૫. ઋષિ જીવણજી, ૨૬. ઋષિ પ્રાગજી, ૨૭. ઋષિ ઈશ્વરજી.

(—સ્થાનકવાસી પટ્ટાવલી, વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૩૦)

### ૩. ઢુંઢિયાપંથ (પંજાબી પક્ષ) સં૦ ૧૭૨૧

લોંકાગચ્છના શ્રીપૂજ શિવજી સ્વામીના એક શિષ્યે (ઋષિ પ્રેમજી કે હીરજી) સં૦ ૧૭૨૧માં લાહોરમાં પોતાના ગુરુથી જૂદા પડી ગુરુની આજ્ઞા લોપી. મુખે પટ્ટી બાંધી જિનપ્રતિમા તથા જિન પૂજાનો વિરોધ કરી ઢુંઢિયામાં ભળી તપસ્યા કરી તેઓને માન્ય બની, પંજાબમાં 'ઢુંઢિયાપંથ' ચલાવ્યો.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

## ૪. અજીવપંથ

ઢુંઢિયા પંથમાંથી પંજાબમાં એક ‘અજીવપંથ’ નામની **શાખા** નીકળી હતી, જો કે આ પંથ બાબત વધુ ખુલાસો મળતો નથી પણ સંભવ છે કે, ઋ૦ ધર્મદાસની આઠ કોટિની પરંપરાના સાધુએ પંજાબમાં જઈ ‘જીવ માર્યો મરે નહીં’ એ પ્રરૂપણાને મનસ્વીરૂપે રજૂ કરી, આ **નવી શાખા** કાઢી હોય. એટલે પંજાબના આઠ કોટિ અને ૭ કોટિના સંઘર્ષમાંથી આ પંથ જન્મ્યો હોય.

## ૫. ઢુંઢિયા–તેરાપંથી

**ઋ૦ ભીખમચંદજીએ** સં૦ ૧૮૭૦માં બગડીમાં સ્થાનકમાર્ગી સંપ્રદાયમાંથી નવો **તેરાપંથ** ચલાવ્યો. તેનો ઇતિહાસ એવો મળે છે કે–

ઉક્ત ઋષિએ પોતાના વિચારો વહેતા મૂક્યા. આથી ૨૫ સ્થાનકમાર્ગીઓની સમિતિ મારવાડના **બગડી** ગામના બહારના ભાગમાં મસાણમાં રહેલ દેરીમાં વાટાઘાટ કરવા માટે બેઠી, ઘણી વાટાઘાટ ચાલી. પણ સૌ એક મત થયા નહીં, અને સવારે તે સાધુઓ બે પક્ષમાં વહેંચાઈ જઈ, છૂટા પડ્યા.

જૈનમ્ JAINSITE.com જયતિ શાસનમ્

એક પક્ષમાં ૧૩ ઋષિઓ હતા, તે ‘**તેરાપંથી**’ કહેવાયા. બીજા પક્ષમાં ૧૨ ઋષિઓ હતા તે ‘**બારાપંથી**’ કહેવાયા. આ રીતે બારાપંથી અને તેરાપંથી એમ બે ભાગો પડ્યા. સ્થાનક માર્ગી ઋષિ માળવામાં ‘બારાપંથી’ તરીકે વિખ્યાત છે.

તેરાપંથીની **શિષ્ય પરંપરા** આ પ્રમાણે મળે છે—

૧. ઋષિ **ભીખમચંદજી**, ૨. ઋ૦ ભારમલજી, ૩. ઋ૦ રાયચંદજી, ૪. ઋ૦ **જીતમલજી**, ૫. ઋ૦ મંગલજી, ૬. ઋ૦ માલચંદજી, ૭. ઋ૦ **ડાલચંદજી**, ૮. ઋ૦ કાલુરામજી,

૯. **ઋ૦ તુલસીરામજી** તે આજે વિદ્યમાન છે.

તેરાપંથીમાં ઋષિ, આર્યા, શ્રાવક, શ્રાવિકા સૌ એક ગુરુની આજ્ઞામાં રહે છે. તેમાં ૧૦૦ ઋષિઓ છે. ૨૫૦ આર્યાઓ છે. સૌમાં સંપ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેરાપંથીમાંથી કોઈ કોઈ ઋષિ જૂદા પડી સ્થાનકમાર્ગીમાં તથા બીજા શ્વે૦ જૈન તપગચ્છ ખરતરગચ્છ વગેરેમાં મળી ગયા છે. એક-બે ઋષિઓએ ગચ્છભેદ કરી **'વીરધર્મ'** નામની શાખા ચલાવી હતી.

તેરાપંથી ઋષિઓ, આર્યાઓ, શ્રાવક, શ્રાવિકાઓ ઉપર બતાવેલા ગચ્છનાયકોના નામના પહેલા પહેલા અક્ષરોને જોડી 'ભી૦ ભા૦ રા૦ જી૦ મં૦ મા૦ ડા૦ કા૦ તુ૦' આ પ્રકારે મંત્રાક્ષરો ગોઠવી, હમેશાં તેની એક માલા ફેરવે છે.

**ઋ૦ ભીખમચંદજીએ** પોતાની નવી પ્રરૂપણામાં સ્થાપના, સ્થાપના નિક્ષેપો, પ્રતિમા, તીર્થો, પુણ્યબંધ કરાવનારી ધર્મક્રિયા દાન અને દયા-અનુકંપાની મના કરી હતી. આ તેરાપંથ તે ઢુંઢિયા છ-કોટિ પક્ષની શાખા છે.

**૬. નાની પક્ષ-**

કચ્છમાં ઢુંઢિયા અષ્ટકોટિ પક્ષમાં મોટી પકખ (મોટી પક્ષ) અને નાંઢી પકખ (નાની પક્ષ) એમ બે ભાગ પડ્યા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

વૃદ્ધો કહે છે કે, તપગચ્છના ગચ્છાધિરાજ શ્રી મૂલચંદજી મ૦ના શિષ્ય મહાતાર્કિક શ્રી દાનવિજયજી પંજાબી હતા, તે યતિમાંથી આવેલા હતા. પૂ૦ મૂલચંદજી મહારાજે તેમને તેમજ શાંતમૂર્તિ **હંસ-વિજયજી** મહારાજને સં૦ ૧૯૩૯ના જેઠ શુદિ ૧૦ ના રોજ વડોદરામાં **વડીદીક્ષા** આપી અને તેમને પોતાના શિષ્ય બનાવ્યા, તે વિદ્વાન હતા, તર્કશાસ્ત્ર ભણ્યા હતા. તેથી **તાર્કિક દાનવિજયજી** તરીકે વધુ પ્રસિદ્ધ હતા. તેમણે કચ્છના માંડવી બંદરમાં ચોમાસું કર્યું ત્યારે ત્યાં ઢુંઢિયા આઠ કોટિના શ્રીપૂજ........વગેરે ૧૮ સાધુઓનું ચાતુર્માસ હતું. તે સૌ પૂ૦ દાનવિજયજી મ૦ના ઉપદેશથી તપાગચ્છની સંવેગી દીક્ષા લેવા તૈયાર થયા. પરંતુ માંડવીના સ્થાનકવાસી સંઘના આગેવાનોએ વિનંતિ કરી કે "આપને જિનપ્રતિમાની શ્રદ્ધા હોય તો, તેને માનો પણ વેશ ના બદલશો. તેમ કરશો તો અમારે હમેશાં માટે નીચે મૂંડી રાખી રહેવાનું થશે." આથી તે સાધુઓ તે પક્ષમાં જ રહ્યા. પરંતુ તેઓ તીર્થંકરના ચાર નિક્ષેપોને માનવાના પક્ષના હતા.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

પૂજ **શ્રી વ્રજપાલજી** તો જિનપ્રતિમા કે ભ૦ પાર્શ્વનાથના બનાવી રાખેલ **ત્રિરંગી ફોટાના** દર્શન કર્યા વિના અન્નપાણી લેતા જ ન હતા. આમ હોવાથી તેમના પરિવારના ઘણા સાધુઓ તપાગચ્છના સંવેગી સાધુઓ અગર લોકપ્રિય ઉપદેશક બન્યા હતા. જેમકે—

(૧) ઋષિ રતનચંદજી, તે શા૦ વિ૦ જૈ૦ વિજયધર્મસૂરિના શિષ્ય આત્મનિષ્ઠ યોગી **શ્રી રત્નવિજયજી**, (૨) ઋ૦ ધર્મચંદ્રજી, તે શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ, પાલીતાણાના સંસ્થાપક પૂ૦ ગુરુદેવ **શ્રી ચારિત્રવિજયજી**, (૩) ઋ૦ રાયચંદજી, તે વ્યાખ્યાતૃચૂડામણિ આ૦ વિજયમોહનસૂરિના શિષ્ય **મુનિ પદ્મવિજયજી** તથા (૪–૫) સોનગઢના શ્રી જૈન મહાવીર ચારિત્રાશ્રમના સંસ્થાપક–સંચાલક લોકપ્રિય બાપા શ્રી કલ્યાણચંદ્રજી સ્વામી શ્રી કેશરિચંદ્રજી સ્વામી વગેરે વગેરે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

કચ્છના અષ્ટકોટિ પક્ષના દરેક સાધુને જિનપ્રતિમાની શ્રદ્ધા હતી. સૌ ૮૪ આગમ અને પંચાંગીને માનતા હતા. આમ થવાથી તે પક્ષમાં ગરબડ થઈ.

તે જ પક્ષના પૂજ શ્રી....................ના શિષ્ય ઋ૦............ને બુદ્ધિભ્રમથી વિચાર સ્ફુર્યો કે, **માત્ર જિનાગમ બત્રીશી જ સમ્યક્ત્વ શ્રુત છે,** તે સિવાયના જિનાગમો, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, વ્યાકરણ ગ્રંથો, અને ન્યાય ગ્રંથો વગેરે તથા અજૈન ગ્રંથો **મિથ્યાશ્રુત** છે. આ ગ્રંથો જગતમાં હશે ત્યાં સુધી મિથ્યાત્વનો જ પ્રચાર બની રહેશે. તો આ સૌ ગ્રંથોનો વિનાશ કરવાથી જ શુદ્ધ ધર્મ ટકી શકશે. તેમણે આ પ્રમાણે વિચારી પૂજ શ્રી............... પાસેથી પોતાના ગુરુદેવના ભાગના પુસ્તકો માંગી લીધા. અને એક રાતે આ બધાં પુસ્તકોના ટુકડા કરી, બીજે દિવસે નદીની રેતમાં દાટી દીધા. તેમણે પોતાનો નવો પંથ ચલાવ્યો તે **નાની પક્ષ** કહેવાય છે, છ કોટિ તેરાપંથીને મળતો છે. તે મેલાં કપડાં પહેરે છે. તેથી સાધારણ જનતા તેને મેલડીયા પણ કહે છે, આ નાની પક્ષ તે ઢુંઢિયા–આઠ કોટિ પક્ષની શાખા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## -: જિનાગમ પાઠોમાં કાપકુપ :-

જિનાગમોની વિવિધ વાચનાઓમાંની છેલ્લી **માથુરી વાંચના** અને **વલભી વાંચનાના સર્વ સંમત** પાઠો આજે વિદ્યમાન છે. તેમાંનાં ૪૫ આગમો વિદ્યમાન છે. તેમાંથી **સ્થાનક વાસી જૈનો** માત્ર ૩૨ જિનાગમોને જ માને છે. આજ સુધીના લોંકાગચ્છ કે સ્થાનકવાસી મત કે તેરાપંથી કોઈએ તેમાંના "મૂળ પાઠો" ઉડાવ્યા ન હતા. સ્થાનકવાસી **ઋષિ પુષ્પમુનિ** તથા તેના પરિવારે "સુત્તાગમ ભા. ૧-૨"માં મૂળ પાઠોમાં કાપકૂપ કરી છે.

ઇતિહાસજ્ઞ **પં૦ કલ્યાણવિજયજી ગણિ મહારાજ** જણાવે છે કે "પિછલે કુછ વર્ષોસે પ્રાચીન સાહિત્યકા સ્વાધ્યાય કરના, યહ મેરે લીએ એક નિયમ-સા હોગયા હૈ, ઈસ નિયમ કે ફલ સ્વરૂપ મૈંને "સુત્તાગમ" કે દોનોં ભાગ પઢે. પઢનેસે મેરે જીવનમેં કભી ન હોને વાલા "દુઃખકા અનુભવ" હુઆ.

યદ્યપિ કઈ સ્થાનકવાસી વિદ્વાનોને અપને મતકે બાધક હોને વાલે સૂત્ર-પાઠોંકે કુછ શબ્દોંકે **અર્થ** જરૂર બદલે થે, પરંતુ સૂત્રોમેંસે **બાધક પાઠોંકો કીસીને હટાયા નહી થા.** લોંકાગચ્છકી ઉત્પત્તિકા લગભગ પોને પાંચસો વર્ષ કે બાદ સર્વ પ્રથમ શ્રી **પુષ્પ ભિક્ખૂ** તથા ઈનકે શિષ્ય-પ્રશિષ્યોને ઉન બાધક પાઠોં પર સર્વ પ્રથમ કૈંચી (કાતર) ચલાઈ હૈ. યહ જાનકર મનમેં અપાર ગ્લાનિ હુઈ. મૈં જાનતા થા કિ સ્થાનકવાસી સંપ્રદાયકે સાથ મેરા સદ્ભાવ હૈ. વૈસા હી બના રહેગા પરંતુ પુષ્પ ભિક્ખુકે ઉક્ત કાર્યસે મેરે દિલ પર જો આઘાત પહુંચા હૈ વહ શાયદ સદા કે લિએ **અમિટ** રહેગા.

ભગવતી-સૂત્ર જ્ઞાતા, ધર્મકથાંગ, ઉપાસકદશાંગ, વિપાકસૂત્ર, ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિ, વ્યવહાર સૂત્ર, આદિમેં જહાં જહાં **જિન પ્રતિમા પૂજન,** જિન ચૈત્યવન્દન, સિદ્ધાયતન, મુહપત્તિ બાંધનેકે વિરુદ્ધ જો જો સૂત્ર પાઠ થે. "ઉનકા સફાયા કરકે" શ્રી ભિક્ખૂજીને સ્થાનકવાસી સંપ્રદાયકો **નિરાપદ** બનાને કે લિએ, એક અપ્રમાણિક ઔર **કાપુરુષોચિત** કાર્ય કિયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હૈ, ઇસમેં કોઈ શંકા નહીં. પરંતુ ઇસ કાર્ય કે સંબંધમેં યહ જાનના ચાહતા હું કી—શ્રી સ્થાનકવાસી સંપ્રદાયકે વિદ્વાન્ શ્રમણગણ તથા અગ્રગણ્ય શ્રાવકગણ સહમત હૈ, યા નહીં ? યહ મેરા એક પ્રશ્ન હૈ મૈં ચાહતા હું કિ—"સુત્તાગમ" છપવાને મેં સહાયતા દેને વાલે ગૃહસ્થ ઔર સુત્તાગમ પર અચ્છી અચ્છી સમ્મતિયાં પ્રદાન કરને વાલે વિદ્વાન્ મુનિવર્ય મેરે ઇસ પ્રશ્નકા ઉત્તર દેનેકા કષ્ટ કરેંગે.[1]

(વીર સં૦ ૨૪૮૮, વિ૦ સં૦ ૨૦૧૮, ચૈત્ર સુદ ૧૩ના તા. ૧૭–૪–'૬૨ના **સાપ્તાહિક જૈન પત્ર** વર્ષ-૬૧ અંક ૧૫-૧૬ પાનું ૨૦૬)

**૭. વીરધર્મ—**

તે તેરાપંથી સ્થાનકમાર્ગીની **શાખા** હતી. તેમાં જિનપ્રતિમા તથા જૈનતીર્થોની પૂજાની નહીં કિન્તુ માત્ર જિનપ્રતિમા દર્શનની આજ્ઞા હતી. તે મતની વિશેષ પ્રરૂપણા જાહેરમાં આવી નથી. આજે આ પંથનો કોઈ ઋષિ વિદ્યમાન નથી.

જૈન સાઇટ JAINSITE .com

**૮. બીજામત પરંપરા**–(લોંકાગચ્છની શાખા)

૧. **લોંકાશાહ**, ૨. **ઋષિ ભાણજી**, ૩. ઋષિ માદાજી (ભીદાજી), ૪. ઋષિ ભીમાજી—અસલમાં "ઋષિ માદાજીની પાટે **ઋષિ ભૂતાજી** અને તેની પાટે **ઋષિ બીજાજી પૂજ્યશ્રી** બને," એ વ્યવહારસંગત હતું, પરંતુ (૩) ઋષિ માદાજીની પાટે ઋષિ પૂનાજીનો શિષ્ય (૪) ઋષિ ભીમાજી પૂજશ્રી થયો. તેમાં એક ક્લેશનું **બીજ** હતું.

૫. **ઋષિ ભૂતાજી**—પટ્ટાવલીઓમાં ઋષિ ભીમાજી તથા ઋષિ ભૂતાજીનો એક પટ્ટાંક મળે છે, તે પણ સૂચક વસ્તુ છે.

---

[1] **નોંધ**—દિગમ્બર સંપ્રદાયમાં પણ કોઈ કોઈ મુનિવર વાચકવર શ્રી **ઉમાસ્વાતિ** મહારાજના તત્વાર્થાધિગમસૂત્ર (મોક્ષશાસ્ત્ર)ના પાઠોમાં કાપકૂપ કરી પોતાની સાંપ્રદાયિક માન્યતાને **નિરાપદ** બનાવવા પ્રયત્ન કરે છે.

સ્થાનકવાસી સંપ્રદાયના અહિંસા પ્રેમી ઋષિ દયામુનિએ અમદાવાદમાં સાબરમતી નદીને કિનારે ચાંપાનેર સોસાયટીમાં ૪૫ આગમોનું જિનાગમ મંદિર બનાવ્યું છે તેમાં તેમણે સત્યને ખાતર, જિનાપ્રતિમા વગેરે પાઠોને મૂળ સ્વરૂપમાં જ કાયમ રાખવા નિર્ણય કર્યો છે. એ ખુશીની વાત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. **ઋષિ વિજયજી**–તેનું બીજું નામ **ઋષિ વીજોજી** પણ મળે છે. તે ઋષિ ભૂતાજીનો ચેલો હતો. તે બહુ ક્રિયા કરતો હતો. **તપસ્વી** હતો. તડકામાં બેસી આતાપના લેતો હતો. તેણે ગુજરાતની બહાર જ્યાં સાધુઓનો વિહાર અલ્પ હોય, તે પ્રદેશમાં એટલે મેવાડ અને મેવાતમાં વિહાર કર્યો. ત્યાં પણ તે આતાપના લેતો હતો.

ત્યાંના જૈનો તેના **ભક્ત** બન્યા. એટલે તેણે સં૦ ૧૫૭૦માં ત્યાં લોંકામતની કેટલીક માન્યતાઓમાં ફેરફાર કરી, પૂનમિયા અને આગમિકોને મળતો નવો '**બીજા મત**' સ્થાપિત કર્યો.

તેણે આ પ્રમાણે **પ્રરૂપણા** કરી.

**પ્રરૂપણા**

૧. પૂનમે પાખી કરવી. ૨. પૂનમે ચોમાસી કરવી. ૩. ભાદરવા સુદિ ૫ ના રોજ સંવત્સરી કરવી. ૪ તીર્થંકર દેવોના **ચારે નિક્ષેપા** માનવા. એટલે "જિન પ્રતિમા" **જૈનતીર્થો** માનવાં. ૫. દેવવંદનમાં ચાર થોઈ હોય છે, તે પૈકીની ચોથી થોઈ બોલવી નહીં, અને ૬. **શ્રુતદેવી** વગેરે દેવ-દેવીઓની સ્તુતિ બોલવી નહીં.

(–મહો૦ ધર્મસાગર ગણિકૃત, 'પ્રવચન પરીક્ષા વિશ્રામ ૧૦, ગા૦ ૧ થી ૧૨)

આ નવો ગચ્છ **બીજા મત** તરીકે પ્રસિદ્ધ થયો. તે **પૂનમિયા-ગચ્છ કે મલધારી ગચ્છમાંથી** નીકળ્યો હોય, એમ મનાય છે.

બીજામતનું બીજું નામ 'વિજયમત' પણ મળે છે. આ મત જિનપ્રતિમા, જૈન તીર્થો, તથા પંચાંગી સહિત **સર્વ જિનાગમો** અને તેમાં બતાવેલા માર્ગનો સ્વીકાર કરતો હતો. તેનો વેશ લોંકાગચ્છના યતિના વેશ જેવો હતો. આ મતમાં દંડ (દાંડો) રાખવાની પણ વિશેષ આજ્ઞા હતી.

૭. ઋ૦ ધર્મદાસજી, ૮. ઋ૦ ખેમસાગરજી, ૯. ઋ૦ પદ્મ-સાગરજી. ૧૦. **ઋ૦ ગુણસાગરજી**–તેમણે સં૦ ૧૬૭૬ માં "ઢાલ-સાગરરાસ' બનાવ્યો.

ઋ૦ ગુણસાગરજીના શિષ્ય **ઋ૦ હેમસાગરજીએ** સં૦ ૧૭૦૦માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ચર્ચાશતક' શ્લો૦ ૧૧૧" રચ્યું છે.[1]

૧૧. **ભટ્ટ૦ કેશવજી**—સંભવ છે કે તેમનાં બીજાં નામો કેશવરાજ અને ભ૦ **કલ્યાણસાગરસૂરિ** પણ હોય.

**મહો૦ ભાનુચંદ્ર ગણિવરે** સં૦ ૧૬૭૩માં માલપુરામાં તેમની સાથે શાસ્ત્રાર્થ કરી, તેમને જીતી ભગવાન ચંદ્રપ્રભુ જિનેશ્વરના પ્રાસાદની **પ્રતિષ્ઠા** કરી હતી. તે પછી માલપુરાના વિજયગચ્છના સંઘે "ભ૦ કલ્યાણસાગરસૂરિના ઉપદેશથી" માલપુરામાં ભગવાન મુનિસુવ્રતસ્વામીનો મોટો **જિનપ્રાસાદ** બનાવ્યો હતો. જેની પ્રતિષ્ઠા સં૦ ૧૬૯૧ના વૈ૦ શુ૦ ૧૨ ને ગુરુવારે **ભ૦ વિજયદેવસૂરિના** આજ્ઞાધારી પં૦ લબ્ધિચંદ્ર ગણિવરે કરી હતી.

(—જૈ૦ સ૦ પ્ર૦ ક્રમાંક: ૫૮, ૬૭, ૭૦.)

તેમણે સં૦ ૧૬૮૩માં આંતરોલી કે આતરસુંબામાં ક૦ સ૦ આ૦ શ્રી હેમચંદ્રસૂરિનાં "રામચરિત્ર (ત્રિષષ્ટિ૦ શ૦ પુ૦ ચ૦ પર્વ ૭) ના આધારે "રામયશોરસાયનરાસ" બનાવ્યો હતો. સ્થાનકમાર્ગી સમાજમાં

---

૧. ચર્ચાશતકમાં ચર્ચા વસ્તુ તથા પ્રશસ્તિ નીચે મુજબ છે.—

चतुरशीतिगच्छानां स्थापनाऽभूदथोऽवटम् ॥
वर्धमानसूरीशस्य जन्मापि नाभवत् तदा ॥ ४ ॥

टिप्पनम् **श्रीवर्धमानसूरे** जन्म १०२३, दीक्षा **१०४१**, **सूरिपदं** १०६७, स्वर्गः १०९२ इति ॥ "प्रबन्धतालिकायाम्"।

वृद्धगच्छेश संविज्ञसर्वदेवसूरिप्रभोः
तैः प्रेरणया गच्छेऽस्य ११८२ संविज्ञत्वं समुद्धृतम् ॥
त्रस्तलुङ्केन सद्गच्छो, मलधारोपसेविना ।
मस्तखरतरेणाभूद् **विजयो** विजयप्रभोः ॥ १०८
यस्मिन् चत्वारो निक्षेपाः, जिनार्चा पञ्चमी मते ।
चतुरशीतिशाखाणां, न देवस्तुतिरीप्सिता ॥ १०९
विक्रमतो खखर्षीन्दौ (१७००) तद्विजामतवासिना ।
गुणसागरशिष्येण **हेमसागरसाधुना** ॥ ११०
मिथ्याप्रचारो मा भूद् इति मत्वा मया कृतम् ।
शास्त्रं शशि-रौद्रं (१११), भ्रात्रा केशराजेन संस्कृतम् ॥ १११
इति शान्तिहर्षेण लिपीकृतम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રાસ પ્રત્યે ઘણો આદર છે.[૧]

૧૨. ભ૦ **સુમતિસાગરસૂરિ**

૧૩. (૭) ભ૦ ઉદયસાગરસૂરિ, ભ૦ વિનયસાગરસૂરિ

૧૪. (૮) ભ૦ **જ્ઞાનસાગરસૂરિ**–તે ભ૦ ઉદયસાગરસૂરિની પાટે થયા. માલપુરામાં વિજયગચ્છના ભ૦ આદિનાથના મંદિરમાંની એક **ગુરુ ચરણપાદુકા** ઉપર આ પ્રકારે લેખ છે–

**પાદુકાલેખ**

"સં૦ ૧૬૮૪ વૈ૦ વ૦ ૭ ગુરુવારે વિજયગચ્છે ભ૦ ઉદયસાગરસૂરિપટ્ટે ભ૦ **જ્ઞાનસાગરસૂરિણા** ઋષિ શ્રી પદાર્થજીની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી." (–જૈન સ૦ પ્ર૦ ક્રમાંક : ૭૦)

**૧૩ ભ૦ વિનયસાગરસૂરિ**

તે વિજયગચ્છના **ભ૦ સુમતિસાગરસૂરિની** પાટે ભટ્ટારક થયા.

ઇતિહાસ કહે છે કે–વિજયગચ્છમાં તેમના હાથે અને તેમના પ્રપટ્ટધરના હાથે **બે શ્વેતાંબર જૈન તીર્થો** બન્યાં છે. તે આ પ્રમાણે–

**૧. દયાલગઢ તીર્થ**–

**સંઘવી તેજરાજ** વીશા ઓશવાલ **સિસોદિયા ગોત્રનો** સરૂપર્યા વંશનો **જૈન** હતો. તે મારવાડમાં રહેતો હતો.

---

૧. અમદાવાદના **મોતીલાલ મનસુખલાલ શાહ** 'જૈન હિતેચ્છુ' ના તંત્રીએ સં૦ ૧૯૬૬માં આ રાસ પ્રકાશિત કર્યો હતો. પરંતુ તે પૂર્વાગ્રહી સ્થાનકમાર્ગી જૈન હોવાથી તેણે મૂળ રાસમાંના જિનપ્રતિમા અને જિનાલયોના પાઠોને ઉડાવી, તેના સ્થાને મનસ્વીપણે નવા પાઠો ગોઠવીને તે રાસ છપાવ્યો હતો. તે પછી સં. ૧૯૭૦ માં સૂરતના **શેઠ જીવણચંદ સાકરચંદ** ઝવેરીએ શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી "આનંદકાવ્યમહોદધિ મૌક્તિક બીજા"માં આ રાસ અસલરૂપે પ્રકાશિત કર્યો. સાથોસાથ મુખબંધ (પૃ૦ ૩૧ થી ૫૦) માં મોતીલાલ શાહે પાઠોની કરેલી ઉઠાવગીરીને પણ સાફસાફ સપ્રમાણ જાહેર કરી હતી. ત્યારે આ રાસની વાસ્તવિક વસ્તુ સ્થિતિ ઉપર પ્રકાશ પડયો. એકંદરે આ રાસની રચના શૈલી રસભરી અને સુંદર છે.

સંભવ છે કે ઋ૦ કેશવજીએ લોંકાશાહના શલોકા બનાવ્યા હોય.

(–પ્રક૦ ૫૩, પૃ૦ ૫૮૬, શ્રીમાન લોંકાશાહના ઐતિહાસિક પ્રકાશ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નોંધ–શિસોદિયા ઓશવાલ** તે અસલમાં ચિત્તોડના **શિસોદિયા રાણાઓના વંશજો જૈનો છે.** અમો જેનો વિશેષ પરિચય પ્રક૦ ૫૮–૫૯માં નગરશેઠના વંશ”માં આપીશું.

સંઘવી તેજરાજના વંશમાં અનુક્રમે ૧ **સં૦ તેજરાજજી** (ભાર્યા–નાયકદે) ૨–સં૦ ગજ્જોજી (ભા૦ ગૌરીદે) ૩–સં૦ રાજમલજી (ભા૦ રયણદે) ૪. **સં૦ મંત્રી દયાલ શાહ** (ભા૦ સૂર્યાદે, પાટમદે,)

૫. સં૦ શામળદાસ (ભાર્યા–મૃગાદે)

સં૦ દયાલશાહને ૩ મોટાભાઈ હતા. ૧ ઉદોજી (ભા૦ માલવદે) ૨–સં૦ દુદોજી (ભ૦ દાડિમદે, જગરૂપદે.) ૩ સં૦ દેવોજી (ભાર્યા–સિંહરદે, કરમાંરદે.)

**સં૦ દયાલશાહ** રૂપાળો તેજસ્વી બુદ્ધિવાન્, ચકોર, બહાદુર યુદ્ધવીર, **સ્વદેશાભિમાની,** અને ધર્મપ્રેમી હતો. તે “ભાગ્યની પરીક્ષા“ કરવા માટે, મારવાડથી નીકળી **મેવાડમાં** ગયો. તે પ્રથમ **ઉદેપુરમાં** રાણાની ઘોડાહારમાં સાધારણ નોકર રૂપે દાખલ થયો, પછી રાજપુરોહિતના આગ્રહથી તેનો **મહેતો** બન્યો, **રાજપુરોહિત** ખટપટી, પ્રપંચી, અને મોગલો સાથે મળતો રહેનારો, દેશદ્રોહી હતો. તેણે દયાલશાહને પોતાના ગુપ્ત કામકાજનો **મહેતો** બનાવી, પોતાના ગુપ્તપત્રો અને દસ્તાવેજો, વગેરે વિભાગનો વડો બનાવ્યો. પણ તે પુરોહિતના પ્રપંચને જાણી, દુઃખી થયો. તેણે ઉદેપુરના **રાણા રાજસિંહને** (રાયસિંહને) તે પુરોહિતના ખટપટી પત્રો વંચાવી, તેનાથી સાવધાન રહેવા ચેતવ્યો.

રાણો તેના સ્વદેશાભિમાનથી અને નૈતિકહિમ્મતથી પ્રસન્ન થયો. તેણે તેને રાજ્યમાં સારી નોકરીમાં દાખલ કરી દીધો. અને ધીમે ધીમે તેને પોતાનો **મહામાત્ય** બનાવ્યો.

ઉદેપુરના નગરશેઠ સોહનલાલે પોતાની દેશપ્રેમી, ધર્મપ્રેમી **પુત્રી પાટમદેને** તેની સાથે પરણાવી.

**વીર દયાલદાસ** બા૦ ઔરંગઝેબના આઝમો તથા પુરોહિતના ગુપ્ત પત્રોથી સમજી ગયો હતો કે **બા૦ ઔરંગઝેબ** કપટથી મેવાડના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાણાને જીતી, મેવાડને પોતાના તાબામાં લેવા ઈચ્છે છે. આથી વીર દયાલશાહે મેવાડને વિવિધ રીતે મજબુત બનાવ્યું. કે મોગલ સેના ચડી આવે તો માર ખાઈને જ પાછી જાય. મેવાડની સરહદોના પ્રદેશમાં પણ મેવાડની **સત્તા** જમાવી. તેની પત્ની **પાટમદે** પણ દેશના હિત કાર્યમાં પુરો રસ લેતી હતી. તે યુદ્ધના મેદાનમાં "સૈનિક ગણવેશ" પહેરી, જતી. અને વીરદયાલદાસને બચાવવા પુરી તકેદારી રાખતી હતી. બીજી પણ વિવિધ જાતની મદદ કરતી હતી.

મેવાડમાં **કાંકરોલી** અને રાજસાગર તળાવની વચ્ચે એક નાનકડી **પહાડી** છે. **સં૦ દયાલશાહે** રાણાની આજ્ઞા મેળવી, તેની ઉપર નવ માળનો **મોટો જિનપ્રાસાદ** બનાવ્યો. તેમાં માત્ર જિન પ્રતિષ્ઠા કરવી બાકી હતી. પણ જિનપ્રાસાદ એવો વિશાળ હતો કે—દૂરથી **કિલ્લા જેવો** દેખાતો હતો.

**બા૦ ઔરંગઝેબ** (સં૦ ૧૭૧૫ થી ૧૭૬૩) વિ૦ સં૦ ૧૭૩૦ માં "મેવાડનો રાણો આ કિલ્લાથી અજેય બનશે" એવા ખ્યાલથી કે ધર્માંધતાથી, તેને તોડવા સેના લઈ ચડી આવ્યો. **વીર દયાલશાહે** તેની સામે લડી, બાદશાહી સેનાને હરાવી. અને પછી પોતે જાતેજ બાદશાહને મળીને સમજાવ્યું કે—"જહાંપનાહ ? આ કિલ્લો નથી. માત્ર બે માળનું જિનાલય છે. પરંતુ તેના શિખરોની ઉપરા ઉપર માળોની ઉભણી ગોઠવી, **ઊંચું શિખર** બનાવ્યું છે. જે જોનારને ભવ્યકિલ્લાનો ખ્યાલ કરાવે છે. બા૦ ઔરંગઝેબે વીર દયાલશાહના કથનને સાચું માની, તે જિનાલયને ન તોડતાં, એમજ સુરક્ષિત રાખી, પાછો ચાલી ગયો.

**રાણુ રાજસિંહે** જ શરૂમાં આ જિનાલય બનાવવાની આજ્ઞા આપી હતી. પણ હવે તે આ જિનાલયમાં જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાની રજા દેતો ન હતો પરંતુ તેને રજા દેવી પડે એવા **કુદરતી સંયોગો** બન્યા તે આ પ્રમાણે

ઔરંગઝેબ સાથેની લડાઈમાં રાજસાગર તળાવની પાળ તૂટી ગઈ હતી. રાણો નવી પાળ બનાવે. અને ચોમાસામાં પાણીનો ધસારો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે કે-પાળ તૂટી જાય. છેવટે રાણાએ ત્યાં **અતૂટ પાળ** બનાવવા માટે, વીરદયાલશાહની પત્ની **પાટમદેને** જણાવ્યું કે "તું ઉદેપુરના નગરશેઠની કન્યા છે. તો ઉદેપુરની જ રાજકન્યા છે ' ધર્માત્મા છે. સતી છે, તું તારા હાથે આ પાળનો પાયો નાખ, શિલાસ્થાપન કર, કે પાલી અતૂટ બની રહે." **પાટમદેએ** રાણાની આજ્ઞાથી તળાવની પાળનો પાયો નાખ્યો. પાળ મજબુત અને ટકાઉ બની. જે ચોમાસામાં પાણીના ઘસારાથી પણ તુટી નહી.

આ પછી **રાણા રાજસિંહે** પાટમદેવીની માંગણીથી તેના ઉપર પ્રસન્ન થઈ કિલ્લાના જિનપ્રાસાદમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરવાની રજા આપી.

**વીર દયાલશાહે** રાણા રાજસિંહ (રાયસિંહ)ના રાજ્યમાં વિ૦ સં૦ ૧૭૩૨ વૈ૦ સુ૦ ૭ પુષ્ય નક્ષત્ર અમૃતસિદ્ધિ યોગમાં શ્વેતામ્બર વિજયગચ્છના **ભટ્ટારક વિનયસાગરસૂરિના** હાથે આ કિલ્લા ઉપર "ચૌમુખ જિન પ્રાસાદની પ્રતિષ્ઠા," રાજસાગર તળાવના કિનારે ભ૦ આદીશ્વર વગેરે ઘણી જિન પ્રતિમાઓની અંજનશલાકા, અને ચૌમુખ જિનપ્રાસાદમાં મૂળનાયક ભ૦ આદીશ્વરની પ્રતિમા વગેરેની સ્થાપના, વગેરે કરાવ્યાં.

આ પ્રતિષ્ઠા ઉત્સવમાં સાંડેરકગચ્છના **ભટ્ટારક દેવસુંદરસૂરિ** વગેરે ઘણા શ્રીપૂજો-યતિઓ હાજર હતા.

આ જિનપ્રાસાદ અજેય "રાજવી કિલ્લા જેવો" લાગે છે. આ સ્થાન **દયાલગઢ** કે દયાલશાહના કિલ્લા તરીકે વિખ્યાત છે. આ સ્થાન જૈનયાત્રાનું ધામ છે. સૌ **જૈન યાત્રિકો** મેવાડની યાત્રા કરે ત્યારે દયાલશાહના કિલ્લાની પણ યાત્રા કરે છે. પહાડની નીચે તળાટીમાં વિશાળ જૈન શ્વે૦ ધર્મશાળા છે.

(જૈન સત્યપ્રકાશ ક્રમાંક-૧૦ પૃ૦ ૩૧૮ થી ૩૧૯, ક્ષેમસિંહ સો૦ રાઠોડનો **ઓસવાલ કોમનો ઇતિહાસ** પૃ૦ ૧૯૩ થી ૨૦૭ **જૈન** ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૩૮ થી ૪૦, પ્રક૦ ૫૮, ૫૯, નગરશેઠ શિશોદિયાવંશ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩. ભ૦ ઉદયસાગરસૂરિ, **ભ૦ જ્ઞાનસાગરસૂરિ**

૧૪. ભ૦ **જ્ઞાનસાગરસૂરિ** અથવા ભ૦ ××× સૂરિ.

૧૫. ભ૦ **મહાનંદસાગરસૂરિ**–તે વિજયગચ્છના મોટા પ્રભાવક હતા. જે બન્ને ગાદીના ભટ્ટારક બન્યા.

(૧૫) **ભ૦ મહાનંદસાગરસૂરિ**–તે ભ૦ જ્ઞાનસાગરસૂરિની પાટે થયા કે ભ૦ વિનયસાગરની પટધરની પાટે થયા. તેનો ઉલ્લેખ મળતો નથી. છતાં સાલવારી જોતાં તેનો પટ્ટાંક ૧૫ મો લાગે છે.

તેમણે હીંડોન તહસીલમાં **ચાંદનગામ–મહાવીરજી તીર્થની સ્થાપના** કરી હતી. તે આ પ્રમાણે :–

## (૨) ચાંદનગામ–મહાવીર તીર્થ—

વિક્રમની ઓગણીશમી શતાબ્દીના પ્રારંભમાં **જોધરાજ પલ્લીવાલ** થયો છે. તેનો વિ૦ સં૦ ૧૭૯૦ કા૦ સુ. ૫ ને રોજ તા. ૧૪–૧૧–૧૭૩૩ સોમવાર, કન્યા લગ્નમાં, તથા કન્યા લગ્નમાં મંગળ, તુલામાં રવિ બુધ ને ગુરુ, તથા વૃશ્ચિકમાં શુક્ર અને રાહુ હતા. તે સમયે **જન્મ** થયો હતો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

તે હરસાણા નગરનો વતની હતો. તેની જ્ઞાતિ **પલ્લીવાલ** અને ગોત્ર **ડગીઆ** હતું. તે હરસાણા નગરનો **ચૌધરી** હતો. અને ડીગ નગર (ભરતપુર)ના મહારાજા કેશરિસિંહનો **દીવાન** હતો.

જયપુર રાજ્યના હીંડોન તહસીલ (પરગણા)ના **ચાંદનગામના** એક ઉંચા ટેકરા ઉપર એક ચમાર (મોચી)ની **ગાય** પોતાનું દુધ ઝરી આવતી હતી. ચમારે આ ઘટના નિહાળી, આશ્ચર્ય પામી, તે જમીન ખોદી. તો તેને તે જમીનમાંથી **ભ૦ મહાવીરસ્વામીની ભવ્ય જિન પ્રતિમા** મળી આવી. તેણે તે જિન પ્રતિમાને એક સ્થાને બેસાડી. ઘણા જૈનો આ ઘટના સાંભળી, ત્યાં દર્શને આવવા લાગ્યા.

**ભરતપુરના** રાજાએ દીવાન જોધરાજજી પલ્લીવાલને કોઈ મોટી ભૂલ થવાથી, તોપને ગોળે ઉડાવી દેવાનો હુકમ કર્યો. **દીવાને** જે દિવસે તોપને મોઢે જઈને ઉભા રહેવાનું હતું તે દિવસે ઉકત ભગવાન

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મહાવીર સ્વામીની પ્રતિમા સામે જઈ તે જિન પ્રતિમાનાં દર્શન અને **પૂજા** કરી, સામે ઉભા રહી, બે હાથ જોડી, **પ્રતિજ્ઞા** કરી કે—“ હે ભગવાન આપની કૃપાથી જો હું આ આફતમાંથી બચી જઈશ તો અહીં આપનો ત્રણ શિખરો વાળો **મોટો જિનપ્રાસાદ** બનાવી, તેમાં આપની પ્રતિષ્ઠા કરાવીશ ” દીવાન આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી ભરતપુર ગયો. રાજાએ તેને મારવા માટે તોપને મોઢે ઉભો રાખ્યો. અને તોપચીને હુકમ આપ્યો કે “ જામગ્રી સળગાવ—ગોળો છોડ—કે દીવાનને તેની ભૂલનો બદલો મળે.”

તોપમાં દારૂગોળો ભરી રાખ્યો હતો. તોપચીએ એકવાર જામગ્રી સળગાવી, તે ઠરી ગઈ, અને બીજીવાર જામગ્રી સળગાવી તે પણ ઠરી ગઈ. છેવટે ત્રીજીવાર જામગ્રી સળગાવી. તે પણ ઠરી ગઈ, પરિણામે તોપનો ગોળો છુટયો જ નહી. અને દીવાનને કંઈ નુકશાન થયું નહી. રાજાએ આ વિચિત્રતા દેખી દીવાનને પુછ્યું. દીવાનજી ? ત્રણ ત્રણ વખત જામગ્રી સળગાવી છતાં, નકામી જાય છે. તેનું કારણ શું છે ? તે કહો. દીવાન બે હાથ જોડીને બોલ્યો—મહારાજા મેં અહીં ચાંદનગામના ભ૦ મહાવીરસ્વામીને અરજ કરી છે કે—હું આ આફતમાંથી બચી જઈશ તો અહીં ત્રણ શિખરવાળો જિનપ્રાસાદ બનાવી, તેમાં તમારી **પ્રતિષ્ઠા** કરાવીશ.

મારા એ ભગવાને મારી એ અરજ સાંભળી છે અને તે ભ૦ મહાવીર સ્વામીની કૃપાથી જામગ્રી ઠરી જાય છે, ગોળા છુટતા નથી, અને હું બચી જાઉં છું. રાજાએ આ ઘટના સાંભળી, દીવાનને નિર્દોષ માની, તેને તે ભૂલની માફી આપી. દીવાન જોધરાજજી એ ત્યાં ભ૦ મહાવીરસ્વામીનો ત્રણ શિખરવાળો મોટો **જિનપ્રાસાદ** બનાવ્યો. અને તેમાં વિ૦ સં૦ ૧૮૨૬ મહાવદિ—૭ ગુરુવારે **ડીગ** નગરના રાજા **કેશરીસિંહના** રાજ્યમાં શ્વેતામ્બર વિજયગચ્છના **ભ૦ મહાનંદસાગરસૂરિના** હાથે તે ભ૦ મહાવીરસ્વામીની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી, તથા બીજી ઘણી જિન પ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધુલેવાના કેશરીઆજી, કુલ્પાકજીના માણેકસ્વામી અને ભોયણીના ભ૦ મલ્લિનાથ વગેરે **શ્વેતામ્બર જૈન ચમત્કારી તીર્થો** છે. એ જ રીતે ચાંદનગામના ભગવાન મહાવીરસ્વામી **શ્વેતામ્બર જૈન તીર્થ** છે. જૈનો અને અજૈનો ઉક્ત જૈન તીર્થોને માને છે. પ્રભુદર્શન કરે છે. અને તેની સામે ભેટ ચડાવે છે.

મહાવીરજી તીર્થને પણ જૈન–અજૈનો **મીના** અને ગુર્જર વિગેરે સૌ કોઈ માને છે. અને ત્યાં દર્શન કરી, ભેટ ચડાવે છે.

મહાવીરજી તીર્થની વહીવટ કમીટી દર સાલ રીપોર્ટ પ્રકાશિત કરે છે. અને તેમાં ઉપરની **લોકવાયકા** પણ છપાવે છે.

(કલ્યાણ વર્ષ–૩૧મું તીર્થાંક–૧)

આ પ્રતિમાનાં **ચક્ષુ** શ્વેતામ્બર પ્રતિમાની જેમ ખુલ્લાં છે. કમ્મરમાં **લંગોટ** છે. વાંસાની કરોડનો ખાડો કમરના **લંગોટ** સુધી છે. લંગોટના સ્થાને આડી પટ્ટી પડી છે. નીચેના આસ્થાનમાં દિ૦ જૈન પ્રતિમાની જેમ જુદા બે ભાગો નથી જ.

આ પ્રતિમા જ્યાંથી નીકળી, ત્યાં દીવાને **ચરણપાદુકા** પધરાવી, ઉપર છત્રી બનાવી હતી. આ પ્રતિમા ઉપર જે ચઢાવો ચડે. તેને તે ચમાર (મોચી)ના વંશજો લે છે.

મહાવીરજીનો રથ ચૈત્ર સુદ ૧૫ને બીજે દીવસે, ચૈત્ર વદ ૧ ને રોજ નીકળે છે. તેને તે ચમારનો વંશજ પ્રથમ ધક્કો મારે, તો જ તે ચાલે છે. રથના સારથિના સ્થાને હાલ સરકારી અમલદાર બેસે છે. આ દીવાન જોધરાજ પલ્લીવાલ **શ્વેતામ્બર જૈન** હતો. તેણે ત્રણ શ્વેતામ્બર જૈન જિનાલયો બનાવ્યાનું પ્રમાણ મળે છે.

(૧) મહાવીર તીર્થમાં

(૨) ભરતપુરમાં પલ્લીવાલોનું મંદિર–તેમાં મૂળનાયકની પ્રતિમાની પલાંઠી નીચે ગાદીમાં સં. ૧૮૨૬નો દીવાન જોધરાજજીનો **પ્રતિમા લેખ** છે.

(૩) ભરતપુર રાજ્યના **ડીગ** ગામમાં મોટો શ્વેતામ્બર જૈન પ્રાસાદ બનાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરતપુર રાજ્ય તરફથી આ ભરતપુર અને ડીગના જિનમંદિરોની પૂજા માટે વાર્ષિક ખર્ચ મળે છે.

(૪) મથુરાના મ્યુઝિયમમાં દીવાન જોધરાજજીના લેખવાળી જિન પ્રતિમા છે. તેમાં સં. ૧૮૨૬ મ૦ વ૦ ૭ ગુરુવારે ભ૦ મહાનંદસૂરિની પ્રતિષ્ઠાનો **પ્રતિમા લેખ** છે. તે **પ્રતિમા લેખ** આ પ્રમાણે છે.

'સંવત ૧૮૨૬ વર્ષે મિતિ માઘ વદી ૭ ગુરુવાર ડીગનગર મહારાજે કેસરિસિંહ રાજા વિજય(ગચ્છે) મહા ભટ્ટારક શ્રી પૂજ્ય મહાનંદસાગરસૂરિભિરતે દપદત્ત (દેશાત) ડગિયા પલ્લીવાલ વંશ ગોત્ર હરસાણા નગર, વાસિન ચૌધરી જોધરાજેન પ્રતિષ્ઠા કારાપિતાયાં.'

શ્વેતામ્બર પલ્લીવાલ જૈનો આ તીર્થનો વહીવટ કરતા હતા, પછી દિગમ્બર ભટ્ટારકે પલ્લીવાલો વતી તેનો વહીવટ કર્યો. તે ભટ્ટારક તેમના ચેલાની ખટપટથી મરણ પામ્યા, આથી આ તીર્થનો વહીવટ કોર્ટના તાબામાં ગયો.

**નોંધ :** ત્યાં સુધી આ તીર્થ જૈન શ્વેતામ્બર તીર્થ જ મનાતું હતું અ થી તે પહેલાં છપાએલ દિગમ્બર તીર્થનાં પુસ્તકોમાં દિગમ્બરોએ ચાંદનગામના મહાવીરને પોતાનું તીર્થ બતાવ્યું નથી.

**પ્યારેલાલ દિગમ્બર જૈન** સં. ૧૯૩૦માં જયપુર રાજ્યમાં જયપુર રાજ્યની કૌંશીલનો મેમ્બર બન્યો. તેણે દિગમ્બર જૈનોની કમીટી બનાવી, અમુક શરતો તથા બાંહેધરી સાથે તેને આ તીર્થનો વહીવટ સોંપાવ્યો. આ પ્રદેશમાં પલ્લીવાલ જૈનો નિર્ધન હતા. વ્યવસાયી હતા. દિગમ્બરોએ તેઓની નબળાઇનો લાભ લઈ, આ તીર્થમાં પોતાની વધુ સત્તા જમાવી.

દિગમ્બર જૈનોએ ભ૦ મહાવીર સ્વામીની જિન પ્રતિમાનો **કંદોરો** ખોદી નાખ્યો. પછી તો તેનો રથ ચલાવવા તથા ચઢાવો લેવામાં જે ચમારના વંશજોનો હક હતો, તેમાં પણ ફેરફાર કરવા ધાર્યું.

તથા ભ૦ મહાવીરની પ્રતિમાને રથોત્સવમાં ફુલની માળા પહેરાવાય છે. તે શ્વેતામ્બર જૈન વિધિનું પ્રતીક છે. તેને પણ બદલી નાખવા વિચાર કર્યો. પરંતુ ત્યાંની આસપાસના અજૈનો ઉત્સવમાં આવતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. તેઓએ શ્વેતામ્બર જૈન વિધિને જ કાયમ પાળવા આગ્રહ સેવ્યો. આથી દિગમ્બરોએ મૌન પકડયું. મૂળ જિનપ્રાસાદમાં ગભારાના આગળના ભાગમાં દર્શકોને ઉભા રહેવાના સ્થાને રંગમંડપમાં નવી **વેદી** (ચોતરો) બનાવી, તેની ઉપર ગભારાની આડે દિગમ્બરની નવી પ્રતિમા બેસાડી, ભગવાન મહાવીરની મૂળ પ્રતિમાને ઢાંકી દીધી છે.

જનતા મૂળ પ્રતિમાને ભૂલી જાય અને દિગમ્બર પ્રતિમા પ્રત્યે ખેંચાય તે માટેની આ રમત છે. એકંદરે ચાંદનગામ મહાવીરનું તે વિજયગચ્છનું શ્વે. જૈન તીર્થ છે.

**નોંધ :** દિગમ્બરો જયપુર પાસે × × ગામમાં ભ૦ પદ્મપ્રભુનું ચમત્કારી તીર્થ બતાવે છે જે જિનપ્રતિમા પણ વાસ્તવમાં શ્વેતામ્બર જિન પ્રતિમા જ છે.

વિજયગચ્છના શ્રીપૂજો-યતિઓ મોટે ભાગે કોટા, બુંદી, અલવર, ભરતપુર, હિંડૌન, માધાપુર, વગેરે પ્રદેશમાં વિચરતા હતા.

પાલીથી આવેલા પલ્લીવાલ જૈનો તેઓના સંસર્ગથી વિજય ગચ્છના અનુયાયી બન્યા હતા. પરંતુ તે યતિઓની સંખ્યા ઘટવા લાગી. આથી સં. ૧૯૨૬ પછી વિજયગચ્છના જૈનો સ્થાનકવાસી જૈન બન્યા. આ રીતે ભરતપુર હિંડૌન, **સેંથા** માધાપુર વગેરે પ્રદેશના વિજયગચ્છના જૈનો સ્થાનકવાસી જૈન બન્યા. પલ્લીવાલ જૈનો અસલમાં જિનાલયને માને છે. તીર્થોને માને છે. અને પોતાને વિજયગચ્છના શ્વેતામ્બર જૈન બતાવે છે. આજે કોટામાં આ ગચ્છની ગાદી છે.

વિજયગચ્છની કોટાની ગાદીની છેલ્લી એક **ભટ્ટારક પરંપરા** આ પ્રમાણે છે.

(૧) **ભ૦ આ૦ જિનશાન્તિસાગરસૂરિ**–તેમણે સં. ૧૯૩૦-૩૧માં સમ્મેતશિખરના જિનાલયોનો જીર્ણોદ્ધાર થયો. ત્યારે, જુદી જુદી દેરીઓમાં જિન પ્રતિમાઓની અને ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરી હતી.

(–જૈન તીર્થોનો ઇતિહાસ પૃ૦ ૪૭૫, ૪૭૬)

(૨) **ભ૦ ઉદયસાગરસૂરિ**

(૩) **ભ૦ જિનસુમતિસાગરસૂરિ**–તે તા. ૭-૭-૧૯૧૪ (વિ. સં. ૧૯૭૦) સુધી વિદ્યમાન હતા.

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

(૪) **ભ૦ પૂનમસાગરસૂરિ**–જે હાલ તુરતમાં કોટાની ગાદીના **નવા ભટ્ટારક** બન્યા છે.

તેને માટે જાહેર થયું છે કે–તે મલધારી પૂનમિયા બૃહદ્વિજય ગચ્છના ભ૦ સુમતિસાગરસૂરિની પાટે બેઠા છે.

( તા. ૭–૪–૧૯૬૨નું સાપ્તાહિક જૈન પત્ર વર્ષ–૬૧ અંક ૧૪મો)

કોટામાં રહેલી વિજયગચ્છની ગાદીની પરંપરામાં હાલમાં નીચેના ગામોમાં **વિજયગચ્છની** ગાદીઓ છે.

| **ગામ** | **યતિઓનાં નામઃ–** |
|---|---|
| **વસવા** | મુલતાનચંદજી મ૦ |
| કરૌલી. | રામચંદજી મ૦ |
| સાંતા (સેંથા) | મૂલચંદ મ૦ |
| **હિંડૌન** | ગોવિંદચંદજી મ૦ |
| આગરા | ઘનશ્યામજી મ૦ |
| બૈર | મુરલીધરજી મ૦ |
| મિઠાપુર ( કઠવારી ) | મુરલીધરજી. મ૦ |
| **ડીગ** | શ્રી પૂજજી મ૦ |
| **ભરતપુર.** | હુકમચંદ્રજી. મ૦ |
| ” | શ્રી ચંદ્રજી મ૦ |
| કુમ્હેર | ” ” ” |

આ દરેક ગામોમાં સંભવતઃ વિજયગચ્છની ગાદીઓ હતી. તે સૌની પૂર્વ પરંપરા મેળવવાની ખાસ જરૂર છે.

**ત્રીજી કડુઆમત—પરંપરા**

**નાડલાઇના** મહેતા **કાનજી** વીશા નાગરના પુત્ર **કડુઆ નાગરે** અંચલગચ્છના શ્રાવકના પરિચયથી જૈનધર્મ સ્વીકાર્યો. અને પાટણ પાસેના **રૂપપરમાં** આગમિયાગચ્છના **પં૦ હરિકીર્તિગણિ** પાસે વ્યવહારિક જ્ઞાન તથા શાસ્ત્રી જ્ઞાન મેળવી, દીક્ષા લેવાની ભાવના થતાં “ આ કાળમાં મુનિપણું પાળવું. દુષ્કર છે ” એમ જાણી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૃહસ્થવેશમાં **બ્રહ્મચારી** રહી, દેશવિરતિધારી, ‘ સંવરી ’ ગૃહસ્થ બની રહી, સં૦ ૧૫૬૨માં **‘કડુઆમત’** ચલાવ્યો.

**એકવીશ બોલ**

કડુઆ શાહે પોતાના મતની **પ્રરૂપણાના ૨૧ બોલ** નક્કી કર્યા, જેમાં નીચે મુજબ પ્રરૂપણા કરી.

૧. ૪૫ આગમો તથા તેને અનુસરતી **પંચાગીને** પ્રમાણ માનવી.

૨. **જિનપ્રતિમા, સ્થાપના નિક્ષેપો** આગમ પ્રમાણ છે.

૩. **સ્ત્રીઓ** જિનપૂજા કરે, પૌષધ કરે.

૪. જિન પ્રતિષ્ઠા યતિ નહીં, પણ શ્રાવક કરે.

૫. દેવવંદનમાં ત્રણ થોય (સ્તુતિ) કહેવી.

૬. આ કાળમાં સાધુપણું નથી તેથી જે **સાધુ–સાધ્વી છે તે ખોટા છે.**

સાચા સાધુ અને યુગપ્રધાનો ઉત્તર ભરતાર્ધમાં **અષ્ટાપદ તીર્થ** પાસે “ અયોધ્યા ” તરફ વિચરે છે.

૭. ધર્મ સાધવો હોય તો **શ્રાવક બની રહી** સંવરીપણે રહેવું લાભકારક છે.

૮. શ્રાવક સામાયિક ફરી ફરી કરે, પ્રતિક્રમણ કરે.

૯. શ્રાવક મુહપત્તિ તથા ચરવળો રાખે.

૧૦. સામાયિક લેતાં સામાયિક લઈને પછી ઇરિયાવહી કરવી.

૧૧. **સંવરી શ્રાવક** ગૃહસ્થના કપડામાં રહે, **પાઘડી** પહેરે, **આભૂષણ** પહેરે.

૧૨. **સંવરી શ્રાવક** ગૃહસ્થના કપડામાં રહે, બ્રહ્મચારી રહે, તેને શીલ પાળવાનું હોય છે.

૧૩. **સંવરી શ્રાવક** કંચન–કામીનીને છોડે, ઘરબાર છોડે, (સાવદ્ય-કામ છોડે) ૧૦૧ બોલ પાળે.

પુરુષને શીલ પાળવાના ૧૦૪ બોલ છે. સ્ત્રીઓને શીલ પાળવાના ૧૧૩ બોલ છે. શીલવાળા સ્ત્રી–પુરુષો તે તે બોલને પાળે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪. સંવરી સચિત્ત પાણી પીએ નહીં, સચિત્ત ખાય નહીં.

૧૫. સંવરી ગૃહસ્થને ઘરે જઈ ત્યાં જ આહાર કરે.

૧૬. સંવરી પાઘડી પહેરે "પણ દેવવંદન કરે. ત્યારે પાઘડી ઉતારીને દેવ જૂહારે."

૧૭.

૧૮. વાસી કઠોળ ખવાય નહીં.

૧૯. દ્વિદળ (વિદળ) અભક્ષ્ય છે.

૨૦. **પૌષધ** તિવિહારો થાય, ચઉવિહારો થાય.

૨૨. ભગવાન મહાવીરનાં **પાંચ કલ્યાણક** માનવાં. (છ ન માનવાં)

૨૩. **માલારોપણ** તથા ઉપધાન કરવાં નહીં.

૨૪. બીજું વાંદણું બેઠાં બેઠાં દેવું.

૨૫. પૂનમની પાખી શાસ્ત્રાધારે હતી, પરંતુ આચરણાથી **ચૌદશની પાખી** થાય છે, તે માનવી.

૨૬. ભાદરવા સુદિ ૪ના દિવસે **સંવત્સરી** કરવી.

૨૭. શ્રાવણ કે કાર્તિક મહિના વધે તો બીજા શ્રાવણમાં સંવત્સરી અને બીજા કાર્તિકમાં **ચોમાસી** કરવી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

૨૮. 'કલ્પસૂત્ર'માં ૧૦ અચ્છેરાં બતાવ્યાં છે, હમણાં 'અસંયતિ પૂજા' નામનું છેલ્લું અચ્છેરું ચાલે છે.

**કડુઆ** શાહે ૨૧ બોલની પ્રરૂપણા કરી. જે ઉપરના ૨૮ બોલમાં આવી જાય છે. તેમજ સંવરી શ્રાવકને પાળવાના ૧૦૧ બોલ બાંધ્યા. પુરુષને માટે શીલ પાળવાના ૧૦૪ બોલ અને સ્ત્રીને માટે શીલ પાળવાના ૧૧૩ બોલ બનાવ્યા હતા.

'કડુઆમત'માં સંવરી ગૃહસ્થ ગાદીનો **આચાર્ય** બનતો હતો. તેની પાટપરંપરા ચાલી હતી. તે આ પ્રમાણે—

## કડુઆમત પટ્ટાવલી

૧. **શાહ કડુઆ**—નાડોલાઈના વીશા નાગર **મહેતા કાનજી**ની પત્ની **કનકાદેવી**એ સં૦ ૧૪૯૫માં એક બાળકને જન્મ આપ્યો, તેનું નામ **કડુઆ શાહ** રાખ્યું. તે આઠ વર્ષનો થતાં થોડું ભણ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહેતા કાનજી વૈષ્ણવધર્મી હતો. આથી બાળક કડુઆ શાહ મહાદેવ અને કૃષ્ણનાં ભજનપદ બનાવવા લાગ્યો. તે એક અંચલગચ્છના ગૃહસ્થ જૈનના ઉપદેશથી **જૈન** બન્યો.

કડુઆ શાહ સં૦ ૧૫૧૪ માં પાટણ ગયો. ત્યાં **રૂપપરમાં** આગમિયાગચ્છના વૈરાગ્ય ભાવનાવાળા **પં૦ હરિકીર્તિ ગણિની** પાસે રહી, 'સારસ્વત' વ્યાકરણ, કાવ્ય, પિંગલ, ન્યાયશાસ્ત્ર તથા પંચાંગીસહિત **જૈનાગમો** ભણ્યો. તેને **દીક્ષા** લેવાની ભાવના હતી. પરંતુ પં૦ હરિકીર્તિએ જણાવ્યું કે, "આ કાળમાં શુદ્ધ સાધુજીવન પાળી શકાતું નથી. તો સાધુ બનીને દોષિત જીવન ગાળવું, એ તો દરેક રીતે ખરાબ છે. 'પ્રવચનસારોદ્ધાર'માં પાંચમા આરામાં ૨૦૦૪ **યુગપ્રધાનોનું** સૂચન છે, તે ઉત્તરાર્ધ ભરત માટે સમજવું, પણ અહીં દક્ષિણ ભારતમાં તો સાધુપણું નથી."

વળી, વિક્રમની ૧૩મી સદીમાં નવા નવા મતો નીકળ્યા છે. તે બધા **સ્વચ્છંદી** છે, પાસત્થા છે. તારે જો ધર્મારાધન કરવું જ હોય તો આવી દીક્ષા લેવાથી કંઈ લાભ નથી. તું માત્ર ગૃહસ્થના વેશમાં રહી ત્યાગી જીવન ગાળ, **ભાવસાધુ** બની રહે; એટલે તને એ રીતે ધર્મારાધનનો પૂરો લાભ થશે. "કડુઆ શાહને આ ઉપદેશ ગમ્યો." તેણે પંન્યાસજીના કહેવા મુજબ બ્રહ્મચર્ય અને શ્રાવકનાં **બાર વ્રત** સ્વીકારી, દેશવિરતિ સંવરી જીવન ગાળવાનો નિર્ણય કર્યો. તે **સંવરી** બન્યો. તે સચિત્ત પાણી પીતો નહોતો, પ્રાસુક આહાર–પાણી લેતો, ગૃહસ્થના ઘેર જઈ શુદ્ધ આહાર લેતો હતો, કંચન–કામીનીનો ત્યાગી હતો, પગે વિહાર કરતો, અને જ્યાં જાય, ત્યાં પોતાના નવા મતનો ઉપદેશ કરતો હતો.

પાટણનો **લીંબો** મહેતો તેનો "પ્રથમ ઉપાસક" બન્યો. તેણે વીરમગામ, સલખણપુર, સૂરત, અમદાવાદ, ખંભાત, માંડવ (માંડલ), ભરૂચ, ચાંપાનેર, રાધનપુર, મોરવાડા, સુઈગામ, નાડોલ, પાટણ, વડોદરા, ગંધાર, ચૂડા–રાણપુર, જૂનાગઢ, અમરેલી, સાદડી, સિરોહી, થરાદ. જાલોર, મહેસાણા વગેરે ક્ષેત્રોમાં ગૃહસ્થોના ઘરમાં રહી ચાતુર્માસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાળ્યાં હતાં. તે તે સ્થળોમાં તેણે પોતાના મતના ઘણા **શ્રાવકો** બનાવ્યા હતા.

**શાસ્ત્રાર્થ**

તેણે સં૦ ૧૫૩૯માં નાડોલ (નાડલાઈ)ના ચોમાસામાં લોંકાગચ્છના **ઋષિ ભાણા** સાથે શાસ્ત્રાર્થ કરી, જિન પ્રતિમાને જિનાગમના પાઠોથી સિદ્ધ કરી હતી.

તેનો સંવરી શ્રાવક **દો૦ વાસણ** મહેસાણામાં રહેતો હતો.

તેણે સં૦ ૧૫૫૦માં સાદડીમાં દોશી સંઘરાજના ઘરમાં ચોમાસામાં ખરતરગચ્છ સામે "પાંચ કલ્યાણક અને સ્ત્રી પૂજા" બાબતનો **શાસ્ત્રાર્થ** કર્યો હતો. તેમજ સં૦ ૧૫૫૬માં જાલોર પ્રદેશમાં આંચલિક તથા ખરતરગચ્છવાળા સાથે "યતિ પ્રતિષ્ઠા, નિષેધ, અને અપર્વના દિવસે પૌષધ કરવા બાબત" **શાસ્ત્રાર્થ** કર્યો હતો.

**પં૦ હરિકીર્તિ ગણિએ** સં૦ ૧૫૬૩માં **થરા** ગામમાં સ્વર્ગવાસ કર્યો. શાહ કડુઆએ પોતાની ગાદીએ સં૦ ૧૫૬૨માં શા. **ખીમાશાહને** સ્થાપિત કર્યો. અને તેની સામે ઉપર જણાવેલા વિવિધ બોલોની પ્રરૂપણા કરી.

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

શાહ કડુઆએ ૧૯ વર્ષની ઉંમરે સંવરીપણું લીધું, ૨૯ વર્ષની ઉંમરે **ગાદી** સ્થાપી, અને સં૦ ૧૫૬૪માં શત્રુંજય તીર્થમાં કુલ ૬૯ વર્ષની ઉંમરે અનશન સ્વીકારી, **સ્વર્ગવાસ** કર્યો.

૨. **શાહ ખીમાજી**–તે **પાટણના** રાજકાવાડાના વીશા પોરવાડ શા૦ **કર્મચંદ** અને તેની પત્ની **કર્માદેનો** પુત્ર હતો. તે પરી પૂનાના ઘરે રહીને ઘણું ભણ્યો હતો. **પરી પૂનાએ** પંડિતને હમેશાંની "એક એક કોરી આપીને" તેને ન્યાયશાસ્ત્ર ભણાવ્યું, પણ ખીમા શાહને "હરસનો વ્યાધિ" થયો તેથી તે વધુ વિહાર કરી શક્યો નહીં. શાહ ખીમાજીએ ૧૬મા વર્ષે સંવરીપણું સ્વીકાર્યું અને ૪૭ વર્ષની ઉંમરે સં૦ ૧૫૭૧માં પાટણમાં સ્વર્ગવાસ કર્યો.

**ગચ્છભેદ**

આ સમયે સંવરી **શા૦ રામાએ** સં૦ ૧૫૮૬માં થરાદમાં ખીમાશાહથી જુદા પડી કડવા મતની **જૂદી શાખા** ચલાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શા. રામાએ 'વીરવિવાહલો' તથા 'લુંપકહુંડી' પાનાં ૭૨૯ રચ્યાં છે.

શા. રામાની પરંપરામાં (૩) શા. રામા મૃ૦ સં૦ ૧૫૯૪, (૪) **શા૦ શ્રીવંત,** મૃ૦ સં૦ ૧૬૪૫, (૫) **શા૦ રાઘવ** મૃ૦ સં૦ ૧૬૦૩ મુ. **થરાદ.** (૬) **શા૦ જેસાજી,** મૃ૦ સં૦ ૧૬૪૭, મુ૦ થરાદ, (૭) **શા૦ સજ્જન**–તેણે અનશન લઈ સં૦ ૧૬૩૧માં ૬૧ દિવસોનું અનશન કરી કાળ કર્યો. સંઘે તેની **માંડવી** બનાવી, અગ્નિ-સંસ્કાર કર્યો. ત્યાં **સ્તૂપ** બના૦યો.

૩. **શા૦ વીરજી**—નાડલાઈના વીશા શ્રીમાલી **દોશી કુંરપાલ** અને તેની પત્ની કોડિમદેવીનો તે પુત્ર હતો. તે શા૦ ખીમાની પાટે આ૦યો અને શા૦ રામાની પરંપરાના પાંચમા **શા૦ રાઘવની પછી** (સં૦ ૧૬૦૩ પછી) શા૦ ખીમજીની પાટે બેઠો. તે **શીઘ્ર કવિ હતો** તેણે "ગુરુતત્ત્વનિર્ણય" અને "ઋષભદેવ વિવાહલો" ઢાળઃ ૪૪ બનાવ્યા હતા.

તેણે ૧૪ વર્ષની ઉંમરે સંવરી બની, ૩૦ વર્ષ **આદીધર** રહી, ૬૯ વર્ષની ઉંમરે સં૦ ૧૬૦૧ માં નાડલાઈમાં કાળ કર્યો.

આ સમયે સં૦ ૧૫૭૨માં **તપામત** માંથી **પાયચંદ મત** નીકળ્યો. **પાયચંદજીએ** લોકોને ઠગવા, "મેલો વેશ" પહેર્યો, કડક ક્રિયા કરવા માંડી. "અને વીરમગામ વગેરેના" કડુઆમતના શ્રાવકોને "ભક્ત બનાવ્યા." **સંવરી બ્રહ્મચંદ્ર** તેમનો શિષ્ય બન્યો.

તપાગચ્છના **આ૦ આણંદવિમલસૂરિએ** સં૦ ૧૫૮૩ માં **ક્રિયોદ્ધાર** કર્યો (પ્રક૦ ૫૬) તેમણે પણ સં૦ ૧૫૮૫માં કડુઆ-મતના શ્રાવકોને પોતાના ભકતો બનાવ્યા. મહેસાણાના કડવામતના **દોશી સંવરી વાસણને** પોતાના પરિવારમાં દીક્ષા આપી હતી.

૪. **શા૦ જીવરાજ**—તે અમદાવાદના **પારી જગપાલ** અને તેની પત્ની **શોભીદેવીનો** પુત્ર હતો. યશસ્વી હતો. તે આ કડુઆ-મતનો **પ્રભાવક** થયો.

તે ૧૨ વર્ષની ઉંમરે સંવરી બન્યો અને ૬૬ વર્ષનું આયુષ્ય પાળી,

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

સં૦ ૧૬૪૪માં અમદાવાદમાં "બિમાર પડતાં" ૩ દિવસનું અનશન પાળી, શા૦ તેજપાલને ગાદી આપી, અમદાવાદમાં કાળધર્મ પામ્યો.

ભક્તોએ તેની **માંડવી** બનાવી, તે દિવસે શહેરમાં અમારિ પળાવી. આ સમયે સં૦ ૧૬૦૨માં અમદાવાદ પાસેના હેબતપુરમાં "**બ્રહ્મમત**" નીકળ્યો.

**આ૦ પાર્શ્વચંદ્રે** 'પાયચંદગચ્છ' ચલાવ્યો. તેનો મુખ્ય શિષ્ય **બ્રહ્મઋષિ** હતો. તે વિદ્વાન હતો. પણ પાર્શ્વચંદ્રસૂરિએ ઉપા૦ વિજયદેવને આચાર્ય બનાવ્યા. આથી કડુઆમતના શ્રાવક મહેતા **આણંદીએ** બ્રહ્મઋષિને ઉશ્કેર્યો કે, "તમે વિદ્વાન હોવા છતાં, ગુરુએ તમને આચાર્યપદ આપ્યું નહીં, તો હવે તમે તમારો નવો **ગચ્છ** પ્રવર્તાવો. તમે એવા શક્તિશાળી છો" એટલે **ઋષિ બ્રહ્મે** પૂનમની પાખી સ્થાપન કરી. નવો '**બ્રહ્મમત**' ચલાવ્યો, જેનું બીજું નામ '**સુધર્મગચ્છ**' પણ મળે છે. અને મહેતા **આણંદી** આ રમત રમી, ફરીવાર કડુઆમતનો શ્રાવક બની ગયો,

સંવરી જીવરાજ શાહનો શ્રાવક ઠા૦ મેરુએ સં૦ ૧૬૧૮ માં ખંભાતમાં **મહો૦ ધર્મસાગરગણિ સાથે** "જિનપ્રતિમાની પ્રતિષ્ઠા સાધુ કરે, કે શ્રાવક કરે." તે અંગે **ચર્ચા** કરી. હતી.

**યાત્રા મંદિરો**

તેણે ઘણી **તીર્થયાત્રાઓ** કરી હતી. તેણે ઉપદેશ આપી, પાટણ, ખંભાત, રાધનપુર, મોરવાડા વગેરે સ્થાનોમાં **જિનાલય** અને **ઉપાશ્રયો** કરાવ્યા. તેના ઉપદેશથી સં૦ ૧૬૨૧ માં ખંભાતના ધીવાડામાં **થાવરદોશીએ** જિનાલય બંધાવ્યું.

તેણે સં૦ ૧૬૩૧માં સંવરી રામાની શાખાના **સંવરી સજ્જનને** અનશન કરાવ્યું. તે સં૦ ૧૬૪૪માં અમદાવાદના ખરતરગચ્છના **શા૦ સોમજી સવાના** છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રાએ ગયો હતો અને ત્યારે ત્યાં ઘણા ઉત્સવો થયા હતા.

પછી ત્યાં સં૦ ૧૬૭૫માં ચોમુખજીની પ્રતિષ્ઠા થઈ હતી.

(-પ્રક૦ ૪૪, પૃ૦ ૪૮૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. **શા૦ તેજપાલ**—તે પાટણના શ્રીમાલી દોશી **રાયચંદ**, અને તેની પત્ની **કનકાઈનો** પુત્ર હતો. તેણે સં૦ ૧૬૨૩માં ૧૩ વર્ષની ઉંમરે સંવરીપણું સ્વીકાર્યું અને ૩૬ વર્ષની ઉંમરે સં૦ ૧૬૪૫માં પાટણમાં “ બિમારી ભોગવી, કાળ કર્યો. તે વિદ્વાન્ હતો. તેણે “ મહાવીર નમસ્કાર કલ્યાણ કારણ ધર્મ ” વગેરે સ્તોત્રો, તેનાં ભાષ્ય અને અવચૂરિ વગેરે બનાવ્યા.

૬. **શા૦ રત્નપાલ**—તે ખંભાત પાસેના **કંસારી** ગામના વીશા શ્રીમાલી **દોશી વસ્તા** અને તેની પત્ની **રીડીનો** પુત્ર હતો. તેણે ૧૦ વર્ષ ગૃહસ્થપણે રહી, સંવરી બની, ૩૧ વર્ષની ઉંમરે પટ્ટધર બની, અને ૪૬ વર્ષની ઉંમરે સં૦ ૧૬૬૭ના ચોમાસામાં ખંભાતમાં બિમાર થતાં શા૦ જિનદાસને પોતાની પાટે બેસાડી, ચોમાસામાં અનશન પૂર્વક કાળ કર્યો.

**ગ્રંથો**

તેણે સં૦ ૧૬૪૪માં પાલીતાણામાં “ અવંતી સુકુમાલ રાસ ” બનાવ્યો. તેનો રાગ સારો હતો. તે સૂક્ષ્મ વિચારમાં પ્રવીણ હતો. તેણે ૨૪ તીર્થંકરોની, ૨૦ વિહરમાન જિનોની, તથા ૧૩ કાઠીયાની ભાસ બનાવી અને ઘણાં “ સ્તવન–સ્તુતિ ” રચ્યાં.

તેના સમયે સં૦ ૧૬૪૭ના ચતુર્માસમાં ખંભાતમાં વૈરાગણ-બાઈ **સંવરી સહિજલદેએ** ૫૯ દિવસનું અનશન સ્વીકાર્યું અને નિર્યામણા પાલી, સ્વર્ગવાસ કર્યો. ખંભાતના સંઘે બાઈ સહિજલદેની **માંડવી** બનાવી, અગ્નિ સંસ્કાર તથા મહોત્સવ વગેરે કર્યા. તેના પટ્ટધર સંવરી ખેતશી સાથેના શ્રાવક **જિનદાસે** અમદાવાદમાં **મહો૦ ધર્મસાગરજી સાથે** “ દેશવિરતિ ધર્મ, તે ધર્મ છે કે નહીં આ બાબતે શાસ્ત્રાર્થ કર્યો.

**તીર્થ યાત્રાસંઘ**

**શા૦ રતનપાલે** ગિરનાર, શત્રુંજય, દેવપાટણ, દીવ બંદર વગેરે તીર્થોની યાત્રા કરી.

તેના ઉપદેશથી અમદાવાદના **ભાણુશાળી દેવાએ** સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૬૬૧ માં અમદાવાદથી છ'રી પાળતો **યાત્રાસંઘ** કાઢ્યો. સંવરી રત્નપાલ, **સં૦ જિનદાસ**, શા૦ પૂંજા, શા૦ ખેતશી, શા૦ ચોથા, શા૦ માવજી, **શા૦ તેજપાલ**, શા૦ ઋષભદાસ, શા૦ પૂજા, શા૦ ગોપાલ, શા૦ હીરજી વગેરે ૧૧ સંવરીઓ આ સંઘ સાથે યાત્રા માટે ગયા. તેઓએ આબૂ તીર્થ, **ગોડી પાર્શ્વનાથ**, રાણકપુર તીર્થ વગેરે યાત્રા કરી, અને દરેક સ્થાને **દેવપૂજા વિધિપૂર્વક નાટક**, ઉત્સવ વગેરે કર્યાં.

## જલેબીનું જમણ

સંવરીરત્ન **જિનદાસે** સિરોહીમાં **ચૈત્યવાસી** યતિ સાથે "યતિવેશ બાબત" ચર્ચા કરી,

સંઘ થરાદમાં ગયો, ત્યારે ૧૭ સ્વામી–વાત્સલ્ય થયાં, જેમાં ૬૦ મણ ખાંડની **જલેબી** બની હતી, તે બધા રાધનપુર, પાટણ થઈ **અમદાવાદ** આવ્યા. દરેક સ્થળે સંઘનું સ્વાગત અને સ્વામી વાત્સલ્ય થયાં.

૭. **શા૦ જિનદાસ**–તે **થરાદના શ્રીમાલી** વોરા **જેશિંગ** અને તેની પત્ની **જિમણાદેનો** પુત્ર હતો. તેણે સં૦ ૧૬૫૬ માં ૧૭ વર્ષની ઉંમરે સંવરી પણું સ્વીકાર્યું સં૦ ૧૬૫૧માં ૪૦ વર્ષની ઉંમરે **પટ્ટધર** બની, સં૦ ૧૬૭૦ના ચોમાસામાં ૫૯ વર્ષની ઉંમરે અમદાવાદમાં "રકતપીડા રોગ"માં તેજપાલને પટ્ટધર બનાવી, શુભ ધ્યાનથી અનશન કરી કાળ કર્યો.

## જિનપ્રતિષ્ઠા સ્વામીવાત્સલ્ય પ્રભાવના

૭મા શા૦ જિનદાસના ઉપદેશથી સં૦ ૧૬૬૩ ના ફા૦ વ૦ ૧ના રોજ બાદશાહ માન્ય **ભણુશાળી દેવાએ** જિનાલયની પ્રતિષ્ઠા કરાવી. તેમાં ભણશાળી દેવાએ ભ૦ ઋષભદેવની ૮૫ અંગુલની એક પ્રતિમા તથા ભણશાલી જીવાએ ૫૭ આંગળની એક જિનપ્રતિમા તથા ભણ૦ કીકાએ ૫૭ આંગળની એક જિનપ્રતિમા અને તે ઉપરાંત બીજી ઘણી જિનપ્રતિમાઓ એમ કુલ ૧૫૦ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા **સંવરી શ્રાવકોએ** કરી હતી. કડવામતના સંઘે સ્વામીવાત્સલ્ય કર્યું. ભણશાળી જીવરાજ તથા ભણશાળી દેવાએ સૌને વસ્ત્રની પ્રભાવના કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શાસ્ત્રાર્થ**

**શા૦ જીવરાજે** સં૦ ૧૬૪૯માં અમદાવાદમાં **મહો૦ ધર્મ-સાગરગણિ સાથે** "દેશવિરતિ ધર્મ બાબત" શાસ્ત્રાર્થ કર્યો. તથા સં૦ ૧૬૬૧ માં સિરોહીમાં ચૈત્યવાસી યતિઓ સાથે **શાસ્ત્રાર્થ** કર્યો. **સં૦ માવજીએ** શા૦ જીવરાજના સમયે સં૦ ૧૬૬૩ માં "નર્મદાસુંદરી રાસ" બનાવ્યો.

ખંભાતમાં દોશી હર્ષાની પત્ની **સહજલદે** તથા તેના પુત્ર **શા૦ કલ્યાણે** સં૦ ૧૬૬૪માં સંવરી માવજી પાસે સંવરીપણું અંગીકાર કર્યું, તેણે બારવ્રતો લીધાં ત્યારે મોટી પ્રભાવના કરી. **સંવરી માવજીએ** સં૦ ૧૬૬૬માં ચોમાસામાં ખંભાતમાં કાળ કર્યો.

સંવરી **શા૦ કલ્યાણે** સં૦ ૧૬૬૭ના માગશર સુદિ ૬ ના દિવસે ખંભાતમાં શ્રાવિકા **હેમાઇના** જિનાલયમાં ભ૦ ધર્મનાથની પ્રતિમાનો પ્રવેશ કરાવ્યો. તે પછી તે સંવરીજિનદાસની પાસે ભણવા ગયો.

**ગ્રંથો, તીર્થયાત્રા**

સંવરી જિનદાસ વગેરે સંવરીઓએ શત્રુંજય તીર્થની યાત્રા કરી, તેઓ અમદાવાદ આવ્યા **સંવરી તેજપાલે** રાધનપુરમાં "વરણાગ ણુન્નુઆની સજ્ઝાય" બનાવી. **સં૦ તેજપાલે** સં૦ ૧૩૬૭ ના ચોમાસામાં અમદાવાદમાં "દશપદી" બનાવી. **પાદઘટિકા.** પૂનમ વગેરે "૧૦ બોલનો વિચાર" બનાવ્યો.

**પાઘડી**

કડુઆમતવાળા ૧૬મી પ્રરૂપણામાં માને છે કે "સૌએ જિના-લયમાં માથાની પાઘડી ઉતારી સાધુ જેવા દેખાય તેમ ગભારા અને રંગમંડપમાં બેસવું." શા૦ તેજપાલે "પાદઘટિકાના બોલ"માં આ બાબતની ચર્ચા કરી છે. મહો૦ **ધર્મસાગરજી ગણિવરે** "પ્રવચન પરીક્ષા વિશ્રામઃ ૯, ગાથાઃ ૩૫"માં આ બાબત "ટંકશાળી ખુલાસો" કર્યો છે અને તેની ભૂલ સ્પષ્ટ બતાવી છે.

સંભવ છે કે—આ સંવરી જિનદાસે "પથિડાસંદેશો કહેજો મારા નાથને" સ્તવન બનાવ્યું હોય. તેમાં તેણે બતાવ્યું છે કે—હેમરાજે

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

કચ્છમાં અવિધિ (ક્રિયાલોપી) પંથ ચલાવ્યો છે. આ રીતે હેમરાજે વિક્રમની ૧૭મી સદીમાં તેવો પંથ ચલાવ્યાનું સૂચન મળે છે. પણ તેની વધુ કોઈ માહિતી મળતી નથી.

ઇતિહાસ કહે છે કે જોનપુરના બનારસીદાસ શ્રીમાળીએ વિ૦ સં૦ ૧૬૮૪ માં દિગમ્બર સંપ્રદાયનો તેરાપંથ ચલાવ્યો છે.

(—પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૮)

તેના મિત્રોમાં હેમરાજનું પણ નામ છે. તે હેમરાજે ૮૪ પ્રશ્નો ઉઠાવી શ્વેતામ્બર માન્યતાનો વિરોધ કર્યો હતો. શ્રુત કેવલી જેવા મહો૦ યશોવિજયજી ગણિવરે હીંદી પદ્ય રૂપે દિગ્પટ્ટ ચોરાશી બોલમાં પ્રમાણો સાથે તેના ઉત્તર આપ્યા છે. મહો૦ મેઘવિજય ગણિવરે પણ બનારસીય મત ખંડનમાં સંસ્કૃતમાં ૮૬ બોલોનો ઉત્તર આપ્યો છે. અમે પણ શ્વેતામ્બર દિગમ્બર સમન્વય ભા. ૧ થી ૪ માં (હીંદીમાં) દિગમ્બર ગ્રંથોના આધારો આપી ૮૪ બોલની શ્વેતામ્બર માન્યતાને સપ્રમાણ રજુ કરી છે.

## ૮. તેજપાલ

તે ખંભાતના **સોની વસ્તુપાલ** અને તેની પત્ની **કીકી** (વૈજલદે)નો પુત્ર હતો. તેણે સંવરી માવજીના વચનથી નાની ઉંમરે સં૦ ૧૬૬૪માં સંવરીપણું સ્વીકાર્યું, સં૦ ૧૬૭૦માં અમદાવાદમાં **ગાદીધર** બની, સં૦........ માં કાળ કર્યો.

### ન્યાયશાસ્ત્ર

તે આ મતનો મોટો વિદ્વાન હતો. તે ભારે **પ્રભાવક** નીવડ્યો. તે કડવાસંઘના આગ્રહથી ભટ્ટ પુષ્કર મિત્ર પાસે, તેને "રોજની એકેક સુવર્ણમુદ્રા" આપી, "ચિંતામણિ" ન્યાયશાસ્ત્ર ભણ્યો.

### અનશન

તેણે થરાદમાં મોદી હંસરાજની માતા **જીવીને** અનશન કરાવ્યું. બાઈ જીવીએ પર્યુષણામાં અઠ્ઠાઈધરના બીજા દિવસે ૨૨ દિવસનું અનશન પૂરું કરી "ણુમોત્થુ ણં" બોલતાં બોલતાં કાલ કર્યો. સંઘે તેનો મૃત્યુમહોત્સવ ઉજવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શાસ્ત્રાર્થ**

**શા૦ તેજપાલે** થરાદમાં નવાબ જમાલીખાંની રાજસભામાં **તપગચ્છના પંન્યાસ** સાથે "યતિવેષ બાબત" ચર્ચા કરી, તથા લોંકાગચ્છના મહેતા રતનશી સાથે" ચમરેન્દ્રનું જિનશરણુ ગ્રહણુ તથા શાશ્વતી જિનપ્રતિમાઓ બાબત" ચર્ચા કરી.

**ગ્રન્થો**

શા૦ તેજપાલે સં૦ ૧૬૭૧ના ચોમાસામાં પાટણુમાં પરી લટકણુના ઘરમાં રહી સંસ્કૃતમાં "દીપોત્સવકલ્પ" તેની અવચૂરિ, ચતુર્વિંશતિ જિનસ્તોત્ર, સર્વસુરાસુરૈર્વન્દ્ય૦" વગેરે છંદો, અને સ્તુતિઓ વગેરે બનાવ્યાં.

**છ'રી–યાત્રાસંઘ**

શા૦ તેજપાલ અમદાવાદના ભણુશાળી દેવાના શત્રુંજય તીર્થના છ'રી પાળતા **યાત્રાસંઘમાં** સં૦ ૧૬૭૨ના કા૦ વ૦ ૫ના રાજ પધાર્યા. તેમાં પોતાના ગચ્છના અને બીજા ગચ્છના ઘણા જૈનો સાથે હતા. તેઓ એકવાર આહાર, ભૂમિશયન, બેવાર પ્રતિક્રમણ, ત્રિકાળ-પૂજા, સચિત્ત ત્યાગ, બ્રહ્મચર્યપાલન, પાદવિહાર અને સમ્યક્ત્વ એમ છ'રીનું પાલન કરતા જતા હતા. આઠમ–ચૌદશે એક સ્થળે રહી જતા હતા. સૌએ એ તીર્થમાં **સત્તરભેદી જિનપૂજા** રચી. સંઘ-પતિએ ધોળકામાં જામી (જામનગરી કોરી)ની અને વસ્ત્રોની **પ્રભાવના** કરી.

**ચોમાસામાં પ્રતિષ્ઠા**

શા૦ તેજપાલે સં૦ ૧૬૭૨માં ચોમાસામાં ખંભાતથી અમદાવાદ આવી, ભણુશાળી દેવાના જિનપ્રાસાદમાં ભ૦ શાંતિનાથની પ્રતિમાના પરિકરની **પ્રતિષ્ઠા** કરી.

**અમારિપડહ**

થરાદની ૨૦ વર્ષની ઉંમરની બાઈ **જયવાંદી** સં૦ ૧૬૭૩ના વૈ૦ વદિ ૭ ના દિવસે કાનબાઈ વીરના ઉપદેશથી જૈન બની. તેણે શા૦

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

તેજપાલના ઉપદેશથી વૈરાગ્ય પાળી, અનશન સ્વીકાર્યું. રાજનગરના **સૂબા મકરબખાને** બાઈના કહેવાથી અમદાવાદની ચારે તરફ "દશક્રોશી"માં એક મહિના માટે **અમારિપટહ** વગડાવી. બાઈએ સં૦ ૧૬૭૨ (૧૬૭૩)ના શ્રા૦ વ૦ ૧૨ ના રોજ ૬૫ દિવસનું અનશન પાળી સમાધિપૂર્વક સ્વર્ગવાસ કર્યો.

**વ્રત-લહાણી**

સં૦ ૧૬૭૩ના ચોમાસામાં અમદાવાદમાં ભણુશાળી દેવા વગેરેએ શ્રાવકનાં બારવ્રત સ્વીકાર્યાં. આ પ્રસંગે સોનાનો વેઢ, મુદ્રા વગેરેની લહાણી કરી. બાઈ હે**માઈએ** સં૦ ૧૬૭૪ ના ફા૦ સુ૦ ૧૧ ના રોજ ભ૦ વિમળનાથની પ્રતિષ્ઠા કરાવી. **જલયાત્રા,** સંઘવાત્સલ્ય, વસ્ત્ર પ્રભાવના વગેરે કર્યાં.

**તીર્થ યાત્રાસંઘ**

શા૦ તેજપાલે સં૦ ૧૬૭૪ના ચૈત્ર શુદિ ૧૫ ના દિવસે અમદાવાદના ભણુશાળી દેવાના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે આબૂ, ઈડર અને તારંગાતીર્થની યાત્રા કરી. આ સંઘમાં ખંભાત, સોજિત્રા, અને અમદાવાદના જૈનો પણ આવ્યા હતા. ભણુશાળી દેવાનો કુટુંબ-પરિવાર પણ સાથે હતો. ઘણા હાથી, ઘોડા પણ સાથે હતા. સંઘ શંખેશ્વર, પાટણ, સિદ્ધપુર, આબૂ, અચલગઢ, દેલવાડા, આરાસણ, ઈડર, તારંગા, વડનગર, રાધનપુર થઈને અમદાવાદ આવ્યો. વડનગરમાં**નાગર બ્રાહ્મણ** વોરા જીવાકે સંઘવાત્સલ્ય તથા વસ્ત્રની પ્રભાવના કરી. સં૦ ૧૬૭૫માં થરાદમાં દોશી ધીંગાની પત્ની **વાલાબાઈએ** ૫૭ દિવસનું અનશન કરી સ્વર્ગવાસ કર્યો. શા૦ તેજપાલે "શતપ્રશ્ની" વગેરે **ગ્રંથો** રચ્યા.

શા૦ તેજપાલ સં૦ ૧૬૭૫ના કા૦ વ૦ ૧૩ના રોજ અમદાવાદથી ભ૦ જીવરાજના પુત્ર **ભણુશાળી પંચાયણના** છ'રી પાળતા સંઘ સાથે શત્રુંજય ગયા. ત્યાં સંઘે સત્તરભેદી પૂજા, સ્નાત્ર વગેરે ઉત્સવો કર્યાં, લહાણી વહેંચી અને સૌ **ઘોઘા, ખંભાત** થઈ, અમદાવાદ આવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મોટી લહાણી**

**ભણુશાલી દેવાએ** સં૦ ૧૬૭૫ના પોતાના ભત્રિજા ભણુશાલી પંચાયણના શત્રુંજયતીર્થના યાત્રા સંઘમાંથી આવ્યા પછી અમદાવાદમાં બધા ગચ્છોમાં "નવકાર" મંત્ર ગણનારાઓને ૧ જામી અને ૧ મોદકની લહાણી કરી. કડવામતના સૌ જૈનોને એકેક ગદિયાણા ભાર **સોનાનાં વેલિયાં** આપ્યાં હતાં, તેણે આ પ્રમાણે **મોટી પ્રભાવના** કરી હતી.

**ગ્રંથો**

શા૦ **તેજપાલે** સં૦ ૧૬૭૬નાં ચોમાસામાં ખંભાતમાં "ભ૦ મહાવીરસ્વામીનાં પાંચ સ્તવન" અને "ભગવતી સાધુવંદના રાસ" બનાવ્યાં.

**ગચ્છસંઘર્ષ—**

થરાદમાં કડુઆમતનાં ઘર ૭૦૦ અને તપાગચ્છનાં ઘર માત્ર ૧૩ હતાં, પણ એ બધામાં સંપ પ્રવર્તતો હતો. બધાએ કડવામતના જિનાલયમાં દર્શન, પૂજા કરતા હતા. કડુઆમતની માન્યતા હતી કે, "શ્રાવક રંગમંડપમાં બેસે ત્યારે પાઘડી ઉતારીને જ બેસે, અને પાઘડી ન ઉતારે તો નીચે બેસી જાય." પરંતુ થરાદના તપગચ્છીય **હરજી** ગાંધીનો ભત્રીજો **નાનજી** ગાંધી સં૦ ૧૬૭૯માં પાઘડી બાંધી, રંગમંડપમાં બેઠો. આ નિમિત્તે ઝગડો થયો. **હરજી** ગાંધીએ રાધનપુર લખી જણાવ્યું કે, "અહીં કડુઆમતનાં ઘર ઘણાં છે અને તપાગચ્છનાં ઘર ઓછાં છે, તેથી તેઓ અમને દબાવે છે, તો તમે અમને મદદ કરો." રાધનપુરમાં તપાગચ્છના ઉપાશ્રયમાં સૌ સંઘની હાજરીમાં સં૦ ૧૬૭૯ના ભા૦ સુ૦ ૨ના તેલાધરના દિવસે આ પત્ર વંચાયો. રાધનપુરના તપાગચ્છના યુવાનો આવેશમાં આવી રાધનપુરનો કડુઆમતનો ઉપાશ્રય તોડી નાખ્યો, પરિણામે ઝગડો વધ્યો. કડુઆમત વાળા અજમેરમાં બાદશાહ સલીમ પાસે ફરિયાદે ગયા. ત્યારે અજમેરમાં બાદશાહ સલીમ પર અમદાવાદના કડુઆમતના ભ૦ દેવાનો મોટો પુત્ર **ભણુશાણી ખીમજી** અને તપાગચ્છના **શેઠ શાંતિદાસ**



www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

**ઝવેરીનો** પ્રભાવ સારો હતો. પછી તપાગચ્છના **સંઘવી ચંદુ** આગરાવાળાએ, “રાધનપુરના તપગચ્છવાળાએ કડુઆમતનો ઉપાશ્રય નવો બનાવી દેવો, અને કેસરખાતામાં દંડના ૧૦) રૂપિયા આપવા” આવું **સમાધાન** કરાવ્યું, અને સૌ વિખરાયા. પરંતુ રાધનપુરના તપાગચ્છવાળાએ કડુઆમતનો ઉપાશ્રય બનાવી ન આપ્યો. આથી કલેશ ચાલુ જ રહ્યો. બીજી તરફ રાધનપુરના તપગચ્છવાળાએ ભારતમાં તપગચ્છ મોટો છે એમ માની કડુઆમતવાલા સાથે જમણુ વ્યવહાર બંધ કર્યો, અને કડુઆમતવાલાએ બીજા ગચ્છવાલાને તે પોતાની સાથે ભેળવી લીધા, પછી આ કલેશ અમદાવાદમાં આવ્યો, પરંતુ અમદાવાદના તપગચ્છના જૈનોએ કડુઆમતવાલાને ટાળ્યા નહીં થરાદ વિભાગના થરાદ, મોરવાડા, **સૂઇગામ,** વાવ વગેરે ગામોમાં પણ તપગચ્છ અને કડુઆમતના શ્રાવકોમાં બે ભાગ પડયા.

થરાદના કડુઆમતવાળાએ આનો નિવેડો લાવવા, અમદાવાદ જઈ, સૂબા **આજમખાન પાસે** ફરીથી ઉપાશ્રયની ફરીયાદ કરી, પણ તે સૂબો મરણ પામ્યો, તેથી તેઓએ બાદશાહ સલીમ પાસે જવાનો નિરધાર કર્યો. અમદાવાદના **શેઠ શાંતિદાસ ઝવેરીએ** વચ્ચે પડી આ કલેશનો નીચે મુજબ સુખદ અંત આણ્યો.

૧. રાધનપુરના તપાગચ્છના ગુનેગાર જૈનોને પોતાના સાગરમતમાં ભેળવી લઇને નિર્દોષ ઠરાવવા વચન આપ્યું.

૨. કડવામતના આગેવાન ભ૦ દેવાનો બીજો પુત્ર ભણશાળી **રૂપજીને** સમજાવી, તેની મારફત થરાદના કડુઆમતવાળાને ઠંડા કર્યા.

આ રીતે શેઠે સં૦ ૧૬૮૦માં બંને પક્ષો વચ્ચે સુમેળ કરાવ્યો, બન્ને પક્ષો મળીને સાથે જમ્યા અને વિખરાયા.

**શેઠ શાંતિદાસે** રાધનપુરમાં કડુઆમતનો નવો ઉપાશ્રય બંધાવ્યો, પણ ત્યારથી એટલે સં૦ ૧૬૮૦ થી રાધનપુરના તપગચ્છ સંઘમાં બે પક્ષો બન્યા. પરિણામે તપગચ્છના ઉપાશ્રયના પણ આ પક્ષો માટે બે ભાગ પડયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્નાત્રવિધિ**

પટ્ટધર **શા૦ તેજપાલે** સં૦ ૧૬૮૦ના ચોમાસામાં ખંભાતમાં ભ૦ શાંતિનાથની **નવી "સ્નાત્રવિધિ"** બનાવી.

સં૦ ૧૬૮૧ના ફા૦ સુ૦ ૧૧ના રોજ ખંભાતમાં સોની **સહજપાલની પુત્રી** બાઈ જીવાઈના જિનાલયની પ્રતિષ્ઠા કરી, જળયાત્રા વગેરે ઉત્સવો કરાવ્યા.

**તપ ઉત્સવ**

શા૦ તેજપાલે સં૦ ૧૬૮૨માં અમદાવાદમાં ચોમાસું કર્યું પર્યુષણપર્વમાં ભણશાળી પંચાયણ વગેરે ૫૦૦ ભાઈ–બહેનોએ અઠ્ઠાઈતપ કર્યું, ઉત્સવ પ્રભાવના કર્યાં.

**ગ્રંથો**

સં૦ તેજપાલે સં૦ ૧૬૮૨ના ચોમાસામાં અમદાવાદમાં "સીમંધરસ્વામીનો શોભાતરંગ" ઢાળ : ૪૩, તથા ભગવાન અજીતનાથની સ્તુતિ," તેની "અવચૂરિ" વગેરે બનાવ્યાં.

**સંવરી તરફથી જિનપ્રતિમાઓ**

**શા૦ તેજપાલ** તથા **શા૦ કલ્યાણજીએ** સં૦ ૧૬૮૩ના જેઠ સુદિ ૩ ના દિવસે અમદાવાદમાં ભણશાળી દેવાની **બહેન રૂપાઈના** જિનાલયમાં ભ૦ સંભવનાથ વગેરે તીર્થંકરોની **રત્નમય**, પિત્તલમય અને પાષાણમય ૭૫ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. આ અંજનશલાકામાં **શા૦ તેજપાલે** પોતાના તરફથી પાંચ આંગળની ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી, જેને તેણે અમદાવાદ પાસેના હેબતપુરના ભ૦ ચંદ્રપ્રભુના જિનાલયમાં બેસાડી હતી, તેમજ **શા૦ કલ્યાણજીએ** પણ પોતાના તરફથી ૧૭ આંગળની ભ૦ વિમલનાથની પ્રતિમા ભરાવી, જેને તેણે હેબતપુરના ભ૦ અભિનંદનસ્વામીના જિનાલયમાં બેસાડી હતી.

**ગ્રંથો**

શા૦ તેજપાલે સં૦ ૧૬૮૪ના વૈશાખમાં અમદાવાદમાં નવા જિનપ્રાસાદમાં ભ૦ અભિનંદનસ્વામીની પ્રતિમાનો પ્રવેશ કરાવ્યો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સં૦ ૧૬૮૪માં ખંભાતમાં ચોમાસું કર્યું. તેણે ત્યાં "વીરતરંગ" અને "જિનતરંગ" બનાવ્યા.

૯. **શા૦ કલ્યાણજી**—તે ખંભાતના દોશી **હરખાની** પત્ની **સહજલદેનો** પુત્ર હતો.

**સહજલદે** અને **કલ્યાણે** "સં૦ ૧૬૬૪માં ખંભાતમાં સોની વસ્તુપાલની પત્ની વૈજલદેએ કરાવેલ પ્રતિષ્ઠામાં "પટ્ટધર શા૦ જીવરાજ"ના શિષ્ય **સંવરી માવજી** પાસે સંવરીપણું સ્વીકાર્યું." પછી **સં૦ માવજીએ** સં૦ ૧૬૬૬ના ચોમાસામાં ખંભાતમાં સ્વર્ગવાસ કર્યો.

**સંવરી કલ્યાણે** પટ્ટધરની આજ્ઞાથી સં૦ ૧૬૬૭ના માગશર સુદિ ૬ના રોજ **બાઈ હેમાઈના** જિનાલયમાં ભ૦ ધર્મનાથની પ્રતિમાનો પ્રવેશ કરાવ્યો. પછી પટ્ટધરે સંવરી કલ્યાણને યુવાપટ્ટધર તેજપાલને સોંપ્યો.

**શા૦ કલ્યાણે** સં૦ ૧૬૭૬માં અમદાવાદમાં ચોમાસું કર્યું. અહીં સં૦ ૧૬૭૭ના ફા૦ સુ૦ ૧૧ના દિવસે અમદાવાદ પાસેના **હેબતપુરમાં** "ભગવાન અભિનંદનસ્વામીનું જિનાલય" કરાવ્યું, તેમાં ૧૭ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી, અને અભિનંદનભગવાનનું "પ્રભુ પ્રણમું રે૦" સ્તવન બનાવ્યું.

**ચર્ચા**

**શા૦ કલ્યાણે** સં૦ ૧૬૭૭માં પટ્ટધર **શા૦ તેજપાલ** સાથે ચોમાસામાં સ્થંડિલ જતાં પ્રથમ લોંકાગચ્છના યતિ સાથે, અને તે પછી ખરતરગચ્છના યતિ સાથે **ચર્ચા** કરી, ખરતરગચ્છના યતિએ કટાક્ષમાં કહ્યું કે ઉ૦ ધર્મસાગરે જેને **ગુરુના શત્રુ** કહ્યા છે તે આજે પ્રત્યક્ષ મળ્યા.[1]

---

૧. (૧) खवणय (२) पुण्णिम (३) खरयर (४) पल्लविया (५) सड्ढ पुण्णिमा (६) आगमिया ।

(७) पडिमा० (८) मुणि–अरि (९) बीजो (१०) पासो पुण संपइ दसमो ॥

( —કુપક્ષ કૌશિકસહસ્રકિરણ, વિશ્રામ. ૧, ગાથા : ૮ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શા૦ કલ્યાણે ઠાવકાઈથી જવાબ આપ્યો કે, 'ઉપા૦ **ધર્મસાગરે** અમારા વિરોધમાં માત્ર પાંચ–સાત જ વસ્તુ કહી છે. પણ "પ્રવચન પરીક્ષા" વિશ્રામ: ૪૯, ૫૦, ૫૧. ૭૫ માં તથા તેની "વૃત્તિ'માં તમારી તો બહુ જ ભક્તિ (?) કરી છે. એટલે "તમે તમારું જૂઓ."

લોંકાગચ્છના યતિએ ટાપશી પૂરી કે શાબાશ–તમે ખરતરગચ્છવાળાને ઠીક જવાબ આપ્યો."

**તીર્થ યાત્રાસંઘ**

શા૦ તેજપાલ તથા શા૦ કલ્યાણે સં૦ ૧૬૭૮ના માગશરમાં "ભણશાળી પંચાયણના છ'રી પાળતા યાત્રાસંઘમાં" સાથે શંખેશ્વરતીર્થની યાત્રા કરી.

**ચર્ચા**

સંવરી **શા૦ કલ્યાણજીએ** સં૦ ૧૬૭૯ના ચોમાસામાં ખંભાતમાં લોંકાગચ્છવાળા સાથે ચર્ચા કરી.

શા૦ કલ્યાણે લોંકાગચ્છના ભણેલા (લોંકાગચ્છના વધુ અભ્યાસી) **સં૦ કચરા** સાથે "દ્રવ્ય તીર્થંકર અને ભાવ તીર્થંકર' બાબત" ચર્ચા કરી, સ્થાપનાનિક્ષેપો સિદ્ધ કર્યો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**સંવરીનો પરિગ્રહ**–પટ્ટધર શા૦ તેજપાલે તથા શા૦ કલ્યાણજીએ સં૦ ૧૬૮૩ ના જે૦ સુ૦ ૩ ના દિવસે અમદાવાદમાં ભણશાળી દેવાની બહેન **રૂપાઈના** જિનાલયમાં **રત્ન** ધાતુ તથા પાષાણની લગભગ ૭૫ જિનપ્રતિમાઓની અંજનશલાકા કરી હતી, તેમા **શા૦ તેજપાલે** "પોતાના તરફથી ભ૦ પાર્શ્વનાથની પાંચ આંગળની પ્રતિમા ભરાવી, અમદાવાદ પાસે હેબતપુરના ભ૦ ચંદ્રપ્રભસ્વામીના જિનાલયમાં બેસાડી અને **શા૦ કલ્યાણજીએ** પોતાના તરફથી ભ૦ વિમલનાથની ૧૭ આંગળની પ્રતિમા ભરાવી, હેબતપુરના ભ૦ અભિનંદનસ્વામીના જિનાલયમાં સ્થાપિત કરી.

**સાધર્મિક ભક્તિ**

**શા૦ કલ્યાણે** સં૦ ૧૬૮૪ માં અમદાવાદમાં ચોમાસું કર્યું. તેમના ઉપદેશથી **ભણશાળી રૂપજીએ** અમદાવાદના બધા સાધર્મિક

ભાઈઓને થેપાડું (ધપેલી) પછેડી, દાંતનો ચરવલો, નવકારવાળી અને પૌષધના વેશની પ્રભાવના કરી. તેમજ બધી સાધર્મિક બહેનોને સાડલો, દાંત અગર છીપનો ચરવલો તથા નવકારવાળીની પ્રભાવના કરી, અમદાવાદમાં તેમજ અમદાવાદ બહારના કડુઆમતના સંઘોને ખરચાની રકમ મોકલી, સ્વામીવાત્સલ્ય જમાડયું.

શા૦ કલ્યાણજીએ સં૦ ૧૬૮૫માં ભણુશાલીના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે શંખેશ્વરતીર્થની યાત્રા કરી.

શા૦ કલ્યાણજી તે કડુઆમતના **છેલ્લા પ્રભાવક પટ્ટધર હતા.**

× × ×

## કડુઆમતનો પ્રભાવક ભણશાળી પરિવાર

અમદાવાદમાં **અખો ભણુશાલી** નામે શ્રેષ્ઠી હતો. તેને ૩ પુત્રો અને ૧ પુત્રી હતી. તે સૌને મોટો પરિવાર હતો. આ બધાયે કડુઆમતના ચુસ્ત અનુયાયીઓ હતા. તેમની વંશાવલી અને કાર્યોની વિગત આ પ્રકારે મળે છે.

૧. પહેલો પુત્ર સં૦ **ભ૦ દેવજી** (પત્ની દેવલદે)ના વંશમાં (૧) **ભ૦ રૂપજી**, (૨) **ભ૦ ખીમજી**, (૩) **ભ૦ કીકો**, થયા.

૨ બીજો પુત્ર **ભ૦ કકો**, તેનો પુત્ર વિજયરાજ.

૩ ત્રીજો પુત્ર **ભ૦ જીવરાજ**, પુત્ર ભ૦ સૂરજી (પત્ની સુજાણદે), તેના પુત્રો (૧) ભ૦ સમરસંઘ, ૨ ભ૦ અમરસંઘ અને ૩ **ભ૦ સં૦ પંચાયણ**,

૪. **પુત્રી રૂપાઇ.**–તે સોની પનીયાની પત્ની; તેની પુત્રીઓ–**ગજબાઈ, સોનબાઈ.**

**ભણુશાળી દેવજીએ** સં૦ ૧૬૬૩ના ફા૦ વ૦ ૧ ના રોજ ૮૫ આંગળની ભગવાન ઋષભદેવની પ્રતિમાવાળા જિનાલયની" શા૦ જિનદાસ પાસે" પ્રતિષ્ઠા કરાવી. અને ૧૫૦ જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી.

તેણે સં૦ ૧૬૭૨ના કા૦ વ૦ ૫ ના રોજ "શત્રુંજયનો છ'રી પાળતો યાત્રા સંઘ" કાઢયો, પાછા આવતાં ધોળકામાં જામી (નાણું)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા વસ્ત્રોની **લહાણી** કરી. તેણે સં૦ ૧૬૭૨ના ચોમાસામાં સંવરી શા૦ તેજપાલને ખંભાતથી અમદાવાદ લાવી ભ૦ શાંતિનાથના પરિકરની પ્રતિષ્ઠા કરાવી. અને સં૦ ૧૬૭૩ ના ચોમાસામાં અમદાવાદમાં શા૦ તેજપાલ પાસે શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર્યાં. સોનાનાં વેઢ (વીંટી)ની પ્રભાવના કરી.

તેણે સં૦ ૧૬૭૪ ચૈ૦ સુ૦ ૧૫ ના રોજ શંખેશ્વર, આબૂ, આરાસણા, ઈડર અને તારંગા તીર્થોનો **યાત્રાસંઘ** કાઢ્યો **ભણશાલી પંચાયણે** સં૦ ૧૬૭૫ ના કા૦ વ૦ ૧૩ ના રોજ અમદાવાદથી શત્રુંજય, **ઘોઘા** અને ખંભાતનો "છ'રી પાળતો યાત્રાસંઘ" કાઢ્યો, અને લહાણી વહેંચી.

**સં૦ દેવાએ** સં૦ ૧૬૭૫માં શત્રુંજયના સંઘમાંથી આવ્યા બાદ અમદાવાદના જૈનોમાં વિવિધ લહાણી કરી.

સં૦ દેવાનો બીજો ભાઈ ભણશાલી **કીકો** સંઘ આવ્યા પછી, સં૦ ૧૬૭૫માં મરણ પામ્યો. અને **ભ૦ દેવજી** સં૦ ૧૬૭૬માં અમદાવાદમાં સમાધિપૂર્વક મરણ પામ્યો.

બાદશાહ સલીમે (જહાંગીરે) સં૦ ભ૦ દેવાને હાથી આપ્યો અને તેના મોટા પુત્ર **ભ૦ રૂપજીને** પણ અજમેરમાં હાથી આપ્યો.

ભ૦ ખીમજી **બાદશાહ સલીમ** પાસે આગરામાં વધુ રહેતો.

**શ્રીમતી રૂપાઈએ** સં૦ ૧૬૮૩ ના જે૦ સુ૦ ૩ ના રોજ અમદાવાદ પાસે હેબતપુરમાં શા૦ તેજપાલ તથા શા૦ કલ્યાણ પાસે રત્નની ભ૦ સંભવનાથની તથા બીજી પાષાણની અને પિત્તલની બીજી જિનપ્રતિમાઓ મળીને કુલ ૭૫ જિનપ્રતિમાઓની અંજનશલાકા કરાવી, જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી.

**ભ૦ સમરસિંઘે** સં૦ ૧૭૮૩માં શંખેશ્વરનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો **ભ૦ રૂપજીએ** સં૦ ૧૬૮૪ ના ચોમાસામાં અમદાવાદમાં સાધર્મિક ભાઈઓને થેપાડું, પછેડી, દાંતનો ચરવળો, નવકારવાળી અને પૌષધ કરવાનાં વસ્ત્રો આપ્યાં તથા સાધર્મિક બહેનોને સાડલો, દાંતનો અગર છીપનો ચરવળો અને નવકારવાળી વહેંચ્યાં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમદાવાદ તથા અમદાવાદ બહાર ખર્ચની રકમ મોકલી, કડુઆમતના સંઘનું સ્વામીવાત્સલ્ય કર્યું.

સં૦ ૧૬૮૫માં શંખેશ્વરનો છ'રી પાળતો યાત્રા સંઘ કાઢી મોટો ઉત્સવ કર્યો.

ઉપર બતાવેલ ભણશાળી વંશમાં કે બીજા વંશમાં અમદાવાદમાં શ્રી......................ભણશાળી જૈન થયો છે. દિલ્હીના બા૦ ફરુખશે અર ( )નો માનીતો હતો, અને પ્રજા વત્સલ હતો આથી રાજ્યના અમલદારો ઉપર તેની મોટી ધાક હતી. અમલદારો પ્રજાને અન્યાય કરી શકતા નહીં.

મુસલમાનોએ પણ એક વાર મદનગોપાળની હવેલીને બાળવાનો નિર્ણય કર્યો હતો. પણ શા ભણશાળીએ તેઓને રોકી રાખ્યા હતા.

શા. ભણશાળી અને સુબા અનોપસિંહ ભંડારીનો પરિચય અમો પ્રક૦ ૫૭ "સૂરતના સંઘવીઓ" વિભાગમાં આપીશું.

**ગ્રંથો**

કડુઆમતના ૯ મા પટ્ટધર **સંવરી કલ્યાણજીએ** નીચે પ્રમાણે ગ્રંથો રચ્યા.

સં૦ ૧૬૭૭ના ફા૦ સુ૦ ૧૧ ના રોજ અમદાવાદ પાસેના હેબતપુરમાં "પ્રભુ પ્રણમું રે૦" ટૂંકવાળું ભ૦ અભિનંદનસ્વામીનું સ્તવન સં૦ ૧૬૮૪ના ચોમાસામાં અમદાવાદમાં "ધન્યવિલાસ ઢાળ : ૪૩," "યુગપ્રધાન પટ્ટાવલી,' તેની સંસ્કૃત ટીકા, જેનું બીજું નામ "વૃદ્ધગુરુ પટ્ટદીપિકા" હોવાનું જાણવા મળે છે, અને "યુગપ્રધાનવંદના" બનાવ્યાં.

**શા૦ કલ્યાણજીએ** ઉપર્યુક્ત "દીપિકા"માં કડુઆમતના પટ્ટધરોને યુગપ્રધાન તરીકે જ વર્ણવ્યા છે તેમણે સં૦ ૧૬૮૪માં અમદાવાદમાં "કડુઆમત–લઘુપટ્ટાવલી" અને સં૦ ૧૬૮૫ માં પોષ સુદિ ૧૫ પુષ્યનક્ષત્રમાં શંખેશ્વરતીર્થમાં "કડુઆમત–બૃહત્પટ્ટાવલી બનાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦. શા૦ ભલ્લુજી ૧૧. શા૦ ભાણુજી.

(બૃહત્, લઘુ પટ્ટાવલી; વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૧૨૧-૧૫૫)

(લઘુપટ્ટાવલી જૈન સાહિત્ય સંશોધક, ત્રૈમાસિક ખંડ : ૩ જો, સં૦ ૧૯૮૪, પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨ જો, પૃ૦ ૨૪૬-૪૭)

## ચોથો નાગોરી લોંકાગચ્છ

**ધર્મઘોષગચ્છ**—ચંદ્રકુલના **રાજગચ્છ** અને ધર્મઘોષગચ્છની પટ્ટાવલી ભ૦ મહાવીરસ્વામીથી મળતી નથી, પણ આ૦ નન્નસૂરિથી આ પ્રકારે મળે છે.—

૧. **આ૦ નન્નસૂરિ**, ૨. આ૦ અજિતયશોદેવ, ૩. આ૦ સહદેવ. ૪. **આ૦ પ્રદ્યુમ્નસૂરિ**, ૫. **તર્કપંચાનન આ૦ અભયદેવ**, ૬. આ૦ ધનેશ્વર, ૭. આ૦ અજિતદેવ, ૮. વર્ધમાનસૂરિ ૯ આ૦ શીલભદ્ર,

૧૦. **આ૦ ધર્મઘોષસૂરિ**—તેમનાથી '**ધર્મઘોષગચ્છ**' નામ પડ્યું.

૧૧. આ૦ રત્નસિંહસૂરિ, ૧૨. આ૦ દેવેન્દ્રસૂરિ, ૧૩. આ૦ રત્નપ્રભસૂરિ, ૧૪. આ૦ **આનંદપ્રભસૂરિ**, ૧૫. આ૦ અમરપ્રભસૂરિ ૧૬. આ૦ **જ્ઞાનચંદ્રસૂરિ**, ૧૭. આ૦ મુનિશેખરસૂરિ, ૧૮ આ૦ સાગરચંદ્રસૂરિ, ૧૯. આ૦ મલયચંદ્ર, ૨૦. **ભ૦ પદ્મશેખર**, ૨૧. ભ૦ પદ્માનંદ, ૨૨. આ૦ નંદિવર્ધન, ૨૩. ભ૦ નયચંદ્ર, ૨૪. **ભ૦ વિજયચંદ્ર**, અને **ભ૦ સાધુરત્ન થયા**, આ **ધર્મઘોષગચ્છ** ભટ્ટારક પરંપરામાંથી 'નાગોરી લોંકાગચ્છ' નીકળ્યો.

(—પ્રક૦ ૩૫, પૃ૦ ૧૬, ૩૯ થી ૪૪ સુધી)

ઇતિહાસના પરિશીલનથી ઉપર પ્રમાણે જાણવા મળે છે. પરંતુ નાગપુરી લોંકાગચ્છના ૭૪મા **શ્રીપૂજ ઋષિ રઘુનાથજીએ** સં૦ ૧૯૯૦ માં પતિયાળામાં અષાડ શુદિ ૧૫ ના દિવસે ભ૦ મહાવીર-સ્વામીથી પોતાના સુધીની "નાગપુરી લોંકાગચ્છની પટ્ટાવલી" આ પ્રમાણે બનાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નાગપુરીય લોંકાગચ્છની પટ્ટાવલી**
**નિર્ગન્થગચ્છ**

૧ થી ૨૭ આ૦ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સુધીના **આચાર્યો** (પ્રક૦ ૧ થી ૧૩, પ્રક૦ ૧૩મું પૃ૦ ૨૯૨ થી ૨૯૯) **ચંદ્રકુળ** ૨૮. **આ૦ ચંદ્રસૂરિ**, ૨૯. આ૦ સમંતભદ્રસૂરિ, વિદ્યાધર શાખાના ૩૦ આ૦ ધર્મઘોષસૂરિ, ૩૧. આ૦ જયદેવસૂરિ, ૩૨. આ૦ વિક્રમસૂરિ, ૩૩. આ૦ દેવાનંદસૂરિ, ૩૪. આ૦ વિદ્યાપ્રભસૂરિ, ૩૫. આ૦ નરસિંહસૂરિ, ૩૬. આ૦ સમુદ્રસૂરિ, ૩૭. આ૦ વિબુધપ્રભસૂરિ, ૩૮. આ૦ પરમાનંદસૂરિ, ૩૯. આ૦ જયાનંદસૂરિ, ૪૦. આ૦ રવિપ્રભસૂરિ, ૪૧. આ૦ ઉચિતસૂરિ, ૪૨. આ૦ પ્રૌઢસૂરિ. ૪૩. આ૦ વિમલચંદ્રસૂરિ.

**નોંધ-**

આ ૨૮ થી ૪૩ સુધીના પટ્ટધરોનાં નામ વાસ્તવમાં વનવાસી ગચ્છની પટ્ટાવલીમાંથી સાધારણ ફેરફાર સાથે લઈને અહીં ગોઠવ્યાં છે. (-જુઓ પ્રક૦ ૧૫ થી પ્રક૦ ૩૪)

**નાગ૦ ગચ્છ**

૪૪. **આ૦ નાગદત્તસૂરિ**-તેમનો પરિવાર **નાગોરી ગચ્છના નામથી** જાહેર થયો.

૪૫. **આ૦ ધર્મસૂરિ**, ૪૬. આ૦ રત્નસિંહસૂરિ ૪૭. આ૦ દેવેંદ્રસૂરિ, ૪૮. આ૦ રત્નપ્રભ, **આ૦ આણંદસૂરિ** ૪૯, આ૦ અમરપ્રભસૂરિ, ૫૦. **આ૦ જ્ઞાનચંદ્ર**, ૫૧. આ૦ મુનિશેખરસૂરિ, ૫૨. આ૦ સાગરચંદ્રસૂરિ ૫૩. **આ૦ મલયચંદ્ર**, ૫૪ **આ૦ વિજયચંદ્ર**

૪૫ થી ૫૪ સુધીના પટ્ટધરોનાં નામ વાસ્તવમાં **ધર્મઘોષ ગચ્છના** નં૦ ૧૦ થી નં. ૨૪ સુધીના પટ્ટધરો છે.

**નાગોરીગચ્છ** (જૂઓ પ્રક૦ ૩૫, ૩૯ થી ૪૪)

તે પછી **નાગોરી લોંકાગચ્છની પટ્ટાવલી** તથા **ઈતિહાસ** નીચે મુજબ મળે છે.

૫૫. **આ૦ યશવંતસૂરિ**, ૫૬, આ૦ કલ્યાણસૂરિ, ૫૭. આ૦ શિવચંદ્રસૂરિ, ૫૮. **મહાત્મા દેવચંદ્ર, માણેકચંદ્ર**-આ બંને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"શિથિલાચારી" બન્યા, અને "સુરાણાના વહીવંચા" બન્યા **મહાત્મા**–ચેરણુ કહેવાય.

આ પ્રમાણે ૫૮ પાટ સુધી **ધર્મઘોષ નાગોરી**–ગચ્છ નામ હતું.

**નાગોરી લોંકાગચ્છ**

૫૯. **આ૦ હીરાગરસૂરિ**– તે શ્રીમાલી હતા.

૬૦. **આ૦ રૂપચંદ્રસૂરિ**–તે નાગોરના શા૦ રયણુજી સુરાણા-ઓસવાલ અને તેની પત્ની **શિવાદેવીના** પુત્ર હતા.

નાગોરમાં સુરાણા ગોત્રના દેવદત્ત ઓશવાલને બે પત્નીઓ હતી. ૧. દેલ્હણ અને ૨ કર્માદેવી. **દેલ્હણાને ૧ રયણુ**, ૨ સાંડોજી, અને ૩ સોહિત, તથા **કર્માદેને** ૪ સહસ્રમલ નામે પુત્રો થયા. તે બધા ધર્મી હતા. તેઓએ શત્રુંજયનો છ'રી પાળતો તીર્થ **યાત્રા-સંઘ** કાઢયો, ને **સંઘપતિ** બન્યા. તે પૈકીના પહેલા પુત્ર શા૦ **રયણુંજી** અને તેની પત્ની શિવાદેને ૧ ભાડરાજ, ૨ હરચંદ, ૩ **રૂપચંદ**, ૪ કર્મચંદ્ર અને ૫ **પંચાયણ** એમ પાંચ પુત્રો થયા. બીજા ત્રણ ભાઈઓને પણ **પુત્રપરિવાર** હતો. સુરાણા કુટુંબમાં **મોટો પરિવાર** હતો.

જોધપુરના છઠ્ઠા રાજકુમાર **બીકાજી રાઠોડે** કાકા કાંધલની મદદથી સં૦ ૧૫૪૫માં "**બીકાનેર**" વસાવ્યું.

(–પ્રક૦ ૫૨, પૃ૦ ૫૩૪)

**રયણુંશાહે** બીકાનેરમાં **સુરાણાનો વાસ** વસાવ્યો, પણ તે અર્ધો વસ્યો. અને અધુરો રહ્યો તેમજ બીજા જૈનોએ બિકાનેરમાં જૂદા જૂદા **વાસો** વસાવ્યા હતા.

**વચ્છાવતોએ** તથા **પંચે** સં૦ ૧૫૬૨ માં મોટા ચોકમાં "જિન-પ્રાસાદ" બનાવ્યો અને મંડોવરથી સં૦ ૧૩૮૦ની જિનપ્રતિમા લાવી, તેની તે જિનપ્રાસાદમાં **પંચે** પ્રતિષ્ઠા કરાવી, પરંતુ તે મંદિર "વચ્છાવતોના વહીવટમાં" હતું. વચ્છાવતોએ સં૦ ૧૫૭૨માં કાર્તિકી પૂર્ણિમાના દિવસે પ્રભુની પહેલી પૂજા કરવા બાબત જોહુકમી ચલાવી પરિણામે તેઓને શા૦ રયણુજી સુરાણા સાથે ઝગડો થયો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રયણુંશાહે** "રાવ લૂણકરણ"ને પ્રસન્ન કરી, બીજી જમીન મેળવી, સં૦ ૧૫૭૮માં વિજયાદશમીના દિવસે **ભ૦ મહાવીરસ્વામીના** જિનપ્રાસાદ'નો પાયો નાખ્યો.

**અધ્યયન**

આ તરફ **રૂપચંદને** "જૈન સિદ્ધાંત" ભણવાનો પ્રેમ જાગ્યો. તે નાગોરમાં વધુ રહેતો હતો પણ સિદ્ધાંતો મળે ક્યાંથી? આથી તેણે "જાલોરના 'લહિયા લોકાશાહ' પાસે સમસ્ત જૈન સિદ્ધાન્ત લખાવ્યાં ત્યારે રૂપચંદજીએ તેને વચન આપ્યું કે આના બદલામાં હું યતિ બની, **ક્રિયોદ્ધાર** કરીશ, ત્યારે, મારા ગચ્છ સાથે તારું નામ જોડીશ." રૂપચંદ સુરાણાને મુનિદીક્ષાનો ભાવ હતો. **શ્રી શ્રીપાલ હીરાગર** તેનો મિત્ર બન્યો. **પંચાયણને** પણ દીક્ષાની ભાવના હતી.

**નાગોરી લોંકાગચ્છ**–હીરાગર, રૂપચંદ તથા પંચાયણે સં૦ ૧૫૮૦ના જે૦ સુ૦ ૧ના રોજ નાગોરમાં માતાપિતા અને પત્નીને છોડી, પોતે સ્વયં લોચ કરી, પાંચ મહાવ્રત સ્વીકારી, **વેશ પહેર્યો**. તેઓ દીક્ષા લઈ, ભ૦ ચંદ્રપ્રભના જિનાલયમાં જઈને ઊતર્યા. સ્થાનિક શાહુકારોએ આવીને હીરાગરે અને રૂપચંદને **આચાર્યપદ** આપ્યું. તેમનાથી **'નાગોરી લોંકાગચ્છ'** નીકળ્યો, રૂપચંદની પત્ની બાર વ્રતધારી શ્રાવિકા બની.

**મુનિજીવનચર્યા**

આ ત્રણે નવા મુનિવરોની **જીવનચર્યા** તે વખતે આ પ્રમાણે હતી.

વનમાં રહેવું, ત્રીજે પહોરે ગામમાં ગોચરીએ જવું, શુદ્ધ આહાર લેવો, છ જીવનિકાયની રક્ષા કરવી, પાંચ આચાર પાળવા, વનમાં કાયોત્સર્ગ કરવો, ઉનાળામાં આતાપના લેવી, શિયાળામાં ઠંડી સહન કરવી. ઉપશમમાં રહેવું, ઉપદેશ દેવો અને સમભાવમાં રહેવું વગેરે.

**સ્વગચ્છવૃદ્ધિ**

એ ત્રણેએ માળવા, વાગડ, મારવાડ, મેવાડમાં વિચરી પોતાના ગચ્છના શ્રાવકો" બનાવ્યા. **શેઠ રયણુજીએ** પણ સં૦ ૧૫૮૫માં નાગોરમાં આ૦ હીરાગરસૂરિજી પાસે "દીક્ષા" સ્વીકારી. તે દીક્ષા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાળી, ૫૦ દિવસનું અનશન કરી, નાગોરમાં સમાધિપૂર્વક કાળધર્મ પામી, વૈમાનિક દેવ થયો.

આ૦ હીરાગર અને આ૦ રૂપચંદે સં૦ ૧૫૮૬માં શેઠ શ્રીચંદ્ર લખપતિની કોઠીમાં ચોમાસુ કરી ચોમાસામાં ઉપકેશ ગચ્છના જૈનોને પોતાના બનાવ્યા.

**આ૦ હીરાગરે** ઉજ્જૈનમાં ૨૧ દિવસનું અનશન કરી 'સ્વર્ગગમન' કર્યું.

**આ૦ રૂપચંદે** ઉજજૈનથી "મહિમનગર" જઈ ઉપરાઉપરી ઘણાં માસક્ષમણ કર્યાં. કોચર, ભંડારી, વહોરા, વાઘેરા, ચોધરી, ચોપડા, નાહર, શાહ, વૈદ્ય, બાફણા લલવાણી, **વરદિયા** અને નાહટા, ઓશવાલોને "પોતાના ગચ્છના જૈન" બનાવ્યા. ૧,૮૦૦૦૦ ઘરોને **પોતાના જૈન** બનાવ્યા.

૬૦. **આ૦રૂપચંદજી—મહો૦ ધર્મસાગરજી ગણિવર લખે છે કે,** લોંકામતમાં અનુક્રમે ૧ **લોંકાશાહ** ૨ ભાણજી ૩ માદાજી, ૪ ભીમાજી, ૫ ભૂતાજી, ૬ જગમાલજી અને ૭ સં૦ ૧૫૮૦માં ઋ૦ રૂપાજી થયા. આ ઋષિ રૂપાજીથી 'નાગોરી લોંકાગચ્છ' નીકળ્યો.

(—પ્રક૦ ૫૩, પૃ૦ ××× તથા પ્રવચન પરીક્ષા, વિશ્રામ: ૮, ગા: ૧૫ની ટીકા)

**આ૦ રૂપચંદે** ૧૬૦૧માં **મહિમપુરમાં** સ્વર્ગવાસ કર્યો.

૬૧. **આ૦ દેપાગરસ્વામી**—તે કોરડાના શા૦ ખેતસી પરીખ અને તેની પત્ની ધનવતીના પુત્ર હતા. તેણે નાગોરમાં દીક્ષા લીધી. તેમના ઉપદેશથી સં૦ ૧૬૧૬માં ચિત્તોડનો તપગચ્છનો શ્રાવક **શા૦ ભારમલ કાવડિયો** તેમના ગચ્છમાં આવ્યો. પછી ચિત્તોડના **શા૦ ભામાશાહ** નાહટાએ ભારમલ કવડિયાને "દક્ષિણાવર્ત શંખ" આપ્યો. ભારમલ કવડિયાને **ભામાશાહ** તથા **તારાચંદ** વગેરે પુત્રો હતા.

**સાદડીમાં લોંકા**

આ ભારમલ અને **તારાચંદ કવડિયા** વગેરે નાગોરીગચ્છના **પ્રભાવક શ્રાવકો** હતા. **તારાચંદ** કવડિયા ચિત્તોડના રાણા—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોલવાડનો હકિમ બન્યો અને તેણે "સાદડી નગર" વસાવ્યું, તેમાં **પોષાળ** બનાવી, અને ગામે ગામ ઘણા ઓશવાલોને ધન આપી પોતાના ગચ્છમાં લીધા.[1]

શિવગંજના હનુમાનવાસમાં શેઠ અનરાજજી કાવડિયા વગેરે તપગચ્છના જૈનો છે.

(–આજે ગોલવાડમાં લગભગ સવાસો ઘર લોંકાગચ્છના હોવાનું મનાય છે)

ભામા કવડિયાએ સીંગપુરના "દિગંબરી જૈનો"ને નાગોરી લોંકાગચ્છના શ્રાવક બનાવ્યા. તેમાનાં ૧૭૦૦ ઘરોને **પોતાના ગચ્છમાં** લીધા. "ભીંડરક"માં ૧,૮૪,૦૦૦ ઘરોને નાગોરી લોંકાગચ્છના જૈન બનાવ્યા.

## પ્રવર્તિની

આ સમયે લુધિયાનામાં **શેઠ શ્રીચંદ** નામે ૮૪ લાખનો માલિક ધનપતિ હતો. તેનો ભાઈ મરીને દેવ થયો હતો. તે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામી પાસે ગયો, તેણે ત્યાં તેમના મુખથી આ૦ દેપાગર"ની ઘણી **પ્રશંસા** સાંભળી જે પોતાના ભાઈને જણાવ્યું. **શેઠશ્રીચંદે** આ૦ દેપાગરને પોતાના ગુરુ બનાવ્યા. તેની **પુત્રી ધર્મકુમારીએ** આ૦ દેપાગર પાસે પોતાના ૩ ધર્મબહેનો સાથે **દીક્ષા** લીધી, અને તે **પ્રવર્તિની** બની. તેણે માત્ર ૧૨ કોશ પ્રમાણ ક્ષેત્રમાં વિહાર કર્યો હતો.

આ૦ દેપાગરે ૨૭ વર્ષ સુધી આચાર્યપદે રહી, ૨૧ દિવસનું અનશન કરી, મેડતામાં કાલ કર્યો તેમણે નાગોરી–લોંકાગચ્છનો મોટો **ઉદ્યોત** કર્યો.

૬૨ **આ૦ વૈરાગરસ્વામી**–તે નાગોરના શા૦ ભલ્લરાજ શ્રીમાલી અને તેની પત્ની રત્નવતીના પુત્ર હતા. તેણે ૧૯ વર્ષો સુધી ગચ્છનાયકપદે રહીને, ૧૧ દિવસનું અનશન કરી, મેડતામાં કાળ કર્યો.

---

૧. વીરભામાશાહ માટે જૂઓ (ઈતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૩૬)

જૈન સાઈટ JAINSITE.com જૈન જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૩. **આ૦ વસ્તુપાલસ્વામી**–તે નાગોરના શા૦ મહારાજ કડવાણી અને તેની પત્ની હર્ષાદેવીના પુત્ર હતા. તેણે નાગોરમાં દીક્ષા લીધી. ૭ વર્ષ ગચ્છનાયકપદે રહી, ૨૭ દિવસનું અનશન કરી, મેડતામાં સ્વર્ગગમન કર્યું.

૬૪. **આ૦ કલ્યાણસૂરિ**–તે રાજલદેસરના શા૦ શિવદાસ સુરાણા અને તેની પત્ની કુસમાદેવીના પુત્ર હતા. તેણે બિકાનેરમાં દીક્ષા લીધી, નાગોરમાં આચાર્યપદ સ્વીકાર્યું. ૨૪ વર્ષ ગચ્છનાયકપદે રહી ૮ દિવસનું અનશન કરી, **લાહોરમાં** સ્વર્ગવાસ કર્યો. તે બહુ પ્રતાપી હતા. તેમણે સોએકને **દીક્ષા** આપી. અને ગચ્છની વૃદ્ધિ કરી.

૬૫. **આ૦ ભૈરવસ્વામી**–તે નાગોરના સૂરવંશના શા૦ તેજશી અને તેની પત્ની લક્ષ્મીદેવીના પુત્ર હતા. તેમનાં જન્મ, દીક્ષા અને આચાર્યપદ નાગોરમાં થયાં. તેમણે ૧૨ વર્ષ સુધી ગચ્છનાયકપદે રહી, ૮ દિવસનું અનશન કરી, શુદ્ધ સંયમ પાળી, સોજતમાં સ્વર્ગગમન કર્યું. તેમને **ભૈરવ યક્ષ પ્રસન્ન** હતા. તેમના આશીર્વાદથી નાગોરના ગહિલડા ગોત્રના **શા૦ હીરાચંદ** વગેરે પૂર્વદેશમાં જઈ ધનવાન બન્યા. શેઠ હીરાચંદ ગહિલડાના વંશમાં **જગતશેઠ** થયા. શેઠ હીરાચંદે બાદશાહ ફરુખશિયરને ઘણું ધન આપ્યું તે વાત ઇતિહાસ પ્રસિદ્ધ છે. (–જૂઓ પ્રક૦ ૪૪ પૃ૦ ૧૦૭, પ્રક૦ ૫૮–૫૯,)

૬૬. **આ૦ નેમિદાસ**–તે બિકાનેરના સૂરવંશના શા૦ રાયચંદ અને તેની પત્ની રાજનાદેવીના પુત્ર હતા. તેણે બિકાનેરમાં દીક્ષા લીધી. નાગોરમાં સૂરિપદ સ્વીકાર્યું અને ૧૭ વર્ષ ગચ્છનાયકપદે રહી ૭ દિવસનું અનશન કરી ઉદયપુરમાં કાળ કર્યો

૬૭ **આ૦ આસકરણ**–તે મેડતાના સૂરવંશીય શા૦ લધુમલ અને તેની પત્ની તારાજીના પુત્ર હતા. તેમણે નાગોરમાં દીક્ષા લીધી આચાર્યપદ સ્વીકાર્યું અને ૧૮ વર્ષ ગચ્છનાયકપદે રહી, ૯ દિવસનું અનશન કરી સં૦ ૧૭૨૪માં નાગોરમાં કાળ કર્યો

૬૮. **આ૦ વર્ધમાન**–તે જાખાક્ષરના શા૦ સુરમલ વેદ અને તેની પત્ની લાડમદેના પુત્ર હતા. તેમણે નાગોરમાં દીક્ષા લીધી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૭૨૫ના મ૦ સુ૦ ૫ ના રોજ નાગોરમાં ગચ્છનાયકપદ સ્વીકાર્યું- તે સં૦ ૧૭૩૦ ના વૈ૦ સુ૦ ૧૦ ના દિવસે બિકાનેર આવતાં તેના ભક્તોએ મોટો ઉત્સવ કર્યો. શ્રીફળની **પ્રભાવના** કરી આ આચાર્યે ૮ વર્ષ ગચ્છનાયકપદે રહી, ૭ દિવસનું અનશન કરી સં૦ ૧૭૩૩માં બિકાનેરમાં કાળ કર્યો.

૬૯. **આ૦ સદારંગસૂરિ**-તે નાગોરના સૂરવંશના શા. ભાગચંદના પાંચમા પુત્ર હતા. તે શિશુવયમાં જ ઉપાશ્રયમાં સ્થવિર મુનિના આસન પર બેસી ગયા, અને બોલ્યા, 'મારે યતિ થવું છે' તેણે ૯ વર્ષની ઉંમરે ૬૭મા **આ૦ આસકરણના** હાથે નાગોરમાં દીક્ષા લીધી. તેણે ૧૫ વર્ષની ઉંમરે જાવજ્જીવ **છઠ્ઠનું તપ** કરવાની પ્રતિજ્ઞા લીધી. ૭ વિગઈનો ત્યાગ કર્યો. તે **મહાતપસ્વી** તરીકે ખ્યાતિ પામ્યા. તેમને આ૦ આસકરણની આજ્ઞાથી **આ૦ વર્ધમાને** પોતાની પાટે ૬૯મા "ગચ્છનાયક" બનાવ્યા, હાંસારકોટના બ્રહ્મેચા **કવાડ ગોત્રના** શા૦ **શાંતિભદ્ર** ઉત્તમચંદે નાગોર આવી, ગુરુને વંદન કરી, ચાર હજાર રૂપિયા ખરચીને નાગોરમાં **સ્વામીવાત્સલ્ય** કર્યું.

ઘણા બાદશાહો અને રાજાઓ તેમના ભક્ત હતા. તે પૈકી બિકાનેર નરેશ, **અનુપસિંહ** અને યુવરાજ સુજાણસિંહ વગેરે મુખ્ય હતા.

**અમારિ**

તેમણે સં૦ ૧૭૬૦માં લાહોરમાં અને સં૦ ૧૭૬૧માં દિલ્હીમાં ચોમાસાં કર્યાં. ત્યાં **મહામાત્ય શીતલદાસ** વગેરેને ઉપદેશ આપી, દયાધર્મનો ઉદ્દ્યોત કર્યો. આગરામાં **બાદશાહના સાળા મહાખાને** તેમના ઉપદેશથી પોતાના રાજ્યમાં અમારિ પળાવી, તે સં૦ ૧૭૬૬માં બિકાનેર આવ્યા. (-ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૦૭)

**ગચ્છસંઘર્ષ**

પણ બિકાનેરમાં એક વિચિત્ર મર્યાદા હતી, **ઋષિ રઘુનાથજી** લખે છે કે, બિકાનેરમાં ૨૭ મહોલ્લા વસેલા હતા તે પૈકીના ૧૩ મહોલ્લાઓ ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ તરફના હતા, અને ૧૪ મહોલ્લાઓ ભ૦ મહાવીરસ્વામીના જિનાલય તરફના હતા. ત્યાં સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૬૪૦ સુધીમાં કોઈ ઝગડો ન હતો, પણ **મંત્રી કર્મચંદે** રાજા રાયસિંહના રાજકાળમાં ૧૩ મહોલ્લાઓમાં " માત્ર ખરતરગચ્છના ભટ્ટારકો માટે જ વાજાં વગડાય, બીજાઓ માટે વગાડી ન શકાય." એવી મર્યાદા બાંધી[1] અને ઠાકરશી વેદે રાજા સૂરસિંહના રાજકાળમાં ૧૪ મહોલ્લાઓમાં " માત્ર કવલાંગચ્છના ભટ્ટારકો માટે જ વાજાં વગડાય, બીજાઓ માટે વગાડી ન શકાય." એવી મર્યાદા બાંધી. તપાગચ્છ, લોંકાગચ્છ વગેરેના આચાર્યો બિકાનેરમાં આવે ત્યારે ૨૭ મહોલ્લાઓમાં વાજાં વગાડી શકાતાં નહીં. તેમનો નગરપ્રવેશોત્સવ વાજાં વિનાજ થતો, કોઈ આ મર્યાદા તોડે તો મોટો કલેશ ઊભો થતો.

નાગોરી લોંકાગચ્છના જૈનોએ જ્યારે આ૦ સદારંગસૂરિ સં૦ ૧૭૬૬માં બિકાનેર આવ્યા ત્યારે બિકાનેર નરેશની આજ્ઞા મેળવી આ મર્યાદા તોડી, પોતાના ભટ્ટારકનો નગરપ્રવેશ કરાવ્યો.

( વિશેષ માટે જૂઓ પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮૪ )

**આ૦ સદારંગસૂરિએ** વર્ષો સુધી ગચ્છનાયકપદે રહી, ૧૦ દિવસનું અનશન કરી, ઋષિ ઉદયસિંહની સમ્મતિથી **ઋષિ૦જગજીવનને** પોતાના ગચ્છનાયકપદે બેસાડવાનો **પટ્ટો** લખી આપી, સં૦ ૧૭૭૨માં બિકાનેરમાં સ્વર્ગગમન કર્યું, તેમને ૨૪ શિષ્યો હતા, તે મોટા વિદ્વાન, તપસ્વી, **પ્રભાવક** અને લબ્ધિપાત્ર હતા. તે પૈકી **ઋ૦ જ્ઞાનજીને** દુષ્ટ ડાકણ વળગી હતી અને **ઋ૦ દુર્ગાદાસ** કોઈના હાથે મરણ પામ્યા હતા.

૭૦ **આ૦ જગજીવનદાસ**—તે પઢિહારાના **શા૦ વીરપાલ ચોરવેટિક** અને તેની પત્ની રતનના પુત્ર હતા. તેમણે મેડતામાં દીક્ષા, અને નાગોરમાં ગચ્છનાયકપદ સ્વીકાર્યું, તે **ઋ૦ઉદયસિંહના** શિષ્ય હતા.

---

૧. શ્રીયુત અગરચંદજી નાહટાના युगप्रधान जिनचंद्रसूरि નામક પુસ્તકના પૃ૦ ૨૮૪માં આ જ આશયનો સં૦ ૧૬૬૪ના માગશર વદિ ૯ નો પરવાનો છપાયો છે. જે રાજા સૂરસિંહજીના કુમાર ગજસિંહનો વાજાં વિશેનો પરવાનો છે.

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

**ગચ્છભેદ**

એક તરફ ગચ્છનાયક બન્યા, અને બીજી તરફ ભંડારી તથા ઘોડાવતોએ ગુરૂ **ઋષિ૦ ઉદયસિંહને** પણ ગચ્છનાયક બનાવ્યા આ રીતે **ગચ્છભેદ** થયો.[૧]

**ચમત્કારો**

ભ૦ **જગજીવનદાસજી** ભટનેર, સરસાવા, હિંસારકોટ, **બુલઢાણા**, ટોહણા, **સુનામ**, **સમાના**, **રોપડ**, બજવાડા, રાહુ, **જલંધર**, **ગુજરાત** અને **રાવલપીંડી** થઈ **લાહોર** પધાર્યા. ત્યાં તેમણે મૂર્છા પામેલા એક મોગલ મુસલમાનને સાજો કર્યો આથી તેમનો મહિમા વધ્યો. તેમણે **શા૦ સમરથમલનું વહાણ તાર્યું**, એક બુઢ્ઢી શ્રાવિકાનો ગલત કોઢ મટાડયો, એમ **ચમત્કારો** બતાવ્યા.

૧. એક હસ્તલિખિત પાનામાં એક **પટ્ટાવલી** આ પ્રકારે મળે છે–
**અથ શ્રી નાગોરીગચ્છાધિપતિનામ** લિખ્યતે–૧ આચાર્યશ્રી શ્રી હીરાગરજી, ૨ (૬૦) **આચાર્યશ્રી શ્રી રૂપચંદજી**, ૩ તત્પાટ પ્રભાકર આચાર્યશ્રી શ્રી દેપાગરજી, ૪ આચાર્યશ્રી શ્રી વયરાગરજી, ૫ આચાર્યશ્રી શ્રી વસંતપાલજી, ૬ આચાર્યશ્રી શ્રી કલ્યાણજી, ૭ આચાર્યશ્રી શ્રી ભયરદાનજી, ૮ આચાર્યશ્રી શ્રી નેમિદાસજી, ૯ આચાર્યશ્રી શ્રી આસકરણજી, ૧૦ આચાર્યશ્રી શ્રી વર્ધમાનજી, ૧૧ **આચાર્યશ્રી શ્રી (૬૯) સદારંગજી** ચિરં જીવ્યાત્ વર્ષ કોટિ પર્યંત ॥ શ્રીરસ્તુ ॥ ૧૨ આચાર્યશ્રી શ્રી **ઉદેસીંઘજી**. ૧૩ **શ્રી રામસંઘજી**.

વિવિધ ગ્રંથ પ્રશસ્તિઓ તથા પુષ્પિકાઓના આધારે અહિપુરગચ્છ (નાગોરીગચ્છ)ની **યતિપરંપરા** આ પ્રકારે મળે છે.–

अ ૧. પૂજ્ય હેમરાજજી, ૨ ઋષિ બખ્તાજી, ૩ ઋષિ વસ્તાજી,

૪ ઋષિ સાંવલજી–તેમણે સં૦ ૧૮૧૩ ના ચૈત્ર શુદિ ૧ ના રોજ અકબરાબાદમાં ( આગરામાં ) "**દશવૈકાલિકસૂત્ર** અ૦ ૪, પાનાં ૯" લખ્યાં.

आ ૧ **પૂજ્ય ભોજરાજજી**, ૨ ઋષિ શાંતિદાસજી, ૩ ઋ૦ **રાઘવજી** તેમણે સં૦ ૧૮૦૪ ના આ૦ શુ૦ ૧ ગુરુવારે સાબતિગંજમાં લોહિયામંડીમાં મનોહરદાસે કરેલ ધર્મપરીક્ષા પાનાં: ૮૨ લખી. તેમને (૧) ઋ૦ શ્રીપતિ, (૨) ઋ૦ કિસનાજી, અને (૩) ઋ૦ ભવાનીદાસજી નામે શિષ્યો હતા.

इ ૧. ઋષિ હરદત્તજીના શિષ્ય **ઋ૦ વનેચંદજીએ** **વિદગ્ધમુખમંડન** નામક ગ્રંથ લખ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સં૦ ૧૮૮૪માં બિકાનેર પધાર્યા. તેમણે અહીં બે ચોમાસાં કર્યાં. પછી માળવા જઈ આવી, બિકાનેરમાં ચાર ચોમાસાં કર્યાં.

તેમણે ૪૪ વર્ષ સુધી ગચ્છનાયકપદે રહી, પાંચ દિવસનું અનશન કરી, ચૈત્રાદિ સં૦ ૧૮૧૬ના આસો વ૦ ૭ ની સવારે બિકાનેરમાં સ્વર્ગગમન કર્યું. તેમને ૮ શિષ્યોનો પરિવાર હતો.

૭૧. **આ૦ ભોજરાજ**—તે રહાસરના શા૦ જીવરાજ **બોહિત્થ** અને તેની પત્ની કુશલાના પુત્ર હતા. તેમણે ફત્તેહપુરમાં **દીક્ષા લીધી** અને ચૈત્રાદિ સં૦ ૧૮૧૬ ના ફાગણમાં નાગોરમાં **ગચ્છનાયકપદ** સ્વીકાર્યું.

તેમણે ૬ વર્ષ ગચ્છનાયકપદે રહી, માળવામાં ૫૦ યતિઓ સાથે વિહાર કરી, મેડતામાં ૩ દિવસનું અનશન કરી, કાળ કર્યો.

**આ૦ હર્ષચંદ્રસૂરિ**—તે કરણુગામના શા૦ ભોપતન **નવલખા** અને તેમની પત્ની ભક્તાદેના પુત્ર હતા. તેમણે સોજતમાં દીક્ષા **લીધી** અને સં૦ ૧૮૨૩ના વૈ૦ શુ૦ ૬ ના રોજ નાગોરમાં ગચ્છનાયકપદ સ્વીકાર્યું.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

તેમણે ૧૯ વર્ષ ગચ્છનાયકપદે રહી, ૩ દિવસનું અનશન કરી. સવાલખના જયપુરમાં કાલ કર્યો, તે **મોટા પંડિત** હતા.

તેમનો જીવન વિસ્તાર ઋષિ રઘુનાથજીની પધપટ્ટાવલી”થી જાણવો.

૭૩. **શ્રીપૂજ લક્ષ્મીચંદજી**—તે નવહર ગામના શા૦ જીવરાજ કોઠારી અને તેની પત્ની જીવરંગદેના પુત્ર હતા. તેમણે સં૦ ૧૮૪૨ના અષાડ વદિ ૨ ના રોજ નાગોરમાં દીક્ષા સ્વીકારી, **પોતાના હાથે જ ગચ્છનાયકપદ લીધું.** તેમણે નાગોરમાં બે ચોમાસાં કર્યાં અને વ્યાખ્યાન આપી લોકોને ધર્મ માર્ગે ચડાવ્યા.

તે નાગોરથી વિહાર કરી જોજાવરનગર, બિકાનેર, સુનામ, પતિયાલા, અંબાલા, રોપડ, હુશિયારપુર, જેજો, જગરૂપ, કૃષ્ણપુર, ધનવાલું, ચુરૂ, દિલ્હી લખનૌ, કાશી, પટના, મકસુદાબાદ, ભરતપુર, કોટ માળવા, નાગોર, જાલોર, જેસલમેર, ફલોધિ, ઝજ્ઝુરી અને બિકાનેર વગેરે સ્થળોમાં ફર્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે **પાલખીમાં** બેસતા. તેમની સાથે ઘણા યતિઓ રહેતા. બિકાનેરના **રાજા રત્નસિંહે** તેમનો ઠાઠમાઠથી નગરપ્રવેશ કરાવ્યો ત્યાં તે ત્રણ વર્ષ સુધી રહ્યા. પછી સુનામના સંઘની વિનતિથી નવહર, રાજપુર, રોઢા, બુલઢાણા થઈ **સુનામ** પધાર્યા, ત્યારે તેમની સાથે ૭૧મા **આચાર્ય ભોજરાજના** શિષ્ય ઋ૦ લઘુરાજના શિષ્ય **પં૦ રાજસિંહ** તથા તેમના શિષ્ય **ઋ૦ રઘુનાથ** વગેરે ૨૪ **યતિઓ** હતા. તેમણે ત્યાંથી સમાના, સઢૌર, અંબાલા, બનૂડ, રોપડ, નાલાગઢ લુધિયાના વગેરે સ્થળોમાં ફરીને સં૦ ૧૮૯૦માં **પતિયાલામાં** ચોમાસુ કર્યું.

૭૪. **ઋષિ રઘુનાથજી**—તે ૭૧મા આ૦ ભોજરાજના શિષ્ય ઋ૦ લઘુરાજ અને તેમના વિદ્વાન્ શિષ્ય પં૦ રાજસિંહના શિષ્ય હતા.

તેમણે "નાગપુરીય લોંકાગચ્છ પદ્ય પટ્ટાવલી તથા સં૦ ૧૯૮૯ના અષાડ સુદિ. ૨ ના દિવસે નાગપુરીય લોંકાગચ્છની ગદ્ય પટ્ટાવલી ગદ્ય પ્રબંધ બનાવ્યો. (–વિવિધ ગચ્છ પટ્ટાવલી સંગ્રહ પૃ૦ ૭૭ થી ૯૬)

जैन साहित्य JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**પાંચમો પાયચંદમત**

**સૂચના**—અમે પહેલાં ( પ્રક૦ ૪૧ પૃ૦ ૫૯૧ થી ૫૯૫ માં ) વડગચ્છના ૪૧ મા **આ૦ વાદિદેવસૂરિથી** ૫૪મા **ભ૦ સોમરત્નસૂરિ** સુધીની **વાદિદેવસૂરિપરંપરા નાગોરી શાખા** આપી છે. એમ તેનું નામ **નાગોરી વડગચ્છ. નાગોરી તપાગચ્છ** બતાવ્યું છે તે **પટ્ટાવલિમાં** જણાવ્યું છે કે—

૫૫ મા **આ૦ જયશેખરસૂરિએ** સં૦ ૧૫૦૧ માં તપગચ્છના **આ૦ જગત્ચંદ્રસૂરિની** નિશ્રામાં **ક્રિયોદ્ધાર** કર્યો તે સમયથી નાગોરી શાખા, **નાગોરી તપાગચ્છ** તરીકે પ્રસિદ્ધ થઇ (પૃ૦ ૫૯૨)

સાથે સાથ એ પણ બતાવ્યું છે કે—૫૦મા **આ૦ હેમહંસસૂરિની** શિષ્ય પરંપરામાં (૫૧મા) પં૦ લક્ષ્મીનિવાસ, (૫૨ મા) પં૦ પુણ્યરત્ન અને (૫૩મા) **પં૦ સાધુરત્ન** થયા. તેમના શિષ્ય **યતિ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પાર્શ્વચંદ્ર** હતા. ૫૫મા ભ૦ સોમરત્નસૂરિએ યતિ પાર્શ્વચંદ્રને **ઉપાધ્યાય પદ** આપ્યું.

**ઉપા૦ પાર્શ્વચંદ્રથી** સં૦ ૧૫૭૨માં **પાયચંદમત** નીકળ્યો છે. અને પાર્શ્વચંદ્રના શિષ્ય–**વિનયદેવથી** સં૦ ૧૬૦૨ વૈ૦ સુ૦ ૭ સોમવારથી **સુધર્મગચ્છ** શરૂ થયો. (–પ્ર૦ ૪૧ પૃ૦ ૫૯૩, ૯૪, ૯૫)

તેમાં **વિશેષ** આ પ્રમાણે જાણવું. (૧) **ભ૦ પાર્શ્વચંદ્રસૂરિએ** ૧૧ બોલની નવી પ્રરૂપણા કરી, નવોમત ચલાવ્યો હતો. **મહો૦ ધર્મસાગરજી ગણિએ** "પ્રવચન પરીક્ષામાં" આનો ખુલાસો કર્યો છે. (૨) **વાડીલાલ મોહનલાલ** શાહ સ્થાનકવાસી જૈન ગંભીર સંશોધન કરી, જાહેર કરે છે કે "**લોંકાશાહ** સામાયિક પૌષધ, પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન, દાન, વગેરે ધર્મોને માનતા ન હતા. તેનાથી **લોંકામત** નીકળ્યો, લોંકાશાહના અનુયાયીઓએ (૧) જિન પ્રતિમા જિનાલયની નિંદા કરવી નહીં (૨) હંમેશાં જિનાલય જિન પ્રતિમાનાં દર્શન કરવાં અને (૩) પૂર્વાચાર્યોના અવર્ણવાદ બોલવા નહી. વગેરે **શરતો** સ્વીકારી, આ૦ પાર્શ્વચન્દ્રસૂરિ પાસે સૂત્રોના ગુજરાતી **ટબ્બા** (અનુવાદ) તૈયાર કરાવ્યા. પરંતુ લોંકાશાહના અનુયાયિઓએ એ શરતોનો ભંગ કર્યો, આથી આ૦ પાર્શ્વચન્દ્રસૂરિએ ત્યારબાદ બીજા ટબ્બા બનાવ્યા નથી."

(–મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો પૃ૦ ૩૫૯)

(૩) કડુઆમતના ૨૮મા ગાદીધર **શા૦ કલ્યાણજી** કડુઆમતની પટ્ટાવલીમાં" લખે છે કે. ત્રીજા શા૦ **રાઘવજી** તથા **શા૦ વીરજીના** સમયે સં૦ ૧૫૭૨માં તપામતમાંથી **પાયચંદ મત** નીકળ્યો. પાયચંદજીએ લોકોને ઠગવા મેલો વેષ પહેર્યો કડક ક્રિયા કરવા માંડી અને વિરમગામ વિગેરેના કડુઆમતના શ્રાવકોને પોતાના ભક્ત બનાવ્યા. સંવરી **બ્રહ્મચંદ** તેમનો શિષ્ય બન્યો.

(–વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ પૃ૦ ૧૨૧ થી ૧૫૫)

પ્રક૦ ૫૩, પૃ૦ ૬૩૬)

( )

અમે પહેલાં પ્રક૦ ૪૧ પૃ૦ ૫૯૫–૫૯૬માં **પાયચંદ મતની**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

“૫૪મા આ૦ પાર્શ્વચંદ્રસૂરિ સુધીની” **ટૂંકી પટ્ટાવલી** આપી છે. તેમાં વિશેષ આ પ્રમાણે છે.

૫૫ **આ૦ સમરસિંહસૂરિ**– તેમણે ધર્મ, અધર્મ મિશ્ર, હેય, જ્ઞેય, ઉપાદેય, વિધિચરિતાનુવાદ, નિશ્ચય, અને **વ્યવહાર** એમ પાયચંદમતની પ્રરૂપણાના “૧૧ બોલની સજ્ઝાય ગા૦ ૧૧” બનાવી.

૫૬ **આ૦ રાજચંદ્રસૂરિ**

૫૭ **આ૦ વિમલચંદ્રસૂરિ**

૫૮ **આ૦ જયચંદસૂરિ**

તપાગચ્છના ૬૦ મા **ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિ** અને **આ૦ વિજય સિંહસૂરિવરો** વિ૦ સં૦ ૧૬૮૭ થી ૧૬૯૪ સુધી દક્ષિણમાં અને ખાનદેશમાં વિચર્યા હતા. વિજાપુર, બુરહાનપુર, ઔરંગાબાદ, વગેરેમાં ચોમાસું રહ્યા હતા, **તેઓના** ઉપદેશથી ત્યાં નવું જિનાલય નવી જિન પ્રતિમાઓ, પદવીપ્રદાનો બન્યાં.

ત્યારબાદ તેઓએ સં૦ ૧૬૯૫માં માંડવગઢમાં ચોમાસું કર્યું ત્યાં તેઓના ઉપદેશથી નવાં જિનાલય, જિનપ્રતિમાઓ વગેરે બન્યાં. તેઓ ત્યાં જ સં૦ ૧૬૯૫–૯૬ માં તેની અંજનશલાકા કરાવી, ચોમાસા બાદ ખાસ કારણે ત્યાંથી જલ્દી વિહાર કરી ગયા, પછી તે જિન પ્રતિમાઓની જુદા જુદા ગચ્છના આચાર્યોના હાથે સં૦ ૧૬૯૬માં ગાદી પ્રતિષ્ઠા થઈ હતી. તે પૈકીના ૫૮મા આ૦ **જયચંદસૂરિવરે** અથવા તપગચ્છના ગીતાર્થે માંડવગઢની કર્ણવાડીમાં ૧૬૯૬ના મહા૦ વદિ ૧ ને રોજ કોઈ કોઈ જિનપ્રતિમાની ગાદી પ્રતિષ્ઠા કરી હતી. તેમજ ભ૦ વિજયદેવસૂરિના **ગીતાર્થોએ** સં૦ ૧૬૯૬ના વૈ૦ સુ૦ ૫ને રોજ માંડવગઢમાં તથા પાલીતાણામાં જિનપ્રતિમાની ગાદી પ્રતિષ્ઠા કરી હતી. (–પ્રક૦ ૬૦, પૃ૦ ૨૫)

૫૮મા **આ૦ જયચંદસૂરિએ** સં. ૧૬૯૬ મહા વદિ ૧ને રોજ માંડવગઢમાં ઉપર સૂચવેલ ભ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી તૈયાર થયેલ જિનપ્રતિમાઓ પૈકીની કોઈ કોઈ જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. તેના **પ્રતિમા લેખો** આ પ્રમાણે મળે છે–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ભ૦ ચન્દ્રપ્રભુપ્રતિમા લેખ-

तपापक्षे भट्टारक श्री विजयदेवसूरिश्री विजयसिंहसूरि प्रतिष्ठितम् सं. १६९६ वर्षे माघ मासे कृष्णपक्षे प्रतिपत् (१) कर्मवाटयांश्रीमंडपदुर्गे श्रीमन्नागपूरीयतपागच्छे श्रीपासचंदगुरुभ्यो नमः। श्रीजयचंदसूरिविजये ॥ साह खेता खेता + + + बिम्बं प्रतिष्ठापितं श्रीमालीगोत्रे

**નોંધ :** બુરહાનપુરના જિનાલયમાં ભગવાન **ચન્દ્રપ્રભુ**ની ૨॥ ફૂટ ઊંચી સફેદ રંગની **જિન પ્રતિમા** છે. તેની ગાદીમાં ઉપર પ્રમાણે લેખ છે.

(૨) ગોડી પાર્શ્વનાથપ્રતિમા લેખ

બુરહાનપુરનાં ગોડીજીના જિનાલયમાં **ગોડીજી પાર્શ્વનાથ**ની સફેદ **જિન પ્રતિમા** છે. તેની ગાદીમાં પણ ઉપર પ્રમાણે પ્રતિમા લેખ છે. માત્ર પ્રભુના નામનો ફરક છે.

(૪) બુરહાનપુરમાં ગોડીજીના જિનાલયમાં બીજી પણ એક પ્રતિમા છે. તેની ગાદી ઉપર ઉપર પ્રમાણે **પ્રતિમા લેખ** છે.

जैन साईट JAINSITE जयति शासनम्

**છઠ્ઠો બ્રહ્મર્ષિ મત (સુધર્મ ગચ્છ)**

**સૂચના :** અમે પહેલાં (પ્રક૦ ૪૧, પૃ૦ ૪૯૫ માં) જણાવ્યું છે કે–'પાયચંદ ગચ્છના **વિનયદેવથી** સં૦ ૧૬૦૨ વૈ૦ સુ૦ ૩ સોમવારથી **સુધર્મગચ્છ** શરૂ થયો.

પાર્શ્વચંદ્રસૂરિને (૧) **બ્રહ્મર્ષિ** અને (૨) **વિનયદેવ** વગેરે ઘણા શિષ્યો હતા.

**બ્રહ્મઋષિ**–તે અસલમાં કડવા મતનો **સંવરી શ્રાવક** હતો. **રજપૂત** હતો, વિદ્વાન્ હતો, આ૦ પાર્શ્વચંદ્રસૂરિનો **મુખ્ય શિષ્ય** બન્યો હતો. તેનું બીજું નામ **વિનયદેવ** પણ મળે છે. પરંતુ **આ૦ પાર્શ્વચંદ્રસૂરિએ** તે મોટા શિષ્યને આચાર્ય ન બનાવ્યો. જ્યારે શિષ્ય **વિજયદેવને** આચાર્યપદ આપી પોતાની પાટે સ્થાપ્યો.

આથી કડવા મતના મહેતા **આણંદીએ** "પાયચંદ મતનું જોર ઘટાડવા" બ્રહ્મર્ષિને ઉશ્કેરીને જણાવ્યું કે–તમે રજપૂત છો, ત્યાગી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

છો, આચાર્યપદને સર્વથા યોગ્ય છો. આવા મોટા વિદ્વાન્ અને મુખ્ય શિષ્ય છો. છતાં, ગુરુદેવે તમને આચાર્ય બનાવ્યા નહીં, તે ઠીક કર્યું નથી. મારી મનોભાવના છે કે–તમે આચાર્ય બની પોતાનો **નવો મત** સ્થાપો હું **તમારો શ્રાવક** બનીશ.

**બ્રહ્મર્ષિએ** આ સાંભળી સં. ૧૬૦૨ વૈ. સુ. ૩ ને સોમવારે અમદાવાદ પાસે **હેબતપુરામાં** કે–બુરહાનપુરામાં પાયચંદ મતમાંથી **બ્રહ્મર્ષિ મત** ચલાવ્યો.

બ્રહ્મર્ષિએ પોતાના મતમાં ચૌદશના બદલે **પુનમની પાખી** સ્થાપિત કરી.

મહેતો **આણંદી** આ ગચ્છભેદ કરાવી, કડુઆમતમાં ફરી ભળી ગયો.

બ્રહ્મર્ષિ મત બાબત વિશેષ કંઈ જાણવા મળતું નથી. **બ્રહ્મર્ષિએ** વિ. સં. ૧૬૧૨ આ૦ સુ. ૭ ને રોજ "નાગિલ સુમતિ ચોપાઈ" દોહરા ચો. ૮૧૦ બનાવી છે. તેણે તેમાં શિથિલાચાર ઉપર કડક કલમ ચલાવી છે.

જૈન સાઈટ JAINSITE .com

**ચર્ચા**–તેમણે આ ચોપાઈમાં ગણધર ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભ૦ મહાવીરસ્વામી મુખે સુમતિ અને નાગિલનું **કલ્પિત ચરિત્ર** વર્ણવી, તેમાં સંયત, અસંયત, સુગચ્છ, કુગચ્છ, તથા સુગુરુ અને કુગુરુની ચર્ચા કરી છે.

સંભવ છે કે–આ ચોપાઈ ગ્રંથના આધારે બહુ વખોડાએલી **સુમતિચંદ્રની** પુસ્તિકા (નોવેલી) બની હોય.

### પર્વતિથિ વિચાર

આ ગ્રંથથી જાણવા મળે છે કે–સં૦ ૧૬૧૨માં **જૈનોના** વિવિધ ગચ્છોમાં **પર્વતિથિ** માટે વિવિધ માન્યતા હતી. તે **આ પ્રમાણે**.

પડિક્કમણે પુણ ખેતર ઘણાં, વર્ષ જુજુઓ ગચ્છ ગચ્છતણો ૫૬૨
**ઉદયિકતિથિ** લ્યે છે કેઈ એક, ગણિતનો કેઈ કરે વિવેક,
**ક્રિયાકાલે** કેઈ થાપે **પર્વ**, ભિન્ન ભિન્ન આચરણા સર્વ ૫૬૩
બેહુ તિથિ **સાઠ ઘડી** એક કરે, એક **ઉગરતિ તિથિ** આચરે
ઘટે તો **ત્રિજ તેરશ** સદ્દહે, **પંચમિ પૂનમ** પણ કેઈ કરે ૫૬૪

અધિક માસ પજુસણ ગિને, ચોમાસે અંતર ઘટે મને
સર્વ ક્રિયા શ્રાવકને રંગ, કહે એક છે ઉત્તરાસંગ ૫૬૫
(–સુમતિ નાગિલ ચરિત્ર ચોપાઈ)

**બ્રહ્મર્ષિ મત પરંપરા**

**ભ૦ સુમતિકીર્તિએ** સં. ૧૭૬૨ના કા૦ સુ. ૨ ને રવિવારે ખંભાતમાં પ્રાકૃત "દીવાલી કલ્પ"નો **ગુજરાતી બાલાવબોધ** બનાવ્યો, તેમાં તે પોતાની **ગુરુ પરંપરા** આ પ્રમાણે આપે છે.

(૧) **બ્રહ્મર્ષિ ભ૦ વિનયદેવ.** (૨) ભ૦ વિનયકીર્તિ સં૦ ૧૬૪૬ (૩) ત્રિજયકીર્તિ (૪) **ભ૦ જ્ઞાનકીર્તિ** (૫) ભ૦ **સુમતિકીર્તિ** સં. ૧૭૬૨ના કા૦ સુ. ૨ રવિવાર **ખંભાત.**

**દિગંબરસંઘના વિવિધ પંથો**

અમે દિગંબર સંઘો તથા તેના ગચ્છો માટેનો પરિચય પહેલાં (પ્ર૦ ૧૪, પૃ૦ ૩૨૬ થી ૩૨૯માં) આપ્યો છે. તેમાં **વિશેષ** આ પ્રકારે છે.—

**વારસદાર**—અસલમાં જૈનોના ચાર સંઘો જૈન આગમો અને જૈન તીર્થોના વારસદાર—માલિક **શ્વેતાંબર સંઘ** જ હતો. ટૂંકામાં કહીએ તો, જેમ રાજવંશોમાં યુવરાજ જ રાજ્યનો માલિક બનતો તેમ જૈન શ્રમણશાસનમાં પણ ગચ્છનાયક પોતાની પછી જેને ગચ્છનાયક બનાવે, તે નવો **ગચ્છનાયક** જ ચતુર્વિધ સંઘ, જૈન આગમો, **જૈન ગ્રંથભંડારો, જૈન તીર્થો,** તથા જૈનમંદિરો વગેરે વગેરે ગુરુદેવના અધિકાર હેઠળ જે જે વસ્તુઓ હોય, તે સૌનો વારસદાર બનતો.

આજે પણ કોંગ્રેસમાંથી દેશહિતને ઉદ્દેશીને કોઈ **નવો પક્ષ** ઊભો થાય તો, તે **નવો પક્ષ** કોંગ્રેસની "મિલકતનો માલિક" બની શકતો નથી. વાસ્તવમાં કોંગ્રેસની સમસ્ત વસ્તુની **માલિક કોંગ્રેસ** જ રહે છે. સાધારણ રીતે હિંદમાં **વારસાહક** એ જ નિયમે પ્રવર્તે છે.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

યુરોપમાં ઇસાઈ ધર્મના અનુશાસનમાં પણ આપણને આવી જ નીતિ જોવા મળે છે. રોમન કેથોલિકમાંથી **પ્રોટેસ્ટન્ટ પક્ષ** જુદો પડ્યો. પણ રોમન કેથોલિકની મિલકતના માલિક **પોપ** અને **પાદરીઓજ** રહ્યા. તેઓએ બીજા પક્ષને એક પાઈ પણ આપી નહીં.

**પરદેશીન્યાય**–પરંતુ ભારતીય સંસ્કૃતિને નહીં જાણનારા અને આ અંગેના પ્રાચીન ઇતિહાસને ન સમજનારા અંગ્રેજી રાજ્યના કાયદાઓએ આ નીતિમાર્ગમાં **દખલ** કરી છે.

અંગ્રેજી રાજ્યની **અદાલતોએ** રાજ્યના ફટાયાઓને પિતાના રાજ્યનો ભાગ અપાવ્યો નહીં, પ્રોટેસ્ટન્ટોને પોપની મિલકતમાંથી ભાગ અપાવ્યો નહીં, પરંતુ ચાંદીનાં જુતાના મારથી કે ગમે તે કારણે શરમાઈને, માત્ર જૈનોની શાસન વ્યવસ્થામાં જ 'વિભિન્ન શાખામાં વહેંચાયેલા સૌનો સમાન હક્ક છે' એવો કઢંગો ખ્યાલ ઊભો કરી, શ્વેતાંબર જૈનોના વાસ્તવિક હક્કોને–વારસાહક્કોને ઉઠાવી, દિગંબર જૈનોને ભાગીદાર બનાવી, કલ્પિત **દખલ** ઊભી કરી.

હસવા જેવી વાત એ છે કે, તેમણે માત્ર દિગંબરોને શ્વેતાંબરોની વારસાની વસ્તુના ભાગીદાર બનાવ્યા. પણ શ્વેતાંબરો ને દિગંબરોની મિલકતના ભાગીદાર બનાવ્યા નહીં.

**એકમ**–હવે તો ભારત **સ્વતંત્ર દેશ** બન્યો છે, જો કે ખુશી થવા જેવું છે કે, ભારતની **સ્વતંત્ર સરકારે** શત્રુંજય, ગિરનાર, સમેત શિખર, કેસરિયાજી વગેરે તીર્થોમાં **શ્વેતામ્બર જૈનોના** વારસાહકને સ્વીકાર્યો છે, અંગ્રેજી રાજયકાળમાં જે જે તીર્થોમાં જે ભેદનીતિ સ્વીકારી કામ લેવાયું તેનો ઉત્તર આપણને ભવિષ્યકાળ એજ નીતિએ આપશે. અમને પૂરી ખાતરી છે કે, સકળ શ્વે૦ જૈન સંઘની પ્રતિનિધિ અમદાવાદની **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી** સાવધાન રહી, કામ લેશે તો, તેને પોતાના **પૂર્વજોના સમસ્ત હકો** પુનઃ પ્રાપ્ત થશે અને કદાચ સમસ્ત જૈન સંઘનું **અખંડ એકમ** બનાવી શકશે.

આ રીતે જૈનોના અસલી ચાર સંઘો, તેની પરંપરા, આગમો અને જૈન તીર્થોના **વારસદારો શ્વેતાંબર જૈનો જ** છે. આપણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ અંગે વિશેષ હકીકત પહેલાં (પ્રક૦ ૩૪, પૃ૦ ૬૦૬ થી ૬૦૯ સુધીમાં) જોઈ ગયા છીએ. (તથા જૂઓ અમારો સમ્મેતશિખરનો ઇતિ૦ પૃ૦ ×× )

પછી તો દિગંબર જૈનો પાસે પોતાની **નવી મર્યાદા** પ્રમાણે માત્ર. એક **દિગંબર સાધુ સંઘ** હતો, જેની ઉપધિમાં મતભેદ હતો પણ તે સૌ સાધુઓ નાગા (નગ્ન) જ રહેતા. "સાધુઓ નગ્ન રહે" એટલો જ **દિગંબર ધર્મ** ચાલુ રહ્યો હતો. બાકી દિગમ્બર સાધ્વી સંઘ તો હોયજ નહીં, પછી ૪ સંઘ હોયજ શાના?

## ધાર્મિકસંઘર્ષોની આંધીઓ

ઇતિહાસ કહે છે કે પ્રાચીન યુગમાં દુનિયામાં ધાર્મિક સંઘર્ષોની આંધી ઉઠતી, અને નાની મોટી નુકસાની કરી શમી જતી હતી. વિક્રમની તેરમી સદી સુધીમાં **વિભિન્નધર્મવાલાઓએ** રાજસત્તાના જોરે જૈનધર્મ તથા બૌદ્ધધર્મ ઉપર અમાનુષી અત્યાચારો ગૂજાર્યા છે, મોટી આફત વેરી છે જૈનાચાર્યોએ ત્યારે ત્યારે સાવધાન બની રહી મક્કમતાથી મીઠી કુનેહ વાપરી, જૈનધર્મના પ્રત્યેક અંગોનું રક્ષણ કર્યું છે તે આ પ્રમાણે જાણવા મળે છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

૧ **મૌર્યરાજ વંશે** ઉત્તર ભારતમાં વીર સં૦ ૧૫૫ થી ૩૦૪ સુધી રાજ્ય કર્યું છે, ત્યારે **જૈનધર્મ** અને બૌદ્ધધર્મનો ભારતમાં પૂરો **પ્રભાવ** હતો.

(—પ્રક૦ ૭, પૃ૦ ૧૫૫ થી ૧૬૪, પ્રક૦ ૮, પૃ૦ ૧૭૧ થી ૨૧૦)

રાજદ્રોહી શૂંગવંશના સેનાપતિ **પુષ્યમિત્રે** વીર સં૦ ૩૦૪ માં મૌર્યરાજા બૃહદ્રથને મારી, સ્વયં મગધનો રાજા બની બૌદ્ધ ધર્મ ઉપર ભયંકર અત્યાચાર કર્યો.

**પુષ્યમિત્ર** રાજા બની, બૌદ્ધવિહારોને ભાંગતો ભાંગતો, બૌદ્ધ શ્રમણોને મારતો મારતો, શ્યાલકોટ સુધી પહોંચ્યો તેણે **જાહેર** કર્યું કે "જે કોઈ મને શ્રમણોનાં માથાં લાવી દેશે, તેને તે માથા દીઠ હજાર હજાર સોનામહોરો આપીશ."

(બૌદ્ધ—દીવ્યા દાન—૨૯મું)

**પુષ્યમિત્રે** મહાવ્યાની આચાર્ય **સુહિવંત** ધ્યાનમાં બેઠા હતા, ત્યાં જઈ તેમને ધ્યાન ભંગ કરાવી, હેરાન કર્યા ”

( વ્યવહારસૂત્ર અવસૂરિ ઉ૦ પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૧ પૃ૦ ૧૯૭ )

એવામાં વીર સં૦ ૩૦૦માં મહારાજા ચેટકના વંશનો પરમાર્હંત્ ખારવેલ રાજ શ્રી **ભીક્ખુરાય** કલિંગનો રાજા બન્યો, તેણે સેના સાથે પટણા ચડી આવી રાજા પુષ્યમિત્રને પટણાથી ભગાડયો ત્યારે તે શાન્ત થયો. (–પ્રક૦ ૯, પૃ૦ ૨૧૫)

૨ મૈત્રકવંશનો આદ્યરાજા **શિલાદિત્ય** વિ૦ સં૦ ૩૭૫ થી ૪૩૫ સુધી સૌરાષ્ટ્ર વાલાક વલભીનો રાજા થયો.

(–પ્રક૦ ૨૩ પૃ૦ ૩૭૬ થી ૩૮૪,)

નાગેંદ્રગચ્છના જૈનાચાર્ય **જિનાનંદ** અને બૌદ્ધાચાર્ય **બૌદ્ધાનંદે** વિ૦ સં૦ ૩૭૫માં વલભીમાં રાજા શિલાદિત્યની રાજ સભામાં શાસ્ત્રાર્થ કર્યો. તેમાં જૈનાચાર્ય હાર્યો, આથી જૈન શ્રમણ સંઘ વાલાકનો પ્રદેશ છોડી બહાર ભરૂચ ચાલ્યો ગયો. પછી તો તેમનાજ શિષ્ય **આચાર્ય મલ્લે** વિ૦ સં૦ ૪૧૪માં વલભીમાં તેજ શિલાદિત્યની રાજ સભામાં કડક શરત કરી, શાસ્ત્રાર્થમાં તેજ આ૦ બૌધ્ધાનંદને હરાવી, રાજા શિલાદિત્યને પરમાર્હંત્ જૈન બનાવી, તે રાજાના સહયોગથી વલભીને જૈનધર્મનું પ્રચાર કેન્દ્ર બનાવ્યું

(–પ્રક૦ ૨૩, પૃ૦ ૩૭૬ થી ૩૮૪ )

પરમાર્હંત્ શિલાદિત્ય વિ૦ સં૦ ૪૩૫ માં મરણ પામ્યો પછી તો જૈનાચાર્યોએ વિ૦ સં૦ ૪૭૨માં જૈનધર્મની રક્ષા, સંગઠ્ઠન શુદ્ધિ અને પ્રચાર માટે ગંભીર વિચાર કરી તે સમયના ભારતના મોટા મોટા શહેરોમાં એકેક જવાબદાર ગીતાર્થ ધર્મા ચાર્યને ગોઠવી, **ચૈત્યવાસ** સ્થાપી, વિવિધધર્મ પ્રચાર કેદ્રો ઉભા કર્યા.

( –પ્રક૦ ૨૩, પૃ૦ ૪૦૦, ૪૦૧ )

વલભી પણ ત્યારે પણ ધર્મ પ્રચાર કેંદ્ર રહ્યું જ હતું.

૩. વિક્રમની દશમી સદીના મધ્યમાં “ દુકાળમાં અધિક મહિનો” જેવું બન્યું.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિ૦ સં૦ ૮૪૧ થી ૮૪૫ સુધીમાં પાંચ વર્ષનો **ભયંકર દુકાળ** પડ્યો આથી જૈન શ્રમણસંઘનાં વિહારની મુશ્કેલી થવાથી અધ્યયન અધ્યાપનનાં કામ મંદ પડયાં, તેમજ જ્ઞાનનો હ્રાસ થયો. પરિણામે પૂ૦ પ્રધાન **સંભૂતિ**, મોઢગચ્છના આ૦ **ગોવિંદસૂરિ**, દુષ્યગણિ ક્ષમાશ્રમણ, મોટા તપસ્વી ભીમાઋષિ, હર્ષપુરીય ગચ્છના આચાર્ય, મલધાર ગચ્છના આ૦ **હર્ષતિલક**, મજ્જિમ્ શાખાના અને તપસ્વી **કૃષ્ણઋષિ** વગેરેને વિ૦ સં૦ ૮૪૫ બાદ એકઠા મળી "વિષમ સમય" જાણી, જિનવાણીની રક્ષા માટે જૈન સિદ્ધાંતનો સંગ્રહ કરવો લાભકારક સમજી, ઉમરકોટ, ચિતોડ, વલભી, કુચેરા, સાંડેરાવ, ભટેવરા, વાપડ (ડીસા) મોઢેરા, પાટણ, ભીન્નમાલ, નાગોર, મધ્યમિકા, થરાદ, જાલોર, મથુરા, મંડોવર, મથુરા કામહૃદ, વગેરે શહેરોમાં સિદ્ધાંતના ગ્રંથભંડારો સ્થાપ્યા. (–પ્રક૦ ૩૨, પૃ૦ ૫૪૨)

૪. મ્લેચ્છોએ વિ૦ સં૦ ૮૩૨ થી ૮૪૫માં વલભી ભાંગ્યું, ત્યારે જૈનશ્રમણ સંઘ વલભી છોડી, ભારતના બીજા મોટા નગરો–પ્રભાસ પાટણ, શ્રીમાલનગર, હારિજ, થરાદ, મોઢેરા ભરૂચ આકોટા ખંભાત શત્રુંજય સ્થાને જઈ વસ્યો અને વલભીનગરના ગ્રંથભંડાર તથા જિનપ્રતિમા વગેરેને ત્યાં પોતાની સાથે લઈ ગયો.

(–ઇતિ૦ પ્રક૦ ૩૫, પૃ૦ ૫૩)

૫. રાધનગરના રાજા **સુધન્વાએ** વિ૦ સં૦ ૮૫૦ થી ૮૭૭માં મીમાંસક **ભટ્ટપાદ** અને અદ્વૈતમતના સંસ્થાપક **આદ્યશંકરાચાર્યની** પ્રત્યક્ષ તેમજ મૂકસમ્મતિથી પોતાના રાજ પુરૂષોને સ્થાને સ્થાને મોકલી, નૃશંસપ્રજાને ઉશ્કેરી, ભારતમાં સંહાર લીલા ચલાવી હતી.

**શ્રીઆનંદગિરિ** અને **શ્રી મધ્યાચાર્ય** બતાવે છે કે

(૧) अ जैनगुरु वध प्रायश्चित्तं

(શંકર વિજય પૃ૦ ૨૩૫, ૨૩૬)

(૨) आ सेतो रातुषा रोद्र बौद्धा नावृद्ध बालकम् ।
न ह हंति हंस हंतव्यो, भृत्या नित्य वशान् नृप : ॥

www.jainsite.com      For Private & Personal Use Only      info@jainsite.com

कुमारिल मृगेन्द्रेण, हतेषु जिनहस्तिषु ॥
निष्प्रत्यू हेमवर्धन्त, श्रुतिशाखा समन्तंत :
(શાંકર દિગ્વિજય, સર્ગ ૧ શ્લોક ૯૬, ૯૭)
(પં૦ લાલચંદ ભ૦નો ઐતિહાસિક લેખ સંગ્રહ ૪ પૃ૦ ++)

સાફ વાત છે કે રાજા **સુધન્વાએ** ધર્માંધતાથી બૌદ્ધ શ્રમણો અને જૈન શ્રમણોનાં માથાં કપાવ્યાં, તેમજ બૌદ્ધ તીર્થો તથા જૈન તીર્થો અને પ્રતિમાઓનો વિનાશ કરાવ્યો. જૈન અને બૌદ્ધોનાં મહત્વનાં લોકપ્રિયસ્થાનો કબજામાં લઈ, તેને પોતાનાં **ધર્મસ્થાન** તરીકે પલટાવી નાખ્યાં. બૌધ્ધ ધર્મ તો આ આંધીમાં ફસડાઈને ભારત છોડી ભારતની બહાર ચાલ્યો ગયો. અને **શ્વે૦ જૈનશ્રમણસંઘ** આ સંઘર્ષની આંધીમાં માત્ર ઉત્તર ભારત તથા પશ્ચિમ ભારતમાં આવી વસ્યો. તે ત્યારે ચાર સંઘો જૈન શાસ્ત્રો, અને જૈન તીર્થોની જિનપ્રતિમાઓને ત્યાંથી ઉઠાવી, પોતાની સાથે લાવ્યો હતો. પછી અવસરે મૂળ જૈન તીર્થોનાં નામ સાથે મેળ ખાય, તેવાં નવાં સ્થાનો શહેરો કે તીર્થો **નાંદિયા,** બામણવાડા, મુંડસ્થલ, નાણા, દીયાણા. સંડેરક, વઢવાણ, કોટચાર્ક ખડાયતા **હમીરપુર** અને આબૂ ઉપરનું **નંદીવર્ધન તીર્થ** વગેરે વસાવી, ત્યાં **સ્થાપના તીર્થો** બનાવ્યાં.

આ૦ **પ્રદ્યુમ્નસૂરિ** વગેરે સમયજ્ઞતા વાપરી ઉત્તર ભારત તથા પૂર્વ ભારતમાં જઈ ત્યાં દરેક જૈન તીર્થોનો પુનરૂદ્ધાર કરી ફરીવાર **જૈનતીર્થો** સ્થાપ્યાં હતાં (--પ્ર૦ ૩૨, પૃ૦ ૫૦૩)

(૬) દક્ષિણ ભારતમાં જૈન ધર્મ ઉપર ખાસ કરીને વિશેષદિગમ્બર જૈન ધર્મ ઉપર થયેલ જૂલમોની **નોંધો** મળે છે.

**શ૦ શર્મા** "જૈનિઝમ ઓફ સાઉથ ઈંડિયામાં" લખે છે કે. (ગુ૦ અનુવાદ)

અ (૧) **શૈવોએ** બૌદ્ધ તથા જૈનોને જીતવા માટે, "ડૉ. રામશાસ્ત્રી કહે છે" તે રીતે બૌદ્ધો તથા જૈનોની પદ્ધતિ સ્વીકારી. જ્ઞાતિભેદ, વર્ણભેદોને તોડી, ચમાર તથા મહાર વગેરે હલકી જાતિઓને શૈવ તથા વૈષ્ણવ બનાવ્યા. ખરેખર? બ્રાહ્મણો "આ પદ્ધતિને પોતાની જીત માને છે."

JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ (૨) **જૈન રાજા સુંદર પાંડયે** (ઈ૦ ૭૨૦ થી ૮૨૦) એ શૈવ ધર્મની કટ્ટર ચૌલની રાજકુમારી રાણી," તેમજ મંત્રી **કુલર-ચીશઈની** કાવતરાથી જૈન મટી, શૈવ બની, ૮૦૦૦ નિર્દોષ જૈનોને ફાંસીએ ચડાવ્યા. ત્યારે શૈવોનાં ગીતોમાં "૧૦ મી કડી" જૈનો પ્રત્યે દ્વેષ કેળવાય તેથી ગુંથાતી હતી.

[ **નોંધ :** મદુરાના મીનાક્ષીદેવીના મંદિરના દરવાજાની કમાનમાં આ ફાંસી વગેરેનું **ચિત્ર** છે, બ્રહ્મસૂત્રના શાંકર ભાષ્યની ટીકામાં સુંદર પાંડયેની વસ્તુનો નિર્દેશ છે. ]

इ (૩) તિલકાવતી શૈવણના ભાઈ **અપ્પર જૈને** શૈવ બની, રાજા મહેન્દ્રવર્માને શૈવ બનાવ્યો. શૈવોએ ત્યારબાદ અપ્પરને મારી નાખ્યો,

**નોંધ :** ત્રિષષ્ટિ પુરાતન ચરિત્રમાં આની નોંધ છે.

ई (૪) ઈસુની ૭મી સદીમાં કાંચીપુરના રાજા **જયવર્મને** જૈનો ઉપર જૂલમ ગુજાર્યો. જિનાલયોને શિવાલયરૂપે બદલી નાખ્યાં. વરંગલના કૈંકટ ગણપતિએ પણ જૈનો ઉપર જૂલમ ગુજાર્યો.

उ (૫) **ચૌલ રાજાઓ** જૈન ધર્મના દ્વેષી હતા. તેઓએ ઈસુની ૯મી સદીમાં જૈન મંદિરો તોડી. જૈનોને ઘણું નુકશાન કર્યું.

રામાનુજના અનુયાયીઓએ (સને ૧૦૭૦ થી ૧૧૧૮ સુધી) જૈનોને હેરાન જ કર્યા હતા.

ऊ (૬) ઈસુની ૯મી સદીમાં રાજાએ સુભાષિતનો ૮૦૦૦ ગાથા-વાલો **નલકચ્યાર જૈન ગ્રંથ** હતો. તેને "જલશરણ" કરાવ્યો.

ए (૭) ઈસુની ૧૦–૧૧મી સદીમાં **તૈલપ** રાઠોડે જૈનો ઉપર જૂલમ ગુજાર્યો તેના પુત્ર **જયસિંહ રાઠોડ** અને તેની પત્ની જૂગલ-રાણીએ પણ જૈનધર્મનો પ્રચાર રોકી, વીર શૈવધર્મનો પ્રચાર કરાવ્યો. જયસિંહ રાઠોડે "જૈનકેન્દ્ર પોટ્ટલકેરમાં" રાજધાની સ્થાપી.

**નોંધ :** ચન્નબસવપુરાણમાં આનું વર્ણન છે.

(૮) દિ૦ આ૦ ઈન્દ્રકીર્તિની બક્ષિસમાં વીરશૈવધર્મવાળાએ મોટો વિરોધ કર્યો હતો.

ओ (૯) કલ્યાણીમાં કલચૂરીવંશના રાજાઓ (૧) **વિજ્જલરાય** વિ. સં. ૧૨૨૧ થી ૧૨૩૯) અને (૨) **કલ્યાણ** (વિ. સં. ૧૨૩૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થી ૧૨૪૩) જૈન થયા (પ્રક૦ ૩૫ પૃ૦ ૧૫૨) **રાજા વિજલરાયે** સર્વ ધર્મ સમભાવે વીરશૈવધર્મના ઉપાસકોની દરબારમાં ભરતી કરી. તે **ઉપાસકોએ** રાજાના વિરુદ્ધમાં ખટપટ શરૂ કરી, **પંડિત વસવ** વિજ્જલરાયનાં મહેરબાનીથી "મંત્રીપદે" નીમાયો. તેણે જ કૃતઘ્ન બની, રાજા તથા રાજ પરિવારનો વિનાશ કર્યો, જૈનોની કતલ કરી, કુલ્પાકના જૈન તીર્થમંદિરને શિવાલય તીર્થ બનાવી, નવા લિંગાયત મતની સ્થાપના કરી.

**નોંધ:** વસવપુરાણમાં તથા લિંગાયત ગ્રંથમાં આ સંહારલીલાનું વર્ણન છે.

ઔ (૧૦) રશિયાની બાનુ **ब्लेवे ટૂસ્કિએ** "થિઓ સોફિકલ સોસાયટી"ની સ્થાપના કરી છે. તેણે ગુપ્ત જ્ઞાનને લાગતું "Issisun yeiled" પુસ્તક બનાવ્યું છે. તે તેના ત્રીજા ભાગના પૃ. ૩૨૩માં લખે છે કે–"પ્રાચીન હિંદના અસલી માલિકીના ખરા અને એકલા વંશજો **જૈનો** જ છે. જે ગંગા અને જમનાની વચ્ચે ખીણમાં રહેતા હતા. ગૌરવર્ણના હતા. અને **બ્રાહ્મણ** કહેવાતા હતા. તેઓ ધીમે ધીમે હીંદની બધીય જમીનના માલિક બન્યા. ઇતિહાસ લેખકોએ આ વાત છુપાવી અન્યાય કર્યો છે.

जैनम् जयति शासनम् JAINSITE.com

અં (૧૧) થીઓસોફીકલ સોસાયટીના પ્રમુખ '**કર્નલ ઓલકાટ** "The Peop Papiah" નામના પુસ્તકમાં તામીલ ભાષાના પ્રાચીન "હાલાસ્ય માહાત્મ્યના" પ્રકરણ ૬૯માની ત્રાસદાયક હકીકત બતાવે છે કે–

શૈવ આચાર્યે દક્ષિણ હિંદના દિગમ્બર જૈનોને હંફાવી, તેઓની કતલ કરાવી, તેઓને ઘાણીમાં ઘાલી પીલાવ્યા, તરવારથી કપાવ્યા, ભાલાથી વિંધાવ્યા, "મદુરાના દેવાલયની કમાન ઉપર" આ દેખાવ કોતર્યો છે. તેનો ફોટો પણ આ બુકમાં છપાવ્યો છે. જે જૈનોને જૈનપણું છોડાવવાની શરતે જીવતા રાખ્યા. તેઓને ગુલામ બનાવ્યા. (Papiah) પ્હેરિયા નામ આપી, અસ્પૃશ્ય તરીકે જાહેર કર્યા. થીઓસોફી પ્રચારકો તેઓને પોતાના ધર્મમાં લઈ લ્યે છે.

(–જૈન હિતેચ્છુ પૃ. ૧૩ અં. ૨ જો સને. ૧૯૧૧ ફેબ્રુઆરી પૃ. ૧, ૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નોંધ :** મરાઠીભાષામાં **વસવપુરાણ** બન્યું છે તેમાં આ સંહારલીલાનું વિગતવાર વર્ણન છે.

**શ્વેતામ્બર જૈન શ્રમણસંઘે** આ વિવિધ સંઘર્ષોની આંધીમાં સાવધાન બની, જાગતા રહી, એક બની, સેવાતત્પર—અટલ બની, મક્કમ રહી, કુનેહ વાપરી, ભગિરથ પ્રયાસ ખેડી, જૈનધર્મની જૈન-દર્શનની "સર્વતોમુખીરક્ષા" કરી હતી.

૮ આ ધાર્મિક આંધીમાં દિગમ્બર જૈન શ્રમણ સંઘને મોટી હાની વેઠવી પડી હતી. તે દિગમ્બરી પરિસ્થિતિમાં જૈનધર્મની અને તેના વિવિધ અંગોની રક્ષા કરે, તે તો અશકય જ હતું. પરંતુ એક વાત નિર્વિવાદ છે કે "દિગમ્બર આચાર્યોએ આંધીમાં બીજા લાભોને ગૌણ કરીને પણ, **દિગમ્બરત્વ** (નગ્નતા)ની પરંપરાને બરાબર ટકાવી રાખી હતી.

ઇતિહાસ કહે છે કે આ આંધીના કાલમાં **ઘણા દિગમ્બર મુનિવરો** વિદ્વાન, સંયમપ્રેમી ધર્મરંગી, અને શાસનસેવાની તમન્નાવાલા હતા. પણ તે દિગમ્બરપણામાં રહેલી કમજોરીને જાણતા હતા, સાથો સાથ શ્વેતામ્બર શ્રમણસંઘમાં આંધીના વિકટ સમયે પણ ધર્મરક્ષાની તત્પરતા, કાર્ય કરવાની ક્ષમતા, અને સેવાને સફળ બનાવવાની અનુકુલતા બની રહી તે પણ જાણતા હતા.

આથી કોઈ કોઈ દિગમ્બર **મુનિવરો** જુદા જુદા સમયમાં શાસનસેવાની સફલતા માટે શ્વે૦ શ્રમણ સંઘમાં આવી ભળી ગયા, અને તેઓ શાસનસેવાના કામમાં જોડાઈ પ્રભાવક બન્યા. પોતાની જ્ઞાન, તપ, સંયમશક્તિને સર્વાંશે ફોરવી, જૈનધર્મની પ્રભાવના કરી, **પ્રભાવક** બન્યા હતા. તેમાંના કોઈ કોઈનાં નામ આ પ્રમાણે જાણવા મળે છે.

(૧) વનવાસી ગચ્છના સ્થાપક આ૦ **સમંતભદ્રસૂરિ** (પ્રક૦ ૧૬, પૃ૦ ૩૪૪ થી ૩૪૭)

(૨) વાયડગચ્છના **આ૦ જીવદેવસૂરિ** (પ્રક૦ ૩૪ પૃ૦ ૫૬૪)

(૩) રાજગચ્છના આ૦ **પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય** (પ્રક૦ ૩૫ પૃ૦ ૧૭)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) વનવાસી—માનદેવગચ્છના **આ૦ માનતુંગસૂરિ** વગેરે વગેરે.
(પ્રક૦ ૨૭, પૃ૦ ૪૪૫, પ્રક૦ ૨૮, પૃ૦ ૪૫૮ થી ૪૬૪)

જો કે અમે પહેલાં જુદા જુદા પ્રકરણોમાં ઉપર બતાવેલ આચાર્યોનો **નામમાત્ર પરિચય** આપ્યો છે.

અમે પ્રક૦ ૨૮, પૃ૦ ૪૫૮ થી ૬૪માં **આ૦ માનતુંગસૂરિનું ટૂંકુ ચરિત્ર** પણ આપ્યું છે. તેમાં તેમની માત્ર ટૂંકી જીવન ઘટના આપી છે.

પરંતુ સમકાલીન **રાજા હર્ષ**, કવિ **મયૂર**, કવિ **બાણ**, અને કાશીના **રાજા વૃદ્ધભોજનો** પરિચય અને સત્તાસમય આપ્યો નથી. વળી આચાર્યશ્રીએ માનતુંગસૂરિવરે "ભક્તામરસ્તોત્રના માત્ર ૪૪ **કાવ્યો** જ બનાવ્યા હતા (પૃ૦ ૪૫૮) છતાં દિગમ્બરોમાં ૪૮, તથા ૫૨, **કાવ્યો** કેમ બની ગયા? વગેરે ઇતિહાસ અમે ત્યાં મોટો ગ્રંથ થવાના ભયથી આપ્યો નથી. ભાવના છે કે બીજી આવૃત્તિમાં તે બધું આપવા પ્રયત્ન કરીશું.

(—જૂઓ જૈનસત્યપ્રકાશ ક્ર૦ ૮૫, પૃ૦ ૨૫)

૯ દિગમ્બર જૈન સંઘને સં૦ ૧૨૧૯માં કારમો ફટકો લાગ્યો. સંભવ છે કે—દિગમ્બર **આચાર્ય હેમકીર્તિ**ના શિષ્ય ભ૦ અભયચંદ્ર અથવા **ભ૦ ચારૂનંદિ** અથવા **ભ૦ વસન્તકીર્તિએ** મુસલમાન બાદશાહોના કહેવાથી, **કપડાં** પહેરી લીધાં હોય, અને સદાને માટે દિગમ્બરમાર્ગનો લોપ કર્યો હોય, અને **ભટ્ટારકોની ગાદી** સ્થાપી હોય. (—પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૮, ૩૩૩)

ઇતિહાસ કહે છે કે—દિગંબર **આ૦ હેમકીર્તિજી** સં૦ ૧૨૧૯માં થયા. તેમના શિષ્ય **ચારુનંદિ** દિલ્હીના બાદશાહના હુકમથી "કપડાં પહેરી" **ભટ્ટારક** બન્યા હતા.

(—પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૮, ૩૩૩)

આજ સુધી દિગમ્બરમાં **સાધ્વીસંઘ** હતો જ નહીં. અને આ ઘટના બનવાથી **દિગમ્બર સાધુ સંઘ** પણ ન રહ્યો. એકંદર દિગમ્બરના સાધુ સાધ્વી એમ બે સંઘોનો **વિચ્છેદ** થયો. પછી તો દિગંબર જૈનોમાં નગ્નતાનો **એકાન્ત આગ્રહ** હતો, તે ઓસરી

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયો. પરિણામે પછી તો દિગમ્બર જૈનોને “નગુરા” ન રહેવા માટે વિવિધ કસોટીમાંથી પસાર થવું પડ્યું. તે આ પ્રમાણે–

(૧) દિગમ્બર **ભટ્ટારકો** “વસ્ત્રધારી” બન્યા. અને **મઠધારી** પણ બન્યા. જ્યારે શ્વેતામ્બર **જૈન સાધુઓ** પહેલેથી જ વસ્ત્રધારી હતા, એમાં દિગમ્બર સમાજને માટે તે બંને સરખા હતા. આથી તેઓ શ્વે૦ આચાર્યોને પણ માનવા લાગ્યા.

(૨) હુંબડજ્ઞાતિના જૈનો શ્વે૦ વડગચ્છ અને દિગમ્બર મૂલસંઘના ભટ્ટારકોની ગાદીને માનતા હતા. (–પ્રક૦ ૩૫, પૃ૦ ૧૦)

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૧૭, ૧૮)

ઉચ્છતવાલના શ્વેતામ્બર આચાર્યો પાસે પ્રતિષ્ઠા કરાવ્યાના **પ્રતિમાલેખો** પણ મળે છે (–પ્રક૦ ૫૦, પૃ૦ ૬૦)

(૩) સેમરખેડીના **તારણસ્વામીએ** સં૦ ૧૫૭૨ પહેલાં ઇસ્લામી સંસ્કૃતિની અસરથી “જિન પ્રતિમાનો વિરોધ” કર્યો, અને નવાં શાસ્ત્રો બનાવી નવો **‘તારણપંથ’** ચલાવ્યો અને પોતે જ પોતાના આઠ ભવો બતાવી, તે પંથના ગુરુ બન્યા.

(–પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૮)

૪. **પં૦ બનારસીદાસે** સં૦ ૧૬૮૦માં ખુલ્લં ખુલ્લા દિગંબર શાસનમાં હંમેશને માટે સાધુસંઘ તથા સાધ્વી સંઘ બંનેનો **વિચ્છેદ** જાહેર કર્યો, અને શ્રાવક તથા શ્રાવિકા સંઘ એ બેનોજ **સાચો જૈન પંથ** જાહેર કર્યો, ત્યારથી દિગંબર સંઘમાં પંડિતોનું મહત્ત્વ વધ્યું અને ગુરુનું સ્થાન તે પંડિતોએ સંભાળ્યું. તે દિગમ્બરી તેરા પંથ કહેવાયો. (–પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૮)

૫. દક્ષિણમાં **આ૦શાંતિસાગરે** નગ્ન બની દિગંબર મુનિમાર્ગનો સ્વયં **ક્રિયોદ્ધાર** કર્યો. તે ત્યાગી, **તપસ્વી** અને **સંયમપ્રેમી** હતા. દિગંબર જૈનોએ તેમને ખૂબ સત્કાર્યા, આજે ભારતમાં તેમના પટ્ટધર આ૦ વીરગણિ વગેરે ૨૨ દિગંબર સાધુઓ વિદ્યમાન છે. તે દિગ૦ **વીશાપંથી આમ્નાયના** મનાય છે. **આ૦ શાંતિસાગર દક્ષિણની** ‘ચતુર્થ–પંચમ’ (વીશા દશા–માંથી નીકળેલી) જ્ઞાતિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. આથી **વીશાઅગ્રવાલો** તેમને માનતા ન હતા. અને **તેરાપંથના કટ્ટર આગ્રહી** દિગંબરો પણ આ નગ્ન મુનિઓને મુનિ તરીકે માનતા નથી. (—જૂઓ પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૯)

૬ ગુમાનપંથ ૭ સામૈયાપંથ.

૮ સોનગઢી સંત **પ્રા૦ કાનજીસ્વામી** સ્થાનકવાસી સાધુએ વકીલ રામજીભાઈની મદદથી "એકાંત નિયતવાદના પાયા ઉપર" નવો મત ચલાવ્યો. આ મતમાં 'આત્મા ખાતો નથી, પીતો નથી, પુદ્ગલ ખાય છે. પીએ છે, આ હીમાયત હોવાથી વ્રત, પચ્ચક્ખાણ, પ્રતિજ્ઞા કે તપસ્યાની મહત્તા અપાતી નથી. **સંત કાનજીમુનિએ** પણ પોતાના અને પોતાની બે શિષ્યાઓની પૂર્વભવો બતાવ્યા છે. તેનાં **ચિત્રો** બનાવ્યાં છે. સંતજી જિન પ્રતિમાને માને છે. મનાવે છે.

દિગંબર સંઘમાં નગ્ન ગુરુઓનો અભાવ થતાં "ગુરુસ્થાન" માટે આવી **શોચનીય દશા** થઈ છે. અને દિગંબરોએ તેને નભાવી લીધી છે.

દિગંબર સંઘના **ગુરુતત્ત્વનો** મધ્યકાલીન ઇતિહાસ આવો છે.

હિંદુઓ તથા જૈનોને મુસલમાની રાજ્યકાળમાં મોટું નુકશાન થયું, પરંતુ **દિગંબર જૈનોને** "સૌથી મોટું નુકસાન થયું, કેમકે તેમનું "દિગંબરી ગુરુતત્ત્વ જ વિચ્છેદ" પામ્યું તેમજ તેઓમાં ઇસ્લામી સંસ્કૃતિની અસરથી દેવતત્ત્વ જિન પ્રતિમા અંગે પણ **વિવિધ વિકલ્પો** જન્મ્યા હતા.

અસલમાં શ્વેતાંબર જૈનો અને દિગમ્બર જૈનો એમ **જૈનમાત્રની** જિન દર્શન વિધિ અથવા "જિનપૂજાવિધિ" **એકસરખી** હતી. એટલે દિગંબરો પણ શ્વેતાંબરોના તીર્થોમાં જઈ, દર્શન આદિનો લાભ લઈ શકતા હતા.

શ્વે૦ જૈનો દિગંબર જૈનો કે અજૈનોને શ્વે૦ જૈન તીર્થોમાં અને જિનપ્રાસાદોમાં દર્શન કરવાની રોકટોક નહોતી. સૌ કોઈ ત્યાં **શ્વેતાંબર મર્યાદાથી** વર્તતા હતા. આ રીતે શ્વેતાંબર અને દિગમ્બર ફિરકા ધીમે ધીમે એક બીજાની પાસે પાસે આવતા રહ્યા

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનવા જોગ છે કે, આમ થોડો વખત પસાર થઈ જાત તો, બંને ફિરકાઓનો ભેદ ભૂંસાઇ જાત. પણ પાંચમા આરાના પ્રભાવે એકાએક તેમાં "નવી દિવાલ," ઊભી થઈ. આથી એ બંને ફિરકાઓ એક બીજાના "પ્રતિસ્પર્ધી" બની ઊભા છે, આ દિવાલ તે ઈસ્લામી સંસ્કૃતિમાંથી જન્મેલી **કલ્પિત જિનપૂજા** વિધિ જ છે.

**કલેશની દીવાલ**—દુઃખી દિલે નોંધ લેવી પડે છે કે દિગમ્બરોનો **તેરાપંથ** મૂળદિગંબર-વીશપંથીથી જૂદો પડયો, ને સાથોસાથ તેણે પોતાની જિનપૂજાવિધિ દિગંબર—શ્વેતાંબરથી તદ્દન જૂદી જ બનાવી. આ કલ્પિત પૂજાવિધિ અસલી જૈન વિધિથી ભિન્ન છે. તેથી તે કલેશ જન્માવનારી નીવડી છે.

દિગંબર સંઘમાં ઈસ્લામી સંસ્કૃતિની અસરથી ૧૬-૧૭મી સદીમાં **વિવિધ પંથો** નીકળ્યા, તે પ્રમાણે હતા,—

૭. **તારણપંથ**—દિગંબર જૈનોના આ અર્વાચીન પંથ **તારણ સ્વામીએ** સં૦ ૧૫૭૨ લગભગમાં સેમરખેડી ગામમાં **'તારણપંથ'** ચલાવ્યો. તેણે આ નવા પંથમાં ઈસ્લામી સંસ્કૃતિની અસરથી ભ્રમ પામી, **જિનપ્રતિમાનો વિરોધ** કર્યો. અને શાસ્ત્રીપૂજાને મહત્તા આપી. (—પ્રક૦ ૧૪, પૃ૦૩૨૮)

૮. **વીશપંથી-તેરાપંથી**—આ બંને દિગંબર જૈન સંઘની શાખાઓ છે. તેમાં એક પ્રાચીન છે અને બીજી અર્વાચીન છે.

શ્વેતાંબર વડગચ્છના શતાર્થી **આ૦ સોમપ્રભસૂરિએ** (સ્વ૦ સં૦ ૧૨૮૫) 'સિન્દૂરપ્રકર-સૂક્તમુક્તાવલી' નામનો કર્તવ્યોપદેશક ગ્રંથ બનાવ્યો. (—પ્રક૦ ૪૩, પૃ૦ ૭૪૭, ૭૪૮)

આચાર્યશ્રીએ તેમાં જૈનોને પાળવાનાં **૨૦ કર્તવ્યો** ઉપદેશ્યાં છે. શ્વેતાંબર અને દિગંબર **બધાય જૈનો** તેમાં ઉપદેશેલ ૨૦ કર્તવ્યોનું બરાબર પાલન કરતા.

**૧૩+૭=૨૦**

પરંતુ **જોનપુરના** ખરતર ગચ્છના જૈન પં. બનારસીદાસ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

શ્રીમાળીએ દિગમ્બરમતમાં પ્રવેશ કરી સં. ૧૬૮૦ માં આગરામાં પોતાના મિત્રોની મદદથી જૈનોને પાળવાનાં ઉક્ત ૨૦ કર્તવ્યોમાંનાં ૧ ગુરુતત્ત્વ ૫ મહાવ્રતો, સત્પાત્ર દાન અને ચારિત્ર-વૈરાગ્ય એમ ૭ કર્તવ્યો સિવાય ૧૩ કર્તવ્યો તે પાંચમા આરામાં પાળવાનાં ન હોય, એમ જાહેર કરી તે ૭ કર્તવ્યો સિવાયના ૧૩ કર્તવ્યોને પાલન કરવાનો નવો મત ચલાવ્યો. આથી દિગમ્બર સંઘના ૧ **વીશાપંથી** અને ૨ **તેરાપંથી** એમ બે પંથો બન્યા. આજે પણ દિગમ્બર સંઘમાં આ બન્ને પક્ષો વિદ્યમાન છે.

( જૂઓ પ્રક. ૧૪ પૃ૦ ૩૨૮ )

પં. બનારસીદાસે મોહમેદનની અસરથી ભ્રમ પામી જિનેન્દ્ર-પૂજાવિધિ પણ બદલી નાખી, જે પૂજાવિધિ સમય જતાં કલેશ જન્માવનારી નીવડી છે.

વીશપંથી અને તેરાપંથી દિગંબર જૈનો વચ્ચે તથા શ્વેતાંબર જૈન વચ્ચે એ નવી વિધિના કારણે જ **ઝગડા** ઊઠ્યા છે, જેનો ઇતિહાસ ઉપર આવી ગયો છે.

ટૂંકમાં દિગંબર **તેરાપંથ** નીકળ્યા પછી, જૈનોમાં **તીર્થ** વગેરેના બાનાથી નવા નવા ઝગડા વધ્યા છે.

## કડુઆશાહ અને પં૦ બનારસી

ઇતિહાસનું પરિશીલન કરવાથી સમજાય છે કે, શ્વે૦ જૈનોનો (૧) **કડુઆમત** અને દિગંબર જૈનોનો (૨) **તેરાપંથ** કોઈ કોઈ અંશે સમાનતા ધરાવે છે તે આ પ્રકારે છે.–

૧. દેવતત્ત્વમાં-જિનપ્રતિમાને માનવી પૂજવી.

૨. ગુરુતત્ત્વમાં-આ કાળમાં સાધુ કે સાધ્વીજી હોય જ નહીં એટલે હવે ૪ જૈન સંઘો પૈકી બે સર્વવિરતિ સંઘો રહ્યા જ નથી. માત્ર શ્રાવક અને શ્રાવિકા સંઘ એ બે દેશવિરતિ સંઘો જ રહ્યા છે

૩. જૈનધર્મના ઉપદેશક-અધિષ્ઠાતા ત્યાગી મુનિ નહીં પણ **પાઘડીવાળો ગૃહસ્થ જ હોય.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્વેતાંબર જૈનોમાં વિક્રમની વીશમી શતાબ્દીમાં (૩) શ્રી શાંતિસાગરનો મત અને (૪) **શ્રીમદ્ રાજચંદ્રનો મત** નીકળ્યો હતો **આ બે પંથો પણ** ઉપર જણાવેલા બે પંથોની કોટિનાજ છે.

આ દિગંબર જૈનોમાં પણ જે કાનજીસ્વામીનો સોનગઢી પંથ પ્રવર્તે છે. તેને ઉક્ત કોટિમાં પાંચમો નંબર આપી શકાય.

છેલ્લા ત્રણ પંથોમાં વ્યવહારની ઉપેક્ષા છે અને નિશ્ચયનયની પ્રધાનતા છે.

**પંથો**

દિગંબર સંઘમાં તેરાપંથ નીકળ્યા બાદ સં૦ ૧૮૧૮ કે ૧૮૩૭માં **ગુમાપંથો** નીકળ્યો સં૦ ૧૮૭૭માં સામૈયાપંથ નીકળ્યો, અને છેલ્લો સોનગઢી પંથ નીકળ્યો. (–પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૯)

દિગંબર સંઘમાં **પંડિતપાર્ટી** અને **સુધારકપાર્ટી** એમ બે વિભાગો છે તે ધાર્મિક દૃષ્ટિએ પડેલ ભેદો નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ચોપનમું

*

## આ૦ સુમતિસાધુસૂરિ (સ્વ૦ સં૦ ૧૫૮૧)

તેમનાં સં૦ ૧૪૯૪માં મેવાડના જાવરા ગામમાં શેઠ ગજપતિની પત્ની સંપૂરીદેવીની કુંખથી **જન્મ, નામ મનપરાજ,** સં૦ ૧૫૧૧માં આ૦ રત્નશેખરસૂરિના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી, **દીક્ષા-નામ મુનિ–સુમતિ સાધુ,** ગં૦ ૧૫××માં પાટણમાં આ૦ રત્નશેખરસૂરિના હાથે **પંન્યાસપદ** સં૦ ૧૫૧૮ માં ઈડરમાં રાવ-ભાણના **કોઠારી શેઠ સાયર અને શ્રીપાલ** આદિના ઉત્સવમાં **ભ૦ લક્ષ્મીસાગરસૂરિના** હાથે **આચાર્યપદ** તથા **ગચ્છનાયકપદ** સં૦ ૧૫૫૧માં **ગચ્છનાયકભાર નિવર્તન** સં૦ ૧૫૮૧માં " ખમપૂર ગામમાં **સ્વર્ગગમન** થયાં હતાં.

(પં૦ લાવણ્યસમયગણિકૃત સુમતિસાધુસૂરિ વિવાહલો),

તેમનાં બીજાં નામો પં૦ સાધુસુંદરગણિ, પં૦ સાધુવિજયગણિ અને ઉ૦ સાધુરાજગણિવર પણ મળે છે.

### આ૦ સુમતિસાધુસૂરિવરો

તે અરસામાં તપગચ્છમાં " એક સરખા નામ વાળા " ઘણા આચાર્યો થયા હતા. તે આ પ્રમાણે

૧ (૫૦) **આ૦ સાધુરત્નસૂરિ**–તે (૪૯)મા **ભ૦ દેવસુંદરસૂરિના** પાંચમા **પટ્ટધર** હતા. તેમના ઉપદેશથી, અને ખંભાતના હાકેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શેઠ સાધુ સજ્જનસિંહ ઓસવાલ**ની રાજવી મદદથી, શંખલપુરના **શેઠ કોચરશાહ પોરવાડ** વ્યવહારિએ વિક્રમની ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં બહુચરાજીનાં ૧૨ ગામોમાં **જીવદયા** પળાવી હતી. (-જૈન ઇતિ૦ પ્રક૦ ૩૫, પૃ૦ ૧૯૮. પ્રક૦ ૪૯, પૃ૦ ૪૩૬)

**નોંધ :** આ અમારિની ઘટનાનો આ આચાર્ય સાથે મેળ ખાય છે. તેથી અમે તેમના નામ સાથે આ ઘટના જોડી છે.

પરંતુ કોઈ કોઈ વિદ્વાન્ આ અમારિની ઘટનાને ૫૩મા **ભ૦ લક્ષ્મીસાગરસૂરિના** પટ્ટધર ૫૪મા ગચ્છનાયક **ભ૦ સુમતિસાધુસૂરિ** સાથે જોડે છે. પણ તે જોડાણ બંધ બેસતું નથી માટે સપ્રમાણ નથી.

(૨) **(૫૪મા) ભ૦ સુમતિસાધુસૂરિ**–તે ૫૩મા ભ૦ લક્ષ્મીસાગરસૂરિના પટ્ટધર–ગચ્છનાયક હતા.

**નોંધ :** અમે ઉપર (૫૦ મા) "શ્રીસુમતિસાધુરત્નસૂરિના ઉપદેશથી શંખલપુરનાશા૦ કોચર વ્યવહારિયાએ અમારિ પ્રવર્તાવી." એમ બતાવ્યું છે તે બરાબર છે.

૩ **(૫૬મા) આ૦ સુમતિસાધુસૂરિ**–

તપાગચ્છના કમલકલશાં મતના ૫૫ મા **આ૦ સુધાનંદસૂરિના** પટ્ટધર ૫૬મા આ૦ સુમતિસુંદરસૂરિ થયા. તેમનું બીજું નામ **આ૦ સુમતિસાધુસૂરિ** પણ મળે છે. (-પ્રક૦ ૫૩ પૃ૦ ૫૬)

**નોંધ :** ઉપર લખેલ ત્રણે આચાર્યોની કોઈ કોઈ જીવન ઘટનામાં ભેળસેળ થઈ જાય તેમ છે, આથી અમે ઉપલબ્ધ સાધનોના આધારે અને સાલવારીનો મેળ સાધી તે વિસંવાદી ઘટનાઓને વ્યવસ્થિત કરી છે. અને તેની અહીં પ્રાસંગિક સ્પષ્ટતા કરી છે.

અમે હવે **૫૪મા ભ૦ સુમતિસાધુસૂરિ** વિષે લખીએ છીએ.

## જિન પ્રતિષ્ઠાઓ

૫૪મા **ભ૦ સુમતિસાધુસૂરિ** સં૦ ૧૫૫૧ થી ૧૫૮૧ સુધી **ગચ્છનાયકના** પદે રહ્યા હતા. તેમણે ઘણા જિનાલયો, અને જિનપ્રતિમાઓની **પ્રતિષ્ઠા** કરી હતી. તે આ પ્રમાણે જાણવા મળે છે.

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

સંઘપતિ ઉદા **શ્રીમાળીના** વંશમાં માંડવગઢમાં **લઘુશાલિભદ્ર સં૦ જાવડ શ્રીમાળી** થયો. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૯ થી ૩૨૨)

**પં૦ શ્રી વિમલગણિના** શિષ્ય પં૦ **ધનવિમલગણિ** લખે છે કે **સંઘપતિ જાવડે** ભ૦ સુમતિસાધુસૂરિનો ૮૪ હજાર ચૌકડા (ચોખંકડા રૂપૈયા) ખરચી, માંડવગઢમાં **નગરપ્રવેશ** કરાવ્યો. અને ૧૫ લાખ **ચોકડા** ખરચી, તેમના હાથે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. (દૂહા ૯૧ થી ૯૪)

(તપાગચ્છ પટ્ટાનુક્રમ, ગુર્વાવલી છંદ, પટ્ટાવળી–સમુચ્ચય–ભા૦૨ ૧૩૩ થી ૧૪૪)

સોમહર્ષ શાખાના **ભ૦ સોમવિમલસૂરિ** વિ. સં. ૧૬૧૨ના જેઠ શુ. ૧૩ને રોજ લખે છે કે–

**સં૦ જાવડે** ભ૦ સુમતિસાધુસૂરિના ઉપદેશથી ૧ લાખ ચોખંડા રૂપૈયા ખરચી, અગિયાર શેર **સોનાની** એક પ્રતિમા અને બાવીશ શેર રૂપાની બીજી એક **પ્રતિમા,** એમ બે જિનપ્રતિમાઓ ભરાવી, તે તથા બીજી જિન પ્રતિમાઓની આ૦ સુમતિસાધુસૂરિના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવી. આ ઉત્સવમાં ૧૧ લાખ ખરચ્યા.

(વિ૦ સં૦ ૧૬૧૨ જેઠ શુદિ ૩ની સોમશાખા પટ્ટાવલી. કડી. ૩૬ થી ૩૯ પટ્ટાવલી સમુ૦ ભા. ૨ પૃ. ૧૫૫)

પોતે ગચ્છનાયકના ભારથી નિવૃત્ત થયા. ત્યારબાદ તે ૩૦ વર્ષ વધુ જીવ્યા છે. સં૦ ૧૫૮૧ માં સ્વર્ગે ગયા છે. ઇતિહાસના પરિશીલનથી જાણવા મળે છે કે–તેઓ આ નિવૃત્તિ જીવનકાળમાં નિષ્ક્રિય બની બેસી રહ્યા નથી, તેમણે જિનાલયો, જૈન તીર્થો અને જિનવાણીની રક્ષામાં વિશેષ ધ્યાન આપી મોટી શાસન પ્રભાવના કરી છે.

ઉલ્લેખો મળે છે કે તેમણે ગીતાર્થ મુનિવરો પાસે વિવિધસ્થાનોમાં ગ્રંથભંડારો શોધાવી તેની પાકી વ્યવસ્થા કરી હતી.

"વીરવંશાવલીમાં ઉલ્લેખ છે કે **ભ૦ સુમતિસાધુસૂરિએ જેસલમેર,** કિસનગઢ, આબૂતીર્થનું દેલવાડા, ગઢનગર, ખંભાત, **ગંધાર ઇડરનગરના** જ્ઞાનકોષોને ગીતાર્થો પાસે શોધાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૩ જો
## ( પ્રક૦ ૫૪ પૃ૦ ૬૭૪ )

આ પાનામાં **અશુદ્ધ** છપાઈ ગયું છે. તેને બદલે અહીં નીચે પ્રમાણે **શુદ્ધ** જાણવું.

૧ ઉદા **શ્રીમાલીના** વંશના માંડવગઢના **લઘુશાલીભદ્ર** સં૦ જાવડ શ્રીમાળી થયો. (–પ્રક૦ ૪૫, પૃ૦ ૩૧૯ થી ૩૨૨)

૨ પં૦ શ્રી **વિમલગણિના** શિષ્ય પં૦ **ધનવિમલગણિ** લખે છે કે–

**સંઘપતિ જાવડે** ભ૦ સુમતિસાધુસૂરિનો ૮૪ હજાર ચોખંડા (ચોખંડ રૂપૈયા) ખરચી માંડવગઢમાં **નગર પ્રવેશ** કરાવ્યો. અને ૧૫ લાખ ચોખંડા ખરચી તેમના હાથે જિનપ્રતિમાઓની **પ્રતિષ્ઠા** કરાવી. (દુહા ૯૧ થી ૯૪)

(–તપાગચ્છ પટ્ટાનુક્રમ ગુર્વાવલી છંદ. પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨ પૃ૦ ૧૩૩ થી ૧૪૪)

૩ સોમહર્ષશાખાના ભ૦ સોમસુંદરસૂરિ વિ૦ સં૦ ૧૬૧૨ જે૦ સુ૦ ૧૩ ને રોજ લખે છે કે–

સં૦ જાવડે ભ૦ સુમતિસાધુસૂરિના ઉપદેશથી ૧ લાખ ચોખંડા રૂપૈયા ખરચી અગિયાર શેર સોનાની એક પ્રતિમા અને બાવીશ શેર રૂપાની બીજી એક પ્રતિમા. એમ બે **જિન પ્રતિમાઓ** ભરાવી. તથા બીજી પણ ઘણી જિનપ્રતિમાઓની ભ૦ સુમતિસાધુસૂરિના વરદ હસ્તે **પ્રતિષ્ઠા** કરાવી, આ ઉત્સવમાં ૧૧ લાખ ખરચ્યા.

૪ સં૦ ૧૫૪૭ મહા વદિ૦ ૧૩ રવિવારે માંડવગઢમાં **સં૦ જાવડની** ભગવાન શાન્તિનાથ વગેરે ૧૦૪ ધાતુ તીર્થીની જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

(૧) આ પ્રતિમાઓ પૈકીની ભ૦ શાન્તિનાથની પ્રતિમા વિજાપુરમાં ભ૦ ચિંતામણી પાર્શ્વનાથના જિનાલયમાં વિદ્યમાન છે.

(૨) ભ૦ કુંથુનાથની પ્રતિમા આગરામાં મોતી કટરાના ભ૦ સૂર્યપ્રભસ્વામીના જિનાલયમાં વિદ્યમાન છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) ઈંદોરની શ્વે૦ જૈ૦ સંઘની પેઢી પ્રકાશિત શ્રી માંડવગઢ તીર્થ (પૃ૦ ૪૬)

૫ પરંતુ વિસંવાદ મળે છે કે. ભ૦ કુંથુનાથની પ્રતિમામાં સં૦ જાવડના પુત્ર હીરજીની માતાના નામમાં ફરક મળે છે. તેમજ સં૦ ૧૫૪૭ને બદલે સં૦ ૧૫૯૭નો આંક મળે છે. સંભવ છે કે તે લેખ બે કાળજીથી લેવાયો હોય. (પ્રક૦ ૪૫ પૃ૦ ૩૨૧)

૬ અમદાવાદમાં પાનકોર નાકે શેઠ દલપતભાઇ ભગુભાઈના વંડાના **ઘર દેરાસરમાં** મૂળનાયક ભ૦ શાન્તિનાથની પંચતીર્થી ધાતુ પ્રતિમા છે. તેમાં **પ્રતિમા લેખ છે** કે–

"સં૦ ૧૫૪૭ વર્ષે માઘ સુદિ ૧૩ રવૌ શ્રીમાલી **શ્રે૦ ગોલાકેન** ભા૦ લીલૂ પ્રમુખ કુટુંબયુતેન નિજશ્રેયસે શ્રી શાન્તિનાથ બિંબં કા૦ પ્રતિ૦ તપાશ્રી લક્ષ્મીસાગરસૂરિ પટ્ટે શ્રી સુમતિસાધુસૂરિભિઃ"

૭ **જિનવાણીની રક્ષા**

**ભ૦ સુમતિસાધુસૂરિવરે** પોતાના પટ્ટધર ભ૦ હેમવિમલસૂરિને ગચ્છનાયક બનાવી ગચ્છનો ભાર તેમને સં૦ ૧૫૫૧માં સોંપ્યો. **ગચ્છનાયકે** તેમને શ્રમણસંઘની રક્ષા, વૃદ્ધિ વગેરે જવાબદારી તેમને સોંપી, પોતે ગચ્છનાયકના ભારથી નિવૃત્ત થયા. ત્યારબાદ તે ૩૦ વર્ષ જીવ્યા હતા. સં૦ ૧૫૮૧માં સ્વર્ગે ગયા. પરંતુ ઇતિહાસના પરિશીલનથી જાણવા મળે છે કે– તેઓ આ નિવૃત્તિકાળમાં નિષ્ક્રિય બની બેસી રહ્યા નથી. પરંતુ તેમણે જિનાલયો, જૈનતીર્થો, અને જિનવાણીની રક્ષામાં વિશેષ ધ્યાન આપી મોટીશાસન પ્રભાવના કરી છે.

૮ ઉલ્લેખો મળે છે કે– તેમણે ગીતાર્થ મુનિવરો પાસે વિવિધ સ્થાનોના ગ્રંથ ભંડારો શોધાવી તેની પાકી વ્યવસ્થા કરી હતી.

૯ **વીરવંશાવલીમાં** ઉલ્લેખ છે કે– **ભ૦ સુમતિસાધુસૂરિવરે જેસલમેર,** કિસનગઢ, આબૂ, દેલવાડા, બઢનગર, ખંભાત, **ગંધાર ઇડરનગરના** જ્ઞાનકોશોને ગીતાર્થો પાસે શોધાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે નિરતિચાર ચારિત્ર ધર્મના આરાધક, અને શુદ્ધ પ્રરૂપણા કરનારા હતા, સં૦ ૧૫૫૧માં (?) અમણુર ગામમાં સ્વર્ગે ગયા.

( વિવિધ પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૧૮ )

**ગચ્છનાયક સ્થાપના**

(૫૪મા) **ભ૦ સુમતિસાધુસૂરિવરે** સં૦ ૧૫૪૮માં **પંચલાસ-ગામમાં** સૂરિમંત્રની આરાધના કરી, શેઠ પાતાજે કરેલ મહોત્સવમાં મહો૦ હેમવિમલગણિને આચાર્યપદ આપ્યું, ત્યારબાદ સં૦ ૧૫૫૧માં ઈડરગઢમાં રાવ ભાણના માનીતા શેઠ **સાયર** અને કોઠારી **શ્રીપાળે** કરેલ મહોત્સવમાં ગચ્છનાયક બનાવી પોતાની પાટે સ્થાપ્યા. અને ત્યારથી જ સાથે સાથ તેમને ગચ્છનો ભાર સોંપ્યો. અને હિતચિંત્વનમાં મસ્ત બન્યા.

**નોંધ :** યુગ પ્રધાન યંત્રના આધારે જાણવા મળે છે યુગ પ્રધાન **આ૦ હરિમિત્રનો** સ્વર્ગગમન વિ૦ સંવત ૧૫૫૪ નો છે.

તો સંભવ છે, કે ૫૪મા ભ૦ સુમતિસાધુસૂરિ સં૦ ૧૫૫૪ થી વધુ એકાંત પ્રિય નિઃસંગ–ધ્યાન મસ્ત બન્યા હોય.

**સ્વભાવ**

આ૦ સુમતિસાધુસૂરિ સરળ હતા. વિચારક અને તપસ્વી હતા. **વર્ધમાનતપ** કરતા હતા. તપાગચ્છમાં બે–એક દશકાથી ગચ્છ-ભેદનું વાતાવરણ ઊઠયું હતું તે તેમના ધ્યાનમાં જ હતું, પણ "કોઈ પણ રીતે ગચ્છભેદ ન થાય" એ માટે તેઓ ખૂબ સાવચેત રહેતા.

**સાવધાનતા**

(૧) **આ૦ ઇંદ્રનંદિ** સં૦ ૧૫૨૮ માં આ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે આચાર્ય બન્યા. (૨) **આ૦ કમલકળશ** પણ જૂના આચાર્ય હતા,

ભ૦ સુમતિસાધુસૂરિએ સંઘની વિનંતિથી સં૦ ૧૫૫૧માં નાણુ માંડી તે બંનેને **ગણનાયકો** બનાવ્યા. અને પોતે વિચરતા વિચરતા **ખંભાત** પધાર્યા. આ૦ ઇંદ્રનંદિસૂરિ અને આ૦ કમલકળશસૂરિ મોટા હતા; જ્યારે **આ૦ હેમવિમલસૂરિ** તે બન્નેથી નાના હતા. આમ હોવાથી આ બંને આચાર્યોએ પોતાના **સ્વતંત્રપક્ષો** જમાવવા પ્રયત્ન શરૂ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ સુમતિસાધુસૂરિ **સાવધાન** હતા. તે સમજી ગયા કે "આ બંને આચાર્યો પોતપોતાનો નવો પટ્ટધર સ્થાપી અવશ્ય ગચ્છભેદ કરશે."

આચાર્યશ્રી ચેતી ગયા. આથી તેમણે આ બેમાંથી કોઈને પોતાની **પાટે ગચ્છનાયક** સ્થાપ્યા નહીં.

**ગચ્છનાયકશ્રી** સં૦ **લીલાચંદ,** સં૦ કાલુ, સં૦ જાગજીવ, **સં૦ હેમજી, સં૦ ખીમજી, સં૦ લાખો** વગેરેના છ'રી પાળતા યાત્રાસંઘમાં **આ૦ હેમવિમલસૂરિ** વગેરે પરિવારની સાથે શત્રુંજયની યાત્રાએ પધાર્યા. ત્યાંથી આવતાં જ **લાલપુરમાં** આવીને ફરીવાર "સૂરિમંત્રની આરાધના" કરવા બેઠા. સૂરિમંત્રના **અધિષ્ઠાયક દેવે** ગચ્છનાયકને જણાવ્યું કે, "તમે આ બંનેને "ગણનાયક" બનાવ્યા, તે ઠીક કર્યું નથી. તે બંને અવશ્ય ગચ્છભેદ કરશે."

**દેવીસંકેત**

**અધિષ્ઠાયકે** "આ૦ હેમવિમલસૂરિની પાટે **નવો ગચ્છનાયક** કોને બનાવવો" તેનો આચાર્યશ્રીને **સંકેત** આપ્યો. આથી ભ૦ સુમતિસાધુસૂરિએ આ૦ હેમવિમલસૂરિની પાટે પ્રથમ **આ૦ દાનધીરને** સ્થાપન કર્યા, પણ તે નવા આચાર્ય ૬ મહિનામાં જ કાળધર્મ પામ્યા.[1]

એટલે ગચ્છનાયક ભ૦ સુમતિસાધુસૂરિએ સં૦ ૧૫૭૦માં ડાભલામાં કે પાટણમાં ઉપા૦ અમૃતમેરુ ગણિને આચાર્યપદ આપી આ૦ હેમવિમલસૂરિની પાટે સ્થાપન કર્યા, અને તેમને જ આ૦ હેમવિમલસૂરિની પાટે ગચ્છનાયક **આ૦ આનંદવિમલસૂરિ** બનાવ્યા.

૧. **સંકેત અક્ષરો—**

ભ૦ સુમતિસાધુસૂરિને અધિષ્ઠાયકે શું સંકેત આપ્યો તે સમજાતું નથી. બનવા જોગ છે કે, અધિષ્ઠાયકે **દ. ન, આ** એમ ત્રણ અક્ષરો આપ્યા હોય. ? આ હિસાબે આ૦ દાનધીર નામ બરાબર હતું. પણ તેઓ ૬ મહિનામાં સ્વર્ગવાસી થયા. એટલે ભ૦ સુમતિસાધુસૂરિએ એ જ અક્ષરોનો **अंकानां वामतो गतिः** એ ન્યાયે અનુક્રમ બદલી બીજા નવા આચાર્યનું **આ૦ આનંદવિમલસૂરિ** નામ સં. ૧૫૭૦માં આપ્યું હોય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જ સમયે પં૦ દાનશેખર અને પં૦ માણેકશેખરગણિને **ઉપાધ્યાય-પદ** આપ્યું. (સોમશાખા પટ્ટાવલી)

આ રીતે (૫૪) ભ૦ સુમતિસાધુસૂરિ પછી તેમના હાથે જ (૫૫) **ભ૦ હેમવિમલસૂરિ** અને (૫૬) **ભ૦ આનંદવિમલસૂરિ** એમ બે ગચ્છનાયકો બન્યા. અને આ૦ ઇન્દ્રનંદિસૂરિએ '**કુતુબ-પુરાગચ્છ–નિગમમત**' તથા આ૦ કમળકળશે 'કમલકળશગચ્છ' ચલાવ્યો. (–પ્રક૦ ૫૩, પૃ૦ ૫૬૦, પૃ૦ ૫૬૬ થી ૫૮૧)

ભ૦ સુમતિસાધુસૂરિએ ૨ ગચ્છનાયકો અને ૬ નવા આચાર્યો બનાવ્યા. વળી ઉપાધ્યાયો, પંન્યાસો અને ૬૦૦ નવા સાધુઓ બનાવ્યા. હતા, તેમના પરિવારમાં કુલ ૧૮૦૦ સાધુઓ હતા.

## પરંપરાઓ

૫૪. ભ૦ સુમતિસાધુસૂરિ શિષ્ય (૫૫) કવિચક્રવર્તિ **પં૦ સર્વવિજય ગણિવર** શિષ્ય (૫૬) પં૦ અમરવિજયગણિ શિષ્ય (૫૭) **પં૦ કમલવિજયગણિ** થયા. તેમની પરંપરા માટે જૂઓ (પ્રક૦ ૫૧, 'મહો૦ લક્ષ્મીભદ્રીય પરંપરા').

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ભ૦ સુમતિસાધુરત્ન શિષ્ય **પં૦ સર્વવિજય** ગણિએ સં૦ ૧૫૫૧માં માંડવગઢના અધિકારી લઘુ શાલિભદ્ર સં૦ જાવડની વિનતિથી "આનંદસુંદર ગ્રંથ" રચ્યો.[1]

---

૧. આ૦ સોમસુંદરસૂરિના (૫૩) મહો૦ ચારિત્રરત્નગણિ શિષ્ય (૫૪) મહો૦ જિનમાણિક્યગણિ શિષ્ય (૫૫) ભ૦ હેમવિમલસૂરિના સમયે **મહો૦ અનંતહંસગણિએ** આનંદ આદિ દશ શ્રાવકોનું ચરિત્ર 'दशदृष्टांतचरित्र' બનાવ્યું. સંભવ છે કે, આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય પં૦ નંદિરત્ન ગણિના શિષ્ય અથવા પં૦ રત્નહંસગણિના શિષ્ય પં. જિનસૂરગણિ માટે લહિયા લક્ષ્મીધરે તેની પ્રતિ લખી હતી. (પ્રક. ૫૦ પૃ૦ ૪૫૬, ૪૬૨)

ભ૦ સુમતિસાધુરત્નસૂરિના શિષ્ય **પં૦ સર્વવિજયગણિએ** સં. ૧૫૫૧ માં आनंदसूर (वर्धमानदेशना) ગ્રંથ રચ્યો. પણ બનવાજોગ છે કે તેમણે અસલમાં તેને સં. ૧૫૪૯ માં માંડવગઢમાં શરૂ કર્યો હોય. અને સં. ૧૫૫૧માં માંડવગઢમાં જ પૂરો કર્યો હોય. કેમકે સં. ૧૫૪૯ની એક ગ્રંથ

(૫૪) ભ૦ સુમતિસાધુસૂરિ (૫૫) પં૦ પદ્મવિજય ગણિ (૫૬) પં૦ જયવિજયગણિ, (૫૭) પં૦ શાંતિવિજયગણિ,

(૫૮) **પં૦ દોલતવિજય ગણિ**–તેમણે "ખુમાણુરાસ" રચ્યો.

(૫૪) પં૦ સાધુવિજયગણિ શિષ્ય (૫૫) પં૦ કમલસાધુગણિ શિષ્ય (૫૬) **પં૦ આણંદે** સં૦ ૧૬૫૨માં "સ્તવનચોવીસી" બનાવી.

(૫૪) **સાધુવિજયગણિ** (૫૫) **સોમવિજયગણિ** તે સં૦ ૧૫૫૩ ભા૦ શુ૦ ૧૨ ને શુક્રવારે **દેવપલ્લીમાં** ચોમાસું હતા.

( શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભાગ ૨ જો )

**નોંધ : હારિજગચ્છના** આ૦ સિંહસૂરિના શિષ્ય પં૦ ઉદયસાગરગણિ **પં૦ જયકુશળગણિએ** સં૦ ૧૫૫૬ ફા૦ શુ૦ ૩ રવિવારે મીનના ચંદ્રમાં ઇડરગઢમાં ભાનુ રાજાના રાજ્યમાં "દુર્ગસિંહવૃત્તિની અવચૂરિ" બનાવી, લખી

( શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભાગ ૨ જો, પ્રશ૦ નં૦ ૨૨૬)

(હારિજગચ્છ માટે જૂઓ પ્રક૦ ૧, પૃ૦ ૩૨, પ્રક૦ ૨૭, પૃ૦ ૪૫૨, પ્રક૦ ૫૪)

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

પ્રશસ્તિ મળે છે. આથી અનુમાન થાય છે કે, आनंदसूर ગ્રંથનો સં. ૧૫૪૯માં પ્રારંભ થયો હશે અને સં. ૧૫૫૧માં માંડવગઢમાં સમાપ્તિ થઈ, તે **પ્રશસ્તિ** આ પ્રકારે છે—

इति श्रीमदानंदसुंदर ग्रंथ प्रशस्तिः–स्वस्तिकारिणी संपूर्णः ॥ शिवमस्तु सर्वजगतः, श्रीवरकाणापार्श्वः प्रसन्नो भूयात् । संवत् १५४९ वर्षे कार्तिक वदि १२ दिने । मंडपाचलवास्तव्यमंडल महादुर्गे सुरताणग्याससाहविजयराज्ये ॥

सुलतान नासीरसाह राज्ये ॥ठा॥ श्रीपतनमध्ये वास्तव्यमोढज्ञातीय लेषक लक्ष्मीधर लिखितं ॥ठा॥ यादशं पुस्तकं दृष्ट्वा०...तैलाद् रक्षेत्०...॥ शुभं भवतु । पं० जिनसुरगणियोग(ग्यं) आनंदसुंदरग्रंथ ॥

( –શ્રી પ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૨૦૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ પંચાવનમું

*

# ભ૦ હેમવિમલસૂરિ (સ્વ૦ ૧૫૮૩)

"શ્રી હેમવિમલ ગચ્છપતિ તણી, ઇહ દિસિ પસરી હૂક;
વાદિવિડંબન બિરૂદ વલિ, વાદિ કીધા મૂક. ૧૦૬
હેમ સરિસ અમરસ ધરઈ, તિહં પિસુણ પડઈ બહુ ચૂક;
દુશ્મન નયન નવિ ઉથડઈ, જિમ રવિ દિઠઈ ઘૂક. ૧૦૭
હરામખોર ઘૂક ઘોર, છંડી. જોર છપ્પએ;
સુગામિં ગામિ ઠામિંઠામિં, હેમ નામ દિપ્પએ. ૧૦૮"

(–વિબુધવિમલ ગણિ શિષ્ય કૃત 'તપાગચ્છ પટ્ટાનુક્રમ ગુર્વાવલી છંદો લે૦ સં૦ ૧૬૫૩, ભા૦ વ૦ ૧૩, પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૧૪૩)

**હેમવિમલસૂરિસર,** ઇસર કિર અવતાર,
અણુદિણુમયચનિવારણુ, તારણુસયલ સંસાર. ॥૨॥

(સં. ૧૫૫૪નો પં૦ દાનવર્ધન શિષ્ય પં૦ હંસધીર કૃત શ્રી હેમવિમલસૂરિ ફાગ.)

**ટૂંકો પરિચય**

તેમનો સં૦ ૧૫૨૦(૨૨)ના કા૦ સુ૦ ૧૫ ના રોજ મારવાડના **વડગામમાં** શા૦ ગંગરાજ પત્ની **ગંગાદેવીની** કુક્ષિથી **જન્મ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો. તેમનું નામ **હાદકુમાર** (હદરાજ) રાખ્યું. સં૦ ૧૫૨૮ (૧૫૩૮)માં **ભ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે દીક્ષા** થઈ, તેમનું નામ ભ૦ સુમતિસાધુ શિષ્ય તરીકે **મુનિ હેમધર્મ** પાડયું. સં૦ ૧૫૪૮માં પંચલાસમાં શેઠ પાતુરાજના મહોત્સવમાં ભ૦ સુમતિસાધુસૂરિના હાથે **આચાર્ય પદ** મળ્યું. તેમનું નામ **આ૦ હેમવિમલસૂરિ** પાડવામાં આવ્યું. સં૦ ૧૫૪૮માં ઇડરમાં કોઠારી સાયર, શ્રીપાલે કરેલા મહોત્સવમાં **ગચ્છનાયક પદ** મળ્યું. સં૦ ૧૫૮૨માં **ક્રિયોદ્ધાર** કર્યો. સં૦ ૧૫૮૩ના આ૦ સુ૦ ૧૦ના રોજ **વીસનગરમાં** સ્વર્ગગમન થયું.

શ્રી દોલતસિંહ લોઢા તેમને પોરવાડ બતાવે છે.

પાતરાજ પં૦ હંસધીર કહે છે કે આ૦ હેમવિમલસૂરિ ગણધર સુધર્માસ્વામી અને આ૦ વજ્રસ્વામીનો અવતાર યુગપ્રધાન મનાતા હતા. (ફાગ) (–પ્રક૦ ૫૫, પૃ૦ ૧)

આ૦ **હેમવિમલસૂરિ** સં૦ ૧૫૪૮માં પંચલાસમાં ગુરુદેવ ભ૦ સુમતિસાધુસૂરિના હાથે **આચાર્ય** થયા. ત્યારથી સંઘમાં ઘણો આનંદ પ્રસર્યો. તે વાદી હતા. તેમને **'વાદિવિડંબન'** બિરુદ મળ્યું હતું. તે ગુરુ સાથે ખંભાત પધાર્યા. સં૦ ૧૫૪૯માં સૌએ સાથે ખંભાતમાં ચાતુર્માસ કર્યું. ત્યાં તેમને **દેવે** યાત્રાનું સ્વપ્ન આપ્યું. આ સ્વપ્ન અનુસાર તેમણે શત્રુંજયના સંઘનો ઉપદેશ આપ્યો. શ્રાવકોએ શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. સૌએ સાથે મળીને શત્રુંજયની યાત્રા કરી. આ સંઘમાં ૧૧ આચાર્યો અને બીજા ઘણા નાના સંઘો જોડાયા હતા. (–ગુર્વાવલી)

### પ્રભાવક

**આ૦ હેમવિમલસૂરિ** નૈષ્ઠિક બ્રહ્મચારી, આચારનિષ્ઠ, સંવેગી, અપરિગ્રહી અને સંવેગરંગથી રંગાયેલા સાધુત્વના પ્રશંસક હતા. તેઓ સંઘમાં મુનિ ચુડામણિ–મોટા પ્રભાવશાળી હતા. મોટા તપસ્વી હતા.

### સ્વછંદી યતિઓ

આ સમયે ગચ્છભેદ થવાથી સૌ સ્વતંત્ર અને સ્વચ્છંદી હતા. આથી સાધુઓમાં **શિથિલતા** વધી હતી. આચાર્યશ્રીએ ધનસંગ્રહ

જૈન સાઈટ JAINSITE .com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરનારા, ક્રિયાભ્રષ્ટ, સપરિગ્રહી અને તાંબાના લોટ, તરપણી–પાતરાં રાખનારા **યતિઓને** ગચ્છમાંથી કાઢી મૂક્યા. આચાર્યશ્રી મોટા તપસ્વી હતા.

### સાધુવૃદ્ધિ

તેમણે લગભગ ૫૦૦ સ્ત્રી–પુરુષોને **દીક્ષા** આપી હતી. તેમની આજ્ઞામાં ભ૦ આનંદવિમલસૂરિ, આ૦ સૌભાગ્યહર્ષસૂરિ, શતાર્થી પં૦ હર્ષકુલ ગણિ, પં૦ ચારિત્રરત્નગણિ વગેરે ૧૮૦૦ સાધુઓનો પરિવાર હતો. ભટ્ટારકના સાધુ જીવનની સુવાસ સ્વગચ્છ અને પરગચ્છોમાં ખૂબ ફેલાઈ હતી. આથી લોંકાગચ્છના ઋષિ **હાના**, ઋષિ શ્રીપતિ, ઋષિ ગણપતિ, ઋષિ જગાજી, ઋષિ જીવા વગેરે ૬૮ જણાએ પોતાનો ગચ્છ તજી દઈ, તેમની પાસે સંવેગી દીક્ષા લીધી. આથી તેમની ગચ્છમાં "ક્રિયોદ્ધાર કરવાની ભાવના" સતેજ બની હતી.

### પ્ર–પટ્ટધર

ભ૦ સુમતિસાધુસૂરિ અને ભ૦ હેમવિમલસૂરિએ ઇડરમાં સં૦ ૧૫૭૦માં ઉપા૦ અમૃતગણિને આચાર્ય આનંદવિમલસૂરિ બનાવી પોતાની પાટે સ્થાપન કર્યા. તથા પં૦ રત્નશેખર અને પં૦ માણેકસાગરને **ઉપાધ્યાયો** બનાવ્યા.

### ઉપસર્ગ

ભ૦ **હેમવિમલસૂરિ** ઇડરથી વિહાર કરી ખંભાત જતા હતા. રસ્તામાં કપડવંજમાં **દોશી આણંદજીએ** તેમનું બાદશાહી સ્વાગત કર્યું. આથી ગુજરાતના બાદશાહ દાઉદશાહના પુત્ર બાદશાહ **મુજફ્ફરશાહ બીજા** (સં૦ ૧૫૬૭ થી ૧૫૮૩) એ કોઈએ ચાડી ખાતાં, ઈર્ષાથી બળી જઈ, આચાર્યશ્રીને પકડી કેદ કરવા હુકમ કર્યો.

આચાર્યશ્રીને **ચૂણેલ** પહોંચતાં આ હુકમના ખબર મળ્યા, એટલે તે ગચ્છનાયક ત્યાંથી રાતોરાત નીકળી સોજિત્રા થઈ **ખંભાત** પહોંચી ગયા. બાદશાહના માણસોએ સં૦ ૧૫૭૨માં ખંભાત પહોંચી ભ૦ હેમવિમલસૂરિને પકડી કેદમાં નાખ્યા, અને ખંભાતના સંઘનો ૧૨૦૦૦ ટકા દંડ કરી, તેની પાસેથી તે રકમ વસૂલ કરીને આચાર્યશ્રીને છૂટા કર્યા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રતિકાર**

આચાર્યશ્રીએ ફરી ફરી આવા ઉપસર્ગો ન થાય તે માટે "આયંબિલનું તપ" કરી સૂરિમંત્રનો જાપ કર્યો. અધિષ્ઠાયક દેવે જણાવ્યું કે, 'આક્ષેપ કરો, ધન પાછું વળશે.' એટલે આચાર્યશ્રીની આજ્ઞાથી ૧ શતાર્થી **પં૦ હર્ષકુલગણિ,** ૨ પં૦ સંઘહર્ષગણિ. ૩ પં૦ સંયમકુશળ ગણિ અને ૪ શીઘ્રકવિ પં૦ શુભશીલગણિ એમ ચાર ગીતાર્થો **ચાંપાનેર** ગયા, અને બાદશાહને કાવ્યકલા તેમજ ઉપદેશથી રંજિત કરી ખંભાતના સંઘને ૧૨૦૦૦ ટકાની રકમ બાદશાહ પાસેથી પાછી અપાવી.

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૨, ૨૧૩ ૭મો બા૦ મુજફર; સં૦ ૧૬૩૬ની તપાગચ્છ લઘુ પોષાળ પટ્ટાવલી)

**પ્રતિષ્ઠાઓ**

આચાર્યશ્રીએ સં૦ ૧૫૬૩ ના વૈ૦ શુ૦ ૧૧ ને ગુરુવારે **નાણાવટી** સોમાક શ્રીમાલીના ભ૦ આદિનાથના ચતુર્વિંશતિ પટ્ટની પ્રતિષ્ઠા કરી. આ પટ્ટ ઇડરમાં વિરાજમાન છે. સં૦ ૧૫૭૮ના માહ વદિ ૮ને રવિવારે પાટણમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**જુદો વિહાર**

ગચ્છનાયકને ઉપસર્ગ નડચો. આવા કપરા સમયમાં બે ગચ્છ-નાયકોએ એક સાથે વિચરવું તેમાં જોખમ સમાયેલું હતું. આમ વિચાર કરી, ભ૦ હેમવિમલસૂરિ તથા ભ૦ આનંદવિમલસૂરિ બંને ગચ્છનાયકોએ જૂદા પડી, જુદો જુદો વિહાર કર્યો.

**દીક્ષાઓ**

ભ૦ હેમવિમલસૂરિએ સં૦ ૧૫૪૮ના ઇડરના કોઠારી સાયર શ્રીપાલે કરેલા ઉત્સવ પછી લગભગ ૫૦૦ સ્ત્રી–પુરુષોને દીક્ષા આપી હતી. આ૦ આનંદવિમલસૂરિ જૂદા વિચરતાં કુમરગિરિ (કુણગેર) ચોમાસુ રહ્યા.

**ધર્મોપદેશ**

કુણગેરમાં એક **વિક્રમી** નામે ભાવિકવલી શ્રાવિકા હતી. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ આનંદવિમલસૂરિ પ્રત્યે અત્યંત રાગિણી હતી. તેને દીક્ષા લેવાની ભાવના હતી, તે ચપળ હતી અને નાની ઉંમરની હતી. આથી ભ૦ હેમવિમલસૂરિએ તેને દીક્ષા આપવાની મનાઈ કરી, પરંતુ આ૦ આનંદવિમલસૂરિએ સાથેના ઋષિ-મુનિવરોની સમ્મતિ મળવાથી ભવિષ્યનો લાભ વિચારી, તેને દીક્ષા આપી. આ૦ આનંદવિમલસૂરિ ત્યારથી ચાર ચોમાસાં ગચ્છનાયકથી જૂદા વિચર્યા, તેઓ ત્યાં ક્રિયોદ્ધાર કરવાના હતા. તેમણે દીક્ષાની ભાવનાવાળા કડુઆમતના સંવરીઓને દીક્ષા આપી, પોતાના શિષ્યો બનાવ્યા. કડુઆમતના શ્રાવકોને પોતાના ભક્તો બનાવ્યા. માંડવ (માંડલ)ના શ્રાવકોને પોતાનામાં લીધા, સ્થાને સ્થાને વિચરી, શ્રાવકોને પોતાના બનાવ્યા. જ્યાં જ્યાં જે જે ક્ષેત્ર પોતાનું બને એમ લાગ્યું ત્યાં ત્યાં તેમણે રહીને તે તે ક્ષેત્રને પોતાનાં બનાવ્યાં. અને ભણનારાઓને પ્રતિબોધી, દીક્ષા આપી, શિષ્ય બનાવ્યા.

તેમણે મોગલ અબુસઈદ સુલતાનને ઉપદેશ આપ્યો.

(-પ્રક૦ ૪૪, પૃ૦ ૫૨)

તે "ત્યાગી" હતા અને ઋષિઓના યોગથી તથા નવા દીક્ષિતોના યોગથી **કડક ત્યાગી** બન્યા.

**ક્રિયોદ્ધાર**

આ૦ **આનંદવિમલસૂરિએ** સં૦ ૧૫૮૨ વૈ૦ શુ૦ ૩ ના દિવસે ક્રિયોદ્ધાર કર્યો. તે આત્મધ્યાનમાં મગ્ન રહેતા. આ પરિવાર **ઋષિમતી** તરીકે વિખ્યાત થયો. કેમકે આ પરિવારમાં મોટી સંખ્યામાં લોંકાગચ્છમાંથી આવેલા ઋષિઓ હતા.[1]

---

૧. તપાગચ્છમાં વિક્રમની ૧૫ થી ૨૦મી સદી સુધીમાં લોંકાગચ્છ અને સ્થાનકવાસીના ઘણા ઋષિઓ આવ્યા **અને** સંવેગી સાધુ બન્યા, તે આ પ્રમાણે—

ઋષિ હાના, શ્રીપતિ, ગણપતિ, મેઘજી ઉ૦ મેઘજી પૂ૦ બુટેરાયજી, પૂ૦ મૂલચંદજી, પૂ૦ વૃદ્ધિચંદજી, પૂ૦ આત્મારામજી, આ૦ અજિતસાગરજી, પૂ૦ રત્નવિજયજી (ખાખી) ગુરુદેવ ચારિત્રવિજયજી, પૂ૦ પદ્મવિજયજી વગેરે સંવેગિ બન્યા.

ક્રિયોદ્ધારક પરમસંવેગી પં૦ સત્યવિજયગણિવર પણ ગૃહસ્થપણામાં લાડણુના લોંકાગચ્છના શ્રાવક હતા (રાસ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નવા ગચ્છનાયક**

**ભ૦ હેમવિમલસૂરિ** સં૦ ૧૫૮૩માં વિસનગરમાં બિમાર પડ્યા. તેમણે આ૦ આનંદવિમલને વડાલીથી અહીં બોલાવ્યા. અને તેમને ગચ્છભાર ઉઠાવી લેવા આજ્ઞા કરી, **પણ આ૦ આનંદવિમલે** ગચ્છનાયકને "ગચ્છભાર લેવા" મરજી બતાવી નહીં. આથી **ભ૦ હેમવિમલસૂરિએ** સં૦ ૧૫૮૩ના આ૦ શુ૦ ૧૦ ને રોજ વીસનગરમાં ભ૦ **સૌભાગ્યસૂરિને** નવા આચાર્ય બનાવી, તેમને પોતાની પાટે સ્થાપન કરી, ગચ્છભાર સોંપ્યો.

**સ્વર્ગ**–ભ૦ હેમવિમલસૂરિ સં૦ ૧૫૮૩ના આ૦ સુ૦ ૧૩ના દિવસે વીસનગરમાં કાળધર્મ પામ્યા.

**શાખા–પરંપરા**

ભ૦ **હેમવિમલસૂરિ** સંવેગી અને ત્યાગી હતા. તેમના સમયે તપગચ્છની ચાર શાખાઓ નીકળી, અને ઘણી શિષ્ય પરંપરાઓ ચાલી.

૧. **હેમશાખા**—ભટ્ટારક ક્રિયોદ્ધારમાં મોટી પ્રેરણા આપી, આથી તેમના તપગચ્છનું શાખા નામ **'પાલનપુરા હેમશાખા'** પડ્યું, જેમાં આ૦ આનંદવિમલસૂરિની પરંપરા ચાલી.

(–જૂઓ પ્રક૦ ૫૬, ૫૮)

૨. **કમળકલશગચ્છ**–આ૦ કમળકળશથી સં૦ ૧૫૫૫ માં તપગચ્છમાં ત્રીજી **'કમળકળશા શાખા'** નીકળી.

(–પ્રક૦ ૫૩, પૃ૦ ૫૬૦)

૩. **નિગમમત**–આ૦ ઇંદ્રનંદિસૂરિથી તપગચ્છમાં ચોથી **'કુતુબપુરા શાખા'** નીકળી, આ૦ ઇંદ્રહંસે તેમાંથી **'નિગમમત'** ચલાવ્યો. તેમાં તેમણે ૩૬ 'ઉપનિષદ્'ની પ્રરૂપણા કરી. (–પ્રક૦ ૫૩, પૃ૦ ૫૬૬)

૪. **સોમશાખા–ભ૦ સૌભાગ્યહર્ષસૂરિ** અને ઘોર તપસ્વી ૫૭મા **ભ૦ સોમવિમલસૂરિથી** તપગચ્છમાં પાંચમી **'લઘુશાખા હર્ષકુલ સોમશાખા'** નીકળી.

૫. વિમલગચ્છ ભટ્ટારક પટ્ટાવલી (–પ્રક૦ ૫૮)

૬. વિમલગચ્છસંવેગી પટ્ટાવલી (–પ્રક૦ ૫૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. સાગરગચ્છ ભટ્ટારક પટ્ટાવલી (–પ્રક૦ ૫૮)
૮. સાગરગચ્છસંવેગી પટ્ટાવલી (–પ્રક૦ ૫૮)
(–પ્રક૦ ૫૫, (૫૪) 'મહો૦ વિદ્યાસાગરગણિ વાચક પરંપરા,' પ્રક૦ ૫૮)

**ગ્રંથો**–ભ૦ હેમવિમલસૂરિએ નીચે પ્રમાણે ગ્રંથો રચ્યા હતા—

૧. 'શ્રી પાર્શ્વનાથસ્તોત્ર,' કમળના પ્રયોગવાળું શ્લેષમય, શ્લો. ૩૨

૨. 'શ્રી વરકાણાપાર્શ્વનાથસ્તોત્ર, ભક્તામરસ્તોત્ર' અને 'કલ્યાણમંદિર સ્તોત્ર'ની પાદપૂર્તિ રૂપ શ્લો૦ ૪૬.

૩. 'મૃગાપુત્રચોપાઈ'–સજ્ઝાય.

૪. '૧૩ કાઠિયાની સજ્ઝાય' કડી : ૧૫ (જૈ. સ. પ્ર. ક્ર. ૧૩૫)

ગચ્છનાયકે ૧૩ કાઠિયાની સજ્ઝાયની કડી : ૧૨ માં આ પ્રકારે જણાવ્યું છે—

"ઇગ્યારમેં જીવ ચિંતવે ઈસ્યું, એ ગુરુ કાથો કૂટે કીસ્યું;
વિકથા ઉપર બહુરૂચિ થાઈ, હાસો કુતૂહલ તિહાં મન થાય. ૧૨"
(–જૈ૦ સ૦ પ્ર૦ ક્ર૦ ૧૩૫)

આ કડીમાં સં૦ ૧૫૮૨ના "ક્રિયોદ્ધારનો ઈતિહાસ" છે.

**ભ૦ આનંદવિમલસૂરિએ** ક્રિયોદ્ધાર કર્યો, ત્યારે શિથિલાચારીઓથી જૂદા પડવા, માટે વસ્ત્રને "કાથાથી રંગવાનું" શરૂ કર્યું. આ સંવેગી સાધુઓ પોતાના હાથે જ કાથો કૂટી, તેનાથી વસ્ત્ર રંગતા હતા, જે ઉક્ત પંદર કડીમાં સૂચવ્યું છે.

**જીર્ણોદ્ધાર**

આચાર્યશ્રીના ઉપદેશથી સં૦ ૧૫૫૬માં સં૦ દેવા પોરવાડે હમીરગઢના જગન્નાથ જિનપ્રાસાદમાં દેરી બનાવી.
(–'હમીરગઢ' પુસ્તિકા)

આચાર્યશ્રીના સમયે તેમના પરિવારના મુનિવરોના હાથે નીચે મુજબ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ.

૧. સં૦ ૧૫૬૮ના અષાડ સુદિ ૫ ના દિને ગુરુપુષ્ય નક્ષત્રમાં રાવલ ઉપકર્ણના રાજ્યમાં ભ૦ વિમલનાથ જિનપ્રાસાદમાં તપગચ્છના

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ શ્રી હેમવિમલસૂરિ શિષ્ય પં૦ ચારિત્રસાધુગણિના ઉપદેશથી વીરમપુરસંઘે રંગમંડપ કરાવ્યો.

( અમારો 'જૈનતીર્થોનો ઇતિહાસ,' પૃ૦ ૩૫૦)

મહો૦ ચારિત્રરત્નગણિ માટે જૂઓ પ્રક૦ ૫૦, પૃ૦ ૪૫૯, ૪૬૧

૨. સં૦ ૧૫૭૨ના અષાડ સુદિ ૧૫ના રોજ રાવલ વીરમવિજયરાજ્યે વિમલનાથપ્રાસાદે તપાગચ્છે વિમલચંદ્રગણિ ઉપદેશથી વીરમગિરિસંઘે નવચોકી કરાવી. (નાકોડા તીર્થનો શિલાલેખ)

**ભ૦ હેમવિમલસૂરિવરે** બે પટ્ટધરો બનાવ્યા. તે આ પ્રકારે–

૫૫. ભ૦ હેમવિમલસૂરિ

(૧)૫૬. **ભ૦ આનંદવિમલસૂરિ**–તેમનો જન્મ સં૦ ૧૫૪૭માં ઇડરમાં શા૦ મેઘજી ઓશવાલની પત્ની માણેકદેવીની કુક્ષિથી થયો. તેમનું નામ વાઘજી પાડયું, સં૦ ૧૫૫૨માં ભ૦ હેમવિમલસૂરિના હાથે દીક્ષા લીધી અને મુનિ આનંદવિમલ નામ રાખવામાં આવ્યું. સં૦ ૧૫૬૮માં સિદ્ધપુરમાં ઉપાધ્યાયપદ, નામ ઉ૦ અમૃતમેરૂગણિ સં૦ ૧૫૭૦માં ડાભલામાં આચાર્યપદ, નામ આ૦ આનંદવિમલસૂરિ અને ઇડરમાં ગચ્છનાયકપદ મળ્યું, સં૦ ૧૫૮૨ના વૈ૦ શુ૦ ૨ના રોજ ક્રિયોદ્ધાર કર્યો.

સં૦ ૧૫૯૬ના ચૈત્ર સુદ ૭ના રોજ અમદાવાદમાં સ્વર્ગવાસ કર્યો. (જૂઓ પ્રક૦ ૫૬મું)

**તપાગચ્છ લઘુશાખા–હર્ષકુલ સોમશાખા પટ્ટાવલી**

૫૫. **ભ૦ હેમવિમલસૂરિ**–સ્વ૦ ૧૫૮૩ના આ૦ શુ૦ ૧૦

(૨) ૫૬. **ભ૦ સૌભાગ્યહર્ષસૂરિ**–તેમનો સં૦ ૧૫૫૫માં વડનગરમાં જન્મ થયો. સં૦ ૧૫૬૩માં ભ૦ હેમવિમલસૂરિના હાથે દીક્ષા થઈ. મુનિ સૌભાગ્યહર્ષ નામ રાખ્યું, સં૦ ૧૫૮૩માં વીસનગરમાં ભ૦ હેમવિમલસૂરિના હાથે **આચાર્યપદ** મળ્યું. સં૦ ૧૫૮૯ના જેઠ સુદિ ૯ને રવિવારે ખંભાતમાં **ગચ્છનાયક** થયા અને સં૦ ૧૫૯૭ના કા૦ સુ૦ ૧૨ના રોજ સ્વર્ગગમન થયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે સં૦ ૧૫૯૫ના પોષ સુદિ ૫ ને ગુરુવારે પુષ્યયોગમાં અમદાવાદમાં **પં. સોમવિમલને** ઉપાધ્યાય પદ આપ્યું. સં૦ ૧૫૯૭ ના આ૦ સુ૦ ૫ ના રોજ ઉપા૦ સોમવિમલ અને ઉ૦ સકલહર્ષને આચાર્યપદ આપ્યાં.

તપગચ્છના ભ૦ **સૌભાગ્યસાગરસૂરિએ** સં૦ ૧૬૨૮ (?) ના ભા૦ વ૦ ૧૧ ના રોજ પાટનગર (અમદાવાદ)માં 'બૃહત્‌કલ્પસૂત્ર'ની મોટી ટીકાના આધારે સૂત્રાર્થરૂપ 'બૃહત્‌કલ્પઅવચૂરિ' બનાવી.

(–જૈ૦ પ્ર૦ સં૦, ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૪૭૩)

આ૦ સૌભાગ્યસાગર શિષ્ય **કલ્યાણે** સં૦ ૧૫૯૪માં ગંધારમાં 'કૃતવર્મા રાજાનો રાસ' બનાવ્યો.

'મંત્રગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન'. મળે છે તેમાં છેલ્લું ચરણ છે કે—

'ચૂરે એમ દુષ્ટના વાતને, સુજશ સૌભાગ્યસૂરિ કલ્પ રે; ૐ નમો૦

શતાથી[1] **પં૦ હર્ષકુલ ગણિવર** આ આચાર્યના પક્ષમાં હતા, તેથી આ પરંપરા 'હર્ષકુલ' તરીકે પ્રસિદ્ધ પામી.

**નોંધ :** તપગચ્છમાં **ભ૦ આણંદવિમલસૂરિએ** સં૦ ૧૫૮૦ વૈ૦ સુ૦ ૩ ને રોજ વડાલીમાં ક્રિયોદ્ધાર કરી, તપાગચ્છમાં શુદ્ધ સંવેગી પંથ દાખલ કર્યો. આથી સંભવે છે કે–**આ૦ સૌભાગ્યસૂરિની** પોતાના ચારે સંઘો તથા હક્ક લાગા વિગેરેને સ્વતંત્ર રાખવા માટે, તેમણે પોતાનું નામ **આ૦ હર્ષરાજ** રાખ્યું, પોતાના પરિવારને તપગચ્છના પ્રાચીન ગોત્ર સંબંધવાળા "ચૈત્રવાલ ગચ્છ" તરીકે ઓળખાવવા ધારણા હોય. પરંતુ સહયોગી ગીતાર્થો **પં૦ હર્ષકુલગણિ** વગેરેએ "આપણો મૂળગચ્છ ચંદ્રગચ્છ જ છે અને ચંદ્ર–સોમ એકાર્થવાળા શબ્દો છે. પરિવારમાં પં૦ સોમવિમલગણિ ભાગ્યશાલી છે

---

૧. અમે ચૈત્રવાલગચ્છનો પહેલાં (પ્રક૦ ૪૪, પૃ૦ ૭માં) પરિચય આપ્યો છે. તે અંગે એક વિશેષ ઉલ્લેખ મળે છે કે—

ચૈત્ર ગચ્છના **આ૦ હર્ષરાજસૂરિના** શિષ્ય મુનિરત્ન સં૦ ૧૫૯૨માં કડાડગામમાં હતા ત્યારે ત્યાં "રાજા વિક્રમ" (વિક્રમશી)નું રાજ્ય હતું.

(પૂના જૈન પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૩ જો પ્રશ૦ નં૦ ૬૬૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો આપણે આપણી પરંપરાનું તપગચ્છની **સોમશાખા** નામ રાખવું વધુ સંગત છે." એવો વિચાર કરી, **તપાગચ્છ હર્ષકુલ સોમશાખા** નામ રાખ્યું હોય.

૫૭. **ભ૦ સોમવિમલસૂરિ**—તેમનો ખંભાત પાસેના **કંસારી ગામમાં પોરવાડ મંત્રી સમધરના** વંશના શાહ **રૂપવંતની** પત્ની **અમરાદેવીએ** પિતૃદાસ અને જસવંતને જન્મ આપ્યો. **શ્રી જસવંતનો** સં૦ ૧૫૭૦ માં જન્મ થયો. સં૦ ૧૫૭૪ ના વૈ૦ શુ૦ ૩ ને શનિવારે રોહિણીનક્ષત્રમાં અમદાવાદમાં ભ૦ હેમવિમલસૂરિના હાથે મુનિ સૌભાગ્યહર્ષના શિષ્યરૂપે સંઘપતિ ભૂલાચના પુત્ર **જસુએ** કરેલા ઉત્સવમાં દીક્ષા લીધી, નામ મુનિ સોમવિમલ, તેમને સં૦ ૧૫૮૩માં વીસનગરમાં ભ૦ હેમવિમલસૂરિના હાથે **સૂરિપદ** મળ્યું. તે પછી ભ૦ સૌભાગ્યહર્ષસૂરિએ **મુનિ સોમવિમલને** સં૦ ૧૫૯૦ ના ફા૦ વ૦ ૫ ના રોજ ખંભાતમાં **કીકા પોરવાડના** ઉત્સવમાં '**ગણિપદ**' આપ્યું સં૦ ૧૫૯૪ના ફા૦ વ૦ ૫ ના રોજ સિરોહીમાં '**પંન્યાસપદ,**' સં૦ ૧૫૯૫માં વીજાપુરમાં '**ઉપાધ્યાયપદ**' તથા સં૦ ૧૫૯૭ ના આ૦ સુ૦ ૫ ને ગુરુવારે અમદાવાદમાં ગુરૂજીના હાથે '**સૂરિપદ**' આપ્યાં તથા સંઘે સં૦ ૧૬૦૫ ના માહ સુદિ ૫ ના રોજ ખંભાતમાં **ગચ્છનાયકપદ** આપ્યું અને તેમનું સં૦ ૧૬૩૬-૩૭ ના ભાદરવા વદિ પાંચમે સ્વર્ગગમન થયું.

તેમણે સં૦ ૧૫૭૪ માં ૪ વર્ષની ઉંમરે દીક્ષા લીધી 'અજારી તીર્થમાં જઈ શારદાની આરાધના' કરી, વરદાન મેળવ્યું. તેમણે કાન્હમદેશના વણછરા ગામમાં **પં૦ આનંદપ્રમોદને** 'ઉપાધ્યાયપદ' અને આમોદમાં ગણિ વિદ્યાવિજય—ગણિ '**વિદ્યારત્ન**'ને '**પંન્યાસપદ**' આપ્યાં.

તેમના ઉપદેશથી વિજાપુરના **દોશી તેજાએ** 'સિદ્ધાચલનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢયો, જેમાં સાથે ૩૩ સાધુ હતા જેમાં ૪ લાખ દ્રવ્ય ખરચ્યું હતું. તેમણે સં૦ ૧૫૯૯માં, પાટણમાં, સં૦ ૧૬૦૦માં **દીવમાં,** ધોળકામાં, ખંભાતમાં, સં૦ ૧૬૦૧ માં આમોદમાં, સં૦ ૧૬૦૨ માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમદાવાદમાં, સં૦ ૧૬૦૩માં અમદાવાદમાં, ગોલનગરમાં, ઈડરમાં સં૦ ૧૬૦૮ના રાજપુરના ચોમાસા બાદ સં૦ ૧૬૦૯માં **રહબીદપુરમાં,** સં૦ ૧૬૧૯માં ખંભાતમાં, સં૦ ૧૬૨૦માં નંદરબારમાં, અને સં૦ ૧૬૨૩માં અમદાવાદમાં એમ જૂદાં જૂદાં સ્થળોમાં **અભિગ્રહો** લીધા હતા, તેમજ તે દરેક પૂરા થયા હતા. તેમણે સં૦ ૧૬૧૧માં પાટણમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી. તે “ શતાર્થીબિરુદ ”ના ધારક હતા.

**ગ્રન્થો**

તેમણે સં૦ ૧૫૯૧માં “ ગૌતમપૃચ્છા–ટબો ”, સં૦ ૧૬૦૨માં કુમારગિરિમાં “ શ્રેણિકરાસ, ” સં૦ ૧૬૦૩માં “ નવતત્ત્વલોક, ” સં૦ ૧૬૦૫માં “ કલ્પસૂત્રટબો, સંઘચરિત્ર, નવકારચોપાઈ, ” સં૦ ૧૬૧૫ માં ખંભાતમાં “ ધમ્મિલકુમાર રાસ ” સં૦ ૧૬૨૨ના શ્રા૦ સુ૦ ૭ શુક્રવારે “ વિરાટનગર ”માં “ ચંપકશ્રેષ્ઠિ રાસ, ” સં૦ ૧૬૨૭માં “ દશવૈકાલિકટબો, વિપાકસૂત્ર–ટબો, ધમ્મિલરાસ,” સં૦ ૧૬૩૩માં અમદાવાદમાં અમદાવાદના રાજપરામાં “ ક્ષુલ્લકકુમાર રાસ ” સં૦ ૧૬૪૫ માં “ પટ્ટાવલીસજ્ઝાય,” સં૦ ૧૬૨૫ (૧૬૫૮)માં “ દશ દષ્ટાંત ગીતા, કુમારગિરિમંડન શાંતિનાથ સ્તવન, દુહા સત્તર, પવલાદિન પ્રમાણ અને લગનમાન દુહાઃ ૨૫, સ્તવન, ગીતો વગેરેની રચના કરી.

**પ્રભાવક**

તે અષ્ટાવધાની, ઇચ્છાલિપિવાચક, વર્ધમાનવિદ્યા–સૂરિમંત્રસાધક, ચૌર્યાદિભયનિવારક, સંદેશ દ્વારા વંદનથી વિવિધ રોગોના હરનારા, પાદપ્રક્ષાલનથી સુખપ્રસૂતિકરણ પ્રભાવવાળા ઇત્યાદિ મહિમાવાળા હતા.

તેમને **આ૦ આનંદસોમ,** આ૦ હંસસોમ (આ૦ હેમસોમ), ઉ૦ દેવસોમગણિ, પં૦ વિદ્યારત્નગણિ, પં૦ વિદ્યાવિજય ગણિ, પં૦ હર્ષદત્ત, પં૦ લક્ષ્મીભદ્ર વગેરે ૨૦૦ સાધુ શિષ્યોનો પરિવાર હતો. ( સોમવિમલસૂરિ રાસ )

**પં૦ હર્ષદત્તગણિએ** સં૦ ૧૬૦૧માં ‘ અગડદત્ત રાસ ’ બનાવ્યો.

૫૮. **આ૦ આનંદસોમસૂરિ**–તેમનાં સં૦ ૧૫૯૦ માં જન્મ, સં૦ ૧૬૦૧માં કા૦ સુ૦ ૧૫ ના રોજ દીક્ષા, સં૦ ૧૬૧૧માં પંન્યાસ-

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

પદ, સં૦ ૧૬૨૫માં પાટણમાં ગુરુદેવના હાથે **સૂરિપદ,** અને સં૦ ૧૬૩૬ના ભા૦ વ૦ ૫ ના રોજ સ્વર્ગગમન થયાં. તેમણે સં૦ ૧૬૧૯માં નંદરબારમાં 'સોમવિમલસૂરિ રાસ' ગા૦ ૧૫૬ની રચના કરી. તે ગુરુદેવની વિદ્યમાનતામાં જ **કાળધર્મ** પામ્યા. એટલે આ૦ સોમવિમલસૂરિએ બીજા શિષ્ય ઉ૦ હંસસોમને આચાર્યપદ આપી તેમનું **આ૦ હેમસોમસૂરિ** નામ રાખી પાટ સોંપી.

**નોંધ :** વિ૦ સં૦ ૧૮૬૯ની 'સોમશાખાની પટ્ટાવલી'માં આ૦ આનંદસોમસૂરિને પટ્ટધર બતાવ્યા નથી. આથી અમે અહીં તેમનો જુદો પટ્ટાંક ગણાવ્યો નથી.

૫૮. **આ૦ હેમસોમસૂરિ**—તેમનાં સં૦ ૧૬૧૫માં અથવા સં૦ ૧૬૨૩માં ધાણધાર પ્રાંતમાં શા૦ જોધરાજ વીશા પોરવાડની પત્ની રૂડીબાઈની કુક્ષિથી જન્મ થયો. તેમનું નામ **હરખો** હતું. સં૦ ૧૬૩૦માં અથવા સં૦ ૧૬૩૩માં વડગામમાં દીક્ષા તેમનું નામ **મુનિ હંસસોમ** અથવા આ૦ હેમસોમ રાખવામાં આવ્યું. તેમને સં૦ ૧૬૩૫માં પંન્યાસપદ, સં૦ ૧૬૩૬–૩૭ના વૈ૦ વ૦ ૨ ના રોજ આ૦ સોમવિમલસૂરિના હાથે વડનગરમાં **આચાર્યપદ** અને સં૦ ૧૬૭૯ના માગશર શુદિ ૮ ના રોજ ૬૪ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થયો.

આ૦ હેમસોમસૂરિનો સં૦ ૧૬૬૩ ની જિનપ્રતિમા–લેખ મળે છે.

**પરંપરા**

વિશેષ આ પ્રમાણે જાણવું.

૫૫. આ૦ હેમવિમલસૂરિ, ૫૬. પં૦ સુમતિવિમલગણિ,

૫૭. પં૦ સુંદરવિમલગણિ.

૫૮. **પં૦ શ્રી વિમલગણિ**—તે વિ૦ સં૦ ૧૬૪૩ (૧૫૪૩)માં ભ૦ હેમવિમલસૂરિના રાજ્યમાં ચૂણેલમાં વિદ્યમાન હતા.

૫૯. —તે આનંદવિમલસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હતા. અને તેમની આજ્ઞામાં હતા.

૬૦. **પં૦ ધનવિમલગણિ**—તેમણે ભ૦ હેમવિમલસૂરિ સુધીનો સં૦ માં "શ્રી તપાગચ્છ પટ્ટાનુક્રમ ગુર્વાવલી છંદ ૧૧૨,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રં૦ ૨૦૦૦" બનાવ્યો. જેની સં૦ ૧૬૫૩ ભા૦ વ૦ ૧૦ને રોજ લખેલ હસ્તપત્ર મળે છે. (–જૈન સત્યપ્રકાશ ક્રૂ૦ ૨–૩, પટ્ટાવલી સમુચ્ચય ભા. ૧, પૃ૦ ૧૩૭થી ૧૪૩)

તથા તેમણે સં૦ ૧૭૭૧ (૧૬૭૧)માં ૬૦મા ભ૦ **વિશાલસોમસૂરિના** રાજ્યમાં "પન્નવણાસુત્ત વાર્તિક બાલાવબોધ" બનાવ્યો. (–જૈન પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૧, પ્ર૦ નં૦ ૨૨૫)

૬૧. **મુનિ શિવવિમલજી**–(સં૦ ૧૬૫૫)

આ૦ હેમસોમસૂરિના રાજ્યમાં સં૦ ૧૬૪૩માં (૧) **પં૦ આનંદવીરગણિ** (૨) પં૦ સંઘવીરગણિ, (૩) પં૦ ઉદયવીરગણિ અને (૪) પં૦ ઉદયસિંહગણિ વગેરે વિદ્યમાન હતા.

૫૯. **આ૦ વિમલસોમસૂરિ**–તેમના સં૦ ૧૬૪૦માં જન્મ, સં૦ ૧૬૬૪માં દીક્ષા, સં૦ ૧૬૬૭માં **આચાર્યપદ** અને સં૦ ૧૬૯૮ના માગશર શુદિ ૧૫ના રોજ ૪૮ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થયા,

૬૦ **આ૦ વિશાલસોમસૂરિ**–તે ધોળકાના શા૦ સંતોકચંદ શ્રીમાલી અને તેની પત્ની સારંગદેના પુત્ર હતા. ઉપા૦ હંસસોમ એટલે (૫૮મા) **આ૦ હેમસોમસૂરિના** પટ્ટધર હતા. તે સં૦ ૧૬૯૬માં વિદ્યમાન હતા. આ૦ વિશાલસોમસૂરિએ સં૦ ૧૬૮૭માં વિજાપુરના દોશી કુટુંબના જૈનોએ ભરાવેલ ૧૩ આંગળ પ્રમાણ સારી ધાતુની પંચતીર્થી પટની પ્રતિષ્ઠા કરી. આ પટ વિજાપુરના ગોડી પાર્શ્વનાથના દેરાસરમાં વિરાજમાન છે. આ૦ વિશાલસોમસૂરિ મોટા તપસ્વી હતા તેમને પદ્માવતીદેવી પ્રસન્ન હતાં.

તેમની **બીજી પરંપરાઓ** આ પ્રમાણે મળે છે.–

(૬૦) આ૦ વિશાલસોમસૂરિ શિષ્ય (૬૧) **પં૦ જિનકુશલગણિ** શિષ્ય (૬૨) **પં૦ લક્ષ્મીકુશલગણિ**–તેમણે સં૦ ૧૬૮૪માં વૈદકસાર–જ્ઞાનપ્રકાશ" ગ્રંથ બનાવ્યો. (૬૩) પં૦ જયકુશલગણિ–તેમણે સં૦ ૧૬૫૪ના આ૦ વ૦ ૧૦ને સોમવારે "ત્રણલોકભુવન–જિનપ્રતિમા સંખ્યાસ્તવન રચ્યું. (–જૈ૦ સ૦ પ્ર૦ ક્ર૦ ૯૦, ૯૧, પૃ૦ ૧૮૫)

(૬૦) આ૦ વિશાલસોમસૂરિ શિષ્ય (૬૧) પં૦ જયસુંદરગણિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિષ્ય (૯૨) **પં૦ જ્ઞાનસુંદરગણિ**—તેમણે સં૦ ૧૬૭૨ના જેઠ શુદિ ૧૩ ને સોમવારે પોતાના શિષ્ય (૯૩) **મુનિ કીર્તિસુંદરને** ભણવા માટે "તપાગચ્છીય–સોમશાખાપટ્ટાવલી" ગુ૦ પદ્ય: ૫૧ બનાવી હતી. અને સં૦ ૧૭૦૦ના કા૦ વ૦ ૫ ને રોજ લખી હતી.

(—ઐતિહાસિક સજ્ઝાયમાલા, સ૦ ૩૮)

૯૧. **આ૦ ઉદયવિમલસૂરિ**—તેમનાં બીજા નામો આ૦ ઉદયશીલસૂરિ અને આ૦ ઉદયસોમસૂરિ પણ મળે છે. તે આ૦ સોમવિમલસૂરિના શિષ્ય પં૦ લક્ષ્મીભદ્રગણિવરના શિષ્ય હતા. (૯૨મા) **આ૦ શાંતિસોમસૂરિ** તેમના ગુરુભાઈ હતા.

તેમની બીજી પરંપરામાં (૯૨) પં૦ ચારિત્રશીલગણિ, (૯૩) પં૦ પ્રમોદશીલગણિ, (૯૪) **પં૦ દેવશીલગણિ**—તેમણે સં૦ ૧૬૧૯ ના બીજા શ્રાવણમાં વડગામમાં "વેતાલપચીશી" રચી.[1]

ત્રીજી પરંપરામાં (૯૨) **આ૦ શાંતિસોમસૂરિ**—તેમણે સં૦ ૧૬૭૩માં ચોમાસામાં ઠા૦ રાયસિંહના સમયમાં ૧૨૧ આયંબિલનું તપ કરી, મણિભદ્રવીરને પ્રત્યક્ષ કર્યો અને મગરવાડાથી આગલોડ ગામમાં લાવી, વડની નીચે "મણિભદ્રવીરની સ્થાપના" કરી.

(—મણિભદ્રવીર માટે જુઓ પ્રક૦ ૫૫)

૯૨, **આ૦ ગજસોમસૂરિ**—તેમણે આગલોડમાં જઈ (૯૨મા) આ૦ શાંતિસોમસૂરિનું અપમાન કર્યું અને તેમણે રાખેલા પંચકેશ ખેંચી કાઢ્યા, આથી ભ૦ શાંતિસોમસૂરિએ સં૦ ૧૭૩૦માં ગજસોમને ગચ્છ બહાર મૂકયા. પછી સં૦ ૧૭૪૧માં તેમને ગચ્છમાં લઈ, તેમનો પટ્ટો ફરીવાર ચાલુ કરાવ્યો.

૯૩, **આ૦ મુનીન્દ્રસોમસૂરિ**

૯૪. આ૦ રાજસોમસૂરિ—રાજવિમલસૂરિ

૯૫. **ભ૦ આનંદસોમસૂરિ—આનંદવિમલસૂરિ**—તેમણે સં૦ ૧૮૬૬ના વૈ૦ વ૦ ૬ ને ગુરુવારે વિજાપુરમાં દોશી **રાજસી** વીશા

૧. પ્રકરણ ૫૫માં શીલ શાખા પણ આપી છે. **હેમચાનંદે** સં૦ ૧૬૪૬માંવેતાલપચીશી બનાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓશવાલની પત્ની દેવબાઈ, તેમના પુત્ર **નિહાલચંદ** અને તેની પત્ની કુશલબાઇ, તેમના પુત્ર **દો૦ ખૂબચંદ** અને તેની પત્ની સાંકળીબાઈ, તેમના ધર્મપુત્ર **ભા૦ બાદરમલે** બનાવેલા "ભ૦ ઋષભદેવના નવા જિનપ્રાસાદ"ની પ્રતિષ્ઠા કરી. તથા સં૦ ૧૮૭૩ના મહા સુ૦ ૭ ના રોજ વિજાપુરમાં દોશી નાનચંદના પુત્રો ૧ દો૦ હઠીસિંહ, તથા દો૦ હેમચંદના "ભ૦ અરનાથ જિનપ્રાસાદ"ની પ્રતિષ્ઠા કરી, સં૦ ૧૮૮૧ ના વૈ૦ શુ૦ ૬ ને રવિવારે વિજાપુરના રાજમાન્ય દો૦ **ન્યાલચંદના** જિનપ્રાસાદમાં ફરીવાર "કેસરિયા ઋષભદેવ'ની પ્રતિષ્ઠા કરી.

અમે પહેલાં (–પ્રક૦ ૪૫ પૃ૦ ૨૯૨ થી ૩૦૦ માં) **વિજાપુર** મહુડી, ખડાયતા, ત્યાંના જિનાલયો, ગ્રંથ ભંડારો, વિગેરેનો પરિચય આપ્યો છે. "ત્યાં ભ૦ અરનાથ અને કેશરિયાજી જિનપ્રાસાદો પાસે પાસે છે."

**શ્રીસંઘે** વિશમી સદીના પ્રારંભમાં અરનાથના જિનપ્રાસાદનો મોટો જીર્ણોદ્ધાર કરાવી, તેમાં બીજી જિનપ્રતિષ્ઠા કરાવી છે, અત્યારે ઉપરના ભાગમાં નીચે પ્રમાણે ત્રિગડું છે.

(૧) ઘેટીના વીશા શ્રીમાળી જૈન સંઘે સં૦ ૧૯૦૩ મહા વદિ. ૫ શુક્રવારે અંજનશલાકા કરાવેલ ભ૦ ઋષભદેવની જિન પ્રતિમા દેરાસરની ઉપરના ભાગમાં **મૂળનાયક** છે.

(૨) અમદાવાદના વીશા શ્રીમાળી તપાગચ્છના **શેઠ હઠીસીંગ કેશરીસીંગની** સં૦ ૧૯૦૩ શાકે ૧૭૬૮ ના ભ૦ પદ્મપ્રભુની પાષાણની જિનપ્રતિમા મૂળનાયકની જમણી બાજુ છે.

(૩) અમદાવાદના વીશા ઓસવાલ શિસોદિયા **શેઠ વખતચંદ ખુશાલચંદની** ભાર્યાની વિ૦ સં૦ ૧૯૦૨ શાકે ૧૭૬૮ની જિનપ્રતિમા મૂળનાયકની ડાબી બાજૂ છે. (–વિજાપુર બૃહદ્‌વૃત્તાન્ત પૃ૦ ૬૭, ૬૮)

સં૦ ૧૮૮૮માં મ૦ શુ૦ ૫ વિજાપુરમાં ભ૦ અરનાથના જિનાલયમાં દો૦ હઠીસિંહની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી, તથા તેજ દિવસે **દો૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બાદરમલના** પુત્ર **દેo રવચંદ** અને તેની પત્ની **ઉજમબાઈની** ભ૦ પાર્શ્વનાથ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

૬૬. ભ૦ દેવેંદ્રવિમલ, (૬૭) ભ૦ તત્ત્વવિમલસૂરિ. ૬૮ **ભ૦ પુણ્યવિમલસૂરિ.**

૬૫. **ભ૦ આનંદવિમલસૂરિ,** (૬૬) ભ૦ મુનીન્દ્રસોમસૂરિ,

(૬૭) **ભ૦ કેસરસોમજી**–તે સં૦ ૧૭૨૧માં માંધાતાનગરમાં હતા.

શા૦ નરસીદાસે સં૦ ૧૭૦૮ પો૦ વ૦ ૧૩ને દિને મગશી મંડન પાર્શ્વનાથનું સ્તવન બનાવ્યું અને પં૦ કેશરવિમલગણિ શિષ્ય મુનિ રામવિમલે સં૦ ૧૭૨૬ જેઠ વદિ ૨ ને રોજ તેની બીજી પ્રત લખી હતી પં૦ કેશરવિમલે ગોડીપાર્શ્વનાથ સ્તવન બનાવ્યું.

(૬૮) ભ૦ સોમજી, (૬૯) ભ૦ કસ્તૂરસોમજી, (૭૦) ભ૦ રત્નસોમજી, (૭૧) ભ૦ રાયચંદજી સં૦ ૧૮૬૯ના આ૦ સુ૦ ૨ બુધવાર મુ. કડા. (–લઘુપોષાલિક ગચ્છ પટ્ટાવળી, તથા 'જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય' રાસના આધારે)

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

**શેઠ ખૂબચંદ દોશી**–તે **ભ૦ આનંદસોમસૂરિનો** ભક્ત હતો ધનવાન હતો. તેની પાસે "૬ લાખ રૂપિયા" હતા. તેણે સં૦ ૧૮૬૬ના વૈ૦ વ૦ ૬ ને ગુરુવારે વિજાપુરમાં "ભગવાન ઋષભદેવનો નવો જિન-પ્રાસાદ" બનાવ્યો. સં૦ ૧૮૭૦માં ૧૦ હજાર જૈનો સાથે આબૂતીર્થનો છ'રી પાળતો **યાત્રાસંઘ** કાઢયો. તેના પ્રયત્નથી વિજાપુરમાં ઘાંચીની ઘાણી તથા લુહારની ભઠ્ઠીઓની ચોમાસાના ચાર મહિનામાં પાખી પળાતી હતી. વિજાપુરના ભોઇઓ વિજાપુરની ચારે તરફ જલાશયોમાં ચોમાસાની "પાંચે તિથિ"માં જાળ નાખવાની પાખી પાળતા. કુંભારો ચોમાસાના ચાર મહિના અને દર મહિને "પાંચ તિથિએ" પાખી પાળતા. તેણે વિજાપુરની સરણી છૂટી ધુમાડાબંધ ગામ જમાડયું હતું. અમદાવાદ શહેરમાં મોટું સાધર્મિક વાત્સલ્ય કર્યું. સૌને એકેક નવકારવાળી આપી અને "વિજાપુર તાલુકાના ૧૦૮ ગામના કૂતરાઓને એક જ દિવસે જમાડયા હતા. તે સં૦ ૧૮૯૦માં મરણ પામ્યો. (–આ૦ બુદ્ધિસાગરસૂરિ કૃત 'વિજાપુર બૃહદ્ વૃત્તાંત, પૃ૦ ૬૩, ૬૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બહાદૂર જૈનો**

ઈડર જિલ્લાના લીંખ ગામના ઠાકરડાના છોકરા વીજાપુરના દો૦ થોભણ ઘોડા ઉપર બેસીને જતા હતા તેને આંગમાં ભાલો માર્યો. વીજાપુરના **દોશીઓ** આ સાંભળી ખૂબ ચિડાયા. વીજાપુર તથા મહુડીના **મુસલમાનો** તથા ઠાકરડાઓને સાથે રાખી' સૌ શસ્ત્ર સજી " ઘોડે ચડી, **લીંખ** ગામ પહોંચ્યા. ત્યાં યુદ્ધ કરી તેમને જીતી લઈ ગામને કૂટી બાળ્યું છેવટે ગામને " ગધેડા વડે હળથી ખેડી " નાખી સાફ કર્યું. (–સં૦ ૧૯૮૨ની આવૃત્તિ, વીજાપુરબૃહદ્ વૃત્તાંત, પૃ૦ ૧૭૩)

**શ્રમણપરંપરા**

આ૦ હેમવિમલસૂરિવરે જૈન શ્રમણોને ક્રિયોદ્ધારને માર્ગે ચડાવી સંવેગી જીવન આપ્યું. અને જગતને નીચે પ્રમાણે ઘણી શ્રમણ પરંપરાઓ આપી:

**મહો૦ વિદ્યાસાગરગણિની વાચકપરંપરા**–(સાગર૰ શાખા)

૫૩. **આ૦ લક્ષ્મીસાગરસૂરિ**

૫૪. **મહો૦ વિદ્યાસાગર ગણિવર**–તેમણે બાલ્યાવસ્થામાં દીક્ષા લીધી. તે બાલ બ્રહ્મચારી હતા. આ૦ લક્ષ્મીસાગરસૂરિના હસ્ત દીક્ષિત **શિષ્ય** હતા. અને આ૦ હેમવિમલસૂરિના **મહોપાધ્યાય** હતા. તે " યુગપ્રધાન આ૦ શ્રી સ્થૂલિભદ્રસૂરિ જેવા શીલધારી " હતા, નિઃસ્પૃહ હતા, સંવેગીપણાના સર્વગુણોથી વિભૂષિત હતા, મોટા તપસ્વી હતા. નિરંતર છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા. છઠ્ઠના પારણામાં પણ આયંબિલ કરતા. વચ્ચે વચ્ચે અઠ્ઠમ, દશમ વગેરે તપ પણ કરતા, પરંતુ એવી તપસ્યાના પારણામાં પણ આયંબિલ જ કરતા. સમર્થ વિદ્વાન હતા. ગીતાર્થ હતા. (–પ્રક૦ ૪૭૦ પૃ૦ ૩૧૪)

**આ૦ સોમપ્રભસૂરિએ** મારવાડમાં જેસલમેર વગેરે શહેરોમાં પાણીની તંગી હોવાથી, ત્યાં મુનિઓને તૃષા પરીષહ સહન કરવો પડતો હોવાથી, ત્યાં મુનિઓને વિહાર કરવાની મનાઈ કરી. પણ

www.jainsite.com　　.For Private & Personal Use Only　　info@jainsite.com

શ્રાવકોને ગુરુ તો જોઈએ જ, આ સ્થિતિમાં લોંકાગચ્છના યતિઓ ત્યાં પહોંચી ગયા. તેઓએ ત્યાંના જૈનોને પોતાના ભક્તો બનાવી, જિનાલયનાં દર્શન–પૂજન બંધ કરાવ્યાં, તાળાં, મરાવ્યાં અને દરવાજે કાંટા ભરાવ્યા.

**આ૦ આનંદવિમલસૂરિને** આ ખબર મળતાં દુઃખ થયું. તેમણે આ જૈનોના હિત માટે અને મોટા લાભ માટે ત્યાં "વિહાર ખોલવાનો" વિચાર કર્યો. તેમણે પ્રથમજ **મહો૦ વિદ્યાસાગરગણિને** વિહાર કરવાની આજ્ઞા આપી. મહો૦ તપસ્વી હતા જ. તેમને અઠ્ઠમના પારણે વિપક્ષના શ્રાવકોએ પાત્રમાં રાખ આપી મહોપાધ્યાય રાખને પાણીમાં ઘોળી પી ગયા. અને તે પછી તેમણે બીજો અઠ્ઠમ કર્યો. જૈનોને આ ઘટનાની ખબર પડી. સૌ મહોપાધ્યાયજી પાસે આવ્યા ને તેમના ચરણમાં ઝૂકી પડ્યા.

મહોપાધ્યાયજીએ આ રીતે કષ્ટ સહન કરી મોટી મારવાડનો "મુનિવિહાર" ખુલ્લો કર્યો. મહોપાધ્યાયજીએ જેસલમેરમાં ખરતરગચ્છવાળાને, મેવાતમાં બીજામતીને અને મોરબી વગેરે સ્થાનોમાં લોંકામતવાળાને ઉપદેશ આપ્યો હતો. અને ત્યાં શુદ્ધ જૈન ધર્મની સ્થાપના કરી હતી.

એ સમયે આ૦ **પાર્શ્વચંદ્રસૂરિ** વીરમગામમાં હતા. ત્યાં તેમનો મોટો પ્રભાવ હતો.[૧]

મહોપાધ્યાયજીએ વીરમગામ જઈ ઉ૦ પાર્શ્વચંદ્રને વાદમાં હરાવી, તેમના ભક્તોને સન્માર્ગે વાળ્યા. તેમણે આ જ રીતે માળવા, ઉજ્જૈન વગેરે સ્થાનોમાં વિહાર કરી, ઉપદેશ આપી ઘણાને સન્માર્ગમાં સ્થાપ્યા હતા. તેમણે મોટી શાસન પ્રભાવના કરી હતી. આથી તેમનો યશ બહુ ફેલાયો. સંભવ છે કે, મહોપાધ્યાયજી ઘણાં વર્ષો સુધી જીવ્યા હોય ?

---

૧. 'પાયચંદગચ્છ' માટે જૂઓ: પ્રક૦ ૪૧, પૃ૦ ૪૯૪, ૪૯૫, પ્રક૦ ૫૩, પૃ૦ ૬૫૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫૫. પં૦ જીવર્ષિગણિ**—તેમના સંબંધે વિશેષ ઉલ્લેખ મળતો નથી. પણ સંભવ છે કે, તેઓ લોંકાગચ્છમાંથી આવ્યા હોય.

**મહો૦ભાવવિજયજી ગણિ** પોતાના 'ષટ્ત્રિંશજ્જલ્પ'માં **મહો૦ ધર્મસાગરગણિને** "પં૦ જીવર્ષિગણિના શિષ્ય" બતાવે છે. આથી અમે અહીં આ પટ્ટાંક આપ્યો છે.[1]

(—જૂઓ, 'વિજયતિલકસૂરિ રાસ–નિરીક્ષણ પૃ૦ ૬')

**નોંધ**—મહો૦ ધર્મસાગરજી ગણિવરના નિશાનીવાળા ગ્રંથો મુનિવર શ્રીલાભસાગરજીના પ્રયત્નથી પ્રકાશિત થયા છે.

૧. પરંતુ ગચ્છપક્ષના વ્યામોહવાળા તે અંગે મુંબઈના સામાહિક સેવા સમાજના જુદા જુદા અંકોમાં અને પ્રજાતંત્ર વગેરે અખબારોમાં ઉહાપોહ કર્યો હતો. ત્યારે (૧) અચરતલાલ શિવલાલ (૨) હજારમલ લોઢા (૩) સોહાન ડી૦ (૪, પ્રતાપમલ શેઠિયા વગેરેએ લેખો લખ્યા હતા **શાસનકંટકોદ્ધારક મુનિશ્રી હંસસાગર ગણિવરે** તેઓને તા. ૫–૫–૧૯૬૩ ના સેવાસમાજના વર્ષ ૯ ના ૩૭મા અંકમાં પૃ૦ ૨૬, ૨૭ માં સૌમ્ય ભાષામાં ટકાઉ ખુલાસો કર્યો છે. તેઓ તેમાં પણ સાફ સાફ લખે છે કે મહો૦ ધર્મસાગરજી મહાન્ તપસ્વી શ્રી "જીવર્ષિગણિના શિષ્ય" છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

કોઈ કોઈ તર્કણા બહાદુરો એવું ફેંકે છે કે મહો૦ ધર્મસાગરગણિવર અસલમાં ખરતર ગચ્છના કોઈ મુનિવરના શિષ્ય હતા. પણ ત્યાં તેમને પોતાના પરિવાર સાથે મેળ મળ્યો નહીં. તેથી તેઓ ખરતર ગચ્છનો ત્યાગ કરી, પં૦ જીવર્ષિગણિ (શાન્ત સ્વભાવવાળા)ના શિષ્ય થયા. મહો૦ અહીં આવી ખરતર ગચ્છના વિરુદ્ધમાં તેજસ્વી કલમ ચલાવી છે. સંભવ છે કે આવા તર્કણા બહાદુરોની આ કલ્પના સર્વથા નિરાધાર છે. કેમકે **મહોપાધ્યાયજીએ** ખરતરગચ્છને જ નહીં કિન્તુ ૧૦ મતોને ઉત્સૂત્રભાષી મતો બતાવ્યા છે. માત્ર તપાગચ્છને જ તીર્થંકર ઉપદિષ્ટ **શુદ્ધ તીર્થ** બતાવ્યું છે.

છતાં બનવા જોગ છે કે—તે સમયે ખરતર ગચ્છના સૂત્રધારોએ સૌની સામે પોતાનું સાચું જૈન ધ્યાન બતાવવા લીધો હશે. ઉલટા વાડા વધ્યા તેથી જ મહોપાધ્યાય મહારાજે તેની સામે પહાડની સમા આડા આવી ઉભા હશે.

વિ૦ સં૦ ૧૬૨૮માં જ. ગુ, આ વિજય હીરસૂરિના મહો૦ ઉદ્યોતવિજયજી ગણિવર (ઋષિ મેઘજી)ના શિષ્ય પં૦ જીવર્ષિગણિ તે પહેલાથી જુદા હતા. (પ્ર૦ ૫૫ હાનર્ષિગણિ, પ્ર૦ ૫૮ શિષ્ય પરંપરા ૭ મી શિષ્ય નં૦ ૫૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૫૬. મહો૦ ધર્મસાગર ગણિવર–

तेषां विजयी राज्ये राजन्ते सकलवाचकोत्तमाः ।
**श्रीधर्मसागराह्वयाः** निखिलागमकनककषपट्टाः ॥ ११ ॥
कुमतिमतङ्गजकुम्भस्थलपाटनपाटवेन सिंहसमाः ।
दुर्दमवादि विवादेऽपि सततं लब्धजयवादाः ॥ १२ ॥

(—કલ્પકિરણાવલી પ્રશસ્તિ પુષ્પિકા)

तद्राज्ये गहनार्थशास्त्रघटनाः प्रौढाभियोगास्तथा—
ऽतुच्छोत्सूत्रमहाविदारण हलप्रख्याः सुसंयोगिनः ।
दुर्दान्तप्रतिवादिवाददमनस्थेया प्रतिभाभृतः
श्रीमद्वाचक**धर्मसागरगुरू**त्तंसा अभूवन् शुभाः ॥ ८ ॥

(—ઉપા૦ શ્રુતસાગરગણિ શિષ્ય ઉ૦ શાંતિસાગરગણિએ સં૦ ૧૭૦૭માં પાટણમાં રચેલી "કલ્પકૌમુદી," ગ્રં૦ ૩૭૦૭)

**ધર્મસાગર** ઉવજ્ઝાય પ્રધાન, **વિમલહર્ષ** નિર્મલ અભિધાન;
**કલ્યાણવિજયગુરુ** કરઈ કલ્યાણ, ત્રિણિ ઉવજ્ઝાય ગચ્છિ મેરુસમાન. ॥૨૬॥

(—પં૦ વિજયહંસગણિ શિષ્ય પં૦ વિનયસુંદર કૃત 'તપાગચ્છ ગુર્વાવલી,' પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પૃ. પ્રક. ૫૯)

મહો૦ ધર્મસાગરજી ગણિ અસલમાં **નાડોલ** કે **લાડોલ**ના વતની હતા. ઓસવાલ જ્ઞાતિના હતા, તે ૧૬ વર્ષની ઉંમરે સં૦ ૧૫૯૫માં **ભ૦ વિજયદાનસૂરિ**ના હાથે તેમના પરિવારમાં દીક્ષિત થયા હતા.

(૧) મુનિ રાજવિમલજી, (૨) મુનિ ધર્મસાગરજી અને (૩) મુનિ હીરહર્ષ એ ત્રણ મુનિવરો આ૦ વિજયદાનસૂરિની આજ્ઞા લઈ, દેવગિરિ–દૌલતાબાદ ન્યાયશાસ્ત્ર ભણવા માટે ગયા હતા. મહો૦ ધર્મસાગરજી પ્રકાંડ વિદ્વાન, વાદી અને **સમર્થ ગ્રંથકાર** હતા.

**મહોપાધ્યાય, આચાર્ય**

**ભ૦ વિજયદાનસૂરિ** પાસે તેઓ "જિનાગમ" ભણ્યા હતા.[1]

---

૧. मादृशामपि शिष्याणां श्रुतादिदाने वैश्रमणानुकारी श्रीविजयदानसूरिः ।
(તપાગચ્છપટ્ટાવલી, પટ્ટાંક : ૧૭ શ્રીવિજયદાનસૂરિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ વિજયદાનસૂરિવરે** સં૦ ૧૬૦૮ના મ૦ શુ૦ ૫ ના રોજ ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં અમૃતસિદ્ધિયોગમાં નાડલાઈમાં પં૦ રાજવિમલ ગણિ, પં૦ ધર્મસાગરગણિ અને પં૦ હીરહર્ષગણિને **ઉપાધ્યાય** બનાવ્યા. પછી બધા શ્રમણોમાં આચાર્યપદનો નવો પ્રશ્ન ઊઠચો. જો કે ભ૦ વિજયદાનસૂરિની પાટે **આ૦ વિજયરાજસૂરિ** વિદ્યમાન હતા. આથી ભ૦ વિજયદાનસૂરિને બીજો આચાર્ય બનાવવાની ઇચ્છા નહોતી. છતાંય "નવો આચાર્ય" બનાવવો હોય તો, ઉપરના ત્રણે ઉપાધ્યાયો યોગ્ય હતા. પરંતુ ભ૦ વિજયદાનસૂરિની ઇચ્છા હતી કે "જો બીજો આચાર્ય બનાવવો હોય તો ઉપા૦ રાજવિમલને જ **આ૦ વિમલહર્ષ** નામ આપી, આચાર્ય બનાવવા" જ્યારે **મહો૦ ધર્મસાગર**ગણિ વગેરે બધા ગીતાર્થો **ઉપા૦ હીરહર્ષને** આચાર્ય બનાવવાની તરફેણમાં હતા.

અંતે ભ૦ વિજયદાનસૂરિએ સૌની ઇચ્છાને માન આપી, શિરોહીમાં ચોમાસામાં ૩ મહિના સુધી ધ્યાનમાં રહી, સૂરિમંત્રનો જાપ કર્યો. **શાસનદેવે** જે જણાવ્યું, તે આચાર્યદેવે મનમાં ધારી લીધું. ચોમાસા પછી સૌ ગીતાર્થ મુનિવરો આવ્યા. **ગચ્છનાયકે** "મણિભદ્ર મહાવીરના સંકેતથી તથા ઉપા૦ ધર્મસાગરગણિ અને બધા ગીતાર્થ મુનિવરોના આગ્રહથી સં૦ ૧૬૧૦માં શિરોહીમાં **ઉપા૦ હીરહર્ષને** આચાર્ય બનાવી, પોતાની પાટે "ગચ્છનાયક" તરીકે સ્થાપિત કર્યા અને તેમનું નામ "મણિભદ્ર મહાવીર"ની સૂચના મુજબ **આ૦ હીરવિજયસૂરિ** રાખ્યું, સકલ સંઘ હર્ષ પામ્યો.

ગચ્છનાયકે આ પ્રસંગે ઉપા૦ રાજવિમલને અને ઉપા૦ ધર્મસાગરગણિને **મહોપાધ્યાય** બનાવ્યા, તથા બંનેને ૬ લાખ, ૩૬ હજાર શ્લોક પ્રમાણ સર્વ સિદ્ધાંતો આપ્યાં.

**નોંધ :** સંભવ છે કે ઉપાધ્યાયપદમાં કે મહોપાધ્યાયપદમાં ઉપા૦ રાજવિમલનું બીજું નામ **મહો૦ વિમલહર્ષગણિ** રાખ્યું હોય.

### એક ત્રૂટી

**મહો૦ ધર્મસાગર ગણિવર** સમકાલીન જૈન શ્રમણસંઘમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્‌ભટ વિદ્વાન હતા. અને તેમની પાછળ તેમના શિષ્યો પણ વિદ્વાન હતા, છતાં દુઃખની ઘટના છે કે, " કોઈએ તેમનું વિશદ જીવનચરિત્ર ગૂંથ્યું નથી. અથવા કોઈએ તેમનું જીવન લખ્યું હોય તો તે અત્યારે ઉપલબ્ધ નથી."

પુરાતત્ત્વ નિષ્ણાત ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય **શ્રી જિનવિજયજીએ** 'આત્માનંદપ્રકાશ' માસિક, પુસ્તક : ૧૪, અંક : ૪ (પુ૦ ૧૫, અંક : ૩, ૪)ના પૃ૦ ૩૮માં આ બાબતમાં કંઈક પ્રકાશ પાડ્યો છે. 'આત્માનંદપ્રકાશ'ના તે **લેખનો સાર** નીચે પ્રમાણે છે–

" શ્રી વલ્લભવિજયજી (આ૦ વિજયવલ્લભસૂરિ) પાસે છૂટક છૂટક પાનાં છે. તેમાં શરૂનાં ૪ પાનાં નથી, વચમાં એક પાનું નથી, અને ૯ પછીનાં છેલ્લાં પાનાં નથી. એમ ગ્રંથ અધૂરો છે. તેમાં મહોપાધ્યાયનું શરૂનું જીવનચરિત્ર નથી, છેલ્લાં પાનાં ન હોવાથી ગ્રંથકારનું નામ કે ગ્રંથની સાલ મળતાં નથી. પણ તે પાનાંઓમાં માત્ર 'ખરતર–તપાચર્ચા' નામ લખ્યાં છે. તો સંભવ છે કે, મહો૦ ધર્મસાગરગણિના કોઈ શિષ્ય–પ્રશિષ્યે આ પાનાં લખ્યાં હશે. તે ઉપલબ્ધ પાનાંઓમાંથી નીચે મુજબ ટૂંકા મુદ્દાઓ તારવી શકાય.

जैन साईट JAINSITE.com ॥ जयति शासनम् ॥

**ટૂંકો સાર**

ગચ્છનાયક **આ૦ વિજયદાનસૂરિ** નાડલાઈમાં બિરાજમાન હતા. તેમણે પં૦ રાજવિમલ, **પં૦ ધર્મસાગર,** અને પં૦ હીરહર્ષ વગેરેને પોતાની પાસે બોલાવ્યા. પં૦ હીરહર્ષ અને પં૦ રાજવિમલ આવ્યા. અને પણ **પં૦ હીરહર્ષનો પત્ર** જવાથી **પં૦ ધર્મસાગર** તથા **પં૦ સિંહવિમલગણિ** પાંચ ગાઉ દૂર જ્યાં હતા ત્યાંથી નાડલાઈ આવવા નીકળ્યા. સાથે ભીલ વળાવીયો હતો. ચાલવાની શરૂઆત કરતાં જ એક **કાળી ચકલી** બોલી. ભીલે કહ્યું: આ ચકલી એમ જણાવે છે કે " તમે બંનેમાંથી મોટાને મોટી પદવી મળશે. અને નાના મહારાજને માન નહીં મળે." તે બંને નાડલાઈ ગચ્છનાયક પાસે આવી ગયા. બન્યું પણ એમ જ, ગચ્છનાયકે પં૦ ધર્મસાગર ગણિનાં વાંદણાં લીધાં. અને તેણે પં૦ સિંહવિમલ ગણિનાં, જે ભૂલ કરી હતી તેની માફી માગ્યા પછી વાંદણાં લીધાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગચ્છનાયક સંઘ સાથે વાજતે ગાજતે ભ૦ ઋષભદેવના દેરાસરમાં પધાર્યા. ત્યાં તેમણે (સં૦ ૧૬૦૮ મ૦ સુ૦ ૫) ગુરુવારને પુષ્ય નક્ષત્રના યોગમાં પં૦ ધર્મસાગર ગણિ, પં૦ હીરહર્ષ ગણિ અને પં૦ રાજવિમલ ગણિ એ ત્રણેને **ઉપાધ્યાયપદવી** આપી. સંઘ હર્ષ પામ્યો, પ્રભાવના થઈ, સૌ વાજતે ગાજતે ઉપાશ્રયે આવ્યા.

ગચ્છનાયકે પોતાની પાટે ગચ્છનાયક તરીકે પહેલાં **આ૦ વિજયરાજસૂરિને** સ્થાપન કર્યા હતા. હવે બીજો આચાર્ય સ્થાપન કરે તો "ગચ્છભેદ" થાય એ ખ્યાલથી તેમની ઇચ્છા બીજો આચાર્ય સ્થાપન કરવાની નહોતી. અને "આચાર્યપદે સ્થાપવા હોય તો ઉ૦ રાજવિમલગણિને સ્થાપન કરવા." એવી તેમની ભાવના હતી.

ગીતાર્થો અને સંઘે મળીને ગચ્છનાયકને બીજો આચાર્ય સ્થાપવાની વિનંતિ કરી. પણ બીજા ગીતાર્થો તેમ ઇચ્છતા નહોતા. "જો કે ઉપરના ત્રણે મહોપાધ્યાયો આચાર્યપદને યોગ્ય હતા." સૌ જાણતા હતા કે, "ગચ્છનાયક ઉ૦ રાજવિમલને પોતાની પાટે સ્થાપન કરવાની ઇચ્છા ધરાવે છે."

ઉ૦ ધર્મસાગરગણિને ઉ૦ રાજવિમલ ગચ્છનાયક થાય તે પસંદ ન હતું. તે માત્ર "ઉ૦ હીરહર્ષગણિને તેમની પાટે સ્થાપવા," એવી તરફેણના હતા.[1]

---

**૧. બહુમાન**

**મહો૦ ધર્મસાગરગણિને** આ૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિ પ્રત્યે બહુમાન હતું. જેમકે—

(૧) श्रीविजयदानसूरिः मादृशामपि शिष्याणां श्रुतादिदाने वैश्रमणानुकारी अनेकवार एकादशाङ्ग पुस्तकशुद्धकारी, किं बहुना ? तीर्थङ्कर इव हितोपदेशादिना परोपकारी सर्वजनप्रतीतः श्रीहीरविजयसूरयः संप्रति तपागच्छे आदित्यसदृशास्तदुद्द्योतकत्वात् ।

(—સં૦ ૧૬૪૮, તપાગચ્છપટ્ટાવલી, વ્યા૦ —૫૭, વ્યા૦ નં૦ ૫૮)

(૨) श्रीविजयदानसूरीश्वरा बभूवुर्जगद्विदिताः ॥ ८ ॥
तेषां पट्टे संप्रति विजयन्ते हीरविजयसूरीशाः ।
ये श्वेताम्बरयतीनां सर्वेषामाधिपत्यभृतः ॥ ९ ॥
कलिकालेऽपि प्रकटीकृततीर्थङ्करसमानमहिमानः ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગચ્છનાયક ત્યાંથી વિહાર કરી સિરોહી પધાર્યા, તેમણે પરિવાર સાથે ત્યાં ચોમાસું કર્યું અને મહો૦ ધર્મસાગરગણિને સંઘની વિનંતિથી નાડલાઈ ચોમાસુ કરવા મોકલ્યા.

ગચ્છનાયકે ચોમાસામાં ૩ મહિના ધ્યાન કરી, સૂરિમંત્રનો જાપ કર્યો. અધિષ્ઠાયકદેવે ગચ્છનાયકને જે જણાવ્યું તે તેમણે મનમાં જ રાખ્યું, તેમણે ચોમાસા પછી બધા **ગીતાર્થોને** બોલાવ્યા. ઉપા૦ ધર્મ-સાગર વગેરે ગીતાર્થોએ મહો૦ હીરહર્ષગણિને આચાર્ય બનાવવાનો સર્વાનુમતે એક નિર્ણય આપ્યો. આથી ગચ્છનાયકે (સં૦ ૧૬૧૦માં ...............શીરોહીમાં) ઉ૦ **હીરહર્ષગણિને** આચાર્યપદ આપી, **આ૦ હીરવિજયસૂરિ** નામ રાખી, પોતાની પાટે સ્થાપન કર્યા અને મહો૦ રાજવિમલ ગણિ તથા મહો૦ ધર્મસાગર ગણિને પંચાંગી સહિત ૬૩૬૦૦૦ શ્લોક પ્રમાણ ૪૫ આગમો આપ્યાં. સૌ સંઘ હર્ષ પામ્યો.

---

गीयन्ते सकलैरद्भूतमाहात्म्यदर्शनतः ॥ १० ॥
तेषां विजयिराज्ये ॥ ११ ॥ कुमति० ॥ १२ ॥

(–મહો૦ ધર્મસાગરે સં૦ ૧૬૨૮માં રચેલી કલ્પકિરણાવલી ગ્રંથ પ્રશસ્તિ)

(૩) तस्स वि पयम्मि एगीकाऊण सोमसूरे आघडिओ ।
उभयसहावो तेण सिरिहीरविजयगुरू ॥ ५ ॥
संपइ तं जुगपवरं पणमित्ता पणयभावभावण्णे ।
सव्वम्मि अजिअलोए लो अंतं नेहनयणेहिं ॥ ६ ॥

(–સં૦ ૧૬૨૯ મહો૦ ધર્મસાગરગણિ કૃત 'કુપક્ષ કૌશિક સહસ્ત્રકિરણ, વિશ્રામ : ૧, ગાથા : ૫–૬)

૪) इति श्रीमत्तपागणनभोमणि श्रीहीरविजयसूरीश्वर शिष्योपाध्याय श्रीधर्मसागरगणिविरचिते

(–મહો૦ ધર્મસાગરગણિએ સં૦ ૧૬૨૯માં રચેલ 'પ્રવચન પરીક્ષા' પ્રશસ્તિ : (વિશ્રામ : ૧ થી ૧૧)

(૫) श्रीहीरविजयसूरिराज्ये ॥

(–સં૦ ૧૬૩૨નો જિનપ્રતિમાલેખ)

(૬) જો આચાર્યપદ આપો તો હીરહર્ષગણિ યોગ્ય છે, મહાપંડિત છે, મોટા વૈરાગી છે, જો ગચ્છનું ભાગ્ય હશે, તો એ ગચ્છનાયક થશે.

(–ખરતર – તપાચર્ચાપત્રમાંથી.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રતિબોધ

ગચ્છનાયકે **પાટણ** આવી, તેમનો વંદનમહોત્સવ કર્યો. પાટણ જૈન સંઘનો ઉદ્યોત થયો. તપાવડીપોષાળના શ્રાવક **ધનજી મનજી** અને રાધનપુરનો કડુઆમતનો શ્રાવક વગેરે મહો૦ ધર્મસાગર પાસેથી પોતાનું શંકા સમાધાન મેળવી, તેમના રાગી થયા, અને તેમનું કુટુંબ પણ ગચ્છમાં આવી ભળ્યું. મહોપાધ્યાયજી રાધનપુરમાં ચોમાસુ રહ્યા. ત્યાં ઘણા કડુઆમતીઓને પ્રબોધ્યા.

બીકાનેરમાં ખરતરગચ્છનો મુખ્ય શ્રાવક **દેવો કોચર** "નાગોરી લોંકા"માં ભળી **નીતાનીતની** ચર્ચા કરતો હતો. તેણે પચાસેક ધનિકોને પોતાના બનાવ્યા, આથી બિકાનેરના તપાગચ્છના સંઘે ભ૦ વિજયદાનસૂરિને વિનંતિ કરી કે "આને પહોંચી વળે તેવા ગીતાર્થને બિકાનેર ચતુર્માસ માટે મોકલો."[1]

૧. **ચર્ચા બાબત** – મહો૦ નેમિસાગરગણિવરે સાગરમતની "નવી પ્રરૂપણાના ૩૬ બોલ" બનાવ્યા હતા. તેના નં. ૧૩ અને નં. ૧૬મા બોલોથી સમજાય છે કે, મહો૦ ધર્મસાગરગણિએ પરપક્ષીવાલા અને દિગંબરોએ પ્રતિષ્ઠા કરેલ જિનપ્રતિમાને અપૂજનીક બતાવી હતી, જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ પણ ૧૨ બોલનો પટ્ટક બનાવ્યો હતો. તેના નં. ૪–૬ બોલમાં "દિગંબર કે **શ્રાવકે** પ્રતિષ્ઠા કરેલી જિનપ્રતિમા વાંદવા યોગ્ય નથી" એમ ખુલાસો કર્યો હતો.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, "જૈનોમાં કડુઆમતી સંવરી ગૃહસ્થે પ્રતિષ્ઠા કરેલી પ્રતિમા અવંદનીક મનાતી હતી.

આથી મહો૦ ધર્મસાગરગણિ માનતા, કહેતા અને ઉપદેશ આપતા કે, "જિનપ્રતિમાની પ્રતિષ્ઠા શ્રાવક નહીં પણ સાધુ કરે."

સંવરી કલ્યાણજી "**कडुआमतनी मोटी पट्टावली**"માં જણાવે છે કે, ચોથા સંવરી પટ્ટધર જીવરાજના શ્રાવક ઠાકર અને મેરુએ સં૦ ૧૬૧૮ માં ખંભાતમાં ઉપા૦ ધર્મસાગર સાથે 'જિનપ્રતિમાની પ્રતિષ્ઠા સાધુ કરે કે શ્રાવક કરે.' તેની ચર્ચા કરી હતી. (પ્રક૦ ૫૩ પૃ૦ ૬૨૬)

છઠ્ઠા સંવરી પટ્ટધર જીવરાજના શ્રાવક જિનદાસે સં૦ ૧૬૪૯માં અમદાવાદમાં ઉપા૦ ધર્મસાગરજી સાથે 'વિરતિપણું એ ધર્મ છે કે નહીં

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મારવાડમાં**–મહો૦ ધર્મસાગરજીએ ગચ્છનાયકની આજ્ઞાથી પોતાને મળેલ જિનાગમ પંચાંગીને સાથે લઈ બિકાનેર તરફ વિહાર કર્યો. તેમને એક ગામમાં "ખરતરગચ્છનો યતિ તથા ખરતરગચ્છની સાધ્વીઓ સાથે સાથે વિહાર કરતા" જોઈ ભારે આશ્ચર્ય થયું. આથી તેમણે **ગચ્છનાયકની આજ્ઞા** મેળવી, બીજા ગચ્છોની 'સામાચારી' જોવાનું શરૂ કર્યું. (તેમણે સર્વજ્ઞશતકમાં ખાસ વિહારની ભારે સમીક્ષા કરી હતી.)

તેમને ખરતર, પૂનમિયા વગેરેની સામાચારી જોતાં તે બધા "ઉત્સૂત્રભાષી" લાગ્યા. તે મેડતામાં ચોમાસા માટે પધાર્યા. પં૦ વિજયવિમલ ગણિ, પં૦ વિદ્યાવિમલ ગણિ, (વિદ્યાસાગર ગણિ),

---

તેની ચર્ચા કરી હતી. (–વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૧૩૯, ૧૪૧ (પ્રક૦ ૫૩, પૃ૦ ૬૨૭)

આ કે આ સિવાયના બીજા કોઈ શાસ્ત્રાર્થનો બીજો કોઈ ઉલ્લેખ મળતો નથી, એટલે આનું પરિણામ શું આવ્યું તે જાણવામાં આવ્યું નથી.

મહો૦ ધર્મસાગરગણિએ પ્રવચનપરીક્ષામાં બીજા ૧૦ ગચ્છ–મતો તથા કડવામતની ખૂબ ઝાટકણી કાઢી છે.

પણ એ વાત ચોક્કસ છે કે, "મહો૦ ધર્મસાગરજી સાધુના હાથે થયેલ જિન પ્રતિષ્ઠાને જ પ્રામાણિક માનતા હતા."

જ્યારે આ 'ખરતર–તપાચર્ચા'નાં ઉપલબ્ધપાનાનાં લખાણથી સમજી શકાય છે કે, "મહો૦ ધર્મસાગરની સામે 'નીતાનીત'ની ચર્ચાનો પ્રશ્ન આવ્યો હતો." તે લખાણના આધારે સમજી શકાય છે કે, 'નાગોરી લોંકામતવાળા એમ માનતા હતા કે, 'કેવલી ભગવાન કંઈ જાણે, અને કંઈ જાણે નહીં' એટલે કેવળી ભગવાન પોતાના શરીરથી જીવ હણાય ત્યારે જાણે નહીં.

સંભવ છે કે, કેવલીના કેવળજ્ઞાન અને કેવલદર્શનના ઉપયોગની પ્રાચીન ચર્ચામાંથી **ઋષિ રૂપચંદે** આ વિભ્રમ ઉઠાવ્યો હોય! અને એ પણ સંભવ છે કે, મહો૦ ધર્મસાગરજી ગણિવરે 'કેવલી ભગવાનના શરીરથી જીવ હણાય નહીં. આવો નિર્ણય ઉક્ત ચર્ચા પરથી બાંધ્યો હોય?

સાગરમતની નવી પ્રરૂપણાના ૩૬ બોલમાં આ પણ એક બોલ છે. **મહો૦ યશોવિજયજી ગણિવરે** પ્રતિમાશતકમાં આ બોલની વિસ્તારથી સમીક્ષા કરી છે.

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ વિવેકવિમલ ગણિ, પં૦ જ્ઞાનવિમલ ગણિ વગેરે મુનિવરો સં૦ ૧૬૧૯માં મેડતામાં તેમની સાથે ચાતુર્માસ રહ્યા.

**સાચી ક્ષમાપના**

મેડતામાં તપગચ્છનો આગેવાન મોટો વ્યાપારી **મંત્રી કલ્યાણુમલ** રહેતો હતો. અને રાજમાન **મંત્રી સહસ્રમલ** પણ મેડતામાં રહેતો હતો. તે બંને તપાગચ્છીય શ્રાવકો હતા. પરંતુ આ બંને વચ્ચે કોઈ કારણે પ્રેમભાવ નહોતો. શેઠ કલ્યાણમલ બહુ ધર્મપ્રેમી હતો. તે હમેશાં બંને વખત પ્રતિક્રમણ કરે, પાખીએ પૌષધ કરે, વ્યાખ્યાનમાં નિત્ય આવે, બહુ મૂલ્ય વસ્ત્રો પહેરે અને "સોનાની કટાર" રાખે પણ માથે પાઘડી બાંધે નહીં. તેણે રાજા ૧૭ મા રાવમાલદેવ (સં૦ ૧૫૮૭ થી ૧૬૭૧ પ્રક૦ ૫૨, પૃ૦ ૫૩૫) સભામાં પ્રતિજ્ઞા કરી હતી કે, હું "રાજમાન્ય મંત્રી સહસ્રમલ"ને મારીશ ત્યારે જ પાઘડી બાંધીશ. આ પ્રતિજ્ઞાને ૨૫ વર્ષો વીતી ગયાં. મહો૦ ધર્મસાગરજીએ આ વાત સાંભળી નક્કી કર્યું કે, "શેઠ કલ્યાણમલ વ્રતધારી શ્રાવક છે, ધર્મપ્રેમી છે, પણ ક્રોધનું જીવંત પૂતળું છે, વટનો કટકો છે." શેઠ મહો૦ ધર્મસાગરજીને હમેશાં વંદન કરતો. **મંત્રી સહસ્રમલ** પણ હમેશાં સમય મળે ત્યારે મહોપાધ્યાયજીના દર્શને આવી જતો. મહોપાધ્યાયજીએ એક રાતે મંત્રી સહસ્રમલને જણાવ્યું કે, 'શેઠ કલ્યાણમલજી મહાક્રોધી છે, તમારો મોટો દુશ્મન છે, તો તમારે રાતે એકલા જવા–આવવાનું રાખવું નહીં' શેઠ કલ્યાણમલ ત્યાં સાંજે પડિક્કમણું કરવા આવ્યો હતો, અને પ્રતિક્રમણ કર્યા પછી સામાયિક લઈ બેઠો હતો. એ રાતે સામાયિકમાં કંઈક "ઝોકું" ખાતો બેઠો હતો. તેણે મહોપાધ્યાયજીના ઉપર્યુક્ત શબ્દો સાંભળ્યા, અને ભારે ગુસ્સે થઈ મહોપાધ્યાયજીને કહેવા લાગ્યો: 'હવે આજ પછી તમને વાંદે તે તમારો દીકરો.' એમ કહી તે સામાયિક પાર્યા વિના જ ઘરે ચાલ્યો ગયો.

એ સમયથી તેણે મહોપાધ્યાયજીને વાંદવાનું બંધ કર્યું, તેની પત્નીએ આ વાત જાણી, તેને ખૂબ સમજાવ્યો કે, 'ગુરુ મહારાજ

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

પ્રત્યે આવું વર્તન ન કરો,' પણ તે એકનો બે થયો નહીં. તેણે ગુરુ-વંદન, વ્યાખ્યાન, પોષાળમાં પ્રતિક્રમણ, તથા પૌષધ કરવાનું બંધ કર્યું. સંઘના ભાઈઓએ તેને ખૂબ સમજાવ્યો. મહોપાધ્યાયજીના કહેવાથી પં૦ વિમલસાગરગણિ તેને સમજાવવા ગયા. પણ તેણે કોઈનું માન્યું નહીં, પર્યુષણના સમયે ખરતર, પૂનમિયા તથા લોંકાગચ્છના ગૃહસ્થો શેઠ કલ્યાણમલને પોતાની પોષાળે લઈ જવા સમજાવવા ગયા.

તેઓએ શેઠને જણાવ્યું કે, "શેઠ ! મહોપાધ્યાયજી આકરા છે, પણ તમે તો ધર્મપ્રેમી છો, રાગ–દ્વેષ રહિત છો. 'કલ્પસૂત્ર' તો સૌનું એક છે તો અમારા ઉપાશ્રયે પર્યુષણ કરવા પધારો," શેઠ કલ્યાણે તેમનો ભાવ પરખી ઉત્તર વાળ્યો કે, "ભાઈ! સાંભળો, વાણિયો મહાજનથી રીસાય, પણ કંઈ ઢેડની પંગતમાં જઈને ન બેસે. તમે સૌ ઉત્સૂત્રભાષી છો, તમારે ત્યાં 'કલ્પસૂત્ર' સાંભળવાથી મારો અનંત સંસાર વધે. મારે એવું કરવું નથી, આપ આવ્યા તે આવ્યા પણ હવે પછી મારી પાસે આવીને આ વાત કાઢશો નહીં."

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ખમત ખામણાં

મહોપાધ્યાયજીએ આ ઘટના સાંભળી ત્યારે નક્કી કર્યું કે, "શેઠ કલ્યાણમલ ધર્મમાં પણ વટનો કટકો છે." ખરેખર, આ શ્રાવક શુદ્ધ સમ્યક્ત્વધારી છે, સાચા માર્ગનો જાણકાર છે, તો મારે તેને ખમાવવો જ જોઈએ. એમ ન કરું તો મને સંવત્સરી પ્રતિક્રમણ કરવું સૂઝે નહીં, **મહોપાધ્યાયજી** આમ ચિંતવી સંવત્સરીના દિવસે "ચૈત્યપરિપાટી કર્યા પછી" પં૦ વિમલસાગરને સાથે લઈ શેઠ કલ્યાણમલના ઘેર પધાર્યા.

શેઠ ઘરના બીજા માળે એકાંતમાં પોતાના કુટુંબ સાથે **પોષહ** લઈને બેઠો હતો. તેની પત્ની અને ચાર પુત્રો પૌષધમાં હતા. એ વખતે મહોપાધ્યાયજી આવી રહ્યા છે, એમ જાણી શેઠ કમાડ બંધ કરી બેસી ગયો. મહોપાધ્યાયજી આવ્યા જાણીને પુત્રોએ કમાડ ખોલ્યું તેઓએ મહોપાધ્યાયજીને બોલાવી સામે બેસાડ્યા, શેઠે તેમને વાંદ્યા નહીં, તેમની સામે પણ જોયું નહીં.

મહોપાધ્યાયજીએ તેને ઉપદેશ આપ્યો. સૌને સમતારસની વાગ્‌ધારાથી નવડાવી દીધા. ખમત ખામણાનો પરમાર્થ સમજાવ્યો. આ સાંભળી શેઠનો ક્રોધ ઓસરી ગયો. અને સૌ વાજતે ગાજતે ઉપાશ્રયે આવ્યા. બધાય સંવત્સરી પ્રતિક્રમણ કરવા બેઠા. મહોપાધ્યાયજીએ સંઘની સાથે શેઠને પણ ખમાવ્યા. શેઠે મંત્રી સહસ્રમલ્લને પણ ખમાવ્યો. આ પ્રકારે **માંહોમાંહે ખમતખામણાં** થયાં. સૌનું મન શુદ્ધ થયું. શેઠ અને મંત્રી બંને જણ બીજે દિવસે એક ભાણે બેસીને જમ્યા. તેમણે ૨૫ વર્ષ જૂનું વેર વોસીરાવ્યું.

નાગોરના રાજા **માલદેવે** આ ઘટના સાંભળી, મહોપાધ્યાયજીને રાજદરબારમાં તેડાવ્યા, તેમનો ઉપદેશ સાંભળ્યો, ધર્મગોષ્ઠી કરી અને તેમને ઉપાશ્રયે વાજતે ગાજતે મોકલ્યા.

**જિનસ્તોત્ર—**

મહોપાધ્યાયજીએ ઉપાશ્રયે આવીને 'શ્રી ઋષભદેવપદામ્બુજભક્તમ્' વાળું ૨૮ પદ્યોનું નવું સ્તોત્ર રચ્યું. શ્રાવકોએ તે લખી લીધું અને મુખપાઠ કર્યું, ત્યારે એક યતિ **મહાત્માએ** આ સ્તોત્રને અશુદ્ધ તરીકે જાહેર કર્યું, મહોપાધ્યાયજીએ આ સ્તોત્રની ૫૦૦ શ્લોક પ્રમાણ 'સ્વોપજ્ઞ વૃત્તિ' રચી. મહાત્મા આ 'વૃત્તિ' વાંચી ભારે ખુશ થયો, ચમત્કાર પામ્યો અને કહેવા લાગ્યો: 'મહોપાધ્યાયજી ખરેખર 'સરસ્વતી લબ્ધપ્રસાદ' છે. ત્યારથી મારવાડમાં બધા મહાત્માઓ મહોપાધ્યાયજીની પ્રશંસા કરવા લાગ્યા.

તે પછી મહોપાધ્યાયજી ત્યાંથી ચિત્તોડ ગયા, ત્યાં તેમણે ખરતરગચ્છની ઉત્પત્તિના શરૂઆતના આચાર્યોનો ઇતિહાસ નવ શ્રાવકોને જણાવ્યો. તે શ્રાવકોએ **મહો૦ ધર્મસાગર** અને ખરતરગચ્છના **ઉપા૦ ધનરાજને** આ બાબત ચર્ચા કરવા વિનંતિ કરી. 'ઉપા૦ ધનરાજે જેસલમેર કે બિકાનેરમાં મોટા ગ્રંથભંડારો છે, ત્યાં ચર્ચા કરીશું.' ઉ૦ ધનરાજે એમ ઉત્તર વાળી પાટણ તરફ વિહાર કર્યો. મહો૦ધર્મસાગરે "તે પાટણ પહોંચે ત્યારે તેમને રોકી રાખજો." એમ સમજાવી **વિમલસાગરને** તેની પાછળ પાછળ મોકલ્યો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહોપાધ્યાયજીએ જાલોરમાં સં૦ ૧૬૧૭માં **પં૦ પદ્મસાગર,** પં૦ જયસાગર અને પં૦ જીતસાગરને દીક્ષા આપી પાટણ પધાર્યા.[1]

સં૦ ૧૬૧૭માં પાટણમાં ખરતરગચ્છના **ભ૦ જિનચંદ્રસૂરિ** વગેરે ચતુર્માસ રહ્યા હતા.

**ચર્ચા**

આ જ સમયે ગચ્છનાયક ભ૦ વિજયદાનસૂરિ તેમજ આ૦ હીરવિજયસૂરિ વગેરે ખંભાતમાં ચોમાસુ રહ્યા હતા. **ઉપા૦ ધનરાજે** પાટણ આવી બધી પોષાળોનાં ભટ્ટારકોને "જેસલમેરી કાંબળી" આપી. સૌનાં વચન લીધાં કે, 'તમારે આ૦ અભયદેવસૂરિ બાબતે મારા પક્ષમાં સંમતિ આપવી.' તે બધા ભટ્ટારકો ઉપાધ્યાય પંડિતોએ તેને 'હા' કહી.[2] (—યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પૃ૦ ૩૭ થી ૪૫)

મહો૦ ધર્મસાગર અને ઉપા૦ ધનરાજે પાટણમાં ચર્ચા શરૂ કરી, 'આ૦ અભયદેવસૂરિ જો ખરતરગચ્છમાં હોય તો ખરતરગચ્છની

---

૧. મહોપાધ્યાયજીએ તેમાંના એકને પં૦ વિમલસાગરગણિના શિષ્ય મુનિ પદ્મસાગર બનાવ્યા. બીજાને પં૦ વિજયવિમલગણિના શિષ્ય પં૦ વિદ્યાસાગર ગણિના શિષ્ય **મુનિ સહજસાગર**ના શિષ્ય તરીકે મુનિ જયસાગરને બનાવ્યા અને ત્રીજાને મુનિ જયસાગરના શિષ્ય તરીકે મુનિ જીતસાગરને બનાવ્યા. એમ સૌને જૂદા જૂદા મુનિવરોના શિષ્ય બનાવ્યા.

૨. ખરતરગચ્છના **મહો૦સમયસુંદર ગણિવરે** પોતાના સામાચારીશતક પ્રકરણમાં 'આ૦ અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થયા' ૮૪ ગચ્છની એવી માન્યતા બતાવવા બધા ગચ્છના યતિઓની સહી આપી છે.

આ લખાણ સાચું છે કે નહીં તેનો ખુલાસો ઉપરના લખાણથી થઈ જાય છે. (—આત્માનંદ પ્રકાશ, વર્ષ : ૧૪, અંક : ૪)

મહો૦ ધર્મસાગરજીએ **પ્રવચનપરીક્ષા**ના વિશ્રામઃ માં 'આ૦ અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થયા નથી.' તેને પુરવાર કરનારા આધારપાઠો આપ્યા હતા. તેની સળંગ નોંધ આપણને મળતી નથી.

(—આ૦ અભયદેવસૂરિ માટે જૂઓ પ્રક૦ ૩૬, પૃ૦ ૨૧૬ થી ૨૨૧; ખરતરગચ્છ માટે જૂઓ પ્રક૦ ૪૦, પૃ૦ ૪૩૭ થી ૪૯૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામાચારી સાચી, નહિતર ખરતરની સામાચારી ખરી નહીં' એવો નિર્ણય થયો.

**નવો ગ્રન્થ**

સૌએ પ્રથમ તપાગચ્છ લઘુ પોષાળનો ગ્રંથભંડાર જોયો, અને પછી તપાગચ્છની વડી પોષાળનો ગ્રંથભંડાર જોયો, તો તેમાંથી સંસ્કૃત ભાષાનો 'ઉત્સૂત્રકન્દકુદ્દાલ' નામે ગ્રંથ 'સંસ્કૃત ટીકા' સાથેનો મળી આવ્યો, તેમાં પૂનમિયા, આંચલિક, ખરતર, સાર્ધપૂનમિયા, આગમિયા એ પાંચે મતોનો અસલી ઇતિહાસ નીકળ્યો. તેમાં તે બધાને નિહ્નવ જેવા બતાવ્યા હતા. આ ગ્રંથનું બીજું નામ "ગુરૂતત્ત્વપ્રદીપ" પણ હતું જેમાં વિશ્રામ–૮, શ્લો૦ ૨૨૧ વિવરણ ગ્રંથ ૧૯૫૨ હતું.

મહોપાધ્યાયજીએ સં૦ ૧૬૧૬ના આસો સુદિ ૧૩ ના રોજ આ ગ્રંથની અક્ષરશઃ નકલ કરાવી લીધી, મહોપાધ્યાયજીએ સૌ ભટ્ટારકો તથા **શેઠ શિવજી** વગેરે સંઘની વચ્ચે આ ગ્રંથ વાંચી સંભળાવ્યો, જે વાંચવાથી ખરતરગચ્છના શ્રાવકો દુઃખ પામ્યા. તેઓએ ભ૦ વિજયદાનસૂરિને ખંભાત પત્ર લખી મોકલ્યો, તેમાં વિનંતિ કરી કે, "આપ આ૦ અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થયા છે, એવું લખી મોકલજો."

'અહીં તમારો ગીતાર્થ ચોમાસુ છે, તે પાટણથી જૂદી જ વાતો કરે છે, અને રાગ–દ્વેષ વધારે છે. આપનો ઉપર મુજબનો પત્ર આવવાથી અહીં રાગદ્વેષ મટી જશે. તમે મહંત છો, રાગદ્વેષને વારનારા છો, તીર્થંકર સમાન છો; તો રાગદ્વેષ ઘટે તેમ પત્ર લખી મોકલજો."

મહોપાધ્યાયજીએ ખંભાત આ પત્ર ગયાના સમાચાર જાણ્યા. તેમણે શેઠ શિવજીને કહી સંઘનો એક માણસ ખંભાત ગચ્છનાયક પાસે મોકલ્યો. મહોપાધ્યાયજીએ તેને પત્ર લખી આપ્યો. તેમાં તેમણે જણાવ્યું કે, "અમે પૂ૦ આ૦ મુનિસુંદરસૂરિ વગેરે પૂર્વાચાર્યોના ગ્રંથો ભંડારમાંથી કાઢીને જોયા છે. તે આધારે નક્કી થાય છે કે, આ૦ અભયદેવસૂરિ 'ખરતર' નથી. ખરતરગચ્છની સામાચારી ખોટી છે. તો આપ અહીંના ખરતરગચ્છના શ્રાવકોને જે ઉત્તર આપો તે વિચારીને આપજો."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજે દિવસે ખંભાતના ખરતરગચ્છના શ્રાવકોએ ખંભાતમાં વ્યાખ્યાન થયા પછી ગચ્છનાયકને પૂછ્યું કે, 'આ૦ અભયદેવસૂરિ કયા ગચ્છમાં થયા?' ગચ્છનાયકે કહ્યું કે, 'ખરતરમાં થયાનો પ્રઘોષ છે.' ખરતરગચ્છના શ્રાવકોએ તુરતજ કહ્યું: 'તો આપ એટલું જ લખી આપો એટલે ક્લેશ મટી જાય.' ગચ્છનાયકે આ૦ હીરવિજયસૂરિને આ શબ્દો લખી આપવા આજ્ઞા કરી. આ૦ હીરવિજયસૂરિએ તરત જવાબ આપ્યો કે, 'ગુરુદેવ! હું હમણાં ધ્યાનમાં બેસું છું તો મધ્યાહ્ન પછી લખી આપીશું.'

ખરતરગચ્છના શ્રાવકો મધ્યાહ્ન પછી ફરીવાર વિનંતિ કરવા આવ્યા, ત્યારે આ૦ હીરવિજયસૂરિ લખી આપવાની તૈયારી કરતા હતા. એવામાં ખંભાતના **સં૦ ઉદયકરણ** અને વો૦ પાસદત્ત વગેરે શ્રાવકોએ આવીને પૂછ્યું કે, 'ગુરુદેવ! શું લખી આપો છો?' ગચ્છનાયકે યથાર્થરૂપે વસ્તુ જણાવી. એટલે સં૦ ઉદયકરણ વગેરે સંઘે જણાવ્યું કે 'આ અંગે આપના ઉપર મહો૦ ધર્મસાગરજીનો કોઈ પત્ર છે? તેમનો પત્ર આવે તે પછી વિચારીને, લખી આપવું ઠીક રહેશે. આમાં કંઈ ફેરફાર હશે તો 'મિચ્છામિ દુક્કડં' આપી શકાશે.

એ જ સમયે મહોપાધ્યાયજીનો પત્ર આવી પહોંચ્યો, તેમાં જણાવ્યું હતું કે, 'આ૦ અભયદેવસૂરિ ખરતર નહોતા. ખરતરગચ્છે પોતાની નવી પ્રરૂપણા કરી છે અને શાસ્ત્ર વિરુદ્ધ ૩૬૦ બોલ પ્રરૂપ્યા છે.' વગેરે હકીકતો માટેના ૨૧ ગ્રંથોના સાક્ષી પાઠો હતા.

ભ૦ વિજયદાનસૂરિ, આ૦ હીરવિજયસૂરિએ આ પત્ર વાંચી નક્કી કર્યું કે, "આ ગ્રંથોને લોપાય નહીં, તો હવે ખરતરગચ્છવાળાને કંઈ લખી આપવું નહીં."

ખરતરગચ્છના ભાઈઓ ખંભાતમાં ત્રીજે દિવસે ફરીથી લખાણ માગવા આવ્યા. ગચ્છનાયકે જણાવ્યું કે, 'મહાનુભાવ! આ૦ અભયદેવસૂરિ 'ખરતર' હોય એવા સ્પષ્ટ શબ્દો બતાવો. તો જ લખી આપીએ.' પરિણામે ખરતરગચ્છના શ્રાવકો ઊઠીને ત્યાંથી ચાલ્યા ગયા.

ગચ્છનાયકે મહોપાધ્યાયજીને પત્ર લખી નાખ્યો કે, 'અમે ખરતર લખી આપ્યું નથી.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહો૦ ધર્મસાગરજીએ પાટણમાં આ૦ અભયદેવસૂરિ ખરતરગચ્છના નથી, ખરતરગચ્છની સામાચારી ખોટી છે, વગેરે ચર્ચા ચલાવી જૈન શાસનની ઉન્નતિ કરી.

**ગ્રન્થ**

મહોપાધ્યાયજીએ સં૦ ૧૬૧૭માં પાટણમાં 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રદિપિકા' ગ્રંથ બનાવ્યો. પાટણનો સં૦ બૃ૦ **શેઠ શિવજી** મહોપાધ્યાયજીનો ભક્ત બન્યો.

મહોપાધ્યાયજી પાટણથી વિહાર કરી અહિમનગર પધાર્યા, ને ત્યાં જ ચોમાસુ રહ્યા. તેમણે અહીં સં૦ ૧૬૧૮માં ઉપા૦ લબ્ધિસાગર વગેરે પાંચ જણાને દીક્ષા આપી, તે પછી તે અમદાવાદ પધાર્યા. એ સમયે અમદાવાદમાં **મંત્રી ગલરાજ** નામે શ્રેષ્ઠી હતો, જે બાદશાહ મહમ્મદ (ચોથા)નો માનીતો હતો. દિશાવાલ જ્ઞાતિના મંત્રી વરણાઈગનો પુત્ર હતો. તેને બાદશાહે 'મલેક શ્રીનગદલ'નું બિરુદ આપ્યું હતું. અને મોટો વજીર બનાવ્યો હતો.[1] તે ૫૦૦ ઘોડેસવારોનો ઉપરી હતો. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૨૧૬ સં. ૧૫૯૪ થી ૧૬૧૦)

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

મંત્રી ગલરાજે મહો૦ ધર્મસાગરજીનો અમદાવાદમાં પ્રવેશ મહોત્સવ કર્યો, જેમાં ૨૦૦૦ નારિયેળની પ્રભાવના કરી અને મહોપાધ્યાયને અમદાવાદમાં ચોમાસું કરાવ્યું. તેમના વ્યાખ્યાનમાં હમેશાં પાંચસો માણસો આવતા. મંત્રી ગલરાજે ચાર મહિના પ્રભાવના કરી.

સં૦ બૃ૦ શેઠ શિવજી પાટણથી મહોપાધ્યાયજીને વાંદવા અમદાવાદ આવ્યો. મંત્રી ગલરાજ અને બૃ૦ શેઠ શિવજી વચ્ચે ગાઢ ધર્મપ્રેમ બંધાયો. મહોપાધ્યાયજીને વિવિધ પ્રશ્નો પૂછતા. તેઓ સૌની

---

૧. ભ૦ આનંદવિમલસૂરિના સમયે **તૂણા શાહ** શ્રેષ્ઠી તેમનો ભક્ત હતો. તે પણ 'મલેક શ્રીનગદલ' બિરુદધારી હતો. તેમણે તપાગચ્છના સંવેગીઓનો સૌરાષ્ટ્રમાં વિહાર કરાવ્યો.

(–તપાગચ્છ પટ્ટાવલી, પૃ૦ ૭૦ જૂઓ પ્રક૦ ૫૬)

ભ૦ વિજયદાનસૂરિના સમયે ગલરાજ મલેકનગદલ હતો તેણે શત્રુંજય તીર્થનો મુક્તાધાટ કરાવ્યો. (–જૂઓ પ્રક૦ ૫૭, 'મુક્તાઘાટ')

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શંકાનું નિવારણ કરતા અને યોગ્ય સમાધાન કરતા.[1]

(–આત્માનંદ પ્રકાશ, પુ૦ ૧૪, ૧૫, અંક : ૩, ૪)

**શાસનરાગ**

પૂ૦ મહોપાધ્યાય ધર્મસાગરજી ગણિવર વિક્રમની **૧૭મી** સદીના અજોડ વિદ્વાન હતા, નિડર વક્તા હતા, તથા સમર્થ ગ્રંથકાર હતા. તેઓ તપાગચ્છને જ શુદ્ધ જૈન શાસન માનતા, તેઓ એ સમયના તપાગચ્છના નાયકો **ભ૦ વિજયદાનસૂરિ,** જ૦ ગુ૦ **આ૦ હીરવિજયસૂરિ** અને **ભ૦ વિજયસેનસૂરિ** વગેરેને પૂરા વફાદાર હતા, અને તે તે ગચ્છનાયકો પણ તેમની વિદ્વત્તાથી પ્રભાવિત હતા.

**સ્વભાવ**

મહોપાધ્યાયજી માનતા કે, 'સાચાને સાચો કહેવો અને ખોટાને ઉખેડી નાખવો.' તેઓ આ માન્યતાને વળગી રહેનારા હતા. જો કે આવા નગ્ન સત્યથી કદાચ લાભ થાય, પણ અનેકાંત દૃષ્ટિએ વિચારીએ તો એ લાભ ક્લેશાનુબંધી પણ બની જાય.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્ जैन साईट

## ગચ્છમત સંઘર્ષ

**શાંતિના ઉપાયો**

ફલસ્વરૂપ, સત્તરમી શતાબ્દીમાં તપગચ્છમાં મોટી અશાંતિ બની રહી, અને વિભિન્ન ગચ્છવાળાઓ સાથે અવાર નવાર અથડામણી ઊભી થઈ. જો કે ગચ્છનાયકોએ તે ક્લેશને હઠાવવા, તથા બધા ગચ્છોની એકતા જાળવવા શાંતિભર્યા વિવિધ ઉપાયો યોજ્યા.

શાસનદીપક પ્રસિદ્ધ વક્તા મુનિરાજ **શ્રી વિદ્યાવિજયજી મ૦** આ૦ **જિનવિજયજી** અને **મોતીચંદ ગિરધર કાપડિયાએ** આ બાબતો ઉપર વિવિધ રીતે પ્રકાશ પાડચો છે. તેના આધારે અહીં થોડુંક વિચારીએ. તેનો **ટૂંકો ઇતિહાસ** આ પ્રકારે છે.

(૧) મહો૦ ધર્મસાગરજી ગણિવરે વિ૦ સં૦ ૧૬૧૭માં ખરતરગચ્છના ઉપાધ્યાય ધનરાજગણિને 'આ૦ અભયદેવસૂરિ ખરતરગચ્છમાં થયા નથી, આ અંગે **૨૧ પ્રમાણ પાઠો** આપ્યા હતા.

૧. ગલા મહેતા માટે વિશેષ જુઓ (–પ્રક૦ ૫૯, મં૦ ગલરાજ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ભ૦ વિજયદાનસૂરિ તથા ભ૦ હીરવિજયસૂરિને તે પાઠોની નકલ મોકલી હતી.

(૨) મહો૦ ધર્મસાગરજી ગણિવરે સં૦ ૧૬૧૬ ના આસો સુ૦ ૧૩ ના દિવસે પાટણમાં **મુનિ વિમલસાગર**, મુનિ જ્ઞાનવિમલ, મુનિ જ્ઞાનસાગર અને મુનિ વિવેકવિમલ પાસે પાટણના તપાગચ્છની વૃદ્ધ પોષાળના ગ્રંથભંડારમાંથી (અથવા સીસોદિયા વાડા ઝવેરીના ખાનગી ગ્રંથભંડારમાંથી) મળી આવેલ સટીક 'ઉત્સૂત્રકન્દકુદ્દાલ' ગ્રંથની પૂરી નકલ કરાવી લીધી. જેમાં વિશ્રામ, મૂળ ગ્રં૦ ૪૦૦ અને ટીકા સાથે ગ્રંથ ૧૯૫૨ છે.

આ ગ્રંથનાં વિશ્રામ ૧, શ્લોક ૨૦ ની વ્યાખ્યામાં પૂનમિયા, ખરતર, આંચલિક, આગમિક અને સાર્ધપૂનમિયા વગેરે ગચ્છોને નિહ્નવ બતાવ્યા હતા. આ ગ્રંથનું બીજું નામ 'ગુરુતત્ત્વપ્રદીપ પણ મળે છે.[1]

---

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૧. ઉત્સૂત્રકંદકુદ્દાલમાં કોઈ નવી નવી ઐતિહાસિક નોંધો પણ મળે છે જેમકે:–

૧. શ્રીસંઘે સં૦ ૮૯૦માં ગિરનાર તીર્થમાં શ્વેતામ્બર દિગમ્બર સંઘો વચ્ચે ઝઘડો થવાથી ભવિષ્યમાં ઝઘડાથી બચવા માટે શ્વેતામ્બરોએ જિનપ્રતિમાને **અંચલિકા** (લંગોટ) બનાવી દિગમ્બરોએ બેઠી પ્રતિમા તેમજ ઉભી પ્રતિમા બન્નેને "સ્પષ્ટ લિંગ બનાવ્યાં.

**નોંધ:** શ્વેતામ્બર દિગમ્બરોના પ્રતિમા ભેદ માટે જૂઓ (પ્રક૦ ૧૪ ૩૨૫, પ્રક૦ ૩૨ પૃ૦ ૫૩૩ પ્રક૦ ૩૪ પૃ૦ ૩૦૭ (પ્રક૦ ૫૩ વીશપંથી તેરાપંથ પૃ૦ ૬૬૫ થી ૬૭૧)

૨ A. કર્ણાટકમાં દિગમ્બર ભક્ત રાજા અને શ્વેતામ્બર ભક્ત રાણી હતી શ્વેતામ્બરાચાર્ય **આર્દ્રગુપ્ત આચાર્યના** શિષ્યે "દિગમ્બરોના ષડ્યંત્રમાંથી બચવા માટે વસ્ત્રો બાળી નાખ્યાં." અને સૌને પ્રિય બની રહેવા માટે રાજાએ કાઉસ્સગ્ગમાં ખેસ ઓઢાડયો. હતો. તેને રાખી, તે પ્રદેશમાં રહેવા માટે **યાપનીય સંઘ** (વસ્ત્ર ત્યાગી સંઘ) સ્થાપ્યો.

(વિશ્રામ. ૩જો શ્લો૦ ૩૯, ૪૦ની વ્યાખ્યા.)

**નોંધ :** દિગમ્બર ગ્રંથોમાં (૧) અર્ધ ફાલક કંબલીસંઘથી અથવા (૨)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) મહો૦ ધર્મસાગરગણિવરે સં૦ ૧૬૧૭ માં પાટણમાં 'ઉત્સૂત્રકન્દકુદ્દાલ' ગ્રંથના આધારે 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રોદ્દ્ઘાટનકુલક' તથા તેની ટીકા નામે 'દીપિકા' અને 'સટીકતત્ત્વતરઙ્ગિણી' એમ બે ગ્રંથો રચ્યા. 'તત્ત્વતરંગિણીમાં' ઉક્ત ગ્રંથના આધારે 'સભ્યા-શઙ્કાનિરાકરણવાદ' નામનો વિભાગ નવો બનાવીને જોડ્યો. આ ત્રણે ગ્રંથો પ્રકાશમાં આવતાં વિભિન્ન ગચ્છોમાં ખળભળાટ જન્મ્યો.

(૪) ભ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૬૧૯ના મા૦ સુ૦ ૧ થી

---

શ્વે૦ આ૦ શ્રી કળશથી સં૦ ૨૦૫માં કલ્યાણીમાં યાપનીય સંઘની ઉત્પતિ બતાવી છે. (જૂઓ પ્ર૦ ૧૪ પૃ૦ ૩૨૭)

૨ B. નવકારમાં છેલ્લું "પઢમં હવઈ મંગલં" એવો ચુલિકા પાઠ છે. એમ કુલ ૬૮ અક્ષર થાય.

૩. દેવદ્રવ્ય ભોગી ચૈત્યવાસી નિહ્નવ છે. તે ચૈત્યના માલીક હોવાથી સંઘે તેને સંઘ બાહ્ય કર્યાં નહી. "ચૈત્યનિવાસ"નો સંવત ૪૧૨ (વીર સં૦ ૮૮૨)અને સુવિહિત વસતિવાસી પોષાળવાસી સુવિહિતનો સં૦ ૧૦૦૮ જાણવો ચૈત્યવાસીએ સુવિહિત પાસે ઉપસ્થાપના લઈ સં૦ ૧૦૦૮માં શુદ્ધમાર્ગ ચલાવ્યો. (વિશ્રામ ૩ શ્લો૦ ૧૬ થી ૧૮ વ્યાખ્યા.)

નોંધ : વીર નિર્વાણ સં૦ ૮૮૨માં ચૈત્યસ્થિતિ થઈ હતી. (જૂઓ પ્ર૦ ૨૩ પૃ૦ ૪૦૦)

આ૦ જિનેશ્વર, આ૦ બુદ્ધિસાગરના ઉપદેશથી સં૦ ૧૦૮૦માં પાટણમાં ઉપાશ્રય બન્યો.

(પ્ર૦ ૩૫ પૃ૦ ૮૧, પ્ર૦ ૩૬ પૃ૦ ૨૧૪, પ્ર૦ ૫૩ પૃ૦ ૬૦૯, ૬૧૦ આઠમો વિજામતના ઋ૦ હેમસાગરનું ચર્ચા શતક ગ્રંથ ૩૯૭)

૪. ક૦ સ૦ આ હેમચન્દ્રસૂરિ અને ગૂર્જરેશ્વર રાજા કુમારપાલે પૂનમિયા ગચ્છવાળાને દેશનિકાલ આપ્યો. (વિશ્રા. ૪, શ્લો૦ ૫)

નોંધ પૂનમિયા મત માટે (જૂઓ પ્રક૦ ૪૦, પૃ૦ ૪૯૫, ૫૧૮)

૫. શુદ્ધ ચારિત્ર તપગચ્છમાં આ૦ ક્ષેમકીર્તિસૂરિ વગેરેમાં વરતે છે. (વિશ્રા૦ ૮ મો, શ્લો૦ ૧૩ થી ૧૬)

નોંધ : તપાગચ્છની વૃદ્ધ પોષાળના ૪૬ મા આ૦ ક્ષેમકીર્તિસૂરિએ સં૦ ૧૩૩૨ના જે૦ સુ૦ ૧૦ ને રોજ બૃહત્કલ્પ ભાષ્યની ટીકા ગ્રં૦ ૪૨૬૦૦૦ રચી હતી. (—જૂઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪ના દિવસોમાં ચાર સંઘનું એકમ જોખમાય નહીં, એ ઉદ્દેશથી પોતાના મુનિઓનું સમ્મેલન ભરી તે ‘ઉત્સૂત્રકન્દકુદ્દાલ’ ગ્રંથને **અપ્રામાણિક** ઠરાવ્યો અને જાહેર કર્યું કે, તેને તથા તેના અવતરણ પાઠોને સાચા માનવા નહીં.

મહો૦ ધર્મસાગરજી ગણિવરે તે આજ્ઞા સ્વીકારી, જે થયું હતું તેનો ‘મિચ્છામિ દુક્કડં’ લખી આપ્યો. આચાર્યશ્રીએ સંઘને **સાત બોલનો** પટ્ટો લખી આપ્યો. તેમાં વિદ્યમાન બધા ગીતાર્થોએ પોતપોતાનાં મતાં આપ્યાં. (–કવિ ઋષભદાસ કૃત બાર બોલનો રાસ, મહો૦ ભાવવિજયગણિ કૃત, ષટ્ત્રિંશજ્જલ્પ વિચાર)

(૫) મહો૦ ધર્મસાગરજી ગણિવરે પોતાની નવી પ્રરૂપણા ચાલુ રાખી અને અમદાવાદના તેમને **ગલા મહેતાનો** ટેકો મળ્યો. પછી ઉપા૦ રાજવિમલગણિ અમદાવાદ પધાર્યા. ગલા મહેતાએ તેમને મહો૦ ધર્મસાગરજીની નવી પ્રરૂપણામાં સમ્મત ન થવાથી ત્રાસ આપ્યો.

(૬) **ભ૦ વિજયદાનસૂરિએ** સં૦ ૧૬૧૯–૨૦ માં રાધનપુરમાં ઉપરની હકીકત જાણી મહો૦ ધર્મસાગરજીને સપરિવાર **ગચ્છ બહાર** મૂક્યા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## લેખિત માફી

(૭) મહો૦ ધર્મસાગરજી ગણિવરે **મહો૦ સકલચંદ્ર ગણિવરના** સમજાવવાથી રાધનપુર જઈ ભ૦ વિજયદાનસૂરિને ચતુર્વિધ સંઘની વચ્ચે પોતાની નવી પ્રરૂપણા માટે ‘મિચ્છામિ દુક્કડં’ લખી આપ્યો. તેમાં ૧ આ૦ હીરવિજયસૂરિ, ૨ મહો૦ સકલચંદ્રગણિ, ૩ મહો૦ ધર્મસાગર ગણિ, ૪ ઉપા૦ વિજયહંસગણિ, પં૦ રૂપજી ગણિ, પં૦ કુશલહર્ષ ગણિ, પં૦ શ્રીકરણ ગણિ, પં૦ વાનરઋષિ, પં૦ સૂરચંદ્ર ગણિ, હાપા ગણિ,, (પં૦ હાનર્ષિ ગણિ. પં૦ સહજકુશલ ગણિ), મુનિ વિમલદાનજી, પં૦ સંયમહર્ષ ગણિ વગેરે આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, મુનિ ગીતાર્થોનાં મતાં થયાં.

## ગ્રંથો

આચાર્યશ્રીએ ‘ઉત્સૂત્રકન્દકુદ્દાલ’ અને ‘તત્ત્વતરંગિણી’ ગ્રંથને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પં૦ સૂરચંદ્ર ગણિ** પાસે પાણીમાં બોળાવ્યા અને મહો૦ ધર્મસાગર ગણિને પરિવાર સહિત ગચ્છમાં દાખલ કર્યા.[1]

(૮) મહો૦ ધર્મસાગર ગણિવરે ગચ્છનાયકની આજ્ઞાથી ચતુર્વિધ જૈન સંઘ તથા પોતાના ભક્તોને તેરવાડાથી એક પત્ર લખી જણાવ્યું કે, 'મેં નિહ્નવો તથા પર્વોની નવી પ્રરૂપણા બાબત મિચ્છામિ દુક્કડં આપ્યો છે, તો કોઈએ નવી પ્રરૂપણા કરવી નહીં. જેણે તેની શ્રદ્ધા કરી હોય તે 'મિચ્છામિ દુક્કડં દેજો.'

તે **પત્ર** આ પ્રકારે મનાય છે.

(૧) મહો૦ ધર્મસાગર ગણિએ આ ગ્રંથની પ્રરૂપણા કરી હતી. તેમજ 'તત્ત્વતરંગિણી' ગ્રંથ બનાવ્યો હતો, તેમાં ઇતર ગચ્છોની કડક સમાલોચના કરી હતી. ભ૦ વિજયદાનસૂરિ અને આ૦ હીરવિજયસૂરિએ તે ગ્રંથોને જલશરણ કરાવ્યા અને ઉપાધ્યાયજીએ પણ તે પ્રરૂપણા માટે મિચ્છામિ દુક્કડં આપ્યો. જેનો લેખ આ પ્રકારે છે.

"स्वस्ति श्रीशान्तिजिनं प्रणम्य। तिरवाडानगरतः परमगुरु श्री विजयसूरि सेवी उ० धर्मसागर गणि लिखति समस्तनगर साधु-साध्वी श्रावक-श्राविकायोग्यम्। आज पछी अमे पांच निह्नव न कहउं। पांच निह्नव कह्या हुइ ते मिच्छामि दुक्कडं। उत्सूत्रकंदकुद्दाल ग्रंथ न सद्दहउं, पूर्वइ सद्दह्यक हुइ ते मिच्छामि दुक्कडं। षट्पर्वी आश्री जीम श्री पूज्य आसि (आदेश) देइ छइ ते प्रमाण ॥ ठ ॥ सात बोल जीम भगवान आसि थइ छइ ते प्रमाण। चतुर्विध संघनी आसातना कीधी हुइ ते मिच्छामि दुक्कडं। आज पछी पांच चैत्य वांदवा। तिरवाडामांहि श्रीपूज्य परमगुरु श्री विजयदानसूरिनइ मिच्छामि दुक्कडं

૧. ભ૦ શ્રી વિજયદાનસૂરિએ સં૦ ૧૬૧૯–૨૦માં '**तत्त्वतरंगिणी**'ને ક્લેશજનક માની અપ્રમાણિક જાહેર કરી, તે પછી જૈન શ્રમણસંઘમાં તિથિ-ચર્ચાના ઘણા પ્રસંગો ઉઠયા, પણ કોઈએ કોઈ પણ ચર્ચામાં કે ચર્ચાપત્રમાં અપ્રમાણિક હોવાના કારણે 'तत्त्वतरंगिणी'નો હવાલો આપ્યો નથી. જે ભ૦ વિજયદાનસૂરિને પૂજ્ય માનતા હોય તે સૌ વિવેકીએ સમજવું જોઈએ કે, ક્લેશજનની 'तत्त्वतरंगिणी'ના આધારે નવી તિથિવ્યવસ્થા કરવા પ્રયત્ન કરવો તે સંઘને માટે હાનિકારક પ્રવૃત્તિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दीघउ छइं संघ समक्ष ए बोल आश्री जीणइ खोटो सदह्यक हुवइ ते मिच्छामि दुक्कडं देज्यो ॥ ठ ॥

( –જૈનયુગ, વર્ષ : ૫, પૃ૦ ૪૮૩; પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૫૭ )

(૨) **મહો૦ સુમતિવિજય ગણિ**ના શિષ્ય **પં૦ સિંહવિજય ગણિ** લખે છે કે–

'પહિલુ ધર્મરુચિ ઉ૦ ધર્મસાગર, ગ્રંથ કરિઉ એક મોટો;
ચુરાસી ગચ્છ તેહમાં નંધા, **તત્ત્વતરંગિણી** ખોટો. ૨૨
**ગાલા વણાયગ** આદિ શ્રાવક, સબલ સખાયત કીધા;
શ્રી વિજયદાનસૂરિ સંઘાતિ, ફિરી ફિરી ઝગડા કીધા. ૨૩

સુણ્યા સરઈ ન પોતઈ સાગર, રાંકતણી પરિ રોળ્યા;
કુમતિકુદ્દાલ ને તત્વતરંગિણી, સંધિ પાણીમાંહિ બોળ્યા. ૨૪
એ ઓગણિસઈ પ્રથમ પ્રવાડો, પગે લાગી નઈ પઈઠા;
ભદ્દુઆ મત માંડિઉ છઈ તાલઈ, આપ રૂપિ થઈ બઈઠા. ૨૫

મિચ્છામિ દુક્કડં ખમી ખમાવી ચરણ હીરનઈ લાગો. ૨૭

(–સં૦ ૧૬૭૪ દિવાળી દિને 'સાગરબાવની' પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૫૭–૫૮ )

(૯) મહો૦ ધર્મસાગરગણિવરે સં૦ ૧૬૨૯ માં ઉત્સૂત્રકંદકુદ્દાલના અવતરણ જેવો કુપક્ષકૌશિકસહસ્રકિરણ ગ્રંથ, તેની ટીકા, તથા ઇરિયાષટ્‌ત્રિંશિકા–સટીક ગ્રંથો રચ્યા, આ૦ હીરવિજયસૂરિએ કુપક્ષકૌશિકસહસ્રકિરણ ગ્રંથ ગીતાર્થો પાસે તપાસડાવી તેનું નામ પ્રવચનપરીક્ષા રાખ્યું. આ ગ્રંથ બન્યા પછી વિવિધ ગચ્છોમાં ફરીવાર સંઘર્ષ શરૂ થયો. ખરતરગચ્છવાળાએ બા૦ અકબરની રાજસભામાં પ્રવચનપરીક્ષા ગ્રંથ બતાવી જણાવ્યું હતું કે, 'તપાવાળા અમારી સાથે ઝગડા કરે છે.' (–યુગપ્રધાન જિનચંદ્રસૂરિ પરિશિષ્ટ ચ પૃ૦ ૩૦૫, પ્રક૦ ૪૪ પૃ૦ ફરમાન )

**શાસ્ત્રાર્થ**

(૧૦) ખરતરગચ્છવાળાઓએ સં૦ ૧૬૪૨માં પાટણની રાજ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સભામાં આ૦ વિજયસેનસૂરિ સાથે 'પ્રવચનપરીક્ષા' બાબત શાસ્ત્રાર્થ માંડ્યો. એ શાસ્ત્રાર્થ ૧૪ દિવસ ચાલ્યો. આ૦ વિજયસેનસૂરિએ તેમાં જય પ્રાપ્ત કર્યો. (–વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ : ૧૦, શ્લો૦ ૪)

(૧૧) ખરતરગચ્છવાળાઓએ સં૦ ૧૬૪૨માં પાટણમાં હાર થયા પછી વાર વચ્છરાજ કલ્યાણરાજની મદદથી અમદાવાદમાં મોટા મોટા ઉમરાવો તથા મોટા તાર્કિકોથી ભરેલી સૂબા ખાન–ખાનાની રાજસભામાં પ્રવચનપરીક્ષા અંગે ફરીવાર શાસ્ત્રાર્થ માંડ્યો. તેમાં પણ આ૦ વિજયસેનસૂરિના શિષ્યો જીત્યા. આચાર્યના શિષ્યોએ હાજર રહેલા કલ્યાણરાજ, પંડિતો, સૂબાઓ, ઉમરાવો તથા ખરતરગચ્છના સર્વ શ્રાવકોનો વિભ્રમ ભાંગ્યો. શ્રાવકોએ આ શિષ્યોને સૂબાના ગાજા–વાજાથી બહુમાન કરી ઉપાશ્રયમાં પધરાવ્યા.

(–વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, સર્ગ–૧૦ શ્લો૦ ૫ થી ૧૦)

(૧૨) વચ્છરાજ કલ્યાણરાજે ખરતરગચ્છનો પક્ષ કરી, ખંભાતમાં નવાબને ચડાવી તપગચ્છના જૈનો વગેરેને ઘણો ત્રાસ અપાવ્યો, જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ મહો૦ શાંતિચંદ્રગણિવર મારફત આ ખબર બા૦ અકબરને પહોંચાડયા અને આ ત્રાસનો ઉપાય કરાવ્યો.

(૧૩) જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિવરે ગૂજરાતમાં આવી સં૦ ૧૬૪૬ના પોષ શુ૦ ૧ ને શુક્રવારે પાટણમાં તપગચ્છનો ચતુર્વિધ સંઘ એકઠો કર્યો અને જૈન સંઘની એકતા ખાતર ૧૨ બોલનો નવો પટ્ટો બનાવી, બધે સ્થળે તે પટ્ટો મોકલ્યો.

## ૧૨ બોલનો પટ્ટક ૧૨ બોલનો સાર નીચે પ્રમાણે હતો—

૧. કોઇએ પરપક્ષીને કઠોર વચન કહેવું નહીં.

૨. પરપક્ષીના માર્ગાનુસારી ગુણો અનુમોદવા યોગ્ય છે.[1]

---

૧. આજે જૈનોમા **તપાગચ્છ** દરિયાવદિલનો ગચ્છ છે, મિથ્થાશ્રુતને સમ્યક્શ્રુત બનાવી શકે છે. તપગચ્છના મુનિવરો છએ દર્શનો તેમજ સર્વ વિરોધી ગચ્છના સાહિત્યને ભણે–ભણાવે છે, પોતાના ગ્રંથ ભંડારોમાં સુરક્ષિત રાખે છે, છપાવી પ્રકાશિત કરે છે. આ ગચ્છની આ વિશાળતા છે. બીજા ગચ્છમાં આવી ઉદારતા દેખાતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. શાસ્ત્રવિરુદ્ધ અને પરંપરા વિરુદ્ધ પ્રરૂપણા કરનારા ઠપકાને પાત્ર થશે.

૪. દિગંબરની પ્રતિમા, **શ્રાવકે પ્રતિષ્ઠા કરેલી** જિનપ્રતિમા, તથા દ્રવ્યલિંગીના દ્રવ્યથી બનેલ પ્રતિમા સિવાયની સર્વ જિનપ્રતિમાઓ વાંદવા–પૂજવા યોગ્ય છે. તેમાં અચકાવું નહીં.

૫. ઉપર નિષેધ કરેલી જિનપ્રતિમાઓ પણ સ્વપક્ષને ત્યાં હોય તો વંદનીય છે. **ચારીત્રધારીએ** વાસપેક્ષ કરેલ સર્વ જાતની જિનપ્રતિમા વંદનીય છે.

૬. શાસ્ત્રોમાં **સાધુની પ્રતિષ્ઠા** કહેલી છે. બીજા ગચ્છવાળા સાધુ છ દર્શન પૈકી જૈન દર્શનના જ સાધુ છે, તો તેનો સ્થાપનાનિપેક્ષો પણ જૈન સાધુતા જ મનાય.

૭. સ્વામીવાત્સલ્યમાં પરપક્ષી આવીને જમે તો સ્વામીવાત્સલ્યનું ફળ નાશ પામતું નથી.

૮. શાસ્ત્રમાં **નિહ્નવો** ૭ (૯) બતાવ્યા છે, તે સિવાયના બીજાઓને નિહ્નવ કહેવાથી સમ્યક્ત્વ રહે નહીં.

૯. પરપક્ષીઓ સાથે કરેલી તીર્થયાત્રાનું ફળ નકામું જતું નથી.

૧૦. પરપક્ષી સાથે ઉદેરીને ચર્ચા કરવી નહીં. સામી વ્યક્તિ ઉદેરીને ચર્ચા કરે તો તેને શાસ્ત્રાધારોથી શાંતિપૂર્વક જવાબ દેવો. કલેશ વધે તેમ કરવું નહીં.

૧૧. આ૦ વિજયદાનસૂરિએ 'કુમતિકુદ્દાલ' ગ્રંથને ચતુર્વિધસંઘની વચ્ચે જળશરણ કરાવી, અપ્રમાણ ઠરાવ્યો. તે ગ્રંથનું એક વચન પણ જેમાં હોય તે ગ્રંથને પણ **અપ્રમાણ** માનવો.

૧૨. પરપક્ષનાં અવિરોધી સ્તવન, સ્તુતિ વગેરે બોલવાં, કેમકે જિનસ્તુતિ કરનારા સુકૃત પિંડને ભરે છે.

આ બાર બોલોનો પટ્ટ ગીતાર્થોએ ત્રણ ચોમાસી અને પર્યુષણપર્વમાં સર્વસ્થળે વાંચવાનું નક્કી કર્યું.

આ બાર બોલના પટ્ટની નીચે આ મુનિસમ્મેલનમાં હાજર રહેલા સર્વ ગીતાર્થો અને મુનિવરોના હસ્તાક્ષર કરવામાં આવ્યા, તે આ પ્રમાણે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વિજયસેનસૂરિ, ઉ૦ **ધર્મસાગર ગણિ**; ઉ૦ વિમલહર્ષ ગણિ, ઉ૦ શાંતિચંદ્ર ગણિ, ઉ૦ કલ્યાણવિજય ગણિ, ઉ૦ કમલવિજય ગણિ, ઉ૦ સોમવિજય ગણિ, **પં૦ સહજસાગરગણિ**, પં૦ કાનર્ષિ ગણિ, (પં૦ કલ્યાણકુશલ ગણિ) વગેરે વગેરે. (પ્રક૦ ૫૮)

**મહોપાધ્યાયજીનો શાસનપ્રેમ**

નોંધપાત્ર બીના એ છે કે, મહો૦ ધર્મસાગર ગણિવરે પણ તપગચ્છના એકમને મનમાં વસાવી અને ગણધરની ગાદીએ બેઠેલા ગચ્છનાયકોના બહુમાન ખાતર અતિનમ્રભાવે આ પટ્ટમાં હસ્તાક્ષર આપ્યા હતા. તેમજ **પં૦ સહજસાગર ગણિ** (જે સં૦ ૧૬૮૬માં આ૦ રાજસાગરસૂરિના ઉપાધ્યાય બન્યા હતા, તથા ૬ સંવેગી સાગર મુનિ શાખાના આદ્ય મુનિવર હતા તેમણે) પણ આ પટમાં હસ્તાક્ષર આપ્યા હતા.

जैन साईट JAINSITE.com जनम् जयति शासनम्

આ મુનિસમ્મેલનમાં અમુક અમુક મુનિવરોને અમુક અમુક પદવીઓ આપવાનો પણ નિર્ણય થયો હતો.

**આ૦ હીરવિજયસૂરિ** – આ પ્રતાપી આચાર્યની અસર આખી સદી પર થઈ છે. તેમણે સાધુઓના શિસ્ત માટે ખૂબ વિચારો કર્યા જણાય છે. અને ઉ૦ ધર્મસાગર જેવી પ્રબલ વ્યક્તિને પણ પોતે અંકુશમાં રાખી શકાય છે. એ તેમનું આત્મતેજ બતાવે છે.

(શ્રીયુત્ મોતિચંદ ગિરધર કાપડિયાની 'શાન્તરસ સુધારસ ભાવના'ના ગુજરાતી ભાષાન્તરની સં૦ ૧૯૯૪ના પોષમાં લખેલ અવલોકન પ્રસ્તાવના પૃ૦ ૫૦, પ્રક૦ ૫૮)

જ૦ આ૦ શ્રીહીરવિજયસૂરિએ સં૦ ૧૬૪૬માં ખંભાતમાં ઘણા નવા ઉપાધ્યાયો અને નવા પંન્યાસો બનાવ્યા હતા.

(૧૪) **મહો૦ ધર્મસાગર ગણિવરે** અમદાવાદ જઈ બાર બોલના પટ્ટાનો "ભંગ" કર્યો. તેમને ભદુઆ વગેરે જૈનોનો ટેકો હતો.

**ભદુઆ** શ્રાવકે તેમાં આગેવાની લીધી. તેની સાથે બાવન શ્રાવકો હતા. આથી આ નવી પ્રરૂપણા 'ભદુઆનોમત' તરીકે પણ વિખ્યાત થઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૫) **મહો૦ શાંતિચંદ્ર ગણિવર** ત્યારે ગચ્છનાયકની આજ્ઞાથી અમદાવાદ પધાર્યા. તેમણે સંઘમાં ઉપદેશ આપી એવું વાતાવરણ પ્રકટાવ્યું કે કદાચ અમદાવાદનો જૈન સંઘ ભદુઆ વગેરે બાવન જૈનોને સંઘ બહાર મૂકી દે.

**પાંચ બોલ**

(૧૬) મહો૦ ધર્મસાગર ગણિવરે સં૦ ૧૬૪૮-૪૯ ના પોષ શુદિ ૧૫ ને રવિવારે પુષ્યાર્કયોગમાં અમદાવાદમાં સ્વગચ્છના ગીતાર્થોના માન ખાતર જ૦ આ૦ હીરવિજયસૂરિ પાસે "પાંચ બોલ"નો મિચ્છામિ દુક્કડં આપ્યો, તે આ પ્રમાણે—

૧. મરીચિએ કપિલને કહેલા વચન બાબત.

૨. ઉત્સૂત્રના ૧૫ ભવો બાબત.

૩. ઉત્સૂત્રીના સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા **ભવો** બાબત.

૪. બારબોલના પટ્ટાથી વિરુદ્ધની પ્રરૂપણા બાબત.

૫. સૂત્ર વિરુદ્ધ, પરંપરા વિરુદ્ધ પ્રરૂપણા બાબત.

આ પ્રમાણે સમજૂતી થવાથી અમદાવાદમાં ભદુઆ શ્રાવક વગેરે બાવન જૈનોને સંઘ બહાર મૂકવાની વાત ઊડી ગઈ, અને ક્લેશ શમી ગયો.

(૧૭) **મહો૦ ધર્મસાગરગણિવરે** સં૦ ૧૬૪૮માં અમદાવાદમાં 'સટીક તપાગચ્છપટ્ટાવલી' રચી, જ૦ ગ૦ આ૦ હીરવિજયસૂરિએ સં૦ ૧૬૪૮ના ચૈ૦ વ૦ ૬ ના રોજ અમદાવાદમાં ઉ૦ **વિમલહર્ષ**, ઉ૦ કલ્યાણવિજય, ઉ૦ સોમવિજય, **પં૦ લબ્ધિસાગર ગણિ** વગેરે ગીતાર્થોની **તપાસ સમિતિ** બેસાડી, તેની પાસે 'દુઃષમ સંઘ સ્તોત્ર, જીર્ણપટ્ટાવલી, આચાર્યગુર્વાવલી' વગેરેના આધારે તપાસ કરાવી તેને **પ્રમાણિક** ઠરાવી, તેનો પ્રચાર કરવાની આજ્ઞા આપી.

**નવી પ્રરૂપણાનો ગ્રંથ**

(૧૮) મહો૦ ધર્મસાગર ગણિવરે સં૦ ૧૬૫૦માં 'સર્વજ્ઞશતક' બનાવ્યું, તેમાં ઘણાં ગ્રંથોના આધારો આપી તેની 'ટીકા' પણ રચી. તેમણે આ ગ્રંથોમાં **નવી પ્રરૂપણાને** પ્રધાનતા આપી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૯) જ૦ આ૦ હીરવિજયસૂરિએ સં૦ ૧૬૫૨ ના ભા૦ શુ૦ ૧૧ ના રોજ ઉના નગરમાં સ્વર્ગવાસ કર્યો. તેમની પાટે ગચ્છના નાયક **આ૦ વિજયસેનસૂરિ થયા.**

મહો૦ ધર્મસાગરગણિવરે પણ સં૦ ૧૬૫૩–૫૪ ના કા૦ શુ૦ ૯ ના રોજ સૂરતમાં મૂત્રકૃચ્છ્રના રોગથી સ્વર્ગગમન કર્યું.

**ભ૦ વિજયસેનસૂરીશ્વરે** સં૦ ૧૬૫૩–૫૪ માં મ૦ શુ૦ ૫ ના રોજ અમદાવાદમાં તેમના વિદ્વાન શિષ્ય પં૦ લબ્ધિસાગરગણિને ઉપાધ્યાયપદ આપ્યું. તેઓએ ૧૮ મહિના ઉપાધ્યાયપદે રહી સ્વર્ગગમન કર્યું.

**નવીપ્રરૂપણા**

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૬૫ માં ઉ૦ લબ્ધિસાગર ગણિના વિદ્વાન શિષ્ય **પં૦ નેમિસાગર ગણિને** ‘ઉપાધ્યાય’ બનાવ્યા, જેમ મહો૦ ધર્મસાગર ગણિવર તપગચ્છના નાયકો પ્રત્યે અત્યંત રાગી હતા તેમ ઉ૦ નેમિસાગર ગણિ તથા પં૦ ભક્તિસાગર ગણિ મહો૦ ધર્મસાગર ગણિવર પ્રત્યે અત્યંત રાગી હતા. તેઓને ‘સાગરમત’ની નવી પ્રરૂપણામાં વધુ રસ હતો. આથી તેઓએ સાગરમતની નવી પ્રરૂપણાને વ્યવસ્થિત રૂપ આપવા **૩૬ બોલ** બનાવી, તેનું વિવરણ લખી તેના આલાવારૂપે નવાં પાનાઓ લખાવી, તૈયાર કરાવ્યાં અને ૩ ચોમાસામાં તથા પજૂસણમાં બાર બોલના પટ્ટને બદલે ૩૬ પ્રરૂપણાના આલાવાનાં પાનાં વાંચવાનું ચાલુ કર્યું.

**આંતર ક્લેશ**

‘સર્વજ્ઞશતક’માં ખરગચ્છવાળા પ્રત્યે જે આક્ષેપો કર્યા હતા તે કોઈ કોઈ અંશે સ્વગચ્છ નાયકોને પણ લાગુ પડતા મનાયા હતા. આ પાનાંઓનો પ્રચાર થતાં તપગચ્છના આંતર ક્લેશમાં ઘી હોમાયું. આ માટે ઉલ્લેખ મળે છે કે—

सूत्रम्—आगम-व्यवहारिवचनानुयायिनमुत्सूत्रकन्दकुद्दालग्रन्थकर्तारं हीलयन्तोऽर्हदादीनामाशातनया परित्यक्तसम्यक्त्वा इति वयं वदामः ।

( બોલ : ૨૯ મો)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીર જેસિંગને મિથ્યાત્વી કહ્યા, તો સાગર ગચ્છ બહાર રહ્યા. કડી : ૧૦૧૮. (–વિજયતિલકસૂરિ રાસ, અધિ૦ ૨, પૃ૦ ૮૬)

(૨૦) જ૦ આ૦ હીરવિજયસૂરિના **મહો૦ સુમતિવિજય ગણિવર**ના શિષ્ય પં૦ કનકવિજય ગણિ તથા બીજા શિષ્ય **કવિ પં૦ સિંહવિજય ગણિ** આ ગચ્છનાયકની આજ્ઞાથી **સૂરતમાં** ચોમાસુ પધાર્યા. તેઓ બાર બોલનો પટ્ટ વાંચવા બેઠા, ત્યારે સૂરતના નવી પ્રરૂપણાના પ્રેમી **સૂરા વહોરા**એ ત્યાં આવીને તેમને વાંચવા દીધા નહીં, ને મોટો વિરોધ કર્યો.

બીજી સાલ **મહો૦ કલ્યાણવિજય ગણિવર** ગચ્છનાયકની આજ્ઞાથી સૂરત ચોમાસુ પધાર્યા. **સૂરા વહોરાએ** તેમનું પણ અપમાન કર્યું અને પોતે જ બાર બોલના પટ્ટાને બદલે નવી ચર્ચાના આલાવાનાં પાનાં વાંચવા શરૂ કર્યાં. મહો૦ કલ્યાણવિજયજી ગણિવરે સૂરતના સંઘના આગેવાનોને ઉપદેશ આપી, સમજાવી, પોતાના બનાવી લીધા.

## પાંચ બોલનો પટ્ટો

(૨૧) પછી તો **આ૦ વિજયસેનસૂરિએ** સં૦ ૧૬૬૭ના મા૦ વ૦ ૪ ને શનિવારે પાટણથી પાંચ બોલનો નવો પટ્ટો બનાવી સઘળે સ્થાને મોકલ્યો. તે પાંચ બોલનો પટ્ટો આ પ્રકારે હતો.—

૧. સૌએ બાર બોલના પટ્ટ ઉપર શ્રદ્ધા રાખવી.

૨. ગીતાર્થોએ ચોમાસામાં તથા પજૂસણમાં સંઘની સભામાં ૧૨ બોલનો પટ્ટ જરૂર વાંચવો–વંચાવવો.

૩. તથા 'પ્રશ્નોત્તરસમુચ્ચય, હીરપ્રશ્ન' ગ્રંથો પણ અવશ્ય વાંચવા. કોઈએ આ ત્રણ ગ્રંથો વાંચવાનો વિરોધ કરવો નહીં.

૪. કોઈએ આ ત્રણ ગ્રંથ સિવાયનાં છૂટાં ચર્ચાપત્રો, આલાવાઓ વગેરે વ્યાખ્યાનમાં વાંચવા નહીં, વંચાવવા નહીં.

૫. સૌએ બાર બોલના પટ્ટકની આજ્ઞા મુજબ માર્ગાનુસારીપણે વર્તવું.[1]

---

૧. " उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥ "

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વિજયસેનસૂરીશ્વરે સુરતના સંઘ ઉપર ઉપરનો પાંચ બોલનો પટ્ટક મોકલ્યો, અને તેની સાથે સંઘને સલાહ આપતો ભલામણ પત્ર જોડી તેમાં લખી જણાવ્યું કે –

**સૂરો વહોરો** સુરતમાં નવી પ્રરૂપણા કરે છે, ને મહો૦ કલ્યાણવિજયજી ગણિવર વગેરેનું અપમાન કરે છે. આ હકીકત બની તેથી અમને ઘણું દુઃખ થયું છે. હવે સુરત સંઘની ફરજ છે કે, તમે સૂરા વહોરાને સમજાવો, કે 'તે મહો૦ કલ્યાણવિજયજી ગણિના ચરણોમાં પડી મિચ્છામિ દુક્કડં આપે' અને વળી મહો૦ કલ્યાણવિજયજીનો અમને એ પ્રમાણે કર્યાનો સ્પષ્ટ પત્ર આવશે તો જ અમને સંતોષ થશે. પણ જો તમે એ પ્રમાણે ન કરી શકો તો અમારે જૈન શાસનની મર્યાદાના રક્ષણ માટે **ઉપાય** કરવો પડશે.

'મહો૦ કલ્યાણવિજયજી ગણિવર વગેરે મુનિવરો સૂરા વહોરાના ઘરનાં આહારપાણી લેવાં બંધ કરે. સાથોસાથ એ પણ ચોક્કસ માનજો કે, અમે પણ અમારા સાધુને સુરત ચોમાસુ મોકલવાનું બંધ કરીશું."

તમે એ પ્રમાણે વ્યવસ્થા કરી શકો તો પત્રથી જણાવજો.

આ પત્ર મળતાં જ સુરતના સંઘે ગચ્છનાયકની આજ્ઞા મુજબ સર્વ વ્યવસ્થા કરી અને પત્ર લખ્યો. તેમાં સાથોસાથ ગચ્છનાયકને વિનતિ કરી કે આપે સુરત પધારી અમારા ઉપર ઉપકાર કરવો.

(૨૨) આ૦ વિજયસેનસૂરિ સુરત પધાર્યા. અહીં ચોમાસુ કરી ખંભાત થઈ યાત્રા માટે **સોરઠ** પધાર્યા. ત્યાં જ ૪ વર્ષ સુધી વિચરી

---

એનો ભાવાનુવાદ કરતાં શ્રી આનંદઘનજીએ કહ્યું છે—

"જિનવરમાં સઘલાં દરશન છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે."

તીર્થંકર ભગવાનના અનુસારે જ્યાં જ્યાં જે સુંદર હોય તેને સારૂં કહેવું

નવી પ્રરૂપણાના ૩૬ બોલમાંના ૩૩ મા બોલમાં આ વચનને અસંગત હોવાનું કહ્યું છે.

सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु स्फुरन्ति याः काश्चन सूक्तिसंपदः ।
तवैव ताः पूर्वमहार्णवोत्थिता जगत्प्रमाणं जिनवाक्यविपुषः ॥

(–આ૦ સિદ્ધસેન દિવાકર કૃત ભગવત્સ્તુતિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શંખેશ્વર તીર્થ થઈ **પાટણ** પધાર્યા 'વીરવંશાવલીના આધારે જાણવા મળે છે કે, **મહો૦ સોમવિજયજી** ગણિવરે સં૦ ૧૬૬૯–૭૦ માં પાટણમાં ગચ્છનાયક સાથે સાગરમતને આશ્રયીને મોટો મત-ભેદ ઊભો કર્યો. ( – વિવિધ ગચ્છીયપટ્ટાવલી, પૃ૦ ૨૨૪ )

એક એવો પણ ઉલ્લેખ મળે છે કે, મહો૦ સોમવિજયજી ગણિવર સં૦ ૧૬૬૯માં પાટણથી વિહાર કરી સીધા મારવાડમાં ગયા.[1]

બનવા જોગ છે કે, સોમવિજયજી ગણિવર, પં. રામવિજયજી ગણિ, અને પં૦ કમલવિજય ગણિને પોતાની સાથે મારવાડ લઈ ગયા હોય!

(૨૩) **આ૦ વિજયસેનસૂરીશ્વર** પાટણથી અમદાવાદ પધાર્યા. તેમણે સર્વ પ્રથમ અમદાવાદમાં જ્ઞાતિભેદનો કલેશ હતો તે મટાડ્યો. ( – વિજયપ્રશસ્તિ મહા૦ સર્ગ : ૪૧ શ્લો૦ ૩૯–૪૦ )

**ચતુર્વિધ સંઘ સંમેલન**

તે પછી **આ૦ વિજયદેવસૂરિ** વગેરે સાધુઓ અમદાવાદ આવ્યા. સુરતનો જૈન સંઘ આવ્યો, ખંભાત વગેરે **શહેરોના સંઘો** પણ

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧. **મહો૦ સોમવિજયગણિવરે** અને **મહો૦ કીર્તિવિજય ગણિવરે** આ બંને વીરમગામના ગૂજરાતના બાદશાહના વજીર **વીરજી મલિક પોરવાડના** હતા. તથા બાદશાહના માનીતા મંત્રી મલિક **સહસ્રકિરણ** પોરવાડના પુત્રો હતા, બંને ભાઈઓ હતા. બંને જ૦ આ૦ હીરવિજયસૂરિના શિષ્યો હતા. બંને ગુરુ ભાઈઓ હતા. મહો૦ કીર્તિવિજયજી ગણિવર મહો૦ સોમવિજયજી ગણિવરનો પરિચય આ રીતે આપે છે.—

विद्वल्लोचनसोमसोमविजयो यस्यान्तिषत्कुञ्जरो,
मन्त्री सौकृतकृत्यमन्त्रविषये मित्रं मनःप्रीणने ।
मञ्जूषा समयार्थसार्थनिकरे भूषा स्वकीयान्वये,
मान्यो मानविमानिमानवजितः श्रीवाचकः सोऽभवत् ॥ १५

श्रीमद्वीरपरंपरासुरलतां सन्तापितां सागरैः
क्षारोर्मिप्रकरानुकारि वचनं व्यालोक्य येनामुना ।
कृत्वा वैजय पक्षमण्डपमिमां तत्राधिरोप्यादरात्
प्रौढा कारि तथा यथा जगदिमां तुष्टं फलैः सेव्यते ॥ १७

( – મહો૦ કીર્તિવિજય ગણિકૃત વિચાર રત્નાકર પ્રશસ્તિ )

ગચ્છનાયકને વંદન કરવા અહીં આવ્યા. આચાર્યશ્રીએ મુનિસંઘમાં રહેલ 'આંતરિક ક્લેશને દૂર કરવાનું' હાથમાં લીધું. સૌએ ગચ્છનાયક પાસે પોતપોતાની વાત રજૂ કરી. સૌની સામે કેટલાએક સાચા–ખોટા પત્રો, કપટી પત્રો, ગુપ્ત પુસ્તક વગેરે રજૂ થયાં આ પુસ્તકમાં ગચ્છના જુદા જુદા મુનિવરો ઉપર આક્ષેપો કરવામાં આવ્યા હતા. તે આ પ્રમાણે—

"તે માંહી (૪૮મા ભ૦) સોમતિલકસૂરિનઈં, કહ્યા અજ્ઞાની સાગર મુનિ;
સાગર ગ્રંથિ અછઈ એ સાખિ, એહ વિચાર ન ઘટઈ મનરાખિ."
(–બોલ : ૨૭મો)

તેહ વચણનું સૂત્ર જ સુણો, સર્વજ્ઞશતકિં એ અવગણો;
હીર જેસિંગને મિથ્યાત્વી કહ્યા, તે સાગરગચ્છ બાહિર રહ્યા. ૧૦૧૮

'સૂત્રમ્–આગમ૦' (બોલ : ૨૯મો, ઉપરની કલમ ૧૯મી)
(વિજયતિલકસૂરિરાસ અધિ૦ ૨ જો પ્રક૦ ૫૫ પૃ૦ ૭૨૨
(–ઐતિહાસિક રાસ સંગ્રહ ભા૦ ૪, પૃ૦ ૮૫, ૮૬;)
આનંદકાવ્ય મહોદધિ મૌ. ૭મું; મો. દ. દેસાઈની પ્રસ્તાવના
(પૃ૦ ૧૧૫થી ૧૧૮)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ક્લેશનું મૂળ

(૨૪) મહો૦ મુનિ વિમલગણિવરના શિષ્ય **કવિરત્ન પં૦ દર્શનવિજય ગણિએ** આ ચતુર્વિધ સંઘના સમ્મેલનમાં નવી પ્રરૂપણાના ૩૬ બોલના આલાવાનાં પાનાં રજૂ કર્યાં, પછી તેમણે કહ્યું કે, ગુરુદેવ! આપણા ગચ્છના આંતરિક ક્લેશનું મૂળ નવી પ્રરૂપણા છે. જેના ૩૬ બોલ આ પાનાંઓમાં લખેલા છે, એકંદરે આ પાનાં તે ઝેરી પુસ્તક જ છે.

(૨૫) આ૦ વિજયસેનસૂરિવરે નવી પ્રરૂપણાના ૩૬ બોલના આલાવાનાં પાનાં એક મુનિ પાસે ચતુર્વિધ સંઘની સભામાં જાહેર વંચાવ્યાં. સૌએ તે સાંભળ્યાં. પછી ગચ્છનાયકે સૌની વચ્ચે જાહેર કર્યું કે, આ લખાણ જૈન શાસ્ત્રના આધાર વગરનું છે એમ જણાવી, દરેકે દરેક બોલ અંગે શાસ્ત્રના પાઠો તથા આલાવાના હવાલા આપી તે તે બોલ કેટલા અસત્ય હતા તે સ્પષ્ટ રીતે સમજાવી તે બોલોને જૂઠા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઠરાવ્યા. અને સાથોસાથ જાહેર કર્યું કે સાગરપંથના આ સમસ્ત ગ્રંથો વાસ્તવમાં જલ શરણુ કરવા જેવા છે, પણ આજે એટલું જ કહું છું કે, હું ગીતાર્થ મુનિવરોની તપાસ સમિતિ બેસાડી, તેમાં આ ગ્રંથોની પ્રામાણિકતાની તપાસ કરાવીશ અને જ્યાં સુધી આ ગ્રંથોને પ્રામાણિક જાહેર ન કરું ત્યાં સુધી સૌએ આ સમસ્ત ગ્રંથોને અપ્રામાણિક માનવા.

(—શાસનદીપક પૂ૦ મુ૦ શ્રી વિદ્યાવિજયજી વી. નિ. સં. ૨૪૪૭ના ભા૦ શુ૦ ૮ ના રોજ લખેલ ઐતિહાસિક રાસ સંગ્રહ ભા૦ ૪ નું નિરીક્ષણ, પૃ૦ ૧ થી ૩૯)

**માફી**

(૨૬) 'વીરવંશાવલી'માં ઉલ્લેખ છે કે, **ઉપા૦ નેમસાગર** ગણિવરે સં૦ ૧૬૭૧ ના વૈ૦ શુ૦ ૩ ને દિવસે અમદાવાદમાં હાજા-પટેલની પોળમાં ચતુર્વિધ સંઘની વચ્ચે આ૦ વિજયસેનસૂરીશ્વરની પાસે પોતાના પાંચ બોલના પટ્ટાથી વિરુદ્ધ વર્તન કર્યાનો મિચ્છામિ દુક્કડં આપ્યો.

**પ્રમાણિકતાની છાપ**

પછી **આ૦ વિજયસેનસૂરીશ્વરે** ૧. 'સર્વજ્ઞશતક,' ૨. 'ધર્મ-તત્ત્વવિચાર,' ૩. 'પ્રવચનપરીક્ષા,' અને ૪. 'ઇરિયાવહિયાકુલક,' વગેરે ગ્રંથોને ગચ્છના ગીતાર્થ મુનિવરોની સમ્મતિથી **પ્રામાણિક ગ્રંથો** તરીકે જાહેર કર્યા. અને અમદાવાદ, ખંભાત, પાટણ, તથા ગંધાર વગેરે સ્થાનોના સંઘ ભંડારોમાં તે તે ગ્રંથો રખાવ્યા.

(—વિવિધગચ્છ પટ્ટાવલી સંગ્રહ, પૃ૦ ૨૨૪)

(૨૭) આ૦ **વિજયસેનસૂરિ** અમદાવાદથી વિહાર કરી ખંભાત પધારવાના હતા. રસ્તામાં નાર ગામના બગીચામાં તેમને ઊલટી થઈ. ખંભાતનો સંઘ તેમને ઝોળી વડે ખંભાત લઈ ગયો. આ૦ વિજય-સેનસૂરિવરે સં૦ ૧૬૭૨ના જે૦ વ૦ ૧૧ ના રોજ ખંભાતના અકબર-પરામાં સ્વર્ગગમન કર્યું.

**નવા ગચ્છનાયકો**

તેમની પાટે **આ૦ વિજયદેવસૂરિ** તપગચ્છના નાયક બન્યા.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પરંતુ આ૦ વિજયસેનસૂરિના સ્વર્ગવાસ પછી ગચ્છમાં આંતરક્લેશ વધી ગયો. તપગચ્છ અનેક વિભાગમાં વહેંચાઈ ગયો. નવા નવા આચાર્યો બન્યા. તે આ પ્રમાણે—

૧. **આ૦ વિજયદેવસૂરિ**—તે સં૦ ૧૬૫૮ માં પાટણમાં આ૦ વિજયસેનસૂરિના હાથે તપગચ્છના ગચ્છનાયક બન્યા. તેમની 'વિજય-સેનસૂરિ સંઘ' શ્રમણ પરંપરા ચાલી.

૨. **આ૦ વિજયતિલકસૂરિ**—તે સં૦ ૧૬૭૩ના પોષ શુદિ ૧૨ ના દિવસે મધ્યાહ્નકાળે સિરોહીમાં ઉપાધ્યાયોની સમ્મતિથી આચાર્ય બન્યા. આ સમયે ત્યાં કોઈ ટંટોફિસાદ ન થાય તે માટે અમદાવાદના સૂબા મકરબખાન તરફથી ચારે તરફ પોલિસનો રક્ષણ પહેરો ગોઠવવામાં આવ્યો.

આ રીતે તપગચ્છમાં **બે આચાર્યોની બે શાખાઓ બની.**

સાધારણ વિદ્વાનો માને છે કે, આ ગચ્છભેદનું વાસ્તવિક કારણ 'વિજય' અને 'સાગર'ની મમતા જ છે, પરંતુ આ માન્યતા સાચી નથી. કેમકે આ બંને પક્ષોમાં, વિજય, સાગર, વિમલ, હર્ષ, ચંદ્ર, રત્ન વગેરે દરેક શાખાઓના મુનિવરો હતા.

**નોંધ :** અહીં નોંધપાત્ર ઘટના એ છે તપગચ્છના મુનિવરો ઉપર મુજબ બે સંઘમાં વહેંચાઈ ગયા, પણ કોઈ મુનિવરો બંનેમાં ન મળ્યા તે પોતાને આ૦ હીરવિજયસૂરિગચ્છના કે આ૦ વિજયસિંહસૂરિના આજ્ઞાધારી બતાવતા હતા. અને સંવેગી શાખામાં મળેલા સૌ વિજયદેવસૂરિ સંઘમાં રહ્યા.

એમના આ ગચ્છભેદનાં આ પ્રકારે **વિવિધકારણો** લાગે છે—

૧. મહો૦ ધર્મસાગર ગણિવર અને મહો૦ સોમવિજય ગણિવર વચ્ચે મનોભેદ હોય.

૨. કવિરાજ દર્શનવિજયજી ગણિ અને પં૦ ભક્તિસાગર ગણિ વચ્ચે મનસુટાવ હોય. (પ્રક૦ ૫૫ પૃ૦ ૭૨૫)

૩. અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરી ઓસવાલ અને વીશા શ્રીમાલી જ્ઞાતિના શેઠ શાંતિદાસ મનિયા દોશી શ્રીમાલી બંને કુટુંબ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચ્ચે જ્ઞાતિસંઘર્ષ હોય? અમદાવાદમાં ૧૨ વર્ષ સુધી જ્ઞાતિ કલેશ થયાનું ઇતિહાસ પ્રસિદ્ધ છે.[1]

**નોંધ :** આવી ઓસવાલ, પોરવાડ, અને શ્રીમાળીમાં એકયતા બની રહે તો તે દેશ અને ધર્મને ઉન્નત બનાવે પરંતુ તેઓમાં કલેશ ઉઠે તો દેશ અને ધર્મમાં પણ ક્લેશ થાય, ટૂકડા પડે.

૪. સાગરમતની તે કાળની નવી પ્રરૂપણાના ૩૬ બોલ અંગે ખેંચતાણ હોય.

૫. તપાગચ્છની ઉન્નતિને સહન નહીં કરનારાઓનો અદૃશ્ય દોરી સંચાર વગેરે (—પ્રક૦ ૫૮)

**પં૦ ભક્તિસાગર ગણિ** પોતાના સંસ્કૃત ભાષાના 'પ્રરુપણા વિચાર'માં આ૦ વિજયતિલકસૂરિ પક્ષનાં નિર્નામિકમત, (નનામો મત), ઉપધિમત (ઉપાધ્યાય મત) અને રાસભી મત એવાં નામો બતાવે છે. પરંતુ સં૦ ૧૬૭૬ના પો૦ શુ૦ ૧૩ની સવારે **આ૦ વિજયાનંદસૂરિ** પ્રસિદ્ધ નામથી થયા. ત્યારથી આ ગચ્છનું નામ 'વિજયાનંદસૂરિગચ્છ' પડ્યું.

મહો૦ ધર્મસાગરગણિવર માનતા હતા કે "જૈનોમાં માત્ર તપાગચ્છ જ શુદ્ધ જૈન શાસન છે" પરંતુ વિજયાનંદસૂરિના કોઈ કોઈ મુનિવર તો માનતા કે, "જૈનોમાં વિજયાનંદસૂરિ તપાગચ્છ જ શુદ્ધ શ્રમણ સંઘ છે" તેમાંના એક પક્ષના વિદ્વાને 'સ્તુતિચતુર્વિંશતિ' બનાવી છે તે તેમાં ભ૦ આદીશ્વરની સ્તુતિમાં ચક્રેશ્વરી દેવી પાસે આ પ્રકારે યાચના કરે છે—

---

૧ પૂર્વના પાટડ (પાડા) નો વતની ધનાઢ્ય તેનો પરિવાર તે પ્રાગ્વાટ કહેવાયો. (પ્રાગ્વાટ ઇતિ૦ પૃ૦. ૧૨ આ નેમિચંદ્રનું મહાવીર ચરિત્ર)

રાણી રાઉલ શૂરા સદા દેવી અંબાવી પ્રમાણ.
પોરવાટ પ્રગટ મલ મરીવન મૂકે ખાણ.
(ઉ૦ લાવણ્ય સમય કૃત વિમલ પ્રબંધ)
(પ્રાગ્વાટ ઇતિહાસ પૃ૦ ૨૪૫ ભૂમિકા પૃ. ૧)

તેની કુલદેવી અંબિકા જે રણદેવી માતા કહેવાય છે.

ઓસવાલ ભૂપાલ હૈ પોરવાલ વર મિત્ર
શ્રીમાળી નિર્મળ મતી જિનકે ચરિત્ર વિચિત્ર ॥ ૧ ॥

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"चक्रेश्वरी सा मम मङ्गलालीमहर्निशं मङ्क्षु सूरौ तनोतु ।
सूरीश्वरानन्दगुरोर्गणे समीहितं राति सुहंसवाणी ॥"

(-પૂ. પં. ચતુરવિજયજીનો સ્તોત્ર સમુચ્ચય સં. ૧૯૮૪, પૃ. ૨૧૫-૧૬)

અર્થાત્-ચક્રેશ્વરીદેવી વિજયાનંદસૂરિ સંઘની ઇષ્ટપૂર્તિ કરો.[1]

૧-૨. તપગચ્છમાં આ બે આચાર્યો થયા. તેમ પછી તો બીજા ત્યારે પણ પાંચ આચાર્યો થયા. તે આ પ્રકારે—

૩. **આ૦ રાજસાગરસૂરિ**—તેઓ સં૦ ૧૬૮૬માં **ભ૦ વિજયદેવસૂરિના** વાસક્ષેપથી આચાર્ય બન્યા. તેમનાથી તપાગચ્છ વિજયદેવસૂરિ સંઘની 'સાગરશાખા' નીકળી.

૪. **આ૦ જ્ઞાનવિમલસૂરિ**—આ૦ વિજયદેવસૂરિના પટ્ટધર **ભ૦ વિજયપ્રભસૂરિની** આજ્ઞાથી આ૦ મહિમાસૂરિના હાથે આચાર્ય બન્યા. તેમનાથી તપાગચ્છ વિજયદેવસૂરિ ગચ્છની 'વિમલશાખા' નીકળી.

૫. **પં૦ સત્યવિજય ગણિવર**—તે ભ૦ વિજયદેવસૂરિના ૬૧મા ગચ્છનાયક **ભ૦ વિજયસિંહસૂરિના** શિષ્ય હતા. તેમણે દાદા ગુરૂદેવની આજ્ઞામાં સં૦ ૧૭૧૧માં પાટણમાં ક્રિયોદ્ધાર કર્યો. તેમનાથી તપાગચ્છ વિજયદેવસૂરિ ગચ્છની 'સંવેગી વિજયશાખા' નીકળી. ઉપરની ચારે શાખાના યતિવરો ત્યાગીઓ આ શાખામાં આવી મળ્યા.

(૨૮) **સાહિત્ય**—એ સમયે બંને પક્ષના લેખકોએ પોતપોતાના પક્ષના સમર્થન માટે સાહિત્ય બનાવ્યું હતું, તે આ પ્રમાણે—

૧. મહો૦ સોમવિજયગણિવરે સં૦ ૧૬૭૨ના વૈ૦ શુ૦ ૧૩ના

---

૧. તપગચ્છના શ્રમણો બે ભાગમાં વહેંચાઈ ગયા. ત્યારે શ્રાવકો પણ બે ભાગમાં વહેંચાયા. તેમ દેવો પણ બે ભાગમાં વહેંચાયા હશે, ગ્રંથોલ્લેખો મળે છે. આ૦ વિજયદેવસૂરિને દેવોની સહાય હતી.

(ઉ૦ ગુણવિજયજી ગણિ કૃત 'તપાગણપતિ ગુણપદ્ધતિ' પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૧, પૃ. ૮૬, પ્રક૦ ૩૮, પૃ૦૪૧૩)

સંભવ છે કે, આથી જ તે સ્તુતિકારે શાસનદેવી પાસે સ્વપક્ષની ઇષ્ટપૂર્તિ માગી કરી હોય !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોજ ‘છત્રીશ બોલ’ બનાવ્યા. તેમાં નવી પ્રરૂપણાનું શાસ્ત્રાધારે ખંડન કર્યું.

૨. પં૦ ભક્તિસાગરગણિએ સં૦ ૧૬૭૨–૭૩ના કા૦ શુ૦ ૧૪ના રોજ ‘અઢાર પ્રશ્નો’ બનાવ્યા. મહો૦ સોમવિજયગણિને તેમના ‘છત્રીશ બોલ’ના ઉત્તરમાં પ્રશ્નો હતા. તેમણે ત્યારથી તે નવી પ્રરૂપણાનું મંડન કર્યું હતું. મહો૦ સોમવિજયગણિને આ સાથે બીજા ૩ પત્રો લખી મોકલ્યા હતા.

૩. પં૦ ભક્તિસાગરગણિએ સં૦ ૧૬૭૪–૭૫માં સંસ્કૃત ભાષામાં ‘પ્રરૂપણા વિચાર’ ગ્રંથ બનાવ્યો. તેમાં ‘છત્રીશ બોલ’નું સમર્થન કર્યું. નવા પક્ષના નવા નિર્નામિક મત વગેરે નામો બતાવી આ૦ વિજયતિલકસૂરિની મજાક ઉડાવી, સાથોસાથ જણાવ્યું કે, આ નિર્નામિક મતવાળા એ જ જગદ્ગુરુના ‘બારબોલ’માંના નવ બોલનો છડેચોક ભંગ કર્યો છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

૪. મહો૦ શાંતિચંદ્રગણિવરના શિષ્ય **પં૦ રત્નચંદ્રગણિવરે** તપારત્નહિતોપદેશ રૂપે સં૦ ૧૬૭૭ અથવા સં૦ ૧૬૮૨માં આ૦ વ૦ ૧૧ ને ગુરુવારે ‘કુમતાહિવિષજાઙ્ગુલી’ નામે ગ્રંથ રચ્યો.

૫. ઉ૦ સુમતિવિજયના બીજા શિષ્ય **કવિ પં૦ સિંહવિજય ગણિએ** સં૦ ૧૬૭૪ના આ૦ વ૦ અમાવાસ્યાને રોજ ‘સાગર-બાવની’ બનાવી.

૬. મહો૦ ભાવવિજયગણિવરે સં૦ ૧૬૭૮માં કપડવંજમાં મહો૦ સોમવિજયગણિવરના ‘બત્રીશ બોલ’ના આધારે સંસ્કૃત પદ્યમાં ‘ષટ્ત્રિંશજ્જલ્પ વિચાર’ બનાવ્યો.

મહો૦ ભાવવિજયજી બે થયા હતા. તે આ પ્રમાણે–

૧. મહો૦ વિમલહર્ષ ગણિવરની પરંપરમાં મહો૦ મુનિ વિમલ-ગણિ, મુનિવિજયગણિના શિષ્ય **મહો૦ ભાવવિજયજી ગણિવર.** (–પ્રક૦ ૫૮)

૨. મહો૦ કલ્યાણવિજય ગણિવરના શિષ્ય પં૦ શુભવિજયજી ગણિવરના શિષ્ય **પં૦ ભાવવિજયજી ગણિવર.** (પ્રક૦ ૫૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. **મહો૦ વિનયવિજય ગણિવરે** સં૦ ૧૬૯૬ના જેઠ શુ૦ ૨ ગુરુવારે 'કલ્પસૂત્રની સુબોધિકા ટીકા' માં સાગરમતના કોઈ કોઈ વિષયનું પ્રાસંગિક ખંડન કર્યું છે. મહો૦ વિનયવિજયજી ગણિવરે સં૦ ૧૬૮૯ માં સંસ્કૃત–ગદ્યમાં 'ષટ્ત્રિંશજ્જલ્પસંગ્રહ' રચ્યો.

૮. **કવિવર ઋષભદાસે** સં૦ ૧૬૮૪ ના મા૦ વ૦ ૨ ને ગુરુવારે ખંભાતમાં 'બારબોલરાસ' બનાવ્યો.

૯. શ્રુતકેવલી સમા **મહો૦ યશોવિજયજી ગણિવરે** સં૦ માં 'પ્રતિમાશતક' માં નવી પ્રરૂપણાની સમીક્ષા કરી.

૧૦. મહો૦ **મેઘવિજયજી** ગણિવરે મધ્યમષટ્ત્રિંશજ્જલ્પવિચાર બનાવ્યો.

૧૧. **પં૦ મુક્તિસાગર ગણિ** ( આ૦ રાજસાગરસૂરિ ) એ 'કેવલીસ્વરુપ સજ્ઝાય' બનાવી,

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ઉપરના સાહિત્યમાં મોટે ભાગે પોતાના પક્ષની પ્રશંસા અને વિરોધ પક્ષની નિંદા કરી હોય એ સ્વાભાવિક તો હોય જ આથી આવા સાહિત્યને એકદમ ખરું કે ખોટું કહી દેવાનું સાહસ કરવું ન જોઈએ. ખરેખર આ સાહિત્ય તો તે સમયની ઘટનાની નોંધ મનાય છે. આ ગચ્છમતસંઘર્ષનો વિભાગ મોટે ભાગે આવા ગચ્છમત સંઘર્ષના ગ્રંથોમાં આંશિક સત્ય પણ હોઇ શકે છે અમે અહીં આથી મધ્યમ ભાવે આમાં ટૂંક વિભાગ પ્રકાશિત આપ્યો છે.[૧]

૧. ઇતિહાસ તે ખરેખર બનેલી સાચી અને ખોટી ઘટનાઓની **સંગ્રહપોથી** હોય છે. તે કોઈ અનિચ્છનીય ઘટનાને નકામી માની છોડી દેવાય નહીં. અમે ઇતિહાસના તે **નિયમને** સામે રાખી આ ઇતિહાસના વાચકો અને લેખકોને આ સંબંધી ઉચિત પ્રકાશ મળે, તથા ક્લેશ પ્રેમીઓને ક્લેશ વિરમવા સાથે ઉત્તમ શિક્ષણપાઠ મળે. એમ સમભાવે ઉપર મુજબ ખ્યાલથી શા૦ દી૦ મુ૦ વિદ્યાવિજયજી, શ્રી જિનવિજયજી, મો૦ ગિ૦ કાપડિયા વગેરેના વિવિધ લેખોના આધારે આ વિભાગ લખ્યો છે. અમારી બીજા લેખકોને સાદર સૂચના છે કે, તે એકદમ વિવેકી બની રહી સંપૂર્ણ તટસ્થપણે તે તે સાહિત્યનુ તલસ્પર્શી પરિશીલન કરે તો તે એ સમયની વાસ્તવિક ઘટના જાણી શકશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૯) **સાગરશાખાના** પં૦ મુક્તિસાગર ગણિ સં૦ ૧૬૭૯ માં અમદાવાદમાં 'ઉપાધ્યાય' બન્યા. ત્યારે બંને પક્ષના આચાર્યોને આથી જ્ઞાન થયું કે આપણે 'ગચ્છના ટુકડા કરી ગંભીર ભૂલ કરી છે." હવે આપણે જો આ ભૂલને નિભાવી રાખીશું તો ત્રીજા ચોથા પાંચમા વગેરે ગચ્છો પણ જન્મશે 'આપણે સૌએ સંપ કરી એક એકમ રૂપે બની રહેવું જોઈએ. એ ઉત્તમ માર્ગ છે.

## મુનિ સમ્મેલન

આ રીતે બંને પક્ષમાં ત્યારથી એક થવાની ભાવના જન્મી હતી. સં૦ ૧૬૮૧ પ્રથમ ચૈત્ર શુદિ ૯ ના રોજ અમદાવાદમાં **કાલુપુરના** જૈન ઉપાશ્રયમાં તપગચ્છના બંને પક્ષો-ગાં શાખાના મુનિવરોનું **મુનિ સમ્મેલન** મળ્યું હતું.

મહો૦ ભાનુચંદ્ર ગણિવરના પરિવારના **પં૦ ઉદયચંદ્ર** ગણિ તે સમ્મેલનનો ઇતિહાસ આ પ્રકારે આપે છે—[1]

## ૧. હિતોપદેશ

संवत् १६८१ वर्षे कार्तिक वदि प्रतिपदिने रवौ भरण्यां व्यतिपाते श्रीअहम्मदावादनगरे **श्रीविजयदेवसूरिभिः** मुक्तिसागरो गच्छान्निष्कामितः, तस्मिन्नेव दिने शान्तिदाससाहाय्येन सागरनाम कुमतं प्रवृत्तं, तत्र प्रथमं सागरकुमते मूलं मुक्तिसागरः, तदनु च सं० १६८१ वर्षे प्रथम चैत्रे शुक्ल-नवमी दिने पुनर्वसुनक्षत्रे नवमरवियोगे गच्छभेदमपास्य श्रीअहम्मदाबाद **सकलवाचक**प्रभृतियतिसमुदायेन सकलसंघेन सह महाडम्बरपुरस्सरं सकलानेकजातीयवाद्यनिर्घोषपुरस्सरं भट्टारकपुरन्दर श्रीविजयदेवसूरीणां सागर-कुमतनिवारणप्रोत्साहितमनसः श्रीविजयानन्दसूरयोऽहं शिष्योऽस्मीति वदतः, पदकमलं प्रणेमुः ॥ ठ ॥

अथ **श्रीतपागच्छदिनकरः** सागरकुमतवार्दलपटलरहितोऽधिकतेज-स्वितां प्राप। तद्दिने श्रीशत्रुञ्जययात्रार्थं बहुसंघयुतेन समागतेन श्रीवस्तुपाल-तेजःपालतुल्येन दानकल्पद्रुमसमाजेन श्रीविजयदेवसूरीणां परमभक्तेन तपा-

---

૧. સં૦ તેજપાલ માટે જૂઓ પ્રક૦ ૫૧, પૃ૦ ૫૧૭–૫૧૮

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गच्छपरमधर्मानुरागिणा सिरोहीवास्तव्येन सिरोहीदेशाधिपतिमन्त्रिमुख्येन महं० श्रीतेजःपालसकलसंघयुतेन निजाग्रहमाननमुदितचेतसां सर्वेषां भट्टारक श्रीसूरि-वाचक पण्डितसाधुप्रभृतीनां स्वर्ण-रूप्यादिनाणकैर्नवाङ्गपूजाकरणेन श्रीफल-प्रभावनाकरणेन च महानुत्सवश्चक्रे **गच्छभेदनिवारणतिलकं संघपतितिलकं** चैकस्मिन्नेव वर्षे महं० **तेजःपालेन** जगृहे ॥

धर्मतः सकलमङ्गलावली धर्मतः सकलसौख्यसंपदः ।
धर्मतः स्फुरति निर्मलं यशो धर्म एव तदतो विधीयताम् ॥

पं० उदयचन्द्रगणिवाचनार्थम् ।

(–જૈન સાહિત્યપ્રદર્શન શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્ર. નં. ૭૬૦, પૃ. ૧૯૦)

**નોંધ :** ( પ્રક૦ ૫૧ પૃ૦ ૫૧૫ થી ૫૨૨ )

૨. જૂના હસ્તલિખિત **પત્રમાં બીજી તરફનું લખાણ**—

तथा श्रीविजयदेवसूरिनइं श्रीविजयानंदसूरि लिखी आप्युं छइ, जे श्रीपूज्यजी छे मुजनिं लिखित प्रसाद कीधुं छइ, तेहनइं अनुसारइं मइं श्री पूज्यनी आज्ञाइं प्रवर्त्तवुं ।

तथा गच्छमर्यादा सघली श्रीपूज्यजी चलावइ तथा श्रीपूज्यजी पछइ श्रीपूज्यजीना **पटोधर** चलावइ ॥ छ ॥ इति मंगलं ॥

॥६०॥ ॐ नत्वा श्रीचिंतामणिपार्श्वनाथाय नमः ॥ श्रीहीरविजयसूरीश्वर-गुरुभ्यो नमः ॥ श्रीविजयसेनसूरीश्वरगुरुभ्यो नमः ॥ **भट्टारक श्रीविजयदेव-सूरीश्वरचरणान्, शिशुर्विजयानन्दो** विज्ञपयति । अपरं क्षेत्रादिककामि श्रीपूज्यजीनी आज्ञाइं प्रवर्त्तवुं । तथा भट्टारक श्रीविजयदेवसूरि जेहनिं पाट भलावइ ते सघली गच्छमर्यादा चलावइ । तिहां अम्हो पक्ष न करवो । श्रीपूज्य-जीना पटोधारीनीं रूचिं प्रवर्त्तवुं । तथा कशी वातइं रागद्वेष उपजइ ते न करवुं । तथा पंन्यासपद प्रमुखपद न देवां । तथा श्रीपूज्यजी पछइ श्रीपूज्यजीनो पटोधारी जिहां होइ तिहां तेडावइ तिवारइ ज आववुं सही ३।

सं० १६८१ वर्षे चैत्र सुदि ९ दिने ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ नत्वा शिशुर्विजयानन्दो विज्ञपयत्यपरं उपरि लिख्युं छइ ते अम्हारइ सही ३ ॥ इति मंगलं ॥

૩. જૂના હસ્તલિખિત પાનામાં **એક તરફનું લખાણ—**

ॐ नत्वा श्री**विजयदेवसूरिभिर्लि**ख्यते, उपरि हेठे लिख्युं ते **सही** ।

श्रीहीरविजयसूरीश्वरगुरुभ्यो नमः । श्रीविजयसेनसूरीश्वरगुरुभ्यो नमः । श्री**विजयदेवसूरिभिर्लि**ख्यते । श्री**विजयानन्दसूरि**योग्यं, अपरं श्रीविजय-तिलकसूरिं आचारयपदप्रमुख जे जेहनि दीधां छइ ते सर्व साबति (साजति)। तथा अम्हि बीजो पटोधर थापुं । तिवारइं माहोमाहिं दीक्षाना पर्यायनइ मेलइं वड-लहुडाइइं वंदनादिक सर्वव्यवहार सदाइं साचववो, तथा अम्हो तथा अम्हारइ पटोधरइं क्षेत्र २ पोतइं राखी निं पछइ तुम्हनिं मन भावतां क्षेत्र २ पुछीनइं ते मध्ये क्षेत्र १ वडुं । क्षेत्र १ ते पासइं लहुडुं । पूछावीनइं पछइ बीजा क्षेत्र आदेश देवाना पटा लिखवा, तथा भट्टारक श्रीविजयसेनसूरिं तथा अम्हे जे सर्वज्ञशतक ग्रंथ अप्रमाण करवा बाबति जे पटा लिख्या छइ ते सर्व कुणिं प्रमाण जाणिवा । तथा वड्रेगना रास भास गीत गानां विरुद्ध वचन न गावां। कोई गीतारथनां कार्य काम आशरी तुम्हे कहण कहो ते समयानुसारइ अम्हे मानवुं । तथा तुम्हो अम्हनिं लिखित आप्युं छइं । ते लिखित नइ अनु सारइं अम्हारुं लिखित प्रमाण छइं । तथा धरमी माणसइं कुणइं पुरवलो रागद्वेष मनमांहि आणवो नहिं । अनइ गच्छमर्यादा सर्वनइं शाता उपजइ तिम करउं । सही २ ।

सं० १६८१ वर्षे प्रथम चैत्र सुदि ९ दिने ॥

ઉપરના ઐતિહાસિક ઉલ્લેખો અને પત્રથી સ્પષ્ટ થાય છે. સૌએ તપગચ્છની એકતા માટે **સક્રિય પ્રયત્ન** કર્યો. આ પ્રયત્ન સર્વોત્તમ હતો જ પરંતુ જેઓ આવી એકતા થાય તેમાં રાજી ન હોય તે આ સોનેરી તકને જતી કરાવવા પ્રયત્ન કરે એ સ્વાભાવિક હતું. પરિણામ એ આવ્યું કે **તે સમ્મેલન નિષ્ફળ ગયું.** તે પછી બીજી વાર એકતા માટે પ્રયત્ન થયો. પણ ભવિતવ્ય રૂપે સંદેહ જાણવા કામચલાઉ એકતા પણ થઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી તો જાણવા મળે છે કે, પં૦ મુક્તિસાગરગણિ સં૦ ૧૬૯૬ના જેઠ શુ૦ ૧૪ ને શનિવારના રોજ અમદાવાદમાં **આ૦ રાજસાગરસૂરિ** બન્યા અને તેમનો નવો પક્ષ જન્મ્યો, પછી તો આ૦ વિજયદેવસૂરિ સંઘ તથા આ૦ વિજયાનંદસૂરિ સંઘ પણ ત્યારથી હંમેશને માટે જુદા પડચા.

**અપ્રમાણિક ગ્રંથ**

**નોંધપાત્ર** ઘટના એ છે કે, સં૦ ૧૬૯૧ના પ્ર૦ ચૈત્ર શુ૦ ૯ ના દિવસે અમદાવાદમાં આ૦ વિજયદેવસૂરિ અને આ૦ વિજયાનંદસૂરિ એક થયા ત્યારે 'સટીકસર્વજ્ઞશતક' ગ્રંથ બંનેની સમ્મતિથી **અપ્રમાણિક ગ્રંથ** તરીકે જાહેર થયો તે અપ્રમાણિક જ રહ્યો.

**ભ૦ વિજયદેવસૂરિએ** ગંભીર વિચારણા કરી તે ગ્રંથના આધારે આ૦ સોમતિલકસૂરિ, જ૦ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ વગેરે પૂર્વાચાર્યોનું અપમાન થાય છે એ જાણી લીધું માટે જ તેને મનથી અપ્રામાણિક માન્યો હતો. અને અપ્રામાણિક ઠરાવ્યો હતો. હવે તો તેને પ્રામાણિક ગ્રંથ તરીકે જાહેર કરે તેમ હતું જ નહીં, પરંતુ સાગરશાખાના મુનિવરોની ભાવના હતી કે **ભ૦ વિજયદેવસૂરિની પાસે** 'સર્વજ્ઞશતક'ને પ્રામાણિક જાહેર કરાવી લેવો એટલે તેઓએ તેના પ્રયત્નો ચાલુ રાખ્યા.

(૩૦) **આ૦ રાજસાગરસૂરિએ** નક્કી કર્યું આ૦ વિજયદેવસૂરિની સહાયથી જ 'સર્વજ્ઞશતક' ગ્રંથને કોઈ પણ રીતે પ્રમાણિક જાહેર કરી શકાય તો આ ભાવનાને અનુકૂળ એક **સોનેરી તક મળી** છે.

**આ૦ વિજયદેવસૂરિ** 'કન્નડદેશના વિજાપુર"માં જિનપ્રસાદની પ્રતિષ્ઠા પધારવાના હતા. ત્યારે તે ખંભાતથી વિહાર કરી સૂરત પધાર્યા. સૂરતના જૈન સંઘે તેમની સામે ઘણા વિહારસ્થળો સુધી સામે જઈ સત્કાર કરી **સૂરતમાં** મોટું સ્વાગત કરી પધરાવ્યા.

**મહો૦ મેઘવિજયજીગણિ** લખે છે કે, સં૦ ૧૬૮૭ માં 'સૂરતમાં મીરમોજાની સભામાં' સાગરમતી સાચા છે કે નહીં ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બાબત શાસ્ત્રાર્થ થયો. આ૦ વિજયદેવસૂરિએ તે સભામાં સાગરપક્ષની નવી પ્રરૂપણાને જૂઠી ઠરાવી વિજય મેળવ્યો.

(–તપાગચ્છપટ્ટાવલી, પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૧, પૃ૦ ૯૪, ૯૫)

આ ઉલ્લેખથી અને બીજા આધારોથી જાણવા મળે છે કે–

ત્યારે સૂરતનો **નવાબ માજર મલિક હતો.** નગરશેઠ શાંતિદાસ ઝવેરી અને નવાબ ગાઢ મિત્રો હતા. નવાબે સાગરગચ્છના **જૈનોની** પ્રેરણાથી સૂરતની રાજસભામાં 'સર્વજ્ઞશતક' બાબત શાસ્ત્રાર્થ ગોઠવ્યો. અને આ૦ વિજયદેવસૂરિને આ અંગે વિનંતિ કરી.

**શાસ્ત્રાર્થ**

આ પ્રસંગ ઊભો થવાથી ભ૦ વિજયદેવસૂરિના પરિવારના **ઉપા૦ ધનવિજયગણિ,** ઉ૦ ધર્મચંદ્ર ગણિ, ઉ૦ લાવણ્યવિજયગણિ, પં૦ મતિચંદ્રગણિ, પં૦ માણેકચંદ્રગણિ, **પં૦ ઋદ્ધિવિજય ગણિ** વગેરે ગીતાર્થ મુનિવરો સૂરત આવી ગયા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ભ૦ વિજયદેવસૂરિએ શાસ્ત્રાર્થ કરવા માટે પોતાના તરફથી મહો૦ ધર્મસાગર ગણિવરનાના શિષ્ય (૫૭) ઉ૦ વિમલસાગરના પ્રશિષ્ય (૫૯) **મહો૦ કુશલસાગર ગણિ** અને **પં૦ લાભકુશળ ગણિને** નિયુક્ત કર્યા.

આ૦ રાજસાગરસૂરિએ શાસ્ત્રાર્થ કરવા માટે પોતાના તરફથી **પં૦ સત્યસૌભાગ્યગણિને** નિયુક્ત કર્યા.

શાસ્ત્રાર્થનું સ્થાન રાજસભા હતું. અને મધ્યસ્થ તરીકે સાગર શાખાના **જૈનોની** માગણી મુજબ **નવાબ માજર મલિક** બીજા વિદ્વાન **બ્રાહ્મણો,** તથા પંડિતો અને મુસલમાનના કાજીઓ વગેરે હતા. બીજા **જૈન–જૈનેતર** શ્રોતાઓ હાજર હતા.

સૂબાએ શાસ્ત્રાર્થનો પ્રારંભ કરવા જણાવ્યું, **પં૦ સત્યસૌભાગ્ય** ગણિએ પ્રથમ ફારસીમાં, પાંચ ફકરા લખી સૌની સામે મૂક્યા.

**મહો૦ કુશળસાગરગણિએ** તેની સામે 'સર્વજ્ઞશતક'માંથી વિસંવાદી બોલ કાઢી, ફારસીમાં લખી સૌની સામે મૂક્યા અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંન્યાસજીને જણાવ્યું કે, ‘ આ બોલને શાસ્ત્રોના આધાર પાઠો આપી સાચા કરી બતાવો. ’

પં૦ સત્યસૌભાગ્યગણિ આ બોલ વાંચી મૌન બની બેસી રહ્યા. સર્વ સભ્યો અને બધા પ્રેક્ષકોએ જાહેર કર્યું કે પં૦ સત્યસૌભાગ્યગણિ હારી ગયા છે. ઉ૦ કુશળસાગરગણિ સાચા છે. ભ૦ વિજયદેવસૂરિ જીત્યા છે. **આ૦ વિજયદેવસૂરિ** એ પછી ચૈ૦ શુ૦ ૮ ના રોજ સૂરતથી વિહાર કરી કુંભારિયા પધાર્યા, અને ત્યાંથી આગળ ધીમે ધીમે વિહાર કરતા દક્ષિણ **વિજાપુર** પધાર્યા.

( – ઐતિહાસિક રાસસંગ્રહ, ભા૦ ૪, નિરીક્ષણ, પૃ૦ ૩૯–૪૦ )

ઇતિહાસ કહે છે કે, **ભ૦ વિજયદેવસૂરિએ** વિજાપુરમાં સં૦ ૧૬૮૭માં શેઠ વેલચંદના પ્રતિષ્ઠા ઉત્સવમાં જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરી, તેમજ સં૦ ૧૬૮૭ થી ૧૬૯૪ સુધી કનાડ **આંતરિક્ષ** તિલંગ ગોલકુડા વગેરે સ્થાનોમાં વિચરી જિનપ્રતિમાઓ મુનિવરોની પદવીઓ વગેરે કરી તે પછી તે વિહાર કરી ગુજરાતમાં પધાર્યા. તે પછી સં૦ ૧૭૦૫ ના ફા૦ વ૦ પને બુધવારે વરાડના શ્રીપુરમાં ભ૦ અંતરીક્ષ પાર્શ્વનાથના જિન પ્રાસાદની નવી અંજનશલાકા કરી અને તે તીર્થનો જીર્ણોદ્ધાર કરાવવા ઉપદેશ આપ્યો.

( –પ્રક૦ ૬૦....ધાતુપ્રતિમા લેખ, )

## ૧૭નો આંક

(૩૧) જિનાગમોમાં એક સૂત્ર છે કે—‘ સત્તરસવિહે અસંજમે ’ આ સૂત્ર તો જૈન સાધુઓને ૧૭ જાતના અસંયમથી અસમાધિથી સાવધાન રહેવા માટે **ચેતવણી** આપે છે. કદાચ કલ્પનાના બળે આ સૂત્રનો ‘ ગણિતાનુયોગમાં બંધ બેસતો આલંકારિક અર્થ ’ કરીએ, તો કહી શકાય કે, ૧૭ મી સદી ( સં૦ ૧૬૧૭ થી ૧૭૦૦ સુધી ) નો જૈન સમાજ માટે કાળ અસમાધિ–અશાંતિનો કાળ હોય. કેમકે તે સદીમાં અંચલગચ્છમાં ૪, ખરતર ગચ્છમાં ૪ ગચ્છો વગેરે નીકળ્યા હતા.

ખુશી થવાની વાત છે કે, આજે વિક્રમની ૨૧ મી શતાબ્દીમાં ઉપરનો ગચ્છભેદ–કલેશ રહ્યો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિક્રમની ૧૭ મી શતાબ્દીમાં જૈનોના ઘણા **ગચ્છભેદો** થયા હતા તે આ પ્રમાણે—

(૧) સં૦ ૧૬૭૩ ના પો૦ શુ૦ ૧૩ ના રોજ શિરોહીમાં તપગચ્છની વિજયશાખામાં બીજો ભાગ પડ્યો. સં૦ ૧૬૮૬ માં ત્રીજો ભાગ પડ્યો.

(૨) વડગચ્છના ભ૦ મુનીશ્વરથી ભટ્ટારકશાખા અને આચાર્ય શાખા એમ બે ભેદ પડ્યા. (પ્રક૦ ૪૧ પૃ૦ ૫૮૮)

(૩) અંચલગચ્છમાં સં૦ ૧૬૨૯ થી ૧૬૭૦ લગભગમાં ૪ શાખાઓ જૂદી પડી (પ્ર૦ ૪૦ પૃ૦ ૫૩૪)

(૪) ખરતરગચ્છના સં૦ ૧૬૭૫ થી ૧૬૯૦ માં ભટ્ટારકશાખા અને આચાર્યશાખા એમ બે ભેદો પડ્યા. (પ્ર૦ ૪૦ પૃ૦ ૪૯૦)

(૫) આ૦ ધર્મઘોષગચ્છમાંથી સં૦ ૧૫૮૬ પછી નાગોરી લોંકા-ગચ્છ નીકળ્યો. (પ્રક૦ ૫૩, પૃ૦ ૬૪૫)

(૬) લોંકાગચ્છમાં સં૦ ૧૬૯૨ તથા સં૦ ૧૭૦૯ માં **લોંકા-ગચ્છ** અને **ઢુંઢિયા** એમ બે ભાગ પડ્યા. (પ્રક૦ ૫૩, પૃ૦ ૪૯)

(૭) સાદડીમાં તપા—લોંકાના ભાગ પડ્યા.

(પ્રક૦ ૫૩ પૃ૦ ૫૯૮, ૬૦૨, ૬૪૫)

(૮) દિગંબરોમાં પણ સં૦ ૧૬૮૦ માં આગરામાં **વીશપંથી**, **તેરાપંથી** એમ બે ભાગ પડ્યા. (પ્રક૦ ૧૪, પૃ૦ ૩૨૬ થી ૩૨૯ પ્રક૦ ૫૩ પૃ૦ ૬૬૭)

**નોંધ :** નોંધપાત્ર ઘટના એ છે કે, તપગચ્છના ભેદના મોવડીઓ—ગીતાર્થો પૈકીના ઉ૦ **નેમિસાગર** સં૦ ૧૬૭૫માં **આ૦ વિજયતિલકસૂરિ** સં૦ ૧૬૬૭માં અને મહો૦ **સોમવિજય ગણિ** સં૦ ૧૬૯૬–૯૭માં સ્વર્ગવાસી થયા હશે, પછી તો સં૦ ૧૭૧૧ થી ૧૮૦૦ના વર્ષો વીત્યા બાદ તપાગચ્છમાં **એકતાનું બીજારોપણ** થયું.

(૩૨) આ ગચ્છમત સંઘર્ષના વિવિધ પ્રસંગોમાંથી સ્પષ્ટ તારવી શકાય છે કે, **મહો૦ ધર્મસાગરગણિવર** સમર્થ વિદ્વાન્ હતા. સચ્ચાઈના મોટા પક્ષપાતી હતા. તેઓ સાચી હકીકતને સ્વીકારવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદા તૈયાર રહેતા. આથી જ તેમણે સં૦ ૧૬૧૬માં નાગોરમાં શેઠ કલ્યાણની સામે મહોદય ભાવે મિચ્છામિ દુક્કડં આપ્યો તેમજ સં૦ ૧૬૨૦ માં અને સં૦ ૧૬૫૬ માં ગચ્છનાયકો સામે ચતુર્વિધ સંઘની વચ્ચે મિચ્છામિ દુક્કડં આપ્યો હતો.

(-પ્રક૦ ૫૫, પૃ૦ ૭૦૫)

**મહોપાધ્યાયની પ્રતિષ્ઠા**

શિલાલેખો મળે છે કે, (૧) સં૦ ૧૬૩૭ના વૈ૦ શુ૦ ૩ ને ગુરુવારે રોહિણી નક્ષત્રમાં રાવલ મેઘરાજજીના વીરમપુર(નાકોડા) માં ભ૦ વિમલનાથના જિનપ્રસાદમાં તપગચ્છના આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિના ઉપાધ્યાય ધર્મસાગરગણિવરના ઉપદેશથી શ્રીસંઘે........બનાવ્યું.

(- શ્રી જિનવિજયજીનો 'પ્રાચીન જૈન લેખ-સંગ્રહ, ભા૦ ૨, લે૦ ૪૧૮, ૪૫૧; વીરપુરના લેખો, જૈન તીર્થ નાકોડા)

(૨) તથા ભ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી સં૦ ૧૬૩૭(૧૬૬૭)ના બી૦ અષાઢ શુ૦ ૬ ને શુક્રવારે ઉ૦ ફા૦ નક્ષત્રમાં વીરમપુરના ભ૦ વિમલનાથના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (લેખાંક : ૪૨૦)

(-જૂઓ પ્રક૦ ૫૫, જૈન તીર્થ નાકોડા)

(૩) **પ્રતિષ્ઠા**-મહોપાધ્યાયજીએ સં૦ ૧૬૩૨ માં કોઠારી પદ્મે ભરાવેલી એક જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી, જે પ્રતિમા આજે **બરલૂટના જિનાલયમાં** છે. તેનો પ્રતિમા લેખ આ પ્રકારે છે—

....तपागच्छे महोपाध्यायश्री धर्मसागरगणिभिः श्री हीरविजयसूरिराज्ये ॥

(-જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૨૦)

**સ્વર્ગ**-મહો૦ ધર્મસાગરગણિના સ્વર્ગવાસ માટે બે ઉલ્લેખ મળે છે કે, (૧) તેઓ સં૦ ૧૬૫૩ના કા૦ સુ૦ ૯ ના દિવસે સૂરતમાં સ્વર્ગે ગયા. (૨) સં૦ ૧૬૫૪ના કા૦ વ૦ ૯માં ખંભાતમાં સ્વર્ગે ગયા.

( -પં૦ રત્નચંદ્રગણિ કૃત 'કુમતાહિવિષજાંગુલી )

**પરિચય**-એકંદરે મહોપાધ્યાય સમર્થ વિદ્વાન્, મોટા વાદી, ઉગ્ર સ્વભાવના, નિડર, સ્વમતપક્ષપાતી અને પરમતઅસહિષ્ણુ હતા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ આનંદની વાત એ છે કે, તેઓ ગચ્છનાયકોને તથા શાસનને સર્વથા વફાદાર રહેતા, તેઓની આજ્ઞાને શિરોધાર્ય કરતા.

**મહોપાધ્યાયજી**

(૧) પં૦ શ્રુતસાગરગણિ મહોપાધ્યાયજીને શ્રુતકેવલીનું વિશેષણ યોગ્ય જ આપે છે. આ વિશેષણનો સામાન્ય અર્થ એ છે કે, મહોપાધ્યાયજી એ સમયે મોટા જ્ઞાની હતા. વિશેષ અર્થ એ થાય કે, મહોપાધ્યાયજી પં૦ શ્રુતસાગરજી માટે કેવલી જેવા ધર્મોપદેશક હતા.

(૨) તપગચ્છના ભ૦ વિજયદેવસૂરિના આજ્ઞાવર્તી પં૦ ધર્મદાસગણિ લખે છે કે—

'તાસ શિષ્ય ગુણ ગાજતા રે, ધર્મસાગર ઉવજ્ઝાય;
વાદી ગજઘટ કેસરી રે, આણ વહે જિનરાય. ભજો૦ ૫૨'
(–સં૦ ૧૬૭૬ ના જે૦ શુ૦ ૧૫, સુરત, હીરવિહાર સ્તવન)

(૩) વાસ્તવવાદી 'પદ્મદ્રહ'ના બિરૂદવાળા પં. પદ્મવિજયજી મહારાજ
'જે પરવાદિમતંગજ કેરો, ન ધરે હરિ પરે ડર હો.'
(–સં૦ ૧૮૩૮, 'નવપદ પૂજા, ઉપાધ્યાય પૂજા)

મહોપાધ્યાય ધર્મસાગરગણિવર **આવા મહોપાધ્યાય હતા.**

મહોપાધ્યાયજીએ જો નવી મનાતી પ્રરૂપણા ન કરી હોત અને વિવિધ ગચ્છોને 'ઉત્સૂત્રકંદકુદ્દાલ'ના આધારે નિહ્નવ બતાવ્યા ન હોત તો તેઓ ખરેખર **લઘુ હેમચંદ્ર** ગણાત. પણ તેઓ તે પદવી પામી શક્યા નહીં, છતાં તેમની શુદ્ધ શાસનભક્તિ અને સાહિત્યનું સર્જન જોતાં ચોક્કસ માનવું પડે છે કે, તેઓ તે સમયના મોટા વિદ્વાન, વાદી અને સમર્થ ગ્રંથકાર હતા.

**ગ્રંથો**

**મહોપાધ્યાય ધર્મસાગરગણિવરે ઘણા ગ્રંથો** બનાવ્યા છે, તે આ પ્રમાણે—

૧. 'ભક્તામરસ્તોત્ર' (ઋષભદેવ પદામ્બુજ૦) કાવ્ય : ૨૮ સં૦ ૧૬૧૬માં મેડતાના ચોમાસામાં.

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. 'ઔષ્ટ્રિકમતોત્સૂત્રકુલક–સ્વોપજ્ઞ (દીપીકા) ટીકા' સં૦ ૧૬૧૭ માં પાટણમાં.

૩. 'તત્ત્વતરંગિણી–સ્વોપજ્ઞ વૃત્તિ'–સં૦ ૧૬૧૭માં પાટણ, તેમણે 'ઉત્સૂત્રકુમતિકુદ્દાલ'ના આધારે તેમાં 'સભ્યાશંકાનિ. ાકરણવાદ' નવો બનાવી જોડયો હતો.[1]

૪. 'કલ્પકિરણાવલી (કલ્પસૂત્રટીકા)' – સં૦ ૧૬૨૮ના આ૦ વ૦ અમાવાસ્યા દિવાળી દિને રાધનપુરમાં. ગ્રં૦ ૪૮૧૪.

---

૧. તત્ત્વતરંગિણી માટે જૂઓ પ્રક૦ ૫૫, પૃ૦ ×× કલમ ૭મી

પં૦ હંસસાગરગણિએ વિ૦ સં૦ ૨૦૧૯માં મોરબીમાં તત્ત્વતરંગિણીનો મૂલ સાથે ગુજરાતીમાં અનુવાદ પૃ૦ ૨૭૪માં બનાવ્યો.

૨. કલ્પકિરણાવલીની પ્રશસ્તિ આ પ્રકારે મળે છે.—

**મૂળ પ્રશસ્તિ**–આ વૃત્તિ વ્યાખ્યાનકારો માટે બહુ ઉપયોગી છે. સ્ફૂર્તિ દેનારી છે. સં૦ ૧૬૨૮ માં દિવાળીના દિવસે રાધનપુરમાં ગ્રં૦ ૪૮૧૪ બનાવી. (શ્લો૦ ૧ થી ૩)

**સંયોજિત પ્રશસ્તિ** અથવા **ગ્રંથલેખનપ્રશસ્તિ**—ભ૦ મહાવીરસ્વામીની પાટે ગણધર સુધર્માસ્વામી થયા. તેમની પરંપરામાં ઘણા આચાર્યો થયા. અને કોટિક વગેરે ગચ્છો બન્યા. વડગચ્છના આગમવેદી આ૦ **જગચ્ચંદ્રસૂરિએ** મોટું તપ કર્યું. તેથી તેઓ સં૦ ૧૨૮૫ માં **તપા** કહેવાયા. તેમનાથી તપાગચ્છ નીકળ્યો.

તપગચ્છમાં આ૦ **આનંદવિમલસૂરિ** થયા. તેમણે ક્રિયોદ્ધાર કર્યો. તેમની પાટે આ૦ વિજયદાનસૂરિ થયા (૧ થી ૮)

આ૦ વિજયદાનસૂરિની પાટે **આ૦ હીરવિજયસૂરિ** થયા. તે સર્વ શ્વેતાંબર મુનિઓમાં મોટા છે. તેમનું અદ્ભુત મહાત્મ જોઈ લોકો તેમને 'કલિકાલમાં તીર્થંકર સમાન મહિમાવાળા' માને છે. (૯–૧૦) તે આ૦ હીરવિજયસૂરિ વિદ્યમાન છે. તેમના રાજ્યમાં **મહો૦ ધર્મસાગર** ગણિ થયા છે, જે સમસ્ત "વાચકોમાં વડા" છે. સર્વશાસ્ત્રોરૂપી સોનાને કસવામાં "કસોટી" જેવા છે, 'કુમતિરૂપ હાથીઓના કુંભસ્થલને ભેદવામાં ""સિંહ" સમાન છે.' જેમણે દુર્દમવાદીઓને હરાવી જય પ્રાપ્ત કર્યો છે. (૧૧–૧૨) તેમણે કલ્પસૂત્ર ઉપર વિશેષ ખુલાસાવાળી કિરણાવલિવૃત્તિ રચી છે.

જગતમાં મેરુગિરિ અને જૈનશાસન જ્યાં સુધી વર્તે છે ત્યાં સુધી ઉત્તમ પુરુષો વડે વંચાતી આ કલ્પ–કિરણાવલિ જયવંતી રહો. (૧૩–૧૪)

JAINSITE
જૈન સાઇટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. 'કુપક્ખકોસિયસહસ્સકિરણ-સ્વોપજ્ઞ ટીકા'—પ્રાકૃત ભાષામાં, વિશ્રામ-૧૧, ગ્રં૦ ૧૨૦૫, આ૦ હીરવિજયસૂરિએ ગીતાર્થો પાસે તપાસ કરાવી તેનું 'પ્રવચનપરીક્ષા' નામ રાખ્યું[1]

૬. 'ઇર્યાપથિકીષટ્ત્રિંશિકા-સ્વોપજ્ઞવૃત્તિ'—સં૦ ૧૬૨૯ માં

૭. 'જંબુદ્વીવપણ્ણત્તિટીકા'—સં૦ ૧૬૩૯ માં

૮. 'પર્યુષણાશતક' (શ્લો. ૧૦૦)—સ્વોપજ્ઞ વૃત્તિ'—સં૦ ૧૬૪૭માં

૯. 'તપાગચ્છ પટ્ટાવલી સૂત્ર (પ્રા૦ ગાથા-૨૧)-સ્વોપજ્ઞ વૃત્તિ-સં૦ ૧૬૪૮માં ચૈ૦ વ૦ ૬ ને શુક્રવારે અમદાવાદમાં.

૧૦. 'સર્વજ્ઞશતક' (પ્રા. ગાથા-૧૨૩)-સ્વોપજ્ઞ વૃત્તિ-સં. ૧૬૫૦

૧૧. 'વર્ધમાન વિજ્ઞપ્તિ દ્વાત્રિંશિકા'

૧૨. 'નયચક્ર-વૃત્તિ સહિત'

---

આશુકવિ **પં૦ હેમવિજયગણિવર** લખે છે કે—અમદાવાદમાં સંઘપતિ સહજમલ હતો, જે મોટો પુણ્યશાળી હતો, તેને સતીશિરોમણિ **મંગા** નામે પત્ની હતી. અને તેઓને **કુંઅરજી** નામે પુત્ર હતો. (૧૫-૧૬) કુંઅરજી બચપણથી પુણ્યાત્મા હતો, ધર્મક્રિયા કરતો અને સાતે ક્ષેત્રોમાં દાન દેતો. તેણે ભ૦ વિજયદાનસૂરિ પાસે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. ભારે પ્રતિષ્ઠા સંપાદન કરી. તેણે દેવવિમાન જેવું જિનાલય બનાવ્યું. તેણે સંઘપતિ બની શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. ત્યારથી તે **સંઘપતિ** તરીકે ખ્યાત થયો. તેણે શત્રુંજય તીર્થ ઉપર પગથિયાંવાળો **અષ્ટાપદતીર્થપ્રાસાદ** બંધાવ્યો. તાલધ્વજ અને ગિરનાર તીર્થમાં જીર્ણોદ્ધાર કરાવ્યો. તેણે, તેની સ્ત્રી પદ્મા અને પુત્ર વિમલદાસે ગુરુઓના ઉપદેશથી જ્ઞાનાવરણીય કર્મના વિનાશ માટે આ કલ્પ કિરણાવલિની સેંકડો **પ્રતિઓ** લખાવી. (૧૭-૨૪) (પ્રક૦ ૪૫, પૃ૦ ૩૪૪) (—રાધનપુરના ખજુરી શેરીના ગ્રંથભંડારની શા. દેવશ્રીમાલીવંશ ૨૧૯ 'કલ્પકિરણાવલી' ની પ્રશસ્તિ)

૧. कुवकक्खकोसिय सवस्सकिरण हीरविजयसूरि दत्त 'पवयणपरिक्खा नाम। પ્રાકૃત ભાષામાં વિશ્રામ: ૧૧, ગ્રં. ૧૨૦૫

इति श्रीमत्तपागणनभोगणि श्रीहीरविजयसूरीश्वर 'शिष्योपाध्याय श्रीधर्मसागरगणि" विरचिते स्वोपज्ञ कुपक्षकौशिकसहस्रकिरणे श्रीहीरविजयसूरिदत्तप्रवचनपरीक्षा' नाम्नि प्रकरणे पासचन्द्रमतनिराकरणनामैकादश विश्रामः समाप्तः। समाप्ता च प्रवचनपरीक्षा ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩. 'ષોડશશ્લોકી વૃત્તિ, ૧૪, ગુરુ તત્ત્વપ્રદીપ' વગેરે વગેરે.

ગુરૂતત્ત્વવ્યવસ્થાપનવાદસ્થલ ગ્રં૦ ૪૦૦

**૧. મહો૦ ધર્મસાગરગણિની શિષ્ય પરંપરા—**

૫૬. મહો૦ ધર્મસાગરગણિવર.

૫૭. **ઉપા૦ વિમલસાગરગણિ**—મહો૦ ધર્મસાગરગણિવર સં૦ ૧૬૧૬મા મેડતામાં ચતુર્માસ રહ્યા ત્યારે તે તેમની સાથે હતા. તે દીક્ષામાં મહો૦ લબ્ધિસાગરગણિથી મોટા હતા. પણ ઉપાધ્યાય તરીકે તેમનાથી નાના હતા મહોપાધ્યાયજીએ તેમને ઉપા૦ ધનરાજ-ગણિની પાછળ પાટણ મોકલ્યા. મહો૦ લબ્ધિસાગરગણિના સ્વર્ગગમન પછી સં૦ ૧૬૫૫માં તેમને ઉપાધ્યાય બનાવ્યા હતા. એટલે તે ઉપાધ્યાયપદવીમાં નાના હતા.

૫૮. **ઉપા૦ પદ્મસાગરગણિ**—મહો૦ ધર્મસાગર ગણિવરે તેમને સં૦ ૧૬૧૬ માં જાલોરમાં દીક્ષા આપી. તે પ્રખર વિદ્વાન, મોટા વાદી, શીઘ્રકવિ અને **હાજર જવાબી** શક્તિવાળા હતા.

જગદ્ગુરુ આ૦ હીરવિજયસૂરિએ સં૦ ૧૬૨૮ના ફા૦ શુ૦ ૭ ને સોમવારે અમદાવાદના અહમદપરામાં મૂલા શાહ શેઠના ઉત્સવમાં **આ૦ વિજયસેનસૂરિને** આચાર્ય, ઉ૦ **વિમલહર્ષને** મહોપાધ્યાય, **મુનિ પદ્મસાગરગણિ, મુનિ લબ્ધિસાગરગણિ** વગેરે ૬ ગણિ-વરોને **પંન્યાસ** બનાવ્યા.

તેમણે સિરોહીની રાજસભામાં ભટ્ટ નરસિંહને તથા ઈડરની રાજા કલ્યાણની રાજસભામાં વાદી બ્રાહ્મણોને હરાવ્યા.

**ગ્રંથો**—તેમણે પન્યાસપદમાં સં૦ ૧૬૪૬ના બીજા મહા સુદિ ૧૧ ના રોજ માંડલમાં 'જગદ્ગુરુકાવ્ય' શ્લો૦ બનાવ્યું.

પં૦ વિમલસાગરગણિ શિષ્ય ગ૦ **પદ્મસાગરે** સં૦ ૧૬૫૭માં 'ભ૦ વિજયસેનસૂરિના રાજ્યમાં' મુનિ પ્રેમસાગરની વિનતિથી 'ઉત્તરજ્ઝયણ સુત્તની પાઇય ટીકા "ની પ્રાકૃતકથાઓને સંસ્કૃત ભાષામાં ગ્રં૦ ૪૫૦૦ ઉતારી.

(પૂના—જૈન પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૩ જો પ્ર સ૦ નં૦ ૬૮૪)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નોંધ :** ૫૩ મા ભ૦ લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય **પં૦ જ્ઞાનકીર્તિગણિવરે** " ભ૦ મુનિસુંદરસૂરિને " પુછી નોંધ કરી, સં૦ ૧૫૨૦ના ચોમાસામાં માંડવગઢમાં સંસ્કૃતમાં કથા ઉતારી હતી.

(પૂના-જૈન પ્રશસ્તિ સંગ્રહ ભા. ૩જો પ્ર૦ નં૦ ૬૯૩,
ઇતિ૦ પ્રક૦ ૫૧, પૃ૦ ૫૦૯)

સં૦ ૧૬૩૩ માં 'નયપ્રકાશ-સ્વોપજ્ઞટીકા' સાથે રચ્યો. 'યુક્તિપ્રકાશ-સટીક, પ્રમાણપ્રકાશ-સટીક,' શીલપ્રકાશ, 'યશોધરનૃપચરિત્ર, ધર્મપરીક્ષા, તિલકમંજરી-પદ્ય, તિલકમંજરી-ટીકા' ગ્રં૦ ૮૦૦૦ અને 'અજારાપાર્શ્વનાથસ્તવન' શ્લો૦ ૫ વગેરે ગ્રંથો રચ્યા.

પં૦ પદ્મસાગરગણિ શિષ્ય, પં૦ ગુણસાગરગણિએ હસ્તિનાપુર મંડન ભ૦ શાંતિજિન વિનતિ ગુ૦ કડી ૨૧ બનાવી.

૫૯. **મહો૦ કુશલસાગરગણિ**—

તેમનાં બીજા નામ પં૦ કુમારસાગરગણિ અને પં૦ કુલસાગરગણિ પણ મળે છે. તે બચપણમાં સાધુ થયા હતા. તે વિદ્વાન હતા. મોટા વાદી હતા અને જ્ઞાન-ગંભીર હતા. **ભ૦ વિજયસેનસૂરીશ્વર** અને **આ૦ વિજયદેવસૂરિ** સાથે જ વિચારતા હતા. તે તથા તેમની પરંપરા સંવેગી હતી, તેથી યતિપણામાં રહેવા છતાં તે શુદ્ધ સંયમી હતા.

તેમણે સં૦ ૧૬૬૨માં 'ઉપદેશસાર-સટીક' બના૦યો. તેમાં તેમણે ઘણી 'ઐતિહાસિક અનુશ્રુતિઓ' આપી છે. આ ગ્રંથમાં તેમણે પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષાનાં કવિત્તો વગેરે પણ આપ્યાં છે.[1]

આચાર્યશ્રીએ તેમને **ઉપાધ્યાયપદ** આપ્યું હતું.

---

૧. **અપભ્રંશ ભાષા** વગેરેના નમૂના—

(૧) આદિનાથ સેત્તુંજિ, નેમિ ગિરનારિ નમેવિણુ;
મુનિસુવ્રત ભરૂઅચ્છિ, વીર મોઢેર થુણેવિણુ;
મહુરા પાસ-સુપાસ નમિઅ, દુઅ ઘડિઅ અબ્ભિંતરિ,
સોરઠિ ઢુંઢણ વિહારિ, વાર ગોવાલ ગિરિસિરિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

महो० नेमिसागरगणिए सागरमतना ३६ 'बोल'नी नवी प्ररूपणा करी ते प्ररूपणाने ते प्रमाणिक मानता न हता. ते संवेग रंगथी रंगाया हता.

सुरतना **नबाबे** सं० १६८७मां सुरतमां भ० विजयदेवसूरिने 'सर्वज्ञशतकसटीक' प्रमाणिक छे के नहीं' ए बाबते राजसभामां जाहेर शास्त्रार्थ करवा विनंति करी हती.

**शास्त्रार्थ**—भ० विजयदेवसूरिए आ शास्त्रार्थमां पोताना **प्रतिनिधि** तरीके **महो० कुशलसागरगणि** अने पं० लाभकुशलगणिने मोकल्या हता.

आ० राजसागरसूरिए शास्त्रार्थ करवा माटे पोताना तरफथी पं० सत्यसौभाग्यगणिने नियुक्त कर्या हता. शास्त्रार्थनुं स्थान राजसभा हतुं. अने मध्यस्थ तरीके सागरशाखाना जैनोनी मागणी मुजब नवाब माजरमलिक हता. तथा बीजा विद्वान ब्राह्मणो, बीजा पंडितो तथा मुसलमानना काजी वगेरे हता. बीजा जैन—जैनेतर श्रोताओ वगेरे हाजर हता.

जैन साईट JAINSITE .com जयतु जयति शासनम्

सूबाए शास्त्रार्थनो प्रारंभ करवा जणाव्युं.

पं० सत्यसौभाग्यगणिए प्रथम फारसीमां पांच फकरा लखी सौनी सामे मूकया.

उ० कुशलसागरगणिए तेनी सामे 'सर्वज्ञशतक'मांथी विसंवादी ९ बोल गोठवी, फारसीमां लखी सौनी सामे मूकया अने पंचासजीने जणाव्युं के, 'आ बोलोने शास्त्रना आधार पाठो आपी साचा करी बतावो.

---

अट्ठसय छव्वीसा.
वीर जिणु मुहर नयरि थिर थप्पियउ;
सो आमराय नयपयकमल, बप्पभट्टिसूरि चिरं जयउ.
(—उपदेश सार—सटीक—उपदेश : ५१)

(२) जूओ. प्रक० ३५, पृ० १०६ (उप० ३२)
(३) जूओ. प्रक० ४१, पृ० ६२२ (उप०२३)
प्रक० ४१, पृ० ६५५ (उप० ३२)

પં૦ સાભાગ્યગણિ આ બોલ વાંચી મૌન બની બેસી રહ્યા. સર્વ સભ્યો અને સૌ પ્રેક્ષકોએ જાહેર કર્યું કે, પં૦ સત્ય સૌભાગ્યગણિ હારી ગયા. ઉપા૦ કુશલસાગરગણિ સાચા ગણાય અને આ૦ શ્રી વિજયદેવસૂરિ જીત્યા એવી ખ્યાતિ પ્રસરી.

**ભ૦ રાજસાગરસૂરિ** તે સમયે ત્યાં હાજર રહ્યા.

(ઐતિહાસિક રાસસંગ્રહ ભા૦ ૪ નિરીક્ષણ પૃ૦ ૩૯, ૪૦, ઇતિ૦ પ્રક૦ ૫૫, પૃ૦ ૭૬૮ સૂરતમાં શાસ્ત્રાર્થ)

મહો૦ કુશલસાગરગણિના નં૦ ૬૦મા શિષ્ય **પં૦ વિજયસાગરગણિએ** પુર ગામમાં શેઠ વીર ભણુશાળીને ભણવા માટે ‘મહાવીર-જિનસ્તોત્ર શ્લો૦ ૨૮ રચ્યું.

(૬૦) **પં૦ ઉત્તમસાગરગણિ**–તેઓ સંયમમાં શિથિલ બન્યા સં૦ ૧૭૫૮ માં સ્વર્ગવાસી બન્યા. તે તપાગચ્છવિજયદેવસૂરિસંઘ સાગરશાખાના ભ૦ ઉદયસાગરસૂરિની આજ્ઞામાં હતા.

૬૧. **પં૦ ન્યાયસાગરગણિ**

અસમાન ગુમાન કરત જગમેં, સોહી "ગુમાન" કથિર જ્યું ગાયો.
ઉદેપુર લોક વિલોકત કોકજ્યું, બાગર નાગર હૈં જ્યું વાર્યો.
શાન્તિવિજય બુધ **ન્યાય પયોનિધિ,** આગમતર્ક વિવાદ વિચાર્યો,
ગામ **ધૂલેરમેં** આદિમદેવ હજૂર, દિગમ્બર નાયક હાર્યો. ॥૧॥

ભિન્નમાલના **રાવ અજિતસિંહ રાઠોડના** રાજ્ય પહેલાં (સં૦ ૧૭૫૧ થી ૧૭૮૧) શા૦ **મોટાશાહ ઓસવાલની** પત્ની **રૂપાદેવીએ** એક મધ્યરાતે સ્વપ્નમાં આંબો જોયો, અને વિ૦ સં૦ ૧૭૨૮ શ્રા. સુ. ૮ની ઘડીઓ પૂરી થયા બાદ ૯ મીના ભોગકાળમાં ગુરુવારે અનુરાધા નક્ષત્રમાં મધ્યરાત પછી બાહ્યયોગમાં **પુત્ર નેમિદાસને** જન્મ આપ્યો.

તેના ઘરમાં **ઘર દેરાસર** હતું. તે નેમિદાસના કાકાએ પં૦ ઉત્તમ-સાગરગણિને તે નેમિદાસ વહોરાવ્યો. પં૦ ઉત્તમસાગરગણિએ તેને દીક્ષા આપી; અને તેનું નામ **મુનિ ન્યાયસાગર** રાખ્યું.

શ્રી **ન્યાયસાગરે** વ્યાકરણ, ન્યાયગ્રંથો આ૦ હરિભદ્રસૂરિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને મહો૦ યશોવિજયજી ગણિવર વગેરેના ન્યાય ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેમની ૩૦ વર્ષની ઉંમર થતાં પં૦ ઉત્તમસાગર મહારાજે આશરે સં૦ ૧૭૫૮માં સ્વર્ગગમન કર્યું.

**પં૦ શાન્તિવિજયજી** વિગેરે ૬૦ ઠાણા ધૂલેવાતીર્થની યાત્રાએ આવ્યા. **પં૦ ન્યાયસાગરે** ત્યાં દિગમ્બર ભટ્ટારક નરેન્દ્રકીર્તિને હરાવ્યો. તથા ઉજ્જૈનમાં અને સિદ્ધપુરમાં તેમજ અમદાવાદમાં જિન પ્રતિમા વિરોધિ ઢુંઢિયાને પણ હરાવ્યા હતા.

મંદસોરના **નવાબે** તેમનું નિમિત્ત જ્ઞાન સાચું જાણી તેમની પાસે ધનની થેલી મૂકી, લેવા વિનંતિ કરી. પં૦ ન્યાયસાગરે સં૦ ૧૭૬૩માં તે ન લેતાં શુદ્ધ સંયમી જીવન પાળવા ક્રિયોદ્ધાર કર્યો.

તેમણે અમદાવાદથી વિહાર કરી, **શત્રુંજય**, ભાવનગર, ઘોઘા, ગિરનાર, આબૂ, અચલગઢ, તારંગા, પાટણ, અંતરીક્ષજી, ઔરંગાબાદ, બૂરાનપુર, સૂરત, જંબૂસર, ખંભાત, નવાનગર વગેરે સ્થાનોમાં વિહાર કરી, યાત્રાઓ કરી, ઉત્સવ, મહોત્સવ, પ્રતિષ્ઠા વિગેરે કરાવ્યાં.

તેમને (૧) મણિસાગર, (૨) ઉદયસાગર, (૩) ધીરસાગર અને (૪) **જયસાગર** એમ ચાર શિષ્યો હતા. આ સિવાય (૫) વીરસાગર શિષ્યનું નામ પણ મળે છે.

તેઓ નવાનગરથી વિહાર કરી **કોઠ ગાંગડ** પધાર્યા. અહીં તેમની તબીયત બગડી, આથી **અમદાવાદના જૈનોએ** ત્યાં જઈ તેમને અમદાવાદ લાવી, લુવારની પોળના ઉપાશ્રયે પધરાવ્યા. ત્યાં પણ તેમની તબીયત વધુ બગડી. ૪ શિષ્યો તેમની સાથે હતા.

**પં૦ ન્યાયસાગરે** સં૦ ૧૭૯૭ના ભા૦ વ૦ ૮ની સવારે (ઉષાકાળે) અમદાવાદના લુવારની પોળના ઉપાશ્રયમાં **સ્વર્ગગમન** કર્યું. સંઘે તેમની માંડવી બનાવી, "કદમપુરાની વાડીમાં" અગ્નિ સંસ્કાર કર્યો.

મહો૦ ધર્મસાગરગણિવરના પટ્ટધર મહો૦ વિમલસાગરગણિની પરંપરાના........................"ન્યાયસાગર નિર્વાણ રાસ" બનાવ્યો.
(–જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય રાસ નં. ૬ ઠ્ઠો પૃ૦ ૬૮ થી ૮૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગ્રન્થો**

**તેમણે ઘણા ગ્રન્થો રચ્યા છે.** તે આ પ્રમાણે—

(૧) સં૦ ૧૭૬૬માં "સમ્યક્ત્વવિચાર વાળું મહાવીર સ્તવન" (૨) સં૦ ૧૭૮૧માં ભરૂચમાં "પિંડદોષ વિચાર સજ્ઝાય" (૩) "નિગોદ વિચારવાળું સ્તવન" (૪) સં૦ ૧૭૮૪ના આ૦ વ૦ ૧૩ ના રોજ રાનેરમાં "૩૬ રાગરાગણીવાળું મહાવીર સ્તવન" (૫, ૬) બે જિન ચોવીશી સ્તવનો. (૭) **સૂર્યમંડન પાર્શ્વજિન સ્તવન.** (૮) આઠમનું સ્તવન વગેરે રચ્યાં છે. તેમનાં સ્તવનો લોકપ્રિય બન્યાં છે.

ઉપા૦ સહજસાગરગણિની શિષ્ય પરંપરામાં તેમના ક્રિયોદ્ધારનો પ્રભાવ પડવાથી **સંવેગી તપાગચ્છ સાગરશાખાની** શ્રમણ પરંપરા ચાલી હતી.[1] (—જૂઓ ઇતિ૦ પ્રક૦ ૫૮, સાગરગચ્છ પરંપરા)

પં૦ ન્યાયસાગરગણિના શિષ્ય મુનિ વીરસાગરે સં૦ ૧૬૯૬ અથવા સં૦ ૧૭૯૬ કા૦ સુ૦ ૧૧ ને રોજ ઘાંઘાણી તીર્થમાં **શ્રી** નવકાર રાસ લખ્યો.

(—શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨, પ્રશ૦ નં૦ ૭૮૮)

**૬૨. પં૦ જયસાગરગણિ** તેમણે ૧૮૦૧ માં તીર્થમાળા સ્તવન બનાવ્યું.

**પં૦ વૈરાગ્યસાગરગણિ** સં૦ ૧૭૨૫માં આગરામાં હતા.

૬૨. પં૦ જયસાગરગણિ.

---

૧ વિ૦ સં૦ ૧૬૭૬ અથવા ૧૬૯૬ જેઠ વ. ૧૧ને બુધવારે પણ **મુનિ ન્યાયવિજયજી થયા** હતા. તે આમનાથી જુદા હતા. અથવા સંભવ છે કે. પં૦ ન્યાયસાગરગણિએ જ ક્રિયોદ્ધાર કરી પોતાનું નામ "મુનિ ન્યાયવિજય" પણ રાખ્યું હોય ?

દાખલો મળે છે કે. આગમોદ્ધારક **પૂ૦ આનંદસાગર** સૂરિવરે પોતાના મુખ્ય શિષ્યનું નામ પહેલાં **મુનિ હંસવિજય** રાખ્યું, પછી ઘણાં વર્ષો બાદ તેમનું બીજું નામ **મુનિ શ્રીવિજયસાગર** રાખ્યું હતું. જે પરમ સંવેગી શાન્ત ગુરુભક્ત આત્માર્થી અને જ્ઞાની હતા.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૩. **પં૦ રાજેન્દ્રસાગરગણિ**—તેમણે સં૦ ૧૮૬૦ના અષાડ સુદિ ૧૦ને સોમવારે ભરૂચમાં મુનિ ઉદયપ્રભના શિષ્ય પં૦ ધર્મનિધાનની પ્રાકૃત 'ચતુર્વિંશતિ જિનસ્તુતિ' ગાથા : ૨૮ની પ્રતિ લખી હતી.

## ૨. મહો૦ ધર્મસાગરગણિની શિષ્ય પરંપરા

૫૬. **મહો૦ ધર્મસાગરગણિવર.**

૫૭. **મહો૦ લબ્ધિસાગરગણિ**—મહો૦ ધર્મસાગરગણિએ સં૦ ૧૬૧૭–૧૮માં અહિમનગરમાં દીક્ષા આપી.

**ભ૦ હીરવિજયસૂરિએ** સં૦ ૧૬૨૮ના ફા૦ સુ૦ ૭ ને સોમવારે અમદાવાદના અહમદપરામાં શેઠ મૂલા શાહના ઉત્સવમાં પં૦ વિજયવિમલને ઉપાધ્યાય પદ, આ૦ વિજયસેનસૂરિને **આચાર્યપદ** ઉ૦ વિમલહર્ષને **મહોપાધ્યાયપદ** તથા મુનિ પદ્મસાગરગણિ **મુનિ લબ્ધિસાગરગણિવર** વગેરે ૯ જણને **પંન્યાસ પદ** આપ્યાં.

**પં૦ લબ્ધિસાગરે** (અથવા ઉ૦ વિમલસાગરે) સં૦ ૧૬૬૫માં કેકિંદમાં નાપા ઉછતવાળ ઓશવાલના ભ૦ આદિજિનપ્રાસાદની ભ૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરી.

(–જિનવિ. લેખ સંગ્રહ લેખાંક : ૩૭૭, પ્રક૦ ૬૦)

ભ૦ હીરવિજયસૂરિએ સં૦ ૧૬૪૮માં મહો૦ ધર્મસાગરની 'તપગચ્છપટ્ટાવલી'ની પરીક્ષા કરવા માટે ગીતાર્થોની તપાસ સમિતિ નીમી હતી. તેમાં પં૦ લબ્ધિસાગરગણિ પણ એક હતા. આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૩ના માહ સુદિ ૫ ને રોજ અમદાવાદના અકમીપુરામાં **શેઠ ભોટા શવજીના** જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવમાં તેમને ઉપાધ્યાયપદ આપ્યું હતું. તે એક દિવસે **આ૦ વિજયદેવસૂરિને** સબારતી વળાવા ગયા અને ત્યાંથી પાછા ફરતાં ઠંડી લાગવાથી બિમાર પડ્યા. તેઓ ૬ મહિના ઉપાધ્યાયપદ ભોગવી કાળધર્મ પામ્યા.

૫૮. **ઉપા૦ નેમિસાગરગણિ—ઉ૦ રાજસાગરગણિ** તે બંને સિરપુરનગરના શેઠ **દેવીદાસ** અને તેની પત્ની **કોડિમદેના** પુત્રો હતા. મહો૦ ધર્મસાગરગણિએ કોડિમદેને તથા તે બંનેને **દીક્ષા**

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપી. પં૦ લબ્ધિસાગરગણિના શિષ્યો બનાવ્યા તેઓનાં નામ મુનિ નેમસાગર અને મુનિ મુક્તિસાગર રાખ્યાં. બંને ભાઈઓ બુદ્ધિમાન, વિદ્વાન અને **વાદી** હતા.

**મુનિ મુક્તિસાગરનો** સં૦ ૧૬૩૬માં જન્મ થયો હતો. તેમનું ગૃહસ્થપણાનું નામ **મેઘજી** હતું. તે નાની ઉંમરમાં સાધુ બન્યા હતા. તેથી વધુ તેજસ્વી હતા. તેમને **પદ્માવતી દેવીની** સહાય હતી, સંભવ છે કે તેમનું બીજું નામ ભક્તિસાગર પણ હોય! ત્રીજું નામ પં૦ રાજસાગર તો હતું જ

પોર્ટુગીઝ પાદરી પીનહરોએ તા. ૯–૧૧–૧૫૯૫ ના રોજ પોતાના દેશમાં પત્ર લખ્યો હતો તેમાં લખ્યું હતું કે, મેં જૈનવ્રતી સાધુઓને ખંભાતમાં જોયા હતા. તેઓમાં ૮–૯ વર્ષની ઉંમરના છોકરાઓ પણ જોયા. કે જેઓ દેવ જેવા લાગતા હતા. તેઓ હિંદુસ્તાનના નહીં, પણ યુરોપના હોય તેવા લાગતા હતા. આટલી નાની ઉંમરમાં તેમનાં માતા–પિતા તેમને ધર્મને નામે અર્પણ કરી દે છે.

( ડૉ૦ વિન્સેન્ટ સ્મીથનું 'અકબર' તથા પ્રક૦ ૪૪ ક૦ નં૦ ૮ પૃ૦ ૧૨૯ થી ૧૩૪, 'તથા સૂરીશ્વર અને સમ્રાટ્‌માંથી )

એટલે કે, આ૦ હીરવિજયસૂરિના પરિવારમાં મુનિ મુક્તિસાગર, મુનિ કુશલસાગર, મુનિ નંદિવિજય, મુનિ સિદ્ધિચંદ્ર, મુનિ કમલવિજય વગેરે તેમની જેવા બાલમુનિઓ હતા.

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૫૫માં એ બંનેને **પંન્યાસપદ** આપ્યું હતું.[1]

કવિવર **પં૦ ક્ષેમવર્ધનગણિ** લખે છે કે, **પં૦ નેમસાગર** તથા **પં૦ મુક્તિસાગરગણિ** સૂરતમાં ચોમાસુ હતા, ત્યારે સુરતમાં શેઠ શાંતિદાસ નામે મોટો ધનાઢ્ય વ્યાપારી હતો, પણ તેને કંઈ સંતાન ન હોતું. તેણે એક દિવસે ઉક્ત પંન્યાસોને કરગરીને વિનંતિ

૧. સં૦ ૧૬૪૧ના વૈ૦ શુ૦ ૨ ને બુધવારે હીરવિજયસૂરીશ્વર યુગપ્રધાનાવતારમાં માદલપુરમાં એક **પં૦ રાજસાગરગણિ** વિદ્યમાન હતા. તે આ પં. મુક્તિસાગરથી જૂદા હશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી કે, 'ગુરુદેવ! આ સેવક પાસે ગુરુદેવની કૃપાથી ધન છે પણ અંતરાય કર્મનો ઉદય છે કે અમારા પછી તેને ભોગવે અને દાન-પુણ્ય કરે એવો જીવ નથી.' એટલે અમને કોઈ સંતાન નથી ગુરુદેવો કૃપા કરે તો આ અંતરાય કર્મ તૂટે અને આ શ્રાવકનું ઘર આબાદ બની રહે આથી પંન્યાસોએ સં૦ ૧૬૬૦ના ભોંયરામાં બેસી સર્વકાર્યસાધક ચિંતામણિમંત્રનો જાપ શરૂ કરી આરાધના કરવા માંડી, વિધિપૂર્વક બોલ, બાકુલા, હોમ–આહુતિ આરતી સાથે જાપ કરવાથી તે મંત્ર છ મહિને સિદ્ધ થાય એવો એનો વિધિ હતો. પંન્યાસોએ શેઠ શાંતિદાસને જણાવ્યું કે, 'તમે છ મહિના પૂરા થતાં બીજે દિવસે સવારે અહીં આવી હાજર રહેજો.'

અમદાવાદના શેઠ સહસ્રકિરણનો પુત્ર **શેઠ શાંતિદાસ** ઝવેરી સુરતમાં વ્યાપાર માટે અવાર નવાર આવતો, તે ધર્મપ્રેમી હતો. તે જ્યાં જાય ત્યાં દેવદર્શન, ગુરુદર્શન વગેરે વિધિ કર્યા પછી પોતાનો ધંધો શરુ કરતો. સુરતમાં આવે ત્યારે સવારે પં૦ નેમિસાગરગણિ વગેરેનાં દર્શને બરાબર આવતો.

JAINSITE .com જૈન સાઈટ

પંન્યાસોએ ઉપરનો જાપ પૂરો કર્યો. છ મહિના પૂરા થયા. ત્યારે કુદરતે બન્યું એવું કે, બીજા દિવસે સવારે જ બ્રા....મુહૂર્તમાં અમદાવાદનો **શાંતિદાસ ઝવેરી પંન્યાસોને** વાંદવા આવ્યો. પં૦ **મુક્તિસાગરગણિએ** નામસામ્યથી તેને સૂરતનો શેઠ શાંતિદાસ સમજી, ભોંયરામાં લઈ જઈ, પોતાની સામે એક આસન ઉપર નિડગ બેસાડ્યો. પંન્યાસજીએ તેને કહ્યું કે, 'જો, ડરીશ નહીં, અડોલ બેસી રહેજે, ધરણેંદ્ર નાગના રૂપમાં તારી સામે, તારા શરીરે ચડશે, જીભના લબકારા મારશે, ત્યારે તું તારી જીભ તે નાગની જીભ સાથે મેળવી દેજે. તો ધરણેંદ્ર પ્રસન્ન થઈ તને **વરદાન** આપશે, તને રાજ્ય મળશે, ધનનો ભંડાર છલકાશે, તને યશ મળશે.'

**શાંતિદાસ ઝવેરી** ગુરુકૃપા સમજી પંન્યાસજીની સામે બેસી ગયો. ને પંન્યાસજીએ જાપ શરૂ કર્યો.

ધરણેંદ્ર નાગરૂપે આવી ઊભો પણ શાંતિદાસને બીક લાગવાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની જીભ બહાર કાઢી નહીં. ધરણેંદ્ર તરત અદશ્ય થઈ ગયો. પં૦ મુક્તિસાગરગણિએ કહ્યું, 'શાંતિદાસ ! તેં નાગની સાથે જીભ મેળવી હોત તો, ખરેખર, તું રાજા બનત, પણ તું ડરી ગયો. તેં જીભ મેળવી નહીં, તેથી હવે તું રાજમાન્ય જ બનીશ.'

(શેઠ શાંતિદાસનો રાસ)

**શાંતિદાસ ઝવેરી** સુરતથી અમદાવાદ થઈ આગરા ગયો. ત્યાં **સમ્રાટ્ અકબરે** સં૦ ૧૬૬૧ માં આગરામાં બધા ઝવેરીઓને પોતાના દરબારમાં બોલાવ્યા હતા. શાંતિદાસ ઝવેરીએ સૌની વચ્ચે મોતીની પરીક્ષા કરી, વ્યાજબી કીંમત બતાવી. બાદશાહ ખુશ થયો. તેણે શાંતિદાસને મોટું માનસન્માન આપ્યું. એટલે શાંતિદાસ ઝવેરીને મોગલ દરબારમાં મોટી નામના મળી. 'બાદશાહી ઝવેરી' તરીકેની પદવી મળી.

સમ્રાટ્ અકબરની એક બેગમ એક વાર અમદાવાદ આવી. શાંતિદાસ ઝવેરીએ તેની ખૂબ ખાતરબરદાસ્ત કરી. બેગમે પ્રસન્ન થઈ તેને પોતાનો **ધર્મભાઈ** બનાવ્યો. સમ્રાટ્ જહાંગીર જ્યારે હિંદનો બાદશાહ બન્યો ત્યારે તે શાંતિદાસ ઝવેરીને 'મામો' કહી બોલાવતો, બા૦ જહાંગીરે તેને અમદાવાદનો નગરશેઠ બનાવ્યો. અને ગૂજરાતનો સૂબો પણ બનાવ્યો.

નગરશેઠ શાંતિદાસ સમજી ગયો કે, આ ગુરુદેવની કૃપાનું ફળ છે. તેણે પં૦ નેમિસાગરગણિ અને મુક્તિસાગરગણિને અમદાવાદ બોલાવી ભારે ઠાઠથી પધરાવ્યા. સાથોસાથ વિનંતિ કરી કે, 'ગુરુદેવ ! આપની કૃપાથી મને સૂબાગીરી મળી છે. આ રાજ્ય તમારું છે, તે ગુરુદક્ષિણામાં સ્વીકારો અને મને ઋણમુકત કરો.'

પંન્યાસજીએ ઉત્તર વાળ્યો કે, 'શેઠ ! અમે માતાપિતા, ઘરબાર, માલ–મિલકત બધું છોડીને નીકળ્યા છીએ. પંચ મહાવ્રતધારી છીએ, તો અમે રાજ્યને શું કરીએ ? પરંતુ જો તમારે ખરેખર લાભ જ લેવો હોય તો, ગચ્છનાયક **ભ૦ વિજયસેનસૂરિને** અમદાવાદ પધરાવી, ભારે માન–સન્માનથી પ્રસન્ન કરી, તેમના હાથે બન્નેને **ઉપાધ્યાયપદ** અપાવો.'



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ ગચ્છનાયકને અમદાવાદ પધરાવી વિનંતિ કરી કે, 'કૃપા કરી મારી એક ભાવના પૂરી કરો કે, બન્ને પંન્યાસોને ઉપાધ્યાયપદ આપો.'

આ૦ વિજયસેનસૂરિએ સં૦ ૧૬૬૫માં અમદાવાદમાં માત્ર પં૦ નેમિસાગરને **ઉપાધ્યાયપદવી** આપી.

શેઠે પાઘડી ઉતારી ગચ્છનાયકને ફરીથી વિનંતિ કરી કે, 'આપે મારી વિનંતિ સ્વીકારી. તેટલા માટે હું મારાં અહોભાગ્ય સમજું છું. "હવે પં૦ મુક્તિસાગરજીને ઉપાધ્યાય પદવી પ્રદાન કરો." એથી મને પૂરો સંતોષ થશે.'

ગચ્છનાયકે શાંતિથી કહ્યું, 'આ પદવી લહાણી કરવાની વસ્તુ નથી, કે ઘેર ઘેર અપાય.' આમ ઉત્તર વાળી મૌન પડ્યું,

આથી નગરશેઠને મનમાં ખોટું લાગ્યું. અને મનથી નિર્ણય કર્યો કે, 'હવે હું ઉપા૦ નેમિસાગરને આચાર્ય બનાવીશ અને તેમના હાથે જ પં૦ મુક્તિસાગરને પણ "ઉપાધ્યાય" બનાવી **આચાર્ય-પદવી** અપાવીશ.'

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ભ૦ વિજયસેનસૂરિએ પં૦ મુક્તિસાગરને ઉપાધ્યાય બનાવ્યા નહીં, તેથી જ ભ૦ વિજયદેવસૂરિ પણ તેમને ઉપાધ્યાય બનાવતા નહોતા.

**ભ૦ વિજયદેવસૂરિ** સં૦ ૧૬૭૩માં ખંભાતમાં ચોમાસુ હતા, ત્યારે ઉપા૦ નેમિસાગરગણિ **રાધનપુરમાં** ચોમાસુ રહ્યા હતા, એ સમયે આ૦ વિજયાનંદસૂરિના પક્ષવાળા મુનિવરોએ ભ૦ વિજયદેવસૂરિના વિરોધમાં બાદશાહ **જહાંગીરના કાન** ભંભેર્યા. બાદશાહે તે જ ચોમાસામાં ચૈત્રાદિ સં૦ ૧૬૭૪માં ભ૦ વિજયદેવસૂરિને એકદમ **માંડવગઢ** બોલાવ્યા, આથી આ૦ વિજયદેવસૂરિ અને ઉપા૦ નેમિસાગરગણિ સપરિવાર ગુજરાતથી વિહાર કરી જલદી માંડવગઢ પહોંચી ગયા. એ વેળા **ઉપા૦ નેમિસાગરની** સાથે **પં૦ વીરસાગર, પં૦ ભક્તિસાગર, પં૦ કુશલસાગરગણિ,** મુનિ પ્રેમસાગર, **પં૦ શુભસાગર, પં૦ શાંતિસાગર,** પં૦ ગુણસાગર વગેરે મુનિવરો પણ માંડવગઢ ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદશાહે બહુ ચીવટ રાખી ગંભીરપણે તપાસ કરી. આચાર્ય-શ્રીની જીવનચર્યા, વિદ્વતા, ત્યાગ અને તપસ્યાની આકરી પરીક્ષા કરી. બાદશાહે પોતાને પૂરો સંતોષ થતાં આ૦ વિજયદેવસૂરિને મોટા ત્યાગી અને તપસ્વી છે, એમ દર્શાવનારું '**મહાતપા**'નું માનવંતું બિરુદ આપ્યું, તથા ઉપાધ્યાય નેમિસાગરગણિને '**વાદિજીપક**'ની પદવી આપી, એ રીતે તે સૌનું સન્માન કરી આગરાના સંઘવી ચંદ્રપાલને આજ્ઞા કરી સાથે મોકલી બાદશાહી વાજાંગાજાં સાથે માનપૂર્વક ઉપાશ્રયે પહોંચાડ્યા. આ રીતે એક બાદશાહે તેમનું બહુ સન્માન કર્યું. બાદશાહને આ આચાર્ય ઉપર ઘણો પ્રેમ હતો એ તેણે તે પછી ગચ્છનાયકને શુ૦ સં૦ ૧૬૨૪માં એક ભક્તિપત્ર લખી વ્યક્ત કર્યો હતો. (–જૂઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૧૪૫ બાદશાહ જહાંગીરનો પત્ર ફ૦ નં૦ ૧૩)

પરંતુ દીલગીરીની વાત છે કે, વાદિજીપક ઉપા. નેમિસાગર ગણિવર સં૦ ૧૬૭૪ ના કા૦ શુ૦ ૧૦ ના રોજ માંડવગઢમાં કાળધર્મ પામ્યા. અને ભ૦ ગચ્છનાયક ત્યાંથી વિહાર કરી ગુજરાત પધાર્યા.

ઉપા૦ વિદ્યાસાગર ગણિવરના શિષ્ય ઋષિ પંચાયણ; તેમના શિષ્ય પં૦ કૃપાસાગરના શિષ્ય પં૦ તિલકસાગર ગણિએ સં૦ ૧૭૨૧માં 'નેમિસાગર નિર્વાણ રાસ' ઢાળ–૨૨ રચ્યો હતો,

હવે નગરશેઠ શાંતિદાસે નિર્ણય કર્યો કે હવે તો સીધા પં૦ મુક્તિસાગર ગણિને જ ઉપાધ્યાય અને **આચાર્ય** બનાવવા.

ભ૦ વિજયદેવસૂરિ સં૦ ૧૬૭૯ માં ખંભાતમાં વિરાજમાન હતા એ અવસરે નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ સુબાની સત્તા હાથમાં લઈ અમદાવાદ આવેલા ખંભાતના શેઠને બળજબરીથી અતિથિ તરીકે રાખી નજરકેદ રાખ્યો. અને તેની મારફત ભ૦ વિજયદેવસૂરિની પાસેથી પં૦ મુક્તિસાગરગણિને ઉપાધ્યાય અને તે પછી આચાર્ય બનાવવાની પાકી કબૂલાત માગી. આથી ભ૦ વિજયદેવસૂરિ પાસેથી વાસક્ષેપ મેળવી પં૦ મુક્તિસાગરને સં૦ ૧૬૭૯ માં ઉપાધ્યાયપદ અને તે પછી સં૦ ૧૬૮૬ ના જેઠ શુ૦ ૧૪ ને શનિવારે આચાર્યપદ

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપવામાં આવ્યું. આ૦ રાજસાગરે એ સમયે બીજા ઉપાધ્યાયો વગેરે બનાવી તપાગચ્છ વિજયદેવસૂરગચ્છની સાગર શાખાનો **ચતુર્વિધસંઘ** સ્થાપ્યો. અને તેમના પહેલા ભટ્ટારક આ૦ રાજસાગરસૂરિને સ્થાપન કર્યા.

સંયમમાર્ગ ગવેષક વિદ્વાન કોઈ શુદ્ધ શંકા કરશે કે, પં૦ **મુક્તિસાગરગણિ** સાધુ નહીં હોય પણ યતિ હશે, કેમકે તેમણે જાપ, હોમ, આહુતિ આરતી વગેરે વિધિથી મંત્ર સાધી શેઠને ધનાઢ્ય અને અધિકારી બનાવ્યા, એવું કામ યતિ જ કરે. પણ એવી વિચારણા કરવી યોગ્ય નથી. ઇતિહાસના પરિશીલનથી આપણે જાણી શકીએ છીએ કે તે સમયે આવો વિધિ શાસનની પ્રભાવના માટે પ્રશસ્ત મનાતો હતો. આથી કોઈને આ અંગે શંકા કરવી યોગ્ય નથી.

(૧) જો કે વિક્રમની સત્તરમી સદીનું ચોથું ચરણ યતિમાર્ગ પ્રારંભ કાળ છે. ત્યારે બધા ગચ્છોમાં થોડે ઘણે અંશે શિથિલતા આવી હતી. અને કોઈ કોઈ તો જાહેર રીતે યતિ બની ચૂક્યા હતા. આથી જ પરમ સંવેગી **પં૦ સત્યવિજયગણિવર** મહો૦ વિનયવિજય ગણિ, પં૦ વિમલગણિ અને ઉ૦ યશોવિજયજી ગણિવરે અઢારમી સદીમાં **ક્રિયોદ્ધાર** કરી સંવેગી સંસ્થાનો પાયો મજબૂત કર્યો.

(—પ્રક૦ ૬૨)

(૨) બીજી વાત એ છે કે, ઉક્ત પંન્યાસોએ શેઠ શાંતિદાસ ઝવેરીને સાફ સાફ જણાવ્યું હતું કે, 'અમે પાંચ મહાવ્રતી ત્યાગી છીએ, રાજ્યને શું કરીએ ?' તેઓનો આ ઉત્તર તેઓના શુદ્ધ સાધુ—સંયમને પુરવાર કરે છે.

(૩) ત્રીજી વાત એ છે કે, પં૦ મુક્તિસાગરગણિ સંવેગી હતા. આથી જ ત્યાગી, આત્મગવેષી વિદ્વાન સ્થવિર પં૦ સહજસાગર ગણિવર, પં૦ જયસાગર ગણિ, પં૦ જીતસાગર ગણિ, અને પરમ ત્યાગી સમર્થ વિદ્વાન **પં૦ નગર્ષિગણિ** (પં૦ નગવર્ધન ગણિ) વગેરે તેમના પક્ષમાં હતા. (—જૂઓ પ્રક૦ ૫૮)

અમદાવાદના **નગરશેઠ શાન્તિદાસ ઝવેરીએ** તેમના ઉપદેશથી શત્રુંજયતીર્થ ગિરનાર તીર્થ વગેરે તીર્થોના છ'રી પાળતા **યાત્રાસંઘો**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાઢી, સંઘપતિનું **તિલક** કરાવ્યું હતું.

તથા સં. ૧૬૮૨ના જેઠ વ૦ ૯ ગુરુવારે અમદાવાદમાં સિકંદરપુરા (સરસપુર)-ના બીબીપુરામાં સં ૧૬૫૫માં નવા બનેલા ભ૦ ચિંતામણી પાર્શ્વનાથના જિનાલયનો મોટો **જીર્ણોદ્ધાર** કરી, ૩ શિખરો ૩, ગભારા, ૬. મંડપો, ૩ શૃંગારચોકી, તથા બીજાં દેરાં, બાવન, નાની દેરીઓ વાળો નવો **તીર્થધામ** જેવો વિશાળ જિનપ્રાસાદ બનાવી, નવી જિન પ્રતિમાઓ ભરાવી, મોટો ઉત્સવ કરી, **મહો૦ વિવેકહર્ષગણિવર** અને **મહો૦ મુક્તિસાગરગણિવરના** હાથે **મહા પ્રતિષ્ઠા** કરાવી. બા૦ શાહજહાંએ સં૦ ૧૭૦૫ માં ચિંતામણિ પાર્શ્વનાથજિનાલયને ફરી તૈયાર કરાવ્યું. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૧૫૬)

વળી શેઠ **શાન્તિદાસે** વિ૦ સં૦ ૧૭૧૩ કા૦ સુ. ૧ ને રોજ બાદશાહ શાહજહાં પાસેથી પોતાને પાલીતાણાપરગણું અને શત્રુંજય પહાડ ઇનામ તરીકેનું ફરમાન મેળવ્યું.

(–પ્રક૦ ૪૪, પૃ૦ ૧૫૬, ફર૦ નં૦ ૧૭)

તેણે **ભ૦રાજસાગરસૂરિની** અધ્યક્ષતામાં શત્રુંજય તીર્થનો મોટો છ'રી પાળતો યાત્રાસંઘ ફરીવાર કાઢ્યો, ત્યાં તેમના હાથે મૂળ નાયકના **પરિકરની પ્રતિષ્ઠા** કરાવી, તેમાં પોતાને પહાડ ભેટ મલ્યાનો ઉલ્લેખ કરાવ્યો. અને શત્રુંજય તીર્થમાં જિનાલયોની ચારે બાજુ **મોટો કિલ્લો** બનાવ્યો. (–પ્રક૦ ૫૮, ૫૯)

**ભ૦ રાજસાગરસૂરિ** સં૦ ૧૭૨૧ ભા૦ સુ૦ ૬ ને રોજ અમદાવાદમાં **સ્વર્ગે** ગયા.

(–બા૦ જહાંગીર માટે જૂઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૮૫ થી ૯૮)

અમે પ્રક૦ ૫૮, ૫૯ માં તપાગચ્છ વિજયદેવસૂરિ સંઘ સાગર શાખાના ભ૦ રાજસાગરસૂરિની **ભટ્ટારક પટ્ટાવલી,** સાગર શાખાના સંવેગી મુનિઓની **પટ્ટાવલી,** અને અમદાવાદ નગરશેઠનો **વંશ–વંશાવલી** વગેરે આપીશું.

**મહો૦ કલ્યાણવિજય** ગણિવરની પરંપરાના **મહાકવિ. પં૦ રામવિજય ગણિવર** લખે છે કે. સવાઈ જગદ્ગુરુ ભ૦ વિજય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેનસૂરિની પાટે શુદ્ધ પ્રરૂપણા કરનાર **ભ૦ રાજસાગરસૂરિ** થયા. જે દેવીદાસ અને કોડિમાદેના પુત્ર હતા. મહિમાનો ભંડાર હતા. **મનમોહન** હતા. સૌભાગ્યવાલા હતા. સં૦૧૬૮૬માં આચાર્ય થયા. "તેમણે સાગરગચ્છને દીપાવ્યો હતો" તેમના ઉપદેશથી શા૦ સહસકિરણના પુત્ર સુજાણ, **શા૦ શાન્તિદાસે ૧૧** લાખ ધન ખરચ્યા હતા.

તેમના પટ્ટધર **આ૦ વૃદ્ધિસાગરસૂરિ** થયા. જે **"મોહક દેહવાળા"** હતા. પાંચે આચાર પાળવામાં તત્પર હતા. **શુભ લક્ષણ** વાળા હતા. મીષ્ટભાષી હતા. જેમણે ઘણા સ્ત્રી પુરુષોને પ્રતિબોધ્યા. તેમની પાટે **આ૦ લક્ષ્મીસાગરસૂરિ** વિરાજે છે.

(વિ૦ સં૦ ૧૭૮૫ વૈ૦ સુ. ૭ ગુરુવાર પુષ્ય નક્ષત્રમાં અમદાવાદમાં રચેલો ભ૦ શ્રી શાન્તિનાથનો રાસ ખંડ—૬)

## ૩. મહો૦ ધર્મસાગર ગણિવરની શિષ્યપરંપરા

૫૬. મહો૦ ધર્મસાગર ગણિ.

૫૭. ઉપા૦ શ્રુતસાગરગણિ—તે મહો૦ ધર્મસાગર ગણિવરના અત્યંતરાગી હતા. તેમણે સં૦ ૧૬૮૩માં 'ચઉસરણપઈન્નયની અવચૂરિ' લખી છે.[1]

---

१. श्रीमत्तपागच्छगगनदिनमणि सकलवाचकचक्रवर्ति सकलवादिद्विरदमदसिंहशार्दूल सकलसिद्धान्ततत्त्वार्थ महासमुद्रावगाहक श्रीमज्जंबूद्वीपप्रज्ञप्तिसूत्रवृत्तिकारक— श्रीमत्प्रवचनपरीक्षाग्रन्थसूत्रवृत्तिकारक— श्रीकल्पकिरणावलीवृत्तिविधापक श्रीसर्वज्ञशतकसूत्रवृत्तिकरणतः श्रीहेमाचार्यसमान श्रीश्रुतकेवलिबिरूदधारक सकलवादिनिराकरणप्रवीण श्रीजेसलमेरुदुर्गराजाधिराजराउलश्रीहरराजराजसभालब्धजयवादसकलकुमतनिराकरण श्रीतपागच्छवीमिकारक सुविहितसभाशृंगार महावैराग्यरंजित जनमनोरंजक महोपाध्याय श्रीधर्मसागरगणिचरणचंचरीकायमानपंडित श्रीश्रुतसागरगणिचरणसरसिरुह भृंगगणि श्रीप्रेमसागर वाचनकृते लिखितेयं प्रतिः ।

३ ८ ६ १
गुण—वसु—रस—शशि संवत् (१६८३) कार्तिक मासे शुभे तिथौ समहः ।
प्राज्ञ श्रीश्रुतसागरगणिर्मिलिलेख प्रतिं प्रवराम् ॥

(—આ૦ જિનવિ૦નો પ્રશસ્તિસંગ્રહ, આનંદકાવ્ય મહોદધિ મૌ૦ ૭મું, શ્રી મો૦ દ૦ દેસાઈની પ્રસ્તાવના પૃ૦ ૧૪૭)

ૐ સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૮. **ઉપા૦ શાંતિસાગર ગણિ**–તે સં૦ ૧૬૭૩ માં ઉપા૦ નેમિસાગર ગણિ સાથે માંડવગઢ ગયા હતા.

તેમણે સં૦ ૧૭૦૭માં પાટણમાં 'કલ્પસૂત્રટીકા–કલ્પકૌમુદી' ગ્રં૦ ૩૭૦૭ બનાવી હતી.

૫૯. પં૦ અમૃતસાગર ગણિ–તેમણે 'સર્વજ્ઞશતક' નો ગુજરાતી ટબો કર્યો છે.

## ૪. મહો૦ ધર્મસાગર ગણિવરની શિષ્યપરંપરા

૫૬. મહો૦ ધર્મસાગરગણિ

૫૭. પં૦ ચારિત્રસાગર ગણિ


૫૮. **પં૦ વિનયસાગરગણિ**–તેમણે સં૦ ૧૬૪૦ માં સંસ્કૃતમાં 'દેશરાજાવલી' બનાવી,[1] વળી તેમણે 'હિંગુલપ્રકર' બનાવ્યું પં૦ વિમલસાગરે સં૦ ૧૬૧૬ ના આ૦ શુ૦ ૧૩ રોજ પાટણમાં 'કુમતિકંદકુદ્દાલ' ગ્રંથ લખ્યો, તેમાં પં૦ વિનયસાગરગણિએ મદદ કરી હતી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

પં૦ વિજયહંસગણિના શિષ્ય પં૦ વિનયસુંદરગણિએ સં૦ ૧૬૫૦ માં વીજાપુરમાં તપાગચ્છ ગુર્વાવલી કડી ૨૭ બનાવી.

---

૧. પં૦ વિનયસાગરે આમાં ઐતિહાસિક નવી વસ્તુઓ આપી છે. તે આ પ્રમાણે—સં૦ ૮૦૨ (શક સં૦ ૬૬૮) વૈ૦ શુ૦ ૩ ને ગુરુવારે રોહિણી નક્ષત્રમાં, વૃષના ચંદ્રમાં સૂર્યોદયથી ૧૭ ઘડી જતાં સિંહ લગ્નમાં અણહિલપુરનું મુહૂર્ત કર્યું. તેની કુંડલી આ પ્રમાણે છે—(જૂઓ પ્ર૦ ૩૫, પૃ૦ ૭૫)




મૂળ નક્ષત્રમાં મૂળરાજ જન્મ્યો. જયસિંહ દેવે સં૦ ૧૧૯૮માં રુદ્રમાલ બનાવ્યું, શાહબુદ્દીને યોગીનીપુર લીધું, પછી બા૦ જલાલુદ્દીન થયો. પછી પાતશાહ અલાઉદ્દીન થયો. તેનો પુત્ર અલપખાન સં૦ ૧૩૬૦માં પાટણ આવ્યો. તેણે પાટણમાં કિલ્લો બંધાવ્યો તથા અમાઉલીમાં ગઢ બનાવ્યો, બા૦ કુતબુદ્દીનના સમયે અહમદશાહ થયો. (–સં૦ ૧૪૬૭ પો૦ શુ૦ ૫ થી સં૦ ૧૫૯૯) વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૯. પં૦ વિનયહંસગણિ.

૬૦. પં૦ જયસાગર સં૦ ૧૬૬૭ માં સાંગાનેર ચોમાસું હતા.
(–જૂઓ પ્રક૦ ૫૯)

## ૫. મહો૦ ધર્મસાગરગણિવરની શિષ્યપરંપરા

૫૯. પં૦ નરસાગરગણિ

૬૦. **પં૦ ચારિત્રસાગરગણિ.**

૬૧. **પં૦ કલ્યાણસાગરગણિ.**

૬૨. પં૦ સુજાનસાગરગણિ

૬૩. પં૦ શુભસાગર ગણિ–તેમણે સં૦ ૧૭૪૨માં શ્યાહ જિહાંનાબાદ નગરમાં ‘ કલ્યાણમંદિરવૃત્તિની ’ પાના ૧૮, પ્રતિ લખી (આ ગ્રંથ આગરાના ચિંતામણિ પાર્શ્વનાથ જૈન ભંડારના ‘ણ’ વિભાગમાં છે.–પુષ્પિકા)

સં૦ ૧૮૭૭ ના ફા૦ વ૦ ૧૧નું બુધવારે શાહજહાંનાબાદ નગરમાં પં૦ રંગસાગરગણિ હતા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૬. મહો૦ ધર્મસાગરગણિવરની શિષ્ય પરંપરા

૬૦. **પં૦ ચારિત્રસાગરગણિ**–તે ભ૦ વિજયપ્રભસૂરિના સમયે થયા.

૬૧ **પં૦ કલ્યાણસાગરગણિ**–તે તપગચ્છના **વિજયદેવસૂર ગચ્છના** ભટ્ટારકશ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞામાં રહ્યા હતા. તેઓ સાગર ગચ્છમાં ભળ્યા નહોતા. તેમણે “ પાર્શ્વનાથ ચૈત્યપરિપાટી ” બનાવી.

૬૨. પં૦ યશઃસાગરગણિ.

૬૩. પં૦ જશવંતસાગરગણિ,

૬૪. પં૦ વિચારસાગર ગણિ,

૬૫. પં૦ યુક્તિસાગરગણિ,

૬૬. જગરૂપસાગરગણિ,

૬૭. ખુશાલસાગરગણિ,

૬૮. **પં૦ જયવંતસાગરગણિ**–તેમણે સં૦ ૧૯૧૯ ના ફા૦ વ૦ ૫ ને સોમવારે બૃ૦ તપાગચ્છના ભટ્ટારક યુગપ્રધાન વિજય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવેંદ્રસૂરિના ધર્મરાજ્યમાં શત્રુંજયતીર્થમાં જિનેંદ્રટ્રૂંકમાં શ્રી ચારિત્રસાગરની પરંપરાના ગુરુદેવોની ચરણપાદુકાની ચોકીની **પ્રતિષ્ઠા** કરી, તેમના ગુરુ ભાઈ જોધસાગરગણિ હતા.

(જિનેંદ્ર ટ્રૂંકની ત્રીજી દેરીની ચરણપાદુકાનો લેખ.
જૈન સત્ય પ્રકાશ, ક્ર૦ ૯૨, પૃ૦ ૨૫૧)

૬૯. મેઘસાગરજી—તેમણે 'રામવિનોદસારણી' લખી આ ગ્રંથ આગરાના ભંડારના 'અ' વિભાગમાં છે.—પુષ્પિકા.

(વિશેષ માટે જૂઓ શત્રુંજય—જિનેંદ્રટ્રૂંકની ચરણપાદુકાના લેખો)

## ૭. મહો૦ ધર્મસાગર ગણિવરની શિષ્ય પરંપરા

૬૦. પં૦ ચારિત્રસાગર.

૬૩. પં૦ જશવંતસાગરગણિ

૬૪. **પં૦ જિનેંદ્રસાગરગણિ**—તેમણે ભ૦ વિજયક્ષમાસૂરિ (સ્વ૦ સં૦ ૧૭૮૪)નો શલોકો કડી—૬૨ રચ્યો. સં૦ ૧૮૧૩ પો૦ વ૦ ૧૦ ગુરૂવારે જયપુરમાં શોભન સ્તુતિ લખી.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૬૫. પં૦ આગમસાગર

૬૬. પં૦ વિનોદસાગર

**૬૭. પં૦ ઋષભસાગરગણિ**

તે કવિ હતા તેમણે સં૦ ૧૮૪૩ જેઠ વ૦ ૩ સોમવારે સૂરતમાં મોદી પ્રેમચંદનો સંઘ અને ટ્રૂંક વર્ણનનો રાસ બનાવ્યો.

(—જૈન ગુર્જર કવિઓ ભા૦ ૩ જો પૃ૦ ૧૬૧ થી ૧૭૨)
(પ્રક૦ ૫૭, સૂરતના સંઘપતિઓ)

## ૮. (૧) મહો૦ ધર્મસાગર ગણિવરની શિષ્ય પરંપરા

૬૦. પં૦ ચરિત્રસાગર

૬૧. પં૦ સુજાન સાગર

૬૨. પં૦ કલ્યાણ સાગર

૬૩. પં૦ ખેમસાગરગણિ

તેમની ચરણપાદુકાની ચોકી, માલપુરામાં તપાગચ્છના વિજય-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવસૂર સંઘના યતિ સમાધિ સ્થાનમાં પ્રતિષ્ઠિત છે જેની વિ૦ સં૦ ૧૭૭૧ જે શુ૦ ૧૧ ને રવિવારે પ્રતિષ્ઠા થઈ હતી.

૮ (૨) મહો૦ ધર્મસાગરગણિ શિષ્ય પરંપરા

(૧) પં૦ સુવિધિસાગર (૨) પં૦ જિનરંગસાગર (૩) ગોરેલેખ (૪) આદિનાથ ચરણપાદુકા (૫) પ્રતાપસાગર (૬) પં૦ નિત્યસાગરનો પાદુકા પટ્ટ માલપુરમાં તપાગચ્છના વિજયદેવસૂરિસંઘના યતિ સમાધિ સ્થાનમાં છે. તેની પ્રતિષ્ઠા સં૦ ૧૮૪૨ વૈ૦ વ૦ ×× શુક્રવારે થઈ.

૮ (૩) પં૦ દયાસાગર ગુરુભ્રાતા પં૦ વીરસાગર શિષ્યો જ્ઞાનસાગર ઘાસીસાગર, તેના શિષ્ય રૂગનાથ સાગરહિતા માલપુરની તપાયતિ સમાધિના પાદુકાલેખો.

(–જૈન સત્ય પ્રકાશ ક્ર૦ ૭૦, પૃ૦ ૩૭૮)

૮ (૩) પં૦ જયસાગરગણિ

તેમણે સં ૧૯૧૯ ફા૦ વ૦ ૫ ને સોમવારે બૃહત્ તપાગચ્છના ભ૦ યુ૦ પ્ર૦ ભ૦ વિજયદેવેન્દ્રસૂરિના ધર્મરાજ્યમાં શત્રુંજય તીર્થમાં જિનેન્દ્ર ટૂંકોમાં શ્રી ચારિત્રસાગરની પરંપરામાં ગુરુદેવની પાદુકાની પ્રતિષ્ઠા કરી. (–જિનેન્દ્રટૂંકની ત્રીજી દેરીની ચરણ પાદુકાનો લેખ જૈ૦ સ૦ પ્ર૦ ક્ર૦ ૯૨, પૃ૦ ૨૫૧)

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

## ૯. મહો૦ ધર્મસાગરગણિની શિષ્યપરંપરા

૫૬. મહો૦ ધર્મસાગરગણિ.

૬૩. **પં૦ યશવંતસાગર**– પં૦ કલ્યાણસાગરની શિષ્યપરંપરામાં યશવંતસાગર થયા, તે જૂદા હતા. તેમના ઉપદેશથી જયપુરઘાટમાં જિનપ્રાસાદ બન્યો. (–પ્રક૦ ૫૫)

૬૪. **પં૦ગુમાનસાગર**–તેમણે સં૦ ૧૮૩૧ના અ૦ શુ૦ ૧૨ ના રોજ જયપુરમાં ‘તાજિક નીલકંઠી’ લખી.

૬૫. પં૦ શિવસાગર

૬૬. પં૦ **જયસાગરગણિ**–તેમણે સં૦ ૧૯૦૭ના ફા૦ વ૦ ૫ ને ગુરુવારે ભ૦ વિજયદેવેંદ્રસૂરિના રાજ્યમાં જયપુરઘાટમાં બાર વ્રતધારિ વેદ મુહત્તા **શેઠ અનંતરામજી** વીશા ઓશવાલના જિન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાસાદનાં ભ૦ પદ્મપ્રભસ્વામી વગેરે જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. (–પ્રક૦ ૫૮)

## ૧૦. મહો૦ ધર્મસાગરગણિની શિષ્યપરંપરા

૫૬. મહો૦ ધર્મસાગરગણિ.

૫૭.

૫૮. **ઉપા૦ નેમિસાગરગણિ**

૫૯. **પં૦વીરસાગરગણિ**–ઉપા૦ નેમિસાગરગણિ સં૦ ૧૬૭૩ ના ચોમાસામાં રાધનપુરથી પધાર્યા ત્યારે પં૦ વીરસાગરગણિ તેમની સાથે હતા.

૬૦. પં૦ સૌભાગ્યસાગર ગણિ

૬૧. શિષ્ય પં૦ કમલસાગરગણિ સં૦ ૧૭૦૭ પોષ શુ૦ ૨ સુરતમાં આરાધના–ટબો પ્રતિ પાનાં : ૧૦ લખ્યો.

## ૧૧. મહો૦ ધર્મસાગરગણિની શિષ્યપરંપરા

जैन साईट JAINSITE .com

૫૬. મહો૦ ધર્મસાગરગણિ.

૫૭. પં૦ ગુણસાગર ગણિ– તે સં૦ ૧૬૭૩ માં ઉપા૦ નેમિસાગર ગણિની સાથે માંડવગઢ ગયા હતા.

जैनम् जयति शासनम्

તેમણે 'ગુણપુંગવથી શરૂ થતું "ગૌતમસ્વામીસ્તોત્ર" શ્લો૦ ૫ બનાવ્યું હતું.

## ૧૨. તપાગચ્છના વિજયદેવસૂરિગચ્છ તથા સાગરશાખાપરંપરા

૬૩. ભ૦ **વિજયરત્નસૂરિ**–તે તપગચ્છના વિજયદેવસૂરસંઘના **ભટ્ટારક** હતા. તેઓ ૧૪ વિદ્યાના જાણકાર હતા.

(–શ્લો૦ ૧૧, પ્રક૦ ૫૮)

૬૪. **ભ૦ વિજયક્ષમાસૂરિ**–(સં૦ ૧૭૭૪ થી ૧૭૮૪) તેમના પરિચય માટે જૂઓ (પ્રક૦ ૫૮) તપાગચ્છ વિજયદેવસૂરિ ગચ્છ ભટ્ટારક પરંપરા વિશેષ આ પ્રમાણે છે.

તે મોટા જ્ઞાની અને સમર્થ વાદી હતા. તેમણે રૂપથી કામ-

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

દેવને, ગુરુતાથી મેરુને. દેહની કાંતિથી સૂર્યને, શાંતભાવનાથી ચંદ્રને, વાણીથી ગુરુને, કાવ્યશક્તિથી શુક્રને, તથા યશથી ઇંદ્રને જીત્યો હતો. (શ્લો૦ ૧૩–૧૪)

તેમના મુખમાં સરસ્વતી રહેતી હતી. (શ્લો૦ ૧૫)

તેમની કીર્તિ ગંગા કરતાંય વધુ નિર્મળ હતી. (શ્લો૦ ૧૬)

તેમના ગુણોની સંખ્યા મોટી હતી, આથી "કણાદે કહેલા ગુણોની સંખ્યા નકામી બની (શ્લો૦ ૧૭)

તેમની કીર્તિના ટુકડા તે આકાશના તારા છે. (શ્લો૦ ૧૮)

તેમની વાણી શેષી હતી. (શ્લો૦ ૧૯)

૬૫. **ભ૦ વિજયદયાસૂરિ**–(સં૦ ૧૭૮૪ થી ૧૮૦૯) જેમના પ્રભાવથી ધર્મ પાંચમા આરામાં પણ ચોથા આરાની જેમ **વિસ્તાર** પામ્યો. (શ્લો૦ ૨૦)

તેમની આજ્ઞાધારી **એક મુનિપરંપરા**

(૧) ઉ૦ **ભાવસાગરગણિ**–તે તપાગચ્છમાં મોટા વિદ્વાન હતા. ભ૦ **વિજયદયાસૂરિની** આજ્ઞા પાળતા હતા. (શ્લો૦ ૨૨)

(૨) પં૦ **વિનિતસાગરગણિ**–તે ઉપા૦ ભાવસાગર ગણિવરના શિષ્ય હતા. શાસ્ત્રના જ્ઞાતા હતા. (શ્લો૦ ૨૨)

(૩) **પં૦ ભોજસાગરગણિ** (૨) તેમણે **ભ૦વિજયદયાસૂરિ** (સં૦ ૧૭૮૪ થી ૧૮૦૦) પાસે શાસ્ત્રજ્ઞાન મેળવી, તેમની આજ્ઞાથી આશરે સં૦ ૧૮૦૦ માં મહો૦ યશોવિજયજી ગણિવરના "દ્રવ્યગુણ-પર્યાય રાસ" ના આધારે સંસ્કૃત ભાષામાં સટીક "દ્રવ્યાનુયોગતર્કણા" અ૦ ૧૫ બનાવ્યો.

(દ્રવ્યાનુયોગતર્કણા પ્રશસ્તિ શ્લો૦ ૧૧થી૨૩)

નોંધ–મુનિ વિનીતસાગરના શિષ્ય **મુનિભોજસાગરે** સં૦ ૧૭૯૯ ના ફા૦ શુ૦ ૧ ના રોજ સુરતમાં વિજયદેવસૂરિના રાજ્યમાં **ભ૦ વિજયપ્રભસૂરિ** (સં૦ ૧૭૨૩ થી ૧૭૪૯) ના શિષ્ય **પં૦ હેમ-વિજયગણિ'** તેમના શિષ્ય પં૦ પ્રતાપવિજયજી, તેમના શિષ્ય **પં૦ રૂપવિજયગણિની** વિનંતિથી તપાગચ્છના આ૦ રત્નશેખરસૂરિના "આચારપ્રદીપ"નો "બાલાવબોધ" ગુજરાતીમાં રચ્યો (પ્રક૦ ૬૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉપા૦ કીર્તિસાગર ગણિ** તે ઉપા૦ ભોજસાગરના વંશમાં થયા, તે મોટા ગુણવાન હતા. તેમના શિષ્ય **પં૦ ચતુરસાગરગણિએ** સં૦ ૧૯૫૫માં સંસ્કૃત ભાષામાં વિવિધ વૃત્તોમાં “ મણિભદ્રવીરસ્તોત્ર ” બનાવ્યું.

(શ્લો૦ ૨૭)

(– પં૦ ચતુરસાગરગણિએ સં૦ ૧૯૫૫ માં બનાવેલ મણિભદ્રવીર સ્તોત્ર શ્લો૦ ૨૭, પ્રકા૦ શેઠ વાડીલાલ છોટાલાલ અમદાવાદ )

**(૧૩) તપાગચ્છ–સાગરશાખા–**

૧. **પં૦ જીવનસાગર**– તેમણે સં૦ ૧૮૫૩ માં શિષ્ય પં૦ કસ્તૂરસાગરગણિ માટે “ સિદ્ધાન્તચન્દ્રિકાટીકા ” લખી.

૨. **પં૦ કસ્તૂરસાગરગણિ**–તેમણે સં૦૧૮૪૮ ના ચૈ૦ વ૦ ૧૧ના રોજ જયપુરમાં “ યોગીનીદશા ” લખી. સં૦ ૧૮૪૯ ના ભા૦ શુ૦ ૧ ને શનિવારે સાંભર નગરમાં (સાભરમાં) લખી. સં૦ ૧૮૫૧ ના શ્રા૦ શુ૦ ૮ ના રોજ “ સિદ્ધાન્તચન્દ્રિકા લખી. સં૦....માં રેણુકાચર(બાલુચર)માં “ શ્રાદ્ધપ્રતિક્રમણ ” પત્ર : ૮ લખ્યું સં૦ ૧૮૫૫ ના ફા૦ શુ૦ ૧૨ ના રોજ રેણુકાચરમાં પ્રશિષ્ય **ખૂબસાગરને** ભણવા માટે નવતત્ત્વ પાનાં ૧૭ લખ્યાં. સં૦ ૧૮૫૬ “ દંડકવિચારષટ્ત્રિંશિકા ” લખી.

૩. **પં૦ ગોકલસાગર ગણિ**–તેમણે સં૦ ૧૧૭૧ ના કા૦ શુ૦ ૯ ના રોજ આગરામાં ગુરુ પં૦ કસ્તૂરસાગરની આજ્ઞાથી “ શાહર્ગધર ” પાનાં : ૧૧૧ લખ્યાં.

૪. પંન્યાસ **પ્રેમસાગરગણિ**– તેમણે સં૦ ૧૮૮૧ માં “ તર્કમંજરી ” લખી. ૧૯૧૭ ના જે૦ શુ૦ ૭ના રોજ “ સમકિતસડસઠ્ઠી ” લખી. સં૦૧૯૨૭ ના આ૦ વ૦ ૧૧ ને શનિવારે ચેલા ખૂબસાગરને માટે લશ્કર (ગ્વાલિયર)માં “ ષટ્પંચાશિકા ” પાના : ૨૧ “ અર્હણુ-પંચાશિકા પાનાં : ૫, સં૦ ૧૯૧૭ મા૦ વ૦ ૪ ને રોજ દ્રવ્યગુણ-શતશ્લોકી લખી સં૦ ૧૯૨૩માં આગરામાં “ પાશાકેવલી ” લખ્યું.

૫. **પં૦ ખૂબસાગર ગણિ**– તેમણે સં૦ ૧૮૫૫ માં પહેલાં દીક્ષા લીધી. તેમણે “ લોલિમ્બરાજ ગ્રંથલેખનની પુષ્પિકામાં ઉપરના

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર ગુરુઓની પેઢી આપી છે. તેમણે સં૦ ૧૯૧૬ ના અષાડ વદિ ૮ ને શુક્રવારે આગરામાં ચાતુર્માસિક વ્યાખ્યાન લખ્યું. સં૦ ૧૯૪૦માં આગરામાં તપાગચ્છ " ક્ષેત્રસમાસ " તથા " શતસંવત્સરી લખ્યાં.

**૧૪. સાગરશાખા.**

(૧) પં૦ અજિતસાગરગણિ. (૨) પં૦ મહિમાસાગર (૩) **પં૦ અનોપસાગર** શિષ્ય (૪) **પં૦ અજબસાગર – તે મહો૦** મેઘવિજયગણિના વિદ્યા–શિષ્ય હતા. તેમણે સં૦ ૧૬૭૧....શુ૦ ૯ ના રોજ કર્મવાડી(માંડવગઢ)માં મહો૦ મેઘવિજયગણિની હિંદીમાં "સવૈયા" રૂપમાં ૩–સ્તુતિ બનાવી. તેમાં મહો૦ મેઘવિજયગણિને " યતિજન-શિરોમણિ પોતાના વિદ્યાગુરુ તથા મહાયોગી " બતાવ્યા છે.

( ઐતિહાસિક સજ્ઝાયમાળા સજ્ઝાય ૨૪ મી )

તેમણે ભ૦ " વિજયદયાસૂરિસજ્ઝાય " કડી ૭ : બનાવી.

નોંધ : ભ૦ વિજયદયાસૂરિનો સમય વિ૦ સં૦ ૧૭૮૪ થી ૧૮૦૯ સુધીનો છે.

માંડવગઢમાં કર્મવાડી બની હતી.

(૪) અનોપસાગરગણિ નિરૂપમસાગરે વિવિધ નામો વાળું ગોડી-પાર્શ્વનાથ સ્તવન કડી ૩૬૨ બનાવ્યું, તેમના શિષ્ય (૫) પં૦ મયગમ-સાગરે સં૦ ૧૭૪૩ ના ભા૦ શુ૦ ૧૦ ને દિને દ્રૌપદી ચોપાઈ લખી ( ગ્રંથપુષ્પિકા )

**પં૦ ઉમેદસાગરગણિ** તેમણે સં૦ ૧૮૦૮ માં આપદુદ્ધાર લખ્યો. પં૦ તિલોકસાગર સં૦ ૧૮૫૫ માં આગરમાં હતા, પં૦ ગુલાલકીર્તિના શિષ્ય પં૦ લક્ષ્મીસાગરે જેસલમેરમાં આદિત્યવારની કથા લખી સં૦ ૧૮૬૨ માં આગરામાં પક્ખીસૂત્ર લખ્યું પં૦ રણજીતસાગરે સં૦ ૧૮૯૯ માં ઉદેપુરમાં જયકાલંકાર લખ્યો, યતિ છગનસાગરે સં૦ ૧૯૩૩માં જયપુરમાં સાતસ્મરણ લખ્યાં.

**શત્રુંજયવર્ણન**

મુનિ પં૦ જયસાગરગણિ તથા પં૦ તત્ત્વસાગરે સં૦ ૧૯૧૦–૧૫માં પાલીતાણામાં પં૦ આનંદકુશલના સમયે નગરશેઠ નગીનદાસ મચાભાઈના કહેવાથી શત્રુંજય તીર્થ ચૈત્યપરિપાટી ફરમો લખ્યો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃ. ૧ થી ૧૦૭) સંભવ છે કે તેઓ (૬૧) સંવેગી પં૦ ન્યાયસાગર ગણિવરની પરંપરા હોય.

૧૫–સાગરશાખાની પટ્ટાવલી માલપુરના તપગચ્છના વિજયદેવ-સૂરિ સંઘના યતિ સમાધિસ્થાનમાં સાગર શાખાની વિવિધ પરંપરાઓ મળે છે તે આ પ્રમાણે.

૧૫ '(૨)' પાદુકાપટ્ટ

(૧) પં૦ સુવિધિસાગરગણિ (૨) જિનરંગસાગરગણિ (૩) લેખ (૪) ભ૦ ઋષભદેવચરણની પાદુકા (૫) પં૦ પ્રતાપસાગર (૬) નીત્ય-સાગરે સં૦ ૧૮૪૨ વૈ૦ વ૦ ૫ શુક્રવારે તેઓના ચરણ પાદુકા પટ્ટની પ્રતિષ્ઠા કરી.

(૧૫) (૩) પાદુકા લેખ. શાખા ૮ મી

(૧) પં૦ દયાસાગરગણિ ગુરૂભ્રાતા પં૦ વીરસાગરગણિ.

(૨) પં૦ જ્ઞાનસાગરગણિ. પં૦ ધાસીસાગરગણિ.

(૩) રૂગનાથ સાગરના સમાધિ પાદુકા લેખો.

(શ્રી જૈન સત્ય પ્રકાશ ક્ર. ૭૦ પૃ. ૩૭૮)

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## માનસાગરી જાતક પદ્ધતિ–વિચારણા

માનવ જગતમાં ઘણા આધારવાળી સર્વ માન્ય ફળાદેશનો સર્વોપરિ સર્વમાન્ય સંસ્કૃત શ્લોકબદ્ધ ગ્રંથ, **માનસાગરી** પદ્ધતિ છે. આ ગ્રંથનાં જુદાં જુદાં પ્રદેશોમાં વિવિધ રીતે પ્રકાશનો થાય છે.

પરંતુ આ ગ્રંથનું વાસ્તવિક નામ, ગ્રંથકારનું નામ, ગ્રંથકારના પૂર્વજોનો પરિચય, ગ્રંથરચનાની સાલ વગેરે સર્વ બાબતોનો આ ગ્રંથમાં સ્પષ્ટ ઉલ્લેખ ન હોવાથી સૌ પ્રકાશકો આ દરેક બાબતોમાં વિવિધ કલ્પનાઓ કરે છે.

**નોંધ :** આ ગ્રંથનું નામ **માનસાગરી પદ્ધતિ** પ્રસિદ્ધ છે.

**ગ્રંથકાર**–ગ્રંથકર્તાના નામ માટે વિવિધ માન્યતાઓ મળે છે.

જર્મનમાં લીપર્જિજિગ્ પુસ્તકાલયમાં હસ્તલિખિત માનસાગરી પદ્ધતિની પ્રતિ છે. પુસ્તકાલયે પોતાના હસ્તલિખિત ગ્રંથોના નામ અને ગ્રંથકારના નામો બતાવતું કેટલોગ કેટલાગમ ( )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત કર્યું છે. તેમાં માનસાગરીના કર્તાનું નામ **કલ્યાણઋષિ** બતાવે છે. જેમકે–

"Funf Fragmente In dieser Hand Schrift wird das werk Mansagar Janmapattri Yaddhat. ii genenntund uneiuen KALYAN RISHI Zugeschrieber, In den meisten punkten stimmt esmit der vorangehe nden Handchrift upeerein, dech sind ein ausfuhrllscer Kommentar und astrologische Bereehmungen und Tefeln in den Text eiagefleeh tchDie Pazeichnung der. Blatter ist von dem Abschrei ber mehrfach vernchlassigt."

આ ઉલ્લેખ વાંચ્યા પછી અમને લાગ્યું કે–આ ગ્રંથનું માનસાગરી નામ છે કે તેનો કર્તા કોઈ સાગરશાખા વાળા યતિવર હોવા જોઈ એ જો કે મહો૦ ધર્મસાગરગણિવરની શિષ્યપરંપરામાં વિવિધ. સાહિત્યોનાં ઘણાં નિર્માણ થયા છે. તો આનો કર્તા પણ કોઈ **માન-સાગર** અથવા કલ્યાણસાગરનો શિષ્ય હોય !

અમે માનસાગરી ગ્રંથના વિવિધ પ્રકાશનો જોયાં. તે પૈકી ઘણા ઘણા પ્રકાશનોમાં વિવિધ જાતીનાં દેવ મંગલાચરણો ઉપલબ્ધ છે.

તેમાં ઇસ્લામી મંગલાચરણ પણ મળે છે શ્રી પાલીતાણા–શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળના પ્રતિષ્ઠાપક **ગુરૂદેવ શ્રી ચારિત્રવિજય-જીનો** અમદાવાદમાં જ્ઞાનભંડાર સુરક્ષિત છે, તેમાં **લાલચંદ્ર પદ્ધતિ** નામે હસ્તલિખિત વિશાલ જૈન ગ્રંથ છે, ગુરૂદેવે પોતાના હાથે આ ગ્રંથની વિવિધ પ્રતો આપી હતી અને તે આ ગ્રંથને પ્રકાશિત કરવા માટે આજ્ઞા આપી હતી.

વિશેષ પરિશિલનથી જાણી શકાય છે કે લાલચંદ્ર પદ્ધતિ અગર માનસાગરી પદ્ધતિની વિચારણા માટે ઘણા સાધનો જોવા જોઈ એ ઘણો સમય પડે, આથી અમે તેથી આ બાબતોનો વિચાર કરવાનું હાલ મુલત્વી રાખી અમે પ્રક૦ ૬૨ કે પ્ર૦ ૬૮ ના "ગ્રંથકારોના વિભાગ" માં ઉચીત વિચાર કરવાનો નિરધાર રાખ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**લાલચંદ્રપત્ર પદ્ધતિની** પૂર્વ ભાગની પુષ્પિકા અને છેલ્લી પ્રશસ્તિના આધારે એટલું જ તારવી શકાય છે કે—

કોઇ યતિવરે જાતકાભરણ, સારાવલિ, લઘુજાતક વિગેરે ગ્રંથોના આધારે આ ગ્રંથ બનાવ્યો છે. સંભવ છે કે આ ગ્રંથ બનાવનાર અંચલગચ્છના અથવા લોંકાગચ્છના વાચક કલ્યાણનિધાનગણિના શિષ્ય **પં૦ લબ્ધિચંદ્ર** હતા. તેમણે સં૦ ૧૭૫૧ કા૦ સુ૦ ૩ ના રોજ વેરાવળમાં આ ગ્રંથ બનાવ્યો. અને પ્રસિદ્ધ વિદ્વાન્ પં૦ ભોજસાગરગણિવરના ગુરુ પં૦ વિનીતસાગર ગણિએ આ ગ્રંથ લખ્યો. જે તેમાં તે પોતાને પં૦ વિશેષસાગરગણિના શિષ્ય બતાવે છે.

લાલચંદ્ર પદ્ધતિ ગ્રંથની પૂર્વભાગની પૃ. ૨૧ ની પુષ્પિકાથી સમજાય છે કે—આ ગ્રંથની એક લેખકે સં૦ ૧૮૫૪ ના વૈશાખમાં કચ્છના **દુધઈ** ગામમાં નકલ લખી હતી.

લાલચંદ્રપત્ર પદ્ધતિમાં ગ્રંથકારે શ્લો. ૧ થી ૩૬ સુધી જૈની તથા વૈષ્ણવી સ્તુતિ કરી છે. તેમજ શ્લો. ૩૩ માં તથા શ્લો. ૩૬ પછીના શ્લોકોમાં રહેમાન, અલ્લાહો કુબર. ઇલ્લિલાહ, મહમુદ, રસૂલ અલખ, રોજા અને રહમાનની સ્તુતિ કરી છે. (શ્લો. ૩૬ વિશેષ શ્લો ૩, ૪, )

અમને લાગે છે કે—તે જ યતિની પરંપરાના કોઈ પં૦ માનસાગરે સં૦ ૧૯૦૦ પહેલા આ ગ્રંથનું છેલ્લું સંસ્કરણ તૈયાર કર્યું વિદ્વાન જોષીઓને આપ્યું, અને તેનું માનસાગરી તરીકે વ્યાપક નામ બન્યું. આ બન્ને સંસ્કરણોમાં ફરક એટલો જ છે કે—લાલચંદ્રપદ્ધતિમાં ૩૬મા શ્લોકમાં "અર્હન્તો"૦ જૈન સ્તુતિ છે. તે માત્ર પ્રકાશિત માનસાગરીમાં નથી. લાલચંદ્ર પદ્ધતિમાં દશાવતારી રામચંદ્રની સ્તુતિ છે. માનસાગરીમાં દશાવતારી કૃષ્ણચંદ્રની સ્તુતિ છે. લાલચંદ્ર પદ્ધતિમાં રહેમાન વગેરેની ચાવની સ્તુતિ પણ છે. માત્ર છાપેલી માનસાગરીમાં રહેમાનની એક જ સ્તુતિ છે તે સિવાયની બીજી સ્તુતિઓ નથી.

આ વિષયમાં અત્યારે પુરાતત્વના વિદ્વાનો આનું વિશેષ સંશોધન કરી સત્ય પ્રમાણ જાહેર કરે. એ આશા રાખી હાલ આટલું બતાવી સંતોષ માનીએ છીએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧. મહો૦ હાનર્ષિગણિનો વાચકવંશ

૫૫. ભ૦ **હેમવિમલસૂરિ**— (સં૦ ૧૫૪૮ થી ૧૫૮૩) તેમણે મોગલવંશના ચોથા સુલતાન અબુ સૈયદને ઉપદેશ આપ્યો.
(પ્રક૦ ૪૪ પૃ૦ ૨૨.)

૫૬. પં૦ **કુલશમાણિક્યગણિ**— સંભવ છે કે તેઓ પહેલાં ઋષિ માનાના નામથી પ્રસિદ્ધ હોય.

૫૭. **મહો૦ હાનર્ષિગણિ**— લોંકાગચ્છના ઋષિ **હાના, ઋષિ શ્રીપતિ,** અને ઋષિ **ગણપતિ** વગેરે ઋષિઓએ **આ૦હેમવિમલસૂરિના** પવિત્ર સાધુજીવનથી પ્રભાવિત થઈ તેમની પાસે જઈ આત્મકલ્યાણ માટે સંવેગીપણું સ્વીકારી તેમના પરિવારમાં દીક્ષા લીધી. તેમનાં નામો ઋ૦ હાના ગ૦, ઋ૦ હાપા ગ૦, **મહો૦સહજકુશલગણિ** અને મહો૦ સહજવિમલગણિ, મહો૦ હાનર્ષિ ગણિવરની પરંપરામાં કુશલચંદ્ર, વિમલ અને વિજય વગેરે મળે છે. તે વિ૦સં૦ ૧૬૨૮ સુધી વિદ્યમાન હતા. **ભ૦ વિજયદાનસૂરિ** અને ભ૦ હીરવિજયસૂરિના ઉપાધ્યાય હતા. તેમણે ભ૦ હીરવિજયસૂરિના શાસનમાં ભ૦ વિજયદાનસૂરિની કૃપાથી ગુરુનામ મિશ્રિત ‘ ચોવીશ જિન સ્તવન—સ્તુતિ કડી : ૨૯ બનાવી.
( ઐતિહાસિક સજ્ઝાયમાલા, સજ્ઝાય નં. ૫૦ )

આ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૬૧૯—૨૦ માં મહો૦ ધર્મસાગરગણિને ગચ્છમાં લીધા, તેમાં તેમના પણ હસ્તાક્ષરો છે.
(પ્રક૦ ૫૫ પૃ૦ ૭૧૫)

મોગલવંશના બાબરે (સને ૧૫૨૬ થી ૧૫૩૦) તેમના ઉપદેશથી જજિયાકર માફ કર્યો હતો, અને ફરમાન આપ્યું હતું.
(—જૂઓ લખપત ગંજરી, પ્રક૦ ૪૪, પૃ૦ ૫૨.)

મહો૦ હાનર્ષિગણિની પરંપરામાં કુશલ, ચંદ્ર, વિમલ અને વિજય વગેરે **શાખાઓ** ચાલી હતી.

૫૮. **લક્ષ્મીકુશલ,** પં૦ લબ્ધિકુશલ, ગણિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૯. દેવકુશલ, ૬૦ ધીરકુશલ, ૬૧ **ગુણકુશલ**—જે મોટા શીલવાન, સત્યવાદી અને તપસ્વી હતા.

૬૨. **પં૦ પ્રતાપકુશલગણિ** તેમનું શાહી દરબારમાં બહુ બહુ સન્માન થતું હતું. તે ચમત્કારી, **વચનસિદ્ધ**, મહાત્મા હતા. બાદશાહ **ઔરંગઝેબે** તેમને એક કોઈ સિદ્ધિ જોવાથી, પાલખી તથા સેના મોકલી. પોતાની પાસે બોલાવ્યા. તે હીંદી અને ફારસી ભાષા ભણ્યા હતા. તેમણે બાદશાહના પ્રશ્નોના ઉત્તરો બરાબર આપ્યા. અને તેના મનની વાત પણ કહી દીધી. આથી બાદશાહે તેમને પાંચ–સાત ગામ આપ્યાં પણ તેમણે નિર્લોભતા બતાવી તે, ગામ લીધાં નહીં.

૬૩. **ભ૦ કનકકુશલ**—તેઓ મોટા કવિ હતા. તેમને મહારાજા અજમાલ, અજમેરનો સૂબો તથા ઘણા રાજાઓ વગેરે માનતા હતા. તેમને નવાબ **ખાનજહાં બહાદૂર** અને જૂનાગઢના બાબીવંશી સૂબેદાર **શેરખાન** બહુ માનતા હતા. તેમણે બીજા યતિઓનો વિરોધ હોવા છતાં તપાગચ્છની ૬૫ માં પાટે પોતાના મત મુજબ **પટ્ટધર** સ્થાપન કર્યો.

JAINSITE.com જૈન સાઈટ

કચ્છના રાવલ દેશલના પુત્ર કચ્છનરેશ **લખપતિકુમારે** પં. કનકકુશલને 'માનકૂવા ગામ" તથા હાથી વગેરે આપી, પોતાના ગુરુ બનાવ્યા, અને ભટ્ટારકપદ આપ્યું.

મહારાવ લખપતિ સં૦ ૧૬૧૭ (૧૮૧૭) જે૦ સુ૦ ૫ મરણ પામ્યો હતો. તેમને વિદ્વાન શિષ્યો હતા.

**ગ્રંથો**—તેમણે હિંદી ભાષામાં વિવિધ ગ્રંથો બનાવ્યા છે, તે આ પ્રમાણે—

૧. 'લખપતમંજરી નામમાલા,' ગ્રં૦ ૨૦૨, સં૦ ૧૭૯૪ના અષાડ શુદિ ૩, ભૂજ.

૨. 'સુન્દર રસ શૃંગાર દીપિકા—ભાષાટીકા,' ગ્રં૦ ૨૮૭૫, બાદશાહ શાહજહાંના મહાકવિ સુંદરે બનાવેલ 'રસશૃંગાર'ની ગુજરાતીટીકા—'દીપિકા' છે.[1]

---

૧. કવિ જીવરામ અજરામર ગોરે સં૦ ૧૯૬૭ના ગુજરાતી સાપ્તાહિકના દિવાળી અંકમાં 'લખપતિશૃંગાર લેખ આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. લખપતિ પિંગલ,' સં૦ ૧૮૦૭ના પોષ વદિ ૮, ભોમ.

૪. 'ગોહડપિંગલ,' સં૦ ૧૮૨૧ વૈ૦ શુ૦ ૩, ઉલ્લાસ: ૩, શ્લો૦ ૯૪૫૦

૫. 'પારસાતનામમાલા–ફારસી કોશ,' શ્લો૦ ૩૫૩

૬. 'લખપતિ જસસિંધુ'–તરંગ: ૧૩, શબ્દાલંકારગ્રંથ.

૭. 'મહારાવ લખપતિ મ:સિયો' પદ્ય: ૯૦, (નં૦ ૧૮૧૭)

૮. 'મહારાવ લખપતિ દુવાબૈત'–આશરે શ્લો૦ ૫૦૦

૯. 'માતાનો છંદ, આશાપુરી અંબિકાદેવીની સ્તુતિઓ પદ્યો: ૩૦ તેમાં મહારાવ **ગૌહડ** પછી મહારાજા **રાયધનનું** નામ મળે છે,

(લખપતિ મંજરી પ્રશસ્તિ)

૬૪. **ભ૦ કુઅરકુશલ**–તેમનું બીજું નામ કવિ કુંઅરેશ પણ મળે છે. કચ્છનરેશ લખપતિનો **રાજકુમાર ગૌહડ** તેમને બહુ માનતો હતો.

તેમણે વ્રજભાષામાં ચાર–પાંચ ગ્રંથો બનાવ્યા જેવા કે–

૧. 'પિંગલશાસ્ત્ર,' ૨. હમીર પિંગલ વગેરે.

(આ૦ વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ, પૃ૦)

**૧. કુશલશાખા**

૫૫. **ભ૦ હેમવિમલસૂરિ,**

૫૮. પં૦ લબ્ધિકુશલગણિ.

૫૯. પં૦ અમૃતકુશલગણિ.

૬૦. પં૦ લાવણ્યકુશલગણિ. સં૦ ૧૬૧૬

૬૧. પં૦ દીપકુશલગણિ ૬૨. પં૦ માણેકકુશલગણિ

૬૩. પં૦ અજિતકુશલગણિ–ભ્રાતા વિનોદકુશલ સં૦ ૧૭૮૬માં જૂનાગઢમાં ચોમાસુ હતા.

૬૪. પં૦ કમલકુશલ, જનકકુશલ.

**૨. કુશલ શાખા**

(૧) પં૦ માનકુશલગણિ, (૨) પં૦ શાંતિકુશલગણિ સં૦ ૧૭૯૫માં દેવપત્તનમાં હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં૦ વૃદ્ધિકુશલ શિષ્ય પં૦ વલ્લભકુશલે સં૦ ૧૭૯૭ માગશર શુદિ ૨ ભોમવારે ભ૦ વિજયદયાસૂરિના રાજ્યમાં પં૦ હેમચંદ્રગણિ રાસ ઢળી ૧૦ રચ્યો.

**૩. તપાકુશલપરંપર** (પંન્યાસો)

૫૫. ભ૦ હેમવિમલસૂરિ, ૫૮. લબ્ધિકુશલ, ૫૯. પં૦ અમૃતકુશલ, ૬૦ પં૦ લાવણ્યકુશલ, ૬૧. પં૦ દીપકુશલ, ૬૨. પં૦ જસકુશલ, ૬૩. સદ્ગુણી પં૦ જીતકુશલ, ૬૪. મોટા વિદ્વાન **પં૦ દયાકુશલગણિ** ૬૫. પં૦ દેવેન્દ્રકુશલ–તેમણે સં૦ ૧૯૧૯ ના મહા શુદિ ૧૩ ને શુક્રવારે શત્રુંજય તીર્થમાં વિજયજિનેંદ્ર વસતિમાં **ભ૦ વિજયધરણેંદ્રના** રાજ્યમાં ભ૦ હેમવિમલસૂરિની પરંપરાની ઉપા૦ પંન્યાસોની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી.

૬૬. પં૦ સુંદરકુશલગણિ તેમણે સં૦ ૧૯૨૭ના કા૦ વ૦ ૧૩ ને સોમવારે શત્રુંજયમાં જિનેંદ્રસૂરિ ટૂંકમાં પં૦ દીપકુશલની પરંપરાના પંન્યાસોની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરી. (શત્રુંજય તીર્થની જિનેંદ્ર ટૂંક દેરી ૧, ૨ ના પાદુકાપટ્ટો)

(જૈન સત્યપ્રકાશ, ક્ર૦ ૯૨, પૃ૦ ૨૫૦–૫૧)

૬૫. પં૦ દેવેંદ્રકુશલ, ૬૬. પં૦ વિદ્યાકુશલગ૦, ૬૭, પં૦ જ્ઞાનકુશલગ૦,

(૧) **મહો૦ કરણકુશલ**–તેમણે 'ગૌતમસ્વામીની સજ્ઝાય' બનાવી.

(૨) પં૦ ચારિત્રકુશલ–સં૦ ૧૭૩૧ માં 'જિનસ્તવનચોવીશી' બનાવી.

પાલીતાણાના પારિહાર પં૦ આનંદકુશલગણિના સમયે પં૦ જયસાગર અને પં૦ તત્વસાગરે શત્રુંજયતીર્થ માલાનો ફરમો બનાવ્યો

**૨. મહો૦ હાનર્ષિગણિવરનો વાચકવંશ**

૫૫. ભ૦ હેમવિમલસૂરિ–સ્વ૦ સં૦ ૧૫૮૩.

૫૬. પં૦ કુલશમાણિક્યગણિ, ૫૭. **મહો૦ હાનર્ષિગણિ,**

(પ્રક૦ ૫૫ પૃ૦ ૭૭૦)

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૮. **મહો૦ સકલચંદ્રગણિવર**—કવિ ગણદાસ તેમનો ટૂંકો પરિચય આ રીતે આપે છે.

**પરિચય**

"ગણદાસ કહે ગોર નિરમલ, "શ્રી વિજયદાન પટ્ટે" ભણી;
**શ્રી હીરવિજયસૂર** વંદતા, ધર્મલાભ હોએ ઘણો, ૪
સૂતન અત્રિ આકાશ, **ગોવિંદસુત** તપાગચ્છ સુનીએ,
વો કલા સોલસંપૂન્ન, યહ કલા બહોંત્તેર ભણીએ, ૫
વો કલા હીણુ ખીણુ, યહ કલા દિન દિન ચઢંતી;
વો હરા હજો ઓરડે, યહ ભાએઅ નંગ ભણંતે,
વો અમી કોઈને નવ દીએ, યહ **અમૃત** વરસે બહુ,
**પ્રાગ્વાટ** સસી ઉવજ્ઝાય, **શ્રી સકલચંદ વંદો** સહુ. ૫.

કવિ ગણદાસ ચંદ્ર અને મહો૦ સકલચંદ્રગણિને સરખાવે છે.

**ચંદ્ર** અત્રિ ઋષિનો પુત્ર છે જે આકાશમાં વિરાજે છે, **ઉપા૦ સકલચંદ્રજી** શેઠ **ગોવિંદનો પુત્ર** છે. જે તપાગચ્છમાં વિરાજે છે. ચંદ્ર સોળ કળાવાળો છે, જ્યારે ઉપાધ્યાયજી બોતેર કળાવાળા છે. ચંદ્રની કળા વધે—ઘટે છે જ્યારે ઉપાધ્યાયજીની કળા પ્રતિદિન વધે છે. ચંદ્ર ભામંડળરૂપ ઓરડામાં ભમે છે જ્યારે ઉપાધ્યાયજી સર્વ સ્થાને ભમે છે. ચંદ્ર કોઈને અમી દેતો નથી, ઉપાધ્યાયજી સૌમાં **અમી** વરસાવે છે. એવા પોરવાડ જ્ઞાતિમાં ચંદ્ર સમાન **ઉપાધ્યાય સકલચંદને** સૌ વંદન કરો. (—ઐતિહાસિક સજ્ઝાયમાળા, ભા૦ ૧ પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૧૭૩)

**ગચ્છમેળ**

ભ૦ **વિજયદાનસૂરિએ** સં૦ ૧૬૨૧ માં તેરવાડામાં મહો૦ સકલચંદ્રજીના આગ્રહથી મહો૦ ધર્મસાગરજીને ગચ્છમાં લીધા હતા.

(પ્રક૦ ૫૫ પૃ૦ ૭૧૬)

એક શંકાવાળો ઉલ્લેખ મળે છે કે, મહોપાધ્યાયજી સં૦ ૧૬૮૧ ના પ્ર૦ ચૈ૦ શુ૦ ૯ ના રોજ અમદાવાદના કાળુપુરમાં મુનિસમ્મેલન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળ્યું ત્યારે તેઓ તેમાં વિદ્યમાન હોય.

(—પં૦ ઉદયચંદ્રગણિનો હિતોપદેશ (પ્રક૦ ૫૫ પૃ૦ ૭૩૩)

**મહો૦ સકલચંદ્રજી**—તે જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિના મહોપાધ્યાય હતા.

**ગ્રન્થો**—તેમણે સં૦ ૧૬૪૨ માં સિંહાનગરમાં "હરિબલરાજર્ષિ રાસ" લખ્યો.

તેમણે **ઘણા ગ્રન્થો રચ્યા** છે. તે આ પ્રમાણે છે.—

૧. "મૃગાવતી આખ્યાન" સં૦ ૧૬૪૩, ૨ "વાસુપૂજ્યજિન પુણ્યપ્રકાશ," ૩ વીરવર્ધમાનજિનગુણવેલી સુરવેલી કડી ૬૬ (જૈ૦ સ૦ ક૦ ૧૦૬) ૪ 'ગણધર વાદસ્તવન,' ૫ 'મહાવીર સ્તવન," ૬ 'ઋષભસમતાસરલતાસ્તવન' કડી; ૩૧, ૭ 'દિવાલીવીરસ્તવન,' ૮ 'કુમતિદોષ વિજ્ઞપ્તિ સીમંધર સ્વામી સ્તવન,' ૯ પ્રતિષ્ઠા કલ્પ,' ૧૦ 'એકવીસ પ્રકારી પૂજા' (સં૦ ૧૫૯૬ થી ૧૬૧૦,) ૧૧ 'સત્તરભેદી પૂજા' (સં૦ ૧૬૧૦ થી ૧૬૨૨,) ૧૨ 'બારભાવના સજ્ઝાય' ઢાળ ૧૪, કડી ૧૨, પ્ર૦ ૧૦૮, ૧૩ 'ગૌતમપૃચ્છા' વગેરે ૨૦ સજ્ઝાયો, ૧૪ 'દેવાનંદા સજ્ઝાય,' ૧૫ 'સાધુકલ્પલતા' ૧૬ સં૦ ૧૬૬૦ ધ્યાનદીપિકા શ્લોક ૨૦૪.

**શિષ્યો** મહો૦ સકલચંદ્રગણિવરને ઘણા શિષ્યો હતા, તેમાંના (૧) ઉપા૦ શાંતિચંદ્રગણિ, (૨) ઉ૦ સુરચંદ્રગણિ પ્રસિદ્ધ છે.

**૫૯. મહો૦ શાંતિચંદ્રગણિવર**—તે મોટા વિદ્વાન, કવિ અને મોટા વાદી હતા, શાંત સ્વભાવના હતા, ૧૦૮ અવધાન કરી શકતા, તેમણે અવસાધોની તથા શાસ્ત્રાર્થોમાં મોટા મોટા વાદીઓને જીતી, ઘણા રાજાઓનો પ્રેમ સંપાદન કર્યો. તે '**કુરાને શરીફ**' જાણતા હતા. અને તેની આયાતોને મૌલવીની જેમ સુંદર રીતે હૂબહુ બોલી શકતા.

તેમણે ઇડરના **રાજા નારાયણની** સભામાં 'દિગંબરવાદી ભૂષણ'ને જીત્યો, વાગડના ઘટશીલનગરમાં જોધપુર નરેશ શ્રીમલ્લદેવના ભાઈ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

'સહસ્રમલની રાજસભા'માં 'દિગંબર ભટ્ટારક ગુણચંદ્ર'ને હરાવ્યો તેમને **વરુણદેવ** પ્રસન્ન હતો, તે જ૦ ગુ૦ આ૦ **હીરવિજયસૂરિ** સં૦ ૧૬૩૯ માં ફતેપુરસિક્રી પધાર્યા ત્યારે મહોપાધ્યાય તેમની સાથે સિદ્ધપુરથી જોડાયા હતા, અને સૂરીશ્વર તથા સમ્રાટની પહેલી મુલાકાતમાં તે હાજર હતા. **જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ** સં૦ ૧૬૪૦ માં ફતેપુરસિક્રીમાં 'શેઠ થાનમલજીના જિનાલયની પ્રતિષ્ઠા' કરાવી. આ ઉત્સવમાં પં૦ શાંતિચંદ્રગણિને **ઉપાધ્યાય** બનાવ્યા, તથા સંભવતઃ મુનિ ભાનુચંદ્રગણિને પંન્યાસ બનાવ્યા, અને નાગોરવાલા જેતા ઝવેરીને દીક્ષા આપી **મુનિ જિતવિજય** બનાવ્યા.

**બાદશાહ ઉપર પ્રભાવ**

જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ સં૦ ૧૬૪૪ માં ગુજરાત પધાર્યા ત્યારે તેમણે સમ્રાટ અકબરની વિનતિથી ઉપા૦ શાંતિચંદ્રગણિવરને ત્યાં રાખ્યા હતા, સમ્રાટ્ જ્યાં જાય ત્યાં તે ઉપાધ્યાય પણ તેની સાથે જતા અને હરહંમેશ ઉપદેશ આપતા, ઉપાધ્યાયજીએ સમ્રાટ અકબરને ઉપદેશ આપી 'અહિંસાપ્રેમી' બનાવ્યો અને જૈનધર્મ પ્રત્યે પણ પ્રેમવાળો બનાવ્યો. સમ્રાટે ઉપાધ્યાયજીના ઉપદેશથી તેમને અમારિનાં ફરમાનો આપ્યાં, 'જજિયાવેરો' માફ કરાવ્યો. સુરત અને મેડતા વગેરે શહેરોના મુસલમાનો જૈન મંદિરો, જૈન પોષાળો તથા વૈષ્ણવ મંદિરો વગેરે દબાવી બેઠા હતા તે તે સ્થાનોનાં ફરમાનો કાઢી, જૈનો તથા વૈષ્ણવોને પાછાં સોંપાવ્યા."

સુરતનો સૂબો વધો મુસલમાન બની ગયો હતો, તેને ઉપાધ્યાયજીએ વધબંધનમાંથી છોડાવ્યો.

(–શ્રી પ્રશસ્તી સંગ્રહ ભા૦ ૨, પ્ર૦ નં૦ ૫૮૭)

**ગ્રંથો**–ઉપાધ્યાયજીએ સં૦ ૧૬૪૦ માં સમ્રાટ અકબરને ઉપદેશ આપવા સંસ્કૃતમાં 'કૃપારસકોશ શ્લો૦ ૧૨૮' બનાવ્યો. જેમાં સમ્રાટ અકબરનાં શુભ કાર્યોનું વર્ણન પણ આપ્યું.

ઉપા૦ શાંતિચંદ્ર કૃપારસકોશમાં સાથોસાથ અકબર પોતાની પછી

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમ્રાટ બનવાને કોણ લાયક છે? તેની ભવિષ્યવાણી પણ કરી છે.[1]

(–પ્રક૦ ૪૪ પૃ૦ ૮૬,) (–કૃપારસકોશ, શ્લો૦ ૧૨૦)

૭૦ આ૦ વિજયહીરસૂરિએ સં૦ ૧૬૪૬ પો. વ. ૧૩ ને રોજ પાટણમાં સાધુ મર્યાદા પટ્ટક બનાવ્યો હતો તેના નિયામક તરીકે પાંચ મોટા ગીતાર્થોને નીમ્યા હતા તેમાં ઉ૦ શાંતિચંદ્રગણિવરનું નામ ત્રીજું હતું એટલે કે તે સંઘમાન્ય મોટા ગીતાર્થ હતા.

(પ્રક૦ ૫૫ પૃ૦ ૭૧૮, ૭૨૦)

**ઉપા૦ શાંતિચંદ્રે** સં૦ ૧૬૬૧ માં 'જંબુદ્દીવપન્નતિ'ની સંસ્કૃત ટીકા 'પ્રમેયરત્નમંજૂષા' નામે બનાવી છે.

મહો૦ શાંતિચંદ્રગણિવરે ઉપાધ્યાય બન્યા પહેલાં સંસ્કૃત ભાષામાં 'અજિતશાંતિસ્તવનના' છંદોમાં જ 'ઋષભવીરસ્તવન' શ્લો૦ ૩૯ બનાવ્યું હતું.*

---

* સા૦ શ્રી ધીરજલાલ ટોકરશી શાહ લખે છે કે ૧. **આ૦ ધર્મઘોષસૂરિએ** "प्राकृत शत्रुंजयकल्प"માં "लघु अजितशान्ति-स्तवन"માં **આ૦ જિનપ્રભસૂરિએ** "शत्रुंजयतीर्थकल्प"માં તથા અજિતશાંતિસ્તવનની સંસ્કૃત ટીકા "बोधप्रदीपिका"માં જણાવ્યું છે. કે, ભ૦ નેમિનાથના શિષ્ય **ગણધર નંદિષેણે** ચોમાસામાં શત્રુંજયતીર્થમાં ભ૦ અજિતનાથ અને ભ૦ શાંતિનાથના એક બીજાની સામે સામે રહેલાં બે જિનલયો સામે સર્વ રોગહર "अजितशांतिस्तवन" બનાવ્યું હતું

૨. "अजितशांतिस्तवन" ઉપર સંસ્કૃતમાં (૧) શ્રી ગોવિંદાચાર્યે, (૨) આ૦ જિનપ્રભસૂરિએ સં૦ ૧૩૬૫ના પો૦ વ૦ ૨ ના રોજ बोधदीपिका, (૩) નાગોરી તપાગચ્છના આ૦ હર્ષકીર્તિસૂરિએ (સં૦ ૧૬૫૪ થી ૧૬૬૮માં) (૪) ખરતરગચ્છના ઉપા૦ સમયસુંદરગણિએ ટીકાઓ અને આ૦ ગુણધીરસૂરિએ अवचूरि બનાવી છે.

આ સ્તવનના અનુકરણરૂપે (૧) ×××××એ આઠ અપભ્રંશ ગાથાઓમાં अजितशांतिस्तवની રચના કરેલી છે. (૨) આ૦ જિનવલ્લભગણિએ लघु अजितशांतिस्तवन નામથી ઓળખાતા ૧૭ ગાથાના उल्लासिय० પદથી શરૂ થતી રચના કરી છે. (૩) ઉ૦ ધર્મઘોષગણિએ પ્રાકૃતમાં ૧૭ ગાથાવાળા मंत्रगर्भित अजितशांतिस्तवनની રચના કરી છે. (૪–૫) પં૦ મેરુનંદને તથા આ૦ જયશેખરસૂરિએ પણ अजितशांतिस्तवनની રચના કરી છે. અને શ્રી સકલચંદ્ર વાચકના શિષ્ય મહો૦ શાંતિચંદ્રે ૩૯ ગાથાનું ऋषभ-वीरस्तवन સંસ્કૃત ભાષામાં રચ્યું છે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬૦) **પં૦ રત્નચંદ્રગણિ**—તેઓ મહો૦ શાંતિચંદ્રગણિવરના શિષ્ય હતા. તેઓ સં૦ ૧૬૪૫ના કા૦ શુ૦ ૧૧ ના રોજ વિદ્યમાન હતા. (–શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૧–૨ પ્ર૦ નં૦ ૫૫૦)

તે તપગચ્છના ભ૦ વિજયાનંદસૂરિ ગચ્છમાં ભળ્યા હતા. તે **મહો૦ સિદ્ધિચંદ્રગણિવર** પછી તે ઉપાધ્યાય બન્યા હતા.

**મહો૦ રત્નચંદ્રગણિએ** સં૦ ૧૬૭૭ અથવા સં૦ ૧૬૮૨ના ભા૦ વ૦ ૧૧ ગુરુવારના રોજ 'કુમતાંહિવિષજાંગુલિ' ગ્રંથ બનાવ્યો. * વળી તેમણે 'તપારત્નહિતોપદેશ' બનાવ્યો છે. (પ્રક૦ ૫૫ પૃ૦ ૭૩૧)

**મહો૦ રત્નચંદ્રગણિવરે** સં. ૧૬૭૩ પો૦ વ૦ ૫ને રોજ સુરતના નિઝામપુરામાં "ઉ૦ નેમિસાગરગણિના ઉપદેશ"થી બનેલ **હીરવિહાર ગુરુમંદિરનો આરંભ** કરાવ્યો.

**મહો૦ રત્નચંદ્રગણિવરે** સં૦ ૧૬૭૪માં સૂરતમાં આ૦ મુનિસુંદરસૂરિએ રચેલા 'અધ્યાત્મકલ્પદ્રુમ'ની સંસ્કૃત ટીકા 'કલ્પલતા' નામે બનાવી.

તેમણે સં૦ ૧૬૭૬ના પો૦ શુ૦ ૧૩ના રોજ સુરતમાં **હીરવિહારની પ્રતિષ્ઠા** કરી.

**નોંધ :** પં૦ કેશરકુશલે સં૦ ૧૬૬૪માં હૈદ્રાબાદમાં પણ હીરવિહાર બનાવ્યો. (પ્રક૦ ૪૪ પૃ૦ ૮૮, મી૦ બા૦ બહાદુરઆલમ)

સં૦ ૧૬૭૮ના કા૦ વ૦ ૫ના રોજ ગુરુવારે પુનર્વસુ નક્ષત્રમાં સુરતમાં 'સૂરજમંડન પાર્શ્વનાથ'ની પ્રતિષ્ઠા કરી.

સં૦ ૧૬૭૮ના પો૦ સુ૦ ૨ સુરતમાં સમ્યક્ત્વ ઉપર પદ્યમાં ગુજરાતીમાં 'સંગ્રામસૂરકથા' બનાવી અને પં૦ દેવચંદ્રગણિને

---

અને તેના પ્રત્યેક છંદો મૂળ સ્તવન પ્રમાણે લીધા છે. તે આ અજિતશાંતિ સ્તવન કેટલું લોકપ્રિય હતું તેનું પ્રમાણ પૂરું પાડે છે.

(–શ્રી પંચપ્રતિક્રમણસૂત્ર–પ્રબોધ ટીકા અર્થાંગવિવરણ, ભા૦ ૩, સૂત્ર, ૪૫ થી ૫૮, પૃ૦ ૫૫૦ થી ૫૫૭)

* શાસનકંટકોદ્ધાર ઉ૦ હંસસાગર ગણિએ તેની સમીક્ષા માટે ગ્રંથ બનાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણવા પોતાના હાથે લખી. (પ્રક૦ ૫૭ સૂરત બંદરસ્થાપના)

૫૯મા મહો૦ શાંતિચંદ્રગણિના શિષ્ય (૬૦) **પં૦ અમરચંદ્ર ગણિએ** સં૦ ૧૬૭૦ માં 'યુગપ્રધાનસંખ્યાસજઝાય કડી : ૧૬,' સં૦ ૧૬૭૮ માં 'કુલધ્વજરાસ અને સં૦ ૧૬૬૯ 'સીતાવિરહલેખ' બનાવ્યાં.

૫૯ **ઉપા૦ સુરચંદ્રગણિવર*** – તે (૫૮ મા) મહો૦ સકલચંદ્રગણિવરના બીજા શિષ્ય હતા. તે મોટા કવિ, સમર્થવાદી અને શાંત સ્વભાવના હતા. તેમણે સં૦ ૧૬૨૧ માં તેરવાડામાં ભ૦

* આ નામે વિવિધ જૈન વિદ્વાન્ મુનિવરો મળે છે. (૧) તપાગચ્છના મહો૦ સકળચંદ્રગણિવરના બીજા શિષ્ય ઉપા૦ સુરચંદગણિવર (સં૦ ૧૬૨૧)

૨. ખરતરગચ્છના ભ૦ જિનભદ્રસૂરિની પરંપરાના **ઉપા૦ સુરચંદ્રગણિ**

ખરતરગચ્છમાં પણ બીજા ઉ૦ સૂરચંદ્રગણિ થયા છે. **(૧) ઉપા૦ સુરચંદ્રગણિ–** તેઓ ખરતરગચ્છના (૫૧મા) **ભ૦ જિનભદ્રસૂરિની** શિષ્ય-પરંપરામાં અનુક્રમે (૧) ઉપા૦ ચારિત્રોદયગણિ, (૨) ઉ૦ વીરકલશગણિ, અને (૩) **ઉપા૦ સુરચંદ્રગણિ** થયા. તે ઉપા૦ સુરચંદ્રગણિ વિક્રમની ૧૭મી સદીમાં થયા. તે સંસ્કૃત, પ્રાકૃત, ફારસી, ઉર્દુ હિન્દી અને ગુજરાતી વગેરે ભાષાના અભ્યાસી હતા. **કવિઋષભે** ઉ૦ સુરચંદ્રને મહાકવિ બતાવ્યા છે. તેમણે (૧) पंचतीर्थीश्लेषालंकार. (૨) સં૦ ૧૬૬૯ ના આસો શુ૦ ૧૫ના અમૃત શહેરમાં "जैनतत्त्वसार," (૩) "चोमासीव्याख्यान" (૪) "वर्षफलाफल सज्झाय" ગા૦ ૩૬ (યુગપ્રધાન જિનચંદ્રસૂરિ, પૃ૦ ૨૦૪, ૨૦૫) (૫) "पदैकविंशांति" સંસ્કૃત ગ્રંથ—તેમણે "पदैकविंशतिमां" ૨૧ બોલોનો વિસ્તાર આપ્યો છે.

તેમણે તેમાં कुराने शरीफ વગેરેના આધારે ફતુનો લોભ, સલેમાની સુંદાન બુદ્ધિ, અને **દરવેશોના** હીનાચારોનું ફળ, સ્વર્ગ અને નરક પામનારાનાં **પાપો** વગેરેનું વર્ણન આપ્યું છે.

(–જૈન સં૦ પ્ર૦ ક૦ ૨૨૦ પૃ૦ ८૯, ક૦ ૨૨૫, પૃ૦ ૧૬૪)

ઉ૦ સૂરચંદ્રને **પં૦ ઉદયપ્રમોદ** નામે શિષ્ય (સં૦ ૧૭૧૯) હતા.

૩. **સૂરવિજયગણિ** મિશ્ર થયા તે તપગચ્છના વિજયાનંદ શાખાના ભ૦ વિજયતિલકસૂરિની આજ્ઞામાં હતા તેમણે સં૦ ૧૬૭૫માં જંબૂસરમાં ચોમાસું કર્યું (–પ્રક૦ ૫૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયદાનસૂરિની આજ્ઞાથી 'કુમતિકંદકુદ્દાલ' ગ્રંથ જલશરણ કર્યો, સંભવતઃ 'સટીકતત્ત્વતરંગિણી'ને પણ જલશરણ કર્યો.
(પ્રક૦ ૫૫ પૃ૦ ૭૧૬ કલમ ૭મી)

**૬ મહો૦ ભાનુચંદ્રગણિવર–**

जीयात् श्रीमदुदारवाचक सभालंकारहारोपमो,
लोके संप्रति हेमसूरिसदृशः **श्रीभानुचंद्र**श्चिरम् ।
"श्री शत्रुञ्जयतीर्थशुल्कनिवहः" प्रत्याजनोद्यद्यशाः
"साहि श्रीमदकब्बरार्पित**महोपाध्याय**दप्पत्पदम्" ॥

(સં૦ ૧૭૨૨ ઉ૦ સિદ્ધિચંદ્રગણિ કૃત 'કાવ્યપ્રકાશ ખંડન શ્લો૦ ૨)

ગુજરાત સિદ્ધપુરના **શેઠ રામજી** અને **રમાદેવીને ૧ રંગજી** અને **૨ ભાણુજી** એમ બે પુત્રો થયા. ભાણુજી ૧૦ વર્ષની ઉંમરનો હતો, ત્યારે ઉપા૦ **સુરચંદ્રગણિએ** તે બંને ભાઈઓને દીક્ષા આપી, અને તેઓનાં નામ **૧ મુનિ રંગચંદ્ર** અને **૨ મુનિ ભાનુચંદ્ર** રાખ્યાં.

**જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ** સં૦ ૧૬૩૯માં ફતેપુરસિક્રી પધાર્યા ત્યારે મુનિ ભાનુચંદ્ર મહો૦ શાંતિચંદ્રગણિવરની સાથોસાથ સિદ્ધપુરથી તેમની સાથે ગયા હતા.

આચાર્ય મહારાજે સં૦ ૧૬૪૦માં ફતેપુરસિક્રીમાં શેઠ થાનમલજીના જિનપ્રતિષ્ઠા ઉત્સવમાં તેમને **પંન્યાસપદ** આપ્યું અને પોતે ત્યાંથી વિહાર કરી ગુજરાત પધાર્યા. ત્યારે તેમને **મહો૦ શાંતિચંદ્રગણિ** પાસે રાખ્યા. **પં૦ ભાનુચંદ્રગણિ** વચનસિદ્ધ મહાત્મા હતા, તેથી બા૦ **અકબર** તેને બહુ માનતો હતો. બાદશાહને પોતાનું માથું એક દિવસે દુઃખ્યું ત્યારે, પં૦ ભાનુચંદ્રજીનો હાથ પોતાના માથા પર મુકાવ્યો અને બાદશાહને આરામ થયો. તેને ભાનુચંદ્રજી ઉપર આ રીતે **આવો વિશ્વાસ હતો.**

પછી તો **મહો૦ શાંતિચંદ્રગણિ** પણ ત્યાંથી વિહાર કરી **પં૦ ભાનુચંદ્રગણિને** સમ્રાટની પાસે રાખી ગુજરાત પધાર્યા. **પં૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભાનુચંદ્રગણિ** સમ્રાટને તથા **શેખ અબુલફજલને** "૭ દર્શન" ભણાવતા હતા. તેમણે શાહજાદા (૧) **જહાંગીર** અને (૨) મુરાદ (૩) **દાનીયારને** શાસ્ત્રો ભણાવ્યાં. બાદશાહને 'સૂર્યસહસ્રનામ' ભણવાની ભાવના થઈ. **પં૦ ભાનુચંદ્રે** તેનો ગ્રંથ તથા યંત્ર બનાવી તેને આપ્યાં. **બા૦ અકબર** તેમની પાસે દર રવિવારે 'સૂર્યસહસ્રનામ' નો પાઠ સાંભળતો હતો.

બાદશાહે પં૦ ભાનુચંદ્રજીના ઉપદેશથી ગરીબોને મોટું દાન આપ્યું.

ગુજરાતના સૂબા **મીરઝા અજિત** કોકાએ જામનગરના રાજા જામને જીતી લઈ, તેના માણસોને કેદ કર્યા હતા. **પં૦ ભાનુચંદ્રજીએ** બાદશાહને સમજાવી, ત્યાંથી તે કેદીઓને છોડાવ્યા. બાદશાહે પં૦ ભાનુચંદ્રજીને **દાનમાં સૌરાષ્ટ્ર** આપી દીધો. બાદશાહ કાશ્મીરથી લાહોર પાછો આવ્યો ત્યારે પં૦ ભાનુચંદ્રજીના ઉપદેશથી સંઘે લાહોરમાં બાદશાહની રજા મેળવી; વીસ હજાર રૂપિયા ખરચી, ભગવાન્ શાંતિનાથનું ચૈત્ય તથા ઉપાશ્રય બનાવ્યાં.

## વિષકન્યાની રક્ષા

સં૦ ૧૬૪૮-૪૯માં શાહજાદા જહાંગીરની બીબીએ લાહોરમાં મૂળ નક્ષત્રમાં કે આશ્લેષા નક્ષત્રમાં એક શાહજાદી કન્યાને જન્મ આપ્યો. સૌએ તેને વિષકન્યા માની અનિષ્ટની શંકાથી તેને મારી નાખવા જણાવ્યું. **પં૦ ભાનુચંદ્રે** તેની શાંતિ માટે શેઠ થાનમલજી તરફથી લાહોરના ઉપાશ્રયમાં **અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર** વિગેરે પાઠ મોટી વિધિ કરાવી. આ ઉત્સવમાં **મંત્રી કર્મચંદ્ર** બાદશાહ, શાહજાદો **જહાંગીર** વગેરે તથા બીજા રાજા-મહારાજા ઉપાશ્રયમાં આવ્યા. બાદશાહ અને શાહજાદો પ્રભુની સામે ઊભા રહ્યા. **પં૦ ભાનુચંદ્રજીએ** તેઓને 'ભક્તામર સ્તોત્ર' સંભળાવ્યું. શેઠ થાનસિંહ તથા મંત્રી કર્મચંદ્રે બાદશાહ અને શાહજાદાને ભેટણું ધર્યું તથા બાદશાહે અને શાહજાદાએ સોનાના પાત્રમાંથી 'ન્હવણ' લઈ, તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની આંખે અડાડયું. પછી તે ન્હવણજળ અંતઃપુરમાં (જનાનખાનામાં) મોકલ્યું. સૌની અનિષ્ટની શંકા ટળી ગઈ, એ પછી બાદશાહ અને શાહજાદા વધુ સુખી થયા.

(–પ્રક૦ ૪૪ પૃ૦ ૯૩)

બાદશાહ ૪૦ કોશ પ્રમાણવાળા 'જેનખંકા' નામના તળાવના કાંઠે હતો ત્યારે તેણે હીંદી સં૦ ૧૬૪૯ના વૈ૦ શુ૦ ૧૦ને રોજ **પં૦ ભાનુચંદ્રના** કહેવાથી આ૦ હીરવિજયસૂરિના યાત્રાસંઘનો શત્રુંજય તીર્થ ઉપર કર માફ કર્યો–એટલે વેરો, જકાત, લાગત, વેઠ, વગેરે માફ કર્યાં અને ત્યાં નવાં જિનમંદિરો બનાવવાની રજા આપી. તથા જ૦ ગુ૦ આ૦ **વિજયહીરસૂરિને** જૈનતીર્થો ભેટ આપ્યાં.

(પ્રક૦ ૪૪ મો૦ બા૦ ફર૦ નં૦ ૪–પૃ૦ ૧૧૯)

**બા૦ અકબરે** પં૦ ભાનુચંદ્રજીની પ્રશંસાના આનંદથી તથા શેઠ દુર્જનશૈલ્ય જૈનની પ્રેરણાથી આ૦ વિજયસેનસૂરિને ગુજરાતથી લાહોર બોલાવ્યા. બાદશાહે પં૦ નંદિવિજયને તેમની અવધાનકળાથી **ખુશફહમ** ("અસાધારણ બુદ્ધિવાળા")નું બિરુદ આપ્યું, બાદશાહે આ૦ વિજયસેનસૂરિને "**સવાઈહીર**"નું બિરુદ આપ્યું અને તેમની પાસે પં૦ ભાનુચંદ્રગણિને **ઉપાધ્યાયપદ** અપાવ્યું. આ ઉત્સવમાં શેખ અબુલફજલે ૨૫ (૧૦૮) ઘોડાનું તથા ૧૦ હજાર સોના મહોરનું દાન કર્યું, બાદશાહે તે આચાર્યશ્રીને ઇલાહીસન ૪૬, શહર્યુર મહિનાની તા. ૧, હીજરી સન ૧૦૧૦ સફર મહિનાની તા. ૨૫ મીના રોજ અહિંસાનું ફરમાન આપ્યું. અને આચાર્ય શ્રી વિજયસેનસૂરિ ગુજરાત પધાર્યા. (મો૦ બા૦ ફરમાન નં૦ ૬ ઇતિ૦ પ્રક૦ ૪૪ પૃ૦ ૧૨૪ થી ૧૨૬)

જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ ઉપા૦ ભાનુચંદ્ર માટે ગુજરાતમાં ૧ **મુનિ ભાવચંદ્ર** અને ૨ **મુનિ સિદ્ધિચંદ્ર** એમ બે શિષ્યો બનાવી, લાહોર મોકલ્યા. તેમાં મુનિ ભાવચંદ્ર ભક્તિશીલ હતા.

અને (૬૧મા) **મુનિસિદ્ધિચંદ્ર** નાની ઉંમરના હતા. અત્યંત રૂપાળા હતા, બાદશાહે સિદ્ધિચંદ્રને પોતાના શાહજાદા જેવા માન્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તેમને 'ખુશફહમ'નું બિરુદ આપ્યું.[1]

જ૦ ગુ૦ આ૦ શ્રી હીરવિજયસૂરિ સં૦ ૧૬૫૨ના ભા૦ સુ૦ ૧૧ના દિવસે ઉના (સૌરાષ્ટ્ર)માં સ્વર્ગે ગયા. **બાદશાહે** ઉપા૦ ભાનુચંદ્રના ઉપદેશથી તેમના સમાધિ સ્થાન માટે ૧૦ વીઘા જમીનવાળું ખેતર ભેટ આપ્યું.

**પં૦ રંગચંદ્રજીગણિ** આ ઇનામીપત્ર લઈ ઉના ગયા, અને ત્યાં સંઘે સ્તૂપ બનાવ્યો.

(–જૂઓ, જુલસીસન ૫, ફરવરદિન, મહિનાની તા. ૨૫મી, ઇલાહીસન ૫૫, શહેરીવર મહિનાની તા. ૧૪મી, ઈ. સ. ૧૬૧૦, સં૦ ૧૬૬૬ ચૈત્રનું મો૦ બા૦ ફ૨૦ નં૦ ૧૧ ઇતિ૦ પ્રક૦ ૪૪ પૃ૦ ૧૪૧, ૧૪૨)

**મુનિ સિદ્ધિચંદ્રે** અહીં ફારસી ભાષાનો અભ્યાસ કર્યો.

જૈનસંઘે ઉ૦ ભાનુચંદ્રના પ્રયત્નથી અને બાદશાહની સમ્મતિથી આગરામાં 'ચિંતામણિ પાર્શ્વનાથનું વિશાળ જિનાલય' બનાવ્યું વૃદ્ધો કહે છે કે બાદશાહે તેના ખર્ચ માટે 'રોશન મહોલ્લો' ઈનામમાં આપ્યો હતો.

બાદશાહે પહેલાં શત્રુંજય ઉપર નવાં જિનાલયો કરવાની મના કરી હતી. આથી ત્યાં ગચ્છોનો જે કલેશ થતો હતો તે શાંત થઈ ગયો.

બાદશાહે ગ્વાલિયરના કિલ્લાની જિનપ્રતિમાઓને સુધરાવી દર્શનીય બનાવી હતી.

ઉપાધ્યાયજીના ઉપદેશથી બુરહાનપુરમાં ચાર નવા જિનપ્રાસાદો બન્યા, નવો ઉપાશ્રય બન્યો. બાદશાહ ત્યાંથી એકલા પં૦ સિદ્ધિચંદ્રને સાથે લઈ આગરા ગયો.

સૂબા અજીજકોકાના **પુત્ર ખુરમે** વિ૦ સં૦ ૧૬૪૭ માં શત્રું-

---

૧. खुशफहमनादिरजनो द्वितीयाभिधानमहोपाध्याय श्री सिद्धिचन्द्रगणिविरचिता भक्तामरस्तोत्रवृत्तिः समाप्ता ॥

ફારસીમાં 'ખુશ'–સારી, અને અરબીમાં 'ફહમ–' બુદ્ધિ એટલે ખુશ ફહમનો અસાધારણ બુદ્ધિ એવો અર્થ થાય.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયની તળેટીનું જિનમંદિર તોડી નાખ્યું, અને પહાડ ઉપરના મુખ્ય જિનપ્રસાદની ચારે બાજુએ લાકડાં ગોઠવી બાળી નાખવાનો નિર્ણય કર્યો.

આ૦ વિજયસેનસૂરિએ પં૦ સિદ્ધિચંદ્રને પત્રથી આ હકીકત જણાવી. પં૦ સિદ્ધિચંદ્રના કહેવાથી **બાદશાહે** વિ૦ સં૦ ૧૬૪૭ આ૦ વ૦ ૦)) ને રોજ ફરમાન લખી મોકલી તે 'જિનપ્રાસાદ'ની રક્ષા કરાવી અને બાદશાહે પહેલાં શત્રુંજયતીર્થમાં નવાં જિનાલયો બનાવવાનું બંધ કરાવ્યું, તે હુકમ પં૦ સિદ્ધિચંદ્રના કહેવાથી પાછો ખેંચી લીધો, એટલે ત્યાં નવાં જિનાલયો બનાવવાની છૂટ આપી.

સં૦ ૧૬૪૯ માં જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિને જૈનતીર્થો ભેટ આપ્યાં. (મો૦ બા૦ ફરમાન નં૦ ૩, ૪, જૈન ઇતિ૦ પ્રક૦ ૪૪ પૃ૦ ૧૧૫, ૧૧૯, પ્રક૦ ૪૪, પૃ૦ ૬૮, કલમ ૫મી, પ્રક૦ ૪૪, પૃ૦ ૨૨૦, ૨૨૧)

પં૦ સિદ્ધિચંદ્રના કહેવાથી શાહજાદા જહાંગીરે પણ ગુજરાતમાં 'જજિયાકર' માફ કર્યો. અને અમારિનું શાસન' પળાવ્યું.

બાદશાહ અકબર સં૦ ૧૬૬૨ ના કા૦ શુ૦ ૧૪ ને **મંગળવારે મરણ** પામ્યો અને **જહાંગીર** દિલ્હીનો બાદશાહ બન્યો.

(–પ્રક૦ ૪૪ પૃ૦ ૬૬૩ થી ૬૬૪)

ઉપાધ્યાય ભાનુચંદ્રગણિ સં૦ ૧૬૩૯ થી ૧૬૬૨ સુધી એમ લાગલાગટ ૨૩ વર્ષો સુધી મોગલ દરબારમાં રહી, જહાંગીર બાદશાહની સમ્મતિથી વિહાર કરતા પં૦ સિદ્ધિચંદ્ર વગેરે પરિવાર સાથે સં૦ ૧૬૬૮ માં ગુજરાત–અમદાવાદ પધાર્યા.

**શાસ્ત્રાર્થ**–તેઓ ખંભાતમાં આ૦ વિજયસેનસૂરિને વંદન કરી, મહેસાણા થઈ **પાટણ** પધાર્યા. ત્યાં **પં૦ સિદ્ધિચંદ્રે** ખરતરગચ્છવાળાને શાસ્ત્રાર્થમાં હરાવ્યા, તેમણે પાટણમાં મોટી જિન પ્રતિષ્ઠા કરાવી, તેઓ વડોદરા, **ગંધાર** જઈ પાટણ આવ્યા અને પાટણમાં સં૦ ૧૬૬૮–૬૯ માં ચોમાસુ રહ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## બાદશાહનું આમંત્રણ. શાહી સત્કારી પ્રવેશ

**બાદશાહ જહાંગીરે** ઉ૦ વિવેકહર્ષ વગેરેનાં સં૦ ૧૬૬૬ થી ૧૬૬૯ ના ચોમાસા બાદ ઉપા૦ ભાનુચંદ્રગણિ વગેરેને આગરા પધારવા વિનંતિ મોકલી, આથી તે વિહાર કરી 'મેડતા' થઈ **ફલોધિ પાર્શ્વનાથ** ગયા, અહીં ખરતરગચ્છની આચાર્યશાખાના **ભટ્ટારકો** આ તીર્થને પોતાનું બનાવવા ઇચ્છતા હતા. **ઉપા૦ ભાનુચંદ્રે** ત્યાં રહી તે તીર્થને 'તપાગચ્છ'નું બનાવી, ત્યાંથી વિહાર કર્યો અને તેઓ આગરા પધાર્યા.

બાદશાહ જહાંગીરે સં૦ ૧૬૬૯ માં તેમનો ભારે દબદબાથી શાહી સત્કાર કર્યો. (–પ્રક૦ ૪૪, પૃ૦ ૯૪)

'મિલ્યા ભૂપનઈં ભૂપ આનંદ પાયા,
ભવઈં તુમે ભલઈં અહીં **ભાણુચંદ** આયા,
તુમ પાસિ થિઈં મોહિ સુખ બહુત હોવઈ,
**સહરિયાર** ભણવા તુમ વાટ જોવઈ. ૧૩૦૯
પઢાઓ અમ પુતકું ધર્મવાત,
જિઉં અવ સુણુતા તુમ પાસિ તાત;
ભાણુચંદ કદી મ તુમે હો હમારે,
સબ હી થકી તુમ હો અમ્મહિ પ્યારે. ૧૩૧૦

(–આ૦ વિજયતિલકસૂરિ રાસ)

બાદશાહ, બેગમો, શાહજાદા, શાહજાદાઓ જનાનખાનાનાં સૌ કોઈ હંમેશાં મહોપાધ્યાયજીના દર્શને આવતા હતા. અને ઉપદેશ સાંભળતા હતા.

તેમણે સં૦ ૧૬૬૯ થી ૧૬૭૩ સુધી આગરાથી વિહાર કરી મારવાડ તરફ વિહાર લંબાવ્યો હતો.

## એવામાં એકાએક ગડબડ થઈ

ઇતિહાસમાં કોઈ કોઈ વાર વિચિત્ર પ્રસંગો ઉઠે છે. અને શમી પણ જાય છે. જેમકે–

(૧) નવાંગ વૃત્તિકાર આ૦ અભયદેવસૂરિ ઉપર એકવાર અજાણી આફત આવી ઉતરી હતી. અંતે તેમણે ઉપદેશ સામર્થ્યના બલથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે કામને વ્યવસ્થિત બનાવરાવ્યું હતું.

(૨) **પં૦ કૂશઅહમની કસોટી**–તે રૂપાળા, વાચાલ નવર-સોના હુબહુ વર્ણાક હતા. એવામાં બાદશાહ તથા તેની બેગમની જીદ હોય અથવા કોઈ શાહજાદી તેમની ઉપર આસક્ત બની હોય અથવા બીજું કોઈ કારણ હોય.

આથી કુશઅહમને કસોટીમાં પસાર બની આફતમાં સપડાવું પડ્યું અને તેથી સં૦ ૧૬૭૨ માં માલપુરા જવું પડ્યું.

અંતે બાદશાહે આ બાબતનો પોતાને પસ્તાવો થતાં તેમને માલપુરાથી લાવી ગુરુ પાસે આગરા બોલાવી ખુશ થઈ તેમની પાસે પહેલાંની જેમ ઉપદેશ સાંભળવું વગેરે પ્રવૃત્તિને ચાલુ રાખી હોય.

(૩) બાદશાહ જહાંગીરે પોતાના વિચિત્ર સ્વભાવના કારણે દિલ્હી આગરાના વિભાગમાં વિચરતા બીજા યતિઓના વિહારનો મનાઈ હુકમ ચલાવ્યો હતો.

અંતે ભ૦ જિનચંદ્રસૂરિ તથા મહો૦ વિવેકહર્ષગણિવર અને પં૦ પરમાનંદગણિ વગેરેના પ્રયત્નથી બા૦ જહાંગીરે સં૦ ૧૬૬૯–૭૦ માં પહેલાંના હુકમને રદ કરી ખરતર ગચ્છના યતિઓને આગરા વિભાગમાં વિહાર કરવાની છૂટ આપી. (–પ્રક૦ ૫૫ પૃ૦ ૮૮)

**પ્રતિષ્ઠાઓ**

મહોપાધ્યાયજીના ઉપદેશથી ૧૦ નવાં જિનાલયો બન્યાં છે. તેમણે માલપુરામાં 'બીજામત (વિજય મત)વાલા'ને હરાવ્યા હતા. તેમના ઉપદેશથી માલપુરામાં જિનપ્રાસાદ બન્યો. સં૦ ૧૬૭૨ માં તેમણે પ્રતિષ્ઠા કરાવી. તે ઉપર સુવર્ણ કળશ ચડાવવામાં આવ્યો. તેમણે સં. ૧૬૭૨માં જાલોરમાં ચોમાસું કર્યું.

(–કવિ ઋષભદાસ કૃત–હીરવિજયસૂરિ રાસ)

**દીક્ષાઓ**–તેમણે જાલોરમાં સં૦ ૧૬૭૩ માં ૨૧ ભાઈબહેનોને દીક્ષા આપી. સં૦ ૧૬૭૩ના પોષ શુ૦ ૧૩ બુધવારે શિરોહીમાં **ભ૦ વિજયતિલકસૂરિએ પં૦ સિદ્ધિચંદ્રને** 'મહોપાધ્યાય પદવી' આપી.

**મહો૦ ભાનુચંદ્રે** સં૦ ૧૬૭૩ માં મારવાડમાં ચોમાસું કર્યું. અને મહો૦ સિદ્ધિચંદ્રને "માંડવગઢ" મોકલ્યા. મહો૦ ભાનુચંદ્રે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૬૭૪–૭૫ માં આગરામાં કે બુરાનપુરમાં ચોમાસા કર્યાં બા૦ **જહાંગીરે** સં૦ ૧૬૭૬ ના ચૈત્ર સુદિ ૧૫ ના રોજ આગરામાં તેઓને ફરમાન આપ્યું.

બા૦ જહાંગીરે મહો૦ ભાનુચંદ્ર અને ઉપા૦ સિદ્ધિચંદ્રને ફરમાન આપ્યું હતું તે આ પ્રમાણે—

## અહિંસા, કરમાફ તથા ધર્મસ્થાનોની રક્ષાનું ફરમાન

બા૦ જહાંગીરે જુલસી સન ૧૫, ફરવર દિન મહિનો તા૦ ૨૫ મી, ઇલાહી સન ૬૫, (ફરવર તા૦ ૨૫) શાહેરીવર છઠ્ઠો મહિનો તા૦ ૧૪, હીજરી સન ૧૦૨૯ રવિ ઉસ્સાની, સન ૧૬૨૦ માર્ચ, વિ૦ સં૦ ૧૭૭૬ ના ચૈ૦ શુ૦ ૧૫ ના રોજ આગરામાં નવું ફરમાન આપી, મહો૦ ભાનુચંદ્ર તથા પં૦ સિદ્ધિચંદ્રગણિને અકબર બાદશાહે પ્રવર્તાવેલ ૬ મહિનાની અમારિ–જીવહિંસાબંધ પ્રવર્તાવી તેમજ શત્રુંજયતીર્થનો યાત્રાવેરો, જજિયાવેરો બંધ કરાવ્યો. ઉનામાં જગદ્‌ગુરુની સમાધિની રક્ષાની વ્યવસ્થા કરાવી, તથા ત્યાં જકાતવેરો બંધ કરાવ્યો. આ ઉપરાંત તે ફરમાનમાં પોતાનો અમારિનો એક મહિનો ઉમેરી **નવું ફરમાન** કરી આપ્યું. તે આ પ્રકારે—

"ખાસ કરી" **સોરઠ સરકારે** બાદશાહીનું માન મેળવીને તથા આશા રાખીને જાણવું કે, **ભાનુચંદ્ર** યતિ અને **ખુશફહમના** ખિતાબવાળા **સિદ્ધિચંદ્ર** યતિએ અમને અરજ કરી કે, જજિયા, જકાત, ગાય, ભેંસ, પાડા અને બળદ એ જાનવરોની બિલકુલ હિંસા, બીજા દરેક મહિનાના મુકરર દિવસોમાં હિંસા, મરેલાના માલનો કબજો કરવો, **લોકોને કેદ** કરવા, અને શત્રુંજય પર્વત ઉપર માથા-દીઠ સોરઠ સરકાર જે કર લેતા તે, એ બધી બાબતો **આલા હજરતે** (બાદશાહ) અકબરે માફ, અને મનાઈ કરી છે. તેથી અમે પણ દરેક લોકો ઉપર અમારી સંપૂર્ણ મહેરબાની (સદ્‌ભાવ) છે. તેથી **એક બીજો મહિનો** કે "જેની અંતમાં અમારો જન્મ થયો છે" તે ઉમેરીને, નીચે લખેલી **તપસીલ મુજબ** માફી આપી, અમારા શ્રેષ્ઠ હુકમ મુજબ અમલ કરી તે વિરુદ્ધ કે આડે માર્ગે જવું જોઈએ

જૈન સાઈટ JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહીં, તથા વિજયસેનસૂરિ અને **વિજયદેવસૂરિ** કે જેઓ ત્યાં (ગુજરાતમાં) છે તેમની હાલની ખબરદારી કરી, જ્યારે ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્ર ત્યાં આવી પહોંચે ત્યારે, તેમની સાર સંભાળ રાખી, જે કામ કરવાનું તેઓ રજૂ કરે તેને સંપૂર્ણ કરી આપવું જોઈએ, કે જેથી તેઓ જીત કરનારા રાજ્યને હમેશાં (કાયમ) રહેવાની દુઆ કરવામાં સુખી મનથી કામે લાગેલા રહે. વળી ઉના **પરગણામાં** એક વાડી છે કે જ્યાં તેમણે પોતાના **ગુરુ હીરજીનાં પગલાં** સ્થાપન કર્યાં છે તેને જૂના રિવાજ પ્રમાણે "વેરા વગેરેથી મુક્તિ" જાણી, તે સંબંધી કંઈ હરકત કે અડચણ કરવી નહીં.

લેખ (થયો) તા૦ ૧૪ શહેરીવર મહિનો અને ઇલાહિ ૫૫.

## પેટાનો ખુલાસો

મહિનો ફરવરદીન, તે દિવસો કે જે દિવસોમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય છે. ઇદનો દિવસ, મેહર (મિહિર)ના દિવસો, દરેક મહિનાના રવિવારો, તે દિવસો કે જે સૂફિયાના બે દિવસોની વચમાં આવે છે. રજબ મહિનાનો સોમવાર, અકબર બાદશાહના જન્મનો મહિનો, જે **શાઆબાન** મહિનો કહેવાય છે. દરેક શમશી (Sular) મહિનાનો પહેલો દિવસ, કે જેનું નામ **ઓરમજ** છે. બારબરકતવાલા દિવસો, કે જે શ્રાવણ મહિનાના છેલ્લા ૬ દિવસો અને ભાદરવાના પહેલા ૭ દિવસો છે.

અલ્લાહુ અકબર

(નકલ અસલ મુજબ છે)




આ સિક્કાના અક્ષરો વાંચી શકાતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




આ સિક્કામાં 'કાજી અબ્દુસ્સમી'નું નામ છે.

અસલ મુજબ છે.




આ સિક્કામાં કાજી ખાન મહમ્મદનું નામ છે.

બીજા અક્ષરો વંચાતા નથી.

(-ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૯૫, પ્રક૦ ૪૪ પૃ૦ ૧૩૯ થી ૧૪૪, મો૦ બા૦ ફરમાન નં૦ ૧૧ મું)

બા૦ જહાંગીર તે ફરમાનમાં ખાસ લખે છે કે- મને આ સાધુઓ પ્રત્યે સદ્ભાવ છે. તેથી ઉપરની તપસીલમાં મારા જન્મનો એક મહિનો ઉમેરું છું. (-ફરમાન-૧૧ માંથી)

**મહો૦ ભાનુચંદ્ર ગણિવર** સં૦ ૧૭૨૨ સુધી વિદ્યમાન હતા.

શેખ **અબ્દુલફજલે** 'આઇને અકબરી'માં **મોટા જ્ઞાની** (ધર્મી) **પુરુષોનાં** નામ આપ્યાં છે. તેમાં તેણે પાંચમી શ્રેણીમાં ૧૩૯ મા **આ૦ વિજયસેનસૂરિનું** અને ૧૪૦ **ઉપા૦ ભાનુચંદ્રનું** નામ લખ્યું છે. (આઇને-ઇ-અકબરી ભા૦ ૨ જો આઇને ૩૦ મી ઇતિ૦ પ્રક૦ ૪૪, પૃ૦ ૭૧, કલમ ૧૨ મી)

**પરિવાર**-મહો૦ ભાનુચંદ્ર ગણિવરને પરિવારમાં ૧૩ પંન્યાસ અને ૮૦ વિદ્વાન શિષ્યો હતા.

**ગ્રંથો**-મહો૦ ભાનુચંદ્રગણિએ નીચે મુજબ ગ્રન્થો બનાવ્યા છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

(૧) સૂર્ય સહસ્રમાળા—વૃત્તિ સહ[1]

(૨) મિથિલા નરેશ ચંદ્રદેવના પંડિત વસંતરાજે રચેલ "વસન્ત રાજ વર્ગ ૨૦ની વસન્તરાજ શાકુન પર ટીકા" શિરોહીમાં રાજા અખયચંદ્રના રાજ્યમાં રચી. અને **પં૦ સિદ્ધિચંદ્રે** તેનું સંશોધન કર્યું.[2] (સં૦ ૧૬૭૩)

(૩) કાદંબરી પૂર્વાર્ધ—ટીકા

(૪) સારસ્વત વ્યાકરણ વૃત્તિ

(સં૦ ૧૬૭૬ થી ૧૭૧૩ પ્રક૦ ૪૧ પૃ૦ ૬૩૪)

(૫) કાવ્યપ્રકાશ વૃત્તિ

(૬) અભિધાનચિંતામણિ નિર્ણીત—ભ૦ વિજયદેવસૂરિ (સં૦ ૧૬૭૨ થી ૧૭૧૩) રાજ્યે

(૭) વિવેકવિલાસવૃત્તિ. ગ્રં૦ સં૦ ૧૬૭×માં રચી.

મહો૦ ભાનુચંદ્ર ગણિવર **આઠ અવધાન** કરતા હતા.

૬૦ મહો૦ ભાનુચંદ્રગણિના **શિષ્યોનાં નામ** આ પ્રમાણે મળે છે.

૬૧ (૧) **મહો૦ સિદ્ધિચંદ્રગણિવર**

૬૧ (૨) પં૦ ઉદયચંદ્રગણિ—હિતોપદેશમાં સં૦ ૧૬૮૧માં ચૈ૦ શુ૦ ૯ રવિવારે અમદાવાદના કાલુપુરના ઉપાશ્રયમાં રચ્યો. તેમાં તેમણે **મુનિસમ્મેલન** ઇતિહાસ આપ્યો છે. (પ્રક૦ ૫૫ પૃ૦ ૭૩૩ થી ૭૩૫)

---

૧. પં૦ ભાનુચંદ્રગણિ નહીં પણ તેમનાથી બીજા **પં૦ ભાણવિજય** સં૦ ૧૬૪૮ના ફા૦ સુ૦ ૯ ને શુક્રવારે "ઉપસર્ગહર સ્તોત્ર—લઘુવૃત્તિ" ગ્રં૦ ૧૦૩૫ લખી હતી. **પં૦ અભયસોમ** ગણિ તથા પં૦ ભાણવિજય ગણિ સં૦ ૧૬૬૩ મહા વદિમાં "રોહિતાસ"માં વિરાજમાન હતા.

૨. **वसन्तराजशाकुनटीका प्रशस्ति—**

इति श्रीपातशाह श्री अकब्बर जल्लालदीन सूर्यसहस्रनामाध्यापक श्री शत्रुंजय-तीर्थकरमोचनाद्यनेक सुकृतविधायक महोपाध्याय श्रीभानुचंद्रगणि रचितायां तच्छिष्याष्टोत्तरशतावधान साधक प्रमुदितपादशाह श्री अकब्बर जल्लालदिन प्रदत्तखुश-फहमापराभिधान महोपाध्याय श्री सिद्धिचन्द्रगणिना विचार्य शोधितायां वसन्तराज-टीकायां विंशतितमो वर्गः ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તેમના (૬૨) શિષ્ય પં૦ રૂપચંદ્રે સં૦ ૧૬૮૫માં 'દંડક અવચૂરિ' બનાવી.

૧. ૬૧ (૩) **પં૦ દેવચંદ્રગણિ**—તેમની પરંપરામાં અનુક્રમે (૬૨) મુનિચંદ્ર, મુનિ **વિવેકચંદ્ર** વગેરે થયા. (૬૨) **પં૦ મુનિચંદ્રગણિ** સં૦ ૧૬૭૬ના આ૦ વ૦ ૯ ને સોમવારે "ખાનપુર"માં હતા. (–શ્રીપ્રશસ્તિ સંગ્રહ, ભા૦ ૨, પ્ર૦ નં૦ ૯૪)

૬૧ (૪) **પં૦ હીરચંદ્રગણિ**—તેમણે સં૦ ૧૬૯૪માં સિરોહીના સંઘ સાથે આબુની યાત્રા કરી. તેમના પરિવારમાં સં૦ ૧૭૨૨માં (૬૨) મુનિ દીપચંદ, મુનિ રામચંદ, મુનિ જિનચંદ, મુનિ રવિચંદ વગેરે હતા.

૬૨. **પં૦ જિનચંદ્રની પરંપરામાં** ૬૩ જિનચંદ્ર, ૬૪ લબ્ધિચંદ્ર સં૦ ૧૬૦૧ માલપુરા ૬૫. દેવચંદ્ર.

૬૬. **ભવાનીચંદ્ર**–તેમના ગુરુભાઈ ૬૭. સોમચંદ્ર સં૦ ૧૮૩૩ માં હતા.

૬૧. ઉ૦ હીરચંદ્રગણિ, ૬૨ પં૦ માનચંદ્ર, ૬૩ પં૦ ખીમચંદ્ર, ૬૪. **મુનિ કેશરીચંદે** સં૦ ૧૭૬૬ ભા૦શુ૦ ૩ બુધવારે સૂરતમાં '**લાડવા શ્રીમાલી** વીશા ભવાનીદાસ માટે '**શ્રેણિકરાસ**' લખાવ્યો

૬૧ (૫) **ૠદ્ધિચંદ્ર ગ૦**–તેમણે આ૦ વિજયદેવસૂરિના સમયે 'મૃગાંકચરિત્ર' રચ્યું, જેનું પં૦ ઉદયચંદ્રે સંશોધન કર્યું

૬૧ (૬) **પં૦ સોમચંદ્રગણિ**–સં૦ ૧૬૮૫

(૬૧) **પં૦ ભાવચંદ્રગણિ**—તે મહો૦ સિદ્ધિચંદ્રગણિના સહોદર હતા. ગુરુભાઈ હતા. (૬૨) **પં૦ કનકચંદ્રગણિ** (૬૩) પં૦ કપૂરચંદ્રગણિ, (૬૪) પં૦ મયાચંદ્રજી–તેમને પં૦ કનકચંદ્રગણિએ દીક્ષા આપી. (૬૫) **પં૦ ભક્તિચંદ્રગણિ**–તેમણે ૫૧મા **આ૦ મુનિસુંદરસૂરિની** શિષ્ય પરંપરાના પં૦ શુભસુંદરગણિના 'દેલાઉલમંડનયુગાદિજિનસ્તવન–અવચૂરિ' બનાવી હતી.

(પ્રક૦ ૫૧ પૃ૦ ૫૧૨)

૬૬. પં૦ ઉદયચંદ્રગણિ. ૬૭. **પં૦ શિવચંદ્રગણિ**–તેમણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૮૭૪ માં રાધનપુમાં 'તારંગાતીર્થમંડન ભ૦ અજિતનાથનું સ્તવન બનાવ્યું.

૬૭. પં૦ **શિવચંદ્રગણિ** તથા **પં૦ ઉત્તમવિજયગણિ**—તે બન્નેને ૬૫મા દાદા ગુરુ ભક્તિચંદ્રગણિએ દીક્ષા આપી હતી. પં૦ ઉત્તમવિજયગણિએ સં૦ ૧૮૦૧ વૈ૦ સુ૦ ૧૩ બુધવારે ડીસામાં વંદારૂવૃત્તિની અવચૂરિ ડબ્બો ગ્રં૦ ૨૭૨૦ બનાવ્યો.

(ભાંડાર ઇંસ્ટિટયૂટ પ્રશસ્તિ સં૦ ભા૦ ૧ પ્ર૦ નં૦ ૯૮૫)

૬૮ પં૦ જિનચંદ્રગણિ ૬૯ પં૦ પ્રેમચંદ્રગણિ

૭૦ પં૦ પ્રાગચંદ્રગણિ—તેમણે તપાગચ્છના ભ૦ વિજયદેવસૂરિ સંઘના (૬૭) ભ૦ વિજય જિનેન્દ્રસૂરિની ગુજરાતી પટ્ટાવલી પાનાં—૧૭ બનાવી. (પાલનપુરનો જૈન ગ્રંથ ભંડાર)

**મહાયોગી**

(૬૮) પં૦ જિનચંદ્રગણિના શિષ્ય (૬૯) ૧ પં૦ કપુરચંદ અને ૨ પં૦ પ્રેમચંદ મોટા અધ્યાત્મી મહાયોગી હતા. તે ગિરનારની ગુફામાં વધારે રહેતા હતા. તેમનું બીજું નામ ચીદાનંદ પ્રસિદ્ધ હતું. પ્રેમચંદગણિ તેમની તપાસ માટે ગિરનાર પધાર્યા હતા. ગિરનારના પહાડમાં તેમની ગુફા છે. જે જૈનોના તાબામાં

તળેટીની ધર્મશાળામાં સં૦ ૧૯૨૧ના પં૦ પ્રેમચંદગણિનાં અને સં૦ ૧૯૨૨નાં ગયાચંદગણિનાં પગલાં છે.

૬૦ **મહો૦ ભાનુચંદ્રગણિવર**—તે **આઠ અવધાન** કરતા હતા.

૬૧ પં૦ સુમતિચંદ્રગણિ, ૬૨ પં૦ આનંદચંદ્રગણિ—તે મોટા પંડિત હતા.

૬૩ **પં૦ અમીચંદ્રગણિ**—તેમણે સં૦ ૧૭૪૦ના આ૦ શુ૦ ૩ ના ગુરુવારે માળવામાં માંડવગઢની તળેટીમાં નલહર ગામના શા૦ અવંતીદાસના પુત્ર બુદ્ધિનિધાન શા૦ ભગવતીદાસના પુત્રો શા૦ શિવરાજ અને હીરાચંદ, તે પૈકી **શા૦ હીરાચંદના પુત્ર કોદરને** વાંચવા માટે 'ઉત્તરજઝયણ'સૂત્રની પ્રતિ લખી.

(—શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્ર૦ શ૦ નં૦ ૯૫૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૦ **મહો૦ ભાનુચંદ્રગણિવર**

૬૧ **મહો૦ સિદ્ધિચંદ્રગણિવર**—તે પોતાનો પરિચય "દ્રૂંકાક્ષરીમાં" આ પ્રકારે આપે છે.—

'कर्ता **शतावधानानां,** विजितोन्मुक्तवादिनाम् ।
वेत्ता षडपि शास्त्राणामध्येता फारसीमपि ॥
अकब्बर सुरत्राणहृदयाम्बुजषट्पदः ।
दधानः **खुश्फहमिति** बिरुदं शाहिनाऽर्पितम् ॥
तेन वाचकचन्द्रेण **सिद्धिचन्द्रेण** तन्यते ।
भक्तामरस्य बालानां वृत्तिर्व्युत्पत्तिहेतवे ॥"

(—ભક્તામરસ્તોત્રવૃત્તિ પ્રારંભ)

खुशफहमनादि रंजनोद्वितीयाभिधान महोपाध्याय
श्रीसिद्धिचंद्रगणि विरचिता भक्तामरस्तोत्रवृत्तिः समाप्ता ॥

(भक्तामरस्तोत्रवृत्ति–प्रशस्ति)

"तत्पट्ट पाथोनिधिवृद्धिचन्द्र श्रीसिद्धिचन्द्राभिधवाचकेन्द्रः ।
बाल्येऽपि यं वीक्ष्य मनोज्ञरुपमकब्बरः**पुत्रपदं** प्रपेदे ॥
पुनर्जहांगीरनरेन्द्रचन्द्र प्रदीयमानामपि "कामिनी" यः ।
हठेन "नोरी कृतवान्" **युवापि** प्रत्यक्षमेतत् खलु चित्रमत्रम् ॥"

(વાસવદત્તાવૃત્તિ પ્રારંભ)

તે વણિક્પુત્ર હતા. તેમણે નાની ઉંમરમાં દીક્ષા લીધી. **૭૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ ભાવચંદ્ર** અને **સિદ્ધિચંદ્ર** એ બે ભાઈઓને દીક્ષા આપી, ઉપા૦ ભાનુચંદ્રના શિષ્ય બનાવી, ઉપા૦ ભાનુચંદ્ર પાસે આગરા મોકલ્યા, **મુનિ ભાવચંદ્ર** ખૂબ ભક્તિવાળા હતા, તેમની મોટી શિષ્ય પરંપરા મળે છે. (પ્રક૦ ૪૪ પૃ૦ ××)

**મુનિ સિદ્ધિચંદ્ર** કામદેવ જેવા રૂપાળા હતા. તે ૧૦૮ અવધાન કરતા હતા. અસાધારણ સ્મરણશક્તિવાળા હતા, તે હસમુખા, મિષ્ટભાષી, ખુશમિજાજી, અને બોલવામાં ચતુર હતા. આથી બાદશાહ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અકબરે તેમને જોતાં જ ‘ ખુશ્ફહમ ’નું બિરુદ આપ્યું.[1]

**બાદશાહ અકબરે** તેમને પોતાના પુત્રની જેમ માન્યા હતા. બાદશાહ તેમની બહુ કાળજી રાખતો. તેમને જનાનખાના વગેરે સ્થાને આવવા જવાની છૂટ હતી. તે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી તથા ફારસીભાષાના જાણકાર હતા. તે ૧૦૮ અવધાન કરતા, અને ઉપાધ્યાય બન્યા હતા. ( ભક્તામર ટીકા )

બાદશાહ અકબર અને બા૦ જહાંગીરે ઉ૦ **ભાનુચંદ્રગણિ** તથા પં૦ **સિદ્ધિચંદ્રના** ઉપદેશથી ઘણાં શુભ કામો કર્યાં હતાં. જેની નોંધ અમે અગાઉ આપી છે.

**બા૦ જહાંગીરે** વિ૦ સં૦ ૧૬૬૬માં આગરામાં બાદશાહ બનતાં જ આ૦ જિનસિંહસૂરિ ઉપર ગુસ્સો થવાથી ખરતરગચ્છના યતિઓનો વિહાર આગરા અને દિલ્હી પ્રદેશ માટે સર્વથા બંધ કર્યો હતો. પછી બા૦ જહાંગીરે આ૦ જિનચંદ્રસૂરિ, મહો૦ વિવેક હર્ષગણિ, પં૦ પરમાનંદગણિ વગેરેના સમજાવવાથી આ વિહાર ખુલ્લો કર્યો. (—પ્રક૦ ૪૦ પૃ૦ ૪૮૩ પ્ર૦ ૪૪ પૃ૦ ૯૪)

### આકરી કસોટી

પણ એવામાં એક બીજી ગરબડ ઊભી થઈ, અને બા૦ જહાંગીરે સં૦ ૧૬૭૨માં આગરામાં પં૦ સિદ્ધિચંદ્રગણિની **આકરી કસોટી** કરી, ત્યારે ખુશફહમ પં૦ સિદ્ધિચંદ્રની ઉંમર આશરે ૨૫–૩૦ વર્ષની હતી. સંભવ છે કે “ કોઈ **શાહજાદી** તેમની ઉપર આસક્ત થઈ તેની સાથે વિવાહ કરવા ચાહતી હોય, આવું ગમે તે કારણ હોય. પં૦ સિદ્ધિચંદ્રગણિ પોતાની ‘ વાસવદત્તાટીકા ’ની પ્રશસ્તિમાં આ

---

૧. ‘ ખુશ્ફહમ ’ એ બિરુદ છે. તેમાં ‘ ખુશ ’ એ શબ્દ ફારસીનો છે, તેનો અર્થ થાય છે ‘ સારી ’ અને ‘ फहम ’ એ શબ્દ અરબી ભાષાનો શબ્દ જોડી, પં૦ નંદિવિજય અને પં૦ સિદ્ધિચંદ્રગણિને ‘ ખુશ્ફહમ ’નું બિરુદ આપ્યું. પં૦ સિદ્ધિચંદ્રગણિ भक्तामरस्तोत्रवृत्तिની પ્રશસ્તિમાં પોતાનું खुश्फहमनादिरंजनः એવું નામ બતાવે છે. ‘ मनादि ’નો અર્થ થાય છે. ‘ જાહેરાત ’ એટલે ‘ ખુશ્ફહમ ’ એ એમનું “ જાહેર નામ ” (જાહેરબિરુદ) હતું સૌ કોઈ તેમને જોતાંજ આનંદીત થતા હતા. તેમનું “ અસલ નામ **પં૦ સિદ્ધિચંદ્ર** હતું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કસોટીનો ઉલ્લેખ કરે છે.

પ્રસંગ એવો બન્યો કે, બા૦ જહાંગીર તથા બેગમ નૂરજહાંએ તેમની પાસે નવરસનું હૂબહુ વર્ણન સાંભળતાં તેઓને અનુભવસિદ્ધ જેવું તે લાગ્યું, આથી તે બંનેને વિચાર આવ્યો કે, "આવો યુવક બ્રહ્મચારી સંન્યાસી બની રહે એ ખુદાની ખફગી (નારાજી) છે." તેઓએ ખુશફહમને જણાવ્યું કે, "તમે શા માટે હેરાન થાઓ છો? સાધુપણું છોડી સુખેથી અમારા રાજ્યમાં રહો, તમને ૫૦૦ ઘોડેસ્વારોનું ઉપરીપદ આપીશું, અને એક ખૂબસુરત કન્યા સાથે તમારો વિવાહ કરાવીશું. તો તમો અમારી ધારણા મુજબ વિવાહ વગેરે કરો.

પં૦ સિદ્ધિચંદ્રે તે બન્નેને આનો "આકરો જવાબ" વાળ્યો કે મને કોઈ દુનિયાભરનું રાજ્ય આપે, તો તે મારે ન જોઈએ. મને તો જગદ્ગુરુએ જે સાધુવેશ આપ્યો છે, તેમાં જ સાચી બાદશાહત સમાયેલી છે." (પ્રક૦ ૪૪ પૃ૦ ૯૪)

આ સાંભળી બાદશાહ જીદે ચડ્યો. તેણે હુકમ કર્યો કે, "તમે મારી વાતને માનો, અથવા મારા રાજ્યને છોડી બહાર ચાલ્યા જાઓ."

પં૦ સિદ્ધિચંદ્રગણિ આ સાંભળી સં૦ ૧૬૭૨માં આગરાથી માલપુરા ચાલ્યા ગયા. અને પછી બા૦ જહાંગીરે પં૦ સિદ્ધિચંદ્રને મેં જૂદા પાડી મહો૦ ભાનુચંદ્રને દુઃખી કર્યા છે, એમ સમજી પં૦ સિદ્ધિચંદ્રને માલપુરાથી પાછા આગરા બોલાવ્યા. આથી પં૦ સિદ્ધિચંદ્રજી પાછા આગરા આવ્યા.[1] (પ્રક૦ ૫૫ પૃ૦ ૭૮૬)

૧. નવાંગીવૃત્તિકાર આ૦ **અભયદેવસૂરિએ** એકવાર યુદ્ધનું વર્ણન કર્યું, જે સાંભળતાં વ્યાખ્યાનમાં બેઠેલો રાજા હાથમાં તલવાર ખેંચી ઉભો થયો, આચાર્યે શાંત રસ વર્ણવી તેને ઠંડો પાડ્યો, તેમજ એક રાતે અજિતશાંતિની "અંબરંતર વિયારણીઆહિં" ગાથાના વિવેચનમાં શૃંગાર રસનું હુબહુ વર્ણન કર્યું. તે સાંભળી **એક રાજકુમારી** તેમની ઉપર આસક્ત થઈ, પરિણામે રાજા તરફથી આચાર્યશ્રી ઉપર આફત ઊતરી, પરંતુ આચાર્યશ્રીએ અશુચિ દેહના બીભત્સરસનું વર્ણન કરી બુદ્ધિપૂર્વક તેનો રસ્તો કાઢ્યો હતો.

(આ૦ વિજયપદ્મસૂરિનો દેશનાચિંતામણિ ભા૦ ૬ ઠો પૃ૦ ૧૮૧, ૧૮૨)

એજ રીતે **સિદ્ધિચંદ્રગણિવરે** પણ નવરસોનું હૂબહુ વર્ણન કરવાથી

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ સંસ્કૃતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મહો૦ ભાનુચંદ્રગણિવર** અને પં૦ સિદ્ધિચંદ્રગણિના ઉપદેશથી સંઘે માલપુરામાં ભ૦ સુમતિનાથનો મોટો જિનપ્રાસાદ બનાવ્યો; તેમજ એ મહોપાધ્યાયજી આગરાથી ગુજરાત પધાર્યા ત્યારે તેમના હાથે પ્રતિષ્ઠા તથા સ્વર્ણકલશ ચડાવ્યા. તે પછી આ૦ હીરવિજયસૂરિની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરાવી, જે ચરણપાદુકા આજે પણ

તેમની ઉપર કોઈ **શાહજાદી** આસક્ત થઈ હોય કે ગમે તે કારણ હોય પણ બાદશાહ જહાંગીર અને બેગમ નૂરજહાં તરફથી તેમની ઉપર આફત ઊતરી. પંન્યાસજીએ તેનો રસ્તો કેમ કાઢ્યો તે હકીકત ઉપર આવી ગઈ છે.

સ્પષ્ટ વાત છે કે, જૈન વિદ્વાન મુનિવરો ‘વ્યાખ્યાનમાં તથા ગ્રંથોમાં “નવ રસોનું હૂબહુ” વર્ણન “કરી શકે” એવા **પ્રતિભાશાળી** હોય છે. “આવું વર્ણન જૈન સાધુ કરી શકે કે નહીં “તે બાબતમાં સાક્ષરોનાં વિવિધ **મંતવ્યો** ટાંકવા જેવાં છે.

સાક્ષરરત્ન **શ્રી મોહનલાલ દલીચંદ** દેસાઈ બી. એ એલ એલ બી. હાઈકોર્ટ વકીલ, મુંબઈ, લખે છે કે, ‘કેટલાક એમ કહેતા હોય છે કે, જૈન ધર્મનો દીક્ષિત યતિ જ ન કહેવાય.

(જૂઓ સં૦ ૧૯૬૭ ના “ગુજરાતી”ના ‘દિવાળી અંક’માં કવિ જીવરામનો “લખપતિ શૃંગાર’ લેખ)

આના જવાબમાં જણાવવાનું કે ઉપરોક્ત કુશલલાભની **માધવાનલની** કથા શૃંગારરસથી ભરેલી ઉત્તમ પ્રતિની વાર્તા, છે એ શા૦ **હરગોવિંદદાસ કાંટાવાલાએ** સ્વીકાર્યું છે. જૈન કવિઓ, અલબત્ત, ઉઘાડો અમર્યાદિત શૃંગાર નહીં મૂકે તેથી **શામળભટ્ટને** માટે **નર્મદ કવિને** કહેવુ પડયું કે, ‘શામળભટ્ટે કેટલીક વાર્તાઓ ન લખી હોત તો સારું’ તેમ જૈન કવિઓ માટે કહેવું નહીં જ પડે ‘વિશેષમાં જૈન સાધુઓ જેમ અમુક સદ્ગુણનું પ્રતિપાદન કરે છે તેમ આ (**માધવાનલની કથા,**) ગ્રંથમાં શીલનો મહિમા બતાવ્યો છે. એટલે તે બાબતમાં તે (જૈન કવિઓ) શામળભટ્ટ કરતાં ચડે છે

(જૂઓ માધવાનલ રાસ, પ્ર૦ ૪૦ પૃ૦ ૬૪)

આ કૃતિ શામળભટ્ટની પૂર્વના શતકમાં રચાઈ,

(રા૦ હરગોવિંદદાસ કાંટાવાળા (ભાવનગર)માં ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ્નો નિબંધ, કવિ સમયસુંદર શીર્ષક લેખ, આનંદ કાવ્યમહોદધિ મૌક્તિક: ૭ : પ્રસ્તાવના પૃ૦ ૧૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં વિરાજમાન છે.

માલપુરામાં ૧ તપાગચ્છનો શ્રી સુમતિનાથ ભગવાનનો અને ૨ વિજયગચ્છનો શ્રી આદિનાથ ભગવાનનો એમ બે જિનપ્રાસાદો છે. ગામ બહાર તપગચ્છના દેવસૂરિસંઘના યતિઓનું **સમાધિસ્થાન છે.** ત્યાં યતિઓની ઘણી સમાધિઓ અને ચરણપાદુકાઓ છે.

(માલપુરા માટે જૂઓ પ્રક૦ ૫૫ ×× પ્રક૦ ૫૭)

**બાદશાહ અકબરે** બુરહાનપુરમાં ૩૨ ચોરોને મારી નાખવાનો હુકમ કર્યો હતો, એ માટે પં૦ સિદ્ધિચંદ્રે બાદશાહને સમજાવી તે સૌને બચાવી લીધા.

બાદશાહે **જયદાસ જપા** નામના "લાડવા શ્રીમાલી વાણિયા"ને હાથીના પગલે છુંદાવી, મારવા હુકમ કર્યો હતો, પં૦ સિદ્ધિચંદ્રે તેને પણ બચાવી લીધો. આ જયદાસ જપા શ્રીમાલીએ બુરહાનપુરમાં **મોટો જિનપ્રાસાદ** બનાવ્યો હતો.

મહો૦ ભાનુચંદ્ર ગણિવર અને પં૦ સિદ્ધિચંદ્ર વગેરે આગરાથી વિહાર કરી સં૦ ૧૬૭૨ માં જાલોરમાં ચોમાસુ કર્યું. સં૦ ૧૬૭૩ માં ૨૧ ભાઈ–બહેનોને દીક્ષા આપી, **સિરોહી** પધાર્યા. ભ૦ **વિજયસેનસૂરિના** સ્વર્ગગમન બાદ સં૦ ૧૬૭૨ માં તપાગચ્છમાં બે પક્ષો પડ્યા, ત્યારે **મહો૦ ભાનુચંદ્રગણિ** વગેરે "શ્રી વિજયાનંદસૂરિના પક્ષ"માં દાખલ થયા.

વડગચ્છના **આ૦ વિજયસુંદરસૂરિએ** સં૦ ૧૬૭૩ ના પો૦ શુ૦ ૧૩ ને બુધવારે સિરોહીનગરમાં પં૦ રામવિજયગણિને આચાર્ય બનાવી **ભ૦ વિજયતિલકસૂરિ** બનાવ્યા, અને **પં૦ સિદ્ધિચંદ્રગણિને** તેમના ઉપા૦ સિદ્ધિચંદ્રગણિ બનાવ્યા.

તે પછી ઉપા૦ ભાનુચંદ્રગણિવર તથા ઉપા૦ સિદ્ધિચંદ્રગણિ સં૦ ૧૬૭૩ માં મારવાડમાં તથા તે સં૦ ૧૬૭૪–૭૫ માં પં૦ સિદ્ધિચંદ્રને સં૦ ૧૬૭૩ માં માંડવગઢ મોકલ્યા, અને તે સૌ પોતે સં૦ ૧૬૭૪, ૭૫ માં બુરહાનપુર **આગરા** જઈ આવ્યા અને તે પછી તેઓએ જીવનનો મોટો ભાગ ગુજરાતમાં વીજાપુર પાસેના **સંઘ-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુર ગામમાં વીતાવ્યો. અને ત્યાં રહી તેઓએ વિવિધ ગ્રંથો બનાવ્યા.

(૧૩) **મુનિ શુદ્ધિચંદ્રજી**—તેમણે સં૦ ૧૬૯૮ ના ભા૦ વ૦ ૧૩ ના રોજ વીજાપુરમાં સંસ્કૃત ભાષામાં 'દીપાલિકાકલ્પ' લખ્યો તથા 'નાસીરદ્વિરજ્જ ગામ દ્વિતીય' વગેરે શબ્દો લખ્યા છે.

(–શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨ જો, પ્ર૦ નં૦ ૭૪૯)

**ગ્રન્થો**

**મહો૦ સિદ્ધિચંદ્રગણિવરે** નીચે પ્રમાણેના **ગ્રંથો** બનાવ્યા.

૧. 'કાદમ્બરી ઉત્તરાર્ધવૃત્તિ,' ૨. 'શોભનસ્તુતિવૃત્તિ' ગ્રં૦ ૨૨૦૦ ૩. 'વાસવદત્તાવૃત્તિ,' ૪. 'ધાતુમંજરી,' ૫. 'અનેકાર્થ-નામમાલાસંગ્રહવૃત્તિ,' ૬. 'વૃદ્ધ પ્રસ્તાવોક્તિરત્નાકર,' ૭. 'ભાનુચંદ્ર ચરિત્ર,' ૮. 'વિવેકવિલાસવૃત્તિ' ૯. 'ભક્તામરસ્તોત્રવૃત્તિ,'[1] ૧૦. 'જિનશતકવૃત્તિ,' સં. ૧૭૧૪, સ. સંઘપુર, ૧૧. 'ચંદ્રચંદ્રિકાવૃત્તિ,' સંઘપુર, ૧૨. 'પ્રાકૃતસુભાષિતસંગ્રહ,' સંઘપુર, ૧૩. 'વાસવદત્તા-ખ્યાનચંપૂવૃત્તિ,' ગ્રં૦ ૧૭૨૨, સંઘપુર, ૧૪. કાવ્યપ્રકાશખંડન,' સં૦ ૧૭૨૨, સંઘપુર, ૧૫. 'નેમિનાથ ચોમાસી કાવ્ય, ગુજરાતી કાવ્ય :' ૪.

મહો૦ સિદ્ધિચંદ્ર અદ્ભુત કાવ્યકળાવાળા હતા. જૂની ગુજરાતી કાવ્યનો નમૂનો આ પ્રકારે છે.—

**શ્રાવણ**

દોહા— શ્રાવણ રિતુ રલિયાસણી, ધરા સીંચી જલધાર,
ચિત્ત ચાતક પિઉ પિઉ ચવઈ, મોર કિઉ મલ્હાર. ૧

હરિગીત— મલ્હાર મનહર કીય મયૂરહ, વીજ ચમકઈ ચિહુ વલઈ;
મદમસ્ત જોવન જોર માતી, વિરહી **રાજૂલ** વલવલઈ. ૧

૧ વિદ્વાનો માને છે કે, ઉપાધ્યાયજીએ સાતે સ્મરણોની વૃત્તિ બનાવી હતી. પણ તે મળતી નથી, તેથી એક સ્તોત્રની વૃત્તિ હોવાનું વિશ્વાસપાત્ર ગણાય છે. તેમણે આ વૃત્તિમાં પોતાના ગ્રંથોનાં અવતરણો આપ્યાં છે. આ૦ માનતુંગ-સૂરિએ **ભક્તામરસ્તોત્ર**ના ૪૪ શ્લોકો બનાવ્યા હતા. (પ્ર૦ ૪૯ પૃ૦ ૪૬૧) પરંતુ દિગંબરાચાર્યોએ તેમાં નવા શ્લોકો વધારી ૪૮ અને ૫૨ શ્લોક સંખ્યા કરી. તે માટે (જૂઓ પ્ર૦ ૫૩. પૃ૦ )

જૈન साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિસિ અંધારી નિરાધારી, પિઉવિહૂણી પદમણી,
**ખુશફેહમ** સાંઈ મિલિ દિલખુશ, સુહાઈ ઋતુ સાવણી. ૧

**કાર્તિક–**

દૂહા– કઉતિગ કાતિગ માસકો, સુભિક્ષ ભયો સબ દેસ;
દંપતી પર્વ દીપાલિકા, ભાવત પહરઈ ભેખ. ૪

હરિગીત– ભલ ભેખરેખ બનાઈ ભામિની, સકલ લોક સઉ જમા;
આનંદ ગૃહ ગૃહ કરઈ ઉચ્છવ, અંગિ લાવઈ કુમકુમા. ૪
ગિરિ રેવતાચલ મિલે જગગુરુ, શીખ **રાજુલકુ** દઈ;
**સિદ્ધિચંદ્ર** કે પ્રભુ સુવર પહિલી, સિદ્ધિપુર સુંદરી લઈ. ૪
(–મહો૦ સિદ્ધિચંદ્રકૃત 'નેમનાથ ચોમાસી કાવ્ય')

### ૩. મહો૦ હાનર્ષિગણિનો વાચક વંશ

૫૭ મહો૦ હાનર્ષિગણિ　　(પ્રક૦ ૫૮ પૃ૦ ××)

૬૦ **મહો૦ ભાનુચંદ્રગણિ.** (પ્રક૦ ૫૮, પૃ૦ ×××)

૬૧ **પં૦ દેવચંદ્રગણિ–** તે ઉપાધ્યાયજીના ત્રીજા શિષ્ય હતા. પં૦ અહિમ્મનગરના રીંડાશાહ ગોત્રના શા૦ અંબાઈને પરબાઈ નામે પત્ની અને **ગોપાલ** તથા **રામચંદ્ર નામે** બે પુત્રો હતા. **માતા** તથા બંને પુત્રોએ ભ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી વૈરાગ્ય પામી આચાર્યશ્રીના હાથે દીક્ષા લીધી.

આચાર્યશ્રીએ તે પુત્રોનાં નામો **મુનિ દેવચંદ્ર** અને ૨ **મુનિ વિવેકચંદ્ર** રાખ્યાં, અને તે બંનેને "મહો૦ ભાનુચંદ્રના શિષ્ય પ્રશિષ્ય બનાવ્યા.　　(પૃ૦ ×××)

(૬૧) **પં૦ દેવચંદ્રગણિનાં** સં૦ ૧૬૪૪ માં જન્મ, સં૦ ××× માં **દીક્ષા,** સં૦ ૧૬૬૫ માં દેલવાડામાં **પંન્યાસપદ,** તથા સં૦ ૧૬૯૭ના વૈ૦ શુ૦ ૮ ના રોજ સુરોતરમાં **સ્વર્ગગમન** થયું.

પં૦ દેવચંદ્રગણિએ પંન્યાસ બન્યા ત્યારથી ગોળ તથા કડા વિગઈનો સર્વથા ત્યાગ કર્યો હતો. તે હમેશાં "એકાસણું" અને "ગંઠસીનું પચ્ચક્ખાણ" કરતા. ખાવાના દ્રવ્યોની મર્યાદા બાંધતા, દર મહિને ૭ ૭ ઉપવાસો વગેરે **તપ** કરતા.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**વિહાર**–તે મારવાડ, મેવાડ, સવાલક ( સપાદલક્ષ ), કુંકણ, લાટ, કાન્હડ, વાગડ, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વિચર્યા હતા.

**ગ્રંથો**–તેમણે ' શોભનસ્તુતિટીકા, ' સં૦ ૧૬૮૫માં ' શત્રુંજય-તીર્થપરિપાટી સ્તવન ' કડી : ૧૧૮, ' વિચારષટ્‌ત્રિંશિકા, સં૦ ૧૬૯૬ના ફા૦ શુ૦ ૧૧ ના પુષ્ય નક્ષત્રમાં, સાબલીમાં ભ૦ વિજયદેવસૂરિ પટ્ટે, **આ૦ વિજયસિંહસૂરિના** રાજ્યમાં ' પૃથ્વીચંદ્રરાસ, ' ' નવ-તત્ત્વચોપાઈ, ' નેમિનાથ, શંખેશ્વર પાર્શ્વનાથ, ' પોસીના પાર્શ્વનાથ સ્તવન, ' અને ' મહાવીર સ્વામી 'ના સ્તવનો વગેરે રચ્યાં.

તેમણે સં૦ ૧૬૯૭માં **સરોત્તરમાં** ૫ દિવસનું અનશન કરી સં ૧૬૯૭ના વૈ૦ શુ૦ ૮ના રોજ **સ્વર્ગગમન** કર્યું, તેમને **પં૦ રંગચંદ્રગણિ** નામે ગુરુભાઈ હતા.

( જૈ૦ સ૦ પ્ર૦ વર્ષ : ૨, પૃ૦ ૬૨૭ ક૦ ××
પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૨૫૦–૨૫૧ )

(૬૧) **પં૦ દેવચંદ્રની** પરંપરામાં અનુક્રમે (૬૨) **પં૦ વિવેક-ચંદ્ર**, (૬૩) પં૦ તેજચંદ્ર, (૬૪) પં૦ જિનચંદ્ર તથા (૬૫) **પં૦ જીવનચંદ્ર** થયા. પં૦ જીવનચંદ્ર સં૦ ૧૭૫૭માં વિદ્યમાન હતા.

(૬) **પં૦ વિવેકચંદ્ર**–તેમણે ભ૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી સં૦ ૧૭૦૯માં ફા૦ શુ૦ ૩ રવિવારે પાટણમાં જૈનસંઘે બનાવેલ આ૦ **વિજયસિંહસૂરિ પાદુકાની** પ્રતિષ્ઠા કરી.

( શ્રી જિનવિ૦નો પ્રા૦ જૈન લે૦ સં૦ ભા૦ ૨, લે૦ નં૦ ૫૧૪ )

(૬૨) **મુનિ ગુણચંદ્રજી**–તેમણે " મહો૦ ભાનુચંદ્રગણિનું ચરિત્ર " લખ્યું.

## ૪. મહો૦ હાનર્ષિગણિવરનો વાચકવંશ–શ્રમણ પરંપરા

૫૭. મહો૦ હાનર્ષિગણિવર, ( પ્રક૦ ૫૫ પૃ૦ )
૫૮. **મહો૦ સકલચંદ્રગણિવર**, ( પ્રક૦ ૫૫ પૃ૦ )
૫૯. પં૦ લક્ષ્મીચંદ્રજીગણિ.
૬૦. પં૦ મુનિચંદ્રજીગણિ.
૬૧. **પં૦ વૃદ્ધિચંદજીગણિ**– સંભવ છે કે તેમણે દશવૈકા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લિક સૂત્રની સજઝાય બનાવી હોય, ૬૨, યતિ વરમાનચંદ્રજી ૬૩, યતિ **તેજચંદ્રજી**–તેમણે 'પુણ્યસારરાસ' બનાવ્યો.

(–પટ્ટાવલી સમુચ્ચય, ભા૦ ૨, પુરવણી પૃ૦ ૨૫૧)

## ૫. મહો૦ હાનર્ષિગણિનો વાચકવંશ

૫૭. મહો૦ હાનર્ષિગણિ–તે આ૦ વિજયદાનસૂરીશ્વર તથા આ૦ વિજયહીરસૂરિના મહોપાધ્યાય હતા. (પ્ર૦ ૫૫ પૃ૦ ૭૭૦)

**૫૮. મહો૦ ઉદ્દ્યોવિજયગણિ–**

તેમના વિશે વિનયવિજયગણિવર લખે છે કે–

"લુંકાનો ગચ્છપતિ ઋષિ મેઘજી, ગુરુપાસે લહી દીક્ષા;
ઉદ્દ્યોતવિજય" "શ્રી આરાધું, મેઘતણી પરે શીખ્યા. ૬૦"

લોંકાગચ્છના ૧૦ શ્રીપૂજ **કુંઅરજી સ્વામીની** પાટે ઋષિ મેઘજીસ્વામી થયા. તે અમદાવાદની ગાદીના "શ્રીપૂજ" હતા, તેમની આજ્ઞામાં ઋષિ ગુણજી, ઋષિ, નેનજી, ઋષિ ધર્મસિંહ, **ઋષિ શાર્દૂલ** ઋષિ અજય વગેરે ૧૮ યતિઓ હતા. તે સૌએ આ૦ હીરવિજયસૂરિ પાસે સંવેગી દીક્ષા સ્વીકારવાનો નિર્ણય કર્યો. તેમણે સં૦ ૧૬૨૮માં તા. ૨–૯–૧૫૭૩માં અમદાવાદના બાદશાહ અકબરના બાદશાહી વાજાવાળા ઉત્સવમાં શેઠ થાનમલના પ્રયત્નથી **આ૦ વિજયસેન-સૂરિના હાથે** ૧૮ લોકાયતિઓ સાથે **સંવેગી દીક્ષા** લીધી.

(પ્રક૦ ૪૪ પૃ૦ ૬૬)

**આ૦ વિજયસેનસૂરિએ** સં૦ ૧૬૨૮માં ઋ૦ મેઘજીને દીક્ષા આપી, મહો૦ હાનર્ષિગણિના શિષ્ય બનાવ્યા; અને તેમનું નામ મુનિ **ઉદ્દ્યોતવિજયજી** રાખ્યું, તેમનાં બીજાં નામો પં૦ મેઘર્ષિ, પં૦ મહર્ષિ, **પં૦ ઉદ્દ્યોતકુશલગણિ** પણ મળે છે. સાથેના ઋષિ-ઓમાંથી કોઈને તેમના શિષ્ય પ્રશિષ્ય અને કોઈને બીજા ત્રીજાના શિષ્ય પ્રશિષ્યો બનાવ્યા. (પ્રક૦ ૫૮ કલમ ૩ દીક્ષા, પ્રતિષ્ઠા વગેરે)

**આ૦ વિજયસેનસૂરિવરે** મુનિ ઉદ્દ્યોતવિજયજીને **પંન્યાસ-પદવી** આપી હતી.

આ૦ **હીરવિજયસૂરિ** સં૦ ૧૬૩૯માં ફત્તેહપુર સિક્રી ગયા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે તેમણે પં૦ ઉદ્દ્યોતવિજયજીગણિ વગેરેને ગુજરાતમાં રાખ્યા હતા. આ૦ વિજયસેનસૂરિ સં૦ ૧૬૪૯—૫૦ માં લાહોર પધાર્યા ત્યારે જ પં૦ ઉદ્દ્યોતવિજયજીગણિ વગેરે તેમની સાથે ગયા હોવાનો સંભવ છે.

**આ૦ વિજયસેનસૂરિએ** સં૦ ૧૬૫૬ના વૈ૦ શુ૦ ૪ ને સોમવારે મૃગશીર્ષ નક્ષત્રમાં ખંભાતમાં **શેઠ મલ્લસાધુએ** કરેલા સૂરિપદ મહોત્સવમાં ઉપા૦ વિદ્યાવિજયગણિને આચાર્ય બનાવી **આ૦ વિજયદેવસૂરિ** નામ આપી પોતાની પાટે **ગચ્છનાયક** તરીકે સ્થાપન કર્યા. તથા પં૦ ઉદ્દ્યોતવિજયજી ગણિવરને ઉપાધ્યાયપદ આપ્યું, અને **મહો૦ ઉદ્દ્યોતવિજયજીગણિવર** બનાવ્યા.

મહો૦ ઉદ્દ્યોતવિજયજી ગણિવર શાંત, સંવેગી, વિદ્વાન અને સુબોધ હતા. તેઓ જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિના **મહોપાધ્યાય** હતા.

સં૦ ૧૬૭૩માં તપગચ્છમાં ગચ્છભેદ થયો ત્યારે તેઓ અને તેમની શિષ્ય પરંપરા આ૦ વિજયદેવસૂરિ ગચ્છમાં જ રહ્યા હતા.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

૫૯. **પં૦ ગુણવિજયજીગણિ**—તે પણ લોંકાગચ્છના યતિ હતા. તેમણે મહો૦ ઉદ્દ્યોતવિજયજીની સાથે સં૦ ૧૬૨૮ માં આ૦ **વિજયસેનસૂરિના** હાથે સંવેગી દીક્ષા લીધી. આથી સંભવ છે કે, તે પોતાને આ૦ વિજયસેનસૂરિના શિષ્ય બતાવે છે તે સં૦ ૧૬૩૪ માં જ૦ ગુ૦ હીરવિજયસૂરિ સાથે ફત્તેપુર ગયા હતા.

( પં૦ ગુણવિજયગણિ માટે જૂઓ પ્રક૦ ૫૧ પૃ૦ ૫૦૬ )

૬૦. **પં૦ સંઘવિજયજીગણિ**—શા૦ સંઘજી નામનો શ્રેષ્ઠી પાટણનો વતની હતો. તે બચપણથી ધર્મપ્રેમી અને વૈરાગી હતો. તેનો વિવાહ થવાનો હતો. એવામાં એક દિવસે ઉપાશ્રયમાં તે કપડું ઓઢીને સામાયિકમાં બેઠો હતો, ત્યારે તેની **ભાવિપત્ની** મુનિવરોને વાંદવા આવી. તેને તે સ્થાનમાં બેઠેલા તેના પતિ વિશે ખબર ન હોતી, તેથી તેણે તેને સાધુ માની વિધિપૂર્વક વંદન કર્યું. **શા૦ સંઘજીએ** મનથી નક્કી કર્યું કે “હવે આ સ્ત્રી મને હમેશાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વંદન કરે એમ કરવું જોઇએ." આથી તેણે **આ૦ વિજયસેનસૂરિના** હાથે દીક્ષા લીધી. આચાર્યશ્રીએ તેનું **મુનિ સંઘવિજય** નામ આપી, પં૦ ગુણવિજયગણિના શિષ્ય બનાવ્યા, તેના દીક્ષાઉત્સવમાં પાટણમાં બીજા ૭ ભાઈ બહેનોની દીક્ષા થઈ હતી.

(– પ્રક૦ ૫૮ દીક્ષાઓ, કલમ ૯મી )

આચાર્યશ્રીએ તેમને **પંન્યાસપદવી** આપી. તેમણે ૧. પાટણ પાર્શ્વનાથ, ૨, પંચાસરા પાર્શ્વનાથ, ૩, વીજાપુરના પદ્માવતી પાર્શ્વનાથ, ૪, કંસારી ભીડભંજન પાર્શ્વનાથ, ૫ ગોડી પાર્શ્વનાથ, ૬, વરકાણા પાર્શ્વનાથ અને ૭, માળવાના મગશી પાર્શ્વનાથ એમ 'પાર્શ્વનાથ સપ્ત–તીર્થી સ્તોત્ર' શ્લો૦ ૧૦ બનાવ્યું. સં૦ ૧૬૬૯ માં આ૦ વ૦ ૩ ના રોજ ભ૦ 'ઋષભદેવસ્તવન' બનાવ્યું. સં૦ ૧૬૭૪ ના માં માં **ભ૦ વિજયદેવસૂરિના** રાજ્યમાં 'કલ્પસૂત્ર'ની ટીકા નામે 'કલ્પપ્રદીપિકા' ગ્રં૦ ૩૩૦૦ બનાવી, જેનું મહો૦ કલ્યાણવિજયગણિના શિષ્ય **ઉપા૦ ધનવિજયગણિએ** સંશોધન કર્યું હતું. **પં૦ સંઘવિજયે** સં૦ ૧૬૭૯ ના મ૦ શુ૦ ૫ ના રોજ 'અમરસેન વરસેન આખ્યાન' તથા સં૦ ૧૬૭૯માં '**સિંહાસન બત્રીશી**' બનાવી.

( પં૦ સંઘવિજયગણિ માટે જૂઓ. પ્રક૦ ૫૧ પૃ૦ ૫૧૦)

૬૧ **પં૦ વૃદ્ધિવિજયગણિ, પં૦ સુરવિજયગણિ**– પં૦ વૃદ્ધિવિજયગણિએ સં૦ ૧૬૭૪ ના આ૦ શુ૦ ૧૩ ના રોજ ભ૦ વિજયતિલકસૂરિના રાજ્યમાં અમદાવાદના **ઉસ્માનપુરામાં** 'શ્રાદ્ધ-પ્રતિક્રમણસૂત્રવૃત્તિની પ્રતિ લખી હતી.

( –શ્રી પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૨, પ્રક૦ નં૦ ૭૨૬ )

## ૬. મહો૦ હાનર્ષિગણિનો પંડિતવંશ પરંપરા

૫૭ **મહો૦ હાનર્ષિગણિવર**– ( પ્રક૦ ૫૫, પૃ૦ ×× )

૫૮ **મહો૦ ઉદ્દ્યોતવિજયગણિ**– ( ઉપા૦ મેઘર્ષિગણિ )

૫૯ **પં૦ કલ્યાણકુશલગણિ**– તેમનાં બીજાં નામે ઋષિ કાના, અને **કાનર્ષિ** પણ મળે છે, તેમણે સં૦ ૧૬૨૮ માં અમદાવાદમાં

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

લોંકાગચ્છના ૧૮ યતિઓ સાથે આ૦ વિજયસેનસૂરીશ્વરના હાથે "સંવેગી દીક્ષા' લીધી હતી, સં૦ ૧૬૩૯માં જ૦ ગુ૦ **આ૦ હીરવિજયસૂરિ** ફતેપુરસિક્રી ગયા ત્યારે તે પણ ત્યાં સાથે ગયા હતા.

**પં૦ કલ્યાણકુશલગણિ** સંસ્કૃત ભાષાના મોટા વિદ્વાન હતા.

તેમણે પોતાના શિષ્ય પં૦ દયાકુશલગણિને ભણવા માટે વિ૦ સં૦ ૧૬૪૩ થી ૧૬૫૨ સુધીમાં સમસંસ્કૃતમાં વસન્ત તિલકા માલિની, હરિણી, શિખરિણી, મંદાકાન્ત, શાર્દુલ વિક્રડિત વગેરે વૃત્તોમાં "શ્રી મહાવીરસ્તોત્ર શ્લો૦ ૩૦" બનાવ્યું. જેની રચનાનો "પ્રાસાદિક નમૂનો" આ પ્રમાણે જાણવો.—

કેલીરસો નહિ નસારમણિ રિરંસા
ભૂમંડલં ચ નવા કનકં સમીહે
નોનાકસમ્પદમથો નરસમ્પદં વા
હે દેવ ? દેહિ મમ, તે **સવિધે નિવાસમ્** ॥ ૨૫ ॥

જાને ચિન્તામણિ–સુરગવી–કામકુમ્ભાડમરાગા,
જાયન્તેડમી સતત કરગા દેવ ? તે સેવનેન ॥
એતાવન્તં ખલુ તવ પુરો નાથ ? નાથેડનુબંધં,
ભૂયો ભૂયોડગણિતમહિમા, **ચિત્તચારી** ચિરં મે ॥ ૨૯ ॥

**પં૦ રમણિકવિજયજીગણિએ** આ સ્તોત્રના કઠિન શબ્દોના સરલ સંસ્કૃત શબ્દો આપ્યા છે.

(જૈન સ૦ પ્ર૦ વ૦ ૧૪ અં૦ ૭ ક્ર૦ ૧૬૩ પૃ૦ ૧૨૧)

૯૦. **પં૦ દયાકુશલ ગણિવર**—આ૦ વિજયસેનસૂરિ સં૦ ૧૬૪૯માં ફતેપુરસિક્રી પધાર્યા ત્યારે તે પણ ત્યાં ગયા હતા. સં૦ ૧૬૪૯માં તેમણે આ૦ વિજયસેનસૂરિની સ્તુતિરૂપે 'લાભોદયરાસ' તથા 'તીર્થમાલા,' સં૦ ૧૬૮૨–૮૩માં 'શલાકાસ્તોત્ર,' સં૦ ૧૬૮૫ માં આ૦ 'વિજયસિંહસૂરિ પદમહોત્સવરાસ' બનાવ્યા.

**બાદશાહની મુલાકાત**

સં૦ ૧૬૭૩માં તપગચ્છમાં ગચ્છભેદ થયો ત્યારે તે "વિજયદેવસૂરિસંઘમાં" રહ્યા હતા, (પ્રક૦ ૪૪ પૃ૦ ૯૧) પં૦ દયાકુશલગણિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૬૭૪ (ઈ. સ. ૧૬૧૮)માં આ૦ વિજયદેવસૂરિની આજ્ઞાથી આગરામાં ચોમાસુ રહ્યા હતા. અને તેઓ જુલસી સન ૧૩, ઈલાહી સન ૬૩, હીજરી સન ૧૦૨૭, શાહબાન મહિનાની તા. ૧૯મીએ, વિ૦ સં૦ ૧૬૭૪ના અષાડ મહિનામાં, સને ૧૬૧૮ના જુલાઈમાં બાદશાહ જહાંગીરને મળ્યા હતા, અને તેમણે બાદશાહને આ૦ વિજયદેવસૂરિ તરફથી ધર્મલાભ કહ્યા હતા. આથી બાદશાહે ખુશી થઈને આ૦ વિજયદેવસૂરિ ઉપર ભક્તિ ભરેલો પત્ર લખ્યો હતો.

(સૂરીશ્વર અને સમ્રાટ્ મોગલ બા૦ ફરમાન નં૦ ૧૩)

(–પ્રક૦ ૪૪ પૃ૦ ૧૪૫)

૬૦ સૌરાષ્ટ્રમાં પ્રાચીન **અજારા તીર્થ છે.** જેનો પરિચય પહેલાં (પ્રક૦ ૧ પૃ૦ ૫૨)માં આવી ગયો છે.

આ તીર્થના અજારાપાર્શ્વનાથ જિનપ્રાસાદના સભામંડપની દીવાલમાં ઉંચે ૧ થી ૧૧ ફુટ લાંબા પહોળા પાષાણમાં ખોદેલો સંસ્કૃત–પદ્ય ગદ્યમાં શિલાલેખ છે. તેમાં પ્રથમ શ્લોક વંચાતો નથી ૨ થી ૧૫ શ્લોકનો સાર આ પ્રમાણે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**શિલાલેખ** સં૦ ૧૬૭૭ વૈ૦ સુ૦ ૩ શનિવારે રોહિણી નક્ષત્રમાં સર્વતીર્થમાં પ્રધાન અજારાતીર્થમાં તપાગચ્છના **ભટ્ટારક વિજયદેવસૂરિના** શાસનમાં પંડિતોમાં મુખ્ય મહાતાર્કિક સિદ્ધાન્ત અને વાદશાસ્ત્રોના સાગર **પં૦ કલ્યાણકુશળગણિવરની** કૃપાથી તેમના પ્રિય શિષ્ય બુદ્ધિશાલી, વિદ્વાન તેમજ સંયમી ગુરૂભક્ત **પં૦ દયાકુશળગણિના** મોટા પ્રયત્નથી (૧) દેવાધિદેવ ભગવાન **પાર્શ્વનાથ** તથા (૨) ગુરુદેવ ભ૦ વિજયદેવસૂરિની કૃપાથી અને "દીવના જૈન સંઘ"ની મદદથી ઉનાના દોશી જીવરાજ શ્રીમાલીના પુત્ર **ધર્મપ્રેમી દો. કુંઅરજી**એ પોતાનું શુદ્ધ દ્રવ્ય વાપરી, અજારા પાર્શ્વનાથના મૂળ જિન પ્રાસાદનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો. તેની જમણી તરફમાં ભ૦ ઋષભદેવની બે ચરણ પાદુકા બનાવી. તથા દો૦ મદને **ગુરુદેવોની ચરણપાદુકાઓ** બનાવી. અને **શા૦ ભાઈચંદે** દોશી સંઘની સહાયથી તેમની ખુશી માટે "મોટી ધર્મશાળા બનાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદ્ય સંસ્કૃત લખાણની નીચે સંસ્કૃતમાં ગદ્ય લખાણ છે તે આ પ્રમાણે—

संवत १६७७ वर्षे वैशाख शुदि २ शनौ

श्री अजारापुरमहातीर्थजीर्णोद्धारो जातः ॥

श्री तपागच्छे भट्टारकप्रभुश्री पू० श्री विजयदेवसूरिराज्ये पं० श्री मेहमुनींद्रगणिशिष्य पं० श्री कल्याणकुशलगणि शिष्य पं० श्री दयाकुशल-गणिशिष्येण ।

प्रशस्तिरियं लिखिता गणिभक्तिकुशलेन । श्रीरस्तु ॥

(આત્માનંદ જૈન પ્રકાશ પુ. ૫૯ અંક ૧૦ સં૦ ૨૦૧૮નો શ્રાવણનો અંક પૃ૦ ૧૩૩, ૧૩૪, ૧૩૫)

પં૦ દયાકુશલે "ભ૦ વિજયદેવસૂરિ સજ્ઝાયમાલા બનાવી.

(ઐતિહાસિક સજ્ઝાયમાલા નં. ૩૫)

અને તે જ પરિવારના **પં૦ લાભકુશલે** "વિજયસિંહસૂરિ-સજ્ઝાય કડી—૫" બનાવી. (–પ્રક૦ ૫૫ પૃ૦ ૭૩૭, ૭૪૬)

(ઐતિહાસિક સજ્ઝાયમાલા નં. ૩૪)

૬૧. પં૦ સુરકુશલગણિ, **પં૦ ભક્તિકુશલગણિ**—

પં૦ ભક્તિકુશલગણિ પં૦ દયાકુશગણિના શિષ્ય હતા. ભ૦ વિજયસિંહસૂરિના રાજ્યમાં તેમણે સં૦ ૧૬૮૫ના મા૦ સુ૦ ૨ ને સોમવારે માંગરોલમાં 'કલ્પકિરણાવલી—પટ્ટાવલી' લખી, તે સં૦ ૧૬૦૭ (સં૦ ૧૬૭૭)ના આ૦ સુ૦ ૧૫ના રોજ પ્રભાસપાટણમાં વિદ્યમાન હતા.

## ૭. મહો૦ હાનર્ષિગણિનો શ્રમણવંશ

૫૭. **મહો૦ હાનર્ષિગણિ**

૫૮. મહો૦ **ઉદ્દ્યોતવિજયગણિ**—તે આ૦ વિજયદાનસૂરિના ઉપાધ્યાય હતા.

૫૯. **પં૦ જીવર્ષિગણિ.**

૬૦. **પં૦ દામર્ષિગણિ**—તેમનું બીજું નામ **પં૦ ધર્મકુશલ-ગણિ** પણ મળે છે. તેમણે સં૦ ૧૬૨૮માં અમદાવાદમાં **આ૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિજયસેનસૂરિના** હાથે મહો૦ ઉદ્દ્યોતવિજયગણિની સાથે સંવેગી દીક્ષા લીધી. તેમનો મહો૦ ઉદ્દ્યોતવિજયજીના શિષ્ય હોવાનો ઉલ્લેખ પણ મળે છે.

૬૧. **પં૦ કેશરકુશલગણિ**—તે પં૦ ધર્મકુશલગણિના શિષ્ય હતા. તેમના ઉપદેશથી સંઘે સં૦ ૧૬૬૭ના પો૦ શુ૦ ૧૦ ને રવિવારે પુષ્ય નક્ષત્રમાં વિજય મુહૂર્તમાં દિલ્હીના ૧૦મા બાદશાહ ઔરંગઝેબના પુત્ર ૧૨મા બાદશાહ બહાદૂરશાહ આલમ (સં૦ ૧૭૬૪ થી ૧૭૬૮)ના રાજ્યમાં હૈદ્રાબાદના સૂબા **મહમ્મદ યુસુફખાનની** મદદથી **ભ૦ વિજયરત્નસૂરિના** શાસનમાં **કુલ્પાકતીર્થમાં** ભ૦ માણેકસ્વામી ઋષભદેવના જિનપ્રાસાદનો "જીર્ણોદ્ધાર" કરાવ્યો અને પં૦ કેશરકુશલગણિએ ભ૦ ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

આ સમયે તપગચ્છમાં સૌનું હીરવિહાર બનાવવાનું વધુ લક્ષ્ય હતું. પં૦ કેશરકુશલગણિનો સૂબા **યુસુફખાન** ઉપર સારો પ્રભાવ હતો. સૂબાએ તેમને હૈદ્રાબાદ શહેરની બહાર ઘણી વિશાળ જમીન ભેટ આપી, પં૦ કેશરકુશલગણિવરે ત્યાં જ૦ આ૦ **હીરવિજયસૂરિનો હીરવિહાર** બનાવ્યો.

આ સ્થાન હૈદ્રાબાદમાં આજે માત્ર **દાદાવાડી** તરીકે પ્રસિદ્ધ છે. જાણવા મળે છે કે—તેનાં ફારસીમાં ખતપત્ર-ફરમાનો હતાં. જે હૈદ્રાબાદના શા. અમરશી સૂજાનમલના સમયે નાશ પામ્યાં હતાં, છતાં જે જે માસનો ઉપલબ્ધ હોય તેને બરાબર તપાસી તેનો અસલી ઇતિહાસ પ્રસિદ્ધ કરવો જોઈએ. અમને લાગે છે કે—આ૦ જિનકુશલસૂરિ અને પં૦ કેશરકુશલગણિ બન્નેમાં રહેલા કુશલ શબ્દના નામ સામ્યથી આ૦ જિનકુશલની દાદાવાડી બની હોય.

( જૂઓ પ્ર૦ ૪૪ પૃ૦ ૮૮ બારમા બા૦ બહાદૂર આલમ. )

## ૮. મહો૦ હાનર્ષિગણિનો શ્રમણવંશ

૫૭. મહો૦ હાનર્ષિગણિ.

૫૮. મહો૦ ઉદ્દ્યોતવિજયગણિ

૫૯. પં૦ જીવર્ષિગણિ.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૦. પં૦ દામર્ષિંગણિ.

૬૧. **પં૦ જિનકુશલ**—તેમણે સં૦ ૧૬૫૦માં તોડાના વતની અને રણથંભોરના મહામાત્ય ખીમસિંહ અગ્રવાલનું 'પુણ્યપ્રકાશકાવ્ય' સર્ગ: ૮ બનાવ્યું. તથા સં૦ ૧૬૫૨ માં 'પાર્શ્વનાથ તીર્થમાલા સ્તવન' કડી ૨૦ રચ્યું (જૈ૦ સ૦ પ્ર૦ ક્૦ ૧૧૯)

૬૧. **પં૦ જિનકુશલગણિવર**—તેઓ પં૦ દામર્ષિંગણિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૭૨૦માં 'બૃહતસંગ્રહણી—અવચૂરિ' લખી તેમાં તેમણે પોતાનો **હીરવિજયસૂરિગચ્છ** બનાવ્યો છે.

## ૯. મહો૦ હાનર્ષિંગણિનો શ્રમણવંશ

૫૭. મહો૦ હાનર્ષિંગણિ.

૫૮. મહો૦ ઉદ્દ્યોતવિજયગણિ.

૫૯. પં૦ બુદ્ધિકુશલગણિ.

૬૦. મુનિ વિચારકુશલગણિ—સં૦ ૧૬૪૮ના પો૦ વ૦ ૫ ને બુધવારે તેઓ વિદ્યમાન હતા.

આ પરંપરાના (૧) પં૦ **નયકુશલગણિ**, (૨) પં૦ જશકુશલગણિ, (૩) પં૦ કાંતિકુશલગણિ ઠા૦ ૩ સં૦ ૧૬૬૫માં મારવાડના પીંડવાડા પાસેના સીવેરા ગામમાં હતા. ત્યાંના જિનપ્રાસાદની પાછળ તેમનાં નામ કોતરાયેલાં છે. સીવેરાનો મોટો જીર્ણોદ્ધાર થયો, નવો જિનપ્રાસાદ બન્યો છે.

**નોંધ :** (૧) તપાગચ્છ કુશલ શાખામાં વિશેષ માટે જૂઓ
(પ્રક૦ ૫૫ મહો૦ હાનર્ષિંગણિનો વાચકવંશ ન૦ ૧ પૃ૦ ૭૭૨)

**નોંધ :** (૨) ભ૦ વિજયસેનસૂરિના શિષ્ય પં૦ વિજયહર્ષની પરંપરામાં પણ કુશલ શાખા ચાલી છે. (જૂઓ પ્રક૦ ૫૯ ભ૦ વિજયસેનસૂરિ પરંપરા નં૦ ૫, ૬,)

## ૧. પં૦ શ્રીપતિ ગણિવરની શ્રમણ પટ્ટાવલી

૫૫. આ૦ **હેમવિમલસૂરિ**—સ્વ૦ સ૦ ૧૫૮૩ (પ્રક૦ પૃ૦ ××)

૫૬. પં૦ **શ્રીપતિ ગણિવર**—તેમને ૮ શિષ્યો હતા.

૫૭. પં૦ **જગર્ષિંગણિ**—તે બાલ બ્રહ્મચારી, છ વિગઈ આહારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાગી અને જીવનપર્યંત શ્રીગૌતમસ્વામીની જેમ છઠ્ઠ–અઠ્ઠમ વગેરે તપ કરનારા **મહાતપસ્વી** હતા. તેમને દેવનું સાનિધ્ય હતું. ૧૧ અંગોના જાણકાર હતા.

તેમણે ગુજરાતના બાદશાહ તરફથી **મલેક નગદળનો** ખિતાબ પ્રાપ્ત કરનારા સૌરાષ્ટ્રના વજીર અને આ૦ હેમવિમલસૂરિના ભક્ત શાહ **તૂણસિંહની** વિનંતિથી આ૦ વિજયદાનસૂરિની આજ્ઞા થતાં સૌરાષ્ટ્રમાં વિહાર કર્યો, અને ત્યાં લોંકાગચ્છના વધતા પ્રચારને રોકયો, અને સંવેગી સાધુઓનો વિહાર ખુલ્લો કર્યો.

તેમણે જોધપુર જઈ "ઉપા૦ પાર્શ્વચંદ્રને શાસ્ત્રાર્થ માટે ચેલેંજ આપી હતી. તેથી **ઉપા૦ પાર્શ્વચંદ્રજીએ** ત્યાંના "રાજા માલદેવ"નું શરણ સ્વીકાર્યું.

પં૦ જગર્ષિગણિના શિષ્ય **ઋષિ પં૦ ગુણવિમલગણિ** સં૦ ૧૬૦૩માં 'વિચારમંજરી' બનાવી. કોઈ સ્થાને પં૦ જગર્ષિગણિનું બીજું નામ (ઉ૦) પં૦ ગુણવિમલગણિ બતાવ્યું છે.

૫૮. **પં૦ સિંહવિમલગણિવર**–તે **સંઘપતિ સોહિલના** પૌત્ર હતા. અને પં૦ જગર્ષિગણિના શિષ્ય હતા. તે વિદ્વાન્ અને **મોટા વાદી** હતા. શરૂઆતમાં મહો૦ ધર્મસાગરગણિ સાથે વિચરતા હતા. આ૦ વિજયદાનસૂરિએ સં૦ ૧૬૦૮માં વરકાણા તીર્થમાં પં૦ રાજવિમલગણિ, પં૦ ધર્મસાગરગણિ, તથા પં૦ હીરહર્ષગણિને ઉપાધ્યાય બનાવ્યા. ત્યારે પં૦ સિંહવિમલગણિને પણ ઉપાધ્યાય બનાવવાના હતા, પરંતુ તેમની કોઇ ખાસ ભૂલ થવાથી તેમને ઉપાધ્યાય બનાવ્યા નહીં. આથી જ આ૦ હીરવિજયસૂરિએ પણ તેમને ઉપાધ્યાય બનાવ્યા નહીં.

**ગચ્છનાયકની આજ્ઞાનું પાલન**

(૧) ઉ૦ ધર્મસાગરગણિ અને ઉ૦ હીરવિજયગણિ એ બન્ને વચ્ચે એક ગાંઠ હતી. ભ૦ વિજયદાનસૂરિવરે તે બન્નેને (૧) મહોપાધ્યાય પદ અને (૨) ગચ્છનાયક–ભટ્ટા૦ બનાવ્યા.

(પ્ર૦ ૫૫ પૃ૦ ૬૯૯)

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) ઉ૦ વિમલહર્ષગણિ અને પં૦ સિંહવિમલગણિ એ બન્ને વચ્ચે એક ગાંઠ હતી, ભ૦ વિજયદાનસૂરિવરે ત્રણ પદવીઓ પૈકીના (૧) આ૦ સૌભાગ્યહર્ષને આચાર્યપદ, (૨) ઉ૦ વિમલહર્ષગણિને ઉપાધ્યાયપદ અને (૩) પં૦ સિંહવિમલગણિને ઉપાધ્યાય ન બનાવતાં પંન્યાસપદ આપ્યું. (પ્રક૦ ૫૫ પૃ૦ ૬૮૬, ૭૦૦, ૭૦૧)

(૪) ૫૮ મા જ૦ ગુ૦ આ૦ વિજયહીરસૂરિના (૫૯) મા મહો૦ સુમતિવિજયગણિ મોટા વિદ્વાન તથા સૌથી મોટા તે સં૦ ૧૬૪૨માં માળવામાં વિચરતા હતા. ત્યારે તેમની સાથે (૧) પં૦ વિવેકવિજયગણિ (૨) પં૦ જીવવિજયગણિ, અને પ્રશિષ્ય (૩) પં૦ સૌભાગ્યવિજયગણિ વગેરે હતા. (પ્રક૦ ૫૮ પૃ૦ ૫૪૦)

મહોપાધ્યાયજીના શિષ્ય (૬૦) પં૦ કનકવિજયગણિ તેમના શિષ્ય કવિ પં૦ સિંહવિજયગણિ સં૦ ૧૬૬૬માં જ૦ ગુ૦ આ૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી સૂરતમાં રહ્યા હતા.

(પ્રક૦ ૫૫ પૃ૦ ૭૧૭, ૭૩૭)

કવિ પં૦ સિંહવિજયગણિએ વિ૦ સં૦ ૧૬૭૪માં દિવાળીના દિવસે "સાગરબાવની" બનાવી. (પ્રક૦ ૫૫ પૃ૦ ૭૩૧)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## નવા જૈનો

પં૦ સિંહવિમલગણિએ ગૌતમ નામના વાદીને હરાવ્યો હતો. **નારાયણ દુર્ગ** વગેરે રાજાઓને પ્રતિબોધ કર્યો હતો. તથા કાયસ્થ **માંડલિક ચંદ્રભાણ,** થાનસિંહ વગેરેને ઉપદેશ આપી જૈન બનાવ્યા હતા.

જ૦ ગુ૦ આ૦ હીરવિજસૂરિ સં૦ ૧૬૩૯ માં ગુજરાતથી ફતેપુરસિક્રી પધાર્યા. ત્યારે પં૦ સિંહવિમલગણિ ગંધારથી જ તેમની સાથે હતા. એ સમયે આચાર્યશ્રીએ મેડતાથી મહો૦ વિમલહર્ષગણિવર અને **પં૦ સિંહવિમલગણિ** વગેરે મુનિવરોને પહેલાં બાદશાહનો સ્વભાવ પારખવા અગાઉથી ફતેપુરસિક્રી મોકલ્યા. તેમણે ત્યાં જઈ બાદશાહને મળીને તેના સ્વભાવનો ટૂંકો પરિચય મેળવ્યો. ત્યાંથી પાછા ફરીને તે સાંગનેરમાં આચાર્યશ્રી પાસે આવ્યા. અને આચાર્યશ્રીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફતેપુરસિક્રી લઈ ગયા. તેમના **પિતામહ સં૦ સોહિલે ભ૦** ઋષભદેવ અને ભ૦ નેમિનાથની જિનપ્રતિમા તથા ચરણપાદુકાઓ બનાવી, શૌરીપુર તીર્થમાં રાખી હતી, પણ આચાર્યનો યોગ ન મળવાથી તે તેમની અંજનશલાકા તેમજ પ્રતિષ્ઠા કરાવી શકયો ન હોતો.

**પ્રતિષ્ઠા**

જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ ફતેપુરસિક્રી પધાર્યા. ત્યારે તેમણે સં૦ ૧૬૪૦માં શૌરીપુરતીર્થની યાત્રા કરી. આગરાનો જૈન સંઘ પણ **રપડી ગામે** આવ્યો અને આચાર્યદેવની સાથે શૌરીપુર તીર્થની યાત્રાએ સાથે થયો. અહીં આચાર્યદેવે સંઘની વિનતિથી ઉપરની બે ચરણપાદુકાઓની અંજનશલાકા કરી **પ્રતિષ્ઠા** કરી હતી. **તેમણે ઘણી જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી.**

**ગ્રંથો**

પં૦ સિંહવિમલગણિએ સં૦ ૧૬૮૫માં ‘ આદિનાથ સમવસરણ પ્રકરણ, ભવિકપ્રકરણ ’ વગેરે ગ્રંથો બનાવ્યા, જેનું મહો૦ **ધનવિજય ગણિએ** સંશોધન કર્યું.

**આ૦ વિજયસેનસૂરિએ** સં૦ ૧૬૭૧માં અમદાવાદમાં મહો૦ ધર્મસાગરગણિવર વગેરેના સમસ્ત ગ્રંથોને **અપ્રામાણિક** ઠરાવ્યા. ત્યારે તે સભામાં પં૦ સિંહવિમલગણિ પણ ગીતાર્થ તરીકે હાજર હતા. (–પ્રક૦ ૫૫ પૃ૦ ૭૨૭)

**પં૦ સિંહવિમલગણિ** તથા તેમના શિષ્યો પં૦ દેવવિમલગણિ વગેરે તપગચ્છમાં ગચ્છભેદ થયો તેથી વિજયાનંદસૂરિ ગચ્છ”માં ભળ્યા હતા અને તે પછી **ઉપાધ્યાય** પણ બન્યા હતા. તેમણે સં૦ ૧૭૧૦ માં ખંભાતમાં ચોમાસુ કર્યું હતું.

૫૯. **પં૦ દેવવિમલગણિવર**–તેમના પિતાનું નામ સાધુ શિવજી અને માતાનું નામ સૌભાગ્યદેવી હતું. તેમનું પોતાનું નામ **દેવજી** હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સાધુ**

**જૈનસમાજમાં** ભરયુવાનીમાં સજોડે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેનાર શ્રાવક 'સાધુ' તરીકે ઓળખાય છે. તેમના પિતા એવા સાધુ હતા.

**પરિચય**

પં૦ દેવવિમલગણિ પં૦ સિંહવિમલગણિના મુખ્ય શિષ્ય હતા.

પં૦ દેવવિમલગણિએ આ૦ આનંદવિમલસૂરિના વરદ હસ્તે દીક્ષા લીધી હતી. તે સમર્થ વિદ્વાન અને મોટા કવિ હતા. આ૦ હીરવિજયસૂરિ સં૦ ૧૬૩૯માં ફતેપુરસિક્રી પધાર્યા ત્યારે પં૦ દેવવિમલગણિ પણ પોતાના ગુરુદેવની સાથેસાથ ફતેપુરસિક્રી પધાર્યા હતા. તેમણે જગદ્ગુરુના જીવનની ઉપકારઘટના પોતાની સગી આંખે જોઈ હતી. આથી તેમણે જગદ્ગુરુનું જીવનચરિત્ર રચવા નિરધાર કર્યો.

**મહાકાવ્ય**

તેમણે પ્રથમ 'હીરસુંદરકાવ્ય' સર્ગ : ૧ બનાવ્યું. તે પછી 'હીરસૌભાગ્યમહાકાવ્ય' સર્ગ : ૧૭, શ્લો૦ ૨૭૮૮ બનાવ્યું, અને તેમણે જ તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા 'સુખબોધાવૃત્તિ' ગ્રંથ ૬૦૦૦ બનાવી. આ ટીકા તેમણે **ભ૦ વિજયસેનસૂરિ** (સં૦ ૧૬૫૨ થી ૧૬૭૨)ના રાજ્યમાં અને **આ૦ વિજયદેવસૂરિના** યુવરાજકાળમાં (સં૦ ૧૬૫૬ થી ૧૬૭૨) બનાવી હતી.

**મહો૦ કલ્યાણવિજયજીગણિવરના** શિષ્ય ઉ૦ **ધનવિજયગણિએ** આ કાવ્યનું સંશોધન કર્યું હતું, તેમણે આ કાવ્યમાં પોતાનો અનુભવ ઇતિહાસ રજૂ કર્યો છે. (—હીરસૌભાગ્ય મહાકાવ્ય પ્રશસ્તિ)

એક ઉલ્લેખ એવો મળે છે કે, પં૦ **વિજયવિમલગણિના** શિષ્ય પં૦ વીરવિદ્યાવર એટલે **ઉપા૦ વિદ્યાસાગરગણિ** વગેરે પં૦ દેવવિમલગણિના "વિદ્યાશિષ્યો" હતા, જેમણે 'હીરવિજસૂરિ સલોકો' શ્લો૦ ૧૨ બનાવ્યો હતો.

૬૦ **પં૦ માણેકવિમલગણિ**—પં૦ કીર્તિવિમલગણિ—

પં૦ માણેકવિમલગણિએ સં૦ ૧૭૧૪ના કા૦ શુ૦ ૧૦ ને ગુરુવારે સામી ગામમાં 'શાશ્વતજિનસ્તવન' કડી : ૫૦ બનાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૧. **મુનિચંદ્રવિમલજી**—તે પં૦ કીર્તિવિમલગણિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૭૪૨ના માહ સુ૦ ૧૩ના રોજ 'અંજના-પવનનમ ચતુષ્પદી.' (ચોપાઇ) (પં૦ મહાનંદગણિનો અંજના સુંદરી રાસ) ૬૩૨, ગ્રં૦ ૮૬૬ લખી.

## ૨. પં૦ શ્રીપતિ ગણિવરની પટ્ટાવલી

૫૫. આ૦ હેમવિમલસૂરિ—સ્વ૦ સં૦ ૧૫૮૩

૫૬. પં૦ શ્રીપતિગણિવર—તેમને ૮ શિષ્યો હતા.

૫૭. પં૦ હર્ષાનંદગણિ

૫૮. **મહો૦ વિવેકહર્ષગણિવર**– તેમના શિષ્ય **પં૦ વિદ્યા-હર્ષગણિ** જણાવે છેકે **પં૦ વિવેકહર્ષગણિ** વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, નાટક, સંગીત જ્યોતિષ, છંદ, અલંકાર, કર્કશ તર્ક, શૈવ ચિંતામણિ, પ્રચંડખંડનમીમાંસા, સ્મૃતિ, પુરાણ, વેદ, શ્રુતિ, પદ્ધતિ અને ૬,૩૬૦૦૦ ગ્રંથપ્રમાણ પંચાંગ, **જૈન આગમો** વગેરે સ્વ-પર સિદ્ધાંતોના વિદ્વાન્ હતા. **ગણિત**, જાગ્રત, **યાવની** વગેરે સર્વ દર્શન ગ્રંથોના પ્રકાંડ અભ્યાસી હતા. જ્ઞાનથી પૂર્ણ હતા. બોલવામાં ચતુર હતા. બીજાને જીતી લેવામાં કુશલ હતા. બ્રાહ્મી. યાવની, પૂચ્છાલિપિ, વિવિધ ચિત્રકળા, નવરસ, વિવિધ નવ્ય નાટકો, **૩૬ રાગ-રાગિણી**, તેનાં સ્થાનો, ગીતા, રાસ, પ્રબંધ, છંદ, પ્રબંધ, છંદ, પ્રાચીન ચરિત્રો, પ્રમાણસૂત્ર-વૃત્તિ, સમસ્યાપૂર્તિ વગેરે વિષયના ઘણા ગ્રંથો-શ્લોકો રચનારા હતા. તે દરેક પ્રકારના રાગવાળા અવાજો કાઢી શકતા તથા **આઠ અવધાન** કરતા. અને "કોષ્ટક પૂરવાં" વગેરેના પ્રકાંડ વિદ્વાન્ હતા.

**ઉપદેશ**

કોંકણનો રાજા, બુરહાનપુરનો શાહ, મહારાજા રામરાજ, ખિખાનખાના, અને નવરંગખાન વગેરે રાજા, સૂબા તથા **બાદ-શાહોએ** તેમના પાંડિત્યથી ખુશ થઈ **અમારિ** પ્રવર્તાવી હતી, ઘણા કેદીઓને છોડયા હતા. તથા જાતજાતનાં શુભ કાર્યો કર્યાં હતાં. આથી પંન્યાસજીનો યશ ઘણો પ્રસર્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પં૦ વિવેકહર્ષગણિવર** 'ભક્તામરસ્તોત્ર'નો પાઠ હમેશાં કરતા હતા, તેથી ભક્તામરસ્તોત્રનો ' અધિષ્ઠાયક દેવ તેમના ઉપર પ્રસન્ન હતો. પં૦ વિવેકહર્ષગણિએ તેમની સૂચનાથી કચ્છમાં વિહાર કર્યો. તેમણે સં૦ ૧૬૫૬નું પ્રથમ ચોમાસુ **ભુજનગરમાં** કર્યું. અને સં૦ ૧૬૫૭નું બીજું ચોમાસુ રાયપુરબંદરમાં કર્યું ત્યાં **કચ્છ** મચ્છુ-કાંઠો પશ્ચિમ પંજાબ, વાગડ, જેસલામંડળના રાજા ખેંગારજીના પુત્ર મહાવિદ્વાન્ **ભારમલજીની** વિનંતિથી ત્યાં પધાર્યા. કચ્છના રાજાએ તેમના ઉપદેશથી રાજ્યમાં અમારિ પ્રવર્તાવી. તે અમારિના દિવસો આ પ્રકારે હતા.—

## કચ્છમાં અમારિનો ઢંઢેરો—

"કદી પણ ગાય મારવી નહીં. પર્યુષણાપર્વ અને ઋષિપંચમી એમ ૯ દિવસો, શ્રાદ્ધપક્ષ, બધી અગિયારસો, રવિવાર, અમાસ, મહારાજાનો જન્મદિવસ, રાજ્યાભિષેક દિવસ—આ દિવસોમાં કોઈએ ક્યારેય કોઈ જીવ મારવો નહીં." આવો **ઢંઢેરો** પિટાવ્યો.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## જયપત્રો

કચ્છના રાજાએ એક દિવસે પંન્યાસજીએ એકવાદમાં વિજય મેળવવાથી પંન્યાસજીને સાત **જયવાદપત્રો** પોતાની મહોર મારીને આપ્યાં હતાં.

પંન્યાસજીએ મલકાપુરમાં વાદી સૂલજીને, બોરીદપુરમાં વાદી દેવજીને, જાલણામાં દિગંબરાચાર્યને અને રામરાજાની સભામાં વાદી આત્મારામને હરાવ્યા હતા.

## ભુજનો રાજવિહાર

કચ્છના રાજા **ભારમલ્લે** તેમના ઉપર ભક્તિ હોવાથી ભુજ-નગરમાં **રાજવિહાર** નામનો "જિનપ્રાસાદ" બનાવ્યો.

પંન્યાસજીએ સં૦ ૧૬૫૬માં જેસલા મંડળના **આખર** ગામને ધર્મોપદેશ આપી, ધર્મપ્રેમી બનાવ્યું હતું, ત્યાં રાવ ભારમલનો ભાઈ **કુંવર પંચાણ** રાજા હતો. તેની રાણીનું નામ **પુષ્પાબાઈ** હતું અને તેમને હુનોજી, હાજાજી, ભીમજી, દેસરજી, દેવોજી અને કમોજી વગેરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુત્રો હતા. બાખરમાં "ઓસવાલ જૈનોનાં અનેક ઘર" હતાં તે સૌને પંન્યાસજીએ પ્રતિબોધ આપી પોતાના **ઉપાસક** બનાવ્યા અને બાખરને "તપાગચ્છનું ક્ષેત્ર" બનાવ્યું.

સં૦ ૧૬૫૭ના માહ શુ૦ ૧૦ ને સોમવારે ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

પંન્યાસજીને ઉપકેશગચ્છના **ભટ્ટારકો** તથા પૂર્ણિમાગચ્છના **કુલગુરુઓ** સાથે મેળ થતો. આથી તે તે ગચ્છના **શ્રાવકોએ** સં૦ ૧૬૫૭ના ફા૦ વ૦ ૧૦ થી **શત્રુંજયાવતાર જિનપ્રાસાદ** બનાવવો શરૂ કર્યો, તથા સં૦ ૧૬૫૯ ના ફા૦ સુ૦ ૧૦ ના રોજ તૈયાર કર્યો. અને સં૦ ૧૬૫૯ ના ફા૦ સુ૦ ૧૦ ના દિવસે પં૦ વિવેકહર્ષગણિવર પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. એટલે **પં૦ વિવેકહર્ષગણિ** સં૦ ૧૬૫૯ સુધી **પંન્યાસ** હતા.

**રાસ**

તેમણે સં૦ ૧૬૫૨ માં વીજાપુરમાં **ભ૦ વિજયસેનસૂરિના** રાજ્યમાં 'આ૦ હીરવિજયસૂરિરાસ' તથા 'હીરવિજયસૂરિ નિર્વાણ-સજ્ઝાય બનાવ્યાં હતાં.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**બાદશાહી દરબારમાં**

**મહો૦ વિવેકહર્ષગણિવરે** આગરામાં મોગલ દરબારમાં સં૦ ૧૬૬૭ માં જઈ ધર્મપ્રભાવના કરી હતી.

મહો૦ વિવેકહર્ષગણિવર, પં૦ પરમાનંદગણિવર, પં૦ મહાનંદગણિવર, અને પં૦ ઉદયહર્ષગણિ સં૦ ૧૬૬૬ માં આગરામાં ચોમાસુ હતા. ત્યારે **બાદશાહ જહાંગીરે** તેમના ઉપદેશથી પોતાના પિતાની જેમ પોતાના રાજ્યમાં પર્યુષણના ૧૨ દિવસોમાં અમારિ પાળવાનું ફરમાન આપ્યું હતું.

બાદશાહ જહાંગીર જુલસી સન ૫, ઈલાહી સન ૫૫, ફરવરદિન મહિનો તા૦ ૨૬, હીજરી સન ૧૦૧૯, અથવા ૧૦૨૧ સને ૧૬૫૧, હીંદી વિ૦ સં૦ ૧૬૬૭ અથવ સં૦ ૧૬૬૮ ચૈત્ર શુદિમાં આપેલા તે ફરમાનમાં લખે છે કે, "જેમનો હેતુ સત્યની શોધ અને પરમેશ્વરની પ્રાપ્તિ કરવાનો છે, તેઓને રાજી કરવા તરફ અમે વધારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્યાન આપીએ છીએ, તેથી આ વખતે **પં૦ વિવેકહર્ષ, પરમાનંદ, મહાનંદ** અને **ઉદયહર્ષ** કે જેઓ તપાયતિ (તપગચ્છના સાધુ) **વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ** અને નંદિવિજયજી કે જેઓ ખુશ્ફહમ ખિતાબવાળા છે, તેમના ચેલાઓ છે, તે આ વખતે અમારી પાસે છે. અને તેમણે દરખાસ્ત પૂર્વક વિનંતિ કરી કે, ........તેથી એ વિનંતિ કબૂલ કરી દુનિયાએ માનેલો અને માનવાલાયક **જહાંગીરી હુકમ** થયો કે, મજકુર ૧૨ દિવસોમાં દરવર્ષે હિંસા કરવાની જગાઓમાં તમામ રક્ષણ કરેલા રાજ્યની અંદર પ્રાણીઓને મારવામાં આવે નહીં, અને એ કામની તૈયારી કરવામાં (પણ) આવે નહીં, વળી એ સંબંધી દર વર્ષનો નવો હુકમ કે સનદ પણ માગવામાં આવે નહીં, આ હુકમ મુજબ અમલ કરી ફરમાનથી વિરુદ્ધ વર્તવું નહીં અને આડે માર્ગે જવું જોઈએ નહીં. એ ફરજ જાણવી જોઈએ.

(—પ્રક૦ ૪૪, પૃ૦ ૧૩૭ મો૦ બા૦ ફરમાન ૧૦ મું)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ **વિજયસેનસૂરિ** સં૦ ૧૬૬૬માં પ્રભાસપાટણમાં ચોમાસુ હતા. આગરાના જૈન સંઘે સં૦ ૧૬૬૭ના કા૦ શુ૦ ૨ ના રોજ આગરાથી પ્રભાસપાટણ તેમની ઉપર 'સચિત્ર વિજ્ઞપ્તિપત્ર' લખી મોકલ્યો હતો. સંઘ તેમાં લખે છે કે—"બાદશાહ જહાંગીરે ગયા પર્યુષણમાં ૧૨ દિવસનું **અમારિ ફરમાન** કરી આપ્યું છે, તેથી સર્વ દેશ, પૂર્વદેશ, દિલ્હી મંડલ, મેવાતમંડલ, રણથંભોરગઢ વગેરે ઘણા દેશોમાં અમારિ વર્તી છે. બાદશાહે આ હુકમ આપ્યો ત્યારે બાદશાહ જરુખામાં બેઠો હતો. બુરહાનપુરવાળા **રામદાસજી** (બુરહાનપુરના રાજા રામરાજ) તેમની આગળ હતા. અમે ત્યાં ગયા. તેમાં પં૦...........હર્ષગણિ સૌથી આગળ હતા. પં૦........... હર્ષગણિ તેમની પાછળ હતા. અમે સૌ એમની પાછળ હતા. બાદશાહનો **ચિત્રકાર શાલિવાહન** ત્યાં હાજર હતો. તેણે આ વખતનું ચિત્ર દોરી લીધું છે. આ 'વિજ્ઞપ્તિપત્ર'માં તે ચિત્ર આલેખ્યું છે. અહીં પર્યુષણમાં તપ, સ્વામીવાત્સલ્ય વગેરે વધુ પ્રમાણમાં થયાં છે.

(—જૈન સાહિત્ય સંશોધક, ખંડ : ૧, અંક: ૪, પૃ૦ ૨૧૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચોરાશીના મંદિરમાં—શ્રી સ્કંદિલાચાર્યે** વીર સં૦ ૮૩૦ થી ૮૪૦ (વિ૦ સં૦ ૪૨૦ થી ૪૩૦)માં મથુરામાં ભ૦ સુપાર્શ્વનાથના સ્તૂપ મંદિરમાં ૫૨૭ સ્તૂપ પાસેના જિનાલયમાં આ૦ જંબૂ અને આ૦ હિમવંતની મદદથી ૮૪ જિનાગમોને પુસ્તકારૂઢ કર્યાં તે સ્થાન 'ચોરાશી મંદિર' તરીકે વિખ્યાત થયું.

(પ્રક૦ ૧, પૃ૦ ૪૯, ૫૦, પ્ર૦ ૨૩, પૃ૦ ૩૯૦)

**મહો૦ વિવેકહર્ષગણિએ** મથુરાના વિનાશ પછી સં૦ ૧૬૬૭માં મથુરામાં 'ચોરાશી જિનમંદિર'માં અંતિમ શ્રુતકેવલી **ભ૦ જંબૂ-સ્વામીની** વિશાળ ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી હતી.

(પ્રક૦ ૨૩, પૃ૦ ૩૯૦, પ્રક૦ ૨૬ પૃ૦ ૪૩૦)

આજે આ ચરણપાદુકા ત્યાં વિદ્યમાન છે પણ દુઃખદ ઘટના એ બની છે કે, "દિગંબર જૈનોએ તે સ્થાનની માલિકી જમાવવા માટે તેની ઉપરનો શિલાલેખ ઘસી નાખ્યો છે, અને તેની પાછળ પોતાની નવી જિનપ્રતિમા બેસાડી દીધી છે."

(—જૂઓ અમારો 'જૈનતીર્થોનો ઇતિહાસ પૃ૦ ૫૧૮)

મહોપાધ્યાયજીએ સં૦ ૧૬૬૭માં આગરામાં નદીપાર સામે કાંઠે શ્રી ચંદ્રપાલસંઘવી વગેરેના જિનાલયોની પ્રતિષ્ઠા કરી હતી.

મહો૦ વિવેકહર્ષગણિએ સં૦ ૧૬૬૭માં આ૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી આગરામાં ચોમાસુ કર્યું[1]

---

૧. **આ૦ વિજયસેનસૂરિનો** સં૦ ૧૬૬૭ના ચોમાસાનો **ક્ષેત્રાદેશ પટ્ટક** આ પ્રમાણે મળે છે.

ઉ૦ **વિવેકહર્ષગણિ** આગરામાં ૧, (નદી)પાર—૨
ઉ૦ **ભાનુચંદ્રગણિ** આગરા મધ્યે.
પં૦ જયવિજયગણિ, પં૦ વિજયહંસસત્ક, સાંગાનેર ૧.
**પં૦ ભીમવિજયગણિ,** પં૦ જસવિજયસત્ક, માલપુર ૧.
પં૦ હર્ષવિજયગણિ, નરાયણું ૧.
**પં૦ મહાનંદગણિ, અલવર ૧.**
પં૦ ધનચંદ્રગણિ, રયવાડી તથા દિલ્હી ૧.
**પં૦ જયવિજયગણિ,** ઉ૦ કલ્યાણવિજયગણિસત્ક શમાણું ૧.

૧૦૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરતરગચ્છના **આ૦ જિનસિંહસૂરિએ ભવિષ્યવાણી** કરી હતી કે, સમ્રાટ અકબર પછી દિલ્હીનો બાદશાહ મોટા શાહજાદા જહાંગીરનો **શાહજાદો ખુશરો** થશે. આથી શાહજાદા ખુશરોએ આ૦ અકબરના મરણ બાદ પોતાના પિતા સામે બળવો કર્યો. **બાદશાહ જહાંગીરે** બાદશાહ થયા પછી આ૦ જિનસિંહસૂરિ ખુશરોને બાદશાહ બનાવવાના પક્ષમાં છે એમ સમજી ગુસ્સામાં આ૦ જિનસિંહસૂરિ માટે 'તુજુકે જહાંગીર (જહાંગીરનામા)'માં તિરસ્કાર ભર્યા શબ્દો લખ્યા હતા, અને સાથોસાથ ખરતરગચ્છના યતિઓનો વિહાર દિલ્હીમંડળ, આગરા પ્રદેશમાં સદંતર બંધ કરાવ્યો હતો. ખરતરગચ્છના ૬૭મા પ્રભાવક **આ૦ જિનચંદ્રસૂરિ** (સં૦ ૧૬૧૨ થી ૧૬૭૭) આનો ઉપાય કરવા, ગુજરાત–પાટણથી વિહાર કરી, સં૦ ૧૬૬૯માં આગરા પધાર્યા.

તેમણે મહો૦ **વિવેકહર્ષગણિવર**, પં૦ પરમાનંદ ગણિવર, પં૦ મહાનંદગણિ, મુનિ ઉદયહર્ષ વગેરેનો સહકાર મેળવી, બાદશાહ જહાંગીરને મળી, સમજાવી સં૦ ૧૬૬૯ માં આગરામાં ખરતરગચ્છના યતિઓનો વિહાર ખુલ્લો કરાવ્યો હતો. અને તે સાલ ત્યાં જ ચોમાસુ કર્યું હતું. (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૮૩)

## વિહાર ખોલ્યો

આથી સ્પષ્ટ છે કે, **મહો૦ વિવેકહર્ષગણિ** વગેરેએ "આ૦ જિનચંદ્રસૂરિના ખરતરગચ્છના યતિઓનો આગરા પ્રદેશનો વિહાર ખોલાવવાના પ્રયત્નમાં" મોટી મદદ આપી હતી. ખરતરગચ્છના યતિવર **ઉપા૦ રામલાલજીગણિ** પોતાની 'મહાજન મુક્તાવલી'માં **મહો૦ વિવેકહર્ષગણિ**, પં૦ પરમાનંદગણિ, અને મહાનંદગણિને સાધારણ ગચ્છરાગથી "ખરતરગચ્છના સાધુઓ તરીકે" બતાવે છે, પણ

પં૦ કમલવિજયગણિ, હીસાર ૧, મહિમ ૨.

ઋષિ **પદ્મકુશલગણિ, અભિરામાબાદ**

માંડલીમાં ૧, પર્વતસરમાં ૨, ૧, શેરપુરમાં ૧, ટૂંકમાં ૧. મસુંદમાં ૧, ટાંડામાં ૧, સીરવાડીમાં ૧. (—જૈન સાહિત્ય સંશોધક, ખંડ : ૧, અંક : ૪ થો)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે તેમની ભૂલ છે. કેમકે ઇતિહાસ કહે છે કે, **મહો૦ વિવેકહર્ષગણિ,** પં૦ પરમાનંદગણિ, પં૦ મહાનંદગણિ, પં૦ ઉદયહર્ષગણિ વગેરે "તપગચ્છના સાધુઓ" હતા. બાદશાહ જહાંગીરનું ફરમાન પણ તેમને તપાગચ્છના હોવાનું પુરવાર કરે છે. (–જૂઓ ફરમાન ૧૦ મું)

**પ્રતિષ્ઠાઓ**

ગચ્છનાયકે પં૦ વિવેકહર્ષગણિને "ઉપાધ્યાયપદ" આપ્યું. તપાગચ્છના **ભ૦ વિજયદેવસૂરિએ** નગરશેઠ શાંતિદાસ ઝવેરીના દબાણથી સં૦ ૧૬૭૯માં ખંભાતથી અમદાવાદ વાસક્ષેપ મોકલી પં૦ મુક્તિસાગર (પં૦ રાજસાગર) ગણિને **ઉપાધ્યાય પદ** આપ્યું. (–પ્રક૦ ૫૫, પૃ૦ ૭૫૪)

હવે નગરશેઠ શાંતિદાસ ઝવેરીની ધારણા હતી કે, (૧) ચિંતામણિ પાર્શ્વનાથના સ્થાને **તીર્થધામ** બનાવીશ, ઉ૦ મુક્તિસાગરગણિને બે-એક વર્ષમાં આચાર્યપદવી અપાવી, તપગચ્છની સાગરશાખાના ભટ્ટારક આ૦ રાજસાગરસૂરિ બનાવીશ અને તેમના વરદ હસ્તે "ભ૦ ચિંતામણિપાર્શ્વનાથનો મોટો જિનપ્રતિષ્ઠા મહોત્સવ" કરાવીશ, પણ તેની એ ધારણા પાર પડી નહીં. કેમકે તપગચ્છના આ૦ વિજયદેવસૂરિ, બીજા નવા **આ૦ વિજયાનંદસૂરિ** તથા બીજા ગીતાર્થોએ સં૦ ૧૬૮૧ના પ્ર૦ ચૈ૦ શુ૦ ૯ના રોજ અમદાવાદના કાલુપુરના ઉપાશ્રયમાં તપગચ્છનું **મુનિ સંમેલન** મેળવી, એક ઠરાવ કર્યો હતો કે મહો૦ ધર્મસાગરગણિવરનો ગ્રંથ 'સર્વજ્ઞશતક–સટીક' અપ્રામાણિક છે. (–જૂઓ પ્રક૦ ૫૫ પૃ૦ ૭૩૬)

આમ થવાથી નગરશેઠ શાંતિદાસ ઝવેરીને વિચાર થયો કે ઉપા૦ મુક્તિસાગરગણિને આચાર્યપદવી અપાવવી હતી. તે કામ હવે તરતમાં જ નહીં પણ લાંબા કાળે પણ બને એવુંય લાગતું નથી. અને બીજી તરફ તૈયાર થયેલ જિનપ્રાસાદની પ્રતિષ્ઠાને રોકવી તે પાલવે તેમ નથી.

નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ આ પ્રમાણે વિચાર કરી સં૦ ૧૬૮૨ના જેઠ વદિ ૯ ગુરુવારે અમદાવાદના સિકંદરપુર (બીબીપુર)માં અમદાવાદમાં **મહો૦ વિવેકહર્ષગણિવરની** અધ્યક્ષતામાં મહો૦ મુક્તિસાગરગણિના હાથે પોતે અમદાવાદમાં તૈયાર કરેલ ભ૦ ચિંતા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મણિ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બીજા નાનાં મોટાં દેરાં, બાવન દેરીઓ અને જુની નવી જિન પ્રતિમાઓની મોટો ઉત્સવ કરી ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવી. (–પ્રક૦ ૫૮ (૫૯) નગરશેઠવંશ )

## પ્રતિમાલેખો

ત્યારે દરેક જિનપ્રતિમાઓ ઉપર નાના મોટા **પ્રતિમાલેખો** કોતરાયેલા હતા. તે આ પ્રમાણે મળે છે.

संवत् १६८२ वर्षे जेष्ट वदि ९ गुरुवासरे अहिमदाबाद वास्तव्य भ० श्रीओसवालज्ञातीय वृद्धशाखायां [सीसोदिया] (शा० वाछाभार्या बाई गोरदेसुत)-

सा० सहस्रकिरण भार्यां बाई कुंअरिबाइ सौभाग्यदे पुत्रेण सुत सा० पनजीप्रमुखकुटुम्बयुतेन

( श्रीशत्रुंजयादितीर्थे महामहःपुरःस्सरयात्रा समभ्वाप्त संघपति लालम-तिलकेन )

सा० शान्तिदासनामना स्वश्रेयसे श्री......जिनबिम्बं स्वयंकारित प्रतिष्ठायां कारितम् [प्रतिष्ठापितम्]

प्रति० तपगच्छे [भट्टारकविजयसेनसूरि पट्टालंकार] भट्टारक श्री विजय-देवसूरिवारके महो० श्री विवेकहर्षगणिनामनु **शिष्यमहोपाध्याय श्री मुक्तिसागरगणिभिः** (श्रियेऽस्तु)

**નોંધ :** કોઈ કોઈ નાની પ્રતિમાની ગાદીના પ્રતિમાલેખોમાં [ ] નિશાનીમાં બતાવેલા શબ્દો કોતર્યા નથી.

" ભ૦ ઋષભદેવના જિનપ્રાસાદના " ઉપર ગભારાની પરિકરવાળી પાંચે જિનપ્રતિમાઓ ઉપરની ગાદીમાં " ભ૦ અજિતનાથના જિન પ્રાસાદની ભમતિમાં " નં૦ ૬૧ તથા નં૦ ૭૦ મુનિસુવ્રતસ્વામી નં૦ ૬૯ મહાવીરસ્વામી અને નં૦ ૭૧ સુમતિનાથસ્વામીની પ્રતિમાઓની ગાદીમાં તેમજ ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયોમાં ઘણી પ્રતિમાની ગાદીમાં થોડા ફેરફાર સાથે ઉપર મુજબ પ્રતિમા લેખ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૬૮૨ જે૦ વ૦ ૯ના ભ૦...............ની જિનપ્રતિમા, વિમલવસહિના વિક્રમજી કાનજી વીશા શ્રીમાળીના ભ૦ સંભવનાથના જિનપ્રાસાદમાં છે. (શત્રુંજય ફરમો)

સં૦ ૧૬૮૨ જે૦ વ૦ ૯ના ભ૦...............ની જિનપ્રતિમા વિમલવસહિના વિક્રમજી કાનજી વીશા શ્રીમાળીના ભ૦ સંભવનાથના જિનપ્રાસાદમાં છે. (શત્રુંજય ફરમો) નં૦ ૭૫ નો પ્રતિમા લેખ છે કે–

श्री पुडरिकबिंबं प्रतिष्ठित तपागच्छे उपा० मुक्तिसागरगणिभिः ॥

આ સિવાય સં૦ ૧૬૯૬ માં તે ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિષ્ઠાની શ્લોકબદ્ધ પ્રશસ્તિ બની હતી. જેની નકલ શ્રી **જિનવિજયજી** પાસે સુરક્ષિત છે.

**નોંધ :** અમે પ્રક૦ ૫૮, ૫૯માં આ પ્રશસ્તિ આપીશું.

એકંદર મહો૦ વિવેકહર્ષગણિવરે સં૦ ૧૬૫૭–૧૬૫૯માં કચ્છ-ભૂજમાં કચ્છ–ખાખરમાં, સં૦ ૧૬૬૭માં મથુરામાં, સં૦ ૧૬૬૭–૬૮ માં આગરામાં, અને સં૦ ૧૬૮૨માં અમદાવાદમાં જિનપ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરાવી હતી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ગ્રંથો**

મહો૦ વિવેકહર્ષગણિવરે સં૦ ૧૬૫૨માં વિજાપુરમાં વિજય-હીરસૂરિલઘુરાસ" બનાવ્યો તથા "વિજયહીરસૂરિ સજ્ઝાય" બનાવી અને ગુજરાતી ભાષામાં ગદ્ય "પરબ્રહ્મપ્રકાશ" બનાવ્યો.

૫૮. **પં૦ પરમાનંદગણિ**–તેઓ મહો૦ વિવેકહર્ષગણિવરના ગુરુભ્રાતા હતા. બંને વચ્ચે અવિહડ ધર્મપ્રેમ હતો, તેથી તે બંને સાથે જ વિચરતા હતા. ગ્રંથકારો લખે છે કે, પં૦ વિવેકહર્ષગણિવર અને પં૦ પરમાનંદગણિ એ બંને પં૦ હર્ષાનંદગણિની પાટે સૂર્ય–ચંદ્રની જોડી સમા હતા. પં૦ પરમાનંદગણિએ સં૦ ૧૬૫૨ માં 'હીરવિજયસૂરિ નિર્વાણ રાસ' બનાવ્યો હતો.

(–પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૧૭૨)

પં૦ પરમાનંદગણિએ આ૦ વિજયસેનસૂરીશ્વરના શાસનમાં વિવિધ ભાષાવાળું 'વિજયચિંતામણિસ્તોત્ર' બનાવ્યું હતું. સં૦ ૧૬૭૧ માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાના દેશીય ભાષામાં 'સ્તવન' પણ બનાવ્યું હતું.

૫૯. **મુનિ ખેમાનંદ, પં૦ મહાનંદગણિ**—આ બંને મહો૦ વિવેકહર્ષગણિવરના શિષ્યો હતા. તેમનાં બીજાં નામો મુનિ ક્ષેમહર્ષ તથા મુનિ મહાહર્ષ પણ મળે છે. મુનિ ખેમાનંદ સં૦ ૧૬૫૪માં વિદ્યમાન હતા. પં૦ મહાનંદગણિએ સં૦ ૧૬૫૭ માં ચોમાસામાં કચ્છના રાયપુરમાં 'અંજનાસુંદરી રાસ' બનાવ્યો. તેમણે સં૦ ૧૬૬૯ ના મા૦ વ૦ ૮ને રવિવારે આરસૂ ગામમાં 'ભક્તામરસ્તોત્ર' લખ્યું હતું. પં૦ મહાનંદગણિ સં૦ ૧૬૬૭માં આ૦ વિજયસેનસૂરિની આજ્ઞાથી "અલવર"માં ચોમાસુ રહ્યા હતા. સંભવ છે કે તેઓની પરંપરામાં પં૦ જિનહર્ષગણિ અને પુણ્યદેહ મહાયોગી શ્રી લાભાનંદજી—લાભહર્ષ એટલે **આનંદઘનજી** મહારાજ થયા હોય. (પ્રક૦ ૬૨)

(૧) પાલનપુરા **શીલશાખા** પટ્ટાવલી

૫૫. **ભ૦ હેમવિમલસૂરિ**

૫૬. **પં૦ ચારિત્રશીલગણિ**

૫૭. **પં૦ સૌભાગ્યકલશગણિ**—તે વિ૦ સં૦ ૧૫૭૭માં આંગા ગામમાં હતા.

૫૭. **પં૦ જ્ઞાનશીલગણિ**

૫૮. પં૦ સિંહકુશલગણિ—તેમણે સં૦ ૧૫૬૦માં નંદબત્રીશી ચોપાઈ બનાવી.

**(૧) પાલનપુરા શીલ–ચારિત્રશાખા પટ્ટાવલી**

૫૫. **ભ૦ હેમવિમલસૂરિ**—તેમની પરંપરા પાલનપુરા તપાગચ્છ તરીકે પણ પ્રસિદ્ધ હતી.

૫૬. **પં૦ ચારિત્રશીલગણિ**—સંભવ છે કે—તેમનું નામ પં૦ ચારિત્રસાધુગણિ હોય, તેમની પરંપરામાં ચારિત્ર, શીલ, સાધુ, કળશ, અને ધીર વગેરે શાખા ચાલી હોય.

ભ૦ હેમવિમલસૂરિના શિષ્ય પં૦ ચારિત્રસાધુગણિના ઉપદેશથી વીરમપુરના સંઘે સં૦ ૧૫૬૮ વૈ૦ શુ૦ ૭ ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં રાણા કુંભકર્ણના રાજ્યમાં વીરમપુરમાં ભગવાન વિમલનાથના જિન

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાસાદમાં રંગ મંડપ બનાવ્યો.

(–શ્રી જિન વિ૦ પ્રા૦ લે૦ સં૦ ભા૦ ૨ જો લે૦ નં૦ ૪૧૮)

(–પ્રક૦ ૫૫ નાકોડા તીર્થ)

૫૭. **પં૦ સૌભાગ્યકલશગણિ**–તે વિ૦ સં૦ ૧૫૭૭ માં ચાંગા-ગામમાં વિરાજમાન હતા. તે પં૦ ચારિત્રશીલગણિના શિષ્ય હતા.

(૨) પાલનપુરા શીલચારિત્ર શાખા પટ્ટાવલી

૫૬. પં૦ જ્ઞાનશીલગણિ.

૫૭. પં૦ સિંહકુશલગણિ–તેમણે સં૦ ૧૫૬૦ માં "નંદ બત્રીશી ચોપાઈ" બનાવી હતી.

(૩) પાલનપુરા શીલ ચારિત્ર પટ્ટાવલી.

૫૬. પં૦ જ્ઞાનશીલગણિ

૫૭. પં૦ માણેકચારિત્રગણિ

૫૮. પં૦ વિવેકચારિત્રગણિ–તે સં૦ ૧૫૮૬ પ્ર૦ વૈ૦ સુ૦ ૭ સોમવારે વિદ્યમાન હતા. જે ભ૦ વિજયદાનસૂરિની આજ્ઞામાં હતા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૪) **પાલનપુરા શીલ ચારિત્ર શાખા પટ્ટાવલી**

૫૫. ભ૦ હેમવિમલસૂરિ

૫૬. પં૦ ચારિત્રશીલ ગણિ

૫૭. પં૦ **સંઘચારિત્રગણિ**–તે પાલનપુરા ગચ્છના પાટિયા-ધર હતા.

૫૮. મહો૦ વિમલચારિત્રગણિ–તે પં૦ સંઘચારિત્રગણિના શિષ્ય હતા. તેમના ઉપદેશથી શિરોહીના મહા તપસ્વી સંઘપતિ જીવરાજ વીશા પોરવાડના પુત્ર સં૦ હીરજી પોરવાડે વિ૦ સં૦ ૧૬૦૩ પો૦ સુ૦ ૧ શિરોહીથી આબૂ તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢચો. તેમાં મહો૦ વિમલચારિત્ર ગણિવર, તેમના શિષ્યો શ્રી મુનિ માણેક-ચારિત્ર, મુનિ જ્ઞાનચારિત્ર, શ્રી હેમચારિત્ર, શ્રી સંઘધીર, અને શ્રી ધર્મધીર તથા શિષ્યાઓ–પ્ર૦ વિદ્યાસુમતિ, શ્રી રત્નસુમતિ વગેરે પરિવાર સાથે હતો. ચતુર્વિધ સંઘ સાથે હતો. જેમાં સાથે ૧૦૦ થી વધુ વાહનો હતાં. (જૂઓ પ્રક૦ ૫૧, પૃ૦ ૫૧૦, **સંઘ ××× ગણિવરો**)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

(–પ્રાગ્વાટ ઇતિહાસ ખંડ ૩જો પૃ૦ ૩૨૩,
પ્રક૦ ૫૧, પૃ૦ ૫૧૫ શિરોહી નગર)

## ૧. પં૦ હર્ષકુલગણિની પરંપરા

૫૫. આ૦ હેમવિમલસૂરિ–સ્વ૦ સં૦ ૧૫૮૩

૫૬. **પં૦ કુલચરણગણિ**–તે મોટા વિદ્વાન હતા.

૫૭. **પં૦ હર્ષકુલ ગણિવર**–તેમનું બીજું નામ પં૦ હર્ષકલશ પણ મળે છે.

"વર વિબુધ **હર્ષકુલ**, કરી "શત અર્થ" વિચાર,
સુલતાન સનાખત, વાળ્યા સહસ અઢાર.
એમ ગચ્છપતિ કેરા, કેતા કહું અવદાત;
જે દેશ વિદેશ નર, નરપતિ વિખ્યાત. ૪૫"
(–આ૦ સોમવિમલસૂરિ કૃત 'તપાસોમશાખા પટ્ટાવલી)

તે મોટા વિદ્વાન્ હતા, સમર્થ કવિ હતા, તેમના ઉપર સરસ્વતી દેવી પ્રસન્ન હતી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

ગુજરાતના બાદશાહ **મુજફ્ફર શાહે** (ઇ૦ સ૦ ૧૫૧૧ થી ૧૫૨૩, વિ૦ સં૦ ૧૫૬૮ થી ૧૫૮૦) સં૦ ૧૫૭૨ માં ૫૫મા **આ૦ હેમવિમલસૂરિને** પકડાવી, કેદમાં પુરાવ્યા, અને ખંભાતના જૈન સંઘનો ૧૨૦૦૦ ટકા દંડ કર્યો, તે રકમ પાછી વળાવવામાં પં૦ હર્ષકુલ ગણિ વગેરે ચાર વિદ્વાન મુનિવરો બાદશાહ પાસે ગયા. તેઓએ બાદશાહને સમજાવી, બાદશાહ પાસેથી એ રકમ સંઘને પાછી વળાવી આપી હતી. (–પ્રક૦ ૫૫, પૃ૦ ૬૮૨ ઉપસર્ગ પ્રતિકાર)

**આ૦ હેમવિમલસૂરિવરે** પોતાની પાટે "આ૦ સૌભાગ્યહર્ષસૂરિ"ને સ્થાપન કર્યા હતા. પં૦ હર્ષકુલગણિ તેમના પક્ષમાં હતા, તેથી તેમની શિષ્ય પરંપરા 'હર્ષકુલ શાખા' તરીકે પ્રસિદ્ધ થઈ હતી.

**શતાર્થી**

**પં૦ હર્ષકુલગણિએ** "પં૦ વિજયવિમલગણિ"ને 'ગચ્છાચાર પઈન્નય' ભણાવ્યો હતો.

પં૦ હર્ષકુલગણિએ 'ણમો અરિહંતાણં'ના ૧૧૦ અર્થ કર્યા હતા, તેથી તેઓ 'શતાર્થી' તરીકે પ્રસિદ્ધ હતા.

તેમણે સં૦ ૧૫૫૭ માં પંચપલાશ ગામમાં 'વાસુદેવ ચોપાઈ' સં૦ ૧૫૮૩માં "સુયગડંગસુત્ત'ની ટીકા 'દીપિકા' ગ્રં૦ ૬૬૦૦,[1] 'કવિકલ્પદ્રુમ' પલ્લવ ૧૧, શ્લો૦ ૩૮૩, તેની સ્વોપજ્ઞ ટીકા, 'ધાતુચિંતામણી' જેમાં ૨૦૩૨ ધાતુઓ છે, 'બંધહેતુદયત્રિભંગી' અને '**કાવ્યપ્રકાશ**' વગેરે ગ્રંથો બનાવ્યા હતા.

૫૮. **પં૦ ઉદયસૌભાગ્યગણિ**– તે પં૦ હર્ષકુલગણિના વિદ્યા-શિષ્ય હતા. તેમણે સં૦ ૧૫૯૧ માં 'સિદ્ધહેમશબ્દાનુશાસન–પ્રાકૃત વ્યાકરણની ઢુંઢિકા વૃત્તિ' બનાવી હતી. તેમનું બીજું નામ **પં૦ ઉદયકુશલ** પણ મળે છે. તેમણે 'મણિભદ્રવીરછંદ' બનાવ્યો છે.

## (૧) પં૦ સંઘહર્ષગણિની પરંપરા

૫૫. **આ૦ હેમવિમલસૂરિ**—સ્વ૦ સં૦ ૧૫૮૩

૫૬. **પં૦ સંઘહર્ષગણિ**—ગુજરાતના બાદશાહ **મુજફ્ફરશાહે** આ૦ હેમવિમલસૂરિને સં૦ ૧૫૭૨માં પકડાવીને કેદમાં પૂર્યા અને ખંભાતના જૈનસંઘનો ૧૨૦૦૦ ટકા દંડ કર્યો તે રકમ પાછી વળાવવા, **પં૦ હર્ષકુલગણિ** વગેરે ચારે વિદ્વાન મુનિવરો બાદશાહ પાસે ગયા હતા. અને બાદશાહ પાસેથી તે રકમ પાછી વળાવી, હતી તે વિદ્વાન મુનિવરોમાં પં૦ સંઘહર્ષગણિ પણ એક હતા.

(પ્રક૦ ૫૧, સંઘગણિવરો ૫૫ પૃ૦ ૫૧૦, ૬૮૨, ૮૨૪)

૫૭. **પં૦ ધર્મસિંહગણિ**—તે પોતાને **આ૦ આણંદવિમલસૂરિના** શિષ્ય બતાવે છે. તો સંભવ છે કે, તે આ૦ આણંદવિમલસૂરિના હસ્તદીક્ષિત શિષ્ય હોય અને તેમની આજ્ઞામાં હોય.

તેમણે સં૦ ૧૫૮૦ લગભગમાં 'વિક્રમરાસ' બનાવ્યો.

તેમના શિષ્ય (૫૮) **પં૦ જયવિમલગણિ**, તેમના શિષ્ય

---

૧. ખરતરગચ્છીય ઉપા૦ સાધુરંગે સં૦ ૧૫૯૯માં **सूत्रकृतांगसूत्र** ઉપર **दीपिका** નામની ટીકા ગ્રં૦ ૧૩૪૧૬ રચી હતી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૯) **પં૦ પ્રીતિવિમલગણિએ** સં૦ ૧૬૪૯માં 'મૃગાંકકુમારરાસ' બનાવ્યો. તથા 'મેઘકુમારસજ્ઝાય' બનાવી છે. જે લોક પ્રિય છે.

૫૮. **પં૦ રત્નસિંહગણિ**—તેમણે 'નેમિભક્તામર૦' શ્લો૦ ૪૫, અને 'પાર્શ્વકલ્યાણમંદિર૦ શ્લો૦ ૪૫' બનાવ્યાં હતાં, તે 'નેમિભક્તામર'નું બીજું નામ 'પ્રાણપ્રિયકાવ્ય' પણ મળે છે.

સંભવ છે કે તેમણે જ સાત અર્થવાળા શ્રી નાભિનંદન જનેષુ૦ સ્તોત્ર તથા સં૦ ૧૬૧૯માં છ અર્થવાળું શ્રી વર્ધમાન જિનકાવ્ય બનાવ્યાં હોય. (પ્રક૦ ૪૩ પૃ૦ ૭૪૯)

૫૯ પં૦ રત્નસિંહગણિ શિષ્ય ૫૯ પં૦ શિવવિજયગણિએ ગિરનાર તીર્થમાળા બનાવી હતી.

## (૩) પં૦ વાનરઋષિની વિમલ પરંપરાઓ

૫૫. **આ૦ હેમવિમલસૂરિ** (પરંપરા ૧લી)

૫૬. **પં૦ વિજયવિમલગણિ**—તેમનું બીજું નામ પં૦ **વાનરઋષિ** પણ મળે છે. સંભવ છે કે ત્રીજું નામ વીપાઋષિ પણ હોય, તે વિમલ શાખાના હતા. છતાં તે **મહો૦ રાજવિમલગણિ** સાથે રહેતા નહોતા. પરન્તુ વિદ્યાપ્રેમી હોવાથી, **મહો૦ ધર્મસાગરગણિવર**ની સાથે રહેતા હતા.

તે (૫૫) **આ૦ હેમવિમલસૂરિ** શિષ્ય (૫૬) **પં૦ પ્રમોદમંડનગણિ,** તેમના શિષ્ય (૫૭) **પં૦ સુમતિમંડનગણિના** વિદ્યાશિષ્ય હતા. પં૦ સુમતિમંડનગણિ પણ બીજાને વિદ્યા આપવામાં અતિકુશળ હતા.

તેમને (૧) **પં૦ વિદ્યાવિમલગણિ,** (૨) પં૦ વિવેકવિમલગણિ, અને (૩) આનંદવિજયગણિ વગેરે શિષ્યો હતા.

**ગ્રંથો**

તેમણે સં૦ ૧૬૨૨ થી સં૦ ૧૬૩૪ સુધીમાં, ભ૦ વિજયદાનસૂરિના રાજ્યમાં 'ગચ્છાચાર પઇન્નય'ની નાની ટીકા, તેમજ શતાર્થી **પં૦ હર્ષકુશલગણિ** પાસે 'ગચ્છાચાર પઇન્નય'નો આમ્નાય મેળવી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં૦ ૧૬૬૪માં **આ૦ વિજયસેનસૂરિના રાજ્યમાં** 'ગચ્છાચાર-પઈન્નયની' મોટી 'ટીકા,' ગ્રં૦ ૫૧૫૮ બનાવી, જેમાં તેમના શિષ્યો પં૦ વિદ્યાવિમલગણિ, પં૦ વિવેકવિમલગણિ, અને પં૦ આનંદ-વિજયગણિએ સહાય કરી હતી. (ટીકા પ્રશસ્તિ)

સં૦ ૧૬૨૩માં 'ભાવપ્રકરણ, સ્વોપજ્ઞટીકા' સાથે, ૧૬૨૨માં 'ગચ્છાચાર પઈન્નય'ની નાની 'ટીકા,' સં૦ ૧૬૬૪માં 'ગચ્છાચાર પઈન્નયની' મોટી 'ટીકા' ગ્રં૦ ૫૧૫૮ આ૦ વિજયસેનસૂરિના રાજ્યમાં સં૦ ૧૬૫૨ થી ૧૬૭૨ માં 'વિવાહપન્નત્તી ટીકા'ના આધારે બંધ-છત્રીસીની 'અવચૂરિ' બનાવી, જે છપાઈ છે; 'ગુરુપર્વક્રમ શ્લો૦ ૭૩, 'જૈનેન્દ્રવ્યાકરણ'ની અનિટ્કારિકા—અવચૂરિ.' સં૦ ૧૬૬૨ માં પં૦ હર્ષકુલગણિના 'બંધહેતૂદયત્રિભંગી અવચૂરિ,' સાધારણ જિનસ્તવન—અવચૂરિ, પ્રતિલેખના કુલયં' ગા૦ ૨૮, સં૦ ૧૬૩૯માં જ૦ ગુ૦ **આ૦ હીરવિજયસૂરિની** "જંબુદીવ પન્નત્તિસુત્ત ટીકા"નું સંશોધન કર્યું હતું.

૫૭. **પં૦ વિદ્યાવિમલગણિ**—તેમનાં બીજાં નામો પં૦ વીર-વિદ્યાધર, ઉ૦ **વિદ્યાસાગરગણિ,** પં૦ વિદ્યાનંદ, પં૦ વિદ્યાચંદ **પં૦ વિદ્યાધર** વગેરે મળે છે. તે પોતાને **પં૦ વિજયવિમલગણિના** શિષ્ય બતાવે છે. અને વિજયસેનસૂરિ નિર્વાણ સજ્ઝાય રાસમાં પોતાને તેઓ પં૦ વિદ્યાગણિવરના શિષ્ય બતાવે છે તે પં૦ વાનરઋષિગણિના શિષ્યા હતા. પ્રસિદ્ધ કાવ્યકાર **પં૦ દેવવિમલગણિના** વિદ્યાશિષ્ય હતા. તે મોટા વિદ્વાન હતા. તે ગુરુ—શિષ્યો **મહો૦ ધર્મસાગર-ગણિ** સાથે વિચરતા હતા. પં૦ વિદ્યાવિમલગણિ એકાંતપ્રિય અથવા અલ્પ આયુષી હતા. આથી તેમનો વધુ નોંધપાત્ર ઉલ્લેખ મળતો નથી. તે સં૦ ૧૬૭૪ સુધી વિદ્યમાન હતા.

કેકિંદના શા૦ જગમલ ઓશવાલે પોતાની ૩૨ વર્ષની ઉંમરમાં પં૦ વિદ્યાધરની પાસે "ચોથું વ્રત" લીધું હતું

(શ્રી જિનવિજયજીનો પ્રા૦ જૈ૦ લે૦ સં૦ ભા૦ ૨જો લે૦ નં૦ ૩૭૭)

જૈનમ્ જયતિ શાસનમ્
JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગ્રંથો**

પં૦ વિદ્યાધરે વિવિધ સાહિત્ય બનાવ્યું હતું. તેમની પ્રથમ કૃતિ આ૦ 'વિજયદાનસૂરિ સજ્ઝાય' કડીઃ ૧૦, જે સંસ્કૃત–ગુજરાતી મિશ્રિત છે, તે મળે છે. દરેક કડીના પહેલા ચરણના પહેલા પહેલા અક્ષરો જોડવાથી 'શ્રીગૌતમગુરવે નમઃ,' દરેક કડીના બીજા ચરણના પહેલા પહેલા અક્ષરો જોડવાથી 'શ્રીહેમવિમલાય નમઃ' અને દરેક કડીના ત્રીજા ચરણના પહેલા પહેલા અક્ષરો જોડવાથી 'વિજયદાનસૂરયે નમઃ' બને છે. છેલ્લી કડીમાં તેમણે પોતાનું નામ 'વિદ્યાધર' બતાવ્યું છે.

**પં૦ વિદ્યાનંદગણિએ** સં૦ ૧૬૭૨માં આ૦ વિજયસેનચરિત્ર આ૦ વિજયસેનસૂરિ નિર્વાણસજ્ઝાય કડી ૫૭, પાર્શ્વનાથસ્તોત્ર શ્લો૦ ૧૦, 'હીરવિજયસૂરિ સલોકો' શ્લો૦ ૮૧ બનાવ્યા, આ૦ વિજયસેનસૂરિગીત' કડીઃ ૯, અને આ૦ વિજયદેવસૂરિગીત' કડી : ૯ બનાવ્યાં. (–શ્રી જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૬૭, પૃ૦ ૨૭૦)

૫૮. મહો૦ **સહજસાગર ગણિવર**–તે **પં૦ વિજયવિમલ ગણિવરના** શિષ્ય ઉ૦ વિદ્યાવિમલ ગણિ, બીજું નામ **ઉ૦ વિદ્યાસાગર ગણિવરના** શિષ્ય હતા. **મહો૦ ધર્મસાગર ગણિવરના** વિદ્યાશિષ્ય હતા. તેમનાં પં૦ સહજવિમલગણિ, **પં૦ સહજસાગર ગણિ** એમ બે નામ મળે છે. તે સં૦ ૧૬૧૬માં મેડતામાં મહો૦ ધર્મસાગર ગણિવરની સાથે અને પોતાના દાદા ગુરુની સાથે ચોમાસું રહ્યા હતા. તે સૌ ત્યાંથી **જાલોર** ગયા. ત્યાં મુનિ સહજસાગરને મુનિ **જયસાગર** નામે શિષ્ય અને મુનિ **જિતસાગર** નામે પ્રશિષ્ય થયા. તે સં૦ ૧૬૨૧માં માળવાના "સારંગપુર"માં ચોમાસું રહ્યા હતા.

આ૦ **વિજયહીરસૂરિએ** સં૦ ૧૬૨૮ ફા૦ સુ૦ ૭ ને સોમવારે પં૦ જયવિમલગણિને ઉપાધ્યાય પદ, આચાર્યપદ આપ્યાં. **આ૦ વિજયસેનસૂરિ** બનાવી, પોતાની પાટે સ્થાપ્યા. ત્યારે ઉ૦ વિમલહર્ષગણિવરને **મહોપાધ્યાય** તથા **મુનિ સહજસાગર ગણિ,** મુનિ લબ્ધિસાગર ગણિ, મુનિ પદ્મસાગર ગણિ, અને મુનિ જયસાગર ગણિને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પંન્યાસ** બનાવ્યા. પં૦ સહજસાગરગણિ સં૦ ૧૬૩૯માં આ૦ વિજયહીરસૂરિની સાથે "ફત્તેહપુર સિક્રી" ગયા હતા. જ૦ ગુ૦ **આ૦ હીરવિજયસૂરિવરે** સં૦ ૧૬૪૬ પો૦ સુ૦ ૧ શુક્રવારે પાટણમાં "બાર બોલનો પટ્ટક" બનાવ્યો. તેમાં **ગીતાર્થોના દસ્તખતમાં** પં૦ સહજસાગર ગણિના દસ્તખત પણ લીધા હતા.

સં૦ ૧૬૬૮ જે૦ સુ૦ ૧૪ શનિવારે અમદાવાદમાં ઉ૦ રાજસાગરગણિને ભ૦ વિજયદેવસૂરિના વાસક્ષેપથી આચાર્ય બનાવ્યા. તે **ભ૦ રાજસાગરસૂરિ** બન્યા. તેમણે પોતાનો સંઘ બનાવ્યો. તેમાં પં૦ સહજસાગરગણિ અને તેમના શિષ્ય પં૦ જયસાગર ગણિવરને ઉપાધ્યાય તથા **મહોપાધ્યાય** બનાવ્યા હતા. આથી તે બન્ને **ભ૦ વિજયદેવસૂરિના** પણ શિષ્ય અને **મહોપાધ્યાય** પણ લેખાય છે. તેઓની શિષ્ય પરંપરામાં "તપાગચ્છ વિજયદેવસૂરિ સંઘની સાગર શાખાની સંવેગી શ્રમણશાખા" મળે છે.

(–પ્રક૦ ૫૮, સાગરશાખા પરંપરા)

**આ૦ વિજયસેનસૂરિના** હસ્ત દીક્ષિત શિષ્ય તથા ભ૦ રાજસાગરસૂરિના શિષ્ય **પં૦ રવિસાગર ગણિવર** થયા. તે મહો૦ સહજસાગર ગણિવરના **વિદ્યાશિષ્ય** વિદ્વાન્ મોટા ગ્રંથકાર હતા. તેમના શિષ્ય **પં૦ જ્ઞાનસાગર**ગણિએ નેમિનાથ ચંદ્રાવલા બનાવ્યા હતા.

(–પ્રક૦ ૫૮, સાગર શાખા પરંપરા)

૫૮. **ઋષિ પંચાયણ**–(પં૦ સિંહસાગર ગણિ)

૫૯. **પં૦ કૃપાસાગર ગણિ**–તે પં૦ પંચાયણના શિષ્ય હતા.

તેમણે સં૦ ૧૬૭૪માં માંડવગઢમાં "ઉ૦ નેમિસાગરગણિનો નિર્વાણ રાસ" બનાવ્યો હતો. તેમણે આ રાસમાં માંડવગઢનું બીજું નામ (પાટણ) પણ આપ્યું છે. અને ત્યાંના ગુણવાન શ્રાવક તરીકે વીરદાન, છાજુમલ અને શા૦ જગુમલનાં નામ આપ્યાં છે.

૬૦. **પં૦ તિલકસાગરગણિ**–તેમણે સં૦ ૧૭૨૧માં ભ૦ રાજસાગરસૂરિ નિર્વાણ રાસ બનાવ્યો ઢાળ–૨૨ ગ્રં૦ ××× જેને **શ્રી જૈન**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્માનંદ સભાએ જૈન ઐતિહાસિક ગૂર્જરકાવ્ય સંચયમાં પ્રકાશિત કર્યો છે. ( —જૈનરાસમાળા ભા૦ ૧, પૃ૦ ૨૫૨, સૂરીશ્વર ઔર સમ્રાટ્ )

૫૬. **પં૦ વિજયવિમલ ગણિ**—(પં૦ વાનર્ષિગણિ પરંપરા—બીજી)

૫૭. પં૦ **વિવેકવિમલ ગણિ**—તેમણે સં૦ ૧૬૧૭માં પાટણમાં "ઉત્સૂત્રકંદકુદ્દાલ"ની બીજી પ્રતિ લખી. તેની પુષ્પિકામાં તેમનું બીજું નામ મેઘર્ષિ મળે છે તે સં૦ ૧૬૮૩ ના વૈ૦ વ૦ ૨ ના રોજ ખંભાતમાં હતા. તેમણે **આ૦ વિજયસેનસૂરિને** કરેલા પ્રશ્નો તથા ઉત્તરો **સેનપ્રશ્નમાં** મળે છે.

૫૬. **પં૦ વિજયવિમલ ગણિ**—(પરંપરા ત્રીજી)

૫૭. **પં૦ આનંદવિજય ગણિ**—શ્રી સંઘે તેમના ઉપદેશથી સં૦ ૧૬૫૯માં જેસલમેરમાં મોટો ગ્રંથભંડાર બનાવ્યો. તેમાં જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિની પ્રતિમા બેસાડી.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

આ૦ આણંદવિજયગણિએ આ૦ વિ૦ સેનસૂરિ સુધીની સંસ્કૃત ભાષા પદ્યમાં 'તપાગચ્છ પટ્ટધર પટ્ટક્રમગુર્વાવલી પદ્ય—૭૪ સર્વ ગ્રં૦ ૯૭ ગ્રં૦ ૮૪ અક્ષર—૧૬ બનાવી છે.

તેમણે **આ૦ વિજયસેનસૂરિને** કરેલા પ્રશ્નો તથા ઉત્તરો સેનપ્રશ્નમાં મળે છે.

## પં૦ પ્રમોદમંડનગણિની મંડનપરંપરા

૫૬ **આ૦ હેમવિમલસૂરિ.**

૫૬. **પં૦ પ્રમોદમંડનગણિ**—તેઓ હેમવિમલસૂરિના શિષ્ય હતા.

૫૭. **પં૦ સુમતિમંડનગણિ**—તે પં૦ પ્રમોદમંડનગણિના શિષ્ય હતા. મોટા વિદ્વાન હતા, વિદ્વન્માન્ય હતા. બીજાઓને વિદ્યા આપવામાં અતિકુશળ હતા. સાધુઓને ભણાવતા હતા. તેમણે સં૦ ૧૬૦૧ના ફા૦ વ૦ ૧ ને સોમવારે ગંધાર બંદરમાં 'દીવાલીકલ્પનો બાલાવબોધ' રચ્યો. સં૦ ૧૬૪૪માં દીપકપૂજા વિષયક 'તેજસારરાસ' રચ્યો.

( શ્રી પ્રશસ્તિ સં૦ ભા૦ ૧ પ્ર૦ નં૦ ૩૬૦ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૮. **પં૦ સહજવિમલગણિ**—તે પં૦ સુમતિમંડનગણિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૬૫૪માં અણહિલપુર પાટણમાં "ભ૦ શંખેશ્વર પાર્શ્વનાથ"ની કૃપાથી, પોતાને તથા પં૦ વિદ્યાવિમલ-ઉ૦ વિદ્યાસાગરગણિને વાંચવા માટે અને પોતાના શિષ્ય પં૦ વિજય-વિમલગણિને ભણાવવા માટે 'શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર લખ્યું.

(—શ્રી પ્રશસ્તિ સંગ્રહ ભા૦ ૨ જો, પ્રશ૦ નં૦ ૬૦૫)

ઉ૦ વિદ્યાવિમલના શિષ્ય મહો૦ સહજસાગરગણિ તે આમનાથી જુદા છે.

**રાસકારો**

આ૦ હેમવિમલસૂરિએ ગુજરાતી રાસ સાહિત્યકારોની ઘણી શ્રમણપરંપરા આપી છે, તે આ પ્રમાણે જાણવા મળે છે.

૫૫. આ૦ હેમવિમલસૂરિ—સં૦ ૧૫૪૮ થી ૧૫૮૩

(૫૬) પં૦ કુલચરણગણિ. (૫૭) **પં૦ હર્ષકુલશગણિ**—તેમણે સં૦ ૧૫૫૭માં પંચલાશમાં 'વસુદેવચોપાઈ' બનાવી.

૫૫. આ૦ હેમવિમલસૂરિ, (૫૩). **પં૦ સાધુવિજય** માટે જૂઓ (પ્રક૦ ૫૦ પૃ૦ ........)

૫૪. **પં૦ કમલસાધુ**—તેમનું બીજું નામ કમલધર્મ પણ મળે છે. તે આ૦ હેમવિમલસૂરિના હસ્તદીક્ષિત હતા.

૫૫. **પં૦ આનંદગણિ**—તેમણે સં૦ ૧૫૬૨માં 'સ્તવન-ચોવીશી' રચી. (—પ્રક૦ ૫૩)

૫૪. પં૦ કમલધર્મગણિ શિષ્ય (૫૫) **પં૦ હંસસોમગણિએ** સં૦ ૧૫૭૫માં 'પૂર્વદેશચૈત્યપરિપાટી' બનાવી.

૫૫. આ૦ હેમવિમલસૂરિ. ૫૬. **આ૦ સૌભાગ્યહર્ષસૂરિ**

(—પ્રક૦ ૫૫ પૃ૦ ૪૪૫)

૫૭. **પં૦ કલ્યાણહર્ષગણિ**—તેમણે સં૦ ૧૫૯૪માં ગંધારમાં 'કૃતવર્મરાજારાસ' બનાવ્યો.

૫૫. આ૦ હેમવિમલસૂરિ શિષ્ય (૫૬) **મુનિ દાનવર્ધનજી**—તેઓ ગચ્છનાયકના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૭. **પં૦ હંસધીરગણિ**–તેમણે સં૦ ૧૫૫૪માં ‘હેમવિમલસૂરિફાગ’ રચ્યો.

૫૬. આ૦ આનંદવિમલસૂરિ, ૫૭. પં૦ ધનવિમલગણિ,

૫૮. **મુનિશિવવિમલ** ( નગરશેઠ ભંડાર ‘નેમિનાથ ચરિત્ર’ )

૫૫. આ૦ હેમવિમલસૂરિ સ્વ૦ સં૦ ૧૫૮૩.

૫૬. **પં૦ કુલવીરગણિ** ૫૭ પં૦ કુલધીરગણિ.

૫૮. **પં૦ કુશલસંયમગણિ**–તેમણે સં૦ ૧૫૫૫માં ‘હરિબલમચ્છીરાસ’ રચ્યો.

ગુજરાતના બાદશાહ **મુજફ્ફરશાહે** ( સં૦ ૧૫૬૮થી ૧૫૮૪ ) આ૦ હેમવિમલસૂરિને સં૦ ૧૫૭૨માં પકડાવી કેદમાં પૂર્યા અને ખંભાતના **જૈનસંઘનો** ૧૨૦૦૦ ટકા દંડ કર્યો. તે રકમ પાછી વળાવવા માટે પં૦ હર્ષકુલગણિ વગેરે ૪ વિદ્વાન મુનિવરો બાદશાહ પાસે ગયા. તેઓએ બાદશાહને ખુશ કરી, બાદશાહ પાસેથી ૧૨૦૦૦ ની રકમ પાછી વળાવી હતી. આ ચાર મુનિવરોમાં **પં૦ કુશલસંયમગણિ** પણ હતા. ( –પ્રક૦ ૫૫ પૃ૦ ૬૮૨, ૮૨૪, ૮૨૫ )

૫૫. આ૦ હેમવિમલસૂરિ–તેઓની આજ્ઞામાં **મહાકવિ પં૦ લાવણ્યસમય પણ** હતા. ( –સં૦ ૧૫૫૫ થી ૧૫૯૦ પ્રક૦ ૫૨ )

૫૮ **પં૦ સિંહકુશલ** ગણિએ સં૦ ૧૫૬૦માં ‘નંદબત્રીશીચોપાઈ’ બનાવી. ( –પ્રક૦ ૫૫ પૃ૦ ૮૨૨, ૮૨૩. શીલશાખ )

તપગચ્છના (૫૪) આ૦ સુમતિસાધુસૂરિ, (૫૫) પં૦ પદ્મવિજયગણિ, (૫૬) પં૦ જયવિજયગણિ, (૫૭) પં૦ શાંતિવિજયગણિ શિષ્ય **પં૦ દોલતવિજય ગણિવરે** ‘ખુમ્માણરાસ’ બનાવ્યો.

( –પ્રક૦ ૫૪ )

સં૦ ૧૫૬૮ના વૈ૦ શુ૦ ૭ ગુરુપુષ્યમાં કુંભકર્ણના રાજ્યમાં વીરમપુરના **જૈનસંઘે** વિમલનાથ જિનપ્રાસાદમાં ભ૦ હેમવિમલસૂરિ શિષ્ય પં૦ ચારિત્રસાધુગણિના ઉપદેશથી ‘રંગમંડપ’ બનાવ્યો. ( –પ્રક૦ ૫૫ નાકોડા તીર્થ જિન વિ૦ લે૦ સં૦ ભા૦ ૨ લે૦ નં૦ ૪૧૮ )

**પં૦ ઉદયભાનુએ** સં૦ ૧૫૬૫માં વિક્રમસેનચોપાઇ બનાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રભાવક જૈનો**–ઈડરના રાજવંશમાં ઘણા રાજાઓ જૈન તથા જૈન ધર્મ પ્રત્યે પ્રેમવાલા થયા હતા.

(૧) **ઈડરનો રાજાભાણુ**—તે આ૦ હેમવિમલસૂરિનો ભક્ત હતો.

(૨) **ઈડરના રાજા નારાયણ**—તે મહો૦ શાન્તિચંદ્રગણિવરનો ભક્ત હતો. (જૂઓ પ્ર૦ ૫૫ પૃ૦ ૭૭૫ મહો હાનર્ષિગણિનો વાચક વંશ નં૦ ૨)

(૩) ઈડરનો કોઠારી સાયર,

(૪) ઈડરનો કોઠારી શ્રીપાળ.

(૫) ઉજ્જૈનનો બારવ્રતધારી શેઠ માણેકચંદ ઓસવાલ જૈન (–પ્ર૦ ૫૫ પૃ૦ ૮૩૯ થી ૮૪૨ મણિભદ્ર મહાવીર)

**જૈન તીર્થો**

જૈન ધર્મમાં (૧) કલ્યાણક તીર્થ (૨) અતિશય તીર્થ અને (૩) ચમત્કારી તીર્થ એમ ત્રણ જાતનાં તીર્થો બન્યાં છે.

શંખેશ્વરજી, કુલ્પાકજી, અંતરીક્ષજી, કંબોઈ, ઓશિયા, રામસેન, જીરાવલા, ફલોધિ કેશરીઆજી, મગરવાડા, ચાંદનગાંવ, ભોયણીજી, વગેરે ચમત્કારી તીર્થો છે.

ચમત્કારી તીર્થમાં અધિષ્ઠાયક દેવ ચમત્કારો બતાવે છે. આ જનતા ચમત્કારી તીર્થોને બહુ માને છે.

અમે પ્ર૦ ૩૬ પૃ૦ ૨૩૫માં રામસેન તીર્થ તથા તેના અધિષ્ઠાયક યક્ષનો પ્રસંગ આપ્યો છે. **જીરાવલા** તીર્થનો પરિચય પણ આપ્યો છે.[1]

---

૧. **જીરાવલા તીર્થ**–આપણે આ૦ અજીતદેવસૂરિ, જીરાવલા તીર્થનો ઇતિહાસ, અને જીરાવલા ગચ્છનો પરિચય પહેલાં (પ્રક૦ ૪૦, પૃ૦ ૪૭૯, ૫૨૮, પ્રક૦ ૪૧, પૃ૦ ૫૫૪, પ્રક૦ ૪૨, પૃ૦ ૭૧૦, ૭૨૨માં) જોઈ ગયા છીએ.

જીરાવલા ગચ્છ માટે શિલાલેખોના આધારે વિશેષ આ પ્રમાણે જાણવા મળે છે—

(૧) વડગચ્છના આ૦ દેવચંદ્રસૂરિ–(૪૧ મા) આ૦ વાદિદેવસૂરિની પાટે આ૦ જિનચંદ્ર (જિનભદ્રસૂરિ) થયા. (પ્રક૦ ૪૧, પૃ૦ ૫૭૩, ૫૮૨, ૫૮૯)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભ૦ હેમવિમલસૂરિના સમયે (૧) વરકાણા તીર્થ (૨) નાકોડા તીર્થ અને (૩) મગરવાડા તીર્થ એમ ત્રણ ચમત્કારી તીર્થો બન્યાં, તે આ પ્રમાણે—

## (૧) શ્રી વરકાણા તીર્થ

**સ્તુતિ—**

सर्वानंदजयश्रियां वरप्रदः सर्वत्र सेवाजुषाम्
योऽभूद् वा वरसौख्य श्रीच्युतिमहावाक्यप्रकाशोवरम्
यद् वाऽऽसीद् वरकाणकः किमिति सत्ख्यातिस्त्रिधार्थेवतत्
स श्रीपार्श्वविभुः प्रभावविभूताभावाय भूयाद् भुवि ॥ १ ॥

( નિગમમતના આ૦ વિનયહંસસૂરિકૃત શ્રી જિનસ્તોત્ર કોશ–૫૫મું સ્તોત્ર શ્લો૦ ૧૧ પૃ૦ ૮૩ )

મારવાડની ગોલવાડમાં **રાણી** સ્ટેશનથી ૩ માઇલ દૂર અને

---

જે મોટા શ્રમણસમુદાયવાળા હતા. તેમના પટ્ટધર આ૦ રામચંદ્રસૂરિના ઉપદેશથી જીરાવલા પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં દેરીઓ બની હતી.

તથા સં૦ ૧૪૧૫ ચૈ૦ વ૦ ૬ બુધ અનુરાધાનક્ષત્રમાં અને સં૦ ૧૪૧૩ના ફા૦ સુ૦ ૧૩ સ્વાતિ નક્ષત્રમાં પણ જુદી જુદી દેરીઓ બની હતી.

**જૈન તીર્થો**

જીરાવલા ગચ્છની પટ્ટાવલી ૧ લી

(૧) ભ૦ વીરસિંહસૂરિ

(૨) ભ૦ વીરચન્દ્રસૂરિ સં૦ ૧૪૩૫ મહા વ૦ ૧૨ સોમવાર

(૩) ભ૦ શાલિભદ્રસૂરિ–સં૦ ૧૪૫૩ વૈ. સુ૦ ૨ સોમવાર

**જીરાવલા ગચ્છની પટ્ટાવલી ૨ જી**

(૧) ભ૦ ઉદયચંદસૂરિ–૧૫૦૮ જે૦ સુ૦ ૧૦ સોમ.

(૨) ભ૦ સાગરચંદસૂરિ–સં૦ ૧૫૨૭ મ૦ વ૦ ૭ રવિ.

**જીરાવલા ગચ્છની પટ્ટાવલી ૩ જી**

(૧) ભ૦ દેવાનંદસૂરિ સં૦ ૧૬૫૧ વૈ૦ સુ૦ ૫ શુક્રવાર

(૨) આ૦ સોમસુંદરસૂરિ સં૦ ૧૬૫૧ વૈ૦ સુ૦ ૫ ( પ્ર૦ ૪૧ પૃ૦ ૫૯૯)

( તપા૦ ત્રિસ્તુતિક આ૦ વિજયયતીન્દ્રસૂરિનો જૈન પ્રતિમા લેખસંગ્રહ ભા૦ ૧ લેખ નં ૬૨, ૯૯, ૧૩૮, ૨૫૬, ૩૦૯, ૩૧૦ )

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નાડોલ** શહેરથી ૬ માઈલ દૂર **વરકાણા** ગામ છે. ગામ નાનું છે. પણ આ ગામ ગોલવાડ પ્રાન્તના **જૈનોની** પંચાયતનું મુખ્ય સ્થાન છે. ગામમાં જૈનોનાં ઘર નથી. પણ ગામની વચ્ચે બાવન દેરીઓ વાળો પ્રાચીન વિશાળ જિનપ્રાસાદ વિદ્યમાન છે. જેમાં રંગમંડપ અને નવ ચોકીના એક થાંભલા ઉપર સં૦ ૧૨૧૧ નો લેખ છે. જિન પ્રાસાદમાં મૂળનાયક તરીકે **ભ૦ પાર્શ્વનાથની** ધાતુની પ્રાચીન ભવ્ય પ્રતિમા વિરાજમાન છે. તેનું પરિકર સં૦ ૧૭૦૭માં બન્યું છે. જિન પ્રાસાદમાં બીજી પણ ઘણી પ્રતિમાઓ છે. **ભ૦ હેમવિમલ-સૂરિવરે** ભક્તામર સ્તોત્ર અને કલ્યાણમંદિર સ્તોત્રની પાદપૂર્તિરૂપે મંદાક્રાન્તામાં **વરકાણા પાર્શ્વનાથનું સ્તોત્ર** શ્લો૦ ૪૬ બનાવ્યું હતું. (પ્રક૦ ૫૫ પૃ૦ ૬૮૫)

(૫૪) ભ૦ સાધુરત્નસૂરિના શિષ્ય કવિ ચક્રવર્તી સર્વરાજગણિવરે સં૦ ૧૫૪૯ કા૦ વ૦ ૧૨ ના રોજ માંડવગઢમાં "આનંદસુંદર ગ્રંથ" બનાવ્યો હતો. તેની પ્રશસ્તિમાં "શ્રી વરકાણા પાર્શ્વ પ્રસન્નો ભૂયાત્" એમ લખ્યું છે. (પ્ર૦ ૫૪ પૃ૦ ૪૩૯)

આથી અનુમાન થાય છે કે સં૦ ૧૫૪૯ થી વરકાણા પાર્શ્વનાથનું આ સ્થાન તીર્થ તરીકે વિખ્યાત હતું.

જિનપ્રાસાદમાં પેસતાં ડાબી તરફના હાથી પાસે શિલાલેખ ખોદેલો છે. તેમાં ઉલ્લેખ છે કે–મેવાડના **રાણા જગતસિંહે** તપગચ્છના ભ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી સં૦ ૧૬૮૬ પો૦ વ૦ ૮ શુક્રવારે જાહેર કર્યું છે કે વરકાણામાં દર સાલ પોષ વદમાં ૮, ૯, ૧૦ અને ૧૧ ને દિવસે મેળો ભરાય છે. રાજ્યે આ મેળામાં જાત્રાળુઓનું કોઇ જાતનું મહેસુલ લેવું નહી. (જૂઓ પ્ર૦ ૪૪ પૃ૦ ૪૨)

આ૦ વિ૦ વલ્લભસૂરિ અને આ૦ વિ૦ લલિતસૂરિના ઉપદેશથી ગોલવાડના જૈનસંઘે અહીં "વરકાણા પાર્શ્વનાથ જૈન વિદ્યાલય ગુરુકુલ" બનાવ્યું છે. (અમારો જૈન તીર્થોનો ઇતિ૦ પૃ૦ ૩૨૨)

(૨) **નાકોડાતીર્થ** મારવાડમાં માલાની પરગણામાં બાલોતરા રેલ્વે સ્ટેશનથી ૭ માઈલ દૂર નાકોડા તીર્થ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકવાયકા છે કે–એક રાજાના (૧) વીરમસેન અને (૨) નકોરસેન એ બે રાજકુમારોએ પહાડીઓની વચ્ચે ૨૦ માઈલના ફાસલે (૧) વીરમપુર અને (૨) નક્કોર નગર–નક્કોરપુર વસાવ્યાં તથા બન્નેએ **જૈન** ધર્મ સ્વીકારી (૧) **ભ૦ ચન્દ્રપ્રભુ** અને (૨) **ભ૦ પાર્શ્વનાથના** મોટા જિનપ્રાસાદો બનાવ્યા. અને આ૦ **સ્થૂલિભદ્રસ્વામીના હાથે** તેઓની પ્રતિષ્ઠા કરાવી.

વીરમપુરમાં સં૦ ૯૦૯માં ૨૭૦૦ જૈનઘર બન્યાં હતાં. અહીંના **શા૦ હરખચંદજી તાતેડ જૈને** ભ૦ ચંદ્રપ્રભુના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરી, તેના મૂળનાયક ભ૦ ચંદ્રપ્રભુને ભોંયરામાં પધરાવી નવા **ભ૦ મહાવીરસ્વામીને** મૂળનાયક તરીકે બેસાડયા.

**આ પ્રતિમા** સં૦ ૧૨૨૩માં ખંડિત થવાથી સંઘે ત્યાં ભ૦ **મહાવીરસ્વામીની** બીજી નવીપ્રતિમા સ્થાપી. **બા૦ આલમશાહે** વીરમપુર ભાંગ્યું. જિનપ્રાસાદ તોડયો. અને તે નાકોરાને ભાંગવા ગયો. **સંઘે** ત્યાંથી ૧૦ ગાઉ દૂર **કાંડાગામ** પાસેના **કાલીદ્રહમાં** ભ૦ પાર્શ્વનાથ વગેરેની ૧૨૦ પ્રતિમા પધરાવી. બાદશાહે નગર અને ખાલી બનેલા જિનપ્રાસાદ તોડયા. પછી જૈનોએ વીરમપુરના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો ત્યારે એક જૈનને સ્વપ્ન આવ્યું કે "કાલીદ્રહમાં ભ૦ પાર્શ્વનાથ છે તેને અહીં લાવી બેસાડો." આથી સંઘે કાલીદ્રહમાંથી ૧૨૦ જિન પ્રતિમાઓ લાવી, મૂળનાયક તરીકે ભ૦ નાકોડા પાર્શ્વનાથને બેસાડી મંદિરમાં સર્વ પ્રતિમાઓને બેસાડી. ત્યારથી આ સ્થાન નાકોરા–**નાકોડા** તરીકે પ્રસિદ્ધ થયું.

ત્યાં આજે (૧) નાકોડા પાર્શ્વનાથનું જિનાલય, (૨) લચ્છીબાઇનો ઋષભજિનપ્રાસાદ અને (૩) માલાશાહનું ટેકરા ઉપર બનેલ ભ૦ શાન્તિનાથનું મંદિર, એમ ત્રણ જિનાલયો છે. જે સુંદર કારીગરીવાળાં ઉંચા શિખરવાળાં છે. તે ત્રણે જિનપ્રાસાદોનો પરિચય આ પ્રમાણે છે

**(૧) નાકોડા પાર્શ્વનાથનું જિનાલય–મહો૦ સમયસુંદરગણિવરે** આ તીર્થનું "નીત નામ જપો શ્રી નકોડા" સ્તવન બનાવ્યું છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થ પલ્લીવાલ શ્વેતામ્બર જૈનોએ સ્થાપ્યું છે. જેમાં ૧૨ થી ૧૭મી શતાબ્દી સુધીની ઘણી જિન પ્રતિમાઓ છે. જે દરેકની ઉપર વિવિધ સાલના પ્રતિમા લેખો છે.

એક કાઉસગ્ગીઆ ઉપર વિ૦ સં૦ ૧૩૦૩નો લેખ છે.

સંઘે સં૦ ૧૬૨૧મા દરવાજો બનાવ્યો, તથા શ્રી નાકોડા પાર્શ્વનાથની કૃપાથી પલ્લીવાલ ગચ્છના **ભ૦ યશોદેવસૂરિના** સમયે, રાવલ જગમાલના રાજ્યમાં સં૦ ૧૬૭૮ બી૦ અ૦ સુ૦ ૨ રવિવારે ભ૦ મહાવીર સ્વામીના જિનાલયમાં ચોકી બનાવી, તેમજ સં૦ ૧૬૮૨ અ૦ સુ૦ ૬ સોમવારે **નંદીમંડપ** બનાવ્યો.

અહીં મૂળનાયક તરીકે “ ૨૫ ઇંચ ઉંચી નાકોડા પાર્શ્વનાથની પ્રતિમાઓ છે. અહિંના ક્ષેત્રપાલ અધિષ્ઠાયક **નાકોડા ભૈરવ** છે. જે ચમત્કારી છે. મંદિરની મૂળ બાંધણી ૫૨ (બાવન) જિનાલય મંદિરવાળી છે. તેમાં દેરીઓ બનાવવાનું કામ ચાલુ છે. સં૦ ૨૦૧૬ મહા સુદિ–૧૪ના રોજ છેલ્લી પ્રતિષ્ઠા થઈ છે.

**(૨) બીજો જિન પ્રાસાદ–ભ૦ ઋષભદેવનું જિનાલય**

વીરમપુરની **લક્ષ્મી બાઇએ** આ મંદિર બનાવી તેમાં સં૦ ૧૫૬૮ વૈ૦ સુ૦ ૬ને રોજ **ભ૦ હેમવિમલસૂરિના** હાથે ભ૦ ઋષભદેવની જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યારે વીરમપુરમાં ૧૫૦૦ જૈન ઘર હતા, અહીં આજે મૂળનાયક તરીકે બે ફુટ ઉંચી ભ૦ ઋષભદેવસ્વામીની ભવ્ય પ્રતિમા છે. બે બાજુ બદામી રંગની બે જિન પ્રતિમાઓ છે. તે મંદિરમાં કુલ ૩૫ જિન પ્રતિમાઓ છે.

અહીં વીરમપુરના **સંઘે** રાવલ ઉપકર્ણના રાજ્યમાં સં૦ ૧૫૬૮ અ૦ સુ૦ ૫ (વૈ. સુ. ૭) ગુરુવાર પુષ્ય નક્ષત્રમાં તપાગચ્છના **ભ૦ હેમવિમલસૂરિના** શિષ્ય **પં૦ ચારિત્રસાધુગણિવરના** ઉપદેશથી ભ૦ વિમલનાથના જિનપ્રાસાદમાં “ રંગમંડપ ” બનાવ્યો, સં૦ ૧૫૭૨ અ૦ સુ. ૧૫ ને રોજ ભ૦ હેમવિમલસૂરિના શિષ્ય પં૦ વિમલચંદ્રગણિના ઉપદેશથી નવ ચોકી કરાવી, તથા મહો૦ ધર્મસાગર ગણિવરના ઉપદેશથી સં૦ ૧૬૩૭ના વૈ. સુ. ૩ ગુરુવારે રાવલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભીમ મેઘરાજે વિમલનાથ જિનાલયમાં રંગમંડપ બનાવ્યો.

( પ્રક૦ ૫૫, પૃ૦ ૮૨૨ શીલચારિત્ર શાખાની ૧લી પટ્ટાવલી. )

( શ્રીજિન વિ૦ પ્ર૦ લે૦ સં૦ ભા૦ ૨ લે૦ નં. ૪૧૮ ૪૨૧ )

તેમજ સંઘે સં૦ ૧૬૭૭ બી૦ અ૦ સુ૦ ૬ દિને શુક્રવારે ઉત્તરા ફાલ્ગુણી નક્ષત્રમાં રાઉલ વિજયસિંહના રાજ્યમાં ભ૦ વિજયસેનસૂરિ, આ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ જિનાલયમાં સં૦ ૧૮૬૫ નો પણ શિલાલેખ છે.

(૩) **ભ૦ શાન્તિનાથનું જિનાલય**–આ મંદિર ત્રણે મંદિરોમાં સૌથી ઉંચું છે. વધુ પહોળું છે. નાકોડા પાર્શ્વનાથના જિનાલયની જમણી બાજુમાં ઉંચી જમીનમાં આવેલું છે. જેને **શેઠ માલાશાહે** બંધાવ્યું હતું. તેને ચક્રેશ્વરી દેવીએ પ્રસન્ન થઈ ધન આપ્યું હતું. તેણે મંદિરોના ખાસ ખાસ દોષો ટાળી, આ મંદિર બનાવ્યું. હતું. મૂળનાયક **ભ૦ શાન્તિનાથની** પ્રતિમા ખંડિત થવાથી સં૦ ૧૯૧૦ મહા સુદ ૫ ગુરુવારે તેમાં ભ૦ શાન્તિનાથની બીજી નવી પ્રતિમા બેસાડવામાં આવી હતી. જે પ્રતિમા આજે વિદ્યમાન છે.

આ મંદિરમાં ૨૭ જિન પ્રતિમાઓ અને ચરણ પાદુકાઓ છે.

આ મંદિરમાં સં૦ ૧૬૧૪ માગસર વ૦ ૨ નો ખરતરગચ્છના **ભ૦ જિનચંદ્રસૂરિના** સમયનો સંસ્કૃત શિલાલેખ છે. સં૦ ૧૫૧૮ જે૦ સુ. ૪ની ભ૦ જિનચંદસૂરિ પ્રતિષ્ઠિત **ભ૦ જિનપ્રભસૂરિની** પ્રતિમા છે.

આ નગર વિક્રમની સત્તરમી શતાબ્દી સુધી સમૃદ્ધ હતું. આજે અહીં મેવાનગર ( પો૦ બાલોત્તરા ) નાનું ગામ વસેલું છે. અહીં ઉપર મુજબ ઉંચા શિખરવાળા સુંદર કારીગરીવાળા ભવ્ય મોટા જિન પ્રાસાદો છે.

( અમારો જૈન તીર્થોનો ઇતિહાસ પૃ૦ ૩૪૭ થી ૩૫૧ નાકોડા )

## (૩) મણિભદ્ર મહાવીર યક્ષનું મગરવાડાતીર્થ

### સ્તુતિ

भूतः प्रेतो डाकिनी शाकिनी वा दुष्टा देवा राक्षसा व्यन्तराश्च ।
नाम्ना यस्याऽऽयाति शान्ति नितान्तं तं देवेशं माणिभद्रं नमामि ॥६॥

श्रद्धास्रोतः श्राविणौ यस्य नित्यं

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सेवालग्नौ भैरवो कृष्णगौरौ ।
तं विघ्नालिध्वंसकं पूज्यपादं
भक्त्युद्रेकान्माणिभद्रं नमामि ॥ ९ ॥
वाराहवक्त्रेण सुशोभमान-
मैरावणारूढमनेकशक्तिम् ।
सर्वेश्वरं भद्रकरं वरेण्यं
श्रीमाणिभद्रं शिरसा नमामि ॥ १० ॥
योगिन्यश्च समे वीराः सेवायां यस्य नित्यशः ।
विद्यमानास्तया भूतं माणिभद्रं नमाम्यहम् ॥ ११ ॥
न मे सखा भूमितलेऽस्ति कश्चित्
त्वत्तः परो मोहविनाशहेतुः ।
त्यक्त्वा क्व गच्छामि भवन्तमेव
न मे गतिः क्वापि तु माणिभद्र ॥ २० ॥
सुतार्थी भजेत् पुत्रलाभाय नित्यं
गदार्तश्च नैरोग्यमाप्तुं मनुष्यः ।
मुमुक्षुस्तु मोक्षाय "मोक्षैक हेतुं"
धनार्थी धनप्राप्तये माणिभद्रम् ॥ २१ ॥
राज्येऽभिसम्मानकरः कृपालुः,
कारागृहाद् बन्धनमुक्तिहेतुः ।
देवः परो नास्ति वरप्रदाता
श्रीमाणिभद्रादिह विश्वमध्ये ॥ २३ ॥
यशोवित्तविद्याप्रदातरमीड्यं
जगद्वन्दनीयं तपागच्छनाथम् ।
पवित्रव्रतं सर्वदाहं स्मरामि
दयाम्भोनिधिं माणिभद्राख्यदेवम् ॥ २४ ॥

(સં૦ ૧૯૯૫ના વૈ૦ શુ૦ ૫ નો પં૦ ચતુરસાગરકૃત
શ્રીમાણિભદ્રસ્તોત્ર શ્લો૦ ૨૭)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यक्षेन्द्रः स्वच्छमूर्तिर्जिनपतिचरणाऽऽसेविनां सिद्धिदाता
आरूढो दिव्यनागं मुनिपति विमलानन्दभक्तः प्रवीणः ।
शुण्डास्यो दिव्यरूपः सुरमणि सुरभी कल्पकुम्भैः समानः
वीरेन्द्रः **माणिभद्रः** प्रदिशतु कुशलं बुद्धि सिद्धी समृद्धिम् ॥

ઉલ્લેખ મળે છે કે વિ૦ સં૦ ૧૫૪૭ માં ધાણધારમાં મણિભદ્ર યક્ષ પ્રગટ થયા. (વીરવંશાવલી. વિવિધ ગચ્છ પટ્ટાવલી સંગ્રહ પૃ૦ ૨૧૮, પ્રક૦ ૫૩ પૃ૦ ૫૬૩)

પૂ૦ આ૦ **બુદ્ધિસાગરસૂરિ લખે છે કે**–તપાગચ્છમાં ચૌદમા (સોળમા) સૈકામાં **શ્રીઆણંદવિમલસૂરિ** થયા. તેમણે યતિઓમાં શિથિલાચાર દેખી પાંચ હજાર યતિઓની સાથે ક્રિયોદ્ધાર કર્યો. તે વિહાર કરતા કરતા માળવામાં ગયા. તે ઉજ્જૈનીમાં ક્ષિપ્રા નદીના કાંઠે ગંધર્વમસાણમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા. **ઉજ્જૈનમાં માણેકચંદ ઓસવાલજૈન** બારવ્રતધારી શ્રાવક વસતો હતો. તેની માતાએ "વર્ધમાન આયંબિલ તપ" આદર્યું હતું. યતિઓ શિથિલ થવાથી માણેકચંદની શ્રદ્ધા યતિઓ પરથી ઉઠી ગઈ. આ૦ આનંદવિમલ. ગંધર્વમસાણમાં કાઉસગ્ગધ્યાને રહ્યા હતા. ત્યાં તેમણે એક માસોપવાસનું તપ આદર્યું હતું. લોકોએ તેમની તારીફ કરી. માણેકચંદની માતાએ પુત્રને કહ્યું કે, 'તું આ૦ આણંદવિમલસૂરિને વહોરવા માટે તેડવા જા. માણેકચંદને શ્રદ્ધા નહોતી પણ તે માતાના કહેવાથી રાત્રે ત્યાં મસાણમાં પરીક્ષા કરવા ગયો. તેણે અંધારામાં મશાલ સળગાવી અને આ૦ આણંદવિમલસૂરિની દાઢી પર ધરી, તેથી તેમની દાઢીના વાળ બળી ગયા. અને તેમનું મુખ દાઝયું. તો પણ તે મૌન અને શાંત રહ્યા. તેથી માણેકચંદ શેઠને તેમના સાધુત્વ વિશે શ્રદ્ધા થઈ. અને અને તે ગુરુના પગે પડયો, આ૦ આનંદવિમલસૂરિએ તેને બોધ આપ્યો. તેથી તે ગુરુભક્ત બન્યો. માણેકચંદ શેઠની પાલીમાં દુકાન હતી. ત્યાં આ૦ આનંદવિમલસૂરિ ચોમાસુ રહ્યા. ત્યાં આ૦ આનંદવિમલસૂરિએ "શત્રુંજયમહાત્મ્ય' વાંચ્યું, તેથી માણેકચંદને સિદ્ધાચલનાં દર્શન કરવા ઘણો ભાવ થયો, અને તેણે "સિદ્ધાચલનાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શન કર્યા વિના ભોજન નહીં લેવાની પ્રતિજ્ઞા કરી, તપ આદર્યું અને યાત્રા કરવા ચાલ્યો. તે સાતમા દિવસના ઉપવાસે પાલનપુર અને સિદ્ધપુરની વચ્ચે **મગરવાડામાં** આવ્યો. ત્યાં તે વખતે ગામ ન હતું. ત્યાં તેને ભિલ્લોએ લૂંટી લીધો. અને મારી નાખ્યો, મરતી વખતે તે સિદ્ધાચલના ધ્યાનમાં અને પંચપરમેષ્ઠીના ધ્યાનમાં આરુઢ થયો હતો, તેથી તે મરીને **મણિભદ્રવીર** તરીકે ઘણા દેવોનો ઉપરી થયો.

એ સમયે ખંભાતમાં ખરતરગચ્છ અને તપગચ્છના યતિઓમાં મતભેદ થતાં ઝગડો થયો અને ખરતરગચ્છના યતિઓએ ભૈરવની આરાધના કરી તપગચ્છના યતિઓને મારી નંખાવ્યા. આથી ૫૦૦ યતિઓ માર્યા ગયા. આથી **આ૦ આણંદવિમલસૂરિએ** પાલનપુર તરફ વિહાર કર્યો. તેઓ મગરવાડાની ઝાડીમાં ઉતર્યા. ત્યાં રાત્રે આ૦ આણંદવિમલસૂરિ ધ્યાન ધરતા હતા. તેમની પાસે માણેકચંદ શેઠે આવીને દર્શન દીધાં. સૂરિએ તેને ઓળખ્યો. માણેકચંદ શેઠે પોતાના મરણનો વૃત્તાંત કહ્યો, અને મણિભદ્રવીર તરીકે પોતાની ઉત્પત્તિ વિશેની હકીકત કહી. હવે તેમની સેવા–ચાકરી કરવા યાચના કરી.

આ૦ આણંદવિમલસૂરિએ કહ્યું 'ખરતગચ્છના યતિઓએ ભૈરવને આરાધી અમારા ગચ્છના સાધુઓનો નાશ કરવા તેને મૂક્યો છે, તેનું નિવારણ કરો. તપગચ્છના આચાર્ય, સાધુઓ, યતિઓ વગેરેને સહાય કરો. **મણિભદ્રવીરે** કહ્યું, 'હું આપની સેવામાં હાજર રહીશ અને **ભૈરવનો** ઉપદ્રવ ટાળીશ, પણ મારી એક માગણી છે કે, તપગચ્છના ઉપાશ્રયોમાં તથા દેરાસરોમાં મારી મૂર્તિની સ્થાપના કરવામાં આવે. સૂરિએ કહ્યું કે 'તમને તપગચ્છના અધિષ્ઠાયક તરીકે સ્થાપવામાં આવે છે.'

તેજ જગ્યાએ "મણિભદ્રવીરની સ્થાપના" કરવામાં આવી. તે સ્થાન **મગરવાડા** તરીકે પ્રસિદ્ધ થયું. મણિભદ્રવીરે ભૈરવને વારી ઉપદ્રવ દૂર કર્યો. મણિભદ્રવીરના કહેવા પ્રમાણે ભૈરવ શાંત થયો.

તપગચ્છના આચાર્યો જે નવા "પાટ" પર બેસતા તે ત્યાં પ્રથમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જતા. અને મગરવાડામાં જઇ અઠ્ઠમ કરી મણિભદ્રવીરને પ્રત્યક્ષ કરતા હતા.

તે પ્રમાણે તપગચ્છ સોમશાખાના ૬૨મા ભ૦ **શાંતિસોમે** મગરવાડામાં રહી મણિભદ્રનું આરાધન કર્યું અને તેમના પગનો કે ઢીંચણનો કંઈક અંશ **આગલોડમાં** લઈ ગયા. અને ત્યાં મણિભદ્રવીરના કહેવા પ્રમાણે દેરું બંધાવી ત્યાં સ્થાપના કરી. (પ્રક૦ ૫૩ પૃ૦ ૫૬૩)

**નોંધ :** તપગચ્છના ઉપાશ્રયોમાં તથા દેરાસરોમાં પુર, નગર અને ગામે ગામમાં મણિભદ્રવીરની સ્થાપના જ્યાં ત્યાં જોવામાં આવે છે.

**જૈન** શાસનના અધિષ્ઠાયક તરીકે મણિભદ્રવીર **જૈન સમ્યગ્‌દૃષ્ટિ** દેવ છે. વિ૦ સં૦ ૧૭૩૩માં આગલોડમાં મણિભદ્રવીરનું દેરું સંઘે બંધાવ્યું.

સં૦ ૧૮૬૦માં આગલોડના ઠાકોર હરિસિંહના વખતમાં **પં૦ મુક્તિવિજયજીના** ઉપદેશથી આગલોડના જૈનસંઘે મણિભદ્રવીરના દેરાનો "જીર્ણોદ્ધાર" કર્યો. તે દેરાસરની પાસે આદીશ્વર ભગવાનની પાદુકાદેરી છે. બીજી દેરીઓ પણ **જૈનોની** છે. તેની પાસે શ્રાવકસંઘની બંધાવેલી **ધર્મશાળા** છે. તથા જૈન સંઘે બંધાવેલો કૂવો છે.

JAINSITE જૈન સાઈટ

આગલોડના જૈનસંઘની માલિકી તથા વહીવટ તળે મણિભદ્રવીરનું દેરું, દેરીઓ તથા ધર્મશાળા, બાગ, કૂવો વગેરે છે.

આગલોડમાં શ્રાવકોનાં ૧૦૦ ઘર, એ શિખરબંધી દેરાસર છે.

(—વીજાપુર—બૃહદ્‌વૃત્તાંતમાંથી)

મણિભદ્રવીર તે પૂર્વે માણેકચંદ્ર શેઠ નામે **વીસાઓશવાલ શ્રાવક** હતો. તેથી અમદાવાદ, સુરત, મુંબઈ, પૂના, વિજાપુર વગેરે ઓશવાલો ત્યાં બાધા રાખવા—મૂકવા આવે છે.

મણિભદ્રવીરના દેવળના પ્રાસાદના ગભારામાં આગળ કોઇ ખરતરગચ્છના યતિએ (આજથી ૨૫—૩૦ વર્ષ પૂર્વે) ભૈરવની સ્થાપના કરી છે. પણ અમારો એવો મત છે કે, ભૈરવની સ્થાપના ત્યાં ન રાખતાં પાસે દેરી કરી તેમાં કરવી જોઇએ.

આગલોડ, ઈલોડ વગેરે ગામો ભીલ ઠાકોરોએ વસાવેલાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આગલોડમાં મણિભદ્રવીર**

ઈ૦ સ૦ ૧૯૨૧ માં 'મણિભદ્રતીર્થનું વર્ણન' નામનું પુસ્તક બહાર પડ્યું છે. તેમાં 'આગલોડને પહેલાં અગસ્થિપુર કહેતા હતા, તથા અગસ્થિ ઋષિએ મણિભદ્રવીરને આરાધી પ્રગટ કર્યા.' ઈત્યાદિ કેટલીક બાબતો જૂઠી અને ઈતિહાસ પ્રમાણ વિનાની લખી છે,

અગસ્થિપુરનું અપભ્રંશ નામ આગલોડ થઈ શકતું નથી, તેમ જ અગસ્થિ મુનિએ તે ગામ વસાવ્યું નથી. પણ જેના અંતે ડ લ આવે છે એવાં આગલોડ, ઈલોડ, આજોલ વગેરે ગામો ભીલ ઠાકોરોનાં વસાવેલાં છે. "અગસ્થિ ઋષિએ મણિભદ્રવીરને આરાધ્યા. એવું કોઈ પ્રમાણ પુરાણમાં નથી. તથા સંસ્કૃત પ્રાચીન ગ્રંથોમાં નથી." તેથી એવી પુરાવા વિનાની જોડી કાઢેલી વાતોને ઈતિહાસના સાક્ષરો માની શકે નહીં.

આગલોડમાં **શ્રીદોલતરુચિ યતિ** તે દેરાસરોની તથા મણિભદ્રવીરના દેરાની સારી સંભાળ રાખે છે. અને તેમણે શ્રાવકોને "દેવદ્રવ્ય"માંથી મુક્ત કર્યા છે. તેથી શ્રાવકો સુખી થયા છે.

વિજાપુરીય (ભ૦ વિજયદેવસૂરિ સંઘની પરંપરાના) યતિ **શ્રી અમૃતવિજયજીગણિ** વૃદ્ધ થયા. ત્યાં સુધી તે આગલોડ મણિભદ્રવીરના દર્શનાર્થે વિજાપુરથી દર રવિવારે (આગલોડ) જતા હતા.

(જૈ૦ સ૦ પ્ર૦ ક્ર૦ ૨૦ પૃ૦ ૨૩૪ મણિભદ્ર છંદ)

**લાડોલ**

વિજાપુરથી ઉત્તર દિશાએ ૩ ગાઉ ઉપર **લાડોલ** ગામ છે. તેને સંસ્કૃત ગ્રંથમાં **લાટાપલ્લી** કહેવામાં આવે છે. તે લાટા ભીલે વસાવેલી પલ્લી હતી. તેથી લાટાપલ્લી નામ પડયું.

વિ૦ સં૦ ૧૯૫૭માં લાડોલમાં એક ઘર પાસે ખોદતાં ૧૮ જિન પ્રતિમાઓ નીકળી હતી, તેમાં એક **શ્રી ભદ્રબાહુની મૂર્તિ** હતી. લાડોલ એક હજાર વર્ષનું જૂનું ગામ ગણાય છે. ત્યાં મોટું એક જૈન દેરાસર છે. લાડોલમાં લાયબ્રેરી છે. જૈનોના ૪૦ ઘરો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( સં૦ ૧૯૮૨નો ગુજરાત–વીજાપુર વૃતાન્ત પૃ૦ ૧૩ થી ૧૬ )
(—વીજાપુર પરિચય માટે જૂઓ પ્રક૦ ૪૫ પૃ૦ ૩૫૩ વીજાપુર )

## ૧ આ૦ હેમવિમલસૂરિ અને મણિભદ્ર મહાવીર

**આ૦ બુદ્ધિસાગરસૂરિએ** મણિભદ્ર મહાવીરનો ઇતિહાસ આપ્યો છે તે પ્રસિદ્ધ છે.

**વિશેષ** આ પ્રમાણે પણ મળે છે. માણેકચંદ શેઠ યતિઓનો શિથિલાચાર દેખી લોંકાગચ્છનો શ્રાવક બની ગયો. છેવટે **આ૦ હેમવિમલસૂરિની** પૂરી પરીક્ષા કરી, બારવ્રતધારી શ્રાવક બન્યો. લોંકાગચ્છના ત્યારના **શ્રીપૂજે** ભૈરવને સાધ્યો હતો. લોંકાગચ્છના ૬૮ યતિઓ આ૦ હેમવિમલસૂરિના શિષ્ય બન્યા, શેઠ માણેકચંદ પણ તેમનો શ્રાવક બન્યો. આથી તે શ્રીપૂજે ભૈરવને સાધી, ભૈરવ દ્વારા લોંકાગચ્છમાંથી સંવેગી બનેલાઓને હેરાન કરવા પ્રયત્ન કર્યો. તેમાં ઘણા સંવેગી સાધુ ભ્રમિત થઈ કાળ કરી ગયા.

**માણેકચંદ** શેઠ પણ મગરવાડાના જંગલમાં સિદ્ધગિરિના ધ્યાનમાં જ કાળ કરી મરણ પામી **મણિભદ્ર** નામે ઇંદ્ર બન્યો, તે મગરવાડા આવ્યો અને તેણે ગુરુદેવ હેમવિમલસૂરિની આજ્ઞાથી લોંકાગચ્છના શ્રીપૂજે મોકલેલા કાળા–ગોરા–ભૈરવને હઠાવી તેનો ઉપસર્ગ દૂર કર્યો અને તેણે ગુરુદેવ પાસે માગણી કરી કે હવે પછી તપગચ્છના નાયકોના નામમાં ‘ વિજય ’ શબ્દ રાખવો, અને મને “ તપગચ્છનો દેવ ” માનવો. આચાર્યદેવે તેની આ માગણીઓનો સ્વીકાર કર્યો.

તપગચ્છના નાયકોમાં ત્યારથી ‘ વિજય ’ શબ્દ રખાય છે. અને તપગચ્છનો ગચ્છરક્ષક દેવ **મણિભદ્રવીર** મનાય છે. ત્યારથી તપગચ્છનાં મંદિરો, ઉપાશ્રયોમાં મણિભદ્રવીરની સ્થાપના કરવામાં આવે છે, બીજા ગચ્છવાળા પણ મણિભદ્રવીરને મોટો દેવ માને છે.

( —જયપુરના તપગચ્છના ઉપાશ્રય તરફથી સં૦ ૧૬૧૭માં પ્રકાશિત વાર્ષિક ‘ મણિભદ્ર ’ પત્રનો વાર્ષિક અંક; માસ્તર રતિલાલ બાદરમલ તરફથી વીર સં૦ ૨૪૭૭માં પ્રકાશિત ભક્તવીર શ્રી માણિભદ્રવીર ચરિત્ર )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## (૨) વિજયદાનસૂરિ અને મણિભદ્રમહાવીર

વૃદ્ધો કહે છે કે આ૦ વિજયદાનસૂરિએ ગીતાર્થોની વિનતિથી અને મણિભદ્રવીરની સમ્મતિથી આ૦ વિજયહીરસૂરિને ગચ્છનાયક બનાવ્યા હતા.

તેમણે સાથોસાથ એવી આજ્ઞા કરી હતી કે, 'હવે પછી બધા ગચ્છનાયકોના નામોમાં 'વિજય' શબ્દ રાખો. આ અંગે છૂટક ઉલ્લેખ આ રીતે મળે છે.

(૧) પહેલું એ કારણ, વિજયદાનસૂરીશ,
નિજ પાટિ સ્થાપ્યા, હીરવિજયસૂરીશ, ૪૫.
તેણિંવાર કહિઉ એકવચન, સુણો સાવધાન;
જેહનઈ પદ આપો, તેહનઈ દેઇ બહુમાન, ૪૬
એ વિજયની શાખા, જયકારી જગિ જાણી;
પદ દીધો તેહનું, વિજય નામ મનિ આણી, ૪૭
(–આ૦ વિજયતિલકસૂરિરાસ; ઐતિહાસિકરાસ સં૦ ભા૦ ૪)

(૨) "વીરવંશાવલી" માં લખ્યું છે કે–યક્ષ મણિભદ્રે આ૦ વિજયદાનસૂરિને સ્વપ્નમાં આવીને જણાવ્યું કે, 'તમારી પાટે વિજય-શાખા સ્થાપજો. હવે પછી તમારી પાટપરંપરામાં બીજી શાખા રાખશો મા, માટે જે નામ સ્થાપો ત્યારે તેમાં મારા નામનો એક યક્ષરાજ તેમનું નામ રાખજો. વિજયશાખા રાખવાથી પાટ વિજય-વાળી બનશે.'

(આજ સુધી તપાગચ્છમાં દર ત્રીજી પેઢીએ શાખા બદલાતી હતી તે હવેથી બંધ થઈ વિજયશાખા કાયમ બની છે.)

(વિવિધ ગચ્છીય પટ્ટાવલી પૃ૦ ૧૨૨)

**દોહરો**

ગુરુવરકી સેવા કરે, મણિભદ્ર મહાવીર,
કરે સમૃદ્ધિ ગચ્છમેં કાટે સંઘકી પીર

(૩) મણિભદ્રવીર આ૦ વિજયદાનસૂરિનો એવો ભક્ત હતો કે તેમનું નામ જપનારને ય સહાય કરતો હતો. આથી જ પાટણની એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન કન્યા સરસ્વતી નદીમાં બુડતી હતી, ત્યારે તેણે આ૦ વિજયદાન-સૂરિનું શરણું લીધું. અને મણિભદ્રવીરે તેને ત્યાંથી બચાવી લીધી.

(—સં૦ ૧૬૯૦ની મહો૦ કીર્તિવિજયગણિવર કૃત વિચારરત્નાકર પ્રશસ્તિ શ્લોક ૮મો, પ્રક૦ ૫૭ ગુરૂનામ મંત્ર પ્રભાવ)

(૩) **આ૦ શાન્તિસોમસૂરિ** (ખાખી) અને મણિભદ્રવીર વીજાપુરથી ૫ કોશ દૂર **આગલોડ** ગામ છે. ત્યાં સં૦ ૧૬૭૦નો ભ૦ સુમતિનાથનો એક મોટો જિનપ્રાસાદ હતો અને તે પછી સં૦ ૧૮૬૫માં સંઘે બે માળનું મોટું જિનાલય બંધાવ્યું, જેના બીજા માળે સોજા ગામથી લાવેલ "ભ૦ કલ્યાણ પાર્શ્વનાથની પ્રતિમા" બિરાજમાન કરી હતી. તેમજ તે સાથે અટોડા ગામથી લાવેલ "ભ૦ ગોડીપાર્શ્વનાથ વગેરે જિનપ્રતિમાઓ" બેસાડેલી હતી.

આગલોડ ગામની બહાર નૈઋત્યખૂણામાં આ૦ શાન્તિસોમસૂરિએ સં૦ ૧૬૩૩માં પ્રતિષ્ઠા કરાવેલ **મણિભદ્રવીરનું મોટું જૈન** દેરાસર છે.

(—વિજાપુર બૃહદ્‌વૃત્તાન્તમાંથી)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આગલોડ ગામમાં શ્રાવકોનાં ૧૦૦ ઘર છે, બે મોટા શિખરબંધી જિનપ્રાસાદો છે તથા ઉપાશ્રય છે.

તપગચ્છમાં અનુક્રમે (૫૫) **આ૦હેમવિમલસૂરિ**—સ્વ૦ સં૦ ૧૫૮૩ મા૦ શુ૦ ૧૦, (૫૬) આ૦ સૌભાગ્યહર્ષસૂરિ—સ્વ૦ સં૦ ૧૫૯૭ મા૦ શુ૦ ૫, (૫૭) મહાતપસ્વી આ૦ સોમવિમલસૂરિ સ્વ૦ સં૦ ૧૬૩૭, (૫૮) આ૦ આણંદસોમસૂરિ, (૫૯) આ૦ વિમલસોમસૂરિ (૬૦) **વિશાળસોમસૂરિ**—સ્વ૦ સં૦ ૧૬૯૮ મા૦ શુ૦ ૧૫, (૬૧) આ૦ ઉદયવિમલસૂરિ, બીજું નામ ઉદયસોમસૂરિ, (૬૨) **ભ૦ શાંતિ-સોમસૂરિ** થયા (—પ્રક૦ ૫૫ પૃ૦ ૬૯૦ સોમશાખા પટ્ટાવલી)

આગલોડ ગામમાં જ્યાં ભ૦ સુમતિનાથનો જિનપ્રાસાદ હતો, ત્યાં સહસમલ રાજાના યુવરાજનો પુત્ર **રાજા રામસિંગ** હતો ત્યારે સં૦ ૧૭૩૩ માં આ૦ શાંતિસોમે ચોમાસુ કર્યું હતું. તે મોટા તપસ્વી હતા. તેમણે ૧૨૧ દિવસ સુધી આયંબીલનું તપ ચાલુ રાખી મણિભદ્રવીરની આરાધના કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મણિભદ્રવીરે ૧૨૧ મા દિવસે પ્રત્યક્ષ થઈ આચાર્યને કહ્યું, 'મુનિવર! હું તમારા જાપથી સંતુષ્ઠ થયો છું, જે જોઇએ તે માગો.'

મુનિવરે કહ્યું, "હે ક્ષેત્રપાલ! આગલોડમાં સિદ્ધવડ જેવો વડ છે, ત્યાં તમે પધારી, તમારું સ્થાન જમાવો. અને એ સ્થાનનો સર્વ રીતે મહિમા વધારો. તમને છએ દર્શનવાળા માને છે, તો અહીં આવી વસો અને ભક્તોની કામનાઓ પૂરી કરો.

મણિભદ્રવીરે આ૦ શાંતિસોમની માગણીથી આગલોડમાં વડ નીચે આવી વાસ કર્યો. અને ત્યારથી સૌને તેનો પરચો થવા લાગ્યો, એટલે આ૦ શાંતિસોમસૂરિએ સં૦ ૧૭૩૩માં રાજા રાયસિંગના સમયે આગલોડમાં વડ નીચે મણિભદ્રવીરને વસાવી, તેનું તીર્થ સ્થાપન કર્યું.

આ૦ શાંતિસોમસૂરિના સમયે 'સોમશાખા'ના બીજા આચાર્ય (૬૨) ગજસોમસૂરિ થયા હતા.

આ૦ શાંતિસોમસૂરિ આગલોડમાં પાંચ કેશથી વીરની આરાધના કરતા હતા ત્યારે ૬૨ મા **ભ૦ ગજસોમે** આગલોડમાં આ૦ શાંતિસોમનું અપમાન કર્યું, તેમના પાંચ કેશ ખેંચી કાઢ્યા. આથી આ૦ શાંતિસોમસૂરિએ આ૦ ગજસોમસૂરિનો પટ્ટો બંધ કર્યો હતો. અને પછી સં૦ ૧૭૪૧ માં તેમને ગચ્છમાં લઈ તેમનો પટ્ટો શરૂ કર્યો હતો.

(પ્રક૦ ૫૫ પૃ૦ ૬૯૨)

## (૪) કવિરાજ પં૦ અમૃતવિજયજી (ઓલીયા) અને મણિભદ્રવીર

વૃદ્ધો કહે છે કે, વીજાપુરમાં તપગચ્છના વિજયદેવસૂરિસંઘના (૬૦) **ભ૦ દેવવિજયસૂરિ,** (૬૧) વિજયસિંહસૂરિ, (૬૨) વિજયપ્રભસૂરિ, (૬૩) **પં૦ મુક્તિવિનયગણિ,** (૬૪) પં૦ ભક્તિવિજયગણિ, (૬૫) પં૦ વિદ્યાવિજયગણિ, (૬૬) પં૦ રૂપવિજયગણિ, (૬૭) પં૦ રંગવિજયગણિ, (૬૮) ઉ૦ વલ્લભવિજયગણિ થયા હતા.

(—જૈ૦ સ૦ પ્ર૦ ક્ર૦ ૯૭)

(૬૭) પં૦ રંગવિજય ગણિવરના મોટા શિષ્ય પં૦ **યતિવર અમૃતવિજયજી હતા.** (પ્રક૦ ૬૧) તે વૈદ્ય, મંત્ર, તંત્ર અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાવ્યકળામાં નિષ્ણાત હતા. તે દર ગુરુવારે **આગલોડમાં મણિભદ્રવીરની** યાત્રા કરવા જતા હતા. તેમણે વૃદ્ધ થયા બાદ આગલોડ જવાની તાકાત ન રહેવાથી, વીજાપુર અને આગલોડના રસ્તા વચ્ચે મસાણેશ્વર મહાદેવ (મસેશ્વર મહાદેવ) ના દેરા પાસે એક ખેતરમાં દેરી બનાવી, **મણિભદ્રવીરની સ્થાપના** કરી હતી. તે સાગર શાખાના **ભટ્ટારક શાંતિસાગરની** આજ્ઞામાં રહેતા. તેમણે સં૦ ૧૯૦૧ માં વાઘણ પોળના જિનપ્રાસાદોમાં જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા કરાવી હતી.

તેમણે વિજાપુરમાં બ્રાહ્મણોના માઢ પાસે **સરસ્વતીની** દેરી પણ બનાવી હતી.

વૃદ્ધો કહે છે કે, તે મોટા ચમત્કારી યતિ હતા, એક વખત મુસલમાનોએ "જૈન યતિઓનો વેશ" લઈ નાચ શરૂ કર્યો. ત્યારે પરમ તપસ્વી **સંવેગી મુનિ નેમસાગરજી મ૦** ત્યાં વિદ્યમાન હતા. તેમણે પં૦ યતિ અમૃતવિજયજીને કહેવડાવ્યું કે, તમે આ ખેલ બંધ કરાવો; યતિજીએ ઉત્તર વાળ્યો કે, 'આપ મુનિમહારાજ છો અને હું શિથિલ છું, યતિ છું, તો આપે જ આનો વિચાર કરવો જોઈએ. તપસ્વીજીએ ફરી આગ્રહપૂર્વક કહેવડાવ્યું કે, 'મહાનુભાવ! જૈન ધર્મ તમારો અને અમારો અને સૌનો છે, યતિવરો આવા સમયે ચમત્કાર બતાવે છે. સંવેગી સાધુ ચમત્કાર બતાવે નહીં. સંવેગી સાધુ અને યતિમાં આ જ મોટો ફરક હોય છે, તો આનો ઉપાય તમારે જ કરવાનો છે.

યતિવરે આગેવાન મુસલમાનોને બોલાવી કહ્યું કે, 'આ ખેલ અહીંથી જ બંધ કરો. આગળ વધશો મા.' પરંતુ મુસલમાન યુવકોએ ગણકાર્યું નહીં. અને એ ખેલ ચાલુ રાખ્યો. એવામાં આગળથી અવાજ આવ્યો કે, જમાતને રોકો, તાજિયાને રોકો, આગળ વધવાનો રસ્તો બંધ છે.' રસ્તામાં પથ્થરની મોટી દિવાલ બની ગઈ હતી, જે કોઈ જાય તે ત્યાં ટકરાઈને પાછો પડતો, મુસલમાન આગેવાનો સમજી ગયા કે, પેલા સેવડાનું આ કામ છે. આથી મુસલમાનોએ યતિવર અમૃતવિજયજી પાસે આવી માફી માગી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સાથે સાથ કરાર કર્યો કે, 'અમે કદી પણ તાજિયાની સામે યતિનો ખેલ કરીશું નહીં.' યતિવરે ફૂંક મારી સૌને કહ્યું કે હવે જઈ શકો છો. મુસલમાનોની જમાત આગળ વધી અને સૌએ જોયું કે ત્યાં દિવાલ નહોતી. આથી તેઓ તાજિયાને આગળ લઈ ગયા.

એક દિવસ વિજાપુરમાં એક મુસલમાનનો છોકરો ભગવાન ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરની દિવાલ પાસે "પેશાબ" કરવા બેઠો. યતિવરે તેને ટોકયો. કે 'તારે અહીં મુતરવું નહીં.' છોકરાએ તુમાખીથી જવાબ આપ્યો કે, 'મૂતેંગે?' યતિવરે શાંતિથી કહ્યું, અચ્છા બચ્ચા? 'મૂતતે હી રહો.' પછી તો છોકરો બે-ચાર કલાક ત્યાં જ બેસી રહ્યો અને પેશાબ કરતો રહ્યો. તેના પિતાને છોકરાની દુર્દશાની ખબર પડી. તેણે યતિવર પાસે જઈ વિનંતિ કરી કે, આ છોકરાનો પેશાબ બંધ કરી આપો,' યતિએ શાંતભાવે જવાબ વાળ્યો કે, 'બંધ થઈ જશે.' પરંતુ ત્યારથી તે છોકરાનો પેશાબ બિલકુલ રોકાઈ ગયો અને તે છોકરો વળી અકળાવા લાગ્યો. આથી મુસલમાનોની જમાત મળી. અને યતિવર પાસે માફી માગી, એવો કરાર કર્યો કે, 'આજથી અમારું કોઈ પણ માણસ અહીં પેશાબ નહીં કરે.' પછી તે છોકરાને આરામ થયો.

**પં૦ અમૃતવિજયજી** યતિવર આવા ચમત્કારી હતા.

તેમણે ૧૨ ભાવનાના અધિકારના ગુજરાતી 'સવૈયા ૨૮ રચ્યા છે. તેમાંથી તેમની કવિત્વશક્તિ અને ઉચ્ચ જીવનનો પરિચય મળે છે.

### (૫) ભટ્ટારક ભુવનતિલકસૂરિ (તપાવૃદ્ધપોષાળ)

અમે, પહેલાં (પ્રક૦ ૪૪ પૃ૦ ૮ થી ૨૮ માં) "તપાગચ્છની વૃદ્ધપોષાળના ભટ્ટારકોની **પટ્ટાવલી** આપી છે. તેમાં ૬૫ મા **ભ૦ ભુવનતિલકસૂરિ થયા હતા.**

તે સૂરિમંત્રના પાઠી હતા. તેમને "યક્ષરાજ મણિભદ્ર મહાવીરનું ઇષ્ટ" હતું. તેમણે તે ઇષ્ટથી "**શાસન** પ્રભાવના" કરી છે. તે આ **પ્રમાણે**–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિક્રમની **સત્તરમી** સદીમાં **અમદાવાદ** મોટું નગર હતું. તેને કોટ, ૧૨ દરવાજા, ઘણા ચોટા, ઘણી પોળો, હતી, અને તે અર્ધા-યોજનમાં પથરાયેલું હતું.

(૧) અમદાવાદનાં અહમદપુર વગેરે ઘણાં નામો છે.

(—પ્રક૦ ૪૫ પૃ૦ ૧૯૮, ૨૦૭)

જેમાં દોશી, વખારિયા, વહોરા, એમ મોટા વ્યાપારી વસતા ત્યાં **શા. પૂજાશાહ** અને તેની પત્ની **પ્રેમલદે** રહેતા હતા. બન્ને ધર્મી હતા, સુખી હતા, પણ તેઓને કંઈ સંતાન ન હતું. તેઓએ એક વાર **ભ૦ ભુવનતિલકસૂરિ** કે જે પ્રેમલદેવીના ગૃહસ્થપણાના **ભાઈ** હતા. તેમને અમદાવાદમાં ઉત્સવ પૂર્વક પધરાવી ચોમાસું રાખ્યા.

પ્રેમલદેએ ભટ્ટારજીને વિનંતિ કરી કે "અમને ધર્મ—અર્થ અને કામ બધુંય છે. માત્ર કંઈ સંતાન નથી, આપ જેવા ભાઈ છો, મોટા ધર્માચાર્ય છો. અહીં **મણિભદ્રસાચા દેવ** છે. આપણે તેના ઉપાસક છીએ, છતાં સંતાનની ખોટ મને બહુ સાલે છે. કૃપા કરીને આપને **ભાણેજ** થાય, એવું વચન આપો." ભટ્ટારકે બેનની આજીજીથી જણાવ્યું કે "તને અંતરાયકર્મ તૂટે અને સંતાન થાય તો, એક પુત્ર મને આપજે[1] બહેને એ વાત અંગીકારી.

જૈન સાહિત્ય JAINSITE

૧. જૈનો જૈન સાધુઓને આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, અને પુસ્તકનું દાન આપે છે. તેમજ શિષ્યો બનાવવા માટે પોત-પોતાના પુત્ર પુત્રીઓનું પણ **દાન** કરે છે.જેમકે

(૧) વાસુદેવ **કૃષ્ણમહારાજા** ભ૦ નેમિનાથની પાસે દીક્ષા લેનાર સૌ નર—નારીઓને દીક્ષાની અનુજ્ઞા આપતા. તેમજ તેના સગા—વહાલાઓને સર્વ જાતની સગવડ કરી આપી, તેઓ પાસેથી રજા અપાવતા હતા.

(૨) મગધના રાજા **શ્રેણિકે ( બિંબીસારે )** પોતાની રાણીઓ તથા પોતાના પુત્રોને ભ૦ મહાવીરસ્વામીની પાસે દીક્ષા અપાવી હતી

(ત્રિ૦ શ૦ પુ૦ ચ૦ પર્વ ૧૦ મું, પ્રક૦ ૧ પૃ૦ ૭)

(૩) ખાટૂગામના **જૈનોએ** વિ૦ સં૦ ૧૦૦ લગભગમાં **આ૦ યક્ષદેવને** ૧૧ છોકરા વહોરાવ્યા હતા. ( જૂઓ ઇતિ પ્ર૦ ૧ પૃ૦ ૨૨ )

(૪) ભંડારના **વીરનાગ પોરવાડે** સં૦ ૧૧૫૨માં ભરૂચમાં આ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેઠ પૂંજાશાહ તથા શ્રી પ્રેમલદેને રામજી, **રૂપજી** વગેરે પાંચ પુત્રો અને બે પુત્રી થઈ, બહેને **ભ૦ ભુવનકીર્તિસૂરિને ૭ વર્ષનો રામજી વહોરાવ્યો** તે મોટા થતાં **ભ૦ રત્નકીર્તિસૂરિ** બન્યા.

૬૬. **ભ૦ રત્નકીર્તિસૂરિ**–તેમનાં સં૦ ૧૬૭૯ ભા૦ વ૦ ૨ મંગળવારે રેવતીનક્ષત્રમાં મધ્યરાતે શુભલગ્નમાં અમદાવાદમાં **જન્મ નામ–રામજી** સં૦ ૧૬૮૬ વૈ૦ સુ૦ ૫ને રોજ રાજનગરના રાજપરામાં દોશી કાનજી તથા તેની ભાર્યા ગમતાદે વિશાશ્રીમાળીના ઉત્સવમાં દીક્ષા, **નામ મુનિ રાજકીર્તિ** સં૦ ૧૭૦૭ વૈ૦ સુ૦ ૩ને

---

**મુનિચંદ્રસૂરિને** પોતાના "૯ વર્ષનો પુત્ર પુર્ણચંદ્ર" વહોરાવ્યો, જે મહાવાદી આ૦ દેવસૂરિ થયા હતા. (પ્રભાવક ચરિત્ર ઈતિ૦ પ્ર૦ ૪૧ પૃ૦ ૫૬૧)

(૫) ધંધૂકાની મોઢ શ્રાવિકા **પાહિનીદેવીએ** પોતાના ભાઈ નેમિનાગની સમ્મતિથી પોતાનો "પાંચ વર્ષનો પુત્ર ચાંગો" સં૦ ૧૧૫૦માં **આ૦ દેવચન્દ્રસૂરિને** વહોરાવ્યો. આ બાળક તે જ કુ૦ સ૦ **આ૦ હેમચન્દ્રસૂરિ** થયા. (પ્ર૦ ૪૧ પૃ૦ ૬૦૦)

(૬) ખંભાતના **સં૦ ભીમજી** અને **સં૦ સાંગણસોની વગેરેએ દેવેન્દ્રસૂરિને** શુદ્ધ આહાર પાણી, વસતિ તથા **શિષ્યો** આપ્યા. (ગુર્વાવલી શ્લો૦ ૧૩૭ થી ૧૩૯ ઈતિ૦ પ્રક૦ ૪૫ પૃ૦ ૩૨૮ ૩૩૨)

પોર્ટુગીઝ **પીનહરો પાદરી** તા. ૬–૧૧–૧૫૯૫ને રોજ પત્રમાં લખે છે કે મેં ખંભાતના જૈન ઉપાશ્રયમાં આઠ નવ વર્ષની ઉંમરના ઘણા છોકરા જોયા. જે જૈન મુનિ બનેલા હતા. આટલી ઉંમરે તેઓ ધર્મને માટે અર્પણ કરે છે. (ઈતિ૦ પ્ર૦ ૪૪ પૃ૦ ૧૩૩)

ખંભાતના **સોની સિંહ ઓસવાલે** વિ૦ સં ૧૪૯૧ માં પોતાની ૭ વર્ષની **મીલાપ** નામની પુત્રી વૃદ્ધ તપાગચ્છના ભ૦ રત્નસિંહસૂરિને ખંભાતમાં લાવી વહોરાવી દીક્ષા અપાવી, જે દરરોજ ૧૫૦ શ્લોક કંઠસ્થ કરી શકતી હતી સમર્થ વિદુષી તેમજ વ્યાખ્યાત્રી બની હતી, ભ૦ **રત્નચૂલામહત્તરાની** પાટે સ્થાપી (શ્રીધર્મલક્ષ્મીમહત્તરાભાસ)

કનોડા ગામની **શ્રી સૌભાગ્ય** દેવીએ **પં૦** નયવિજયને સં૦ ૧૬–૫૬–૫૭ માં પોતાના પાંચ વર્ષના પુત્ર જેસુ વહોરાવ્યો જે મોટા થતાં ન્યાયતીર્થ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ થયા. (ઈતિ૦ પ્રક૦ ૫૮)

જૈન સાહિત્ય JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોજ શા૦ રતનજી (ભાર્યા ગમતાદે) પુત્ર નાગજી દશા શ્રીમાળીએ કંકોત્રી કાઢી, કરેલા ઉત્સવમાં **આચાર્યપદ, નામ–આ૦ રત્નકીર્તિસૂરિ** તેમજ ભ૦ ભુવનકીર્તિનું સં૦ ૧૭૮૦ માં સ્વર્ગગમન બાદ સં૦ ૧૭૮૧ ચૈત્ર વદિ ૨ના રોજ દધિગામ (ડભોઇ)માં શાહ સોમજીએ કરેલ ઉત્સવમાં **ભટ્ટારકપદ** અને સં૦ ૧૭૩૪ પો૦ વ૦ ૨ને રોજ દધિગામ (ડભોઇ)માં સ્વર્ગગમન થયાં.

તેમને (૧) પં૦ રામવિજય (૨) **પં૦ સુમતિવિજય** (૩) પં૦ હેમવિજય અને (૪) **ગંગવિજય** એમ ચાર શિષ્યો હતા[1]

૬૭ **ભ૦ ગુણસાગરસૂરિ**–અમદાવાદના જૈન સંઘે પં૦ ગંગવિજયને આચાર્ય બનાવી ભ૦ ગુણસાગરસૂરિ નામ રાખી. ભ૦ રત્નકીર્તિસૂરિની પાટે **સ્થાપ્યા.**

**પં૦ સુમતિવિજયે** સં૦ ૧૭૪૯ અષાડ સુદિ ૭ હસ્ત નક્ષત્રમાં અમદાવાદમાં "ભ૦ રત્નસૂરિરાસ ઢાળ–૯ સર્વ ગાથા ૧૪૬, ગ્રં૦ ૧૭૦" બનાવ્યો.

**તીર્થ**—

મણિભદ્રવીરનાં **૩ તીર્થસ્થાનો** છે.

(૧) માળવામાં "ઉજ્જૈન" તેની જન્મભૂમિ છે. બાવન વીરો સાથેની રહેવાસ ભૂમિ છે. ત્યાં મોટા વડ નીચે મણિભદ્રવીરનું **મસ્તક** પૂજાય છે.

(૨) ગુજરાતમાં પાલનપુર પાસે તેની વિજયભૂમિ "મગરવાડા" છે. ગુરુની આજ્ઞાથી તેણે ત્યાં નિવાસ કર્યો છે, ત્યાં મણિભદ્રવીરનાં **ચરણો** પૂજાય છે.

(૩) ગુજરાતમાં વિજાપુર પાસે "આગલોડ ગામ"માં વડ નીચે તેણે પોતાનું સ્થાન માગ્યું, ત્યાં મણિભદ્રવીરના ચરણ ઉપરનો ભાગ **ધડ** પૂજાય છે. વીજાપુરમાં પણ તેનું **સ્થાપનાતીર્થ** છે.

૧. તેમના રાજ્યમાં ૬૩ મા **ભ૦ દેવરત્નસૂરિના** શિષ્ય ઉપાધ્યાય રાજસુંદરગણિ શિષ્ય ઉપા૦ **પદ્મસુંદરગણિએ** ભગવતીસૂત્રનો આ૦ અભયદેવસૂરિ કૃત ટીકાના આધારે **ટબ્બો** બનાવ્યો, વિવરણ બનાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) **કંબોઈતીર્થમાં** રેલ્વેના પાટા પાસે જંગલમાં **ગોરિયા-વીરનું** સ્થાન છે. મણિભદ્રવીરનું ચમત્કારી સ્થાન છે.

ત્યાંના વૃદ્ધો કહે છે કે, "જ્યારે ત્યાં રેલ્વે લાઇન નીકળી, ત્યારે તે સ્થાન પાસે રેલગાડી આવતાં એંજિન બંધ થઈ જતું. ૩ દિવસ આ પ્રમાણે બન્યું, પછી તેના ડ્રાઈવરે નીચે ઊતરી તે સ્થાનને નમસ્કાર કર્યા અને રેલ્વેખાતાએ તે સ્થાનને સુધાર્યું. તે પછીથી ત્યાં રેલ્વે બરાબર ચાલુ થઇ છે. અટકી નથી.

અમદાવાદના શેઠ **લાલભાઈ ઉમેદરામ લહુાએ** કંબોઈતીર્થના મનમોહન પાર્શ્વનાથના તીર્થપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો, ત્યારે આ સ્થાનનો પણ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

આ કંબોઇ તીર્થસ્થાન છે. પણ મણિભદ્રનું સ્થાન તીર્થ તરીકે વિખ્યાત નથી.

## બીજાં પ્રભાવક સ્થાનો

મણિભદ્રવીરનાં બીજાં પણ ચમત્કારી સ્થળો છે, તે આ પ્રમાણે (૧) સૌરાષ્ટ્રમાં વઢવાણ શહેરમાં યતિલાલચંદજીના ઉપાશ્રયમાં સ્થાન છે યતિલાલચંદને મણિભદ્રવીરનું ઇષ્ટ હતું.

તે બહુ ચમત્કારી હતા. **શેઠ છગનલાલ જેરાજ** વગેરે માનતા હતા. કે એક દિવસે રાજાએ ઉપાશ્રયના એક સારા લીંબડાને કાઢી નાખવાનો મનસુબો કર્યો. **યતિવરે** કુંડી ઢાંકી સીધી ડાળવાળા તે લીંબડાને છુપાવી દીધો. બીજે દિવસે લોકોએ જોયું કે તે સ્થાને વાંકો ચૂંકો લીંબડો ઊભો છે. અમલદાર નિરાશ થયો. આ ઉપાશ્રયનાં "યતિ લાલચંદજીનો ઉપાશ્રય" અને "લીંબડાવાળો ઉપાશ્રય" એમ બે નામો છે.

(૨) અમદાવાદમાં વિજયાનંદસૂરિગચ્છના ઉપાશ્રયમાં વીરનું સ્થાન છે. આ મણિભદ્ર બહુ ચમત્કારી મનાતા હતા. જૈનોને તેનો પરચો મળતો હતો, તેથી તેના પ્રત્યે મોટી શ્રદ્ધા હતી. હવે પછી તો, વહીવટદારોએ તે સ્થાનમાં જેવા તેવા "દેવ ચેટકોને" બેસાડી દીધા. આથી આ સ્થાનનું માહાત્મ્ય ઘટ્યું. અને આરાધકોની એકનિષ્ઠા ચલવિચલ થાય. તેવાં નિમિત્તો ઊભાં થવાથી પરચો ઘટવા લાગ્યો.

(૩) **શ્રીપુરમાં અંતરીક્ષ** પાર્શ્વનાથના ભોંયરામાં વીરનું સ્થાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) **જયપુરના ઘાટમાં** ગુણી નીચે **મુહતાના** ભ૦ પદ્મપ્રભના **જિનાલયમાં** વીરનું સ્થાન છે.

(૫) **અજમેરમાં** લાખન કોટડીમાં તપગચ્છના ઉપાશ્રયના "પાછલ ઉપાશ્રય"માં એક **કોટડીમાં વીરનું** સ્થાન છે, જે આજે પણ ચમત્કારી મનાય છે. આ સ્થાનમાં રહેલા મનુષ્ય ઉપર બીજા કોઈની મૂઠ ચાલી શકતી નથી.

(૬) મોટા પોસીના તીર્થમાં ભ૦ નેમિનાથના જિનાલયમાં ચમત્કારી મણિભદ્રવીર છે (–પ્રક૦ ૫૦ પૃ૦ ૪૫૦)

(૭) શંખેશ્વરતીર્થ પાસે રાજા વનરાજ ચાવડાની જન્મભૂમિ "**વણોદના**" જિનાલયમાં વીરનું સ્થાન છે. ત્યાંના જૈનો જણાવે છે કે, તેની પાટ ઉપર કોઈ સૂઈ શકતો નથી. મણિભદ્રના સ્થાનમાં જેવા તેવા ચેટક દેવની મૂર્તિ કે ફોટો રાખો તો, રાતો રાત ત્યાંથી ગુમ થઈ જાય છે,

(૭) અમદાવાદ પાસે બારેજામાં ભ૦ વિજયરાજસૂરિ પ્રતિષ્ઠિત મણિભદ્રવીરનું સ્થાન છે.

(૮) સુઈગામના ઉપાશ્રયમાં મણિભદ્રવીરનું સ્થાન છે.

**સ્વરૂપ વર્ણન**

મણિભદ્રવીર સાધકને પ્રસન્ન થાય ત્યારે તેની સામે પોતાના મૂળ સ્વરૂપમાં બાલક રૂપે આવે છે. મણિભદ્રવીર ક્ષેત્રપાલ છે. તેને ઐરાવણ હાથીનું વાહન હોય છે. સૂકરના જેવું મુખ, **કાળોરંગ** અને તેના દાંત ઉપર "કેશરિયાજીનો જિનપ્રાસાદ હોય છે.

તેને બે ચાર કે છ હાથ હોય છે. તેને છ હાથ હોય ત્યારે તેમાં ૧ ઢાળ ૨ ત્રિશૂલ ૩ માલા ૪ નાગ ૫ પાશ અને ૬ અંકુશ હોય છે.

મણિભદ્રવીરનાં ૧ મણિભદ્ર ૨ માનભદ્ર ૩ માણેકચંદ ૪ ગોરડિયો વીર, વગેરે નામો મળે છે.

છંદકારો લખે છે કે—તપગચ્છી સોમશાખાના શાન્તિસોમસૂરિ કહે છે કે—ઉજ્જૈનમાં બાવન વીરોનું સ્થાન છે, તેમાં **ગોરડિયો વીર** એજ મણિભદ્ર, એટલે **મણિભદ્ર** બાવન વીરોમાંનો **એક વીર** છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમાં તે "ગોરડીયા" નામથી પ્રસિદ્ધ છે. અને **કુંભોઈ** તીર્થમાં મણિભદ્રવીરનું જે સ્થાન છે. તે **ગોરડીયા** નામે પ્રસિદ્ધ છે.

પરંતુ મણિભદ્રવીરનો મૂળ રંગ કાળો છે.

નિગમમત પ્રભાવક **પં૦ સિદ્ધાન્તસાગરગણિ** લખે છે કે— તીર્થંકરોના જન્મોત્સવમાં ૬૪ ઈન્દ્રો આવે છે. તેમાં યક્ષની જાતી તરફથી **બે ઇંદ્રો** (૧) મણિભદ્રવીર અને (૨) પૂર્ણભદ્રવીર આવે છે.

(દર્શન રત્નાકર લહેરી—૨જી તરંગ—૧લો તથા પ્ર૦ ૫૩—પૃ૦ ૫૭૭)

## વીરની આરાધના

(૧) મણિભદ્રની આરાધના અને પૂજા માટે સાધારણ રીતે આઠમ તથા ચૌદસ તિથિઓ અને ગુરુવાર તે ઉત્તમ દિવસો છે.

(૩) **બાધા**—તેની બાધા મહા સુ૦ ૫, વૈ૦ ૧, કે આસો સુદ—૧૦ ને રોજ અથવા આઠમ કે ચૌદશ રવિવાર કે સોમવારે મૂકાય છે.

અમદાવાદના **નગરશેઠ શાન્તિદાસ ઝવેરીના** વંશજો સીસોદિયા ઓસવાલ જૈનો મગરવાડા અથવા આગલોડમાં "માહેત" માટે જાય છે, જે બાલકનું લગ્ન થવાનું હોય તે લગ્ન કર્યા પહેલાં ત્યાં કુટુંબ સાથે જાય છે, સારા દિવસે મણિભદ્રવીરની સામે ઘીનો દીવો "કરી" સુખડીનો થાળ પોતાને માથે ધરી ચોટીએ અડાડી વીરની સામે મૂકે છે. ત્યારપછી આ સુખડી ત્યાં હાજર રહેલા દરેકને વહેંચે છે. આ સુખડી ત્યાંથી પાછી લવાય નહીં. લગ્ન થવાનું હોય તે છોકરા માટે વિધિ કરાય છે. પણ કોઈ કોઈ તો લગ્ન પહેલાં છોકરી માટે પણ આવી **માહેત** કરે છે.

**નોંધ :** સ્વાભાવિક બનવા જોગ છે કે અમદાવાદના ઓસવાલ જૈનોના ઘણા સગાસંબંધી વીજાપુરમાં છે. આથી વીજાપુર થઈ આગલોડ જવાનું સરળ પડે છે.

**પં૦ અમૃતવિજયજી** (ઓલીયા) એ મગરવાડા જેટલું જ આગલોડ વીરનું મહાત્મ્ય બતાવ્યું હોય, આથી અમદાવાદના જૈનો આગલોડ જવાનું વધુ પસંદ કરતા હોય ?

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૩) મણિભદ્રવીરની મોટી સાધના દીવાળી ને રોજ કે ગ્રહણ અવસરે કરાય છે.

(૪) **ધ્યાન રાખવું** કે-મણિભદ્રવીર શુદ્ધ સમકીતિ, શાન્ત, વિવેકી, સદાચારી, અને ધર્મપ્રેમીને જ મદદ કરે છે, તથા પ્રત્યક્ષ થઇ દર્શન આપે છે.

(૫) જે સમકિત વગરનો હોય સ્વચ્છંદી હોય, તથા બીજા જે તે દેવોને માનતો હોય તેને મણિભદ્રવીર પ્રસન્ન થતા નથી.

દઢશીલે કરી થાપે મન, નિશિએ વિધિજપો પ્રસન્ન,
પછે જે ચિંતે તે પાવે, ઘર બેઠા સુખસંપત આવે-૧૫
(સં૦ ૧૭૦૮ પં૦ ઉદયવિજયગણિ કૃત છંદ)

(૬) એક નોંધપાત્ર સુમેળ મળે છે કે-**આ૦ આણુંદવિમલસૂરિ** વિજયશાખાના આદ્ય આચાર્ય વિજયદાનસૂરિ અને આ૦ વિજયદેવસૂરિ વગેરે તથા તપગચ્છ સાગરશાખાના મહો૦ ધર્મસાગરગણિવર તેમજ તપગચ્છ વિજયદેવસૂરિ સંઘ સાગર શાખાના ભટ્ટારક રાજસાગરસૂરિ અને **શેઠ શાન્તિદાસ ઝવેરી** વગેરે મૂળ ઓસવાલ જ્ઞાતિના હતા, વિજયદેવસૂરિ ગચ્છનું બીજું નામ **ઓસવાલ ગચ્છ** પણ મળે છે. મણિભદ્ર મહાવીર પહેલા ઓસવાલ જૈન હતો. અને અત્યારે સમકીતિ જૈન દેવ છે. આ સુમેળમાંથી સહેજે તારવી શકાય છે કે-તે સૌના વંશ વારસદારોનો રક્ષકદેવ-ઇષ્ટદેવ **મણિભદ્ર મહાવીર** જ હોય. એ સ્વાભાવિક વસ્તુ છે

**છંદો-સ્તોત્રો-**

મણિભદ્રવીરના વર્ણન માટે ગુજરાતી, હિંદી અને સંસ્કૃત ભાષામાં વિવિધ **છંદો-સ્તોત્રો** મળે છે.

(૧)તપગચ્છની સોમશાખાના ૬૨મા ભ૦ **શાંતિસોમસૂરિએ** સં૦ ૧૭૩૩માં આગલોડમાં "મણિભદ્રસ્તોત્ર શ્લો૦ ૪૧" બનાવ્યા.
(-પ્રક૦ ૫૫ પૃ. ૬૯૦ સોમશાખા પટ્ટાવલી)

(૨) **ભ૦ હેમવિમલસૂરિના શિષ્ય પં૦ હર્ષકુલગણિની પરંપરાના ૫૮મા પં૦ ઉદયકુશલગણિવરે** "મણિભદ્રછંદ કડી ૨૧" બનાવ્યો. (જૂઓ પ્રક૦ ૫૫ કુશલશાખા.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) પં૦ લક્ષ્મીકીર્તિ ગણિના પં૦ હર્ષકુલગણિની પરંપરા શિષ્ય **શિવકીર્તિએ "મણિભદ્ર ચોપાઈ–૯"** બનાવી. (પ્ર૦ ૫૮)

(૪) તપગચ્છના પટ્ટમા ભ૦ વિજયસેનસૂરિના હસ્ત દીક્ષિત શિષ્ય પં૦ કનકવિજયગણિવર (આ૦ વિજયસિંહસૂરિ) ના આજ્ઞાધારી મહો૦ કલ્યાણવિજયગણિની પરંપરાના પં૦ રામવિજયગણિના શિષ્ય **પં૦ ઉદયવિજયગણિએ** સં૦ ૧૭૦૮ માગરવાડામાં ગુજરાતી ભાષામાં "મણિભદ છંદ ચોપાઇ–૨૫" બનાવ્યો હતો. તેમણે તેમાં કોઇ કોઇ વિશેષ વાત પણ બતાવી છે તે આ પ્રમાણે :

તું જિનશાસનનો રખેવાલ, તુઝ કર ઝલકે દંડવિશાલ,
તપાબિરુદ જગિ જાસ પ્રસિદ્ધ, તેહને તે ઉપગારહ કીધ ।।૨।।

ૐ "યોગિણી ચઉસટ્ઠી" સિરતાજ, "વીર બાવન્ન" મોટા યક્ષરાજ એકલાખને એંશી હજાર, પીર પીગામ્બર કરે જુહાર ।।૭।।

ૐ નમો મણિભદ્ર? તું ચેડા તુજ સમરણ તે નાવે કેડા.
"ચોરાશી ચેટકનો રાય" હાથિદંડ, પાવડી તુઝ પાય ।।૧૦।।

**દઢશીલે** કરી થાપો મન્ન, નિશાઈ વિધિ જપો પ્રસન્ન
પછે જે ચિંતે તે પાવઈ, ધરિ બેઠા સુખસંપત્તિ આવઇ ।।૧૫।।

તું સુરતરૂસમ પૂરણ ચિંતિત "માઘત" દૂરિ થકી લીએ વાંછિત,
"મગરિવાડિ" કીધ વાસરસાલ, "જૈન વાસિત સુર"તુંહી દયાલ
**શ્રી વિજયદેવ ગુરૂરાજ** પસાય, તવિયો મણિભદ્ર સુર રાય।।૧૯।।

સંવત્ સત્તર આઠ ઉદાર, મૃગશિર સુદિ આઠમ શશિવાર
**કલશ** સકલ સિદ્ધ જયકાર, મંત્ર મનમંદિર ગણુતાં ।।૨૩।।

ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ ભાવે કરી ભણતાં,
શ્રી વિજયસેનસૂરિ શિસ, સાધુ ગુણ પુરા કહિએ
"કનકવિજય કવિરાય" પ્રણમતાં યશ લહિએ.
પંડિત રામવિજયતણો, ભણે શિશ સુણયો સુદા
**ઉદય** અધિક ચઢતી કલા, જે મણિભદ્ર સેવે સદા ।।૨૫।।

પુષ્પિકા–ઇતિશ્રી માણિભદ્ર છંદઈ મિતિ શ્રેય :



જૈન સાઇટ JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત્ ૧૮૮૩ ના વર્ષે આસો સુદિ-૭ ના દિને **મુનિ હેમવિમલજી** શ્રી પ્રલ્હાદનપુરે કલ્યાણમસ્તુ

(અમદાવાદમાં પં૦ શાન્તિવિમલ પાસે પાનાં-૨ના આધારે)

(૫) તપાગચ્છના ૫૩મા ભ૦ લક્ષ્મીસાગરસૂરિના મહો૦ વિદ્યાસાગર ગણિવરની પરંપરાના સાગરશાખાના મોટા વિદ્વાન પં૦ ભોજસાગરગણિની પરંપરાના વિદ્વાન્ યતિવર **પં૦ ચતુરસાગરગણિએ** સં૦ ૧૯૫૫માં વૈ૦ સુ૦ ૫ને રોજ વિવિધ વૃત્તોમાં સંસ્કૃત ભાષામાં "મણિભદ્ર સ્તોત્ર શ્લો૦ ૨૭" રચ્યું.

(પ્ર૦ ૫૫ પૃ૦ ૧૯૫ મહો૦ વિદ્યાસાગરગણિ વંશ.)

(૬) મણિભદ્રછંદ (જૂઓ જૈ૦ સ૦ પ્ર૦ વર્ષ ૨૦મું ક૦૨૩૪)

**સમાધિકારક—**

લોકોમાં એવી માન્યતા પ્રચલિત છે કે-મણિભદ્રવીર વગેરે સમ્યક્ત્વધારી દેવો છે. તો જેને ૨૪ શાસન દેવો, ૨૪ શાસન દેવીઓ ૧૬ વિદ્યાદેવીઓ, જ્ઞાન, દર્શન તથા ચારિત્રના અધિષ્ઠાયક દેવો, દેવીઓ, અને "મણિભદ્રવીરનું" ઇષ્ટ હોય છે. તેને મરણ સમયે **સમાધિ** અને સંપૂર્ણ સુખશાન્તિ રહે છે. અને જેને આ સિવાયના ચેટકો **ઘંટિક યક્ષ** કર્ણ પિશાચિની, ઉચ્છિષ્ટ ચાંડાલિની ભૂત, પ્રેત તથા પીર પેગમ્બર વગેરેનું ઇષ્ટ હોય છે. તેને મરણની છેલ્લી ઘડીઓ વિષમ રીતે બેહોશીમાં પસાર થાય છે.

**ઘંટાકર્ણ યક્ષ—**

તેનો પરિચય આ પ્રમાણે મળે છે.-

**ઘણ્ટિક યક્ષ—**

पसिणापसिणं सुमिणे विज्जा सिट्ठं करेइ अन्नस्स
अहवा आइंखिणिआ घंटिमसिट्ठं परिकहेइ ॥ १३१२ ॥

वृत्ति-यत् स्वप्नेऽवतीर्णया विद्यया विद्याधिष्ठात्र्या देवतया शिष्टं कथितं सद् अन्यस्मै पृच्छकाय कथयति। अथवा "आइंखिणिआ" डोम्बी तस्याः कुलदेवतं घण्टिकयक्षे नाम सपृष्टः सन् कर्णे कथयति साऽत्र तेन शिष्टं कथितं सद् अन्यस्मै पृच्छकाय शुभाऽशुभाय यत् परिकथयति एष प्रश्नप्रश्नः ॥ १३१२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(ભાવનગરની શ્રી આત્માનંદ સભાએ સં૦ ૧૯૯૮માં પ્રકાશિત કરેલ ૯૦મું ગ્રંથરત્ન નિર્યુક્તિ ભાષ્ય વૃત્તિવાલું બૃહતકલ્પસૂત્ર ભાગ ૬ ઠ્ઠો પરિશિષ્ટ ૧૩મું પાનું ૧૬૯, બૃહત્ કલ્પસૂત્ર ભા. ૨ પૃ૦ ૪૦૩, ૪૦૪)

જૈનાચાર્યો, ગીતાર્થો, અને વિદ્વાનો ઘંટાકર્ણ વીર "અજૈન દેવ હોવાનું નીચે પ્રમાણે સ્પષ્ટ કહે છે.

(૧) ક૦ સ૦ **આ૦ હેમચન્દ્રસૂરિ** પોતાના અભિધાન ચિંતામણિના દેવકાંડમાં જૈન માન્ય દેવોનાં નામોમાં ઘંટાકર્ણનું નામ આપતા નથી. પરંતુ દેવકાંડ શ્લો૦ ૧૨૪ના **નંદીશ** શબ્દની વ્યાખ્યામાં એક ઉદ્ધરણ શ્લોક આપ્યો છે.

**પંડિત વ્યાડિએ** મહાદેવના ગણોનાં જે નામ આપ્યાં છે. તેમાં "કર્ણઅંત વાળા" ઘણા દેવો બતાવ્યા છે. આચાર્યશ્રી જેમાંનો ઘંટાકર્ણનાં નામ વાલો પંડિતવ્યડિનો શ્લોક ઉદ્ધરી નીચે પ્રમાણે બતાવે છે.

गोपालो ग्रामणी मालु (मायु) घंटाकर्णकरं धमै

(અભિધાન ચિંતામણિ કોષ, દેવકાંડ શ્લો૦ ૧૨૪ની વ્યાખ્યા.
પં૦ કેશવકૃત કલ્પદ્રુમકોષ જૈન૦ સત્ય૦ પ્ર૦ ક૦ ૬૧)

ગોપાલનો અર્થ "પાંચે ઇન્દ્રિયના વિષયોનો પોષક" પણ થાય છે. ગ્રામણીનો અર્થ સુખી થાય છે. તેમજ પાંચે ઈન્દ્રિયોને તૃપ્ત કરનાર" થાય છે.

તો સ્પષ્ટ છે કે-ઘંટાકર્ણદેવ સમકીતિ કે ધર્મપોષક દેવ નથી,

(૨) ખરતરગચ્છના ઉ૦ **જયસાગરગણિ** લખે છે કે- મોટી શાન્તિ, વસુધારા અને ઘંટાકર્ણ તે બૌદ્ધોના હોવાનું ગીતાર્થો માને છે.

(જૈન૦ સત્ય૦ પ્ર૦ ક૦ ૬૧)

(૩) ઇતિહાસ પ્રેમી પૂજ્ય **પં૦ કલ્યાણવિજયગણિવર** લખે છે કે ઘંટાકર્ણ જૈન દેવ નથી.

(જૈન સત્ય૦ પ્ર૦ ક૦ ૫૬, પુ૦ ૫ અંક ૮)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

(૪) વળી તેઓ જ કલ્યાણકલિકામાં ઘંટાકર્ણની થાલી બનાવવાની પ્રથાને **નિરાધાર** અને જૂઠી બતાવે છે.

(૫) પૂ૦ **આ૦ વિજયલબ્ધિસૂરિ લખે છે** કે-ઘંટાકર્ણવીર બૌદ્ધોનો દેવ છે. એટલે એના સમ્યકત્વનો પ્રશ્ન રહેતો નથી.

( કલ્યાણ માસિક વ૦ ૧૩ અં૦ ૧ પૃ૦ ૬૫૪ )

(૬) શાસનકંટકોદ્ધારક **પં૦ હંસસાગરગણિ** ૧૧૫મા સમાધાનમાં કહે છે કે-

શ્રી સારાભાઈ નવાબે જૈન આગમમાં પણ ઘંટાકર્ણ નામ હોવાનું માની લીધેલ, તેમ આચાર્ય શ્રી ( વિજયલબ્ધિસૂરિજી ) ન માને અને તેથી તેઓ ઘંટાકર્ણને જૈનદેવ તરીકે કે સમકીતિ દેવ તરીકે તો ન જ જણાવે તે **યુક્ત** છે.

પરંતુ મૂલ શૈવ ગ્રંથોમાં ઘંટાકર્ણ મહાવીરનું નામ અને તેના સામર્થ્યનું વર્ણન છે. તેની સ્તુતિ છે.

(સં૦ ૨૦૧૮નો **કલ્યાણ સમાધાન શુદ્ધિ પ્રકાશ ગ્રંથ** પૃ૦ ૧૭૮, ૧૭૯)

**નોંધ:**-જૈનશાસ્ત્રોમાં રુદ્ર, ભંડીરયક્ષ, હાસા, પ્રહાસા, સીકોતરી કે ઘંટાકર્ણનું પ્રાસંગિક નામ નોંધાયેલ હોય, તેથી તે દેવ સમકીતિ જ હોય એવું માનવાનું હોતું નથી.

(૭) પં૦ લાલચંદ્ર ભગવાનદાસ સાફ કહે છે કે ઘંટાકર્ણ જૈન દેવ નથી.

( -વિશેષ માટે જૂઓ-જૈન સત્યપ્રકાશ ક્ર. ૬૦ પૃ૦ ૧૧ ક્ર૦ ૬૧, પૃ૦ ૧૧ થી ૧૮ તા. ૭-૪-૧૯૩૯ તથા તા. ૧૭-૪-૧૭૪૦ ના **સાપ્તાહિક જૈનપત્રના** અંકો )

(૮) સાધારણ રીતે સમજાય છે કે- **શ્વે૦ જૈન યતિઓએ** છેલ્લી-૪ સદીમાં જૈન જૈનેતર મંત્ર વિધાનોમાંથી કોઈ કોઈ વિધાનો લીધાં હોય, અને એ રીતે બૌધ્ધ ધર્મ કે શૈવધર્મનો ઘંટાકર્ણનો મંત્ર લીધો હોય.

દિગમ્બરોના **જૈન ભટ્ટારકો** નવાં જિનાલયો બનાવતાં પહેલાં અમૂક દેવોને આરાધી, **સ્વપ્ન દર્શન** મેળવતા હતા. સમય જતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કદાચ તે સ્થાન ઘંટાકર્ણે લીધું હોય, પછી તો શ્વે૦ યતિઓએ પણ તેમના ઋષિ મંડળ સ્તોત્ર સાથે ઘંટાકર્ણનો આમ્નાય લીધો હોય.

સંભવ છે કે—આ રીતે એક બીજા પાસેથી પરંપરાએ જૈન મંત્રવાદીઓ, દિગમ્બર ભટ્ટારકો લોંકાગચ્છના યતિઓ, સ્થાનકવાસી ઋષિઓ, અને શ્વે૦ જૈન મુનિઓએ ઘંટાકર્ણનો મંત્ર લીધો હોય. અને તે સમય જતાં જૈન વિધિ વિધાનમાં દાખલ થયો હોય.

વાસ્તવમાં તે હરિજનોનો કામના પૂરક—**કુલદેવ** છે.

(ઘંટાકર્ણની વિશેષ ચર્ચા માટે તા. ૭–૪–૧૯૩૯ અને તા. ૧૭–૪–૧૯૪૦નાં **સાપ્તાહિક જૈનો** જોવાં.)

(૯) અસલમાં સાચો જૈન એજ છે કે ૨૪ તીર્થંકરો, શુદ્ધ સાધુ, અને કેવલી પ્રણિત જૈન ધર્મનું ઇષ્ટ હોય. આવા જૈનનેજ "સમાધિ મરણ" થાય છે. બનવા જોગ છે કે—**સમકીતિ દેવો** તેનાં શુદ્ધ સાધનો મેળવી આપે. સમકીતિ દેવો માત્ર આ રીતે જ આત્મ-સાધકોના ઉપકારક છે.

(૧૭) વૃદ્ધો કહે છે કે—અમૂક આચાર્યો વિગેરેને મોટે ભાગે ઘંટાકર્ણ વીરનું ઇષ્ટ હતું પરંતુ તેઓને છેવટે મરણ સમાધિ બની રહી હોય એવું વિશ્વાસ્ય સપ્રમાણ જાણવામાં આવ્યું નથી.

ઇતિહાસથી તો સમજાય છે કે—વિભિન્ન રાજધર્મોની બોલબાલાના સમયે જૈનોનાં જૈન ધર્મસ્થાનોમાં પાંચ પીર કબ્ર, મસીદના ઢાંચા વગેરે દાખલ થયાં હશે.

તો આ લોકશાહીમાં પણ કોંગ્રેસમાન્ય હરિજનોનો ઘંટાકર્ણ પણ એ જ રીતે દાખલ થાય, તો નવાઈ નથી. કેમકે તેની પ્રશંસાના પૂર્વાચાર્યોના નામે "બનાવટી ગ્રંથો" બની ચૂકયા છે.

**શ્રી હેમ નામવાલા સૂરિવરો—મુનિવરો—**

આ નામના ઘણા જૈન મુનિવરો થયા છે. જે પૈકીના કેટલાએક તો મોટા જ્યોતિર્ધરો છે.

૧ મલધારગચ્છના આ૦ હેમચંદ્રસૂરિવર સં૦ ૧૧૭૫

(—પ્ર૦ ૩૮ પૃ૦ ૩૨૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ પૂર્ણતલગચ્છના કo સo **આo હેમચંદ્રસૂરિ**–સં૦ ૧૧૬૬ થી ૧૨૨૯ (–પ્ર૦ ૪૧ પૃ૦ ૫૯૯, પ્ર૦ ૩૫ પૃ૦ ૧૧)*

૪ વડગચ્છના આ૦ હેમચંદ્રસૂરિ સં૦ ૧૧૫૦ થી ૧૨૧૦ (–પ્ર૦ ૪૨ પૃ૦ ૭૦૩)

૪ ચંદ્રગચ્છના આ૦ હેમસૂરિ સં૦ ૧૧૫૦ થી ૧૨૧૦ (–પ્ર૦ ૪૭ પૃ૦ ૪૨૪)

૫ ચતુર્દશીપક્ષના ૪૫મા આ૦ હેમપ્રભ. સં૦ ૧૩૦૫ (–પ્ર૦ ૪૦ પૃ૦ ૫૪૧)

૬ મડાહડાગચ્છના આ૦ હેમસૂરિ સં૦ ૧૩૮૧ (–પ્ર૦ ૩૭ પૃ૦ ૨૬૮)

૭ કચ્છુલીચ્છના (૪૯મા) આ૦ હેમસૂરિ સં૦ ૧૪૧૮ (–પ્ર૦ ૪૦ પૃ૦ ૫૫૩, પ્ર૦ ૪૭ પૃ૦ ૪૨૪)

૮ વાદિદેવસૂરિગચ્છના ૪૯ આ૦ હેમચંદ્ર સં૦ ૧૪૧૮ (–પ્ર૦ ૪૧ પૃ૦ ૪૯૩)

૯ „ આ૦ હેમહંસ સં૦ ૧૪૧૮ „ „

૧૦ „ ૫૨ આ હેમસમુદ્ર „ „ „

૧૧ „ ૫૩આ૦ હેમરત્ન સં૦ ૧૫૪૫ „ „

૧૨ તપાવૃદ્ધ પોષાળ આ૦ હેમચંદ્રસૂરિ સં૦ ૧૪૫૬ (–પ્ર૦ ૪૪ પૃ૦ ૧૫)

૧૩ તપાગચ્છ લઘુ પોષાળના ૫૫મા આ૦ હેમવિમલસૂરિ સં૦ ૧૫૪૮ (–પ્ર૦ ૫૫ ૬૭૯)

૧૪ તપા પાલનપુર શાખાના પં૦ હેમચારિત્રગણિ સં૦ ૧૬૦૩ (પ્ર૦ ૫૫)

૧૫ તપા આશુકવિ પં૦ હેમવિજયગણિ સં૦ ૧૬૬૮ (પ્ર૦ ૫૧ પૃ૦ ૫૦૨)

૧૬ તપાગચ્છના પં૦ હેમવિજય સં૦ ૧૭૩૨ થી ૧૭૩૫ (પ્ર૦ ૫૮–મહો૦ વિનય વિજય)

૧૭ ખરતરગચ્છના ૬૬મા ભ૦ જિનહેમસૂરિ સં૦ ૧૮૯૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮ પાયચંદગચ્છના ભ૦ હેમચંદ્ર સં૦ ૧૯૬૭

(પ્ર૦ ૪૧ પૃ૦ ૫૯૬)

૧૯ તપગચ્છ સાગરશાખાના આ૦ હેમસાગરસૂરિ (વિદ્યમાન છે.)

(૧) **નોંધઃ**—સાધ્વીસંઘમાં પણ ઘણા સા૦ હેમશ્રીજી થયાં હતાં.

(૧) લઘુ આગમિકગચ્છના પ્ર૦ સા૦ હેમશ્રીજી, મહિમાશ્રીજી સં૦ ૧૬૪૦ (પ્ર૦ ૪૦ પૃ૦ ૫૦૩)

(૨) વૃદ્ધ તપાગચ્છના સા૦ હેમશ્રીજી સં૦ ૧૬૪૪

(—પ્ર૦ ૪૪ પૃ૦ ૨૭)

**નોંધઃ**—શ્રાવકસંઘમાં પણ શેઠ **હેમચંદ—હેમરાજ** ઘણા થયા હતા.

(—પરિચય માટે જૂઓ પ્રક૦ ૪૪, પૃ૦ ૩૧ થી ૩૩)

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ છપ્પનમું

*

## આ૦ આનંદવિમલસૂરિ

क्रमेणास्मिन् गणे हेमविमलाः सूरयोऽभवन् ।
तत्पट्टे सूरयोऽभवन्नानन्दविमलाभिधाः ॥ १० ॥

तीर्थेऽत्र साधुकरमाभिधो धनी सिद्धिसिद्धितिथिसंख्ये (१५८८) ।
चैत्यमचीकरदुक्तेरानन्दविमलमुनिराजाम् ॥ ४३ ॥

(–१६५० શીઘ્ર કવિ પં૦ હેમવિજય કૃત
શત્રુંજયતીર્થ નંદિવર્ધનજિનપ્રાસાદ પ્રશસ્તિ.)

श्रीहेमविमलसूरिर्दूरीकृतकल्मषः स सूरिगुणम् ।
ज्ञात्वा योग्यं तूर्णं धर्मस्याभ्युदयसंसिद्ध्यै ॥ १३ ॥
सौभाग्यभाग्यपूर्णं संवेगतरङ्गरङ्गनीरनिधिम् ।
आनन्दविमलसूरिं स्वपट्टे स्थापयामास ॥ १४ ॥

(–આ૦ વિજયલક્ષ્મીસૂરિ કૃત "ઉપદેશપ્રાસાદ
સ્થંભ વ્યાખ્યાન ૩૫૮–પ્રશસ્તિ.)

जेणं दुसमसमये, कुपक्खबहुले भारहे वासे ।
अच्छिन्नं पिअतित्थं, पभाविअं पुण्णचरियाए ॥ २ ॥
चंदुव्व सोमलेसो, सयलविहारेण लोअआणंदो ।
आणंदविमलसूरी, संविग्गो सव्वविक्खाओ ॥ ३ ॥

(–સં૦ ૧૬૨૯ માં મહો૦ ધર્મસાગરગણિકૃત કુપક્ષ
કૌશિકસહસ્ર કિરણ–પ્રવચન પરીક્ષા ગાથા ૨–૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जम्बूद्वीपे सुरगिरिरिव, चन्द्रकुलं विभाति तद्वंशे ।
मेरौ नंदनवनमिव तस्मिन् नंदति तपगच्छः ॥ ५ ॥
तत्र मनोरमसुमनोराजि-विराजी, रराज मुनिराजः ।
श्रीआनंदविमलगुरु-रमरतरु, नैंदन इवोच्चैः ॥ ६ ॥
शुद्धां क्रियांद्धौ यः, सुधान्नत व्रततिमिव मरुद्वृत्तः ।
कल्पतरोः सौरभमिव यस्य यशो व्यानशे विश्वम् ॥ ७ ॥

(૫૮–મહો૦ હર્ષવિમલગણિ, ૫૯–મહો૦ મુનિવિમલગણિ, શિષ્ય ૬૦–ઉ૦ **ભાવવિજયગણિવરકૃત** સં૦ ૧૬૮૯ ભ૦ વિજયાનંદ-સૂરિરાજ્યે "ઉત્તરજ્ઝયણ સુત્ત સં૦ ૨૦૦૦ની સસૂત્રવૃત્તિ ગ્રં૦ ૧૬૨૫૫ની પ્રશસ્તિ"

(શ્રી જૈન પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૩ નો પ્રશ૦ નં૦ ૬૭૦ પૂના)

वदन्ति तस्मै च जना निरीक्ष्य, निरीहता ज्ञानतपःक्रियाढयः ।
अवातरत् सर्वगुणः किमेष, श्रीमज्जगच्चन्द्रगुरुर्द्वितीयः ॥

(–વીરવંશાવલી)

भूरयः सन्ति सूरयो, गच्छे गच्छे च गर्विताः ।
आनन्दविमलादन्यो धन्यो नास्ति महीतले ॥

(–ગુરુપટ્ટાવલી)

તેમનો સં૦ ૧૫૪૭માં ઇડરમાં રાજા ભાણના રાજ્યમાં **શા૦ મેઘજી ઓશવાલની** પત્ની માણેકદેવીની કુક્ષિથી **જન્મ** થયો. તેમનું નામ **વાઘજી** રાખવામાં આવ્યું. તેમણે સં૦ ૧૫૫૨માં **દીક્ષા** લીધી, તેમનું નામ **અમૃતમેરુ** રાખ્યું. સં૦ ૧૫૬૮માં લાલપુરમાં ઉપાધ્યાયપદ, સં૦ ૧૫૭૦માં પાટણમાં (અથવા ડાભલામાં) **આચાર્ય-પદ**, સં૦ ૧૫૮૫માં દેસૂરીમાં **ભટ્ટારકપદ** (ક્રિયોદ્ધાર) અને સં૦ ૧૫૯૬ના ચૈ૦ શુ૦ ૭ ના રોજ અમદાવાદમાં સ્વર્ગગમન થયું.

તપગચ્છના નાયક **આ૦ સુમતિસાધુસૂરિએ** પોતાની પાટે સં૦ ૧૫૪૮માં (૫૫) આ૦ હેમવિમલસૂરિને ગચ્છનાયક બનાવ્યા. હતા. અને પોતે જાતે જ તેમની પાટે સં૦ ૧૫૭૦ માં પાટણમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉ૦ અમૃતમેરૂને આચાર્યપદ આપી **આ૦ આનંદવિમલસૂરિ** નામ રાખી **ગચ્છનાયક** તરીકે સ્થાપન કર્યા. ગચ્છનાયક આ૦ સુમતિ-સાધુસૂરિ સં૦ ૧૫૮૧માં સ્વર્ગે ગયા.

## ક્રિયોદ્ધાર

**આ૦ હેમવિમલસૂરિ** પોતે શુદ્ધ ચારિત્રધારી હતા. સાથેના યતિઓમાં શિથિલતા હતી. પણ પોતે શુદ્ધ નિરતિચાર ચારિત્ર પાળતા હતા. પોતે **ક્રિયોદ્ધાર** કરી શકયા નહીં. પણ તેમણે નવા ગચ્છનાયક **આનંદવિમલસૂરિમાં** ક્રિયોદ્ધારનો રંગ ઠાંસી ઠાંસીને ભર્યો હતો. એવામાં ઋષિ હાના, ઋષિ શ્રીપતિ, ઋષિ ગણપતિ, ઋષિ વીમા ( ઋષિ વાનર ) ઋષિ જગા, ઋષિ ગુણા, ઋષિ નાના વગેરે ૬૮ ઋષિ પરિવાર સાથે આવીને સંવેગી સાધુ બન્યા. તેઓ પણ ચારિત્રરંગી હતા. તેમના આવવાથી આ૦ આનંદવિમલસૂરિ ઘણા આનંદિત થયા. તે ક્રિયોદ્ધારમાં ઉત્સુક હતા.

આ૦ આનંદવિમલસૂરિ પોતાના ગુરુદેવે બતાવેલા માર્ગ પ્રમાણે તૈયાર થયા. ગુરુદેવે સં૦ ૧૫૯૦માં તેમને ગચ્છનો ભાર સોંપ્યો.

' કલ્પસૂત્રના ઉલ્લેખ પ્રમાણે ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ બાદ ૨૦૦૦ વર્ષ એટલે વિ૦ સં૦ ૧૫૯૦ લગભગમાં ભસ્મગ્રહ ઊતરી જાય, અને **ક્રિયોદ્ધાર થાય** એ શકય હતું.

આ૦ આનંદવિમલસૂરિનો ક્રિયોદ્ધાર એ ભવિષ્ય વાણીની પ્રાથમિક ભૂમિકા હતી.

આ૦ આનંદવિમલસૂરિ કુમરગિરિમાં ( કુણુગેરમાં ) ચોમાસુ રહ્યા. તેમણે ત્યાં ગુરુદેવની આજ્ઞા સિવાય એક નાની ઉમરની **વિક્રમી** નામની શ્રાવિકાને દીક્ષા આપી. અને તે પછી તે ચાર ચોમાસાં જૂદા જૂદા સ્થાનમાં વિચર્યા. તે ત્યાગી હતા. ઉકત ઋષિઓના સહવાસથી વધુ ત્યાગી બન્યા હતા.

આ૦ આનંદવિમલસૂરિએ સં૦ ૧૫૮૨ ના વૈ૦ શુ૦ ૩ ના દિવસે વડાલીમાં ગુરુદેવની મરજી પ્રમાણે પર ( બાવન ) મુનિવરોની સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ક્રિયોદ્ધાર** કર્યો.[1] અને તેમણે જાવજ્જીવ સુધી **છઠ્ઠનું તપ** ચાલુ રાખ્યું. તે સૌ ઉગ્રચારિત્રધારી ઉગ્રતપસ્વી શુદ્ધ આચારી ઉગ્રસ્વભાવી બન્યા.

આ૦ આનંદવિમલસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો ત્યારે તેમની સાથે લોંકાગચ્છના ઘણા ઋષિઓ પણ હતા. તેથી લોકો આ પરિવારને **ઋષિમતી** તરીકે પણ ઓળખતા હતા.

તેમણે સંવેગી મુનિઓને "કાથાના રંગથી રંગેલાં વસ્ત્રો" પહેરવાની આજ્ઞા આપી હતી. આ૦ હેમવિમલસૂરિકૃત 'તેર કાઠિયાની સજ્ઝાય ૧૨મી કડીમાં કાથિયા વસ્ત્રનું ગર્ભિતસૂચન છે.

(–જૈ૦ સ૦ પ્ર૦ ક્ર૦ ૧૩૫, પ્રક૦ ૫૫ પૃ૦ ૬૮૫)

**આ૦ હેમવિમલસૂરિએ** સં૦ ૧૫૯૩નું ચોમાસુ વિસનગરમાં કર્યું. તેમણે આ૦ આનંદવિમલસૂરિ વિસનગર આવવા, અને પૂરો ગચ્છભાર લેવા જણાવ્યું હતું. પરંતુ આ૦ આનંદવિમલસૂરિ ક્રિયોદ્ધાર પછી શુદ્ધ સંયમ, અને શુદ્ધ સંયમધારીઓ વધે. એ ભાવનામાં મસ્ત હતા. "તેમને શિથિલ યતિઓના નાયક થવું પસંદ નહોતું" તેથી તે વિસનગર ગયા નહીં.

આ૦ હેમવિમલસૂરિએ સં૦ ૧૫૮૩નું ચોમાસું વિસનગરમાં કર્યું, તે બિમાર પડયા. તેમને લાગ્યું કે, મારો આ અંતિમ વખત છે. મારું સ્વર્ગગમન થશે તો સંઘ ગચ્છનાયક વિનાનો બનશે. આ૦ આનંદવિમલસૂરિ સંયમમસ્ત છે એટલે કદાચ તે ગચ્છ તરફ લક્ષ ન આપે તો મોટી ગરબડ થશે. તો મારે ગચ્છનો ભાર પહેલેથી જ "બીજા કોઈ યોગ્ય મુનિવર"ને આપવો જ જોઈએ.

**બીજા ગચ્છનાયક**

ગચ્છનાયકે આવો વિચાર કરી, સં૦ ૧૫૮૩ના આસો સુ૦ ૧૦ ના દિવસે વિસનગરમાં ઉ૦ **સૌભાગ્યહર્ષ** જે મોટા તપસ્વી હતા, શિષ્ય સમુદાયવાળા હતા, તેમને આચાર્યપદવી આપી. બીજા ગચ્છ

(૧) સં૦ ૧૫૮૨માં આ૦ વિજયદાનસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો.
"ત્રિણ ગચ્છનાયક પાટણ, વિસનગર, બારેજાથી નિસરા,"
(–પટ્ટાવલી–સમુચ્ચય, ભા૦ ૧, પૃ૦ ૬૯)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

નાયક બનાવી, પોતાની પાટે સ્થાપન કર્યા. છેલ્લે તેમને ગચ્છભાર સોંપ્યો, જેની પરંપરા 'હર્ષકુલ સોમશાખા' કહેવાય છે.

(પ્રક૦ ૫૫ પૃ૦ ૬૮૬)

આ પરંપરાનો આજે કોઇ યતિ કે સાધુ વિદ્યમાન નથી.

ગચ્છનાયક **આ૦ હેમવિમલસૂરિ** સં૦ ૧૫૮૩ના આ૦ શુ૦ ૧૩ ના રોજ વિસનગરમાં કાળધર્મ પામી સ્વર્ગસ્થ થયા.

**આ૦ આનંદવિમલસૂરિ** આચાર્ય હતા. ગચ્છનાયક હતા. તેમણે ક્રિયોદ્ધાર કરીને સંવેગી સાધુ વધારવાનો પ્રયત્ન શરૂ કર્યો.

આચાર્યશ્રીએ સુખી કુટુંબના સેંકડો પુરુષો તથા બહેનોને ઉપદેશથી બુઝવી, દીક્ષા આપી હતી.

તેમણે **મહો૦ વિદ્યાસાગરગણિ પં૦ જગર્ષિગણિ** વગેરેને મોકલી સોરઠ, સૌરાષ્ટ્ર, મોટી મારવાડ, મેવાડ, હાલાર, માળવા, વિરમગામ વગેરે સ્થાનોમાં શુદ્ધ ધર્મનો પ્રચાર કરાવ્યો હતો.

(પ્રક૦ ૫૫ પૃ૦ ૬૯૫)

જૈનમ્ જયતિ શાસનમ્

**નવા જૈનો**

મોહન રાઠોડ સં૦ ૧૫૬૫માં જૈન બન્યો. તેના વંશજો મુહણોત (મુણોત) કહેવાયા.. (જૂઓ પ્ર૦ ૬૦ જમલ મુણોત)

**શા૦ તુણુસિંહ** તેમનો ભકત હતો. જેને ગુજરાતના બાદશાહે 'મલેક નગદલ'નું બિરુદ આપ્યું અને રાજની પાલખી આપી હતી. તેણે વિનંતિ કરી પં૦ જગર્ષિગણિને લઈ જઈ સૌરાષ્ટ્રમાં શુદ્ધ ધર્મનો પ્રચાર કરાવ્યો હતો.[1] [2]

---

(૧) પં૦ જગર્ષિ પ્રક૦ ૫૫ તૂણુસિંહ પ્રક૦ ૫૫

(૨) જિનાગમોમાં શ્રમણો માટે (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર અને (૪) રત્નાધિક (વૃષભો) એમ ચાર જાતના પ્રધાન શ્રમણો બતાવ્યા છે.

તથા સાધ્વીઓ માટે (૧) પ્રવર્તિની–મહત્તરા (૨) ગણિની–ગણાવચ્છેદિની (૩) અભિષેકા અને (૪) પ્રતિહારી (પ્રતિશ્રયપાલિકા, દ્વારપાલિકા) એમ ચાર જાતની પ્રધાન શ્રમણીઓ બતાવી છે.

(બૃહત્કલ્પસૂત્ર ભા૦ ૬ઠ્ઠો આંતર પરિચય પૃ૦ ૬૭)

પ્રભાવક મુનિવર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવને ધ્યાનમાં રાખી યોગ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ચિત્તોડમાં શા૦ કર્માશાહ દોશીને શત્રુંજય મહાતીર્થના ઉદ્ધારનો ઉપદેશ આપી, ઉત્સાહિત કર્યો હતો.

(—નંદિવર્ધન જિનપ્રાસાદ પ્રશસ્તિ શ્લો૦ ૪૩)

શ્રીસૂરિના ઉપદેશથી દો૦ કર્મે ચિત્તોડગઢ વાસ્તવ્ય સં૦ ૧૫૮૭ વર્ષે શ્રી સિદ્ધાચલિ સોલમો ઉદ્ધાર કરાવ્યો.

(—પ્રક૦ ૩૫ પૃ૦ ૨૦૩, પ્રક૦ ૪૪ પૃ૦ ૨૩)

(—વીરવંશાવલી, વિવિધ ગચ્છ પટ્ટાવલી સં૦ પૃ૦ ૨૨૦)

શ્રીસૂરિએ અજમેર, જેસલમેર, મંડોવર, નાગોર, નાડલાઈ, સાદડી શિરોહી, પાટણ, અને મહેસાણાના જિનમંદિરોની તથા જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

આ૦ આનંદવિમલસૂરિએ સં૦ ૧૫૮૨ના વૈ૦ સુ૦ ૩ના દિવસે ક્રિયોદ્ધાર કર્યો, ત્યારથી જાવજ્જીવ સુધી છઠ્ઠનું તપ કર્યું. તેમજ વીશસ્થાનકના ૪૦૦ છઠ્ઠ, ૪૦૦ ઉપવાસ, વિહરમાન જિનના ૨૦ છઠ્ઠ ભ૦ મહાવીરના ૨૨૯ છઠ્ઠ, નામકર્મ સિવાયના સાતે કર્મની ઉત્તર પ્રકૃતિની સંખ્યા પ્રમાણેના તેટલા સળંગ—૫, ૯, ૨, ૨૮, ૪, ૨, ૫ ઉપવાસ તથા છુટા દ્વાદશમ, દશમ, અઠ્ઠમ, ચૌદશ, પૂનમ અને દરેક ચૌદસ—અમાસના છઠ્ઠો કર્યા હતા. તે મોટા તપસ્વી હતા.

(—ભ૦ વિજયલક્ષ્મીસૂરિકૃત ઉપદેશપ્રાસાદપ્રશસ્તિ)

(પં૦ વિનયભાવકૃત આનંદવિમલસૂરિ સ્વાધ્યાય)

**આરાધના**

તેમણે છેલ્લા ૯ ઉપવાસ કર્યા. જન્મથી આજ સુધીના અતિચાર

---

સાધુ વર્ગને સાધ્વી વર્ગને સાથે જોડી સંવેગ ભાવે ક્રિયોધ્ધાર કરે છે.

સંભવ છે કે ભ૦ આણંદવિમલસૂરિવરે કોઈ આવી અકળ ધારણાથી શ્રાવિકા **વિક્રમીને** તે યોગ્ય જાણીને જ દીક્ષા આપી હોય. !

**નોંધ**—વિક્રમની વીશમી સદીના પૂર્વાધમાં તપગચ્છાધિરાજ શ્રીમુક્તિ વિજયજીગણિવર અપર નામ પૂ૦ શ્રી મૂલચંદજી મ૦ની આજ્ઞાવર્તિની સાધ્વી ગુલાબશ્રીની દીક્ષા પણ આવાજ નોંધપાત્ર વિશેષતાવાલી લેખાય છે.

પ્ર૦ ગુલાબશ્રીની શિષ્યા પરિવારમાં આજે લગભગ ૧૫૧ સાધ્વીઓ વિદ્યમાન છે (—જૂઓ પ્રક ૭૪મું)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આલોવી અનશન કર્યું. ચાર શરણાં સ્વીકાર્યાં અને સં૦ ૧૫૯૬ના ચૈ૦ શુ૦ ૭ ને રોજ અમદાવાદમાં કાળધર્મ પામી, સ્વર્ગવાસ કર્યો. તેમની પ્રાકૃતમાં સજઝાય ગા૦ ૯ મળે છે. (જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૯૬)

**શિષ્યપરંપરા—**

તેમની ત્રણ પરંપરાઓ ચાલી હતી.

(૧) **વિજયપરંપરા**—આ૦ આનંદવિમલસૂરિ, આ૦ વિજયદાનસૂરિની પરંપરા.

(૨) **સાગરપરંપરા**—આ૦ આનંદવિમલસૂરિના ઉપાધ્યાય વિદ્યાસાગરગણિ અને પં૦ સહજસાગરગણિની પરંપરા

(પ્રક૦ ૫૫ પ્રક૦ ૫૮)

(૩) **વિમલપરંપરા**—આ૦ આનંદવિમલસૂરિ તથા પં૦ ઋદ્ધિવિમલગણિ આ૦ જ્ઞાનવિમલસૂરિની પરંપરા (–પ્ર૦ ૫૮)

તેમની ચોથી **રત્નપરંપરા** ચાલી હતી. તેમાં માત્ર યતિ હતા. કોઈ શ્રમણ થયા નથી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**મોટા ઉદ્ધારો—**

આ૦ આનંદવિમલસૂરિના સમયે જૈન સંઘમાં "જંગમ તીર્થ" અને "સ્થાવર તીર્થ" એ **બંને તીર્થોના ઉદ્ધારો** થયા હતા, તે આ પ્રમાણે—

(૧) આ૦ આનંદવિમલસૂરિએ સં૦ ૧૫૮૨ના વૈ૦ શુ૦ ૩ના દિવસે વડાલી નગરમાં મુનિપણાની શિથિલ પ્રવૃત્તિઓને છોડી **ક્રિયોદ્ધાર** કર્યો અને શુદ્ધ સંવેગી માર્ગ ચલાવ્યો.[1]

---

૧. (A) આ શુદ્ધ સંવેગી માર્ગની સુવાસ ચારે તરફ ફેલાઈ, જેથી શ્વેતાંબર સંઘમાં સર્વત્ર આનંદ પ્રવર્ત્યો. સૌ આ ક્રિયોદ્ધાર તરફ આકર્ષાયા, ફળસ્વરૂપ ખરતરગચ્છના આ૦ જિનમાણિક્યસૂરિના પટ્ટધર આ૦ જિનચંદ્રસૂરિ અને ઉ૦ કનકતિલકગણિ વગેરે મુનિવરોએ પોતાના ગચ્છનાયકે નક્કી કરેલી રીતી મુજબ બિકાનેરના મંત્રી સંગ્રામસિંહ બચ્છાવતની વિનંતિથી સં૦ ૧૬૧૩ના ચૈ૦ શુ૦ ૭ ના દિવસે બિકાનેરમાં ક્રિયોદ્ધાર કર્યો.

(પ્રક૦ ૪૦ પૃ૦ ૪૮૧)

(B) અંચલગચ્છના (નં. ૭) આ૦ ધર્મમૂર્તિસૂરિએ સમ્મેતશિખર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પીરની દરગાહ—**

બાદશાહ મુજફ્ફર ચોથો (સં. ૧૫૯૪ થી ૧૬૧૦) અમદાવાદનો બાદશાહ હતો. ત્યારે તેના તરફથી **શેરશાહ ચિકથો** પાટણનો સૂબો હતો. તેણે પાટણ પાસે કુણગિરિના દશા **શ્રીમાલી** અડાલજ-ગોત્રના સોની ભાણુસી **જૈનની રૂપાલી સ્ત્રી કોડાઈને** પોતાની બીબી બનાવી, પોતાના જનાનખાનામાં દાખલ કરી દીધી. શેરશાહ તેની ઉપર અત્યંત આસક્ત હતો. તે અવાર નવાર તેની પાસે જઈ કામ-તૃપ્તિ કરતો હતો. તે તેને એક ઘડી પણ જુદી રાખતો નહોતો. કોડાઈને નવકાર મંત્ર ઉપર અતિશ્રદ્ધા હતી, તે હમેશાં મુકરર સમયે 'નવકારની માલા' ગણતી હતી. એક દિવસ શેરશાહ કામાસક્ત બની તેની પાસે આવ્યો. કોડાઈએ તેને દૂર ઉભો રાખી જણાવ્યું કે, "હું મારા ખુદાની માલા ફેરવું છું. તો કોઈ નાપાક કામ ન કરવું." સૂબો મૌન ઊભો રહ્યો. તેણે જાણ્યું કે કોડાઈના ખુદા પાલી-તાણા પાસે શત્રુંજય પહાડ ઉપર છે, તો મારે તેને ત્યાં લઇ જવી જોઈએ. તે જમાબંધી લેવા ગયો ત્યારે પાલીતાણા ગયો,

સૂબો એક દિવસે સવારે બીબી કોડાઇ તથા ફકીર અંગારશાહને સાથે લઈ પહાડ ઉપર ગયો. બંનેએ ત્યાં ભ૦ ઋષભદેવની જિન-પ્રતિમાને નમસ્કાર કર્યો, અને તેની સામે "સોનામહોરો" ધરી દીધી. આ દેખી અંગારશાહને ગુસ્સો ચડયો. તે દગાથી થોડીવારે ફરીવાર જિનપ્રાસાદમાં આવ્યો અને ભ૦ આદિનાથની પ્રતિમા ઉપર ગુર્જશસ્ત્ર ફેંક્યું. પ્રતિમાને ખંડિત કરીને પાછો વળ્યો. પણ તેનો પગ લીસા પથ્થર ઉપરથી લપસ્યો અને બહાર ગબડી પડયો ને મરણ પામ્યો. તે મરીને પીર થયો. પોતાની ભૂલનું પ્રત્યક્ષ ફળ પામ્યો, તેથી તેને આ ભૂમિ ચમત્કારી હોવાનો વિશ્વાસ બેઠો. તેણે ત્યાં જ

---

મહાતીર્થની ત્રણવાર યાત્રા કરી આવી સં૦ ૧૬૧૫માં શત્રુંજયતીર્થમાં ક્રિયોદ્ધાર કર્યો. (—પ્રક૦ ૪૦, પૃ૦ ૫૩૨)

(C) નાગોરી લોંકાગચ્છના (૬૦મા) આ૦ રૂપચંદજી ××× (—પ્રક૦ ૫૩ પૃ૦ )

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

આ તીર્થની રક્ષા કરવાનો નિર્ધાર કર્યો. તેણે “ મુસલમાની અસુરોનો ઉપદ્રવ થાય ત્યારે ઉપદ્રવ હટાવવાની જવાબદારી લીધી ” આથી તીર્થરક્ષક દેવની સમ્મતિથી જૈનોએ ત્યાં જ અંગારશા પીરની દરગાહ બનાવી, અને તેને પ્રસન્ન રાખવા ધૂપ, દીપ, ફળ વગેરે વિધિ ગોઠવ્યો. આ રીતે સં૦ ૧૫૯૫માં શત્રુંજય તીર્થ ઉપર જૈનોના તાબાની અંગારશા પરની પીરની દરગાહ બની હતી, જે હાલ ત્યાં વિદ્યમાન છે. સુબો અને કોડાઈ પાટણ ગયા. જૈનોએ શ્વેતામ્બર આચાર્યોએ બતાવેલ વિધિ મુજબ શત્રુંજય તીર્થનો દૂધ ધારાથી અભિષેક કર્યો.

( વીર વંશાવલી–વિવિધ ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ પૃ૦ ૨૨૦ )

**બીજા દેવો**

અંગારશા પીરની દરગાહ શત્રુંજય તીર્થ ઉપર કેમ બની ? આ અંગે બીજી પણ વિવિધ લોક વાતો મળે છે.

વાસ્તવમાં ગમે તે હો પણ બુદ્ધિમાનો માને છે કે– અંગારશા પીરની દરગાહ તે તીર્થરક્ષા માટે શોધી કાઢેલી યુક્તિ છે. મુસલમાનો હિન્દુતીર્થો તથા જૈનતીર્થો તોડતા હતા. માત્ર તેઓ મુસલમાની દરગાહને દેખી તેની રક્ષા માટે કે તેના માન ખાતર તીર્થોને તોડતા ન હતા. આથી જૈનોએ ઘણા તીર્થોમાં મુસલમાની ધર્માન્ધ હુમલાથી બચવા માટે આવનારને પ્રત્યક્ષ નજરે પડે તેમ જૈનતીર્થોમાં મુસલમાની દરગાહ રાખતા હતા. સંભવ છે કે અહીં પણ તેમ બન્યુ હોય.

શૈવોએ પણ શિવાલયના રક્ષણ માટે આ નીતિ અખત્યાર કરી હતી. કેમકે ચાણસ્મા પાસે કંબોઇ તીર્થમાં સોમનાથ મહાદેવના પ્રાચીન શિવાલયમાં આવી દરગાહનો આકાર સ્પષ્ટ દેખાય છે.

શત્રુંજય પહાડ ઉપર તીર્થભૂમિમાં જૈન મંદિરો છે, તેના ઘેરાવાની ઉત્તરમાં અંગારશા પીરની દરગાહ છે. અને દક્ષિણમાં શિવાલય છે.

શેઠ શાન્તિદાસ ઝવેરીએ શત્રુંજયનો કિલ્લો બનાવ્યો. ત્યારે અથવા, શેઠ વખતચંદ ઝવેરીએ તેનો જીર્ણોદ્ધાર કર્યો ત્યારે તેઓએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ જૈનેતર સલાટો પૂજારી કે નોકરોને ઇષ્ટદેવની પૂજાના નિયમના પાલન માટે આ શિવાલય બનાવી આપ્યું હોય. આ દરગાહ અને શિવાલય જૈનોના તાબાનાં છે. અમદાવાદની આ૦ ક૦ ની પેઢી તેની વ્યવસ્થા કરે છે. જયપુર રાજ્ય મેવાડનો ગોલવાડી પ્રદેશ, તથા શિરોહી રાજ્ય વગેરે પ્રદેશોમાંના કોઈ કોઈ જિનાલયોમાં કોઈ વિનાશક વાતાવરણમાં શિવબાણો દાખલ થઈ ગયાં હતાં.

## અંતિમ મંગલ

अर्हन्तोऽर्हपदास्त्रिलोकमहिताः सिद्धाश्च सिद्धात्मनः
आचार्याः समतागुणैकसदनं वागीश्वरा वाचकाः ।
सर्वे साध्यरतास्त्रिरत्नखचिता लोकेऽनघाः साधवः
पूज्या वः परमेष्ठिनोऽनवरतं तन्वन्तु शं मङ्गलम् ॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**ભાગ ત્રીજો**
**સંપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વસાવવા લાયક અમૂલ્ય ઇતિહાસ ગ્રંથો

૧. શ્રી જૈન પરંપરાનો ઇતિહાસ ભા. ૧
[ભગવાન મહાવીર સ્વામીથી આરંભીને
સંવત ૧૦૦૦ સુધીનો ઇતિહાસ] રૂા. ૧૦-૦૦

*

૨. શ્રી જૈન પરંપરાનો ઇતિહાસ ભા. ૨
[સં. ૧૦૦૧ થી સં. ૧૨૦૦ સુધીનો
ઇતિહાસ] રૂા. ૧૫-૦૦

*

૩. શ્રી જૈન પરંપરાનો ઇતિહાસ ભા. ૩
[સં. ૧૨૦૧ થી સં. ૧૬૦૦ સુધીનો
ઇતિહાસ] રૂા. ૧૫-૦૦

: પ્રાપ્તિસ્થાન :

**શાહ ચંદુલાલ લખુભાઈ પરીખ**
માંડવીની પોળ, નાગજીભુધરની પોળ,
અમદાવાદ

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના : રતનપોળ,
અમદાવાદ

મુદ્રક : શારદા મુદ્રણાલય : પાનકોર નાકા : અમદાવાદ.

જૈન સાઈટ JAINSITE.com જયતુ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com